# અષ્ટપાહુડ
## અમૃત

### ભાગ 3






ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ–૩)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૩-૭૪ની સાલના પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૭૮

વીર સંવત ૨૫૪૮

ઈ. સન ૨૦૨૧

પ્રકાશન
તા. ૧૯-૧૧-૨૦૨૧, કારતક સુદ ૧૫.
શાશ્વત જિનપ્રતિમાના પૂજનનું શાશ્વત પર્વ
શ્રી અષ્ટાહ્નિકાની પૂર્ણાહૂતિ

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

સહજ ચિદાનંદ.

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ, તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીએ સ્વયંની અનુભવગર્ભિત કલમ દ્વારા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કેવું હોય તેને ભાવવાહી સ્વરૂપે અનેક પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યું છે. જંગલમાં રહી સ્વરૂપારાધનામાં લીન રહેતાં રહેતાં, કેવળજ્ઞાનની તળેટીમાં પહોંચીને, સ્વસંવેદનમયી પ્રચુર સ્વસંવેદનમાં રહી પવિત્ર મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો. અનુભવપ્રમાણ એ સર્વથી બળવાન પ્રમાણ ગણવામાં આવેલ છે, જે તેમના પ્રત્યેક વચનમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે. અનેક મહાન આચાર્યોએ પણ તેમનો ઉપકાર વ્યક્ત કરી કહ્યું છે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કાળમાં જો મોક્ષમાર્ગને પ્રસિદ્ધ ન કર્યો હોત તો અમે મોક્ષમાર્ગને કઈ રીતે પામી શકત?

સંવત ૪૯માં વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરસ્વામીની દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સાંભળી, ભરતક્ષેત્રમાં આવી તેઓશ્રીએ અનેક પરમાગમોની રચના કરી છે. પંચ પરમાગમ સાંપ્રત જૈનસમાજમાં પ્રસિદ્ધ છે. તેમાં અષ્ટપાહુડ ગ્રંથ સમાવિષ્ટ છે. અષ્ટપાહુડ ગ્રંથની રચના જોતાં એમ જણાય છે કે આ ગ્રંથ દાર્શનિક દષ્ટિકોણથી રચવામાં આવેલ છે. આઠ અધિકારની રચનામાં પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન વિષયાનુસાર સૂત્રોની રચના કરવામાં આવેલ છે. પ્રત્યેક અધિકારમાં વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરી વિપરીત અભિપ્રાયો ક્યા પ્રકારના હોય અને તેનું ફળ શું આવે અને સમ્યક્ અભિપ્રાયનું ફળ શું આવે તેનો સ્પષ્ટ ચિતાર કુંદકુંદાચાર્યદેવે ચિત્રિત કર્યો છે.

શાસ્ત્રોમાં તો આચાર્ય ભગવંતોએ નિષ્કારણ કરુણાથી ભવ્યજીવોના હિતને માટે રચના તો કરી પરંતુ વર્તમાન દુષમકાળમાં તેના ભાવ સમજવા અત્યંત વિકટ થઈ પડેલા અને વિપરીત અભિપ્રાયોની પ્રચલિતતા અને રૂઢિવાદમાં સમાજ જ્યારે ડૂબેલો હતો, તેવા આ કળિકાળમાં, વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યદેશના સાક્ષાત્ સાંભળીને ભરતે પધારનાર ભાવિ તીર્થાધિનાથ પરમકૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સૂર્ય સમાન અવતાર, મુમુક્ષુજીવોના મિથ્યાત્મઅંધકારને મટાડવા માટે થયો. અનેક રૂઢિચુસ્તતા, મિથ્યા અભિપ્રાયો, ક્રિયાકાંડમાં મોક્ષમાર્ગ સમજીને, કલ્પીને તેને આરાધવાનું ચાલતું હતું તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ નિષ્કારણ કરુણાથી શાસ્ત્રોમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની અંતરખોજ દ્વારા તથા શ્રુતજ્ઞાનની

લબ્ધિ દ્વારા સત્ય મોક્ષમાર્ગનું સ્વરૂપ ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫ વર્ષ સુધી અનેક પરમાગમો ઉપર પ્રવચનો કર્યા, જેમાં અનેકાનેક સિદ્ધાંતોને પ્રસિદ્ધ કરી આત્મકલ્યાણનો માર્ગ પ્રસિદ્ધ કર્યો. પ્રત્યેક પ્રવચનોમાં આત્માનું મૂળભૂત સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ, મુમુક્ષુતા, સિદ્ધાંતિક વસ્તુનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ, સર્વજ્ઞનનું સ્વરૂપ ઈત્યાદિ અનેક વિષયોને સ્પષ્ટ કરી ક્યાંય ભ્રાંતિ ન રહે તેવી રીતે પ્રકાશિત કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં અષ્ટપાહુડ ગ્રંથ ઉપર, ઈ.સ. ૧૯૭૩-૭૪માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. તૃતીય ભાગમાં બોધપાહુડ તથા ભાવપાહુડના ૪૧ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૦-૭૧માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૬૨ | ૦૮.૧૨.૧૯૭૩ | બોધપાહુડ ગાથા-૧ થી ૫ | ૦૧ |
| ૬૩ | ૦૯.૧૨.૧૯૭૩ | ગાથા-૬, ૭ | ૧૪ |
| ૬૪ | ૧૦.૧૨.૧૯૭૩ | ગાથા-૮ થી ૧૦ | ૨૮ |
| ૬૫ | ૧૨.૧૨.૧૯૭૩ | ગાથા-૧૦ થી ૧૪ | ૪૦ |
| ૬૬ | ૧૩.૧૨.૧૯૭૩ | ગાથા-૧૪, ૧૫ | ૫૩ |
| ૬૭ | ૧૪.૧૨.૧૯૭૩ | ગાથા-૧૬, ૧૭ | ૬૫ |
| ૬૮ | ૧૫.૧૨.૧૯૭૩ | ગાથા-૧૮ થી ૨૧ | ૭૬ |
| ૬૯ | ૧૬.૧૨.૧૯૭૩ | ગાથા-૨૨, ૨૩ | ૮૭ |
| ૭૦ | ૧૭.૧૨.૧૯૭૩ | ગાથા-૨૩ થી ૨૫ | ૯૮ |
| ૭૧ | ૧૯.૧૨.૧૯૭૩ | ગાથા-૨૫ થી ૨૭ | ૧૧૦ |
| ૭૨ | ૨૦.૧૨.૧૯૭૩ | ગાથા-૨૮ થી ૩૨ | ૧૨૨ |
| ૭૩ | ૨૧.૧૨.૧૯૭૩ | ગાથા-૩૨ થી ૩૬ | ૧૩૪ |
| ૭૪ | ૨૨.૧૨.૧૯૭૩ | ગાથા-૩૬ થી ૪૧ | ૧૪૭ |
| ૭૫ | ૨૩.૧૨.૧૯૭૩ | ગાથા-૪૧ | અવાજ ખરાબ છે |
| ૭૬ | ૨૬.૧૨.૧૯૭૩ | ગાથા-૪૨ થી ૪૬ | ૧૫૯ |
| ૭૭ | ૨૭.૧૨.૧૯૭૩ | ગાથા-૪૬ થી ૪૯ | ૧૭૧ |
| ૭૮ | ૨૮.૧૨.૧૯૭૩ | ગાથા-૫૦ થી ૫૨ | ૧૮૩ |
| ૭૯ | ૨૯.૧૨.૧૯૭૩ | ગાથા-૫૩ થી ૫૫ | ૧૯૪ |
| ૮૦ | ૩૦.૧૨.૧૯૭૩ | ગાથા-૫૬ થી ૫૯ | ૨૦૫ |
| ૮૧ | ૦૫.૦૧.૧૯૭૪ | ગાથા-૬૦ | ૨૧૬ |
| ૮૨ | ૦૬.૦૧.૧૯૭૪ | ગાથા-૬૦, ૬૧ | ૨૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૮૩ | ૦૭.૦૧.૧૯૭૪ | ગાથા-૬૨ | ૨૪૧ |
| | | ભાવપાહુડ ગાથા-૧ | |
| ૮૪ | ૦૯.૦૧.૧૯૭૪ | ગાથા-૧, ૨ | ૨૫૨ |
| ૮૫ | ૧૦.૦૧.૧૯૭૪ | ગાથા-૨ | ૨૬૩ |
| ૮૬ | ૧૧.૦૧.૧૯૭૪ | ગાથા-૩ થી ૫ | ૨૭૩ |
| ૮૭ | ૧૨.૦૧.૧૯૭૪ | ગાથા-૬ થી ૮ | ૨૮૪ |
| ૮૮ | ૧૩.૦૧.૧૯૭૪ | ગાથા-૯ થી ૧૨ | ૨૯૪ |
| ૮૯ | ૧૫.૦૧.૧૯૭૪ | ગાથા-૧૩ થી ૧૮ | ૩૦૪ |
| ૯૦ | ૧૬.૦૧.૧૯૭૪ | ગાથા-૧૯ થી ૨૭ | ૩૧૬ |
| ૯૧ | ૧૭.૦૧.૧૯૭૪ | ગાથા-૨૫ થી ૩૧ | ૩૨૮ |
| ૯૨ | ૧૮.૦૧.૧૯૭૪ | ગાથા-૩૨ થી ૩૪ | ૩૩૯ |
| ૧૮૦ | ૨૨.૦૬.૧૯૭૪ | ગાથા-૧૬૨થી ૧૬૪,૩૫ થી૩૭ | ૩૫૦ |
| ૧૮૧ | ૨૩.૦૬.૧૯૭૪ | ગાથા-૩૭ થી ૪૧ | ૩૬૦ |
| ૧૮૨ | ૨૪.૦૬.૧૯૭૪ | ગાથા-૪૨ થી ૪૫ | ૩૭૧ |
| ૧૮૩ | ૨૫.૦૬.૧૯૭૪ | ગાથા-૪૬ થી ૫૦ | ૩૮૩ |
| ૯૩ | ૧૯.૦૧.૧૯૭૪ | ગાથા-૫૧ થી ૫૩ | ૩૯૬ |
| ૯૪ | ૨૦.૦૧.૧૯૭૪ | ગાથા-૫૪ થી ૫૬ | ૪૦૬ |
| ૯૫ | ૨૧.૦૧.૧૯૭૪ | ગાથા-૫૬ થી ૫૮ | ૪૧૭ |
| ૯૬ | ૨૨.૦૧.૧૯૭૪ | ગાથા-૫૮, ૫૯ | ૪૨૯ |
| ૯૭ | ૨૪.૦૧.૧૯૭૪ | ગાથા-૫૯ થી ૬૨ | ૪૪૦ |
| ૯૮ | ૨૫.૦૧.૧૯૭૪ | ગાથા-૬૨ થી ૬૪ | ૪૫૧ |
| ૯૯ | ૨૬.૦૧.૧૯૭૪ | ગાથા-૬૪ થી ૬૭ | ૪૬૧ |

શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિરચિત

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ-૩)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી અષ્ટપાહુડ ઉપરના સળંગ પ્રવચનો)

## બોધપાહુડ
## ૪

**માગશર સુદ ૧૩, શનિવાર તા. ૦૮-૧૨-૧૯૭૩**
**ગાથા - ૧ થી ૫, પ્રવચન - ૬૨**

બોધપાહુડ છે આ અષ્ટપાહુડમાં. ત્રણ ભાગ પૂરા થઈ ગયા. દર્શનપ્રાભૃત, સૂત્રપ્રાભૃત અને ચારિત્ર. બોધપાહુડ ચોથું છે. દોહા.

देव जिनेश्वर सर्व गुरु, वंदूं मन-वच-काय।
जा प्रसाद भवि बोध ले, पालैं जीव निकाय।।१।।

જિનેશ્વરદેવ અને સર્વગુરુ. આચાર્ય, ઉપાધ્યાય આદિ પંચપરમેષ્ઠી લીધા. 'વંદૂ મન-વચ-કાય.' મન, વચન અને કાયાથી વંદું છું. વચનીકાકાર જયચંદ્ર પંડિત એમ વંદન કરે છે. 'જા પ્રસાદ ભવિ બોધ લે,...' જે પ્રસાદથી ભવિજન બોધપાહુડનો સાચો બોધ લે. આ બધા નિશ્ચય અધિકાર લેશે. કેમકે બહારમાં એ લોકો મંદિર ને આયતન ને બહારના બનાવેલાને શ્વેતાંબરો આદિ. એ આયતન તો નહિ પણ નિશ્ચય આયતન આત્મા છે અને એના જેવો બાહ્ય આ વ્યવહાર હોય તો વ્યવહાર આયતન છે. એ બતાવવા માટે આ છે. સમજાણું?

નિશ્ચય આયતન આદિ આત્માની દશા વીતરાગી મુનિ એ જૈનદર્શન અને એ જૈન આયતન છે. ઓલા તત્ત્વની દૃષ્ટિ ભૂલીને બહાર મુનિના વેશ લીધા, વેશ કપડા અને બહારમાં વીતરાગની મૂર્તિને

બીજી રીતે સ્થાપીને કર્યા એ વસ્તુથી વિપરીત વાત આ કરે છે. આયતન તે આત્માનું આયતન આનંદકંદ પ્રભુ શુદ્ધ એવા મુનિરાજ તે ધર્મના આયતન છે. સમજાય છે કાંઈ? આમ તો દેવ-ગુરુ-શાસ્ત્ર આયતન કહ્યા છે વ્યવહાર.

મુમુક્ષુ :- પોતાનો આત્મા આયતન નહિ?

ઉત્તર :- એ પોતાનો આત્મા જ આયતન છે. ઓલા વ્યવહાર નાખ્યા છે એને આમ. એ વ્યવહાર હતો ખરો, પણ એ વ્યવહાર બીજો કરી નાખ્યો સંપ્રદાયમાં. એ માટે નિશ્ચય બતાવીને એના જેવો વ્યવહાર હોય એમ બતાવવા માટે છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર છે ખરો, પણ આવો. મુનિ જેને ... પ્રતિમા આદિ આયતન બધી મુનિદશાને જ કહે છે. નિર્ગ્રંથ મુનિ વસ્ત્ર વિનાના અંતર ત્રણ કષાયનો અભાવ અને વીતરાગી મુદ્રા જેને અંતરમાં આનંદની પ્રગટ થઈ છે. એને અહીંયાં મુદ્રા અને જિન પ્રતિમા કહેશે નિશ્ચયથી અને એવી જ વ્યવહાર પ્રતિમા હોય બહાર એને વ્યવહાર કહેશે. એ સિવાયનો વ્યવહાર જે કરે છે એકલો, પ્રતિમા ને આ દાગીના ને વસ્ત્ર ને એ જૈનદર્શનની રીત નથી.

મુમુક્ષુ :- વિપરીત છે.

ઉત્તર :- વિપરીત છે. આ શું તમારે ત્યાં બધું થયું છે ને. એ ભેગા છે ને ભાઈને. હતા. આહાહા..! આચાર્યનું હૃદય આ છે કે જેને આખું મુનિપણું જૈનદર્શન જે બાહ્ય નગ્નદશા હતી, અંતરમાં અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ હતા વ્યવહાર, નિશ્ચયમાં વીતરાગતા-ત્રણ કષાયના અભાવની વીતરાગતા હતી. એને જૈનદર્શન કહે છે, એને જૈનનું આયતન ધર્મસ્થાન કહે છે. ઓલા પછી મુનિપણું કરી નાખ્યું, વસ્ત્રપાત્રસહિત મુનિપણું મનાવ્યું અને ભગવાનની પ્રતિમાને પણ આંગી ને ... એ બધું તત્ત્વથી વિરૂદ્ધ હતું એથી આ વાત ભગવાન કુંદકુંદાચાર્યે વર્ણવી છે. સમજાણું કાંઈ?

દિગંબર મુનિ જે છે ભાવલિંગી જેને અંતર છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલે છે, જેની દશા અંદરમાં આનંદના ઉભરા અંદર આવે છે. એની દશા, પંચ મહાવ્રતના વિકલ્પ અને નગ્નદશા, એને અહીંયા જૈનદર્શન અને જૈનનું આયતન-ધર્મનું સ્થાન એને કહે છે. એકલા ધર્મના સ્થાન બહાર બનાવે એ બતાવે છે કે નિશ્ચય આવું હોય એનો વ્યવહાર એવો જ હોય સામે. ભગવાનની પ્રતિમા પણ નગ્ન દિગંબર વસ્ત્ર વિનાની. એને માથે દાગીના ને કપડા ન હોય. એથી આ નિશ્ચય બતાવીને એવો એનો સામો વ્યવહાર હોય એમ બતાવે છે. બીજો વ્યવહાર જે ખોટો હતો અને મુનિપણું જે ખોટું માનતા એ બેયને ઉથાપે છે આમાં. હસુભાઈ! ઝીણી વાતું બહુ. આખા તત્ત્વની વાત છે આ તો.

'**જા પ્રસાદ ભવિ બોધ લે, પાલૈ જીવ નિકાય.**' પાછા ઓલા છકાયના ઓલામાં જરી હિંસા થાય છેને વ્યવહારમાં તો. તો નિશ્ચયમાં તો સજીવ એકેન્દ્રિય પૃથ્વીની પણ હિંસા ન હોય. એવું. આહાહા..! હવે આમાં થોડું સાવદ્ય લેશ્યા ભગવાનની મૂર્તિ, પ્રતિમા બનાવે એમાં થોડું તો પાપ તો સાવદ્ય છે. પુણ્ય થશે શુભભાવથી. એથી આ બતાવ્યું છે. એમાં છ કાયના જીવનું પૃથ્વી, પાણી, અગ્નિ,

વાયુ, વનસ્પતિ. એના જીવને જરીએ દુઃખ ન થાય, હિંસા ન થાય. એવું પાળે જીવ નિકાય. પાઠમાં છે જીવ નિકાય. છે ને '**छक्कायसुहंकरं**' એનું એ પોતે નાખ્યું છે.

મુમુક્ષુ :- '**छक्कायसुहंकरं**' છેલ્લો બોલ.

ઉત્તર :- એ. હા છેલ્લો બોલ. એ જીવની કાય. આહાહા..! જેમાં પાણીનો એક બિંદુ પણ હણાય... એ વીતરાગમાર્ગ છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર માટે પણ એકેન્દ્રિય જીવની ઓલી થાય એ કેમ પળે? પછી ખુલાસો કરશે. છ કાયના હિતકર તો આ દશા આત્માની છે. એ છકાયની હિતકર છે. જેમાં એકેન્દ્રિય જીવને પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, એને પણ જરી... આહાહા..! એવા સંયમી મુનિઓ એ ધર્મના સ્થાન, ધર્મના આયતન અને ધર્મની મુદ્રા છે. આવો માર્ગ વીતરાગનો. આ બોધપાહુડ આવ્યું. આ તમારે મુહૂર્ત કરવું છે ને. પરમાગમ મંદિર જુઓ! વીતરાગની વાણી છે આ બધી. સર્વજ્ઞને અનુસારની વાણી છે. એનું આ આયતન, પહેલામાં પહેલું આ વ્યવહાર આયતન થાય છે. નિશ્ચય આયતન આત્મા.

મુમુક્ષુ :- એ તો પહેલો હોય ત્યારે વ્યવહાર કહે.

ઉત્તર :- એ ત્યારે કહે. એથી કહ્યું ને? નિશ્ચય તો ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ, એની પરિણતિ જે શુદ્ધ ચૈતન્યઘનની એ ખરું આયતન છે, ધર્મનું સ્થાન. એની સામે એવો વ્યવહાર હોય છે. શુભભાવનું એ નિમિત્ત છે એટલી વાત છે. આહાહા..!

'**ઈસપ્રકાર મંગલાચરણકે દ્વારા શ્રી કુંદકુંદ આચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધ બોધપાહુડકી દેશભાષામય...**' ચાલતી ભાષા. એની '**હિન્દી ભાષાનુવાદ લિખતે હૈં, પહિલે આચાર્ય ગ્રંથ કરનેકી મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરતે હૈં :—**' આચાર્ય મહારાજ પોતે કુંદકુંદાચાર્યદેવ ભગવાન પાસે જઈ આઠ દિન રહ્યા. આવીને આ બધું બનાવ્યું છે.

**बहुसत्थअत्थजाणे, संजमसम्मत्तसुद्धतवयरणे।**
**वंदित्ता आयरिए, कसायमलवज्जिदे सुद्धे।।१।।**
**सयलजणबोहणत्थं, जिणमग्गे जिणवरेहिं जह भणियं।**
**वोच्छामि समासेण, छक्कायसुहंकरं सुणहं।।२।।**

સકળજનના બોધને માટે કહ્યું છે. આહાહા..! કુંદકુંદાચાર્ય એમ પોતે ફરમાવે છે. જિનના માર્ગમાં. આહાહા..! આ મંગળિક કર્યું ભગવાન કુંદકુંદાચાર્યે.

'**અર્થ :- આચાર્ય કહતે હૈં કિ—મૈં આચાર્યોંકો નમસ્કાર કર,...** ' ગણધરદેવથી માંડીને પોતાના ગુરુ સુધીના આચાર્યો એને નમસ્કાર. અર્થમાં આવશે. અર્થમાં કરશે. બોધપાહુડ રચના (કરતા) પહેલા એ ઘણાં ગણધરથી માંડીને પોતાના ધર્મગુરુ એને નમસ્કાર કરીને. આહાહા..! '**છકાયકે જીવોંકો સુખકે કરનેવાલે,...**' છ કાયના જીવને સુખનું કરવાવાળું આ બોધપાહુડ. ધર્મીને પણ

સુખનું કરવાવાળું અને છ કાયના કોઈપણ જીવને દુઃખ ન થાય એવા સુખનું કરવાવાળું. આહાહા..!

**'જિનમાર્ગમેં...'** વીતરાગમાર્ગમાં. વીતરાગમાર્ગ આ. દિગંબર દર્શન એ દિગંબર એ જૈનદર્શન એ જૈનમાર્ગ. સમજાય છે કાંઈ? આહાહા..! એ સનાતન સત્ય પરમાત્માનું ત્રિલોકનાથ વીતરાગે કહેલું આ જૈનમાર્ગ આ. આહાહા..! એ **'જિનદેવને જૈસે કહા...'** જિનમાર્ગમાં જિનદેવે જે કહ્યું. આ નિશ્ચયસ્વરૂપ જિનમાર્ગમાં જિનદેવે કહ્યું છે. વ્યવહારમાં આવે ત્યારે એમ કહે, આ વ્યવહાર પણ ભગવાને કહ્યો છે. નિશ્ચયથી ભગવાને આ કહ્યું છે. આહાહા..! પ્રતિમા અને મૂર્તિ એ ભગવાન આત્મા પોતે, નિર્વિકારી દશા એ જિનપ્રતિમા છે, એમ કહે છે. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યગૃહ એ પણ કહેશે. આનંદનું ઘર વીતરાગમૂર્તિ આત્મા એ ચૈતન્યનું ઘર છે અને એ જિનપ્રતિમા છે. એમ જિનમાર્ગમાં જિનદેવે કહ્યું છે. સમજાણું કાંઈ?

**'જિનદેવને જૈસે કહા હૈ વૈસે, જિસમેં સમસ્ત લોક કે હિતકા હી પ્રયોજન હૈ...'** લ્યો! **'सयलजणबोहणत्थं'** બધા આત્માના હિતનું જેમાં કથન છે, પ્રયોજન છે. સર્વ લોકના હિતનું પ્રયોજન છે. **'ઐસા ગ્રંથ સંક્ષેપસે કહૂઁગા,...'** ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે આવો ગ્રંથ હું સંક્ષેપથી થોડું કહીશ. સંતોએ તો પૂર્વમાં ઘણું કહ્યું છે, પણ એમાંથી થોડી વાનગી કહીશ કહે છે. .. સમજો છો? નમુનો. આ વાનગી નથી? ચોખા બોખા હોય. **'ઉસકો હે ભવ્ય જીવો!'** આહાહા..! **'सुणहं'** છે ને છેલ્લું? **'वोच्छामि सुणहं'** .. કહે છે ને? **'હે ભવ્ય જીવો! તુમ સુનો!'** આહાહા..! સંબોધનમાં પણ છે ને. વળી સાંભળવું કહે, વળી કહે કે સાંભળવાથી પુણ્ય વિકલ્પ બંધાય. ત્યારે એ હોય છે ને.

મુમુક્ષુ :- રસ્તામાં જાય તો કોઈ ખાડો બતાવે તો?

ઉત્તર :- બતાવે છે. એય..! ચેતનજી! ઓલું આવ્યું છે ને ઓલામાં? સાંભળવું, વાંચવું એ બધું બંધનું કારણ છે. એ વાત પણ આવ્યા વિના રહે નહિ. વચ્ચે એ વચનને સાંભળવું. સુનો, કુંદકુંદાચાર્ય કહે છે. જિનમાર્ગને વિષે જિનદેવે કહ્યું. આહાહા..! આવો ઉજળો માર્ગ દિગંબરધર્મ. એ જિનદેવે જિનમાર્ગમાં કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જિન આચાર્યોંકી વંદના કી વે આચાર્ય કૈસે હૈં?'** પોતાના ગણધરથી માંડીને... આવે છે ને આપણે? ભાઈ! પાંચમી ગાથા. પાંચમી ગાથામાં. ઓહોહો..! ત્યાં તો સર્વજ્ઞથી લીધું. સર્વજ્ઞથી. અહીંયાં ગણધરથી લીધું. આચાર્ય લીધા છે ને? આચાર્ય. **'જિન આચાર્યોંકી વંદના કી વે આચાર્ય કૈસે હૈં? બહુત શાસ્ત્રોંકે અર્થકો જાનનેવાલે હૈં,...'** ઘણા શાસ્ત્રોના અર્થના જાણવાવાળા હોય. આહાહા..!

મુમુક્ષુ :- આટલું ભણે તો રાગ નહિ થાતો હોય?

ઉત્તર :- એ રાગ છે પણ પાછો અંદર સ્વભાવને લક્ષે છે ને? આહાહા..! ન કહ્યું અમૃતચંદ્રાચાર્યે? હું આ સમયસારની ટીકા કરીશ, એમાં મારી શુદ્ધિ વધજો. એમ કહ્યું છે હોં! સમયસાર. બીજો શ્લોક

બીજો કળશ. સમયસારની ટીકા કરતા મારી.. એનો અર્થ કે મારું વલણ, મારું ધ્યેય તો દ્રવ્યસ્વભાવ ઉપર છે. આહાહા..! એના લક્ષે આ મારી ટીકા થાય છે. એના લક્ષની શુદ્ધિ વધતા મને નિર્જરા થઈ જશે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ સ્વભાવના આશ્રયનું જેટલું ઘોલન છે એ અપેક્ષાએ. વચ્ચે શુભ વિકલ્પ આવે એનો તો બંધ છે. આહાહા..! એ અપેક્ષાઓ ન જાણે અને શુભભાવથી નિર્જરા માને એ બધી ગડબડ છે. એ જૈનમાર્ગ નથી. જૈનમાર્ગ તો રાગનું પોષણ ન કરે અને વીતરાગનું પોષણ કરે એ જૈનમાર્ગ છે. રાગ હોય એને જણાવે. પણ રાગથી લાભ થાય એવું પોષણ જૈનમાર્ગમાં ન હોય. રાગથી લાભ માને, મનાવે એ જૈનમાર્ગ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**બહુત શાસ્ત્રોંકે અર્થકો જાનનેવાલે હૈં, જિનકા તપશ્ચરણ સમ્યકત્વ ઔર સંયમ સે શુદ્ધ હૈ,...**' તપશ્ચરણ એટલે મુનિપણું. જેની મુનિદશા. આચાર્ય આને કહીએ. જેને સમકિત હોય અને સંયમ. સમકિતથી શુદ્ધ હોય અને સંયમથી શુદ્ધ હોય. આહાહા..! પૂર્ણ આનંદનો નાથ જેને સમ્યગ્દર્શનમાં, અનુભવમાં આવી ગયો છે. આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ આત્મા, શાશ્વત આનંદનું સ્વરૂપ ભગવાન આત્મા, એનું જેને સમ્યગ્દર્શન થયું છે. આહાહા..! જેણે એવા આત્માને દેખ્યો છે એટલે જાણ્યો છે અને માન્યો છે. આહાહા..! એને એ મુનિપણું આવા સમકિત સહિત હોય. સમકિત ન હોય અને મુનિપણું આવી જાય? આહાહા..! સમજાણું કાંઈ?

અને તે ઉપરાંત સંયમથી શુદ્ધ હોય. સમકિતથી શુદ્ધ હોય, સંયમથી શુદ્ધ હોય. જેને પાંચ ઈન્દ્રિય મન અને છ કાયના પ્રાણીની હિંસાથી નિવૃત્તિની સંયમદશા પ્રગટ થઈ. જુઓ, આ જૈનમાર્ગનું મુનિપણું.. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એવા પરમાત્માની વાણીમાં (આવ્યું કે) જૈનમાર્ગના આચાર્યો આવા હોય. કહો, સમજાણું કાંઈ? ઓલા કહે છે ને નમો લોએ સવ્વસાહુણં. એમાં ક્યાં કીધા છે જૈનના સાધુ? એમ કહે છે. અરે..! ભગવાન! જૈન એ કોઈ સંપ્રદાય નથી. એ રાગ ને દ્વેષ ને અજ્ઞાનને હણીને વીતરાગતા અને સર્વજ્ઞપણું પ્રગટે આ એને અનુભવની દૃષ્ટિના માનવાવાળા એ જૈન. આહાહા..!

વસ્તુનું સ્વરૂપ જ જૈન એટલે વીતરાગ સ્વરૂપ છે જિન. આત્મા જ અકષાયસ્વરૂપ વીતરાગ મૂર્તિ નિર્દોષ એટલે દોષ વિનાની નિર્દોષમૂર્તિ આત્મા છે. એવો જે નિર્દોષ આત્મા એ દોષને ટાળીને નિર્દોષની પર્યાય પ્રગટ કરે એ જૈન. એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભારે! આત્મા પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ છે. એને ખબર ક્યાં છે? અંદર ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એવી અતીન્દ્રિય આનંદની મૂર્તિમાં જેને સમ્યગ્દર્શનમાં સ્વાદ આવ્યા છે. આહાહા..! અને એ ઉપરાંત ચારિત્રના ઉગ્ર આનંદના સ્વાદ જેને આવ્યા છે, એને અહીંયા આચાર્ય અને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલો, પૂર્ણ જ્ઞાનથી ભરેલો. આહાહા..!

અનંતગુણ. ભાવ આવ્યો છે ને? અનંતા ભાવ સામર્થ્ય જેનું પડ્યું છે અંદર. એની જેને અનુભવની દૃષ્ટિ થઈ છે અને જેને અંતરમાં રમણતાનું સમ્યક્ પ્રકારે યમ ચારિત્ર દશા પ્રગટ થઈ છે. એનાથી એ શુદ્ધ હોય છે. આહાહા..!

**'કષાયરૂપ મલસે રહિત હૈં...'** સંયમથી શુદ્ધ કહ્યું એનો વિશેષ ખુલાસો કર્યો છે. પાઠમાં કહ્યું છે ને **'संजमसम्मत्तसुद्धतवयरणे' 'कसायमलवज्जिदे'** એમ. એ કષાયમલ જેને પુણ્ય અને પાપના વિકલ્પનો રાગ જેને નથી. આહાહા..! જેનો આત્મા ખીલી ગયો છે અંદર વીતરાગભાવથી જેની રમતું આત્મરામ સાથે જામી ગઈ છે. પ્રભુ ભગવાન આત્મા એના અતીન્દ્રિય આનંદમાં જેની મોજ જેને પ્રગટી છે. આહાહા..! સમજાણું કાંઈ? હસુભાઈ! આ બધા તમારા ધૂળની મોજ નહિ એમ કહે છે. એય..! એ તો એકલા છે. .. પૈસા હોય એના એકલા ભાગીદાર. છોકરા.. આહાહા..! આ તો કોઈ ભાગ જ નથી એમાં. એવું કહે છે.

મુમુક્ષુ :- કોઈ ભાગ લઈ શકતો નથી.

ઉત્તર :- લઈ શકતો નથી. આહાહા..! પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ એમાં દૃષ્ટિ કર. જન્મ-મરણથી તારે જો ઉગરવું હોય તો. આહાહા..! ઉદ્ધાર કરવો હોય તો. એ મુનિએ પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એમ કહે. પછી એણે સંયમની શુદ્ધિ પ્રગટ કરી છે. સમજાણું કાંઈ? આવો 'માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી જિનરાજ વીતરાગ.' આહાહા..! ભારે આકરું કામ. આ સંપ્રદાય શ્વેતાંબર અને સ્થાનકવાસી. શ્વેતાંબર નીકળ્યોને પહેલો? ૬૦૦ વર્ષે શ્વેતાંબર પંથ નીકળ્યો. સનાતન વીતરાગદર્શનમાંથી વિપરીત દૃષ્ટિ થઈને એ માર્ગ નીકળ્યો ભાઈ! કોઈ પ્રત્યે વિરોધ અને વેર કરવાની નહિ. છતાં વસ્તુનું સ્વરૂપ છે તેવું એને બરાબર જાણવું અને માનવું પડશે. આહાહા..! એ પણ એકલું દ્રવ્યલિંગ પણ નહિ. એથી કહ્યું ને. સમકિતસહિત જેની અંતર આનંદની દશા. ત્યારે કહેવામાં આવે છે ને અત્યારે કે ભાઈ! વ્યવહાર ક્રિયા કરો, એનાથી નિશ્ચય પમાશે. તદ્દન જૂઠી વાત છે. વ્યવહાર આચરણ કરો, આ વ્રત ને નિયમને. સમજાણું કાંઈ? એનાથી નિશ્ચય ચારિત્ર ન હોય ત્યાં સુધી વ્યવહાર પાળો અને એનાથી નિશ્ચય થશે.—એ વાત જ જૂઠી છે. એની શ્રદ્ધા જ વિપરીત માન્યતા છે. આહાહા..! આત્મા અંતરમાં નિશ્ચય સ્વભાવ જે શુદ્ધ આનંદ એની દૃષ્ટિ સહિત સંયમ પ્રગટ્યું છે, એને પછી એવા પંચમહાવ્રતાદિના વિકલ્પ હોય તો એને વ્યવહાર કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ વાંધા. જગતની સાથે વીતરાગમાર્ગને વાંધા બહુ. આહાહા..!

**'કષાયરૂપ મલસે રહિત હૈં ઈસલિયે શુદ્ધ હૈં.'** આહાહા..! એને જાણવું પડશે ને કે આચાર્ય મુનિપણું કેવું? આચાર્ય મહારાજ પોતે કહે છે કે આવા આચાર્યોને હું વંદન કરું છું. કુંદકુંદાચાર્ય જેવા આચાર્ય. એ આવા આચાર્યને વંદનિક એ કેવા આચાર્ય હશે? એ આવા છે. જેને અંતરમાં આનંદનું સમ્યગ્દર્શન પહેલું પ્રગટ્યું છે. પછી સંયમ ચારિત્રદશા છે. કષાયમલ વિનાની જેની દશા છે. આહાહા..!

એને કહે છે ને 'वंदित्ता आयरिए' છે ને બીજું પદ? એવા આચાર્યને વંદીને. આહાહા..! પોતે કહે છે કે એને વંદીને હું આ બોધપાહુડ કહીશ. આહાહા..!

કુંદકુંદાચાર્ય નગ્નમુનિ દિગંબર પંચમહાવ્રતધારી અને વીતરાગ મૂર્તિ ત્રણ કષાયના અભાવવાળા. આહાહા..! એ કહે છે, હું આવા આચાર્યને વંદન કરું છું. એ વંદન કરું એ વ્યવહાર નથી? વ્યવહાર આવ્યો. આ તો વંદનને કરું છું એ વિકલ્પ છે, વ્યવહાર છે. આવે છે ને. વ્યવહાર નથી? પણ વ્યવહારથી નિશ્ચય પમાય એમ નથી. આ નિશ્ચય તો ત્રિકાળ ભગવાન આત્મા આનંદને આશ્રયે પ્રગટ થાય છે. મહાપ્રભુ ચૈતન્યસ્વરૂપ એને આશ્રયે અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- યહાં આચાર્યોંકી વંદના કી,...'** બહુવચન છે ને? ઘણાં આચાર્યોની વંદના કરી. કુંદકુંદાચાર્ય મહારાજ. આહાહા..! ઠીક આ તમારી મિટિંગ ભેગી થાય ને આપણે આ મંગળચારણ કર્યું લ્યો! શેઠ! ક્યારે આવે છે હવે ભાઈ? મોટા ભાઈ. આ મિટિંગ થાય છે ને આજે. ... ઠીક તમારા નાના શેઠ છે ને સાથે. આહાહા..! **'યહાં આચાર્યોંકી વંદના કી, ઉનકે વિશેષણોંસે જાના જાતા હૈ કિ-ગણધરાદિકસે લેકર અપને ગુરુપર્યંત સબકી વંદના હૈ...'** આચાર્ય છે ને પાછા? **'ઔર ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કી ઉસકે વિશેષણોંસે જાના જાતા હૈ કિ જો બોધપાહુડ ગ્રંથ કરેંગે વહ લોગોંકો ધર્મમાર્ગમેં સાવધાન કર...'** આહાહા..! ધર્મમાર્ગમાં સાવધાન કરવા માટે **'કુમાર્ગ છુડાકર...'** ઉંધે રસ્તે જે આ ધર્મને માની રહ્યા છે એને છોડાવીને **'અહિંસાધર્મકા ઉપદેશ કરેગા.'** છે ને? છકાય છે ને? અહિંસા. જેમાં એકેન્દ્રિય પ્રાણી પણ ન હણાય. આહાહા..! એવા અહિંસાધર્મનો ઉપદેશ કરીશ લ્યો!

એ બોધપાહુડમાં અગ્યાર સ્થળ બાંધે છે. નામ. આ બધા નિશ્ચય.

आयदणं चेदिहरं, जिणपडिमा दंसणं च जिणबिंबं।
भणियं सुवीयरायं, जिणमुद्दा णाणमादत्थं।।३।।
अरहंतेण सुदिट्ठं, जं देवं तित्थमिह य अरहंतं।
पावज्जगुणविसुद्धा, इय णायव्वा जहाकमसो।।४।।

**'અર્થ :- ૧-આયતન,...'** છે ને અર્થમાં? ધર્માયતન એ નિશ્ચય ભગવાન આત્મા ધર્મનું આયતન છે. આહાહા..!

મુમુક્ષુ :- શુદ્ધરૂપે પરિણમ્યો હોય.

ઉત્તર :- શુદ્ધનું પરિણમન એ જ ધર્મનું આયતન છે. દ્રવ્ય તો શુદ્ધ છે એ ક્યાંય રહ્યું. ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભગવાન તો શુદ્ધ પવિત્ર આનંદ છે, પણ જેની દશામાં પવિત્ર અને શુદ્ધનું પરિણમન થયું છે. સંયમ સહિતની એની વાત છે અહીંયાં. એને અહીંયાં આયતન કહે છે. એ ધર્મનું ઘર. એ ધર્મનું સ્થાન.

આ ધર્મના સ્થાન.. સ્થાન કરે છે ને બહારના? એ પણ એ વખતે પોતાના માનેલા મંદિરો આદિ કરીને. કુંદકુંદાચાર્ય ભગવાન તો શ્વેતાંબર નીકળ્યા પછી ૧૦૦ વર્ષે થયા છે. એટલે બધી ગડબડ બહુ હતી. આ બધા મકાનો બનાવે, ધામધુમ કરે. હો..હા..હા.. એટલે એ આયતન નહિ. આયતન તો આ. અને એવા આયતનનો વ્યવહાર હોય, એ બહારથી આયતન વ્યવહાર કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ દુનિયાની સાથે..

કહો, એક જણા પૂછતા હતા કે અમારે શું કરવું? કરવું શું? માર્ગ હોય એમ કરવું. .. એમ કે બધા એક સાથે જઈએ અને મંદિર હોય, બધા સાથે માણસ હોય, અમે અંદર ન જઈએ, પગે ન લાગીએ તો જુદા પડી જઈએ. એય..! કહ્યું ભાઈએ કીધું હતું. અનંતરાય. અનંતરાય. એય..! તમારો. બેંગ્લોર. પ્રવિણભાઈ હતા. એને પૂછયું હતું એના ભાઈએ. ઘણા માણસ સાથે હોય અને પછી મંદિરમાં જઈએ અને પગે લાગીએ. માર્ગ નથી બાપુ! કીધું આ. વિરોધ કરે એ નહિ, દ્વેષ નહિ, કોઈ સાથે વેર નહિ, કોઈ પ્રત્યે દ્વેષ નહિ. પણ માર્ગ તો આ છે બાપુ! ચીમનભાઈ! પ્રશ્ન કર્યો હતો હમણા ભાઈએ. પ્રવિણભાઈ હતા. પ્રવિણભાઈ બોલતા હતા કે નહિ. લજ્જા .. એમ થાતું હશે?

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વ છે?

ઉત્તર :- મિથ્યાત્વ છે પછી પ્રશ્ન શું? ગૃહીત મિથ્યાત્વ છે. ખરેખર તો માર્ગ એવો છે. બાપુ! શું થાય? કુદેવ, કુગુરુ છે એનો વિનય એ તો મિથ્યાત્વ છે. માર્ગ આવો છે બાપુ! આહાહા..! બીજા એમ કહે સાથે ઊભા હોય તો જઈએ. એમ ન થાય. વાત કરી હતી. આ વખતે બેંગ્લોર અમારે ઘરે ઉતારો રાખજો હોં કહે. એ મારું કામ છે કાંઈ? સંઘને ઠીક પડે એમ કરશે ને. આ બેંગ્લોર જાવું છે ને. નવ લાખ રૂપિયા ખર્ચ્યા છે મંદિરમાં.

મુમુક્ષુ :- આપ..

ઉત્તર :- આ તો એનો ભાવ મિથ્યાત્વ થયું એમ વાત કરતા હતા. એ કહેતા હતા હોં. ભાઈ કહેતા હોં. ભાઈએ કહ્યું. ચંદુભાઈ કહેતા હતા. નવ લાખ નાખ્યા. બીજું કોક કહેતું હતું. કોણ કહેતું હતું? ત્યાંનું. કાંતિભાઈ. હા, હા, કાંતિભાઈ. આપણે ગઢડાવાળા. આ ગઢડાવાળા લ્યો. નવ લાખ નવ લાખ. બે જણાએ નવ લાખ દિગંબર મંદિર બેંગ્લોરમાં. પોર ગયા હતા ને. હવે તૈયાર થઈ ગયું છે. બાબુભાઈ નથી આવ્યા? આજ સાંજે? શું થયું? ત્યાંથી મોકલે છે ને બધા. એ કહેતા હતા. હોંશ છે લોકોને બહુ. જુગરાજજી સ્થાનકવાસી હતા કરોડપતિ. અને એક કરોડપતિ ભભુતમલ દેરાવાસી બેય મળીને દિગંબર મંદિર બનાવ્યું નવ લાખ. બેંગ્લોરમાં. જિનપ્રતિમા તો આમ વીતરાગ મુદ્રા હોય. જેવા વીતરાગ હતા એવું સામે બિંબ હોય. પ્રતિબિંબ છે ને? જેવો સામો માણસ હોય એવું અરીસામાં બિંબ આવે કે બીજું આવે? વીતરાગ. નિષ્ક્રિય રાગથી રહિત અંદર ઠરી ગયા છે. એને માથે કહ્યું કાંઈ ન કરે.

મુમુક્ષુ :- આપની કૃપાનું જોર છે.

ઉત્તર :- એ તો જગતમાં થવાનું હોય એ થાય. એનો ભાવ શું છે એટલું જાણવું બસ. ભાવ એનો શુભ છે. એ થવાનું હોય એ થાય. કાંઈ શુભભાવથી થાય છે? મોહનભાઈ!

મુમુક્ષુ :- એ આવે ત્યારે થાય મુંબઈથી.

ઉત્તર :- આહાહા..! કાલે નહોતા કહેતા કે ભાઈ પહેલું મારું, પછી બીજાનું, પછી બીજાનું, પછી મારું. તમારા ઢેબરભાઈ. એ ચાર. પહેલું પોતાનું, પછી બીજાનું, પછી બીજાનું. એ વળી કાંઈક હશે દેશનું, કુટુંબનું અને પછી મારું. .. આવા ને આવા. કોણ કરે? રસ ચડી ગયેલો. રામજીભાઈ સામે આમ બોલતા હતા. પણ એ બોલતા હતા આમ. તમે બેઠાને બોલતા હતા બધું. રામજીભાઈ બેઠા હતા. રામજીભાઈ તો એના ગુરુ કહેવાતા ત્યારે. પહેલું કરવું પોતાનું. રામજીભાઈ કહે કરવું પોતાનું. પહેલું પોતાનું, બીજું બીજાનું, ત્રીજું બીજાનું એમ ત્રણ હતું કાંઈક. કાંઈક હશે આ કુટુંબનું કે નાતનું કે દેશનું. પછી વળી છેલ્લે મરતા. હવે મરવા કોણ કરે છે? ગરી ગયા ઉંધા. લાકડા એવા ગરી ગયા ને.

મુમુક્ષુ :- બ્લડપ્રેશરનું દર્દ છે.

ઉત્તર :- લ્યો બ્લડપ્રેશરનું દર્દ છે. આહાહા..! મોઢામાં આમ સારું છે. પહેલા તો મેં ઓળખ્યા નહિ. તમે કીધું પછી. પગે આમ આડા લાગ્યા હતા.

'**૧-આયતન, ૨-ચૈત્યગૃહ,...**' એ ચૈત્યગૃહ પણ આ આત્મા આનંદનું જ્ઞાન, ચૈત્ય એટલે જ્ઞાન. આનંદનું ગૃહ એ આત્મા ચૈત્યગૃહ છે. આ ચૈત્યગૃહ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? ચૈત્ય એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એનું ઘર એ ચૈત્યગૃહ તો આત્મા છે. એ અહીં મુનિપણાથી બધી વાત છે. '**૩-જિનપ્રતિમા,...**' એ પણ વીતરાગી દશા આત્માની થાય તે જિનપ્રતિમા. જિનપ્રતિમા .. જિનપ્રતિમા આવે છે ને ભાઈ! શ્રીમદ્‌માં આવે છે. ચૈતન્ય જિનપ્રતિમા. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત વીતરાગી મૂર્તિ આત્મ.. થાય એને જિનપ્રતિમા કહે છે. નિશ્ચય જિનપ્રતિમા એ. ત્યારે વ્યવહાર જિનપ્રતિમા હોય. આહાહા..! સમજાણું કાંઈ?

'**૪ - દર્શન,...**' એ પણ જૈનદર્શન. એ પણ વ્યાખ્યા આ. આત્મા વીતરાગ મૂર્તિ એને પંચમહાવ્રતના વિકલ્પ હો, નગ્નમુદ્રા હો, ઊભા ઊભા આહાર હો ખડા એને જૈનદર્શન કહે છે. સમજાણું કાંઈ? આ વસ્ત્રવાળા એને જૈનદર્શન કહેતા નથી અહીં તો પરમાત્મા. '**जिणमुद्दा**' કીધું ને? જિનદેવે જિનમાર્ગમાં આમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? '**૩-જિનપ્રતિમા, ૪-દર્શન,...**' આગળ આવશે દર્શન. ૧૪મી ગાથા છે ત્યાં, અહીં ૧૪મી છે અહીં. ત્યાં ૧૪મી છે અષ્ટપાહુડમાં. અહીં ૧૪મી છે. દર્શન આને કહેવું. સમકિત નહિ. આત્મદશામાં વીતરાગીદશા જેને પ્રગટી છે એને જૈનદર્શન કહીએ, એને દર્શન કહીએ. આહાહા..! એવા જૈનદર્શનની શ્રદ્ધા આત્માથી થાય તેને સમકિત કહીએ. પણ આવું જૈનદર્શન હોય એને. એને માનવું જોઈએ. સમજાણું કાંઈ? જેની નગ્નદશા બાહ્ય છે, માતાએ જન્મ્યો એવી દશા. અંદરમાં નગ્ન રાગ વિનાની દશા છે. વીતરાગમૂર્તિ આત્મા. આહાહા..! એને અહીં જૈનદર્શન

એટલે દર્શન કહેવામાં આવે છે.

'**૫-જિનબિંબ.**' એ પણ એક વીતરાગી મૂર્તિ આત્મા. જિનબિંબ. આ જિનબિંબ વ્યવહાર છે. વીતરાગમૂર્તિ, વસ્ત્ર, પાત્ર. બૌદ્ધને જુઓને એક આમ રાખે છે. એક પાત્ર રાખે છે. બૌદ્ધ આવે છે ને મૂર્તિ? એ ગયામાં છે. એક પાત્ર નીચે રાખે. વળી એ કહેતા હતા લ્યો! બૌદ્ધને અને મહાવીરને કોણ જાણતું? આ બધા જાણે. કહેતા હતા. ભાઈ કહેતા હતા. બૌદ્ધને જાણે. ક્યાં બૌદ્ધ અને ક્યાં મહાવીર? ખબર ન મળે. મહાવીર કોણ! આહાહા..! બૌદ્ધ તો ગૃહીત મિથ્યાદષ્ટિ. વૈરાગીને રાજા એટલે શું? એને ઘણા માનનારા છે અત્યારે. હિન્દુના કરતા બૌદ્ધના માનનારા ઘણા છે. એના કરતા ખ્રિસ્તીના માનનારા ઘણા છે. એથી શું? એ મોટો ... છે.

જિનબિંબ તો એને જૈનમાર્ગમાં જિનેશ્વરે રાગ, વિકલ્પ વિનાની ચીજ અંદર ઠરી ગઈ છે અંદર આનંદમાં. એને જિનબિંબ કહેવામાં આવે છે. આહાહા..! '**કૈસા હૈ જિનબિંબ?**' જુઓ! '**ભલે પ્રકાર વીતરાગ હૈ,...**' જોયું! જેને રાગ વિનાની અંતર દશા પ્રગટ થઈ છે. એને અહીંયાં જિનબિંબ કહેવામાં આવે છે. પાઠમાં છે ને એ જુઓને. '**भणियं सुवीयरायं**' એ જિનબિંબ જેમાં રાગનો કણ નથી એવી આનંદદશા. બિંબ, ચૈતન્યબિંબ જામી ગયો છે અંદરમાં. આહાહા..! એવી મુનિની અંતરદશાને જિનબિંબ કહેવામાં આવે છે. આ બધી નિશ્ચયની વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચયની વાત છે એટલે?

ઉત્તર :- તે સાચી વાત છે એમ, નિશ્ચય એટલે. આ જ સાચી વાત છે. પાછા ઓલા કહે ત્યાં નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એટલે સાચું. આહાહા..! ઘણા એમ કહે છે કે સોનગઢ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એટલે શું? સત્યનો નિશ્ચય, નિશ્ચયને સત્યાર્થ કહીએ, વ્યવહારને અસત્યાર્થ કહીએ. આહાહા..! વાત એ કહે કે દેવ-ગુરુથી ધર્મ થાય, દેવ-ગુરુથી લાભ થાય એમ કહો તો કાંઈક વ્યવહાર આવે. ઓલા ભક્તિવાળાને સંપ્રદાય રાખવો છેને એટલે આપણા એમ કે દેવ-ગુરુની ભક્તિ કરે એનાથી સમકિત થાય. અહીં ના પાડે છે. એમ છે નહિ. દેવ-ગુરુની ભક્તિ છે એ શુભભાવ છે. ભગવાન આત્માની ભક્તિ એ શુદ્ધભાવ છે. આહાહા..! આવી વાત છે. આ કાંઈ સંપ્રદાય વાળવો નથી. કાંઈ વાડો ભેગો કરવો નથી કે આમ બધા માને તો વધારે માણસ આવે. માર્ગ તો આ છે. આહાહા..!

૬.-'**જિનમુદ્રા રાગસહિત નહીં હોતી હૈ,...**' દેખો છે ને? એ પણ બેય બાજુ લઈ લેવું. એ પણ ઓલું અહીં છે ને '**वीयरायं, जिणमुद्दा**' એમ. એટલે આમ. '**जिणबिंबं। भणियं सुवीयरायं, जिणमुद्दा**' એમ બેય બાજુ લઈ લેવું. અને '**૭-જ્ઞાન પદ કૈસા હૈ? આત્મા હી હૈ અર્થ અર્થાત્ પ્રયોજન જિસમેં,...**' એને જ્ઞાન કહીએ. આહાહા..! જેમાં ભગવાન આનંદસ્વરૂપનું જ્ઞાન હોય અને આનંદ એને જ્ઞાન કહીએ. એકલા શાસ્ત્ર જ્ઞાન અને બહારના સંસ્કૃત ને વ્યાકરણને એને જ્ઞાન કહેતા નથી.

**'આત્મા હી હૈ અર્થ અર્થાત્ પ્રયોજન જિસમેં,... '** એ જ્ઞાન. જ્ઞાનમાં આત્મા જેને ભાસે. ભગવાન પૂર્ણ આનંદનો નાથ જેના જ્ઞાનમાં ભાસે અને જ્ઞાનમાં આનંદનું પરિણમન હોય એ જ્ઞાન કહેવાય. આહાહા..! જે જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એને જ્ઞાન કહેવામાં આવે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઈસપ્રકાર સાત તો યે નિશ્ચય, વીતરાગદેવને કહે વૈસે તથા અનુક્રમસે જાનના ઔર '૮-દેવ,...'** દેવની વ્યાખ્યા કરશે. દદાતિ ઈતિ દેવ એમાં છે ને? ધર્મ, અર્થને. ભાવપાહુડમાં. ભાવપાહુડમાં આવે છે નહિ? બોધમાં આવશે. આમાં આવશે દેવ. ધર્મ, અર્થ ને કામ ને મોક્ષ. એવું આત્માને સમજાવે તે દેવ. એની પાસે હોય એ દે ને. એની પાસે તો એ ધર્મ અને આનંદ સ્વરૂપ છે તેને બતાવે છે. એમાં જરી પુણ્યનો વિકલ્પ આવે તો એને બાહ્યની સામગ્રી આદિ મળે એને બતાવે. બતાવે.

**'૯-તીર્થ,...'** એ તીર્થ તે આ આત્માનો આનંદસ્વભાવનો અનુભવ એ તીર્થ છે. બહારના સમ્મેદશિખર ને શેત્રુંજય ને ગિરનાર એ વ્યવહાર શુભભાવ. એનું તીર્થ કરે તો શુભભાવ, ધર્મ નહિ. સમ્મેદશિખરની જાત્રા કરે કે ગિરનારની કરે કે શેત્રુંજયની કરે શુભભાવ પુણ્ય, ધર્મ નહિ. એ નિશ્ચય તીર્થ નહિ. આહાહા..! જુઓ આ જિનમાર્ગમાં જિનદેવે આને તીર્થ કહ્યું. એ મૂળ તીર્થ તો પડ્યું રહ્યું અને બહારના તીર્થમાં એકલા. આત્મા રાગ અને પુણ્યના વિકલ્પથી રહિત શુદ્ધની પરિણતિવાળો આનંદ આત્મા, આનંદની દશાવાળો આત્મા તેને અહીં તીર્થ કહીએ કે જેનાથી તરાય તે ઉપાયને તીર્થ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? 'ત..રાર તે કરું .. ' આવે છે ને. આવે છે.

આમાં આનંદ સ્વરૂપ ભગવાનમાં સ્નાન કર જા. અને રાગ-દ્વેષનો મેલ એનાથી ટાળ. એને અહીંયાં તીર્થ કહેવામાં આવે છે. ત્યાં પણ કહ્યું હતું. પરમાત્મપ્રકાશ. પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું. ઓલામાં પણ કહ્યું નહિ આ યોગીન્દ્ર? યોગીન્દ્રદેવ. ત્યાં પણ કહ્યું. 'નહિ દેવ દેરા વિશે હૈ .. મુનિ...' દેવ તો અહીં છે. મૂર્ખ જ્યાં ત્યાં ભમે પોતાને ભૂલીને. દેવનો દેવ ભગવાન આત્મા છે પોતે. એની જાત્રા કરતો નથી અને બહારની એકલી જાત્રાથી ધર્મ માની બેસે એ જૈનમાર્ગ નહિ એમ કહે છે. જિનમાર્ગમાં જિનદેવે એમ કહ્યું નથી. જિનમાર્ગમાં જિનદેવે તો આત્મા એ પુણ્ય અને પાપના ભાવ વિનાનો સ્વભાવ એનો અનુભવ, એની શ્રદ્ધા અને એમાં રમણતા એ તરવાનો ઉપાય ત્યાં એને તીર્થ કહીએ. આહાહા..!

**'૧૦-અરહંત,...'** એની વ્યાખ્યા કરશે. અરિહંત અને પાછું આમા અરિહંત.. કેટલું ગુણસ્થાન, કઈ પર્યાય, કઈ પ્રાણ એ બધી વ્યાખ્યા કરશે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. **'તથા ગુણસે વિશુદ્ધ. '૧૧-પ્રવજ્યા,...'** છેલ્લું લ્યો.

મુમુક્ષુ :- ગુણથી...

ઉત્તર :- હા એ. અરિહંત ગુણથી વિશુદ્ધ.

**'૧૧-પ્રવજ્યા, યે ચાર જો અરહંત ભગવાનને કહે...'** એ પ્રવજ્યા એટલે દીક્ષા. ચારિત્રની

દીક્ષા પ્રવજ્યા. આ લૂગડા લઈને પ્રવજ્યા માને છે એ પ્રવજ્યા નહિ એમ કહે છે. એની સામે આ બધી વાત છે ને? 'સકલ જન .. ' સર્વ જીવોના બોધને માટે જિનમાર્ગમાં જિનેશ્વરે આવી પ્રવજ્યા કીધી છે કે જેમાં આનંદનો નાથ પ્રભુ જાગીને રમણતા જેને હોય એને અહીંયાં પ્રવજ્યા કહેવામાં આવે. હવે એ તો હજી સમકિતના ઠેકાણા ન મળે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને ચારિત્ર થઈ ગયા. દીક્ષાઓ લીધી દીક્ષા. બધી દખ્યા છે. દુઃખીયા છે એ બધા. સુખીયા તો ભગવાન આને કહે છે. શુદ્ધ સ્વરૂપની... એ બધી મુનિપણાની દશાનું જ આખું વર્ણન છે અને એક અરિહંતનું. એ જ્ઞાન.. એટલે એ જ આત્મામાં પ્રાપ્ત થાય છે એનું જ્ઞાન. આહાહા..! '**યે ચાર જો અરહંત ભગવાનને કહે વૈસે ઈસ ગ્રંથમેં જાનના,...**' ૭ ને ૪ થયા ને? પહેલા ૭ કહ્યા હતા. આ ૪.

'**ભાવાર્થ :- યહાં આશય ઈસપ્રકાર જાનના ચાહિયે કિ ધર્મમાર્ગમેં કાલદોષસે...**' જુઓ! ધર્મમાર્ગમાં કાળદોષથી શું થાય? આહાહા..! '**અનેક મત હો ગયે હૈં તથા જૈનમતમેં ભી ભેદ હો ગયે હૈં,...**' આહાહા..! શ્વેતાંબર ને સ્થાનકવાસી ને તેરાપંથી. સ્થાનકવાસી તેરાપંથી. તુલસી-તુલસી. તમારે મુંબઈ આવે છે ને? તેરાપંથી તુલસી. શું કહે છે એને? અણુવ્રત આંદોલન. ધૂળમાંય અણુવ્રત નથી. આહાહા..! એની પોતાની દૃષ્ટિના ઠેકાણા નથી ત્યાં વળી અણુવ્રત ક્યાંથી આવ્યા?

મુમુક્ષુ :- જેને સમ્યગ્દર્શન નથી.

ઉત્તર :- સમ્યગ્દર્શન જ નથી ને એને. એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ગજબ વાતું છે. જૈનમતમાં પણ ભેદ થઈ ગયા છે. આહાહા..! સાધારણ પ્રાણીને તો નિર્ણય કરવો મહામુશ્કેલ પડે. સાચું શું છે? કંઈક જાતની પ્રરૂપણા અને કંઈક જાતના પ્રોફેસરો ને પ્રરૂપણાને. આહાહા..!

મુમુક્ષુ :- ગચ્છમાં પણ ઘણા છે.

ઉત્તર :- ગચ્છમાં પણ ગજબ. એક ગચ્છમાં પેટા ભેદના પાર ન મળે. આહાહા..!

'**ઉનમેં આયતન આદિમેં વિપર્યય (વિપરીતપના) હુઆ હૈ,...**' જોયું! જૈનમતમાં ભેદ થયા એના આયતન આદિમાં પણ વિપરીત થઈ ગયું છે બધું. '**ઉનકા પરમાર્થભૂત સચ્ચા સ્વરૂપ તો લોગ જાનતે નહીં હૈ...**' સાચી જિનપ્રતિમા, સાચું અરિહંતપણું, સાચી પ્રવજ્યા વગેરે. '**ઔર ધર્મકે લોભી હોકર જૈસી બાહ્ય પ્રવૃત્તિ દેખતે હૈં, ઉસમેં હી પ્રવર્તને લગ જાતા હૈં,...**' ધામધુમ પૂજા ને ભક્તિ ને આ ને આ. શું કહેવાય તમારું? શાંતિસ્થાપના. સિદ્ધચક્ર. એમાં આવે? ધમાલ.. ધમાલ.. એ તો પણ એક શુભભાવ છે અને અમે આ કરીએ છીએ, આ કરીએ છીએ, એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! લોકો એમાં વળી જાય. પણ માણસો હમણા આવ્યું હતું ને. લાખ, દોઢ લાખ માણસ ભેગું થયું. એ એણે વખાણ કર્યા છે ભાઈએ કટારિયાએ. કટારિયાને? કોટડી. એણે વખાણ કર્યા. દોઢ લાખ માણસ શ્વેતાંબરનું ભેગું થયું. માણસ ભેગા થયા એમાં શું થયું પણ? આહાહા..!

'**લોભી હોકર જૈસી બાહ્ય પ્રવૃત્તિ દેખતે હૈં ઉસમેં હી પ્રવર્તને લગ જાતે હૈં,...**' એ સાચું

છે. દેરાસર ને પચ્ચીસ પચાસ લાખના મંદિર બનાવે. મોટા હો..હા.. બાહ્ય પ્રવૃત્તિ. પણ સત્યવસ્તુ ક્યાં છે ત્યાં? આહાહા..! **'ઉનકો સંબોધનેકે લિયે યહ બોધપાહુડ બનાયા હૈ.** ' લ્યો! **'ઉસમેં આયતન આદિ ગ્યારહ સ્થાનોંકા પરમાર્થભૂત સચ્ચા સ્વરૂપ જૈસા સર્વજ્ઞદેવને કહા હૈ વૈસા કહેંગે, અનુક્રમસે જૈસે નામ કહે હૈં વૈસે હી અનુક્રમસે ઇનકા વ્યાખ્યાન કરેંગે સો જાનને યોગ્ય હૈ.'** લ્યો!

હવે પહેલું આયતન લ્યો.

मणवयणकायदव्वा, आयत्ता जस्स इन्दिया विसया।
आयदणं जिणमग्गे, णिद्दिट्ठं संजयं रूवं।।५।।

જૈન વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથના માર્ગમાં **'સંયમસહિત મુનિરૂપ હૈ ઉસે 'આયતન' કહા હૈ.'** લ્યો! જેને અંદર સમ્યગ્દર્શનસહિત, સંયમસહિત મુનિપણું એને આયતન, ધર્મનું આયતન કહ્યું. એ ધર્મનું ઘર. આહાહા..! **'કૈસા હૈ મુનિરૂપ? જિસકે મન-વચન-કાય દ્રવ્યરૂપ હૈ...'** વશ કર્યો છે. આધીન. એટલે એને આધીન થયો નથી, એનાથી છૂટીને આત્મા આધીન થયો છે. એને આધીન કર્યા એટલે એને વશ ન થયો એ.

**'તથા પાંચ ઇન્દ્રિયોંકે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ યે વિષય હૈં વે, આયત્તા અર્થાત્ અધીન હૈં-વશીભૂત હૈં.'** પાંચેય ઇન્દ્રિયને વશીભૂત થતો નથી પણ પોતે વશ કર્યા છે. અતીન્દ્રિય આનંદમાં જેની રમતું છે. આહાહા..! એને અહીંયાં આયતન એટલે ધર્મનું સ્થાન છે. ધર્મ એટલે પવિત્રતા એનું સ્થાન તો એ મુનિપણું છે. આહાહા..! બાકી એને સમજ્યા ને માન્યા ને અનુભવ્યા વિના બાહ્યના મોટા આયતન બનાવે. પચાસ લાખની મૂર્તિ અને પચાસ લાખનું આ, ઢીકણા લાખનું આ. એમાં વ્યવહાર પણ સાચો નથી.

**'ઉનકે (મન-વચન-કાય ઔર પાંચ ઇન્દ્રિયોંકે વિષય) સંયમી મુનિ આધીન નહીં હૈ,...'** પરને આધીન નથી. આહાહા..! પોતે એને વશ કર્યા છે એટલે કે એને તાબે થતો નથી. મન, વચન અને કાયા અને પાંચ ઇન્દ્રિયને તાબે થતો નથી. આહાહા..! આત્મા અણિન્દ્રિયને તાબે વર્તે છે, એ અણિન્દ્રિયને વશ થયેલો જ તે આત્મા ધર્માયતન આયતન કહેવામાં આવે છે. આહાહા..! કેમકે ત્યાંથી ધર્મની ઉત્પત્તિ થાય છે. શુભભાવમાં કે દેહની ક્રિયામાં કાંઈ ધર્મની ઉત્પત્તિ નથી. આહાહા..! **'સંયમી મુનિ આધીન નહીં હૈ, વે મુનિકે વશીભૂત હૈં.'** આહાહા..! **'ઐસા સંયમી હૈ વહ આયતન હૈ.'** દેખો! ઓલામાં કીધું, દેવ-ગુરુ આયતન છે. પચ્ચીસ બોલમાં આવે છે ને? નિહાલભાઈએ કીધું, એ અનાયતન છે. રાડ નાખે. આયતન એ નહિ. આયતન તો આ આત્મા અનંતગુણનું ધામ, એની દૃષ્ટિ અને અનુભવમાં સ્થિરતા કરે એમાંથી ધર્મની દશા ઉત્પન્ન થઈ એ આયતન છે. આહાહા..! એ ધર્મનું સ્થાન આ છે. કહે છે ને કે આ ધર્મસ્થાનક છે. આ ધર્મસ્થાનક છે. આ ભગવાનનું ધર્મસ્થાનક છે. આવે

છે ને નવ બોલ? નવ દેવ.

મુમુક્ષુ :- પંચપરમેષ્ઠી.

ઉત્તર :- પંચપમેષ્ઠી, જિનવાણી, જિનમંદિર, પ્રતિમા, જિનધર્મ એ બધા (નવ દેવ). એ જૈનધર્મ આ. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો ભાવ એ રાગ. એનાથી રહિત થઈને આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા કરે એ ધર્મનું સ્થાન છે. અહો..! ધર્મના સ્થાનને ધર્મસ્થાન .. એમ કહે છે ને લોકો? એ ધર્મસ્થાન ક્યાં છે? બહાર છે? આહાહા..! કહો, સમજાણું કાંઈ? ધર્મસ્થાનક... ધર્મસ્થાનક.. પોકાર કરે. બીજા એમ કહે આ ધર્મસ્થાનક બનાવ્યું, ફલાણું આ બનાવ્યું, આ બનાવ્યું. ધર્મસ્થાન ક્યાં છે? ભગવાનજીભાઈ! અહીં છે ધર્મસ્થાન. આહાહા..! આચાર્યે સત્યને બહાર પાડવામાં સંકોચ કર્યો નથી. સત્ય તો આ છે. અને તે સકળ જીવના સંબોધન અને હિતનું કારણ આ છે. સકળ જીવને માટે અને છકાયના હિતને માટે આ છે, બાપુ! આહાહા..! આવું હોય પછી એનું વ્યવહાર જે હોય એને વ્યવહાર ધર્મસ્થાન કહેવાય છે. એ પુણ્યનું કારણ નિમિત્ત છે. પણ જ્યાં આવું ધર્મસ્થાનક આવ્યું નથી એને વ્યવહારધર્મસ્થાન કેમ કહેવું? વ્યવહારના પ્રધાનપણે નીકળ્યા હતા ને એ બધા એટલે એની સામે આ વાત છે. સમજાણું કાંઈ? એ પહેલી આયતનની વ્યાખ્યા કરી લ્યો! એ હજી આયતનની બે ગાથા બાકી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૪, રવિવાર તા. ૦૯-૧૨-૧૯૭૩**
**ગાથા – ૬-૭, પ્રવચન – ૬૩**

અષ્ટપાહુડ છે. આયતનનો અધિકાર છે પહેલો. ધર્માયતન-ધર્મનું ઘર-ધર્મનું સ્થાન કોને કહીએ? ધર્મની જે સ્થાનમાં ઉત્પત્તિ હોય એને આયતન અને ધર્મનું ઘર કહે છે. ૧૩ બોલ અધ્યાત્મના નિશ્ચય છે એમાં પહેલો બોલ આ છે. પહેલી પાંચમી ગાથા થઈ ગઈ છે. છઠ્ઠી ગાથા છે.

मयरायदोस मोहो, कोहो लोहो य जस्स आयत्ता।
पंचमहव्वयधारी, आयदणं महरिसी भणियं।।६।।

કહે છે કે આ જગતમાં ધર્મના આયતન, ધર્મના મંદિર, ધર્મના સ્થાન ઘણા કહેવાય છે. એ ધર્મના સ્થાન ખરેખર નથી. ધર્મના સ્થાન તો ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા

છે. એનામાં અંતર સ્વરૂપની અનુભવમાં દૃષ્ટિ થઈને સ્વરૂપમાં સ્થિરતાની વીતરાગતા નિર્દોષ આનંદ પ્રગટ કરે, એવી દશાવંતને ધર્મનું સ્થાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બાહ્યમાં તો અનેક પ્રકારના સ્થાન ગણાય છે. વ્યવહારે લોકો જાણે આ ધર્મસ્થાન... ધર્મસ્થાન... ધર્મસ્થાન... ચાલો ધર્મસ્થાને. પણ ધર્મસ્થાન પરમાર્થે ક્યાં છે? પરમાર્થ ધર્મસ્થાન સમજ્યા વિના બાહ્ય ધર્મસ્થાનમાં વ્યવહાર પણ યથાર્થ એનો હોય નહિ. આહાહા..! એમ કહે છે.

જેને, મન, વચન, કાયાના યોગ છે એ જેને વશ વર્તે છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આ બહારના જે ઇન્દ્રિયના વિષયોમાં અને માન, આબરૂમાં જે સુખ માને છે એ તો બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ, મૂઢ જીવ છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. આહાહા..! એ તો અધર્મના સ્થાનમાં છે. આહાહા..! પણ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ. વસ્તુ છે ને આત્મા, તત્ત્વ છે ને, પદાર્થ છે ને. એમાં અનંત આનંદ અને શાંતિનું સ્વરૂપ એનું પૂર્ણ ભર્યું છે એમાં. એમાં જેની અનુભવ દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન જેને પ્રગટ થયું અને એ ઉપરાંત સ્વરૂપની રમણતા, લીનતા, આનંદની ઉગ્રતા જેની દશામાં પ્રગટ થઈ એને ધર્મનું સ્થાન. ડોક્ટર! એને ધર્મનું મકાન, એને ધર્મનું ઘર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા બહારથી અનેક પ્રકારના... એ વખતે ભગવાન કુંદકુંદાચાર્યના વખતમાં સમ્યગ્દર્શનના ભાન વિના બહારના ધર્મસ્થાનો બનાવી અને અમે ધર્મ કરીએ છીએ એમ બધું ચાલતું હતું. એની સામે આ વાત છે.

મુમુક્ષુ :- એમ ને એમ ચાલતું હતું આવું ને આવું?

ઉત્તર :- એમ ને એમ ચાલે છે અનાદિથી. આહાહા..!

ભગવાન આત્મા અંદર એક સમયમાં શુદ્ધ આનંદઘન. શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આત્મસિદ્ધિ છે. આવી આત્મસિદ્ધિ? હજી નથી આવી. નહિ હોય. અહીં છે અહીં હતી ઓલી ત્યાં. સમજાણું કાંઈ? શ્રીમદ્ રાજચંદ્રની આત્મસિદ્ધિ છે. એની ચોપડી. .. આપી હતી. અહીં નીચે. એમાં એમ કહ્યું કે ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્માને જોયો. પોતે પ્રગટ કર્યો જેને તેવી દશાને સર્વજ્ઞપદ (કહીએ). પણ જેના જ્ઞાનમાં આ આત્મા કેવો એમ જણાણો, કે એ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદનો ઘન પ્રભુ છે. એની જેને અંતર દૃષ્ટિ થઈ છે અને દૃષ્ટિ ઉપરાંત સ્વરૂપમાં રાગ અને દ્વેષનો ત્યાગ થઈને વીતરાગતા નિર્દોષદશા જેને પ્રગટ થઈ છે એ ધર્મનું સ્થાન છે. સમજાણું કાંઈ? એ ધર્મનું ઘર છે. ભગવાન આત્મા એમાંથી જેને અંતરમાંથી પ્રગટ અંકુરા ફોડ્યા, ફૂટ્યા અંદરમાંથી શાંતિના આનંદના. આહાહા..! અહીં તો ચારિત્રસહિત વાત લેવી છે ને. સમ્યગ્દર્શન ઉપરાંત જેમાં શાંતિ... શાંતિ... શાંતિ... આનંદની વીતરાગદશા જ્યાં પ્રગટ થઈ છે એવા જીવને, એવા મુનિને ધર્મનું ઘર અને ધર્મનું સ્થાન કહેવામાં આવે છે. એની સામું ગમન કરવું, એને વંદન કરવું, એનો આદર કરવો એમ અહીં કહેવા

માગે છે. આહાહા..! આવું જેને નથી એ ધર્મસ્થાન નથી. એ ધર્મ તરીકે વંદનલાયક નથી. આહાહા..! એમ કહે છે.

અર્થમાં આગળ છે વધારે. સમજાણું કાંઈ? તો કહે છે **'જિસ મુનિકે મદ,...'** નથી. આહાહા..! જાતિ મદ, કુળ મદ, રૂપ મદ, ઈશ્વર મદ, વિદ્યા મદ. એ મદ જેને નથી અને જેને નિર્મળાનંદ આત્માના આનંદની દશા અવિકારી નિર્દોષ પ્રગટ થઈ છે. રાગ નથી જેને. અનુકૂળ ઈષ્ટ પદાર્થ પ્રત્યે પ્રેમ નથી, પ્રતિકૂળ પ્રત્યે જેને દ્વેષ નથી. એવી જેને અંતરમાં ચૈતન્ય સ્વભાવના ભાનપૂર્વક નિર્દોષતા-વીતરાગતા પ્રગટ થઈ છે તેને અહીંયાં ધર્મનું સ્થાન કહે છે. હેતુ તો એવો હતો કે એ વખતે બહુ ભગવાન કુંદકુંદચાર્ય થયા ત્યારે અન્યમાં અને જૈનના વાડામાં પણ વિરોધ ઘણો થઈ ગયેલો અને પછી ધર્મના સ્થાનક બનાવે મંદિરો દસ-દસ લાખના, વીસ લાખના. ધામધુમ ને. એ ધર્મના સ્થાન વ્યવહારે નથી. જેમાં પ્રતિમાને કપડા ને વસ્ત્ર ને એવા દાગીના ચડાવે એને પ્રતિમાને, એ તો વ્યવહાર પ્રતિમા પણ સાચી નથી એમ કહે છે. એ વ્યવહારે ધર્મનું સ્થાન સાચું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! વાત તો એ છે.

જેને અંતરમાં ક્રોધ, **'મોહ,...'** ભ્રાંતિ ટળી ગઈ છે જેને. હું આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છું એમાં જેને નિર્ભ્રાંતદશા અંતરથી પ્રગટ થઈ છે એને અહીંયાં ધર્મનું ઘર અને ધર્મસ્થાનક, ધર્મનું મંદિર એને કહેવાય છે. બાહ્ય મંદિર તો વ્યવહાર છે. આવી વાત છે ઝીણી. જેને **'ક્રોધ, મોહ, લોભ ઔર ચકાર સે માયા આદિ યે સબ 'આયતન'...'** જેને એ વિકારભાવ સ્વાધીન થઈ ગયા છે એટલે કે વિકારનો જેને ભાવ ટાળી નાખ્યો છે. આહાહા..! અને નિર્વિકારી ભગવાન આત્માને વશ થઈને જેણે અંતરમાં નિર્દોષદશા મુનિપણું.. જરી ઝીણી વાત છે, ભાઈ! આ લૂગડા ફેરવીને, લૂગડા ફેરવીને મુનિ થાય એ મુનિ નથી.

અહીં તો કહે છે કે નગ્નમુનિ હોય અને અંદર પંચ મહાવ્રતના પરિણામ પણ હોય, પણ જેને અંતર આત્મદર્શન અને આત્માનો અનુભવ નથી એ ધર્મના સ્થાન છે જ નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પંચ મહાવ્રત હોય, નગ્નપણું હોય ક્રિયાકાંડમાં, પણ જેને આત્મા અંતર ચિદાનંદ પ્રભુ રાગ ને વિકલ્પથી ભિન્ન પડીને જેણે અનુભવ કર્યો નથી, મારી દશા અને મારું સ્વરૂપ કોણ છે એવું જેણે અંતર જાણ્યું નથી, એવા મુનિને મુનિ કહેતા નથી અને એ ધર્મનું સ્થાન જ છે નહિ. આહાહા..! આવું છે. સમજાણું કાંઈ?

**'પાંચ મહાવ્રત જો અહિંસા,...'** છ કાયા પ્રાણીને જીવ જેને મારવાનો વિકલ્પ છૂટી ગયો છે. અહિંસા. નિશ્ચય અહિંસા એને કહીએ. પર જીવને ન મારવાનો ભાવ એ શુભરાગ છે. અને નિશ્ચયથી એ શુભરાગ હિંસા છે.

મુમુક્ષુ :- ક્યો..

ઉત્તર :- પોતાનો. આનંદના પ્રાણ જેમાં રાગ ઉત્પન્ન થતા હણાઈ જાય છે. ઝીણી વાત છે, ભગવાન! પરની દયા પાળું એવો જે ભાવ... એ (દયા) પાળી શકે નહિ. કારણ કે પરની અવસ્થા કરી શકે નહિ, પણ એનો ભાવ એ શુભરાગ છે. કેમકે પર તરફના વલણવાળી વૃત્તિનું ઉત્થાન છે. એ રાગ પોતે જ હિંસા છે. આહાહા..! એ રાગથી રહિત જેને અંતરમાં અહિંસા દશા પ્રગટ થઈ છે. આહાહા..! પોતાના જીવના સ્વભાવની દયા, પોતાનું જીવન જે શુદ્ધ આનંદકંદ છે તેની એને દયા થઈને વીતરાગતા અને અહિંસા એટલે રાગની ઉત્પત્તિ વિના, અહિંસા એટલે અરાગ દશા જેને પ્રગટ થઈ છે તેને અહીંયાં અહિંસા અને તેને ધર્મનું સ્થાન કહે છે. આહાહા..! આ જીવ મંડળી, દયા મંડળી આવે છે ને બધું? આ દયા મંડળી આ દયા પાળો એમાં ભેગા. એ બધી કહે છે કે એ બધી વ્યવહારની વાતું છે, પણ આ નિશ્ચય હોય તો તેને વ્યવહાર કહેવામાં આવે.

જેને આત્માની દયાની જ ખબર નથી. જેના જીવન આનંદ અને શાંતિના જીવન આત્માના છે એવા જીવનની જેણે જ્યોત પ્રગટ કરી નથી. આહાહા..! અને બહારની એકલી દયા ને વ્રતના પરિણામમાં રોકાઈને અમે ધર્મ કરીએ છીએ એ માનનારા ધર્મના સ્થાન નથી. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! અનંતકાળથી એ રઝળ્યો છે. અનંતકાળથી, આવે છે ને શ્રીમદ્‌માં? 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' આ ભગવાન આત્મા, કહે છે કે ભલે પંચ મહાવ્રત પાળતો હોય બાહ્ય વ્રત, પણ જેને વ્રતના વિકલ્પથી રહિત આત્મા શાંત અને અનાકુળ આનંદનું ધામ 'સુખધામ સ્વયં જ્યોતિ સુખધામ છે.' એની જેને અંતરમાં અનુભવની દૃષ્ટિ થઈ નથી અને જેમાં સ્થિરતા, વીતરાગતા, નિર્દોષતા પ્રગટ નથી એ જીવ ધર્મના સ્થાન નથી. પછી ભલે નગ્ન હોય ને પંચ મહાવ્રત પાળતો હોય તોપણ એ ધર્મનું સ્થાન નથી. એ તો અધર્મનું સ્થાન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પરમાર્થની વાત છે આ તો. આહાહા..! અનંતકાળથી એણે એ વાત અંતરમાં એને રુચિ નથી અને રુચિ નથી એટલે એમાં સ્થિરતા એને થઈ નથી અંદરમાં. એને પુણ્ય ને પાપના ભાવમાં રુચિ છે અને એમાં એ ઠર્યો છે. એને તો અહીં અધર્મનું સ્થાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**પાંચ મહાવ્રત જો અહિંસા, સત્ય,...**' પૂર્ણ સત્ય પ્રભુ આત્મા છે એની અંતર દૃષ્ટિ અને સ્થિરતા થવી તે સત્ય છે. સત્ય વસ્તુ જે આત્મા પૂર્ણ સત્ય જે પરમાત્મદશા જેનું સ્વરૂપ છે એવી જ સત્યતા જેની દશામાં પ્રગટ થઈ છે એને અહીંયાં સત્ય અને ધર્મનું સ્થાન કહેવામાં આવે છે. '**અચૌર્ય,...**' જેને રાગની ઉત્પત્તિની ચોરી પણ જેને નથી. આહાહા..! જેને અરાગીભાવ અંતરમાં પ્રગટ થયો છે એને અચૌર્યવ્રત નિશ્ચયથી કહે છે. અને '**બ્રહ્મચર્ય...**' બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપમાં ચર્ય નામ રમે. કાયાથી બ્રહ્મચર્ય પાળે, સેવે એ તો એક શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! સ્વસ્ત્રી કે પરસ્ત્રીનો ત્યાગ કરીને બ્રહ્મચર્ય શરીરથી પાળે, મન, વચનથી. એ શુભરાગ છે. એ મૂળ

બ્રહ્મચર્ય નથી. ઝીણી વાત છે, પ્રભુ!

બ્રહ્મ નામ આત્મા આનંદનો નાથ પ્રભુ છે એમાં જેનું ચરવું, વિચરવું, રમવું થાય છે એવી દશાવંતને બ્રહ્મચારી અને બ્રહ્મચર્ય કહે છે. અને એ બ્રહ્મચારીને ધર્મનું સ્થાન કહે છે. આહાહા..! જગતને આ વ્યવહાર એવો વળગી પડ્યો છે. બહારનો એક તો વ્યવહાર સમજ્યા વિનાનો અને અંતરનો વ્યવહાર જે શુભ ક્રિયા દયા, દાન, વ્રત, આદિ એ આત્માના અંતરના અનુભવ અને વીતરાગદશાની પ્રાપ્તિ વિના એ બધા થોથા છે. એ મહાવ્રત પાળે તોપણ થોથા ચાર ગતિમાં રખડવાનો સંસાર છે. સમજાણું કાંઈ? ક્યાં એની હજી નિવૃત્તિ શું? પ્રવૃત્તિ શું? કોણ છે આત્મા? શું છે એ દશા? એની ખબર નથી. અનંતકાળમાં અંધારે ચાલ્યું છે એનું ખાતું. આહાહા..!

અહીં તો પરમાત્મા કહે છે '**બ્રહ્મચર્ય,...**' જેને આત્માના આનંદની દશા પ્રગટી. બ્રહ્મ નામ આનંદ. એ આનંદની મૂર્તિની ચર્યા જેને રમણતા થઈ છે. આહાહા..! એ ધર્મનું સ્થાન છે. એ ધર્મનું ઘર છે. એમાં ધર્મ રહેલો છે. દુનિયાથી જુદી જાત છે, ભાઈ! સમજાણું કાંઈ? '**તથા પરિગ્રહકા ત્યાગ...**' એ રાગનો જે વિકલ્પ છે, દયા, દાન, વ્રત, ભક્તિનો એ પણ પરિગ્રહ છે. લક્ષ્મી ધૂળ તો બહારની વાત રહી. આ લક્ષ્મી પરિગ્રહ. હસુભાઈ! શેઠ! આ બધા શેઠિયા પૈસાવાળા કહેવાય છે ને એ બધા ધૂળના શેઠ છે. એ લક્ષ્મીની તો વાત પણ નથી અહીં. પણ અંદરમાં રાગનો કણ ઉઠે, દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, ભગવાન સ્મરણનો. એ રાગને પણ પરિગ્રહ કહ્યો છે. આહાહા..! એ પરિગ્રહનો જેને ત્યાગ છે તે નિષ્પરિગ્રહને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. ડોક્ટર ઝીણી વાત છે આ. આ બધી મિટિંગ ભેગી થઈને. વાત કરી હતી ડોક્ટરને. .. આવ્યા. ખબર પડી.

મુમુક્ષુ :- ...થોડી થોડી ખબર પડી ગઈ.

ઉત્તર :- આ મિટિંગ આવી છે આ બધી. આ શું કરવું આ? ફાગણ સુદ તેરશનું છે ને. આહાહા..!

એવા જે પરિગ્રહ... આમ લોકો એમ કહે છે કે વીતરાગનો માર્ગ અનેકાંત છે, અપરિગ્રહ છે અને અહિંસા છે. એમ ત્રણ બહુ આવે છે. હમણાં લખાણ ત્રણ બહુ આવે છે આ. પચ્ચીસોમેં વર્ષે ભગવાન...

મુમુક્ષુ :- એનો અર્થ

ઉત્તર :- અર્થ. આ પચ્ચીસોમા વર્ષમાં ઉજવે છે ને બધું? સરકાર તરફથી પચાસ લાખ આપ્યા છે. ઉજવવા માટે આ બધું. મહારાષ્ટ્રમાંથી બાર લાખ સરકારે આપ્યા છે. એ સરકારે. ચારે કોર દુનિયા.. થશે. બારમે. એટલે લોકો બહુ એમાં, એમાં આ ત્રણ નાખે. અપરિગ્રહ, અનેકાંત અને વીતરાગનો માર્ગ અહિંસા છે. પણ એ અહિંસાના પરિગ્રહ, અનેકાંત કહેવું કોને? અનેકાંતની વ્યાખ્યા એ છે કે આત્મા આનંદનો નાથ પ્રભુ છે એમાં રાગ અને દુઃખ નથી. એવી આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાને અનેકાંત ધર્મ કહેવામાં આવે છે. વ્યાખ્યા જુદી છે ભાઈ! સમજાણું કાંઈ?

ઓલા દરબાર હતા નહિ? ભાઈ ગોંડલ દરબાર. ભગતસિંહ ભગતસિંહ. એ પછી એના હતા ને આપણા આ ચંદુભાઈ કેળવણી અધિકારી. આ સિહોરના. ચંદુભાઈ આખા ગોંડલમાં કેળવણી અધિકારી. દરબારને બહુ માને. વ્યાખ્યાનમાં આવે એ પોતે ચંદુભાઈ. તો ત્યાં જઈને વાત કરે દરબારને. કહે મહારાજ કાંઈક વ્યાખ્યા જ બીજી જાતની કરે છે. કહે આપણા શબ્દકોશમાં નાખો. શબ્દકોશ બનાવ્યો ને ગોંડલનો. ભગવત્ શબ્દકોશ. એમાં નાખ્યું ભાઈ! શું કહેવાય એનું નામ? ભગવત મંડળ કોશ. અહીં આવે છે પુસ્તક.

મુમુક્ષુ :- ડિક્ષનરી.

ઉત્તર :- હા ડિક્ષનરી છે. આ તો એ ચંદુભાઈ કહેતા કે દરબાર પૂછે ત્યાં કે શું મહારાજ હવે કીધું. એની બીજી વ્યાખ્યા જ દરેકની જુદી કરે છે. એ શબ્દ નાખો આપણે શબ્દકોશમાં. એ ધર્મની વ્યાખ્યા જુદી, અહિંસાની જુદી. બધી વ્યાખ્યા જુદી. આહાહા..! એમ છે, બાપુ! એને જગતને ખબર નથી. આંધળે આંધળા અનાદિથી ચાલી ગયા છે. એને આંખ ખોલી નથી એણે આત્માની.

કહે છે જેને આવા પંચ મહાવ્રતના નિશ્ચયભાવ પ્રગટ્યા છે, વ્યવહારે એને વિકલ્પ પંચ મહાવ્રતનો હોય છે. '**ऐसा महामुनि ऋषीश्वर आयतन कहा है.**' એવા મુનિને ધર્મનું સ્થાન કહેવામાં આવે છે. કહો, હસુભાઈ! હવે એને ઓળખવા પડશે કે નહિ? કોને આવા આયતન કહેવા? ધર્મ કોને કહેવો? ધર્મ કઈ જાતથી ઉત્પન્ન થાય?

'**ભાવાર્થ :- पहिली गाथामें तो बाह्यका स्वरूप कहा था.**' પાંચમીમાં. પાંચમીમાં બાહ્યનું સ્વરૂપ કીધું. ભાઈએ એમ લીધું. મન, વચન અને કાયા .. લીધો છે ને. '**यहां बाह्य-आभ्यंतर दोनों प्रकारके संयमी हो...**' એના આયતન. હવે ત્રીજું આયતન. છે તો આયતનની હવે વ્યાખ્યા ત્રીજી ગાથા.

सिद्धं जस्स सदत्थं, विसुद्धझाणस्स णाणजुत्तस्स।
सिद्धायदणं सिद्धं, मुणिवरवसहस्स मुणिदत्थं।।७।।

આહાહા..! '**અર્થ :- जिस मुनिके सदर्थ...**' સત્ અર્થ. સદ્. '**समीचीन अर्थ जो शुद्ध आत्मा...**' સદર્થ છે ને? સત્ અર્થ. સચ્ચિદાનંદ પ્રભુ સત્ અર્થ આત્મા. એનું જેને અંદરમાં જ્ઞાન વર્તે અને અનુભવ વર્તે છે. આહાહા..! છે? સત્ અર્થ. શુદ્ધ સત્. પરમાનંદની મૂર્તિ સત્સ્વરૂપ આત્મા, એનું જેને સત્નું સમીચીન ... અર્થ નામ પદાર્થ '**शुद्ध आत्मा जो सिद्ध हो गया हो...**' આહાહા..! જેની દશા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી છે. આહાહા..! જે સત્ સ્વરૂપ પ્રભુ આત્મા છે, એનો અર્થ જેણે પ્રયોજનભૂત જે પર્યાય કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. આહાહા..! એ કેવળજ્ઞાની આત્માને અહીં સિદ્ધાયતન-ધર્મનું સ્થાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

સમીચીન. સાચો પદાર્થ પ્રભુ પોતે. આહાહા..! શુદ્ધ આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ જે છે

એનાથી રહિત એવી પવિત્ર ભૂમિ પ્રભુની, એવી પવિત્રતાને જેણે અનુભવીને પ્રગટ કરી છે દશા. એ **'સિદ્ધ હો ગયા હો વહ સિદ્ધાયતન હૈ.'** એ સિદ્ધ એટલે પરમાત્મદશા પ્રગટ કરી એ સિદ્ધ. એનું આયતન. એ સિદ્ધનું આયતન એ આત્મા છે. આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અને અનંતબળ એની જ્યાં ઉત્પત્તિ જેમાં સત્ અર્થ પદાર્થથી થઈ છે એ આત્માને જ સિદ્ધાયતન- સિદ્ધનું આયતન, પરમાત્માનું ઘર, એને પરમાત્માનું સ્થાન કહેવામાં આવે છે. આ વિનાના બહારના એકલા વ્યવહારમાં મંડે અને પરમાર્થની કાંઈ ખબર ન મળે એને જન્મ-મરણ નહિ મટે. સમજાણું કાંઈ? બાહ્યના મંદિરો અને બાહ્યમાં ધમાધમ કરે. શું છે ચેતનજી? 'ધામ ધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર રે.' બહારની ધમાધમ કરે વિકલ્પ અને શુભરાગની. પ્રવૃત્તિ તો જડની થવાની હોય છે એ થાય છે. ધમાલ શુભરાગની કરે એ કાંઈ ધર્મ નથી. આહાહા..!

જ્યાં આગળ આત્માની દશા પૂર્ણ પ્રગટ થઈ છે. સત્ અર્થ. જેવું સત્ છે તેવું પર્યાયમાં પ્રગટ થઈ ગયું છે. એને અહીંયાં ધર્મનું સ્થાન સિદ્ધાયતન, સિદ્ધને રહેવાનું સ્થાન, સિદ્ધની ઉત્પત્તિનું સ્થાન એને કહે છે. કહો, આ સિદ્ધાયતન, આ ભગવાનની મૂર્તિ હોય સિદ્ધની એને સિદ્ધાયતન કહે છે. એ તો ભાઈ વ્યવહાર છે. આવો નિશ્ચય જેને થયો હોય એને પછી ઓલો શુભ વિકલ્પ હોય તો વ્યવહાર કહેવામાં આવે છે. પણ આવી જેને ખબર જ નથી, એને એકલા બહારના સિદ્ધાયતન અને પ્રતિમા... આગળ કહેશે. પ્રતિમા એ આ આત્મા છે. આહાહા..! આનંદની મૂર્તિ પ્રભુ સ્થિર થઈને બિંબ થઈ ગયું. એ જ આત્મા પોતે પ્રતિમા અને આત્મા પોતે જિનબિંબ અને આત્મા પોતે ચૈત્યઘર છે. આહાહા..! આ આત્માને એ રીતે જાણ્યા અને અનુભવ્યા વિના બહારના એકલા ધમાલ કરે, એ ધર્મ નથી, પુણ્ય છે. એ પુણ્ય તો સંસાર છે. આહાહા..! અંદર ભગવાન છે કે નહિ અંદર? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી ઊંધું છે તો આનાથી સવળું હોય ને. આહાહા..!

**'કૈસા હૈ મુનિ? જિસકે વિશુદ્ધ ધ્યાન હૈ,...'** અહીં કેવળી લેવા છે, ભાઈ! **'ધર્મધ્યાનકો સાધકર શુક્લધ્યાનકો પ્રાપ્ત હો ગયા હૈ,;...'** આહાહા..! જેને આત્મા અનંત આનંદનું ધામ, એનું ધર્મધ્યાન, એના ધર્મનું ધ્યાન કરી અને પછી શુક્લ નામ ઉજળું વીતરાગી ધ્યાન કરી અને જેને **'જ્ઞાનસહિત હૈ, કેવલજ્ઞાનકો પ્રાપ્ત હો ગયા હૈ.'** કેવળજ્ઞાન જે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે, એવી જે આત્માની સર્વજ્ઞ શક્તિ હતી એ પ્રગટ કરીને કેવળજ્ઞાન જેણે પ્રગટ કર્યું છે. આહાહા..! એ કેવળજ્ઞાની જ આત્મા અને ધર્મ આત્મા અને સિદ્ધાયતન છે. ધર્મનું સ્થાન એ છે. સમજાણું કાંઈ? શું કીધું? આ છે ધર્માયતન.

**'કેવળજ્ઞાનકો પ્રાપ્ત હો ગયા હૈ. ઘાતિકર્મરૂપ મલ સે રહિત હૈ... '** આહાહા..! જ્ઞાનાવરણીયની હીનતા જેની દશામાં હતી એ હીનતાનો નાશ કરી અને પૂર્ણતા જેના જ્ઞાનની દશામાં પ્રગટ થઈ છે એવા

પરમાત્મા પોતે સિદ્ધાયતન, એ સિદ્ધનું ઘર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**ઘાતિકર્મરૂપ મલ સે રહિત હૈ ઈસલિયે મુનિયોંમેં વૃષભ અર્થાત્ પ્રધાન હૈ,...**' મુનિ તો આત્મધ્યાનિ, જ્ઞાની, આનંદમાં રહેનારા નગ્ન દિગંબર, વનવાસી રહેનારા એ પણ એક ધર્મના આયતન છે એ પહેલા કહ્યા. પણ આ મુનિમાં પ્રધાન છે આ. આગળ વધી ગયા. આહાહા..! જેવી આત્મામાં સર્વજ્ઞશક્તિ હતી, સર્વજ્ઞસ્વભાવી જ ભગવાન આત્મા છે. જેમ પીપર ચોસઠ પહોરી તિખાશથી ભરેલી છે. લીંડીપીપર ચોસઠ પહોરી તિખાશથી ભરેલી છે અને લીલો રંગ એમાં ભર્યો છે એ ચોસઠ પહોરી એટલે રૂપિયો એટલે પૂર્ણ. હવે સો પૈસાનો રૂપિયો થયો ને? અત્યાર સુધી ચોસઠ હતો ને. ચોસઠ પૈસા એટલે રૂપિયો. એમ ચોસઠ પહોરી ઘૂંટે એટલે રૂપિયો એટલે પૂર્ણ. એવી અંદરમાં પૂર્ણ શક્તિ હતી એ બાહ્ય પ્રગટ થાય છે. એ કાંઈ ઘૂંટવાથી પ્રગટ નથી થતી. ઘૂંટવાથી થાય તો તો પથરા અને કોલસા ઘૂંટી નાખે તો નીકળવી જોઈએ. એમાં હતી.

પીપરના દાણામાં કદે નાની, રંગે કાળી, કદે નાની. કદ નાનું આટલું. રંગે કાળી. પણ તિખાશથી ભરેલી ચોસઠ પહોરી. રૂપિયે રૂપિયો ભર્યો છે અંદર, કે ઘૂંટતા એની દશા શક્તિમાંથી બહાર આવે છે. ત્યારે એને ચોસઠ પહોરી પીપર કહેવામાં આવે છે. દેશી વૈદો રાખે છે કે નહિ ગરમી માટે. શરદી-બરદી થઈ હોય તો ચોસઠ પહોરી થોડી આપે. લે જો ઘીમાં, ગોળમાં. અજ્ઞાની વળી મધમાં બતાવે. ધર્મી જીવ મધમાં ન કહે. મધમાં મોટું પાપ છે. એક બિંદુમાં મોટું પાપ મધમાં. એને એમ કહે કે આ થોડી શરદી છે તો આ લઈ લ્યો આમાંથી.

એમ અહીં ભગવાન કહે છે, તારા આત્મામાં ચોસઠ પહોરી સર્વજ્ઞ અને ચોસઠ પહોર આનંદ પડ્યો છે. આહાહા..! અંદરમાં પૂરેપૂરો આનંદ અને પૂર્ણ જ્ઞાન ભર્યું છે. એને અંદરમાં એકાગ્રતાના ઘૂંટણથી જેને શક્તિમાંથી બહાર લાવ્યા છે, સર્વજ્ઞપણું, કેવળજ્ઞાન અને અનંત આનંદ. એને અહીંયાં સિદ્ધાયતન, તે મુક્તિના ધામવાળો આત્મા. આહાહા..! એ જ ગુણનું ધામ અને સિદ્ધાયતન મંદિર કહેવાય છે. આહાહા..! ઓલામાં આવે છે ને મંદિર શું કહેવાય? ભક્તિમાં નથી કહેતા ગાંધીનું? મંદિર. ભૂલી ગયા. એવું આવે છે ભાષા. ભક્તિમાં આવે.

મુમુક્ષુ :- ... મંગલ મંદિર ખોલો...

ઉત્તર :- હા એ. મંગલ મંદિર ખોલો. હા બસ એ. એ ભજન છે. પણ મંગલ મંદિર કહેવું કોને એની ખબર નથી. આત્મા મંગલ મંદિર છે. આત્મામાં અનંત આનંદ અને અનંત જ્ઞાન છે એ મંગળ મંદિર છે. એમાંથી એકાગ્રતા કરીને જેણે દશામાં મંગલ મંદિર, કેવળજ્ઞાન અને પરમાત્મદશા પ્રગટ કરી એને અહીં સિદ્ધાયતન કહેવાય છે. ઓલી પ્રતિમા છે ને ભાઈ શાશ્વત? શાશ્વત સિદ્ધાયતન છે ને. તો એને એકલા માને. એ નહિ, કહે છે, અહીં છે. સિદ્ધાયતન છે. આહાહા..!

અહીં તો પ્રભુ કહે છે, તારી મોટપ અંદર પૂર્ણ પડી છે ભાઈ તને ખબર નથી. એ જે કાંઈ મોટા

પરમાત્મા આદિ થયા એ ક્યાંથી થયા? એ ક્યાંથી એ દશા આવી? એ અંદરમાં સામર્થ્ય છે. અંતરમાં .. છે એ બહાર આવી છે અને સર્વજ્ઞપણું અને અનંત આનંદ અંદર છે એમાં એકાગ્ર થતાં જેણે સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું પર્યાયમાં, એ ધર્મનું સ્થાન છે. આહાહા..! પહેલાં મુનિને કીધું હતું. અહીં કેવળજ્ઞાનને કહ્યું. આયતન. '**જિસને સમસ્ત પદાર્થ જાન લિયે હૈં.**' લ્યો! '**मुणिदत्थं**' છે ને? આ છેલ્લો શબ્દ છે ને ભાઈ! '**मुणिदत्थं**' એ. કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય, ગુણ અને પર્યાય જેને જાણવામાં આવી ગયા છે. '**मुणिदत्थं**' છે એ. પહેલું '**सदत्थं**' હતું બીજું '**मुणिदत्थं**' છે. '**सदत्थं**'માં આત્મા સમીચીન ભગવાન. '**मुणिदत्थं**'માં એ સિવાય ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ભગવાન કેવળજ્ઞાનમાં જાણે. જેણે એક સમયમાં ત્રણ કાળ અને ત્રણ લોકની અસ્તિ પોતાના જ્ઞાનમાં જણાય એવું જે કેવળજ્ઞાન જેને પ્રાપ્ત છે એને ધર્માસ્તંભ, ધર્મસ્થાન, સિદ્ધાયતન, ઘર, ધર્મનું ઘર એને કહેવામાં આવે છે. દ્રવ્ય છે એને નહિ. અહીં તો પર્યાયમાં પ્રગટ થાય એને. સમજાણું કાંઈ? આહાહા..!

રાજકોટવાળા બીજા નથી આવ્યા. આ ડોક્ટર તો મહિના, દોઢ મહિનાથી છે. ચંદુભાઈ નથી ત્યાં? હશે. એય..! ચંદુભાઈ! બે જણા તો જોયા છે. આહાહા..! સમસ્ત પરિહય. યાદ આવ્યું. '**સમસ્ત પદાર્થ જાન લિયે હૈ.**' આહાહા..! ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે વર્તમાન પ્રગટ અવસ્થા. એ જેના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા એ મુનિદર્શન થયું. અર્થ નામ પદાર્થને જેણે જાણ્યા છે. પહેલું સદ્ અર્થ નામ પોતાનો આત્મા અનુભવ્યો છે. પછી અનુભવમાં પરપદાર્થ જેટલા છે એ બધાને જેણે જાણ્યા છે. એવી જે કેવળજ્ઞાનદશા એને ધર્માયતન, સિદ્ધાયતન, ધર્મનું સ્થાન, ધર્મનું ઘર, ધર્મનું મંદિર એને કહેવામાં આવે છે. મંગલ મંદિર ખોલજો આવે છે એવું. મંગલ મંદિર આ. બીજું બહારમાં ક્યાંય નથી. આહાહા..! મમ્ નામ પાપ, ગલ નામ ગાળે એવો જે આત્મસ્વભાવ અથવા મંગ નામ પવિત્ર અને લ નામ પ્રાપ્તિ લાતિ. મંગલ. આત્માની પવિત્રતા જેને અંદરમાં પ્રગટ થઈ એને મંગલિક કહેવામાં આવે છે. આહાહા..! આ તો તમારે કરે છે ને લગન બગન કરે ત્યારે. આ છે ને શું કહેવાય ઓલો ખીલો? માણેકસ્તંભ. ખીલો નાખે ને ચાર. પહેલું મંગલિક કર્યું. એ ધૂળેય નથી મંગલિક. આહાહા..!

મંગલિક તો અહીં આત્મામાં પૂર્ણ સચ્ચિદાનંદ પ્રભુ એમાં જેણે એકાગ્ર થઈને ધર્મધ્યાન અને શુક્લધ્યાન કરીને. કહ્યું ને એ? ઉપાય પણ કહ્યો. એવી જેને દશા પ્રગટ થઈ છે એને કેવળી પરમાત્મા અને સિદ્ધના સ્થાન, મંગળદશાના સ્થાન એને કહેવામાં આવે છે. કહો, ચીમનભાઈ! આમાં બધા પૈસા-બૈસાની વાત આમાં આવતી નથી કાંઈ. કે આટલા પૈસા પેદા કરે છે.

મુમુક્ષુ :- પૈસા તારા નથી એમ આવે છે.

ઉત્તર :- પૈસા એના બાપના પણ નથી અને એના પણ નથી. એ તો જડના છે. બાપના એટલે ઓલો બાપ મૂકી ગયો હોય ને પાંચ, પચાસ લાખ, બે લાખ. હસુભાઈ! એને વળી કરોડ રૂપિયા હોય.

કોકને વળી થોડા હોય. ધૂળેય નથી. આહાહા..! તારી લક્ષ્મી તો પ્રભુ! તારી પાસે છે. આહાહા..! એને ભગવાન કહે છે આત્માને. કેમ? ભગનો અર્થ એવો છે. ભગ-વાન છે ને? ભગ એટલે જ્ઞાન અને આનંદની લક્ષ્મી. ભગની વ્યાખ્યા આ છે. ભગવાન. ભગ એટલે જ્ઞાન અને આનંદની લક્ષ્મી. વાન એટલે વાળો. જ્ઞાન અને આનંદ લક્ષ્મીવાળો એવો આત્મા તેને અહીં ભગવાન કહેવામાં આવે છે. પણ શબ્દાર્થ જાણવો પડશે કે નહિ એને? ભગવાન એટલે શું? એ તો શબ્દ થયો. પણ ભગ અને વાન. ભગ એટલે આનંદ અને જ્ઞાનની લક્ષ્મીથી ભરેલો પ્રભુ. ભગવાન એટલે લક્ષ્મીવાળો. એ આત્માની લક્ષ્મીવાળો આત્મા છે. આ ધૂળની લક્ષ્મી અને રાગવાળો એ આત્મા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે '**જિસમેં સમસ્ત પદાર્થ જાન લિયે હૈં**' લ્યો આમાં તો બધી પર્યાય જાણવું આવી. ઓલો કહે કે વર્તમાન પર્યાયને જાણે, ભૂત-ભવિષ્યને ન જાણે. એય..! તમારો કહે છે ને .. ત્યાં. બહુ ચર્ચા ચાલે છે હોં! પત્રમાં બહુ ચાલે છે. વર્તમાન પ્રગટ છે એ જાણે. જે પરિણમી નથી, જે દશા અવસ્થા વર્તમાનમાં નથી, ભવિષ્યમાં થશે, ભૂતની ગઈ, અત્યારે પરિણમનરૂપ નથી, માટે એને ન જાણે.

મુમુક્ષુ :- જે વખતે જે નિમિત્ત આવવાનું છે એ જ પ્રમાણે.

ઉત્તર :- એ તો વળી જુદી વાત છે. પણ એને ક્રમબદ્ધ તોડવું છે એ હતું. જેવું નિમિત્ત આવે એવી અવસ્થા થાય. એટલે એ અવસ્થા ભગવાન ત્યારે જાણે. અહીં તો કહે છે કે ભગવાનના જ્ઞાનમાં-આ આત્મા ભગવાન સર્વજ્ઞ થાય એના જ્ઞાનમાં—જેમ ભૂતની પરિણમેલી અવસ્થા હતી અને ભવિષ્યમાં પરિણમેલી છે એ પરિણમેલી છે એમ જાણે છે. આહાહા..! ઝીણી વાતું ભાઈ! સમજાણું કાંઈ? અહીં જ્ઞાનમાં ખ્યાલ નથી આવતો? એક રોટલીનું ગોળણું લે લોટનું. લોટ લોટ. રોટલી કરવા. એ ગોળણું તૂટતા એના ખ્યાલમાં નથી કે અત્યારે આ પરિણમન છે અને ભૂતમાં એને લોટની દશાનું હતું એ ખ્યાલમાં નથી એને? અને આ ભવિષ્યમાં આ રોટલી આવી થશે એવું ખ્યાલમાં અત્યારથી નથી આવતું? આની રોટલી આવી થશે એ પહેલેથી ખ્યાલમાં છે. એ આકાર આવો પહેલા ખ્યાલમાં આવી જાય છે. ગયા કાળમાં લોટનો આકાર હતો, અત્યારે આ ગોળણાનો આકાર થયો. ગોળણું એટલે કટકો પાડેને એમાંથી. લોટનું. શું કહેવાય તમારે? લોયું. અને એમાંથી રોટલી આવી થશે. એવી અલ્પજ્ઞ પ્રાણીને પણ તે તે પદાર્થની ભૂત, વર્તમાન અને ભવિષ્યની પર્યાય ખ્યાલમાં આવી જાય છે. બાબુભાઈ! આહાહા..! આ તો અમે તો ઘણા વર્ષથી કહીએ છીએ છેકથી.

એ વસ્તુ ત્રણ કાળ ત્રણ લોક બાપુ! એ સર્વજ્ઞપદ એ શું છે? અને એ સર્વજ્ઞપદ એ તારું સ્વરૂપ છે. આહાહા..! એ એક સમયમાં-સેકન્ડના અસંખ્ય ભાગમાં, ભવિષ્ય જે અનંતકાળ જ્યારે જે પરિણમશે એ પરિણમશે એ પરિણમી છે એવું અહીં જ્ઞાનમાં જાણે. આહાહા..! થશે આમાંથી શક્તિ છે એમ જાણે એમ નહિ. આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાન શું ન જાણે? હીરાભાઈ! ભવિષ્યમાં જે અનંતીદશા

આત્મા ઉપર થશે, પરમાણુ આ રજકણ-રજકણ લ્યોને. આ રજકણની પહેલી અવસ્થા ધૂળની હતી, પછી થઈ દાણાની, લોટની, અત્યારે લોહીની. રજકણો તો જે છે એ છે. એની અવસ્થાઓ બદલ્યા કરે છે. રૂપાંતર થાય છે. આ રજકણ અત્યારે લોહીની અવસ્થા છે અત્યારે જુઓને આ. આ રજકણો તો પહેલા હતા, પણ એ ધૂળની અવસ્થાપણે હતા, પછી ઘઉંની અવસ્થા, પછી લોટની અવસ્થા, પછી લોહીપણે. વળી આ અવસ્થા પાછી રાખ થશે. રજકણ છે એનું અસ્તિત્વ રહીને, પરમાણુ પોઈન્ટ જે છે એનું અસ્તિત્વ રહીને એની અવસ્થા રૂપાંતર થાય છે. એ રૂપાંતર જેવું ત્યાં છે એવું ભગવાન જાણે. થાશે આમ માટે આનું આમ. એમ નહિ. આમ છે. આમ છે. આમ વર્તમાન છે. આહાહા..! પ્રત્યક્ષ છે આ. મોટા વાંધા ઉઠાવે છે ને. ખોટા. એ આત્માની શક્તિની ખબર જ નથી એને. આહાહા..! જેણે શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરી એવા મુનિ પ્રધાનને સિદ્ધાયતન કહે છે. એને મુક્તિના સ્થાન, ધર્મના સ્થાન, પરમાત્માની ઉત્પત્તિનું સ્થાન એ આત્મા છે. આહાહા..! કહો, રમણીકભાઈ! આ તમારા મકાન, બકાનની કાંઈ કિંમત નથી, આમ કહે છે લ્યો. આહાહા..!

અહીં તો આ વીતરાગની મૂર્તિની પ્રતિમાનું ધર્માયતન પણ વ્યવહાર કહેવાય છે. એ તો શુભભાવમાં નિમિત્ત હોય છે, પુણ્યમાં. ધર્મ નહિ. ધર્મસ્થાન તો ભગવાન આત્મા છે. આહાહા..! આવી વાત. હાલી નીકળ્યા છે ને બધા જાણે અહીંથી ધર્મ થાય... અહીંથી ધર્મ થાય.. લાખો માણસો નીકળે. એ હમણાં આવ્યું હતું. દોઢ લાખ માણસ ભેગું થયું. શું થયું પણ? કીડીયું ઘણી ભેગી થાય તો શું એની કિંમત છે? કીડીના નગરા ઘણા હોય. એથી કાંઈ માણસની ગણતરીમાં આવે એ? એમ જેને ધર્મની ખબર નથી કે આત્મા આનંદનો નાથ પ્રભુ છે. એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ-જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા છે. એમાંથી જેણે કેવળજ્ઞાનની દશા જેણે પ્રગટ કરી, એને અહીંયાં ધર્મસ્થાની જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો જ્યાં નિશ્ચયનું જેને ભાન નથી, એ જીવોને ધર્મના સ્થાન કહેવામાં આવતા નથી એમ કહે છે. પછી ભલે એ મહાવ્રત પાળતો હોય, દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા ને મંદિરો લાખો કરાવતો હોય. મંદિર તો એ કરી શકાવતો નથી. ભાવ શુભ કરે. સમજાણું કાંઈ?

અમારે .. કહેતા પરમદિવસે આવ્યા હતા. કે આ બહારનું કીધું આ બધા ભેગા થયા. એ તો કહે થવાનું હશે એમ થાશે. તમે કહેતા હતા ને એમ. વાત સાચી. ..ભાઈ કહેતા. વાણંદ. વાણંદ. ઓલા બધા ભેગા થાય છે. કહે એ તો થવાનું હશે એ થાશે ને કહે. વાત સાચી. આહાહા..!

ભાવાર્થ. એ આયતનની વ્યાખ્યા થઈ. '**ઈસપ્રકાર તીન ગાથામેં 'આયતન' કા સ્વરૂપ કહા.**' ભાવાર્થ છે ને ભાવાર્થ? '**પહિલી ગાથા મેં તો સંયમી સામાન્યકા બાહ્યરૂપ પ્રધાનતાસે કહા.**' લ્યો! બાહ્ય નાખ્યું. મન, વચનને ગોપવ્યા છે, ઈન્દ્રિય જેણે ગોપવી છે. એને ભગવાને સંગતીનું .. છે, નિર્ગ્રંથ દશા છે. જેની દિગંબરદશા છે. અંતર નિર્ગ્રંથદશા છે. એને આયતન કહેવામાં આવે છે. '**દૂસરીમેં અંતરંગ-બાહ્ય દોનોંકી શુદ્ધતારૂપ...**' બીજામાં, બીજી ગાથામાં બાહ્ય શુદ્ધ

નગ્નદશા આદિ, અંતર શુદ્ધ વિકારરહિત. '**ઋદ્ધિધારી મુનિ ઋષીશ્વર કહા...**' લ્યો ઠીક એમ કહે. પહેલા સાધારણ મુનિ લીધા. પહેલા ઋદ્ધિધારી મુનિ. ઓહોહો..!

'**ઈસ તીસરી ગાથામેં કેવલજ્ઞાનીકો,...**' કેવળજ્ઞાની પરમાત્મા ત્રીજા બોલમાં આયતન લીધા. આહાહા..! ધર્મના સ્થાન આ છે. મૂળ તો ઓલું વધારે નીકળ્યું હતું ને શ્વેતાંબરનું. એની સામે છે. ધર્મનું ભાન નહોતું અને બહાર મંદિરો કરે અને બહાર ધમાધમ કરે, પાંચ પચ્ચીસ લાખ ખરચે. એટલે જાણે અમે, ધર્મી ધર્મની પ્રભાવના. લોકો ભળે એમાં ભળે. એના માટે છે આ. બાપુ! ધર્મ તો આ છે. જેને વીતરાગતા આત્માના અંદરમાંથી પ્રગટ થઈ છે. એ સાધારણ મુનિ પણ ધર્માયતન, ઋદ્ધિધારી મુનિ પણ ધર્માયતન, કેવળજ્ઞાની પરમાત્મા થયા એ પણ ધર્માયતન. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. એ ધર્માત્મા થયા.

'**યહાં ઈસપ્રકાર જાનના જો આયતન અર્થાત્ જિસમેં વસે,...**' જુઓ! જેમાં વસે. '**નિવાસ કરે ઉસકો આયતન કહા હૈ,...**' લોકો નથી કહેતા કે ભાઈ આ ઘરના મકાન હોય તો ભૂખ્યા તરસ્યા પણ પડ્યા રહીએ. એમ લોકો વાતું કરે છે, નહિ? રોટલા વિના ચાલે પણ ઓટલા વિના ન ચાલે, એમ વાતું કરે આ નવરા હોય ને એ. ઓટલો એટલે સ્થાન. ડોક્ટર! એમ કે ભૂખ્યા તરસ્યા હોઈએ તોપણ રહી શકે, પણ ઓટલો તો જોવે ને. બાયુ વાતું કરે નવરી હોય ને એ કેટલીક વાતું કરે. આ તો ત્યારે. ઓટલાની સામે એમ કે મકાન મળ્યું હોય તો ૫૦-૫૦ હજાર, પચ્ચીસ હજાર. ભાઈ! ભૂખ્યા. જો અપવાસ હોય એવું હો તો તો રહીએ આહાર વિના. પણ મકાન વિના રહેવાય છે કાંઈ?

અહીં કહે છે કે ક્યું મકાન? જેમાં વસે તે નિવાસ કરે તે આયતન. '**ઈસલિયે ધર્મપદ્ધતિમેં જો ધર્માત્મા પુરુષકે આશ્રય કરને યોગ્ય હો વહ ધર્માયતન હૈ.** ' આહાહા..! અંદરમાં આનંદના ધામમાં રહેવું છે તે ધર્માયતન આત્મા છે. ધર્મ એટલે નિર્દોષ વીતરાગી દશા. જે સ્થાનમાં ઉત્પન્ન થાય છે તેને અહીં ધર્માયતન કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહાહા..! '**ઈસપ્રકાર મુનિ હી ધર્મકે આયતન હૈં,...**' મુનિ ભેખ એકલા. '**અન્ય કોઈ ભેષધારી,...**' નહિ. ભાષા દેખો. નગ્નમુનિ દિગંબર અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ. અનુભવની દશા એવા મુનિને ધર્માયતન કહેવામાં આવે છે.

'**અન્ય ભેષધારી,...**' એવા વિનાના બીજા ભેખના ધરનારા, ચાહે તો લૂગડા પહેરીને મુનિપણું માને એ બધા અન્ય ભેષધારી કહેવાય છે. એ વીતરાગના માર્ગના ભેષધારી નહિ. ભગવાનજીભાઈ! આવો માર્ગ ભારે ઝીણો. ત્યાં તમારે મોમ્બાસામાં કર્યું હતું? શું કર્યુ? મોમ્બાસામાં? દસ લાખનું મંદિર. ત્યાં બધા ભેગા થયા અને એમાં ભાઈએ પૈસા ભર્યા હતા. લાલજીભાઈએ. ૪૫ હજાર કાંઈક હતા. ૪૨ હજાર. ખબર છે. આફ્રિકામાં હતું ને મોમ્બાસામાં મંદિર. હો..હા..હો..હા..હા.. ધૂળેય નથી સાંભળને. જેને હજી આત્મા શું ભગવાને કહ્યો એવા આત્માની સમ્યગ્દર્શનનું ભાન નથી, એને અહીં બહારથી ધર્મ

ક્યાંથી થતા હતા? લ્યો! લાખ મંદિર બનાવે ને. કરોડ રૂપિયા ખર્ચે એમાં ધર્મ ક્યાં હતો? આહાહા..! એ તો મિથ્યાત્વસહિત રાગની મંદતા હોય તો પુણ્ય થાય. ના, ના .. નથી. .. નથી...

પ્રભુ આત્મા વિકલ્પ અને રાગ વિનાની ચીજ, એની જેને દૃષ્ટિ અને ધર્મના સ્થાન જેણે જોયા નથી, એ ધર્મના સ્થાનમાં અંદરમાં પ્રવેશ કર્યો નથી એને ધર્મ ક્યાંથી હોય? આહાહા..! બહારના એવા સ્થાનમાં અનંતવાર ગયો અને આવ્યો. પુણ્યબંધ થાય રાગ મંદ હોય તો. એ ચાર ગતિમાં રખડે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'અન્ય કોઈ ભેષધારી, પાખંડી (-ઢોંગી) વિષય-કષાયોંમેં આસક્ત,...'** એ રાગમાં જેની આસક્તિ પડી છે. આહાહા..! આ એમ કહે છે. ચાહે તો પુણ્યનો ભાવ હો. દયા, દાન, વ્રત, ભક્તિનો પુણ્યભાવ એમાં જેની આસક્તિ છે એ બધા ભેષધારી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આ અધિકાર આવ્યો ટાકણે આમાં. ઓલા ..વિરોધ કર્યો છે આમાં. **'પરિગ્રહધારી...'** એ વસ્ત્ર ને પાત્ર રાખનારા મુનિઓ માનનારા એ બધા ભેખધારી ધર્મી નથી. મણીભાઈ! છે? પરિગ્રહ-વસ્ત્ર-પાત્ર રાખી અને અમે ધર્મી છીએ, સાધુ છીએ. કહે છે કે એ તો **'પરિગ્રહધારી ધર્મકે આયતન નહીં હૈં,...'** આહાહા..! ઝીણી વાતું બહુ.

**'તથા જૈનમતમેં ભી જો સૂત્રવિરૂદ્ધ પ્રવર્તે હૈં...'** પછી જૈનમત ભાઈ દિગંબર મત આ. દિગંબર ધર્મને નામે પણ જૈનમતમાં પણ કોઈ સિદ્ધાંત વિરૂદ્ધ શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રવર્તે એ પણ ધર્માયતન નહિ. આહાહા..! કહો, માણેકચંદભાઈ! આવું છે. છગનભાઈ! અહીંયાં તો એવી વાત છે ભાઈ! કોઈ સાથે વેર ને વિરોધની વાત નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. ભગવાને એવું કહ્યું છે અને એવું જ વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગ દિગંબર મુનિ સિવાય જેટલા ભેષધારીઓ છે એ બધાય ધર્માયતન નથી. અધર્મના સ્થાન છે. અને દિગંબરમાં પણ મુનિ દિગંબર થઈને પણ જેને હજી રાગથી ભિન્ન મારી વસ્તુ છે (એવું) સમ્યગ્દર્શન નથી અને રાગની એકલી ક્રિયાકાંડમાં પડ્યો એ પણ ભેખધારી છે. એ સૂત્રથી વિરૂદ્ધ ચાલનારા છે. સમજાણું કાંઈ? આકરું પડે. પાટણીજી!

**'સૂત્રવિરૂદ્ધ પ્રવર્તતે હૈં વે ભી આયતન નહીં હૈ,...'** જે કંઈ જૈનમાં દિગંબર સાધુ નામ ધરાવે અને એ દયા, દાન, વ્રત ને ભક્તિથી ધર્મ મનાવે એ પુણ્યની ક્રિયા એ ધર્મ છે અને કરતા કરતા ધર્મ થાશે એમ મનાવનારા મિથ્યાદૃષ્ટિ છે. એ દિગંબર જૈન સાધુ નથી.

મુમુક્ષુ :- વ્યવહારથી ધર્મ મનાવે.

ઉત્તર :- હા, વ્યવહારથી ધર્મ થાય, વ્યવહાર ક્રિયા કરો, કરતા કરતા નિશ્ચય થાય. એ બધા મિથ્યાદૃષ્ટિ દિગંબર સાધુ હોય તોપણ એ જૈન નથી. આહાહા..! એમ કહે છે અહીં. કુંદકુંદાચાર્ય મહારાજનો પોકાર છે આ. સમજાણું કાંઈ? જૈનમતમાં પણ.. સાતમું અધ્યયન લીધું છે ને? મોક્ષમાર્ગ પ્રકાશક. સાતમું અધ્યયન. પાંચમા, છઠ્ઠામાં અન્યમતિના બધા લીધા. સૂત્રસિદ્ધાંત વીતરાગે કહેલા

સિદ્ધાંતો. કલ્પિત બનાવેલા સિદ્ધાંતો એ સિદ્ધાંત નહિ. સમજાય છે કાંઈ? આ આગમોની જે .. એ તો ભગવાનના કહેલા આગમ છે. એનું આ આગમ મંદિર છે વ્યવહાર. સમજાણું કાંઈ? પણ કલ્પિત જેણે બનાવ્યા ભગવાનને નામે સૂત્ર, એ સૂત્ર નથી. એને માનનારા એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એ ધર્મના સ્થાન નથી. બાપુ! આવી વસ્તુ છે આ. સંપ્રદાયના પક્ષવાળાને દુઃખ લાગે જરી. શું થાય? સત્ય વાત તો આવી છે.

'**વે સબ અનાયતન હૈં.**' અને સાચા દેવ-ગુરુ પણ આત્માને માટે વ્યવહાર આયતન છે. નિશ્ચય આયતન નહિ. એ યાદ આવ્યું. શું યાદ આવ્યું હતું? નવરંગભાઈનું યાદ આવ્યું. નવરંગભાઈ .. આપણે વાંચતા હતા ને રાતે ઓલું આયતન? ત્યારે નવરંગભાઈ બોલ્યા હતા. ઓય માળું દેવ, ગુરુ અને ધર્મ પણ અનાયતન છે. પર આયતન. ભારે. .. નવરંગભાઈ બોલ્યા હતા. યાદ નહોતું આવ્યું હમણાં? રાજકોટવાળા આવ્યા નથી. પાણી નથી ને ત્યાં એટલે નથી આવ્યા? પાણી નથી .. માટે નથી આવ્યા? એમ પૂછે. અંતર અને બાહ્ય બેય કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ? રામજીભાઈએ વાળી લીધું હતું. આ શેઠ આવ્યા છે ને એકલા. નીચે ... છે.

અહીં તો વીતરાગ મતમાં વીતરાગ કેવળીઓએ કહેલો માર્ગ, એનાથી વિરૂદ્ધ દિગંબર ધર્મને નામે પણ જે વીતરાગની આજ્ઞાને માનનારા એ દેહની ક્રિયા ને દયા, દાન, વ્રતની ક્રિયાથી ધર્મ માનનારા એ પણ ધર્મના સ્થાન નથી. એ વંદનને લાયક નથી, આદરવા લાયક નથી. એમ કહે છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? કહેશે હમણાં પાછળ. એ આવ્યું જુઓ. '**ધર્માત્માકો ઉસીકા આશ્રય કરના, અન્યકી સ્તુતિ, પ્રશંસા, વિનયાદિક ન કરના,...** '

મુમુક્ષુ :- બોધપાહુડનો એ આશય છે.

ઉત્તર :- આશય. બોધપાહુડ ગ્રંથનો એ આશય છે. કહેવાનો આ આશય છે. વાતું કરવાનો નથી કે કાંઈ આ. જેને અંદરમાં સમ્યગ્દર્શનસહિત જેને વીતરાગતા પ્રગટી નથી અને એકલા જેને રાગની ક્રિયા અને બહારની નગ્નદશામાં મુનિપણું માને છે એ બધા ધર્મના સ્થાન નથી. સમજાણું કાંઈ? અને દુનિયાને રાજી રાખવા કે ભાઈ આ ક્રિયા ને વ્રત ને વ્યવહાર કરશું અને કરતા કરતા નિશ્ચય થાશે. એ બધા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એને જૈનના સ્થાન અને ધર્માયતન કહેતા નથી. સમજાણું કાંઈ? આ તો દાંડી પીટીને વાત છે આ.

'**સબ અનાયતન હૈં. બૌદ્ધમતમેં પાંચ ઈન્દ્રિય, ઉનકે પાંચ વિષય, એક મન, એક ધર્માયતન શરીર ઐસે બારહ આયતન કહે હૈં વે ભી કલ્પિત હૈં, ઈસલિયે જૈસા યહાં આયતન કહા વૈસા હી જાનના; ધર્માત્માકો ઉસીકા આશ્રય કરના,...** ' એ આવા ધર્માત્મા સમ્યગ્દર્શનસહિત ચારિત્રવંત હોય નિર્ગ્રંથ મુનિ કે કેવળી. આહાહા..! એને ધર્માયતન માનીને આશ્રય કરવો. એની સ્તુતિ કરવી, અન્યની નહિ. અન્યની પ્રશંસા નહિ '**વિનયાદિક ન કરના, યહ**

**બોધપાહુડ ગ્રંથ કરનેકા આશય હૈ.'** આ જયચંદ્ર પંડિત જયપુરના એમણે આ અર્થ ભર્યો છે લ્યો! **'જિસમેં ઈસપ્રકારકે નિર્ગ્રંથમુનિ રહતે હૈં...'** નિર્ગ્રંથમુનિ જેને રાગ વિનાની દશા જેને પ્રગટ થઈ છે. એને વીતરાગ ધર્મની દશા જેને આયતન અંતરથી પ્રગટ થયા છે. એ નિર્ગ્રંથ મુનિ અને એને રહેવાનું સ્થાન-ક્ષેત્ર એ વ્યવહાર આયતન છે. વ્યવહાર આયતન. મુનિ રહે ત્યાં વ્યવહારઘર કહેવાય. એ વ્યવહાર છે. પુણ્યબંધનું કારણ. સ્વભાવનું શાંતિનું અને આનંદનું સ્થાન. એમ ત્રણ આયતનની વ્યાખ્યા કરી. ચૈત્યગૃહ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૫, સોમવાર તા. ૧૦-૧૨-૧૯૭૩**
**ગાથા - ૮, ૯, ૧૦, પ્રવચન - ૬૪**

.. એ આવે છે. યોગસાર. સર્વ જીવ જ્ઞાનમય છે, ચૈતન્યમય છે. પોતે ચૈતન્યમય આત્માને જાણે અને બીજાના આત્માને ચૈતન્યમય જાણે. જાણનારો જાણે. વિશેષ કહેશે નવમામાં. **'અન્ય જીવોંકો ચૈતન્ય અર્થાત્ ચેતનાસ્વરૂપ જાનતા હો, આપ જ્ઞાનમયી હો...'** વિશેષ છે ને પાછું **'णाणमयं'** ત્રીજા પદમાં. **'ઔર પાંચ મહાવ્રતોંસે શુદ્ધ હો,...'** એમ વિશેષે. જ્ઞાનમય હો અને વિશેષ પંચ મહાવ્રત સાથે શુદ્ધ હોય. **'નિર્મલ હો,...'** પંચ મહાવ્રતના પરિણામ અને એ ભૂમિકામાં ચારિત્રની દશાની નિર્મળતા શુદ્ધ હો. જ્ઞાનમય આત્મા જાણે, પરને જ્ઞાનમય જાણે, એ ઉપરાંત જ્ઞાનમય સહિત, જ્ઞાનના ભાનસહિત જેને અંતર ચારિત્રની દશા અને પંચ મહાવ્રતનો ભાવ સાથે હોય છે. **'ઉસ મુનિકો હે ભવ્ય! તૂ ચૈત્યગૃહ જાન.'** આહાહા..! એ મુનિને તું ચૈત્ય નામ જ્ઞાનનું ઘર (જાણ). આહાહા..! જાણનારો આત્મા ભગવાન, એને જેણે જાણ્યો અને એણે જેને બીજાનું જ્ઞાનસ્વરૂપ આત્મા એમ જેણે જાણ્યું અને એ જાણવા ઉપરાંત જેને ચારિત્રની દશા સહિત પંચ મહાવ્રતના ભાવ હોય એને ચૈત્યગૃહ એ ચૈત્યમાં જ્ઞાનના ઘરમાં રહેલો છે. એને ચૈત્ય કહીએ. આહાહા..! કહો, પંડિતજી! આ ... આહાહા..!

**'તૂ ચૈત્યગૃહ જાન.'** એમ કહ્યું છે ને? જાણ શબ્દ છે ને અમાં? ચોથા પદમાં છે. કુંદકુંદાચાર્ય એમ કહે છે કે તું જાણ. એને જાણ ચૈત્યગૃહ. આ એકલા પ્રતિમાને લઈને બેસે અને આવા ચૈત્યના અંતરના જ્ઞાનના સ્વભાવનું ભાન ન હોય અને જ્ઞાનસ્વરૂપી બધા આત્મા છે તેમ તેની દૃષ્ટિમાં ન હોય અને તે જ્ઞાનમય આત્મા જ્ઞાનસ્વરૂપ સહિત ચારિત્રની રમણતામાં ન હોય એને ચૈત્યગૃહ કહેવામાં આવતું નથી. આહાહા..!

**'ભાવાર્થ :- જિસમેં અપનેકો...'** આ અધિકાર લેવાનું કારણ શું છે? કે એ વખતે ભગવાન કુંદકુંદાચાર્ય જ્યારે (થયા) ત્યારે શ્વેતાંબર પંથ નીકળી ગયેલો. ૧૦૦ વર્ષ પહેલા એટલે એ ચૈત્ય ને

દેરાસર ને મંદિરો બનાવીને મોટા મોટા જાણે ચૈત્યગૃહ બનાવી લઈશું અને ધર્મ અને માણસો ભેગા થાય બહાર પ્રવૃત્તિમાં. એને કહે છે કે બાપુ! એ ચૈત્યગૃહ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ચૈત્યગૃહ તો આ છે. એવું તો બનાવીને કરે એ તો બધા ઘણાં જીવો હોય છે. પણ એ તો મિથ્યાદષ્ટિ જે એમાં જ ધર્મ માને છે. એમાં પણ જે ચૈત્યગૃહ ભગવાને કહેલું આત્મા એવું જેને ચૈત્યપણું સામે પ્રતિમા હોય, એનાથી વિરોધ જે અંદર. દાગીના ને લૂગડા નાખીને મંદિર કર્યું એ મંદિર નહિ. એ વ્યવહારે પણ મંદિર નથી એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહાર મંદિર તો કેવું હોય? કે જેને ચૈત્યનું જ્ઞાન છે એવો જે નિશ્ચયવાળો આત્મા. એવું જેનું બાહ્ય ચૈત્ય હોય. જ્ઞાનની મૂર્તિ જેણે વીતરાગ મૂર્તિ સ્થાપી છે એને બીજું કોઈ અલંકાર કે વસ્ત્ર કે દાગીના હોય નહિ. એ ચૈતન્ય નિશ્ચય જેને એનું ભાન છે એવા જીવોને બીજો વ્યવહાર એવો હોય એને પુણ્યબંધનું કારણ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એકલા બહારના બનાવીને અંદર પ્રવૃત્તિ લાખો માણસ ભળે. અને જાણે કે ઓહોહો..! આ પણ એક ધર્મ છે, અથવા ધર્મનું સાધન છે, એ નહિ, એમ કહે છે.

નિશ્ચય તો આત્મા ભગવાન જ્ઞાનમય આત્મા. ચૈત્ય ચેતનારો. કહેશે નવમાં વધારે. એ ચેતનારો છે, જાણનારો છે એકલો બસ. જગતનો એ સાક્ષી છે. આત્મા જગતનો સાક્ષી છે અને બીજા આત્માઓ પણ જગતના સાક્ષી જ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'સર્વ જીવ છે જ્ઞાનમય ધારે સમતા ધાર...' આવે છે ને. યોગસાર. યોગસાર. યોગસારમાં આવે છે. બધા આત્માઓ જ્ઞાનમય છે. આત્મા જેને કહીએ. પુણ્ય ને પાપ એ મારો આત્મા છે? એ તો અણાત્મભાવ છે. આહાહા..! આત્મા ચૈતન્યબિંબ છે. એની વ્યાખ્યા લેશે જિનબિંબની. આ તો ચૈતન્યસ્વરૂપ છે. એ ચૈતન્યસ્વરૂપ તો પોતે પોતાને જાણે અને બીજાને ચૈતન્ય સ્વરૂપ જાણે અને એ ઉપરાંત, આત્મજ્ઞાન ઉપરાંત જેને પંચ મહાવ્રતના ભાવ હોય એટલે ચારિત્રદશા હોય ત્યારે પંચ મહાવ્રતની શુદ્ધિ કહેવામાં આવે. આહાહા..! શુદ્ધ શબ્દ વાપર્યો છે ને? '**पंचमहव्वयसुद्धं**'નો અર્થ એ છે કે એને ત્યાં ચારિત્ર હોય છે અને એ ચારિત્રની ભૂમિકામાં આવા પાંચ મહાવ્રતના વિકલ્પ વ્યવહારે હોય છે. આહાહા..! એને ચૈત્યગૃહ કહ્યું છે.

માથે કહ્યું છે ને. જિનમાર્ગમાં જિનેશ્વરદેવે આને ચૈત્યગૃહ કહ્યું છે. એમ પહેલેથી કહ્યું હતું. છે ને એ શબ્દ આવ્યો છે ને? '**जिणमग्गे, णिद्दिट्ठं**' જુઓ પાંચમી ગાથા. એ પહેલા પણ આવ્યું છે. બીજી ગાથા. '**जिणमग्गे जिणवरेहिं जह भणियं। वोच्छामि समासेण**' '**जिणमग्गे**' જિનમાર્ગ, વીતરાગનો માર્ગ પરમેશ્વરનો. એમાં જે જિનવરે જે કહ્યું, ચૈત્યગૃહ. ભગવાને આ જૈનમાર્ગમાં આને ચૈત્યગૃહ કહ્યું છે. સમજાણું કાંઈ? એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ તે જ્ઞાનને જાણે પાછો. જ્ઞાનસ્વરૂપ ભગવાન એને જ્ઞાનથી જાણે અને એને અહીંયાં ચારિત્રની શુદ્ધતાસહિત પંચમહાવ્રત હોય એને ચૈત્યગૃહ કહેવામાં આવે છે.

**'ચેતનાસ્વરૂપ આત્મા...'** લ્યો! **'જિસમેં અપનેકો ઔર દૂસરોંકો જાનનેવાલા જ્ઞાની,...'** ભાવાર્થ. **'નિષ્પાપ-નિર્મલ ઈસપ્રકાર ચૈત્ય...'** નિર્મલ ચૈત્ય ભગવાનસ્વરૂપ આત્મા **'ચેતનાસ્વરૂપ આત્મા રહતા હૈ,...'** લ્યો! ચેતના સ્વરૂપ આવા ચેતના સ્વરૂપ જે આત્મા ત્યાં છે એને ચૈત્યગૃહ કહે છે. આહાહા..! **'ઈસપ્રકારકા ચૈત્યગૃહ સંયમી મુનિ હૈ,...'** આહાહા..! જેને આત્મજ્ઞાન સહિત ચારિત્રની દશા જેને પ્રગટી છે એ મૂળ તો આત્મજ્ઞાન કહેવું છે અને આત્મા જ્ઞાનમય છે એમ જાણે એમ. આત્મા રાગનો કરનાર છે અને વ્યવહારનો કરનાર છે, એ કરનાર માને એ આત્મા જ જાણતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર, દયા, દાન, વ્રત, પરિણામ કરે આત્મા તે આત્મા, એમ નથી. આત્મા તો જાણનાર છે પોતાનું સ્વરૂપ અને પરનું બસ. સમજાણું કાંઈ? ઓલો વ્યવહાર કરે, વ્યવહાર કરે એમ છે ને? એ વ્યવહાર કરે એ આત્મા જ નહિ. હોય એને જાણે એ આત્મા. શેઠ! ઝીણી વાતું બહુ આવું. આહાહા..!

વ્યવહાર વચ્ચે આવે, પણ એને કરે એ આવ્યું. આ તો જ્ઞાનમય આત્મા પછી કરે કોને? વ્યવહાર હોય એને જ્ઞાનમાં જાણે. જાણનાર તે આત્મા એમ અહીં કહ્યું છે ને? કઈ શૈલીએ વાત કરી છે જુઓને. વ્યવહાર વ્યવહાર વચ્ચે હોય, પણ એ વ્યવહારનો કર્તા નહિ, વ્યવહારનો એ જાણનાર રહે છે. એ જાણમય સ્વરૂપ છે એટલે જાણનાર રહે તેને આત્મા કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઈસ પ્રકારકા ચૈત્યગૃહ સંયમી મુનિ હૈ,...'** લ્યો! ચેતનાસ્વરૂપ એ તો જાણનાર... જાણનાર.. જાણનાર... ચાહે તો આર્તધ્યાન હો તોપણ જાણનાર, રૌદ્રધ્યાન હોય તોપણ જાણનાર, વ્યવહારરત્નત્રયના ભાવ હોય તોપણ જાણનાર. સમજાણું કાંઈ? આવું જેનું સ્વરૂપ છે તેને અહીંયાં ચૈત્યગૃહ કહેવામાં આવે છે. આહાહા..! કેટલી વાત નાખી દીધી! જાણનારો વ્યવહારને કરે નહિ. જાણનારો પરની કોઈ ક્રિયા કરે નહિ. જાણનારો જાણે. જાણે એમાં પરનું કરે એ ક્યાં આવ્યું? દયા, દાનના ભાવ પણ કરે એ પણ જાણનારમાં હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ જાણનારો તો જાણનારો જાણે તેને ચૈત્ય, જેના ઘરમાં ચૈત્યપણું પડ્યું છે આવું. એને ભલે ત્યાં વ્યવહાર હોય, શરીરની ક્રિયા આદિ હોય એ એની નથી. એનો તો એ જાણનાર રહેનારો છે. એને અહીં ચૈત્યગૃહ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'અન્ય પાષાણ આદિકે મંદિરકો ચૈત્યગૃહ કહના વ્યવહાર હૈ.'** પણ તે આવી જાતનું પાછું સામે વીતરાગમૂર્તિ. મુનિ છે ચૈત્ય એવું સામે પ્રતિબિંબ હોય. વીતરાગ મૂર્તિ માથે કોઈ કપડા નહિ, આ કેસરના ફલાણા કરવા, ફુલમાળ એ ન હોય. એને તો વ્યવહારે ચૈત્યગૃહ કહેવામાં આવે છે. ભગવાન આત્મા જેવો ચૈતન્યમય રાગ વિનાની ચીજ છે એવું જ સામે પ્રતિબિંબમાં (હોય). કોઈ રાગનું ચિહ્ન માથે હોય અને એ પ્રતિમાને ચૈત્યગૃહ કહેવામાં નથી આવતી. આહાહા..! સમજાણું કાંઈ? એ આઠમી થઈ. પાંચડો છે એમાં? ભૂલ છે છાપવામાં.

'આગે ફિર કહતે હૈં :—'

चेइयं बंधं मोक्खं, दुक्खं सुक्खं च अप्पयं तस्स।
चेइहरं जिणमग्गे, छक्कायहियंकरं भणियं।।९।।

આહાહા..! ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે જૈનમાર્ગને વિષે '**જિસકે બંધ ઔર મોક્ષ, સુખ ઔર દુઃખ હો ઉસ આત્માકો ચૈત્ય કહતે હૈં—**' શું કહે છે? કે બંધ હોય એને જાણે, મોક્ષ હોય એને જાણે પણ બંધ છે. અવસ્થામાં બંધ છે. સાધકજીવ છે ને? એ બંધને જાણે, મોક્ષને જાણે, સુખ-દુઃખની કલ્પના થાય એને પણ જાણે. સુખ-દુઃખ છે. ભૂમિકાની દશાની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જિસકે બંધ ઔર મોક્ષ, સુખ ઔર દુઃખ હો ઉસ આત્માકો ચૈત્ય કહતે હૈં—અર્થાત્ યે ચિહ્ન જિસકે સ્વરૂપમેં હો ઉસે ચૈત્ય કહતે હૈં,...**' જેની દશામાં રાગનો અંશ ... સાધક છે ને અહીંયાં? સાધકની વાત છે ને. મુનિની વાત લેવી છે ને. કેવળીની લેવી છે? જેને રાગનો અંશ છે ભાવબંધ, એને એ જાણનારો રહે છે. એને રાગથી રહિત થશે એવું મોક્ષનું પણ એને જ્ઞાન છે. આહાહા..!

એ તો સમયસારમાં ન આવ્યું? સર્વવિશુદ્ધ છેલ્લે. ઉદય નિર્જરા બંધ મોક્ષને જાણે. ૩૨૦. એના પહેલા ઓલું લે છે વધારે. સમજાણું કાંઈ? એ ૧૯માં છે ચાર બોલ. ૨૦માં બે. એ ઉદયને જાણે, નિર્જરાને જાણે, બંધને જાણે, મોક્ષને જાણે. આહાહા..! એ તો જાણનાર... જાણનાર.. જાણનાર... સમજાણું કાંઈ? એમ કરીને એમ પણ સિદ્ધ કર્યું કે જાણનારને હજી રાગનો અંશ છે મુનિ છે એને. એને પણ જાણે. રાગથી રહિત દશા થઈ છે મોક્ષ એને પણ જાણે. જરી સુખની દશા આનંદની થઈ એને પણ જાણે. અને દુઃખની દશાનો વિકલ્પ છે જરી એને પણ એ જાણે. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માને ચૈત્ય કહે છે.

ઓલાએ અર્થ બીજો કર્યો છે થોડો. એમ કે ચૈત્ય એવો જે ભાવ એનાથી વિરૂદ્ધ માને એ બંધ કરે. આવો ચૈત્યસ્વરૂપ જે ભગવાન આત્મા છે એને ન જાણે તો બંધ કરે, એને જાણે તો મોક્ષ કરે. એને જાણે તો આનંદ આવે. એનાથી વિરૂદ્ધ કરે તો દુઃખ થાય એમ કહે છે. ટીકા કરે છે જરી. સમજાણું કાંઈ? શું કહ્યું એ? કે ચૈત્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ જ્ઞાનઘન એનો વિરોધ કરે અંદરમાં તો બંધને કરે. એનું અવિરોધ સ્વરૂપ જાણીને છૂટે તો એને મોક્ષ થાય એને મોક્ષને જાણે. એમાં સુખની કલ્પના થાય પરમાં જરી. અથવા આનંદનું સુખ જે ઉત્પન્ન થયું એ અનુકૂળ આત્માના ચૈત્યની અનુકૂળતા કરે તો સુખ થાય, પ્રતિકૂળ કરે તો દુઃખ થાય. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ જે જ્ઞાનભાવ સ્વભાવ એની વિરૂદ્ધ કરે તો દુઃખ થાય, બંધ થાય. ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ એની અનુકૂળતા નામ જેમ છે તેમ જાણે ને માને અને અનુકૂળ રહે એને મોક્ષ થાય, એને સુખ થાય, આનંદની દશા થાય ફળમાં. એને અહીંયાં ચૈત્યગૃહ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'યે ચિહ્ન જિસકે સ્વરૂપમેં હો...'** એટલે જ્ઞાનસ્વરૂપી આત્માને બંધ-મોક્ષને, સુખ-દુઃખને જાણવાની દશા હોય છે. જડમાં એ કાંઈ છે નહિ. તેમ ચૈતન્યને બંધનો કર્તા અને દુઃખનો કર્તા એ આત્મા નહિ. સમજાણું કાંઈ? બંધભાવ રાગનો ભાવ છે એનો કર્તા આત્મા ચૈતન્ય નહિ. એનો જાણનાર છે. આહાહા..! ભારે વાતું આવી. સમજાણું કાંઈ? આ બધી ગાથાઓ કોતરાઈ ગઈ છે પરમાગમ(મંદિર)માં. એ ૪૭ શક્તિનો વિચાર આવ્યો હતો એ પણ કોતરાઈ ગઈ છે કહે છે. ૪૭ શક્તિ આવે ને એમાં? ઓહોહો..! કુંદકુંદાચાર્યની વાણી સર્વજ્ઞ અનુસારની. કેવળી પરમાત્માના મુખમાંથી નીકળી, એની અનુસારની વાણી છે. આહાહા..!

એ અહીં કહે છે એવો જે ચૈત્ય ભગવાન આત્મા એને જે કાંઈ દુઃખ થાય તો વિરોધ કરે આત્માના સ્વભાવથી તો દુઃખ થાય. અથવા દુઃખની દશા હોય તેને એ જાણે તેને ચૈત્યગૃહ કહીએ. સમજાણું કાંઈ? આહાહા..! **'ચિહ્ન જિસકે સ્વરૂપમેં હો ઉસે ચૈત્ય કહતે હૈં, ક્યોંકિ જો ચેતનાસ્વરૂપ હો ઉસીકે બંધ, મોક્ષ, સુખ, દુઃખ, સંભવ હૈં.'** જાણનારને સુખ, દુઃખ, મોક્ષ સંભવ છે. જડને સુખ હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કહો, સમજાણું કાંઈ? આવું ચૈત્યગૃહ લ્યો.

જેનામાં ચૈતન્યસ્વભાવ ભરેલો છે અને જેનું જેને ભાન થયું છે. એ ભાનવાળા જીવને હજી જરી દુઃખનું જ્ઞાન હોય છે. દુઃખ હોય છે ને થોડું, એનું જ્ઞાન હોય છે. આહાહા..! લ્યો! કીધું ને? **'ઉસીકે બંધ, મોક્ષ, સુખ, દુઃખ, સંભવ હૈ.'** જાણનારને. જાણનારના અંદરમાં રાગનો, બંધનો અંશ છે, મોક્ષ છે, સુખદુઃખની કલ્પના. સુખરૂપ આનંદ એને કહો, કે દુઃખરૂપ કલ્પના. એનો એ જાણનાર છે. એને સંભવે. જડને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ટીકાકારે તો જરા વધારે... આ સ્થાનકવાસી ઉપર નાખે છે વધારે. વસ્તુસ્થિતિ આ છે. એમ કે ચૈતન્યને માને નહિ એ પાપીયો છે, આમ છે. જગતને એની માન્યતા છે.

મુમુક્ષુ :- મૂળ મિથ્યાદર્શન..

ઉત્તર :- હા, અને અહીં તો ભાઈ જુઓ વાત એવી છે કે જૈનધર્મ અને જૈનદર્શન જ, આ દિગંબર દર્શનને જ જૈનદર્શન ગણવામાં આવ્યું છે. બીજા જૈનના ફાંટાઓને જૈનદર્શન ગણ્યા નથી. ભગવાને કુંદકુંદાચાર્યે ગણ્યા નથી એટલે ભગવાને ગણ્યા નથી. દુનિયા ઉપર વિરોધ અને વેર નહિ. કોઈ પ્રત્યે વિરોધ અને દ્વેષ નહિ. પણ જૈનદર્શન તો આ વીતરાગી મુનિ નગ્ન દિગંબર અઠ્યાવીશ મૂળગુણ અને અંતરમાં ત્રણ કષાયના અભાવનું ચૈત્યગૃહ પ્રગટ્યું છે જેને. એને અહીં જૈનદર્શન કહેવામાં આવે છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. એ તો સ્વરૂપ એવું આત્માનું છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

આ હમણાં દીક્ષાઓ બહુ થાય છે ને એટલે જાણે કે ઓહોહો..! આ બધા ચારિત્રવંત છે.

મિથ્યાદૃષ્ટિ છે. દીક્ષા કેવી એને? ગૃહીત મિથ્યાત્વના પોષક છે. સવારે કહેતા હતાને ભાઈ ક્યાં ગયા? તમારે વીંછીયાવાળા. આ રહ્યા. દીક્ષાઓ થઈ છે. આઠ લાખ રૂપિયાનો ખરડો થયો. ત્યાં બીજા નંબરના પૈસા બહુ હોય છે. થાય એમાં શું છે પણ? એથી વસ્તુ શું? આહાહા..! એવી દીક્ષાઓ દે! મિથ્યાદર્શન છે ત્યાં દીક્ષા કેવી? આહાહા..! અરે..! માર્ગ તો એવો છે ભાઈ! કોઈ વ્યક્તિ માટેની વાત નથી. વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા..! નુકસાન તો એને વેઠવાનું છે ને. જે કરે એને વેઠવું પડશે. માર્ગ તો આવો છે.

સર્વજ્ઞ પંથમાં પરમેશ્વરે જેને દીક્ષા કીધી છે એ તો વીતરાગી મુનિ નગ્નદશા. બાહ્યમાં નગ્નદશા, ઊભા ઊભા આહાર લે, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોય અને અંતરમાં સમ્યગ્જ્ઞાની ચૈતન્યને, ચૈતન્યને જાણીને વેદતો હોય. એને એ રાગાદિ હોય એને એ જાણનાર રહેતો હોય. આહાહા..! એને અહીંયાં જૈનદર્શન કહો કે ચૈત્યગૃહ કહો. એ બીજી રીતે વર્ણન છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ચૈત્યગૃહ ભગવાન આત્મામાં બિરાજે છે આનંદમાં, એને ચૈત્યગૃહ કહેવામાં આવે છે. આહાહા..! પાટણીજી! દુનિયા સાથે મેળ ખાય એવું નથી આ. આ તો અતડા પડે એવું છે. એક ભાઈ પૂછતા હતા.

મુમુક્ષુ :- ભગવાન સાથે મેળ ખાય એવો છે.

ઉત્તર :- ભગવાન સાથે મેળ ખાય એવો છે. આત્મા સાથે મેળ ખાય એવો છે ને. આત્મા એ જ જાતનો છે અને એ રીતે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ ચૈત્ય ને પ્રતિમા છે એને ઉથાપી છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અનાદિથી સનાતન માર્ગમાં જેવું ચૈત્ય અને જેવું જૈનદર્શનનું આત્માનું સ્વરૂપ છે એવું, એવી જ વીતરાગ મુદ્રા સામે હોય છે અનાદિની. એ પ્રતિમા હોય છે, વ્યવહારે શુભભાવ હોય છે એમાં. એનો નિષેધ કરે એ તો સારા જૈનદર્શનનો નિષેધ છે. સમજાણું?

મુમુક્ષુ :- વ્યવહારનો નિષેધ થયો.

ઉત્તર :- જૈનદર્શનનો નિષેધ થયો તો વ્યવહાર જૈનદર્શનનો નિષેધ થઈ ગયો. નિશ્ચયનો નિષેધ થઈ ગયો. એય..! આ માર્ગ આ છે. એમાં કોઈ આડો અવળો જરીએ કરે તો મિથ્યાદૃષ્ટિનો પોષક છે.

મુમુક્ષુ :- વસ્તુ સ્વરૂપ જ એવું છે.

ઉત્તર :- વસ્તુ સ્વરૂપ એવું છે. ચૈત્યગૃહ રાખ્યો તેથી સામે ચૈત્યગૃહ છે. વ્યવહાર દિગંબર પ્રતિમા છે, અનાદિની છે. નવી નથી. વીતરાગભાવ અનાદિનો છે એવી વીતરાગની મૂર્તિ અનાદિની શાશ્વત છે અને કૃત્રિમ પણ પ્રતિમા ને મંદિરો પણ શાશ્વત સત્ છે એની સાથે છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ!

કહ્યું હતું ભાઈ! નહિ? અમારે દારોદર શેઠ હતા. પ્રતિમાના વિરોધી હતા. એટલે એ કહે કે પ્રતિમાની પૂજા ક્યાં સુધી હોય? કે મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી. એ ચર્ચા ચાલતી હતી. ૮૩ની સાલમાં. ૪૭ વર્ષ થયા. ૪૦ ને ૭. એટલું કહ્યું જુઓ ભાઈ! પ્રતિમાની પૂજા એને હોય કે જેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું છે એને જ્ઞાનનો વિષય જે નિક્ષેપ છે, એને નિક્ષેપ હોય. અજ્ઞાનીને નિક્ષેપ હોય જ નહિ. જેને

નય પ્રગટ્યો છે. આ તો ૮૩ની. ૪૭ વર્ષ પહેલાંની વાત છે. એમ ન ચાલે કીધું માર્ગ આ. તમે પ્રતિમાને ઉથાપો કે નથી, એમ ન ચાલે. મિથ્યાદષ્ટિ પૂજે. મિથ્યાદષ્ટિ પૂજે. પૂજે જ નહિ યથાર્થપણે. જેને સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું છે, જ્ઞાનમૂર્તિ પ્રભુ એવું શ્રુતજ્ઞાન પ્રગટ્યું એનો ભેદ પડીને નય હોય છે. શ્રુતજ્ઞાનનો ભેદ તે નય નિશ્ચય-વ્યવહાર. અને નિશ્ચય-વ્યવહારનો વિષય—નિશ્ચયનો વિષય સ્વ છે અને વ્યવહારનો વિષય પર છે. એટલે નિક્ષેપના ચાર ભેદ એ વ્યવહારનો વિષય નયવાળાને હોય. સમ્યગ્જ્ઞાનીને નિક્ષેપ અને પ્રતિમાનું પૂજન હોય યથાર્થ. ન્યાય સમજાણો? એમ ન ચાલે, કીધું, અહીં તો ભાઈ! સંપ્રદાયમાં છીએ માટે તમે ગોટા વાળો એમ ન ચાલે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ રૂડો ચૈતન્યમાં જેને પ્રગટ્યો, જાણ્યું એને આવો વ્યવહાર હોય છે, એમ કહે. ચૈત્યની પ્રતિમા, પૂજા એવો ભાવ હોય છે. પણ એની મર્યાદા શુભ જેટલી છે. શુભ. એવો ભાવ આવ્યા વિના રહે નહિ.

અહીં તો નિશ્ચય ચૈત્યગૃહ જેને જાણવામાં હોય એને ઓલો વ્યવહાર ગૃહ હોય છે. એથી સામે તો એકલા મંદિરો અને પ્રતિમાઓ કરીને ધમાધમ ચલાવતા અને લોકો વળી જાય ઝાઝા. એ અમે કહીએ છીએ બાપુ! નિશ્ચય આ છે. એને સમજે એને પછી વ્યવહાર, આની જેવો વ્યવહાર હોય.

મુમુક્ષુ :- આને અનુસરીને.

ઉત્તર :- હા, આને અનુસરીને હોય. આહાહા..! ભારે વાતું ભાઈ! આ તો પરમસત્યની વાત છે ભાઈ! આમાં કોઈ પક્ષને દુભાવવાની વાત નથી અહીં. સત્ય આ છે. એણે .. ટીકામાં ચૈત્ય આવ્યું ખરું ને? જુઓ કહે, આ ચૈત્યને ઉડાવનારા પાપીઓ છે. એમ કહ્યું. દ્વેષ નહિ. .. જાણે. વિપરીત માન્યતા છે. આહાહા..!

અહીં તો નિશ્ચય બંધ, મોક્ષ અને સુખ, દુઃખનો સંભવ તો ચૈતન્યને હોય. એટલે કે જાણનાર ભગવાન આત્મા એને બંધ, મોક્ષ અને સુખ, દુઃખનું જ્ઞાન હોય. જેને જાણનાર સ્વભાવ નથી એને બંધ, મોક્ષ શું છે? અથવા અજ્ઞાની જે છે, જેને જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન નથી એને બંધ, મોક્ષ અને સુખ-દુઃખનું જ્ઞાન નથી. કેમકે પોતે જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન નથી. તો એને બંધ, મોક્ષ અને સુખ, દુઃખનું પણ એને જ્ઞાન નથી. આહાહા..! અજ્ઞાની, જેને ચૈતન્યમય ભગવાન આત્મા છે એવી જેની દૃષ્ટિ થઈ નથી, એને બંધ, મોક્ષ અને સુખ, દુઃખનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..! કુંદકુંદાચાર્યે તો ગજબ કામ કર્યું છે. વસ્તુની સ્થિતિ છે. જિનમાર્ગમાં જિનેશ્વરદેવે આવું સ્વરૂપ કહ્યું છે. પોતે કહે તો એ સત્ય છે, પણ જિનેશ્વરના માર્ગે આમ કહ્યું ભગવાને. આહાહા..!

'**ઈસપ્રકાર ચૈત્યકા જો ગૃહ હો...**' આવું જે ચૈત્ય જાણનાર-દેખનાર. બંધ, મોક્ષ, સુખ, દુઃખની કલ્પનાને પણ જાણનાર-દેખનાર. આહાહા..! સમજાણું કાંઈ? '**વહ ચૈત્યગૃહ હૈ.**' એ ચૈત્યનું જે ગૃહ આવા જાણનાર-દેખનારનું જે સ્થાન આત્મા એ ચૈત્યગૃહ છે. આહાહા..! '**જિનમાર્ગમેં ઈસપ્રસકાર ચૈત્યગૃહ...**' વીતરાગમાર્ગમાં આવું ચૈત્યગૃહ જોયું! '**છહકાયકા હિત કરનેવાલા**

હોતા હૈ.' આહાહા..! કોઈ એકેન્દ્રિય પ્રાણીને પણ જેમાં દુઃખ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર પ્રતિમા ચૈત્યગૃહમાં તો જરી એકેન્દ્રિય આદિ જીવનું થાય છે ને? વ્યવહાર. એટલે આ કહ્યું છે. બહારની ભગવાનની પૂજામાં સાવદ્ય.. સાવદ્યપણું થોડું આવે છે. બહુ પુણ્ય રાખી શુભભાવ ઘણો થાય છે, પણ એના કરતા કે આ જે ચૈત્યગૃહ છે, કોઈ જીવને દુઃખનું કારણ નથી એવું આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચૈત્યગૃહ છહકાયકા હિત કરનેવાલા હોતા હૈ. યહ ઈસપ્રકારકા મુનિ હૈ. '** એ તો મુનિ એવા હોય એમ કહે છે. કોઈપણ પ્રાણી એકેન્દ્રિયના પૃથ્વી, અગ્નિ, વાયુ, પાણી એ એકેન્દ્રિય જીવ પણ ન મરે, દુઃખાય નહિ એવી દશા મુનિની હોય છે અને તે મુનિને ચૈત્યગૃહ કહે છે. સમજાણું કાંઈ? **'ઈસપ્રકારકા મુનિ હૈ. પાંચ સ્થાવર ઔર ત્રસમેં વિકલત્રય ઔર અસૈની પંચેન્દ્રિય તક કેવલ રક્ષા હી કરને યોગ્ય હૈં,...'** શું કહે છે? એને કાંઈ ઉપદેશ દેવાનું નથી. પાંચ સ્થાવર. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એકેન્દ્રિય. આવે છે ને? એ પાંચ સ્થાવર અને ત્રસમાં વિકલત્રય. ત્રસમાં પંચેન્દ્રિય નહિ, પણ વિકલત્રય. એટલે જેની ઇન્દ્રિયો વિકલ છે એટલે ઓછી છે. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય.

**'ઔર અસૈની પંચેન્દ્રિય...'** જેને મન નથી એ અપંચેન્દ્રિય. **'તક કેવલ રક્ષા હી કરને યોગ્ય હૈં,...'** એને મારવા નહિ એટલું છે લ્યો! એને ઉપદેશ હોઈ શકતો નથી. મન નથી એને ઉપદેશ શું? આહાહા..! **'ઈસલિયે ઉનકી રક્ષા કરનેકા ઉપદેશ કરતા હૈ,...'** કોણ? મુનિ. મુનિ આવી રક્ષાનો ઉપદેશ કરે. આહાહા..! કોઈ પ્રાણીને ન મારવો, એકેન્દ્રિય પ્રાણી પણ નહિ. આહાહા..! એકેન્દ્રિયમાં તારા માતા, પિતા, દીકરા પડ્યા છે એમાં. પૂર્વના માતા-પિતા. કોઈ પ્રાણીને મનથી દુઃખાવાનો પણ ભાવ ન હોય અને બીજાઓને આવા જીવની રક્ષા એટલે ન મારવાનો ઉપદેશ આપે એને અહીં ચૈત્યગૃહ કહેવામાં આવે છે.

**'ઈસલિયે ઉનકી રક્ષા કરનેકા ઉપદેશ કરતા હૈ, તથા આપ ઉનકા ઘાત નહીં કરતા હૈ...'** મુનિ છે એ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, છ કાયનો ઘાત જરીએ ન કરે. આહાહા..! **'યહી ઉનકા હિત હૈ; ઔર સૈની પંચેન્દ્રિય જીવ હૈં...'** **'ઉનકા ઘાત નહીં કરતા હૈ યહી ઉનકા હિત હૈ;...'** પરનો ઘાત ન કરે એ જ હિત છે એમ કહે છે. **'ઔર સૈની પંચેન્દ્રિય જીવ હૈં ઉનકી રક્ષા ભી કરતા હૈ,...'** ઉપદેશ એવા આપે, એને ન મારે એ એનું હિત કરે અને ઉપદેશ આપે. એમ. બેય છે ને. **'રક્ષાકા ઉપદેશ ભી કરતા હૈ તથા ઉનકો સંસારસે નિવૃત્તિરૂપ મોક્ષ પ્રાપ્ત કરનેકા ઉપદેશ કરતે હૈં. '** લ્યો! ઓહોહો..!

કહે છે કે મુનિનો આવો ઉપદેશ હોય, એમ પાછું કહેવું. ચૈત્યગૃહ, જ્ઞાનસ્વરૂપ જેને ભગવાન આત્માને જાણ્યો છે એ ચૈત્યગૃહનો ઉપદેશ આવો હોય. કે જેનાથી સંસારથી મુક્તિ થાય એવો એનો

ઉપદેશ હોય. છ કાયના પ્રાણીને ન મારવાનો એનો ઉપદેશ હોય એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! રક્ષા શબ્દ પડ્યો છે ને. એમાં .. શબ્દ સ્થાનકવાસીનો, તેરાપંથીનો. સ્થાવનકવાસી કહે રક્ષાનો ઉપદેશ કર્યો. ઓલા કહે રક્ષાનો નહિ, નહિ મારવાનો. ભાઈ રક્ષાનો અર્થ એટલો જ છે. રક્ષા કરી કોણ કરી શકે છે? બીજાને ન મારવાનો ભાવ, બસ એનું નામ રક્ષા. આહાહા..! પરની રક્ષા કરી કોણ શકે? એની આયુષ્યની સ્થિતિ હોય ત્યાં સુધી રહે અને આયુષ્ય સ્થિતિ પૂરી થાય તો બચાવવાનો ભાવ હોય તો મરી જાય. આહાહા..! પરને નહિ મારવાનો ભાવ એ જ પરની રક્ષા કહેવામાં આવે છે.

એ વ્યાખ્યા લીધી હતી ને ત્યાં? મોક્ષમાર્ગમાં નહિ? સાતમા અધ્યાયમાં લીધી હતી ને એ. એમ કે આ જીવની રક્ષા કરવી એમ કહ્યું છે ને શાસ્ત્રમાં. કીધું છે ટોડરમલે. કે એ પરને પ્રમાદથી ન મારવો, પ્રમાદ એવો ન કરવો એમ એની રક્ષા એનો અર્થ છે. પરને બચાવવું એવો એનો અર્થ નથી. કીધું હતું. સમિતિમાં. અનિત્યની ભાવના છે ને. એ સમિતિમાં લખ્યું છે. વાત સાચી. જ્યાં જોઈએ ત્યાં.. એમ કે પરને બચાવવાનો ભાવ નથી ત્યાં. રક્ષાનો નહિ, નહિ મારવાનો. પ્રમાદ નથી માટે નહિ મારવાનો ભાવ છે. એને સમિતિ કહીએ. ત્યાં લખ્યું છે. આહાહા..! ભાષા તો આવે. ભાષા પણ એનો અર્થ સમજવો જોઈએ ને. એકકોર કહેવું કે પરજીવની દયા પાળી શકે નહિ અને બીજી રીતે કહેવું કે રક્ષા કરવી એ તો વિરોધ થયો. સંધિ સમજવી જોઈએ ને. રક્ષા કરવાનો અર્થ કે પરને મારવું નહિ. બસ. પરને મારવાનો ભાવ નહિ એ જ એની રક્ષા કરવામાં આવે છે. આહાહા..! શાસ્ત્રમાં તકરાર.

'**ઉનકો સંસારસે નિવૃત્તિરૂપ મોક્ષ પ્રાપ્ત કરનેકા ઉપદેશ કરતે હૈં.**' છ કાયનો હિતકર શબ્દ છે ને? હિતનો ઉપદેશ આપે અને એને પણ આપણે બીજાને ન મારવું એમ. '**સંસારસે નિવૃત્તિરૂપ મોક્ષ પ્રાપ્ત કરનેકા ઉપદેશ કરતે હૈં. ઈસપ્રકાર મુનિરાજકો ચૈત્યગૃહ કહતે હૈં.**' આવા મુનિને, નગ્નદિગંબર સંત અને અંદરમાં નગ્ન નામ રાગ વિનાની દશાનું ભાન એવા મુનિને ચૈત્યગૃહ કહેવામાં આવે છે. આહાહા..! આ લોકો એકલા બહારમાં મંડ્યા પછી. નગ્ન થઈ ગયા, થઈ ગયા મુનિ. બાપુ! એમાં તો દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! માર્ગ તો ભગવાનનો એવો છે, પણ આ નિશ્ચયના ભાનવાળો, વીતરાગદશા જેને થઈ છે અને જેના ઉપદેશમાં રાગનું પોષણ નથી પણ રાગના અભાવના ભાવનો જેમાં ઉપદેશ છે. ન મારવાનો અને મોક્ષ કરવાનો એવો ઉપદેશ જેનો છે એમ કહે. આહાહા..! એવા ઉપદેશક જીવને, મુનિને ચૈત્યગૃહ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ છ કાયના હિતના કરવાવાળા છે. ત્યારે શબ્દો તો બહુ થોડા છે પણ અંદર જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા પોતાને જાણે, પરને જાણે જે જ્ઞાનસ્વરૂપ જ છે, એને જે રાગાદિ થાય છે એ સ્વરૂપ આત્મા નથી. બીજાને પણ રાગાદિ થાય એ કાંઈ આત્મા નથી. એ તો અણાત્મા છે. એમ પોતાના આત્માને આવો જાણે, પરને પણ એવો જાણે અને પરને છ કાયને નહિ મારવાનો ઉપદેશ કરે અને એને મોક્ષનો-સંસારથી નિવૃત્તિનો મોક્ષ ઉપાય કહ્યો. સંસાર કેમ થાય, એનો ઉપદેશ મુનિનો હોય નહિ. સમજાણું કાંઈ?

ત્યારે ઋષભદેવ ભગવાને આપ્યો હતોને પહેલો ઉપદેશ. ત્યારે મુનિ ક્યાં હતા એ? એ તો ગૃહસ્થાશ્રમની વાત. આ તો મુનિની વાત છે. અને મુનિને ચૈત્યગૃહ યથાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ વખતે ચોથે ગુણસ્થાને હતા. એવો વિકલ્પ હતો, એવો વિકલ્પ હોય. અહીં તો મુનિને કહેવું છે ને? મુનિ ચૈત્યગૃહ જ થયા. એને તો કોઈ પ્રાણીને સંસારનું પોષણ, સંસાર આમ તમારો નભશે, આમ રાંધવું, આમ ખાવું, આમ વાસણ બનાવવા એવો ઉપદેશ મુનિનો ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ?

ઘણાં એમ કહે છે ને કે ભાઈ! કે ભગવાને કેમ કહ્યું? ત્યારે આપણે પણ એવો ઉપદેશ દેવો. આહાહા..! અરે..! ભાઈ! સાંભળને. ભગવાન તો ગૃહસ્થાશ્રમમાં હતા. અવિરતીપણે હતા. તેથી એ ભૂમિકાને (અનુરૂપ) એવો ભાવ હોય. એ પ્રસંગ એવો હતો બહારમાં અને એવો ભાવ હોય. અહીં તો મુનિની વાત છે. ચૈત્યગૃહ મુનિ છે. એ ચૈત્યગૃહ નહોતા. આહાહા..! સમજાણું કાંઈ? જેને આત્મા અંદરમાં આનંદથી ઉછળી ગયો છે અંદરના ભાનમાં અને શાંતિ... શાંતિ.. શાંતિ.. પ્રગટી છે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય. એને અહીં પંચ મહાવ્રતના વિકલ્પ હોય છે. એને ઉપદેશ હોય છે ને. ઉપદેશની વ્યાખ્યા છે ને. સાતમા ગુણસ્થાને કાંઈ ઉપદેશ નથી. એ તો ધ્યાનમાં છે. ઉપદેશ કરનારો આવો ચૈત્યગૃહ, એમ. જ્યારે ઉપદેશનો કાળ હોય છે ત્યારે પણ આવો ઉપદેશ કરે. સંસારની નિવૃત્તિનો કરે, સંસારના પોષકનો ન કરે. આહાહા..! સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો મુનિ ચૈત્યગૃહવાળાનો ઉપદેશ એવો હોય કે જેમાં રાગનું પોષણ ન હોય. રાગ થાય એમ જણાવે એને. કે આવો રાગ હોય એને જાણનારો તું. પણ રાગપોષક છે એ ઉપદેશ મુનિને ન હોય. સમજાણું કાંઈ? એને અહીં ચૈત્યગૃહ કહેવામાં આવે છે. ભારે ઝીણી વાતું ભાઈ આકરી. અજાણ્યાને તો ગ્રીક-લેટિન જેવું લાગે. શું આ કહે? બાપુ! મારગડા એવા છે ભાઈ! આહાહા..! '**ઈસપ્રકાર મુનિરાજકો ચૈત્યગૃહ કહતે હૈં.** '

'**ભાવાર્થ :- લૌકિક જન ચૈત્યગૃહકા સ્વરૂપ અન્યથા અનેક પ્રકાર માનતે હૈં...** ' ચૈત્યનું સ્વરૂપ બહારનું મૂર્તિનું. '**ઉનકો સાવધાન કિયા હૈ કિ જિનસૂત્રમેં...** ' ભગવાનની વાણીમાં. આહાહા..! '**હિત કરનેવાલા જ્ઞાનમયી સંયમી મુનિ હૈ...**' દેખો! સ્વરૂપનું જ્ઞાન જેને ચૈતન્યબિંબ પ્રભુ આત્મા એ જ્ઞાનનો સાગર-જ્ઞાનનો સમુદ્ર, જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એવું જેને અંતર જ્ઞાન થયું અને સંયમી છે. બે લીધું છે ને. '**જ્ઞાનમયી સંયમી મુનિ હૈ...**' જ્ઞાનમયનું જ્ઞાન તો ચોથે ગુણસ્થાને હોય છે. સમજાણું કાંઈ? પણ એ સંયમી નથી. આહાહા..! સંયમી આવા હોય. '**જ્ઞાનમયી સંયમી મુનિ હૈ વહ ચૈત્યગૃહ હૈ; અન્યકો ચૈત્યગૃહ કહના, માનના...**' સામે પ્રતિમા ચૈત્ય વીતરાગી મૂર્તિ જેમાં કંઈ લેપ આદિ નહિ, જેમાં વસ્ત્ર અને દાગીના શું કહેવાય? ઘરેણા, દાગીના. દાગીના ન હોય. એવી જે પ્રતિમાનું મકાન એને ચૈત્યગૃહ વ્યવહારે કહેવાય છે. એ વ્યવહાર પણ અનાદિનો હોય છે.

નિશ્ચય હોય, જ્યાં સુધી (પૂર્ણ) વીતરાગ ન થાય ત્યારે આવો વ્યવહાર હોય. લ્યો એ ચૈત્યગૃહની વ્યાખ્યા કરી. બે ગાથા થઈ ને?

**'આગે જિનપ્રતિમાકા નિરૂપણ કરતે હૈં :—'** એ જિનપ્રતિમા કોને કહેવી? ઓલું ચૈત્ય હતું. જિનપ્રતિમા કોને કહેવી? આહાહા..!

सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं।
णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।१०।।

એ જૈનમાર્ગમાં આવી પ્રતિમા નિશ્ચયથી કીધી છે. એય..! પછી એમાંથી કોઈ કાઢે કે જિનમાર્ગમાં તો આવી પડિમા કીધી છે. આ પ્રતિમા તો નથી કીધી. ભાઈ! એમ કહ્યું ને આમાં? આવી જિનમાર્ગમાં પ્રતિમા કીધી છે. પછી ઓલી કીધી નથી એમ કાઢે છે એમાંથી. અહીં તો નિશ્ચયથી આવી પ્રતિમા જિનમાર્ગમાં કીધી છે. વ્યવહારથી છે એનું પ્રતિબિંબ બીજું (વિરૂદ્ધ) એ દોષ એ તો વ્યવહારમાં જાય.

મુમુક્ષુ :- નિશ્ચય આવું જ હોય.

ઉત્તર :- નિશ્ચયે આવી જ હોય જિનપ્રતિમા. પણ અહીંથી કોઈ એમ કાઢે કે જૈનમાર્ગમાં આવી જ પડિમા કીધી છે. વ્યવહાર પ્રતિમા જિનમાર્ગમાં નથી. પણ જિનમાર્ગ ને. વીતરાગભાવમાં તો આવી જ પ્રતિમા હોય. સમજાણું કાંઈ? વીતરાગભાવમાં રહી શકે નહિ, જ્યારે ભાવ શુભ હોય ત્યારે જિનપ્રતિમા વીતરાગ મુદ્રા, જેવા પરમાત્મા હતા એવું પ્રતિબિંબ આનું હોય. શાંત. એ શુભભાવનું નિમિત્ત છે. શુભભાવનું નિમિત્ત છે હોં એ. ધર્મ નહિ. ધર્મ નહિ તો કરવું શું કરવા? વળી એમ કહે. પણ એમાં ઠરી શકે નહિ એટલે એવો ભાવ પાપથી બચવાનો આવ્યા વિના રહે નહિ. તાણાતાણ કરે. એ જૂઠી વાત છે કહે છે. ન જ આવે અને આવો ભાવ ન હોય તો એ નિશ્ચયને સમજતો નથી અને વ્યવહારને સમજતો નથી. આહાહા..!

**'જિનકા ચારિત્ર દર્શન-જ્ઞાનસે શુદ્ધ-નિર્મલ હૈ,...'** જેનું ચારિત્ર એમ કહે છે. જિનપ્રતિમા કોને કહેવી? જિન વીતરાગપ્રતિમા. આહાહા..! શ્રીમદ્‌માં આવે છે ને ચેતનપ્રતિમા થા, ચૈતન્યપ્રતિમા થા. બે વાર આવે છે. આહાહા..! રાગ વિનાની ચીજ છે અંદર એ રૂપે થા. વીતરાગ સ્વરૂપ જ આત્મા છે. વસ્તુ વીતરાગ એટલે રાગ વિનાની ચીજ છે એ રીતે પર્યાયમાં થા. અવસ્થામાં એ રીતે થાય એનું નામ જિનપ્રતિમા. આવી જિનપ્રતિમાને માને નહિ અને સમજે નહિ. અને એકલા જિન પ્રતિમાની પૂજા, ભક્તિ અને એમાં માની લે બધું તો એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

છે ને? જેનું ચારિત્ર દર્શન અને જ્ઞાનથી શુદ્ધ. પાછું એકલું ચારિત્ર એટલે વ્રતની ક્રિયા એ આ નહિ. અંતર ચારિત્રમાં આનંદની દશાની જ્યાં મોજ ઊઠે છે. એવી આનંદની દશા સમ્યગ્દર્શન અને જ્ઞાનસહિત હોય છે. સમજાણું કાંઈ? માર્ગને ઓળખવો અને શ્રદ્ધવો ભારે ઝીણો. કોક ક્યાંક સલવાણા, કોક ક્યાંક સલવાણા. 'સાંગો કહે સલવાણા કંઈક ચડ્યા કંઈક પાળા.' એ આવે છે. જેલમાં પડ્યા ઊંટ ઉપર બેઠો

હોય તો સલવાણો છે. જેલમાં હોય ને જેલમાં? ઊંટ હોય .. અંદરમાં પોતે બેઠો હોય માથે. પણ જો તો છો ક્યાં પણ? જેલમાં. કોક ચડ્યા ને કોઈ પાળા. કોઈ ચાલતા માણસ હોય, એ બંધાણા અજ્ઞાનમાં ભાન ન મળે. આ સાધુ થઈને ત્યાગી થઈને કહે છે બંધાણા. ઓલા ગૃહસ્થાશ્રમમાં ભાન ન મળે જેને. આત્મા શું? વીતરાગ શું? રાગ શું અને દ્વેષ શું? ભિન્ન ભિન્નનું ભાન ન મળે એ પણ બંધાણા અજ્ઞાની. આહાહા..! આવા જૈનમાર્ગના સ્વરૂપને જાણ્યા વિના એકલી જિનપ્રતિમાને પૂજે, માને, તો પુણ્ય છે, ધર્મ નથી. સમજાણું કાંઈ?

જેનું ચારિત્ર (એટલે) અંતરમાં શાંતિ વીતરાગતા દર્શન અને જ્ઞાનથી શુદ્ધ છે, નિર્મળ છે. શાંતિ... શાંતિ... ચોથે ગુણસ્થાને શાંતિ, પાંચમે એનાથી (વધારે), છઠ્ઠે વિશેષ શાંતિ છે. મુનિને. ઘણી શાંતિ. ઉપશમરસમાં જામી ગયેલા છે. ઉપશમરસમાં ઢાળા ઉપશમના ઢળી ગયા ત્યાં અંદરમાં. આહાહા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત છે. તેથી તે શુદ્ધ છે અને નિર્મળ છે. અજ્ઞાનીના વ્રતાદિ છે એ ભાન વિનાના (હોવાથી) એ બધા અજ્ઞાન અને અશુદ્ધ છે. આહાહા..! આત્મજ્ઞાન અને આત્મદર્શન જ્ઞાતા-દૃષ્ટાના અનુભવ વિના જે કાંઈ વ્રત ને તપની ક્રિયા એ બધી અશુદ્ધ છે. સમજાણું કાંઈ? બહુ માર્ગને ફેરવી નાખ્યો છે. મૂળ માર્ગ ઉપર આવવું જગતને કઠણ લાગે. એમાં વિવિધ પ્રરૂપણા, વિવિધ આચરણ, વિવિધ ભેખ. શ્રીમદ્દે કહ્યુંને 'જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય' કઈ જાતિમાં મોક્ષ છે? કયા વેશમાં મોક્ષ? એનો નિર્ણય ના બને, ઘણા ભેદે દોષ. એવું આવે છે ને. કઈ જાતિમાં મોક્ષ છે? કયા વેશમાં મોક્ષ? એનો નિર્ણય છે ને? એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. બિચારો મૂંઝાઈ ગયો. ઘણા ભેદો ઘણી વાતું બાપુ!

આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે જ્યાં બિરાજે, એનું ભાન કરીને ઠરે, એને જે જાતિ ને વેષ હોય તે હોય. એ હોય તો એમ કીધું છે. એમાં એમ કીધું. 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય.' પછી અર્થ કર્યો હતો તે દિ' ૯૫માં. ૯૫. ૩૫ વર્ષ થયા. કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેશનો ભેદ નહિ. જાતિ વેશ જે હોય તે જ હોય. તે દિ' અર્થ કર્યો હતો. કહો, રતિભાઈ! પણ તે દિ' તો નહોતા આવતા હજી તો. ૯૫માં. કહો, સમજાણું કાંઈ? ઓલા કહે 'જાતિ વેષનો ભેદ નહિ...' વાત સાચી છે. કહ્યો માર્ગ જો હોય તો જાતિવેશનો ભેદ નહિ. જે જાતિ અને જે વેશ હોય નગ્નપણું, જે જાતિ એને ચંડાળ આદિ ન હોય, એ જ એને હોય. ગમે તે જાતિ ને વેશમાં મુનિપણું થાય એ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! કઠણ વાત માર્ગની જગતને. વીતરાગ માર્ગને પરખવું ભારે કઠણ.

'**ઉનકી સ્વ-પરા અર્થાત્ અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ, વહ જિનમાર્ગમેં જંગમ પ્રતિમા હૈ;...**' દેહ સાથે લીધી હતી ને આપણે? પણ ચારિત્ર દર્શન-જ્ઞાનસહિત શુદ્ધ હોય એનું '**સ્વ-પરા અર્થાત્ અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ, વહ જિનમાર્ગમેં જંગમ પ્રતિમા હૈ; અથવા સ્વપરા અર્થાત્ આત્માસે પર યાની ભિન્ન હૈ ઐસી દેહ હૈ.**' એ જંગમ પ્રતિમા કહેવામાં

આવે છે. **'જિસકા નિર્ગ્રંથ સ્વરૂપ હૈ,...'** એમ કારણ કેમ એમ કહે છે. નિર્ગ્રંથસ્વરૂપ. નગ્નદશા. માતાએ જન્મ્યો એવો ભાવ. એને જૈનમાર્ગમાં નિર્ગ્રંથદશા એ મુનિનો ભેખ એને કહે છે. આ વસ્ત્ર ને પાત્ર મુનિનો ભેખ નથી, કુલિંગો છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! શાંતિભાઈ! શાંતિભાઈ ત્યાં વાંચતા હતા ને ... આહાહા..!

**'નિર્ગ્રંથ સ્વરૂપ હૈ, કુછ ભી પરિગ્રહકા લેશ ભી નહીં હૈ...'** વસ્ત્રનો એક ધાગો પણ ન હોય જેને અને અંતરમાં આનંદનો નાથ જેને જાગી ઉઠ્યો છે. સમજાણું કાંઈ? એને અહીંયાં ... છે ને? **'જંગમ પ્રતિમા હૈ,...' 'ઐસી દિગંબર મુદ્રા હૈ.'** આહાહા..! અંતર વીતરાગતા પ્રગટી છે ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત એ લીધું હતું ને પહેલું? ચારિત્ર એ સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત છે અને નગ્નમુદ્રા છે. એને માર્ગમાં જંગમ પ્રતિમા કહેવામાં આવે છે. આહાહા..! વીતરાગ ત્રિલોકનાથે એને કહ્યું છે. જેના ભેખમાં વસ્ત્ર અને પાત્ર છે એ તો કુલિંગ છે, જિન પ્રતિમાનો વ્યવહાર પણ નથી. આહાહા..! આવું સ્વરૂપ છે, ભાઈ!

**'જિસકા વીતરાગ સ્વરૂપ હૈ, કિસી વસ્તુસે રાગ-દ્વેષ-મોહ નહીં હૈ, જિનમાર્ગમેં ઐસી પ્રતિમા કહી હૈ.'** લ્યો! જેમાં રાગ અને દ્વેષ નથી. વીતરાગતા પ્રગટ થઈ છે. એને અહીંયાં જિનપ્રતિમા કહેવામાં આવે છે. જિન એટલે વીતરાગતા. એની પ્રતિમા. વીતરાગભાવવાળી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૨, બુધવાર તા. ૧૨-૧૨-૧૯૭૩**
**ગાથા – ૧૦ થી ૧૪, પ્રવચન – ૬૫**

જિનપ્રતિમાનું સ્વરૂપ. નિશ્ચય જિનપ્રતિમા. વ્યવહાર જિનપ્રતિમા તો જેવા ભગવાન હોય છે મુનિ-સાધુ આદિ, એવી જ વીતરાગ મુદ્રા હોય એને ઠેકાણે ફેરવી નાખ્યું છે બધું. એના સામે આ વાત છે.

सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं।
णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।१०।।

જિનમાર્ગમાં આવી પ્રતિમા કીધું છે.

**'અર્થ :- જિનકા ચારિત્ર, દર્શન-જ્ઞાનસે શુદ્ધ-નિર્મલ હૈ,... '** જેની ચારિત્રદશા અંતરમાં સમ્યગ્દર્શન અને જ્ઞાનથી શુદ્ધ નિર્મળ છે. **'ઉનકી સ્વ-પરા અર્થાત્ અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ,...'** .. સ્થિતિ. **'વહ જિનમાર્ગમેં જંગમ પ્રતિમા હૈ;...'** ચાલતી છે ને? .. ધર્માત્મા જેનું

ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત શુદ્ધ નિર્મળ છે. એવા જિનદેવને જ અહીંયાં જંગમ પ્રતિમા કીધી છે. .. છે ને આત્મામાં? '**અથવા સ્વપરા અર્થાત્ આત્માસે પર યાની ભિન્ન હૈ ઐસી દેહ હૈ. વહ કૈસી હૈ? જિસકા નિર્ગ્રંથ સ્વરૂપ હૈ,...**' દિગંબર નગ્નમુનિ. '**કુછ ભી પરિગ્રહકા લેશ ભી નહીં હૈ...**' એ તલના ફોતરા માત્ર જેટલો પણ પરિગ્રહ જેને નથી. '**ઐસી દિગંબરમુદ્રા હૈ.**' એ જિન પ્રતિમા છે, લ્યો!

'**જિસકા વીતરાગ સ્વરૂપ હૈ,...**' હવે આવ્યું અંદર જોયું! પાઠ છે ખરો ને '**णिग्गंथवीयराया**' વીતરાગ પરિણતિ જેને પ્રગટ થઈ છે. ત્રણ કષાયનો અભાવ છે અને એવી વીતરાગદશા અને બાહ્યમાં નગ્ન દિગંબરદશા. '**કિસી વસ્તુસે રાગ-દ્વેષ-મોહ નહીં હૈ,...**' કોઈ વસ્તુમાં જેને મારાપણું નથી એટલે રાગ-દ્વેષ પણ નથી. '**જિનમાર્ગમેં ઐસી પ્રતિમા કહી હૈ.**' આવી પ્રતિમા જાણ્યા વિના અને આવા પ્રતિમાનું સ્વરૂપ સમજ્યા વિના એકલી બાહ્યની પ્રતિમા પૂજે, તેમાં કાંઈ નિશ્ચય નથી એટલે એ વ્યવહાર પણ સાચો નથી. અને કૃત્રિમ પ્રતિમાનું રૂપ કરી નાખ્યું. એની તો વ્યવહારાભાસમાં પણ જાતી નથી. નિશ્ચય નથી એટલે એને વ્યવહારને ખોટો, નિશ્ચય સાચો નથી એનો વ્યવહાર પણ ખોટો. એની પ્રતિમા ઉપર દાગીના ને કપડા, અત્તર લગાવે છે. અત્તર ચોપડીને. એ મહા હિંસા છે. અત્તરના એક બિંદવામાં મોટી હિંસા. એ પ્રતિમા જ નથી વીતરાગની. વ્યવહારે પણ પ્રતિમા નથી એમ કહે છે. નિશ્ચય પ્રતિમા વીતરાગ મૂર્તિ એવા આત્મા સંયમી. સંયમી મુનિ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર નિર્મળ અંદર પ્રગટ્યું છે. બાહ્યમાં નગ્નમુદ્રા. .. ચાલતી દેહ. એ આત્મા સહિત છે માટે તેને જંગમ પ્રતિમા કીધી.

'**જિસકા વીતરાગ સ્વરૂપ હૈ, કિસી વસ્તુસે રાગ-દ્વેષ-મોહ નહીં હૈ, જિનમાર્ગમેં ઐસી પ્રતિમા કહી હૈ. જિનકે દર્શન-જ્ઞાનસે નિર્મલ ચારિત્ર પાયા જાતા હૈ,...** ' લ્યો! જેને અંતર સમ્યગ્દર્શન અને જે દર્શન છે જેની મુદ્રા, દિગંબર મુદ્રા અંદર દિગંબર દશા. એવાનું જેને દર્શન છે, એવી જેને શ્રદ્ધા છે એ મોક્ષનો માર્ગ તો આવો જ હોય. ત્રણ કષાયનો અભાવ અને ... દિગંબરની દશા. એવી જેને અંદર શ્રદ્ધા આત્માથી થયેલી છે. એવા દર્શન અને જ્ઞાન એ નિર્મળ ચારિત્ર. એનું આવું દર્શન અને જ્ઞાનસહિત ચારિત્ર હોય, એને અહીંયાં પ્રતિમા જંગમ કહેવામાં આવે છે.

'**ઈસપ્રકાર મુનિયોંકી ગુરુ-શિષ્ય અપેક્ષા અપની તથા પરકી ચલતી હુઈ દેહ...** ' લ્યો! ઓલામાં સ્વપર એકલું ભિન્ન કીધું હતું. આ સ્વપર બેય ભેગું આપ્યું શિષ્ય અને ગુરુ. '**ગુરુ-શિષ્ય અપેક્ષા અપની તથા પરકી ચલતી હુઈ દેહ નિર્ગ્રંથ વીતરાગમુદ્રા સ્વરૂપ હૈ, વહ જિનમાર્ગ મેં પ્રતિમા હૈ,...**' એ સિવાય જગતમાં કલ્પિત જે મૂર્તિઓ છે, કલ્પિત મંદિરો આદિ બનાવ્યા એને અહીંયા વ્યવહાર પણ પ્રતિમા કહેવામાં આવતી નથી, એમ કહે છે. ત્રણ વાત નાખી છે. નિશ્ચય આ પ્રતિમા, એનાથી અન્ય કલ્પિત છે એ બધી ખોટી.

મુમુક્ષુ :- વ્યવહારની...

ઉત્તર :- એ વ્યવહાર પણ નહિ. એ ખોટી. હવે વ્યવહારની છે. ઓલી તો ખોટી. આમાં પક્ષ નહિ થઈ જતો હોય ...? કે તમે તમારો પક્ષ કરો કહે. આ સ્વરૂપ જ આવું છે. આહાહા..!

ત્રણ વાત લે છે. વીતરાગ મુદ્રા જેની અંતર દશા, બાહ્યમાં નિર્ગ્રંથદશા દિગંબર, એવા ગુરુ-શિષ્યની પ્રતિમા એ જંગમ પ્રતિમા અને તેવી સ્થિતિવાળી બાહ્ય પ્રતિમા મુનિશ્વરની હોય એ વ્યવહાર પ્રતિમા. આ એનાથી કલ્પિત છે એ તો બેયમાં નથી. સમજાણું કાંઈ? માર્ગ એવો છે ભાઈ! એકે પ્રતિમા ઉથાપી ત્યારે એકે પ્રતિમામાં ચડાવી દીધું બહુ. સ્થાનકવાસીએ પ્રતિમા ઉથાપી અને દેરાવાસીએ શ્વેતાંબરે ચડાવ્યા છે આ બધા કપડા-બપડા ને દાગીના.

૮૨માં કહ્યું સંપ્રદાયમાં. રાત્રે ચર્ચા ચાલતી હતી. વઢવાણ. વઢવાણ. કીધું કે ભાઈ એક બાપે સો રૂપિયા આપેલા એના બાપને. એ સો રૂપિયા સાચા હતા. પણ બે મીંડા ચડાવીને માગ્યા તો કહે સો પણ નથી. સદંતર નથી. મણિભાઈ હતા ભાઈ નહિ? જાડા. વડવા રહેતા વડવા. ૮૨ની સાલમાં ચોમાસું હતું ને સુંદરવરાના અપાસરે. રાતે થોડા માણસ હતા એને કહેવાય. ઝાઝાને કહેવાય તો તો.. સાંભળતા હતા. ત્યારે તો બહુ શંકા નહિ ને એ લોકોને. કીધું આ એક સો રૂપિયા આપ્યા છે એકના બાપે એના બાપને. એ વાત સાચી હતી. બે મીંડા ચડાવીને માગ્યા. તારા બાપે મારા બાપને દસ હજાર આપ્યા હતા કહે. હું જોઈશ કહે. જોયું તો સો નીકળ્યા. સો ના દસ હજાર માગે છે. સ્થાનકવાસી કહે મૂર્તિ જ નથી જાવ. ઓલા કહે લૂગડા અને દાગીના માથે ચડાવીને મૂર્તિ માગી. માથે લૂગડા ને આ. આહાહા..!

દિગંબર મૂર્તિ અને દિગંબર મુનિઓ સાચા સમ્યગ્દર્શન, જ્ઞાનસહિત ચારિત્રવાળા. એ નિશ્ચય પ્રતિમા છે. અને એવી દિગંબર મુદ્રા ભગવાનની, માથે કાંઈ ન હોય એવાને વ્યવહાર પ્રતિમા કહેવાય છે. સમજાણું કાંઈ? બહુ ગડબડ થઈ ગઈ હતી ને એ વખતે. કુંદકુંદાચાર્ય જ્યારે થયા ત્યારે. શ્વેતાંબર સો વર્ષ પહેલા નીકળી ગયેલા. એટલે આ બધું સ્પષ્ટ કરી નાખ્યું છે કે માર્ગ તો આ છે. ભલે ઝાઝા માણસ ભળે એમાં. વસ્તુસ્થિતિ...

ત્રણ વાત લીધી. નિશ્ચય પ્રતિમા અંદર વીતરાગદશાવાળી, સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રવાળી અને જેની બાહ્યદશા દિગંબર. એનાથી કલ્પિત બીજાઓની વાત એ જૂઠી. એનાથી હવે જે '**ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગંબર મુદ્રા...** ' દિગંબર મુદ્રા એ વ્યવહાર પ્રતિમા. કહો, ભગવાનજીભાઈ! આ બધા મંદિર કરાવ્યાને તમારે ત્યાં. પણ એ માર્ગ નથી કહે છે. '**દિગંબર મુદ્રા સ્વરૂપકો પ્રતિમા કહતે હૈં...**' બાહ્ય પ્રતિમા પણ માથે વસ્ત્ર ને કાંઈ નહિ. વીતરાગ મુદ્રા દેખાય. એનું મંદિર એ વ્યવહાર પ્રતિમા કહેવાય છે, એમ. એ વ્યવહાર છે. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય છે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે, એવો આત્માના આશ્રયે ધર્મ એવો પ્રગટ્યો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત છતાં પણ એવો શુભરાગ મુનિને પણ ભગવાનની પ્રતિમાનો વંદન આદિનો હોય છે. સમજાણું કાંઈ?

પણ એની મર્યાદા પુણ્ય જેટલી છે. એથી એને વ્યવહાર કહ્યો. આહાહા..!

'**વહ ભી બાહ્ય આકૃતિ તો વૈસી હી હો...**' એમ કહ્યું ને? જેવા ભગવાન સંત, મુનિ વીતરાગી છે અને એની નગ્નદશા છે એવી જ એની બાહ્ય આકૃતિ પ્રતિમામાં હોય. પ્રતિમામાં બીજો ફેરફાર હોય નહિ. '**બાહ્ય આકૃતિ તો વૈસી હી હો વહ વ્યવહારમેં માન્ય હૈ.**' આહાહા..! ત્રણ વાત લીધી. નિશ્ચય, એવો જ સામે વ્યવહાર, એનાથી વિરૂદ્ધ તે કલ્પિત બધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જગતમાં વધેલી જ છે ને એમાં નવું શું છે? એ જ હોય ને જગતમાં.

પરમ વીતરાગમાર્ગ, દિગંબર ધર્મ, સનાતન સત્ય, પરંપરા સર્વજ્ઞનું કહેલું. એનાથી આ ૬૦૦ વર્ષે પછી ગોટો ઉઠ્યો. બાર વર્ષનો દુકાળ પડ્યો એમાં આ પંથ નીકળ્યો શ્વેતાંબર. સ્થાનકવાસી તો હમણા નીકળ્યા હજી ૫૦૦ વર્ષથી. તેરાપંથી વળી હમણા નીકળ્યા ૨૦૦ વર્ષ થયા. એ બધા જૈનમાર્ગ નથી. લ્યો અહીં તો વાત એ છે. એવી વાત છે, ભાઈ! જૈનમાર્ગ તો આ છે. જૈનની વીતરાગદશા અને બાહ્ય નગ્નદશા. એ જૈનમાર્ગ કહો, જૈનદર્શન કહો, જિનપ્રતિમા કહો. અને એવી જ આકારવાળી બાહ્ય આકૃતિ ભગવાનની મુદ્રા, દિગંબર મુદ્રા, નગ્નમુદ્રા. એને માથે કાંઈ ન હોય. સમજાણું?

'**આગે ફિર કહતે હૈં :—**' હજી એને વધારે સ્પષ્ટ કરે છે.

**जं चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं।**
**सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा।।११।।**

'**અર્થ :- જો શુદ્ધ આચરણકા આચરણ કરતે હૈં...**' શુદ્ધ આચરણ કહ્યું છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં આનંદનું આચરણ કરે છે. એનું નામ ચારિત્ર છે. આહાહા..! શુદ્ધ આચરણ છે ને? નિર્મળ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું જેને આનંદનું આચરણ શુદ્ધ નિર્મળ છે. '**તથા સમ્યગ્જ્ઞાનસે યથાર્થ વસ્તુકો જાનતે હૈં...**' આહાહા..! એમાં સમ્યગ્જ્ઞાન દ્વારા પોતાનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધને જાણે, રાગ બાકી હોય એને જાણે, પ્રતિકૂળ નિમિત્ત હોય એને પણ જાણે, અનુકૂળ નિમિત્ત હોય એને પણ જાણે. એવું યથાર્થ વસ્તુનું સ્વરૂપ છે એને જાણે.

'**સમ્યગ્દર્શનસે અપને સ્વરૂપકો દેખતે હૈં...**' લ્યો! પોતાનું પૂર્ણ સ્વરૂપ ધ્રુવ અનંત આનંદ આદિથી ભરેલો ચતુષ્ટય સ્વભાવ એવો જે ભગવાન આત્માનો સ્વભાવ એનું સમ્યગ્દર્શન, એને જે દેખે એટલે એને જે માને. '**સમ્યગ્દર્શનસે અપને સ્વરૂપકો દેખતે હૈં...**' સાચી શ્રદ્ધા સાથે સાચું જ્ઞાન છે એનાથી આવું પરિપૂર્ણ સ્વરૂપ છે તે દેખે અને માને છે. '**ઈસપ્રકાર શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...**' લ્યો! વિશેષ લીધું છે ને? '**पिच्छेइ सुद्धसम्मत्तं**' એમ છે ને પાછું એટલે. '**सुद्धचरणं चरदि जाणइ पिच्छेइ**' અને '**सुद्धसम्मत्तं**' એમ. '**ઈસપ્રકાર શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...**' શુદ્ધ નિર્મળ નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ-સ્વભાવ સન્મુખ થયેલી સમ્યગ્દર્શનની દશા, એ શુદ્ધ

નિર્મળ સમ્યગ્દર્શન જેને છે એવા આચરણવાળાને, જ્ઞાનવાળા મુનિઓ **'ઐસી નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા હૈ...'** એ નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા. આ વંદનને નાખ્યું આમાં. ઓલામાં જણાવ્યું હતું. આ **'વંદન કરને યોગ્ય હૈ.'** એમ કહે છે. આ સિવાય પ્રતિમા વંદન કરવાયોગ્ય છે નહિ. આહાહા..! **'નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા...'** બાહ્યમાં નિર્ગ્રંથ દિગંબર દશા અને અંતરમાં ત્રણ કષાયના અભાવની ચારિત્રદશા શુદ્ધ સમકિતસહિત. એ વંદન કરને યોગ્ય છે.

**'ભાવાર્થ :- જાનનેવાલા, દેખનેવાલા,...'** **'पिच्छेइ'** હતું ને એટલે નાખ્યું. અને **'શુદ્ધસમ્યક્ત્વ, શુદ્ધચારિત્રસ્વરૂપ, નિર્ગ્રંથ સંયમસહિત, ઈસપ્રકાર મુનિકા સ્વરૂપ હૈ...'** મુનિનું આવું સ્વરૂપ છે. જાણવાવાળો, દેખવાવાળો, શુદ્ધ સમકિતસહિત અને શુદ્ધ ચારિત્રસ્વરૂપ. આહાહા..! એવું નિર્ગ્રંથ સંયમસહિત મુનિનું સ્વરૂપ **'વહી પ્રતિમા હૈ, વહી વંદન કરને યોગ્ય હૈ;...'** મુનિને આવા મુનિને મુનિ માનીને વંદન કરવાયોગ્ય છે. સમજાણું? **'અન્ય કલ્પિત વંદન કરને યોગ્ય નહીં હૈ...'** કલ્પિત મુનિઓ-જે વસ્ત્ર આદિ લઈને મુનિ માને છે એ મુનિ વંદન કરવા લાયક નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્ત્ર આદિ રાખીને મુનિપણું માને છે એ વંદન કરવાલાયક નથી એટલે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભારે આકરું! માર્ગ તો આ છે. પહેલી શ્રદ્ધામાં તો નક્કી કરવું પડશે ને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાણું તો નહિ ..

ઉત્તર :- કેવો? ક્યાં નક્કી કર્યું? નક્કી કરે તો.. એને નિર્મળ દશા જેની હોય એને ત્રિકાળદર્શન એમાં શ્રદ્ધાનો ન્યાય આવી જાય એને. આહાહા..!

મુમુક્ષુ :- મૂળ તો ધ્રુવનું છે...

ઉત્તર :- અરે..! એમાં આવી જાય ધ્રુવની સાથે પર્યાયનું જ્ઞાન અને પર્યાય સાથે નિમિત્તનું જ્ઞાન. સમ્યગ્જ્ઞાન થતાં, પ્રમાણજ્ઞાન થતાં એ જ્ઞાન પોતાની અશુદ્ધતા કેટલી જાણે, શુદ્ધતા કેટલી જાણે, નિમિત્ત કેવું છે એને જાણે. કોને વંદન કરવા લાયક કે નથી લાયક એને પણ સમ્યગ્જ્ઞાન જાણે. માથે કીધું હતું ને. માથે કહ્યું હતું. **'સમ્યગ્જ્ઞાન સે યથાર્થ વસ્તુ કો જાનતે હૈ.'** આવ્યું હતું ને. છે ને. **'सुद्धचरणं जाणइ'**

મુમુક્ષુ :- પહેલું જાણે પછી શુદ્ધ છે.

ઉત્તર :- હા. જાણ્યા વિના ક્યાંથી થાય? અંશે અંશ જાણે. નિહાલભાઈમાં આવે છે એ. એય..! ચેતનજી! કે દર્શન સાથે સમ્યગ્જ્ઞાન થયેલું જ્ઞાન પ્રમાણજ્ઞાન થયેલું અશુદ્ધતા કેટલી, શુદ્ધતા કેટલી, શું છે એ જાણે. આવે છે એમાં. એમ છે. એ તો દૃષ્ટિના .. વ્યાખ્યામાં.. વિવેક પ્રગટે છે ત્યાં જ્ઞાનમાં. એકલું વિવેક ઉપર લક્ષ નથી એને. દૃષ્ટિ ઉપર લક્ષ, દ્રવ્ય ઉપર લક્ષસહિત જ્ઞાનની જે સમ્યક્તા શુદ્ધ થઈ, પ્રગટી એ બરાબર જાણે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય? કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર કેવા હોય? એ બધું જાણે

સમ્યગ્જ્ઞાન. સમજાણું કાંઈ? આહાહા..! 'चरदि सुद्धचरणं जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं। ' બહુ આકરું.

'**और वैसे ही रूपसदश धातु-पाषाणकी प्रतिमा...**' લ્યો! એવી વીતરાગ મુદ્રા હોય. ભલે પત્થર અને ધાતુની પ્રતિમા હોય એ વ્યવહાર પ્રતિમા કહેવામાં આવે છે. '**व्यवहारसे वंदने योग्य है.**' આહાહા..! ઓલા બાવળાથી નહોતા આવતા ખોજાભાઈ? ખોજા હીરાભાઈ. બાવળાના ખોજા હતા. અહીં તો આપણે એવું જોવું નહિ કોનું મંદિર. જૈન મંદિર હોય ગમે તે પગે લાગવું. .. એમ કહે છે. શ્વેતાંબર હોય કે દિગંબર હોય એ ભેદ પાડવા જ નહિ. કુંદકુંદાચાર્ય કહે છે કે ભાઈ શ્વેતાંબરની મૂર્તિ વસ્ત્ર સહિત હો કે મુનિ વસ્ત્રસહિત હોય એ બેય વંદન કરવાલાયક નથી. વાત તો આ છે ભાઈ! માર્ગ આવો છે. આ કાંઈ પક્ષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથે મુનિદશા અને દિગંબરદશા જે કીધી એ તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. અને એવી જ પ્રતિમા સામે હોય. પ્રતિમા ઉપર કપડા ને અત્તર ને શું કહેવાય બીજું? બહુ આવે તોડા તોડા ચાંદીના પહેરાવે છે ને? આંગી. આંગી કરે એ? .. પતરા રૂપાના જોયા. અને મુગટ તો ત્રણ લાખનો મુગટ. ત્રણ લાખનો મુગટ છે .. નહિ? ગયા હતા ને અમે એક ફેરી તો કહે ચાલો મુગટ જોવો હોય તો. અમે ગયા. મુગટ ઉતાર્યો હતો તે દિ'. ...સાથે હતાને સાકરચંદભાઈ. ત્રણ લાખનો મુગટ ભગવાનને માથે. એ પહેલાના ત્રણ લાખ હોં. આ તો ૫૫ની વાત છે. હવે તો મોંઘુ થઈ ગયું છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ઘણું મોંઘુ. આહાહા..! એ સવારમાં વિચાર આવતો હતો. ૯૨માં વળાના ઉતારામાં ભોજનશાળા ખોલવી હતી. સાડા ત્રણસોનો ખરડો થયો. હીરાભાઈના મકાનમાં હતાને ત્યારે પછી માણસો આવે. હીરાભાઈ જમાડતા... સાધુ આવે એને ઘરે. પછી ખરડો કર્યો. વળાના ઉતારામાં ભોજનશાળા ખોલવી. સાડા ત્રણસોનો ખરડો. અને અહીં પરમ દિ' બે મિનિટ આવીને પાંચસો મૂકી ગયા. કીધું આ જુઓ કેટલા ફેર! પૈસાની કેવી કિંમત! સાડા ત્રણસોનો ખરડો. લ્યો એય..! પરમ દિ' આવ્યા હતા ને. .. તંબોળી. હતા સ્થાનકવાસી. ..વાળા. સ્થાનકવાસી ને? દશાશ્રીમાળી. બે મિનિટ માટે ... ને દસ, પંદર હશે. જોવે તો પાંચસો. સોની પાંચ. હવે ઓલો સાડા ત્રણસોનો. ફરી ગઈ ને અત્યારે રૂપિયાની કિંમત ઘટી ગઈ.

મુમુક્ષુ :- .. થઈ ગઈ.

ઉત્તર :- .. થઈ ગઈ વાત સાચી. તે દિ' એટલા ભેગા બે, ચાર, પાંચ જણા બધા. નાગરભાઈ હતા ને .. કહે ભોજનશાળા. તે દિ' પણ પાંચ રૂપિયા અને છ રૂપિયા મહિને પડતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાગરભાઈ? હા એ. એ જ રહેતા ને રહેતા. છ રૂપિયા ... છે. અત્યારે તો ૮૦. તમારે

તો ત્યાં ૧૦૦ હોય રસોડે. ખર્ચ હોય. ફરી ગઈ દુનિયા આખી. આ દુનિયામાં ધર્મ પણ ફેરવી નાખ્યો. એ તો પહેલાનો ફરેલો છે ને. આહાહા..!

મુનિ પ્રતિમા જેની વીતરાગદશા બિંબ. આહાહા..! શ્રીમદ્ કહે છે ને, ચૈતન્ય પ્રતિમા થા, ચૈતન્ય પ્રતિમા થા. ચૈતન્યને વીતરાગ પાસે પરિણમાવ. એ ચૈતન્ય પ્રતિમા એ મુનિની સંયમસહિત છે. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત, સંયમસહિત છે એમ નક્કી કર્યું ને એણે? નિશ્ચય ચૈતન્ય પ્રતિમા કીધી. એવા જ આકારવાળી સામે. ખરેખર તો એને તો કાંઈ ન હોય. આ કેસર, ફૂલ ને એ બધું વીતરાગ મુદ્રાને ન હોય. વીતરાગ મુદ્રા તો જેવું છે એવું. પક્ષ બંધાઈ ગયા, ઝઘડા ઊભા થયા. વસ્તુસ્વરૂપ તો આવું છે. **'વ્યવહારસે વંદને યોગ્ય હૈં.'**

**'આગે ફિર કહતે હૈં :-'** હવે કેવળી લેશે.

> **दंसणअणंतणाणं अणंतवीरिय अणंतसुक्खा य।**
> **सासयसुक्ख अदेहा मुक्का कम्मट्ठबंधेहिं।।१२।।**
> **निरुवममचलमखोहा णिम्मिविया जंगमेण रूवेण।**
> **सिद्धट्ठाणम्मि ठिया वोसरपडिमा धुवा सिद्धा।।१३।।**

સિદ્ધની પ્રતિમા લીધી. સિદ્ધ સિદ્ધ. અહીંથી ગતિ કરેને એક સમય? એ અને ત્યાં ઠરે એ સિદ્ધ પ્રતિમા. એને સિદ્ધ પ્રતિમા કહીએ. જેને અનંત દર્શન પ્રગટ્યું છે. આહાહા..! એ સ્થાવર પડિમા છે. સ્થાવર એટલે સ્થિર રહેનારી એમ. ઓલી જંગમ પડિમા હતી. મુનિ, ગુરુ, શિષ્ય આમ ચાલે ગતિ કરે. આ સ્થિર સ્થિર છે. ભલે આમ એક સમય ગતિ કરે તોપણ સ્થિર છે. એ સ્થિર પ્રતિમા કહેવાય સ્થાવર પ્રતિમા. સ્થાવર એટલે આ એકેન્દ્રિય એમ નહિ. સ્થિર. સ્થિર. સિદ્ધ ભગવાન બસ.

એને **'અનંતદર્શન,...'** હોય છે. **'અનંતજ્ઞાન, અનંતવીર્ય ઔર અનંતસુખ સહિત હૈં;...'** **'શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ હૈં,...'** **'अणंतसुक्खा य'** અને **'सासयसुक्ख'** શાશ્વત સુખ જેને પ્રગટ્યું છે. આનંદ સ્વરૂપ જે ધ્રુવ આત્મા. આત્મા જે અનંત અનંત શાશ્વત સુખસ્વરૂપ છે. એ સુખદશા પ્રગટી છે જેને. અનંત સુખ જે આત્મામાં છે. અનંત સુખ પડ્યું છે એમ કહે છે. એમાંથી જેને અનંત સુખ પ્રગટ થયું છે એને સ્થાવર પડિમા કહેવામાં આવે છે. સ્થિરબિંબ થઈ ગઈ. આહાહા..! **'અદેહ હૈં—'** જેને દેહ નથી. સિદ્ધની વાત લેવી છે ને કેવળીની.

**'કર્મ નોકર્મરૂપ પુદ્ગલમયી દેહ જિનકે નહીં હૈ;...'** જેને કર્મ પણ નથી, શરીર પણ નથી. **'અષ્ટકર્મકે બંધનસે રહિત હૈં,...'** સિદ્ધ ભગવાન અષ્ટકર્મ બંધરહિત છે. એ જિન પ્રતિમા, સ્થાવર પ્રતિમા છે. આહાહા..! **'ઉપમા રહિત હૈં—જિસકી ઉપમા દી જાય ઐસી લોકમેં વસ્તુ નહીં હૈ;...'** ભગવાન સિદ્ધ પરમાત્માની દશાને ઉપમા કોની? જેને અનંત અનંત અપરિમિત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એવી દશા જેને પ્રગટી એની ઉપમા કોને આપે? આહાહા..! એવા જે સિદ્ધ

ભગવાન એને અહીંયાં સ્થિર પ્રતિમા કહેવામાં આવે છે.

**'અચલ હૈં—પ્રદેશોંકા ચલના જિનકે નહીં હૈ;...'** ભલે અહીં સ્થિત થાય અને એક ગતિ આમ કરે પણ એ ચલ.. એ તો. **'ચલના જિનકે નહીં હૈ; અક્ષોભ હૈં—જિનકે ઉપયોગમેં કુછ ક્ષોભ નહીં હૈ,...'** આકુળતા નહિ, ક્ષોભ નહિ. શાંત.. શાંતિ. શાંતિ. ઓલા સુખની સાથે શાંતિ છે. શાંતિ પૂર્ણ શાંત પ્રગટ દશા થઈ ગઈ. **'જંગમરૂપસે નિર્માપિત હૈં; કર્મસે નિર્મુક્ત હોનેકે બાદ એક સમયમાત્ર ગમનરૂપ હૈં, ઈસલિયે જંગમરૂપસે નિર્માપિત હૈ;...'** ઓલા સમયની પ્રતિમા કીધી ને. ટીકામાં અજંગમ નાખ્યો છે. કારણ કે અહીં .. કરવું છે ને.

**'સિદ્ધસ્થાન જો લોકકા અગ્રભાગ ઉસમેં સ્થિત હૈં;... ' 'જંગમરૂપસે નિર્માપિત હૈં;... '** એમ. જંગમ પ્રતિમા નહિ. **'જંગમરૂપસે નિર્માપિત હૈં;...'** આત્માના સ્વરૂપથી નિર્માનિત છે. એમ. આત્માનું જે સ્વરૂપ છે એનાથી નિર્મિત-પ્રગટ થયેલી છે. કહેવી છે તો એને સ્થાવર પ્રતિમા. સમજાણું? **'જંગમરૂપસે નિર્માપિત હૈં; કર્મસે નિર્મુક્ત હોને કે બાદ એક સમયમમાત્ર ગમનરૂપ હૈં,... '** અહીંયાં. જ્યાં દેહ છૂટે એટલે આત્મા... એક સમયમાત્ર જેની ગતિ છે. એનો એ સમય ત્યાં રહેવાનો, એનો એ સમય રસ્તાનો બધો એક જ છે. ઓહોહો..! એક સમય સાત રાજુ જાય અને ત્યાં રહે, એ પહેલો એક સમયમાં આ બધું આખું છે. આહાહા..!

**'અગ્રભાગ ઉસમેં સ્થિત હૈં; સિદ્ધસ્થાન જો લોકકા અગ્રભાગ ઉસમેં સ્થિત હૈં; વ્યુત્સર્ગ અર્થાત્ કાયરહિત હૈં—'** વ્યુત્સર્ગ એટલે કાયારહિત એમ. વ્યુત્સર્ગ પડિમા છે ને? ૧૩મી ગાથામાં. વ્યુત્સર્ગ. છે ને ૧૩મી? વ્યુત્સર્ગ પડિમા. વ્યુત્સર્ગ છે. દેહ છૂટી ગયો છે. એકલો આત્મા કાયરહિત. **'જૈસા પૂર્વ શરીરમેં આકાર થા વૈસા હી પ્રદેશોંકા આકાર-ચરમ શરીરસે કુછ કમ હૈં;...'** થોડું થોડું (ન્યૂન) છે. **'ધ્રુવ હૈ—સંસારસે મુક્ત હો (ઉસી સમય) એક સમયમાત્ર ગમન કર લોકકે અગ્રભાગમેં જાકર સ્થિત હો જાતે હૈં,...'** સાદિ અનંત અનંત ત્યાં સ્થિત થઈ જાય. એ કહે ધર્માસ્તિકાય નથી એટલે નથી જતા. એમ. પણ એની પોતાની સ્થિતિ જ એટલી છે ત્યાં. એની મોટી તકરાર છે. જુઓ ત્યાં આગળ બીજું દ્રવ્ય નથી માટે (જતા નથી), એની શક્તિ તો જવાની છે. પણ શક્તિ જ એટલી છે. જવાની શું હોય? આહાહા..! ધર્માસ્તિકાય અભાવ. એમ આવે ને? પણ પહેલું તો ત્યાં અગ્રભાગે સ્થિત છે એ સિદ્ધ કરીને પછી ધર્માસ્તિકાયનો અભાવની વાત છે. એનો સ્વભાવ જ એટલો ત્યાં આગળ સ્થિર થઈ જવાનો બસ. આગળ જવાની એની યોગ્યતા જ નથી, પોતાની નથી અને ધર્માસ્તિ નથી. ભારે તકરાર. બધી નિમિત્તની તકરારો. એની પર્યાય સ્વકાળની ત્યાં સ્થિત થવાને લાયક જ છે બસ. **'ફિર ચલાચલ નહીં હોતે હૈં...'** ત્યાંથી પાછા અવતાર ધારણ કરવું એમ છે નહિ. **'ઐસી પ્રતિમા સિદ્ધ ભગવાન હૈ.'** લ્યો!

**'ભાવાર્થ :- પહિલે દો ગાથાઓંમેં તો જંગમ પ્રતિમા સંયમી મુનિયોંકી દેહસહિત**

કહી.' આ સ્થિત છે એ જંગમ પ્રતિમા નથી. એ તો જંગમરૂપથી નિર્મિત છે એમ કહે છે. પ્રતિમા તો સ્થાવર છે. ચૈતન્યસ્વરૂપથી નિર્મિત થઈ ગયેલી. જુદી જુદી વાતું છે. .. નાખે. શરીરમાં રહેલો આત્મા. એવા આત્માસહિતનો દેહ એટલે એને જંગમ પ્રતિમા કહે છે. શરીરરહિત સિદ્ધ ભગવાન એને સ્થાવર પ્રતિમા કહે છે. **'પહિલે દો ગાથાઓંમેં તો જંગમ પ્રતિમા સંયમી મુનિયોંકી દેહસહિત કહી.'** જોયું ને? **'સંયમી મુનિયોંકી દેહસહિત કહી.'** એમ.

**'ઈન દો ગાથાઓંમેં થિરપ્રતિમા સિદ્ધોંકી કહી, ઈસપ્રકાર જંગમ-થાવર પ્રતિમાકા સ્વરૂપ કહા. અન્ય કઈ અન્યથા બહુત પ્રકારસે કલ્પના કરતે હૈં...'** એ નાખ્યું છે. **'વહ પ્રતિમા વંદન કરને યોગ્ય નહીં હૈ.'** ઘણાં પ્રકારની કલ્પનાઓ બધી. નિશ્ચય પ્રતિમામાં અને વ્યવહારમાં જે કલ્પિત કર્યું છે એ બધું વંદન યોગ્ય નથી. પૂછતા હતા કે અમે સાથે હોઈએ ત્યારે શું કરવું? હિંમતભાઈના ભાઈ. બેંગ્લોર. બધા સાથે હોય અને અમે પછી અંદર ન જઈએ તો ઓલું થાય. મેં કીધું, ભાઈ અહીં તો લાજ અને લજ્જા માટે કાંઈ કરવાનું નથી. માર્ગ તો આવો છે. એના બનેવી વૈષ્ણવ છે ને અહીં. ભગવાનભાઈનો દીકરો. .. વૈષ્ણવ છે. એની સાથે જાય એટલે પછી એ જાય ને મારે ઊભા રહેવું? વૈષ્ણવ છે. ..ભાઈ વકીલ છે ને એની દીકરી. એ હિંમતભાઈના .. બધા સાથે જાય. ઊભા રહીએ પગે ન લાગીએ. માર્ગ આ છે. વ્યવહાર સાચવવા નથી કહ્યું. આ તો ધર્મની વાત છે, ભાઈ!

વીતરાગ મુદ્રા, વીતરાગી સંત એ સિવાય વંદનને યોગ્ય છે જ નહિ. માર્ગ આવો ભારે ભાઈ! લજ્જા ગારવ .. આવતું નથી? ... લજ્જાથી, ભયથી પણ બીજાને વંદન ન કરે. સાચી પ્રતિમા ભગવાન આત્માની અને પ્રતિમા વીતરાગ મુદ્રા એ સિવાય બીજાને વંદન ન કરે. લજ્જાથી નહિ, ગારવથી નહિ. એટલે કે મારે હવે .. શાતા ગારવ, રસગારવ, ઋદ્ધિ ગારવને.. વંદન ન કરે. લજ્જાથી. રાજા છે. એ રાજા કહે તો આપણે લજ્જાને .. કરવું પડે. માર્ગ એવો છે ભાઈ! લજ્જાથી પણ વીતરાગ માર્ગથી વિરૂદ્ધ શ્રદ્ધાવાળા, વિરૂદ્ધ ભેખવાળા... ઝીણી વાત છે.

**'અન્ય કઈ અન્યથા બહુત પ્રકારસે કલ્પના કરતે હૈં વહ પ્રતિમા વંદન કરને યોગ્ય નહીં હૈ.'** જૈનદર્શનમાં પણ એ પ્રતિમાને જે કપડા આદિ રાખેલા છે એ વંદન કરવાલાયક છે જ નહિ. આહાહા..! આવું છે ..ભાઈ! ભારે જગતથી તો અતડું. માર્ગ તો આવો છે. એ કુંદકુંદાચાર્ય ઊભા હોય અને આ વાત કરતા હોય અને એની સામે કુંદકુંદાચાર્યને માનનારાઓ, વળી એ કહે એનાથી વિરૂદ્ધ કરે તો એ કુંદકુંદાચાર્યનો અનાદર કર્યો એણે. વસ્તુ તો એવી છે.

**'યહાં પ્રશ્ન :— યહ તો પરમાર્થરૂપ કહા ઔર બાહ્ય વ્યવહારમેં પાષાણાદિકકી પ્રતિમાકી વંદન કરતે હૈં વહ કૈસે?'** પ્રશ્ન થયો. **'ઉસકા સમાધાન :— જો બાહ્ય વ્યવહારમેં મતાંતરકે ભેદસે અનેક રીતિ પ્રતિમાકી પ્રવૃત્તિ હૈ યહાં પરમાર્થકો પ્રધાનકર કહા હૈ...'** બાહ્ય વ્યવહારમાં મતાંતરથી ઘણી પ્રવૃત્તિ થઈને આ બધી ઊભી? એને છોડાવવા પરમાર્થથી પ્રધાન કરીને કહ્યું. **'ઔર**

વ્યવહાર હૈ વહાં **જૈસા પ્રતિમાકા પરમાર્થરૂપ હો...'** જેવું પ્રતિમાનું પરમાર્થ સ્વરૂપ છે નગ્નદિગંબર. 'ઉસીકો સૂચિત કરતા હો વહ નિર્બાધ હૈ.' આહાહા..!

**'જૈસા પરમાર્થરૂપ આકાર કહા વૈસા હી આકારરૂપ વ્યવહાર હો તો વ્યવહાર ભી પ્રશસ્ત હૈ;...'** નગ્ન દિગંબર મુદ્રા જેવી મુનિની છે એવી જ સામે નગ્ન મુદ્રા પ્રતિમા હોય તો એ વ્યવહાર છે. એનાથી ફેરફાર જરીએ હોય તો એ વ્યવહાર છે નહિ. આ તો હવે ૪૮ વર્ષ થયા ને ઘણાં વર્ષ થયા. હવે બહાર સ્પષ્ટતામાં ક્યાં વાંધો છે? **'વ્યવહારી જીવોંકે યહ ભી વંદન કરને યોગ્ય હૈ.'** વ્યવહારી જીવની વાત છે ને? સાધકજીવની. પ્રતિમા ભગવાનની મુદ્રા. 'જિન પ્રતિમા જિન સારખી.' આવે છે ને બનારસીદાસમાં. 'જિન પ્રતિમા જિન સારખી. કહી જિનાગમ માહી.' લેશ દોષ લાગે તો વંદન નાહિ. બનારસીદાસ. બનારસીદાસમાં છે. બનારસીવિલાસ.

**'સ્યાદ્વાદ ન્યાયસે સિદ્ધ કિયે ગયે પરમાર્થ ઔર વ્યવહારમેં વિરોધ નહીં હૈ.'** પરમાર્થ છે એ નિશ્ચય વીતરાગતા જેને પ્રગટી છે, નગ્નમુદ્રા એ મુનિપણું એ નિશ્ચય પ્રતિમા. સ્યાદ્વાદમાં એવા જ સામે પ્રતિમા હોય એ પણ વંદન કરવાલાયક છે, એમાં વિરોધ છે નહિ. આવો નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય છે. આહાહા..!

મુમુક્ષુ :- .. વિરોધી હોય.

ઉત્તર :- વિરોધી હોય તો વિરોધી તો કીધું છે. વિરોધી હોય છતાં વિરોધ નથી એટલે? કે એવો ભાવ હોય તો એમાં નુકસાન થઈ જાય નિશ્ચયને એમ નથી. વ્યવહારનો ભાવ છે વંદનનો. શુભભાવ છે એ. અશુભથી બચવા શુભભાવ આવે છે. નિશ્ચય સ્વભાવથી વ્યવહાર વિરૂદ્ધ છે. પણ વ્યવહારથી વ્યવહાર બરાબર છે એ એમ કહે છે. વ્યવહાર હોય છે ને એ ટાણે. નિશ્ચય છે એનાથી વ્યવહાર વિરૂદ્ધ અને વ્યવહાર હેય છે. પણ વ્યવહાર આવે છે કે નહિ વચમાં? તો વ્યવહાર તરીકે સત્ છે કે નહિ? આહાહા..! એવું છે બધું. એમાં પરમાર્થને વ્યવહાર વિરોધ નથી. એ શું કીધું? કે ભાઈ આવી તમે ચૈતન્ય પ્રતિમા કીધી અને વળી આ નગ્ન પ્રતિમા વળી કીધી. તો એનાથી વિરૂદ્ધ પણ એ તો નિશ્ચયથી વિરૂદ્ધ વ્યવહાર લ્યો. હવે વ્યવહારથી તો વ્યવહાર બરાબર છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે. વ્યવહાર નથી? વ્યવહારથી નિશ્ચયને લાભ નથી. પણ વ્યવહાર વ્યવહારના સ્થાનમાં વ્યવહાર નથી તો તો કેવળી થઈ જાય, પ્રમાણજ્ઞાન થઈ જાય. આહાહા..! એવું છે ભાઈ! કંઈપણ થોડો ઘણો ફેરફાર કરે તો આખો ફેરફાર થઈ જાય. આહાહા..! મધ્યસ્થ રીતે જોવું.

એ પ્રશ્ન કર્યો ને કે પરમાર્થે આવી ચૈતન્ય પ્રતિમા કહેવી અને વળી પાછી પ્રતિમા આવી નગ્ન .. પૂજવી? ભાઈ વ્યવહાર તરીકે હોય છે. નિશ્ચય છે એ બંધનું કારણ નથી, પણ વ્યવહાર બંધનું કારણ સાથે છે કે નહિ? વ્યવહાર છે કે નહિ? કે નથી જ?

મુમુક્ષુ :- બંધ..

ઉત્તર :- બંધ થયો એ જ કીધું. કે બંધ ને નિશ્ચયની અપેક્ષાએ વિરૂદ્ધ છે, પણ બંધનો ભાવ ત્યાં બંધભાવરૂપે છે કે નહિ? વ્યવહાર વ્યવહારનો વિષય છે કે નહિ? સમજાણું કાંઈ? હેય છે, નિશ્ચયની અપેક્ષાએ તે બે નય વિરૂદ્ધ છે. પણ વિરૂદ્ધ પણ નય છે કે નહિ? એ જ નિશ્ચયથી વ્યવહારથી વિરૂદ્ધ છે. એ તો સિદ્ધ કરવું છે. પણ છતાં વ્યવહાર છે. છે ત્યારે વિરૂદ્ધ થયું ને? આહાહા..! આવી વાતું ભારે મેળ કરવો. સ્વરૂપની વૃત્તિ અને સ્થિરતા જેને પ્રગટી એ તો જૈન પ્રતિમા નિશ્ચય છે. પણ હવે જ્યારે આવો વ્યવહાર હોય છે કે નહિ? સામે એવા જ આકારની પ્રતિમા અને એવા જ આકારની .. વ્યવહારે વંદનિક છે. એ તો નિશ્ચયને વંદન કરવું એ પણ વ્યવહાર છે, પણ એ ઓલો નિશ્ચયને વંદન કરે છે એમ કહે છે. પરને વંદન કરવું એ જ વ્યવહાર છે. પણ અહીં નિશ્ચય છે એને વંદન કરે અને ઓલો વ્યવહાર છે એને વંદન કરે એટલો ફેર છે એમ. શું કીધું સમજાણું?

પરને વંદન કરવું એ પોતે વ્યવહાર છે. પણ એ વ્યવહારના પ્રકારમાં બે ભેદ. એક નિશ્ચય જે શુદ્ધ પ્રતિમા છે એને વંદન કરવું એ નિશ્ચયનો વ્યવહાર અને ઓલાને કરવું એ વ્યવહારનો વ્યવહાર. આવું છે. ભાઈ આમાં તો એણે દિમાગથી જાણવાનો પ્રયત્ન કરવો પડશે. માર્ગ આ છે. ઓછું, અધિક, વિપરીત કાંઈ ન ચાલે. પૂછયું હતું ને ... વ્યવહારને મૂકીને મૂકીશ નહિ. એટલે શું? વ્યવહાર છે. ગાથા આવે ને.. સામે? વ્યવહાર નથી એમ છે? પણ વ્યવહારથી નિશ્ચય પામે એમ નથી. બેયને વિરોધ છે. નય વિરોધ છે. કહો, હીરાભાઈ! આવું ભારે ભાઈ! આ તો મધ્યસ્થની વાતું છે બાપા! જરીક પણ ન્યાય મરડે તો બધો ફેરફાર થઈ ગયો. સમજાણું કાંઈ?

નિશ્ચય વંદનિક કીધું એની સાથે વ્યવહાર પણ વંદનિક કીધો. વસ્તુ છે કે નહિ? પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે એ ભાવ આવ્યા વિના રહેતો જ નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે, એનો વિનય આદિ.. હોય છે કે નહિ? છતાં એ શુભભાવ છે, એ વ્યવહાર છે. નિશ્ચયના સ્વભાવની અપેક્ષાથી વિરૂદ્ધ છે. પણ એ વિરૂદ્ધ જે નિશ્ચય વર્તમાન છે એને નુકસાન નથી કરતું. શું કીધું? એ આવે છે ને વ્યવહાર? આવ્યું હતું ને નિશ્ચય? વ્યવહારનો જે વિકલ્પ છે એકલો એ તો શુદ્ધ નિશ્ચયને આગળ વધીને રોકે છે. સમજાય છે? પણ વર્તમાન નિશ્ચયનો વિરોધ નથી. નિશ્ચય ત્યાં રહેતો નથી, આવો વ્યવહાર હોય તો નિશ્ચય રહેતો જ નથી એમ નથી. નિશ્ચય અને વ્યવહાર બેય સાથે આવે છે ને?

મુમુક્ષુ :- નિશ્ચય વ્યવહાર સાથે વ્યવહાર..

ઉત્તર :- નથી આવ્યું? સમયસારમાં આવ્યું છે. પુણ્ય-પાપ અધિકારમાં. કર્મધારામાં.

મુમુક્ષુ :- જ્ઞાનધારામાં સાથે રહેવામાં વાંધો નથી.

ઉત્તર :- એ જ્ઞાનધારા અને કર્મધારા સાથે રહેવામાં વાંધો નથી. એ બરાબર કહ્યું છે. સમજાણું કાંઈ? શ્લોકમાં કહ્યું છે એ. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા, એની નિર્મળ દૃષ્ટિમાં શુદ્ધનો આદર અને પોતાનો આદર એ નિશ્ચય છે. છતાં ત્યાં વ્યવહાર રાગધારા, કર્મધારા હોય છે. હોય છે એ કાંઈ એમાં

વિરોધ નથી. વિરોધ નથી એટલે? કે આ વર્તમાન નિશ્ચય છે તેને નુકસાન નથી કરતું. વિશેષ નિશ્ચય ઉત્પન્ન નથી થતું. પણ વર્તમાન નિશ્ચય છે એનો વિરોધ નથી કરતું. આહાહા..! સમજાણું કાંઈ? ઘણા પડખા પડે આમાં. આ તો ભાઈ મધ્યસ્થથી... અનેકાંત માર્ગ છે ને. સ્યાદ્વાદ છે એને એ રીતે સમજવું પડશે. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે. ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એ.' વાદવિવાદે પાર પડે નહિ. વસ્તુસ્થિતિ જ આવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજતા નથી ભાષા તમારી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અત્યારે તકરાર કરવા જેવું નથી. અત્યારે તો વાત એ છે. આહાહા..!

**'સ્યાદ્વાદ ન્યાયસે સિદ્ધ કિયે ગયે પરમાર્થ ઔર વ્યવહારમેં વિરોધ નહીં હૈ.** ' અપેક્ષિત વાત સિદ્ધ કરવામાં ચૈતન્ય નિર્વિકલ્પદશા સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્ર એ જિન પ્રતિમા નિશ્ચયથી વંદન લાયક છે અને એવા જ આકારવાળી જિન પ્રતિમા પણ વ્યવહારે વંદન લાયક છે. આ પણ વ્યવહાર છે અને આ પણ વ્યવહાર છે. પણ આ વ્યવહાર નિશ્ચયને વંદન કરે છે અને આ વ્યવહાર વ્યવહારને વંદન કરે છે. આવું છે.

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- .. અનાદિ વાત છે. વસ્તુની સ્થિતિ આવી છે. કોઈનો પક્ષ ત્યાં ક્યાં ચાલે છે? એથી કહ્યું ને? **'સ્યાદ્વાદ ન્યાયસે સિદ્ધ કિયે ગયે...'** જુઓ! નિશ્ચયથી એ સિદ્ધ કર્યું, વ્યવહારથી આ સિદ્ધ કર્યું. પરમાર્થ અને વ્યવહારમાં કોઈ વિરોધ નથી.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગપ્રકાશકમાં ..

ઉત્તર :- એ તો કઈ અપેક્ષાએ કહ્યું? પરસ્પર વિરૂદ્ધ છે. વિરૂદ્ધ તો કીધું પહેલું. વિરોધ છે, એ નિશ્ચય અહીં છે, આવું (વ્યવહાર) આવે છે એ વર્તમાન નિશ્ચયને નુકસાન કરે છે એમ નથી. એથી તો બે ધારા સાથે હોય છે એમ કીધું. સમજાણું? પણ છે તો વિરૂદ્ધ. નિશ્ચય અને વ્યવહાર નય તો વિરૂદ્ધ જ છે ને. નિશ્ચય સ્વભાવનો આશ્રય લે છે, વ્યવહાર પરનો આશ્રય લે છે. બેય વિરૂદ્ધ છે. પણ વિરૂદ્ધ હોવા છતાં તેની ભૂમિકા પ્રમાણમાં આવે તો તે દશાને નુકસાન નથી કરતું. એમ જ્ઞાનધારા જે છે, શ્રદ્ધા ધારા એને એ વ્યવહાર નુકસાન નથી કરતું. માટે સાથે રહેવામાં વાંધો નથી. આમ છે ભાઈ! એ જિનપ્રતિમાનું સ્વરૂપ કહ્યું.

**'આગે દર્શનકા સ્વરૂપ કહતે હૈં :—'** જુઓ! ૧૪મી ગાથા આવી હતી ને? દર્શનપાહુડની. ૧૪મી ગાથા. એ અહીં ૧૪મી દર્શનની વાત છે. ત્યાં પણ જિનદર્શનની વાત હતી. અહીં દર્શનની વાત. એ બેય ૧૪મી ગાથા આવી. ત્યાં ૧૪મી કીધું હતું ને અષ્ટપાહુડમાં. ... ૧૪મી. ૧૪. પાનું ૨૦ છે.

दुविंह पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।
णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।१४।।

એને જૈનદર્શન કહીએ. 'જહાં બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો ઔર મન-વચન-કાયા ઐસે તીનોં યોગોમેં સંયમ હો...' જોયું! 'તથા કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કારણ જિસમેં શુદ્ધ હો વહ જ્ઞાન હો,...' એટલે ખોટા જ્ઞાનમાં પણ મન, વચનને ક્યાંય પ્રેરે નહિ. આ શાસ્ત્રનું જ્ઞાન એ લોકો ચલાવતા હતા ને બધું? એની સામે આ વાત છે. શાસ્ત્ર ઘણા આવ્યા. 'નિર્દોષ જિસમેં કૃત, કારિત, અનુમોદના અપનેકો ન લગે ઐસા, ખડે રહકર પાણિપાત્રમેં આહાર કરે,...' હાથમાં આહાર કરે. 'ઇસપ્રકાર મૂર્તિમંત દર્શન હોતા હૈ.' લ્યો! આને જૈનદર્શન કહેવામાં આવે છે. મૂર્તિમંત એનું સ્વરૂપ આ જૈનદર્શન છે. આહાહા..! એવું જ અહીં કહે છે. દર્શનનું સ્વરૂપ આમ દેખાય માર્ગ આમ. આહાહા..!

दंसेइ मोक्खमग्गं सम्मत्तं संजमं सुधम्मं च।
णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।

જિનમાર્ગમાં દર્શન કહ્યું આ રીતે. કહો, સમજાણું? ત્યાં પણ એ કહ્યું. '**उब्भसणे दंसणं होदि**' એટલું કહ્યું. ત્યાં દર્શન છે. અહીં જિનમાર્ગમાં દર્શન આને કહ્યું છે. ત્રિલોકનાથની વાણી કુંદકુંદાચાર્ય જગતમાં જાહેર કરે છે કે જિનમાર્ગમાં તો આને દર્શન કહ્યું છે. જેની દશા સમકિતસહિત મોક્ષમાર્ગવાળી સંયમસહિત, સુધર્મસહિત, નિર્ગ્રંથ અને જ્ઞાનમયી-એકલી દશા જેની જ્ઞાનમય થઈ ગઈ છે. એને જિનમાર્ગમાં દર્શન કહ્યું છે લ્યો! મોક્ષમાર્ગ અંદર દેખાય જેને દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટી છે. ત્યાં પણ એમ કહ્યું છે બાહ્ય અભ્યંતર. એવું જિનમાર્ગમાં દર્શન જૈનદર્શન તો આને કહે છે. આહાહા..! કુંદકુંદાચાર્ય પોકાર કરે છે કે વીતરાગમાર્ગમાં કેવળીઓએ-સર્વજ્ઞોએ જૈનદર્શન આને કહ્યું છે. સમજાણું કાંઈ?

'**અર્થ :- જો મોક્ષમાર્ગકો દિખાતા હૈ વહ દર્શન હૈ,...**' જોયું! દેખાય આમ. દિગંબર મુદ્રા અને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રદશા દેખાય મોક્ષમાર્ગમાં, એ જૈનદર્શન છે. સમજાણું કાંઈ? '**સમ્યક્ત્વ અર્થાત્ તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ સમ્યક્ત્વસ્વરૂપ હૈ, સંયમ અર્થાત્ ચારિત્ર પંચમહાવ્રત, પંચસમિતિ, તીન ગુપ્તિ ઐસે તેરહ પ્રકાર ચારિત્રરૂપ હૈ,...**' એ સહિત જે હોય એને જૈનદર્શન કહેવામાં આવે છે. સમકિત નહિ. જૈનદર્શન. એવા જૈનદર્શનની શ્રદ્ધા આત્માથી થાય તેને સમકિત કહે છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૩, ગુરુવાર તા. ૧૩-૧૨-૧૯૭૩**
**ગાથા - ૧૪, ૧૫, પ્રવચન - ૬૬**

જૈનદર્શન. એનું સ્વરૂપ.

दंसेइ मोक्खमग्गं सम्मत्तं संजमं सुधम्मं च।
णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।

'**અર્થ :- જો મોક્ષમાર્ગકો દિખાતા હૈ વહ દર્શન હૈ,...**' જેને દેખવાથી મોક્ષમાર્ગ દેખાય. એમ. જેને અંતરમાં જ્ઞાનમય. એ શબ્દ બહુ આવે છે બધે. '**णाणमयं**' '**णाणमयं**' એનો અર્થ એ કે હું જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનમય, દર્શન, જ્ઞાન અને ચારિત્ર બધું જ્ઞાનમય થઈ ગયું. એવું જે દર્શન દેખાડે આમ બાહ્ય. જ્ઞાનમય વસ્તુ દર્શન, જ્ઞાનમય જ્ઞાન જ્ઞાનમય, ચારિત્ર જ્ઞાનમય. અને બાહ્યમાં નગ્નદશા. એ દેખાડે તેને મોક્ષમાર્ગ કહે છે લ્યો! મોક્ષમાર્ગ દેખાડે છે એમ કહે છે. સમ્યક્ત્વ એટલે તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમકિત સ્વરૂપ. એમાં સમ્યગ્દર્શન હોય છે. વીતરાગે કહેલા માર્ગની અંતર્મુખ થઈને પ્રતીત, શ્રદ્ધા એને સંયમ હોય છે, ચારિત્ર. જૈનશાસન મહાવ્રતથી કહ્યું. પચંમહાવ્રત નિશ્ચય છે. એ વ્યવહાર હોય તો એ નિશ્ચયને બતાવવા માટે છે વાત.

'**પંચમહાવ્રત, પંચસમિતિ, તીન ગુપ્તિ ઐસે તેરહ પ્રકાર ચારિત્રરૂપ હૈ, સુધર્મ અર્થાત્ ઉત્તમ-ક્ષમાદિક દશલક્ષણ ધર્મરૂપ હૈ,...**' સમ્યગ્દર્શનરૂપ, ચારિત્રરૂપ અને ઉત્તમ ક્ષમાદિક દશલક્ષણરૂપ ધર્મ. સમ્યગ્દર્શનમાં જેને ઉત્તમ ક્ષમાદિક ચારિત્રના ભેદ પ્રગટ થયા છે. '**નિર્ગ્રંથરૂપ હૈ...**' જેની બાહ્ય દશા અને '**બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત હૈ,...**' બાહ્યમાં પણ જેને વસ્ત્રનો ધાગો પણ નથી. અંતરમાં જેને જ્ઞાનમયદશા, શ્રદ્ધા, ચારિત્ર આદિ પ્રગટ થઈ છે. '**જ્ઞાનમયી હૈ—જીવ, અજીવાદિ પદાર્થોંકો જાનનેવાલા હૈ.**' એમ નથી, ભગવાન! એ તો જ્ઞાનમયી છે એનો અર્થ આ છે. ઘણી ગાથામાં આવશે. '**णाणमयं**' '**णाणमयं**' '**णाणमयं**' આ જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા છે એ જ્ઞાનમય જેની દશા, શ્રદ્ધા અને જ્ઞાનની, શાંતિની, સ્થિરતાની. જ્ઞાનની દશા થઈ ગઈ છે બધી. રાગની દશા નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

એ વસ્તુ પોતે આત્મા જ્ઞાનમયી છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પણ જ્ઞાનમય થઈ જાય છે. એને અભ્યંતર જૈનદર્શન કહીએ અને બાહ્ય નિર્ગ્રંથદશા એ બાહ્ય વસ્તુ. આહાહા..! એ ૧૪મી ગાથામાં આવી ગયું હતું પહેલું. બાહ્ય-અભ્યંતર. ઊભા ઊભા આહાર, નવકોટીએ જ્ઞાન શુદ્ધ સંયમસહિત એને, અષ્ટપાહુડમાં પહેલું દર્શનપાહુડમાં, એને દર્શન કહ્યું હતું. અહીં એ દર્શન કહ્યું છે. '**બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત હૈ, જ્ઞાનમયી હૈ...**' એ તો એકલું જ્ઞાનસ્વરૂપમય ચિદ્‌ઘન થઈ ગયો છે. 'બાહ્ય-

**અભ્યંતર પરિગ્રહ રહિત હૈ, જ્ઞાનમયી હૈ...** ' '**યહાં નિર્ગ્રંથ ઔર જ્ઞાનમયી યે દો વિશેષણ દર્શનકે ભી હોતે હૈં, ક્યોંકિ દર્શન હૈ સો બાહ્ય તો ઈસકી મૂર્તિ નિર્ગ્રંથ હૈ ઔર અંતરંગ જ્ઞાનમયી હૈ.**' લ્યો! જોયું! આહાહા..! મૂળ તો આમ કહેવા માગે છે. કહ્યો શબ્દાર્થ. '**णाणमयं**' '**णाणमयं**' જ આ બોલમાં.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ. આ બાહ્યમાં એકલા વ્રતને લઈને સાધુ છીએ એમ માનતા હતા ને? એની સામે આ વાત છે. બહારની ક્રિયાકાંડ, પંચમહાવ્રતના વસ્ત્રસહિત કહે છે. એ નહિ. એ મુનિપણું નહિ અને એ જ્ઞાનમય નહિ. એકલો ભગવાન આત્મા જ્યાં જ્ઞાનસ્વરૂપી પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર બધું જ્ઞાનમય થઈ ગયું છે. એવું એ બીજા ભેખમાં કે બીજા મતમાં હોતું નથી, એમ કહેવું છે. સમજાણું કાંઈ? ઓલા તો પંચ મહાવ્રત ને બાહ્ય ક્રિયા ને શુભરાગને એમ માનતા ને? અહીં કહે છે કે એ નહિ. અંતર જ્ઞાનમયી સ્વરૂપ છે. જ્ઞાનમયી એટલે જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર બધી સ્વભાવની ધારા હોય, જ્ઞાનની ધારા એ છે. કર્મધારા નથી ત્યાં. બીજી રીતે ઓલું પંચમહાવ્રત આદિથી માનતા ને? એટલે કર્મધારા રાગ ધારા. એ જ્ઞાનમય સ્વરૂપ નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? જેને ભગવાન આત્મા અને તે જેને જૈનદર્શન આવું મળ્યું હોય એને અંદર આવી જ્ઞાનમયી દશા થાય, બીજા માર્ગમાં એને આવી જ્ઞાનદશા હોય જ નહિ.

મુમુક્ષુ :- વિપરીત જ છે.

ઉત્તર :- વિપરીત જ બધું. જ્ઞાનમય નથી. ક્રિયાકાંડમાં બહારની પ્રવૃત્તિની જે શરીરની કે શુભરાગની માને એ કાંઈ વસ્તુ નથી, એમ. અને શાસ્ત્રના જાણપણા હોય, વાતું કરે, એ કાંઈ વસ્તુ નથી. વસ્તુ તો ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી, એનું જ્ઞાનમય, શ્રદ્ધા જ્ઞાનમય, જ્ઞાનમય જ્ઞાન અને જ્ઞાનમય સ્થિરતા એની બધી જ્ઞાનમય, આત્મમય થઈ ગઈ છે. એને અહીંયા જૈનદર્શન અને એને મુનિપણું કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ ફેરફાર થઈ ગયો હતો ને એટલે કુંદકુંદાચાર્યને આવી સ્પષ્ટતા કરવી પડી.

દર્શનને બાહ્ય મૂર્તિ નિર્ગ્રંથદશા. જેની વીતરાગતા બાહ્યમાં દેખાય. જેને કોઈ વસ્ત્ર, પાત્ર, સ્ત્રી, કુટુંબ, આયુધ કાંઈ હોતું નથી. એવી વીતરાગતા દેખાય. એવી અંતરમાં જ્ઞાનમયીદશા, એ વીતરાગમયી દશા. આહાહા..! સમજાણું કાંઈ? '**અંતરંગ જ્ઞાનમયી હૈ.**' જોયું! લીધું ને? બાહ્ય મૂર્તિ નિર્ગ્રંથ અને અંતર જ્ઞાનમયી છે. એ વસ્તુ છે, એનો કહેવાનો આશય આમ છે. ચૈતન્ય ભગવાન અંતર રાગથી રહિત જ્ઞાયકની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં છે એ જ્ઞાનમયી મૂર્તિ નિર્ગ્રંથ અંદર છે. એમ કહે છે. સમજાણું? બહારની પ્રવૃત્તિ સમિતિ, ગુપ્તિ અને બહારની પ્રવૃત્તિ એ તો વિકલ્પ, રાગ છે. એ અભ્યંતર અંગ નથી.

'**અંતરંગ જ્ઞાનમયી હૈ. ઈસપ્રકાર મુનિકે રૂપકો જિનમાર્ગમેં દર્શન કહા હૈ...** ' લ્યો ઠીક! મુનિના આવા રૂપને જૈનમાર્ગમાં દર્શન કહ્યું. જેને અંતરંગમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર જ્ઞાનમયી દશા થઈ

ગઈ છે અને બાહ્યમાં નગ્નદશા, દિગંબર બાહ્યમાં કાંઈપણ પરિગ્રહનો અંશ દેખાતો નથી એને અહીંયા નિર્ગ્રંથ મુનિનું રૂપ એને જૈનદર્શન કહ્યું છે. કહો, સમજાણું આમાં? પાઠ છે ને 'जिणमग्गे दंसणं भणियं' જૈનમાર્ગમાં આને દર્શન કહ્યું છે. સમકિતને પછી. એ તો પછી કહેશે જુઓને. એ પછી કહેશે.

'**ઈસપ્રકારકે ઐસે રૂપકે શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વસ્વરૂપકો દર્શન કહતે હૈં.** ' પછી એમ. આવું જૈનમાર્ગમાં દર્શન કહ્યું છે કે જેને આત્મજ્ઞાન ને દર્શન ને ચારિત્ર જ્ઞાનમયી પરિણમી ગયા છે. એટલે બાહ્યમાં જેની વીતરાગતા નિર્ગ્રંથદશા દેખાય છે એને અહીં જૈનમાર્ગમાં દર્શન કહેવામાં આવે છે. આહાહા..! વ્યાખ્યા તો જુઓ! સમજાણું કાંઈ? જેને જ્ઞાનમયી, દર્શન, આનંદ અને શાંતિ જ્ઞાનમયી થયા નથી અને એકલી ક્રિયામાં બહારમાં દેખાય મહાવ્રત ને, .. એ કાંઈ જૈનદર્શન નથી કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! બોધપાહુડ. બોધપાહુડ છે ને આનું નામ? જ્ઞાનપાહુડ, જ્ઞાનમયી, જ્ઞાનમયીનું બોધપાહુડ.

આત્મા અંતરંગમુખ થઈને જ્ઞાનમયી શ્રદ્ધા, જ્ઞાનમયજ્ઞાન અને જ્ઞાનમય સ્થિરતા એ અંતરંગ જૈનદર્શન છે. બાહ્યમાં વ્યવહારે આ નગ્નદશા, મુદ્રા એવું નિમિત્તપણું હોય છે. એ મોક્ષમાર્ગ દેખાડે છે એમ કહે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે, એ ત્રણેય જ્ઞાનમય છે એમ કહે છે. કોઈ વ્યવહારના વિકલ્પમાં એ દર્શન નથી એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ એ અંતરંગ વસ્તુ નથી. અંતરંગ જેને જ્ઞાનમય શ્રદ્ધા, જ્ઞાનમય જ્ઞાન અને રમણતા હોય, એને બાહ્ય પછી પાંચ મહાવ્રતનો વિકલ્પ અને નગ્નદશા હો. આ જૈનદર્શન અને જૈનમાર્ગ દેખાડે છે. સમજાણું કાંઈ? જુઓ! આ કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે કે જૈનમાર્ગમાં 'णाणमयं जिणमग्गे दंसणं भणियं' આહાહા..! એ રાગની ક્રિયા વિનાનું આત્માનું જ્ઞાન અને ક્રિયા છે એને અહીં જૈનદર્શનમાં જૈનદર્શન, જૈનમાર્ગમાં એને જૈનદર્શન કહે છે. આહાહા..! બહારમાં જેનું મુનિરૂપ, વીતરાદશા છે આ.

'**ઐસે રૂપકે શ્રદ્ધાનરૂપ...**' હવે. આવો જે દર્શન અંતર આત્મ જ્ઞાનમયી, જ્ઞાનમયી શ્રદ્ધા, જ્ઞાનમયી દર્શન, જ્ઞાનમયી જ્ઞાન અને જ્ઞાનમયી ચારિત્ર અને બાહ્યમાં નિર્ગ્રંથ—એવા રૂપના શ્રદ્ધાનરૂપ. આની શ્રદ્ધા કરવી, આવી ચીજની. એ ચીજની શ્રદ્ધા માટે સ્વભાવ સન્મુખ થાય ત્યારે થાય. કેમકે જેને સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રગટ્યા છે એવું જે જૈનદર્શન એને શ્રદ્ધવા માટે... સમજાણું કાંઈ? જેને આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મચારિત્ર એવો જે મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એ મોક્ષમાર્ગ છે અને એ જૈનદર્શન જિનમાર્ગમાં છે. એની જેને શ્રદ્ધા છે... એ ક્યારે શ્રદ્ધા થાય? કે જેને આત્માના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે એવું જે જૈનદર્શન એને શ્રદ્ધવા જાય ત્યારે એને સ્વભાવનો આશ્રય થાય. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગમાં પણ આવે છે. દેવનો આત્મા છે એને શ્રદ્ધે તો યથાર્થ સમકિત થાય, ગુરુનો આત્મા જે રીતે છે એને વસ્તુ તરીકે જાણે. તો આ ગુરુ એટલે આ મોક્ષમાર્ગની લીનતા. એને આત્માની દર્શન,

જ્ઞાન અને ચારિત્ર આ દશા છે. એવી જે આત્માથી જાણે તેને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? કહો આ રત્નકરંડશ્રાવકાચારમાં કહ્યું છે ને. આપ્ત આગમ તત્ત્વાર્થશ્રદ્ધાન. આપ્તનું, આગમનું અને તત્ત્વાર્થશ્રદ્ધાન છે એ નિશ્ચયજ્ઞાન. આપ્ત નિશ્ચય છે. સર્વજ્ઞ આવા છે, ગુરુ આવા છે જ્ઞાનમયી. બાહ્યમાં વ્યવહારમાં. એને શાસ્ત્રને એ ધર્મ કહેવો છે, અહિંસા રાગમયરહિત એવું એને જે જાણે એને સમ્યક્ થાય જ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણવાનું તો પરાશ્રિતજ્ઞાન... આવું જૈનદર્શન... મનના આશ્રયે..

ઉત્તર :- મનના આશ્રયે નથી અહીંયાં. આત્માને આશ્રયે જે મોક્ષમાર્ગ પ્રગટ્યો છે. જ્ઞાનમયી કીધું ને? એવો જે મોક્ષમાર્ગ દેખાડે છે એવા મોક્ષમાર્ગને શ્રદ્ધે ત્યારે ક્યારે થાય? કે આત્માનો આશ્રય લે ત્યારે. મનની વાત નથી આમાં. જેને આત્મા જ્ઞાનમયી છે, આત્મા એકલો જ્ઞાનમય જ આત્મા છે. જ્ઞાન તે જ આત્મા એમ કરીને વર્ણવ્યું છે ને ઘણે ઠેકાણે? એનો અર્થ જ એ કે જ્ઞાનમયી આત્મા છે અને એ જ્ઞાનમયી આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ જ્ઞાનમયીને આશ્રયે થઈ છે એની શ્રદ્ધા કરનાર આવો મોક્ષમાર્ગ છે, જૈનદર્શન આવું છે એમ શ્રદ્ધા કરનારને સ્વનો જ આશ્રય થાય છે. સમજાણું કાંઈ? એવું છે ગીરધરભાઈ! ઝીણી વાતું છે, ભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. આહાહા..! પહેલો નિર્ણય તો કરે એને કે વસ્તુ તો આ છે. આહાહા..! સાચા અરિહંતદેવ અને સાચા ગુરુ આ મોક્ષમાર્ગી. અરિહંત તો મોક્ષસ્વરૂપ થયા અને આ તો મોક્ષમાર્ગ બતાવવો છે ને. જૈનમાં દર્શન કહ્યું એમ કહેવું છે ને અહીં તો. માર્ગ કહ્યો છે. આહાહા..! જૈનમાર્ગમાં જિનેશ્વરદેવે આવું દર્શન કહ્યું છે. આહાહા..! જેને આત્માને આશ્રયે, પરિપૂર્ણ પરમાત્મા સર્વજ્ઞ સ્વરૂપી એની જેને જ્ઞાનમાં જ્ઞાનની શ્રદ્ધા થઈ છે, જ્ઞાનમાં જ્ઞાનનું જ્ઞાન થયું છે. જ્ઞાનમાં રમણતા જ્ઞાનની થઈ છે. એટલે ઓલી ક્રિયાકાંડના વ્યવહારને માનનારા સાચા કે અમારી પાસે આ છે, આ છે, આ છે વ્યવહાર, એને અહીં ઉથાપે છે. સમજાણું કાંઈ? અમે આમ આમ પાળીએ છીએ, મહાવ્રત પાળીએ છીએ, સંથારા કરીએ છીએ, સમાધિ એ વસ્તુ નથી. એ તો વિકલ્પ છે. એને પણ વ્યવહાર ક્યારે કહેવાય? કે સાચું જ્ઞાનમયી દર્શન, ચારિત્ર થયું હોય અને જેને નિર્ગ્રંથ બાહ્યદશા થઈ હોય તેના પંચ મહાવ્રતના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીઓના વ્યવહારને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આમ છે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! વીરના માર્ગ છે આ. આહાહા..!

જે માર્ગે સિંહ સંચર્યા, રજુ લાગી તરણા, એ તરણા ઊભા સુકશે, નહિ ચરે એને હરણા. જે માર્ગે સિંહ સંચર્યા, એના પગની રજુ જેને તરણે લાગી, એ તરણા ઊભા સુકશે, નહિ ચરે એને હરણા. જેના વીરના માર્ગના... આહાહા..! આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેને આત્માના જ્ઞાનમયી દશા થઈ છે. એવી દશામાં વીર જ ચાલી શકશે કહે છે. સાધારણ હરણીયા જેવાનું કામ નથી ત્યાં. સમજાણું કાંઈ?

આહાહા..! વીરોનો વીરનો માર્ગ વીરોનો છે. આહાહા..! ઘરડીયા કરીને પડ અંદરમાં જા, કહે છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ છે ને નાથ! જેના અનંતાગુણોથી તેજમયી જેની શક્તિથી શોભિત છે આત્મા. અનંતા ગુણોના તેજથી જ્ઞાનમયી આત્મા છે એમ કહે છે. આહાહા..! અવિનાભાવી છે. જ્ઞાનની સાથે અનંતા .. ધર્મ અવિનાભાવ છે.

એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, ચારિત્ર તેને જૈનમાર્ગ, જ્ઞાનમયી માર્ગને જૈનમાર્ગ કહે છે. આહાહા..! વીતરાગ માર્ગ ત્યાં ઊભો હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અને મૂળ તો એ પંથ નીકળ્યો છે એ વ્યવહારનું લક્ષ કરીને વ્યવહારની પ્રધાનતાથી જ નીકળ્યો છે. અમે ભગવાનના ભક્ત છીએ, ભગવાનના માનનારા છીએ, સેવા કરનારા છીએ, અમે આચરણના વ્યવહાર છીએ, આચરણ કરનાર છીએ. એની સામે આ વાત છે. બાપુ! એ વાત એમ નથી. તારો વ્યવહાર એ વ્યવહાર સાચો નથી. જેને જ્ઞાનમયી શ્રદ્ધા, જ્ઞાનમયી જ્ઞાન એવું આત્માનું જેને ચારિત્ર પ્રગટ્યું નથી અંતરમાં. આહાહા..! એને જૈનદર્શન નિશ્ચયથી કહીએ એ એને નથી. સમજાણું કાંઈ? માર્ગ ભારે ભાઈ આકરો છે. આહાહા..! કાયરના કાળજા કંપી ઊઠે એવું છે. એવો માર્ગ છે.

મુમુક્ષુ :- શુરાનો માર્ગ છે.

ઉત્તર :- હા, 'હરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ.' આહાહા..! વીરો વીરતામાં પડ્યા અંદરમાં, ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અનંત ગુણોએ શોભિત એના ... શોભા આવી હતી ને પહેલું નહિ આવ્યું હતું. શોભે છે આવ્યું હતું. શોભે છે આવ્યું હતું. એનાથી શોભે છે. એ આવ્યું હતું ક્યાંક. શોભે છે આવ્યું હતું ને?

મુમુક્ષુ :- લક્ષ થયું ... સમયસારમાં..

ઉત્તર :- એ શોભે છે. શોભે છે આવ્યું છે. ઓલામાં આવ્યું છે. શોભે છે એ આવ્યું. બિરાજમાન છે એનો અર્થ શોભે છે એમ કર્યો. બિરાજમાન.

અહીં તો પરમાત્મા જ્યાં બિરાજમાન છે અનંતગુણોથી ભરેલો પ્રભુ, આહાહા..! એમાં જેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ છે એ શોભે છે. આહાહા..! એ એની શોભા છે. એ '**મુનિકે રૂપકો જિનમાર્ગમેં દર્શન કહા હૈ...**' આવા મુનિનું રૂપ. જેને જ્ઞાન-દર્શન-ચારિત્ર જ્ઞાનમયી થઈ ગયા છે અને બાહ્યમાં નિર્ગ્રંથ દશા થઈ છે. વીતરાગ .. જેને કોઈની જરૂર નથી એવી વીતરાગતા આવી છે. માએ જન્મ્યો એવો. આહાહા..! જેના શરીરમાં ઉપશમરસના ઢાળા ઢળી ગયા છે. એવી દશાને જૈનમાર્ગમાં દર્શન કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**તથા ઐસે રૂપકે શ્રદ્ધાનરૂપ...**' છે? '**ઐસે રૂપકે...**' એટલે અંદર જ્ઞાનમયી દર્શન, ચારિત્ર આદિરૂપ અને બાહ્ય નિર્ગ્રંથદશા. '**ઐસે રૂપકે શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વસ્વરૂપકો દર્શન કહતે હૈં.**' એ બાહ્ય એકલું સમકિત આવ્યું. આવા દર્શનને શ્રદ્ધે અંતરથી એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! કહો,

સમજાણું કાંઈ? ભગવાનને ૨૫૦૦ વર્ષ થાય છે ત્યારે આવું બધું આવ્યું છે. આજથી અઢી હજાર વર્ષ (પહેલા) મોક્ષ પધાર્યા હતા. ૨૫૦૦મું વર્ષ ચાલે છે ને આ ૨૫૦૦મું વર્ષ ચાલે છે. હજી દીવાળીએ ઉજવશે લોકો. ઓલા..

મુમુક્ષુ :– આપણે શરૂઆત કરી ઉજવવાની.

ઉત્તર :– હા ઉજવવાની. ઓલું ચિંતન વોરાએ લખ્યું છે. .. ભાઈ વિરોધ ન કરો. વિરોધ શું કામ કરો છો તમે? એ કહે કે આ જૈનદર્શનની રીતે ન ઉજવે તો? પણ તો તમે તમારી જૈનદર્શનની રીતીએ તમે ઉજવો. પણ તમે આ શું? ચિંતનભાઈ છે. છે ને ચિંતન વોરા.

મુમુક્ષુ :– સ્થાનકવાસી જૈન છે.

ઉત્તર :– હા. આપણે રતિભાઈ અહીંયાં હતા ને. એના ભાઈ રતિભાઈ અહીંયાં હતા. એના ભાઈ આવ્યા છે ખરા. બાહ્યમાં. ... પણ આ વાત અહીંયાં નથી. કે તમે વિરોધ કરો છો કેટલાક. એ રાજકીય રીતે કદાચ કરે, પણ તમે તમારી રીતે કરો. આવો વિરોધ કરો છો? વાત સાચી છે. નવનીતભાઈ! વ્યાજબી છે. તમને તમારી જૈનદર્શનની રીતે તમે જે માન્યું હોય એમ. ત્યાં તો જૈનદર્શન જ ક્યાં છે? આહાહા..! કોઈ કરતા હોય તો એ લોકો બિચારા... મહાવીર ભગવાનને ૨૫૦૦ વર્ષની જાહેરાત થાય છે જગતમાં. ભગવાન હતા અને આમાં જેને...

મુમુક્ષુ :– લોકોના મોઢામાં નામ તો આવશે.

ઉત્તર :– આવશે. નામ આવે ને ભગવાન મહાવીર થઈ ગયા. એની પ્રસિદ્ધિ... બાહ્યમાં લોકો જે નથી જાણતા તે જાણશે. ઓહો..! એને કરોડો રૂપિયા પાછળ ખર્ચ્યા જૈનલોકોએ. ભગવાન મોક્ષ પધાર્યા. અહિંસાના પૂરા પૂજારી. વીતરાગભાવના પૂજારી કહો કે અહિંસાના પૂજારી કહો. ઓહોહો..! સમજાણું કાંઈ? એ લખ્યું છે ઓલામાં જૈન. જૈન શું કહેવાય? જૈનપ્રકાશ.

અહીં કહે છે મોટા અક્ષરે લખ્યું જોયું! **‘ઈસપ્રકાર મુનિકે રૂપકો જિનમાર્ગમેં દર્શન કહા હૈ.’** આવું મુનિનું રૂપ. જેને જ્ઞાનમયી સમ્યગ્દર્શન થયું, જ્ઞાનમયી જ્ઞાન ને જ્ઞાનમયી ચારિત્ર. એ જૈનદર્શન. બાહ્યમાં નિર્ગ્રંથદશા દેખાય. જરૂર કોઈની નથી. એમ દેખાય છે. વીતરાગતા દેખાય છે. આહાહા..! **‘ઈસપ્રકાર મુનિકે રૂપકો જિનમાર્ગમેં...’** જૈનમાર્ગમાં તીર્થંકરોએ, કેવળીઓએ આ દર્શન કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? જિનમાર્ગના કહેનારા તો પ્રભુ છે કે નહિ? આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ કેવળીઓએ જૈનમાર્ગમાં આને દર્શન કહ્યું છે. પોતાનું સ્વરૂપ, એ તો પોતે મોક્ષ (સર્વજ્ઞ) છે. પણ સાધકજીવ આવો હોય તે દર્શન છે. મોક્ષમાર્ગમાં આવો જીવ હોય એ દર્શન. એમ કહેવું છે.

મુમુક્ષુ :– આ ઊભા.

ઉત્તર :– આ ઊભા. એ તો ત્યાં કીધું. વ્યવહાર બતાવવો છે ને. વ્યવહાર બતાવવો. મોક્ષમાર્ગના પ્રણેતા આ અમે ઊભા. પ્રવચનસારના ત્રીજા ભાગમાં. આહાહા..! અમૃત રેડ્યા છે એકલા હોં! અમને

ખબર છે ચારિત્રની. એમાં વ્યવહાર કેવો એની અમને ખબર છે બધી. એના અમે કહેનારા અનુભવી પ્રણેતા આ ઊભા. આહાહા..!

એમ અહીં પણ કહે છે કુંદકુંદાચાર્ય જુઓને અહીંયા. જૈન પરમેશ્વરે જૈનમાર્ગમાં તો આવું દર્શનનું રૂપ કહ્યું છે. આહાહા..! કેમકે આત્મા પોતે જૈનસ્વરૂપ, જિનસ્વરૂપ છે. એને જે વીતરાગતા પ્રગટે છે એ તો પર્યાયમાં પણ એ પોતે સ્વરૂપ છે ત્યાંથી પ્રગટે છે. એટલે જિનસ્વરૂપ જ, વીતરાગ સ્વરૂપ જ આત્મા છે. એવા વીતરાગસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ બધી વીતરાગીદશા છે એ. એવું જિનેશ્વરદેવે, તીર્થંકરોએ જૈનમાર્ગમાં આને જૈનદર્શન કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! લોકોને બીજું લાગે પણ શું થાય ભાઈ? માર્ગ તો આ છે. એથી સમાજને સમતોલ રાખી શકાય એવી આ ચીજ નથી. આ તો સત્યને સમતોલ રાખી શકાય એવી ચીજ છે. આહાહા..! શું થાય? બાકી તો 'તત્ત્વેષુ મૈત્રી.' બધા આત્માઓ આત્મા પ્રત્યે તો મૈત્રી છે ધર્મીને. તત્ત્વેષુ મૈત્રી. પણ વસ્તુની દૃષ્ટિમાં તો જે હોય એ આવે. આહાહા..!

ભાઈએ કહ્યું નહિ? 'તત્ત્વેષુ મૈત્રી.' બધા પ્રાણી પ્રત્યે આત્મભાવે તો મૈત્રી છે. આહાહા..! પર્યાયમાં જે જાતની ભૂલ છે એને ગૌણ કરી છે પોતે. તો એને ગૌણ કરીને એના પ્રત્યે જોવે છે. અવસ્થામાં જે ભૂલ છે એ ભૂલને તો બરાબર જાણવી જોઈએ. જાણે તો જાણે ને. મા-બાપ મિથ્યાદૃષ્ટિ હોય અને દીકરો સમકિતી હોય. જાણે કે નહિ? લૌકિક તરીકે મા-બાપને બાહ્ય નૈતિકમાં મોટા તરીકે ગણે, પણ અંતરમાં તો એને એ છે આ તો (સમકિતી) નથી. એ કાંઈ અસજ્જનતા નથી. સજ્જનતા છે એ તો. સમજાણું કાંઈ? છતાં મા-બાપ પ્રત્યેનો જે પ્રેમ છે લૌકિક એ પ્રેમ જાતો નથી. ધર્મના પ્રેમમાં એ ઊડી ગઈ હોય વાત અંદરથી. આહાહા..! એને કોઈપણ વ્યક્તિ, એની દૃષ્ટિમાં ભૂલ હો તો એ જાણે. પણ વ્યક્તિ તરીકે એના પ્રત્યે દ્વેષ થાય કે અપ્રેમ થાય, એમ નથી. એ પણ આત્મા છે. એ ભૂલ ભાંગશે તે દિ' ક્ષણમાં ભાંગશે. આહાહા..! પણ ભૂલ છે ત્યાં સુધી તો ભૂલને જાણે ને. આહાહા..!

'**ઈસ પ્રકાર મુનિકે રૂપકો જિનમાર્ગમેં દર્શન કહા હૈ...** ' આહાહા..! અનંત કેવળીઓએ, ગણધરોએ, સંતોએ. આહાહા..! જ્ઞાનમયી ભગવાન આત્મા એની જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનમયી આત્માની શ્રદ્ધા, જ્ઞાનમય, જ્ઞાન. જ્ઞાન આહાહા..! એ વીતરાગદર્શન છે એ જૈનમાર્ગમાં દર્શન કહેવામાં આવે છે લ્યો. આવો વીતરાગ મુમુક્ષુનો માર્ગ વીતરાગી છે. આમાં વ્યવહાર સમકિતની વાત નથી લેતા આ નિશ્ચયમાં. વ્યવહાર હોય ભલે બાહ્ય. અઠ્યાવીશ મૂળગુણ આદિ. પણ આ નિશ્ચયમાં આવું હોય એને વ્યવહાર આવો હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, વિકલ્પ આદિ એને વ્યવહારે જાણવો. સમજાણું? આ તો માર્ગ ધમાધમનો નથી ભાઈ! આહાહા..! આ તો અંતર દૃષ્ટિમાં અંતર સમાવાની વાતું છે. આહાહા..! બહારમાં હોડ બાંધે કે તમે આમ ખર્ચ્યા, તો અમે દસ લાખ ખર્ચશું, ઓલો કહે વીસ લાખ ખર્ચશું. એની સાથે આ સંબંધ નથી કાંઈ. અંદરમાં આત્માનો ખર્ચ વીતરાગતા કેટલી કાઢી તેં? બહાર

તો અજ્ઞાની કરે કે ભાઈ તમે તો આમ કર્યું, અમે તો પચાસ લાખ ખરચ્યા, અમે કરોડ ખરચશું. અમારા ધર્મની શોભા માટે. એટલે તમારા ધર્મની શોભા થોડી અને અમારી વધારે. એમ એનું માપ નથી ત્યાં. એય..! ચીમનભાઈ!

મુમુક્ષુ :- મૂળ વસ્તુ રહી ગઈ.

ઉત્તર :- એવી વાત છે. આહાહા..! મૂળ હોય ને પછી શુભભાવ આવો હોય છે. પણ એ જાતની વૃદ્ધિ ને શુદ્ધિને માટે હોય છે વિકલ્પમાં. સમજાણું કાંઈ?

'**ઐસે રૂપકે શ્રદ્ધાનરૂપ...**' જયચંદ્ર પંડિત જુઓને. જયચંદ્ર પંડિત છે ને આ? '**શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વરૂપકો દર્શન કહતે હૈં.**' લ્યો! એ મોટા અક્ષર અહીંથી નાખ્યા હશે આ લોકોએ? અહીંથી કહ્યું હતું ને. કોણે કર્યું આ? શાસ્ત્ર ક્યાં છપાણું છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ત્રિકમગઢ? આ મોટા અક્ષર ક્યાંથી નાખ્યા છે? કોણે કર્યા હશે? અહીંથી નાખ્યા હશે?

'**ભાવાર્થ :- પરમાર્થરૂપ અંતરંગ દર્શન તો સમ્યક્ત્વ હૈ ઔર બાહ્ય ઉસકી મૂર્તિ, જ્ઞાનસહિત ગ્રહણ કિયા નિર્ગ્રંથ રૂપ, ઈસપ્રકાર મુનિકા રૂપ હૈ...**' લ્યો! આહાહા..! સમજાણું કાંઈ? '**પરમાર્થરૂપ અંતરંગ દર્શન તો સમ્યક્ત્વ હૈ...**' એ તો. પણ આવા દર્શનનું દર્શન. આહાહા..! અને '**બાહ્ય ઉસકી મૂર્તિ, જ્ઞાનસહિત ગ્રહણ કિયા...**' જ્ઞાનમયી વસ્તુ થઈ છે, એને બાહ્યમાં મૂર્તિરૂપ નિર્ગ્રંથદશા '**ઈસપ્રકાર મુનિકા રૂપ હૈ સો દર્શન હૈ, ક્યોંકિ મતકી મૂર્તિકો દર્શન કહના લોકમેં પ્રસિદ્ધ હૈ.**' મતની મૂર્તિને દર્શન કહેવું એ લોકમાં પ્રસિદ્ધ છે. બહુ સરસ ગાથા. ૧૪મી એમાં આવી હતી. ૧૪માં અહીંયા આવી. દર્શનપાહુડમાં સમકિતની હતી અને આ...

૧૫ ગાથા. આ તો ભાઈ શાંતિનો માર્ગ છે. એ કોઈ ધમાધમ ને હા હો. આહાહા..! કિંમતું તો અંદરમાં જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની શ્રદ્ધા, રમણતા એની કિંમત છે. પછી વ્યવહાર હોય છે. એ જ અહીં કહે છે. એવું નથી ને એકલો વ્યવહાર પોતાની કલ્પનાવાળા હોય છે એ જૈનદર્શન જ નથી. એમ કહે છે.

**जह फुल्लं गंधमयं, भवदि हु खीरं स घियमयं चावि।**
**तह दंसणं हि सम्मं, णाणमयं होइ रूवत्थं।।१५।।**

જોયું! '**णाणमयं**' '**णाणमयं**' આવે છે. જુઓ! ૧૬મામાં પણ '**जिणबिंब णाणमयं**' ૧૬મી. બધે જ્ઞાનમયીનો અર્થ બતાવવો છે મૂળ તો. બહારની પ્રવૃત્તિ ક્રિયાકાંડમાં જે વ્યવહાર એનો માનેલો હોં! એમાં બધું ધમાધમ ચાલતું હતું. મંદિરો કરોડો રૂપિયા ખરચે, લાખો ખરચે, રાજા પણ એના ઓલામાં આવી જાય. .. લૂગડા પહેરીને બધે જાય.. નગ્ન મુનિ દિગંબરની તો કાંઈ પડી જ નથી. જંગલમાં પડ્યા હોય. આહાહા..!

'**અર્થ :- જૈસે ફૂલ ગંધમયી હૈ,...**' ફૂલ-ફૂલ. ગુલાબનું ફૂલ જેમ ગંધમય છે. એ ફૂલ લેવા છે હોં. આંકડાના ફૂલમાં ગંધ ન હોય એ ફૂલ નહિ. આ શું આવળના ફૂલ હોય છે ને? આવળ આવળ. આવળ સમજો છો? આવળના ફૂલ પીળા બહુ હોય. બહુ આવળ આખી સડક ઉપર બહુ હોય. સડક ઉપર મોટર નીકળે ત્યારે બેય બાજુ પીળા ફૂલ હોય. પીળા. સુગંધ નહિ. બિલકુલ સુગંધ નહિ. એ આવળના ફૂલ કહેવાય આવળ. સડક ઉપર બહુ હોય. મોટર ચાલે ત્યારે બેય બાજુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાલ નહિ. આ તો પીળા. આવળ આવળ કહેવાય છે. આવળ આ સડક ઉપર નીકળ્યા... નહિ? આહાહા..!

'**જૈસે ફૂલ ગંધમયી હૈ, દૂધ ધૃતમયી હૈ...**' દૂધમાં ઘી હોય છે દૂધની અંદર. ફૂલમાં ગંધ હોય છે. '**વૈસે હી દર્શન અર્થાત્ મતમેં સમ્યક્ત્વ હૈ.**' જેના આ મતમાં સમકિત એનું મૂળ ચીજ છે. સમ્યગ્દર્શન એ મૂળ ચીજ છે. આહાહા..! '**કૈસા હૈ દર્શન?**' હવે એ દર્શન છે, પણ એ કેવું છે પાછું સમકિતદર્શન? '**અંતરંગ તો જ્ઞાનમયી હૈ...**' જોયું! અંતરંગ તો આત્મા જ્ઞાનમય છે એવો નિર્વિકલ્પ પ્રતીતિ થાય એ સમ્યગ્જ્ઞાનમયી છે. વિકલ્પ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ સમકિત નહિ. એ જ્ઞાનમયી નહિ માટે સમકિત નહિ. સમજાણું કાંઈ? એ લોકોમાં દેવ-ગુરુને બહુ માનતા ને. અત્યારે કહેતા હતા કે નહિ? ક્યાં ગયા ચેતનજી? આગમ ને શું તમારે કહેતા હતા ને ભાઈ? આગમ અને મૂર્તિનું અત્યારે આ...

મુમુક્ષુ :- .. ભવ્યન કો આધાર.

ઉત્તર :- ભવ્યન કો આધાર. એમ બોલે શ્વેતાંબરમાં. જિન આગમ અને જિનમૂર્તિ ભવ્યન કો આધાર. એની સામે આ વાત છે.

મુમુક્ષુ :- જિનમૂર્તિ, જિનઆગમ હતા જ કે દિ'?

ઉત્તર :- એ માને છે ને એ જિન. ભાઈ કહેતા આપણે. નાનાલાલ.

અહીં તો કહે છે કે જેના ફૂલમાં ગંધ હોય અને જે દૂધમાં ઘી હોય, એમ જેના જ્ઞાનમાર્ગમાં સમકિત હોય. પણ એ સમકિત કેવું? કે જ્ઞાનમય સમકિત હોય. ભાષા દેખો. દેવ-ગુરુ-શાસ્ત્રને માને, દેવ-ગુરુની ભક્તિને એમ નહિ. આહાહા..! ભારે વાત! બધામાં જ્ઞાનમય શબ્દ બહુ આવે છે આમાં. કહેવાનો આશય આવો છે. બહારમાં આ માને, દેવ-ગુરુને માને, નવ તત્ત્વને માને. અમે ભગવાનને માનીએ છીએ માટે અમારું સમકિત છે. એ દર્શન જ નથી. આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ, એનું સમકિત જ્ઞાનમયી દશા એને અહીંયા, દૂધમાં ઘી અને ફૂલમાં ગંધ એમ જૈનદર્શનમાં સમક્તિ, પણ એ સમકિતમાં પણ આ જ્ઞાનમયી સમકિત. એમ. આહાહા..! સમજાણું કાંઈ?

'**કૈસા હૈ દર્શન? અંતરંગ તો જ્ઞાનમયી હૈ ઔર બાહ્ય રૂપસ્થ હૈ—મુનિકા રૂપ હૈ...** '

નગ્નદશા. જેવા માતાએ જન્મ્યા એવું જ એનું રૂપ. આહાહા..! હળવા ફૂલ જેવા ચાલતા હોય જાણે. આ તો મોટા પોટલા ને કપડા માથે. નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ કહેવાય એ. આહાહા..! બહુ માર્ગ! એ અહીં કહે છે હોં. બાહ્યમાં મુનિનું રૂપ. '**ઉત્કૃષ્ટ શ્રાવક, અર્જિકા કા રૂપ હૈ.**' લ્યો બે લીધા. ત્રણ થયા ને? ગૃહસ્થના બે. ઉત્કૃષ્ટ શ્રાવક દસમે, અગ્યાર પડિમા અને અર્જિકા અને મુનિ ત્રણ લીધા છે. ઓલામાં જરી અવિરતી સમકિતી લીધા છે ટીકામાં એટલે આમાં પણ અવિરતી સમકિતી નાખ્યા છે. અગાસવાળા... કારણ કે ત્રણમાં એ નથી એટલે. આહાહા..! અવિરત સમકિત. એણે નાખ્યું છે.

અહીં તો રૂપસ્થ કહેવું છે ને? રૂપસ્થ એટલે તો ત્યાગનું જે રૂપ છે એનું .. અવિરતીને ત્યાગ નથી. ત્રણ આવ્યા હતા ને રૂપ પહેલામાં? .. ત્રણ આવ્યા હતા ને? ભેખ તરીકે. ગૃહસ્થાશ્રમમાં ગૃહસ્થના ભેદ ગમે તે જાતના હોય, પણ ત્યાગીના ભેખ તરીકે તો ત્રણ જ ભેખ હોય છે. મુનિનું, ઉત્કૃષ્ટ શ્રાવકનું અને અર્જિકાનું બસ. રૂપસ્થ રૂપ એમ કહે. ત્યાગીના ગણતરીમાં ગણાવામાં તો ત્રણ ભેખ હોય છે.

'**ભાવાર્થ :- દર્શન નામ મતકા પ્રસિદ્ધ હૈ.**' દર્શન એ નામ મતનું પ્રસિદ્ધ. મત. આ મત છે આનો, આ દર્શન છે આનું. એમ કહે છે ને? ષટ્દર્શન નથી કહેતા? એ એનો મત છે તે દર્શન છે. '**યહાં જૈનદર્શનમેં મુનિ, શ્રાવક ઔર આર્યિકાકા જૈસા બાહ્ય ભેષ કહા સો દર્શન જાનના...**' લ્યો! એને દર્શન કહ્યું. મુનિને તો કહ્યું, ઉત્કૃષ્ટ શ્રાવક અને અર્જિકા એ પણ દર્શનમાં આવી ગયા. દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે છે એને ત્રણેય? આવે છે નિયમસારમાં. દર્શન-જ્ઞાન-ચારિત્રની શ્રાવક પણ ભક્તિ કરે છે, ત્રણેની. એમ નહિ કે ચારિત્રની. ત્રણેની ભક્તિ છે એને. ભલે ઓછી થાય પણ છે ત્રણેની ભક્તિ. અંતર વસ્તુ શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એની એને ભક્તિ છે, ત્રણેની ભક્તિ છે.

'**જૈસા બાહ્ય ભેષ કહા સો દર્શન જાનના ઔર ઈસકી શ્રદ્ધા સો અંતરંગ દર્શન જાનના.**' જોયું! આવો જ મોક્ષનો માર્ગ અને ભેખ હોય એની શ્રદ્ધા એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. એની સામા જવાની વાત નથી, પણ એનું સ્વરૂપ છે એવી શ્રદ્ધા એ સ્વને આશ્રયે થાય. '**અંતરંગ દર્શન જાનના. યે દોનોં હી જ્ઞાનમયી હૈં,**' દોનો જ્ઞાનમયી સમજાય છે? કે જે દર્શન, જૈનદર્શન છે ત્રણ એ જ્ઞાનમય છે અને એની શ્રદ્ધા કરનારું શ્રદ્ધા એ પણ જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? જે મોક્ષના માર્ગમાં રૂપ, મુનિ, શ્રાવક, અર્જિકા એ ત્રણે દર્શન કહો તો એ પણ જ્ઞાનરૂપ છે અંદર. જ્ઞાનરૂપની દશાને અહીંયાં દર્શન કહ્યું છે અને એની શ્રદ્ધા સમકિત એ પણ જ્ઞાનની શ્રદ્ધા છે, એ જ્ઞાનમય શ્રદ્ધા છે. એની શ્રદ્ધા એટલે વિકલ્પ એમ નહિ. એમ કહે છે. આહાહા..!

'**શ્રદ્ધા સો અંતરંગ દર્શન જાનના. યે દોનોં હી જ્ઞાનમયી હૈં,...**' આહાહા..! જૈનદર્શન પણ જ્ઞાનમય છે અને એની શ્રદ્ધા જે સમ્યગ્દર્શન એ પણ જ્ઞાનની શ્રદ્ધા છે, જ્ઞાનમય છે. આહાહા..! મૂળ આત્માને ઉડાવીને વાત આખી નીકળીને એટલે આ વાત લેવી પડી. આત્માને મૂકીને વાત બધી. પંચ મહાવ્રત ને દેવ, ગુરુ, શાસ્ત્ર એના માનેલા. બાપુ! આ માર્ગ નહિ ભાઈ! જ્ઞાનમય માર્ગ છે મોક્ષનો અને

જ્ઞાનમય માર્ગ છે સમકિતનો. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા એનું દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ્ઞાનમય છે દર્શન અને એની શ્રદ્ધા એ સમકિત એ પણ જ્ઞાનમય છે. વિકલ્પ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સારો અર્થ ભર્યો છે જયચંદ્ર પંડિતે. હૃદયથી આચાર્યને જે કહેવું છે એ હૃદય ભર્યું છે.

'**દોનોં હી જ્ઞાનમયી હૈં,...** ' પાઠ આવ્યો ને '**णाणमयं**' ચોથા પદમાં. '**યથાર્થ તત્ત્વાર્થકા જાનનેરૂપ સમ્યક્ત્વ જિસમેં પાયા જાતા હૈ,...** ' '**યથાર્થ તત્ત્વાર્થકા જાનનેરૂપ સમ્યક્ત્વ...** ' જ્ઞાનરૂપ નિશ્ચય. '**યથાર્થ તત્ત્વાર્થકા જાનનેરૂપ સમ્ક્યત્વ જિસમેં પાયા જાતા હૈ, ઈસલિયે ફૂલમેં ગંધકા...**' એ માટે ફૂલમાં ગંધ '**દૂધમેં ઘૃતકા દષ્ટાંત યુક્ત હૈ;...**' એમ કહે છે. એમ જેના મોક્ષમાર્ગમાં જેની જ્ઞાનમયદશા છે એમ સમકિત પણ જ્ઞાનમય છે એ દષ્ટાંતે ફૂલમાં સુગંધ, દૂધમાં ઘી. એમ આ જ્ઞાનમય વસ્તુ છે. એ ઘી અને સુગંધ છે. આહાહા..!

વસ્તુ જે જ્ઞાનમય નિર્વિકલ્પ વસ્તુ છે એની શ્રદ્ધા પણ જ્ઞાનમય જ કહે છે. જેમ ફૂલમાં ગંધ છે એમ આ જ્ઞાનમય તે એની વસ્તુ છે અને આખો મોક્ષનો માર્ગ જે છે જૈનદર્શન, એ પણ જ્ઞાનમય છે. દૂધમાં ઘી અને આ ફૂલમાં ગંધ, એમ જૈનમાર્ગમાં જ્ઞાનમય દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને સમકિત પહેલું, એનું સમકિત તે પણ જ્ઞાનમય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકલા ક્રિયાકાંડમાં માનનારાને એકલું ..

ઉત્તર :- વાત સાચી છે. એની માટે તો આ બોધપાહુડ છે. જૈનદર્શન સિવાયમાં તો બધો વ્યવહાર પણ ખોટો છે. પણ જેને વ્યવહાર હોય એ બધો. પણ આ નિશ્ચય જો ન હોય તો આ જૈનદર્શન જ નથી એમ કહે છે. આહાહા..! એમ કે આ વ્યવહાર ચારિત્ર પાળો, નિશ્ચય ચારિત્ર ન હોય ત્યાં સુધી. પછી એનાથી ચારિત્ર થાશે. એ જૈનદર્શનને માનતા જ નથી. જૈનદર્શનની ખબર જ નથી એને. આહાહા..! બાબુભાઈ! બધું આવું બહુ કાઢ્યું પણ. અરેરે..! વીતરાગમાર્ગ! પ્રભુના વિરહે માર્ગને ચૂંથી નાખ્યો છે.

ભાઈએ કીધું હતું ને ત્યાં જયપુરમાં. મનોહરલાલ વર્ણી. ઉદ્દેશીકનો જો ખુલાસો થાય તો સંપ બહુ થાય. એમ કે ઉદ્દેશીક આહાર ગૃહસ્થો એને માટે કરે છે માટે.. કહેવાનો આશય. બોલ્યા નહોતા એ ભાષા હોં. પણ આવો આશય. મેં કીધું, ભાઈ! જુઓ પરમાત્માના વિરહ પડ્યા, એમાં પાછળ આવો અર્થ કરવો એ વીતરાગનો માર્ગ નથી. એને માટે કરેલું લે એ ઉદ્દેશીક જ છે. ભલે પોતે કર્યું ન હોય, કરાવ્યું ન હોય. એ ઉદ્દેશીક જ છે. માર્ગ આવો છે. પ્રભુના વિરહ પડ્યા માટે એને માર્ગને ઢીલો કરીને બીજી રીતે.. એ માર્ગ નથી. ત્યારે કોઈ કહે આમ.. ..માં જરી ફેરફાર થઈ ગયો. એમ કોઈનો વિરોધ કરવાનું શું કામ? બાપુ! જે ભૂમિકા .. લાગતી હોય એ કરે. આહાહા..!

'**યથાર્થ તત્ત્વાર્થકા જાનનેરૂપ સમ્યક્ત્વ જિસમેં પાયા જાતા હૈ, ઈસલિયે ફૂલમેં ગંધકા**

**ओर दूधमें धृतका दृष्टांत युक्त है; ईसप्रकार दर्शनका रूप कहा. अन्यमतमें...** ' અન્યમતમાં હવે. જૈનદર્શન સિવાય જેટલા અન્યમત છે એમાં પણ આ નથી અને '**कालदोषसे जिनमतमें जैनाभास भेषी...**' આ શ્વેતાંબર અને સ્થાનકવાસી જૈનાભાસ ભેખી છે. આવી વાતું છે, ભગવાન! નવનીતભાઈને તો ક્યાં વાંધો છે. એ તો ત્યાં જન્મ્યા છે. બહેનને વળી શ્વેતાંબરમાંથી આવ્યા. એ તો અહીંયાં હવે આવ્યા ને. આહાહા..! માર્ગ તો આવો છે, ભગવાન! આહાહા..! આ કોઈ પક્ષની વાત નથી. વસ્તુની સ્થિતિ જ આવી છે જ્યાં. આહાહા..! એમાં તો આચાર્યે જ્ઞાનમયી કહીને તો ગજબ કરે છે. રાગમય ક્રિયાથી (ધર્મ) માનનારાઓ એ જૈનદર્શન નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાતા, દૃષ્ટાના સ્વભાવથી ભરેલો ભગવાન એની શ્રદ્ધા તેની જાત જ્ઞાનમય હોય. જેનું જ્ઞાન જ્ઞાનમય ચારિત્ર. એ જૈનાભાસમય નથી. આહાહા..! કાંતિભાઈ ગયા? .. ભાઈ. ગયા? કાળદોષથી... શું કરે ભાષા કરવી પડે. અરેરે..! આવો કાળ વીતરાગમાર્ગ. સનાતન નિર્મળાનંદથી પ્રવાહ ચાલ્યો આવે છે. અરેરે..! કાળદોષથી જિનમતમાં પણ '**जैनाभास भेषी...**' જૈન જેવા દેખાવ કરે પણ એવા '**अनेक प्रकार अन्यथा कहते हैं...**' એ અન્યથા કહે છે. આહાહા..! આપણે તો વ્યવહારે સમકિતી. આવે છે ને ભાઈ એમાં? એનો અર્થ એ બહારથી ઉપરથી જ બધો માર્ગ આખો. પ્રભુ! તમારા અમે ભગત છીએ. બસ. માટે અમને ..

મુમુક્ષુ :- એ વ્યવહારે તો સંસાર છે. અહીંયાં તો વ્યવહારે સમકિતી.

ઉત્તર :- સંસાર. યશોવિજયજી કહે છે. આવશ્યકમાં છે. આવશ્યકમાં વ્યવહારે પણ સમકિતી કહ્યા છે. એય..! ચેતનજી! ત્યાં આવે છે ને? આહાહા..!

અહીં કહે છે કે એ '**जैनाभास भेषी अनेक प्रकार अन्यथा कहते हैं...**' આવો પણ ભેખ હોય અને દેવ, ગુરુ અને શાસ્ત્ર અમે માન્યા એને માનીએ તો સમકિત. 'અરિહંતો મહા દેવો' આવે છે ને? મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે પાંચમા અધ્યાયમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં. ..ગુરુઓ, એ સમકિત. એમ કહે છે ને એ? એની સામે આ વાત છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં, પાંચમા અધ્યાયમાં. જૈનમતનું પ્રરૂપણ છે ને જ્યાં સ્થાનકવાસી.. ત્યાં છે. અરિહંતો મહાદેવો જાવજીવ ગુરુ.. એ સમત્તં. એ કહે છે, ના, એ સમકિત નહિ. સમકિત તો જ્ઞાનમય વિકલ્પ વિના... ઓલી તો વિકલ્પવાળી વાત થઈ એ. એ સમકિત નહિ.

'**जैनाभास भेषी अनेक प्रकार अन्यथा कहते हैं जो कल्याणरूप नहीं है,...**' આહાહા..! એ કલ્યાણનો માર્ગ નથી. કહો, ગુણવંતભાઈ! હવે તમારે શું વાંધો છે? પણ એના બાપ ત્યાં જન્મ્યા હતા ને સ્થાનકવાસીમાં. આહાહા..! માર્ગ આવો છે, બાપુ! જેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી સમકિત. એની સામે એ કહ્યું છે. તમે કહો છો એ વસ્તુ જ સાચી નથી. જોકે એના માનેલા દેવ-ગુરુ સાચા નથી, પણ એની માન્યતા તે સમકિત એ વસ્તુનું સ્વરૂપ જ નથી. આહાહા..! જ્ઞાનમય સમ્યગ્દર્શન. જૈનદર્શન જ જ્ઞાનમય છે. એની શ્રદ્ધા જ્ઞાનમય સમકિત છે. વ્યવહારૂ સમકિતે દેવ માને

એ સમકિત છે નહિ. એ કલ્યાણનો માર્ગ નથી. 'संसारका कारण है.' આહાહા..! એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એ રાગ એ તો સંસારનું કારણ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૪, શુક્રવાર તા. ૧૪-૧૨-૧૯૭૩**
**ગાથા - ૧૬, ૧૭, પ્રવચન - ૬૭**

**૩૦:૦૦ મિનિટ થી ૫૫:૦૦ મિનિટ સુધીનો અવાજ બરાબર નથી.**

ગાથા ૧૬. 'आगे जिनबिंबका निरूपण करते हैं :—' જિનબિંબ કોને કહેવું પરમાર્થે? વ્યવહારે તો જિનબિંબ તો આ પ્રતિમાને (કહે છે), જેઓ જિનેશ્વર હતા એવી પ્રતિમાને જિનબિંબ વ્યવહારે. પરમાર્થે જિનબિંબ આચાર્યને કહે છે.

**जिणबिंबं णाणमयं, संजमसुद्धं सुवियरायं च।**
**जं देइ दिक्खसिक्खा, कम्मक्खयकारणे सुद्धा।।१६।।**

'अर्थ :- जिनबिंब कैसा है? ज्ञानमयी है,... ' આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનમય જિનબિંબ હોય. બહાર જે અચેતન બિંબ છે એ તો વ્યવહાર છે. જ્ઞાનમય. એનો અર્થ કરશે જાણપણું. પણ ખરેખર તો જિનબિંબ એ આત્મા જાણકસ્વભાવ, એના જ્ઞાનસ્વરૂપે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ્ઞાનમય જિનબિંબ કહેવામાં આવે છે. એ આચાર્ય છે. આચાર્યને જિનબિંબ કહેવાય છે. 'संयमसे शुद्ध है,...' અને સંયમ. સ્વરૂપની વીતરાગતા જેને અતીન્દ્રિય આનંદની લીનતા સહિત હોય તેને જિનબિંબ કહેવામાં આવે છે. આ નિશ્ચયની વાત છે ને બધી?

મુમુક્ષુ :- નિશ્ચયની એટલે?

ઉત્તર :- સાચી. વ્યવહારની એટલે ઉપચારિક. સમજાણું કાંઈ? જિનપ્રતિમા, જિનબિંબ, ચૈત્યગૃહ એ બધા તો નિશ્ચય તો આત્માના સ્વરૂપમાં જ છે એ બધું. બાહ્ય એનો વ્યવહાર એ નિમિત્ત કહેવાય છે. પણ એ વ્યવહાર એકલો હોય અને નિશ્ચય ન હોય તો એને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. એમ કહે છે લ્યો! વ્યવહાર હોય છે. પણ એ વ્યવહાર લાભદાયક, આત્માના ધર્મને માટે લાભદાયક છે એમ નથી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વ્યવહારે હોય છે, પણ એ શ્રદ્ધાનો ભાવ જીવને સમ્યગ્દર્શન પમાડે એવું નથી. એ સમ્યગ્દર્શન પામવામાં તો આત્મા આનંદમય, જ્ઞાનમય. એની અંતર દૃષ્ટિ થતાં તે સમ્યગ્દર્શન અંતરનું જ્ઞાન અને અંતરની રમણતા એને અહીંયાં આચાર્યને, આવા આચાર્યને જિનબિંબ કહે છે. એ વખતે શ્વેતાંબર પંથ નીકળી ગયેલો અને જિનની (વિપરીત) પ્રતિમાઓ બહુ

કરવા માંડેલા. એટલે એને એમ કહે કે આ જિનબિંબ છે. એના નિષેધને માટે આ વાત છે. જિનબિંબ તો આચાર્ય પોતે આનંદસ્વરૂપ (એમ) જેને અંતરમાં અનુભવમાં આવ્યું છે. જ્ઞાનમય આત્મા. જ્ઞાનનો સાગર આત્મા. એવા જ્ઞાનની જેને અંતર દૃષ્ટિ થઈ છે. એનું જ્ઞાન થયું એમાં રમણતા, વીતરાગતા છે. એને અહીંયાં આચાર્ય, એવા આચાર્યને જિનબિંબ કહેવાય છે. એ વખતે બહુ ફેરફાર થઈ ગયેલો ને ભગવાન પછી ૬૦૦ વર્ષે શ્વેતાંબર નીકળ્યા. કુંદકુંદાચાર્ય ૧૦૦ વર્ષ પછી થયા. એટલે આ બધું એની સામે યથાર્થ વીતરાગ માર્ગનું સ્વરૂપ શું છે એ કહે છે.

'**જ્ઞાનમયી હૈ, સંયમસે શુદ્ધ હૈ, અતિશયકર વીતરાગ હૈ,...** ' '**सुवियरायं**' એમ છે ને? '**सुवियरायं**' જેને અંતર વીતરાગતા પ્રગટી છે. આહાહા..! તે અતિશયકર એનો '**सु**'નો અર્થ કર્યો. વિશેષ વીતરાગતા જેને પ્રગટી, અતિશયવાળી એવી વીતરાગતા. આહાહા..! જિનબિંબ થઈ ગયો આત્મા. '**અતિશયકર વીતરાગ હૈ, કર્મકિ ક્ષયકા કારણ...**' એ આચાર્યનો ભાવ વીતરાગ જ્ઞાનમયદશા એ કર્મ ક્ષયનું કારણ છે. આહાહા..! '**ઔર શુદ્ધ હૈ...**' એ પવિત્ર છે તદ્દન. જિનબિંબ વીતરાગી પર્યાયની પવિત્રતાથી પ્રગટેલું છે. આહાહા..! જૈનમાર્ગ. નિશ્ચય આવો નિશ્ચય હોય, ત્યાં આગળ છદ્મસ્થ છે એટલે એને વ્યવહાર જિનબિંબ હોય. વ્યવહારનો વિષય છે, વ્યવહાર છે, પણ એનાથી આત્માનો આશ્રય થઈને ધર્મ થાય એ ચીજ નથી એ વ્યવહાર. સમજાણું કાંઈ? ચાહે તો તીર્થંકર પોતે જાતે હો કે મૂર્તિ હોય, પણ એનાથી સમ્યગ્દર્શન થાય એ વીતરાગમાર્ગમાં નથી, એનું અહીં કહ્યું પહેલું.

અને આત્મા આનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ, એને આશ્રયે ધર્મનો લાભ થાય. આ વાત સિદ્ધ કરવી છે અહીં. સમજાણું કાંઈ? પરાશ્રયમાં, મોક્ષનો માર્ગ પરાશ્રયથી ઉત્પન્ન ન થાય. એ ચૈતન્યમય, જ્ઞાનમય ભગવાન આત્મા અનંત અવિનાશી ગુણનું ધામ પ્રભુ, એનો આશ્રયથી જ્ઞાનમય સમકિત, જ્ઞાનમય જ્ઞાન અને જ્ઞાનમય સંયમ સ્થિરતા, અતિશય વીતરાગદશાવાળી એને અહીંયા જિનબિંબ કહેવામાં આવે છે. '**ઈસ પ્રકારકી દીક્ષા ઔર શિક્ષા દેતા હૈ.**' લ્યો! પાછી એ આચાર્ય કેવા છે? કે આવી જ્ઞાનમયદશા સંયમમય, સુવીતરાગપણું, કર્મનો ક્ષય એવી જ દીક્ષા બીજાને આપે. આ લૂગડા છોડ્યા ને નગ્ન કે લૂગડા ફેરવીને સાધુ દીક્ષા એ દીક્ષા નહિ, એમ કહે છે. આવી જ્ઞાનમય, આનંદમય, સંયમસહિત, અતિશય વીતરાગસહિત એવી શુદ્ધ જે આચાર્ય પોતે છે એવા અને બીજાને દીક્ષા આપે આવી અને શિક્ષા પણ એવી આપે. આરે..! આ કોઈ નિશ્ચયની વાતું એવી ઝીણી.

સવારમાં કહ્યું હતું નહિ જરી કાંઈક. સવારમાં આવ્યું હતું ને ભાઈ આમ. કે વીતરાગની વાણી સાંભળે સાક્ષાત્ ત્રણલોકના નાથની, તો એ જ્ઞાનની પર્યાયમાં એ નિમિત્ત છે અને જ્ઞાન જે થયું એ બધું પરલક્ષી જ્ઞાન છે. એટલે એ પર્યાયથી, એ પર્યાયથી દ્રવ્યમાં જાય અને સમકિત થાય એમ નથી. આહાહા..! અને એ ચીજ જ એવી કોઈ છે કે જે અંદરમાં દ્રવ્યનો આશ્રય થતાં પર્યાય પ્રગટ થાય અને એ પર્યાય દ્રવ્ય ઉપર આશ્રય લે. આહાહા..! આ શાસ્ત્રથી જ્ઞાન થાય વીતરાગી પરમેશ્વરની વાણી

સાંભળીને, સાક્ષાત્ પરમેશ્વરને દેખીને. એ જ્ઞાનની પર્યાય પણ આત્માના આશ્રય કરવામાં મદદગાર નથી. સવારમાં કહ્યું હતું. આ તો ભાઈ આકરો માર્ગ છે ભાઈ! માર્ગની શૈલી એવી રીતે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પણ એને એવું લાગે કે આ તો નિશ્ચય-નિશ્ચયની જ વાતું કરે છે. પણ બાપુ! નિશ્ચય એટલે શું? આ આચાર્ય.. સમજાણું કાંઈ? જેમાં વ્યવહારથી નિશ્ચય પ્રગટ ન થાય. એ તો સ્વભાવને આશ્રયે જ નિશ્ચય પ્રગટ થાય. સમજાણું? એ ત્યાં એમ કહે ને સોનગઢમાં તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... એમ કહે છે.

મુમુક્ષુ :- સાંભળ્યા વિના શું કહે?

ઉત્તર :- બધું સાંભળ્યું હોયને આ બહારના માણસોનું. પણ બાપુ! વ્યવહાર, નિશ્ચય કોને કહેવો? વ્યવહાર કોને કહેવો? આહાહા..! અહીં તો ભગવાન આત્મા...

મુમુક્ષુ :- .. વ્યવહાર નથી?

ઉત્તર :- એ તો એને બેસે... વ્યવહાર સ્થાપવો હોય તો શું કરે એ?

મુમુક્ષુ :- એને રાગરૂપ વ્યવહાર સ્થાપવો છે. વીતરાગ વ્યવહાર સ્થાપવો હોય તો છે.

ઉત્તર :- જુઓને આ અષ્ટપાહુડ. જેમાં, વસ્ત્રનો ધાગો રાખીને મુનિ માને તો નિગોદમાં જાય, એવા અર્થ છે. હવે એમાં અગાસ તરફથી અર્થ એવો ભરાણો કે આજ્ઞા પ્રમાણે વસ્ત્ર લેવું ને મૂકવું એ આજ્ઞા પ્રમાણે. હવે એવો અંદર પાઠ નાખ્યો. આમાં નહોતો નાખવો. શ્રીમદ્‌ના પુસ્તકમાં ભલે હો. પણ આ જે પુસ્તક છે એમાં આ ન નાખવું જોઈએ. એ પુસ્તક તો એમ કહે છે કે વસ્ત્રનો ધાગો રાખે એ વીતરાગની આજ્ઞા જ નથી. સમજાણું? એમાં એ શ્રીમદ્‌નો પત્ર નાખ્યો. શ્રીમદ્‌માં આવે છે. એણે તો બધું વ્યવહાર શ્વેતાંબરનું જુદું પાડ્યું નથી. છેલ્લે પાડ્યું. છેલ્લે ૧૯ સૂત્ર દિગંબરના સ્થાપ્યા સત્શાસ્ત્ર તરીકે. એકેય સૂત્ર શ્વેતાંબરનું રાખ્યું નથી છેલ્લે. યોગદૃષ્ટિ સમુચ્ચય એ તો ગ્રંથ છે ગ્રંથ. પણ હવે એ માને નહિ. વસ્તુ એ છે. અર્થમાં એ ભર્યું આમાં જુઓને અગાસ તરફથી છે ને? અગાસ તરફથી. ચારિત્ર પાહુડની ૩૭ ગાથા છે ૩૭. એવો અર્થ કર્યો છે. એ આમાં ન નાખવો જોઈએ. ૩૭ ગાથામાં લીધું છે.

જેમ આજ્ઞા તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્ર આદિ લેવું, મૂકવું. પણ વસ્ત્ર લેવું, મૂકવું એ આજ્ઞા છે જ નહિ વીતરાગની. ૩૭ ગાથા છે ચારિત્ર પાહુડની. એમાં અર્થ ભર્યો એણે અગાસવાળાએ. પહેલા લખી ગયા છે કે વસ્ત્રસહિત તીર્થંકર હોય તો મુક્તિ ન થાય. એવો પાઠ. વસ્ત્રસહિત મુનિપણું માને, મનાવે તો નિગોદમાં જાય એ તો પાઠ છે. આમાં પાછું અહીં નાખ્યું આ. અગાસ તરફથી એ નાખ્યું. આપણે તો અહીં ચોખ્ખું છે. એટલે ત્યાં પણ માણસને પોતાના પક્ષમાં સિદ્ધ કરવા, શું આમાં વિરોધ થાય છે એની ખબર રહેતી નથી.

જિનેન્દ્રદેવ તીર્થંકરે કહ્યું એ કુંદકુંદાચાર્યે કહ્યું. જિનવરે તો જન્મ્યા એવું રૂપ ભાખ્યું. અને તે પહેલાં

આવી ગયું છે કે જે માર્ગ છે, નિર્ગ્રંથ માર્ગ, વીતરાગી દશા અને બાહ્ય વીતરાગી .. નગ્ન. તે માર્ગ, બાકી ઉન્માર્ગ છે. એ તો પાઠ આવી ગયો છે પહેલો. છતાં આવું પાછા અર્થમાં નાખી દીધું. અરેરે..! વાડા બાંધી બેઠા રે પોતાનો પક્ષ.

અહીં તો કહે છે આચાર્યે તો જેને અંતરમાં વીતરાગતા પ્રગટી છે. આહાહા..! જિનબિંબ જ થઈ ગયો છે આત્મા. એ જિનબિંબ થવાની દીક્ષા અને જિનબિંબ થવાની શિક્ષા આપે. સમજાણું કાંઈ? જુઓને દીક્ષા એમ કીધી. પંચ મહાવ્રત આપે એમ ન લીધું, ભાઈ! એ વખતે આવે. પણ દીક્ષા-શિક્ષા આવી આપે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! દુનિયાના સમતોલ સમાજ રહે કે ન રહે એની સાથે તત્ત્વને સંબંધ નથી. કે સમાજ ઘણું આમાં માને તો ઠીક, એ વસ્તુની સ્થિતિ નથી. અને ઘણાં રાજી થાય, આવો સમન્વય કરવાથી, એ કાંઈ વીતરાગમાર્ગ નથી. વીતરાગમાર્ગ તો અંદર દયા, દાનના વિકલ્પથી ભિન્ન પડી અને સ્વરૂપને આશ્રયે જેને દર્શન, જ્ઞાનમય સમકિત થયું છે, જ્ઞાનમય જ્ઞાન અને જ્ઞાનમય સંયમ, ચારિત્ર. એવી દશા જેને પ્રગટી છે તેને અહીંયાં આચાર્યને જિનબિંબ કહેવામાં આવે છે અને એ એમની દીક્ષા અને ઉપદેશ આવો હોય પાછો, એમ. એવા આચાર્યનો ઉપદેશ આવો હોય કે એને વસ્ત્રરહિત નિર્ગ્રંથ દિગંબરદશા અને અંદર વીતરાગદશા. એવો એ આચાર્યોનો ઉપદેશ અને શિક્ષા એવી હોય. આહાહા..! આ દીક્ષા. સમજાણું કાંઈ?

ઓલા લૂગડાવાળા દીક્ષા આપે છે એ દીક્ષા નથી. એ તો મિથ્યાત્વનું પોષણ છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! હવે શેઠિયાઓ આપે તમારા જેવા દીક્ષામાં મદદ. દીક્ષા કરે, ચાલો ભાઈ પચ્ચીસ હજાર ખરચો, દસ હજાર ખરચો. એમ કહે. એમ કે અમારાથી તો કાંઈ થતું નથી તો બિચારા દીક્ષા લે તો લાવો અનુમોદન કરીએ. લાભ થાય. પણ દીક્ષા કેવી હતી? મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! માર્ગ આવો છે, ભાઈ! વીતરાગ ત્રિલોકના નાથ એની વાણીમાં તો આ આવ્યું છે. એના વિરહે બીજું થાય એમ બને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પોકાર, કુંદકુંદાચાર્ય પોકાર કરે છે કે આચાર્ય આવા હોય એને જિનબિંબ કહીએ. પછી એનું રૂપ સામું હોય એને વ્યવહાર જિનબિંબ કહીએ. એ પુણ્યનું, શુભભાવનું કારણ છે. વ્યવહાર છે એટલી વાત બરાબર છે, પણ વ્યવહાર આશ્રયે આત્માને લાભ થાય એ વાત નથી. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મલાભ થાય એવું નથી. આ પંચમકાળ છે. શેઠ આવ્યા હવે. પંચમકાળ એટલે કોઈ લોટને ઠેકાણે માટીનો બનાવ્યો શીરો? શીરા શીરા શું કહે છે? હલવા. લોટને ઠેકાણે ધૂળ નાખી? ઘીને ઠેકાણે કોઈ પેશાબ નાખ્યો? પંચમકાળ છે ને? પંચમકાળ હોય કે ચોથો કાળ હોય એ તો જે રીતે બને એ રીતે જ બને એ. ગોળ, લોટ ને ઘી. સાધારણ ગરીબ માણસ હોય તો ઘી ન નાખે, તેલ નાખે. પણ કાંઈ પાણીની સુખડી થાતી હશે?

મુમુક્ષુ :- એટલો તો સુધારો થયો ને?

ઉત્તર :- શું સુધારો શેનો સુધારો?

મુમુક્ષુ :- ઘીને બદલે તેલ આવ્યું.

ઉત્તર :- એ તો એનો અર્થ એ કે એની શક્તિ ચારિત્રની ઉગ્ર ન હોય, તો સમ્યગ્દર્શન-જ્ઞાન રાખે, એમ.

મુમુક્ષુ :- ચારિત્ર..

ઉત્તર :- ચારિત્ર ન હોય ઉત્કૃષ્ટ તો દર્શન-જ્ઞાનમાં ચોખ્ખી શુદ્ધતા રાખે. પણ શ્રદ્ધામાં ફેરવે કે ના, ના, એ વસ્ત્રસહિત પણ સાધુ હોય અને ભગવાને વસ્ત્રસહિત પણ ચારિત્ર લેવા માટે કહ્યું છે. બિલકુલ જૂઠ છે. વીતરાગ ત્રણ લોકના નાથની આજ્ઞાથી વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? અહીં તો વાત એવી છે ભાઈ! આકરી લાગે લોકોને.

'**ભાવાર્થ :- જો જિન અર્થાત્ અર્હંત સર્વજ્ઞકા પ્રતિબિંબ કહલાતા હૈ;...**' અરિહંત સર્વજ્ઞનું પ્રતિબિંબ જિન એટલે. '**ઉસકી જગહ ઉસકે જૈસા હી માનનેયોગ્ય હો ઈસપ્રકાર આચાર્ય હૈં...**' જિનનું બિંબ એ જિનનું બિંબ, એ આચાર્ય છે એમ કહે છે. કહ્યું ને '**જિન અર્થાત્ અર્હંત સર્વજ્ઞકા પ્રતિબિંબ કહલાતા હૈ;...**' અરિહંત સર્વજ્ઞનું પ્રતિબિંબ સામે બિંબ એ આચાર્ય. આહાહા..! આ આચાર્ય હોય. જેને જ્ઞાનમય આત્માની દૃષ્ટિ પ્રગટી છે. જેને આત્માનું જ્ઞાન, પોતાથી જ્ઞાન થયું છે. પરથી નહિ. પોતાથી દર્શન થયું, પોતાથી લીનતા અંદર થઈ છે. એવા આચાર્યને જિનબિંબ કહેવામાં આવે છે. આહાહા..! સામે એકલા પ્રતિમા ને મૂર્તિ બિંબ કરી મોટા, એ જિનબિંબ પણ નથી ખરેખર. મૂર્તિ કહેવાય એને. પણ જિનબિંબ નહિ. જિનબિંબ તો જેવા જિન હતા એવું જ સામે આકૃતિ-બિંબ હોય તો જિનબિંબ કહેવાય. સમજાણું કાંઈ? એ બધો ફેરફાર થયો શ્વેતાંબર નીકળ્યા એટલે. એની સામે આ બધી વાત છે. બહુ સ્પષ્ટ કરવા જાય તો હૃદય આ છે એનું. આહાહા..!

બે હજાર વર્ષ પહેલાં મોટો ગોટો ઉઠ્યો. વસ્ત્રસહિત અર્ધફાલક રાખ્યું થોડું. કટકો રાખ્યો. બાર વર્ષનો દુકાળ પડ્યો. અર્ધફાલક રાખીને સાધુપણું મનાવ્યું. એમાંથી આ બધો શ્વેતાંબર પંથ આખો નીકળ્યો. એની સામે આ વાત છે કે વીતરાગમાર્ગ આ નથી. સમજાણું કાંઈ? આહાહા..! જેના શાસ્ત્રમાં વસ્ત્રો રાખવા કહ્યું એ શાસ્ત્ર વીતરાગના છે? ભગવાને તો એમ કહ્યું કે 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' એ માર્ગ અને બાકી ઉન્માર્ગ. એની શ્રદ્ધામાં તો નિર્મળતા પ્રગટ કરવી પડશે કે નહિ? આહાહા..!

'**ઉસકી જગહ ઉસકે જૈસા હી...**' '**ઉસકે જૈસા...**' એટલે અરિહંત જેવા. '**માનનેયોગ્ય હો ઈસપ્રકાર આચાર્ય હૈં વે દીક્ષા અર્થાત્ વ્રતકા ગ્રહણ...**' દીક્ષા એટલે વ્રતનું ગ્રહણ. '**ઔર શિક્ષા અર્થાત્ વ્રતકા વિધાન બતાના, યે દોનોં ભવ્યજીવોંકો દેતે હૈં.**' આવા આચાર્ય દીક્ષા અને શિક્ષા દે એ સાચી દીક્ષા અને શિક્ષા હોય. આહાહા..! '**ઈસલિયે ૧-પ્રથમ તો આચાર્ય જ્ઞાનમયી હો,...**'

'**णाणमयं**' કીધું છે ને? એની વ્યાખ્યા કરે જરી. '**જિનસૂત્રકા ઉનકો જ્ઞાન હો,...**' એ વ્યવહારની વાત કરી. બાકી એની વસ્તુ જ્ઞાનમય હોય એમ કહ્યું. રાગમય જે ક્રિયા છેને એ મય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. ઘણે ઠેકાણે જ્ઞાનમય આવશે. બધે જ્ઞાનમય... જ્ઞાનમય... એ ૧૫મામાં આવ્યું હતું '**णाणमयं होइ रूवत्थं**' ૧૬મામાં આવ્યું '**णाणमयं**' બધે ઘણે ઠેકાણે આવે છે. ૧૪મામાં આવ્યું હતું '**णाणमयं**'. ૮મામાં આવ્યું હતું '**णाणमयं**'. બધે શબ્દ એ પડ્યા છે. '**णाणमयं**' '**णाणमयं**' '**णाणमयं**' હોં! આહાહા..! હજી આવશે આગળ. ''**णाणए जिणमुद्दा**' '**णाणेण लहदि लक्खं**' મૂળ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે એ અહીં સિદ્ધ કરવું છે. એને વ્યવહાર જે દયા, દાન વિકલ્પ એ કાંઈ એનું સ્વરૂપ નથી. એવું જે જ્ઞાનબિંબ પ્રભુ, એની જ્ઞાનમય દશા પ્રગટ કરીને શ્રદ્ધા, ચારિત્રમાં જ્ઞાન અને તેવી જ દીક્ષા અને શિક્ષા આપે એવા આચાર્યને જિનબિંબ કહેવામાં આવે છે. અરિહંતને ઠેકાણે આચાર્ય આવા હોય એને જિનબિંબ કહીએ એમ કહે છે.

ભગવાનનો વિરહ પડ્યો ને. ભગવાન નહોતા ત્યારે કે હવે જિનબિંબ કોને કહેવા? ભગવાન સાક્ષાત્ બિરાજતા અરિહંત પદે જિનબિંબપણે ત્યારે તો વાણી સીધી આવતી. પણ હવે વીતરાગ નથી ત્યારે એના સ્થાનમાં જિનબિંબ કહેવા કોને? એના સ્થાનમાં, એના અધિકારમાં. કે આચાર્યને. આહાહા..! એવા આચાર્ય કે જેને આત્માની જ્ઞાનમય દશા જેને પ્રગટી છે. જ્ઞાનસ્વરૂપ તો વસ્તુ છે, પણ દશામાં જ્ઞાનમય, શ્રદ્ધા, ચારિત્ર, શાંતિ બધું જ્ઞાનમય પ્રગટ્યું છે. આહાહા..!

અને '**જિનસૂત્રકા ઉસકો જ્ઞાન હો, જ્ઞાન બિના યથાર્થ દીક્ષા-શિક્ષા કૈસે હો?** ' જેને વાસ્તવિક જ્ઞાન, આત્માનું જ્ઞાન જ નથી અને વાસ્તવિક સૂત્રનું જ્ઞાન નથી એ દીક્ષા-શિક્ષા ક્યાંથી આપે? આ બધા મુંડાય છે ને અત્યારે જુઓને ઘણા. ટોળા માટે ૩૮-૩૮, ૩૪-૩૪ આર્જિકાઓના ટોળા બધા. આહાહા..! ભારે આકરું કામ. મિથ્યાત્વના પોષકના ટોળા છે બધા. જૈનશાસનના વેરી. યશોવિજય કહે છે. શ્વેતાંબર છે ને એ એમ કહે છે. 'જેમ જેમ બહુજન...' આવે છે ને શું આવ્યું? 'જેમ જેમ બહુજન સંમત બહુ શિષ્ય...' છ બોલ છે. ઠાણાંગને છઠ્ઠે ઠાણે. ૭૮માં કહ્યું હતું રાણપરમાં. 'જેમ જેમ બહુસુત બહુજન સંમત બહુ શિષ્યે પરવર્યો.' છ બોલ છે. એની આબરૂ મોટી હોય, ફલાણું હોય. 'તેમ તેમ જૈનશાસનનો વેરી જો નવી નિશ્ચય દરિયો.' ઠાણાંગને છઠ્ઠે બોલે છે. ટીકામાં 'જહ જહ બોલે...' ઠાણાંગને છઠ્ઠે ઠાણે. આ બોલ કહ્યો હતો. આ દીક્ષા લેવાના હતા ને. આ જુઓ આ રહ્યા. આવ્યા હતા. તે દિ' આ કહ્યું હતું. ઉઘાડું કાંઈ કહેવાતા હશે? ૭૮માં ચોમાસું હતુંને રાણપરમાં. આહાહા..!

જેને આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન એનું જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિ નથી નિશ્ચયની, એ બધા વ્યવહારમાં માનનારા એ જૈનશાસનના વેરીઓ છે એમ કહે છે. આહાહા..! કહો, પાટણીજી! ભારે આકરું લાગે હોં દુઃખ બિચારાને. શું થાય પણ? વસ્તુસ્થિતિ હોય એમ થાય. વીતરાગનો પોકાર પણ

એ છે. કુંદકુંદાચાર્યનો પોકાર આ છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચય દરિયો છે. પણ એમાં અર્થ કેટલો કર્યો છે? કષાયવાળો જીવ હોય એ નિશ્ચયનું એને બહાનું છે. એટલી શરતે. અર્થ કર્યો સાધારણ. ... બીજું કાંઈ આમાં આત્મવંત અને અણાત્મવંત એમ કહે. ઓલા શબ્દો તો હતા ને શાસ્ત્રના કેટલાક. તો પછી નાખેલા ખરાને લોકેએ. અર્થ તો એ હળવો સાધારણ કરી નાખ્યો. અણાત્મવંત એટલે કષાયવાળો જીવ. એને આ બધું હોય પણ એ જૈનશાસનનો વેરી છે. અને કષાય વિનાનો જીવ હોય એને આ હોય તો જૈનશાસનનો સ્થાપક, પાલક, રક્ષક છે. ઠીક છે શું થાય પ્રભુ? આખું આભ ફાટ્યું ત્યાં હવે થીગડા કોને દેવા. એવી વાત છે બાપુ આ તો. આહાહા..!

આવા આચાર્ય અને '**आप संयमसे शुद्ध हो,...**' જોયું! એ '**संजमसुद्धं**' છે ને? સંયમ નિરતિચાર ચારિત્ર જેની દશા હોય. આહાહા..! જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય. આહાહા..! એવું જેને શુદ્ધ ચારિત્ર હોય છે. '**यदि ईसप्रकार न हो तो अन्यको भी संयमसे शुद्ध नहीं करा सकते.**' પોતાને જ્યાં વીતરાગદશા, સમ્યગ્દર્શન-ચારિત્ર શુદ્ધ નથી, તો બીજાને શી રીતે શુદ્ધ કરાવે? કાંઈક ગોટો જ વાળે. આ કાળે એવું જ હોય પંચમકાળે. એય..! શેઠ! પંચમકાળે કાંઈક બીજું હોય ઢીલું. અનાજને ઠેકાણે ઈયળુ ખાય પંચમકાળે. એમ હશે? આ ઓલું નાખે છે ધૂળ આવે છે ને ઊંચી આવે છે. ઊંચી ઉદરશી નીકળે છે ને બહુ નહિ આ? ... ધોળા પત્થર બહુ ઊંચા હોય બહુ ઊંચા. ચિરોડી-ચિરોડી. બહુ ઊંચી. ચિરોડીનું દળ કરીને આ લશ્કરના સિપાહીઓને અનાજમાં નાખે. આપે છે. આમ ઊંચી. એ પત્થર પાકે છે એવો. અહીં કુંડલા પાકે છે. અને એ બહુ એનો પાક હતો. આપણે ભાઈનો લગભગ આ જયચંદભાઈનો દીકરાનો દીકરો છે. જયચંદભાઈનો દીકરો. ખબર છે ને ત્યાં ગયા હતા ને બતાવ્યું હતું ત્યાં. ત્યાં ગયા હતા જોવા. બતાવ્યું હતું. ઊંડે છે. ધોળા આરસપહાણ એ. ચિરોડી નીકળે છે મીઠી. પણ એનો લોટ કરી અને લશ્કરને બહુ વેચાતો હતો એ. લશ્કરના જુવારના રોટલાના બાજરામાં નાખે. સ્ફૂર્તિ થાય એવું હતું લ્યો! લોટ જેવો લોટ હોં. એકલા પથરાનો લોટ કાંઈ ઈયળનો લોટ કામ આવે ત્યાં?

અહીંયાં તો વીતરાગતાનો જ્યાં અંદરમાં પોષણ થઈ ગયું છે. આહાહા..! રાગમાંથી નીકળી જેણે વીતરાગબિંબ પ્રભુ આત્માને અવલંબની વીતરાગતા પ્રગટ કરી છે. આહાહા..! એવી દીક્ષા બીજાને આપે અને એવી શિક્ષા બીજાને આપે. એને જિનબિંબ કહેવામાં આવે છે.

'**अतिशयता=विशेषतया वीतराग न हो...**' '**सुवियरायं**' છે ને? '**सुवियरायं**' છે. '**विशेषतया वीतराग न हो तो कषायसहित हो, तब दीक्षा, शिक्षा यथार्थ नहीं दे सकते हैं;...**' આહાહા..! એકલા પંચમહાવ્રતના પરિણામ અકષાય છે એ દીક્ષા નથી. આહાહા..! જૈનમાર્ગને સમજવો મહાપુરુષાર્થ છે. દુનિયાની કોઈ અપેક્ષા છોડી દઈને વીતરાગ શું કહે છે? અને તે પણ વીતરાગ પણ એમ કહે અમે કહીએ છીએ તને અને તને જે જ્ઞાન થયું તે વખતે તે ભલે એ જ્ઞાને પણ તને સ્વના

આશ્રયમાં નવીનતા નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રના જાણપણા થયા ને એને એમ થઈ જાય કે આહાહા..! આપણું કાંઈક થયું. માટે આવડે છે જુઓ. ફટ ફટ .. શું છે પણ હવે એ? સમજાણું કાંઈ? .. કરવી છે ને? વીતરાગતા ભાવ હોય જેમાં. ... જ્ઞાન એ પણ .. આશ્રય કરવા માટે .. નથી. એને છોડી દઈને અંતરની પર્યાય દ્રવ્યનો આશ્રય કરતા એ પર્યાય પ્રગટી તે પર્યાય... આહાહા..! ગજબ વાત છે. આવો વીતરાગ માર્ગ. આહાહા..! સમજાણું કાંઈ? જરી સૂક્ષ્મ છે વાત હોં. માર્ગ આવો છે.

..ના લક્ષવાળું જ્ઞાન પણ સ્વના આશ્રયે .. આહાહા..! અરે..! આમાં સ્થાપે ત્યારે કહે આ નિશ્ચય સ્થાપે. નિશ્ચય આ છે. જ્ઞાની પાસેથી .. જોઈએ એ તો બધી વ્યવહારની વાતું છે. જ્ઞાની પાસેથી જ્ઞાન મળવું, જ્ઞાની એટલે આત્મા, એની પાસેથી જ્ઞાન મળવું જોઈએ. સમજાણું કાંઈ? આવો માર્ગ, ભાઈ! એ .. આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો સ્પષ્ટ જ્ઞાતા છે. સમજાણું? એનો અર્થ એ થયો વ્યવહારથી નિશ્ચય પમાતું નથી. પરના દિશાવાળું, લક્ષવાળું જ્ઞાન એ સ્વના લક્ષના ... આહાહા..! પોતાના સ્વભાવથી જણાય એનો અર્થ એવો વિકલ્પ છે કે ... પૂર્ણ વીતરાગતા. આહાહા..! જેનો પર્યાય સ્વભાવ, એ સ્વભાવથી જણાય એવો આત્મા છે. પરના લક્ષવાળા જ્ઞાનથી ન જણાય, વિકલ્પથી ન જણાય. આહાહા..! એવું સ્વરૂપ જેને પ્રગટ્યું છે તે એ જાતની વાત કરે છે. એમ કહ્યું ને? .. દીક્ષા-શિક્ષા એવી જ કહે છે બીજાને. આવો માર્ગ વીતરાગનો છે.

વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે ખરો. બે નયનો વિષય છે. પણ એ વ્યવહારનો વિષય નિશ્ચયમાં મદદ કરે એમ નથી. આ વાંધા મોટા છે. એથી નિશ્ચય છે સ્વનો આશ્રય એ જ લાભદાયક છે. એવી દીક્ષા ને શિક્ષા જેને પ્રગટી છે, એ દીક્ષા ને શિક્ષા એ વાત કરશે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ચોર્યાસીના અવતારમાં દુઃખી છે .. એ દુઃખથી નીકળવાનો રસ્તો તો આનંદ છે ત્યાં જ હોય ને. દુઃખી થવાનો રસ્તો દુઃખનો વિકલ્પ અને .. હોય? આહાહા..! આચાર્ય આવા હોય એ દીક્ષા-શિક્ષા યથાર્થ આપે. અને આવા ન હોય એ યથાર્થ દીક્ષા-શિક્ષા આપે નહિ. ... આહાહા..!

'**અતઃ ઈસપ્રકાર આચાર્યકો જિનકા પ્રતિબિંબ જાનના.**' વીતરાગનું પ્રતિબિંબ આચાર્ય છે એમ કહે છે. આચાર્ય વીતરાગને સ્થાને છે આ. વીતરાગ સર્વસ્વ છે. જિનબિંબ જિન. અને આચાર્ય તો છદ્મસ્થ અને એના સ્થાનમાં આવા આચાર્ય તે જિનબિંબ છે. જિનને ઠેકાણે બિંબ એનું જિનબિંબ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ તીર્થંકરના વિરહ પડ્યા તોપણ, કહે છે કે એના સ્થાનને .. રાખે એવું આ જિનબિંબ આવા આચાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! શું વીતરાગતા! આહાહા..! જેને દુનિયા માને અને ... ઈચ્છા જ્યાં નથી. આહાહા..! એકલી વીતરાગતા જ્યાં પડી છે એને આ હું કહું અને એ .. તો મને કોઈ માન આપે. એ પણ જેને નથી. સુવીતરાગતા પ્રગટી! આહાહા..! એને કેવળી જિનને ઠેકાણે એને જિનબિંબ એને કહેવામાં આવે છે. આહાહા..! 'જિન પ્રતિમા જિન સારખી' આવ્યું હતું ક્યાંક. એ તો બધો વ્યવહાર છે. એમ જિનબિંબ અરિહંતના સ્થાનમાં આચાર્ય યથાર્થ છે.

આવે છે 'જિન પ્રતિમા જિન સારખી.' આવ્યું હતું. એ વ્યવહારે જિન પ્રતિમા જિન સારખી. જિનના .. આચાર્ય તે યથાર્થ છે. આવી વીતરાગદશા જેને પ્રગટી છે. આહાહા..! જેને દુનિયાની સામું જોવું નથી. આહાહા..! આ કહીએ છીએ, પ્રરૂપીયે છીએ તેવી રીતે દુનિયા સમજે તો ઠીક, એ જ્યાં દરકાર નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવી વીતરાગતા એ જૈનદર્શન અને જિનબિંબ જૈનદર્શનનું કહેવાય. આહાહા..!

કુંદકુંદાચાર્ય સાક્ષાત્ જિનબિંબ છે. આહાહા..! ભગવાન પછી ભગવાનનું જિનબિંબ તરીકે કુંદકુંદાચાર્ય, ગૌતમાદિ ... મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. એ .. છે પણ વસ્તુ આવા .. એનો અર્થ પોતે ... આહાહા..! એણે શ્રીમદ્દે સદ્‌ગુરુ સ્વીકાર્યા છે. પંચાસ્તિકાય .. અર્થો કર્યા. ... પંચાસ્તિકાયનો અર્થ કર્યો છે એ. આહાહા..!

'**ઈસપ્રકાર આચાર્યકો જિનકા પ્રતિબિંબ જાનના.** ' આવા આચાર્યને જિનનું પ્રતિબિંબ, જિન જેવા સામા. આ લોકો એમ બોલતા ભાઈ તેરાપંથી. જ્યારે આચાર્યને .. જિન નહિ પણ જિન સરીખા. એમ બોલે. આ .. રાખ્યું. તેરાપંથીમાં આવે છે. જિન નહિ પણ જિન સરીખા. આવું આવે છે વાત સાચી. પણ એ ક્યાં હતું ત્યાં? ... જિન સરીખા એ ન હોય. તેરાપંથી નહિ? આ તો આવા આચાર્યો જિનબિંબ છે. એ તો હજી ગૃહીત મિથ્યાત્વ જેને. આહાહા..! વસ્ત્રસહિત સાધુપણુ મનાવવું, માનવું એ બધું ગૃહિત મિથ્યાત્વ છે. વીતરાગ સર્વજ્ઞદેવ અને જિનબિંબ આચાર્યો એનાથી તો વિરૂદ્ધ વાત છે, ભાઈ! આહાહા..!

એકકોર કુંદકુંદાચાર્ય આમ કહે, ત્યારે ઓલા કહે કે વસ્ત્ર હોય તો ભગવાને કહેલા છે. આહાહા..! કુંદકુંદાચાર્યને ખોટા પાડવા છે ને એનો અર્થ? આહાહા..! બાપુ! એમ ન થાય. માર્ગ તો જેમ છે એમ .. ગજબ કામ કર્યા છે કુંદકુંદાચાર્યે. બોધપાહુડ. આવું સાચું જ્ઞાન, એમ. આવા જિનબિંબને જિનબિંબ જાણવા એનું સાચું જ્ઞાન.

'**આગે ફિર કહતે હૈં :—**' એ વખતે .. ચાલતી હતી. .. થાય, આચાર્યો થાય, વંદન કરે. ભાઈ! જિનબિંબ તો આવા હોય.

**तस्स य करह पणामं, सव्वं पुज्जं च विणय वच्छल्लं।**
**जस्स य दंसण णाणं, अत्थि धुवं चेयणाभावो।।१७।।**

'**અર્થ :- ઈસપ્રકાર પૂર્વોક્ત જિનબિંબકો પ્રણામ કરો...**' આવા જિનબિંબને નમન કરો. સમજાણું? શ્રીમદ્‌માં .. ચાલ્યું છે ને. ... શું કહેવાય? બીલી બીલી. બીલી દ્વારા ..ની પૂજા. એનો વિરોધ આવ્યો છે. એમાં મોટા વાંધા. .. અરે..! ભાઈ! .. વીતરાગને સ્થાને .. પ્રભુ! શું કરે છે? ભાઈ! વીતરાગના પડ્યા વિરહ, એના સ્થાનમાં આ? ... '**ઈસપ્રકાર પૂર્વોક્ત જિનબિંબકો પ્રણામ કરો...**' આવા જિનબિંબને તમે આચાર્ય માનીને વંદન કરો એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

બહારના બાયડી, છોકરા છોડે, દુકાન છોડે, કરોડોપતિ હોય ને કરોડ છોડે એને લઈને એમ થાય કે ઓહોહો..! શું દીક્ષા! એ દીક્ષા ક્યાં હતી સાંભળને હવે. એને એ દીક્ષા તો છોડી... જે છોડવું જોઈએ પહેલું એ તો છોડ્યું નથી. ક્યાં દીક્ષા ત્યાં આવી? વીતરાગનો માર્ગ જ ... છે. આહાહા..! એને સમજવો, જાણવો, માનવો એમ કહે છે. અને એને પણ એ .. છે ને?

**'સર્વપ્રકાર પૂજા કરો,...'** **'सव्वं पुज्जं'** છે ને? **'सव्वं पुज्जं'** સર્વ પ્રકારે એની પૂજા કરો. બહારની પૂજા કરીને એકલા માનીને બેઠા છો. શુભભાવ છે, પણ એ આવા જિનબિંબ એવા પાછા સામે મૂર્તિ હોય. જેને માથે વસ્ત્ર નહિ, દાગીનો નહિ એવું જિનબિંબ હોય તો એ વ્યવહાર.. સમજાણું કાંઈ? આ તો એ પણ મોટા ગોટા. કેવળીના પડ્યા વિરહ, જ્ઞાન ઘટ્યા, આગ્રહ વધી ગયા. આહાહા..! **'સર્વપ્રકાર પૂજા કરો,...'** જોયું સર્વપ્રકારે પૂજા કરો. આવા આચાર્યની સર્વ પ્રકારે પૂજા કરો.

મુમુક્ષુ :- ..થી કરવી કે ..?

ઉત્તર :- નિશ્ચય.. ત્રણે કાળ. ધન્ય અવતાર. કલ્પવૃક્ષના ઘર આંગણે .. એમ બહુમાન કરીને પૂજા કરો. એ પૂજા છે. એકલો ... નહિ. આ પૂજામાં કેટલાક ... .. વાત છે. ક્રિયા કરી જ્યારે ને અમે .. એ તો એક બહુમાન કરવું ... અહીં તો સર્વ પ્રકારે પૂજા કરો તો .. પણ પૂજા કરો એમ આવે કે નહિ? એમ કહે છે.

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- ના. ના. એ તો માને. ભગવાનને નામે. સ્થાપે ભલે ગમે તે. પણ કાંઈ ભગવાન ઉપર .. ચડાવીને એની પૂજા કરવી? .. લેવું મૂકીને પૂજા કરવી? લોભ ઓછો કરો એમ કહે છે. એને .. નથી. આમ કરશે .. ભગવાનની પ્રતિમા એની પૂજા, ભક્તિ. .. ત્યારે કેમ ખરચે છે? પછી ખરડો કરવા જાય ત્યાં? એય..! શેઠ! છોકરાના લગનમાં ખર્ચ કરે છે .. ખરડો કરવા જાય છે કોઈ પાસે? ... આહાહા..!

અહીં તો કહે છે, આવા જિનબિંબની સર્વ પ્રકારે પૂજા કરો. આહાહા..! **'सव्वं पुज्जं'** બહુ .. આ શું? આહાહા..! **'વિનય કરો,...'** બહુમાન, આવો વીતરાગ માર્ગ છે પ્રભુ! આહાહા..! **'વાત્સલ્ય કરો,...'** આવા જિનબિંબ પ્રત્યે પ્રેમ કરો. જેના હૃદયમાં પ્રેમ ઉઠે ભગવાન પ્રત્યે. આવા વીતરાગી સંત કે આચાર્ય હોય. આહાહા..! એ જિનને ઠેકાણે છે એ. જિન નહિ પણ જિન સરીખા. જિનની પ્રતિમા, જિન સરખી, એમ આ તો જિન સાક્ષાત્. આહાહા..! અરે..! એવા આચાર્યના વિરહ પડ્યા. આચાર્ય મળ્યા નહિ. ભગવાન ન મળ્યા, આચાર્ય ન મળ્યા. આહાહા..!

**'વાત્સલ્ય કરો, ક્યોંકિ-ઉસકે ધ્રુવ અર્થાત્ નિશ્ચયસે દર્શન-જ્ઞાન પાયા જાતા હૈ...'** નિશ્ચયથી એને દર્શન-જ્ઞાન જ છે. .. નિશ્ચયથી અંદર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચેતના ભાવ છે. એ એના ભાવો. ચેતનાભાવ પ્રગટ્યો છે. આહાહા..! જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન જેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં ચેતનાભાવ પ્રગટ્યા છે. રાગાદિ વિકલ્પની તો વાત જ નથી. આહાહા..! અને એ ખરેખર

તો .. નિશ્ચયનો માર્ગ છે.. અપેક્ષાએ તો વ્યવહાર છે. ... આહાહા..! એ વ્યવહાર નથી? છે ખરો, પણ એનો આશ્રય કરવાલાયક નહિ. એનો આશ્રય કરવા લાયક નહિ. આશ્રય દ્રવ્યનો. આહાહા..! વ્યવહાર અભૂતાર્થ છે. આવી વાત છે. એ પર્યાયમાત્ર અભૂતાર્થ કીધી છે. શું કીધું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર .. એ પર્યાય અભૂતાર્થ છે, ત્રિકાળીની અપેક્ષાએ. પરિણામમાત્રને વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યો. ... ત્રિકાળની અપેક્ષાએ. આની અપેક્ષાએ ભૂતાર્થ છે. આહાહા..!

આ જગતની મીઠાશ આગળ આ .. કઠણ પડે. મીઠાશ .. આહાહા..! .. આ ભગવાન આ મળે એને .. આવો માર્ગ વીતરાગ. શુદ્ધ ચૈતન્યઘન ચેતનાભાવ. આહાહા..! .. ચેતનાભાવો. .. વ્યવહાર છે એ તો જડભાવ છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિનો ભાવ એ જડ છે, રાગ છે, એ અચેતન છે, જડ છે. આહાહા..! સમજાણું કાંઈ? હોય ખરો. હોય એથી કાંઈ વસ્તુ એ થઈ જાય? હોય ખરો. પણ .. એ ચેતનભાવ નહિ. આહાહા..! ઝીણું છે શેઠ! ઓલા બીડીમાં પૈસા ભેગા થઈ ગયા એમ અહીંયાં .. નથી. એ તો પુણ્યને લઈને થાય છે. ડહાપણને લઈને થાતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..આવવાના હોય એ આવે. ધ્યાન રાખે તો શું થાય? આહાહા..! એ .. ગુજરી ગયા સાંભળ્યું છે ને? .. હતું કાલે. ગોવાવાળા ગુજરી ગયા. .. બે અબજ. દસ મિનિટ. .. બંગલો મોટો છે ગોવામાં. મરતા ... .... ડોક્ટર આવ્યા હતા એમાં ... ગોવામાં. આબરૂ મોટી. ફૂલના હાર મડદા ઉપર નાખ્યા હશે. .. ક્યાંય વયો ગયો. આહાહા..! આવા વીતરાગ બિંબો આચાર્યો એને વંદન કરો, એને માનો, એની દીક્ષા-શિક્ષા આપનાર એનું બહુમાન કરો. આહાહા..!

**'ક્યોંકિ નિશ્ચયસે દર્શન-જ્ઞાન પાયા જાતા હૈ ઔર ચેતનાભાવ હૈં. '** એ બધોય. જેને અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધી ચેતનાભાવરૂપ છે. આહાહા..! જ્ઞાનચેતના બધી પ્રગટ થાય છે લ્યો એમ કહે છે. પહેલું જ્ઞાન તો કરે, એના ખ્યાલમાં તો આવે કે આ વસ્તુ આવી છે. સમજ્યા વિના ઢસરડા ઘણા કર્યા.

**'ભાવાર્થ :- દર્શન-જ્ઞાનમયી ચેતનાભાવસહિત...'** દેખો! **'દર્શન-જ્ઞાનમયી ચેતનાભાવસહિત...'** એ દર્શન અને જ્ઞાન એ બધું ચેતનાભાવ છે. આ શાસ્ત્ર અને જ્ઞાન ને એ બધું ચેતનાભાવ નહિ એમ કહે છે. આહાહા..! ગજબ વાત કરે છે ને. શાસ્ત્રને સાંભળીને જે જ્ઞાન થાય એ જ્ઞાન ચેતનાભાવ નહિ.

મુમુક્ષુ :- શું પ્રભુ? એ તો આપ ફરમાવો એમ અમને જ્ઞાન થાય ને?

ઉત્તર :- એ તો એનાથી થાય નહિ, થાય છે એનાથી ત્યાં. એ પણ જ્ઞાન નહિ. ચેતનાભાવ નહિ. આહાહા..! ઓહોહો..! કુંદકુંદાચાર્યની શૈલી! સર્વજ્ઞ અનુસારની શૈલી.

**'દર્શન-જ્ઞાનમયી ચેતનાભાવસહિત જિનબિંબ આચાર્ય હૈં,...'** જોયું! આહાહા..! એ

કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદ સ્વામી, નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી. આહાહા..! એ બધા જિનબિંબ હતા. દિગંબર સંતો. આહાહા..! આચાર્ય જેવા હતા. સમજાણું કાંઈ? '**ઉનકો પ્રણામાદિક કરના.**' આને પ્રણામ કરવા, વિનય કરવો, પ્રેમ કરવો, વાત્સલ્ય કરવું. છે શુભભાવ, પણ એ હોય છે ને, એમ કહે છે. '**યહાં પરમાર્થ પ્રધાન કહા હૈ,...**' અહીંયાં જિનબિંબને પરમાર્થે મુખ્ય છે તે કહ્યું છે. '**જડ પ્રતિબિંબકી ગૌણતા હૈ.**' લ્યો! શબ્દ તો એ વાપર્યો. જડ પ્રતિબિંબની અહીં ગૌણતા છે. વ્યવહારની. પ્રધાન તો આ છે. આહાહા..! અને આવી પ્રધાનતામાં એવો વ્યવહાર વિકલ્પ હોય છે, પણ એનો અર્થ એવો નથી કે એ વિકલ્પ છે માટે ત્યાં સ્વભાવમાં મદદ થાય છે અને સ્વભાવનો આશ્રય વિશેષ થાય છે, લાભ થાય છે આત્માને. એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહાહા..! એવી વાત છે. ચેતનાભાવ કહ્યો ને જુઓને. ચેતનાભાવ તો ચેતનમાંથી જાગ્યો એ ચેતનાભાવ.

'**આગે ફિર કહતે હૈં :—**' ૧૬ ને ૧૭ થઈને બે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૬, શનિવાર તા. ૧૫-૧૨-૧૯૭૩**
**ગાથા - ૧૮ થી ૨૧, પ્રવચન - ૬૮**

ચોથો અધિકાર છે આ. ૧૮મી ગાથા. જિનબિંબ કોને કહેવું? નિશ્ચયથી જિનબિંબ તો દિગંબર મુનિ, આચાર્ય એને જિનબિંબ કહેવામાં આવે છે. એ મુદ્રા પણ એમાં નાખશે. જિનબિંબ કહો, જિનમુદ્રા કહો.

**तववयगुणेहिं सुद्धो जाणहि पिच्छेइ सुद्धसम्मत्तं।**
**अरहन्तमुद्द एसा दायारी दिक्खसिक्खा य।।१८।।**

જે ઈચ્છા નિરોધરૂપી તપ... બાર પ્રકારના તપ તો વ્યવહારથી છે. અંતરમાં ઈચ્છાનો નિરોધ કરીને અતીન્દ્રિય આનંદની ઉગ્રદશા તપે, પર્યાયમાં શોભે તેને તપ કહીએ. એ અરિહંતની મુદ્રા એટલે બિંબ આવી તપવાળી હોય છે. અને '**વ્રત ઔર ગુણ...**' પંચ મહાવ્રત આદિ પરિણામ હોય છે. '**અર્થાત્ ઉત્તરગુણોંસે શુદ્ધ હોં,...**' ચોર્યાસીલાખ ઉત્તર ગુણ આદિ છે એનાથી શુદ્ધ મુદ્રા છે. '**સમ્યગ્જ્ઞાનસે પદાર્થોંકો યથાર્થ જાનતે હોં,...**' વાસ્તવિક સમ્યગ્જ્ઞાન આત્માનું એનાથી સ્વ અને પર પદાર્થને

બરાબર જાણતા હોય, એવા આચાર્યને અહીંયા જિનબિંબ કહેવામાં આવે છે. એ વખતે અનેક પ્રકારના જિનબિંબ ચાલતા હતા ભગવાનની મુદ્રાના નામે. એની સામે આ વાત છે. જિન નહિ પણ જિન સરીખા. આચાર્ય હોય તેને અહીંયા જિનબિંબ કહેવામાં આવે છે. નિશ્ચયથી જ્યાં ન હોય, એને વ્યવહારે જિનબિંબ પણ એને હોઈ શકે નહિ.

કહે છે કે '**સમ્યગ્જ્ઞાનસે પદાર્થોંકો...**' જેવા સર્વજ્ઞ પરમાત્માએ નવ પદાર્થ કહ્યા એવું એનું જ્ઞાન યથાર્થ સર્વજ્ઞે કહ્યું એ પ્રકારે એનું જ્ઞાન હોય છે. '**સમ્યગ્દર્શનસે પદાર્થોંકો દેખતે હોં...**' સમ્યગ્દર્શનથી પોતાનું સ્વરૂપ શુદ્ધ પૂર્ણ એને દેખે, સાધે અને જગતના દ્રવ્ય-ગુણ-પર્યાયોના પદાર્થો એને પણ સ્વને જાણવામાં એને પણ જાણે અને દેખે. એવી જિનબિંબદશા દિગંબર સંત અને આચાર્યની હોય છે. એવી દશા બીજે હોઈ શકે નહિ, એમ સિદ્ધ કરવું છે.

'**ઈસલિયે જિનકે શુદ્ધ સમ્યક્ત્વ હૈ...**' એમ લીધું છે ને? '**जाणहि पिच्छेइ सुद्धसम्मत्तं**' શુદ્ધ સમ્યક્ જેને, સર્વજ્ઞે કહ્યું એવું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ શુભ અને એનાથી રહિત આત્માના પરમાત્મસ્વરૂપને ધ્યેય બનાવીને, લક્ષ બનાવીને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. એવા સમ્યગ્દર્શનસહિત જે વ્રત ને સંયમવાળા હોય એને આચાર્યને જિનબિંબ કહેવામાં આવે છે. '**ઈસપ્રકાર જિનબિંબ આચાર્ય હૈ.**' લ્યો. કહો, સમજાય છે કાંઈ? દિગંબર સાધુ, આચાર્ય આવા સમકિતસહિત, સમ્યગ્જ્ઞાનસહિત, સંયમ ને વ્રત ને તપ સહિત, ઉત્તરગુણો સહિત (હોય) એને જિનબિંબ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાન પછી ૬૦૦ વર્ષે બે ફાંટા પડી ગયા એની વાત અહીંયા વધારે વિસ્તારથી. એકલા જિનપ્રતિમા અને જિનમૂર્તિ, મંદિર ને એ બધા એ વિકૃત વ્યવહાર (છે), સાચો નથી. એ જિનબિંબ સાચા નહિ, વ્યવહાર પણ નહિ. જિનબિંબ તો આ સાચા. અરિહંતને ઠેકાણે અરિહંતની છાપવાળા, વીતરાગ મુદ્રાવાળા. આહાહા..! એને અહીંયા આચાર્ય જૈન બિંબ કહે છે. બોધપાહુડ છે ને આ તો સાચી સમજણના બધા પ્રકાર છે. આહાહા..!

'**યહ દીક્ષા-શિક્ષાકી દેનેવાલી...**' સાચી સંતની દીક્ષા અને એની શિક્ષા એ દેવાવાળી '**અરિહંતકી મુદ્રા હૈ.**' એવા આચાર્યોએ અરિહંતની મુદ્રા.. છે બિંબની વાત. પણ મુદ્રાની હવે ગાથા આવે છે ને એનો ઉપોદ્‌ઘાત કર્યો છે. એવા જિનબિંબને જિન મુદ્રા કહેવામાં આવે છે. આહાહા..! '**ઈસપ્રકાર જિનબિંબ હૈ વહ જિનમુદ્રા હી હૈ,—**' લ્યો! એ જિનમુદ્રા જ છે એ. વીતરાગની છાપ. સંત, આચાર્ય દિગંબર વનવાસી જંગલમાં વસતા. અરે..! ભગવાનના વિરહ પડ્યા અને એવા આચાર્યના વિરહ પડ્યા. આહાહા..! સમજાણું કાંઈ? આચાર્ય તો.. આવા જિનબિંબ હતા એમ કહ્યું વીતરાગ માર્ગમાં. એ સિવાય બીજી રીતે કહે એ જિનબિંબ નહિ. વસ્ત્રવાળા સાધુ એ જિનબિંબ વ્યવહારે પણ નહિ. આહાહા..! અને આ જિનબિંબ જેવી પ્રતિમા હોય સામે, આના જેવું હોય તે વ્યવહારે જિનબિંબ કહેવામાં આવે.

'આગે જિનમુદ્રાકા સ્વરૂપ કહતે હૈં :— '

दढसंजममुद्दाए इन्दियमुद्दा कसायदिढमुद्दा।
मुद्दा इह णाणाए जिणमुद्दा एरिसा भणिया।।१९।।

જેને **'દઢ અર્થાત્ વજ્રવત્ ચલાને પર પર ભી ન ચલે ઐસા સંયમ-ઈન્દ્રિય મનકા વશ કરના,...'** મેરુ પર્વત હલે નહિ એમ જેની ઇન્દ્રિય અને મન સંકલ્પ ને વિકલ્પમાં જાય નહિ. આહાહા..! એવી જેની સંયમ મુદ્રા અંદરમાં છે. આહાહા..! **'સંયમ-ઈન્દ્રિય મનકા વશ કરના,...'** પાંચ ઈન્દ્રિય, મન એને સંકોચવા અને અંતર્મુખ થઈને એનો વિકાસ કરવો અણિન્દ્રિયનો. એનું નામ અહીંયા જિનમુદ્રા કહેવામાં આવે છે. અરે..! ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. ભગવાનને યાદ કરીને આવું સ્મરણ બતાવ્યું. માર્ગ આવો છે. સમજાણું કાંઈ?

**'ઈન્દ્રિય મનકા વશ કરના, ષટ્જીવ નિકાયકી રક્ષા કરના,...'** છે ને સંયમ શબ્દ? એનો અર્થ છ કાય. એકેન્દ્રિયના પ્રાણીને, એક લીલોતરીના જીવને પણ ન હણે. આહાહા..! અને જેને મન અને ઈન્દ્રિય વશ વર્તે છે. અણિન્દ્રિય ભગવાન આત્મામાં જેની જમવટ જામી ગઈ છે. આહાહા..! એને અહીંયા જિનમુદ્રા, વીતરાગની છાપવાળી મુદ્રા એને કહે છે. સમજાણું કાંઈ? કોઈ કહેને કે અમને જૈનનો ભેખ તો છે ને? એમ કહે. ભેખ જ નથી. વસ્ત્ર રાખવા એ જિનનો ભેખ જ નથી. મુનિપણાની વાત છે ને. આહાહા..! સમજાણું કાંઈ? વસ્ત્ર રાખવું એ જિનમુદ્રા, જિનનો ભેખ નથી. એમ કહે, જિનનો ભેખ તો છે ને? એમ કહે. ભેખ જ નથી એ તો. આહાહા..!

મુમુક્ષુ :- શું ભેખ છે?

ઉત્તર :- ઓલું વસ્ત્ર પહેરીને, બાયડી, છોકરા છોડીને બેઠા. એ ના પાડે છે અહીં જુઓને. કુંદકુંદાચાર્ય. એ જિન મુદ્રા વ્યવહારે પણ નથી. આહાહા..! જેને વસ્ત્ર-પાત્ર આદિ છૂટી ગયા છે, ઇચ્છાનો નિરોધ થઈને જેને આનંદ પ્રગટ થયો છે અને સમ્યગ્જ્ઞાન દ્વારા વાસ્તવિક તત્ત્વને જાણે છે અને સમ્યગ્દર્શનથી જેનું સંયમ પણ શુદ્ધ છે. એ સમ્યગ્દર્શન વીતરાગમાર્ગ સિવાય બીજે હોઈ શકે જ નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? શ્વેતાંબર માર્ગમાં સમ્યગ્દર્શન હોય જ નહિ એમ કહે છે. આકરી વાતું છે બહુ. કહેવાનો એ આશય છે. કષાયને વશ થઈ ગયેલા છે, કષાયને તાબે નથી કર્યો. અકષાય સ્વભાવ, જેની દૃષ્ટિ જ સમ્યક્ નથી એને અકષાય પરિણામ સંયમાદિ હોય ક્યાંથી? આખું બોધપાહુડ નિશ્ચયથી વર્ણન કર્યું છે. આહાહા..!

**'વિષયોંમેં ન પ્રવર્તાના, ઉનકા સંકોચ કરના યહ તો ઈન્દ્રિય મુદ્રા હૈ, ઔર ઈસપ્રકાર સંયમ દ્વારા હી જિસમેં કષાયોંકી પ્રવૃત્તિ નહીં હૈ...'** આહાહા..! રાગની અને શુભની જેને પ્રવૃત્તિ નહિ, શુભની પણ પ્રવૃત્તિ નહિ. એવો જે અંતરમાં વીતરાગી પરિણતિ પર્યાય, જેમાં ઈન્દ્રિય અને અસંયમનો સંકોચ થઈ ગયો છે. છૂટી ગયા છે એના વિષય. આહાહા..! એ વાતું નથી બાપુ! ઝીણી

વાતું છે એ તો. ઇન્દ્રિયને વશ. વશનો અર્થ? ઇન્દ્રિયો-જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો બધાને ઇન્દ્રિય કીધી છે. આહાહા..! ભગવાનની વાણીને ઇન્દ્રિય કીધી છે, ભગવાનના શાસ્ત્રને ઇન્દ્રિય કીધી છે, ભગવાનને પોતાને ઇન્દ્રિય કીધી છે. એ ઇન્દ્રિયને વશ ન થાય, એ ઇન્દ્રિયને વશ ન થાય, એને જીતે એટલે કે તેની રુચિ અને તેનું લક્ષ છોડી દઈ અને આત્માના ધ્યેયને પકડીને નિશાન જ્યાં મારે છે અંદર. આહાહા..! એવો જે આત્મા તેને જિનબિંબને ઠેકાણે જિનમુદ્રા કહેવામાં આવે છે. આહાહા..!

'**તથા જ્ઞાનકા સ્વરૂપમેં લગાના,...**' વળી જ્ઞાન એને કહીએ કે જેને સ્વરૂપમાં જે લાગ્યું હોય. એમ કહે છે. એનો હેતુ બતાવે છે. કારણ કે ઓલા જાણપણાની વાતું કરી. .. એ આની વાત છે. જ્ઞાન એને કહીએ કે જે સ્વરૂપમાં લાગ્યું હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ આ જાણપણા કરી જગતને વ્યાખ્યાન દેવા, પોતે સભાઓ ભેગી કરવી એ જ્ઞાન નહિ એમ કહે છે. આશય એ છે ત્યાં. જેનું જ્ઞાન સ્વરૂપમાં લાગ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! છે ને પાઠ જુઓને. '**मुद्दा इह णाणाए जिणमुद्दा**' જેનું જ્ઞાન, જ્ઞાન એને કહીએ અને જિનમુદ્રાનું જ્ઞાન એને કહીએ કે જિનસ્વરૂપ જે વીતરાગનું ધ્યેય જેણે જ્ઞાને પકડ્યું છે. આહાહા..! જે જ્ઞાને જ્ઞાનની પર્યાયે, જ્ઞાનની દશાએ પૂર્ણ જ્ઞાનાનંદ જિનસ્વરૂપ છે એને પકડ્યું છે. એ જ્ઞાન સ્વરૂપમાં લાગ્યું છે એને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! શૈલી જ આખી એવી કુંદકુંદાચાર્યની સર્વોત્કૃષ્ટ શૈલી. આહાહા..!

કહે છે કે '**જ્ઞાનકા સ્વરૂપમેં લગાના, ઈસપ્રકાર જ્ઞાન દ્વારા સબ બાહ્યમુદ્રા શુદ્ધ હોતી હૈ.**' જોયું! આ પ્રકારે. જેની જ્ઞાનની દશા, જેના ધ્યેયમાં ચોંટી છે અંદર. આહાહા..!

મુમુક્ષુ :- મુનિની વાત છે, પ્રભુ?

ઉત્તર :- આ તો ઉત્કૃષ્ટ મુનિની વાત છે ને, ઉત્કૃષ્ટ અહીં જિનબિંબની વાત છે ને. બીજાને એને એમ છે, પણ એ જિનમુદ્રા નહિ. જિનમુદ્રા તો આચાર્યને કહેવામાં આવે છે ને. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન જેને ધ્યેય ત્યાં લાગ્યું છે એનું. અહીં તો સંયમસહિતની મુનિની વાત છે ને. અહીંયા તો એ કહેવા માગે છે આચાર્ય. કે મોટા આચાર્ય નામ ધરાવે, ઉપાધ્યાય નામ ધરાવે, શાસ્ત્ર તો ભણેલા હોય કેટલાક અને મોટી સભા ભરાય અને ઓહો..! સંસ્કૃત વ્યાકરણના શ્લોકો આમ પાણીના પૂરની પેઠે હલવે, માટે તેને જ્ઞાન કહીએ એમ નહિ. જ્ઞાન તો જેનું જ્ઞાન જેના ધ્યેયમાં વાગ્યું. નિશાન ત્યાં છે એનું. આહાહા..!

નિત્યાનંદ પ્રભુ પરમાત્મ સ્વરૂપ તેમાં જેનું જ્ઞાન ચોંટ્યું છે. આહાહા..! જ્ઞાને ત્યાં બાણ માર્યું. આહાહા..! જેણે દ્રવ્યને-જ્ઞાયકભાવને જ્ઞાને પકડ્યું તેને જ્ઞાન કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ? પરના જાણવાની વાતું, પરની વાતું એ બધી આત્માના જ્ઞાનના જ્ઞેય વિનાની છે એને જ્ઞાન કહેતા જ નથી. '**णाणाए जिणमुद्दा**' એ તો જૈનમુદ્રા આવી તો દિગંબરમાં હોય. બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! એવી વાત છે, ભાઈ! આકરું બહુ હોં! વાડા પડી ગયા મોટા. એમાં આ આકરી વાત લાગે.

શું થાય ભાઈ? માર્ગ જ આવો છે ત્યાં. અનાદિનો તીર્થંકરનો કહેલો તો માર્ગ આ છે. આહાહા..!

જેનું જ્ઞાન, પૂર્ણાનંદનો નાથ, આનંદનો સાગર જેમાં જ્ઞાન ત્યાં ગયું છે એ તો. આહાહા..! જે જ્ઞાનની પર્યાય અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા એનો જેને સ્વીકાર કર્યો છે. એ જ્ઞાનનું સ્વરૂપ આનંદમાં લાગ્યું છે કહે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન આનંદને ભજે છે. અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ ભગવાન આત્મા... આગળ કહેશે વધારે. આહાહા..! જ્ઞાન એને કહીએ કે જે જ્ઞાન અતીન્દ્રિય આનંદને અંદર ચોંટી ગયું છે. આહાહા..! એ મુદ્રા છે. એ મુદ્રાની મુદ્દા છે. આહાહા..! મુદ્દાની રકમ આ છે.

'**જ્ઞાનકા સ્વરૂપમેં લગાના, ઈસપ્રકાર જ્ઞાન દ્વારા સબ બાહ્યમુદ્રા શુદ્ધ હોતી હૈ.** ' દેખો! બાહ્યમુદ્રા બધી આ સંયમની, નગ્નપણાની, આ જ્ઞાન દ્વારા શુદ્ધ થાય એ કહેવામાં આવે છે. આવું જ્ઞાન નથી ત્યાં આગળ એકેય મુદ્રા શુદ્ધ અને સાચી નથી. આહાહા..! અરે..! મુનિએ કહ્યું છે ને દર્શનસારમાં, દેવસેનાચાર્યે. અરે..! કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં જઈને આ વાત જો ન લાવ્યા હોત તો મુનિઓ શી રીતે સત્યને સમજત? એમ કહે છે. આહાહા..! દર્શનસારમાં આવે છે. દર્શનસાર ગ્રંથ છે નાનો. ત્યાં દેવસેનાચાર્ય કહે છે હોં. આહાહા..! ભગવાન મહાવિદેહમાં જઈને આ વાત ન લાવ્યા હોત તો મુનિઓને આ વાત કેમ સમજાત? એમ કહે છે. આહાહા..! છે ને? દર્શનસાર. ભાઈ આજે યાદ આવ્યું હતું. હાજર જોઈએને કાંઈક.

મુમુક્ષુ :- સમયસારના પાના ઉપર..

ઉત્તર :- એ ક્યાં છે? શિલાલેખ.

મુમુક્ષુ :- પદ્મનંદી.. શરૂઆતમાં છે.

ઉત્તર :- દર્શનસાર આવ્યું. ... ... આહાહા..! મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ શ્રી સીમંધર સ્વામી પાસેથી મળેલા દિવ્યજ્ઞાન વડે શ્રી પદ્મનંદી નાથે-કુંદકુંદાચાર્યે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત? ... આહાહા..! શ્રીમદ્‌નું નાખ્યું હતું. હે કુંદકુંદાદિ આચાર્યો! તમારા વચનો સ્વરૂપ અનુસંધાન.. આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. પરમ ઉપકારભૂત થયા છે. એ માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું. ઓહો..! ભગવાન પાસે મુનિ એમ કહે છે. દેવસેનાચાર્ય. જુઓ આપ ત્યાં જઈને આવો માર્ગ ન લાવ્યા હોત તો અમે ક્યાંથી પામત? સમજાણું કાંઈ? એ જ્ઞાનથી બધી શુદ્ધતા હોય છે કહે છે. સમ્યક્ શુદ્ધ છે, ચારિત્ર શુદ્ધ છે અને બાહ્ય મુદ્રા નગ્ન દિગંબર એ પણ શુદ્ધ છે. આહાહા..! '**ઈસપ્રકાર જિનશાસનમેં ઐસી જિનમુદ્રા હોતી હૈ.**' લ્યો! છે ને. '**जिणमुद्दा एरिसा भणिया**' '**भणिया**' એટલે કહ્યું. ભગવાને આ જિનમુદ્રા જૈનશાસનમાં કહી છે. આહાહા..!

'**ભાવાર્થ :- ૧-જો સંયમસહિત હો, ૨-જિસકે ઈન્દ્રિયાં વશમેં હોં, ૩-કષાયોંકી પ્રવૃત્તિ ન હોતી હો ઔર ૪-જ્ઞાનકો સ્વરૂપમેં લગાતા હો,...**' '**જ્ઞાન સ્વરૂપમેં લગાતા હો,...**' જે જ્ઞાન સ્વરૂપમાં લાગ્યું હોય.. આહાહા..! ભણેલા હોયને પછી બીજાને સમજાવે તો

બીજાને લાગે કે જ્ઞાન છે આ. ઝપાટા બોલાવે. એ જ્ઞાન નહિ બાપુ! તને હજી... જેનું જ્ઞાન છે એને તો તેં પકડ્યું નથી. એની તો દૃષ્ટિ કરી નથી, એને ધ્યેયમાં લીધો નથી. એ વિના બધું તારું અશુદ્ધ છે. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! વીતરાગ માર્ગ બહુ વિખાઈ ગયો. સાચી વાત કાને પડવી મુશ્કેલ પડી ગઈ. એવી ચીજ. મોટો ભાગ બીજે તણાઈ ગયો છે. જે વસ્તુનું સ્વરૂપ અનાદિ આચાર્યો કહેતા આવ્યા છે, સંતો કહેતા આવ્યા છે જિનમુદ્રા અને જિનબિંબની એ વાત આખી જુદી પડી ગઈ. '**ઐસા મુનિ હો...**' દિગંબર મુનિ. એવા આચાર્ય '**સો હી જિનમુદ્રા હૈ.**' આહાહા..!

'**આગે જ્ઞાનકા નિરૂપણ કરતે હૈં :—**' હવે જ્ઞાન નાખ્યું થોડું. બધા નિશ્ચય બોલ લીધા આયતન, પ્રતિમા, મુદ્રા, જિનબિંબ. એમાં જ્ઞાન પણ નાખ્યું (કે) જ્ઞાન કોને કહેવું. આહાહા..! એકલા શાસ્ત્રના ભણતરો કરી અને બોલે, આખા જગતને સમજાવે, એ જ્ઞાન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમ કે કેટલા માણસ ભેગા થાય? તો હવે માણસ ભેગા થાય કીડીયું ઘણી ભેગી થાય. એથી કાંઈ માણસ કહેવાય એ? આહાહા..! માર્ગ એવો છે આકરો. અંતરમાં એને બેસવું... વીતરાગે કહેલું જ્ઞાન એ જ્ઞાન કોને કહેવું? આ શાસ્ત્ર... એકલા એમ કે દુનિયાને ભાષણ આપે, વ્યાખ્યાન આપે માટે આ વ્યાખ્યાતા જબ્બર જ્ઞાની, જ્ઞાની કહેવાય. એમ નથી. આહાહા..! જેના જ્ઞાનમાં સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જે આત્મા કહ્યો, પરમાત્મસ્વરૂપે બિરાજમાન ભગવાન એ જેના જ્ઞાનમાં વર્તતો હોય એને જ્ઞાનીને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એમ કરીને આત્મા સિવાય બીજા પદાર્થોના જ્ઞાનને અહીં જ્ઞાન ... આત્માનું જ્ઞાન હોય તે જ્ઞાનવાળો ભલે પરનું જાણે એ જુદી વાત છે. પણ આત્માનું જ્યાં જ્ઞાન નથી, મૂળ વરનું જ જ્ઞાન નથી. એકલા બહારના દ્વીપ ને સમુદ્ર ને આ ને તે ફલાણું, જુઓ, એ તો અમે જાણીએ છીએ. ભગવાને આટલા દ્વીપ સમુદ્ર કીધા, આટલા ૩૨ લાખ વિમાનો, પ્રતિમાઓ ત્યાં છે શાશ્વતી એને અમે માનીએ છીએ. એ નહિ ભાઈ! સમજાણું કાંઈ?

એવું જ્ઞાન હોય. જુઓ!

**संजमसंजुत्तस्स य, सुझाणजोयस्स मोक्शमग्गस्स।**
**णाणेण लहदि लक्खं, तम्हा णाणं च णायव्वं।।२०।।**

'**णाणेण लहदि लक्खं**' લક્ષણે લઈએ લક્ષ. આહાહા..! '**तम्हा णाणं च णायव्वं**' આહાહા..!

'**અર્થ :- જે જ્ઞાન સંયમસે સંયુક્ત...**' .. ઝીણી વાત કરી. સંયમ જેમાં સં-સમ્યગ્દર્શન સહિત જેને યમ-સ્વરૂપમાં છકાય ને મનથી ખસી ગયો છે અને છકાયની હિંસા અને પાંચ ઇન્દ્રિયથી મન, બારેય ભાવથી ખસી ગયો છે. એના જ્ઞાનને જ્ઞાનસહિત, સંયમસહિતને જ્ઞાન કહીએ. સંયમ... '**સંયમસે સંયુક્ત ઔર ધ્યાનકે યોગ્ય...**' ધ્યાનને યોગ્ય. '**ઈસપ્રકાર જો મોક્ષમાર્ગ...**' ધ્યાનને યોગ્ય. આહાહા..! પોતાનો સ્વભાવ પરમાત્મસ્વરૂપ, એનું જેને ધ્યાન અને યોગ્ય જ્ઞાન છે. એના ધ્યાનને યોગ્ય જેનું જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસપ્રકાર જો મોક્ષમાર્ગ ઉસકા લક્ષ્ય...**' જે જ્ઞાનનું મોક્ષમાર્ગ '**ઉસકા લક્ષ્ય અર્થાત્ લક્ષણે યોગ્ય-જાનનેયોગ્ય નિશાના જો અપના નિજસ્વરૂપ...** ' લ્યો ઠીક! આહાહા..! '**મોક્ષમાર્ગ ઉસકા લક્ષ્ય...**' મોક્ષમાર્ગનું લક્ષ્ય. '**લક્ષણે યોગ્ય-જાનનેયોગ્ય નિશાના...**' મોક્ષમાર્ગનું લક્ષ. એ ક્યું? મોક્ષમાર્ગનું લક્ષ. '**અપના નિજસ્વરૂપ...**' દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષમાર્ગ એનું લક્ષ ધ્રુવસ્વરૂપ. આહાહા..! નિજસ્વરૂપ. ટૂંકી વાત પણ મોટી વાત. આહાહા..! જુઓ આ વીતરાગ ત્રિલોકનાથ અરિહંત તીર્થંકરદેવની દેશના છે આ. કહે છે કે મોક્ષમાર્ગનું ધ્યેય, લક્ષ તો નિજસ્વરૂપ છે. મોક્ષમાર્ગનું ધ્યેય જગતને કહે અને સમજાવે ને મનાવે માટે એ મોક્ષમાર્ગ છે એમ નથી કહે છે. આહાહા..! મોક્ષમાર્ગનું ધ્યેય નિજનિશાન નિજસ્વરૂપ છે. આહાહા..! એને એ સાધવું છે. દુનિયા ભેગી કરીને રંજન કરવું છે એ એનું ધ્યેય નથી. સમજાણું કાંઈ?

કહો, જનરંજન આવ્યા છે ને શેઠ! તારણસ્વામી. જનરંજન કરવા માટે ભેગા થાય નિગોદમાં જાશે. તારણસ્વામી કહે છે. અરે..! બાપુ! આત્માનું રંજન કરવું જોઈએ. દુનિયા કેમ ભેગી થાય? અને ઝાઝી સભા કેમ ભરાય? ઝાઝી એમ કે ઓહોહો..! વ્યાખ્યાન તે વ્યાખ્યાન! એ નહિ, કહે છે. આહાહા..! જેના ધ્યાનને યોગ્ય તો મોક્ષમાર્ગ, એ મોક્ષમાર્ગનું જાનને યોગ્ય તો નિજસ્વરૂપ. પૂર્ણાનંદથી ભરેલો પરમાત્મા પોતે એનું દ્રવ્યસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ તે મોક્ષમાર્ગનું ધ્યેય, મોક્ષમાર્ગનું લક્ષ છે. આહાહા..!

'**મોક્ષમાર્ગ ઉસકા લક્ષ્ય અર્થાત્ લક્ષણે યોગ્ય...** ' એટલે કે મોક્ષમાર્ગથી જાણવાલાયક '**નિશાના જો અપના નિજસ્વરૂપ વહ જ્ઞાન દ્વારા પાયા જાતા હૈ,...**' એ ત્રિકાળી સ્વરૂપ જ્ઞાન દ્વારા પામી શકાય છે. કોઈ ક્રિયા દ્વારા આ દયા, દાન ને વ્રત ને ભક્તિ એ દ્વારા.. આહાહા..! નિજ સ્વરૂપની પ્રાપ્તિ તો અંતરના જ્ઞાન દ્વારા થાય છે કહે. સમજાણું કાંઈ? આ બહારથી મનાવ્યું હતું ને. પ્રવૃત્તિ કરો, વ્રત પાળો, તપસ્યા કરો, જાત્રા કાઢો, ભક્તિ બે-પાંચ-દસ લાખ ખરચો. કહે છે કે એ કોઈ મોક્ષમાર્ગનું ધ્યેય નથી એ કાંઈ. આહાહા..! કહો, શેઠ! મંદિર બનાવો. એમાં એ બધું સર્વસ્વ મનાવી બેઠા હતા. આહાહા..! એ જ બધું બસ છે. ઓહોહો..! શું થયું પણ? મંદિર બન્યા ને પાંચ-દસ લાખ માણસ ભેગા થાય, પૈસા ઉડાવે કરોડો રૂપિયા. બાપુ! એ ધર્મ તો કોઈ એવી એ ચીજ છે ભાઈ!

મુમુક્ષુ :- જ્ઞાનનું કારણ

ઉત્તર :- બિલકુલ નહિ. અહીં તો જ્ઞાનનું કારણ પુસ્તક પણ નહિ, વાણી નહિ. વિનય કહેશે. એનું કારણ છે. પરંપરા આચાર્યો દિગંબર સંત ચાલ્યા આવતા હતા એનો વિનય છોડી દીધો અને પંથ કાઢ્યો. એ તો કહેશે હમણા. '**विणयसंजुत्तो**' ૨૨મી ગાથામાં કહેશે. હેતુ તો આ છે. અનાદિ સનાતન જૈન દિગંબર માર્ગ, આચાર્યોની પરંપરાથી ચાલ્યો આવતો, એમાંથી જુદા પડ્યા તો વિનય તોડી નાખ્યો. સમજાણું કાંઈ? આમાં એ વાત છે હોં જરી. આ તો અધિકાર આવ્યો એટલે. કોઈ પ્રત્યેના

વિરોધની વાત નથી. વ્યક્તિ પ્રત્યે તો મૈત્રી હોવી જોઈએ. 'તત્વેષુમૈત્રી.' માર્ગ તો આ છે. મોટા આચાર્ય નામ ધરાવે, મોટા અગ્યાર અંગના ભણનારા હોય. ... નહિ. એ કાંઈ જાણપણું નહોતું શાસ્ત્રનું. પણ જ્યાં જ્ઞાનનું ધ્યેય મોક્ષમાર્ગનું આત્મા ચુકી ગયા એને, કહે છે, કાંઈ સાચું નથી આમાં. સમજાણું કાંઈ? અરે..!

'**અપના...**' '**અપના નિજસ્વરૂપ...**' ભાષા એમ છે ને પાછી? એનો અર્થ '**णाणेण लहदि लक्खं**' લક્ષ એટલે નિજસ્વરૂપ એમ. એમાંથી કાઢ્યું. '**णाणेण लहदि लक्खं**' જ્ઞાનથી... લક્ષણ છે ને જ્ઞાન? એનાથી '**लहदि लक्खं**' તો લક્ષ એ તો નિજસ્વરૂપ થયું. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ! એકે તો બહારની ક્રિયાકાંડવાળાને સાંભળવું રસ જ પડે નહિ. લૂખુંલસ લાગે. ઓલું તો કહે, પ્રતિમા કરો સવારમાં દર્શન, ભગવાનની સ્તુતિ કરો, નાણું આપો, તમને કાંઈ ધર્મ થાશે. એમાંથી સમકિત થાશે. સમજાવે આવું. ધૂળમાં પણ કાંઈ થાય એવું નથી. આહાહા..!

અહીં તો કહે છે કે '**લક્ષણે યોગ્ય-જાननेयोग्य...**' લક્ષણે યોગ્ય એટલે લક્ષ કરવા યોગ્ય, એમ. લક્ષ કરવાયોગ્ય, ધ્યાન કરવાયોગ્ય એવું જે નિજસ્વરૂપ. એ '**જ્ઞાન દ્વારા પાયા જાતા હૈ,...**' આહાહા..! '**ઈસલિયે ઈસપ્રકારકે લક્ષ્યકો જાનનેકે...** ' આવા લક્ષને-ત્રિકાળીને-ધ્રુવને-પરમાત્મ નિજસ્વરૂપ '**જાનને કે જ્ઞાનકો જાનના.**' એને બરાબર જ્ઞાનને જાણવું જોઈએ. આહાહા..! જુઓ આ જ્ઞાનનું સ્વરૂપ વર્ણવે. બધા આયતન, જિનમુદ્રા, જિનપ્રતિમા, જિનબિંબ. આ જ્ઞાન. એનો હેતુ આ છે. કે આત્મા જેમાં જે જ્ઞાનમાં ધ્યેય નથી, પામવાયોગ્ય લક્ષ જે આત્મા જે જ્ઞાનમાં નથી એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. તારા જ્ઞાનના ભણનારા હોય મોટા, લાખો, કરોડો માણસો ભેગા થાય. એ જ્ઞાન નહિ, ભાઈ! આહાહા..!

જે જ્ઞાનમાં નિજસ્વરૂપ લક્ષમાં આવે. એ તો લક્ષણથી આવ્યું હતું ને કાલે. જ્ઞાન લક્ષણ છે પર્યાય. ત્યારે લક્ષણ કોનું? કે લક્ષનું. લક્ષનું છે એ. આહાહા..! ધર્મીના જ્ઞાનનું ધ્યેય તો દ્રવ્ય છે એમ કહે છે. ભગવાન પરિપૂર્ણ સ્વરૂપ, નિજસ્વરૂપ જેના લક્ષણે લક્ષ થવા યોગ્ય વસ્તુ એ છે. આહાહા..! એ જ્ઞાનના સ્વરૂપને '**પાયા જાતા હૈ,...**' એ જ્ઞાન દ્વારા એ સ્વરૂપ નિજસ્વરૂપ પમાય છે. કોઈ બહારની પ્રવૃત્તિ ક્રિયા કરે બહુ, એનાથી આત્મા પમાય છે એમ નથી, એમ કહેવું છે. સમજાણું કાંઈ? '**ઈસલિયે ઈસપ્રકારકે લક્ષ્યકો જાનનેકે...**' એ માટે એ પ્રકારના લક્ષને જાણવા માટે-નિજસ્વરૂપને જાણવા માટે જ્ઞાનને બરાબર જાણવું જોઈશે. એને સમ્યગ્જ્ઞાન કહીએ એને જાણવું પડશે એને. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સંયમ અંગીકાર કર ધ્યાન કરે ઔર આત્માકા સ્વરૂપ ન જાને...** ' જોયું! આહાહા..! સંયમ બહારનું ગ્રહણ કરે અને ધ્યાન કરે. પણ (કઈ) વસ્તુ-કોનું ધ્યાન કરવું એની તો ખબર ન મળે. '**આત્માકા સ્વરૂપ ન જાને તો મોક્ષમાર્ગકી સિદ્ધિ નહીં હૈ,...**' અર્થ પણ કેવા ભર્યા છે

જુઓને! **'સંયમ અંગીકાર કર ધ્યાન કરે...'** બેસી જાવ ધ્યાન કરવા. કોનું? કોનું? કોણ છે અંદર. ઊંડે પૂર્ણ સ્વરૂપ ઊંડે કોણ છે? કેવું છે? એના જ્ઞાન વિના એ બધું ધ્યાન-બ્યાન બધું જૂઠું છે. એને મોક્ષમાર્ગની સિદ્ધિ નથી. આહાહા..! જે જ્ઞાનમાં, લક્ષણે લક્ષ કરવા લાયક નિજસ્વરૂપ એ જેના જ્ઞાનમાં ધ્યેય નથી આવ્યું, એ સંયમ લઈને ધ્યાન કરે એ કોનું કરશે? જ્યાં જવું છે એ કોણ ચીજ છે એ તો દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવી નથી. ક્યાં ઠરશે એ? સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આકરો. એ પોતે જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન. જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન. અને એ જ્ઞાનમાં જ્ઞેય ને લક્ષ તે જ આત્મા. જ્ઞાનની પર્યાયનું જ્ઞેય કહો, લક્ષ કહો, ધ્યેય કહો, મોક્ષમાર્ગનું ધ્યેય તો ત્યાં દ્રવ્ય ઉપર છે કહે છે. શ્રદ્ધાનું ધ્યેય ત્યાં, જ્ઞાનનું ધ્યેય ત્યાં અને ઠરવાનું ધ્યેય ત્યાં છે. આહાહા..! બહુ થોડી વાતો. આવો માર્ગ છે. એ માર્ગની ખબર પણ ન મળે જ્યાં. આહાહા..! અરે..! એને ક્યાં જાવું? ભારે વાત વર્ણવી.

૧૩ બોલ કેટલા આવી ગયા નહિ? ૧૧. એમાં આ નાખ્યું જુઓ. ૧૧ એમાં આ નાખ્યું. આયતન ને ચૈત્યગૃહ, જિનપ્રતિમા, દર્શન. દર્શન આવ્યું હતું. જિનબિંબ ને .. જિનમુદ્રા. **'णाणमादत्थं'** **'णाणमादत्थं'** છે ને? આહા..! એમાં પણ અર્થ કર્યો છે જુઓ! પાઠ છે ને. **'णाणमादत्थं'** એટલે **'જ્ઞાન પદ કૈસા? આત્મા હી હૈ અર્થ અર્થાત્ પ્રયોજન જિસમેં, ઈસપ્રકાર... '** જ્ઞાન. એમ. **'णाणमादत्थं'** આત્મા જેનું પ્રયોજન છે જે જ્ઞાનમાં. આહાહા..! શૈલી તો શૈલી કરી છે ને. પાઠ છે ને ત્રીજી ગાથા. **'णाणमादत्थं'** શરૂઆત બોલ લીધા એમાં. **'णाणमादत्थं'** જ્ઞાન એને કહીએ કે જે આત્મા જેનું પ્રયોજન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ગજબ વાત. પરમ સત્યને સિદ્ધ કરવાની રીત.

**'ભાવાર્થ :- સંયમ અંગીકાર કર ધ્યાન કરે ઔર આત્માકા સ્વરૂપ ન જાને...'** ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનનો દરિયો સાગર પ્રભુ છે. એકલું જ્ઞાનસ્વરૂપ, એકલું આનંદસ્વરૂપ, એકલી શ્રદ્ધાસ્વરૂપ, એકલું વીર્યસ્વરૂપ, એકલી સ્વચ્છતા સ્વરૂપ, એકલી પ્રભુતા સ્વરૂપ. જેમાં અપૂર્ણતા નહિ, જેમાં વિપરીતતા નહિ. એવું જે આત્મસ્વરૂપ એનું જેને જ્ઞાન નથી એ મોક્ષમાર્ગની સિદ્ધિ શી રીતે કરે? કેમકે મોક્ષમાર્ગની સિદ્ધિ તો નિજસ્વરૂપને સિદ્ધ કરવું એ છે. હજી સ્વરૂપ જ શું છે એની ખબર નથી. આહાહા..! બીજું જાણપણું હો, ન હો, ઓછું-વત્તું (હો), એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! મિથ્યાત્વસહિતનું જ્ઞાન અગ્યાર અંગ અને નવપૂર્વનું પણ તેને અજ્ઞાન કહીએ. અને સ્વરૂપના ધ્યેયવાળું જ્ઞાન થોડું જ્ઞાન હોય તોપણ તેને વિજ્ઞાન કહીએ. આવે છે ને. કળશમાં આવે છે. જયચંદ પંડિત. જયચંદ પંડિત.

**'ઈસલિયે જ્ઞાનકા સ્વરૂપ જાનના ચાહિયે, ઉસકે જાનનેસે સર્વ સિદ્ધિ હૈ. '** ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ સ્વરૂપ, નિત્યસ્વરૂપ. પરમાત્મસ્વરૂપ, કારણપરમાત્મા પોતે. એ સ્વરૂપને જાણવું જોઈએ. **'ઉસકે જાનને સે સર્વસિદ્ધિ હૈ.'** સમજાણું કાંઈ? શાસ્ત્રના બહારના જાણપણા

બધાના અભિમાન ઉડાવી દીધા. જ્ઞાન તો તેને કહીએ કે જે નિજસ્વરૂપને સાધે. જ્ઞાન તો એને કહીએ કે જે નિજસ્વરૂપને ધ્યેયમાં, લક્ષમાં લે. આહાહા..! એ '**જાનને સે સર્વસિદ્ધિ હૈ.**' લ્યો.

'આગે ઇંસીકો દૃષ્ટાંત દ્વારા દૃઢ કરતે હૈં :-'

जह णवि लहदि हु लक्खं, रहिओ कंडस्स वेज्झयविहीणो।
तह णवि लक्खदि लक्खं अण्णाणी मोक्खमग्गस्स।।२१।।

'**અર્થ :- જૈસે વેધનેવાલા (વેધક) જો બાણ, ઉસસે રહિત...**' બાણ ન હોય એની પાસે. '**ઐસા જો પુરુષ...**' નિશાન મારવું હોય ને કોકને. એની પાસે બાણ ન હોય. '**ઐસા જો પુરુષ હૈ વહ કાંડ અર્થાત્ ધનુષકે અભ્યાસસે રહિત...**' અને બાણ હોય પણ એનો અભ્યાસ ન હોય પાછો. ધનુષને કેમ મારવું, કેમ વાળવું. '**લક્ષ્ય અર્થાત્ નિશાનેકો નહીં પાતા હૈ,...**' જેની પાસે બાણ નથી અને બાણ હોય છતાં અભ્યાસ નથી એને. તો એ નિશાનને જ્યાં મારવું હોય ત્યાં ન મારી શકે. આહાહા..! નિશાનને નહિ મારી શકે. '**વૈસે હી જ્ઞાનસે રહિત અજ્ઞાની...**' જેને નિશાન જે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એવા નિશાનને નહિ જે જ્ઞાન જાણતું નથી, જે જ્ઞાનમાં એનું ધ્યેય નથી એવા અજ્ઞાની '**વહ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જો મોક્ષમાર્ગ ઉસકા લક્ષ્ય અર્થાત્ સ્વલક્ષણસે જાનને યોગ્ય પરમાત્માકા સ્વરૂપ, ઉસકો નહીં પ્રાપ્ત કર સકતા.** ' આહાહા..!

'**નિશાનેકો નહીં પાતા હૈ,...**' બાણ નથી અને બાણનો અભ્યાસ નથી કેમ વાળવું, કેમ કરવું. '**વૈસે હી જ્ઞાનસે રહિત...**' પોતાનું નિજસ્વરૂપ, એનું જ્ઞાન... આહાહા..! અનંત અનંત અવિનાશી શક્તિઓ અનંત. આપણે શક્તિ ચાલે છે ને બપોરે? એવી અનંત શક્તિઓ છે. ત્યાં તો ૪૭ જ વર્ણવી છે. એવી અનંત શક્તિઓનો સમુહ એકરૂપ વસ્તુ, એવું નિજસ્વરૂપ એના જ્ઞાનથી રહિત છે. '**વહ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જો મોક્ષમાર્ગ ઉસકા લક્ષ્ય અર્થાત્ સ્વલક્ષણસે જાનને યોગ્ય...** ' એને દર્શન અને ચારિત્રથી પણ જાણવાયોગ્ય, સાધવાયોગ્ય તો એ હતો. '**સ્વલક્ષણસે જાનને યોગ્ય પરમાત્માકા સ્વરૂપ, ઉસકો નહીં પ્રાપ્ત કર સકતા.** ' આહાહા..! લ્યો એ પરમાત્મા પોતે પરમાત્મસ્વરૂપ છે એમ કહે છે. એનું જેને જ્ઞાન નથી, એને દર્શન અને ચારિત્રનું જે લક્ષ છે, દર્શન અને ચારિત્રને સાધનવાળું લક્ષ પણ ત્યાં જશે. એને એ નથી મળતું.

'**પરમાત્માકા સ્વરૂપ, ઉસકો નહીં પ્રાપ્ત કર સકતા.**' આહાહા..! શું કીધું? '**જ્ઞાનસે રહિત અજ્ઞાની હૈ વહ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જો મોક્ષમાર્ગ...**' સમકિત અને ચારિત્ર મોક્ષનો માર્ગ એનું લક્ષ તો એ પરમાત્મા પોતે છે. '**સ્વલક્ષણસે જાનને યોગ્ય...**' પરમાત્મા પોતે છે. એનું જેને જ્ઞાન નથી, તો એને આ ચારિત્ર અને દર્શનનું ધ્યેય એને પ્રાપ્ત થઈ શકતું નથી. આહાહા..! એ એમ કહે છે કે જ્ઞાન છે એનું લક્ષ, ધ્યેય ત્રિકાળ વસ્તુ છે. એમ દર્શન અને ચારિત્રમાં પણ ત્રિકાળ વસ્તુ જો ધ્યેયમાં ન હોય તો સાધી નહિ શકે. એનું જ્ઞાન નથી તો સાધી શું શકશે? એ દર્શનનું ધ્યેય પણ ત્યાં છે અને

ચારિત્રનું પણ લક્ષ ધ્યેય ત્યાં છે. એનામાં સ્થિર થાવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

જે જ્ઞાન આવું, જે જ્ઞાન નથી કહે છે. સ્વરૂપમાં, નિજસ્વરૂપને ધ્યેય બનાવી જ્ઞાન નથી એને દર્શન અને ચારિત્રનું લક્ષ તો તે છે એની તો એને ખબર ન રહી. આહાહા..! દર્શન અને ચારિત્રમાં સાધવું છે તો એ આત્મા. કાંઈ બાહ્ય સાધનથી સાધવું છે એ? આહાહા..! શું કીધું સમજાણું? '**જ્ઞાન સે રહિત અજ્ઞાની...**' એ દર્શન ને ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ એનું લક્ષ તો '**સ્વલક્ષણસે જાનને યોગ્ય પરમાત્માકા સ્વરૂપ,...**' છે. પણ જેને જ્ઞાન નથી, એ દર્શન અને ચારિત્રથી પોતાનું સ્વરૂપ સાધી શકશે નહિ. આહાહા..! લ્યો અહીં તો જ્ઞાન ઉપર વજન આપ્યું. દર્શનની.. ચેતનજી! જ્ઞાનની વ્યાખ્યા હતી ને. તેથી એમ તો કહ્યું કે દર્શન અને ચારિત્રથી સાધવાયોગ્ય નિજ પરમાત્મા. દર્શન અને ચારિત્રથી સાધવાયોગ્ય તો નિજસ્વરૂપ છે. એનું જ્ઞાન નથી તો નહિ સાધી શકે. આહાહા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો એવી વાત છે.

જ્યાં જ્ઞાનનું લક્ષ પણ દ્રવ્ય નિજસ્વરૂપ અને શ્રદ્ધા અને ચારિત્રનું ધ્યેય તો એ છે, એને સાધવું છે. પણ જેને એનું જ્ઞાન નથી એ દર્શન અને ચારિત્રથી નિજસ્વરૂપની પ્રાપ્તિ શી રીતે કરશે? આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો. આહાહા..!

મુમુક્ષુ :- દૃષ્ટાંત સારો આપ્યો બાણનો.

ઉત્તર :- બાણનો આપ્યો. હજી આવશે.

અહીં તો લક્ષવાયોગ્ય '**લક્ષણસે જાનને યોગ્ય...**' લક્ષ કોણ કહેવાય? કે '**સ્વલક્ષણસે જાનને યોગ્ય...**' લક્ષ કોને કહેવાય? કે '**સ્વલક્ષણસે જાનને યોગ્ય...**' એટલે જ્ઞાનના લક્ષણથી લક્ષ જાણવાયોગ્ય. આહાહા..! એવું જે '**સ્વલક્ષણસે જાનને યોગ્ય પરમાત્માકા સ્વરૂપ,...**' એના જ્ઞાન વિના દર્શન-ચારિત્રથી સાધવાયોગ્ય તો એ છે. તો નહિ પામી શકે એ. આહાહા..! સમજાણું કાંઈ? ધીરાના માર્ગ છે આ તો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યાન તો પર્યાય છે, પણ એનું ધ્યેય આ નિજસ્વરૂપ છે. ધ્યાન તો પર્યાય છે, પણ એનું ધ્યેય તો નિજસ્વરૂપ ત્રિકાળ છે. આહાહા..!

'**ભાવાર્થ :- ધનુષધારી ધનુષકે અભ્યાસસે રહિત...**' ઝાલતા પણ આવડતું ન હોય બંદૂક. સોલ્જર સામા આવે તો કેનીકોર મારવું આમાં? ઘોડો આમ પડે આમ રાખે અહીં આવે. બાણ. શું કહેવાય? એ બંદૂક. બંદુકનો ઘોડો બરાબર ન દબાય તો આમ કરીને રાખે, આમ દાબવા જાય. પણ એમ ન કરે તો આમ વાગશે. ઘોડો સરખો ઉઘડે નહિ આમ ઘોડો. તો આમ દાબીને આમ કરવા જાય. આહાહા..! પોતાને મારશે. એમ જેને સાચું જ્ઞાન નિશાનનું નથી, જેને એનો અભ્યાસ નથી. બાણ નથી અને બાણનો અભ્યાસ નથી. આહાહા..! અભ્યાસ વિના એ શી રીતે નિશાનને સાધી શકશે? એમ

ધ્યેયસ્વરૂપનું જ્ઞાન જેને નથી, એ નિશાન તો એ છે એનું જેને જ્ઞાન નથી. એ દર્શન-ચારિત્રનું લક્ષ પણ એ છે. એ જ્ઞાન વિના શી રીતે સાધી શકશે? ઓહોહો..! અગ્યાર બોલમાં બીજા બધા બોલમાં જ્ઞાનનો મહિમા. એ આત્મા છે. જે જ્ઞાનનું પ્રયોજન આત્મા છે. આહાહા..! કુંદકુંદાચાર્યની શૈલી ગજબ શૈલી છે.

'**વૈસે હી જ્ઞાનરહિત અજ્ઞાની મોક્ષમાર્ગકા નિશાના...**' મોક્ષમાર્ગનું નિશાન શું? નિજસ્વરૂપ ત્રિકાળી. આહાહા..! સમજાણું કાંઈ? આ મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગની વાત છે હોં! વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ નથી. એ તો બંધમાર્ગને આરોપિત કથન છે. એના વાંધા પાછા. '**જ્ઞાનરહિત અજ્ઞાની મોક્ષમાર્ગકા નિશાના જો પરમાત્માકા સ્વરૂપ હૈ...**' જોયું! પોતે હો પરમાત્મા. '**ઉસકો ન પહિચાને તબ મોક્ષમાર્ગકી સિદ્ધિ નહીં હોતી હૈ, ઈસલિયે જ્ઞાનકો જાનના ચાહિયે. પરમાત્મરૂપ નિશાના જ્ઞાનરૂપબાણ દ્વારા વેધના યોગ્ય હૈ.**' પરમાત્મારૂપ નિશાન એ જ્ઞાનરૂપ બાણથી વેધવા યોગ્ય છે. બહુ સરસ ગાથા છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૭, રવિવાર તા. ૧૬-૧૨-૧૯૭૩**
**ગાથા - ૨૨, ૨૩, પ્રવચન - ૬૯**

અષ્ટપાહુડમાં બોધપાહુડ. એની ગાથા ૨૨. ૨૧ થઈ ગઈ. '**આગે કહતે હૈં કિ ઈસપ્રકાર જ્ઞાન-વિનય-સંયુક્ત પુરુષ હોવે વહી મોક્ષકો પ્રાપ્ત કરતા હૈ :—** '

**णाणं पुरिसस्स हवदि, लहदि सुपुरिसो वि विणयसंजुत्तो।**
**णाणेण लहदि लक्खं, लक्खंतो मोक्खमग्गस्स।।२२।।**

'**અર્થ :- જ્ઞાન પુરુષકો હોતા હૈ...**' આત્માને. એ જ્ઞાન '**પુરુષ હી વિનયસંયુક્ત હો...**' ધર્માત્મા પરંપરાએ આચાર્યો દિગંબર સંતો જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત છે એવા પુરુષનો વિનય કરવાથી જ્ઞાન મળે છે એમ કહે છે. '**વિનયસંયુક્ત હો સો જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ;...**' એમ કે જે માર્ગ ચાલ્યો આવતો હતો એમાંથી વિનય કર્યા વિના જુદા પડી ગયા એની વાત કરે છે. સમજાણું કાંઈ? પરંપરા વીતરાગનો માર્ગ એ દિગંબર ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત, નગ્નમુદ્રા એવી જે દશા

ચાલી આવતી હતી, એવા પુરુષનો વિનય ન કર્યો અને જુદા પડી ગયા, એને જ્ઞાન પ્રાપ્ત થતું નથી એમ કહે છે. આહાહા..!

'**જ્ઞાન પુરુષકો હોતા હૈ ઔર પુરુષ હી વિનયસંયુક્ત હો સો જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ,...**' ધર્માત્મા જ્ઞાની એનો વિનય કરે તો પ્રાપ્ત થાય. એ વાત બહુમાન ગણાવ્યું છે એટલું. બાકી જ્ઞાન પરથી પ્રાપ્ત થાય છે એમ નથી. પણ જેને જ્ઞાન મેળવવું છે એને. ધર્માત્મા જ્ઞાની એનો વિનય કરવો એ એનો આચાર છે. સમજાણું કાંઈ? ખરેખર પરનો વિનય કરવો એ તો વિકલ્પ છે. પણ અહીંયાં તો સિદ્ધ કરવું છે કે જે જ્ઞાનાનંદસ્વરૂપને પ્રાપ્ત પુરુષ છે, એનો વિનય, આદર કરે તો એ જે કહે છે કે આત્માનું ધ્યાન કર, એવું જે એનું જ્ઞાન એમનાથી પ્રાપ્ત થાય છે. શુદ્ધ આત્મા, પરમાત્મસ્વરૂપ એમાં જ્ઞાનને જોડ. એમ એ જ્ઞાની પુરુષો એમ કહે છે એને. એ પ્રાપ્તિ જ્ઞાની પુરુષની પાસેથી જ આવી વાત મળશે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જબ જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ તબ ઉસ જ્ઞાન દ્વારા હી મોક્ષમાર્ગકા લક્ષ્ય...** ' સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય એ સમ્યગ્જ્ઞાનનો હેતુ ... '**પરમાત્માકા સ્વરૂપ...**' તે જ્ઞાનનું લક્ષ છે. જ્ઞાનનું ધ્યેય ત્યાં છે. પોતાનું સ્વરૂપ પરમાત્મ ધ્રુવ ધ્યેય. ધ્રુવ સ્વરૂપ ચિદાનંદ આત્માનું છે એ જ્ઞાનનું ધ્યેય છે. એને જ્ઞાન સાચું કહેવામાં આવે છે કે જે જ્ઞાનમાં દ્રવ્યનું લક્ષ થાય, ધ્રુવનું ધ્યેય થાય. નિત્યાનંદ ભગવાન આત્મા જે જ્ઞાનનો આશ્રય થાય, જ્ઞાનને આશ્રય કરવાયોગ્ય એ વસ્તુ થાય એમ. આહાહા..! સમજાય છે કાંઈ? '**જબ જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ તબ ઉસ જ્ઞાન દ્વારા હી મોક્ષમાર્ગકા લક્ષ્ય...**' એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ એનું લક્ષ અને ધ્યેય તો ધ્રુવ છે. નિમિત્તબુદ્ધિ નહિ, વિકલ્પબુદ્ધિ નહિ, એક સમયની પર્યાયની બુદ્ધિ નહિ એમ કહે છે.

એને જ્ઞાન કહીએ કે જ્યાં ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુ પોતે છે. એ જ્ઞાન ત્યાં લક્ષ્ય કરે, ધ્યેય બનાવે તો ત્યાંથી સમ્યગ્જ્ઞાન થાય અને આખા મોક્ષમાર્ગનું ધ્યેય ત્યાં છે. આહાહા..! એમ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ સમ્યગ્દર્શન પણ ધ્યેય ચિદાનંદ ધ્રુવ તેને આશ્રયે થાય છે. જ્ઞાન છે એ એને આશ્રય થાય છે, ચારિત્ર પણ એને આશ્રયે થાય છે. ઝીણી વાત બહુ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદની પૂર્ણ પ્રાપ્તિનો હેતુ, મોક્ષનો માર્ગ એનું લક્ષ ધ્રુવ ઉપર છે.

'**મોક્ષમાર્ગકા લક્ષ્ય જો પરમાત્માકા સ્વરૂપ...**' એ જ્ઞાનથી જણાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? '**જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ તબ ઉસ જ્ઞાન દ્વારા હી...**' એમ કહ્યું ને? '**જ્ઞાન દ્વારા હી મોક્ષમાર્ગકા લક્ષ્ય જો પરમાત્મકા સ્વરૂપ ઉસકો લક્ષતા...**' જ્ઞાન દ્વારા મોક્ષમાર્ગનું ધ્યેય છે એને જાણે છે એ, એને દેખે છે અને એનું ધ્યાન કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાન એને કહીએ કે જે ધ્રુવ ભગવાન આત્મા નિત્ય પ્રભુ અનંતગુણનો ગંજ-રાશિ એકરૂપ એ જ્ઞાનનું ધ્યેય ત્યાં છે, એનું લક્ષ ત્યાં છે. એને જ્ઞાન કહીએ. જે જ્ઞાનનું લક્ષ નિમિત્ત ને રાગ ને પર્યાય ઉપર છે તેને જ્ઞાન નથી એમ કહે છે. આહાહા..!

આવી વાત છે. સમજાણું કાંઈ? બીજા તો આ જાણપણા કરીને બધા આ ભક્તિ, પૂજા ને દાન ચડાવી દીધા હતા ને? એથી કહે છે કે એ જ્ઞાન નહિ. સમજાણું? લાખો, કરોડો રૂપિયા ખર્ચે લ્યો. જાત્રામાં. માણસ આવ્યા હોય એને પાંચ-પાંચ, દસ-દસ રૂપિયા આપે જાત્રાના. એ કાંઈ જ્ઞાનનું લક્ષ અને ધ્યેય નથી. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન પામવાનું એ ધ્યેય નથી. સમ્યગ્દર્શન પામવાનું લક્ષ તો ધ્રુવ છે. એ જ્ઞાન એને પ્રાપ્ત કરાવે છે એમ કહે છે. આહાહા..! કેવી વાત કરી છે ઝીણી! વ્યવહારવાળાએ બહાર ચડાવી દીધા. માર્ગ રહી ગયો. બહારની ધમાધમ. શું કહ્યું? ચેતનજી! ધામધુમે ધમાધમ ચલી. આહાહા..!

જે વસ્તુ છે આત્મા એક સમયમાં-સેકન્ડના અસંખ્ય ભાગમાં નિત્યાનંદ પ્રભુ એક સમયની પર્યાયની પાછળ, રાગ-વિકલ્પની પાછળ પર્યાય અને પર્યાયની પાછળ ધ્રુવ. એ પરમાત્મસ્વરૂપ છે પોતાનું. પરમાત્મ એટલે પરમ સ્વરૂપ. પરમાત્મા એટલે પરમ સ્વરૂપ. આહાહા..! પરમસ્વરૂપ જે પારિણામિકભાવે જ્ઞાયકભાવ ત્રિકાળ. એ મોક્ષમાર્ગનું લક્ષ ત્યાં છે અને એ જ્ઞાન દ્વારા એ મોક્ષમાર્ગનું લક્ષ ત્યાં થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ!

**'જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ તબ ઉસ જ્ઞાન દ્વારા હી મોક્ષમાર્ગકા લક્ષ્ય જો પરમાત્માકા સ્વરૂપ ઉસકો લક્ષતા...'** હૈ. એને લક્ષ કરે છે, એનું ધ્યાન કરે છે, એને દેખે છે. આહાહા..! આવો માર્ગ છે. હજી તો પહેલું પકડાવું શું કહે છે એ મુશ્કેલ. સાંભળ્યું ન હોય કોઈ દિ' બહારની ધમાધમ, જાત્રા ને ભક્તિ ને પૂજા ને પૈસા ખરચે. એ એ ચીજ જાણે કોઈ ધર્મના ધ્યેયની હોય, મોક્ષમાર્ગનું તો એ જ લક્ષ હોય એમ મનાવી દીધું છે. મોક્ષમાર્ગનું લક્ષ અને ધ્યેય તો ધ્રુવ છે તે જ્ઞાન ત્યાં લક્ષ કરાવે છે. જ્ઞાન ત્યાં એને દેખે છે, એનું ધ્યાન કરાવે છે ત્યાં. આહાહા..! જે જ્ઞાનની દશા જ્ઞાન પ્રાપ્ત અને જે ધર્માત્માએ એને એ કહ્યું હતું. વિનયવંત પુરુષે વિનય કરીને જોયું, જાણ્યું. તો વિનય જેનો કર્યો એણે એ કહ્યું હતું કે તારો આત્મા ધ્રુવ છે ત્યાં દૃષ્ટિ અને ત્યાં લક્ષ કર. અમારા તરફનું લક્ષ છોડી દે એમ કહે છે. એમ આવ્યું કે નહિ એમાં? આહાહા..!

ભાઈ! તું પૂર્ણ આનંદનું સ્વરૂપ છો અંદર. આહાહા..! સાક્ષાત્ પરમાત્મસ્વરૂપી બિરાજમાન ધ્રુવ આત્મા. આહાહા..! એની ઉપર જેનું લક્ષ કરાવે છે અને મોક્ષમાર્ગનું લક્ષ એ છે કે જ્ઞાન ત્યાં ધ્યાન કરાવે છે. એને દેખે, એને જાણે, એનું લક્ષ કરે અને એને નિશાન તરીકે લક્ષમાં લે. આહાહા..! ભારે વાતું ભાઈ! આ જુઓને જ્ઞાનની વાત લીધી. સ્થાપવું હતું બધા નિશ્ચય આયતન, તીર્થ ને પ્રતિમા ને મુદ્રા ને જૈનબિંબ. જ્ઞાન.. ભાઈ! એ બધું એને જાણનાર એ કોણ? એ જાણનાર જે જ્ઞાન છે એ જ્ઞાન કેવું હોય? કે જે મોક્ષનો માર્ગ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વસ્તુનો પૂર્ણ સ્વભાવ એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતા એ ત્રણેનું લક્ષ તો ધ્રુવ છે. એને જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાન દુનિયાને આમ લાખો માણસને સમજાવે અને મોટા ભાષણ કરે માટે એ જ્ઞાન. એ નહિ કહે છે. સમજાણું કાંઈ? મોટી સભા ભેગી થાય તો એ જ્ઞાન એનું સાચું, એમ નથી. આહાહા..! જ્ઞાન તો

એને કહીએ કે જે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, અનંતગુણનો પિંડ પ્રભુ છે. આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવું જે આત્માનું નિત્ય સ્વરૂપ. એક સમયની પ્રગટ અવસ્થા વ્યક્તથી પણ ભિન્ન એવી ચીજને જેણે લક્ષમાં લીધી છે, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તે મોક્ષમાર્ગ. એનું લક્ષ કરીને એનું ધ્યાન કરાવે એમ કહે છે. આહાહા..! માણસ કેવો છે જૈન? અહીં પહેલો વિનય છે એ તો કીધું. બાકી પરંપરા આચાર્યો જે મોક્ષમાર્ગના અધિકારી ચાલ્યા આવતા હતા. સમજાય છે? એનો વિનય કરીને... એણે એમ કહ્યું હતું અને એ એમ સાધે છે એ પોતે. આહાહા..! દિગંબર મુનિઓ એ સાધતા હતા. વીતરાગનો માર્ગ અંતરમાં ધ્યેય-ધ્યાનમાં. એનો વિનય કરીને એણે એમ કહ્યું કે તારા જ્ઞાનમાં તારી જાતનું ધ્યેય લક્ષમાં લે. તારા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં પણ તારો આત્મા લક્ષમાં લે. આહાહા..! એવું કહેનાર સંતો, દિગંબર મુનિઓ ચાલ્યા આવતા હતા પરંપરામાં. એને છોડીને આ પંથ કાઢ્યો નવો, એની સામે વાત છે ભાઈ! ભગવાન! સમજાણું કાંઈ? આ શ્વેતાંબર ને સ્થાનકવાસી એ જૈનધર્મમાંથી જુદા પડી ગયા. એવી વાત ઝીણી છે ભગવાન! કોઈને દુઃખ લાગે એ વાત નહિ, આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. આચાર્ય એ પોકાર કરે છે. આહાહા..!

ભાઈ! તારો માર્ગ તો જે માર્ગમાં દ્રવ્ય સ્વભાવ ધ્યેયમાં હોય. જે માર્ગમાં પુણ્ય કરવું અને વ્રત કરવા એ ધ્યેયમાં હોય એ માર્ગ નહિ, ભાઈ! આહાહા..! વ્યવહારને રસ્તે ચડી ગયેલાને ધર્મ માનતા એને કહે છે હોં એ. ભાઈ! વ્યવહાર ધર્મ એ ધ્યેય નથી અને એનાથી ધ્યેય પ્રાપ્ત થાતું નથી. આહાહા..! અરે..! આ તો આત્માના હિતની વાતું છે, પણ હવે ભાઈ એવી વાત છે, કે વાડા બંધાઈ ગયા, સંપ્રદાય જુદા થયા. લોકોને કોનું માનવું આમાં? બુદ્ધિ થોડી, વેપાર, ધંધામાં રોકાવું, કલાક માંડ મળે એમાં કોની પાસેથી સાચું ...? કોક કાંઈક કહે, બીજો કાંઈક કહે. આહાહા..! વાણિયાને વેપારમાં જેમ મૂંઝવણ એમ અહીંયા મૂંઝવણ પાછી. અત્યારે તો એ ચાલ્યું છે જુઓને આમ સરકાર .. શું કરવું, કોનું કરવું? પૈસા પેદા થાય છે. શું કેટલા કરતા હતા? લાખના દોઢ હજાર .. કોક કહે છે. શું કરવું આમાં? અહીં ધર્મમાં મૂંઝવણનો પાર ન મળે. આટલા બધા ફાટા એમાં કયો ધર્મ માનવો એમાં? મૂંઝવણ છે જ નહિ પ્રભુ! આહાહા..! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞનો કેડાયત ધર્મ જે છે એ તો એમ પોકારે છે કે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એનું ધ્યેય તો ત્યાં છે દ્રવ્ય ઉપર. એ જ્ઞાન એને પહેલું ધ્યાન કરાવે, એને દેખે, એને શ્રદ્ધા, એનું ધ્યાન. એનું નામ જ્ઞાન કહીએ. આહાહા..! ગજબ વાત કરી છે. ટૂંકામાં દ્રવ્યદૃષ્ટિનો આશ્રય જેને હોય છે એને જ્ઞાનની વિશેષતા થઈને ત્યાં જોડાય છે જ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગ કા લક્ષ્ય જો પરમાત્માકા સ્વરૂપ...'** એ પરમાત્મા પરમેશ્વર અરિહંત તીર્થંકર નહિ. ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે ધ્રુવ બિરાજે છે આ. જેમાંથી પરમાત્મા અરિહંત અને સર્વજ્ઞ થયા. એ દશા થઈ જેમાંથી તે પોતે ધ્રુવ પરમાત્મા પોતે છે. આહાહા..! **'મોક્ષમાર્ગકા લક્ષ્ય જો પરમાત્માકા સ્વરૂપ...'** નિજ. **'ઉસકો લક્ષતા...'** હૈ. કોણ? ઓલું જ્ઞાન. એનું લક્ષ કરાવે. ત્યાં.. ત્યાં.. ત્યાં.. જે

છે તે ત્યાં છે. આહાહા..! એને દેખાડે. 'દેખતા-' હૈ જ્ઞાન એને. અને **'ધ્યાન કરતા હુઆ ઉસ લક્ષ્યકો પ્રાપ્ત કરતા હૈ.'** એનું ધ્યાન કરતા કરતા પરમાત્મા પોતે થઈ જાય છે. પર્યાયમાં પરમાત્મા થઈ જાય છે. પરમાત્મસ્વરૂપ અંદર છે એને લક્ષ કરતા, દેખતા, ધ્યાન કરતા પરમાત્મા થઈ જાય છે. બહુ સરસ વાત છે. શેઠ! આહાહા..!

બહારનો વ્યવહાર હોય છે. એ ન થાય તો એને શુભભાવ... પણ એ શુભભાવ કોઈ ધ્યેય નથી. એ કોઈ પ્રાપ્ત કરવાની ચીજ નથી. સમજાણું કાંઈ? વચ્ચે આવે, તેથી વ્યવહાર આવે, એ બંધનું કારણ હોય. વ્યવહાર છે એ બધું બંધનું કારણ છે. આવે ખરો પૂર્ણ ન હોય ત્યાં સુધી, પણ એ કોઈ ચીજ ધ્યેય છે અને એનું પ્રયોજન એમાંથી પ્રાપ્ત થાય આત્માનું એ ચીજ નથી. પોતાના પરમાત્મદશાની પ્રાપ્તિનું પ્રયોજન તો દ્રવ્યના ધ્યેયે પ્રાપ્ત થાય છે. આહાહા..! ગીરધરભાઈ! આહાહા..! વિનય કરીને પૂછયું ત્યારે ગુરુએ એમ કહ્યું એને. વિનય કર્યો ત્યારે એને એમ જણાવ્યું કે તારો નાથ અંદર પૂર્ણાનંદ પ્રભુ છે ત્યાં તારી નજર કર. તારા જ્ઞાનને ત્યાં જોડ, શ્રદ્ધાને જોડ, જ્ઞાનને જોડ અને સ્થિરતા કર. આહાહા..! જુઓ આ માર્ગ વીતરાગ પરમેશ્વરનો, વીતરાગ પરમેશ્વર થવાનો. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે. એને ગમે તે રીતે કહે ઝીણો પડે કે કેમ, પણ વસ્તુ તો આ છે. એટલે? કે જેને ધર્મ એટલે સુખી, સુખી થવું છે. ધર્મ કરવાનો અર્થ કે સુખી થવું એનો અર્થ. દુઃખી તો થઈ રહ્યો છે અનાદિકાળથી. પુણ્ય ને પાપના ભાવ કરે તે તો દુઃખના રસ્તા છે. આહાહા..! દુઃખનો પંથ છે એ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના એ પાપરૂપી દુઃખનો પંથ છે. અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો ભાવ પુણ્યરૂપી સંસારનો પંથ છે એ. એમાંથી જેને સુખી થવું હોય તો એના શ્રદ્ધા, જ્ઞાન અને સુખ પડ્યું છે ત્રિકાળમાં ત્યાં જોડી દે. આવી વાત છે. તંબોળી! શું છે આમાં કાંઈ પૈસા-બૈસામાંથી તો કાંઈ આવતું નથી બધું. પુણ્યમાં પણ સુખ નથી એમ કીધું. રાગની મંદતાનો શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ શુભભાવ એમાં પણ કાંઈ સુખ નથી, એ તો દુઃખ છે, રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :- સુખ નથી કહેતું કોઈ. સુખના સાધનો છે.

ઉત્તર :- ધૂળેય સાધન નથી. સુખના સાધન દુઃખ હોય? શુભભાવ તો દુઃખ છે. એ સુખનું સાધન દુઃખ હોય?

મુમુક્ષુ :- પરંપરા કારણ.

ઉત્તર :- પરંપરા કારણ માને એ મૂઢ છે એમ કહે છે. લખ્યું છે હોં ઓલામાં. અધ્યાત્મ પંચસંગ્રહ. લખ્યું છે એને. આને શુભને પરંપરા માને, મૂઢ છે મારા. રાગ કારણ થાય, એ પરંપરા કહ્યું એ તો બીજી અપેક્ષાએ. અભાવ કરશે, અભાવ કર્યો છે દૃષ્ટિમાં. કર્યો છે અને અશુભ ટળ્યો છે. અને શુભ રહ્યો એને ટાળશે અને સ્થિર થશે. આહાહા..! વીતરાગનો માર્ગ તો અલૌકિક માર્ગ છે. આહાહા..! લૌકિક સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. સમજાણું કાંઈ? જેને સત્‌રૂપે પ્રભુ છે આત્મા. સત્‌નું સત્ત્વ સત્ય છે જેનું

સ્વરૂપ. એ સુખરૂપ સત્ય છે. એનું જેને સત્યરૂપી સુખની પ્રાપ્તિ કરવી હોય તો એનો તો માર્ગ આ એક છે. જ્યાં પડ્યું છે સુખ પૂર્ણરૂપે એને ધ્યેય બનાવ, એને જ્ઞેય બનાવ, એને ધ્યાનનો વિષય કર. આહાહા..! એની હજી શ્રદ્ધાની ખબર ન મળે એ બધા ક્યાં જાશે? આહાહા..! એ બધા અવતાર પૂરા થઈ બાપુ! ત્યાં કાંઈ માસીબા નથી બેઠા ત્યાં. આહાહા..! ત્યાં પણ નરક અને નિગોદે અવતરશે. સમજાણું કાંઈ? ચોર્યાસીની મહા પાટ ભવસાગર પડ્યો છે મોટો.

જેને આત્માના ધ્યેયની, જ્ઞેયની, જ્ઞાનની, એના ધ્યેયની, જ્ઞાનની ખબર નથી, જેને એના તરફના પરમાત્મસ્વરૂપની શ્રદ્ધાની ખબર નથી. આ મહાપ્રભુ છે એની શ્રદ્ધા, એનો વિશ્વાસ જેને આવ્યો નથી. એનો વિશ્વાસ રાગ ને સંયોગ ને પર્યાયમાં પડ્યો છે. આહાહા..! ભારે વાત કરે છે. કુંદકુંદાચાર્યે તો ગજબ કરી. બોધપાહુડમાં જ્ઞાનસ્વરૂપ નાખ્યું. ભગવાન! જ્ઞાન તો એને કહીએ અમે કહે છે, પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણીમાં એમ આવ્યું છે ભાઈ! કે જ્ઞાન તો એને કહીએ કે જે જ્ઞાન લક્ષ જે મોક્ષમાર્ગે કર્યું તેને વધારે લક્ષમાં જોડી દે એને જ્ઞાન કહીએ. એય..! આહાહા..! પછી ભલે થોડું જ્ઞાન હો, પણ એ જ્ઞાન હોય ધ્યેયને પકડવા માટે. વિશેષ હો, ન હો એની સાથે સંબંધ નથી. આહાહા..! આ વીતરાગ અરિહંતદેવ ત્રિલોકનાથ પરમાત્માની ધ્વનિમાં આ ઉપદેશ આવ્યો હતો. સમજાણું કાંઈ?

ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. આહાહા..! સીમંધર ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. અબજો વર્ષથી છે, અબજો વર્ષ હજી રહેશે. તેની પાસે કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા ગયેલા. સંવત્ ૪૯. અરે..! આવો વિશ્વાસ ક્યાંથી લાવવો? એ ક્ષેત્ર છે ત્યાં વીતરાગ બિરાજે છે, સર્વજ્ઞ છે. એને સાંભળવા, એના દર્શન કરવા ગયા હતા કુંદકુંદાચાર્ય. પાંચસો ધનુષનો દેહ છે અને આ તો ચાર હાથ છે ઊંચા. ત્યાંથી આવીને ભગવાનની વાત જે અનુભવમાં આવી હતી અંદરમાં, એ વાત અહીંયા આલેખી છે. આહાહા..! ભાઈ! ભગવાન તો આમ કહે છે કે તારા જ્ઞાનમાં એ જ્ઞાન હોવું જોઈએ કે જે જ્ઞાન પરમાત્મસ્વરૂપ પોતાનું તેને પહોંચી વળે. એને પકડે, તેને લક્ષમાં લે, તેને ધ્યેય બનાવે, તેને જ્ઞેય બનાવે, તેના ધ્યાનનો વિષય કરે તેને જ્ઞાન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપા! ધર્મનો માર્ગ કોઈ અલૌકિક છે ભાઈ! સાધારણ રીતે આમ ખાવા, પીવા, પૈસા ખર્ચવા...

કોક કહેતું હતું હમણાં કાલે. ઓલા જાત્રાવાળા આવ્યા હતા ને. અંદર જાય એને ચાંદલો કરીને રૂપિયો આપે. આપે એ તો આપે છે ને. એમાં કાંઈ .. ઓલા થઈ જાય કે આહાહા..! ભારે ધર્મ! બાપુ! એ ધર્મ નહિ ભાઈ! એ ધર્મનું ધ્યેય નહિ અને એ ધર્મ પણ નહિ. આહાહા..! ધર્મ એવો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય એનું ધ્યેય તો દ્રવ્યસ્વરૂપ વસ્તુ છે. આહાહા..! એ જ્ઞાન એને લક્ષ કરાવે, દેખાડે, એનું ધ્યાન કરાવે એનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! જુઓ આ વીતરાગમાર્ગનું જ્ઞાન. આહાહા..!

'**ભાવાર્થ :- જ્ઞાન પુરુષકે હોતા હૈ...**' ઓલીકોર. આહાહા..! કહો, હિંમતભાઈ! આ બધા લોઢાના વેપારમાં આ બધું આવું ભારે ઝીણું પડે. હવે એકકોર કહે છે કે વિનય કરવો. પહેલા આવી ગયું હતું ને. મહાપુરુષો, જ્ઞાની, ધર્માત્મા, સંતોનો વાત્સલ્ય કરવો, પ્રેમ કરવો, પૂજા કરવી, સર્વ પ્રકારે પૂજા કરવી. પણ એ પૂજા જેની કરે એ એમ કહે છે. શેઠ! આહાહા..! એ તારો શુભ વિકલ્પ છે ને સાંભળવામાં, શુભ વિકલ્પ છે ને વિનયમાં, પણ એ તને એ વિકલ્પમાં એમ સંભળાવે છે. તારે સાધવાનું છે એ તો અંદર વસ્તુ છે એને સાધવાની છે. મને સાધવાનું નથી તારે. આહાહા..! ધર્મચંદભાઈ! આવો માર્ગ છે, ભગવાન! શું કરે? અરેરે..! માર્ગને વીંખી નાખીને, સત્યને જૂઠું ઠરાવે, જૂઠાને સત્ય ઠરાવે. અરેરે..! ભાઈ! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..! જેનો વિનય કર્યો એ ધર્માત્મા એમ કહે છે, તારો પરમાત્મા અંદર ધ્રુવ છે પ્રભુ! એમાં જા તું. આહાહા..! અમારી સામું જોવું રહેવા દે. આહાહા..! મોઢા સામો કોળિયો કોને ન ગોઠે? માણસ નથી કહેતા કે... ભગવાન તો કહે છે કે અમારી સામું જોવું (રહેવા દે), અમે તને સંભળાવીએ છીએ કે તારી સામું તું જો અંદર. આહાહા..! આ તો વીતરાગમાર્ગ તો આ છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન પુરુષકે હોતા હૈ...**' પુરુષ એટલે આત્મા. '**ઔર પુરુષ હી વિનયવાન હોવે...**' જે આત્મા ધર્માત્માનો વિનયવાન હોય. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છે ને કે 'સદ્‌ગુરુ ઉપદેશ .. પામ્યો જ્ઞાન.' આવે છે ને. એ તો વળી ઓલું. આ તો ઓલા સ્તવનમાં આવે છે. જ્ઞાન 'મૂળ માર્ગ સાંભળો જૈનનો રે.' એમાં. આ સદ્‌ગુરુએ એમ કહ્યું એમ કહે છે. આહાહા..! ભાઈ! તારે ધર્મની દશા અને શાંતિ ને સુખ કાઢવું છે એ ખાણ તો તું છો અંદર. એની ખાણ કાંઈ અમે નથી. આહાહા..! જે તારે આનંદ કાઢવો છે, આનંદ પ્રગટ કરવો છે, શાંતિ જોવે છે, સુખ જોવે છે, અનાકુળ આનંદની ખાણ એ તું પોતે છો એમાં તું જા. આહાહા..! દુનિયાને ભૂલી જા. ભગવાનને યાદ કર અંદરમાં. આ ભગવાન હોં આત્મા. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન પુરુષકે હોતા હૈ ઔર પુરુષ હી વિનયવાન હોવે સો જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ,...**' કારણ કે એ જ્ઞાન સર્વજ્ઞ પરમાત્માએ કહેલું અને મુનિઓએ સાધેલું, એનો વિનય કરે એ જ્ઞાન એને આપે આ કે તારું જ્ઞાન છે એને પકડ, એને જ્ઞાન અમે કહીએ છીએ. આહાહા..! અમને પકડ એને જ્ઞાન કહેતા નથી એમ કહે. આહાહા..! નિઃસ્પૃહ વીતરાગભાવ છે. આમાં ક્યાં ત્યાં.. આહાહા..! નવનીતભાઈ! આવી વાતું છે. ભાઈ! તું ક્યાં અપૂર્ણ અને વિકારી છો? તું પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વભાવથી ભરેલો પ્રભુ તું છો. એ તને વિશ્વાસ નથી આવતો. એટલે જ્યાં ત્યાં ફાંફા નાખશે. અહીંથી મળશે.. અહીંથી મળશે. જેમાં હશે એમાંથી મળશે. નથી એમાંથી ક્યાંથી મળશે? આહાહા..! જુઓ કુંદકુંદાચાર્યે જ્ઞાનનું વર્ણન કરીને ગજબ કરી છે! ભાઈ! એને જ્ઞાન કહીએ છીએ કે જે જ્ઞાન દ્રવ્યનું ધ્યાન કરાવે, દ્રવ્યનું લક્ષ કરાવે, દ્રવ્યને દેખે. અમને ભગવાન કહે છે કે જે જ્ઞાન અમને ભૂલી જાય અને તારા ભગવાનને દેખે

તેને અમે જ્ઞાન કહીએ છીએ. આહાહા..! આ પરલક્ષી જ્ઞાનના તો અભિમાન ટળી જાય એમાંથી કાંઈ બધા. આહાહા..! આટલું જાણ્યું, આટલું આવડે, આટલું આવ્યું. શું આવડ્યું બાપા? આહાહા..! ભાઈ! તને તારી ખબર નથી. એવા શાસ્ત્રના ભણતર કર્યા અને એ જાતનું ભલે યથાર્થ હોય એ જ્ઞાનનું જાણપણું એનું. પણ એ જાણપણાનું પરલક્ષીનું અભિમાન (કે) અમને આવડે છે, અમે જાણીએ છીએ. અમે કાંઈક જાણનાર છીએ, અમને તમે પરખો. અમે જાણનાર છીએ એવી તમે અમને કાંઈક મોટપ આપો. ભાઈ! એની કિંમત કાંઈ નથી. એય..! શેઠ! કુંદકુંદાચાર્ય પોકાર કરે છે જુઓને. આહાહા..!

ભાઈ! તારા જ્ઞાનમાં જ્ઞેય તો ચૈતન્ય પ્રભુ હોવો જોઈએ. એ જ્ઞાનનું અમે જ્ઞેય નહિ. આહાહા..! આ એનું પ્રયોજન કહે છે. સમજાણું કાંઈ? ઓલું આવે છે ને ભાઈ? નથી મોક્ષમાર્ગપ્રકાશકમાં? એ આવે છે. કારણવિપર્યાસ નથી આવતું? એમાં એક આવે છે કાંઈક. કેટલામાં છે? સાતમામાં? કારણવિપર્યાસ. એની નીચે આવે છે. ચોથામાં હોં. ચોથામાં ને? ચોથું. સાતમું નહિ. ચોથામાં હોં. મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ. એમાં કારણ વિપર્યાસ આવે છે ને. વિપરીત ભેદાભેદ. એની નીચે. '**મિથ્યાદષ્ટિ કોઈ કાળમાં કોઈ પદાર્થને સત્ય જાણે તોપણ તેના નિશ્ચયરૂપ નિર્ધારથી શ્રદ્ધાન સહિત જાણતો નથી તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી અથવા સત્ય જાણે છતાં એ વડે પોતાનું અયથાર્થ પ્રયોજન સાધે છે...**' આહાહા..! '**તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી.**' ભારે વાત! જે જ્ઞાન વડે દુનિયા પાસેથી દેખાવ, માન લેવા માગે છે, એ જ્ઞાન એનું ભલે સાચું હોય. સાચું એટલે? કહેશે એ. છતાં.. આહાહા..!

'**એ વડે પોતાનું અયથાર્થ જ પ્રયોજન સાધે છે તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. એ પ્રમાણે મિથ્યાદષ્ટિના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહીએ છીએ.**' ચોથામાં હોં. મિથ્યાદષ્ટિના .. ઓહોહો..! મોક્ષમાર્ગપ્રકાશક. હજારો બોલ કાંડા પકડીને મૂક્યા છે હોં! આહાહા..! એ બેસતું નથી મોક્ષમાર્ગપ્રકાશક. ..ભાઈ! પંથની ક્યાં વાત? આત્મપંથની વાત છે. આ ... આહાહા..!

મુમુક્ષુ :- તેરાપંથી..

ઉત્તર :- એવી મફતની વસ્તુ પક્ષની માની લે. સત્યને ખોટું કરવું એવું કાંઈક હોય. એમાં એવી .. વાત મૂકી અધરી.

કહે છે '**જેમ કોઈ કાળમાં એ કેફી મનુષ્ય માતાને માતા વા સ્ત્રીને સ્ત્રી જાણે તોપણ તેને નિશ્ચયરૂપ નિર્ધાર વડે શ્રદ્ધાનપૂર્વક જાણવું ન હોવાથી તેને યથાર્થ જ્ઞાન કહેતા નથી; તેમ મિથ્યાદષ્ટિ કોઈ કાળમાં કોઈ પદાર્થને સત્ય પણ જાણે તોપણ તેના નિશ્ચયરૂપ નિર્ધારથી શ્રદ્ધાનસહિત જાણતો નથી...**' એક વાત. '**સત્ય જાણે છતાં એ વડે પોતાનું અયથાર્થ જ પ્રયોજન સાધે છે તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી.** ' જોયું! કેટલી વાત કહી. આ અહીં કુંદકુંદાચાર્ય કહેવા માગે છે એ અહીં કહે છે. લ્યો! એમાં શું છે સત્ય કહેતું હોય, છોકરું કહેતું હોય તો

માનવું એમાં શું? સત્ય છે કે નહિ?

'**ભાવાર્થ :- જ્ઞાન પુરુષકે હોતા હૈ ઔર પુરુષ હી વિનવયવાન હોવે સો જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ, ઉસ જ્ઞાન દ્વારા હી શુદ્ધ આત્માકા સ્વરૂપ જાના જાતા હૈ,...**' લ્યો! એ જ્ઞાન એને કહીએ જેનાથી શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા જાણવામાં આવે. આહાહા..! જેની કિંમત કરવા જેવી છે એની કિંમત જ્ઞાન કરે તો તેને સાચું જ્ઞાન કહેવાય, એમ કહે છે. સમજાણું કાંઈ? અરેરે..! જીવન, આ તત્ત્વને સમજ્યા વિના એમને એમ પશુ જેવા જીવન છે. ભલે વિદ્વતા ન હોય વિશેષ, પણ આ મૂળ પ્રયોજન જે જ્ઞાન સાધે છે, કહે છે કે એનાથી કેવળજ્ઞાન લેશે એ. આહાહા..! કારણ કે જે જ્ઞાને ધ્રુવને ધ્યેય કર્યું છે એમાં કેવળજ્ઞાન પર્યાય પડી જ છે. જે જ્ઞાને એને તાબે કર્યું કે આ તે હું, એમાંથી પર્યાય કેવળજ્ઞાનની પ્રગટ્યા વિના રહેવાની જ નથી. એને કેવળજ્ઞાન થવાને અલ્પકાળમાં એને કેવળજ્ઞાન થશે. આહાહા..! સમજાણું કાંઈ? જેણે સાધવાનું (સાધ્ય) આત્મા એને પકડ્યો છે. અને એમાં સાધન નામના ગુણ પણ એમાં પડ્યો છે. વ્યવહાર સાધન છે એ સાધન તો..

'**શુદ્ધ આત્માકા સ્વરૂપ જાના જાતા હૈ, ઈસલિયે વિશેષ જ્ઞાનિયોંકે વિનય દ્વારા...** ' દેખો! જે વિશેષ જ્ઞાની ધર્માત્મા હોય, મુખ્ય તો મુનિની વાત છે ને. અહીં પરંપરા ઓલા ચાલ્યા આવતા હતા ને એની વાત લેવી છે હોં મુનિને. આચાર્યને કહેવાનો આશય છે. .. સ્વચ્છંદને કરો એ નહિ. ભગવાનનો માર્ગ મૂકી દઈને પરથી લાભ થશે એવી વાતું કરો એ નહિ. '**વિશેષ જ્ઞાનિયોંકે વિનય દ્વારા જ્ઞાનકી પ્રાપ્તિ કરની, ક્યોંકિ નિજ શુદ્ધ સ્વરૂપકો જાનકર...** ' કેમકે એ મુનિઓ ધર્માત્મા સંત સાચા તને એમ કહેશે કે ભાઈ! તારું ધ્રુવ સ્વરૂપને સાધવું છે તારે તો. આહાહા..! તારે રાગ પણ સાધવો નથી, અમને પણ સાધવા નથી. એક સમયની પર્યાયને સાધવી નથી. આહાહા..! એમ એ વિનય કરનાર પુરુષને એ ધર્માત્મા એને એમ જણાવશે. ભાઈ! તારા જ્ઞાનમાં શુદ્ધસ્વરૂપ આવે.

'**શુદ્ધ સ્વરૂપકો જાનકર મોક્ષ પ્રાપ્ત કિયા જાતા હૈ.** ' આહાહા..! '**યહાં જો વિનયરહિત હો,...**' ખુલાસો કર્યો એણે પોતે. શ્વેતાંબરની વાત છે. આકરું કામ બહુ. શ્વેતાંબર પંથ નીકળ્યો, એ વીતરાગના માર્ગથી વિરૂદ્ધ થઈને નીકળ્યો. એવો માર્ગ ભગવાન... આહાહા..! એમાંથી આ સ્થાનકવાસી નીકળ્યા. બાપુ! એ માર્ગ તો એવો છે. વીતરાગ પરમેશ્વરે તો જે કહ્યું એ માર્ગ તો દિગંબર ધર્મ છે. સમજાણું કાંઈ? અને એમાં આ ધ્યેયને પકડવાની વાત પ્રભુએ કીધી છે. આહાહા..! એ સંતો એને સાધે છે અને એનું સાધન અને સાધવા માટે એ કહે છે કે તારા વસ્તુમાં જા ભાઈ! આહાહા..! તારો પ્રભુ બિરાજે છે અંદર. ભાઈ! તને ભરોસો નથી આવ્યો. આહાહા..! તને ભરોસામાં, વિશ્વાસમાં બેસતું નથી. એક બીડી વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ એવાને કહે છે. પણ ત્રણ લોકનો નાથ પ્રભુ તું ભગવાન સાક્ષાત્. આહાહા..! પ્રગટ પુરુષોત્તમ પરમાત્મા પોતે છે. ભાઈ! તેના ઉપર જ્ઞાનને જોડી દે. આહાહા..! આવી કરૂણાના શબ્દો સંતોના જગતને જાહેર કરે છે. ભાઈ! આહાહા..! એને કાંઈ લેવું

છે? દેવું છે? એ તો સમૂળગું એમ કહે છે કે તારી સામું જો. અમારા સામું વિનય કરીને ઊભો છે એ ત્યાં જા. અમે એમ કહીએ છીએ તને. આહાહા..!

'**ઇસલિયે વિશેષ જ્ઞાનિયોંકે વિનય દ્વારા જ્ઞાનકી પ્રાપ્તિ કરની, ક્યોંકિ નિજ શુદ્ધ સ્વરૂપકો જાનકર...**' જોયું અહીં 'નિજ' આવ્યો શબ્દ મૂક્યો. ઓલામાં નિજ શબ્દ કહ્યો હતો ને? પરમાત્માનું સ્વરૂપ ઉસકો લક્ષ દેખતા હૈ એમ હતું. ઓલું નિજ નહોતું તો કોઈ લઈ લે ઓલા પરમાત્મા, એટલે અહીં ખુલાસો કર્યો. '**નિજ શુદ્ધ સ્વરૂપકો જાનકર...**' વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે, ભાઈ! તને બેસતી નથી વાત. આહાહા..! એ રાગનો એક કણ જ્યા આવે ત્યાં તને એમ થઈ જાય કે આહાહા..! શુભરાગ કાંઈક આવ્યો તો એને થઈ જાય કે મેં કર્યું. ભાઈ! તને ખબર નથી બાપુ! એ રાગમાં આત્મા એકાકાર થઈને રહ્યો છે એ તો એમાં લૂંટ પડી છે એને. એ આત્માનું ત્યાં ખૂન થઈ જાય છે. એમાં રાગમાં તને ખુશીપણું આવી જાય છે. આહાહા..! અમે આ દયા પાળી, વ્રત પાળ્યા, તપસ્યા કરી. શું છે? ભગવાન! આહાહા..! ભાઈ! તને તારી મોટપની ખબર નથી. તારી મહિમા કેવડી અને કેવી છે એ તને ખબર નથી. એ મહિમા પરમાત્માની વાણીમાં (આવી અને) સંતો આ કહે છે એને. સમજાણું કાંઈ?

કન્યા સારે ઘરેથી આવતી હોય, એને એક જ દીકરી હોય, કરોડની મુડી હોય, વળી કહે પરણાવતા પચ્ચીસ લાખ આપશું અને ૭૫ લાખ પડ્યા હોય, .. ૬૦ વર્ષની ઉંમર છે. છોડી ૨૦ વર્ષની છે. એ પાછળથી ઓલું લઈને આવશે. આહાહા..! એને લ્યો, કહે છે, છોડીને. એ પાછળનો એ વારસો આપણને બધો મળશે. કહે છે કે આ ભગવાનમાં વારસો પડ્યો છે ને પ્રભુ તને. અત્યારે દૃષ્ટિ કર તો શાંતિ મળે અને પૂર્ણ શક્તિ છે એ પ્રાપ્ત તને થશે. આહાહા..! સમજાણું? બધું એ લઈને આવશે આત્મા. દાતા આત્મા છે ને. આહાહા..! તારી પર્યાયમાં પૂર્ણતા લઈને આવશે ભાઈ! તને. આહાહા..! એની સાથે લગની લગાડને. ત્યાં લગની લગન કરને. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું આવી છે.

એ કથા હોય. એક રાજા આમ હતો, રાણી આમ હતી. ઓલાને સમજાવી .. રાજી થઈ જાય. બાપુ! એ બધી વિકથાઓ છે. આહાહા..! ધર્મકથા તો, જેમાંથી વીતરાગતા પ્રગટ થાય એવું જે વીતરાગ સ્વરૂપ એનો આશ્રય કરાવે એવી કથાને ધર્મકથા કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..! એવી વાત છે.

'**નિજ શુદ્ધ સ્વરૂપકો જાનકર મોક્ષ પ્રાપ્ત કિયા જાતા હૈ. યહાં જો વિનયરહિત હો,...**' આહાહા..! અને '**યથાર્થ સૂત્રપદસે ચિગા હો,...**' સિદ્ધાંત સર્વજ્ઞના જે હતા એમાંથી શ્વેતાંબરે ભ્રષ્ટ થઈને બીજા શાસ્ત્ર બનાવ્યા. એની વાત છે ભગવાન! કોઈને દુઃખ થાય એ વાતની વાત નથી. આ તો સત્યસ્વરૂપની વાત છે. સમજાણું કાંઈ? કારણ કે એ લોકોનું આખું ધ્યેય જ વ્યવહારનું. વ્યવહાર તે સમકિતી. આવે છે ને ભાઈ! યશોવિજય કહે છે ને વિશેષ આવશ્યકમાં. વિશેષ આવશ્યકમાં એમ કહે

છે કે વ્યવહારી તે સમકિત. એટલે એનું ધ્યેય જ પર ઉપર છે ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

અરેરે..! મારગડા એવા જુદા પ્રભુ તારા. આહાહા..! દુનિયાની સાથે ક્યાંય મેળ વાડા સાથે. જૈનના ફાંટા પડ્યા એની સાથે મેળ ખાય નહિ તો અન્યની સાથે તો ક્યાંથી થાય ભાઈ! એ તો વીતરાગતા છે આ તો. આહાહા..! ગજબ કામ છે. એક શ્લોક આ જ્ઞાનનો.

**'ચિગા હો, ભ્રષ્ટ હો ગયા હો ઉસકા નિષેધ જાનના.'** એનો આ નિષેધ કર્યો છે. સત્ય સિદ્ધાંતથી ભ્રષ્ટ થઈને સંપ્રદાય કાઢ્યો એનો અહીં નિષેધ કર્યો છે. એનું જ્ઞાન પણ સાચું નથી, એની શ્રદ્ધા સાચી નથી, એનું ધ્યેય સાચું નથી, એને ચારિત્ર નથી અને એને સમકિત પણ નથી. આહાહા..!

**'આગે ઈસીકો દઢ કરતે હૈં :—'** લ્યો આ પંચાવન મિનિટ થઈ. ગાથા એવી હતી ને. માણસ નથી કહેતા કે મોસાળને ત્યાં લગન અને મા પીરસણે. સમજાય છે? નથી સમજતા? મામા-મોસાળ હોય છે ને શું કહેવાય એ? મોસાળ. એ તો આપણી ભાષા. એની ભાષા ક્યાં છે? એ તો કીધી પહેલી. મોસાળમાં લગન હોય અને એમાં પોતાની મા પીરસણે હોય. જમાડે ભાણેજને. કમી શું? તો એમાં હશે કે નહિ તમારે? આહાહા..! એક તો ભગવાનની વાણી અને પ્રિય, હવે એમાં પીરસવાનું શું બાકી હોય?

**'આગે ઈસીકો દઢ કરતે હૈં :—'**

**मइधणुहं जस्स थिरं, सुदगुण बाणा सुअत्थि रयणत्तं।**
**परमत्थबद्धलक्खो, णवि चुक्कदि मोक्खमग्गस्स।।२३।।**

આ જુઓ! અહીં આવ્યું પાછું. આહાહા..! અરે..! એવી વાતું સાંભળવા મળે એ પણ ભાગ્ય હોય એને મળે. આ તો ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર કોને કહીએ ભાઈ! આહાહા..! એની વાણી શું કહે છે? એ યથાર્થ. કાને પડવાને માટે પણ ભાગ્ય જોઈએ છે.

**'અર્થ :- જિસ મુનિકે...'** મુનિ-ધર્માત્મા. **'મતિજ્ઞાનરૂપ ધનુષ સ્થિર હો,...'** ધનુષ હોય છે ને આમ બાણ. વાળેલું આમ. એ **'મતિજ્ઞાનરૂપ ધનુષ સ્થિર હો, શ્રુતજ્ઞાનરૂપ ગુણ...'** દોરી. આમ દોરી હોય છે ને દોરી આમ બાંધેલી. આમ વળેલું હોય ને વળેલું? આમ વળેલું એ ધનુષ કહેવાય અને ઓલી દોરી. જેનું મતિજ્ઞાનરૂપી ધનુષ સ્થિર હોય પાછું અને શ્રુતજ્ઞાનરૂપ ગુણ પર્યાય **'અર્થાત્ પ્રત્યંચા હો,...'** એટલે દોરી હોય. જેને શ્રુતજ્ઞાનની દોરી હોય. આહાહા..! અને **'રત્નત્રયરૂપ ઉત્તમ બાણ હો...'** મતિજ્ઞાન તે ધનુષ, શ્રુતજ્ઞાન તે દોરી અને રત્નત્રય તે ઉત્તમ બાણ અંદર. જેના ઉપર મારવું છે એ બાણ રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ત્રણેનું ધ્યેય આ છે એમ કહેવું છે. આહાહા..!

**'ઔર પરમાર્થસ્વરૂપ નિજશુદ્ધાત્મસ્વરૂપકા સંબંધરૂપ લક્ષ્ય હો,...'** પરમાર્થસ્વરૂપ. આહાહા..! ઓલામાં ઉપયોગમાં આવે છે ને ઉપયોગ. અલિંગગ્રહણ. કર્મગ્રહણનો અભાવ છે તેને ઉપયોગ કહીએ. જે ઉપયોગમાં કર્મગ્રહણનો અભાવ છે. ૧૧મો બોલ છે. એનો અર્થ એ છે કે કર્મનો

સંબંધ જ નથી એને, એમ. છે એમાં. એના અર્થમાં એમ છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છે ને? એનો એમાં ૧૧મો બોલ છે. કે જે ઉપયોગ પોતાનો છે એ કર્મગ્રહણનો એમાં ઉપયોગમાં અભાવ છે. એટલે જ્ઞાનનું પરિણામ જે છે એને કર્મ ગ્રહવું એટલે એને કર્મનો સંબંધ જ નથી. આહાહા..! જે જ્ઞાનનો ઉપયોગ છે એ ઉપયોગ તો ધ્યેયને પકડ્યો છે એણે. અબંધસ્વરૂપીને પકડ્યું છે. માટે એ ઉપયોગની સાથે કર્મનો સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ? અને કર્મનો સંબંધ નથી તેથી તે ઉપયોગ કર્મને ગ્રહણ કરતો જ નથી. આહાહા..! જે જ્ઞાને આત્માને પકડ્યો એ કર્મગ્રહણ કેમ કરે? આ ગ્રહ્યો છે એ આ પણ કેમ ગ્રહે? આહાહા..! અલિંગગ્રહણમાં છે. સમજાણું?

છે ને (ગાથા) ૧૭૨ **દ્વારા એટલે ઉપયોગ નામના લક્ષણ દ્વારા લિંગ ગ્રહણ એટલે પુદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ. આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત અસંબંધ છે. એવા અર્થની પ્રાપ્તિ થાય છે.** ઓહોહો..! જે જ્ઞાન ઉપયોગે આને પકડ્યો એ જ્ઞાન ઉપયોગને કર્મગ્રહણ નથી, કર્મનો સંબંધ જ નથી. સમજાય છે કાંઈ? એને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૮, સોમવાર તા. ૧૭-૧૨-૧૯૭૩**
**ગાથા - ૨૩, ૨૪, ૨૫, પ્રવચન - ૭૦**

આ માગશર વદ ૮, ગણતરી પોષ સુદ ૮. એમણે શાસનને થંભાવી રાખ્યું આચાર્યપદથી. આહાહા..! એમની કથન શૈલી... ભગવાન પાસે ગયેલ અને આચાર્યપદમાં હતા. એમણે આ શાસ્ત્ર રચ્યા. એની આ આચાર્યની આરોહણ તિથિ છે. એમણે ભરત ક્ષેત્ર ઉપર ઘણો ઉપકાર કર્યો છે. જેનું એવું સાહિત્ય જૈનદર્શનમાં અલૌકિક રીતે પ્રસિદ્ધિ અને પ્રશંસાને પામ્યું છે એવા ભગવાન કુંદકુંદાચાર્ય સનાતન જૈનધર્મના મુખિયા તીર્થના નાયક હતા એ. ભગવાન તો તીર્થનાયક હતા જ તે. પણ આમણે તીર્થના નાયક એવું એમણે કામ પંચમકાળમાં પંચમકાળની અપેક્ષાએ તીર્થંકર જેવું કામ કર્યું છે. આજે વખતસર આવ્યા. વ્યાખ્યાન ચાલુ થાય છે.

આજે કુંદકુંદાચાર્યની આચાર્ય આરોહણની તિથિ. સમજાણું કાંઈ? જૈનશાસનના સ્તંભ છે એ. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે જે માર્ગ કહ્યો એ માર્ગને પ્રસિદ્ધિમાં લાવનાર મુખ્ય કુંદકુંદાચાર્ય છે. કેમકે 'મંગલં ભગવાન વીરો' એમાં પહેલા ભગવાન આવ્યા. મંગલં ગૌતમોગણી. ગૌતમસ્વામી, પછી મંગલં કુંદકુદાર્ય આવ્યા. એમણે જે આ કામ કર્યું એ તો જેને એ જાતનો અનુભવની દૃષ્ટિ થાય તો ખબર પડે

કે આમણે શું કહ્યું અને કેવું કહ્યું છે. એવો માર્ગ જૈનદર્શનનો સનાતન વીતરાગ દિગંબર દર્શનને ઉજળું કરનાર એ હોય તે કુંદકુંદાચાર્ય છે. સમજાણું કાંઈ? એની આ સ્વર્ગારોહણ તિથિ નહિ, પણ આચાર્ય આરોહણ તિથિ છે. આચાર્યપદની પ્રાપ્તિ થઈ છે. લગભગ ૩૩ વર્ષે એમ કાંઈક કહે છે. ૩૩ વર્ષે આવ્યું હતું. પછી ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ સ્વદેહે. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. નાનો દેહ અને ત્યાં પાંચસો ધનુષનો દેહ છે. ભગવાન બિરાજે છે અત્યારે તીર્થંકર પરમાત્મા. ચક્રવર્તીએ પૂછયું હતું, આ કોણ છે આ? પતંગિયા જેવો માણસ. પતંગિયા જેવો માણસ. ચાર હાથનું અને પાંચસો ધનુષ—બે હજાર હાથ. ભગવાન કહે છે કે એ ભરતક્ષેત્રના ધર્મના તીર્થના પ્રવર્તનારા આચાર્ય છે. એમણે કહેલો માર્ગ એ દિગંબરમાં સનાતન સત્ય પ્રવાહ ચાલ્યો આવે છે.

શ્વેતાંબર પછી નીકળ્યા એમાંથી. ભગવાન પછી ૬૦૦ વર્ષે એટલે કુંદકુંદાચાર્ય પહેલા ૧૦૦ વર્ષ પહેલા નીકળી ગયેલા. સત્યથી વિરોધ કરીને દૃષ્ટિ વિપરીત થઈ ત્યારે શ્વેતાંબર પંથ જુદો પડી ગયો. એમાં સ્થાનકવાસી પછી નીકળ્યા હમણાં ૫૦૦ વર્ષ (પહેલા). તુલસી તો હમણા તેરાપંથી ૨૦૦ વર્ષ. બધા સનાતન વીતરાગ જૈનદર્શન એનાથી બધા ખસી ગયેલા. માર્ગ ભાઈ આ છે. એ માર્ગને થંભાવનાર ભગવાન આ પંચમ આરામાં કુંદકુંદાચાર્ય છે. ભાગ્ય હોય એને આવી વાણી કાને પડે એવી વાત છે. આહાહા..! એમણે જે પંચમ આરામાં કામ કર્યું છે અને ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય પંચમ આરાના તીર્થંકરના ગણધર જેવું કામ કર્યું છે. આહાહા..! જ્યાં આત્માનો દીવડો પ્રકાશમાં લાવ્યા કે આવો આત્મા છે, ભાઈ! એ અખંડાનંદ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય પિંડ ભગવાનસ્વરૂપ આત્મા છે. આહાહા..! એ આત્માને સાધવા માટે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જોઈએ. એ પણ પરમાત્માએ કહેલું તે. અજ્ઞાનીઓએ જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની કલ્પનાઓ કરી છે એ નહિ.

એ આપણે જ્ઞાનની વ્યાખ્યા ચાલે છે આ. એમણે જે જ્ઞાન બતાવ્યું એ કેવું જ્ઞાન હોય? એમ કહે છે. '**ધનુષકી સબ સામગ્રી યથાવત્ મિલે તબ નિશાના નહીં ચૂકતા હૈ,...** ' ભાવાર્થ. ૨૩મી ગાથાનો ભાવાર્થ. આ તો અમૃતવાણી છે ભાઈ! આ કોઈ કથા નથી. ભગવાનની ભાઈ ભક્તિ કરો, પૂજા કરો, દયા કરો, આ કરો, તમારું કલ્યાણ થાય. એ વાણી ભગવાનની નહિ. ભગવાનનું કહેલું જ્ઞાન એ જ્ઞાન આવું હોય કહે છે. જે પરંપરા આચાર્યો થયા કુંદકુંદાચાર્ય આદિ આચાર્યો, એની પાસેથી જે વિનય કરીને જ્ઞાન મેળવ્યું હોય એને જ્ઞાન કહેવામાં આવે છે. પોતાની કલ્પનાથી શાસ્ત્ર રચ્યા અને એને જાણ્યા અને વાતું કરી એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

કહે છે, એ ધર્માત્મા પાસે જ્ઞાનની સામગ્રી બધી હોય છે. '**વૈસે હી મુનિકે મોક્ષમાર્ગકી યથાવત્ સામગ્રી મિલે તબ મોક્ષમાર્ગસે ભ્રષ્ટ નહીં હોતા હૈ.**' કુંદકુંદાચાર્ય આદિ આચાર્યો પાસે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર હતું એવું જેને જ્ઞાન થયું મુનિને અને એ જ્ઞાનવંતને ધ્યેયમાં આત્મા લીધો મોક્ષમાર્ગથી. એવા સામગ્રીવાળા મુનિઓ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ નહિ થાય. બીજા ભ્રષ્ટ થઈ ગયા એમ કહેવું છે ભાઈ!

આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! શું કરીએ? શ્વેતાંબર પંથ આખો નીકળ્યો એ જૈનદર્શનથી ભ્રષ્ટ થઈને નીકળ્યો છે. બહુ આકરું કામ. અત્યારે સાધારણને કદી દરકાર નથી ધર્મની. આહાહા..! એવા માર્ગથી ભ્રષ્ટ થઈ ગયા હતા એ તો. ત્યારે કલ્પિત શાસ્ત્રો બનાવ્યા અને દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ બધું કલ્પિત બનાવ્યું. એ અહીં કહે છે કે જેની પાસે ધર્મ હતો, જ્ઞાન હતું એવા સંતો દિગંબર એમની પાસેથી જે જ્ઞાન મેળવ્યું હોય એ જ્ઞાન મોક્ષમાર્ગને યથાર્થ સાધે. એ જ્ઞાન વિના મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય.

'**ઉસકે સાધનસે મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ. યહ જ્ઞાનકા માહાત્મ્ય હૈ,...**' આહાહા..! '**ઈસલિયે જિનાગમકે અનુસાર...**' દેખો! સર્વજ્ઞ પરમેશ્વરે જે શાસ્ત્રો કહ્યા તે કુંદકુંદાચાર્યે રચ્યા. એ '**જિનાગમકે અનુસાર સત્યાર્થ જ્ઞાનિયોંકા વિનય કરકે...**' એ સાચા સંત દિગંબર મુનિઓ હતા. અનાદિ સનાતન પ્રવાહ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરનો પ્રવાહ દિગંબર સંતોએ રાખ્યો હતો. એની પાસેથી વિનય કરીને જેણે જ્ઞાન મેળવ્યું એ જિનાગમને અનુસાર સાચા જ્ઞાની '**વિનય કરકે જ્ઞાનકા સાધન કરના.**' આવા કુંદકુંદાચાર્ય આદિએ જે કહ્યું, એનું બહુમાન કરી, વિનય કરીને તે જ્ઞાન મેળવવું. કહો, સમજાય છે કાંઈ? બહુ વાત આકરી, ઝીણી ભારે. જગતથી જુદો માર્ગ, એ માર્ગ સાંભળવા પણ મળે નહિ એને. બહારની વાતુંમાં એ પણ ભગવાન કેવા હોય એની જેને ખબર નથી.

'**જ્ઞાનકા સાધન કરના.**' લ્યો! '**ઈસપ્રકાર જ્ઞાનકા નિરૂપણ કિયા.**' કેમકે જે જ્ઞાન સત્યાર્થ હોય એ સમ્યગ્દર્શનને સાધે અથવા સ્વરૂપના ધ્યેયને પકડીને સાચું જ્ઞાન એ હોય તો એને-આત્માને પકડીને સાધે. પણ જેના જ્ઞાનમાં જ ખોટપ છે, સિદ્ધાંતથી વિરૂદ્ધ છે એ જ્ઞાન આત્માને નહિ પકડી શકે. ઝીણી વાતું ભાઈ! ચોર્યાસીના અવતાર દુઃખી થઈને મરી ગયો. એ દુઃખથી મુક્ત થવાનો ઉપાય જૈનદર્શને દિગંબર દર્શને જે કહ્યો એ માર્ગ છે. આહાહા..! એને કહેલું જ્ઞાન તે યથાર્થ જ્ઞાન છે. અને એ જ્ઞાનથી આત્માને સાધીને મોક્ષ સાધી શકાય છે. આહાહા..!

'**આગે દેવકા સ્વરૂપ કહતે હૈં :—**' દેવ કેવા હોય? આહાહા..! હજી દેવની પણ જેને ખબર ન હોય. કહે છે કે દેવ કેવા હોય? અને એ દેવ દે. એ દેવ ધર્મ આપે, પુણ્ય આપે, પૈસા આપે, ભોગ આપે અને મોક્ષ આપે. ચારેય આપે. ભાઈ! એવું સાથે હોય છે. એ જેને સાચા દેવ મળે એને બધો ધર્મ મળે. એને આત્મજ્ઞાન મળે, એને પ્રવર્જ્યા મળે ચારિત્ર અંતર, એને પુણ્ય એવું થાય કે જે તીર્થંકરગોત્ર આદિ બાંધે એવું પુણ્ય એને હોય. એને ધન, લક્ષ્મી આદિ બધું હોય અને ભોગ પણ બીજાને ન હોય એવા એને ભોગ હોય. એમ કહેવું છે. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યનું ફળ બતાવ્યું ધર્મનું ફળ.

ઉત્તર :- બેય છે એને. સાચા દેવ એની પાસે સાચું જ્ઞાન, સાચી પ્રવર્જ્યા—સાચી દીક્ષા પામીને જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા પરમાત્મા ત્રિલોકનાથ અરિહંતદેવ એ દુનિયાને ધર્મ આપે એટલે પુણ્ય પણ આપે. કેમકે એમણે કહેલો માર્ગ જે સાધે એમાં શુભભાવ આવ્યા વિના રહે નહિ. એને જ પુણ્ય

કહીએ એમ અહીં સિદ્ધ કરવું છે. તીર્થંકરપણું કે સ્વર્ગનું સર્વાર્થસિદ્ધનું મળવું એ બધું આવા પુણ્ય સમકિતીના પુણ્ય હોય અને એ પુણ્ય પોતે અરિહંતદેવ આપે (એટલે કે) એને ઓળખે અને એને માને એને મળે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ. ૨૪.

**सो देवो जो अत्थं, धम्मं कामं सुदेइ णाणं च।**
**सो देइ जस्स अत्थि हु, अत्थो धम्मो य पव्वज्जा।।२४।।**

અને જ્ઞાન આપે એનું બધું. આહાહા..!

'**અર્થ :- દેવ ઉસકો કહતે હૈં જો અર્થ અર્થાત્** ધન, ધર્મ,...' નામ પુણ્ય. '**કામ અર્થાત્ ઈચ્છાકા વિષય-ઐસા ભોગ ઔર મોક્ષકા કારણ જ્ઞાન—ઈન ચારોંકો દેવે.** ' જે દેવ ચારને દેવ એ દેવ કહેવાય. આહાહા..! જે ભગવાન ત્રિલોકનાથ અરિહંત દેવે કહ્યું એ કુંદકુંદાચાર્ય કહે છે. દેવ એને કહીએ કે જેને ઓળખે, જેના જ્ઞાનથી એને સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, ચારિત્ર થાય, ભેગું શુભભાવનું પુણ્ય પણ થાય. તીર્થંકર થયા એ શુભભાવથી થયા. એ તીર્થંકરના અરિહંતના માર્ગમાં જ્ઞાનમાંથી થયા છે. અહીં એમ કહીને એમ કહેવું છે કે ઉત્તમ પુણ્ય પણ, ધર્મીને તીર્થંકરના માર્ગમાં જ ઉત્તમ પુણ્ય હોય. તીર્થંકરપણું, બળદેવપણું આ બધું પુણ્ય એ સમ્યગ્દષ્ટિ સનાતન દિગંબર ધર્મ તેનો જે આશ્રય કરે, એ દેવને જે માને એને એવા પદ ઊંચા હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'ધર્મ,...' એટલે પુણ્ય છે અહીં. અર્થ-ધન એટલે લક્ષ્મી. જે અરિહંતદેવ, જેની પાસે પૂર્ણ ચારિત્ર અને પૂર્ણ જ્ઞાન હતું એ જેને આપે એને પુણ્ય પણ થાય. પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં તો એને પુણ્ય પણ હાથમાં આવે. એવું પુણ્ય આવે કે ત્રણ લોકનો નાથ તીર્થંકર થાય. જેને સો ઈન્દ્રો પૂજે. એવું પુણ્ય હોય તો વીતરાગમાર્ગમાં હોય છે. કહો, ભગવાનજીભાઈ! આહાહા..! આ બધું પુણ્ય જે અત્યારનું છે બે, પાંચ કરોડ, દસ કરોડ રૂપિયા ધૂળ, એ તો સાધારણ પાપાનુંબંધી પુણ્ય છે. એ પુણ્ય યથાર્થ-ખરું પુણ્ય નથી. આહાહા..! કહો, શેઠ!

મુમુક્ષુ :- ધૂળ છે.

ઉત્તર :- ધૂળ છે પણ એ ધૂળ પણ સારા પુણ્ય હોય કોને? કે દેવ અરિહંતને જે માને અને ઓળખે એને. સમજાણું કાંઈ? એમણે કહેલો જે આત્મા, એમનો કહેલો જે મોક્ષનો માર્ગ, એનું જે જ્ઞાન આપે, એ જ્ઞાન આત્મા લેનારને પુણ્ય પણ મળે, લક્ષ્મી મળે, એ પુણ્યના ફળ તરીકે દેવના પદ ને આ મોટા ચક્રવર્તીના ભોગો પણ એને મળે. આહાહા..! અને મોક્ષ પણ મળે એને. એવી વ્યાખ્યા કરી છે. આહાહા..!

'**ઈન ચારોંકો દેવે. યહાં ન્યાય ઐસા હૈ કિ જો વસ્તુ જિસકે પાસ હો સો દેવે...**' જેની પાસે ન હોય એ શું દે? આહાહા..! તીર્થંકર પ્રભુ પાસે તો પુણ્યનું ફળ તીર્થંકરપદ છે. પ્રવજ્યાનું ફળ જ્ઞાન-કેવળજ્ઞાન છે. ભગવાન પાસે બધું છે. એને જે ઓળખે અને ભગવાનને માને એ ભગવાન ચારેય

આપે, કહે છે. પુણ્ય આપે, મોક્ષ આપે, ધન આપે, ભોગ આપે. એવી બુદ્ધિ એને જ્ઞાનીને હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી રચના કુંદકુંદાચાર્ય અલૌકિક રચના છે જુઓ. જેની પાસે હોય તે દે. '**જિસકે પાસ જો વસ્તુ ન હો સો કૈસે દેવે?**' આહાહા..!

'**ઈસ ન્યાયસે અર્થ,...**' નામ પૈસો. ચક્રવર્તીનું રાજ પણ સમકિતી જ્ઞાનીને મળે. તીર્થંકરપદ પણ સમકિતી જ્ઞાનીને મળે. એ દેવની કૃપા અને દેવની અનુકૂળતા છે. આવે છે ને નિયમસારમાં નહિ? આપની કૃપાથી. આપની કૃપાથી બધું છે. વ્યવહારની વાત છે. આમાં પણ છે અષ્ટપાહુડમાં. આહાહા..! જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એવા સર્વજ્ઞદેવ, એણે પ્રવજ્યા ચારિત્ર અંતર કરીને જેણે કેવળજ્ઞાન મેળવ્યું, એવા ભગવાન તો બધું આપે કહે છે. આહાહા..! એને માને અને ઓળખે એને બધું મળે. સમજાણું કાંઈ? આહાહા..! એને પૂર્ણ કેવળજ્ઞાન પણ મળે, એને વચમાં કેવળજ્ઞાન થયા પહેલા પ્રવજ્યા પણ હોય, અને એના ફળ તરીકે પુણ્ય વચમાં આવ્યું હોય એને તીર્થંકર અને ચક્રવર્તી પદ પણ મળે, તેના ભોગો પણ એને મળે. છતાં ધર્મી તો એ ભોગને હેય જાણે, પણ મળે એટલી વાત લેવાની છે અહીં તો. આહાહા..!

લક્ષ્મી અને ભોગને તો ધર્મી હેય, ઝેર જાણે. આહાહા..! અમૃતનો સાગર પરમાત્મા પોતે છે અંદર. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આત્મા એટલે અતીન્દ્રિય અમૃતના સાગરથી પૂર્ણ ભરેલો છલોછલ છે. આહાહા..! એવા આત્માને જે બતાવે ભગવાન એ આત્માને બધું દે. આહાહા..! એમ કહે છે. એને સમકિત આપે, એને જ્ઞાન આપે, એને ચારિત્ર આપે. પછી શું મળે એને? રાજ મળે, ભોગ મળે અને મોક્ષ મળે. સમજાણું કાંઈ? આમાં નથી આવતું ૐકાર બિંદુમાં? કામદં મોક્ષદં ચૈવ. એ વસ્તુ વચમાં પુણ્ય એવા આવે. આવા ધર્મીને હોં. વીતરાગના પરંપરાએ આવેલો માર્ગ...

મુમુક્ષુ :- પુણ્યાનુંબંધી પુણ્ય

ઉત્તર :- પુણ્યાનુંબંધી પુણ્ય એને હોય છે. ૐકાર આવે છે ને. ૐકાર બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ કામદં મોક્ષદં ચૈવ. એ કામ પણ આપે અને મોક્ષ પણ આપે. એટલે? કે જેને ભગવાનના કહેલા માર્ગનું જ્યાં અંતર ભાન અને જ્ઞાન થાય કે પ્રવજ્યા ચારિત્ર અંતરમાં થાય એને મોક્ષ તો મળે, પણ વચમાં એવા પુણ્ય એને હોય કે જેને ચક્રવર્તી અને તીર્થંકરની પદવીના ભોગ મળે. સમજાણું કાંઈ? જેને નવ નિધાન ચક્રવર્તીના એ બધા પુણ્ય એ સમ્યગ્દૃષ્ટિને (હોય), વીતરાગદેવ એને દેનારા કહેવાય. એટલે? એને માને એણે દીધું એમ કહેવામાં આવે છે. આહાહા..! નિમિત્તથી વાત છે ને. સમજાણું કાંઈ?

'**ઈસ ન્યાયસે અર્થ, ધર્મ, સ્વર્ગાદિક ભોગ...**' એમ. અર્થ એટલે પૈસો. ચક્રવર્તીની લક્ષ્મી નવનિધાન જેને સોળ હજાર દેવ સેવા કરે. તીર્થંકર જેને સો ઈન્દ્ર સેવા કરે. એવી જે લક્ષ્મી, અર્થ એટલે. એ ધર્માત્માને અરિહંતદેવ આપે. અરિહંતદેવ આપે એટલે અરિહંત દેવને જે માને એને એ મળે.

આહાહા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય કહે છે. પુણ્ય હેય છે, પુણ્યના ફળ પણ હેય છે. પણ ઊંચા પુણ્ય અને ઊંચાના ફળ મળે કોને? જેને સર્વજ્ઞ પરમાત્માએ આત્મા કહ્યો એનું જેને જ્ઞાન થાય, એની જેને પ્રવજ્યા, ચારિત્રદશા થાય એને આ બધું મળે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો આચાર્ય આરોહણની તિથિ આ છે. ભગવાન કહે છે કે એને પુણ્યનું આરોહણ મળે, મોક્ષનું આરોહણ મળે, લક્ષ્મી મળે, ભોગ મળે. આહાહા..! પણ એ પછી જ્ઞાની છે ને એથી એ ભોગને અને પુણ્ય લક્ષ્મીને હેય જાણીને સ્વરૂપમાં સ્થિરતા કરી, ચારિત્ર કરીને કેવળજ્ઞાન લેશે. આહાહા..!

જુઓ '**ધર્મ,...**' '**અર્થ,...**' ધર્મ એટલે પુણ્ય અને '**સ્વર્ગાદિક ભોગ...**' એમ. સ્વર્ગ, ચક્રવર્તીના રાજ્ય જેને અબજો રૂપિયાની દિવસની પેદાશ એવા મનુષ્યપણે ચક્રવર્તી આદિના ભોગ અને '**મોક્ષસુખકા કારણ પ્રવજ્યા...**' એ ભગવાન આપે કહે છે. ભગવાન અહીં ચારિત્રદશા છે એ એને સમજાવે એમ કહે છે. '**મોક્ષસુખકા કારણ પ્રવજ્યા અર્થાત્ દીક્ષા જિસકે હો ઉસકો દેવ જાનના.**' અને એ દીક્ષા એ દે. આહાહા..! સ્વરૂપની દૃષ્ટિ કરી સમ્યગ્દર્શનપૂર્વક અંતર ધ્યાનમાં સ્થિર લીનતા, એવી ચારિત્રદશા ભગવાન આપે એમ કહે છે. અને ભગવાન એ ચારિત્ર લઈને કેવળજ્ઞાન પામ્યા હતા. આહાહા..! ભારે માર્ગ ભાઈ! દુનિયાથી આખી લાઈન જુદી છે આ તો. (બીજા) બધા રખડનારા રસ્તાઓ-માર્ગ છે. આ તો છૂટવાના માર્ગની વાત છે. આહાહા..! દીક્ષા '**ઉસકો દેવ જાનના.**' લ્યો! હવે એનો ખુલાસો કરે છે.

'**આગે ધર્માદિકા સ્વરૂપ કહતે હૈં, જિનકે જાનને સે દેવાદિકા સ્વરૂપ જાના જાતા હૈં :—**' ૨૫મી.

**धम्मो दयाविसुद्धो पव्वज्जा सव्वसंगपरिचत्ता।**
**देवो ववगयमोहो उदयकरो भव्वजीवाणं।।२५।।**

આહાહા..! ભવ્ય જીવનો પ્રગટ ઉદય કરનારા છે ભગવાન. ભવ્ય નામ પાત્ર લાયક જીવને ઉદય કરનારા ભગવાન છે. અલાયક અભવિ જેવાને તો એ કાંઈ કરી શકે નહિ. આહાહા..!

'**અર્થ :- જો દયા સે વિશુદ્ધ હૈ વહ ધર્મ હૈ,...**' પુણ્યનું કારણ. દયાથી કોઈપણ પ્રાણીને ન મારવો એવી દયા, એવો જે શુભભાવ પુણ્ય એ વિશુદ્ધભાવ છે, પુણ્યભાવ છે. વિશુદ્ધ એ ધર્મ છે ને પુણ્યની વાત છે આ. છકાય જીવને ન મારવાનો ભાવ એવી દયા છે એ વિશુદ્ધ છે, શુભભાવ. એ ધર્મ કહીએ. ધર્મ એટલે પુણ્ય. અહીં ધર્મનો અર્થ પુણ્ય છે. વ્યવહાર ધર્મ એટલે પુણ્ય. એવી વીતરાગમાર્ગમાં એવો વિશુદ્ધભાવ દયાનો હોય છે. અને એ દેવે એવું કર્યું હતું તે બીજાને બતાવ્યું છે. ભગવાને કર્યું એવું કહ્યું. કર્યું એવું કહ્યું. આહાહા..! દયા વિશુદ્ધ ધર્મ છકાયના પ્રાણીને... એક પણ વનસ્પતિનો જીવ, દાણો એક કણ પણ ન મારવો, એવો જે દયા વિશુદ્ધ શુભભાવ એ પુણ્ય ધર્મ છે. પુણ્ય એટલે ધર્મ.

'**જો સર્વ પરિગ્રહસે રહિત હૈ વહ પ્રવજ્યા હૈં,...**' ભગવાને કીધેલી પ્રવજ્યા આ. જેને

વસ્ત્રનો તાણો પણ ન હોય. સમજાય છે કાંઈ? વસ્ત્રસહિત સાધુપણું ત્રણ કાળમાં ન હોઈ શકે. સમજાણું કાંઈ? અને વસ્ત્રસહિત સાધુ છીએ એમ માને છે એને વીતરાગમાર્ગમાં મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની કહ્યા છે. ભારે કામ ભાઈ! કહો, ..ભાઈ! છે ને? **'सव्वसंग' 'संग'** શબ્દ એ પરિગ્રહ છે. વસ્ત્ર, પાત્ર એ મુનિને હોય જ નહિ. મુનિ પ્રવજ્યા કોને કહે? આહાહા..! અનાદિ સનાતન દેવ પરમેશ્વરની કહેલી પ્રવજ્યા ત્રિલોકનાથ વીતરાગદેવે કહેલી ચારિત્રદશા એમાં એને સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપાર તો ન હોય, પણ એને વસ્ત્રનો ઓઢવાનો ટૂકડો પણ ન હોય. એ સર્વસંગ એમ કીધું ને? **'सव्वसंगपरिचत्ता'** આહાહા..! **'સર્વ પરિગ્રહસે રહિત હૈ...'** આહાહા..! મોટો માર્ગમાં વિઘ્ન આવ્યા જગતને. શાસ્ત્રો બનાવ્યા, એમાં મુનિને આવા વસ્ત્ર ખપે, આ ખપે, આ પાત્રા ખપે, એમાં રંગ દેવા, એમાં આમ દેવા. એવું બધું આવે છે. પાત્રાને રંગ દેવો. ત્રણ.. એવું આવે છે શાસ્ત્રમાં. .. બધી કલ્પિત વાતું છે. આહાહા..!

ભગવાન તો પ્રવજ્યા નામ ચારિત્ર એને કહે, જેને એક વસ્ત્રનો તલતુષનો ફોતરું પણ જેની પાસે ન હોય. અને અંતરમાં વીતરાગતા જેને પ્રગટ થઈ હોય, એને બાહ્યમાં નગ્નમુનિ એવી દશા હોય છે. એ સિવાય બીજાને માનવું. એ પહેલું આવી ગયું છે. તીર્થંકર હોય તોપણ વસ્ત્રસહિત ત્યાં સુધી મુનિપણું ન લઈ શકે. મોક્ષ નહિ થાય એને. ... આવી ગયું છે ને? અને તે જ એક માર્ગ છે અને એ સિવાય બધા ઉન્માર્ગ છે. વસ્ત્રસહિત સાધુ માને એ બધા માર્ગ ઉન્માર્ગ છે. એ વીતરાગનો માર્ગ નહિ પણ ઉન્માર્ગ છે. એ શ્રીમદે પણ કહ્યું છે એ. આ એક માર્ગ, (બીજા) બધા ઉન્માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? ભારે ભાઈ જગત સાથે.

**'સર્વ પરિગ્રહસે રહિત હૈ વહ પ્રવજ્યા હૈ,...'** આહાહા..! જેવો માતાએ જન્મ્યો એવો જ એનો દેહ મુનિનો હોય છે નગ્ન. આહાહા..! તલના ફોતરા જેટલું વસ્ત્ર રાખીને મુનિપણું માને. ભગવાન કહી ગયા છે પહેલા કુંદકુંદાચાર્ય. એનું ઘર નિગોદ છે. એ નિગોદમાં જવાના છે બટાટા, શક્કરકંદમાં અવતરવાના છે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- અત્યારે ઘણો ફેર છે.

ઉત્તર :- મોટો ફેર છે. આખો ઊગમણો-આથમણો ફેર પાડ્યો છે. લોકોને ખબર નથી બિચારા ભોળા ભટ્ટ જેવા માણસો. વાણિયા જેવા પણ કાંઈ બહારની પરીક્ષા કરે પણ આ તત્ત્વની ખબર ન મળે. શેઠ! ભોળા ભટ્ટ જેવા કીધા. એ અહીં કહે છે. કુંદકુંદાચાર્ય પોકાર કરે છે કે મુનિપણું ચારિત્ર દેવ આપે. એ કેવું ચારિત્ર હોય કે જેને વસ્ત્ર ન હોય એવી પ્રવજ્યા એને હોય. પોતે પણ મુનિ થયા જ્યારે તીર્થંકર તો વસ્ત્ર છોડીને આનંદ સ્વરૂપમાં લીન થઈને ચારિત્ર થયું એને. એવો જ માર્ગ જગતને આપ્યો એટલે દીધો એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'જિસકા મોહ નષ્ટ હો ગયા હૈ...'** હવે કેવા છે ભગવાન? જેનો મોહ નાશ થઈ ગયો છે. ભગવાનની પ્રવજ્યા આવી હતી અને જેનો મોહ નષ્ટ થઈ ગયો છે એ દેવ. આહાહા..! જુઓને આ

જૈનમાં રહીને બિચારા કેટલા ક્યાં ને ક્યાં.... માણસને ખબર ન મળે વીતરાગમાર્ગની. દેવી, દેવલા હજી તો બીજા હોં. બાવા ને બાવા. એય..! સાંઈબાબા ને ઓલા બીજા માને છે બાવા. .. નહિ? બાવા આવ્યા હતા સવારમાં કહ્યું હતું. આવ્યા છે? બાવા ને બાવા મારી નાખે જગતને. આવો જૈન પરમેશ્વર વીતરાગનો માર્ગ. માને મૂકીને કૂતરીને ધાવે છે. આહાહા..! જેની હજી શ્રદ્ધાની ખબર ન મળે. વીતરાગ તો આમ કહે છે. જેના મોહ નષ્ટ થઈ ગયા છે, વીતરાગતા જેને પ્રગટી છે એ દેવ અને એ દેવ વીતરાગતા આપે એટલે ઓળખાવે જગતને. સમજાણું કાંઈ?

'**યહ ભવ્ય જીવોંકે ઉદયકો કરનેવાલા હૈ.**' આહાહા..! લાયક પ્રાણીને ભવ્યતા પ્રગટ કરનારા એ દેવ છે. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં એ આવ્યું, એમણે પ્રવજ્યા લીધી અને કેવળજ્ઞાન પામ્યા, એ જ એમણે કહ્યું. એ ભવ્ય જીવો, લાયક પ્રાણીને મોક્ષનો માર્ગ ઉદય પ્રગટ કરનારા એ ભગવાન દેવ છે. નિમિત્ત તરીકે છે ને અહીંયા. આહાહા..! છે ને? '**उदयकरो भव्वजीवाणं**' જુઓ ભાષા આવી આમાં હોં! શ્રીમદ્‌માં પણ આવે છે ને, 'ઉદય થાય ચારિત્રનો.' ઉદય થાય પ્રગટ થાય. આમાં બહુ આવે છે. આત્માનું જ્ઞાન અને એમાં આવું ચારિત્ર-રાગ વિનાની દશા એ ભવ્ય જીવને પ્રગટ થાય છે. ભવ્ય જીવના ઉદય કરનારા ભગવાન છે. આહાહા..! સૂરજ ઊગે ને કમળ ખીલે, એ કમળ વનસ્પતિનો હોય એ ખીલે એને માટે એ કારણ છે. લાકડાના કમળ હોય એ સૂર્ય ઊગે અને ખીલે એ હોઈ શકે નહિ. એવા પ્રાણી યોગ્ય જીવ છે કહે છે. આહાહા..! એના ઉદય કરનારા ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા છે. સમજાણું કાંઈ?

ભાષા છે ને? '**उदयकरो भव्वजीवाणं**' જેની લાયકાત છે એવા ભવ્ય જીવોને પ્રગટ, ધર્મનું પ્રગટપણું કરાવે એવા એ દેવ અરિહંત છે પોતે. અરિહંત દેવ સિવાય કોઈ દેવ જગતમાં સાચા છે નહિ. એ અરિહંતે આ અરિહંત કીધા, એ દિગંબર સંતે કીધા એ. ઓલા તો અરિહંત કહે છે કે એ તો હજી લૂગડા રાખે, આહાર કરે. કેવળજ્ઞાની થાય તોપણ આહાર કરે—એ બધું ભગવાનનું સ્વરૂપ વિરુદ્ધ છે બધું. બગાડી નાખ્યું. જૈનદર્શન વિરોધ કરી નાખ્યો.

'**ભાવાર્થ :- લોકમેં યહ પ્રસિદ્ધ હૈ કિ ધર્મ, અર્થ, કામ ઔર મોક્ષ યે ચાર પુરુષકે પ્રયોજન હૈં.**' લ્યો! અપવર્ગ, વર્ગ. ધર્મ, અર્થ અને કામ એ વર્ગ, મોક્ષ અપવર્ગ. આવે ને ત્યાં એ સમયસારમાં. પહેલી ગાથા. '**લોકમેં યહ પ્રસિદ્ધ હૈ કિ ધર્મ,...**' નામ પુણ્ય. '**અર્થ,...**' નામ પૈસો, '**કામ,...**' નામ ભોગ. '**ઔર મોક્ષ યે ચાર પુરુષકે પ્રયોજન હૈં.**' પ્રયોજન પુરુષનું છે. '**ઉનકે લિયે પુરુષ કિસીકી વંદના કરતા હૈ,...**' એને માટે કોઈની વંદના કરે, '**પૂજા કરતા હૈ ઔર યહ ન્યાય હૈ કિ જિસકે પાસ જો વસ્તુ હો વહ દૂસરેકો દેવે,...**' આહાહા..! '**ન હો તો કહાં સે લાવે?**' (જ્યાં) એની પાસે જ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ બીજાને શું આપે? એટલે બીજાને એ રીતે શી રીતે સમજાવે?

**'ન હો તો કહાંસે લાવે? ઈસલિયે યે ચાર પુરુષાર્થ જિનદેવકે પાયે જાતે હૈં.'** એ વીતરાગ ભગવાન સર્વજ્ઞમાં ચાર પુરુષાર્થ હોય છે. આહાહા..! **'ધર્મ તો ઉનકે દયારૂપ પાયા જાતા હૈ...'** અહિંસા રાગ શુભભાવની પાળી એ દયા. **'ઉસકો સાધકર તીર્થંકર હો ગયે,...'** જોયું! પુણ્યથી. એ પુણ્યથી તીર્થંકર થયા એમ કહે છે. પણ સમ્યગ્દૃષ્ટિ છે એને. દયાના ભાવ એવા, અહિંસાના, મહાવ્રતના ભાવ, એનાથી પુણ્ય બંધાણું એને લઈને તીર્થંકર થયા. આહાહા..! એ દયાને સાધીને **'તીર્થંકર હો ગયે,...'** પુણ્યથી, એમ કહે છે. **'તબ ધનકી ઔર સંસારકે ભોગકી પ્રાપ્તિ હો ગઈ,...'** તીર્થંકર થયા ત્યારે લક્ષ્મીના ઢગલા. દેવો જેને ધન આપે. જન્મે ત્યારે લાવે છે ને દેવો. ત્યાંથી સ્વર્ગમાંથી લાવે, કપડા ને દાગીના ને બધું, તીર્થંકરના જન્મ (વખતે). એ બધા પુણ્યના ફળ છે કહે છે. આહાહા..! એને ધનની અને સંસારના ભોગના પ્રાપ્તિ જુઓ! દેવો બધા ભોગ લાવે ત્યાંથી સ્વર્ગમાંથી. એ અહીંની રોટલી ન ખાય એ. અહીંના કપડા ન પહેરે એ. દેવના. સ્વર્ગમાં છે. પટારા હોય છે. તીર્થંકરને માટેના જન્મે ત્યારે કપડાઓ બધા દેવ લાવે છે. એ બધું પુણ્ય એવું આત્મજ્ઞાન સમ્યગ્દર્શનવાળો જીવ કે જે અરિહંતને ઓળખીને જેણે આ પ્રગટ કર્યું એને આવા દયાના પુણ્ય તીર્થંકર (પદ) હોય છે. આહાહા..! એની પાસે છે એ પાછા આપે છે એમ કહે છે.

વળી એ **'લોકપૂજ્ય હો ગયે...'** તીર્થંકર તો આત્મજ્ઞાન પામીને સમ્યક્ અનુભવ દૃષ્ટિ થઈને પછી દયાના પરિણામથી તીર્થંકર થયા ત્યારે લોકપૂજ્ય થયા. મોટપ થઈ આખી. આખી દુનિયા જેને માને. મહાપુરુષો જગતના મોટા એને માને એટલે બધા માને એમ કહેવામાં આવે. **'ઔર તીર્થંકરકે પરમપદમેં દીક્ષા લેકર,...'** લ્યો. અને **'તીર્થંકરકે પરમપદમેં દીક્ષા લેકર,...'** પછી દીક્ષા લીધી જ્યારે તીર્થંકરે... પહેલા ભોગાદિ મળ્યું બધું સાધન. પછી દીક્ષા લઈને નગ્નમુનિ દિગંબર થયા. જેને સો ઇન્દ્ર તળિયા ચાંટે, રજુ માથે લે, એ ભગવાન તીર્થંકર દીક્ષીત થયા. એની માતાએ જન્મ્યા એવા. એ દીક્ષાથી **'સબ મોહસે રહિત હોકર,...'** રાગ આસક્તિનો ત્યાગ થઈને **'પરમાર્થસ્વરૂપ આત્મિકધર્મકો સાધકર,...'** લ્યો! પરમાર્થસ્વરૂપ આત્મધર્મ. આહાહા..! શુદ્ધ સ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા એનું ધર્મ સાધન. અંતરમાં શુદ્ધ આત્મિક ધર્મને સાધીને. દયા વચમાં કીધી એના ફળ તીર્થંકર તરીકે પુણ્યાદિ ભોગવે લક્ષ્મી આદિ.

અને **'આત્મિકધર્મકો સાધકર, મોક્ષસુખકો પ્રાપ્ત કર લિયા...'** આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન ભગવત્ સ્વરૂપ આત્મા, એનું સાધન કરીને. છે ને? **'આત્મિકધર્મકો સાધકર,...'** અંતરના વીતરાગી નિર્વિકલ્પ સ્વભાવનું સાધન કરીને **'મોક્ષસુખકો પ્રાપ્ત કર લિયા...'** આહાહા..! જુઓ ભાઈ આજે બરાબર આ આવ્યું. અત્યારની સ્થિતિ અને દેવનું સ્વરૂપ આવ્યું. એ દેવ આપે આ બધું, એમ કહે છે. એ દેવ માને એને આવું બધું થાય એમ. આહાહા..! શ્રીમદ્‌માં એવું આવ્યું ને 'તે તો પ્રભુએ આપિયો વર્તું ચરણાધીન.' નિમિત્તથી કથનો તો એવા જ આવે ને. બહુમાનથી. અરિહંતદશા

જેને મોહરહિત પ્રગટ થઈ છે. એવા પરમાત્મા નમો અરિહંતાણં. બોલી જાય અરિહંત, પણ અરિહંત કેવા એની ઓળખાણ ન મળે. એ અરિહંતને જે ઓળખે, શ્રદ્ધે એ અરિહંતે દીધું કહેવાય એને. સમજાય છે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એણે દીધું કહેવાય.

'વે હી દેવ હૈં.' લ્યો. '**મોક્ષસુખકો પ્રાપ્ત કર લિયા ઐસે તીર્થંકર જિન હૈં, વે હી દેવ હૈં. અજ્ઞાની લોગ જિનકો દેવ માનતે હૈં ઉનકે ધર્મ, અર્થ, કામ, મોક્ષ નહીં હૈ,...**' સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે જ્યારે પૂર્વે ચારિત્ર અંગીકાર કર્યું ત્યારે એને કંઈક રાગ મહાવ્રતાદિનું પુણ્ય રહી ગયું, એ પુણ્યને લઈને તીર્થંકરપણું મળ્યું. સમજાણું કાંઈ? અને આત્માના ધર્મનું સાધન કરીને જેણે મોક્ષ મેળવ્યો. આહાહા..! બે વાત જુદી કરી. એને અહીં દેવ કહેવાય. ત્રણ લોકના નાથ તીર્થંકર દેવ એને કહીએ કે જેણે અંતર આત્મિકધર્મનું સાધન કર્યું અંદર નિર્મળાનંદ પ્રભુ. એવી નિર્વિકાર નિર્વિકલ્પદશાથી જેણે મોક્ષ પ્રાપ્ત કર્યો અને એની દશા અધુરી હતી, પૂર્વે તીર્થંકર થયા પહેલા ત્યારે જે દયા આદિના ભાવ, મહાવ્રતના ભાવ હતા એ પુણ્ય હતા. એ પુણ્યના ફળમાં તીર્થંકર પદવી મળી. સો ઇન્દ્ર જેને પૂજે એ. એને દેવ કહેવામાં આવે છે. એ સિવાયના બીજા દેવ કહે કે અમે દેવ છીએ, રાગવાળા, મોહવાળા, સ્ત્રીવાળા, હથિયારવાળા—એ બધા કુદેવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાની લોગ જિનકો દેવ માનતે હૈં ઉનકે ધર્મ,...**' નામ પુણ્ય. એને આવું પુણ્ય પણ ન હોય એમ કહે છે ભાઈ! તીર્થંકરપણું બંધાય, ચક્રવર્તી હોય એવું પુણ્ય સમકિતીને હોય, અજ્ઞાનીને હોય નહિ. જે અરિહંતદેવને વાસ્તવિક ઓળખે, જાણે એને એવા પુણ્ય હોય. અજ્ઞાનીને એવા પુણ્ય તીર્થંકરગોત્ર કે ચક્રવર્તી જેવું હોઈ શકે નહિ. આહાહા..! જુદી જાતનું છે ને. પુણ્ય પણ જુદી જાતનું છે. આહાહા..! '**ક્યોંકિ કઈ હિંસક હૈં,...**' અને દેવ માને છે કે અમે પરમેશ્વર છીએ. '**કઈ વિષયાસક્ત હૈં,...**' સ્ત્રીમાં આસક્ત છે અને દેવ કહે છે અમે દેવ માનીએ છીએ. '**મોહી હૈં...**' પરમાં મોહ કરનારા છે. '**ઉનકે ધર્મ કૈસા?**' એને ધર્મ ક્યાંથી આવ્યો?

'**અર્થ ઔર કામકી જિનકે વાંછા પાઈ જાતી હૈ...**' જેને લક્ષ્મી અને ભોગની ઇચ્છા એ દેવ કેવા? આ તો લક્ષ્મી અને ભોગ તો ધર્મી જીવને સહેજે મળી જાય છે. મેળવવા માગતા નથી. સો કળશી અનાજ થાય ત્યાં સો ગાડા ખડ થાય ભેગું. શું કીધું? સો કળશી અનાજ થાય ત્યાં સો ભરોટા ખડ થાય. સારો ખેડુ ખડનો કામી ન હોય. ખેડુ સમજો છો? કિસાન. એ ખડનો ખપી ન હોય એ તો અનાજનો ખપી (હોય). એમાં ખડ ભેગું આવી જાય. એમ અરિહંત દેવના માર્ગનું જેને ભાન થયું છે, એવા જે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એને ભોગની ઇચ્છા ન હોય. એને પુણ્યની ઇચ્છા ન હોય, છતાં પુણ્ય થયા વિના રહે નહિ અને પુણ્યના ફળ ભોગની એને ઇચ્છા ન હોય પણ ભોગ મળ્યા વિના રહે નહિ. જગતને ન મળે એવા ધર્મીને મળે. આહાહા..! એ બધા અરિહંતદેવ ત્રિલોકનાથ પરમાત્માના માર્ગમાં આ બધું હોય છે. એ સિવાય બીજે હોતું નથી. આહાહા..!

**‘અર્થ, કામ કૈસા? જન્મ, મરણ સહિત હૈં...’** પહેલું એ કીધું ને? **‘અર્થ ઔર કામકી જિનકે વાંછા પાઈ જાતી હૈ...’** એ દેવ કેવા? એ તો મોહવાળા છે. આહાહા..! તીર્થંકર ભગવાનને તો અર્થ અને કામની ઈચ્છા નથી, પણ તીર્થંકર ભગવાનનો માર્ગ જેણે જાણ્યો અને ઓળખ્યો એને પણ અર્થ અને ભોગની ઈચ્છા નથી. સમ્યગ્દષ્ટિને અર્થ નામ લક્ષ્મીની ઈચ્છા જ નથી. કેમકે લક્ષ્મી તો પર છે, જડ છે, અજીવ છે અને ભોગ એ વિષયના એ તો રાગ છે. એ ભોગની આત્માના આનંદના ભોગ આગળ, સમ્યગ્દષ્ટિ તો એને કહીએ કે જેને આત્માના આનંદનો અનુભવ છે. અને જેમાં આત્માનું સુખ આત્મામાં છે એમ માન્યું છે એને. ભગવાને એમ માનીને પરમાત્મા થયા, એમણે એ બતાવ્યું. બપોરે જ આવશે ને. સુખનો શબ્દ આવે છે ને. શક્તિ. શક્તિ આજે જ આવશે.

ભગવાન આત્મા અંતર અતીન્દ્રિય આનંદનું સુખ પડ્યું છે અંદર. અરિહંત ભગવાને જે અનંત સુખને પ્રાપ્ત કર્યું એ ક્યાંથી આવ્યું? કાંઈ બહારથી આવે છે? અંતરમાં અનંત આનંદ છે. આહાહા..! કેમ બેસે? જેમ પાંચ, પચાસ લાખ પૈસા મળે ત્યાં સુખી છે એમ માને અજ્ઞાની. મૂઢ છે. આહાહા..! એ જૈનદર્શન અને વીતરાગને માનતો જ નથી. વીતરાગ દેવ તેને મળ્યા જ નથી. વીતરાગ દેવે તને મોહરહિતની દશા તને આપી જ નથી. આહાહા..!

કહે છે **‘અર્થ ઔર કામકી જિનકે વાંછા પાઈ જાતી હૈ ઉનકે અર્થ, કામ કૈસા?’** એને અર્થ, કામ ક્યાંથી હોય? આ **‘જન્મ, મરણ સહિત હૈં ઉનકે મોક્ષ કૈસા?’** જેને જન્મ ને મરણ ચોર્યાસીના અવતાર કરવા એવા મોહસહિત પ્રાણી એને મોક્ષ ક્યાંથી હોય? આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ, એનું સાધન કરનાર આ તો મોક્ષને પામે. એવા સાધન તો વીતરાગમાર્ગમાં અને વીતરાગની આજ્ઞામાં હોય. એ સિવાય બીજે હોઈ શકે નહિ. તો ધર્મી અર્થ અને કામની ઈચ્છા રાખતો જ નથી. અને ધર્મી પરમાં ભોગની ઈચ્છા પણ રાખતો નથી. એમ ભગવાને ફરમાવ્યું છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ થયો ચોથે ગુણસ્થાને, ત્યારથી આખા ઈન્દ્રના સુખને ઝેર જેવા એ માને. સમ્યગ્દષ્ટિ ધર્મી શરૂઆતનો પહેલા પાયાનો. ત્યારથી ઈન્દ્રના ભોગને ચક્રવર્તીના ભોગને... નથી આવતું શું કહેવાય એ? ‘ઈન્દ્રની સંપદા, ચક્રવર્તીના ભોગ, કાગવીટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોગ.’ આહાહા..! કાગડાની વિષ્ટા. કૌઆ-કૌઆ છે ને કાગડો. માણસની વિષ્ટા હજી તો ખાતરમાં કામ આવે, ભૂંડ પણ ખાય, કાગાડની વિષ્ટા હોય એ તો ખાતરમાં પણ કામ ન આવે અને ભૂંડ પણ ન ખાય. કાગડાની વિષ્ટા હોય છે ને આવી કઠણ ઘણી હોય છે. એમ ભગવાનને જેણે માન્યા અને ભગવાનને જેને ઓળખાવ્યા, જેના જ્ઞાનમાં ઓળખ્યા, એ ભગવાને એને દીધું કે આ જ્ઞાન ને આનંદ એ તારી ચીજ છે. એવા ભાનવાળા જીવને ‘કાગવીટ સમ માનત હૈ.’ પૂર્વના પુણ્યના ફળ કાગડાની વિષ્ટા જેવો માને એ. આહાહા..!

‘ચક્રવર્તીની સંપદા ઈન્દ્ર સરીખા ભોગ...’ છે ત્યાં. ઈંદોર, ઈંદોર કાચનું મંદિર. ભાઈએ કર્યુંને શેઠનું

સર હુકમીચંદ. બજારમાં છે ને કાચનું મંદિર. એમાં લખ્યું છે ઉપર. 'ચક્રવર્તીની સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સમ માનત હૈ.' .. હતું ને. બસ એમાં. ભાષા એ છે. પણ વીતરાગનો અર્થ પાછો ઓલા લઈ લે એમ નહિ. સમ્યગ્દૃષ્ટિ પોતે જ વીતરાગી છે. આહાહા..! એ 'સમ્યગ્દૃષ્ટિ લોગ કાગવીટ સમ માનત હૈ.' શેઠ દેખા હૈ કિ નહીં? વહ કાચ મંદિર. દેખા હૈ? ત્યાં આવ્યા એને બતાવ્યું હતું. આવે ને. જુઓ આ લખ્યું છે જુઓ. શેઠ! દેખા હૈ? એ લોકોને કાચનું મંદિર છે ને શેઠનું સર હુકમીચંદ. એમાં લખ્યું છે. આહાહા..!

અહીં શું કહેવું છે? કે ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એને દેવ એને કહીએ કે એને આવું દે. શું દે એને? એને સમ્યગ્દર્શન આપે, એને જ્ઞાન આપે, એને ચારિત્ર આપે, આપે એટલે નિમિત્ત થાય છે ને એટલે. એની પાસે છે વસ્તુ એ આપે અને એવા જીવને અંદર પુણ્ય પણ એવું આવે કે જેના ફળ તરીકે તીર્થંકર ચક્રવર્તીના ભોગ મળે, પણ એની ઇચ્છા એને હોય નહિ. માગે તેને આઘે, ત્યાગે તેને આગે. જે માગે એને આઘે. પુણ્યના ફળ. ત્યાગે એને આગે. આ નહિ એને મોઢા આગળ થાય. તીર્થંકર જેવા પદના ભોગ એને મળે. છતાં એની ઇચ્છા એને હોતી નથી. આહાહા..! ભારે માર્ગ ભાઈ વીતરાગનો. આવો માર્ગ વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. લોકોને ખબર નથી ચીજની. આ બહારની ક્રિયા છે ને એકલી આત્માના જ્ઞાન વિના. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો એક શુભભાવ છે. એ આવું નહિ આ. જે જ્ઞાનીને શુભભાવ હોય એ એવો નહિ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવને જે શુભભાવ હોય એ જાત આ નહિ. આ તો દયા, દાન, ભક્તિ, પૂજા, જાત્રા કરે ને માને કે ધર્મ છે. એ તો મિથ્યાદષ્ટિ જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને એવો ભાવ હોય પણ જુદી જાતનો એ હોય. એને હેયબુદ્ધિએ ભાવ આવ્યા વિના રહે નહિ. એના ફળ પણ એને ઊંચા સ્વર્ગ આદિ, ઈન્દ્ર આદિ મળે. અરે..! આત્માના આનંદ આગળ આ શું? અતીન્દ્રિય આનંદનો જેને અનુભવ થયો. સમ્યગ્દૃષ્ટિ એને કહીએ. ધર્મની શરૂઆતવાળો જીવ એને આત્માના આનંદનું ભાન થઈ ગયું છે. આહાહા..! એ આનંદની દષ્ટિની આગળ ધર્મી જીવ ચક્રવર્તી હોય તોપણ એની ઇચ્છા ભોગની અને પરની હોતી નથી. પરમાં સુખ છે એ બુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! કેમકે આનંદનો નાથ ભગવાન પોતે પૂર્ણાનંદ પ્રભુ પોતે જેના જ્ઞાનમાં ભાસ્યો છે, અનુભવમાં આવ્યો છે. આહાહા..! એને પરમાં સુખબુદ્ધિ કેમ હોઈ શકે? એ અહીં કહે છે.

જેને અર્થ અને કામની ઇચ્છા હોય એને અર્થ કામ ક્યાંથી આવે એવા? અને જન્મ મરણસહિત એને મોક્ષ કેવો? '**ઐસે દેવ સચ્ચે જિનદેવ હી હૈં,...**' એવા તે જિનદેવ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરપણે થઈને આવે, ત્રણ જ્ઞાન લઈને તો માતાના પેટમાં આવે છે. ત્રણ જ્ઞાન. સમકિત, મતિ, શ્રુત, અવધિ. પછી મુનિ થાય પ્રવજ્યા નગ્નદશા દિગંબર ત્યારે તો ચોથું જ્ઞાન થાય, પછી સ્વરૂપની સાધના કરતા કરતા કેવળજ્ઞાન થાય. આહાહા..! એવા દેવ હોય તો સાચા વીતરાગ જિનદેવ છે. એ સિવાય

કોઈ સાચા દેવ હોઈ શકે નહિ. આહાહા..!

**'વહી ભવ્યજીવોંકે મનોરથ પૂર્ણ કરતે હૈં,...'** લ્યો! આમાં આવ્યું ને **'उदयकरो भव्वजीवाणं'** ભવ્ય જીવોનો મનોરથ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એનું ફળ મોક્ષ એને મનોરથ પૂરો થાય છે. જે આવા દેવને ઓળખી ને માને ને જાણે એના મોક્ષના મનોરથ પૂરા થાય છે. સમજાણું કાંઈ? **'અન્ય સબ કલ્પિત દેવ હૈં.'** આહાહા..! આ દેવ દે તે દેવ એમ કહે. લ્યો આવી વ્યાખ્યા આવી આજે. મગનભાઈ! એને દેવને ઓળખવા. કોકે તો દેવ સ્ત્રીવાળા માન્યા, હથિયારવાળા માન્યા, આહાર કરનારા માન્યા, રોગ થાય ભગવાનને માન્યું. બધી ખોટી વાત છે. બધી કલ્પના છે. સમજાણું કાંઈ? ભગવાન અરિહંતને રોગ ન હોય, એને દવા લે ને રોગ થાય એ ન હોય. એ બધા દેવના સ્વરૂપને જાણતા નથી. આવા દેવને જાણે એના મનોરથ પૂરા થાય એમ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૦, બુધવાર તા. ૧૯-૧૨-૧૯૭૩**
**ગાથા - ૨૫, ૨૬, ૨૭, પ્રવચન - ૭૧**

બોધપાહુડ. ૨૫મી ગાથા થઈ ગઈ છે. દેવ, દેવની વ્યાખ્યા થઈ એ. દેવનું એવું સ્વરૂપ લીધું કુંદકુંદાચાર્યે. એ તો મોક્ષ આપે, કેવળજ્ઞાન આપે, પ્રવજ્યા આપે, લક્ષ્મી આપે, ભોગ આપે. ધર્મ એટલે પુણ્ય આપે. અહીં તો વધારે એ કહેવાનું છે કે દેવ અરિહંત એને કહીએ કે જે જ્ઞાન આપે. આપે એમ કહ્યું છે આમાં વ્યવહારથી વાત છે ને. દેવ છે ને .. શબ્દ હતો. ઉદાત એટલે દેવ. દેવનો અર્થ કે જે આ દેવને એ રીતે માને એને સમ્યગ્દર્શન થાય, એને માને એ આગળ ચારિત્ર અંગીકાર કરે અને એને માને એને કેવળજ્ઞાન થાય.

મુમુક્ષુ :- કોને માને એને?

ઉત્તર :- અરિહંતને, દેવને.

મુમુક્ષુ :- પરપદાર્થને માને.

ઉત્તર :- એ માને એટલે એ નિમિત્તથી કથન છે.

આ તો પ્રશ્ન એ થયો હતો કીધું ને ૭૨માં. ૫૮ વર્ષ થયા ૫૮. એ કહે કે ભગવાને દીઠું એમ થાય. આપણે કાંઈ પુરુષાર્થ નથી. ૫૮ વર્ષ થયા ફાગણ મહિને. મેં કીધું, ભગવાનને જે માને, જેને જ્ઞાનમાં ભગવાન બેઠા એને ભવ હોય નહિ. એ આ કહે છે જુઓ. દેવ દદાતિનો અર્થ આ કે એ અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર છે એવું જેને કહ્યું પોતે કે તું આવો આત્મા છો અને એમાંથી તને જ્ઞાન .. થશે, એમાંથી ચારિત્ર

થશે, એમાંથી સમ્યક્ થશે, એમાંથી જેટલી ઋદ્ધિ તને મનોરથ જોઈએ એ બધા પૂરા પડશે. એટલે તો કહ્યું ને. જુઓ 'ऐसे देव सच्चे जिनदेव ही हैं,...' છેલ્લી લીટી છે ૨૫ની. પાઠમાં એ છે. 'उदयकरो भव्वजीवाणं' ભવ્ય જીવને ઉદય કરનાર છે. ભવ્ય જીવને મનોરથ પૂર્ણ કરનાર છે, એને માને એને. એને નિમિત્ત કીધું. જેવી સર્વજ્ઞદશા, જેને ચારિત્ર અંગીકાર કરીને જેને સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું છે. એવા દિવ્ય શક્તિના ધરનાર એને જે માને. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન ઉઠ્યો હતો તે દિ'. એ .. પહેલી, પછી કોણ આવે.. જુઓ આ બધું. .. છે ને. સમજાણું કાંઈ? એ પ્રશ્ન ઉઠ્યો હતો તે દિ'. શેઠ! ૫૮ વર્ષ થયા. ૬૦માં બે વર્ષ ઓછા. ૭૨ની સાલ. એકે કહ્યું કે સર્વજ્ઞે જે દિ' દીઠું તે દિ' ભવ ઘટશે. આપણે નવ કોટીએ બ્રહ્મચર્ય પાળીએ અને નવ વાડેએ બ્રહ્મચર્ય અને નવ કોટીએ ચારિત્ર. પણ એ ભગવાને દીઠું તે દિ' પુરુષાર્થ કામ આવશે, એ વિના અત્યારે કામ નહિ આવે. એમ કહે. શેઠ!

મુમુક્ષુ :- ભગવાને..

ઉત્તર :- એમ નહિ ભગવાને દીઠું... તે દિ' થશે, એવું ભગવાને કહ્યું જ નથી. ભગવાને જોયા નથી એને. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ચર્ચા ચાલી હતી. આ ... આ વાત અમને અંદર બેસતી નથી. સર્વજ્ઞ પરમેશ્વર આજે હાથ આવ્યું દદાતિ ઈતિ દેવ. સર્વજ્ઞ પરમેશ્વર તો કેવળજ્ઞાન આપે. એ આવ્યું હતું ને હમણા?

મુમુક્ષુ :- પુરુષાર્થ આપે એમ નથી કહ્યું?

ઉત્તર :- એ એનો અર્થ જ થયો એ. આપે ત્યાં ક્યાં આપતો હતો? શ્રીમદ્‌માં ન આવ્યું? 'શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન, તે તો પ્રભુએ આપીયો વર્તુ ચરણાધીન.' એ અપેક્ષાથી વસ્તુ છે. અને અહીં કીધું ને જે એની પાસે જે હોય તે દે. ભગવાન અરિહંત પરમેશ્વર પાસે અનંત આનંદ છે, અનંત જ્ઞાન છે, પરમ અવધાર સમકિત છે, ચારિત્ર હતું અને એના ફળરૂપે કેવળજ્ઞાન થયું છે. એની પાસે બધું છે. ચારેય યથાખ્યાત ચારિત્ર છે. આહાહા..! એ ભવ્ય જીવના મનોરથને પૂર્ણ કરનાર. આહાહા..! ભાષા તો જુઓ! પરદ્રવ્ય. એનો અર્થ કે એ પરદ્રવ્યને જે દશા છે કેવળીની, એ દશા જેને અંતરમાંથી બેસે છે, એના મનોરથ પૂરા પડે છે. શેઠ! આહાહા..! એ સવારમાં યાદ આવી ગયું હતું. એમાં આ આવ્યું હતું.

મુમુક્ષુ :- પૂજા, ભક્તિ...

ઉત્તર :- એ નહિ પૂજા, ભક્તિ એ નહિ.

મુમુક્ષુ :- અંતરમાં જાય ત્યારે ભગવાનની પૂજા.

ઉત્તર :- અંતરમાં એ સર્વજ્ઞની પૂજ્યતા પ્રગટ થાય ત્યારે એ પ્રવજ્યાના આપનારા જ્ઞાન... છે ને છેલ્લું? 'णाणं' છે ને? શબ્દ એ 'णाणं' ૨૪માં છે. 'णाणं च' જ્ઞાન આપે એ. એનો અર્થ એ કે એ

કેવળજ્ઞાનનો ઉપદેશ આપે. તો તારામાં કેવળજ્ઞાન ભરેલું છે પ્રભુ. એને પ્રગટ કર અને અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર એ તારી તાકાત અને તારું સ્વરૂપ જ છે એ. આહાહા..! ગુરની વાણી તો જુઓ! તે દિ'ની વાત આવી મગજમાં સવારમાં ઉઠીને. કીધું ૫૮ પહેલાંની વાતું આ .. આમાં. અહીં તો કીધું, ભવ્ય જીવનો ઉદય કરનાર છે. કેવળી ભવ્યજીવને રોકનાર છે એમ નથી કહ્યું કે કેવળી દીઠું તે દિ' થશે. એટલે એના ભવ હમણા નહિ ઘટે. એ વસ્તુ જ, ભાષા જ નથી જૈન આચાર્યની. સમજાણું કાંઈ? એ વાણી જ આગમની નથી. તે દિ' તો ક્યાં આ વાંચ્યું હતું. આ વાણી જ આગમની નહિ. આગમની વાણી આવી હોય નહિ.

સર્વજ્ઞ પરમાત્મા એના મુખથી વાણી નીકળે એ તો સાંભળનારા અલ્પભવમાં કાં ભવે મોક્ષ જાય કાં એકાદ ભવે... ગજસુકુમારનો દાખલો આપ્યો હતો મેં. ગજસુકુમાર તો સાંભળવા ગયા ભગવાન પાસે, શું સાંભળ્યું? આવું? સાંભળવા ગયા અને તે દિ' ને તે દિ' દીક્ષા લેવાનો ભાવ. દીક્ષા લીધી તે દિ' ને તે દિ' સ્મશાનમાં જઈને... આહાહા..! ભગવાન કેવળજ્ઞાન જેને મળ્યા અને પ્રાપ્ત થયા અંદરમાં. એને શું મનોરથ .. જુઓને અર્થ કર્યો છે ને? '**उदयकरो भव्वजीवाणं**' લાયક જીવને ઉદયના કરનારા છે એ. આહાહા..! એકકોર પર પરનું કરે નહિ એ વાત સિદ્ધ કરે. એનો અર્થ એ કે ત્યારે કહેવાય. એને જે કહ્યું, પ્રભુ! તું સર્વજ્ઞ સ્વભાવી છો. અને પર્યાય સર્વજ્ઞની પ્રગટી છે એ ક્યાંથી આવી છે? અંતર સ્વભાવમાંથી આવી. એવો તારો જીવસ્વભાવ જ એવો છે. એવું જેણે કીધું એણે દીધું એમ કહેવામાં આવે છે. આહાહા..! જુઓને આચાર્યની ભાષા! '**देवो ववगयमोहो उदयकरो भव्वजीवाणं** ' લાયક જીવને તો કેવળજ્ઞાન મનોરથ પૂરું પાડે એવા એ દેવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જે સર્વજ્ઞ પરમેશ્વર એને તમે યાદ કરો અને .. પુરુષાર્થ હમણા થઈ શકે નહિ એ મેળ ખાતો નથી. શેઠ! જુઓ આવ્યું આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંદર હતી ને. અંદર હતી તો આવી અંદરમાંથી... બે વર્ષની દીક્ષા હતી તે દિ' તો. ૭૨. ૫૮ વર્ષ થયા. પછી સવારમાં ઉઠ્યા અને આ વિચાર આવ્યો. આહાહા..! જુઓને ભાષા તો જુઓ! આગમની ભાષા, સંતોની ભાષા, કેવળીના કથન કેડાયત કેવળીના છે. આહાહા..! એ પર આપી દે છે એમ નથી કહેવું. પણ જે આને માને એણે પર આપ્યું એમ કહેવામાં આવે.

મુમુક્ષુ :- આનું શું નિમિત્ત...

ઉત્તર :- એ નિમિત્તને ત્યારે માન્યું કે જેને પોતાના સ્વભાવનો આશ્રય કરીને શ્રદ્ધા, જ્ઞાન આદિ પ્રગટ કર્યા ત્યારે તેને પ્રતીતમાં આવ્યું કે ઓહોહો..! આ સર્વજ્ઞ પરમેશ્વર એ તો પરમાત્મા અંદરમાંથી થયા છે અને મારી દશા કેવળજ્ઞાનની, એ પરમાત્મા કહે છે કે તારામાંથી થાશે. એમ જેને અનુભવ્યું અને જાણ્યું. એને એણે પ્રગટ કર્યું, એના મનોરથ પૂરા થયા એમ કહે છે. આહાહા..! આ ગાથા બધી... એક

બાજુ કહે વીતરાગની વાણી સાંભળે એ જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- એ સાંભળ્યું પછી છોડીને અંદરમાં ગયો.

ઉત્તર :- એની વાત છે આ. એય..! આહાહા..! વાણી સાંભળી અને જ્ઞાન થયું પોતાથી. એ જ્ઞાન નહિ. વાણી પરલક્ષી જ્ઞાન, પરસત્તાવલંબી જ્ઞાન. આહાહા..! છતાં અહીં તો કુંદકુંદાચાર્ય દેવ એમ કહે કે જેને પરથી જેનું જ્ઞાન, પરસત્તાવલંબી જ્ઞાન તે આત્માનું જ્ઞાન નહિ. એ એમ કહે કે દેવે દીધું કેવળજ્ઞાન, દેવે દીધી પ્રવ્રજ્યા. કેમ? કે એના જે જ્ઞાનમાં ચારિત્રદશા કેવી એણે પ્રગટ કરી અને પછી ચારિત્ર કેવું એના જ્ઞાનમાં જે આવ્યું હતું. એવી ચારિત્રદશા એ સર્વજ્ઞ સિવાય આવી ચારિત્રદશાનું વર્ણન કોઈ કરી શકે નહિ. બીજા કોઈ આપી શકે નહિ. લખ્યું છે ને બીજા કલ્પિત. '**અન્ય સબ કલ્પિત દેવ હૈં.**' આહાહા..!

જેની આવી દિવ્ય શક્તિ જેની પર્યાયમાં પ્રગટ થઈ છે. એ તો ભવ્યજીવના મનોરથ પૂર્ણ કરનાર ભગવાન છે. આહાહા..! ભાષા છે ને. સમજાણું કાંઈ? અને ઓલા કહે કે નવ કોટીએ બ્રહ્મચર્ય પાળીએ, નવ વાડેએ નવ કોટીએ પચ્ચખાણ કરીએ, સંથારો કરીએ. આ પણ શું છે? વાણી વીતરાગની, આગમની વાણી. કહો, શેઠ! એવા .. આવ્યું. કુંદકુંદાચાર્ય કહે છે કે જે આવા દેવને માને એટલે દેવ એને કહીએ કે એને દે. એને સમકિત દે, જ્ઞાન દે, ચારિત્ર દે, કેવળજ્ઞાન દે, બધું દે. દેનો અર્થ કે એને માને એને આ મળે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવી વાત છે આ. જેના ઘરમાં માલ હોય એ આપે. માલ ન હોય એ શું આપે? આહાહા..! કેવળીના ઘરમાં કેવળજ્ઞાન, યથાખ્યાતચારિત્ર, અનંત આનંદ. આહાહા..! એ આસ્થાનો વિષય છે. એમ ને એમ ધારવાનો વિષય નથી. આહાહા..! એની અંદરમાં, આવી સત્તા છે જગતમાં કે એક સમયમાં કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે, એવી સત્તાની શ્રદ્ધા આવી જગતમાં છે એવી શ્રદ્ધા એ પોતે પોતાનો આશ્રય કરીને કરે ત્યારે ભગવાને દીધું એમ કહેવામાં આવે. એણે તો ઉપદેશ કર્યો બધાને. બધા સાંભળતા હતા. .. બધું અનંતવાર સાંભળ્યું. કેમ લીધું નહિ? એ જ્યારે પોતે એને સમજ્યો, આવી દશા કેવળજ્ઞાન એક સમયમાં. આહાહા..! જેને ત્રણ કાળ ત્રણ લોક નથી જાણવા પણ પર્યાય જાણતા એમાં જણાઈ જાય છે. આહાહા..! આવા જેના જ્ઞાનમાં તેજ, જ્ઞાનપ્રભાકર તેજ. આહાહા..! જ્ઞાનની પ્રભાનો સૂર્ય એની પ્રભાનું કરનારું એવું તેજ. જેને પ્રગટ્યું એ ભગવાન દેવ છે. એ દેવ તને જ્ઞાન આપશે કહેશે. આહાહા..! એની પાસે છે તે કહેશે, સમજાશે, એની પાસે છે એ સમજાવશે. અને સમજતા તું સમજીશ તો એ પામીશ. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત છે. દિગંબર સંતોની કુંદકુંદાચાર્યની વાણી તો... આહાહા..! દેવને સિદ્ધ કરે છે અને દેવ મનોરથ પૂરું પાડે છે.

એકકોર કહે કે અરિહંતની વાણી પણ આત્માના જ્ઞાન માટે નિમિત્ત પણ નથી. એ તો જ્ઞાનનું કારણ તો આત્મદ્રવ્ય છે. અંતરના આશ્રયથી કેવળજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે, પણ આવું નિમિત્ત એની

વાણીમાં આમ કહ્યું હતું એમણે. સર્વજ્ઞની વાણીમાં એવી વાણી નીકળી હતી કે તારા આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ પડ્યો છે, પ્રભુ! એટલે જ્ઞાનસ્વભાવી તું ચીજ છો, જ્ઞાનસ્વભાવી તું ચીજ છો. રાગ અને સંસાર સ્વભાવી તું નહિ. આહાહા..! એવું જેને અંતરમાં ભગવાને કહ્યું એવું બેઠું એને ભગવાને દીધું એમ કહેવામાં આવે છે. અલ્પજ્ઞાનીને રાગ કષાયવાળા શું આપે? કારણ કે એની પાસે તો સર્વજ્ઞપણું અને વીતરાગતા (છે), કષાય તો છે નહિ. તો એ શી રીતે કહે, બતાવે એને? આહાહા..! અકષાય સ્વભાવ, વીતરાગ સ્વભાવ ભગવાનને પ્રગટ્યો એ કહ્યું એને દીધું. લીધું એને દીધું. આહાહા..! ભારે ભાષા ભાઈ! જુઓને. ૨૪ પછી બે આવીને એમાં? **'सो देवो जो अत्थं, धम्मं कामं सुदेइ णाणं च। सो देइ'** સુખ દે બરાબર દે એમ કહે છે. છે? દદાતિ દદાતિ. **'सो देइ जस्स अत्थि'** જેની પાસે હોય એ આપે. એનો અર્થ કે જેની પાસે હોય એવો ઉપદેશ દે. એમાંથી પોતે પોતાનો સ્વભાવનો આશય કાઢી લે. આહાહા..! ભગવાનની વાણીમાં જ એમ આવ્યું હતું. કે તું સર્વજ્ઞ સ્વભાવી અને પૂર્ણ આનંદ સ્વરૂપ છો. એવી સત્તાનો હોવાપણાનો સ્વીકાર થતાં તને સમ્યક્ થશે અને કેવળજ્ઞાન થઈ જશે. આહાહા..! એ ભગવાન પાસે હતું તે દીધું. બીજા પાસે ક્યાં છે એ? અને કલ્પિત દેવો અજ્ઞાનીઓએ જેણે દેવના સ્વરૂપને વિકૃત કરી નાખ્યું છે એની પાસે આ ક્યાં હતું?

આચાર્ય કહે છે **'उदयकरो भव्वजीवाणं'** આહાહા..! ભવ્ય જીવને મનોરથ પૂર્ણ પાડનાર એ વીતરાગદેવ છે. સમજાણું કાંઈ? અહીં તો નિહાલભાઈમાં પણ આવે છે. ક્યાં ખબર છે? એક પ્રશ્ન આવે છે. ગુરુ બધું આપશે. એની પાસેથી આ લેશે. અજ્ઞાની પાસે ક્યાં છે શું દેશે? અન્યમતિઓ શું આપે? એ શબ્દ છે. અન્યમતિ શું આપે? સર્વજ્ઞ આપે બધું પૂરું. કેટલાક ટૂકડા ભારે છે. એ ક્યાંક છે ખરું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમ કહે છે કષાયસહિત શું આપશે? જે કષાયરહિત છે, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત છે એ આપશે. બીજો આપે તો કેટલું આપશે? એની પાસે ક્યાં છે? એમ એ શબ્દ છે. એ છે ક્યાંક કાઢો તો ખરા. તમારી પાસે નથી? અહીં છે. છે કે નહિ એમ? આ છે. કાઢો. આ બાજુના પાને છે ઉપર. આ બાજુના પાને ઉપર. લ્યો એ ચાલ્યું. ઉપરને પાને છે. એ બાજુ. ઉપર ઉપર. નથી આવ્યા અંબાલાલ. ... આહાહા..!

**'सो देइ जस्स अत्थि'** આ શબ્દ વાપર્યો છે. તે દે જેની પાસે જે હોય તે. આહાહા..! છે ને? ૨૪મું. **'सो देइ जस्स अत्थि'** શું દે? અર્થ, ધર્મ અને પ્રવ્રજ્યા એની પાસે છે તે આપે. આહાહા..! એણે સમજાવ્યું અને એણે કહ્યું એ આપ્યું કહેવામાં આવે. એવો જ અહીં તો જીવ લીધો છે. સમજાણું કાંઈ? સાંભળીને ઉતાર્યું નથી એ વાતની અહીં વાત જ નથી. કહ્યું ને કે એ તો પ્રમાણ કરજે. ન આવી પાંચમી ગાથા? **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं'** પ્રમાણ કરજે, સંધિ કરી નાખજે અનુભવ. આહાહા..! પાંચમીમાં કહ્યું ને. ગજબ વાત છે. કુંદકુંદાચાર્યની શૈલી તો

ઓહોહો..! જુઓ આ દેખાડું તો પ્રમાણ કરજે. 'जदि दाएज्ज' પહેલું તો કીધું કે 'तं एयत्तविहत्तं दाएहं' દેખાડું છું. .. સામાન્ય વાત કરી છે. હવે દેખાડું છું એ સામે દેખાડું છું પ્રમાણ કરજે. આહાહા..! સમજાણું કાંઈ? .. નથી? આ નથી જાદવજી? ... આ બાજુ પાને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાઠમાં જુઓને કેટલું છે. કે '**सो देवो जो अत्थं, धम्मं कामं सुदेइ**' એક વાત. '**सुदेइ**' એક વાત. '**सो देइ जस्स अत्थि**' તે દે કે જેની પાસે હોય. દે અને બીજું કે '**उदयकरो भव्वजीवाणं**' ભવ્ય જીવને પ્રકાશ આપનારા છે. સમ્યગ્દર્શનનું, જ્ઞાનનું, શાંતિનું, ચારિત્રનું, કેવળજ્ઞાનનું. આહાહા..! એ દેવ હોય તેથી અરિહંત એ દેવ છે. આહાહા..! જેના નિમિત્તમાં આવી વાત જેને સાંભળવા મળે અને એ પામે. એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! આ એમ નથી કહ્યું કે ભગવાન પાસે સાંભળ્યું, તો એણે કેવળીએ દીઠું, અનંતભવ થાશે તારે. હમણાં ભવ નથી કહેતા. એમ નથી કહ્યું અહીં. છે? લાવો. કેટલામી? એ આવી.

'**જૈનદર્શન હી એક ઐસા હૈ કિ જો વીતરાગ હોનેસે દૂસરે કો અપને સમાન બના લેતા હૈ, યહ ઈસકી મૂલ વિશેષતા હૈ. દૂસરે મતવાલે શિષ્ય કો બહુત કુછ દે દેવે કિન્તુ પૂરા તો નહિ દેતે. ક્યોંકિ વહ કષાયયુક્ત હૈ.**' વીતરાગ .. કષાય જીવ છે. સમજાણું? .. છે હોં એ. ૧૨૦ છે. '**જૈનદર્શન હી એક ઐસા હૈ કિ જો વીતરાગ હોનેસે...**' જે વીતરાગ થઈ ગયા. '**દૂસરે કો અપને સમાન બના લેતા હૈ, યહ ઈસકી મૂલ વિશેષતા હૈ. દૂસરે મતવાલે શિષ્ય કો બહુત કુછ દે દેંવે, કિન્તુ પૂરા તો નહીં દેતે,...**' કારણ કે પોતે પૂરો નથી. '**ક્યોંકિ વે કષાયયુક્ત હૈં.**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેવ કોને કહેવા? બસ આ વાત છે. આહાહા..! જેને અરિહંત દેવ સર્વજ્ઞ અનંત આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એ જેને બેઠો એને ભવ હોય નહિ. એને ભગવાને ભવ દીઠા જ ન હોય. પુરુષાર્થહીનતા પાવૈયા જેવી વાતું છે બધી. એય..! મારફાડ કરતો હોય એ કેવળજ્ઞાનને લેવા માટે પરમેશ્વરને જે માન્યા એણે પર કેવળજ્ઞાન લેવાનું .. અલ્પભવમાં એની જાતની પ્રાપ્તિ એને થવાની જ તે. એને વળી અનંતા ભવ છેને. ઢીંકણું આ શું? આવી વાણી આગમની હોય? સંતોની આવી વાણી હોય? .. કહેશે. કટોકટીનો કાળ હતો તે દિ'. સંપ્રદાયમાં આ પ્રશ્ન ઉઠેલો મોટો આ ૭૨ની સાલમાં નહિ, આ વાત માર્ગ વીતરાગનો નહિ. વીતરાગના માર્ગની શૈલી આ નથી. તમે કહો છો .. વીતરાગ જેને બેસે એને ભવ હોય નહિ. જે સાંભળવાના કામી નથી એ સંપ્રદાય ન જોવે, ગુરુ ન જોવે, ... શાસ્ત્ર આવા ન જોઈએ. ૭૨. ૫૮ વર્ષ. કેટલાકનો જન્મ પણ નહિ હોય. તમારે ૬૫ થયા. પણ ખબર નહિ હોયને.

અહીંયાં '**उदयकरो भव्वजीवाणं**'નો અર્થ શું કર્યો જયચંદ પંડિતે? '**ઐસે દેવ સચ્ચે જિનદેવ**

**હી હૈં,...**' આહાહા..! '**વહી ભવ્યજીવોંકે મનોરથ પૂર્ણ કરતે હૈં,...**' આહાહા..! ભગવાનજીભાઈ! આહાહા..! લ્યો એ દેવની વાત થઈ વળી. અડધો કલાક થયો. સવારે આવ્યું હતું યાદ મને. કટોકટીનો કાળ હતો. આ વાત મૂકી. હીરાજી મહારાજને આવી .. એમાંથી જુદું પડીને.. ઉંમરની નાની. પચ્ચીસ વર્ષની ઉંમર. .. અઢી વર્ષ .. આવ્યા રાતે બધા આવ્યા શેઠીયાઓ. શું થયું મહારાજ? કોઈ દિ' બોલતા નહિ તમે. આમાં વાસ્તવિક પુરુષાર્થની ગતિ વીતરાગ કહે છે એ રહેતી નથી. શાસ્ત્રમાં તો એમ કીધું છે. ... ત્યાં. ... છે ને? .. તે દિ' તો એ જ હતું ને. .. કરનારને ભવછેદ થઈ જાય. આ કહે છે કે આવું કરીને કાંઈ ન થાય. એને શ્રદ્ધાનું .. નથી. એ આવ્યું પાછું લખ્યું નહિ ઉત્તરાધ્યયનમાં. .. એમાં આવે છે. જુઓ આ સંસાર પરિત કર્યો છે. સંસારનો ભુકો કરી નાખ્યો છે. એ ભગવાને કીધું એ પ્રમાણે કરે ને ભવ ઘટે નહિ એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? કાળીદાસભાઈ! એ સાંભળ્યું નહિ હોય તમે. તમને યાદ નહિ હોય. પાળિયાદની વાત ૭૨ની. ... પણ એ તો નાના હતા તે દિ'. આર્જિકા હતા ઓલી એક .. હતી ને એ? .. દીક્ષા લીધી હતી. શીવલાલ .. એને ત્યાં મધ્યસ્થ.. એ બાઈ .. રામ જાણે. .. ૭૨માં ફાગણ સુદ ચૌદશ હશે. માર્ગ બાપુ અંદરમાં બેઠ્યા વિના મને .. રીતે બહારની વાત કોઈ સ્ચતી નથી. આવો માર્ગ વીતરાગનો. આહાહા..! આવી વાત કરી છે હોં આચાર્યએ. દે.. જેનો અર્થ એ કે એ એને માલ બતાવે છે. જો આ માલ તારો છે. અમારામાં છે એ તારામાં છે જો આ. આહાહા..! તારામાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે. ક્યાંય અટકવાની અને રોકાવાની તાકાત તારી નહિ. એમ ભગવાનનો પોકાર આવે છે. તેથી એણે દીધું એમ કહેવામાં આવે છે.

એક સમયમાં કેવળજ્ઞાન અને અનંત આનંદ જેને પ્રગટ થયો, એ એમ કહે છે કે એક સમયમાં અનંત જ્ઞાન અને અનંત આનંદ તને પ્રગટ થશે. અમે એમ કહેવા માગીએ છીએ અને તું અમારી પાસેથી આ વાતને ગ્રહણ કર. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે આ.

'**ઐસે દેવ સચ્ચે જિનદેવ હી હૈં,...**' આહાહા..! ભગવાનજીભાઈ! આવા વીતરાગદેવ. આહાહા..! જુઓને નિહાલભાઈમાં ઘણી વાત આવી ગઈ. ... આહાહા..! જેને કેવળજ્ઞાનના સૂરજ જેને ઉગ્યા. એણે જે કહ્યું અને એને જેણે માન્યું એને શું ખામી રહે છે? આહાહા..! એ એમ કહે છે. એમ ને એમ જ અંદર નમો અરિહંતાણં એમ નહિ. આહાહા..! અઢળક અનાજ એને આપ્યું અઢળક. આહાહા..! એની પાસેથી .. હજારો કળશી જે પાકે એના શું કહેવાય? ઓલા વડવાયા. વહવાયાને પણ ઘણું મળે. શેઠ! બે કળશી પાકતા હોય એમાં વડવાયાને પાચ મણ ઘઉં ક્યાંથી મળતા હતા? વડવાયા ન સમજે આ.

મુમુક્ષુ :- કામ કરનારા.

ઉત્તર :- કામ કરનારા હોય ને આ લુહાર, સુતાર, ખેડુત પાસે કામ કરનાર હોય ને અમુક ખેડુત આપે બાર મહિને. જ્યારે પાકેને અનાજ ત્યારે આપે. પણ એની પાસે હોય એમાંથી એટલું આપે ને.

બે કળશી પાકી હોય એમાંથી બે મણ ક્યાંથી આપે? પણ સો કળશી પાકી હોય તો ઓલી બે કળશી આપી દે, જાવ લઈ જાવ. એમ ભગવાન પાસે પાક એટલો થયેલો છે. આહાહા..! એના વડવાયા એટલે સાંભળનારને આવું બધું આપે એમ કહે છે. શેઠ! કહ્યું હતું તે દિ' હોં. આહાહા..! મોટા વડવાયાના સુતાર ને લુહાર પણ મોટા જબરા હોય. જેને ઘરે લાખોની પેદાશ હોય એના લુહાર.. પાંચ રૂપિયા મળે એ હોય એને? પાકે ત્યારે તો લઈ જાવ. ગાડા ભરીને અનાજ, ગાડા ભરીને. જાવ. અહીંયા ક્યાં ખૂટે છે? એમ ત્રિલોકનાથના જ્યાં પાક થયા અંદરમાં. એને સાંભળનારા વડવાયા એટલે એના સેવકો. વડવાયા સમજો છો? આ તમારા કામ કરનારા હોય ને સુતાર, લુહાર. સુતાર હોય, લુહાર હોય. કુંભાર હોય. એ સારા પ્રસંગ હોય તો આવું લઈ જાય.

મુમુક્ષુ :- ... પાકે ત્યારે આપે.

ઉત્તર :- આપે બસ એ. શું કહે છે?

મુમુક્ષુ :- આપ તો ભંડાર લઈને આવ્યા છો.

ઉત્તર :- આહાહા..! ભગવાન પાસે ભંડાર હતો ને એ સાંભળ્યો છે. આહાહા..!

કહે છે, અહીં તો ભવ્ય જીવને ઉદય કરનાર. એકકોર કહે કે પર જીવને કાંઈ કરી શકે નહિ દેવ. એ કઈ અપેક્ષા? એ નિમિત્તનું કથન છે. આ પણ તે. એણે જે આમ કહ્યું, આવું કે આહાહા..! આત્મ માલ તો કેવળજ્ઞાન અને કેવળદર્શન લે એવો માલ છે તારી પાસે. અમે પ્રગટ કર્યો એ જ તને કહીએ છીએ એમ જેણે કીધું અને એવું જેને માન્યું એને આપ્યું એમ કહેવામાં આવે છે. જેની પાસે અલ્પજ્ઞ અને રાગ હોય એ શું કહે એને? એને બતાવે ક્યાંથી કે તારામાં આવું છે. અનંત જ્ઞાન અને આનંદનો ધણી છો પ્રભુ! એ અનંત જ્ઞાન અને આનંદ એમાંથી નીકળ્યા અમને. અમારી ખાણમાંથી અમને આવ્યા. એ ખાણ તું છો. એમ એ ભગવાન બતાવી શકે કેવળી. બીજાના ગજા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એનો અર્થ કેટલો કર્યો! 'उदयकरो भव्वजीवाणं' 'ઐસે દેવ સચ્ચે જિનદેવ...' આહાહા..! જેને એના શરણા લીધા એટલે આત્માનું લીધું એને એનું શરણ લીધું એમ કહેવામાં આવે. એવી વાતું છે ભાઈ! આ ઓલામાં ન આવ્યું? ૩૧ ગાથામાં ભાઈ! કેવળીની સ્તુતિ. કેવળીની સ્તુતિ કોને કહેવી? એમ શિષ્યે પૂછયું. ત્યારે કેવળીની સ્તુતિ એને કહેવી, એમ જવાબ આપ્યો કે તારા અનંતગુણનો પિંડ પ્રભુ પડ્યો છે એની એકાગ્રતા થવી એનું નામ કેવળીની સ્તુતિ. ઓલો પૂછે છે કેવળીની સ્તુતિ. પણ એ કેવળી એટલે તું છો સાંભળને. આહાહા..! કુંદકુંદાચાર્યની શૈલી તો ગજબ. એકે એક વાત અંદર બેસી જાય એવી અંદર. અને બેઠેલી એની વાતું ત્યાં મૂકે છે અંદર. આહાહા..! આવી રીત પદ્ધતિ શ્વેતાંબરમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? દિગંબર સંતોએ ભંડાર ખોલીને મૂક્યા છે. આહાહા..! એને વિશ્વાસ આવવો જોઈએ. બાકી બહારની ધૂળધાણી છે બધી. આહાહા..! લ્યો એ પ્રકારે દેવનું સ્વરૂપ કહ્યું.

'આગે તીર્થકા સ્વરૂપ કહતે હૈં :—' તીર્થ કોને કહેવું?

वयसम्मत्तविसुद्धे, पंचेदियसंजदे णिरावेक्खे।
ण्हाएउ मुणी तित्थे, दिक्खासिक्खासुण्हाणेण।।२६।।

'**અર્થ :- વ્રત-સમ્યક્ત્વસે વિશુદ્ધ ઔર પાંચ ઈન્દ્રિયોંસે સંયત...**' આવું તીર્થ હોય છે એમ કહે છે. આ નદીના, પર્વતના પાણીમાં ન્હાઈને તીર્થ માને છે એ તીર્થ-બીર્થ નથી. ત્યાં તરવાનો ઉપાય ક્યાં હતો? અહીં તરવાનો ઉપાય અહીં છે એ તીર્થ છે આત્મા. સમજાણું કાંઈ? આહાહા..! આ શેત્રુંજયમાં કહે છે ને જે શેત્રુંજયમાં ન ન્હાયા એનો અવતાર એળે જાય એવી વાતું કરે. અવતાર ધૂળેય નથી લીધો. આહાહા..! માછલા બહુ ન્હાય છે મોટા. આહાહા..!

અહીં તો તીર્થ એને કહીએ. છે? ૨૬ ગાથા ૨૬ ઉપર. '**વ્રત-સમ્યક્ત્વસે વિશુદ્ધ...**' જે આત્મા. આહાહા..! જેને સમ્યગ્દર્શન, નિશ્ચયસહિત જેને વ્રત પ્રગટ્યા છે એટલે ચારિત્ર જેને પ્રગટ્યું. '**પાંચ ઈન્દ્રિયોંસે સંયત અર્થાત્ સંવરસહિત...** ' છે. પાંચ ઈન્દ્રિયોથી જેણે રોક્યા છે પરિણામને. અણિન્દ્રિયમાં પરિણામ લઈ ગયો છે. આહાહા..! '**તથા નિરપેક્ષ અર્થાત્ ખ્યાતિ, લાભ, પૂજાદિક ઈસ લોકકે ફલકી તથા પરલોકમેં સ્વર્ગાદિકકે ભોગોંકી અપેક્ષાસે રહિત,...**' છે. જેને દુનિયાની ખ્યાતિ, લાભની જરૂર નથી. જેને આત્માના સ્વભાવની પ્રસિદ્ધિની જરૂર છે. આહાહા..! જેને આત્મામાંથી એકાગ્ર થઈને સમ્યગ્દર્શનસહિત ચારિત્ર પ્રગટ કર્યું છે અને સંવર સહિત ઈન્દ્રિયોના વેપાર રોકાઈ ગયા છે. '**ખ્યાતિ, લાભ, પૂજાદિક ઈસ લોકકે...**' નથી. જેને પરલોકની સ્વર્ગાદિની ઈચ્છા નથી. '**ઐસે આત્મસ્વરૂપ તીર્થમેં...**' એવું આત્મસ્વરૂપ તીર્થ. આહાહા..! એમાં સ્નાન કર. આહાહા..! શેઠ! છે કે નહિ? આ તીર્થ છે પછી આ બહારના તીર્થનું શું કરવું આવું? એ તો નિમિત્તથી (કથન) છે. સમ્મેદશિખર, શેત્રુંજય. એ તો શુભભાવ હોય ત્યારે હોય. નિશ્ચય તીર્થ તો આ છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્યાં સુધી આનો મહિમા ન આવે ત્યાં સુધી?

ઉત્તર :- ત્યાં સુધી એનો મહિમા કરવો. ત્યાં સુધી શું છે?

મુમુક્ષુ :- ત્યાં સુધી પોતાનો મહિમા રાખવો.

ઉત્તર :- ના, ત્યાં સુધી ઓલું તીર્થનું કરવું એમ કહે છે. એમ કે આનો મહિમા ન આવે ત્યાં સુધી બહારનો તીર્થ કરવો એમ. પણ બહારનો તીર્થ એ તો વ્યવહાર છે. નિશ્ચય આવું આવ્યા વિના વ્યવહારનું તીર્થ હોઈ શકે નહિ. એવી વાત છે ભાઈ આ તો. આહાહા..! આ છે ને સમ્મેદશિખર જાય. 'એક વાર વંદે જો કોઈ, બાહ્ય નરક..' ધૂળમાંય નથી ત્યાં. એ તો વ્યવહાર તીર્થ છે. નિશ્ચય સ્વરૂપનું સાધન છે જ્યાં, આનંદ ને શાંતિ જ્યાં પ્રગટી છે અને ચારિત્ર સમકિતસહિત પ્રગટ્યું છે એ તીર્થ છે. એ તીર્થવાળો જ્યારે અંદરમાં ઠરી શકે નહિ ત્યારે એવો વંદનનો તીર્થનો શુભભાવ હોય છે. આણે બહુ વર્ણવ્યું છે ટીકાકારે. આ વ્યવહાર તીર્થથી આમ થાય અને એનાથી મુક્તિ થાય. વ્યવહાર તીર્થ, એ તો

પુણ્યબંધનું કારણ છે. આવે ખરું, પણ એ પુણ્યબંધનું કારણ છે. ભારે ખેંચ્યું લોકોએ. બહુ લખ્યું. આ તો શાસ્ત્રનો અર્થ છે... નિશ્ચયની વાત છે ત્યાં વ્યવહારથી આમ થાય ને વ્યવહારથી આમ થાય ને વ્યવહારથી આમ થાય. ધૂળેય ન થાય હવે સાંભળને. વ્યવહાર આવે છે, શુભભાવ હોય છે. .. પણ એની મર્યાદા પુણ્ય જેટલી છે. એની મર્યાદા ભવના અભાવ કરે એવી મર્યાદા નથી. પછી સમ્મેદશિખર જાય કે ગીરનાર જાય. આહાહા..! એવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'ण्हाएउ मुणी तित्थे' 'ऐसे आत्मस्वरूप तीर्थमें दीक्षा-शिक्षारूप स्नानसे पवित्र होओ!'** લ્યો! આત્મસ્વરૂપમાં દીક્ષા અંદર. બહારની દીક્ષા લૂગડા ફેરવીને નાગા થઈને બેસે એ ક્યાં દીક્ષા હતી? આહાહા..! અંતર આત્માના આનંદ સ્વરૂપથી ભગવાન ભરેલો છે. એને આનંદની દશામાં પ્રગટતા કરીને જે એની દીક્ષા લે છે, આવા આત્મસ્વરૂપ તીર્થમાં દીક્ષા લે છે અને એની શિક્ષા જે પામે છે એનું જ્ઞાન, એ **'स्नानसे पवित्र होओ!'** આવા દીક્ષા-શિક્ષા સ્નાનથી પવિત્ર થાય. બહારના કોઈ તીર્થથી પવિત્ર થવાતું નથી. ભારે ભાઈ! ઓલા કહે કે નિશ્ચય.. નિશ્ચય.. પણ નિશ્ચય એ જ સત્ય છે પહેલું, સાંભળને. વ્યવહાર હોય છે. પણ વ્યવહારથી આત્માને લાભ થાય એમ નથી. વ્યવહાર હોય છે. બે નય છે ને. વ્યવહાર હોય છે. પણ હોય છે એટલી વાત. પણ એથી આગળ લઈને વ્યવહારથી પણ આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પમાય કે લાભ થાય, આત્માને લાભ થાય એ વાત નથી એમાં. સમજાણું કાંઈ? આહાહા..! એટલે આ જરી નડે છે માણસને.

મુમુક્ષુ :- .. થઈ જાય.

ઉત્તર :- .. છે. એને કહે ઓલાને આમ સ્થાપ્યું. વ્યવહાર વિષય છે, શુભભાવ હોય છે. પણ એની મર્યાદાથી તમે એમ માનો કે એનાથી ભવનો અભાવ થાય એવી કાંઈક તાકાત હશે, એમ નથી. ભવના અભાવની તાકાત તો ભગવાન આત્માનો આશ્રય લેતા થાય છે. બાકી કાંઈ છે નહિ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આહાહા..! સોનગઢ નિશ્ચય-નિશ્ચયની વાતું કરે. એમ કે આ શાસ્ત્રથી લાભ થાય, ગુરુથી લાભ થાય, દેવથી લાભ થાય એમ કહે. .. લાભ થાય એ? અહીંથી લાભ થાય એનો અર્થ કે તારાથી લાભ થાય ત્યારે આનાથી લાભ થાય એમ કહેવામાં આવે છે. એ માટે તો આ વાત માંડી. તેથી તો ભવ્યજીવ લીધો છે. ભવ્યજીવને પ્રગટ કરનાર. આહાહા..! એ લાયકાત પોતાની છે એને. એમ કહે છે. આહાહા..! એને ભગવાનની કહેલી વાત બેસે છે, ઠરે છે, એને અહીંયાં તીર્થ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- સોનગઢની વાત સાંભળીને નિરૂત્તર થઈ જાય છે.

ઉત્તર :- નિરૂત્તર થઈ જાય. આ ફાગણ સુદ તેરશે ભાઈ આ .. ઓલો છે. આપણે તેરશ છે ને? તે દિ' આ શેત્રુંજયનું છ ગાઉનું શું કહેવાય એ? પ્રદક્ષિણા. એ દિવસ છે એ. શેત્રુંજયનો એ દિવસ છે. છ ગાઉના ઓલા ઢેબરા ખાય છે નહિ ઢેબરા. ઢેબરાને? દહીં ને ઢેબરા. છ ગાઉના. .. પ્રદક્ષિણા કરે

શેત્રુંજયની પ્રદક્ષિણા. ફાગણ સુદ તેરશ. એ આપણે અહીં ફાગણ સુદ તેરશનું આ છે. શેત્રુંજયનું, ત્યારે આપણે આ પરમાગમ મંદિર. આહાહા..! '**ऐसे निर्मल आत्माके स्वभावरूप तीर्थमें...**' લ્યો એ આવ્યું. '**ऐसे आत्मस्वरूप तीर्थमें दीक्षा-शिक्षारूप स्नानसे पवित्र होओ!** '

'**भावार्थ :- तत्त्वार्थश्रद्धानलक्षण सहित,...** ' એટલે સમ્યગ્દર્શનસહિત. '**पांच महाव्रतसे शुद्ध...**' જેને ચારિત્ર પ્રગટ્યું છે અને પંચ મહાવ્રત પણ જેને છે એમ કહે છે. '**और पांच इन्द्रियोंके विषयोंसे विरक्त,...**' મુનિની દશાનું વર્ણન છે બધું આ. એ દશા એ જ તીર્થ છે એમ કહે છે. આહાહા..! '**इस लोक-परलोकमें विषयभोगोंकी वांछासे रहित ऐसे निर्मल आत्माके स्वभावरूप तीर्थ...**' લ્યો! એવું નિર્મળ આત્મસ્વભાવરૂપી તીર્થ. આહાહા..! '**स्नान करनेसे...**' એમાં '**स्नान करनेसे पवित्र होते हैं...**' બહારની કોઈ શેત્રુંજયને કોઈ સમ્મેદશિખર એમાં જતાં પવિત્ર થાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ વખતે ધમાધમ બહુ રહી હતી ને. જુદો પંથ નીકળ્યો શ્વેતાંબરનો. બહુ કાઢ્યું હતું એ. જાત્રાઓ, આ કરવું. સાધુ નવરા. કપડાવાળા બધે જાય. આ નગ્ન મુનિ ક્યાં જાય? જંગલમાં રહેતા. એટલે બધું ચલવ્યું આ બધું. એની સામે આ વાત છે. એ તારા તીર્થ-ફીર્થ એ નહિ. આ તો નિશ્ચય તીર્થ જે આત્માના આનંદ સ્વરૂપમાં સ્નાન કરવું એ તીર્થ છે. પછી આવું જ સામે વ્યવહાર હોય એવા તીર્થંકરની પ્રતિમા એવી જ પ્રતિબિંબ. જેને માથે વસ્ત્ર નહિ, દાગીના નહિ. અત્તરને લગાવીને મોટા .. ચોળે છે. લ્યો અમે ગયા હતા ગીરનાર. ૯૬માં. ત્યારે આ .. બેઠા હતા ત્યાં અત્તર લગાડતા હતા આમ. અત્તર લગાડીને ચોપડતા હતા. જૂનાગઢ. બહુ થઈ ગયું. બહુ થઈ ગયું. અત્તરનું બિંદુ એક એમાં મોટું પાપ. આવો માર્ગ હોય? એક અત્તરના બિંદુમાં સાત ગામને મારે એટલું પાપ હોય છે. અત્તર-અત્તર. એ તો બહુ પાપવાળું. .. ત્યાં બેઠા હતા અત્તર લઈને. અહીં ઓલા લગાડતા હતા ભગવાનને. બહુ ફેરવી નાખ્યું. મૂર્તિ એવી ન હોય. મૂર્તિ તો વીતરાગ બતાવે. એને માથે કપડા નહિ, એને ટીલાટપકા પણ નહિ, એને માથે ફૂલ પણ નહિ. .. હો. એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી. પણ આ નિશ્ચય હોય તો ઓલો વ્યવહાર સાચો હોય. આવું જ્યાં નિશ્ચય નથી એને વ્યવહાર એકલો પુણ્યબંધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**तीर्थमें स्नान करनेसे पवित्र होते हैं—ऐसी प्रेरणा करते हैं.**' આચાર્ય મહારાજ જગતને એ પ્રેરણા કરે છે. ભાઈ! આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અને એનું સમકિત, એનું ચારિત્ર અણિન્દ્રિયોનું ગમન, થોડું સંવર એમાં સ્નાન કરો. આહાહા..! ત્યાં પવિત્રતા પ્રગટ થશે. બહારના સ્નાને અને બહારની સ્થિરતાએ કાંઈ પવિત્રતા પ્રગટ નહિ થાય. સમ્મેદશિખરની જાત્રા હોય તો પવિત્રતા નહિ થાય એમ કહે છે. ગીરનાર ને શેત્રુંજયની જાત્રા હોય તો શુભભાવ થાય. રાગની મંદતાનો શુભભાવ હોય. પણ આ નિશ્ચય આવું તીર્થ હોય એને. સોનગઢની યાત્રા એ. લખ્યું છે ઓલામાં. તીર્થધામ લખ્યું છે ઓલી કંકોત્રીમાં. કંકોત્રી લખી છે ને એમાં આવ્યું છે તીર્થધામ સોનગઢ. .. છે. લખ્યું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આનુકૂળ ... આહાહા..! કંકોત્રીમાં છે. કંકોત્રી આપણે ક્યાં હોય? શું કહેવાય એ? આમંત્રણ પત્રિકા નહિ. આમંત્રણ પત્રિકાનું નામ એનું .. બીજું નામ નહિ. આવા સ્નાન. આહાહા..! ફરી ફરીને વાત તો એ વીતરાગતામાં આવો, બસ એક જ વાત છે. આખા જૈનશાસનનો સાર, શાસ્ત્ર તાત્પર્ય આત્મામાંથી વીતરાગતા પ્રગટ કરવી એ વીતરાગતા એ તીર્થ છે. એ તારે તરવાનો ઉપાય એ છે. તરવાનો ઉપાય અહીં નથી. ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષનો માર્ગ, એ તરવાનો ઉપાય તે તીર્થ છે. એ તીર્થ છે. પંડિતજી! આ તો ધમાધમ કરશે આમાં. .. ઓલા તો રૂપિયા પહેરાવે છે હોં. પચાસ હજાર, લાખ, બે લાખ. એના વ્યાજમાં આપે... આપણે કરી શકતા નથી. ધૂળેય નથી ત્યાં પાંચ લાખ શું? એ તો બધું ...

સ્વરૂપમાંથી માલ કાઢીને દાન આપ તું, એ તારું તીર્થ છે. તારું તીર્થ તારાથી જુદું હોય નહિ. આહાહા..! તરવાનો ઉપાય તો ભગવાન આત્માનો... એ શુદ્ધ આનંદઘન પ્રભુ. એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા એને અહીંયાં તીર્થ કહેવામાં આવ્યું છે ભગવાનના ઓલામાં. 'जिणमग्गे' છે ને? ૨૭મામાં હવે આવશે. 'तित्थं जिणमग्गे' હવે આવશે. ૨૭માં આવશે.

**जं णिम्मलं सुधम्मं, सम्मत्तं संजमं तवं णाणं।**
**तं तित्थं जिणमग्गे, हवेइ जदि संतिभावेण।।२७।।**

લ્યો! જિનમાર્ગમાં તો એને તીર્થ કહે છે. ઓલું તો વ્યવહાર (તીર્થ) છે સમ્મેદશિખર, ગીરનાર. સિદ્ધગીરી. લ્યો. સિદ્ધગીરી. વ્યવહાર છે. 'तं तित्थं जिणमग्गे, हवेइ जदि संतिभावेण' શાંતભાવ જો કષાયરહિત હોય તો, એમ કહે છે. આહાહા..!

'**અર્થ :- જિનમાર્ગમેં વહ તીર્થ હૈ...**' લ્યો વીતરાગ માર્ગમાં આ તીર્થ છે. આત્માનો સ્વભાવ શુદ્ધ પ્રગટ કરવો એ. એ મોક્ષનો માર્ગ એ જૈનમાર્ગમાં તીર્થ છે. તરવાનો ઉપાય કહો કે મોક્ષનો ઉપાય કહો. એ તીર્થ છે. આહાહા..! '**જિનમાર્ગમેં વહ તીર્થ હૈ જો નિર્મલ ઉત્તમક્ષમાદિક ધર્મ...** ' ખુલાસો કર્યો. સમ્યગ્દર્શનસહિત ઉત્તમ ક્ષમા. આવે છે ને દસ પ્રકાર? મુનિધર્મ. '**તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ, શંકાદિમલરહિત નિર્મલ સમ્યક્ત્વ...**' એમ. '**નિર્મલ ઉત્તમક્ષમાદિક ધર્મ તથા તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ, શંકાદિમલરહિત નિર્મલ સમ્યક્ત્વ તથા ઈન્દ્રિય-મનકો વશમેં કરના,...** ' સંયમ. સંયમ છે ને?

'**ષટ્કાયકે જીવોંકી રક્ષા કરના,...**' રક્ષાનો અર્થ છ કાય જીવને ન મારવા. વ્યવહાર તપની વાત કરે છે. અનશન, આહારનો ત્યાગ, ઉણોદરી, ઉણોદરી, '**વૃત્તિપરિસંખ્યાન,...**' વૃત્તિનો સંકોચ કરવો. '**રસપરિત્યાગ, વિક્તશય્યાસન,...**' એકાંતમાં રહેવું. .. આદિનો સંગ નહિ. '**કાયક્લેશ ઐસે બાહ્ય છહ પ્રકારકે તપ ઔર પ્રાયશ્ચિત,...**' લાગ્યા પાપનું પ્રાયશ્ચિત કરવું, વિનય કરવો,

'વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ,...' એટલે કાયોત્સર્ગ, પછી 'ધ્યાન ઐસે છ પ્રકારકે અંતરંગ તપ--ઈસપ્રકાર બારહ પ્રકારકે નિર્મલ તપ ઔર જીવ-અજીવ આદિ પદાર્થોંકા...' પણ અંદરમાં ઈચ્છા નિરોધ થઈને જે થાય એ, એમ. 'णाणं' કહ્યું છે ને 'णाणं' 'ण्हाएउ मुणी' હતું પહેલામાં, અહીં 'णाणं' છે.

'જીવ-અજીવ આદિ પદાર્થોંકા યથાર્થ જ્ઞાન,...' એ જીવ ને અજીવ, પુણ્ય ને પાપ ને આત્મા એનું ભિન્ન યથાર્થ જ્ઞાન એ તીર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'યે ભી યદિ શાંતભાવસહિત હોં,...' તો, એમ. એમાં પણ કષાયરહિત હોય, 'કષાયભાવ ન હો તબ નિર્મલ તીર્થ હૈં,...' આહાહા..! 'ક્યોંકિ યદિ યે ક્રોધાદિભાવસહિત હોં તો મલિનતા હો...' એમ. મલિનતા એ કોઈ તીર્થ નથી. નિર્મળ આત્માનો સ્વભાવ રાગરહિત, ક્રોધરહિત, કષાયરહિત, એવા જે આત્માના વીતરાગી પરિણામ તેને અહીંયાં તીર્થ કહેવામાં આવે છે. આહાહા..! બીજામાં તીર્થપણું હોતું નથી. ભાવતીર્થ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૧, ગુરુવાર તા. ૨૦-૧૨-૧૯૭૩**
**ગાથા - ૨૮ થી ૩૨, પ્રવચન - ૭૨**

.. બીજા બોલ છે ને ૧૧. ૯ બોલ ચાલ્યા. ૧૦મો બોલ છે. અર્હંત કોને કહેવા. એ વખતે ફેરફાર થઈ ગયો હતો ને અરિહંતના નામે. તેથી અરિહંતનું સ્વરૂપ વાસ્તવિક કેવું છે? એ વર્ણવે છે.

મુમુક્ષુ :- ભાવાર્થ બાકી છે.

ઉત્તર :- ભાવાર્થ બાકી રહ્યો.

'ભાવાર્થ :- જિનમાર્ગમેં તો ઈસપ્રકાર તીર્થ કહા હૈ. લોગ સાગર-નદિયોંકો તીર્થ માનકર સ્નાન કરકે પવિત્ર હોના ચાહતે હૈં; વહાં શરીરકા બાહ્યમલ ઈનસે કુછ ઉતરતા હૈ પરંતુ શરીરકે ભીતરકા ધાતુ-ઉપધાતુરૂપ અંતર્મલ ઈનસે ઉતરતા નહીં... ' શરીરનો અંતરનો ધાતુ મેલ નહિ ઉતરે તો પછી રાગ-દ્વેષ તો ક્યાંથી ઉતરે? એમ કહે છે. ઉપરનો મેલ ઉતરે, પણ શરીરનો અંદરનો મેલ ન ઉતરે.

'તથા જ્ઞાનાવરણ આદિ કર્મરૂપ મલ ઔર અજ્ઞાન રાગ-દ્વેષ-મોહ આદિ ભાવકર્મરૂપ મલ આત્માકે અંતર્મલ હૈં, વહ તો ઈનસે કુછ ભી ઉતરતે નહીં હૈં,...' નદીમાં ન્હાય. ગંગા ને શેત્રુંજય. કાંઈ ન મળે. રાગ-દ્વેષ તો જતા નથી. અંતર શરીરનો મેલ અંદરનો જતો નથી તો રાગ-દ્વેષ ક્યાંથી જાય? 'હિંસાદિકસે પાપકર્મરૂપ મલ લગતા હૈ,...' લ્યો! સ્નાન કરવાથી પાણીના જીવ મરે. 'ઈસલિયે સાગર નદી આદિકો તીર્થ માનના ભ્રમ હૈ. જિસસે તિરે સો તીર્થ હૈ,...' લ્યો!

આત્મા પોતાના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ ચારિત્ર એનાથી તરે, એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તીર્થ છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપની શ્રદ્ધા જ્ઞાન અને રમણતા દ્વારા ભવ સાગરથી તરે એ તીર્થ કહેવામાં આવે છે. બહારના તીર્થ તો વ્યવહારે.

'આગે અરહંતકા સ્વરૂપ કહતે હૈં :—'

णामे ठवणे हि संदव्वे भावे हि सगुणपज्जाया।
चउणागदि संपदिमे भावा भावंति अरहंतं।।२८।।

જેનું નામ અરિહંત. એ અહીં ગુણવાળું લેવું છે. એકલું નામનિક્ષેપ નહિ. ચાર નિક્ષેપ છે એ અહીં નથી લેવું. '**સ્થાપના,...**' બીજી રીતે લીધી ભાષા. '**દ્રવ્ય, ભાવ યે ચાર ભાવ અર્થાત્ પદાર્થ હૈં યે અરહંતકો બતલાતે હૈં...**' અરિહંતને બતાવે છે. '**સગુણપર્યાયાઃ અર્થાત્ અરહંતકે ગુણ-પર્યાયોં સહિત...**' અરિહંતના ગુણો અને એની પર્યાયસહિત અને '**ચઉણા અર્થાત્ ચ્યવન...**' અરિહંત ક્યાંથી આવે અને ક્યાં જાય? '**આગતિ વ સંપદા...**' સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં કહે છે ને કે ત્રિશલાના કુખે... દેવાનંદાની કુખેથી ત્રિશલાની કુખે આવ્યા. એમ ન હોય એમ બતાવવા માગે છે. તીર્થંકર તો .. હોય એ તો સ્વર્ગ-નરકથી આવે. અરિહંત જે થાય એ કાં સ્વર્ગમાંથી આવે અને કાં નરકમાંથી આવે. શું?

મુમુક્ષુ :- સ્વર્ગમાંથી આવે અને નરકમાંથી આવે?

ઉત્તર :- તીર્થંકર નરકમાંથી આવે? નરકમાંથી આવે. આ શ્રેણિક રાજા. નરકમાં છે ને અત્યારે. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. સ્વર્ગ અને નરકમાંથી આવે પણ મનુષ્ય મરીને મનુષ્ય થાય તીર્થંકર એ ન હોય એમ કહે છે. પહેલાં દેવાનંદાની કુખે હતા બાકી ઓલા ત્યાંથી ફેરવીને આવ્યા ત્રિશલાની કુખે, એ નથી એમ બતાવે છે અહીંયા. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો આવે છે ને સ્વર્ગમાંથી .. આવ્યા. પહેલા આવ્યા દેવાનંદા આ બ્રાહ્મણીની કુખે. ત્યાં બાકી રાત રહ્યા. પછી ઈન્દ્રે આવીને ત્રિશલાની કુખે મૂક્યા. ..મૂક્યા ઈન્દ્રે મૂક્યા? એ મોટો ફેરફાર આખો થઈ ગયો છે.

મુમુક્ષુ :- દેવાનંદાની કુખ...

ઉત્તર :- .. મેળ વિનાની વાતું છે બધી. એવી વાત છે બધી.

આ તો જૈનધર્મ વીતરાગ. .. છે? ગાંધી? સમજાણું કાંઈ? આહાહા..! ધર્મ ચીજ એવી ઝીણી છે. અરિહંતને ઓળખવા એ એમાં છે. એય..! ભગવાનજીભાઈ! આહાહા..! શ્વેતાંબરમાં આખું અરિહંતનું સ્વરૂપ જ ફેરવી નાખ્યું આખું. એ માટે આ વાત કરે છે. ચ્યવન છે ને શબ્દ? ચ્યવન. એ મનુષ્યમાંથી ફરીને મનુષ્યમાં આવે એમ ન હોય. એ સ્વર્ગ અને નરકમાંથી જ આવે. સમજાણું કાંઈ? અરિહંતનું સ્વરૂપ આખું ફેરફાર કરી નાખ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એવા ખોટા. .. એટલે? એ ખોટી વાત છે બધી. એ માટે તો અહીં કુંદકુંદાચાર્ય ખુલાસા કરે છે. એનું **'ચ્યવન ઔર આગતિ વ સંપદા ઐસે યે ભાવ અરહંત કો બતલાતે હૈં.'**

**'ભાવાર્થ :- અરહંત શબ્દસે યદ્યપિ સામાન્ય અપેક્ષા કેવલજ્ઞાની હોં... '** લ્યો આવ્યું. કેવળજ્ઞાની અને તીર્થંકર બધા અરિહંતમાં આવી જાય. પણ **'વે સબ હી અરહંત હૈં તો ભી યહાં તીર્થંકર પદકી પ્રધાનતાસે કથન કરતે હૈં...'** અરિહંત કેવળજ્ઞાની પણ હોય છે. એની અહીં વાત નથી. કારણ કે જે કેવળજ્ઞાની થવાના હોય એ તો પછી કોઈ મનુષ્યમાંથી આવ્યા હોય કે પશુમાંથી આવ્યા હોય. મનુષ્ય થઈને. .. કેવળજ્ઞાન પામે. પણ અહીં તો તીર્થંકરની વાત છે. એ તીર્થંકર મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. એ પશુમાંથી તીર્થંકર ન થાય. એ વાત સિદ્ધ કરવા અરિહંતનું સ્વરૂપ ખાસ... જુઓ ભગવાનનું .. એ વર્ણવે છે.

**'નામાદિકસે બતલાના કહા. લોકવ્યવહારમેં નામ આદિકી પ્રવૃત્તિ ઈસપ્રકાર હૈ— '** આ લોક વ્યવહારમાં આપણે. ચાર નિક્ષેપ. **'જો જિસ વસ્તુકા નામ હો વૈસા ગુણ ન હો ઉસકો નામનિક્ષેપ કહતે હૈં.'** એ અહીં નથી લેવું. નામનિક્ષેપ અત્યારે નથી લેવું. ધનલક્ષ્મી છે નામ ફલાણું હોય જરી.. એ નામ. એ અહીં નથી લેવું. અહીં તો ગુણવાળું નામ લેવું છે. **'જિસ વસ્તુકા જૈસા આકાર હો ઉસ આકારકી કાષ્ઠ-પાષાણાદિકકી મૂર્તિ... '** લાકડાની-પત્થરની **'મૂર્તિ બનાકર ઉસકા સંકલ્પ કરે ઉસકો સ્થાપના કહતે હૈં.'** એ અહીં નથી લેવી. આ સ્થાપના જે ભગવાનની મૂર્તિ છે એ નિક્ષેપ છે. સ્થાપના નિક્ષેપ છે ભગવાનનો. એ વ્યવહારની પ્રવૃત્તિમાં છે. નિશ્ચયમાં એ વાત આહીં નથી. સમજાણું કાંઈ?

**'જિસ વસ્તુકી પહિલી અવસ્થા હો ઉસહીકો આગેકી અવસ્થા પ્રધાન કરકે કહે ઉસકો દ્રવ્ય કહતે હૈં.'** પહેલી અવસ્થા હોય અને પછી કહે, શેઠ! બાળક હોય એને શેઠ કહે. **'આગેકી અવસ્થા પ્રધાન કરકે કહે ઉસકો દ્રવ્ય કહતે હૈં.'** ચાર નિક્ષેપની વાત કરી હોં. વ્યવહારની વાતમાં અંદર આ છે. **'વર્તમાનમાં જો અવસ્થા હો ઉસકો ભાવ કહતે હૈં. ઐસે ચાર નિક્ષેપકી પ્રવૃત્તિ હૈ. ઉસકા કથન શાસ્ત્રમેં ભી લોગોંકો સમજાનેકે લિયે કિયા હૈ.'** એ અહીંયાં વાત નથી કરવી એમ કહેવું છે. **'નિક્ષેપ વિધાન દ્વારા નામ, સ્થાપના દ્રવ્યકો ભાવ ન સમજે;...'** કેમ સમજાવ્યું છે એમાં ચાર નિક્ષેપનું શાસ્ત્રમાં? કે **'નામકો નામ સમજે, સ્થાપનાકો સ્થાપના સમજે, દ્રવ્યકો દ્રવ્ય સમજે, ભાવકો ભાવ સમજે, અન્યકો અન્ય સમજે, અન્યથા તો વ્યભિચાર નામકા દોષ આતા હૈ. ઉસે દૂર કરનેકે લિયે લોગોંકો યથાર્થ સમજાને કો શાસ્ત્રમેં કથન હૈ. '** ચાર નિક્ષેપનો. નામનિક્ષેપમાં દ્રવ્ય ન આવી જાય, દ્રવ્યમાં ભાવ ન આવી જાય, ભાવમાં સ્થાપના ન આવે. ચારની ભૂમિકા બતાવવા લોકોમાં ચાર સ્થાપના વ્યવહારે છે.

**'કિંતુ યહાં વૈસા નિક્ષેપકા કથન નહીં સમજાના.'** અહીંયાં એમ નહિ. અહીં તો આખું ગુણથી

વર્ણન કરવામાં આવે છે. '**યહાં તો નિશ્ચયકી પ્રધાનતાસે કથન હૈ સો જૈસા અરહંતકા નામ હૈ વૈસા હી ગુણ સહિત નામ જાનના,...**' અરિહંતનું નામ છે એ ગુણસહિત નામ જાણવું. એકલું અરિહંત કહેવાય. દુશ્મનને મારે એને અરિહંત કહેવાય આ બહારમાં. મારે નહિ અને એકલું નામ આપે તો અરિહંત કહેવાય. એ નહિ અહીંયાં. અહીંયાં તો '**અરિહંતકા નામ હૈ વૈસા હી ગુણ સહિત નામ જાનના,...**' સ્થાપના '**જૈસી ઉનકી દેહ સહિત મૂર્તિ...**' એ લેવું. આ સ્થાપના નહિ. આ સ્થાપના વ્યવહારમાં જાય છે. આહાહા..! '**જૈસા ઉસકા દ્રવ્ય હૈ...**' એટલે વસ્તુ. એનો આત્મા. '**વૈસા દ્રવ્ય જાનના, ઔર જૈસા ઉસકા ભાવ હૈ વૈસા હી ભાવ જાનના.** '

'**ઈસપ્રકાર હી કથન આગે કરતે હૈં. પ્રથમ હી નામકો પ્રધાન કરકે કહતે હૈં :—**' લ્યો! હવે અરિહંતનું નામ તે ગુણનિષ્પન્ન છે. એવા ગુણનિષ્પન્નના નામને અરિહંત કહેવામાં આવે છે.

**दंसण अणंत णाणे, मोक्खो णट्ठट्ठकम्मबंधेण।**
**णिरुवमगुणमारूढो, अरहंतो एरिसो होइ।।२९।।**

જુઓને આચાર્યને એમ કહેવું છે. અરિહંત આવા હોય.

'**અર્થ :- જિનકે દર્શન ઔર જ્ઞાન યે તો અનંત હૈં,...**' આહાહા..! જેની દર્શન અને જ્ઞાનની પર્યાય અનંત છે. અનંતને જાણે અને દેખે છે. એવા અરિહંત. છે ને '**दंसण**' અને જ્ઞાન સાથે ભેગું નાખ્યું. ઓલામાં ફેર છે ને એમાં ભાઈ! દર્શન અને જ્ઞાન વારાફરતી હોય. એ અહીં નહિ. એની સામે આ વાત છે. અનંત છે એક સમયમાં. ભગવાનને દેખવું અને જાણવું એક સમયમાં અનંત છે. પહેલે સમયે દેખે અને બીજે સમયે જાણે એ અરિહંતની .. જ નથી.

મુમુક્ષુ :- અડધો કાળ જ્ઞાન વગરનો...

ઉત્તર :- જ્ઞાન વગરનો અને અડધો જ્ઞાન દર્શન વિનાનો. એમ નથી. બહુ ફેરફાર કરી નાખ્યો ભાઈ! શ્વેતાંબરે જૈનદર્શનમાંથી ભ્રષ્ટ થઈને નીકળ્યા, ઘણો ફેરફાર કર્યો. બહુ આકરી વાત છે આખી. રૂઢીગતના માનનારાને આ બધું આકરું લાગે. આ સુધરેલાઓને હજી બહુ કાંઈ પડ્યા ન હોય. નવનીતભાઈ! અન્યમાં એવા સુધરેલા બહુ પડ્યા ન હોય. એને નવું સાંભળવાનું... પણ જૂના માણસ જે થઈ ગયા હોય એને, અમારો ધર્મ ખોટો છે એમ કહે. બાપુ! આ તો પરમસત્ય વીતરાગ પરમાત્માએ કહેલું છે. અરિહંતનું સ્વરૂપ તો એણે જાણવું જોઈશે. આહાહા..!

ભગવાન તો અનંત દર્શન અને જ્ઞાનસહિત છે એમ કહે છે. એક સમયમાં સાથે. એ અંત આવી ગયો. જ્ઞાનનો એક સમય અને બીજે સમયે દર્શન અને ત્રીજે સમયે જ્ઞાન એમ આવે શ્વેતાંબરમાં. સૂત્ર ૩૨, ૪૫. બધી કલ્પના જુદી વાત છે. આકરી વાતું ભારે. સંપ્રદાય બંધાઈને તત્ત્વની વાત એવી ફેરફાર થઈ ગઈ. કહો, કાંતિભાઈ! તમારે ત્યાં એમાં પડ્યા હતા? ઓલામાં પણ પડ્યા નથી. આવ્યું ત્યારે આ આવ્યું. ઓળખો છોને? મંદિરમાં રહે છે. બ્રહ્મચારી છે પોતે અને લાખોપતિ માણસ છે. પંદરસોનો

પગાર છે માસિક. પ્લેનમાં નોકરી. પંદરસોનો માસિક પગાર હોં. આ નિવૃત્તિ માટે. વાંચન ને શ્રવણ મળે વધારે. સમજાણું કાંઈ? એ કહ્યું છે... સ્થાનકવાસી હતા નહિ? સ્થાનકવાસી છે. અહીં તો વાસી કાંઈ નહિ. વીતરાગ છે તે માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અનંત જ્ઞાન અને અનંત જેને દર્શન છે. આહાહા..! સર્વજ્ઞ અરિહંત તો એને કહીએ. અહીં તીર્થંકરની પ્રધાનતાથી વાત છે હોં. કે એક જ સેકન્ડના અસંખ્ય ભાગમાં જેને અનંતુંજ્ઞાન અને અનંતુંદર્શન એક સમયે અદ્‌ભુત જેની શક્તિ. દર્શનમાં સામાન્યપણે દેખે ભેદ પાડ્યા વિના અને જ્ઞાનમાં ભેદ પાડીને એક-એક સમયની પર્યાય, ગુણ, દ્રવ્ય આદિ. એવી જેની પર્યાયની અદ્‌ભૂતતા છે એને અહીંયા અરિહંત કહેવામાં આવે છે. નમો અરિહંતાણંની હજી ખબર ન મળે. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં હાંકે જાય છે ગાડા. થઈ રહ્યું.

'**ઘાતિકર્મકે નાશસે સબ જ્ઞેય પદાર્થોંકો દેખના વ જાનના હૈ,...**' લ્યો! છે ને? '**સબ જ્ઞેય પદાર્થોંકો દેખના વ જાનના હૈ,...**' આહાહા..! એ '**अणंत णाणे**'માંથી લીધું છે. . હવે આવશે. સબ જ્ઞાન દર્શન .. એ ઘાતિકર્મનો નાશ થઈ ગયો છે. આહાહા..! પોતાને ખુલી ગયું છે બધું.'**સબ જ્ઞેય પદાર્થોંકો...**' ત્રણ કાળના જ્ઞેયો એટલે જ્ઞાનમાં જણાય એવી ચીજ, દ્રવ્ય, ગુણ અને પર્યાય બધાને એક સમયમાં ભગવાન જાણે અને દેખે છે. આહાહા..! આવી અરિહંતની પર્યાય આવડી મહા સામર્થ્યવાળી. એવો આત્મા એને અરિહંત કહીએ, કહે છે.

વળી '**અષ્ટ કર્મોંકા બંધ નષ્ટ હોનેસે મોક્ષ હૈ.**' '**मोक्खो णट्ठट्ठकम्मबंधेण**' આઠેય કર્મનો બંધનો નાશ કર્યો. છે તો અરિહંત. પણ એક અપેક્ષાએ આઠેય કર્મનો નાશ કહેવામાં આવે છે. ચાર તો નાશ જ છે અને ચાર નાશ થવાને લાયક છે અને એને બંધ છે નહિ. એ અપેક્ષાએ આઠ કર્મનો નાશ કહેવામાં આવે છે. '**યહાં સત્ત્વકી ઔર ઉદયકી વિવક્ષા ન લેના,...**' કર્મનો ઉદય અને સત્તા પડી છે એમ ન લેવું અહીંયા. '**કેવલીકે આઠોં હી કર્મકા બંધ નહીં હૈ.**' લ્યો બંધ નહિ એમ. બંધને માટે આઠેય કર્મ છૂટ્યા છે.

'**યદ્યપિ સાતા વેદનીયકા આસ્રવ ભાવ બંધ સિદ્ધાંતમેં કહા હૈ...** ' શાતાવેદનીય એક સમયના રજકણો કેવળી તીર્થંકરને પણ આવે એમ કહ્યું છે. '**તથાપિ સ્થિતિ-અનુભાગરૂપ બંધ નહીં હૈ,...**' સ્થિતિ નથી અને એક સમય છે. '**ઈસલિયે અબંધતુલ્ય હી હૈં.**' એ અપેક્ષાએ અબંધતુલ્ય માટે આઠ કર્મનો નાશ છે એમ છે. '**ઈસપ્રકાર આઠોં હી કર્મબંધકે અભાવકી અપેક્ષા ભાવમોક્ષ કહલાતા હૈ...**' જુઓ! અરિહંતને ભાવમોક્ષ છે. આહાહા..! અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, પૂર્ણ પ્રગટ દશા થઈ ગઈ છે એને. જે જીવને મોક્ષ સાધ્ય છે એને આ અરિહંતને ઓળખવા પડશે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આઠોં હી કર્મબંધકે અભાવકી અપેક્ષા ભાવમોક્ષ કહલાતા હૈ ઔર ઉપમારહિત ગુણોંસે**

**આરૂઢ હૈં-સહિત હૈં.'** '**णिरुवमगुणमारूढो**' આહાહા..! જેના ગુણની ઉપમા શું કહેવાય? જેના એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય એવી જ પર્યાયની ઉપમા શું કહેવાય? કહે છે. એવા દર્શન, એવા આનંદની સ્વચ્છતા, પ્રભુતા અનંતા ગુણો પૂર્ણ ખીલી વિકસિત થઈ ગયા છે. અરિહંતને અનંતા ગુણોની રાશિ શક્તિરૂપ ધ્રુવરૂપ હતી એ વર્તમાન પર્યાયરૂપ વિકસી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ છે. એને અહીંયા અરિહંત કહેવામાં આવે છે. આહાહા..! કમળ જેમ લાખ પાંખડીનું હોય એ ખીલે એમ દેખાય, એમ આખી પૂરી શક્તિ ખીલી ગઈ છે. બપોરે વર્ણવાય છેને શક્તિ? એવી અનંતી શક્તિનો પિંડ જે ધ્રુવ હતો એમાંથી બધી વ્યક્તિ, શક્તિમાંથી વ્યક્તિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે. વ્યક્તિ એટલે એક વ્યક્તિ જીવ એમ નહિ ત્યાં. વ્યક્તિ એટલે પ્રગટતા. આહાહા..!

જેમ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ શક્તિરૂપે છે. પીપરનો દાણો લીંડીપીપર. એ પ્રગટ થાય છે. એ વ્યક્તિ કહેવાય પ્રગટ. એમ ભગવાન આત્મામાં અંદર શક્તિરૂપે અંદર અનંત શક્તિઓ છે, એની વ્યક્તિરૂપે પ્રગટરૂપે દશા અનંતી પ્રગટ થઈ ગઈ. આહાહા..! એક અરિહંતને જાણે તો એ આત્માને જાણે. આહાહા..! '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' દ્રવ્ય, ગુણ અને પર્યાય અરિહંતના જાણે તે '**सो जाणदि अप्पाणं**' એ આત્માને જાણે. એ આત્માની સાથે મેળવે. કે આનું દ્રવ્ય, ગુણ આવા અને પર્યાય આવી, એ મારામાં છે કે નહિ? એની પર્યાયનું વલણ દ્રવ્ય ઉપર કરીને સમ્યગ્દર્શન પામીને પૂર્ણ સાધન કરીને કેવળજ્ઞાન પામ્યા. માર્ગ એવો માર્ગ છે. આહાહા..! પરના આલંબન વિનાનો અને વસ્તુના આલંબનવાળો. પોતાની નિજ વસ્તુનું આલંબન. એવા ભગવાનને '**ઉપમારહિત ગુણોંસે આરૂઢ હૈં-સહિત હૈ.**' એમ. ગુણ શબ્દે અહીં પર્યાય છે. જેની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ છે એવા ગુણોના સમૂહમાં જેની આરૂઢતા થઈ છે એને અરિહંત કહીએ. '**ઈસપ્રકાર ગુણ છદ્મસ્થમેં કહીં ભી નહીં હૈં,...**' આવા ગુણ છદ્મસ્થના કોઈ દિ' હોય નહિ. '**ઈસલિયે જિનમેં ઉપમારહિત ગુણ હૈં ઐસે અરહંત હોતે હૈં.**' લ્યો! આને અરિહંત કહેવામાં આવે છે.

'**ભાવાર્થ :- કેવલ નામમાત્ર હી અરહંત હો ઉસકો અરહંત નહીં કહતે હૈં.**' નામમાત્ર તો અરિહંત તો ઘણા નામ આપે. '**ઈસપ્રકારકે ગુણોંસે સહિત હોં ઉનકા નામ અરહિંત કહતે હૈં.**' લ્યો!

'આગે ફિર કહતે હૈં :—'

जरवाहिजम्मरणं, चउगइगमणं च पुण्णपावं च।
हंतूण दोसकम्मे, हुउ णाणमयं च अरहंतो।।३०।।

..ના અર્થમાં આ અગાસમાં અર્થ કર્યો છે ને એમાં વ્યાધિનો અર્થ મૂકી દીધો. .. ગાયન બનાવ્યું. અર્થમાં છોડી દીધું. જરા વ્યાધિ છે ને? એ વ્યાધિ છે એ એમ કે એમાં એ શબ્દ પડ્યો છે અર્થમાં. કડી બનાવી એમાં છે. પાઠ છે. આવે છે ખરું ને શરીર હોય એને રોગ હોય, ફલાણું હોય. ૨૯માં આવે છે.

.. હતા, એમ. અરિહંતને રોગ હોય જ નહિ. સમજાણું? મહાશાતા . અશાતા એની ટળી ગઈ છે... એને રોગ છે શા? એ શ્વેતાંબર કહે છે ને એને છ મહિના સુધી રોગ થયો હતો ભગવાનને. અતિસાર. લોહીખંડ ઝાડો છ મહિના રહ્યો. ગોશાળે નાખી લેશ્યા, સમવસરણમાં ભગવાનને નામે... સમજાણું કાંઈ? છ મહિના ભગવાનને પણ રોગ રહ્યો એ વાત સાચી છે નહિ એમ કહે છે. ઝીણી વાતું બાપુ! મારગડા જુદા છે. અરિહંતનો માર્ગ આખો જુદો છે. દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. .. શબ્દ પડ્યો રહ્યો. એ પડ્યો રહ્યો એમ લાગે છે. ભગવાનને રોગ હોય નહિ એની મશ્કરી કરે છે. .. પડે છે?

અરિહંતને 'જરા...' ન હોય. એ એનું શરીર જીર્ણ ન થાય. કરોડ વર્ષ રહે, કરોડ પૂર્વ રહે તોપણ શરીર જીર્ણ ન થાય. મહાપુણ્યપ્રકૃતિ લઈને આવ્યા છે ને. અને તીર્થંકર પ્રકૃતિ છે. પરમ ઔદારિક શરીર તો પહેલેથી હોય છે, જન્મે ત્યારથી. ઘડપણ એને આવે જ નહિ. એવી એની શરીરની દશા હોય છે. 'વ્યાધિ,...' હોય નહિ એને અને 'બુઢાપા...' હોય નહિ. જરા એટલે બુઢાપા. જરાની વ્યાખ્યા બુઢાપા. 'વ્યાધિ,...' રોગ ન હોય અરિહંતને. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં ભગવતીના ..માં શતકમાં આવે છે. ગોશાળે તેજો લેશ્યા... છ મહિના રોગ રહ્યો. દવા લેવા સાધુ ગયા. દવા લાવ્યા, રોગ મટી ગયો. દવા ખાધી. એમ નથી ભાઈ! એ વસ્તુ બધી કલ્પિત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એણે કહ્યો માર્ગ અને એનું સ્વરૂપ એ દિગંબર ધર્મમાં છે એ સત્ય છે. સમજાણું કાંઈ? એને રોગ ન હોય ભગવાનને. શરીરને રોગ ન હોય હોં. આત્માને તો રોગ ક્યાં છે?

'રોગ,...' ન હોય રોગ. 'જન્મ...' ન હોય એને. દેહ છૂટ્યા પછી એને જન્મ ન હોય. ભગવાનને પછી 'મરણ,...' પણ ન હોય. મરણ તો એને કહીએ કે પાછો જન્મ લે તો મરણ કહીએ. એ તો મોક્ષ જવાના. અરિહંત તો દેહ છૂટે એટલે મોક્ષ પરમાત્મપદ સિદ્ધપદ. નમો સિદ્ધાણં. આહાહા..! લોકોને ક્યાં નવરાશ છે આ? સંસારના પાપ આડે. રળવું.. રળવું... આહાહા..! ભગવાન કેવા હતા ને કોણ હતા એ જાણવાની દરકાર પણ ક્યાં છે? લ્યો હવે .. પાછો. એને મરણ ન હોય. અરિહંતને મરણ નહિ. દેહ ન છૂટે? પણ દેહ છૂટે એ મરણ ક્યાં છે? એ તો કેવળજ્ઞાનસહિત સિદ્ધપદમાં જવાના છે. જન્મ થાય એને મરણ કહેવાય. મરીને જન્મે એને મરણ કહેવાય. આહાહા..! લ્યો તલકશીભાઈ ઊડી ગયા અંદર. સૂતા ક્યારે મર્યા એની ખબર ન પડે કહો. આહાહા..! અગ્યાર વાગ્યા સુધી તો વાતું કરતા હતા અને કરોડપતિ માણસ. છોકરાઓ કરોડપતિ બેય.

મુમુક્ષુ :- શું કામ આવ્યા?

ઉત્તર :- ધૂળેય ન આવ્યા. આમ પડ્યા રહ્યા. એ વખતે શ્વાસ કેમ થયો એ કોઈ સામું જોનાર ન મળે. તલકશીભાઈ હતા આપણે વઢવાણ શહેરના અગ્રેસર. રામજીભાઈના મિત્ર બધા.

મુમુક્ષુ :- પ્રમુખ હતા.

ઉત્તર :- પ્રમુખ. વઢવાણના .. છોકરાઓ બે.

મુમુક્ષુ :- લાખોની સંપત્તિ...

ઉત્તર :- કરોડો રૂપિયા છોકરા પાસે છે.

મુમુક્ષુ :- શાંતિથી તો ..

ઉત્તર :- ધૂળેય શાંતો નથી. રૂપિયા .. હોળી છે. આહાહા..! અગ્યાર વાગ્યા સુધી, કહે, વાતું કરતા હતા. સૂતા પછી બે વાગ્યા જોવા ગયા. એક બાઈ છે રાંધનારી, કામ કરનારી. વયા ગયા. શેઠને કાંઈ નથી. આવો આવો જુઓ. કાંઈ ન મળે. આહાહા..! છોકરા પડ્યા રહ્યા મુંબઈ. પૈસા પડ્યા રહ્યા પૈસાને ઘરે. આહાહા..! શરીર પડ્યું રહ્યું શરીર. આહાહા..! અહીંથી જાવું છે ક્યાં એના કાંઈ ઠેકાણા ન મળે અને અહીં બધી સારસંભાળ. આહાહા..!

'**ચારોં ગતિયોંમેં ગમન,...**' ભગવાનને ન હોય. '**પુણ્ય-પાપ...**' ભગવાનને ન હોય. પૂર્વના પુણ્ય છે એ ગણતરીમાં ગણાય નહિ. '**દોષોંકો ઉત્પન્ન કરનેવાલે કર્મોંકા નાશ કરકે,...**' લ્યો! એને પુણ્યથી કર્મ બંધાય એ પણ નથી એમ કહે છે. '**કેવલજ્ઞાનમયી અરહંત હુઆ હો...**' .. છે ને? '**णाणमयं च अरहंतो**' એકલું જ્ઞાનની મૂર્તિ પ્રભુ થઈ ગયા. જેવો એનો સ્વભાવ ભગવાન આત્માનો જ્ઞાનમય... જ્ઞાનમય.. છે. એવી દશા જ્ઞાનમય થઈ ગઈ. એને અહીંયાં અરિહંત કહેવામાં આવે છે. આહાહા..!

'**ભાવાર્થ :- પહલી ગાથામેં તો ગુણોંકે સદ્ભાવસે...**' '**પહલી ગાથામેં તો ગુણોંકે સદ્ભાવસે અરહંત નામ કહા ઔર ઈસ ગાથામેં દોષોંકે અભાવસે અરહંત નામ કહા.**' અસ્તિ-નાસ્તિ. ભગવાનને '**રાગ,...**' ન હોય. '**દ્વેષ,...**' ન હોય. અરિહંતને કોઈ ઉપર દ્વેષ ન હોય, '**મદ,...**' ન હોય, અભિમાન ન હોય. '**મોહ,...**' ન હોય, '**અરતિ,...**' દિલગીરી ન હોય, '**ચિંતા,...**' ન હોય. '**ભય,...**' ન હોય, '**નિદ્રા,...**' ન હોય. નિદ્રા કેવી? .. નાશ થઈ ગયોને ભાઈ. '**વિષાદ, ખેદ,...**' વિષાદ ન હોય. આ દિલગીરી આદિ. ખેદ ન હોય. '**વિસ્મય,...**' ન હોય. એને વિસ્મય ન હોય. વિસ્મય શું હોય? ત્રણ કાળ ત્રણ લોક જાણે એને વિસ્મય કેવા? આહાહા..! આવા અરિહંતના ગુણોને ઓળખીને અરિહંતપણું જણાય. અને એ અરિહંત આવા હોય એમ જાણે એ આત્મા આવો થઈ શકે છે. એમ એને અરિહંતની શ્રદ્ધા એટલે આત્માની શ્રદ્ધા થાય.

'**ઔર...**' અરિહંતને '**ક્ષુધા,...**' ન હોય. લ્યો એ આવ્યું. ભગવાનને ક્ષુધા લાગી. દવા લઈ આવ્યા. દવા ખાધી, બધા ખુશી થયા . એવો પાઠ આવે છે પંદરમા શતકમાં. બધું કલ્પિત બનાવેલું છે. પણ શું થાય અત્યારે મોટો સંપ્રદાય એ. વસ્તુ કાંઈ ખબર રહી નહિ. જ્યારથી આ માર્ગ જુદા પડ્યા એની ખબર ન મળે. આહાહા..! તીર્થંકરના શરીરને ક્ષુધા ન હોય, કેવળ વખતે હોં. '**તૃષા,...**' ન હોય એને. પાણી પીવાનું ન હોય એને. '**જન્મ,...**' નહિ, '**જરા,...**' નહિ, '**મરણ,...**' નહિ. એ આ અઘાતિની વાત છે. ઘાતિના આટલા દોષ. મરણ ન હોય અને '**રોગ ઔર સ્વેદ...**' સ્વેદ એટલે

પરસેવો. ભગવાનના શરીરમાં પરસેવો ન હોય. '**યે સાત દોષ અઘાતિકર્મકે ઉદયસે હોતે હૈં.**' લ્યો! ૧૧ અને ૭–અઢારદોષ રહિત અરિહંત હોય. આ કહ્યા એ અઢાર દોષ રહિત હોં. એ કહે છે ખરા અઢાર, પણ બીજા.

મુમુક્ષુ :- અશુદ્ધિ..

ઉત્તર :- હા એ ન આવે. ક્ષુધા, તૃષા, રોગ એ ન આવે.આહાહા..! આવી વાત ઝીણી છે બહુ.

'**અઘાતિકર્મમેં ઈન દોષોંકો ઉત્પન્ન કરનેવાલી પાપ પ્રકૃતિયોંકે ઉદયકા અરહંતકો અભાવ હૈ ઔર રાગદ્વેષાદિક દોષોંકા ઘાતિકર્મકે અભાવસે અભાવ હૈ. યહાં કોઈ પૂછે—અર્હંતકો મરણકા ઔર પુણ્યકા અભાવ કહા; મોક્ષગમન હોના યહ મરણ અરહંતકે હૈ...**' ભગવાનનો દેહ છૂટી જાય છે તો મરણ છે. એમ પ્રશ્ન કરે છે શિષ્ય. '**પુણ્યપ્રકૃતિયોંકા ઉદય પાયા જાતા હૈ,...**' પુણ્ય પ્રકૃતિનો ઉદય છે એમને. '**ઉનકા અભાવ કૈસે? ઉસકા સમાધાન :- યહાં મરણ હોકર ફિર સંસારમેં જન્મ હો ઈસપ્રકારકે મરણ કી અપેક્ષા યહ કથન હૈ,...**' મરીને જન્મે એને અહીં મરણ કહેવામાં આવે છે. એ મરણ નથી. દેહ છૂટીને કેવળ(સહિત) મોક્ષ પધારશે. આહાહા..!

'**મરણ અરહંતકે નહીં હૈ; ઉસીપ્રકાર જો પુણ્યપ્રકૃતિકા ઉદય પાપપ્રકૃતિ સાપેક્ષ કરે...** ' લ્યો! પુણ્ય પ્રકૃતિનો ઉદય પાપપ્રકૃતિ સાપેક્ષ હોય '**ઈસપ્રકાર પુણ્યકે ઉદયકા અભાવ જાનના...**' આને તો પુણ્યપ્રકૃતિ, પાપપ્રકૃતિ છે નહિ. માટે પુણ્યનો અભાવ કહેવામાં આવે છે. '**બંધ-અપેક્ષા પુણ્યકા ભી બંધ નહીં હૈ.**' એક સમયનો બંધ છે ને એ. '**સાતાવેદનીય બંધે વહ સ્થિતિ-અનુભાગ વિના અબંધતુલ્ય હી હૈ.**' અનુભાગબંધ નહિ. વિશેષ નથી. એ તો કર્મની પર્યાય તો છે. પર્યાય છે તો અનુભાગ પણ છે એક સમયનો. .. કહ્યું ને? એક સમયની ગણતરીમાં, ગણતરીમાં ગણાવ્યું છે. કર્મપર્યાય થઈ ને? કર્મપર્યાય થઈ શી રીતે? અનુભાગ એ .. છે પણ એ કાંઈ વસ્તુ નથી. સ્થિતિ નહિ, અનુભાગ તીવ્ર નહિ, કર્મપણે રજકણ પરિણમ્યા એમાં તો અનુભાગ આવ્યા વિના કર્મ પરિણમે જ નહિ. અમથા પરમાણુ હતા અને કર્મપણે પરિણમ્યો એમાં ફેર પડ્યોને કંઈક ..માં અંદર. પણ એ અહીં ગણતરીમાં ગણવામાં આવતો નથી. એક સમયની.. એ તો વસ્તુની સ્થિતિ એવી છે.

'**અસાતાકા અત્યંતમંદ-બિલકુલ...** ' લ્યો! '**વેદનીયકા ઉદય ભી સિદ્ધાંતમેં કહા હૈ,...** ' '**કેવલીકે અસાતા વેદનીયકા ઉદય ભી...** ' શિષ્યનો પ્રશ્ન. '**ઉસકી પ્રવૃત્તિ કૈસે હૈ? ઉત્તર :- ઈસપ્રકાર જો અસાતાકા અત્યંતમંદ-બિલકુલ મંદ અનુભાગ ઉદય હૈ...**' એવો ઉદય ન હોય કે શરીરમાં રોગ આવે એને. મોટા દરિયાના પાણીમાં એક રાખની ચપટી નાખે જરી એ ક્યાંય ગણાય નહિ. એમ અશાતાનો ઉદય થોડો હોય, રજકણે થોડા આવે એની કાંઈ ગણતરી ગણાય નહિ. આહાહા..! જેનું સ્ફટિક જેવું તો શરીર, પરમૌદારિક શરીર ભગવાનનું હોય. જેના શરીરના જોડે ભામંડલ જોવે તો સાત ભવ દેખાય. એવાને રોગ કેવા?

'**સાતાકા અતિ તીવ્ર અનુભાગ ઉદય હૈ,...**' શાતાનો બહુ અનંતગણો ઉદય છે એમ કહે. '**ઉસકે વશસે અસાતા કુછ બાહ્ય કાર્ય કરનેમેં સમર્થ નહીં હૈ,...**' શાતાનો ઉદય અનંતગુણો છે ને એથી એના વશથી બાહ્ય પદાર્થમાં કાર્ય કરવામાં સમર્થ નથી. શરીરમાં રોગ આવે એવું હોય નહિ. ' '**સૂક્ષ્મ ઉદય દેકર ખિર જાતા હૈ તથા સંક્રમણરૂપ હોકર સાતારૂપ હો જાતા હૈ...**' બે વાત. સૂક્ષ્મ ઉદય દઈને ખરી જાય અથવા બદલીને ખરી જાય. '**સાતારૂપ હો જાતા હૈ...**' અશાતા પલટીને શાતા થઈ જાય એમ કહે. '**ઈસપ્રકાર જાનના.**' આહાહા..! આ તો અરિહંતને ઓળખાવે છે. આ તો અરિહંત કેવા હોય?

મુમુક્ષુ :- આમાં કર્મનીવાત...

ઉત્તર :- ...

'**ઈસપ્રકાર અનંત ચતુષ્ટયસહિત...**' અરિહંત ભગવાનને તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ એવા '**અનંત ચતુષ્ટયસહિત સર્વદોષરહિત...**' ગુણસહિત, દોષરહિત, એમ. અસ્તિ-નાસ્તિ કરીને પહેલી? '**સર્વજ્ઞ વીતરાગ હો ઉસકો નામસે અરહંત કહતે હૈં.**' એને નામથી અરિહંત કહેવાય એના નામ છે એવા એમાં ગુણ હોય તો નામ અરિહંત કહેવાય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહ્યું પહેલું. .. વ્યાધિરહિત, તૃષારહિત, રોગરહિત, શરીરમાં જરા ન હોય તો વળી રોગ કેવો? ગજબ ફેરફાર છે. વાડા બંધાઈ ગયા. બબ્બે હજાર વર્ષ પહેલાં શ્વેતાંબર નીકળ્યા દિગંબરમાંથી. અને એમાંથી સ્થાનકવાસી હમણા નીકળ્યા પાંચસો વર્ષે.

મુમુક્ષુ :- એ કહે છે, અમે અનાદિના છીએ.

ઉત્તર :- કહેને બધા કહે. કોઈ ના પાડે? આહાહા..! વીતરાગ માર્ગ દિગંબર ધર્મ અનાદિ મહાવિદેહમાં ચાલે છે તીર્થંકરનો. એવો અનાદિ માર્ગ એ હતો. ભગવાન પછી છસ્સો વર્ષે શ્વેતાંબર નીકળ્યા એમાંથી. બાર વર્ષના દુકાળમાં. પણ લોકોને પત્તો ન મળે એટલે જે કાંઈ માન્યું હોય એ મનાવીને ચાલ્યું. એ સ્થાનકવાસી તો હમણાં નીકળ્યા પાંચસો વર્ષ (પહેલા). મૂર્તિને ઉથાપી. માર્ગ તો અનાદિ સનાતન વીતરાગનો તો આ દિગંબર ધર્મ છે. એને જૈનધર્મનું જૈનદર્શન કહે છે. આમ વાત છે, ભાઈ! આવા અરિહંતને અરિહંત કહેવા. બીજી રીતે અરિહંતને કહે છે એ અરિહંતને જાણતા નથી. અરિહંતના ભક્ત પણ થઈ શકતા નથી. આહાહા..! બહુ ફેરફાર.

'**આગે સ્થાપના દ્વારા અરહંતકા વર્ણન કરતે હૈ :—**' આ સ્થાપના નહિ. આ વ્યવહાર સ્થાપના ભગવાનની મૂર્તિની. અને એ નિશ્ચય સ્થાપના.

गुणठाणमग्गणेहिं य, पज्जत्तीपाणजीवठाणेहिं।
ठावण पंचविहेहिं, पणयव्वा अरहपुरिसस्स।।३१।।

'**અર્થ :- ગુણસ્થાન, માર્ગણાસ્થાન,...**' ગુણસ્થાન તેરમું હોય અરિહંત ભગવાનને. સયોગી

કેવળી છે ને. માર્ગણાસ્થાન. એ આવશે... સ્વીકારવું એમ. .. એટલું છે. .. માર્ગ. નામ છે. ઉતારવું તમારી મેળે. એમ કહીને એમ કહેવા માગે છે કે અરિહંત છે. તેરમે ગુણસ્થાને છે એ. શરીરરહિત થઈ ગયા છે એમ નથી. શરીરસહિત હોવા છતાં કેવળજ્ઞાન અને કેવળદર્શન અને નિરોગ અવસ્થા છે એમ બતાવવું છે. શરીરસહિત હોવા છતાં જેને કેવળજ્ઞાન, કેવળદર્શન પૂર્ણ છે અને શરીર હોવા છતાં જેને ક્ષુધા, તૃષા અને રોગ નથી એમ કહે છે. એને અરિહંત કહેવામાં આવે છે. આહાહા..! .. મહાવીરની આજ્ઞા. ઓલો રજનીશ કહે છે ને. અઢાર દિ', આઠ અને દસ. આઠ દિ' શ્વેતાંબરના, દસ દિ' દિગંબરના. મહાવીરની આજ્ઞા. હવે ભાઈ એને મહાવીરની આજ્ઞા... આહાહા..!

વીતરાગ પરમેશ્વરે માર્ગ કોઈ.. એ વળી ગીતા .. સ્થાપે. એકકોર મહાવીર... આહાહા..! .. શું થાય ભાઈ? આ તો અરિહંત પરમેશ્વર તેરમે ગુણસ્થાનમાં બિરાજમાન હોય એને પૂર્ણ વીતરાગ હોય છે. કહે છે ને .. હમણા આવ્યું હતું છાપામાં? કે બધા પૂર્ણ લઈને જન્મ્યા. હું પૂર્ણ સ્વરૂપ, લગભગ પૂર્ણ થઈને આવ્યો છું. આહાહા..! એવું આવ્યું શેઠ! રજનીશનું. એમ શ્રીકૃષ્ણ, મહાવીર એ બધા પૂર્ણ લઈને જન્મેલા. એ માટે તો આ ખુલાસો કરે છે. હજી પૂર્ણ થયું નથી. પૂર્ણ તો અહીં થયું છે. પૂર્ણ થાય એને જન્મ હોય નહિ. જાતિસ્મરણની વાત આવી હતી એમાં રજનીશની. કેટલા ભવ કીધા નહિ? સાતસો વર્ષ ભવ વિના રહ્યો. ગપે ગપ બધા. અને સાતસો વર્ષ. આમ હતું ને આમ હતું. બૌદ્ધને પૂર્વે આ ભવ હતો, મહાવીર પૂર્વે આ હતા ને ફલાણું આ હતા. ગપેગપ માર્યા. .. હવે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય એમાં શું થયું?

અહીં તો તેરમે ગુણસ્થાન. ગુણસ્થાનના ચૌદ બોલ છે. ગુણસ્થાન એટલે મેડી ચડવાના જેમ પગથિયા હોય છે ને? એમ ધર્મના ચૌદ પગથિયા છે. એમાં તેરમે પગથિયે કેવળજ્ઞાન હોય. એવી દશા હોય છે. એ સિદ્ધ નથી થઈ ગયા. આહાહા..! એ વાણી હોય છે, ઉપદેશ હોય છે, એમ કહેવું છે. એને તેરમું ગુણસ્થાન વીતરાગ કેવળજ્ઞાની હોવા છતાં વાણી હોય, વિહાર હોય. કેમકે દેહની ક્રિયા, જડની ક્રિયા જડથી થાય, વાણી વાણીને કારણે થાય. આહાહા..! પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં અરિહંત સાક્ષાત્. એ તેરમે ગુણસ્થાને છે. સિદ્ધ થયા નથી હજી.

'**सजोइकेवलिय होइ अरहंतो**' લ્યો. અને યોગસહિત હોય એને. તેરમે ગુણસ્થાને હોય, કેવળજ્ઞાન .. હોય, છતાં યોગ હોય કંપન્ન. વાણી નીકળે. શરીર વિહાર થાય. આહાહા..! છતાં સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ હોય. આહાહા..! '**सजोइकेवलिय होइ अरहंतो**' યોગવાળા કેવળી તે અરિહંત હોય. લ્યો! વ્યાકરણવાળાને પૂછયું હતું એ ૮૦ની સાલમાં. વ્યાકરણ ભણેલો આવે મોટો હુશિયાર. .. કીધું, આ સયોગી કેવળીનો અર્થ કહો. સંયોગી કેવળી. સંસ્કૃત વ્યાકરણ. સંયોગી કેવળી. સંયોગી કેવળીનો અર્થ .. એમ નથી અહીંયા કીધું. અહીં તો સયોગી કેવળી છે. કેવળી સંયોગી ન હોય.

સયોગી કેવળી હોય. યોગસહિત કેવળી હોય. મીંડુ ન હોય એને માથે. ૮૦ની વાત છે. એક આવ્યો હતો પંડિત.

મુમુક્ષુ :- પુસ્તકના ભણેલા હોય, સમજતા ન હોય.

ઉત્તર :- હા. ભાષા અમને કીધું જવાબ આપો તો ભાવ સમજે એને ભાષાના અર્થ આવડે. ભાવ સમજ્યા વિના ભાષાના અર્થ કરવા જાય, કાંઈનું કાંઈ થઈ ગયું. ... વસ્ત્રસહિત દસમે .. એવો સાધુ છે. .. કરો. એને ગુણવા કે બાદ કરવા કે કેવું કરવું? દસ .. દસ ને આઠ અઢાર. અઢાર .. અઢાર બોલ છે. દસને આઠે ગુણવા નથી. .. અર્થ આમ કરે. વ્યાકરણ.. ભાવ સમજે એનું કામ છે. ભાવ સમજે એ અર્થ કરી શકે. સયોગી કેવળી લ્યો! યોગવાળા કેવળી. એટલે કે કેવળજ્ઞાની પરમાત્મા અરિહંત છે, પણ જેને હજી મન, વચન, અને કાયા યોગ છે, વિહાર છે, ભાષા છે. કહો, પંડિતજી! આહાહા..! આવી વાત છે.

'**ચૌતીસ અતિશય...**' ગુણા. લ્યો કહ્યું? '**યોગોંકી પ્રવૃત્તિસહિત કેવલજ્ઞાનસહિત સયોગકેવલી અરહંત હોતા હૈ. ઉનકે ચૌતીસ અતિશય...**' ચોત્રીસ અતિશય હોય છે. આહાહા..! જ્યાં જાય ત્યાં સુકાળ, રોગ મટી જાય, ક્ષુધા મટી, દુકાળ મટી જાય. અતિશય ઘણા. ચોત્રીસ અતિશય. એ વિના અરિહંત કહેવડાવે, અમે પણ ભગવાન છીએ, અરિહંત છીએ, અમે પૂર્ણ છીએ.

મુમુક્ષુ :- બીજાના રોગ મટી જાય અને પોતાને રોગ થાય...

ઉત્તર :- એ બધી વાતું.

'**चउतीस अइसयगुणा**' '**गुणा**' છે ને? એટલે ચોત્રીસ અતિશય હોય છે. '**तस्सठ पडिहारा**'. '**આઠ પ્રાતિહાર્ય હોતે હૈં.**' પ્રતિહાર દિવ્યધ્વનિ વગેરે વગેરે. '**ગુણસ્થાન દ્વારા સ્થાપના અરહંત કહલાતે હૈ.**' આ દ્વારા અરિહંતની સ્થાપના ઓળખી. અરિહંતમાં આવું હોય એમ જાણવું એ સ્થાપના. સ્થાપન કરીને ઓળખવું આ રીતે.

'**ભાવાર્થ :- યહાં ચૌંતીસ અતિશય ઔર આઠ પ્રાતિહાર્ય કહનેસે તો સમવસરણમેં બિરાજમાન...**' ઠીક! સમવસરણ ભગવાનનું હોય ધર્મસભા. ઈન્દ્રો આવીને જેને બાર સભા બનાવી હોય. આહાહા..! અહીં તો કીધું ભગવાન આવે છે બાર .. લાવો. શ્વેતાંબરમાં. બગીચામાં એક .. હોય રજા લઈ .. ત્યાં ઉતરે. .. કરી નાખ્યું છે. .. દેવાલય, શીલા પટ ઉપર આવીને ભગવાન બિરાજે છે. એ ભગવાન કરે નહિ. આજ્ઞા કોકની લે એવું હોય નહિ. આહાહા..! એવું બધું આવે છે તમારે. એવું ભગવાનનું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! કહો, ..દાસજી! ભગવાનજીભાઈ બધા તમારા પક્ષમાં. ..

મુમુક્ષુ :- ભુલા પડેલા ભેગા થયા છે.

ઉત્તર :- માર્ગ આવો છે ભાઈ! .. કે નહિ? એટલે કે .. પરિવર્તન કર્યું. કાંઈક એમાં સાચું લાગ્યું નહિ અને સાચું કાંઈક બીજું લાગ્યું ત્યારે ફેરવ્યું. લોકોને પરખવું કઠણ છે ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમણે જે અરિહંતનું સ્વરૂપ કહ્યું એમાં બધો ફેરફાર કરી નાખ્યો. શ્વેતાંબરે શાસ્ત્રો નવા બનાવી ફેરફાર કરી નાખ્યો. એને માટે આ ભગવાન કુંદકુંદાચાર્ય વર્ણવે છે બોધપાહુડ. સાચું જ્ઞાન કહે. આવા અરિહંત હોય એમ કહે છે. આહાહા..!

'**સમવસરણમેં બિરાજમાન તથા વિહાર કરતે હુએ અરિહંત હૈં...**' જોયું! વિહાર કરે. .. છે ને? આહાહા..! ... ચાલે. '**ઔર સયોગ કહનેસે વિહારકી પ્રવૃત્તિ ઔર વચનકી પ્રવૃત્તિ સિદ્ધ હોતી હૈ.**' લ્યો! '**સયોગ કહનેસે વિહારકી પ્રવૃત્તિ ઔર વચનકી પ્રવૃત્તિ...** ' વાણી હોય છે ભગવાનને. આહાહા..! '**કેવલી કહનેસે કેવલજ્ઞાન દ્વારા સબ તત્ત્વોંકા જાનના સિદ્ધ હોતા હૈ.**' લ્યો! '**ચૌંતીસ અતિશય ઈસપ્રકાર હૈ...** ' ચોત્રીસ અતિશયની વાત લીધી. '**જન્મસે પ્રકટ હોનવાલે દસ :—૧. મલમૂત્રકા અભાવ,...**' એ તીર્થંકર જન્મે ત્યારથી મળમૂત્રનો અભાવ. એને પાણી પીવે, આહાર કરે પણ પેશાબ ને જાડા ન હોય. ઓહોહો..! એવા તો જેના .. શરીર. સમજાણું કાંઈ?

'**૧. મલમૂત્રકા અભાવ, ૨-પસીનેકા અભાવ,...** ' જન્મથી એને પરસેવો ન થાય. આ માણસને પરસેવો થાય છે ને. હાલે, ચાલે કાંઈક બધું. પસીનો ન હોય. આહાહા..! એ શરીર ડાબલો જ જુદી જાતનો છે કહે, કેવળીનું શરીર. હજી આ તીર્થંકરના જન્મ.. વાત છે હોં. '**૩-ધવલ રુધિર હોના,...**' લોહી ધોળું હોય ભગવાનનું, જન્મે ત્યારથી હોં. તીર્થંકરનો જન્મ ત્યારથી લોહી ધોળું. આ કહે અરિહંત થાય ત્યારે રોગ થાય લોહી ઝાડા. બહુ ફેરફાર.

'**૪-સમચતુરસંસ્થાન,...** ' હોય એને. શરીરનો આકાર બહુ ફેર છે. '**૫-વજ્રવૃષભનારાચ સંહનન,...**' હાડકાની મજબુતાઈ પહેલા નંબરની. '**૬-સુંદર રૂપ,...**' હોય જન્મથી. '**૭-સુગંધ શરીર,...**' હોય. શરીરમાં સુગંધ મારે જન્મથી. '**૮-શુભ લક્ષણ હોના,...**' બધા લક્ષણો શરીરમાં શુભ હોય. '**૯-અનંત બલ,...**' હોય. અનંત બળ શરીરનું, જન્મથી અનંત બળ. આહાહા..! '**૧૦. મધુર વચન,...**' મીઠા અમૃત જેવા વચન હોય, જન્મથી તીર્થંકર અરિહંતને. એને અરિહંતની સ્થાપના કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૨, શુક્રવાર તા. ૨૧-૧૨-૧૯૭૩**
**ગાથા - ૩૨ થી ૩૯, પ્રવચન - ૭૩**

અરિહંતનું સ્વરૂપ વર્ણવે છે. અરિહંતમાં અહીંયા તીર્થંકર એ પણ એવા. એ ચોત્રીસ અતિશય સહિત હોય છે. પહેલું એમ કીધું, સયોગી તેરમું ગુણસ્થાન એને હોય છે. જેથી અરિહંત કહેવરાવતા

હોય ને. કે એને તેરમું ગુણસ્થાન અને કેવળજ્ઞાન. ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવું એને જ્ઞાન હોય છે અને જન્મથી તીર્થંકરને તો દસ અતિશય હોય છે. મળમૂત્રનો અભાવ હોય છે. આવી ગયું છે આ. એ આહાર કરે પણ એને મળ અને મૂત્ર ન હોય. માતા-પિતાને ન હોય. ભગવાન તીર્થંકરના માતા-પિતાને મળમૂત્ર ન હોય. અલૌકિક પુરુષ છે ને. પસીનો ન હોય એને. ચાલે ને થાક ન લાગે કે પસીનો થાય. લોહી જેનું ધોળું હોય. દુનિયા કરતા જુદી જાત છે ને એ બધી? શરીરની સમતુલ સંસ્થાન સરખું હોય. હાડકા મજબુત હોય. સંહનન. સુંદર રૂપ, સુગંધી શરીર. શરીરમાં સુગંધ હોય. શુભ લક્ષણ અને અનંત બળ, મધુર વચન. લ્યો એ શબ્દો આવ્યા હતા કાલે.

હવે '**કેવલજ્ઞાન ઉત્પન્ન હોને પર દસ હોતે હૈં :—**' તીર્થંકરને '**૧-ઉપસર્ગકા અભાવ,...**' આ લોકો કહે છે ને કે .. ઉપસર્ગ કર્યો. એ વાત ખોટી છે, જૂઠી વાત છે. ભગવાનને ઉપસર્ગ હોય જ નહિ. એ માટે આ અરિહંતનું સ્વરૂપ વર્ણવે છે. સામો પક્ષ પડી ગયેલો ને કલ્પિત કરેલું બધું. સમજાણું કાંઈ? ઉપસર્ગ ન હોય એને. અરે..! મુનિને પણ સાતમા ગુણસ્થાન પછી એને ઉપસર્ગ ન હોય આ તો કેવળી છે અરિહંત. એટલે અરિહંતને ઓળખવા કઠણ છે એમ કહે છે. સંપ્રદાય બે પડ્યા અને એમાં આખું સ્વરૂપ ફેરવી નાખ્યું.

'**૨-અદયાકા અભાવ,...**' એના સમવસરણમાં કોઈ મારે... બે સાધુને માર્યા (એમ) આવે છે ને. સર્વાનુભૂતિ .. એમ ન હોય. અદયાનો એટલે હિંસાનો ત્યાં અભાવ હોય. સમવસરણમાં બે સાધુને બાળ્યા એમ આવે છે ને? જૂઠી વાત છે. અરિહંતને ઓળખવા, વાસ્તવિક અરિહંત છે તેને. જે દેવ તરીકેની પીછાણ એની સાચી ન હોય. સમજાણું? '**અદયાકા અભાવ,...**' એટલે સમવસરણમાં કે આસપાસમાં ક્યાંય હિંસા ન હોય. '**૩-શરીર કી છાયા ન પડના,...**' એટલે કે આમ શરીર ચાલે એમાં આપણે જેમ છાયા પડે નીચે, એવી છાયા એને ન હોય. પરમ ઔદારિક શરીર છે ને. છાયા ન હોય. દર્પણમાં મોઢું દેખે તો છાયા ન પડે એમાં. એમ કહે છે. આહાહા..! મોઢું એમાં .. દેખાય, અહીં ન દેખાય. એવું શરીર સ્ફટિક જેવું. આને અરિહંત કહીએ એમ કહે છે.

'**૪-ચતુર્મુખ દિખના,...**' ચાર બાજુ ચાર મોઢા દેખાય. '**૫-સબ વિદ્યાઓંકા સ્વામિત્વ,...**' સબ વિદ્યાનો ધણી થાય. '**૬. નેત્રોંકે પલક ન ગિરના,...**' આંખ્યુંના આ બે આમ ન થાય આમ. અલૌકિક છે ને. અરિહંત એટલે પવિત્રતાના પૂરા. તીર્થંકરની વાત છે ને. એને પુણ્યમાં પણ પૂરા હોય એને અરિહંત કહીએ. '**૭-શતયોજન સુભિક્ષતા,...**' ભગવાન જ્યાં વિચરે ત્યાં સો યોજન, ચારસો ગાઉ દુભિક્ષ ન હોય. શતયોજન. ચારસો ગાઉ. આહાહા..! એવો જ કુદરતે મેળ એને હોય છે. સમજાણું કાંઈ? '**૮-આકાશ ગમન,...**' હોય. ભગવાનનું ગમન નીચે પૃથ્વી ઉપર ન હોય.

મુમુક્ષુ :- ..શીલા તો બિરાજે છે.

ઉત્તર :- એ વાત જ ખોટી. એ માટે તો આ વર્ણવે છે. શ્વેતાંબરમાં એમ આવે છે. સુવર્ણભદ્ર ..

દેવળમાં ગયા. .. શીલા પર્વત ઉપર બિરાજ્યા. બધી કલ્પનાઓ કરી છે, પણ શું થાય? સંપ્રદાયમાં તો આ બાજુ તો કાંઈ નથી. એ બાજુ વધારે. ઉત્તરમાં.

'૮. **આકાશગમન, ૯-કવલાહાર નહીં હોના,...**' ભગવાનને આહાર ન હોય. ભગવાનને રોગ થયો ને પછી આહાર કર્યો, દવા લાવ્યા.

મુમુક્ષુ :- ભગવાન ભૂખ્યા રહે?

ઉત્તર :- ભૂખ્યા નહિ, આનંદથી તૃપ્ત રહે. અતીન્દ્રિય આનંદના ભોગી, અતીન્દ્રિય આનંદ પૂર્ણ અનુભવે છે. એને કવલાહાર કેવો? આહાહા..! આહાર લેવા જાય, આહાર ખાય, દવા લેવા જાય—બધું કલ્પિતરૂપી. વીતરાગ માર્ગ આખો ફેરવી નાખ્યો.

મુમુક્ષુ :- .. જાય.

ઉત્તર :- લેવા જાય. સાધુ લેવા જાય. છે ને એમાં. ભાઈએ.. આનંદ .. આહાર લઈને પાત્રાને ઉપાડી સાધુ આવ્યા ઉપરથી. .. એ બધું કલ્પિત બધું છે. પણ હવે શું થાય? આ બાજુ તો આ હતું નહિ. મોટો માર્ગ આ બધો. ઉત્તરમાં તો બધું દિગંબરમાં આવે છે. વાડા તરીકે છે. વસ્તુ તરીકેની ખબર નથી.

અહીં કહે છે '**કવલાહાર નહીં હોના,...**' ભગવાનને કવલ ન હોય. આહાર લે, પાણી પીવે, દવા ખાય, શરીરમાં રોગ આવે—એ ન હોય ભગવાનને. આહાહા..! '**૧૦-નખ-કેશોંકા નહીં બઢના,...**' નખ ને દાઢી ને મુછ જ એને હોય નહિ. નખ વધે નહિ. આહાહા..! એવું શરીર .. અરિહંત એમાં તીર્થંકર એટલે શું! ઓહોહો..! જેની પવિત્રતા તો પૂર્ણ પણ જેની પુણ્ય પ્રકૃતિ પૂર્ણ. એમાં પૂર્ણ સોળે સોળ આની પુણ્ય હોય એને. એવા ભગવાનને આમ ઓળખવા (કે) રોગ હતો ને દવા લીધી. આહાહા..! દેવાનંદાની કુખેથી આવે ત્રિશલાની કુખે આવ્યા. એ દેવ લાવ્યા. કર્મ લાવે કે દેવ લાવે? બધી વાતું કલ્પિત. આહાહા..! સમજાણું કાંઈ?

'**ચૌદહ દેવકૃત હોતે હૈં :—**' ભગવાન અરિહંત દેવ તીર્થંકર કેવા હોય એની આ વ્યાખ્યા છે. શ્વેતાંબરે એ વાત આખી ફેરવી નાખી. એ અરિહંતના સ્વરૂપને વિકૃત કરી નાખ્યો. એથી આ વર્ણન કરે છે બોધપાહુડમાં. મનસુખભાઈ! આવું છે. '**૧-સકલાર્દ્ધમાગધી ભાષા,...**' હોય ભગવાનને. અર્ધમાગધી અને અર્ધ બીજી એમ કરીને બધી ભાષા એમ કરીને અર્ધમાગધી. '**૨-સબ જીવોંમેં મૈત્રીભાવ,...**' હોય. બધા જીવોને ક્યાંય વેર ન હોય જ્યાં જ્યાં ભગવાન વિચરતા હોય. બધા પ્રાણી ગામ, નગરના માણસો બધાને મૈત્રી. ગામના માણસો અને નગરના માણસો, જ્યાં જ્યાં (તીર્થંકર) જાય, બધાને મૈત્રી હોય. એવો તો ભગવાનને અતિશય છે. અતિશય એટલે વિશેષતા.

'**૩-સબ ઋતુકે ફલ ફૂલ ફલના,...**' છએ ઋતુના ફલ જ્યાં ભગવાન જાય ત્યાં છએ ઋતુના ફળ હોય. કે ભાઈ કેરી અમુક વખતે પાકે એમ નહિ. એ તો છએ ઋતુના ફળ અને ફૂલ. અમુક ફૂલ ફલાણે મહિને પાકે, અમુક ફળ ફલાણે મહિને પાકે. એમ ભગવાન જ્યાં હોય ત્યાં છએ ઋતુના ફળ-ફૂલ.

આહાહા..! '**૪-દર્પણ સમાન ભૂમિ,...**' ભગવાન જ્યાં વિચરે ત્યાં દર્પણ સમાન ભૂમિ (હોય). કાચની જેવી ભૂમિ થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :- ઈન્દ્ર..

ઉત્તર :- એ દેવકૃત છે ને. મુનિ છે તો અતિશય તો એને છે. દેવ તો નિમિત્ત છે. અતિશય તો એના પોતાના હોય. દેવ કહેવામાં આવે પણ અતિશય તો ભગવાનનો છે. દેવ તો નિમિત્ત છે.

'**૫-કંટકરહિત ભૂમિ,...**' ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં કાંટા ને કાંકરા ન હોય. એ નથી... કાઢી નાખ્યા છે કાંટા ને કાંકરા. વીતરાગ કેવળજ્ઞાન થયા, તીર્થંકર પદ પાછું. એ ક્યારેય ગતિ કરે ત્યાં કાંટા-કાંકરા ન હોય. '**૬-મંદ સુગંધ પવન,...**' મંદ પવન, સુગંધી પવન વાય કે જેથી બધી ઝીણી ધૂળ આદિ ન ઊડે. મંદ પવન એવો થાય. '**૭-સબકે આનંદ હોના,...**' બધા પ્રાણીને આનંદ. અતીન્દ્રિય આનંદની વાત નથી. કોઈને દુઃખ ન હોય, સુખ હોય બહારનું, ભગવાન જ્યાં વિચરે ત્યાં બધાને. એવો જ એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આ તો અરિહંતને ઓળખાવે (છે કે) આવા અરિહંત હોય, ભગવાનજીભાઈ! આ તો નમો અરિહંતાણં. જાવ થઈ રહ્યું. ગમે તેવા હોય. કાંઈ ભાન પણ ન મળે.

મુમુક્ષુ :- અરિહંત કેવા એની ખબર નથી.

ઉત્તર :- કેવા હોય એની ખબર ન મળે. પછી અરિહંતની વાણી અને એનું કહેલું તત્ત્વ. એટલે પહેલા અરિહંત જ આવા હોય એને ઓળખાવે છે બોધપાહુડમાં કુંદકુંદાચાર્ય.

'**૮-ગંધોદકવૃષ્ટિ,...**' ભગવાન જ્યાં વિચરે ત્યાં સુગંધવાળી વર્ષા આવે. ઝીણી ઝીણી છાંટ. ધૂળ બેસી જાય નીચેની. '**૯. પૈરોંકે નીચે કમલરચના,...**' ભગવાન જ્યાં ચાલે ત્યાં એક પોતાનું .. સાત કમળ આમ અને પંદર કમળ હોય એને. કમળ હોય છે. '**૧૦. સર્વધાન્ય નિષ્પત્તિ,...**' બધા ધાન્યની ઉત્પત્તિ ત્યાં હોય. એમ નહિ કે ફલાણે વર્ષે ચોખા અમુક પાકે, ઘઉં અમુક માગશર મહિનામાં પાકે એવું કાંઈ નહિ. ત્યાં બધા ધાન્ય પાકે. '**૧૧-દશોં દિશાઓંકા નિર્મલ હોના,...**' ભગવાન જ્યાં વિચરે ત્યાં ધૂળ નહિ, .. નહિ. આ શું કહેવાય સમજ્યાને? ધુમ્મસ. સવારમાં ધુમ્મસ પડે છે ને ઝાંકળ. એવું ન હોય. આહાહા..! અંધારું ન હોય, ધુમ્મસ ન હોય. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ હોય પુણ્યના પૂરા. એની પાસે તો બહાર બધું સ્વચ્છ સ્વચ્છ સ્વચ્છ જ હોય.

'**૧૧-દસોં દિશાઓંકા નિર્મલ હોના, ૧૨-દેવોંકે દ્વારા આહ્વાનન શબ્દ,...** ' દેવો ધ્વનિ ઉઠાવે પધારો.. પધારો... પધારો... ભગવાનને સાંભળવા આવો એવો ધ્વનિ ઊઠે. દેવો કરે. '**૧૩-ધર્મચક્રકા આગે ચલના,...**' ધર્મચક્ર ધમ્મવર ચાઉરંત ચક્કવટીણં આવે છે ને? નમોત્થુણંમાં આવે છે. ધમ્મવર ચાઉરંત ચક્કવટીણં. કર્યું હતું નમોત્થુણં? પહેલું કર્યું હશે. અર્થની ખબર નહિ. એમાં આવે છે ધમ્મવર ચાઉરંત ચક્કવટીણં નમોત્થુણં અરિહંતાણં. આહાહા..! આ ધર્મરૂપી ચક્ર જ્યાં મોઢા

આગળ ચાલે. ભગવાન જ્યાં ચાલે ત્યાં મોઢા આગળ ચાલે. આહાહા..! '**૧૪. અષ્ટ મંગલ દ્રવ્યોંકા આગે ચલના.**' લ્યો એ ચોત્રીસમું. આઠ મંગળ. આઠ મંગલ. એ ચોત્રીસ અતિશયમાં આઠ મંગલ આવે છે. એ આઠ મંગલના નામ જુદા. છે ચોત્રીસમું અતિશય એ.

'**૧-છત્ર,...**' હોય છત્ર. મોઢા આગળ છત્ર ચાલે. પ્રતિહાર્યમાં છત્ર કહેશે એ જુદું છત્ર. એ માથે છત્ર ત્રણ હોય એ. ત્રણ છત્ર હોય છે ને ભગવાનને માથે. એ ત્રણ છત્ર હોય એ અષ્ટ પ્રાતિહાર્યમાં. એ છત્ર છેલ્લું આવશે. આમાં છત્ર પહેલું છે. મંગળિકમાં. '**૨-ધ્વજા,...**' હોય ધ્વજા. ભગવાન જ્યાં ચાલે ત્યાં આઠ મંગળિકમાં ધ્વજા હોય મોઢા આગળ. '**૩-દર્પણ,...**' હોય. આઠ મંગળિક આવે છે નહિ આપણે? આપણે અહીં છે કે નહિ? '**૪-કલશ,...**' હોય કળશ. '**૫-ચામર, ૬-ભંગાર (ઝારી), ૭-તાલ (ઠવણા)...**' ઠવણું આ ઠવણું નથી અહીં? ઠવણું હોય છે. '**ઔર સ્વસ્તિક (સાથિયા)...**' એ આઠ. મંગળિક હોય. એ ચોત્રીસ અતિશયમાં એ આઠ મંગળિક ચોત્રીસમાં આવી જાય છે. એમ કરીને ચોત્રીસ ગણ્યા. છેલ્લામાં આઠ આવી જાય છે. એક મંગળિક એમ. એમ ચોત્રીસ ગણવા.

'**આઠ પ્રાતિહાર્ય હોતે હૈં...**' પુણ્યને કારણે. '**૧-અશોકવૃક્ષ,...**' ભગવાન હોય ત્યાં અશોક વૃક્ષ હોય છે. '**૨-પુષ્પવૃષ્ટિ,...**' ફૂલની વૃષ્ટિ થાય. પ્રાતિહાર્ય .. બધા. જેમ સેવક હોયને એમ આ આઠ સેવક હોય છે આ પ્રકારના. પુષ્પની વૃષ્ટિ થાય ભગવાન જ્યાં હોય ત્યાં. '**૩-દિવ્યધ્વનિ,...**' હોય એને. આવો અવાજ ન હોય એને આપણે બોલીએ એવો. એને ૐ ધ્વનિ. જુઓ એમ કરીને આમ બોલે છે બીજા શ્વેતાંબર, એમ આવે છે ને? બાઈએ પૂછ્યું ભગવાને જવાબ આપ્યો. એમ ન હોય. એમ કહે છે. બાઈ પૂછી શકે નહિ. એ તો પૂછે તો પ્રશ્ન કોઈ ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ઇન્દ્ર એ પૂછી શકે. જેના પુણ્ય જુદા હોય. સાધારણ પૂછી શકે નહિ. એમાં તો બાયું પૂછે ને ભગવાન જવાબ આપે એવું આવે છે એમાં. એ બધું કલ્પિત છે. આહાહા..! આવી વાત છે.

'**૪-ચામર,...**' હોય ભગવાનને. ચોસઠ ચામર ઢાળે દેવો. '**૫-સિંહાસન,...**' હોય બેસવાનું. મણિરત્નનું સિંહાસન. '**૬-ભામંડલ,...**' હોય. પ્રકાશ પ્રકાશ આખો. ભા એટલે પ્રકાશનું મંડળ. ઓલામાં આવ્યું. અને '**૭-દુદુંભી વાદિત્ર...**' હોય. સાડા બાર કરોડ વાજા વાગે દુદુંભી. અને '**૮-છત્ર...**' હોય માથે. માથે છત્ર. ઓલું છત્ર તો મોઢા આગળ મંગળિક તરીકે. આ માથે છત્ર હોય. '**ઈસપ્રકાર ગુણસ્થાન દ્વારા અરહંતકા સ્થાપન કહા.**' લ્યો! આવા અરિહંત હોય. નમો અરિહંતાણં એવા તીર્થંકરદેવ આવા હોય. એનું આવું વર્ણન કર્યું. આથી વિરૂદ્ધ કહે એ અરિહંતના સ્વરૂપને જાણતા નથી. આહાહા..!

'**અબ આગે માર્ગણા દ્વારા કહતે હૈં :—**' આખી ઓળખાણ જ એવી.

**गइ इंदियं च काए, जोए वेए कसाय णाणे य।**
**संजम दंसण लेसा, भविया सम्मत्त सण्णि आहारे।।३३।।**

નામ છે. આહારા આદિ નામ. 'અરહંત સયોગકેવલીકો તેરહવાં ગુણસ્થાન હૈ,...' તેરમું ગુણસ્થાન. ચૌદ ગુણસ્થાનમાં તેરમું હોય એને. આહાહા..! અમારા કુંવરજીભાઈ પૂછતા હતા. કાંઈ ખબર જ ન મળે આમ લોકો બિચારાને. એક દિ' પૂછતા હતા ત્યાં હીરાભાઈના મકાનમાં. ઈશ્વર કર્તા .. લ્યો હવે આ જૈનમાં જન્મનારા. અહીંયાં કહેવાય શેઠ. ઈશ્વરકર્તા.. પણ તમે આ જૈનમાં જન્મ્યા. એની ખબર ન મળે લ્યો. એય..! નટુ! વસ્તુ છે, સત્ છે એને કરે કોણ? સત્ છે. વસ્તુ અનાદિ દ્રવ્ય અને ગુણ-પર્યાયવાળું તત્ત્વ જીવ ને જડ છે. એનો ઈશ્વર પોતે. બીજો ક્યો હતો? પણ એની ખબર ન હોય. વાડામાં પડ્યા હોય. કાંઈક ભગવાન આપણને આપી દેશે કાંઈક. ભગવાન આપે આપણને. શિવપદ અમને દેજો રે મહારાજ!

મુમુક્ષુ :- આવે છે ને ભગવાન બધું આપે.

ઉત્તર :- બધું આપે. આવે. કઈ અપેક્ષાએ? એનું જ્ઞાન અને એનો જે આનંદ છે એ જણાવે છે એમાં. કે આ વસ્તુ મુનિપણું આવું, શ્રાવકપણું આવું હોય, સમકિત આવું હોય એમ જણાવે એ દીધું કહેવાય. દીકરા એ આપે. પુણ્ય એવા હોય અને ભગવાને કહેલો ધર્મ જે સાધે એને અધૂરું હોય જ્યાં એમાં પુણ્ય હોય તો દીકરા ને લક્ષ્મી ને ચક્રવર્તીનું રાજ બધું આવે લ્યો. આહાહા..! તીર્થંકરપણું આવે ત્યાં આમ સમવસરણ ને ઇન્દ્રો આમ. જુઓને શું કહેવાય? જમીન સાફ દર્પણ જેવી, છએ ઋતુના ફળ-ફૂલ, ધાન્યની નિષ્પત્તિ બધી. આહાહા..! વસ્તુ તો જુઓ! પુણ્ય કેટલા પુણ્ય! પવિત્રતાની તો વાત શું કરવી? પણ પુણ્ય શું? એની આગળ આ તો તીર્થંકરની વાત લીધી છે ને. સામાન્ય કેવળીની વાત નથી. આહાહા..! એનું રૂપ આખું બગાડી નાખ્યું છે. ભગવાનને રોગ થાય, ભગવાન દવા લાવે, ભગવાન વાતું કરે બીજા સાથે આપણી જેમ. સાધારણ ભાષામાં આવે છે ભગવતીમાં. ઓલી એક બાઈ કેવી? રેવતી. નહિ, રેવતી નહિ. જયંતી. જયંતી બાઈ આવે છે. રાજાની દીકરી છે. પછી ભગવાનને પૂછે છે બધું. એનો જવાબ ભગવાન આપે છે. ભગવાન કેવળજ્ઞાની પૂર્ણાનંદ સ્વરૂપ. આહાહા..! એને ક્યાં જોવું છે સામું? કે આ મને પૂછે છે અને હું એને (જવાબ) દઉં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રશ્ન હોય નહિ ત્યાં. પુણ્યવંત પ્રાણી હોય એને પ્રશ્ન હોય. ગણધર, ચક્રવર્તી, બળદેવ, ઇન્દ્રો પ્રશ્ન કરી શકે. એ ભગવાનને ક્યાં સાંભળવા છે ત્યાં? એ તો જ્ઞાન જાણે છે પહેલેથી કે અહીં પ્રશ્ન થાય છે અને એનો ઉત્તર આમ વાણીમાં આવશે. એ તો પહેલેથી જાણે છે. વાણીમાં આવો ઉત્તર આવશે (અને) આ પ્રશ્ન કરશે એ તો કેવળજ્ઞાન થયું ત્યારથી જાણે છે. આહાહા..! ભારે ભાઈ વાત! કેવળજ્ઞાનની વાત બધી... આહાહા..!

હવે એ કેવળજ્ઞાનીને ચાર ગતિમાં કઈ ગતિ હોય? એમ કહે છે. એ ચાર ગતિમાં મનુષ્યગતિ હોય. ગતિ છે ત્યાં... છે ને એમ કહેવું છે. ગતિ. એ તિર્યંચ ગતિમાં અરિહંત તીર્થંકર ન હોય, નરકમાં ન હોય,

દેવમાં ન હોય. એમ કહેવું છે. તીર્થંકર હોય એ મનુષ્યગતિમાં હોય. પાંચ ઇન્દ્રિયમાં પંચેન્દ્રિય હોય. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, પાંચ ઇન્દ્રિય ભગવાનને હોય. અહીં તો બહારનું સ્થાપવું છે ને.

**'કાય મેં છહ ત્રસકાય હૈં,...'** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ—છ કાય છે ને. એમ ભગવાનને તેરમે ગુણસ્થાને ત્રસકાય કહેવાય એ. આહાહા..! આમ કરીને અરિહંતની બીજાઓ જે અરિહંતનું સ્વરૂપ વર્ણવતા હોય એનાથી ભિન્ન પાડીને વાસ્તવિક આ છે એમ જણાવે છે. આહાહા..! બોધપાહુડની અંદર જુઓ. એને યોગ હોય છે ભગવાનને **'પંદ્રહમેં યોગ-મનોયોગ તો સત્ય ઔર અનુભય ઈસપ્રકાર દો ઔર યે હી વચનયોગ દો તથા કાયયોગ ઔદારિક ઈસ પ્રકાર પાંચ યોગ હૈં,...'** લ્યો! બે મનના, બે વચનના અને એક ઔદારિક શરીર એનું એના પાંચ યોગ. સાધારણ રીતે. બીજા બે વર્ણવે છે.

**'સમુદ્ઘાત કરે તબ ઔદારિકમિશ્ર...'** લ્યો. તીર્થંકર પણ સમુદ્ઘાત કરે એમ થયું ને. તીર્થંકર.. આવે છે. **'સમુદ્ઘાત કરે તબ ઔદારિકમિશ્ર ઔર કાર્માણ...'** આ ઔદારિકમાં મિશ્રપણું હોય છે ને. અને કાર્મણ શરીર. **'સાત યોગ હૈં;...'** લ્યો! આ તો જાણવાની વાત છે કેટલીક અંદર પહેલેથી કાંઈક ખ્યાલ હોય અભ્યાસ હોય એને. અભ્યાસ ન મળે એને શું? **'વેદ-તીનોંકા હી અભાવ હૈ;...'** વેદ ન હોય ભગવાનને. પૂર્ણવેદનો અભાવ થયા, અવેદી થયા ત્યારે કેવળી થયા. એને અરિહંત કહીએ. વેદ ન હોય એને.

**'કષાય-પચ્ચીસ સબહીકા અભાવ હૈ;...'** પચ્ચીસ કષાય છે ને? સોળ કષાય - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, સંજ્વલન ૪ x ૪= ૧૬ - અને નવ નોકષાય. પુરુષ, સ્ત્રી, નપુંસક વેદ, હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, જુગુપ્સા. એ બધા પચ્ચીસ કષાયનો ભગવાનને અભાવ હોય. એની ઇચ્છા ન હોય ભગવાનને એમ કહે છે. ભાષા નીકળે, ચાલે છતાં ઇચ્છા ન હોય. ઇચ્છા વિના ચાલે, ઇચ્છા વિના બોલે. **'જ્ઞાન-આઠમેં કેવલજ્ઞાન હૈ;...'** આઠ એટલે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન. એ ભેદ છે ને આઠ? જ્ઞાનના પાંચ ભેદ સમ્યગ્જ્ઞાનના. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ અને અજ્ઞાનના ત્રણ. અજ્ઞાન મતિ, અજ્ઞાન શ્રુત, વિભંગ. આઠમાં ભગવાનને કેવળજ્ઞાન હોય. સમજાણું કાંઈ? જુઓ! ઓલા કહે છે ને ચાર જ્ઞાન હોય ભાઈ એમાં. આવે છે એ. સિદ્ધશ્રેણી. આ તત્ત્વાર્થસૂત્રની ટીકા કરી છે ને એમાં એણે ચાર જ્ઞાન વર્ણવ્યા. કહે ના. અહીં તો એક જ કેવળજ્ઞાન છે. પૂર્ણ વસ્તુ છે એ વળી .. શું? આહાહા..!

આ બધામાં બીજા કરતા આંતરો પાડવામાં અરિહંતનું વાસ્તવિક સ્વરૂપ વર્ણવે છે. સમજાણું કાંઈ? સમજાણું ચેતનજી? એમાં એ આવે છે. તત્ત્વાર્થસૂત્રની ટીકા આવે છે ને સિદ્ધ.. એમાં એ આવે છે. ચાર જ્ઞાનના. ... આહાહા..! જ્ઞાનના આઠ ભેદ છે. આઠ એટલે? સમ્યગ્જ્ઞાનના પાંચ અને અજ્ઞાનના

ત્રણ એ એના ભેદ કહેવાય. આઠમાં કેવળજ્ઞાન એક હોય એને. અજ્ઞાન તો ન હોય, પણ ચાર જ્ઞાન પણ ભગવાનને ન હોય. આહાહા..!

**'संयम-सात में एक यथाख्यात है;...'** પાંચ પ્રકારના સંયમ છે ને? સામાયિક, .. પરિહાર, ક્ષયોપશમ.. ભગવાનને યથાખ્યાત. જેવું આત્માનું સ્વરૂપ છે તેવું પ્રસિદ્ધ થઈ ગયું છે. એવું યથાખ્યાત નામનું ચારિત્ર ભગવાનને સંયમ હોય છે. એ સંયમ શબ્દ વાપર્યો છે. એવો સંયમ. ત્યાં સિદ્ધને ન હોય. ચારિત્ર તો છે કે નહિ ત્યાં? **'दर्शन-चार में एक केवलदर्शन है;...'** ચાર દર્શન કોણ? ચક્ષુદર્શન. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન. એ ચાર દર્શનમાં ભગવાનને કેવળદર્શન હોય. **'लेश्या-छहमें एक शुक्ल जो योगनिमित्त है;...'** ભગવાનને યોગ હોય છે ને હજી કંપન્ન. એટલે એને યોગને કારણે લેશ્યા ગણવામાં આવે છે. નહિતર યોગ ને કષાયનો મેળ એનું નામ લેશ્યા છે. કષાય અનુવંદિત યોગલેશ્યા. પણ ઓલો યોગ છે એટલું ગણીને એને શુક્લલેશ્યા કહેવામાં આવી ઉપચારથી.

લેશ્યાના છ પ્રકાર છે. છે ને .. ઓલા. કૃષ્ણ, નીલ, કાપોત. કૃષ્ણ લેશ્યાના પરિણામ આકરા બહુ મેલા. ઝાડ આખું કાપીને જાંબુડા ખાવા. જાંબુ કે શેરડી. આખું ઝાડ કાપીને ખાઉ, એવા મેલા પરિણામ છે. કૃષ્ણ, કાપોત. એથી થોડા ડાળી કાપીને. વળી એનાથી જરી નીલ. અને પછી કાપોત. એ નાની નાની ડાળીઓ કાપે. પીતવાળા કહે કે ભાઈ એ શું કરવા? એકલા લુમખા જ તોડી લ્યોને કેરીના. આખા ઝાડ તોડવા કરતા. પદમવાળો કહે, એમ નહિ, આપણે કેરી કેરી તોડી લ્યો નહિ. (શુક્લ)લેશ્યાવાળો કહે, એમ નહિ, હમણા પવન વાશે, નીચે પડશે એ ખાશું. પચાસ મણ કેરી છે માથે. થોડી પડશે લુણ પડશે. આપણે છીએ છ જણા. પરિણામ પરિણામમાં ફેર હોય છે એને અહીં લેશ્યા કહેવામાં આવે છે. એક કામ કરવામાં હોય છે ને જુઓને એકને તીવ્ર હોય ભાવ અને એકને મંદ હોય. એ કષાય... ભગવાનને શુક્લલેશ્યા યોગને કારણે ગણામાં આવી છે.

**'भव्य-दोमें एक भव्य है;...'** હજી ભવિ છે ને જ્યાં સુધી સિદ્ધ ન થયા એટલે. ભવ્ય અને અભવ્ય બે પ્રકારના જીવ, એમાં ભગવાન અરિહંત તીર્થંકર ભવિ જીવ હોય. **'सम्यक्त्व - छहमें क्षायिक सम्यक्त्व है;...'** છ સમકિત લ્યો! મિથ્યાત્વનો ભેદ છે ને? સાસ્વાદન આદિ ભેદ છે ઘણા. એમાં મિથ્યાત્વ, .. ક્ષયોપશમ, ક્ષાયિક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એમાં ક્ષાયિક સમકિત ભગવાનને હોય. લ્યો. નિર્મળ પૂર્ણ.

**'संज्ञी - दोमें संज्ञी है,..'** સંજ્ઞી તે દ્રવ્ય છે. ભાવથી તો ક્ષયોપશમભાવનો અભાવ છે. ભાવ સંજ્ઞીનો અભાવ છે. **'क्षयोपशमरूप भावमनका अभाव है;...'** આહાહા..! ઓલા કહે, હોય છે. **'आहारक अनाहारक - दोमें आहारक है वह भी नोकर्मवर्गणा अपेक्षा है...'** શરીરના રજકણો આવે છે ને એને આહાર કહેવામાં આવે છે. આ કવળ આહાર ભગવાનને હોતો નથી.

આહાહા..! કવલાહાર નથી. '**ઔર સમુદ્‌ઘાત કરે તો અનાહારક ભી હૈ,...**' સમુદ્‌ઘાત અનાહારક. '**ઈસપ્રકાર માર્ગણા અપેક્ષા અરંહતકા સ્થાપન જાનના.**' લ્યો. એ માર્ગણા એટલે ગતિ, કાય, લેશ્યા આદિ ચૌદ બોલ છે ને એમાંથી આ હોય એમ સ્થાપન કર્યું. આવા અરિહંતને સ્થાપના નિક્ષેપે કહેવામાં આવે છે. આ સ્થાપના નહિ. આ સ્થાપના વ્યવહાર છે. આવી સ્થાપના ગતિમાં મનુષ્યગતિ હોય, કષાયરહિત હોય એવી એ સ્થાપના. આ રીતે અરિહંતને, તીર્થંકરને ઓળખાવ્યા.

હવે '**આગે પર્યાપ્તિ દ્વારા કહતે હૈં :—**' ઓહોહો..! કુંદકુંદાચાર્યે પણ એક અરિહંતની વ્યાખ્યા બોધપાહુડ નિશ્ચયનો કર્તા આવી બધી વ્યાખ્યા કરી.

आहारो य सरीरो, इंदियमणआणपाणभासा य।
पज्जत्तिगुणसमिद्धो, उत्तमदेवो हवइ अरहो।।३४।।

'**અર્થ :- આહાર, શરીર, ઈન્દ્રિય, મન, આનપ્રાણ અર્થાત્ શ્વાચ્છોશ્વાસ ઔર ભાષા--ઈસપ્રકાર છહ પર્યાપ્તિ હૈ,...**' આ છ. '**ઈસ પર્યાપ્તિ ગુણ દ્વારા સમૃદ્ધ અર્થાત્ યુક્ત ઉત્તમ દેવ અરહંત હૈ.**'

'**ભાવાર્થ :- પર્યાપ્તિકા સ્વરૂપ ઈસપ્રકાર હૈ—જો જીવ એક અન્ય પર્યાયકો છોડકર...** ' આ એક શરીરને છોડીને બીજે શરીરમાં જીવ જાય '**અન્ય પર્યાયમેં જાવે તબ વિગ્રહ ગતિમેં તીન સમય ઉત્કૃષ્ટ બીચમેં રહે,...**' એક ભવમાંથી બીજા ભવમાં જાય તો રસ્તામાં ત્રણ સમય રહે બહુ તો. કોઈ એક સમય, કોઈ બે સમય. ક બોલે એમાં અસંખ્ય સમય જાય. અહીં તો હજી એની નાડ ઝાલતા હોય. બાપુજીની પલ્સ નથી હાથ આવતી. ત્યાં તે ઉકલી ગયો. આ જુઓને તલકશીભાઈ તો બિચારા ક્યારે મરી ગયા ખબર નહિ લ્યો. ૧૧ વાગે તો હજી વાતું કરે છે, નહિ?

મુમુક્ષુ :- ... બે વાગ્યા કીધું આ નસ્કોરા કેમ બંધ થઈ ગયા .. ત્યારે ખબર પડી.

ઉત્તર :- ઠીક. આ રૂપિયા બધા કામ ન આવે કાંઈ. છોકરા પણ કામ ન આવ્યા. છોકરા પડ્યા રહ્યા.

મુમુક્ષુ :- કામ આવ્યા ને.

ઉત્તર :- પછી આવ્યા ને બાળવા શરીર. એ તો વયા ગયા. થઈ રહ્યું. આહાહા..!

કહે છે, રસ્તામાં ત્રણ સમય રહે ઝાઝા. એક દેહ છોડીને બીજા દેહમાં જાય ત્યારે વચમાં એક સમય, બે ને ત્રણ સમય રહે. '**પીછે સૈની પંચેન્દ્રિયમેં ઉત્પન્ન હો.**' સૈની પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. કહો, સમજાણું? એ સંજ્ઞી પંચેન્દ્રિય છે ને એ. '**તીન જાતિકી વર્ગણાકા ગ્રહણ કરે...**' આ પર્યાપ્તિનું વર્ણન છે ને. '**આહારવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, ઈસપ્રકાર ગ્રહણ કરકે આહાર જાતિકી વર્ગણાસે તો આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ ઈસપ્રકાર ચાર પર્યાપ્તિ અંતર્મુહૂર્ત કાલમેં પૂર્ણ કરે,...**' એ પેટમાં, માતાના પેટમાં. આહાહા..! ભગવાન તીર્થંકરનો આત્મા પણ જ્યારે આવે માતાના પેટમાં ત્યારે એ પણ આ આહારને ગ્રહણ કરે રજકણોને. ભાષા નિમિત્ત છે.

નિમિત્તથી વાત છે હોં. ગ્રહણ કરવું રજકણને. આહાહા..!

'આહાર,...' માતાના પેટમાં આહાર લે ને. રજકણો શરીર બંધાય. તો '**શરીર, ઇન્દ્રિય,...**' પાંચ ઇન્દ્રિય આમ બંધાય છે ત્યાં પેટની. આહાહા..! તીર્થંકર જેવાને પણ આમ હોય કહે છે. જન્મે છે ને એ. છેલ્લો અવતાર. આહાહા..! શ્વાસ. '**આહાર, શરીર, ઇન્દ્રિય શ્વાસોચ્છવાસ ઇસપ્રકાર ચાર પર્યાપ્તિ અંતર્મુહૂર્ત કાલમેં પૂર્ણ કરે,...**' અંતર્મુહૂર્તની અંદર જ. પૂર્ણ કરે ત્યાં. '**તત્પશ્ચાત ભાષાજાતિ મનોજાતિકી વર્ગણાસે અંતર્મુહૂર્તમેં હી ભાષા...** ' પછી ભાષાની પર્યાપ્તિ બાંધે અંદર. રજકણો નામ કર્મના ઉદયથી અંદર બંધાય. '**પૂર્ણ કરે,...**' પોતે કરે એવી ભાષા. નહિતર ત્યાં શરીરના રજકણો ઇન્દ્રિયપણે થાય એ તો જડ થાય છે. માતાના પેટમાં. આવે છે ને ભગવતી આરાધનામાં આવે છે. માતાના પેટમાં આવે ત્યારે પહેલા સાત દિવસ તો લોહી અને વીર્યનું બિંદુ આમ ચાલતું હોય અંદર પેટમાં. સાત દિવસ સુધી. પછી સાત દિવસે જરી જાડું થાય. એમ કરતા.. કરતા... કરતા... કરતા.. કરતા... નવ મહિને શરીર ઇન્દ્રિયનો આકાર અંદર આવે. આહાહા..! આ શરીરની ઉત્પત્તિ. બહાર આવ્યો ત્યાં થઈ રહ્યું. આહાહા..! ભગવાનનું શરીર પણ આ પ્રમાણે ઉપજતું ત્યાં, એમ કહે છે. માતાના પેટમાં. આહાહા..!

'**ભાષાજાતિ મનોજાતિકી વર્ગણાસે...**' વર્ગણા એટલે રજકણોનો સમૂહ. '**અંતર્મુહૂર્તમેં હી ભાષા, મનઃપર્યાપ્તિ પૂર્ણ કરે,...**' ભાષા ગ્રહણ કરવાની શક્તિ અંતર્મુહૂર્તમાં પૂર્ણ કરે. એમ મન નહિ. '**ઇસપ્રકાર છહો પર્યાપ્તિ અંતર્મુહૂર્તમેં પૂર્ણ કરતા હૈ, તત્પશ્ચાત્ આયુપર્યંત પર્યાપ્ત હી કહલાતા હૈ...**' લ્યો! માતાના પેટમાં એ છ પર્યાપ્તિ બંધાય એ છેલ્લા દેહનું છૂટવા સુધી એ રહે. દેવો જેની સેવા કરે. આહાહા..! માતાના પેટમાં આવ્યા પહેલા પણ દેવો આવીને છ મહિના પહેલા શરીરને સાફ કરે. સ્ફટિક રત્ન જેવું હોય એમાં જન્મ લે. બાંધે પણ આવું. આહાહા..! 'વ્યુત્પત્તિ જોયું આપણે...' આપણે એટલે શરીર. ત્યાં આત્મા ક્યાં? ભગવાન તીર્થંકર થયા એ પણ આ રીતે અવતર્યા હતા એમ કહે છે. કાંઈ અદ્ધરથી આવ્યા હતા? આહાહા..! એને અરિહંત તરીકે તીર્થંકર તરીકે પછી કહેવામાં આવ્યા.

જન્મ થાય ત્યારે ઇન્દ્રો આવે. ઇન્દ્ર આવીને નમસ્કાર કરે. આહાહા..! નમો રત્નત્રયી કુખધારિણી જનેતા, માતા રતનને કુખને રાખનારી પહેલા તને નમસ્કાર. એમ ઇન્દ્ર કરે. જુઓ આવી રીતે જન્મ્યા એને પણ. એની માતાને. આહાહા..! ઇન્દ્રો એમ કહે 'પુત્ર તમારો ધણી હમારો, તરણ તારણ જહાજ રે. માતા જતના કરીને રાખજો એને એ અમ ધર્મકુળ આધાર રે.' માતા! જતના કરીને. એ તો દેવો આવે. દેવો આવે. તારો પુત્ર પણ અમારો તો ધણી છે. કહો, હવે આવી રીતે જન્મ્યા એને નવ મહિને આવે ત્યારે ઇન્દ્રો આવીને આમ કરે છે. કેટલા પુણ્ય! પુણ્ય એવા જ હોય તીર્થંકરને, એમ કહે છે. એના શરીર, આ રોગ આવે. (એમ હોય નહિ) પહેલેથી જ પરમ ઔદારિક શરીર હોય. મળમૂત્ર હોય નહિ

પહેલેથી. એ તો આવી ગયું છે ને પહેલું. માતા-પિતાને ન હોય મળમૂત્ર. આહાહા..! બે છીપનું મોતી જેવા માતા-પિતા પણ મોક્ષગામી હોય. ભલે માતા એ ભવમાં ન જાય પણ હોય મોક્ષગામી બેય. એના કૂખે આવે ભગવાન. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! આવા પુણ્ય છે અને એવી પવિત્રતા એમની છે. આહાહા..! અરિહંતને અનુસારે. અરિહંત કોઈ અદ્ધરથી આવ્યા નથી. તીર્થંકર પણ માતાના પેટમાં આવીને આહારથી પ્રાણ પર્યાપ્તિ બાંધી હતી અને પછી જન્મ્યા છે એમ કહે છે. આહાહા..! કહો, કુંદકુંદાચાર્ય જેવા મુનિ એ પણ આવું વર્ણન તીર્થંકરના ઉત્પત્તિનું વર્ણન આવું જણાવે છે. અરિહંતની ઓળખાણ આપે છે કે અરિહંત આવા હોય.

'**ઈસપ્રકાર છહો પર્યાપ્તિ અંતર્મુહૂર્ત મેં પૂર્ણ કરતા હૈ, તત્પાશ્ચાત્ આયુપર્યંત પર્યાપ્ત હી કહલાતા હૈ...**' આયુષ્ય પૂર્ણ હોય ત્યાં સુધી પર્યાપ્તિ રહે બધી એમ કહે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન, એમ. '**નોકર્મવર્ગણાકા ગ્રહણ કરતા હી રહતા હૈ.**' પછી શરીરના રજકણો તો પરમાણુ આવ્યા જ કરે એને. જન્મ્યા પછી પણ શરીરમાં રજકણો આવે ને પુષ્ટિ થાય. અને કેવળીને તો રજકણો ઔદારિકના આવ્યા કરે. એને કવળ-બવળ હોય નહિ. એમ કહે છે. '**નોકર્મવર્ગણાકા ગ્રહણ કરતા હી રહતા હૈ.**' ગ્રહણ કરેનો અર્થ? આવે છે એને ગ્રહણ કરે છે એમ કહેવામાં આવે છે. એ તો આત્મસિદ્ધિમાં આગળ આવે છે ને 'ગ્રહણ કરે જડ...' ભાષા તો વ્યવહાર .. શું કરે? 'ગ્રહણ કરે જડ...' આવે છે આત્મસિદ્ધિમાં. શું છે એમાં પહેલું પદ? આવે છે. આ ગ્રહણ શબ્દ આ તો આવ્યો. ગ્રહણ શું કરે? ત્યાં આત્મા અરૂપી છે એને ગ્રહણ ...? પણ એમાં સંયોગો રજકણો એવા આવે છે અંદર ત્યાં.

'**આહાર નામ કવલાહારકા નહીં જાનના.**' જુઓ! ભગવાનને કવલાહાર, કોળિયા ન હોય, પાણી ને મોસંબીને પીવું ન હોય એને. આહાહા..! એને અમૃતના આહાર હોય છે. નિત્યાનંદ ભોજી. અતીન્દ્રિય આનંદના અનુભવી એને આ આહાર ન હોય એમ કહે છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પણ અંશે આનંદનો અનુભવી છે. આ તો પૂર્ણ આનંદ. આહાહા..! એકલો આનંદ સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વ-ભાવ એટલે સુખસ્વરૂપ. એની પૂર્ણદશા પ્રગટ થઈ એને વળી આહાર ને કવળ એ વળી કેવા? આહાહા..! એ આહાર આવે તો સુખી થાય, તો શરીર પુષ્ટ રહે નહિતર ઓલું રહે. ભઠ્ઠા પુઠ્ઠા એવો પાઠ છે. આહાર લીધો ભગવાને હવે પુષ્ટ શરીર થઈ ગયું. પંદરમા શતક. વાંચ્યું હતું વ્યાખ્યાન. પહેલાનું હોય ને. પંદરમું શતક. આખું ભગવતી .. હતું ને.

'**કવલાહારકા નહીં જાનના. ઈસપ્રકાર તેરહવેં ગુણસ્થાનમેં ભી અરહંતકે પર્યાપ્ત પૂર્ણ હી હૈ,...**' લ્યો ઠીક! તેરમા ગુણસ્થાનમાં પણ પર્યાપ્તિ છે એ પૂર્ણ હોય. '**ઈસપ્રકાર પર્યાપ્તિ દ્વારા અરહંતકી સ્થાપના હૈ.**' સ્થાપ્યું એટલે છે એમાં એમ. અરિહંતને આવું પણ હોય છે. એ સ્થાપનાનિક્ષેપ. આ સ્થાપના આ નહિ.

હવે પ્રાણ. એ પ્રાણ કેટલા હોય છે ભગવાનને. 'आगे प्राण द्वारा कहते हैं :—' પર્યાપ્તિ અને પ્રાણ.

**पंच वि इंदियपाणा, मणवयकाएण तिण्णि बलपाणा।**
**आणप्पाणप्पाणा, आउगपाणेण होंति दह पाणा।।३५।।**

'**અર્થ :- પાંચ ઇન્દ્રિયપ્રાણ,...**' આ જડ. કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ આ. આ પાંચ ઇન્દ્રિય જડ. '**મન-વચન-કાયા તીન બલપ્રાણ,...**' મન, વચન અને કાયા એ બળપ્રાણ ત્રણ. વાણી, મન અને કાયા એમ બળપ્રાણ. '**એક શ્વોસોચ્છવાસ...**' આ શ્વાસ. એ પ્રાણ '**ઔર એક આયુપ્રાણ યે દસ પ્રાણ હૈ.**' માટે અરિહંત દેવને તેરમે ગુણસ્થાને કેટલા પ્રાણ હોય? એમ કહે છે. છે નીચે છે.

'**ઉનમેં તેરહવેં ગુણસ્થાનમેં ભાવઇન્દ્રિય ઔર ભાવમનકા...**' અભાવ હોય છે. ભગવાન કેવળી તીર્થંકરદેવને ભાવમન અને ભાવ ઇન્દ્રિયનો અભાવ હોય છે. જડ ઇન્દ્રિય હોય છે આ અને જડ મન હોય છે. ભાવમન અને ભાવ ઇન્દ્રિયનો અભાવ હોય છે. અતીન્દ્રિય થઈ ગયા છે ને. ભાવ શું ને દ્રવ્ય શું? બધું. '**ક્ષયોપશમભાવરૂપ પ્રવૃત્તિ નહીં હૈ...**' એમ કહે છે. ભાવ ઇન્દ્રિયની અને ભાવમનની ક્ષયોપશમભાવરૂપ પ્રવૃત્તિ ભગવાનને નથી. એ તો ક્ષાયિકભાવ છે ત્યાં તો. અધુરું કાંઈ છે નહિ. આહાહા..!

'**ઇસ અપેક્ષાસે તો કાયબલ, વચનબલ, શ્વોસોચ્છવાસ, આયુ યે ચાર પ્રાણ હૈં ઔર દ્રવ્ય અપેક્ષા...**' ઓલા બાહ્ય અપેક્ષા. '**ઔર દ્રવ્ય અપેક્ષા દસોં હી હૈં.**' આ જડ છે ને પાંચ. મન, વચન, કાયા આ દસ. દ્રવ્ય અપેક્ષાએ દસેય હોય અને ભાવ અપેક્ષાએ આટલું હોય. કાયબળ, વચનબળ, શ્વાસ અને આયુષ્ય ચાર હોય. આયુષ્ય પ્રાણ છે ને હજી? ભાવની વાત કરી હોં એ. દ્રવ્ય અપેક્ષા દસેય હોય. બધા પાંચેય ઇન્દ્રિય હોય છે, મન, વચન, કાયા (બળ) મન હોય છે પરમાણુ, શરીર હોય છે, વાણી હોય છે, આયુષ્ય હોય છે, શ્વાસ હોય. એ અરિહંતનું સ્થાપન કર્યું લ્યો! એ આવા પ્રાણ હોય ભગવાનને. આવું પણ સાંભળ્યું ન હોય કોઈ દિ' હજી. ભગવાન એક અરિહંત છે, અરિહંત આવા છે. આહાહા..! એ કહે કે માણસપણે હતા એમ સિદ્ધ કરવું છે. તીર્થંકર મનુષ્યગતિમાં હતા. પ્રાણવાળા હતા, પર્યાપ્તિવાળા હતા, આયુષ્યવાળા હતા. સહિત હતા એટલી વાત. ... આહાહા..! મનુષ્યગતિમાં હતા. એ કોઈ અદ્ધર સિદ્ધમાં નહોતા. કાંઈ સિદ્ધમાંથી કાંઈ આવ્યા નહોતા. સિદ્ધમાં નહોતા, સિદ્ધમાંથી આવ્યા નથી. માણસમાંથી અને કાં નરક ને સ્વર્ગમાંથી આવ્યા છે. માણસ થયા ખરા, પણ આવ્યા છે નરક અને સ્વર્ગમાંથી. તીર્થંકર નરકમાંથી આવે અને સ્વર્ગમાંથી આવે. આહાહા..! શ્રેણિક રાજા જુઓને અત્યારે નરકમાં છે. આયુષ્ય પૂરું થશે. રાજાની રાણીને કુખે ભગવાનનો શ્રેણિકનો જીવ આવશે. આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે.

એ અરિહંતનું અદ્ધરથી લટકતું અને પડવું નથી. એને આવું સ્વરૂપ શરીરસહિત હોય છે એ બતાવે છે. આહાહા..! બીજા કહે ભગવાન આમ હતા, ભગવાને આમ જન્મ આપ્યો. ભગવાન આમાં અવતર્યા, અવતારી પુરુષ આવા હોય. એ અવતારી આવા હોય કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. પાંચ ઈન્દ્રિય ને મન છે...

ઉત્તર :- .. છે. ભાવમનનો ક્ષયોપશમનો અભાવ છે. .. હોય છે એમને.

મુમુક્ષુ :- ભાવકર્મ..

ઉત્તર :- એ વળી જુદું. ભાવકર્મ છે જ નહિ. આયુષ્ય ગ્રહણ કરે છે. 'ભાવકર્મ નિજ કલ્પના તેથી તે સબરૂપ.' એ જીવ .. નિમિત્ત છે એ તો. ગ્રહણ કરે. ગ્રહણ શું કરે? પણ એ વ્યવહાર સમજાવે. આ ગ્રહણ કરવાનું કીધું ને એટલે. કહેવાય .. માતાના પેટમાં ગ્રહણ કરે. આહારના પરમાણુ, શરીરના, ઈન્દ્રિયના બાંધે. એ બધું વ્યવહારનું કથન છે. રજકણની પર્યાય રજકણથી ત્યાં થાય છે. આત્મા તો અજ્ઞાનીનો આત્મા એ કાંઈ પરમાણુને બાંધતો નથી. આહાહા..! ઓહોહો..! ક્યાં ક્યાં અવતરે જુઓને.

નહોતું એકફેરી પીપર નાખી .. એમાં ખુણામાં એક ઈયળ પાકી હતી આટલી ઝીણી. પીપરમેંટ હતી. લીલો રંગ લીલાશ. ખુણામાં ક્યાંય આઘી ઉપર પીપર પડી હતી બધી. એના ખૂણામાં ડબાના ખૂણામાં ઝીણી આટલી ઈયળ થઈ લાલ. ત્યાંના રજકણો આવી ઈન્દ્રિયપણે, શરીરપણે થયા. ઓહોહો..! માથે પીપરનો ઢગલો હતો. એ શ્વાસ લેતી હશે અંદરથી. આહાહા..! માતાના પેટમાં પણ શ્વાસ લે છે ને નવ મહિના ઊંધે માથે શ્વાસ લે છે. આહાહા..! ગતિ કોઈ જુદી જાતની છે. એનો કર્તા આત્મા નથી અને એનો એ કર્તા કોઈ ઈશ્વર બીજો નથી. પોતે જ પોતાની શક્તિની યોગ્યતા લઈને અહીંયા અવતરે છે એમ કહે છે. '**ઈસપ્રકાર પ્રાણ દ્વારા અરહંતકા સ્થાપન હૈ.**' સ્થાપન એટલે છે એમ જણાવ્યું એમ. આવું એને હોય.

જીવસ્થાન હવે વર્ણવે છે. ચૌદ જીવસ્થાન છે ને? ચૌદ જીવસ્થાન છે. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી એના પર્યાપ્ત, અપર્યાપ્ત (મળીને) ચૌદ ભેદ. એમાં એમ કે જીવસ્થાનમાં ભગવાન ક્યા સ્થાનમાં હોય? ચૌદ જીવના સ્થાનમાં ક્યા સ્થાનમાં હોય? ભાવની તો આ તો બહારના જાણવાની પણ ખબર ન મળે.

**मणुयभवे पंचिंदिय जीवट्ठाणेसु हइ चउदसमे।**
**एदे गुमगणजुत्तो गुणमारूढो हवइ अरहो।।३६।।**

ભગવાન મનુષ્યભવમાં હોય છે. પંચેન્દ્રિય નામના ભાવમાં હોય છે. અને ચૌદમે જીવસ્થાનમાં. જીવના ચૌદ સ્થાન છે એમાં ચૌદમું જીવસ્થાન. પંચેન્દ્રિય પર્યાપ્ત. પંચેન્દ્રિય પર્યાપ્ત છે ને ચૌદમું? જાણવાની વાત છે.

'**અર્થ :- મનુષ્યભવમેં પંચેન્દ્રિય નામકે ચૌદહવેં જીવસ્થાન અર્થાત્ જીવસમાસ, ઉસમેં**

ઈતને ગુણોંકે સમૂહસે યુક્ત...' આ બધા ભાવથી અને અનંતગુણોથી 'તેરહવેં ગુણસ્થાનકો પ્રાપ્ત અરહંત હોતે હૈં.' કહો, આ બધી બહારની યોગ્યતા પણ આવી હોય છે અને અંતરમાં અનંતગુણસહિત છે ભગવાન. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંતા ગુણો બધા ખીલી ગયા છે. તેરમે ગુણસ્થાને કેવળીને નમો અરિહંતાણં અને અનંતાગુણો જેને કળી જેમ ખીલી જાય એમ બધા ખીલી ગયા છે. એવા ભગવાન અરિહંત હોય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૩, શનિવાર તા. ૨૨-૧૨-૧૯૭૩**
**ગાથા - ૩૬ થી ૪૧, પ્રવચન - ૭૪**

અષ્ટપાહુડમાં ૩૬મી ગાથાનો ભાવાર્થ. અરિહંતનું સ્વરૂપ. એને જીવસમાસ ચૌદ છે એમાંથી ચૌદમા ભેદે છે એમ બતાવવું છે. '**એકેન્દ્રિય સૂક્ષ્મ ઔર બાદર ૨, દોઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, ઐસે વિકલત્રય -૩, પંચેન્દ્રિય અસૈની સૈની ૨, ઐસે સાત હુએ; યે પર્યાપ્ત અપર્યાપ્તકે ભેદસે ચૌદહ હુએ.**' એમાં ચૌદમો ભેદ છે ભગવાનનો. સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાન. એમ કે પાંચમા ભલે કહ્યું નથી પણ મનુષ્ય ભવ કીધો ને. મનુષ્ય સંજ્ઞી જ હોય અહીંયાં ભગવાન.

'**ગાથામેં સૈનીકા નામ ન લિયા ઔર મનુષ્યકા નામ લિયા તો મનુષ્ય સૈની હી હોતે હૈં, અસૈની નહીં હોતે હૈં ઈસલિયે મનુષ્ય કહને સે સૈની હી જાનના ચાહિયે.**' લ્યો! સ્થાપના અરિહંતનું વર્ણન કર્યું.

હવે દ્રવ્ય અરિહંત. દ્રવ્ય નિક્ષેપ નહિ, પણ અહીં એમનું શરીર અરિહંતનું કેવું હોય એ બતાવવું છે. આત્માથી ભિન્ન જે શરીર અરિહંતનું કેવું હોય? એ બતાવે છે. કેટલાક કહે છે ને કે અરિહંતને રોગ હોય, દવા લે, ફલાણું હોય. એવું હોતું નથી એને.

जरवाहिदुक्खरहियं, आहारणिहारवज्जियं विमलं।
सिंहाण खेल सेओ, णत्थि दुगुंछा य दोसो य।।३७।।
दस पाणा पज्जती, अट्ठसहस्सा य लक्खणा भणिया।
गोखीरसंखधवलं, मंसं रुहिरं च सव्वंगे।।३८।।
एरिसगुणेहिं सव्वं, अइसयवंतं सुपरिमलामोयं।
ओरालियं च कायं णायव्वं अरहपुरिसस्स।।३९।।

તેરમા ગુણસ્થાનનું અરિહંતનું વર્ણન છે આમાં. નહિતર તો ચૌદમે ગુણસ્થાને પણ અરિહંત કહેવાય છે. આમાં તેરમા ગુણસ્થાનનો પાઠ આવી ગયો ને પહેલો? ૩૨મી ગાથામાં આવ્યો. તેરમે ગુણસ્થાને વર્ણન છે આ. ૩૬ ગાથામાં આવી ગયો પહેલો બોલ. નહિતર અરિહંત તો તેર અને ચૌદ

બેય ઠેકાણે હોય. પણ ચૌદમે તો અલ્પ છે એની .. તેરમા ગુણસ્થાનની સ્થિતિએ લાંબો કાળ હોય છે ને એનું વર્ણન લખ્યું છે.

**'અર્થ :- અરહંત પુરુષકે ઔદારિક કાય ઈસપ્રકાર હોતા હૈ—'** ભગવાન નમો અરિહંતાણં તીર્થંકર કહેવાય. એના શરીર ઔદારિક કેવું હોય છે? એને જરા ન હોય. શરીરમાં જરા-વૃદ્ધાવસ્થા ન આવે એને. કરોડ પૂર્વનું આયુષ્ય હોય. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવું એક પૂર્વ એવું કરોડ પૂર્વનું. તો વૃદ્ધાવસ્થા ન હોય શરીરને. સીમંધર ભગવાનને કરોડ પૂર્વનું આયુષ્ય છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. એટલામાં એને એક અવસ્થા ન દેખાય. અવસ્થા ન હોય. અહીં તો કેટલાકને ૩૦ વર્ષે ધોળા વાળ હોય ને અવસ્થા દેખાય. ભગવાનને એવા પુણ્ય હોય છે કે એને હોય નહિ અવસ્થા. આહાહા..! છે ને?

**'જરા, વ્યાધિ...'** ન હોય. **'વ્યાધિ ઔર રોગ...'** એમ લખ્યું છે. વ્યાધિ એટલે રોગ નહિ. ભગવાન અરિહંતને રોગ હોય નહિ. આ તો માન્ય રાખ્યું છે શ્રીમદ્દે પણ. ભગવાન અરિહંત પરમેશ્વરના શરીરમાં રોગ જ ન હોય. એવો અશાતાનો ઉદય એને હોય નહિ. **'સંબંધી દુઃખ ઉસમેં નહીં હૈ,...'** વૃદ્ધાવસ્થાનું અને રોગનું બેય દુઃખ ન હોય એને. સદા નિરોગ અવસ્થા અને યુવાન જેવી અવસ્થા દેખાય. એવી જ શરીરની સ્થિતિ હોય છે. **'આહાર-નિહાર સે રહિત હૈ,...'** ભગવાન તેરમે ગુણસ્થાને આહાર ન હોય, જંગલ નિહાર પણ ન હોય.

મુમુક્ષુ :- જન્મ પણ ન હોય.

ઉત્તર :- એ પછીનો પ્રશ્ન છે. અત્યારે તો આહાર-નિહારની એટલી વાત છે. આહાર નથી. નિહાર એટલે દીશાએ જવું. પહેલે સંસારમાં ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે આહાર હોય, નિહાર ન હોય. કેવળ થાય ત્યારે આહાર અને નિહાર બેય ન હોય. એવું ને એવું શરીર, ઔદારિક શરીરના રજકણો આવે, એવું ને એવું શરીર લાગે. આ વાસ્તવિક અરિહંતની ઓળખાણ બતાવે છે. ગડબડ થઈ ગઈ હતી ને વાડામાં? અરિહંતને નામે ઘણી ગડબડ થઈ ગઈ હતી. શ્વેતાંબરમાં અરિહંતનું સ્વરૂપ વિકૃત કરી નાખ્યું. મોહનભાઈ! આવું છે. એ ચોખવટ કરી છે કુંદકુંદાચાર્યે બોધપાહુડ કરીને. કે અરિહંત એવા ન હોય. અરિહંત તો આવા હોય. જેના શરીરમાં રોગ ન હોય. બુઢાપા ન દેખાય, આહાર ન હોય, નિહાર ન હોય. **'વિમલ અર્થાત્ મલમૂત્ર રહિત હૈ;...'** મળ નહિ.

મુમુક્ષુ :- ... દેખાય નહિ.

ઉત્તર :- દેખાય નહિ એ બધી ખોટી વાત છે. એ આવે છે શ્વેતાંબરમાં. બીજા દેખે નહિ. પણ આહાર કરે ન દેખે એનો અર્થ શું? આહાર હોય જ નહિ. અમૃતના આહાર જ્યાં અંતરમાં જાગ્યા છે. અતીન્દ્રિય આત્મા અંદર પાક્યો છે. અતીન્દ્રિય અનંત આનંદ, અનંત આનંદ. આહાહા..! એ અમૃતના અનંતના ઘૂંટડા ક્ષણે ક્ષણે પીવે છે. એને અરિહંત કહીએ. એને આહાર કેવા? એને પાણી કેવું? એને

રોગ કેવા? એને પેશાબ કેવા? આહાહા..! એવી અરિહંતની સ્થિતિ છે. ભગવાન કુંદકુંદાચાર્ય આવું સ્વરૂપ અરિહંતનું છે એમ સ્પષ્ટ કરે છે. એથી વિરૂદ્ધ માને એ અરિહંતનું સ્વરૂપ સમજતા નથી, એમ કહે છે.

'**સિંહાણ અર્થાત્ શ્લેષમ,...**' ન હોય એને. સળેખમ ન થાય ભગવાનને એમ કહે છે. રોગ ન હોય પછી એ બધું કાંઈ ન હોય એને. '**ખેલ અર્થાત્ થૂક,...**' ન હોય. થૂંક થૂંક. .. માણસને. એને થૂંક ન હોય ભગવાનને. '**પસેવ...**' ન હોય. લ્યો! '**દુર્ગંધ અર્થાત્ જુગુપ્સા,...**' થાય એવી કોઈ ચીજ જ ન હોય એની પાસે. '**ગ્લાનિ ઔર દુર્ગંધાદિ દોષ ઉસમેં નહીં હૈ.**' લ્યો! એવું શરીર જ એને દ્રવ્ય નિક્ષેપે કહેવામાં આવે છે. ભગવાનનું દ્રવ્ય જે આત્મા દ્રવ્ય નિક્ષેપે એ અહીં અત્યારે નહિ. પણ શરીર દ્રવ્ય-નિક્ષેપે. નામ, સ્થાપના, દ્રવ્ય આ રીતે ઉતાર્યા છે.

'**દસ તો ઉસમેં પ્રાણ હૈં...**' ભગવાનને. પાંચ ઈન્દ્રિય, મન, વચન અને કાયા, શ્વાસ અને આયુષ્ય દસ પ્રાણ હોય છે. '**પૂર્ણ પર્યાપ્તિ હૈ,...**' આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન છએ પર્યાપ્તિ પૂર્ણ હોય છે ભગવાનને. દ્રવ્ય તરીકે બહારની વાત છે ને. શરીરની વાત છે ને આ? '**એક હજાર આઠ લક્ષણ હૈં...**' એના શરીરમાં વૈમાન, ધ્વજા વગેરે વગેરે એક હજાર ને આઠ તો લક્ષણ શરીરમાં હોય છે. એવું શરીર એમનું હોય ભગવાનનું. પરમ ઔદારિક.

'**ઔર ગોક્ષીર...**' ગાયનું દૂધ '**અર્થાત્ કપૂર અથવા ચંદન તથા શંખ જૈસા ઉસમેં સર્વાંગ ધવલ રુધિર ઔર માંસ હૈ.**' લોહી અને માંસ ધોળું સફેદ હોય છે. જગતનું લોહી બીજાને લાલ હોય, એને સફેદ હોય છે. જગતથી જુદી ચીજ છે ને. મહાપુણ્યથી આવ્યા છે ને. તીર્થંકર પ્રકૃતિ. એના જેવી પ્રકૃતિ પુણ્યની કોઈ બીજી છે નહિ જગતમાં. તીર્થંકરની પ્રકૃતિ ૪૨ .. પ્રકૃતિ છે. ... એવા ભગવાનના શરીરમાં કંઈ આવું દુર્ગંધ આદિ હોય નહિ. શ્વાસ ગંધાયને કેટલાકનો? શું કહેવાય આ ભાષા આવે છે ને. .. આ .. નથી કહેતા ગંધ મારે બહુ એને. નિર્મળ, શરીરનો શ્વાસ જ સુગંધ મારે. આત્માની ગંધ બધી પ્રગટી છે તો શરીરમાં પણ સુગંધ મળે છે. આહાહા..!

'**સર્વાંગ ધવલ...**' આખું સર્વાંગ એમની પાસે એમ. કોઈ ઠેકાણે લોહી લાલ દેખાય અને કોઈ ઠેકાણે ધોળું એને હોય નહિ. સર્વાંગ સુંદર હોય લ્યો. ધવલ લોહી. બધું માંસ ને હાડકા. માંસ જુઓ તો બધે ધોળું, લોહી ધોળું. એને રોગ થાય, છ મહિના લોહીખંડ ઝાડો. ક્યાંથી આવ્યું? એ વાડો નીકળ્યો છે એ તો એ જ છે મોટો સંપ્રદાય છે. બે ભાગ પડી ગયા મોટા એમાં પણ. શ્વેતાંબર મૂર્તિપૂજક, શ્વેતાંબર સ્થાનકવાસી. એ અરિહંતનું સ્વરૂપ વિકૃત કરીને ઉતર્યા છે બધા.

મુમુક્ષુ :- મોટો ફેર છે.

ઉત્તર :- મોટો ફેર. ઊગમણો-આથમણો ફેર. વાત જુદી જરી.

મુમુક્ષુ :- .. મનુષ્ય.

ઉત્તર :- સાધારણ મનુષ્ય જેવા બનાવ્યા. ઓલા અન્યમાં કહે છે ને. મનુષ્યે મને મનુષ્ય જેવો જ બનાવ્યો. માનવ મને માનવ જેવો બનાવ, એ ગાયન આવે છે. બધાં વાંચેલું ઘણું ને સંસારમાં પણ ઘણું. કોક યાદ રહી ગયું હોય. 'માનવ મને માનવ જેવો બનાવે છે.' એવી કાંઈક ભાષા બનાવે છે. ભાષા ભૂલી ગયા. .. 'મારી સઘળી પ્રભુતા ...' એમ છે. 'માનવ મને માનવ જેવો બનાવ, મારી સઘળી પ્રભુતા...' આહાહા..! લ્યો!

'**ઈસપ્રકાર ગુણોંસે સંયુક્ત સર્વ હી દેહ અતિશયસહિત નિર્મલ હૈ,...**' ભગવાનનું સ્વરૂપ. '**આમોદ અર્થાત્ સુગંધ જિસમેં ઈસપ્રકાર ઔદારિક દેહ અરહંત પુરુષકે હૈ.** ' લ્યો! છે ને છેલ્લો? '**सुपरिमलामोयं**' ૩૯માં છે. '**સુગંધ જિસમેં ઈસપ્રકાર ઔદારિક દેહ અરહંત પુરુષકે હૈ.**'

'**ભાવાર્થ :- યહાં દ્રવ્યનિક્ષેપ નહીં સમજના.**' જે ઓલું દ્રવ્યનિક્ષેપ ચારમાં નામ, સ્થાપના, દ્રવ્ય ભાવ એ નહિ સમજવું. અહીં તો આત્માથી જુદો દેહ એની પ્રધાનતાથી દ્રવ્ય અરિહંતનું વર્ણન કર્યું છે. એ દેહ જ દ્રવ્ય અરિહંત છે, આત્મા ભાવ અરિહંત છે. આહાહા..! લ્યો! શરીરમાં એવા વ્યાધિ ને રોગ ને દુ:ખ એવા ન હોય. એ દ્રવ્ય અરિહંત. ભાવ અરિહંત આત્મા અંદર વસ્તુ. અનંત જ્ઞાન, દર્શન પ્રગટ થયું છે. તો પાંચ નવકારમાં પહેલો નમો અરિહંતાણંને ઓળખે નહિ, ઠેકાણા ન મળે. વાડામાં પડ્યા હોય, એમાં જે જન્મ્યા એ પછી માને. ધંધામાં નવરાશ ક્યાંથી હોય? ધંધો .. કલાક નવરાશ હોય કોઈક વાંચવાની કે સાંભળવાની, (તો) મળે એવા બધા. આહાહા..! ભારે ભાઈ જગતની સાથે ઊભા રહેવું. આવો માર્ગ વીતરાગનો છે.

'**આગે ભાવકી પ્રધાનતાસે વર્ણન કરતે હૈં :—**' ભગવાનનો ભાવ આત્માનો કેવો હોય?

**मयरायदोसरहिओ कसायमलवज्जिओ य सुविसुद्धो।**
**चित्तपरिणामरहिदो केवलभावे मुणेयव्वो।।४०।।**

'**અર્થ :- કેવલભાવ અર્થાત્ કેવલજ્ઞાનરૂપ હી એક ભાવ હોતે હુએ...**' ત્યાંથી ઉપાડ્યું છે. કેવળજ્ઞાનરૂપી એક ભાવ, એક સ્વરૂપ. કેવલભાવે છે ને? એમ કરીને એક અર્થ કર્યો ઓલો ચાર જ્ઞાન અને .. નહિ એમ. કેવલજ્ઞાન એક ભાવ. ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જાણે એવો કેવળજ્ઞાનરૂપે એને ભાવ હોય છે. આહાહા..! '**અરહંત હોતે હૈં ઐસા જાનના. મદ અર્થાત્ માનકષાયસે હુઆ ગર્વ,...**' ગર્વ રહિત છે એને ગર્વ-બર્વ હોતો નથી. એ તો પહેલેથી વીતરાગ થયા છે. તેરમે ... '**રાગ-દ્વેષ અર્થાત્ કષાયોંકે તીવ્ર ઉદયસે હોનેવાલે પ્રીતિ ઔર અપ્રીતિરૂપ...** ' કોઈ પ્રત્યે શિષ્ય ગણધર હોય તો પ્રીતિ અને કોઈ પ્રતિકૂળ હોય તો અપ્રીતિ એવું એને હોતું નથી. આહાહા..!

'**પ્રીતિ ઔર અપ્રીતિરૂપ પરિણામ ઈનસે રહિત હૈ, પચ્ચીસ કષાયરૂપ મલ ઉસકા દ્રવ્યકર્મ તથા...**' દ્રવ્યકર્મ પણ નથી એને અને એનો '**ઉદયસે હુઆ ભાવમલ ઉસસે રહિત હૈં,...**' પચ્ચીસ કષાય જે જડકર્મ એ નથી અને અહીંયાં ભાવ વિકારી પરિણામ પચ્ચીસ પ્રકારના એ

પણ નથી. કષાય-કષાય. આહાહા..! આવા વીતરાગ દેવ સર્વજ્ઞ એને મૂકી અને કોકને માને જગત. આહાહા..! જન્મ્યા જન્મ્યા એ જ્યાં ત્યાં આથડે.

મુમુક્ષુ :- શું કરે? ભગવાન કાંઈ દે નહિ અને બહાર દે બધા.

ઉત્તર :- ધૂળેય દેતા નથી. એય..! ભગવાન ઓલો સાંઈબાબા દીકરો દે એમ હશે? એ .. એને માને છે. જયચંદનો ભાઈ નહિ નાનો. શું નામ? ખુશાલ. આઠ દીકરીયું છે, એક દીકરો છે.

મુમુક્ષુ :- દીકરો આપ્યો ને.

ઉત્તર :- આપ્યા. ધૂળેય આપતો નથી. કોણ આપતો હતો?

મુમુક્ષુ :- આઠ દીકરીની ઉપર આપ્યો.

ઉત્તર :- શું થયું? આને નવ દીકરી ઉપર એક એનો સાળો છે. શું છે? એ તો એ વખતે થવાનું હોય તે થાય. .. આપતા.. દીકરા.. આહાહા..! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... જગતની. મિથ્યાત્વના પોષક. વાણિયા થઈને જૈનમાં ભગવાનના આવા વાડામાં જન્મ્યા એને તો વ્યવહારની પણ ખબર ન મળે એને. પચ્ચીસ કષાયથી રહિત છે, લ્યો.

'**અત્યંત વિશુદ્ધ હૈં—નિર્મલ હૈં, ચિત્તપરિણામ અર્થાત્ મનકે પરિણમનરૂપ વિકલ્પસે રહિત હૈં,...**' ભગવાનને મનના પરિણામ હોતા નથી. મનનું પરિણામ વિકલ્પ એ કાંઈ એને છે નહિ. એ તો નિર્વિકલ્પ વીતરાગ છે. હાલવા, ચાલવાની ક્રિયામાં એને વિકૃત પરિણામ મનના પરિણામ નથી એને. એ તો હાલવાની, ચાલવાની ક્રિયા જડને લઈને ચાલે. બોલવાની ક્રિયા ભાષાની હોય. એ ચિત્તના પરિણામ હોય તો હાલે, ચાલે, બોલે એમ નથી. ચિત્તના પરિણામ જ નથી એને, એમ કહે છે. આહાહા..!

'**જ્ઞાનાવરણકર્મકે ક્ષયોપશમરૂપ મનકા વિકલ્પ નહીં હૈ,...**' જુઓ! જ્ઞાનાવરણીયના ઉઘાડમાં કાંઈક વિકલ્પ જે હોય રાગાદિ એ એને હોતું નથી. '**ઈસપ્રકાર કેવલ એક જ્ઞાનરૂપ...**' લ્યો! કેવળભાવ એનું વર્ણન છે અહીં તો. '**केवलभावे मुणेयव्वो**' એકલું જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ. ચૈતન્યના તેજ જેના પૂર્ણ ખીલી ગયા છે. ચૈતન્યના પ્રકાશ એ પ્રકાશ પૂર્ણ જેને ખીલી ગયો છે. એકલો જ્ઞાનનો પૂંજ પ્રભુ છે. આહાહા..! એને અહીંયા અરિહંત કહેવામાં આવે છે. '**વીતરાગ સ્વરૂપ ભાવ અરહંત જાનના.**' લ્યો! એ ભાવ અરિહંત છે. શરીર એ દ્રવ્ય અરિહંત છે. શરીરમાં પણ વ્યાધિ દુઃખ આદિ નહિ. નિરોગ શરીર, નિર્મળ શરીર (એ) દ્રવ્ય અરિહંત. ભગવાન આત્મા ભાવ અરિહંત.

'**કેવળ એક જ્ઞાનરૂપ...**' ભાષા એમ છે ને. એક. '**કેવળ એક જ્ઞાનરૂપ...**' પાછા બીજા કોઈ ચાર જ્ઞાનથી એમ નહિ. ફલાણું ઢીંકણું એમ નથી. તેથી કેવળ ઉપર જોર આપ્યું છે. પાઠમાં છે ને અર્થ પણ એવો કર્યો છે. '**केवलभावे मुणेयव्वो**' એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ. સર્વજ્ઞ કેવળજ્ઞાનદશા. આહાહા..! આ દશા જે જાણે એ આત્માની સાથે મેળવે તો એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ?

એક સમયમાં આવું જ્ઞાન, ત્રણ કાળ ત્રણ લોકને એક રીતે જ્ઞાનમાં જાણે. એવા કેવળજ્ઞાનનો સ્વીકાર, હયાતી આવી સત્તા છે, આટલું સામર્થ્ય છે એવો જેને સ્વીકાર થાય એને આત્માનો સ્વીકાર થઈ જાય. આત્મા જ એવો કેવળજ્ઞાન સ્વભાવી છે. સર્વજ્ઞ સ્વભાવ છે. ભગવાનને પ્રગટ છે, આ વસ્તુ તરીકે.

વળી '**આગે ભાવ હી કા વિશેષ કહતે હૈં :—** ' અરિહંતના અંતર આત્માના ભાવનું વિશેષ વર્ણન.

**सम्मद्दंसणि पस्सदि जाणदि णाणेण दव्वपज्जाया।**
**सम्मत्तगुणविसुद्धो भावो अरहस्स णायव्वो।।४१।।**

ઓહોહો..! કુંદકુંદાચાર્યે પણ જગતને કરૂણા કરીને એવી એક એકની વ્યાખ્યા. એને શું પડી હતી? સમજાણું કાંઈ? વિકલ્પ ને કરૂણામાં આવ્યો વિકલ્પ. .. આમ છે ભગવાનનું સ્વરૂપ ભાઈ! .. જગતને નામે અત્યારે હલવ્યું છે બધું, એ અરિહંતના સ્વરૂપને જાણતા જ નથી. કહો, સમજાણું કાંઈ?

'**અર્થ :- 'ભાવ અરહંત' સમ્યગ્દર્શન સે તો અપનેકો...**' ભાવ અરિહંત ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર '**સમ્યગ્દર્શનસે તો અપનેકો તથા સબકો સત્તામાત્ર દેખતે હૈં...**' દેખવાની અપેક્ષાએ વાત. '**સબકો સત્તામાત્ર દેખતે હૈં...**' પોતાનું હોવાપણું જેવડું-જેટલું, બીજાનું હોવાપણું જેવડું-જેટલું. બધું સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં આવી ગયું છે. બધું દેખવામાં આવી ગયું છે. આહાહા..! '**ઈસપ્રકાર જિનકો કેવલદર્શન હૈ,...**' એમ. સમ્યગ્દર્શનની વ્યાખ્યા આ કરી. કેવળદર્શન. ઓલામાં કેવળજ્ઞાન આવ્યું હતું ને? આમાં દર્શન.

'**જિનકો કેવલદર્શન હૈ,...**' આવું દર્શન હોય કહે છે. પોતાની ત્રિકાળી સત્તા, પરની ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાયની સત્તા, એનું હોવાપણું જેના દર્શનમાં જણાઈ-દેખાઈ ગયું છે. આહાહા..! એ જે સમયે કેવળજ્ઞાન... હવે એ જ કહે છે જુઓ. અને '**જ્ઞાનસે સબ દ્રવ્ય-પર્યાયોંકો જાનતે હૈં...**' દર્શનમાં તો સત્તામાત્ર વસ્તુ છે તે દેખે છે, ભેદ પાડ્યા વિના. એ જ સમયે કેવળજ્ઞાનની પર્યાયથી '**સબ દ્રવ્ય-પર્યાયોંકો જાનતે હૈં...**' આહાહા..! એક પર્યાય બધાને ભેદ ભેદ કરીને જાણે અને એક પર્યાય ભેદ વિના જાણે-દેખે. છતાં એ બેય પર્યાય એક સાથે હોય. આહાહા..! સમજાણું કાંઈ? પહેલું કેવળજ્ઞાન, પછી કેવળદર્શન. એ શ્વેતાંબરમાં આવે છે. એવું હોતું નથી. એ માટે આ બધા ખુલાસા કરે છે. આહાહા..! અરેરે..! શું થાય? જેના દેવના ઠેકાણા જ ન હોય એના કહેલા શાસ્ત્રના ઠેકાણા ન મળે. એને સમકિત થાય ક્યાથી? ધર્મ થાય ક્યાંથી? એમ કહે છે. આ અષ્ટપાહુડનું જ કર્યું હતું ને નહિ? પહેલું .. આનું કર્યું હતું નહિ? .. આ લીધું છે. આમાં જેમ વસ્ત્ર.. નથી, વસ્ત્રનો ધાગો રાખે... એ એને પસંદ પડ્યું ને એ જાતનું. અર્થ બોલે બીજા જાતનો. પણ એને એ.. પણ એને આ પસંદ પડ્યું.

મુમુક્ષુ :- બોધપાહુડ પસંદ પડ્યું.

ઉત્તર :- આ અષ્ટપાહુડ આખું. આખું અષ્ટપાહુડ નહોતું કહ્યું? આખું અષ્ટપાહુડ. એટલે એમાં આ

વાત આવી ને. એ જાતનો પ્રેમ.. ત્યારે થયું ને. માન્યતામાં... પક્ષ પાકો એને. બીજાને માનતા નહિ.

**'જ્ઞાનસે સબ દ્રવ્ય-પર્યાયોંકો જાનતે હૈં...'** લ્યો! દર્શનમાં **'સબકો સત્તામાત્ર દેખતે હૈં...'** આ જ્ઞાનમાં **'સબ દ્રવ્ય-પર્યાયોંકો જાનતે હૈં...'** એમ કહે. ત્રણ કાળ ત્રણ લોકના... બધું નક્કી થઈ ગયું. એ પર્યાયનું કાર્ય તે કાળે તે કાળે હોય તે જાણ્યું છે અને તે કાળે નિમિત્ત આ જ હોય એ તો બધું વ્યવસ્થિત સ્થિત છે. આહાહા..! જે સમય જગતની પર્યાય જે દ્રવ્યની થવાની હતી તે કાળની પર્યાયનું જ્ઞાન છે. એ જ કાળે થશે અને તે પર્યાયને તે જે નિમિત્ત હોય તે નિમિત્તનું જ્ઞાન પણ એના જ્ઞાનમાં આવી ગયું કે આ નિમિત્ત હોય. ફલાણું નિમિત્ત આવે તો આમ થાય અને ફલાણું નિમિત્ત હોય તો આમ થાય એ વસ્તુમાં છે નહિ. આહાહા..! બહારમાં એ રીતે છે ને. એમ કે દ્રવ્યમાં અનેક યોગ્યતા છે. એ ઉપાદાન છે. દ્રવ્યમાં અનેક યોગ્યતા થઈ એ ઉપાદાન. એ વારંવાર નાખે છે. .. દ્રવ્યની જે એકતા છે એ ઉપાદાન કહ્યું એ વ્યવહાર છે. ખરેખર વર્તમાન પર્યાયનું ઉપાદાન તે જ નિશ્ચય છે. એનો અર્થ વારંવાર એ કરે છે. શું કીધું સમજાણું?

આત્મામાં ત્રણે કાળ છે એ બધી પર્યાય થવાની યોગ્યતા છે વસ્તુમાં. પણ એ વસ્તુ તો દ્રવ્ય એ તો વ્યવહાર થઈ ગયો. એ ક્યાં વર્તમાન પ્રગટનું કારણ ક્યાં છે? એ વ્યવહાર થઈ ગયો. વર્તમાન જે અવસ્થા પ્રગટ થાય તે જ થવાની, તે જ પ્રકારની એ એનું ખરું ઉપાદાન એ છે. ક્ષણિક-ઉપાદાન એ છે. ભગવાનના જ્ઞાનમાં એ પણ આવી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનસે સબ દ્રવ્ય-પર્યાયોંકો જાનતે હૈં...'** લ્યો આમાં કોઈ પર્યાયને ન જાણે, ભવિષ્યની ન જાણે એમ ન આવ્યું. **'સબ દ્રવ્ય...'** આકાશ વ્યાપક, અંત વિનાનું આકાશ. ક્યાં એનો અંત, ક્યાં પણ અંત હોય? અંત ક્યાં હોય? ક્ષેત્રથી પૃથક્ છે કે જ્યાં આમ ને આમ ને આમ ચાલ્યું જતાં... જતાં... જતાં... એ તો વસ્તુનો સ્વભાવ જ કોઈ એવો છે. એમ ક્ષેત્ર જતાં જતાં આમ જતાં ક્યાં એનો અંત? આહાહા..! એમ ને એમ ક્ષેત્રનો અંત નથી એમ ચાલ્યું જાય છે. આ તે શું ચીજ છે આ? આહાહા..! અને સાધારણ માણસ વિચાર કરેને તો એને એમ થાય કે આ વસ્તુ તો આમ ને આમ ક્ષેત્ર... ક્ષેત્ર... ક્ષેત્ર... હવે આ જડ અને ચૈતન્ય સંગ્રહાત્મક ક્ષેત્ર થોડું હોય, પણ પછી ક્ષેત્ર તો છે ને? એ ક્ષેત્રનો પછી છેડો ક્યાં? આ તે શું પણ ચીજ છે અત્યારે આ? ..ભાઈ! ન્યાયથી, લોજિકથી તો સમજાય કે નહિ? પછી.. પછી.. કાંઈ નહિ તો પછી કાંઈ નહિ પણ તોપછી શું? આહાહા..! શું કહે છે આ? એ ક્ષેત્ર પણ એમ ને એમ અપાર-અપાર. પાર ક્યાંય ન મળે. ઓહોહો..! ક્ષેત્રની પણ જ્યાં આવી સ્થિતિ, તો એના ભાવની સ્થિતિનું શું કહેવું? જ્ઞાન જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણે... અપારને જાણે, અંત નથી એને જાણે, શરૂઆત નથી એને જાણે. આહાહા..! એ તો વસ્તુની સ્થિતિ છે આખી.

એ કહ્યું હતું એક ફેરી કીધું હતું ને. ક્યાં ઓલા? જામનગર ગયા ત્યારે. કેવું કહેવાય? .. ભાઈના દીકરા વેરે ડોક્ટર. પ્રાણલાલનો દીકરો. પ્રાણભાઈનો અને ઓલો ...એમનો દીકરો આવ્યો હતો. એ

આવ્યો હતો. બેય આવ્યા હતા ત્યાં. ..વાળા. બેઠા હતા. સાંજે.. તમે નાસ્તિ કહો, કીધું. તમે માનો ન માનો એનો કાંઈ દોષ ... એ તો .. ..ની વાત છે. માગશર મહિનો હતો. ૯૧. કીધું, આ આમ ને આમ છે આ. એ પારસી છોકરો. એનો બાપ પણ .. છોકરો નહોતો. કીધું આમ છે. જામનગર ભગવાનજીભાઈ! ..દીવાન હતા. .. બહુ નરમ માણસ. સો રૂપિયા વધારી દીધા પગારમાં દરબારે. દરબારને કહે, કેમ વધાર્યા સો રૂપિયા? એય..! શેઠ! રાજનું કોઈ કામ આવે તો અમને ભલામણ કરવી છે એમ છે? રાજનું કોઈ કામ આવે તો સો રૂપિયા આપીએ તો પછી રાજના કામમાં તમે આડુઅવળું કરો. એ અમે નહિ કરી શકીએ. કાઢી નાખો આ. એય..! શેઠ! લ્યો આવું.

એક મહેરબાન પારસી હતા ત્યાં. જામનગરમાં. .. વ્યાખ્યાનમાં આવતા. બે વાર આવ્યા હતા. બહુ નરમ માણસ હતા. પારસી હતા. નીતીવાળો. પછી દરબારે એનો પગાર હતો કાંઈક હજાર-બારસોનો. એક સો રૂપિયા બસ્સો વધાર્યા કાંઈ ખબર નહિ બહુ. પણ વધારી દીધા. એ દરબારે વધારી દીધા પગાર. એટલે ત્યાં જઈને કહે કે આ પગાર કોણે વધાર્યો? દરબારને કહે. તો શું કહે ઓલો? પગાર વધારીને પછી કોઈ રાજનું કામ આવે તો મોળું મૂકવું એ અમે નહિ કરી શકીએ. કાઢી નાખો પગાર. હું તો રાજનું હશે, પ્રજાનું હશે જે પ્રમાણે હશે એમ કરીશ. શેઠ! બહુ નરમ માણસ હતો. વ્યાખ્યાનમાં આવ્યા. બે વાર આવ્યા. આ ૧૦૦મી ગાથા ચાલતી હતી ને સમયસાર.

મુમુક્ષુ :- બધાને પગાર વધારીને...

ઉત્તર :- હા. .. વધારો. નહિતર હડતાળ પાડી દે. એ.. માણસો.. આ મોંઘવારી. પણ એ વખતે .. નહિ. કામ જે રાજનું રીતસર જે કાયદા હશે એ પ્રમાણે રાજનું કામ હોય કે રાણીનું હોય કે પ્રજાનું. બીજું હું કરવાનું નથી. જે ખાતર પગાર વધારતા હોય એ પગાર કાઢી નાખો. નવનીતભાઈ! આવા માણસ. એના છોકરાને એમ કહ્યું જુઓ! ભાઈ! તું એટલો વિચાર કર શાંતિથી. એ પછી વાત. પણ આ જે .. ક્ષેત્ર છે. આમ... આમ.. આમ.. ક્યાં સુધી જાય છે? ક્ષેત્ર કાંઈ થઈ રહે છે? થઈ રહે છે તો પછી શું? આ વસ્તુ જ કોઈ અલૌકિક છે. વસ્તુના ક્ષેત્રનો સ્વભાવ પણ જ્યાં અલૌકિક. આહાહા..! આમ ને આમ... આમ... આમ.. શું છે તે આ ચીજ? સમજાણું કાંઈ? દસે દિશાઓમાં આમ ગતિ મગજને લક્ષમાં લેતા અનંત... અનંત... અનંત... અનંત ને અનંતગુણે ગુણીને વર્ગ આવે. એટલા પછી પણ શું? સમજ્યા? ..ભાઈ! પછી શું? પછી શું? એમ ને એમ ક્ષેત્ર ચાલ્યું જાય છે. ક્યાંય પાર નથી. પાર હોય તો પછી શું? આહાહા..! એવી ચીજ છે, બાપુ! ભાઈ! આ તમારું .. કામ હો મારાથી..

આત્મા અનંત જ્ઞાન, આનંદ પરમાત્મા છે એ બધી વાત જ .. પરલોક છે, એક આત્મામાં આમ ભાવ કરે તો સ્વર્ગમાં, નરકમાં જાય. પણ આ એક વાત યાદ કર તો તને .. આવે વસ્તુનું ક્ષેત્રનું સ્વરૂપ કોઈ અચિંત્ય કોઈ સ્વભાવ. આહાહા..! તો એના જ્ઞાનનો કરનારો ભગવાન એના સ્વભાવની શું વાત કરવી? સમજાણું કાંઈ? ક્યાં મગજમાં ક્યાંય જ્ઞાનમાં, લક્ષમાં વિચારતા ક્યાંય ક્ષેત્રનો અંત નહિ. પણ

છતાં અંત નહિ એને 'અંત નહિ' એ રીતે ભગવાને જાણ્યું. આહાહા..! જાણ્યું નથી એમ નહિ. અંત નથી માટે એણે ન જાણ્યું. પણ અંત નથી તેમ એણે જાણ્યું. સમજાણું કાંઈ? આહાહા..! એક વિશ્વાસને માટેની ચીજ તો જુઓ આ!

અનંત છે એને અનંતે એથી અનંતીવાર ગુણવા. એને વર્ગ કહેવાય છે. જેમ પાંચને પાંચવાર પાંચવાર ગુણવા. જેમ પાંચને ૫ x ૫ પચ્ચીસ, ૨૫ x ૫... એમ પાંચ વાર ગુણવા એ વર્ગ કહેવાય. એમ અનંતને અનંતવાર અનંત જેટલું અનંત છે એટલી અનંતવાર ગુણવા. આહાહા..! એમ આ ક્ષેત્રનો ભાગ બાપુ! અનંતવાર આવું ગુણો એટલો અનંત... અનંત... અનંત... ક્ષેત્ર ચાલ્યું જાય છે. પણ એનો ક્યાંય અંત નહિ. અંત હોય તો કહે ને તું.. શું કહે છે. પછી શું કહે ને તું? પણ શું છે આ તે આ? આહાહા..! ક્ષેત્રનો જ્યાં સ્વભાવ અલૌકિક છે એ ક્ષેત્રની શું વાત કરવી ભાઈ! એ ક્ષેત્રનો જાણનારો જે સર્વજ્ઞ પ્રભુ આત્મા, એના સ્વભાવની મર્યાદા અને હદની શું વાત કરવી? નવનીતભાઈ! આ તો લોજિકથી વાત ચાલે છે ને. આહાહા..! વિશ્વાસ લાવ. વિશ્વાસ લાવ. બેહદ આનંદ અને જ્ઞાનના સ્વભાવની હદ નહિ જેમાં, એનું માપ નહિ જેમાં. આહાહા..! ક્ષેત્રના જેમાં માપ નહિ ભગવાન એવું જ્ઞાને જાણીને કહ્યું. ઓલા .. ઈશ્વર સર્વવ્યાપક છે, થઈ રહ્યું માનો જાવ. આહાહા..!

આવું જે ક્ષેત્રનું પણ સ્વરૂપ જ્યાં સાધારણ તર્કમાં પણ જેનો તર્ક પહોંચી શકે નહિ. આહાહા..! એવું જે ક્ષેત્ર તેને ભગવાને પ્રત્યક્ષ જોયું છે. અને કાળની આદિ નહિ. આદિ નહિ તો પણ પહેલું શું તો પછી? આહાહા..! આદિ છે કાળની? કહે ના એ તો આદિ નથી જોઈ માટે આદિ નથી કીધી. પણ આદિ નથી એને 'આદિ નથી' એ જોઈ. આહાહા..! ત્યારે આમ ને આમ કાળ પહેલો એ કહે. છે... છે... છે... છે... છે... છે... છે... છે... જેમ ક્ષેત્ર છે... છે... છે... છે... છે... છે... છે... એનો કાળ છે... છે... છે... છે... છે... એમાં ક્યાંય 'નથી' એમ નહિ આવે અને ભવિષ્યમાં પણ છે... છે... છે... છે... છે... નથી એમ નહિ. આહાહા..! જુઓને એક આ સર્વજ્ઞની વાણી અને સર્વજ્ઞના માહાત્મ્ય બધા શક્તિના. આહાહા..! લ્યો આપણે બપોરે એ ચાલે છે ને સર્વજ્ઞશક્તિ. આહાહા..! એવું જેનું જ્ઞાન સ્વરૂપ છે. કેવળભાવ. આહાહા..! એવો જ તારો કેવળ ભાવ સ્વભાવ છે ભગવાન! સર્વજ્ઞ શક્તિરૂપે/ એ રૂપે ભલે પ્રગટ ન હો, પણ શક્તિમાં એટલું સામર્થ્ય છે કે આથી અનંતગણું હોય તોપણ જાણે, અંત નહિ એને અંત તરીકે ન જાણે, આદિ એને આદિ રીતે જાણે. કાળનો અંત નથી... એવો તારો જ્ઞાનસ્વભાવ અને આનંદ દર્શન સ્વભાવ પડ્યો જ છે. સમજાણું કાંઈ? આવા અરિહંતને ઓળખે એને આત્માનું જ્ઞાન થયા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ખ્યાલમાં આવે એવી વાત છે. આહાહા..!

**'જ્ઞાનસે સબ દ્રવ્ય-પર્યાયોંકો જાનતે હૈં... '** લ્યો! જોયું! **'ઈસપ્રકાર જિનકો કેવલજ્ઞાન હૈ,...'** કહો, નટુ સમજાય છે કે નહિ આમાં? આ તો પોતે જેટલા ક્ષેત્રમાં રહ્યો એટલું ક્ષેત્ર મારું. એટલું

ક્ષેત્ર બધું. પણ મોટું ક્ષેત્રમાં, મહા ક્ષેત્ર, મહાકાળ એવા જ્યારે કાળ નામ ક્ષેત્રના પણ જ્યાં આદિ અંત નહિ એટલે સાધારણના ખ્યાલમાં ન આવે તો આ એના ભાવની શું વાત કરવી? એ કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... આહાહા..! એ જ્ઞાનથી તો સર્વ દ્રવ્ય-પર્યાયોને જાણે છે. આહાહા..! '**ઈસપ્રકાર જિનકો કેવલજ્ઞાન હૈ,...**' એમ જેને કેવળજ્ઞાન છે, એમ. આહાહા..! એને અરિહંત કહેવામાં આવે છે. આહાહા..! અરે..! આ તો હજી અસ્તિત્વ. જીવના કેવળજ્ઞાનનું આવડું અસ્તિત્વ છે એ અરિહંતને પ્રગટેલું છે. જગતના જીવના સામર્થ્યમાં પડેલું છે. અહીં તો પ્રગટેલું છે આવું. માટે એને અરિહંત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક બોલને જો વિચારે, એક બોલને વિચારે તો એના કોળિયા હાથ આવી જાય ચૈતન્યના. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**ઈસપ્રકાર જિનકો કેવલજ્ઞાન હૈ,...**' આહાહા..! પહેલો જે અર્થ કર્યો હતો ને? '**सम्मद्दंसणि**' એ દર્શનનો અર્થ કર્યો હતો અને હવે સમકિતનો હવે આવે છે. નહિતર એમ લાગે '**सम्मद्दंसणि**' પછી શું? એ સમ્યગ્દર્શન એટલે કેવળદર્શન. એનાથી એની વાત છે. કેવળદર્શન દ્વારા બધું... બધું... બધું... દેખે છે. સત્તામાત્ર વસ્તુને દેખે છે. કેવળજ્ઞાન દ્વારા દ્રવ્યને, પર્યાયને જાણે છે. અને '**જિનકો સમ્યક્ત્વ ગુણસે વિશુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ પાયા જાતા હૈ,—** ' લ્યો! '**सम्मत्तगुणविसुद्धो**' છે ને? આહાહા..! ભગવાન કેવળજ્ઞાનીને સમ્યગ્દર્શન ક્ષાયિક હોય છે. કેવળદર્શન, કેવળજ્ઞાન, ક્ષાયિક સમકિત. આહાહા..! એમ ભાષા કરે ને એમ ને એમ ગોખી જાય, એમ નહિ. ભાવને એણે પ્રતીતમાં લેવો જોઈએ. સમજાણું કાંઈ? ભાવનું એને ભાસન થવું જોઈએ. '**सम्मत्तगुणविसुद्धो**' ભગવાનના આત્માને સમ્યક્ગુણથી નિર્મળતા એટલે ક્ષાયિક પ્રગટ્યું છે. આહાહા..! '**ઈસપ્રકાર અરહંતકા ભાવ જાનના.**' લ્યો! આ રીતે અરિહંત ભગવાનનો ભાવ આવો છે. આહાહા..!

ભાવાર્થ. બહુ આ ઊંચી સારી વાત આવી છે. ક્ષેત્ર, કાળ, ભાવ, એ ભાવની સંખ્યા. ભાવ એટલે ગુણ. ગુણની સંખ્યા કેટલી? ઓલાનો જેમ અંત નથી એટલા આકાશના પ્રદેશ, એથી અનંતગુણા ગુણો. શું કહે છે આ? એક દ્રવ્ય વસ્તુ, એના ગુણોની અનંતતા કેટલી? ક્ષેત્રનો અંત નહિ, કાળનો અંત નહિ. એનું જેને જ્ઞાન વર્તે છે, એક સમયની પર્યાયમાં. એવા એવા તો અનંતાગુણો જેની સંખ્યાનો પાર ન મળે. ઓહોહો..! જેના અનંત... આકાશ અને કાળનો અંત નહિ, એનું જે જ્ઞાન એક સમયનું. એટલું જ સામર્થ્ય અનંતાગુણનું દરેકમાં છે. ઓલું આવ્યું હતું ને શું? અક્ષેય અમેયા. પર્યાયની વાત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પર્યાય અક્ષય છે અને મર્યાદા રહિત છે. પર્યાયમાં એટલું છે. હોય ને પણ, કેમ ન હોય? આહાહા..! જેના ક્ષેત્ર, કાળ ને ભાવ, દ્રવ્યના. દ્રવ્યનું ક્ષેત્ર, ... એનો કાળ અનાદિનો, એના ભાવ અનંત. એવું જેનામાં સ્વરૂપ છે એ સ્વરૂપ જેણે જાણ્યું. આહાહા..! એને સમ્યગ્દર્શન થાય જ થાય ને થાય. કહો, સમજાણું કાંઈ? ભાવ કેટલા? જ્યાં ક્ષેત્રનો અંત નહિ, આ તો .. વાત બેસે કે નહિ? કાળનો ત્યાં પહેલો કાળ ક્યો હશે? ત્યારે હવે એના ભાવ હવે આપણે જોઈએ.

એ ભાવ છે ને. કેવળભાવ, એક ભાવ, એક જ ભાવ. આહાહા..! એવા અનંતાગુણો આત્મામાં અનંતભાવ છે. એ અનંતભાવની કેટલી સંખ્યા? ઓહોહો..! ભાઈ! તને ક્ષેત્ર ને કાળમાં બેસે છે કે આહાહા..! માપ નહિ. ક્ષેત્ર વિના ખાલી ન હોય કોઈ જગ્યા. ક્ષેત્ર... ક્ષેત્ર... ક્ષેત્ર... ક્ષેત્ર.. ક્ષેત્ર... એનો ક્ષેત્રજ્ઞ એનો જે જાણનારો એટલું ક્ષેત્ર અને એટલો કાળ એનો જાણનારો ન હોય એમ બને નહિ કહે જગતમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આ પરમાગમના છે ને? ગાણા બહેનું-દીકરીયું નથી ગાતી? આપણે આ ગાણા ગાઈએ. આહાહા..! અરિહંતનું સ્વરૂપ વર્ણવ્યું છે ને, શરીરનું અને આત્માનું. શરીરે એને અરિહંત છે. શરીરમાં .. વ્યાધિ, રોગ આદિ અરિહંતને .. કહે. ભગવાનનો આત્મા .. અજ્ઞાન અને રાગ-દ્વેષ હણી નાખ્યા છે. જેની પૂર્ણ શક્તિની પ્રગટદશા છે. અરે..! એક વાર પણ જો તો ખરો. આહાહા..! એવું દ્રવ્ય કેટલા? એનું તો માપ છે. ઓછા છે જરી. સૌથી ઓછા દ્રવ્ય અને એનાથી કાળ, એનાથી ક્ષેત્ર, એનાથી ભાવ. દ્રવ્યની સંખ્યા જેટલી છે જગતના પદાર્થની. એના કરતા કાળની સંખ્યા અનંતગુણી. ત્રિકાળ છે ને. એના કરતા ક્ષેત્રની સંખ્યા અનંતગુણી, એના કરતા એક દ્રવ્યમાં, એક આત્માના અનંતગુણની સંખ્યા અનંતગુણી. આહાહા..! એક એવડો આત્મા આટલો અસ્તિત્વવાળો છે એ અસ્તિત્વ આવડું એનું અસ્તિત્વ એની પ્રતીતમાં આવે ત્યારે એણે આત્મા માન્યો કહેવાય. આહાહા..!

મુમુક્ષુ :- બધા આત્મામાં આવી શક્તિ છે?

ઉત્તર :- દરેક આત્મા. અભવિમાં પણ એવી શક્તિ છે. આહાહા..! એક પરમાણુમાં પણ કેટલા ભાવ જુઓને ભાવ. પ્રદેશ ક્ષેત્ર એક નાનું. પણ ભાવ કેટલા? કે જેટલા આકાશના પ્રદેશો એથી અનંતગુણા ભાવ એના છે. શું કહે છે આ? એ સ્વભાવ.. સ્વભાવ... સ્વભાવ... અચિંત્ય સ્વભાવ, અલૌકિક સ્વભાવ, લોકોત્તર સ્વભાવ. આહાહા..! એવા ભાવને ભગવાન પામી ગયા પર્યાયમાં. સમજાણું કાંઈ? એને અહીંયાં અરિહંત કહેવામાં આવે છે. આહાહા..!

'**અરહંતપના...**' અર્હંતપણા એમ લીધું છે. '**ઘાતિયાકર્મકે નાશસે હોતા હૈ.**' નિમિત્તની વાત છે. ભગવાનને અરિહંતપણું જે પ્રગટ્યું, નમો અરિહંતાણં એ ભગવાનને ઘાતિકર્મના નાશથી અરિહંતપણું પ્રગટ્યું. અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રગટ્યા એ ઘાતિના નાશથી પ્રગટ્યા છે. આહાહા..! ભાવઘાતિનો નાશ કર્યો તો દ્રવ્યઘાતિ તો નાશ થાય. આહાહા..! '**મોહકર્મકે નાશસે સમ્યક્ત્વ ઔર કષાયકે અભાવસે પરમ વીતરાગતા...**' મોહકર્મના નાશથી ભગવાનને ક્ષાયિક સમકિત. ઓહોહો..! આવા ક્ષેત્ર, આવા કાળ, આવા ભાવ અનંતા. એવા અનંતા ભાવને પ્રતીત કરનારું ભગવાન સમ્યગ્દર્શન. આહાહા..! સમજાણું કાંઈ? એ મોહકર્મના નાશથી તો આવું સમ્યક્ત્વદર્શન, સમ્યક્ એટલે જે રીતે જેટલું છે જેમ છે તેનું દર્શન થઈને પ્રતીત થવી. આહાહા..!

'**કષાયકે અભાવસે પરમ વીતરાગતા...**' ભગવાનને ઈચ્છા અને રાગદ્વેષનો નાશ થયો છે.

પરમ વીતરાગતા. ચોથે, પાંચમે વીતરાગતા તો હોય છે થોડી, એમ કહે છે. અહીં તો .. કષાય એટલે પરમ વીતરાગતા. **'સર્વપ્રકાર નિર્મલતા હોતી હૈ.'** સર્વ પ્રકારે પણ ભગવાનને પણ નિર્મળતા થઈ ગઈ છે. આહાહા..! **'જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મકે નાશસે અનંતદર્શન-અનંતજ્ઞાન પ્રકટ હોતા હૈ,...'** પાઠમાં છે એનો ખુલાસો કર્યો છે. અનંતદર્શન, અનંતદર્શન. અનંત દર્શન એટલે? આહાહા..!

મુમુક્ષુ :- સર્વદર્શન નહિ, અનંતજ્ઞાન કહેવું, સર્વજ્ઞાન નહિ.

ઉત્તર :- સર્વશક્તિમાન ન કહેવું. સર્વશક્તિમાન પોતાના માટે છે. પરની વાત પણ ક્યાં છે? સર્વશક્તિમાન. કહે છે ને ઓલામાં. આહાહા..!

જ્ઞાનાવરણીયના નાશથી તો ભગવાનને અનંત જ્ઞાન પ્રગટ્યું છે. અને દર્શનાવરણીયના નાશથી તો અનંતદર્શન, અનંતદર્શન. અનંતદર્શન એટલે શું? અનંતનું દેખવું. અનંતનું જાણવું. આહાહા..! ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભાવ અનંત, દ્રવ્ય અનંત. બધાને દેખે ને જાણે ભગવાન. એવી એની પર્યાયનું સામર્થ્ય છે. ત્યાં દ્રવ્ય અને ગુણના સામર્થ્યની તો વાત શું કરવી! આહાહા..! એ દિવ્યશક્તિના ધરનાર તે દેવ અરિહંત છે. આહાહા..! અરે..! આવા અરિહંત પરમાત્મા, નમો અરિહંતાણંના વાડામાં જન્મે અને ભ્રમણા કર્યા કરે જ્યાં ત્યાં.

**'ઈનસે સબ દ્રવ્ય-પર્યાયોંકો એક સમયમેં પ્રત્યક્ષ દેખતે હૈં ઔર જાનતે હૈં.'** લ્યો! બધા આવી ગયા. ઓલા દર્શન અને જ્ઞાન. **'સબ દ્રવ્ય-પર્યાયોંકો....'** **'સબ દ્રવ્ય-પર્યાયોંકો...'** સબ દ્રવ્ય-પર્યાયમાં ક્ષેત્ર-કાળ-ભાવ બધું આવી ગયું કે નહિ? આહાહા..! એવો ગંભીર ભગવાન બિરાજમાન છે. ગંભીર મુદ્રા. આહાહા..! વસ્તુ ગંભીર છે બધી. એવા ગંભીરને પ્રાપ્ત થઈ ગયા ભગવાન. અરે..! તે શું વાત છે બાપુ? ક્ષેત્ર ગંભીર, કાળ ગંભીર, ભાવ ગંભીર. એક એક ભાવની અનંતી પર્યાય અને એક એક પર્યાયની .. પ્રતીત.. એને અનંત અવિભાગ પ્રતિચ્છેદ. એ અનંત અનંત એટલે શું? આહાહા..! જ્યાં ભાગ પાડતા... પાડતા... પાડતા... છેલ્લો રહે એને પણ ભગવાને જાણી લીધો છે. આહાહા..!

**'ઈનસે સબ દ્રવ્ય-પર્યાયોંકો એક સમયમેં પ્રત્યક્ષ દેખતે હૈં ઔર જાનતે હૈં.'** લ્યો! ઓલો કહે કે એક સમયની પર્યાય વર્તમાન દેખે એમ ઉડી ગયું. અહીં તો એક સમયમાં પ્રત્યક્ષ દેખે છે એમ કહે છે. ભવિષ્યમાં થાય (તેને) આ શક્તિરૂપે દેખે એ તો પરોક્ષ થઈ ગયું. અરેરે..! ભગવાન! જૈનના પંડિતોએ પણ આ શું કર્યું? ભગવાનના વિરહે, ભગવાનના કેવળજ્ઞાન .. એને પણ ભુલાવી દેવા માગે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિદ્યમાન. આ બધું વિદ્યમાન છે. ભવિષ્યનું વિદ્યમાન, ભૂતનું વિદ્યમાન, વિદ્યમાન તરીકે જાણે ભગવાન. આહાહા..! વળી પ્રત્યક્ષ દેખે છે... એ કહે છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૪, રવિવાર તા. ૨૩-૧૨-૧૯૭૩**
**ગાથા - ૪૧, પ્રવચન - ૭૫**

અવાજ ખરાબ છે સમજાતું નથી.

**પોષ સુદ ૨, બુધવાર તા. ૨૬-૧૨-૧૯૭૩**
**ગાથા - ૪૨ થી ૪૬, પ્રવચન - ૭૬**

અરિહંતનું સ્વરૂપ થઈ ગયું. પાંચ કલ્યાણકનું વર્ણન. ૧૧૩ પાને છે. '**આગે (૧૧)-પ્રવજ્યાકા નિરૂપણ કરતે હૈં,...**' ૧૧વાં બોલકા વર્ણન હૈ. '**પ્રવજ્યાકા નિરૂપણ કરતે હૈં,...**' હૈ? ૧૧૩ પન્ના. ૧૧વાં બોલ હૈ. '**ઉસકો દીક્ષા કહતે હૈં.**' પ્રવજ્યાકો દીક્ષા કહતે હૈં. દીક્ષા કિસકો કહે? વહ ૧૧વે બોલમેં કુંદકુંદાચાર્ય કહતે હૈં. ઉસ સમય મેં શ્વેતાંબર પંથ નિકલ ચુકા થા, કુંદકુંદાચાર્યકે સમયમેં. તો પ્રવજ્યા કિસકો કહતે હૈં ઉસકી ખબર નહીં. સાધુકે ભેષ પહનકર ગાંવ મેં રહના, જંગલમેં નહિ. આદિ-આદિ સબ ફેરફાર હો ગયા. યહ કહતે હૈં.

'**પ્રથમ હી દીક્ષાકે યોગ્ય સ્થાનવિશેષકો...**' દીક્ષાને યોગ્ય સ્થાન '**તથા દીક્ષાસહિત મુનિ જહાં તિષ્ઠતે હૈં, ઉસકા સ્વરૂપ કહતે હૈં :—**' ગાથા.

**सुण्णहरे तरुहिट्ठे, उज्जाणे तह मसाणवासे वा।**
**गिरिगुह गिरिसिहरे वा, भीमवणे अहव वसिते वा।।४२।।**
**सवसासत्तं तित्थं, वचचइदालत्तयं च वुत्तेहिं।**
**जिणभवणं अह वेज्झं, जिणमग्गे जिणवरा विंति।।४३।।**
**पंचमहव्वयजुत्ता, पंचिंदियसंजया णिरावेक्खा।**
**सज्झायझाणजुत्ता, मुणिवरवसहा णिइच्छन्ति।।४४।।**

'णिइच्छन्ति' એટલે રહે છે સ્થાનમાં... આકાશમાં...

ઈસકા અર્થ. વહ અર્થ હૈ ન? '**સુના ઘર,...**' મુનિ તો સુને ઘરમેં રહતે હૈં. કોઈ વસ્તી ન હો, ઉજ્જડ પડા હો.

મુમુક્ષુ :- મંદિરમાં કોઈ વસ્તી નથી હોતી.

ઉત્તર :- મંદિરમેં ભી કિસી સમય રહતે હૈં. સદા મંદિરમેં હોતે હૈ? .. કહેંગે. થોડે સમય. મુનિ તો જંગલમેં હી વસતે હૈં. મંદિર આદિ સ્થાન હો વહાં બસે થોડો કાલ.

**'સૂના ઘર, વૃક્ષકા મૂલ,...' 'तरुहिट्ठे'** થા ન. વૃક્ષકે નીચે જંગલમાં. મુનિ કિસકો કહે? જિનકો નગ્નદશા ઔર અંતરમેં વીતરાગભાવ ઐસી દશા જો હો ઉસકો યહાં જૈનશાસન મેં મુનિ કહતે હૈં. 'કોટર,...' વૃક્ષ પોલે હો બહોત વૃક્ષ કા કોટર ખાલી ભાગ. સુખા હો ન સુખે ... **'ઉદ્યાન, વન, સ્મશાનભૂમિ,...'** ઉસમેં રહે મુનિ.

મુમુક્ષુ :- ઠંડી હો તો.

ઉત્તર :- મુનિ કિસકો કહીએ? ઠંડી પડે યા ન પડે. મુનિ કિસકો કહે? ઠંડીમેં ભી જો આનંદમેં રહતે હૈં. મુનિપના તો કોઈ... ઓહોહો..! વહાં અતીન્દ્રિય આનંદકે અનુભવમેં જહાં વિચરતે હૈં ઉસકો ઠંડી-બંડી કૈસી?

**'પર્વતકી ગુફા,...'**મેં રહે. **'પર્વતકે શિખર,...'** ઉપર રહે. **'ભયાનક વન...'**મેં રહે, લો. મુનિ તો ભયાનક વન હો વહાં આનંદમેં રહતે હૈં. **'ઔર વસ્તિકા...'** વસ્તિકામેં આતે હૈ થોડા કાલ. **'ઇનમેં દીક્ષાસહિત મુનિ ઠહરેં. યે દીક્ષાયોગ્ય સ્થાન હૈં.'** લો. વહ દીક્ષા કે લાયક સ્થાન હૈ સભી. વસ્તીમેં ઔર મુંબઈમેં રહતે હૈ વહ વસ્તી નહીં. નગ્નમુનિ મુંબઈમેં ક્યા, પહલે મુંબઈમેં શ્વેતાંબર સાધુ ભી નહીં જાતે થે. પહલે ઐસા થા હોં. શ્વેતાંબર સાધુ નહીં જાતે થે મુંબઈ. અભી તો સબ...

મુમુક્ષુ :- અબ મુંબઈ છોડતે નહીં...

ઉત્તર :- મુંબઈ છોડતે નહીં. પહલે તો ભાઈ જાતે નહીં થે. શ્વેતાંબર સાધુ. યહ તો દિગંબર સાધુ... અરે..! પ્રભુ! માર્ગ હી સબ ફેરફાર. ભગવાનકા ભાઈ માર્ગ તો .. બાત હી ભિન્ન હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થે ન. નહીં મિલા. પહલે નહીં જાતે થે. પહલે લોગ મુંબઈ ન જાયે. વ્યવહાર બિલકુલ નહીં હોતા. જંગલ કહાં જાયે. અભી તેરાપંથી વહાં રહતે હૈ સ્થાનકવાસી. તેરાપંથીકે સાધુ કી ક્રિયા .. હૈ. વ્યવહાર. ઉનમેં સભી .. હો ગઈ. .. મુંબઈ.

યહાં તો ઉસ વસ્ત્રસહિતકી બાત હી નહીં હૈ. મુનિકો વસ્ત્ર હોતા હી નહીં. પરંતુ વસ્ત્રરહિત ઔર અંતર મેં નિર્ગ્રંથદશા વીતરાગભાવ હોના ચાહિયે. ઔર વહ ઐસે સ્મશાન આદિમેં રહતે હૈં. યહ સચ્ચી પહચાન કરાતે હૈં પ્રવજ્યાકી. **'સ્વવશાસક્ત અર્થાત્ સ્વાધીન મુનિયોંસે આસક્ત જો ક્ષેત્ર...'** ઐસા ક્ષેત્ર હો કિ મુનિકો સ્વાધીન હો, કોઈ ઉસકા માલિક ન હો, રૂકાવટ ન હો ઐસે સ્થાનમેં મુનિ રહતે હૈં. **'ક્ષેત્રોમેં મુનિ ઠહરે. તથા જહાંસે મોક્ષ પધારે ઇસપ્રકારકે તીર્થસ્થાન...'** તીર્થસ્થાન હો વહાં રહે. **'વચ,...'** ભગવાનકી વાણી જહાં હો વહાં રહે. **'ચૈત્ય,...'** પ્રતિમા હો. ભગવાનકી પ્રતિમા પાષાણ આદિકી (હો) વહાં મુનિ રહે.

યહ પ્રશ્ન હુઆ થા ૯૧મેં. પંથ બાહર નિકલા ન? સ્થાનકવાસી. મૂર્તિ નહીં હૈ.. મૂર્તિ નહીં. તબ કલ્યાણચંદજી આયે થે. હીરાલાલ કે મકાનમેં. કિ યહ કહતે હૈં? બિલકુલ જૂઠી બાત. યહ પાઠ હૈ. યહ

પાઠ બતાયા થા. .. ઉસમેં જૈન પ્રતિમા હૈ, રહનેકે સ્થાન યહ હૈ. જિનવર ઐસા કહતે હૈં. દેખો પાઠ આતા હૈ. **'जिणभवणं अह वेज्झं, जिणमग्गे जिणवरा विंति'** ઈસમેં તો સ્પષ્ટ બાત હૈ. જિનપ્રતિમા હૈ, જિનમંદિર હૈ, ઉસમેં મુનિવરોં રહતે થે ધ્યાનમેં. વહ સંતબાળ હૈ ન. મેરા યહાં પરિવર્તન હુઆ, ઉસને વહ નિકાલા. લેખ લિખા હૈ. પ્રતિમા નહીં, જિન પ્રતિમા નહીં. દિગંબર મેં નહીં હૈ. બિલકુલ જૂઠ બાત હૈ. યહ રહા દેખો. યહ બતાયા થા કલ્યાણચંદજીકો. **'जिणभवणं'** હૈ ન? ૪૩વીં ગાથા. ઈસમેં **'વચ, ચૈત્ય, આલય,...'** ઉસમેં ભી યહી હૈ. ભગવાનકી વાણીકા સ્થાન હો, ભગવાન કે મંત્ર આદિકા સ્થાન હો. ચૈત્ય-પ્રતિમાકા હો ઔર ઉસકા મંદિર આદિ હો. ઉસમેં મુનિ બસતે હૈં. આહાહા..!

**'પર્વતકી ગુફા, પર્વતકા શિખર, ભયાનક વન ઔર વસ્તિકા...'** વહાં રહે. **'વચ, ચૈત્ય, આલય,..'** ઐસે તીન પ્રકાર હૈં. **'त्तयं'** હૈ ન **'त्तयं'**? **'वचचइदालत्तयं'** ૪૩ મેં. ૪૩ ગાથા. **'वचचइदालत्तयं'** **'વચ...'** અર્થાત્ ભગવાનકી વાણી રખી હો વહાં. ઉસ સ્થાનમેં મુનિ હૈ. દિગંબર મુનિ આત્મધ્યાની. જિનકો વસ્ત્રકા ધાગા ન હો. વહ જિનવર કે માર્ગમેં ઉસકો મુનિ ઔર પ્રવજ્યા કહતે હૈં. કેવલ બાહરસે નહીં, અંદર મેં ધ્યાન આનંદકા હો. સમ્યગ્દર્શન હો, સમ્યગ્જ્ઞાન હો ઔર સ્વરૂપમેં રમણતા જિસકો હો, ઉસકો જૈનધર્મ મેં સાધુ કહતે હૈં. **'વચ,...'** વાણી, પ્રતિમા ઔર આલય-મંદિર **'ઈસપ્રકાર ત્રિક જો પહિલે કહા ગયા હૈ અર્થાત્ આયતન આદિક; પરમાર્થરૂપ, સંયમી મુનિ,...'** યહ આયતન કહા થા ન પહલે. ૧૧ બોલ મેં. આયતન-ધર્મકે સ્થાન. **'પરમાર્થરૂપ સંયમી મુનિ, અરિહંત, સિદ્ધ સ્વરૂપ ઉનકે નામકે અક્ષરરૂપ 'મંત્ર'... '** ભગવાનકે મંત્ર આદિ હો. **'ઉનકી આજ્ઞારૂપ વાણીકો 'વચ' કહતે હૈં...'** લો. ભગવાનની આજ્ઞાકી વાણીકો વચ અર્થાત્ વાણી કહતે હૈં.

**'તથા ઉનકે આકાર ધાતુ પાષાણકી પ્રતિમા સ્થાપનકો 'ચૈત્ય' કહતે હૈં... '** કુંદકુંદાચાર્ય સિદ્ધ કરતે હૈં. સ્વયં પાઠ મેં સિદ્ધ હૈ. જિનભવન હૈ, જિનપ્રતિમા હૈ, જિનચૈત્ય હૈ, જિનવાણી, મકાન ભી હોતા હૈ. અપને યહાં પરમાગમ હુઆ સ્પષ્ટ જિનવાણી. આહાહા..! **'અક્ષર મંત્ર વાણી જિસમેં સ્થાપિત કિયે જાતે હૈં....'** **'ઉનકે આકાર ધાતુ પાષાણકી પ્રતિમા સ્થાપનકો 'ચૈત્ય' કહતે હૈં...'** પાઠ હૈ ન. **'वचचइदालत्तयं'** તીન શબ્દ હૈં. વાણી હોતી હૈ, પ્રતિમા હોતી હૈ ઔર ઉસકા સ્થાન હોતા હૈ મંદિર. તીન બાત કહતે હૈં. સમજમેં આયા? કુંદકુંદાચાર્ય સ્વયં પોકાર કરતે હૈં. ઉસ સમયમેં તો હો ગયા થા. વીતરાગકી વાણી ભી બદલ ડાલી થી શ્વેતાંબરને, ભેષ બદલ ડાલા, સાધુપના સબ ફેરફાર.

તો કહતે હૈં કિ ભગવાનકી પ્રતિમા ધાતુ-પાષાણકી. હૈ ન પાઠ મેં ચૈત્ય હૈ. વહ વાણી ભિન્ન હૈ. વાણી ભિન્ન, ચૈત્ય ભિન્ન, આલય ભિન્ન. તીન બોલ હૈં. **'वचचइदालत्तयं'** ૪૩ વીં ગાથા હૈ. વાણી ભગવાનકી વાણીકા સ્થાન હો, ભગવાનકી પ્રતિમાકા સ્થાન હો યા ભગવાનકા મંદિર હો. **'ઔર વહ**

**પ્રતિમા તથા અક્ષર મંત્ર વાણી જિસમેં સ્થાપિત કિયે જાતે હૈં ઈસપ્રકાર આલય - મંદિર,...' 'અક્ષર મંત્ર વાણી જિસમેં સ્થાપિત કિયે જાતે હૈં... ' 'યંત્ર યા પુસ્તકરૂપ ઐસા વચ,...'** યંત્ર સ્થાપન હો યા પુસ્તક સ્થાપન ભગવાનકી વાણી. ઉસકો વચ કહે. **'ચૈત્ય તથા આલયકા ત્રિક હૈ...'** યહ વચ, ચૈત્ય, આલયકા ત્રિક. **'અથવા જિનભવન...'** લો. **'અર્થાત્ અકૃત્રિમ ચૈત્યાલય મંદિર ઈસપ્રકાર આયતનાદિક ઉસકે સમાન હી ઉનકા વ્યવહાર,... '** હૈ. અકૃત્રિમ ચૈત્યાલય. શાશ્વત હૈ ન. સ્વર્ગમેં શાશ્વત ચૈત્યાલય હૈ. ઉસમેં લિખા હૈ ટીકા મેં. કિતને કરોડ... ભવનપતિમેં તો અસંખ્ય પ્રતિમાયેં હૈં વીતરાગી. ભવનપતિ, વ્યંતર અસંખ્ય મંદિર ઔર અસંખ્ય પ્રતિમાયેં.

મુમુક્ષુ :- અકૃત્રિમ.

ઉત્તર :- અકૃત્રિમ. શાશ્વત. અનાદિકી હૈ. વહ વસ્તુ કોઈ નઈ નહીં હૈ. અનાદિકી હૈ. કુંદકુંદાચાર્ય કહેતા આવ્યા છે અનાદિકી બાત હૈ યહ. સમજમેં આયા?

વીતરાગ પરમાત્માકી વાણી ઔર ઉસકી પ્રતિમા ઔર ઉસકા આલય અનાદિ સે હૈ. યહ કોઈ નયા નહીં હૈ. સ્થાનકવાસી તો અભી નિકલે. .. સ્થાનકવાસી થે ભી નહીં. અષ્ટપાહુડ બનાયા તબ સ્થાનકવાસી નહીં થે. શ્વેતાંબર થે. માત્ર શ્વેતાંબર નિકલા થા. ૧૦૦ સાલ પહલે. કુંદકુંદાચાર્ય હુએ ઉસકે પહલે ૧૦૦ સાલ પહલે હુએ. સ્પષ્ટ કરતે હૈં કિ માર્ગ ઐસા હૈ વીતરાગ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવર, ઉસકી વાણીકા સ્થાન, પ્રતિમાકા સ્થાન ઔર મંદિર અક્ષર મંત્ર આદિકા—યહ સબ મુનિઓકો રહને લાયક હૈ ઔર ધ્યાન કરને લાયક હૈ. ભાવ હૈ ન ઉસપ્રકાર કા. બનાતે હોંગે તભી હોગા ન યહ? મંદિર બનાતે હોંગે તબ યહ હૈ ન? કહાં સે આયા મંદિર? યહાં લિખા હૈ **'जिणभवणं'** ગૃહસ્થ બનાતે હોંગે તબ હૈ કિ નહીં? જિનમંદિર, પ્રતિમા, આલય, મંત્ર હૈ ન અંદર? યંત્ર **'ઐસા વચ, ચૈત્ય તથા આલયકા ત્રિક હૈ...'** આહાહા..!

**'અકૃત્રિમ ચૈત્યાલય મંદિર ઈસપ્રકાર આયતનાદિક ઉનકે સમાન હી ઉનકા વ્યવહાર, ઉસે જિનમાર્ગમેં જિનવર દેવ...'** લો! કુંદકુંદાચાર્ય સ્વયં કહતે હૈં. પાઠ મેં હૈ. **'जिणमग्गे जिणवरा विंति'** જિનમાર્ગ મેં જિનવરને ઐસા કહા હૈ. ૪૩ ગાથા. મૂલ શ્લોક. કુંદકુંદાચાર્યકા મૂલ શ્લોક. સમજમેં આયા? યહ તો આજ હિન્દી ચલા થોડા થોડા. અમરચંદજી! યહાં હિન્દી હૈ તો હિન્દી ચલા. દોપહર મેં અભી હિન્દી નહીં ચલતા. જરા સૂક્ષ્મ હૈ. યહ પુસ્તક હી હિન્દી હૈ. સમજમેં આયા? પરમાત્મા જિનવરદેવને જિનમાર્ગ કે અંદર અનંત તીર્થંકરોકી પ્રતિમા, પ્રતિમાકી પૂજા, મંદિર, વચન, વાણીકી સ્થાપના વહ અનાદિકા હૈ. કોઈ નયા નહીં હૈ. કહો, ભગવાનજીભાઈ! અપને તો યહાં પરમાગમ મંદિર હોતા હૈ કિ નહીં? વસ્તુ હૈ ન. મુનિયોંકે રહનેકે સ્થાન હૈ ઔર મુનિયોંકો ધ્યાન કરને લાયક સ્થાન હૈ. ઐસા કહતે હૈં. ઈસમેં એક ભી બોલ કો નિકાલ દે તો અનંત તીર્થંકર કો નિકાલ દે.

ઇસલિયે ઐસા કહા ન દેખો ન. 'जिणमग्गे जिणवरा विंति' '**જિનમાર્ગમેં જિનવર દેવ વેધ્ય અર્થાત્ દીક્ષાસહિત મુનિયોંકે ધ્યાન કરને યોગ્ય, ચિંતન કરને યોગ્ય કહતે હૈં.**' હૈ? પાઠમેં હૈ ન વહ. 'वेज्झं' ભગવાન ઐસા કહતે હૈં. અનંત તીર્થંકરોં સર્વજ્ઞ પરમેશ્વર કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ ઐસા જિનમાર્ગ મેં જિનવરદેવને ઐસા માર્ગ અનાદિસે કહા હૈ. આહાહા..! ઉસકે રહનેકા સ્થાન બતાયા હૈ વહ.

મુમુક્ષુ :- મંદિરમેં રહતે થે.

ઉત્તર :- કોઈ મંદિરમેં રહતે થે થોડા. થોડા. ... યહ તો ઉનકે રહનેકે સ્થાન ઐસે નિવૃત્તિવાલે હો. વસ્તિકા ભી લી હૈ. વસ્તિકા.. જ્યાદાતર જંગલમેં હી રહતે થે મુનિ. જંગલમેં. મુનિ કિસકો કહે? બાપુ! મુનિકી દશા તો જગતકો અભી સુનની મુશ્કેલ હો ગઈ. આહાહા..! કિસકો મુનિ કહના?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંચમકાલ. માર્ગ યહ હૈ. પંચમ કાલમેં ભી માર્ગ તો યહ હૈ. ન કર સકે વહ દૂસરી બાત હૈ.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય પંચમકાલ મેં...

ઉત્તર :- યહ કુંદકુંદાચાર્ય લિખતે હૈં કબ? પંચમકાલમેં થે યા ચૌથે કાલમેં? ભગવાન પીછે ૬૦૦ સાલ કે બાદ કુંદકુંદાચાર્ય હુએ તો સ્પષ્ટ કરતે હૈં. બોધપાહુડ હૈ. સમ્યગ્જ્ઞાન યથાર્થ હોના ચાહિયે ઉસકો. સમજમેં આયા? મંદિર, પ્રતિમા, વાણી સબ થા. હા, ઉસ તરફકી ભક્તિકા ભાવ વહ શુભભાવ હૈ. વહ યહાં સિદ્ધ નહીં કરના. વહ ધર્મ નહીં. ઉસ તરફ કા લક્ષ્ય કરને સે શુભભાવ હોતા હૈ, પરંતુ વહ સ્થાન હૈ ધ્યાન કરને લાયક, ઇતની બાત સિદ્ધ કરતે હૈં. પ્રવજ્યાવાલેકો, ઐસા કહતે હૈ ન? સમજમેં આયા? જિનભવન, વીતરાગવાણી ઔર પ્રતિમા, મંદિર યહ સબ નિવૃત્તિવાલે પ્રવજ્યા .. એકાંત સ્થાન હૈ વહ. બસ ઇતના બતાના. વહ ધર્મ સ્થાનકા અર્થ વહ પુણ્યભાવ ઉસમેં લક્ષ કરને સે ઉસકી ભક્તિ કર પુણ્યભાવ હોતા હૈ. પરંતુ ઐસા ભાવ અનાદિસે હૈ. ધર્મ નહીં. ભગવાનકી પ્રતિમા, ભગવાનકી વાણી ઔર મંદિર ઉસકા બહુમાન કરના, ભક્તિ કરના વહ શુભભાવ હૈ, પુણ્ય હૈ, ધર્મ નહીં. અમરચંદજી! ઐસી બાત હૈ. પાપસે બચનેકો ઐસા શુભભાવ હોતા હૈ. પરંતુ ઉસકો યહાં ધર્મસ્થાન કહનેમેં આતા હૈ. આહાહા..!

એકને નિકાલ ડાલા, તબ એકને ધર્મકી સ્થાપના કી. ઇસમેં ધર્મ હૈ. સંવર ઔર નિર્જરા. આસ્રવભાવ ઉસમેં આતા હૈ ન. દેવચંદજી મેં આતા હૈ. આસ્રવભાવ કમ હો, સંવર બઢે આતા હૈ. દેવચંદજીમેં આતા હૈ. આસ્રવભાવ ... યહ તો સ્થાન હૈ મુનિઓંકો નગ્નમુનિ દિગંબરકો રહના ઇતની બાત, પરંતુ ઉસસે ધર્મ હોતા હૈ, આત્માકા કલ્યાણ હોતા હૈ (ઐસા નહીં). ઉસકી ભક્તિસે શુભભાવ હોતા હૈ. સેઠ! ઐસી બાત હૈ. આગેપીછે કુછ કરે તો.. સમજમેં આયા કુછ? કોઈ ઐસા કહે કિ ભગવાનકી ભક્તિ, ભગવાનકી

વાણી, ઉસકી ભક્તિ વહ ધર્મ હૈ. ઐસા નહીં હૈ.

મુમુક્ષુ :- સાધન તો હૈ ન?

ઉત્તર :- નહીં. સાધન શુદ્ધભાવ. દૂસરા સાધન-ફાધન નહીં. વાણી ઐસી હૈ ભગવાન. સાધન તો અપના અંતર સ્વરૂપ રાગસે ભિન્ન કરકે સ્વરૂપકી દૃષ્ટિ કરના વહ સાધન હૈ. સૂક્ષ્મ બાત હૈ.

મુમુક્ષુ :- સાધનકા સાધન ક્યા?

ઉત્તર :- યહ સાધનકા સાધન યહ દ્રવ્ય. અંતર સાધન. સ્વભાવ મેં કરણ નામકા ગુણ હૈ. કારણ નામકા કહો, કરણ નામકા કહો, સાધન નામકા ગુણ આત્મામેં હૈ. વહ સાધનકા વહ સાધન હૈ. .. બાહરકે સાધનકો વ્યવહારકા સાધન કહને મેં આતા હૈ. પુણ્યબંધકા કારણ હૈ, ધર્મ નહીં. ઉસસે જન્મ-મરણ મિટે ઔર સંવર-નિર્જરા હો વહ બાત નહીં. ઔર ન હો ઐસી ભી બાત નહીં. સમજમેં આયા? ઐસી બાત હૈ. દેખો હૈ ન? **'वेज्झं' 'जिणमग्गे वेज्झं'** ઐસા કહા ન. **वेज्झं'** હૈ ન.' **'जिणभवणं अह वेज्झं, जिणमग्गे जिणवरा विंति'** ૪૩. વહ યહાં કહતે હૈં. **'જિનમાર્ગમેં જિનવર દેવ વેધ્ય અર્થાત્ દીક્ષાસહિત મુનિયોંકે ધ્યાન કરને યોગ્ય, ચિંતન કરને યોગ્ય કહતે હૈં.'** વેધ્યકા અર્થ કિયા. ઐસે સ્થાન મેં એકાંતમેં આત્માકા ધ્યાન કરને લાયક હૈ. અપને આત્માકા ધ્યાન હોં. ઉસકા ધ્યાન કરે વહ તો શુભભાવ હૈ. યહ તો ઐસે સ્થાન મેં આત્માકા ધ્યાન કરે. અપને આનંદસ્વરૂપમેં લીન હોકર આનંદકા ધ્યાન કરના ઉસકા સ્થાન કહનેમેં આયા હૈ. સમજમેં આયા? વહ સ્થાન હૈ તો આનંદકા ધ્યાન હોતા હૈ, ઐસા નહીં. યહ તો નિમિત્તકા કથન હૈ. ધ્યાન તો અપના આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ હૈ ઉસ તરફકા ઝુકાવ કરકે અંદરમેં લીન હોના, વહ ધ્યાન હૈ, વહ આનંદ હૈ ઔર વહ ધર્મ હૈ. આહાહા..! કહો, સમજમેં આયા?

**'જો મુનિવૃષભ અર્થાત્ મુનિયોંમેં પ્રધાન હૈં...'** ઉત્તમ આ ગયા. **'ઉનકે કહે હુએ શૂન્યગૃહાદિક તથા તીર્થ, નામ મંત્ર, સ્થાપનરૂપ મૂર્તિ ઔર ઉનકા આલય... '** તીન. **'પુસ્તક...'** હૈ ન? **'ઉનકા આલય-મંદિર, પુસ્તક ઔર અકૃત્રિમ જિનમંદિર ઉનકો णिइच्छन्ति અર્થાત્ નિશ્ચયસે ઇષ્ટ કરતે હૈં.'** **'णिइच्छन्ति'** અર્થાત્ નિશ્ચયસે ઇષ્ટ કરતે હૈં ઐસા કહતે હૈ. **'णिइच्छन्ति'** આયા. **'णिइच्छन्ति' 'નિશ્ચયસે ઇષ્ટ કરતે હૈં.' 'णिइच्छन्ति'** હૈ ન. વહાં મુનિ રહતે હૈં ધ્યાનમેં. આહાહા..! અપને સ્વરૂપકે ધ્યાન મેં હં. ઉસકા ધ્યાન મેં તો શુભભાવ હૈ. જિનપ્રતિમા, જિનભવન, વાણીકા મંદિર હો, જિસમેં વાણી વાણી, યહ સબ શુભભાવકે નિમિત્ત હૈ. આત્મા કે ધ્યાન કરને કે લિયે બાહ્ય સાધન હૈ. નિમિત્ત. આહાહા..! યહાં તો આત્માકે ધ્યાનમેં પરકી કોઈ અપેક્ષા હૈ હી નહીં. પરંતુ યહ તો રહને કે સ્થાનકા વર્ણન કિયા હૈ. જિસમેં એકાંત હો, શાંત હો. સામાયિકકા વર્ણન આતા હૈ ઉસમેં ઐસા આતા હૈ ન. શ્રાવક રત્નકરંડાચાર. એકાંત હો, બાલ બહુ .. ન હો, કપડે કા સ્પર્શ ન હોતા હો. અભી સમ્યગ્દર્શન કિસકો કહના ઉસમેં ગડબડી હૈ. શ્રદ્ધાકી ખબર નહીં. પહલી બાત તો યહ હૈ. જિસમેં આરંભ-પરિગ્રહ

હો ઉસમેં મુનિ પડે નહીં. આરંભ-પરિગ્રહ કરે નહીં, કરાયે નહીં, કરનેવાલે કા અનુમોદન ન કરે. વહ કરે નહીં. ઉપદેશ દે. ભગવાનને કહા વહ માર્ગ બતાયે. સમજમેં આયા કુછ? ઐસે સંત ઐસે કો ઈષ્ટ કરતે હૈં ઐસા કહતે હૈં. મુનિઓ મહા આત્મધ્યાની, જ્ઞાની ઐસે સ્થાન જિનપ્રતિમા, જિનમંદિર અકૃત્રિમ ઉનકો નિશ્ચય સે ઈષ્ટ કરતે હૈં. વાસ્તવમેં ઉસકો ઈષ્ટ કરતે હૈં કિ વહાં રહનેકી ઈચ્છા કરતે હૈં.

**'સૂને ઘર આદિમેં રહતે હૈં...'** સૂના મકાન પડા હો. કોઈ ઈન્સાન ન હો. કિસીકો ભૂતાદિકી શંકા હો ગઈ હો ઔર ફિર ચલે જાયે ઈન્સાન. ખાલી મકાન પડા હો. **'તીર્થ આદિકા ધ્યાન ચિંતવન કરતે હૈં'** તીર્થ આદિકા ધ્યાન ચિંતવન કરતે હૈં. **'તથા દૂસરોંકો વહાં દીક્ષા દેતે હૈં.'** લો! ઐસે સ્થાનમેં દૂસરે કો દીક્ષા દેતે હૈં. ઐસે સ્થાન મેં દીક્ષા. આહાહા..! **'યહાં णिइच्छंति પાઠાન્તર णिइच्छंति ઈસપ્રકાર ભી હૈ...'** ઐસા કહતે હૈં. **'ઉસકા કાકોક્તિ દ્વારા તો ઈસપ્રકાર અર્થ હોતા હૈ કિ જો ક્યા ઈષ્ટ નહીં કરતે હૈં?' 'णिइच्छंति'** ન ઈચ્છા કરે? ધર્માત્મા તો ઐસે સ્થાનકો હી ઈચ્છતે હૈં. વાણી સ્થાપન કી હો, ભગવાનકી પ્રતિમાકા સ્થાપન કિયા હો, ભગવાનકે મંત્ર-તંત્ર જહાં સ્થાપન કિયા હો યંત્ર આદિ. ઉસકો ક્યોં નહીં ઈચ્છે? ઉસમેં હી ધ્યાનમેં જાતે હૈં. ધ્યાન કરનેકો ઐસે સ્થાનકી હી ઈચ્છા કરતે હૈં. ઐસે સ્થાન મેં અપને તરફ ઢલનેકી બાત યહ હૈ. ઈસ સ્થાન કા લક્ષ્ય રખકર કરે વહ તો શુભભાવ હૈ. સમજમેં આયા કુછ? ચાહે તો પ્રતિમા હો, વાણી હો, મંદિર હો યા યંત્ર. યંત્ર હોતા હૈ ન? ઉસકા જો વિચાર કરે તો તો શુભભાવ હૈ. પરંતુ ઐસે સ્થાન મેં આત્માકે ધ્યાન કે લિયે રહે, ઐસા કહતે હૈં. અપને સ્વરૂપમેં લીન હોનેકે લિયે ઐસે સ્થાનમેં રહે. આહાહા..! સમજમેં આયા? બહુત માર્ગ મેં ફર્ક હો ગયા. શ્રદ્ધામેં સબ ફર્ક. પ્રવજ્યા .. હૈ. આહાહા..!

**'જો ક્યા ઈષ્ટ નહીં કરતે હૈં?'** ધર્માત્મા મુનિ આનંદકે ધ્યાન કરનેવાલે ક્યા ઐસે સ્થાનકી ઈચ્છા નહીં કરતે? ઈષ્ટ નહીં કરતે હૈં? કરતે હી હૈં. ઐસા કહે. હૈ ન? **'જો ક્યા ઈષ્ટ નહીં કરતે હૈં? અર્થાત્ કરતે હી હૈં.'** ઐસે સ્થાનમેં હી મુનિ રહતે હૈં. તો ઐસે સ્થાન થે કિ નહીં? શ્રાવકને બનાયા હો તો ઐસે સ્થાન મેં મુનિ રહતે હૈ ન? બનાયે હૈ કિ નહીં? નહીં થે? યહ બડા પ્રશ્ન ઉઠા થા. દીક્ષા યહાં પરિવર્તન હુઆ... સ્થાનકવાસી સાધુ. ઉનકો શ્રદ્ધા તો જૈનકી નહીં. શ્રદ્ધા વેદાંતકી... મુહપતિ. જૈન પ્રતિમા નહીં, મૂર્તિ નહીં... બહુ માર્ગ... ઉસ વક્ત ઉડાયા બરાબર. યહ રહા. દેખો યહાં કુંદકુંદાચાર્ય કહતે હૈં. યહ પાઠ ઈસકા મૂલ પાઠ ભગવાનકી વાણી યહ હૈ. કુંદકુંદાચાર્યકી વાણી હૈ યહ. દો હજાર સાલ પહલે ભગવાન કુંદકુંદાચાર્ય ઉસ સમય જિનભવન, ચૈત્યાલય, ચૈત્ય ઔર વાણી ઉસકે સ્થાન થે વહ યહાં સિદ્ધ કરતે હૈં. કહો, પાઠ હૈ કિ નહીં. શબ્દ કિસકા? શ્રીમદ્‌ને ઈસ પુસ્તક કો માન્ય રખા હૈ. અષ્ટપાહુડ કો માન્ય રખા હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. .. હૈ. આગ્રહ મેં બંધ જાતે હૈ ન ઈન્સાન ઈસલિયે. ઐસા શલ્ય ભારી હૈ. નિકલના

મુશ્કિલ હૈ.

**'એક ટિપ્પણીમેં ઐસા અર્થ કિયા હૈ કિ---ઐસે શૂન્યગૃહાદિક તથા તીર્થાદિકકો સ્વવશાસક્ત અર્થાત્ સ્વેચ્છાચારી ભ્રષ્ટાચારીયોં દ્વારા આસક્ત હો...'**

મુમુક્ષુ :- ઉસમેં ન રહે.

ઉત્તર :- હા ઉસમેં ન રહે. શૂન્યગૃહ હો, તીર્થાદિક સ્થાન હો, પરંતુ સ્વઆસક્ત સ્વેચ્છાચારી જતિ આદિ બાવા મુનિ સાધુ ભ્રષ્ટાચારી ઉસકે દ્વારા આસક્ત હો '(યુક્ત હો) **તો વે મુનિપ્રધાન ઈષ્ટ ન કરેં,...'** તો મુનિ વહાં રહે નહીં. ઐસે સ્થાન મેં નહીં રહતે. દો-તીન અર્થ કિયે હૈં. '**વહાં ન રહેં. કૈસે હૈં વે મુનિપ્રધાન?**'

અબ યહ બાત આઈ. ૪૪કી. '**પાંચ મહાવ્રત સંયુક્ત હૈં,...**' જિસકો પંચમહાવ્રત. અહિંસા -કોઈ એકેન્દ્રિય પ્રાણીકી ભી હિંસા ન કરે. ઉનકે લિયે બનાયા હુઆ આહાર ભી ન લે. ચોકા કરકે લેતે હૈ ન ચોકા? યહ સબ શાસ્ત્ર સે વિરૂદ્ધ હૈ. અમરચંદજી! આહાર-પાની વ્હોરાયા હૈ કિ નહીં કભી? ચોકા કરતે હૈં ન ચોકા? માર્ગ નહીં. લેનેવાલેકે વિરૂદ્ધ હૈ ઔર દેનેવાલેકે ભી વિરૂદ્ધ હૈ. દોનોં કે લિયે વિરૂદ્ધ હૈ. ઉસકે લિયે બનાના ઔર બનાયા હુઆ લે વહ ભ્રષ્ટ હૈ. વ્યવહાર સે ભ્રષ્ટ હૈ. નિશ્ચય તો હૈ હી નહીં. ઐસી બાત બહુત કઠીન હૈ.

કૈસે હૈ? '**પાંચ મહાવ્રત સંયુક્ત હૈં,...**' અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ઔર અપરિગ્રહ. '**પાંચ ઈન્દ્રિયોંકો ભલેપ્રકાર જીતનેવાલે હૈં,...**' પાંચો ઈન્દ્રિયકો જીતી હૈ. ઠંડી-બંડીકી દરકાર નહીં ઐસા કહતે હૈં. .. તો ઠંડી પડે તો ક્યા કરના? મુનિકો કહાં પડી હૈ ઠંડી-ગરમીકી? પાંચો ઈન્દ્રિયોકો જીતા હૈ ઈસમેં. આહાહા..! અણિન્દ્રિય ભગવાન આત્મા ઉસકે આનંદ મેં લહેર કરતે હૈં. મુનિ તો ઉસકો કહેં. આહાહા..! સમજમેં આયા? '**નિરપેક્ષ હૈં-કિસી પ્રકારકી વાંચ્છાસે મુનિ નહીં હુએ હૈં,...**' સાધુ કોઈ વાંચ્છા સે નહીં હુઆ હૈ કિ યહ મૈં કરું તો સ્વર્ગ મેં જાઉં, દુનિયા માને, દુનિયામેં મેરી પ્રસિદ્ધિ હો. ઐસે '**કિસી પ્રકારકી વાંચ્છાસે મુનિ નહીં હુએ હૈં,...**' એક આત્માકે આનંદકે લિયે. આહાહા..!

'**સ્વાધ્યાય ઔર ધ્યાનયુક્ત હૈં,...**' મુનિકો તો દો કામ. અંતર આનંદકા ધ્યાન, આનંદકા ધ્યાન હોના, ન હો સકે તો શાસ્ત્રકા સ્વાધ્યાય કરે. બસ બે સિવાય તીસરી ચીજ નહીં. આહાહા..! દેખો યહ કુંદકુંદાચાર્ય. આચાર્ય મુનિ થે, દિગંબર થે, સંત થે. દો હજાર સાલ હુએ. ભગવાનકે પાસ ગયે થે. ગયે ઔર આઠ દિન રહકર યહાં આકર બનાયા. ભગવાન જિનવરદેવને જિનમાર્ગમેં યહ કહા હૈ. આહાહા..! દર્શનસાર હૈ દર્શનસાર, નહીં? દેવચંદજી? દેવસેનાચાર્ય. અરે..! કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસ જાકર ઐસા જો ધર્મ ન લાયે હોતે, નહીં સમજાયા હોતા તો હમ કૈસે મુનિ હોતે? હમેં કહાં સે મુનિપના .. દર્શનસાર પુસ્તક હૈ. દેવસેનાચાર્ય. ઓહોહો..! ભગવાન કુંદકુંદાચાર્ય સાક્ષાત્ પરમાત્મા તીર્થંકરદેવકે પાસ જાકર, આઠ દિન રહકર જો યહ બોધ ન લાયે હોતે તો મુનિ કૈસે હોતે? મુનિ ઐસા કહતે હૈં, ઠીક.

દેવસેનાચાર્ય. ઈતની કુંદકુંદાચાર્યકી પ્રતિષ્ઠા ઈતની હુઈ થી. યહ આયા ન? મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. ગૌતમકે બાદ કુંદકુંદ આયે હૈં. જૈન ધર્મોસ્તુ મંગલં. શ્વેતાંબર મેં સ્થુલિભદ્ર આયે હૈ. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં સ્થુલિભદ્ર આ ગયે. પીછે સે નીકલે. આહાહા..! શ્વેતાંબર પંથ તો ભગવાન પીછે ૬૦૦ સાલ બાદ દુકાલ મેં નિકલા હૈ. દુકાલ બારહ સાલકા પડા, મુનિપના ન રહ સકા. ભ્રષ્ટ હોકર મુનિપના માન લિયા વસ્ત્રસહિત. યહ માર્ગ વીતરાગકા નહીં. યહ જૈનમાર્ગ નહીં. વહ જૈનદર્શન નહીં. યહ આ ગયા હૈ પહલે. જૈનદર્શન આયા? ..ભાઈ! કહાં આયા હૈ? ૧૪વીં ગાથા દર્શનપાહુડકી ઔર યહ બોધકી ૧૪વીં. દર્શનપાહુડકી ૧૪વીં ઔર બોધપાહુડકી ૧૪વીં. જૈનદર્શન ઉસકો કહતે હૈં. જૈનદર્શન આ ગયા હૈ. કઠિન કામ હૈ ભાઈ!

**'સ્વાધ્યાય ઔર ધ્યાનયુક્ત હૈ, કઈ તો શાસ્ત્ર પઢતે-પઢાતે હૈં, કઈ ધર્મ-શુક્લધ્યાન કરતે હૈં.'** લો. ધર્મ ઔર શુક્લધ્યાન. ધ્યાન માર્ગ હૈ. આનંદસ્વરૂપ મેં ન રહ સકે તો કોઈ શાસ્ત્ર પઢે ઔર પઢાયે. આહાહા..! મુનિકો દો બાત ધ્યાન ઔર સ્વાધ્યાય, બસ. દૂસરી બાત નહીં.

**'ભાવાર્થ :- યહાં દીક્ષાયોગ્ય સ્થાન તથા દીક્ષાસહિત દીક્ષા દેનેવાલે મુનિકા તથા ઉનકે ચિંતનયોગ્ય વ્યવહારકા સ્વરૂપ કહા હૈ.'** લો! ધ્યાન કરનેલાયક સ્થાન યહ હૈ. વ્યવહારકી બાત હૈ ન. ધ્યાન તો આત્માકા કરના હૈ. સ્થાન કૈસે હો ઔર વહાં દીક્ષા આદિ દે વહ ઐસે સ્થાન હોતે હૈં.

'આગે પ્રવ્રજ્યાકા સ્વરૂપ કહતે હૈં :—' વહ ૧૧વાં બોલ હૈ ન? દીક્ષા ઈસકો કહતે હૈં વીતરાગમાર્ગમેં. દીક્ષાકી વ્યાખ્યા આતી હૈ .. તો ઉસમેં યહ ભી આ ગયા. પ્રતિમા, જિનમંદિર ઔર વાણી. વાણીકા ભી પુસ્તક. હૈ ન અપને યહાં. પુસ્તક હો ન. મંદિર બના. શાસ્ત્ર હો, ભંડાર પડા હો, મુનિ વહાં રહે. દોપહરકા સૂક્ષ્મ હૈ ..ભાઈ! યહ તો અભી આસાન હૈ યહ તો. બહુત આસાન હૈ તો રખ દિયા. યહ તો સમજમેં આયે ઐસા હૈ. ધ્યાનકા સ્થાન તો આત્મા હૈ, પરંતુ વ્યવહાર સ્થાન ક્યા હૈ ઉસકા અર્થ બતાયા. ઈસલિયે કહા ન દેખો! **'ચિંતનયોગ્ય વ્યવહારકા સ્વરૂપ કહા હૈ.'** ઐસે તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા દરિયા, અતીન્દ્રિય જ્ઞાનકા સમુદ્ર પ્રભુ હૈ. ઉસકા ધ્યાન કરના વહ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ. આહાહા..! સ્થાન ઉસકા સ્થાન વ્યવહાર સ્વરૂપ ઐસે કહને મેં આયા હૈ.

'આગે પ્રવ્રજ્યાકા સ્વરૂપ કહતે હૈં :— '

गिहगंथमोहमुक्का, बावीसपरीसहा जियकषाया।
पावारंभविमुक्का, पव्वज्जा एरिसा भणिया।।४५।।

કુંદકુંદાચાર્ય પોકાર કરતે હૈં. ભગવાનને તો ઐસી પ્રવ્રજ્યા કહી હૈ, ઐસી દીક્ષા કહી હૈ. જો **'ગૃહ (ઘર) ઔર ગ્રંથ (પરિગ્રહ) ઈન દોનોંસે મુનિ તો મોહ મમત્વ, ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિસે રહિત**

**હી હૈં,...'** ઉસકો મકાન ભી નહીં ઔર પરિગ્રહ અર્થાત્ વસ્ત્ર આદિ કુછ નહીં. પરિગ્રહ હી નહીં. આહાહા..! દોનોં સે મુનિ તો મોહ ઔર મમત્વ ઐસી ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિસે રહિત હૈ. **'જિસમેં બાઈસ પરિષહોંકો સહના હોતા હૈ,...'** લો યહ ઠંડી આદિ સહન હોતા હૈ ઐસા કહતે હૈં સેઠ! બાઈસ પરિષહ સહન કરના. બાઈસ પરિષહ—ક્ષુધા, તૃષા, નગ્નપના, અચેલપને રહના. આનંદ .. મુનિપના ... આહાહા..!

ઇન લોગોં મેં આતા હૈ. સ્તુતિમેં આતા હૈ. માતા કે પાસ રજા માંગતે હૈ ન તબ 'માડી .. નહિ રે રાખું આ સંસાર' માતા! અબ એક ક્ષણ ભી મુજે સંસાર મેં રુચિ નહીં હૈ. .. વૈરાગ્ય .. ઉસમેં લેતે હૈ. સજ્ઝાયમાલા. સજ્ઝાય આતી હૈ ન. 'માડી મોરી રે નહી રે રાખું આ સંસારમાં.' માતા! મુજે સંસાર મેં કુછ રુચિ આસક્તિ નહીં હૈ. મેરા પ્રેમ ભગવાનકે જગા હૈ. વહાં મેં રહના, નિવાસ કરના ચાહતા હૂં. રાજેન્દ્ર! ઐસા સ્વરૂપ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા કહા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કૌન કરતા હૈ? યહ તો આતા હૈ. જન્મદુખં, જરા દુખં ... અહો..! દુખો સંસારો ... માતા! હમ તો હમારે ધ્યાન મેં.. આહાહા..! હમારા આનંદકા સાગર પ્રભુ ઉસકે પાસ જાના ચાહતે હૈં. આતા હૈ ન ભાઈ અપને તીસરે અધ્યાય મેં ચરણાનુયોગ. પ્રવચનસાર. રજા માંગતે હૈ વહાં ઐસા આતા હૈ. માતા! પિતા! શરીરકે માતા-પિતા કહતે હૈં. મેરે માતા-પિતા આત્માકા તો હૈ હી નહીં કોઈ. શરીરકે પિતા રજા દો. હમ હમારે પુરાને પિતા હૈ ઉસકે પાસ જાના ચાહતે હૈં. હે શરીરકો ખેલાનેવાલી સ્ત્રી. ઐસા પાઠ હૈ. પ્રવચનસાર. તીસરે ભાગ મેં હૈ સ્ત્રી ઇસ શરીરકો ખિલાનેવાલી. મુજે ખિલાનેવાલી તું નહીં. તુમ રજા દો. હમારી અનુભૂતિરૂપી શાશ્વતી સ્ત્રી. અનુભૂતિ અંદરમેં ઉસકે પાસ જાના ચાહતે હૈં. આહાહા..! વહાં તો અનુભૂતિ સ્થાન લિયા હૈ ૭૩મેં નહીં? .. વહ યાદ આયા. ૭૩ ગાથા મેં આતા હૈ. ષટ્કારકકે પરિણામકે ભેદ સે રહિત અનુભૂતિ અર્થાત્ વસ્તુસ્વરૂપ. ત્રિકાલ અનુભવસ્વરૂપ આત્મા ઉસકે પાસ મેં જાતે હૈં. આહાહા..! મુનિમાર્ગ તો... આહાહા..! ધન્ય અવતાર હૈ. મુનિપના કિસકો કહે? આહાહા..!

**'બાઈસ પરિષહોંકા સહના...'** લો! ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી, સબ મેં આનંદમેં રહતે હૈં. સહન કરતે હૈં. **'કષાયોંકા જીતતે હૈં.'** ક્રોધ, માન, માયા, લોભકો જીતતે હૈં. આહાહા..! **'પાપરૂપ આરંભસે રહિત હૈં...'** કિસી પાપકા અનુમોદન કરના, કરાના, અનુમોદન નહીં હૈ ઉસકો. આહાહા..! કુછ મકાન બનાના, ઐસા કરના, યહ કરના. આહાહા..! ઐસા પાપકા આરંભ ઉસસે રહિત હૈ. **'ઇસપ્રકાર પ્રવજ્યા જિનેશ્વરદેવને કહી હૈ.'** સબ જગહ યહ ડાલતે હૈં દેખા ન. ઉપર આયા થા

ન. 'जिणमग्गे जिणवरा विंति' ભગવાનને ઐસી પ્રવજ્યા કહી હૈ. આહાહા..! જિસકી અભી શ્રદ્ધા કરે (કિ) ચારિત્ર કિસકો કહે.

'**ભાવાર્થ :- જૈનદીક્ષા મેં કુછ ભી પરિગ્રહ નહીં,...**' ઉસ સમય વસ્ત્ર-પાત્ર રખકર મુનિપના માનતે થે ન શ્વેતાંબર. ઉસકા નિષેધ કરતે હૈં કિ ઐસા માર્ગ હૈ નહીં. તીર્થંકર પરમાત્મા જિનેશ્વરદેવ ઉસકો દીક્ષા હી કહતે નહીં. આહાહા..! '**જૈનદીક્ષા મેં કુછ ભી પરિગ્રહ નહીં,...**' વસ્ત્રકા ધાગા નહીં. આહાહા..! '**સર્વ સંસારકા મોહ નહીં,...**' સર્વ સંસાર. ઉદયભાવકા ભી મોહ નહીં. આહાહા..! '**જિસમેં બાઈસ પરિષહોંકા સહના તથા કષાયોંકા જીતના પાયા જાતા હૈ...** ' ઉસકા નામ મુનિપના પ્રવજ્યા હૈ.

'**પાપારંભકા અભાવ હોતા હૈ.**' પાપરૂપી આરંભ જિસમેં એકેન્દ્રિય જીવ, હરિકાય, એક જીવ મરે ઉસકા ભી અનુમોદન નહીં. ઉસકે લિયે આહાર બનાયા હો પ્રાણ જાયે તો લે નહીં. પાપારંભ. ચોકા બનાતે હૈ, પાની બનાતા હૈ, આહાર બનાતે હૈ, મોસંબી લાતે હૈ. સચ્ચે મુનિ પ્રાણ જાયે ફિર ભી લે નહીં. બનાયે ઉસકે લિયે, ઔર ફિર જૂઠ બોલે. કહો, સેઠ! ક્યા જૂઠા બોલે? આહાર શુદ્ધ, વાણી શુદ્ધ, વચન શુદ્ધ, મન શુદ્ધ. સબ અશુદ્ધ હૈ. ઉસકે લિયે બનાયા વહ અશુદ્ધ હૈ ઔર બોલે કિ શુદ્ધ હૈ. જૂઠ બોલતે હૈં. આહાહા..!

મુમુક્ષુ :- આહાર-પાની સબ...

ઉત્તર :- શુદ્ધ હૈ ઐસા બોલતે હૈં ન? બનાયા હૈ ઉસકે લિયે વહ શુદ્ધ કહાં સે આયા? ઉસકે લિયે બનાયા વહ શુદ્ધ કહાં સે આયા? મકાન ભી બનાયા હો રહનેકે લિયે વહ અશુદ્ધ હૈ. મકાન ઉસકે લિયે બનાયા હો ઉસમેં રહ સકતે હી નહીં. કોઈ શાંત જંગલ મેં રહતે હૈં, વનવાસમેં રહતે હૈં. આહાહા..! ઐસા મુનિપના જૈનદર્શન મેં જિનવરને કહા હૈ.

'**ઈસપ્રકાર દીક્ષા અન્યમતમેં નહીં હૈ.**' લો. ઐસી દીક્ષા જૈનમત સિવા અન્યમતમેં નહીં. શ્વેતાંબરકો ભી અન્યમત મેં ડાલ દિયા. અન્યમત હૈ, જૈનમતમેં નહીં. આહાહા..! ઔર જૈનકે સંપ્રદાય મેં દિગંબરમેં રહકર ભી સચ્ચી શ્રદ્ધા, જ્ઞાન નહીં તો ઉસકો પ્રવજ્યા નહીં તો વહ અન્યમત હી હૈ. આહાહા..! ઐસી દીક્ષા-પ્રવજ્યા ઉસકો યથાર્થ જાનના તો ચાહિયે કિ નહીં? પ્રવજ્યા કિસકો કહતે હૈં, મુનિપના કિસકો કહતે હૈં ઉસકા જ્ઞાન, જૈસા હૈ ઐસા જ્ઞાન ન કરે તો ઉલટા જ્ઞાન હો જાયે. ઐસી દીક્ષા અન્યમતમેં નહીં. બહુત સ્પષ્ટ કિયા હૈ.

'આગે ફિર કહતે હૈં :—'

**धणधण्णवत्थदाणं, हिरण्णसयणासणाइं छत्ताइं।**
**कुद्दाणविरहरहिया पव्वज्जा एरिसा भणिया।।४६।।**

મુનિ ધનકા દાન દે નહીં, ધન રખે નહીં, ધનકા દાન દે નહીં. ઉસકે પાસ પૈસે નહીં. દૂસરે કે પાસ

પૈસે તો ઈનકો દો ઐસા ભી ન કહે. આહાહા..! સમજમેં આયા? **'ધાન્ય,...'** અનાજ. વહ અનાજકા દાન દે નહીં. ઉસકે પાસ અનાજ કહાં હૈ? **'વસ્ત્ર...'** કા દાન. વહ કુદાન હૈ. આહાહા..! ભગવાન મહાવીરને દીક્ષા લી તો ઈન્દ્રને એક વસ્ત્ર દિયા થા. ઐસા શ્વેતાંબર મેં આતા હૈ. ઉસ વસ્ત્રસે આધા ફાડકર ઉસકે મામાકા પુત્ર બ્રાહ્મણ આયા તો ઉસકો દે દિયા આધા. દાન દિયા. અરેરે..! ઐસી બાતેં કી હૈ. ..ચંદજી હૈ ન એક આગ્રા મેં. ઉસને તારીફ કી ઓહોહો..! ભગવાન કી કરૂણા. યહ દેખો જૈનદર્શનકી કરૂણા. ઉનકો આધા વસ્ત્ર કાટકર દિયા. પરંતુ યહ દાન હી જૂઠા હૈ. મુનિકો વસ્ત્ર હો સકે નહીં તીનકાલમેં. વસ્ત્ર દે કહાં સે? આહાહા..! આધા ફાડકર દે. આધા ગીર ગયા. ઐસે કે ઐસે અમરચંદજી હૈ ન આગ્રા. બહુત તારીફ કરે. વિરાયતન .. લાખો રૂપિયે કા ખર્ચ કરકે. રાજગૃહ મેં. વિરાયતન. વીરકા આયતન. લડકિયાં આઈ થી ન ભાષણ કરનેકો. તારીફ કરે, વહ જાયે. મુનિ કહે બહુત અચ્છા કિયા. આહાહા..! માર્ગ કો બિગાડ ડાલા.

**'વસ્ત્ર ઈનકા દાન,...'** મુનિકો હોતા નહીં. મુનિ વસ્ત્ર રખતે નહીં ઔર વસ્ત્ર કિસીકો દે નહીં. રખે નહીં તો દે કહાં સે? એ .. નહીં. ... ઐસા હૈ. .. ક્ષેત્રમેં આતા હૈ. વસ્ત્ર દિયા ભગવાનને આધા.

મુમુક્ષુ :- વહ તો ..ક્ષેત્રમેં હૈ.

ઉત્તર :- ..ક્ષેત્રમેં .. હો ગયા. ભગવાન કે બાદ યહ શ્વેતાંબર નિકલે (ઉસકે) ૧૦૦ સાલકે બાદ (કુંદકુંદાચાર્ય) હુએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચલતા હૈ. માન્યતા ચલતી હૈ તો ઐસા દે. ભગવાન ઐસે દે. આહાહા..! અરેરે..! વસ્ત્ર કૈસા? મહા આનંદમેં ઝૂલનેવાલે પ્રભુ અતીન્દ્રિય આનંદ લેતે હૈં. સબ ઈન્દ્રિયકો જીત લિયા હૈ. આહાહા..! ઉસકો વસ્ત્ર કૈસા ઔર વસ્ત્રકા દાન કૈસા? વહ વસ્ત્રદાનકી તારીફ કી હૈ. આતી હૈ ન વાણી ક્યા કહતે હૈં ઉસકો? અમરવાણી. પુસ્તક પુસ્તક. અમરભારતી. આગ્રામેં હૈ ન. .. હૈ. યહ જૈનદર્શન હી નહીં. આહાહા..! માર્ગ કઠિન ભાઈ! વસ્ત્રસહિત સાધુપના માના વહ જૈનદર્શન હી નહીં. વહ વીતરાગકા માર્ગ હૈ હી નહીં ઐસા.

**'હિરણ્ય અર્થાત્ રૂપા,...'** ચાંદી ચાંદીકા દાન, **'સોના આદિક,...'** કા દાન. **'શય્યા,...'** કા દાન. શય્યા-સોનેકા. **'આસન આદિ શબ્દસે છત્ર,...'** દેખો! બહુત ધુપ લગે તો છત્રકા દાન દે. **'ચામરાદિક ઔર ક્ષેત્ર આદિ કુદાનોંસે રહિત...'** ઐસે કુદાનસે રહિત **'પ્રવજ્યા કહી હૈ.'** ઐસી પ્રવજ્યા ઔર ઐસા દાન હોતા નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૩, ગુરુવાર તા. ૨૭-૧૨-૧૯૭૩**
**ગાથા - ૪૬ થી ૪૯, પ્રવચન - ૭૭**

૪૬ ગાથા. જૈનદર્શનમાં પ્રવજ્યા નામ દીક્ષા કોને કહેવી? એનું આ સ્વરૂપ છે. ૪૬ ગાથાનો ભાવાર્થ છે. 'અન્યમતી,...' જૈનદર્શન વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એમાં 'ગૌ,...' દાન ગૌ. ધન હતું ને ધન. એમાંથી ગૌ કાઢ્યું. ગૌદાન ગાયનું દાન આપવું. સાધુ હોય એ ગાયનું દાન આપે. એ પ્રવજ્યા નથી. એમ કહે છે. 'ધન,...' આપે ધન લક્ષ્મી. સાધુ બીજાને કોઈને મદદ કરે લક્ષ્મીથી. એ સાધુ હોય નહિ. એને પ્રવજ્યા અને દીક્ષા કહેવામાં ન આવે. 'ધાન્ય,..' અનાજ. 'વસ્ત્ર,...' મુનિને વસ્ત્ર હોય જ નહિ. જૈનમાર્ગમાં અનાદિ સનાતન વીતરાગ પ્રભુમાં વસ્ત્ર મુનિને હોય જ નહિ. વસ્ત્રસહિત જે મુનિ માને છે એ જૈનદર્શનને માનતા નથી. ક્યાં ગયા તમારા પ્રવિણભાઈ? આવે છે? કહો, સમજાણું કાંઈ?

'વસ્ત્ર,...' મુનિને વસ્ત્રનો ધાગો પણ ન હોય. વસ્ત્ર રાખે. અમરચંદજી! આવો આવો. મુનિ રાખતા નથી. વસ્ત્ર રાખે એ મુનિ નથી. એ જૈનદર્શનમાં અનાદિનો એ માર્ગ છે. કેશુભાઈ! શ્વેતાંબર પંથ નીકળ્યો એ ભગવાન પછી ૬૦૦ વર્ષે નીકળ્યો છે. એ જૈનદર્શનની આજ્ઞા છોડીને પોતાના સ્વચ્છંદે વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માન્યું છે એ જૈનદર્શનનું સાધુપણું નહિ. સમજાણું કાંઈ? એ જૈનદર્શનનું સાધુપણું હોતું જ નથી. અંતરમાં રાગ-દ્વેષરહિત સમ્યગ્દર્શનસહિત. નગ્ન એકલા હોય પણ મિથ્યાત્વનો ત્યાગ ન હોય તો એ પણ સાધુ નથી. બહારથી નગ્ન(વેશ) ધારણ કરે, અંદરમાં રાગાદિની ક્રિયાનો પ્રેમી છે, રાગનો સ્વામી છે અને રાગનો કર્તા થાય છે તો એ મિથ્યાદૃષ્ટિ છે. નગ્નસાધુ હોવા છતાં મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- તો શું કરે કર્મનું બળવાનપણું હોય?

ઉત્તર :- કરવાનું-બરવાનું છે જ નહિ. આત્મા બળવાન છે. કર્મ બળવાન છે જ નહિ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે ભક્તિમાં આવે છે.

મુમુક્ષુ :- .. યાદ રહે.

ઉત્તર :- 'ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' અગ્નિ ઉપર ઘણ પડે છે એ અગ્નિ લોઢામાં જાય છે ત્યારે પડે છે. એકલી અગ્નિ ઉપર ઘણ પડતા નથી. એમ આત્મા કર્મનો સંગ કરીને વિકાર કરે છે તો દુઃખી થાય છે. કર્મથી કોઈ દુઃખ થતું નથી, કર્મથી કોઈ વિકાર થતો નથી. સમજાણું કાંઈ? એ બધું લીધું ને? વસ્ત્ર. મુનિને વસ્ત્ર હોતું જ નથી. જૈનદર્શન સનાતન વીતરાગ પરમાત્માના માર્ગમાં વસ્ત્રસહિત મુનિપણું હોતું જ નથી. અને મુનિપણું વસ્ત્રસહિત તો નહિ, પણ વસ્ત્રરહિત પણ મિથ્યાત્વસહિત હોય તો મુનિપણું હોતું નથી. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, આદિના પરિણામ છે એ મારું કર્તવ્ય છે, એ મારું કર્તવ્ય નામ મારું કામ છે, અંતરથી દૃષ્ટિથી, એ પણ

નગ્ન હોય તોપણ મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! જૈનદર્શન વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે માર્ગ કહ્યો એ જુદી જાતનો માર્ગ છે. આહાહા..!

'**સોના, રૂપા (ચાંદી),...**' એનું દાન આપે. એ કાંઈ પ્રવજ્યા નથી. સાધુ આપે ચાંદી, સોનું. '**શયન, આસન, છત્ર, ચંવર ઔર ભૂમિ આદિકા દાન...**' લ્યો! એ ભૂમિનું દાન આપે, બીજા પાસે અપાવે. ભૂમિ આને આપો. એ મુનિને નહિ. એ પ્રવજ્યા નહિ, એ દીક્ષા નહિ. '**ઇસકા ઇસ ગાથા મેં નિષેધ કિયા હૈ—પ્રવજ્યા તો નિર્ગ્રંથસ્વરૂપ હૈ,...** ' નિર્ગ્રંથ સ્વરૂપ. તદ્દન માતાએ જેવા જન્મ્યા એવા અને આત્મા જેવો નિર્વિકારી આનંદકંદ પ્રભુ એવી અંતરમાં દશા થઈ હોય એનું નામ મુનિપણું નિર્ગ્રંથસ્વરૂપ છે.

'**જો ધન્ય, ધાન્ય આદિ રખકર દાન કરે ઉસકે કાહેકી પ્રવજ્યા?**' પોતાની પાસે લક્ષ્મી રાખે, વસ્ત્ર રાખે અને બીજાને દે એ '**કાહેકી પ્રવજ્યા?**' એ સાધુપણું ક્યાં આવ્યું એમાં? '**યહ તો ગૃહસ્થકા ધર્મ હૈ,...**' ઉપર છે એ બાજુ. ગૃહસ્થનું કાર્ય છે. '**ગૃહસ્થકે ભી ઇન વસ્તુઓંકે દાનસે વિશેષ પુણ્ય તો હોતા નહીં હૈ,...**' ગૌદાન ને ધન ને લક્ષ્મી. '**ક્યોંકી પાપ બહુત હૈ ઔર પુણ્ય અલ્પ હૈ, વહ બહુત પાપકાર્ય તો ગૃહસ્થકો કરનેમેં લાભ નહીં હૈ. જિસમેં બહુત લાભ હો વહી કામ કરના યોગ્ય હૈ. દીક્ષા તો ઇન વસ્તુઓંસે રહિત હૈ.**' જેમાં વસ્ત્રનો ધાગો નથી, પાત્રનો ટૂકડો નથી. કર-હાથમાં આહાર લે. જૈનદર્શનમાં સનાતન વીતરાગ માર્ગમાં એમ કહ્યું છે. એનાથી વિરૂદ્ધ એ જૈનદર્શન નથી. ચીમનભાઈ! આ બધા વાડામાં એમ જ નાખે બધા. હસુભાઈ સ્થાનકવાસી, ચીમનભાઈ દેરાવાસી.

મુમુક્ષુ :- બેયનો સંગમ થઈ ગયો દિગંબરમાં.

ઉત્તર :- આહાહા..! દિગંબર ધર્મ એ જૈનધર્મ છે. એ સનાતન અનાદિનો માર્ગ છે. સમજાણું કાંઈ? એનાથી વિરૂદ્ધ જેટલો પંથ નીકળ્યો, શ્વેતાંબર એમાંથી સ્થાનકવાસી, બધા જૈનદર્શનથી વિરૂદ્ધ છે. વીતરાગ માર્ગથી વિરૂદ્ધ માર્ગ છે એ. જૈનદર્શન નથી એવી વાત છે, ભગવાન! બહુ કઠણ જગતને. સંપ્રદાયમાં જન્મ થયો.

મુમુક્ષુ :- ભટ્ટારકની સત્તા...

ઉત્તર :- ભટ્ટારક ક્યાં સાધુ હતા? .. જેવા હતા. આહાહા..! કાંતિભાઈ સ્થાનકવાસી? સ્થાનકવાસી. .. શું આવ્યું કાંતિભાઈને? ત્યાં હતા મુંબઈ. પ્લેનમાં. એ બ્રહ્મચારી. એ ભાઈ છે ને પાછળ. એ બ્રહ્મચારી પંદરસોનો પગાર દોઢ હજારનો પ્લેનમાં. છોડી દીધી. નોકરી છોડી દીધી. માસિક પંદરસો નોકરીમાં. અત્યારે તો લાખોપતિ છે, ગૃહસ્થ છે. એ સ્થાનકવાસી હતા. અહીંયા યાદ કરે. આ શ્વેતાંબર એ તો દિગંબર પંથમાંથી ભગવાન પછી ૬૦૦ વર્ષે નીકળ્યા શ્વેતાંબર અને શ્વેતાંબરમાંથી હમણાં ૫૦૦ વર્ષ પહેલા સ્થાનકવાસી નીકળ્યા. માર્ગ એવો છે. જગતને બેસે, ન બેસે સ્વતંત્ર છે. સમજાણું કાંઈ?

આહાહા..! એ અહીંયા કુંદકુંદાચાર્યના સમય પહેલા સો વર્ષ પહેલા શ્વેતાંબર પંથ નીકળી ચુક્યો હતો. એ માટે આ ગાથા બનાવી છે. માર્ગ એ નથી. માર્ગ તો અંતરમાં રાગની એકતાની બુદ્ધિ છૂટીને દેહની ક્રિયા પણ મારી નથી અને નગ્નદશા થઈ જાય તો વસ્ત્રનો ધાગો પણ નથી એને અહીં જૈનદર્શનમાં દીક્ષા કહેવામાં આવે છે. આહાહા..! એટલી અંદર શાંતિ હોય. જેને વિકલ્પ દયા, દાનનો વિકલ્પ પણ કરવાની ભાવના નથી. આવી જાય. સમજાણું કાંઈ? એવી દીક્ષા એ તો પ્રવ્રજ્યા એ તો અલૌકિક વાત છે ભાઈ! જેને ગણધર નમસ્કાર કરે નમો લોએ સવ્વ સાહુણં. એ સાધુપદ કોઈ અલૌકિક વાત છે. આહાહા..! અત્યારે આ કાળે તો એ વાત બધી ગુમ થઈ ગઈ. શ્રદ્ધા પણ સાચી રહી નહિ અને ફેરફાર બધો ફેરફાર. એ કહે છે.

**'દીક્ષા તો ઈન વસ્તુઓંસે રહિત હૈ.'** તદ્દન નગ્નદશા દિગંબર. અને અંતરમાં રાગનો કણ પણ મારો નથી. હું તો આનંદકંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છું. એવો અંતરમાં આનંદનો અનુભવ હોય અને બાહ્યમાં નગ્નદશા હોય, તેને જૈનદર્શનમાં પ્રવ્રજ્યા નામ દીક્ષા કહેવામાં આવે છે. આ બધા દીક્ષાઓ લે છે ને અત્યારે? એ દખ્યા છે બધા. આહાહા..! દીક્ષા બહુ લે છે હમણાં સ્ત્રીઓ કુંવારીઓ. મુંબઈમાં બહુ લેવાણી હમણા. બધા મિથ્યાદૃષ્ટિ ગૃહીત અને જૈનશાસનથી વિરુદ્ધ દૃષ્ટિ છે તદ્દન. આવો માર્ગ છે આ. કુંદકુંદાચાર્ય મહારાજના વખતમાં શ્વેતાંબર પંથ નીકળી ગયો હતો. એની સામે આ બોધપાહુડ છે. કે ભગવાનનો માર્ગ આ નથી. માનો, ન માનો તમારી મરજી. ભગવાનનો માર્ગ તો દિગંબર ધર્મ અનાદિ સનાતન. મહાવિદેહમાં પણ અનાદિ સનાતન ધર્મ. ભગવાન પાસે પણ એવો જ પંથ છે મહાવિદેહમાં. સીમંધર ભગવાન બિરાજે છે. સાંભળ્યું છે? પિતાજીએ રાખ્યું છે બધું. કે અમે બહુ પરિચય-અભ્યાસ કર્યો નથી કર્યો.

મહાવિદેહ ક્ષેત્ર છે ને મહાવિદેહ ક્ષેત્ર. ત્યાં સીમંધર ભગવાન બિરાજે છે. તીર્થંકર વિહરમાન ભગવાન ૨૦ છે. બિરાજે છે અત્યારે. કેવળજ્ઞાની. મહાવિદેહમાં. પાંચસો ધનુષનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. જેવા ભગવાન મહાવીર અહીંયાં હતા એવા ત્યાં તીર્થંકર છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડપૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ. અમરચંદજી! અમર-અમર. મોટું આયુષ્ય છે. ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ. એનું એક પૂર્વ, એવા કરોડ પૂર્વ. ભગવાનનું છે. હવે અત્યારે ક્યાં? અહીંયા ઋષભદેવ ભગવાનનું પણ ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. ચોર્યાશી લાખ પૂર્વ. ૧૬ લાખ ઓછા. કરોડ પૂર્વમાં ૧૬ લાખ ઓછા. એ ભગવાન બિરાજે છે. અબજો વર્ષથી છે અને અબજો વર્ષ હજી રહેશે મહાવિદેહમાં પરમાત્મા છે. અરિહંતપદે છે. ભગવાન મહાવીર આદિ તો સિદ્ધપદમાં થઈ ગયા. નમો સિદ્ધાણં. શરીરરહિત સિદ્ધ અરિહંત પદે ભગવાન બિરાજે છે. એ ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય. નગ્નમુનિ દિગંબર. આઠ દિન ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું.

મુમુક્ષુ :- કઈ સાક્ષીમાં ગયા?

ઉત્તર :- સાક્ષી શું? ભગવાન ગયા હતા લખ્યું છે ને. હુશિયાર માણસ છે ને. એ આપણે નાખ્યું છે આમાં સમયસારમાં. સમયસાર. લેખ છે શ્રવણબેલગોલામાં. ત્યાં ગયા હતા. આઠ દિન રહ્યા હતા. સમજાણું કાંઈ? એની સાક્ષી આ આપણે ચંપાબહેન બેઠા છે જુઓને. અમારા શેઠ ખુલાસો બહુ કરાવે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે **'દીક્ષા તો ઈન વસ્તુઓંસે રહિત હૈ.'** આહાહા..! પ્રવજ્યા જેને ગણધર નમસ્કાર કરે એ દીક્ષા કેવી હોય! સ્ત્રીને તો દીક્ષા હોતી જ નથી. જૈનદર્શનમાં સ્ત્રીને સાધુપદ આવતું જ નથી કદી. પાંચમા ગુણસ્થાન સુધી આવે છે સાચું સમ્યગ્દર્શનાદિ હોય તો. પછી સાધુપદ તો જૈનદર્શનમાં સ્ત્રીને કદી હોતું નથી.

મુમુક્ષુ :- અછેરામાં આવે.

ઉત્તર :- અછેરામાં આવે એનો અર્થ શું? એય..! એ કલ્પિત બધું બનાવેલું. કલ્પિત બનાવ્યા શાસ્ત્રો. ૪૫ સૂત્રો મૂળ બનાવેલા ૮૪ કલ્પિતવાળામાં વલભીપુર. એમાંથી ૪૫ રહી ગયા એ શ્વેતાંબરે માન્યા, એમાંથી ૩૨ સ્થાનકવાસીએ માન્યા. એમાં પણ ૩૨માં એક આવશ્યક ન માન્યું એણે. નવું બનાવ્યું. કેમકે આવશ્યકમાં પ્રતિમા ઘણી છે. તો સ્થાનકવાસી પંથ નીકળ્યો એણે પ્રતિમા ન માની. તો એણે આવશ્યક છોડી દીધા. ૩૧ રાખ્યા. બધી એવી વાત છે, ભાઈ! આહાહા..! વીતરાગમાર્ગ પરમેશ્વર, જિનેશ્વરે જે કહ્યો માર્ગ એ તો તદ્દન જુદી ચીજ છે. લ્યો!

**'આગે ફિર કહતે હૈં :—'** પ્રવજ્યા. જુઓને આચાર્યને કુંદકુંદાચાર્યને આ સિદ્ધ કરવું હતું. આહાહા..! કેટલી ગાથામાં! ૪૭. **'पव्वज्जा एरिसा भणिया' 'पव्वज्जा एरिसा भणिया'** ૪૫થી શરૂ થયું છે. આહાહા..! ભગવાને આમ કહ્યું છે એમ કહે છે. ભગવાને આમ કહ્યું છે. મુનિને વસ્ત્રનો એક ધાગો ન હોય, અંતરમાં રાગનો કણ પણ પોતાનો ન હોય. દયા, દાનનો વિકલ્પ પણ પોતાનો નથી, એ તો વિકાર છે. મહાવ્રતનો ભાવ પણ વિકાર છે. આહાહા..! આવો માર્ગ. એણે અનંતકાળમાં એ માર્ગની અંતર દૃષ્ટિ કરી નહિ. એ અંતર આત્મા ભાન વિના વ્રત પાળે, તપ કરે, બધા અજ્ઞાન. ચાર ગતિમાં રખડવાની ચીજ છે એ. ૪૭.

**सत्तूमित्ते य समा, पसंसणिंदा अलद्धिलद्धिसमा।**
**तणकणए समभावा, पव्वज्जा एरिसा भणिया।।४७।।**

**'અર્થ :- જિસમેં શત્રુ-મિત્રમેં સમભાવ હૈ,...'** મુનિને તો શત્રુ નહિ, કોઈ મિત્ર નહિ. સમજાણું કાંઈ? મુનિ તો રાજાનો પરિચય પણ ન કરે. એને શું પડી છે? સમજાણું કાંઈ? કોઈની સાથે સ્નેહ નહિ, કોઈની સાથે વિરોધ નહિ. વીતરાગભાવ હોય છે એને. **'શત્રુ-મિત્રમેં સમભાવ હૈ, પ્રશંસા-નિન્દામેં,...'** સમભાવ. દુનિયા પ્રશંસા કરો તોપણ સમભાવ, નિંદા કરો તોપણ સમભાવ.

વીતરાગભાવ. પ્રવજ્યામાં તો વીતરાગભાવ હોય એને. આહાહા..! દુનિયાનું દુનિયામાં હો. ગમે તે થાવ. બધા પ્રત્યે જેને સમભાવ છે. વેર.. કોઈ સાથે વેર નહિ, કોઈ સાથે સ્નેહ નહિ કે આ મારા ભક્તો છે અને આ મારા વિરોધીઓ છે, એવું મુનિઓને અંતરમાં વીતરાગભાવમાં હોતું નથી. આહાહા..!

**'લાભ-અલાભમેં,...'** શિષ્યોનો લાભ થાય કે અલાભ ન થાય એમાં સમભાવ છે. આબરૂ મળે, ન મળે એમાં સમભાવ, વીતરાગભાવ છે. આહાહા..! જ્યાં અમૃતમાં સ્વાદ અંતરમાં આવે છે. મુનિને તો અમૃતના આનંદનો સ્વાદ આવે છે ઉગ્ર. સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ ગૃહસ્થાશ્રમમાં હોય એને પણ આનંદનો સ્વાદ આવે છે, અતીન્દ્રિય આનંદ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ દુઃખ છે એનાથી વિરૂદ્ધ. આહાહા..!

ભગવાન આત્મા તો અમૃતની ખાણ છે. અમૃત, અમૃત આનંદનો સાગર ભર્યો છે. આહાહા..! એમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શન. હજી તો સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન ધર્મ શ્રાવક ને મુનિ થવા પહેલા. સમ્યગ્દર્શનમાં આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ એના આનંદનો અંશે અંશે સ્વાદ આવે છે. સિદ્ધ જેવો સ્વાદ છે એ. થોડો. આહાહા..! તો મુનિ હોય છે એને તો અતીન્દ્રિય આનંદ ઘણો આવે છે. હસુભાઈ! લ્યો પોતાની સંપદાનો આનંદ છે. ધૂળનો નહિ તમારા પૈસા. ભગવાનજીભાઈ! આ બધો કરોડોપતિ ભેગા થયા. એનું સુખ નહિ, એ તો દુઃખ છે, કલ્પના છે.

મુમુક્ષુ :- તો શું કરવા નાખી દેવા નદીમાં?

ઉત્તર :- નાખી દીધેલા જ છે. એમાં ક્યાં ગરી ગયા છે એનામાં? આહાહા..! પણ જે મારી ચીજ નથી, મારી ચીજ તો મારામાં છે એવું ભાન થાય તો તૃષ્ણા ઘટ્યા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? લક્ષ્મી મારી નહિ, રાગ મારો નહિ, હું તો વીતરાગ મૂર્તિ ચૈતન્ય છું. એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ હોય છે. આહાહા..! મારી સંપદા અને મારી ઋદ્ધિ મારી પાસે છે. મારો આનંદ અને જ્ઞાન લક્ષ્મીથી ભરેલો.. એવું જેને પ્રથમ ધર્મની દશા પ્રગટ થઈ તેને પણ અતીન્દ્રિય આનંદનો અલ્પ સ્વાદ આવે છે. આહાહા..! તેને ભગવાન સમકિતી અને ધર્મી કહે છે. એ વિના વાડાના માનીને બેસે એ કોઈ ધર્મ-બર્મ નથી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે તો અમને સમકિતી. એ સમકિત છે જ નહિ. આહાહા..!

અહીં તો એ કહેવું છે કે મુનિને સમ્યગ્દૃષ્ટિ કરતાં વિશેષ આનંદ ત્રણ કષાયના અભાવમાં અનાકુળતાની દશા ઘણી પ્રગટી છે. સમભાવ.. સમભાવ.. 'સમામૃત સેઈએ' આવે છે ને એ પંડિતજી! 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' એ છ ઢાળામાં આવે છે. છ ઢાળા. સાંભળ્યું છે? કદી છ ઢાળા નહિ સાંભળ્યું હોય. પિતાજીને સોંપ્યું હોય. છ ઢાળામાં આવે છે ને દોલતરામનું. 'રાગ આગ દહે સદા...' રાગ છે શુભ કે અશુભ બન્ને હોં. એ મહાવ્રતનો રાગ, ભગવાનની ભક્તિનો રાગ, ભગવાનના સ્મરણનો રાગ એ બધો આગ છે. અને રળવાનો રાગ પાપનો એ તો મહા આગ છે. આહાહા..! કમાવું.

રળવું સમજ્યા? કમાવું. ભગવાનજીભાઈ! આહાહા..! 'રાગ આગ દાહ દહે સદા.' શાંતિસ્વરૂપ ભગવાન આત્મા, અકષાય વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા તો છે. એનાથી વિરૂદ્ધ જે વિકલ્પ ઉઠે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કામ, ક્રોધ, ભાવ બધો રાગ છે, આગ છે, દહે સદા. આત્માની શાંતિને બાળે છે. આહાહા..! જેને દુનિયા ધર્મ માને. ભગવાનની ભક્તિ, પૂજા, દાન, દયા. 'દાન શીલ તપ ભાવ ધર્મના ચાર પ્રકાર.' એય..! ચેતનજી! આવે છે કે નહિ? એ નહિ. એ શુભભાવ છે એ તો પુણ્ય, રાગ છે. દાન દેવાનો ભાવ એ રાગ છે. એ આગ છે. તો ત્યારે ન દેવું ને? એમ રામજીભાઈ કહે છે. પણ ઘરના બાયડી-છોકરાને સાચવવામાં પાપ એ તો મહા રાગ છે. રાગની મંદતા કરીને દાનાદિમાં કરવું એ મંદરાગ છે. છે તો રાગ. પણ છોકરા માટે રાખવું, બૈરા માટે રાખવા પૈસા.

મુમુક્ષુ :- એ તો સેવા કરે તો રાખવું જ ને.

ઉત્તર :- સેવા કરે છે ... ધૂળમાંય કરતા નથી. મમતા છે. આહાહા..!

ભગવાન આત્મા નિરાળો તદ્દન. પરની સાથે કાંઈ સંબંધ ન મળે. એ સ્વતંત્ર જગતના પદાર્થ એને કારણે ટકીને બદલે અને એને કારણે નજીક આવીને રહે, એ કાંઈ તારે કારણે નથી આવ્યા. આહાહા..! એ ચીજને આત્માને કાંઈ સંબંધ ત્રણ કાળમાં, સીમે ને શેઢાડે કાંઈક કહે છે ને શું? શેઢે સીમાડે. આ શેઢો સીમાડો કહે છે ને. ખેતર-ખેતર. જમીન હોય ને કે ભાઈ આ સીમાડું મારું અને આ સીમાડું તારું. ખેતરની હદ હોય હદ. ખેતરની હદ હોય ને. આ જમીન એની અને એ જમીન એની. એમ ક્યાંય શેઢે-સીમાડે સંબંધ નથી પરની સાથે. એની મર્યાદા પરમાં, આની મર્યાદા સ્વમાં. આહાહા..! એને તો ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ તેની સામું એને જોવું છે. આહાહા..! એવી દૃષ્ટિ જ્યારે થાય ત્યારે તો સમ્યગ્દર્શન થાય. હજી ચોથું ગુણસ્થાન. પછી શ્રાવક તો એને કહીએ કે સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં શાંતિની વૃદ્ધિ થઈને રાગ મંદ થઈ જાય ત્યારે તેને શ્રાવક કહેવામાં આવે છે. આ વાડાના શ્રાવક શ્રાવક એ શ્રાવક નહિ. ચીમનભાઈ! એવી વાતું છે આ.

અને મુનિ. આહાહા..! ધન્ય અવતાર. કહે છે કે એને પ્રવજ્યા કહીએ. જેને આનંદના હીલોળા અંદરથી ઉઠતા હોય. અતીન્દ્રિય આનંદની રમતે રમ્યો. આહાહા..! પોતે અતીન્દ્રિય આનંદની રમતમાં રમી ગયો છે અંદર. તેને અહીંયા જૈનદર્શનમાં દીક્ષા અને પ્રવજ્યા કહેવામાં આવે છે. આહાહા..! એને લાભ-અલાભમાં પણ સમભાવ... સમભાવ... આહાહા..! '**और तृण-कंचनमें समभाव है.**' એ તરણા તરણા તુષ છાલ. છાલ હોય કો કંચન હોય. બેય સમભાવ. બધું જડ છે. '**तृण-कंचनमें समभाव है.**' આહાહા..! મુનિ જંગલમાં ગયા હોય એ દિશા આદિ આમ દેખાય ચરુ. ચરુ. કરોડો રૂપિયાના મણિ હોય અને એવા મોટા ચરુ પડ્યા હોય. ચરુ એટલે? બરતન. કરોડો કરોડો. દેખે તો એને એમ ન થાય કે આહાહા..! જંગલમાં ગયા હોય અને પાણી જરાક આમ થઈ ગયું જમીનથી દૂર. આમ દેખે ઓહો..! આ તો મણિરત્નનો ચરુ છે. કરોડો ભરેલા એમાં. આમ જરી કરે ત્યાં તો ઓહોહો..! એને

એમ ન થાય કે ઓહો..! ધૂળ ને બેય સરખા છે. લાવ અહીં છે તો કોકને કહું તો દાનમાં તો જાય. એમ પણ ન થાય એને. સમજાણું કાંઈ? બીજાને બતાવું. હું તો ન લઉં. ધૂળ છે એમાં શું? કહો, શેઠ! એ મુનિ બતાવે નહિ બીજાને.

મુમુક્ષુ :- સેવા કરે છે એને ન બતાવે?

ઉત્તર :- સેવા શેનો સેવા હતો? એ કાંઈક કિંમત થઈ ત્યારે એને તો. બીજાને બતાવું. હું ન કરું અને બીજાને બતાવું કાંઈક કિંમત થઈ એની પાસે. એની કિંમત કાંઈ છે નહિ જડની. આહાહા..! મુનિને તો આત્મા આનંદસ્વરૂપની કિંમત છે. આહાહા..! આનંદની ખાણ પરમાત્મા પોતે આત્મા. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરને જે આનંદ છે એ જ આનંદનો નમુનો સમ્યક્થી શરૂ થઈને મુનિને તો ઘણો જ આનંદ છે. આહાહા..! લાભ-અલાભ. શેનો લાભ-અલાભ? લાભ તો આ. અંતરના સ્વરૂપનો લાભ. આહાહા..! એમાં એ મુનિ તો... એને પ્રવજ્યા કહે બાપુ આ. આ તો હાલી નીકળ્યા એક જરી. આહાહા..! '**ઈસ પ્રકાર પ્રવજ્યા કહી હૈ.**' આ પ્રકારે ભગવાને પ્રવજ્યા કહી. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે એને સાધુ કહ્યા. આહાહા..!

'**ભાવાર્થ :- જૈનદીક્ષામાં રાગ-દ્વેષકા અભાવ હૈ.**' પૈસા. ચંદા કરો, ત્યાં વાપરો, ખરડો (કરો) એવું મુનિ નથી કહેતા. આરંભ-પરિગ્રહની વાત મુનિ કહે નહિ. આહાહા..! આને ચારિત્રની દશાને ઓળખાવે છે. પિછાન કરાવે છે પિછાન કે ચારિત્ર એને કહીએ. જેને-તેને તું માનીને બેસે. નવ તત્ત્વમાં સંવર, નિર્જરા કોને કહે એની ખબર નહિ. અને નવ તત્ત્વની શ્રદ્ધા એમાં આવે. આહાહા..! ધૂળમાંય શ્રદ્ધા નહિ. ઓહો..! '**શત્રુ-મિત્ર, નિંદા-પ્રશંસા, લાભ-અલાભ ઔર તૃણ-કંચનમેં સમભાવ હૈ. જૈનમુનિયોંકી દીક્ષા ઈસપ્રકાર હી હોતી હૈ.**' લ્યો! આહાહા..! જેને જંગલમાં વસે મુનિ તો. આહાહા..! સ્ત્રીને દીક્ષા હોય નહિ એટલે એને કાંઈ જંગલમાં રહેવાનું નથી. પુરુષને દીક્ષા હો જૈનદર્શનમાં. એ જંગલમાં વસે. આહાહા..! એવા જૈનમુનિઓની દીક્ષા આવી હોય. એવી સમતાવાળી વીતરાગ.. વીતરાગ...

'**આગે ફિર કહતે હૈં :—**' આત્માનો જેને આનંદ આવ્યો અને આનંદમાં જેની ઉગ્રતા આવી એનું નામ પ્રવજ્યા અને દીક્ષા કહેવામાં આવે છે. એકલું નગ્નપણું લીધું અને દીક્ષા થઈ ગઈ, એ પણ દીક્ષા નથી. ઓહોહો..!

उत्तममज्झिमगेहे, दारिद्दे ईसरे णिरावेक्खा।
सव्वत्थ गिहिदपिंडा, पव्वज्जा एरिसा भणिया।।४८।।

'**અર્થ :- ઉત્તમ ગેહ અર્થાત્ શોભા સહિત રાજભવનાદિ...**' રાજભવન હોય કે દરિદ્રના ઘાસના પૂળાનું મકાન હોય. ઘાસ-ઘાસ. ઘાસ કહે છે ને? ઘાસપુસનું મકાન હોય છે ને. ખડનું. ગરીબ માણસ નથી રહેતા ઘાસના મકાનમાં? ઝૂંપડી. ઘાસની ઝૂંપડી બનાવે છે. મુનિ તો ત્યાં પણ આહાર

લેવા જાય. એને કાંઈ છે નહિ, એમ કહે છે. રાજભવનમાં જાવું અને અહીં ન જાવું એમ છે નહિ. ભાઈ આ કરોડોપતિ છે અહીંયાં તો ઘણું સારું ભોજન મળશે, ચાલો ત્યાં. મુનિને એવું હોતું નથી. એ કહે છે જુઓ!

'**ઉત્તમ ગેહ અર્થાત્ શોભા સહિત રાજભવનાદિ ઔર મધ્યમગેહ અર્થાત્ અપેક્ષા નહીં હૈ. શોભારહિત સામાન્ય લોગોંકા ઘર ઈનમેં તથા દરિદ્ર-ધનવાન ઈનમેં નિરપેક્ષ...**' મુનિ કહે આ દરિદ્ર છે ત્યાં ન જાવું, ધનવાન હોય ત્યાં જાવું એવું કાંઈ છે નહિ. એને તો નિર્દોષ ભોજન મળે ત્યાં લઈ લે. એને માટે બનાવ્યું હોય એ પણ લે નહિ. મુનિ માટે બનાવ્યું હોય કોઈપણ આહાર-પાણી એ લે નહિ. પ્રાણ જાય તોપણ ન લે. એવી દીક્ષા અને આત્માના આનંદસહિત રહે દીક્ષા એવી હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અર્થાત્ ઈચ્છારહિત હૈં, સબ હી યોગ્ય જગહ પર આહાર ગ્રહણ કિયા જાતા હૈ.**' બધી યોગ્ય જગ્યા હોય ત્યાં આહાર લઈ લે. '**ઈસપ્રકાર પ્રવજ્યા કહી હૈ.**' લ્યો! એવું ભગવાન ત્રિલોકનાથે પ્રવજ્યા કહી છે.

'**ભાવાર્થ :- મુનિ દીક્ષાસહિત હોતે હૈં ઔર આહાર લેનેકો જાતે હૈં તબ ઈસપ્રકાર વિચાર નહીં કરતે હૈં કિ બડે ઘર જાના અથવા છોટે ઘર વા દરિદ્રીકે ઘર યા ધનવાન કે ઘર જાના, ઈસપ્રકાર વાંછારહતિ...**' એવી વાંછા છે નહિ. આહાહા..! '**નિર્દોષ આહારકી યોગ્યતા હો...**' એને માટે બનાવ્યો હોય નહિ. ગૃહસ્થે પોતાના માટે બનાવ્યું હોય તો લઈ લે ગમે ત્યાંથી. આહાહા..! અત્યારે તો ચોકા થાય છે સાધુ માટે. ભાઈ! ચોકા સમજો છો? ચોકા નથી સમજતા? ત્યાં આપણે .. બહુ છે એમાં તો. સાધુ આવવાના છે તો બનાવો. ચોકા બનાવો. છાપામાં આવે છે. લાવો ચોકા લઈને આવો. અરરર..! આ માર્ગ તે કાંઈ ભ્રષ્ટ માર્ગ કરી નાખ્યો. એના માટે મોસંબી લાવો, આહાર લાવો, આમ પાણી લાવો. કૂવામાંથી ખેંચીને લાવો જળ. એ બધું સદોષ છે. એ ચીજ મુનિને લેવી નહિ, દુનિયાએ એને માટે કરવું પણ નહિ. એવી વાત છે. એય..! શેઠ!

મુમુક્ષુ :- મુનિ ક્યાં કહે છે કે ...

ઉત્તર :- ખબર છે કે નહિ મુનિને કે આ ક્યાંથી એને ઘરે પાણી અધમણ? આ કેળા લાવ્યા છે, મોસંબીનું પાણી ક્યાંથી? એ દરરોજ ખાય છે?

મુમુક્ષુ :- મહેમાન હોય તો બનાવે.

ઉત્તર :- તો મહેમાન છે એ? અતિથિ કોને કહે? અતિથિ છે. જેની કોઈ તિથિ નહિ, જેને દિવસ નહિ, પ્રમાણ નહિ, આવે. નિર્દોષ હોય તો લે, નહિતર ચાલ્યા જાય. બાપુ! જૈનદર્શનનું સાધપુણું એ તો અત્યારે તો જોવા મળતું નથી. બધી ગડબડ થઈ ગઈ છે. અહીં તો ઓળખાણ કરાવે છે કુંદકુંદાચાર્ય. કે એવી પ્રવજ્યા હોય ત્યારે સાધુ કહેવામાં આવે છે. નહિતર સાધુ છે જ નહિ. આહાહા..!

'**વાંછારહિત નિર્દોષ આહારકી યોગ્યતા હો...**' બિલકુલ નિર્દોષ આહાર. બોલે પણ એમ છે ને તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ.. આહાર શુદ્ધ, વચન શુદ્ધ બોલે છે કે નહિ? ભાઈ! બોલે છે. બનાવ્યા પછી

બોલે છે. બનાવ્યું તો એને માટે છે, છતાં બોલે છે. એ તો ખોટું છે. બનાવ્યું હોય એને માટે અને પાછા ત્યાં બોલે આહાર શુદ્ધ, પાણી શુદ્ધ. કેટલું ખોટું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેઠને દલીલ આવડે છે. એમ કે શુદ્ધથી બનાવ્યું છે. ગોટો વાળીને નથી. બનાવ્યું છે તમારા માટે. શેઠ ઠીક તર્ક કરે છે. પણ બનાવ્યું એને માટે એ શુદ્ધ ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- પણ એમાં ક્યાં કચરો નાખ્યો છે?

ઉત્તર :- એય..! એક પાણીનો બિંદુમાં અસંખ્ય જીવ. એક પાણીનો બિંદુ હોય એમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ પાણીના. તો દસ-દસ શેર પાણી, અધમણ પાણી બનાવીને દેવું બિલકુલ માર્ગ જૈનદર્શન નહિ. જૈનદર્શનનો માર્ગ નહિ. એ શેઠિયા પણ ભૂલ્યા છે અને લેનારા પણ ભૂલ્યા છે. બેય, બેય. આહાહા..! વીતરાગ માર્ગ આવો છે. કહ્યું નહિ ત્યાં આવ્યા હતા તે? જયપુર. મનોહરલાલજી. મનોહરલાલજી જયપુર આવ્યા હતા ને ત્યારે. એમ કે આ ઉદ્દેશિક આહારનો ખુલાસો થઈ જાય તો બહુ સારું. મેં કીધું ઉદ્દેશિક શું કહેવું? બધા ઉદ્દેશિક લે છે. બધા સાધુ, ક્ષુલ્લક બધા. મનોહરલાલજી છે ને. જાણો છો? એ વર્ણીજીના શિષ્ય. ત્યાં આવ્યા. જયપુર આવ્યા. બે વર્ષ પહેલા અમે જયપુર હતા ને ત્યાં આવ્યા હતા. .. લઈને એ પ્રશ્ન પૂછતા હતા. બે પ્રશ્ન પૂછ્યા. એક આ રાગાદિને પુદ્ગલ પરિણામ કેમ કહ્યા? પુણ્ય-પાપના ભાવને પુદ્ગલ કેમ કહ્યા? એ તો નિશ્ચયથી આત્માનો સ્વભાવ નથી. અને આ ઉદ્દેશિકનો ખુલાસો થઈ જાય. બધા ઉદ્દેશિક લે છે કીધું. અમે તો હિન્દુસ્તાનમાં દ્રવ્યલિંગી ક્ષુલ્લકને પણ માનતા નથી. મેં તો એમ કહી દીધું. એય..! શેઠ! પણ સાંભળતા હતા. એ વખતે બહુ નહોતું. પછી એને ખબર પડી. ..માં.

મુમુક્ષુ :- કાંઈક નિકાલ કરી દો.

ઉત્તર :- નિકાલ કરી દીધો કીધું ને.

મુમુક્ષુ :- એનો કાંઈક વચલો રસ્તો...

ઉત્તર :- એ જ કહેવાનો આશય એમનો હતો. એમ કે ગૃહસ્થો બનાવે છે માટે નહિ એમ કાંઈક ખુલાસો થાય. બોલ્યા નહોતા એવું હોં. પણ ભાષા એવી કે કાંઈક ઉદ્દેશિકનો ખુલાસો થઈ જાય તો સંપ બહુ થઈ જાય. મેં કીધું ભગવાનનો વિરહ પરમાત્માનો છે અત્યારે. ત્રિલોકનાથ અત્યારે નથી અને એનો માર્ગ એ છે કે એને માટે બનાવ્યો એ લે, ઉદ્દેશિક છે. વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. બીજી વાત ચાલે નહિ. એને માટે લે એ ભ્રષ્ટ છે બનાવ્યો હોય. એ ક્ષુલ્લક પણ નથી અને સાધુ પણ નથી. અહીં તો આ વાત છે, ભાઈ! પરમાત્મા નથી માટે કોઈ બચાવ કરીને બાંધછોડ ન ચાલે. આહાહા..!

અહીં તો ભગવાન કહે છે **'સબ હી જગહસે યોગ્ય આહાર લે લેતે હૈં,...'** નિર્દોષ હોય તો કોઈ પણ દરિદ્ર હોય કે સાધારણ હોય લઈ લે. **'ઈસપ્રકાર દીક્ષા હૈ.'** લ્યો! જુઓને આચાર્યને કેવું ચોથું પદ દરેકમાં નાખવું પડ્યું છે.

**णिग्गंथा णिस्संगा, णिम्माणासा अराय णिद्दोसा।**
**णिम्मम णिरहंकारा, पव्वज्जा एरिसा भणिया।।४९।।**

ત્રિલોકનાથ તીર્થંકર પ્રવજ્યા એને કહે છે, એમ કહે છે. આહાહા..! આડતિયા થઈને બતાવે છે. ભગવાન એમ કહે છે, ભાઈ! આહાહા..!

'**અર્થ :- કૈસી હૈ પ્રવજ્યા? નિર્ગ્રંથસ્વરૂપ હૈ, પરિગ્રહસે રહિત હૈ,...** ' જેની પાસે એક તલતુષમાત્ર પણ વસ્ત્ર નથી. અને તલતુષમાત્ર વસ્ત્ર રાખીને સાધુપણું માને તો આચાર્ય કહે છે કે નિગોદમાં જાય. 'નિગોદં ગચ્છેઈ' પાઠ છે એમાં. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો સાથે મોટરું અને ઘાસ મોટા ભરીને સાથે. ચોકાવાળા સાથે. ચોકા બનાવે એને માટે. બિલકુલ માર્ગ ભ્રષ્ટ માર્ગ છે. વીતરાગ માર્ગથી એ માર્ગ ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? આ તો સાચી ઓળખાણ કરાવે છે. વસ્તુસ્થિતિ એવી છે. કેશુભાઈ! બહુ આકરી વાત છે. આહાહા..! 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' પોતે વાડા બાંધીને બેઠા. અમે આવા છીએ અને અમે આ છીએ.

અહીં પરમાત્મા તો કહે છે. ઓહો..! નિર્ગ્રંથસ્વરૂપ મુનિપણું. જેને અંતરમાં રાગની ગાંઠ તુટી ગઈ છે. રાગ અને આત્મા એક જે માન્યો હતો. એ રાગનો વિકલ્પ જે મહાવ્રતનો હોય છે એ પણ રાગ છે. એ રાગ અને સ્વભાવની એકતા એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! એ જેને નીકળી ગઈ. રાગની એકતા તૂટી ગઈ એ ઉપરાંત અસ્થિરતા છૂટી ગઈ. રાગ એ ગ્રંથ છે, શુભરાગ. એની એકતા તૂટી ગઈ એ તો સમ્યગ્દર્શન છે. પણ અસ્થિરતા છૂટી ગઈ એનું નામ નિર્ગ્રંથપણું છે. આહાહા..! દેવ-ગુરુ-ધર્મ સાચા કેવા છે એની ઓળખાણ કરવી પડશે કે નહિ? ઓળખાણ કરવી પડશે કે નહિ? જેમ તેમ માની લેવું? કહો, પંડિતજી! આહાહા..!

'**નિઃસંગ અર્થાત્ જિસમેં સ્ત્રી આદિ પર દ્રવ્યકા સંગ-મિલાપ નહીં હૈ,...** ' પ્રવજ્યા ... સ્ત્રીનો પરિચય જ નથી એને. સ્ત્રીમાં ટોળા બેસે અને વચ્ચે સાધુ બેસે અને વાતું કરે, ભણાવે. એ સ્ત્રીનો પરિચય મુનિને હોય નહિ ભાઈ! મુનિ તો નગ્ન હોય છે. એ જંગલમાં રહે છે. એને સ્ત્રીનો પરિચય નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બધી ખોટે ખોટી. સાચી વાત કરી. સ્થુલિભદ્ર વેશ્યાના ઘરે રહ્યા. એ ના પાડે છે જૂઠી વાત. એ શ્વેતાંબરમાં આવે છે. એક સ્થુલિભદ્ર સાધુ હતા. વેશ્યાના ઘરે રહ્યા. વિષય નહિ પણ મકાનમાં રહ્યા. ગુરુએ આજ્ઞા આપી કે જાવ. આહાહા..! પ્રતિબોધ આપો વેશ્યાને. આપ્યા. આહાહા..! ભાઈ! બ્રહ્મચારીને પણ જ્યાં સ્ત્રીના પરિચય ન હોય, સંગ ન હોય, વાતની મીઠાશ ન હોય, વાર્તાલાપમાં મીઠાશ આવે છે. એ મીઠાશ તો બ્રહ્મચારીને પણ છૂટી જાય છે તો સાધુની તો વાત શું કરવી? આહાહા..!

મુમુક્ષુ :- બ્રહ્મચારીને પરિચય નથી હોતો?

ઉત્તર :- બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમમાં હોય ને બ્રહ્મચારી? એને પણ સ્ત્રીનો સંગ, પરિચય નથી. બચાવ કરે. ઓલું આવે છે ને. સાધુ જંબુકુમાર કે કોક આવે છે સાધુ. શિવભૂતિમુનિ નહિ એક સાધુ. જુવાન સ્ત્રીમાં રહીને...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ આવે છે આમાં. ટીકામાં આવે છે. આમાં આવે છે ને ટીકામાં. એ તો અંદરમાં આનંદમાં મસ્ત છે. જેની ઉદાસીનતા એટલી છે કે અગ્નિ પાસે બેઠી હતી કે સ્ત્રી—બેય સરખા લાગે છે. આહાહા..! સ્ત્રીનું શરીર તરીકે જડ છે એ પણ જોતા નથી. એ તો પરમાણુ, માટી, ધૂળ છે. આહાહા..! એવી જેની ઉદાસીન દશા થઈ ગઈ અંદરમાં. તોપણ તેને પરિચય તો કરવો નહિ, પણ એવો કોઈ હોય. આવે છે દાખલો. આહાહા..! અને જગતમાં એ વિષયનો મોહ એ જ પ્રધાન સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :- કંચન, કામિની, કુટુંબ

ઉત્તર :- કામ .. કોકે કાલે લખાણ લખ્યું છે. બાળકથી .. બધી કામના હોય છે. એવું ખોટું લખ્યું છે. બાળકથી માંડીને કામ હોય છે. એને માને આમ રમવા જાય પણ અંદર કામ હોય છે રાગ, એમ. એવું લખ્યું છે. કાલે કોકે લખ્યું છે. જૈનપ્રકાશમાં છે. લેખ મોટો. બાળકથી માંડીને છેક સુધી કામના... કામના... રાગની કામના. એ કામમાં ઘેરાઈ ગયા છે. આહાહા..! મુનિને તો એ પરિચય ન હોય.

'**સ્ત્રી આદિ પર દ્રવ્યકા સંગ-મિલાપ નહીં હૈ,...** ' પરદ્રવ્ય. લક્ષ્મીનો અને નામા લખવા. કહો, પરદ્રવ્યનો સંગ જ નથી. આહાહા..! જેની દશા અંતરમાં નિર્લેપ... નિર્લેપ વીતરાગના આનંદસહિત છે એને આવો સંગ હોઈ શકે નહિ. '**જિસમેં નિર્માના અર્થાત્ માન કષાય ભી નહીં હૈ,...**' અભિમાન નહિ. મેં આમ કર્યું, હું આવો મુનિ થયો. માન શું? નિર્માન-નિર્માન. '**મદરહિત હૈ,...**' મદ નહિ. વિષય-વાસના આદિ. '**જિસમેં આશા નહીં હૈ,...**' કોઈ આશા જ નથી. 'આશા દાસી કરે જિનનાયક.' આશાને દાસી બનાવી દીધી છે મુનિએ. આહાહા..! 'આશા દાસી કરે...' આશાને દાસી કરે તે નાયક રાજા તે મુનિ છે. આશાના દાસ થાય એ બધા ભિખારી છે. આહાહા..! મુનિપણાની દશા સાંભળી નથી એણે કે કેવી હોય? આહાહા..!

મુમુક્ષુ :- સાંભળ્યા વગર માર્ગની પણ ખબર નથી.

ઉત્તર :- શું કરે? ખબર નથી.

'**સંસારભોગકી આશારહિત હૈ,...**' સંસાર જેને ઉદયભાવની આશા નથી કહે છે. આહાહા..! એ રાગાદિ ઉદયભાવ જે દયા, દાન, વ્રતનો વિકલ્પ એની પણ આશા નથી. એની આશા છે નહિ. ભાવના તો આત્માના આનંદની મુનિને ભાવના હોય છે. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં લીન થવું, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ એમાં ડૂબકી મારવી એ એની ભાવના છે. એવી આશા રાખે કે આટલા ચેલા બને, એટલી આબરૂ હોય, એટલી મહત્તા મળે, ત્યાં જાવ તો એટલું સ્વાગત મારું કરે. સ્વાગત કરે, મોટા શહેરમાં મોટા સ્વાગત હોય, એ આશા મુનિને નથી હોતી. આહાહા..! સમજાણું કાંઈ?

બપોરનું ઝીણું તત્ત્વનું, આ પ્રવજ્યાનું ઝીણું. માર્ગ આવો છે. એના જ્ઞાનમાં તો એ વાત સત્ય છે એવી આવવી જોઈએ ને. ગડબડ કરે તો જ્ઞાન જૂઠું છે.

'**રાગકા અભાવ હૈ, સંસાર-દેહ-ભોગોંસે પ્રીતિ નહીં હૈ,...**' દેખો! સંસાર, દેહ અને ભોગ. સંસાર શબ્દે ઉદયભાવ વિકાર. દેહ અને ભોગ પ્રીતિ નહિ ત્રણેમાં. આહાહા..! જેને અતીન્દ્રિય આનંદનો ભોગ છે એમાં આ શું? ઓહો..! જેને દૂધપાકનો સ્વાદ આવતો હોય એ જુવારના રોટલાનો સ્વાદ ક્યાંથી હોય એને? દૂધપાક સમજો છો? દૂધપાક. ખીર-ખીર. ખીર કહે છે ને એ. અમારે દૂધપાક કહે છે. દૂધ પાક્કુ કરે પાક્કુ ખૂબ. એક શેરમાં દૂધમાં એક રૂપિયાભાર ચોખા એનું નામ દૂધપાક. એક શેરમાં દૂધમાં પાશેર ચોખા એનું નામ ખીર. અમારે ખીર અને દૂધપાક કાઠિયાવાડમાં બહુ કરે છે. કાઠિયાવાડમાં ખીરમાં એક શેર દૂધમાં પા શેર લોટા ચોખા એનું નામ ખીર. અને એક શેરમાં એક રૂપિયા ભાર ચોખા એનું નામ દૂધપાક. એ દૂધપાકનો સ્વાદ જેને આવ્યો, આહાહા..! એને રાતી જુવારના ફોતરાનો સ્વાદ ક્યાંથી હોય? આહાહા..!

કહ્યું હતું ને એક ફેરી, નહિ? વિઠ્ઠલગઢમાં રાતી જુવારનો રોટલો આવ્યો હતો. વિઠ્ઠલગઢ છે. જુવારના ફોતરા જેવું હતું. જુવાર હશે. પણ કાંઈ ફીક્કું બધું. ૭૬, ૭૬ની સાલની વાત છે. ૭૬ ભીક્ષા ગયા અમે વીરમગામે. વીરમગામ પાસે એક વિઠ્ઠલગઢ ગામ છે. ૭૬ની સાલમાં. ઘણાં વર્ષ થયા. કેટલા? ૫૪. ભીક્ષા લેવા ગયા તો એવી રોટલા મળે ગરીબના ઘરેથી. વાણિયાના ઘર નહોતા ત્યાં. આહાહા..! એ તો એ હોય. બીજું કાંઈ અમારે એ નહિ. એ ને પાણી, છાશ ને રોટલી. આહાહા..!

અહીંયા તો કહે છે કે મુનિને સંસારની ઈચ્છા નથી. આહાહા..! પ્રીતિ નથી. રાગનો પ્રેમ નહિ. આહાહા..! સંસાર એને કહીએ. આહાહા..! રાગ આવે છે શુભાદિ, પણ પ્રેમ નથી એમ કહે છે. આહાહા..! દેહનો પ્રેમ નથી. આ તો માટી, ધૂળ છે. આહાહા..! જેની ઉપર પ્રેમ નથી જેને. આહાહા..! ભોગનો પ્રેમ નથી. '**નિર્દ્વેષા અર્થાત્ કિસીસે દ્વેષ નહીં હૈ, નિર્મમા અર્થાત્ કિસીસે મમત્વભાવ નહીં હૈ, નિરહંકારા અર્થાત્ અહંકારરહિત હૈ, જો કુછ કર્મકા ઉદય હોતા હૈ વહી હોતા હૈ...**' એમ માને. કર્મનો ઉદય જેમ સંયોગ મળો ન મળો એને સમભાવ છે.

'**કર્મકા ઉદય હોતા હૈ વહી હોતા હૈ—ઈસપ્રકાર જાનને સે પરદ્રવ્યમેં કર્તૃત્વકા અહંકાર નહીં રહતા હૈ...**' કર્મનો ઉદય જેવો હોય એવું બને (એમ માને) તો કર્તૃત્વનો અહંકાર છૂટી જાય છે. હું કરું છું આમ, સાધન હું કરું છું, આમ કરું છું એ બધો અહંકાર છૂટી જાય છે. આહાહા..! '**ઔર અપને સ્વરૂપકા હી ઉસમેં સાધન હૈ,...**' લ્યો! ભગવાન આનંદનું જ સાધન છે એમ કહે છે. મુનિને તો આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય એનું સાધન છે. '**ઈસપ્રકાર પ્રવજ્યા કહી હૈ.**' લ્યો!

'**ભાવાર્થ :- અન્યમતિ ભેષ પહિનકર ઉસી માત્રકો દીક્ષા માનતે હૈં વહ દીક્ષા નહીં હૈ, જૈનદીક્ષા ઈસપ્રકાર કહી હૈ.**' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૪, શુક્રવાર તા. ૨૮-૧૨-૧૯૭૩**
**ગાથા - ૫૦ થી ૫૨, પ્રવચન - ૭૮**

કેવા સ્વરૂપે કેવા સહિત સમ્યગ્દર્શન સહિત આદિ એનું આ વર્ણન છે. ૫૦.

णिण्णेहा णिल्लोहा, णिम्मोहा णिव्वियार णिक्कलुसा।
णिब्भय णिरासभावा, पव्वज्जा एरिसा भणिया।।५०।।

ભગવાન તીર્થંકરદેવે એને દીક્ષા કીધી છે. '**નિઃસ્નેહા અર્થાત્ જિસમેં કિસીસે સ્નેહ નહીં,...**' રાજાદિ મોટા હોય, મંત્રી હોય તો એના પ્રત્યે રાગ કરીએ સ્નેહ (તો) એ ધર્મનું રક્ષણ કરે, એવો સ્નેહ મુનિને ન હોય કહે. રાજા, મહારાજા શેઠિયાઓ એનો એને રાગ ન હોય કે આ મોટા છે માટે આપણે એનો રાગ કરીએ અને એને લઈને ધર્મની શોભા થાય. મુનિને એવો રાગ હોય નહિ. વીતરાગી છે ને. '**કિસીસે સ્નેહ નહીં,...**' મોટા રાજા હોય, મંત્રી હોય, દિવાન હોય આદિ-કોઈ પ્રત્યે એને સ્નેહ નહિ. શિષ્ય હોય, એના પ્રત્યે મુનિને સ્નેહ-રાગ નથી. આહાહા..!

'**જિસમેં પરદ્રવ્યસે રાગાદિરૂપ સચ્ચિક્કણભાવ નહીં હૈ,...** ' એની વ્યાખ્યા કરી. એની વ્યાખ્યા છે એ. પરદ્રવ્યમાં, આત્મા સિવાય કોઈ '**પરદ્રવ્યસે રાગાદિરૂપ સચ્ચિક્કણભાવ નહીં હૈ,...**' આહાહા..! જેને આનંદનો વીતરાગભાવનો અનુભવ વર્તે છે એને આવો રાગ હોય નહિ એમ કહે છે. '**સચ્ચિક્કણભાવ નહીં...**' ચીકણો ભાવ કહેવાય રાગ એ. જ્યાં ત્યાં પરવસ્તુમાં પ્રેમ કરે અને ત્યાં ચોંટી જાય એ વીતરાગ મુનિને માટે ન શોભે. સમજાણું કાંઈ? કે ભાઈ આ પાઠશાળાઓ અમે કરાવી માટે ત્યાં એને નભાવવા માટે રાગ જોઈએ. એ મુનિને ન હોય. પાઠશાળાઓ કરે કે ધર્મશાળાઓ કરે એમાં તમારે આ નભાવ કરવો પડશે, ધ્યાન રાખવું પડશે—એવો એને રાગ ન હોય.

મુમુક્ષુ :- ધર્મ તે આયતન કીધું.

ઉત્તર :- આયતન અહીં આત્મામાં છે કે બહારમાં છે? શેઠ! આયતન તો આત્મા છે, ધર્મનું. એ વ્યવહારનો અર્થ શું? .. ગૃહસ્થને હોય છે, મુનિને નહિ. અહીંયા તો તદ્દન પ્રવજ્યા વીતરાગી... આ બીજા સાધુ શ્વેતાંબરના તો જ્યાં ત્યાં રાજા પાસે જાય, કુમારપાળને બધું કરે છે ને. મોટા શેઠિયાઓ પાસે જાય. એની અહીં વાત છે વધારે. આપણો ધર્મ વધે. મોટા શેઠિયા હોય, દિવાન હોય, રાજા હોય. એ વાત રાગ જ નથી જ્યાં અંદર. એક વિકલ્પ તો આવે છે એ પંચ મહાવ્રતાદિનો કે એટલો, બાકી કાંઈ રાગ જ નથી. આહાહા..! એ રાગનો પણ રાગ નથી. રાગની પ્રીતિ નથી એના ઉપર. એવું મુનિપણું છે. અલૌકિક વાત છે. ઝાઝા માણસને સમજાવું અને હું રાગ કરું તો આ ધર્મ શોભે એવું મુનિ (ને ન હોય). વીતરાગદશા પ્રવજ્યા કોને કહે? આહાહા..! એમ કહે છે. વીતરાગપણું છે જ્યાં, ત્યાં આવા

રાગ એને હોય નહિ, એમ કહે છે.

**'જિસમેં નિર્લોભા અર્થાત્ કુછ પરદ્રવ્યકે લેનેકી વાંછા નહીં હૈ,... '** પરવસ્તુ લેવાની ઈચ્છા, આશા જ નથી. આહાહા..! આટલા શિષ્યો થાય, આટલા પુસ્તકો થાય, છપાય તો ઠીક એવો લોભ મુનિને ન હોય. આટલા પુસ્તક બનાવું, એ પછી પુસ્તકો લોકો લે—એવી વૃત્તિ મુનિને હોય નહિ. આહાહા..! મુનિપણું એટલે શું? પરમેશ્વર પદ છે જે. એ માટે તો આ પ્રવ્રજ્યાનું વર્ણન કરે છે. લોકોએ કંઈક ફેરફાર સાધુના લૂગડા પહેરી અને એય..! બધો ધર્મ કરીએ અને ધર્મ કરાવીએ છીએ. કોઈ પરદ્રવ્ય પ્રત્યે લોભ નહિ.

**'જિસમેં નિર્મોહા અર્થાત્ કિસી પરદ્રવ્યસે મોહ નહીં હૈ,...'** સ્નેહ નહિ, લોભ નહિ, મોહ નહિ એમ ત્રણ શબ્દ છે ને. **'णिण्णेहा णिल्लोहा, णिम्मोहा'** **'ભૂલકર ભી પરદ્રવ્યમેં આત્મબુદ્ધિ નહીં હોતી હૈ,...'** રાગાદિ, શરીરાદિ પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ (કે) એ મારા છે એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. મુનિને હોતી નથી એમ કહે છે. આહાહા..! **'ભૂલકર ભી પરદ્રવ્યમેં આત્મબુદ્ધિ નહીં હોતી હૈ,...'** આત્મા આનંદસ્વરૂપ એનો જેને અનુભવ કરવો છે, એ બધા શાસ્ત્રનું ભણતરનું રહસ્ય તો એ છે. મુનિપણું લઈને હેતુ તો એ છે કે અંદર આનંદમાં રહેવું. સ્વરૂપમાં આનંદમાં ધ્યાનમાં રહેવું એ મુખ્ય છે. ન રહી શકે સ્વાધ્યાય શાસ્ત્રનો કરે. વિકલ્પથી. પણ આવા ગોટામાં આત્મબુદ્ધિ ન કરે (કે) પરને લઈને લાભ થશે. પરને લાભ થશે માટે મારે આમ કરવું રાગ, મોહ. મુનિને ન હોય એ.

આ કરે છે ને જુઓને અત્યારે જુઓને આ ૨૫૦૦ વર્ષમાં ઓલું. સાધુ ઉઘરાવે પૈસા. દિગંબર સાધુ. પૈસા અહીંયાં ભરો, આમ કરો... આમ કરો.. એ માર્ગ મુનિનો નથી. ગૃહસ્થો કરે.

મુમુક્ષુ :- મુનિને..

ઉત્તર :- .. જેવું છે. ક્યાં ગયા શોભાલાલજી? એનાથી ઝટ કામ થાય. આહાહા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ... આહાહા..! જુઓને આવ્યું નથી? મુનિઓ તો વીતરાગ... વીતરાગ... વીતરાગભાવ કહે. મુહુ. મુહુ. આહાહા..! વીતરાગ પરની અપેક્ષા છોડી દે અને સ્વની અપેક્ષામાં અંદરમાં જા. આહાહા..! જ્યાં વીતરાગ બિંબ પડ્યું છે પ્રભુ એના સમીપમાં જા, પરથી ખસી જા. આહાહા..! પરથી ખસી જા અને સ્વમાં વસી જા. આહાહા..! આવો માર્ગ છે. ઓલું આવ્યું ને 'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ.' 'પરથી ખસ, સ્વમાં વસ, એ ટૂંકુ ટચ.'

મુમુક્ષુ :- બધાને માટે પ્રભુ?

ઉત્તર :- બધાને માટે એ છે. પણ મુનિને તો મુખ્ય છે. મુનિની જ પ્રવ્રજ્યા ચાલે છે ને. પોતામાં વસવું એ એક જ વાત છે. વિકલ્પ આવે ધર્મના લોભી દેખીને. આવે છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એ આવે શુભભાવ, પણ એને જાણે (કે) હેય છે. આહાહા..! એ રાગ પણ બંધનનું કારણ છે. બીજાને સમજાવવાને માટે રાગ આવે એ બંધનું કારણ છે. આહાહા..! આવો માર્ગ!

દેહ છૂટવા કાળે આંતરડા ફરી જશે, શરીર ફરી જશે. શ્વાસ ચાલશે નહિ, કફ પકડાઈ જશે. અને એમાં શું તું કરીશ બીજા ઉપર? કોનું સરખું રાખીશ? અહીંયા તો અંદરમાં જા. જ્યાં વસ્તુ છે ત્યાં વાસ કર. તું જ્યાં છો ત્યાં વાસ કર. પરવસ્તુનો પ્રેમ છોડી દે. આહાહા..! જુઓ! આ દીક્ષા અને આ શિક્ષા. અત્યારે તો મુનિપણાના નામે કાંઈ સાધારણ કરી નાખ્યું બધું. આહાહા..! માર્ગ આવો છે બાપુ! વીતરાગ. જેમાં પોતાનો જ લાભ થાય. એક જ વાત છે. એવો વીતરાગે એવી પ્રવજ્યા કીધી છે.

**'આત્મબુદ્ધિ નહીં હોતી હૈ,...'** ભૂલકર ભી પરદ્રવ્યમેં આત્મબુદ્ધિ (નહિ) કે પરને લાભ થાય તો મને લાભ થાય. એવી બુદ્ધિ એને હોતી નથી. કે ભાઈ આ દુનિયા માને અને ઘણા સમજે. તો આપણને કાંઈક લાભ થશે. પરમાં આત્મબુદ્ધિ છે એ તો. એય..! શેઠ! આવો માર્ગ છે આ તો. આહાહા..!

મુમુક્ષુ :- મુનિ કેટલા પ્રકારના હોય?

ઉત્તર :- મુનિ એક જ પ્રકારના હોય છે વીતરાગી. ઘણા પ્રકારના હોય એમ કહે છે. આવા હોય.. આવા હોય... શેઠને આવડે છે ટાણે. આહાહા..! એ ૪૯ ગાથા છે એમાં. **'अराय'** ૪૯માં આવી ગયું ને આપણે **'अराय' 'णिग्गंथा णिस्संगा, णिम्माणासा अराय'** એ. એમાં અર્થ ટીકાકારે કર્યો છે એ બહુ. અરાગમાં. અરાગમાં. રાજા મંત્રીનો પરિચય કરવો નહિ, નરકે .. નરકમાં જશે. પછી વળી છૂટ આપી થોડી. પોતે લખ્યું. ધર્મનું કારણ હોય મુનિને ઉપદ્રવ હોય, રાજા પાસે જાવું. એ વાત... એ તો આહાહા..!

**'ભૂલકર ભી પરદ્રવ્યમેં આત્મબુદ્ધિ નહીં હોતી હૈ,...'** આહાહા..! એટલે? કે પરવસ્તુને કાંઈક લાભ થાય તો મને લાભ થાય એ તો પરબુદ્ધિ થઈ, પરમાં લાભબુદ્ધિ થઈ. આહાહા..! પરને કાંઈક લાભ થાય તો મને લાભ થાય, એ તો પરમાં આત્મબુદ્ધિ થઈ. બહુ વાર. વીતરાગ માર્ગ છે, મુનિનો એમાં ઓહોહો..! લોકોએ સાંભળ્યો નથી હજી. આહાહા..! પોતાના સ્વરૂપમાં જે ડોલે છે આનંદ... આનંદ... આનંદ... આહાહા..! આનંદની ખાણ ખોલે છે. એને આ બહારની શી પડી છે? આહાહા..! એમ કહે છે. એવી દીક્ષાને દીક્ષા કહીએ. આહાહા..!

**'નિર્વિકારા અર્થાત્ બાહ્ય-અભ્યંતર વિકાર રહિત હૈ, જિસમેં બાહ્ય શરીરકી ચેષ્ટા તથા વસ્ત્રાભૂષણાદિકકા તથા અંગ-ઉપાંગકા વિકાર નહીં હૈ,...'** વસ્ત્ર-આભુષણ મુનિને હોતા નથી. હોય નહિ. એ અંદર આનંદસહિતની અપેક્ષાએ વાત છે હોં. એકલા વસ્ત્ર છોડીને નાગા ફરે અને રાગની ક્રિયાથી ધર્મ માને, એ દયા, દાન, વ્રતના પરિણામ એ ધર્મ માને એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગભાવમાં તો વીતરાગભાવે ધર્મ થાય. રાગ હોય પણ એ ધર્મ નહિ. એ તો નિષેધવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'બાહ્ય-આભ્યંતર વિકારસે રહિત હૈ,...'** બાહ્યમાં તો શરીરની ચેષ્ટા પણ વિકારવાળી ન હોય, આંખની, મોઢાની, શરીરના અવયવની એવી ચેષ્ટા વિકારવાળી ન હોય એને. આહાહા..! એકત્વબુદ્ધિ

તો તૂટી છે પણ અસ્થિરતા તૂટી ગઈ છે. એવી વાત છે. સમ્યગ્દર્શનમાં રાગ અને વિકલ્પથી માંડીને ઉદયભાવ બધો એનાથી એકતાબુદ્ધિ તૂટી ગઈ છે, ત્યારે તો તેને ધર્મની શરૂઆત થાય છે. હવે તો અહીં અસ્થિરતા તૂટી ગઈ છે એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ? '**નિર્વિકારા...**' '**વસ્ત્રાભૂષણાદિક...**' એને હોય નહિ. અંગ-ઉપાંગનો વિકાર હોય નહિ. અંગ અને ઉપાંગ આંગળા આદિ શરીરના.

'**જિસમેં અંતરંગ કામ-ક્રોધાદિકકા વિકાર નહીં હૈ.**' બાહ્યમાં અંગ-ઉપાંગમાં નહિ, અભ્યંતર રાગ અને કામ આદિ નહિ. '**નિઃકલુષા અર્થાત્ મલિનભાવ રહિત હૈ. આત્માકો કષાય મલિન કરતે હૈં...**' ક્રોધ, માન, માયા, લોભ, અણગમો આત્માના પરિણામ મલિન છે. આત્માને મલિન કરે છે. એ મલિન પરિણામ મુનિને હોય નહિ. આહાહા..! નિર્મળ સાગર પ્રભુ એમાં જેણે ડૂબકી મારી એને આ શું હોય? કહે છે. આહાહા..! અકષાય સ્વભાવનો સાગર પ્રભુ છે. એમાં જેને રાગની એકતા તૂટી, તોડી અને અસ્થિરતા તોડીને સ્થિરતા કરી એને આ શું હોય? કહે છે. આહાહા..! '**અતઃ કષાય જિસમેં નહીં હૈ.**' એવા મલિનભાવ જેને હોય નહિ. એટલે કે નિર્મળ વીતરાગભાવ હોય એમ.

'**નિર્ભયા અર્થાત્ જિસમેં કિસી પ્રકારકા ભય નહીં હૈ,...**' કોઈ ચીજ સારી હોય તો કોઈ લઈ જશે. સમજાણું? મોરપીંછી, કમંડળ કોઈ લઈ જશે? એવો એને ભય જ ન હોય. આહાહા..! મુનિને તો એ હોય, બીજું તો હોય નહિ. કમંડળ અને મોરપીંછી, પુસ્તક. પણ એનો લઈ જવાનો એને ભય હોય નહિ. આહાહા..! જુઓ આ દીક્ષા આવી. અહીં તો અત્યારે દીક્ષા બધી બહુ લેવાય દીક્ષા. મુંબઈમાં બહુ લેવાણી. દખ્યા છે બધા એ. મિથ્યાત્વની પુષ્ટ કરનારી દીક્ષા છે એ બધી. ત્યાં લેવાણી કે નહિ? અમૃતલાલ! ત્યાં તમારે રાજકોટમાં. રાજકોટ શું? મુંબઈ. રાજકોટમાં. બીજે ક્યાંક એક થાણામાં લેવાણી છેલ્લે. આહાહા..! બાપુ! દીક્ષા શું? મિથ્યાત્વભાવની દીક્ષા છે એ. આહાહા..! આ તો પ્રવજ્યા દીક્ષીત પુરુષને હોય. અને તેને આવી વીતરાગતા અંદર હોય. જેને રાગનો કણ આવે એ પણ ઝેર લાગે છે. ઉપદેશનો વિકલ્પ આવે, મુનિને મુનિની સેવા કરવાનો વિકલ્પ આવે, ઉપદેશકનો વિકલ્પ આવે. આહાહા..! એનાથી મને શું લાભ છે? એવી દશાને અહીંયાં પ્રવજ્યા અને વીતરાગતા કહે છે. આહાહા..! આવી વીતરાગતા હોય ત્યાં દીક્ષાતા હોય. આહાહા..!

'**ભય નહીં હૈં, અપને સ્વરૂપકો અવિનાશી જાને ઉસકો કિસકા ભય હો,...** ' ભગવાન આત્મા તો અવિનાશી નિત્ય વજ્રમય મૂર્તિ છે. એને ભય શો? ચિદાનંદ ભગવાન નિત્યાનંદ પ્રભુ તે હું એવા અવિનાશીને ભય શો? આહાહા..! જંગલમાં ભૂતડાની વચ્ચે બેઠા હોય, ભૂતડા ચારેકોર આવીને પોકાર કરે, આ કરે. એનો ભય શો? કરે તો એની દશામાં. મારામાં ક્યાં છે અહીં? આહાહા..! એવી પ્રવજ્યા, આવી દીક્ષા. અહીં કહે ઠંડી ટાળવા માટે કપડા જોઈએ. શેઠ! આહાહા..! બધી દીક્ષા નથી. મિથ્યાત્વભાવનું પોષણ છે. આહાહા..!

મુમુક્ષુ :- ભક્ત લોગો કરે છે...

ઉત્તર :- કરે છે. મુનિ લોકો રાખે છે કે નહિ? કોણ રાખે જુઓ? વસ્ત્ર ને પાત્ર ને પુસ્તકો વેચાણ કરવા, એના પાછા ગ્રાહક ગોતવા પુસ્તક બનાવીને.

મુમુક્ષુ :- દિગંબર સાધુને તંબુ નાખી દે છે ને.

ઉત્તર :- તંબુ નાખી દે છે ને. તંબુ હતા ને ત્યાં. છે ને. ગૃહસ્થ કરે. પણ વાપરે છે કોણ? આહાહા..! અહીં જોયું છે ને અહીં હતા. શાંતિસાગર આવ્યા હતા ને બે સાધુ. અહીં લગાવ્યું. મોટું લગાવ્યું. દીક્ષા આપી છે અહીં પાલિતાણે. બે આવ્યા હતા. જાડુ બહુ કપડું જાડું. નીચે પાટ એમાં સૂતા હતા. એ એના માટે સાથે જ રાખે એ તો. અહીંયા ક્યાં એવું કપડું હોય? આ બધો બહુ ફેરફાર થઈ ગયો. શ્વેતાંબરમાં તો એ છે જ નહિ. સાધુ પણ નહિ, ગૃહીત મિથ્યાદૃષ્ટિ સિવાય એ કોઈ સાધુ નથી એમાં. સ્થાનકવાસી કે દેરાવાસી. પણ દિગંબરમાં પણ ઠેકાણા ન મળે. એ તો બિચારા કષાય મંદ હતો, વૃદ્ધ બહુ હતા. આવું મોટું કપડું વાપરતા હતા. કપડામાં સૂતા હતા નીચે લ્યો. આવડું. પોષ મહિનો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા અહીં અંદર આવ્યા હતા. કરો બંધ કરો બંધ બધું. અંદરથી નીકળ્યા ટાઢ. પોષ સુદ ચૌદશ હશે લગભગ ચૌદશ હતી. અહીં પાટ નીચે. માણસ બેઠા હતા. આવ્યા હતા .. જરી. આમ નરમ માણસ હોં. પણ વસ્તુની ખબર નહિ. શક્તિ નહિ. પ્રવજ્યા લઈ લીધી દીક્ષા. અંદર નીકળ્યા અહીંથી. ત્યાં સૂતા શઢમાં કપડામાં મોટા. બહાર નીકળ્યા ત્યાં ઠંડી... ઠંડી... ઠંડી... શું કહેવાય આ? વેંટીલેટર એ બંધ કરો... બંધ કરો... બંધ કરો... જોયા હતા શોભાલાલજી! શાંતિસાગરને? આમ માણસ નરમ હોં. આમ તોફાન નહિ. પણ આ વસ્તુની ખબર નહિ. બીજા સાધુની જેમ અભિમાન કે આમ કરે તોફાન એ નહિ. તેમ વસ્તુની ખબર નહિ માર્ગની. ચારિત્ર ચક્રવર્તી કહેવાય લ્યો. આ તો વસ્તુસ્થિતિ આ છે. કોઈ વ્યક્તિ માટેની વાત નથી. .. એ તો બિચારા કહેતા કે અમે આ નગ્ન થઈને બેઠા છીએ, પણ કર્મ ખસે તો થાય ને. એમ બોલતા હતા. ત્યાં વ્યાખ્યાનમાં હતા. આહાહા..! નરમ માણસ હતા. પણ બાપુ! આમાં માર્ગમાં શું ચાલે? આ તો વીતરાગ માર્ગ છે. જેમાં વીતરાગતાનું પોષણ થયું હોય, રાગના તો ભુક્કા ઊડી ગયા હોય એમાં. આહાહા..!

**'અવિનાશી જાને ઉસકો કિસકા ભય હો, જિસમેં નિરાશભાવા અર્થાત્ કિસીપ્રકારકે પરદ્રવ્યકી આશાકા ભાવ નહીં હૈ,...'** પરદ્રવ્યની આશા જ નથી કે આટલા શિષ્યો થાય કે આવું જૈનધર્મ આમ થાય કે ફલાણું એ આશા જ નહિ ઇચ્છામાત્ર. આહાહા..! માર્ગ તો આ મુનિ માર્ગની પ્રવજ્યાની વાત છે ને. આશાભાવ નહિ. **'આશા તો કિસી વસ્તુકી પ્રાપ્તિ ન હો ઉસકી લગી રહતી હૈ, પરંતુ જહાં પરદ્રવ્યકો અપના જાના હી નહીં ઔર અપને સ્વરૂપકી પ્રાપ્તિ હો ગઈ...'** લ્યો! સ્વ-પરનું ભાન થઈ ગયું, વિવેક થઈ ગયો વિવેક. આહાહા..! આનંદસ્વરૂપ તે હું, વિકલ્પમાત્ર બધું પરદ્રવ્ય છે એમ જ્યાં સ્વપરનો વિવેક જ્ઞાન થઈ ગયું એને આશા શી? પરથી ભિન્ન

છું એને પરની આશા શી? જે પરથી ભિન્ન છું એની આશા શી? આહાહા..!

**'પરદ્રવ્યકો અપના જાના હી નહીં ઔર અપને સ્વરૂપકી પ્રાપ્તિ હો ગઈ તબ કુછ પ્રાપ્ત કરના શેષ ન રહા,...'** ભગવાન આત્મા જે આનંદસ્વરૂપ છે એ મળી ગયો અંદરથી. આહાહા..! જે મળવાની સંપદા હતી એ તો મળી ગઈ. સમ્યગ્દર્શનમાં. રાગની એકતા તોડી અને સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ થઈ ગઈ તો એને સમ્યગ્દર્શન કહીએ. અને એ સમ્યગ્દર્શન પછી એ સ્વરૂપમાં સ્થિરતા જામી ગઈ તેને ચારિત્ર કહીએ. એ તો મળી ગયું હવે શું એને આશા છે? આહાહા..! સમજાણું? **'કુછ પ્રાપ્ત કરના શેષ ન રહા, ફિર કિસકી આશા હો? પ્રવજ્યા ઈસપ્રકાર કહી હૈં.'** લ્યો! ભગવાને સાધુપણું દીક્ષા આવી કહી છે.

**'ભાવાર્થ :- જૈનદીક્ષા ઐસી હૈ. અન્યમતમેં સ્વ-પરદ્રવ્યકા ભેદવિજ્ઞાન નહીં હૈ,...'** સ્વ અને પર બેની જુદાઈનું ભાન નથી. ત્યાં દીક્ષા હોય નહિ. ચાહે તો જૈનમાં રહ્યો હોય અને દીક્ષા લીધી, પણ સ્વપરનું ભાન જ નથી એ પણ દીક્ષા નથી. આહાહા..! **'ઉનકે ઈસપ્રકાર દીક્ષા કહાં સે હો.'**

**'આગે દીક્ષાકા બાહ્યસ્વરૂપ કહતે હૈં :—'** હવે બાહ્ય સ્વરૂપ બતાવે છે. અભ્યંતર આ કહ્યું બધું. હવે બાહ્ય સ્વરૂપ એનું મુનિનું. કુંદકુંદાચાર્યે ખાસ આ બધો પ્રકાર લીધો છે. પંચમકાળના પ્રાણીને, ગડબડ થઈ ગઈ છે મોટી એને જાણવા માટે. આહાહા..!

जहजायरूवसरिसा, अवलंबियभुय णिराउहा संता।
परकियणिलयणिवासा पव्वज्जा एरिसा भणिया।।५१।।

**'અર્થ :- કૈસી હૈ પ્રવજ્યા? યથાજાતરૂપસદૃશી અર્થાત્ જૈસા જન્મ હોતે હી બાલકકા નગ્નરૂપ હોતા હૈ વૈસા હી નગ્નરૂપ ઉસમેં હૈ.'** બાહ્યની આ વાત. ઓલી અભ્યંતરની આવી ગઈ પહેલી. એ અભ્યંતરવાળાને આવું બાહ્ય હોય એમ કહે છે. આહાહા..! **'अवलंबियभुय'** આમ હાથમાં કાંઈ છે નહિ. આમ લાંબા હાથ કરે છે. **'લંબાયમાન કી હૈ, જિસમેં બાહુલ્ય અપેક્ષા કાયોત્સર્ગ ખડા રહના હોતા હૈ,...'** **'अवलंबियभुय'** કહ્યું ને? આમ તો આહાર કરવા જાય, મોરપીંછી લે એ નહિ. ઘણો વખત તો એનો ધ્યાનમાં જ હોય એમ બતાવવું છે. આમ બે ભૂજા લટકતી અને ધ્યાનમાં મસ્ત હોય, બસ. એવી દીક્ષા કહેવાય. સમજાણું કાંઈ?

અહીં તો સંસારના કામ અને બહારના કામ આડે, શાસ્ત્રના પાના ફેરવવામાં ગૂંચી ગયો હોય. અહીં તો કહે છે કે જેને હાથમાં મોરપીંછી અને કમંડળ પણ નથી. એવો ઘણો વખત કાયોત્સર્ગમાં જ હોય એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! શાસ્ત્રના પાના ફેરવવા, પુસ્તક બનાવવામાં ચોવીસ કલાક રોકાય એના વખાણ થાય અત્યારે. આહાહા..! અહીં તો કહે છે કે મુનિ તો **'अवलंबियभुय'** આમ હાથ છૂટા મૂકીને અંદર ધ્યાનમાં બેઠા હોય છે. આહાહા..! કહો, ચાલે ત્યારે મોરપીંછી આદિ હોય એ વખતની વાત અપવાદિતની નથી. આવી દશા જેની બસ. અંતર મસ્ત આત્માના આનંદમાં. આહાહા..!

અને હાથ ખાલી પડ્યા છે. એ આવે છે ને ઓલામાં. હાથથી કાંઈ કરવું નથી માટે હાથ લાંબા છે. પદ્મનંદીમાં આવે છે. પદ્મનંદી પંચવિંશતિમાં પહેલો અધિકાર. આહાહા..! જીવતા સ્મશાનમાં ચાલ્યા ગયા હોય છે.

દીક્ષા કોને કહેવી બાપુ! પ્રવજ્યા. આહાહા..! જે જંગલમાં વસતા હોય, જેને માણસનો પગરવ ન હોય હાલવા-ચાલવામાં. એવા આત્માના ધ્યાનમાં. '**अवलंबियभुय**' કીધું છે ને? ભુજા જેને આમ છૂટી પડી છે. આહાહા..! લખવાનું કામ અને આ કામ. લખવામાં રોકાયેલા છે આઠ-આઠ કલાક, દસ-દસ કલાક ચોપડી બનાવવામાં. આહાહા..! ત્યારે કહે આ પુસ્તકો બનાવ્યા ને? એ અમુક વખતે વિકલ્પ આવ્યો તો થયું. બાકી ઘણો વખત તો આવો હોય છે એને, એમ કહે છે. આહાહા..! વિકલ્પ આવ્યો... શું કહેવાય એ? તાડપત્ર. ત્યાં બહુ હતા તાડપત્ર એ બાજુ દક્ષિણમાં. અંકલેશ્વર ભરૂચ પાસે સજોદમાં બહુ ત્યાં. ત્યાં મુનિઓ હોય સાચા. ષટ્‌ખંડાગમ. લખી નાખ્યા. એ પાના મૂકીને ચાલ્યા જાય પાછા. એમ નહિ કે. આહાહા..! આવી પ્રવજ્યા. આને મુનિ કહીએ કહે છે.

'**જૈસા જન્મ હોતે હી બાલકકા નગ્નરૂપ હોતા હૈ વૈસા હી નગ્નરૂપ ઇસમેં હૈં. અવલંબિતભૂજા અર્થાત્ જિસમેં ભુજા લંબાયમાન કી હૈ, જિસમેં બાહુલ્ય અપેક્ષા કાયોત્સર્ગ ખડા રહના હોતા હૈ, નિરાયુધા...**' એમ. માટે કહ્યું છે. પછી એમાં દોષ કરો નહિ. લ્યો આ તો આ હોય તો જ સાધુ. કોઈ વખતે હાથમાં મોરપીંછી એ બાહુલ્યપણે આવું હોય છે. અપવાદમાં એવું આહાર-પાણી લેવા જાય. અપવાદિક ઉપદેશમાં આવે. એ બધો અપવાદિક ભાવ છે. આહાહા..! મુનિ તો અંતર શોધવા માટે નીકળ્યા છે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા. આહાહા..! જ્યાં અંદર તળિયે પડ્યું છે બધું, ત્યાં પહોંચીને ધ્યાનમાં પડ્યા હોય એ તો. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિરાયુધા અર્થાત્ આયુધોંસે રહિત હૈ,...**' અન્યમતમાં તો આ કહે છે ને? બાણ ને હાથમાં બાણ રાખે. તલવાર તો એકકોર હોય પણ બાણ આમ રાખે. ધનુષબાણ. એ ન હોય જેને. દીક્ષા ... મુનિની. આહાહા..! રાગ હોય ત્યાં સુધી વૈરાગ્ય ન હોય. '**શાંતા અર્થાત્ જિસમેં અંગ-ઉપાંગકે વિકાર રહિત શાંતમુદ્રા હોતી હૈ.**' શાંત. આહાહા..! '**संता**' છે ને? '**णिराउहा संता**' શાંત... શાંત... શાંત... જેના શાંતરસમાં શેરડા દેખાતા હોય. આહાહા..! જેનો અકષાય સ્વભાવ પર્યાયે પર્યાયે ફાટી નીકળ્યો છે એને. એવું શરીર જ દેખાય એવું શાંત.

'**પરકૃતનિલયનિવાસા અર્થાત્ જિસમેં દૂસરેકા બનાયા નિલય જો વસ્તિકા...**' લોકો કહે છે ને એને માટે સાધુને માટે બનાવવું. કમરો બનાવવો, એક ઓરડી બનાવવી, ફલાણું બનાવવું. ના પાડે છે. પરના કરેલા નિલયમાં જેની વસ્તી આદિ નિવાસ હોય. એને માટે કરેલું હોય સાધુ માટે એમાં રહે નહિ. આ પ્રશ્ન અમારે ઉઠેલો પહેલો ૬૮. ૬૮માં પહેલો આ. સાધુને માટે અપસારો કરેલો ખપે નહિ. એ બધુ ગુલાબચંદજીએ કહ્યું. ગુલાબચંદજી જોયા હતા રતિભાઈ? તમે નહિ જોયા હોય. ૭૦માં

ગુજરી ગયા. ૭૦ ભાદરવા સુદ ચોથ. જસાણીના મકાનમાં. જસાણીને ભાઈ એ? અમૃતલાલ. અત્યારે રસ્તો છે ત્યાં બધું ઓલું હતું. એ ત્યાં ગુજરી ગયા. અત્યારે ફળિયું છે. આ બાજુ જોયું છે અમે જસાણીનું. અમૃતલાલ હોં. લાંબા હતા. એ ગુલાબચંદજી એમ કહેતા. ૬૮માં ચોમાસું પાળિયાદ હતું હીરાજી મહારાજનું, એમાં ત્રણ મહિના હું રહ્યો હતો જોડે. પછી ત્યાંથી પાલેજ જવું હતું ત્યાં બોટાદ આવ્યો. ત્યાં એમણે આમ કહ્યું. સાધુને માટે કરેલો અપાસરા ખપે નહિ, લે તે સાધુ નહિ. અરે..! આ શું? એ તો આપણે સાંભળ્યું નથી. હીરાજી મહારાજ .. આ તો નિષેધ કરે. સાધુ માટે કરેલું મકાન, એમાં જો એ વાપરે તો એ સાધુ નહિ. એ ૬૮માં પહેલી વાત. ૧૯૬૮. તમારા જન્મ પહેલાની વાતું. કેટલા વર્ષ થયા? ૬૨. ૬૨-૬૨ વર્ષ થયા. પહેલું સાંભળ્યું. અરે..! આ શું કહે છે? ચાલો. ઓલા કચ્છી હતા ભાઈ ઓલા ભગવાનજી મુળીવાળા. કીધું ચાલો ભાઈ આપણે મહારાજ પાસે ખુલાસો કરવા. આ કહે છે એ. દીક્ષા લેવી હતી ને. ગયા ત્યાં મુળચંદજી ખીજાણા ગુલાબચંદજી ઉપર. એમ કે આ દીક્ષા લેવાની તૈયારી થઈ અને આ શું કહે છે?

મુમુક્ષુ :- .. ફાડ નાખી.

ઉત્તર :- ફાડ નાખી. ગાડા લઈને ગયા હતા બે. બોટાદથી પાળિયાદ. એટલે ખીજાણા બહુ. જુઓ આ કહે ખુલાસો કરવા માટે. કહે છે કે સાધુને ખપે નહિ અપાસરા કરેલા. આ તો અપાસરા સાધુ માટે થાય છે.

મુમુક્ષુ :- હવે તો નામ ફેરવી નાખ્યું ને.

ઉત્તર :- એ તો પ્રૌષધશાળા. નામ ફેરવે એટલે કાંઈ... પ્રૌષધશાળા નામ આપ્યું.

અહીં તો કીધું ને. નગ્નમુનિને માટે પણ કોઈએ મકાન કર્યું હોય, જંગલમાં એકાંત રહેવા માટે, એ એને ખપે નહિ. ક્યાં મુનિપણું કોને કહેવું હજી? આહાહા..! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે, એને મુનિપણા ક્યાંથી આવી જાય? આહાહા..! હીરાજી મહારાજે બિચારાએ પછી ખુલાસો કર્યો થોડો. ત્યાં ન કર્યો. ત્યાં તો મૂળચંદજી વધારે બોલે. પછી ૬૯માં રાણપર ખુલાસો કર્યો. કહે એ મકાન એણે પોતે કર્યું હોય, કરાવ્યું હોય અને સારું માનતો હોય તો એમ કે પાપ. બાકી કોકે કર્યું હોય એને વાપરે એમાં નહિ. શું? એવો ખુલાસો ૬૯. સંવત્ ૬૯ રાણપર. આપણને બેઠું નહિ. એમ કે ખુશાલભાઈનો દાખલો આપ્યો હતો ભાઈનો. તમારા ભાઈએ મકાન કરાવ્યું હોય અને તમે કર્યું નથી, કરાવ્યું નથી, અનુમોદ્યું નથી અને વાપરો. એમાં શું થઈ ગયું? હીરાજી મહારાજ દીક્ષા લીધેલી. ગાથા મોઢે હતી કે જે કોઈ વાપરે એ અનુમોદન છે એનું. અનુમોદન છે. અનુમોદનની કોટી તૂટી જાય છે. એને માટે કરેલું વાપરે તો નવ કોટીમાં કરણ, કરાવન, અનુમોદન આવે છે ને ત્રણ? અનુમોદન કોટી તૂટી જાય છે. નવ કોટી નથી રહેતી.

મુમુક્ષુ :- જંગલમાં ગુફાઓ..

ઉત્તર :- એ પણ ન વાપરે. કુદરતે પડી હોય એ વાપરે.

મુમુક્ષુ :- કૃત્રિમની વાત છે.

ઉત્તર :- કૃત્રિમ હોય એ જુદી. અહીં ખંડેરગીરીમાં છે. ખંડેરગીરી અને ઉદયગીરી છે ને? પત્થરના ઊંચા કરેલું હોય એવું બધું બનાવેલું. ગયા હતા ને ખંડેરગીરી પહેલા ૧૩ની સાલમાં નહિ? એ બધું બનાવેલા. સાધુને ખપે નહિ બનાવેલું. માથે પુસ્તક મૂકવાનું, નીચે જરી પત્થર ઊંચા એટલે ઓશિકું રહે. અંદર પત્થરનું હતું બધું. બધા બનાવેલા છે. ખપે નહિ સાધુને. સાધુ કોને કહે? આહાહા..! સાધુ હુઆ તો સિદ્ધ હુઆ. માણસ હોના મુશ્કિલ હૈ તો સાધ કહાં સે હોય? સાધુ હુઆ તો સિદ્ધ હો ગયા ફિર. મોક્ષ મોક્ષ થઈ ગયો એનો. આહાહા..! એ વાતની ઓળખાણ તો કરે એ. આહાહા..! આવી દીક્ષા અને આવું સાધુપણું હોય. આહાહા..!

છે ને પાઠ છે જુઓ. '**परकियणिलयणिवासा**' પરે કરાવેલું, વિલય નામ મકાન, રહેવાનું સ્થાન એમાં એનો નિવાસ હોય. એને માટે કરેલામાં નિવાસ હોય નહિ. ભાઈ આમને એક ઓરડી જુદી બનાવી દ્યો ધ્યાનમાં બેસે. ધ્યાનમાં બેસે. આખો માર્ગ ફેરફાર છે. વીતરાગનો માર્ગ બધો ફેરફાર.. ફેરફાર..

મુમુક્ષુ :- ઉપાશ્રય ખાલી પડ્યો રહેતો હોય...

ઉત્તર :- ખાલી પડ્યો રહે તો શું થયું? એને માટે બનાવ્યો હોય ને. પંડિતજી એ કહે છે. એમ કે ખાલી પડ્યો રહે એ કરતા વાપરે તો શું? એમ. આહાહા..! શેઠને તર્ક આવડે છે બધા એવા. આહાહા..!

'**જિસમેં અપનેકો કૃત,...**' દેખો! કર્યું નથી, કરાવ્યું નથી અને અનુમોદન નથી. જોયું! '**મન, વચન, કાયા દ્વારા દોષ ન લગા હો...**' નવ કોટી. આહાહા..! એ આવે છે દસવૈકાલિકમાં. ગાથા ભૂલી ગયા પણ તે દિ' આવી હતી. એને માટે કરેલું વાપરે તો એ અનુમોદી છે એનું. આહાહા..! ઉદ્દેશિકનું આ હતું બધું અત્યારે? કે ગૃહસ્થો સાધુ માટે કરે અને સાધુ લે એ સાધુએ કરાવ્યું નથી તો એને ઉદ્દેશિક ન કહેવું. અરે..! ઉદ્દેશિકનો બાપ છે. સવારથી આજે સાધુને વહોરાવવું છે. પાણી લાવો. કૂવાના તાજા પાણી ખેંચો. અધમણ-અધમણ પાણી. એક બિંદુમાં અસંખ્ય જીવ. કાળા કેર છે. એ કરાવવું... કરનારા અને લેનારા બેય... એય..!

મુમુક્ષુ :- કઈ કોટી તૂટી?

ઉત્તર :- નવેય કોટી તૂટી ગઈ. એક કોટી તૂટી તો નવેય તૂટી ગઈ. માર્ગ તો એવો ભગવાન હોં! ચારિત્ર કોને કહે? આહાહા..! હજી તો સમકિતના ઠેકાણા ન મળે. શ્રદ્ધાના ઠેકાણા ન મળે કે આત્મા આનંદસ્વરૂપ જ્ઞાતા એ દયા, દાનના વિકલ્પનો કર્તા પણ નથી. શરીરની ક્રિયાનો કર્તા નથી. આહાહા..! ખરેખર તો રાગ થાય તેનો જાણનાર પણ નથી. જાણનાર જાણનારનો છે. આહાહા..! આવી ચીજને અંદર અનુભવ્યા વિના દીક્ષા લે. હજી એ કહેશે આગળ એ. '**सम्मत्तगुणविसुद्धा**' ૫૩માં કહેશે. એ કહેવાનો આશય આ બધો છે. આહાહા..!

મુમુક્ષુ :- ફેરફાર બહુ મોટો થઈ ગયો.

ઉત્તર :- થઈ ગયો. આ કાળ ફરી ગયો ને બધું લોકોને આ તૈયારી ન મળે, ગૃહસ્થોના ઠેકાણા ન મળે. બધું ફરી ગયું આખું કમઠાણ. સવારે જતડા આવે તો એ રાજી રાજી થઈ જાય. ભેખ મળે કે નહિ દેખાય...

મુમુક્ષુ :- ખબર ન હોવાથી ત્યાગી ગણાય.

ઉત્તર :- દેખાય એવું. ભાઈ કહેતા હતા તમારે શેઠ. વનેચંદ શેઠ. હવે સંઘના શેઠ, નગરશેઠ. છોડી દીધું. જાણ્યું કે આ સ્થાકનવાસી ધર્મ સાચો નથી. પણ કહે થોડા મહિના થયા અને જ્યાં સિદ્ધપુરમાં એક ભાળ્યા ઈશ્વરચંદજીને. ઈશ્વરલાલજી દરિયાપરી. આમ ભાળ્યા ત્યાં આહાહા..! પગે પડી ગયા. પછી .. ચમત્કાર. નગરશેઠ હતા ને. સ્થાનકવાસીના શેઠિયા હતા. અને આખા ગામના શેઠ. નગરશેઠ. આહાહા..! એ વાત કરતા હતા બિચારા કે મારા સંસ્કાર એવા કે.. અહીં તો નગ્ન સાધુ હોય એ રાગથી ધર્મ માને, ક્રિયાથી ધર્મ માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને માટે કરેલા વાપરે એ તો સાધુ જ નથી. પ્રવજ્યા નથી.

'**કૃત, કારિત,...**' લખ્યું ને? '**परक्रिय**' શબ્દમાં આ આખું નાખ્યું. '**મન, વચન, કાય દ્વારા...**' અને કરવું, કરાવવું, અનુમોદવું. '**દોષ ન લગા હો ઐસી દૂસરેકી બનાઈ હુઈ વસ્તિકા...**' લ્યો! આટલો તો ખુલાસો કર્યો છે. બીજાએ બનાવેલી વસ્તી '**આદિ મેં રહના હોતા હૈ—ઐસી પ્રવજ્યા કહી હૈ.**' ભગવાન કુંદકુંદાચાર્ય તો એવી પ્રવજ્યા કહે છે. આહાહા..!

'**ભાવાર્થ :- અન્યમતી કઈ લોગ બાહ્યમેં વસ્ત્રાદિક રખતે હૈં,...**' લ્યો! આ શ્વેતાંબર વસ્ત્ર, પાત્ર રાખે અને સાધુ છીએ એમ માને. મિથ્યાદૃષ્ટિ છે એ. કહો, સમજાણું કાંઈ? કહો, રાજેન્દ્ર! તમારો શ્વેતાંબર ધર્મ.

મુમુક્ષુ :- હવે આત્માનો ધર્મ થઈ ગયો ને.

ઉત્તર :- આ તો પહેલાની વાત છે. ભાવનગર નહિ? ભાવનગર ને? પ્રેમચંદભાઈ બધા ભાવનગર ને? ભાવનગરના મૂળ.

વસ્ત્ર, પાત્ર રાખે એ સાધુ નહિ. '**આયુધ રખતે હૈં,...**' ધનુષ, લાકડી રાખે મોટી. ડંડો ડંડો. દેરાવાસી રાખે મોટો ડંડો. એ તો લાકડાનો ડંડો રાખે. એ સાધુ નહિ બાપુ! દાંડી હોય, લાકડી હોય એ નહિ. '**કઈ સુખકે લિયે આસન ચલાચલ રખતે હૈં,...**' શેઠ! ગાડી સાથે મોટરમાં એ રાખે. મોટરમાં રાખે પણ એ પાટ આદિ હોય ને એ સાથે રાખે. '**કઈ ઉપાશ્રય આદિ રહનેકા નિવાસ બનાકર...**' શેઠ! ઉપાશ્રય આવ્યો. ખાલી પડ્યો રહે તો? '**કઈ ઉપાશ્રય આદિ...**' ઉપાશ્રય, ઓરડી, કમરા '**નિવાસ બનાકર ઉસમેં રહતે હૈં ઔર અપનેકો દીક્ષાસહિત માનતે હૈં,...**' અમે સાધુ છીએ. '**ઉનકે ભેષમાત્ર હૈ, જૈનદીક્ષા તો જૈસી કહી વૈસી હી હૈ.**' લ્યો! આહાહા..! ભારે આકરું લાગે

હોં લોકોને. દીક્ષા લઈને બેઠા હોય તમારે. ઓલા કુંદકુંદવિજય છે ને તમારે મહાજન? દીક્ષા લીધી છે. ..ના. અહીં આવ્યા હતા રહી ગયા હતા. .. એ .. સાંભળ્યું. એની સાથે આ હતા શાંતિભાઈના ભાઈ. કેવા? સુલોચન. ૧૮ દિ' સાંભળ્યું. પહેલા વખતે સાંભળ્યું ત્યારે ન બેઠું. બીજા વખતે વાત સાચી લાગે છે, પણ આ ભવમાં આપણાથી થાય એવું નથી. કુંદકુંદવિજય. એ રસ્તામાં મળ્યા હતા. જાતા હતા. એના ગુરુ સાથે હોય એટલે બોલી શકે નહિ. વાત તો સાચી લાગે છે, પણ આ ભવમાં બને એવું નથી કહે. લેવું નથી તો પછી ખોટું લઈને શું કરવા બેઠા? એમ નથી કે ભાઈ આ ભવમાં અમારાથી મુનિપણું થઈ શકે એવી શક્તિ નથી અમારી. માર્ગમાં એ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લઈ લીધી હોય પછી બચાવ તો કરવો પડે ને.

ઉત્તર :- પછી બચાવ કરવો પડે. આહાહા..! જૈન દીક્ષા એટલે આ પરમેશ્વરપદ. જેને ગણધરો નમસ્કાર કરે. આહાહા..! વજીર-તીર્થંકરના દીવાન એને નમસ્કાર એ તે સાધુપદ કેવું! આ તો હાલી નીકળ્યા. લૂગડા ફેરવ્યા અને આ લૂગડા બીજા ફેરવ્યા. ઓલાએ લૂગડા કાઢી નાખ્યા. ન મળે સમ્યગ્દર્શનની ખબર, ન મળે સમ્યગ્જ્ઞાનની ખબર, ન મળે દીક્ષા ચારિત્ર કહેવું કોને એની ખબર. આહાહા..! માર્ગ આકરો ભારે ભાઈ! ભેખ માત્ર લઈને દીક્ષા માને છે એ બધા મૂઢ જીવ છે કહે છે. આહાહા..! જૈનની એને ખબર નથી. જૈન પરમેશ્વર તીર્થંકરદેવે કહેલો માર્ગ એની એને ખબર નથી. આહાહા..! વળી કેવી છે દીક્ષા?

**उवसमखमदमजुत्ता, सरीरसंकारवज्जिया रुक्खा।**
**मयरायदोसरहिया, पव्वज्जा एरिसा भणिया।।५२।।**

લ્યો ઠીક! દીક્ષા કોને કહેવી? 'उपशमक्षमदमयुक्ता' '**ઉપશમ તો મોહકર્મકે ઉદયકા અભાવરૂપ શાંતપરિણામ...**' શાંત પરિણામ. મિથ્યાત્વનો નાશ અને રાગ-દ્વેષનો નાશ. એવા જેને શાંત પરિણામ પ્રગટ થયા છે. આહાહા..! '**ક્ષમા અર્થાત્ ક્રોધકા અભાવરૂપ ઉત્તમક્ષમા તથા દમ અર્થાત્ ઇન્દ્રિયોંકો વિષયોંમેં નહીં પ્રવર્તના...**' પાંચેય ઇન્દ્રિયો તરફનું વલણ છૂટી ગયું છે. આહાહા..! અણિન્દ્રિય આત્મામાં જેની જમવટ જામી છે. અતીન્દ્રિય આનંદને ચૂસવામાં જેની દૃષ્ટિ પડી છે અંદર. આહાહા..!

'**ઇન ભાવોંસે યુક્ત હૈં, શરીરસંસ્કારવર્જિતા...**' શરીરના સંસ્કાર નહિ. પાણીથી સાફ શરીર કરે, વિભુષા કરે, વાળ ધોવે. આહાહા..! એ શરીરનો સંસ્કાર જેને નહિ. '**સ્નાનાદિક દ્વારા શરીરકો સજાના...**' સ્નાન કરવું નહિ. આહાહા..! અને '**તેલ આદિકા મર્દન શરીરકે નહીં હૈ.**' લ્યો! રૂખા રૂખા. અહીં તો તેલ ચોપડે. બબ્બે ત્રણ જાતના તેલ શીશી રાખે. ક્ષુલ્લક પણ રાખે છે. એવું સાંભળ્યું. ક્ષુલ્લકો રાખે, સાધુ રાખે. તેલ ચોપડે શરીરને મસળાવે. વસ્ત્ર ન પહેરે એટલે આ મસળાવે. બધું એકનું એક છે. શરીરને તેલ ચોપડે. બે-ત્રણ જાતના તેલ રાખે. એમ કોક કહેતું હતું. આપણને તેલની ખબર

નથી. એવા ચોપડવાના તેલ હશે. આહાહા..! શીશીયું રાખે. સુખડના તેલ, ગુલાબના તેલ એવા બે-ત્રણ જાતના કોક કહેતું હતું. શરીરને મસળાવે રાતે. આહાહા..! એ માર્ગ જ નથી વીતરાગનો. આહાહા..!

મુમુક્ષુ :- બહુ ભૂલ.

ઉત્તર :- આ તો બહુ ચાલ્યું છે આ તો અત્યારે. નગ્નમુનિ પણ. એ તો ઓલો રાતે બાઈ પાસે ચોપડાવતો. એવું સાંભળ્યું છે. આહાહા..! તેલ. તેલ આદિ છે ને? ઘણી જાતના થતા હોય ચોપડવાના. એ ન રાખે, ન ચોપડે. એને હોય? આહાહા..! અન્યમતિના બાવા જ્યારે ઠંડી સહન ન કરે તો રાખ ચોપડે. ત્યારે આ તેલ ચોપડે. બધું એકનું એક છે. આખા શરીરને મસળાવે. પ્રવજ્યા એ દીક્ષા નહિ. એને દીક્ષા કહેવાય નહિ. આહાહા..! **'મદ, રાગ, દ્વેષ, રહિત હૈ,...'** લ્યો! એને મદ નથી, રાગ-દ્વેષ નથી. એવી પ્રવજ્યા વીતરાગ માર્ગમાં કહેવામાં આવી છે લ્યો!

**'ભાવાર્થ :- અન્યમતકે ભેષી ક્રોધાદિરૂપ પરિણમતે હૈં,...'** આ બીજા ક્રોધાદિ. **'શરીરકો સજાકર સુંદર રખતે હૈં, ઇન્દ્રિયોંકે વિષયોંકા સેવન કરતે હૈં ઔર અપનેકો દીક્ષાસહિત માનતે હૈં, વે તો ગૃહસ્થકે સમાન હૈં, અતીત (યતિ) કહલાકર ઉલટે મિથ્યાત્વકો દૃઢ કરતે હૈં;...'** ઉલટા મિથ્યાત્વને પોષણ કરે છે. **'જૈનદીક્ષા ઇસપ્રકાર હૈ વહી સત્યાર્થ હૈ, ઇસકો અંગીકાર કરતે હૈં વે હી સચ્ચે અતીત (યતિ) હૈં.'** સાચા સંત, મુનિ તો જેને અંતર વીતરાગતા પ્રગટી છે, બાહ્યમાં નગ્નદશા છે, તેલાદિનું મર્દન જેને નથી. એને અહીંયાં સાચા યતિ અને અતીત કહેવામાં આવે છે. એને દીક્ષા દીક્ષારૂપે કહેવાય છે. બીજાને દીક્ષા કહેવાતી નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ ૫, શનિવાર તા. ૨૯-૧૨-૧૯૭૩
## ગાથા - ૫૩ થી ૫૫, પ્રવચન - ૭૯

અષ્ટપાહુડમાં બોધપાહુડ ચાલે છે. ૫૩મી ગાથા. પ્રવજ્યા દીક્ષા કોને કહેવી? એનું સાચું જ્ઞાન કરવું પડશે ને? દીક્ષાને નામે તો અત્યારે ઘણું ચાલે છે. કુંદકુંદાચાર્યને આ પ્રવજ્યા કેવી એ કેટલા ઘણાં શ્લોકોમાં લેવી પડી. અહીં મોટો ગોટો ઉઠ્યો દીક્ષાનો. ૫૩.

विवरीयमूढभावा, पणट्ठकम्मट्ठ णट्ठमिच्छत्ता।
सम्मत्तगुणविसुद्धा, पव्वज्जा एरिसा भणिया।।५३।।

પ્રવજ્યા એટલે દીક્ષા કોને કહેવી? **'કિ જિસકે મૂઢભાવ, અજ્ઞાનભાવ વિપરીત હુઆ હૈ...'** મૂઢભાવ રહિત છે એમ. અનેકાંત-જેવું આત્માનું સ્વરૂપ છે એવું જેને અનુભવમાં આવે છે એ

મૂઢભાવરહિત છે. 'દૂર હો ગયા હૈ.' વિપરીત જેમાં દૂર થયું છે. **'અન્યમતિ આત્માકા સ્વરૂપ સર્વથા એકાંતસે અનેકપ્રકાર ભિન્ન-ભિન્ન કહકર વાદ કરતે હૈં,...'** કોઈ આત્મા નિત્ય કહે, કોઈ અનિત્ય કહે, કોઈ એકલું દ્રવ્ય જીવ જ છે, કોઈ જડ જ એકલા છે, કોઈ આખા લોક પ્રમાણે વ્યાપક છે, એમ અનેક પ્રકારના મત એ બધાની જેને મૂંઝવણ નથી. એવો અજ્ઞાનભાવ જેને નીકળી ગયો છે એમ કહે છે.

**'ઉનકે આત્માકે સ્વરૂપમેં મૂઢભાવ હૈ. જૈન મુનિયોંકે અનેકાંતસે સિદ્ધ કિયા હુઆ યથાર્થ જ્ઞાન હૈ...'** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે વસ્તુ નિત્ય છે, પર્યાય અનિત્ય છે, એક ગુણ ગુણપણે છે, એક દ્રવ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે નથી. એવું સ્વરૂપ છે એનું. એવું એને અનેકાંતે સિદ્ધ કર્યું છે. બીજાઓ એના કર્તા છે, બીજાથી એ પ્રાપ્ત થાય છે એ વસ્તુ જૂઠી છે તદ્દન. અનેકાંત એટલે સ્વથી છે અને પરથી નથી. એવું અનેકાંત સ્વરૂપ છે અને તે નિત્ય છે અને તે અનિત્ય પણ છે. નિત્ય છે તે અનિત્ય છે એટલે કે પર્યાયે અનિત્ય છે અને દ્રવ્યે નિત્ય છે. આવું જ્ઞાન જેને હોય છે અને મૂઢભાવ જેને હોતો નથી.

**'જિસમેં આઠકર્મ ઔર મિથ્યાત્વાદિ પ્રણષ્ટ હો ગયે હૈં,...'** લ્યો ઠીક! આઠ કર્મ જ જેમાં નથી દીક્ષામાં. દીક્ષામાં તો પવિત્રતા છે એમ કહે છે. આહાહા..! આઠકર્મ અને મિથ્યાત્વનો નાશ થયો છે એમ કહે છે ભેગું. **'णट्ठमिच्छत्ता'** વિપરીત માન્યતા રાગ તે હું, રાગથી લાભ થાય, એક સમયની પર્યાય જેટલો હું એવો જે મિથ્યાત્વભાવ એ જેનો નાશ થયો છે. એટલે એને આઠ કર્મ છે નહિ. આઠ કર્મ આત્મામાં છે જ નહિ. આહાહા..! એવી પ્રવ્રજ્યા જૈનદર્શનમાં વીતરાગે કીધી છે. મિથ્યાત્વાદિ છે ને. **'णट्ठमिच्छत्ता'** આદિ કહ્યું.

**'જૈનદીક્ષામેં અતત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વકા અભાવ હૈ,...'** તત્ત્વાર્થની શ્રદ્ધાથી વિપરીતભાવ જૈનદીક્ષામાં હોય નહિ. જૈનદર્શનથી વિપરીતભાવ હોય તે જૈનદીક્ષા જ નથી. તત્ત્વાર્થથી વિરૂદ્ધ વાત છે, કપડા રાખીને મુનિપણું માનવું, ભગવાનને રોગ માનવો, ભગવાનને કવળાહાર માનવો, વસ્ત્રસહિત સ્ત્રીને પણ મુનિપણું માનવું. એ બધા મિથ્યાત્વભાવ-(તત્ત્વથી) વિરૂદ્ધભાવ, આ મિથ્યાત્વભાવ છે. એનાથી (તત્ત્વથી) વિરૂદ્ધભાવ અતત્ત્વાર્થશ્રદ્ધાન મિથ્યાત્વ, એનો અભાવ. અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ એનો અભાવ.

**'ઇસલિયે સમ્યક્ત્વ નામક ગુણદ્વારા વિશુદ્ધ હૈ,... '** સમ્યગ્દર્શન એટલે શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંતગુણ રાશિ પ્રભુ એનું જેને અંતર ભાન થયું છે. એવા સમકિતગુણ સહિત સાધુ હોય છે. સમકિત ન હોય ને સાધુ થઈ જાય નગ્ન. એ પ્રવ્રજ્યા ન કહેવાય એમ કહે છે. સમજાણું કાંઈ? જેને વસ્તુસ્થિતિ જે પૂર્ણ આત્મા એ જ્યાં અંદર દૃષ્ટિમાં, અનુભવમાં, જ્ઞાનમાં આવ્યો નથી. અને એને પ્રવ્રજ્યા અને દીક્ષા થઈ જાય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ શું એની તો કાંઈ ખબર ન મળે.

મુમુક્ષુ :- વ્યવહાર શું કહેવાય?

ઉત્તર :- વ્યવહાર શું? સાચી વાત. વ્યવહાર પણ કે દિ' હતો? નિશ્ચય હોય તો વ્યવહાર. આહાહા..! આવે છે ને. ધર્મબિંદુ આવે છે. ધર્મબિંદુ વાંચેલું છે. ધર્મબિંદુ નામનો ગ્રંથ છે. એ વાંચેલો છે સંપ્રદાયમાં. એમાં એ છે. દ્રવ્ય સમકિતનો આરોપ દેવો. દ્રવ્ય સમકિત કોને? આહાહા..! બધી વસ્તુ બહુ વિપરીત. શ્વેતાંબરમાં ઘણી વિપરીત દૃષ્ટિ થયા પછી એ પંથ નીકળ્યો છે. આકરું કામ. અને એમાંથી આ સ્થાનકવાસી તો હમણા નીકળ્યા ૫૦૦ વર્ષ (પહેલા). તદ્દન વિપરીત દૃષ્ટિ. તત્ત્વથી તદ્દન વિપરીત દૃષ્ટિ. એને વિપરીત દૃષ્ટિ હોય ત્યાં ચારિત્ર હોઈ શકે નહિ. અહીં તો મુનિ નગ્ન હોય એને વિપરીત દૃષ્ટિ હોય તો ચારિત્ર નથી એમ સિદ્ધ કરવું છે. નગ્નપણું લીધું, પંચ મહાવ્રત હોય, પણ વિપરીત દૃષ્ટિ જ અંદર છે હજી તો. વસ્તુસ્થિતિની મર્યાદા શું છે? એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે નહિ, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, છુએ નહિ, બીજા દ્રવ્યથી બીજા દ્રવ્યને લાભ થાય નહિ, બીજા દ્રવ્યથી બીજા દ્રવ્યને નુકસાન થાય નહિ. આવું જે તત્ત્વાર્થશ્રદ્ધાન એનાથી વિરૂદ્ધ અતત્ત્વશ્રદ્ધાન, એવો મિથ્યાત્વભાવ એનો અભાવ હોય એને.

**'सम्यक्त्वनामक गुण द्वारा विशुद्ध है,...'** આહાહા..! મૂળ સમ્યગ્દર્શન અને મિથ્યાત્વની જ વાતમાં ફેરફાર પડી ગયો આખો. એ મૂકીને પછી બધી વાતું. આમ પાળવું, છ કાયની દયા આમ પાળવું, વ્રત આમ પાળવા. **'निर्मल है,...'** જૈન પ્રવ્રજ્યા તો નિર્મળ છે. પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એને જેણે દૃષ્ટિમાં અનુભવ્યો, એને પછી જે સ્વરૂપમાં સ્થિરતા, નિર્મળતા, પવિત્રતામાં પવિત્રતા પ્રગટ કરી એવી સમ્યગ્દર્શનસહિત પ્રવ્રજ્યા નિર્મળ છે. આહાહા..!

**'सम्यक्त्वसहित दीक्षामें दोष नहीं रहता है;...'** વિશુદ્ધનો અર્થ કર્યો એ. સમકિતસહિત દીક્ષા હોય, આત્માના જ્ઞાતાદૃષ્ટાના અનુભવ અને આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદની ભૂમિકાસહિત દીક્ષા હોય એમાં દોષ ન હોય. સમજાણું કાંઈ? જેને આત્મા આનંદસ્વરૂપ એવો સ્વાદ આવ્યો નથી, તો એ આત્મા આખો અનંત આનંદ છે એની એને પ્રતીતિ નથી. તો એવા પ્રતીતરહિત જીવને દીક્ષા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? દીક્ષા તો વિશેષ આનંદની દાતા છે એ તો. એ આનંદનું હજી ભાન જ નથી ત્યાં આનંદદાતા ક્યાંથી આવી? આહાહા..! શેઠ! શું છે?

મુમુક્ષુ :- આનંદની પ્રાપ્તિ .. દીક્ષા લે છે.

ઉત્તર :- એમ કે આ દીક્ષા લે છે. આહાહા..! દખ્યા છે, દીક્ષા ક્યાં હતી? આહાહા..! બહુ આકરી વાત છે. જગતની સાથે કુંદકુંદાચાર્યને મેળવવા.. આહાહા..!

અહીં તો જુઓને કેટલી ગાથામાં પ્રવ્રજ્યાનું કહ્યું. ચારિત્ર દીક્ષા, પ્રવ્રજ્યા એ કોઈ જાત જ જુદી છે. અજ્ઞાની લોકો એમ ને એમ મિથ્યાદૃષ્ટિ સહિત વ્રત લઈ લે અને નગ્ન થઈ જાય એ પ્રવ્રજ્યા નથી. વસ્ત્રસહિતવાળા તો મિથ્યાદૃષ્ટિ છે એની પ્રવ્રજ્યા તો છે જ નહિ. પણ મિથ્યાત્વ વસ્ત્રરહિત થઈ ગયા

હોય, નગ્ન થયા હોય, અંતરમાં જેને હજી દૃષ્ટિની ખબર જ નથી. રાગનો વિકલ્પ ઉઠે એનો એ કર્તા આત્મા નથી. જ્ઞાનથી જાણે કે છે. વસ્તુની દૃષ્ટિએ એનો કર્તા નથી, એનો રચનાર નથી. એવી જેને હજી ખબર નથી એ (માને કે) આ પંચમહાવ્રત પાળું છું, રાખું છું, એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસપ્રકાર પ્રવજ્યા કહી હૈ.**' લ્યો! આને ભગવાન તીર્થંકરદેવે જૈનશાસનમાં મહાવીર પ્રભુએ એને દીક્ષા કીધી છે. સાધુ થઈ ગયા હતા. ઓલા આવ્યું હતું ને તમારે નહિ? રાજકોટના ઓલા ગુજરી ગયા શું તમારા? શ્રીમદ્‌ના. લક્ષ્મીચંદભાઈ. લક્ષ્મીચંદ ડાહ્યા. .. દીક્ષા. શ્રીમદ્‌ને ચારિત્ર હતું. સપનું આવ્યું હતું. ખબર છે ને. દીક્ષિત થઈ ગયેલા સાધુ હતા. આવા ને આવા ગપ મારે.

મુમુક્ષુ :- ભક્તો તો એવી જ ભક્તિ...

ઉત્તર :- એવી ભક્તિ હોય આંધળી? લખ્યું હતું. એ કહેતા હતા કોક સપનું આવ્યું હતું. આ ચોપડી આવી છે. અહીં આવી છે. ગપેગપ બધી વાતું. આહાહા..! એક જણો વળી એ કહેતો કે શ્રીમદ્‌ે એક ભવ કરવો હતો છેલ્લો, એ કરી નાખ્યો આ ભવમાં. હવે ભવ બાકી નથી. કઈ રીતે કર્યો? આવા ને આવા. જૈનદર્શનની ખબર ન મળે. સોભાગચંદ સૂતા સૂતા મરવા પડ્યા છેલ્લે. અંબાલાલભાઈ જોડે બેઠા હતા. અંબાલાલ મને જો કેવળ થશે ને તો હું તને કહીશ. પણ સૂતા સૂતા. ખાટલામાં સૂતા છે અને શ્રીમદ્‌ના પરમ ભક્ત કહેવાય. એને આટલી ખબર? કેવળજ્ઞાન થાશે ને પછી તને પૂછશે. બહુ લખ્યું છે. આખી લાઈન બહુ ફેરફાર ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. મૂળ પુરુષનો કહેલો, કુંદકુંદાચાર્યનો. એમાં પણ આવે છે નહિ? મૂળપુરુષ નથી આવતું? આહાહા..! માર્ગ તો આ છે, ભાઈ! આને પ્રવજ્યા વિપરીત માન્યતા રહિત અને શાંતિસહિત (કહે). વીતરાગભાવસહિત એવી એને દશા હોય અને બાહ્યમાં નગ્ન અને વસ્ત્રરહિત હોય એને ભગવાનના શાસનમાં દીક્ષા કહેવામાં આવે છે. બીજાને દીક્ષા કહેવામાં આવતી નથી. આહાહા..!

૫૪. વળી કોઈ એમ કહે કે અત્યારે એવું સંહનન નથી તે પ્રવજ્યા આવી પણ હોય. ઢીલી પણ હોય. એ માટે ખુલાસો કરવો પડે છે.

**जिणमग्गे पव्वज्जा, छहसंहणणेसु भणिय णिग्गंथा।**
**भावंति भव्वपुरिसा, कम्मक्खयकारणे भणिया।।५४।।**

'**અર્થ :- પ્રવજ્યા જિનમાર્ગમેં છહ સંહનનવાલે જીવકે હોના કહા હૈ,...**' આ હાડકાની મજબુતાઈ છ પ્રકારની હોય. તો છેલ્લા નંબરમાં પણ દીક્ષા હોય છે એમ ભગવાન કહે છે. હાડકાની છેલ્લા નંબરની સ્થિતિ હોય છઠ્ઠા નંબરની, એને ચારિત્ર હોય છે. એમ નહિ કે હાડકાની પહેલા નંબરની, બીજા નંબરનો આદિ હોય તો જ એને ચારિત્ર હોય. આ કહેવાનો આશય એવો કે ભાઈ અત્યારે હવે અમારા સંહનન મોળા છે, પંચમકાળ આવો છે. અત્યારે તો હવે આવું જ સાધુપણું હોય. એ વાત થતી

તે દિ’ નીકળ્યા ત્યારે. એમ નથી, કહે છે. સંહનન તો છેલ્લામાં છેલ્લું. વજ્રનારાચ પહેલું એનાથી વજ્રનારાચ .. એ છેલ્લું સંહનન હોય તોપણ દીક્ષા હોઈ શકે છે. અસંપ્રાપ્તસૃપાટિકા છે ને? છેલ્લું. છતાં એમાં ચારિત્ર હોય છે. હાડકાની મજબુતાઈ બહુ મોળી છે માટે ચારિત્ર ન હોઈ શકે એમ નથી. એમ કહે. એ બચાવ હતો ને ત્યારે શ્વેતાંબર નીકળ્યા એ. હવે વજ્રનારાચસંહનન નથી. આહાહા..! શરીર મોળા પડ્યા છે, પંચમકાળ છે, આ બાર બાર દુકાળ પડી ગયા મોટા. માટે અમારાથી તો હવે વસ્ત્ર વિના તો સાધુપણુ નહિ રહી શકીએ. આહાહા..! બહુ ફાટા પડ્યા. એમાં પણ કેટલા ભેદો પાછા શ્વેતાંબરમાં. એમાં પણ વળી ભેદ પાછા સ્થાનકવાસી નીકળ્યા. એમાં પણ કેટલા ભેદો સ્થાનકવાસીમાં. ઘણા .. શ્રદ્ધા છે. .. કાંઈક શ્રદ્ધા. આહાહા..! પ્રભુનો માર્ગ તો દિગંબર સંત જે માર્ગ અનાદિ સનાતન સત્ય હતો તે કહ્યો. એ માર્ગમાં સંહનન છેલ્લું હોય તોપણ ચારિત્ર હોઈ શકે. એમ નહિ કે સંહનન મોળું માટે ચારિત્ર ન થાય.

‘**છહ સંહનનવાલે જીવકે હોના કહા હૈ, નિર્ગ્રંથસ્વરૂપ હૈ,...**’ એ તો નિર્ગ્રંથ કહે છે. વસ્ત્રનો કટકો પણ ન મળે. આવી શરીરની છેલ્લી સ્થિતિ, તોપણ નભાવવા માટે ઠંડી માટે વસ્ત્ર રાખવું એવું ત્રણ કાળમાં માર્ગમાં છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આત્માની શક્તિના વર્ણનની પણ અપૂર્વતા અને એની દીક્ષા-પ્રવજ્યા ભગવાનની કહેલી એની પણ અપૂર્વતા. આહાહા..! સમજાણું કાંઈ? નગ્નપણે વિચરે છે એને પણ હજી સમ્યગ્દર્શન શું છે એ ન હોય તો એને પણ ચારિત્ર હોતું નથી, એમ કહે છે. આહાહા..! શ્રદ્ધા કરવી પડશે ને પહેલી સાચી. કોને ચારિત્ર કહેવું? ચારિત્ર નથી... એને ધર્મને અધર્મ માને, અધર્મને ધર્મ માને. આવે છે ને. .. મિથ્યાત્વનું આવે છે. જીવને અજીવ માને, માર્ગને કુમાર્ગ માને, કુમાર્ગને માર્ગ માને. આહાહા..! મિથ્યાત્વના શલ્ય પડ્યા હોય અને સાધુ થાય અને દીક્ષા લે, નગ્ન થાય તો એ સાધુપણું છે જ નહિ. વસ્ત્ર-પાત્રવાળા તો સીધા જ મિથ્યાદૃષ્ટિ છે એટલે એને તો દીક્ષા હોય નહિ. પણ નગ્ન થયેલાને પણ જેની શ્રદ્ધામાં ઠેકાણા નથી, એ પણ સાધુ નથી, પ્રવજ્યા નથી, દીક્ષા નથી. કહો દીપચંદજી! એ દીપચંદજી દીક્ષા લેવાના હતા વળી રહી ગયા. આહાહા..!

‘**નિર્ગ્રંથસ્વરૂપ હૈ, સબ પરિગ્રહસે રહિત યથાજાતસ્વરૂપ હૈ.**’ જેવો માતાએ જન્મ્યો એવું એનું શરીર. બાળકની જેવું અને નિર્વિકારી. આહાહા..! રાજકુમાર હોય, પચ્ચીસ પચ્ચીસ વર્ષના જુવાન, મણિરત્નના પૂતળા જેવા શરીર, પણ જેની અંદરમાં આત્માના આનંદનું ભાન એ સહિત સ્વરૂપની રમણતા જેને થઈ છે એને સંહનન ભલે છેલ્લું હોય, પણ આ દશા હોઈ શકે છે. આહાહા..! ‘**ઈસકી ભવ્યપુરુષ હી ભાવના કરતે હૈં.**’ આહાહા..! આવી ચારિત્રની ભાવના તો ભવિ અને લાયક જીવ જ કરી શકે. સમ્યગ્દર્શનસહિત ચારિત્રની ભાવના તો ભવ્ય જીવ જ કરે એમ કહે છે. અરાગ જીવ .... આહાહા..! અને એ ચારિત્ર વિના મુક્તિ નથી. ચારિત્ર વિના એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી જ મુક્તિ થઈ જાય એમ નથી. બાહ્ય ચારિત્રદશા આવવી જ જોઈએ. પણ આવી આવવી જોઈએ એમ

કહે છે. આહાહા..!

'ઈસપ્રકારકી પ્રવજ્યા કર્મકે ક્ષયકા કારણ કહી હૈ.' 'कम्मक्खयकारणे भणिया' 'पव्वज्जा एरिसा भणिया' એમ જે કહેતા આવતા હતા એને ઠેકાણે આ કહ્યું. 'कम्मक्खयकारणे भणिया' એ પ્રવજ્યા તો ચારિત્ર કર્મક્ષયના કારણ છે એ તો કહે. આહાહા..! જેમાં કર્મબંધન જ નથી. રાગ અલ્પ હોય બંધનને એની ગણતરી અહીંયાં ગણવામાં નથી આવી. એક તો અબંધસ્વરૂપી ભગવાન જ્યાં દૃષ્ટિમાં અને સ્થિરતામાં તરવરે છે. આહાહા..! ઊંચે ઊંચે ઉપર ઉપર તરે છે, રાગથી ભિન્ન ઉપર તરે છે. એવી જેની અંતર દશા.. આહાહા..! ધન્ય અવતાર છે ભાઈ! જેને કર્મનું બંધન નથી. આ દશા આવ્યા વિના મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા, આમ નાળિયેરથી જેમ છૂટો પડે ગોટો અને જુદો રહે એમ જેને રાગથી ભિન્ન પાડીને પોતાનું એકત્વ જુદું પાડ્યું છે. આહાહા..! એ વિકલ્પ ને શરીરની ક્રિયા એનાથી જેને ચૈતન્યમૂર્તિને અંતરમાં જુદો ભાળ્યો-જોયો છે. આહાહા..! એમાં એ રમે છે. એ કર્મક્ષયનું કારણ ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ? વળી આ કેટલાક એ કહે શ્વેતાંબરમાં. એ તો દિગંબરમાં. અમારે તો પંચ મહાવ્રત ને સંવર કીધો છે અમારે તો. એ તો તત્ત્વાર્થસૂત્ર માન્યું છે એમાં તત્ત્વાર્થસૂત્રમાં આસ્રવ કહ્યો છે. કર્મકૃશી માને. આહાહા..! અરે..! માર્ગને ઉચકી નાખ્યો બહુ.

ભગવાન તીર્થંકર પરમેશ્વર એમણે જે દીક્ષા અને ચારિત્ર કીધું એનો બધો ફેરફાર કરી નાખ્યો છે. કુંદકુંદાચાર્ય જેવા ને ભગવાન આમ કહે છે. 'एरिसा' ચારિત્ર ભગવાને આમ કહ્યું એમ કહેવું પડે. જોયું! 'पव्वज्जा एरिसा भणिया' 'कम्मक्खयकारणे भणिया' આહાહા..! જેને અબદ્ધસ્પૃષ્ટ આત્મા અંદર અનુભવમાં જેને આવ્યો છે, એમાં એ ઠર્યા છે એ કર્મના ક્ષયના કારણ છે. આહાહા..! કહો, હસમુખભાઈ! એ કહે આ પાછો લેશે તો હોં! .. સહિત ચારિત્ર .. .. નહિ થાય એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- .. છે ને.

ઉત્તર :- ધૂળેય નથી. માને છે ને. કરોડો રૂપિયા હોય, પેદાશ મોટી પાંચ સાત લાખ હોય. આમ ખુશી ખુશી જાણે આત્મા ઓહોહો..! એમાં દીવાળીના દહાડા હોય. શું કરે ઓલા? દહરા. દહરાથી ૨૦-૨૦ માને. આમ પેદાશનો સરવાળો કાઢતા હોય નામામાં. આટલા વધ્યા, આટલા ગયા. શું ધૂળ વધી? આહાહા..! સરવાળો બાર મહિનાનો કાઢીને શાંતિ કેટલી વધી? વીતરાગતા કેટલી વધી? એ એની પેદાશનું કારણ છે. સમજાણું?

મુમુક્ષુ :- યહ લાભ છે.

ઉત્તર :- આ લાભ છે. બાકી તો બધું સમજવા જેવું છે. કહો, ડોક્ટર! આ બહારના બાળકના આ કર્યા ને ઢીકણા આ કર્યા. વધારે પેદા કર્યું.

મુમુક્ષુ :- કેટલાયને સાજા કર્યા.

ઉત્તર :- ધૂળેય સાજા કર્યા નથી. અભિમાન કર્યા છે. આહાહા..!

નિરોગી ભગવાન આત્મા છે એને નિરોગીપણે અનુભવવો. આહાહા..! એણે આત્માને નિરોગી કર્યો. આરોગ્ગબોહિ લાભં આવે છે ને. આહાહા..! લોગસ્સમાં આવે છે. લોગસ્સ કર્યો હતો કે નહિ કોઈ દિ'? નહોતો કર્યો પહેલા? નથી કર્યો પહેલેથી? ઠીક! તમે નથી કર્યો પ્રવિણભાઈ? લોગસ્સ ઉજ્જોયગરે... ઘણા વર્ષથી આ બાજુ આવી ગયા ને. લોગસ્સ આવે છે ભગવાનની સ્તુતિ. લોગસ્સ ઉજ્જોયગરે. ચોવીસ તીર્થંકરની સ્તુતિ આવે છે. એમાં આવે છે. આરોગ્ગ બોહિ લાભં સમાહિવર મુત્તમદિંત્તુ. પ્રભુ! અમારી નિરોગદશા અમને પ્રાપ્ત થાઓ. આહાહા..! રાગ અને સંસાર તો રોગ છે. એ રોગીલો પ્રાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ જેને સમ્યગ્દર્શન સહિત પહેલી રાગની એકતા તોડી છે અને પછી રાગની અસ્થિરતા છોડી છે. આહાહા..! એવી ભવ્ય પુરુષોને પ્રવજ્યા હોય છે કહે છે. સમજાણું કાંઈ?

કર્મક્ષયનું કારણ છે. આ સમ્યગ્દર્શન વિના એકલા વ્રત ને તપ લઈને બેસે એ તો બાળવ્રત અને બાળતપ છે. આહાહા..! અજ્ઞાનથી ભરેલા વ્રત અને તપ છે. સમજાણું કાંઈ? એની તો ભવ્યપુરુષ જ ભાવના કરે છે. આહાહા..! લાયક પ્રાણી એની ભાવના કરે છે. '**ઈસપ્રકારકી પ્રવજ્યા કર્મકે ક્ષયકા કારણ કહી હૈ.**' આવી જ પ્રવજ્યા, આવી જ દીક્ષા એ કર્મક્ષયનું કારણ છે. આહાહા..!

'**ભાવાર્થ :- વજ્રઋષભનારાચ આદિ, છહ શરીરકે સંહનન...** ' સંહનન એટલે હાડકાની મજબુતાઈના છ પ્રકાર. '**ઉનમેં સબમેં હી દીક્ષા હોના કહા હૈ,...**' ભગવાને તો બધી હાડકાની મજબુતાઈ પાતળી છેલ્લી હોય તોપણ મુનિપણું, નિર્ગ્રંથપણું, વીતરાગપણું એમાં કહ્યું છે. ત્રણ કષાયનો અભાવ થઈ આનંદની દશામાં ઝુલે, ભલે સંહનન મોળું હોય. સંહનન મોળું માટે આવું અમારે અત્યારે કરવું, પંચમકાળ છે માટે આમ. એની અહીં ના પાડે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેવળજ્ઞાન ન થાય ને સંહનન મોળું હોય તો?

ઉત્તર :- કેવળજ્ઞાન સંહનનને લઈને થાય જ નહિ. એ ભાઈએ સાંભળ્યું નહિ બપોરનું? કેવળજ્ઞાન પોતાના પુરુષાર્થથી સ્વભાવના કાર્યમાંથી થાય છે. એ તો સ્વભાવનું કાર્ય છે. સંહનનનું કાર્ય નથી એમાં. આહાહા..! સંહનન છે માટે કેવળજ્ઞાન થાય તો તો બધાને થાવું જોઈએ. સંહનન તો તંદુલમચ્છને છે. તંદુલમચ્છ છે આટલું. સંહનન પહેલું છે. મરીને નરકે જાય છે. સાતમી નરકે જાય. આહાહા..! એવા ભવ પણ અનંતા કર્યા. ભૂલી ગયો. પણ મારો માણસમાં કાંઈક આવ્યો ને બહાર.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન સુધી સંહનન હોય.

ઉત્તર :- હોય એ જુદી વાત છે. હોય માટે અહીં કેવળજ્ઞાન થાય છે એમ નથી. માણસપણું હોય છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી. માણસપણું હોય ત્યાં કેવળજ્ઞાન થાય એ બરાબર છે. પણ માણસપણું છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી. કેવળજ્ઞાન તો પોતાના સ્વભાવનું કાર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો બહુ આવી ગયું નહિ? અકાર્યકારણમાં ઘણું આવી ગયું. સંહનન, શરીર, મનુષ્યપણું કોઈ કારણ જ નથી. આત્માને ધર્મની દશા પ્રગટ થવામાં એ પર કોઈ ચીજ કારણ

છે જ નહિ અને એ કારણનું કાર્ય આત્મામાં નથી અને એ વસ્તુનું કારણ પણ જીવ નથી. જીવ છે માટે વજ્રનારાચસંહનન આવ્યું છે, કેવળજ્ઞાન થવાનું માટે વજ્રનારાચસંહનન આવ્યું છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! મોક્ષનો માર્ગ બાપુ અલૌકિક છે. જેને પરની અપેક્ષા જ નથી. કેમકે અબંધસ્વરૂપ જ ભગવાન આત્મા છે. અબંધસ્વરૂપીને જ આત્મા કહ્યો છે. આહાહા..! એ આત્મામાં મુક્તિ એટલે પર્યાયમાં મુક્તિ થવી એ પરની અપેક્ષા કોઈ છે જ નહિ એમ કહે. આહાહા..!

જેને મહાચૈતન્ય ભગવાનનો સહારો પર્યાયને છે એને બીજાના કારણની શું જરૂર છે? આહાહા..! બાહ્ય સામગ્રી શોધવાનું શું પ્રયોજન છે? ૧૬મી ગાથામાં કહ્યું ને પ્રવચનસાર. તારો મોક્ષનો માર્ગ તો તારાથી અંદરથી કર્તાકર્મ થઈને થાય છે. છ બોલ લીધો છે એમાં. બાહ્ય સામગ્રી શોધવામાં મૂઢ શેનો થા છો મારા? બાહ્યસામગ્રીમાં ક્યાં સાધન હતું? આહાહા..! ભગવાન આત્મા... પણ વાત એ છે કે વસ્તુ માહાત્મ્ય આવે નહિ ને ત્યાં સુધી એને વલખા બહારમાં નાખે. કાંઈક આ બધા ટેકા હોય ને આ ઠીક હોય તો આમ થાય ને આમ થાય. શરીર નિરોગી હોય તો આમ થાય. શરીરમાં સંહનન મજબુત હોય તો આમ થાય. એ બધી વાતું કલ્પનાની છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર નાથ છે એ. એને જેણે જાણ્યો અને ઓળખ્યો, એને પોતાના સ્વરૂપના સાધન માટે... સ્વરૂપનું સાધન પોતા પાસે છે. સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! ઘણાના આશીર્વાદ મળી જાય માટે ત્યાં મોક્ષ થઈ જાય. એમ નથી. ઘણાની દયાઓ પાળી હોય, ઘણાના પરોપકાર કર્યા હોય, આંતરડા બીજાને આમ સુખ આપ્યું હોય. એનો આશીર્વાદ મળી જાય તો એને મુક્તિ થાય એવી ચીજ નથી એ. આહાહા..! પરોપકાર બહુ કામ કર્યા હોય. જીંદગીમાં એકલી સેવા જ કરી છે સેવા. કોની સેવા? જ્ઞાનની સેવા કે પરની સેવા? આહાહા..!

આવ્યું છે ને સમયસારમાં નહિ? ૧૯મી ગાથામાં. આત્મા ને જ્ઞાન તો અનાદિથી એક જ છે. સેવા કરે જ છે. તો વળી આત્માની સેવા કરવી એમ તમે કેમ કહો છો? જ્ઞાનની સેવા કરો. કરી જ નથી એણે. આહાહા..! જ્ઞાન અને આત્મા બે એકરૂપ છે એવી દૃષ્ટિ કરી જ નથી એણે. આહાહા..! એથી એણે જ્ઞાનસ્વરૂપી ભગવાન એની એણે સેવા કરી જ નથી. ઓલા વળી કહે ને સેવા ધર્મનો. પરમો ધર્મો. ... ધૂળેય નથી. એ બહુ કહે. ઓલો જુગલકિશોર હતા ને. દિલ્હી. જુગલકિશોર મુખત્યાર. એ બહુ કહેતા. પરની સેવા કરો. ધૂળેય નથી. આ પંડિત બધા. પોતે કાંઈક પૈસા આપેલા ખરા ને. પચાસ હજાર, પોણો લાખ. પોતાનું હતું એ બધું આપી દીધું ત્યાં. શું કહેવાય આપણું અત્યારે છે ને ત્યાં? વીંછીયા મંદિર. પહેલાવહેલા ત્યાં ઉતર્યા હતા. ત્યારે પોતે આવતા અને બહુ પ્રેમ બતાવતા હતા. પ્રભુ! .. વડાપ્રધાન આવ્યા. તે દિ' વડાપ્રધાન ભાઈ હતા ને. ઢેબરભાઈ. દિલ્હી. પ્રમુખ હતા, વડા નહિ. પ્રમુખ. ત્યાં વ્યાખ્યાનમાં આવતા. રાત્રે ત્યાં આવ્યા મકાનમાં. ખુશી ખુશી થઈ ગયા કે આહાહા..! આવા માણસ સારા હોય તો આવે લ્યો! પણ શું? વીર સેવા મંદિર છે ને.

મુમુક્ષુ :- એનું નામ સેવા થઈ?

ઉત્તર :- ધૂળેય નથી ત્યાં. આહાહા..! અહીં તો કહ્યું એ મોટા રાજા ને ફાજાનો સંપર્ક કરીશ નહિ. તારે નિવૃત્તિ લેવી છે એમાં આવી પ્રવૃત્તિવાળાનું શું કામ તારે? આહાહા..! અંદરમાં જ્યાં શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતરસનો ભગવાન એમાં જેને જાવું છે, એને આવા અશાંતના કરનારા બધા નરકગામી જીવો (સાથે) તારે પરિચયનું કામ શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. વાત સાચી છે. પણ એ પોતે જ હજી ઠેકાણા વિનાનો છે ને મોક્ષ ક્યાંથી પામશે?

મુમુક્ષુ :- અરે..! ભાઈ! પ્રભાવનાનો તો મોટો...

ઉત્તર :- પ્રભાવના અંદર થાતી હશે કે બહાર? અને બહાર થાય તો શુભભાવમાં થાય. કાંઈ બહારની ક્રિયામાં થાતી નથી વ્યવહાર પ્રભાવના.

મુમુક્ષુ :- વ્યવહારે પોતાની પર્યાયમાં હોય ને.

ઉત્તર :- વ્યવહાર શુભભાવ થાય એ વ્યવહાર પ્રભાવના. ભાઈ! મારગડા જુદા છે, પ્રભુ! સત્યના પંથે જાવું એ પંથ બહુ અલૌકિક માર્ગ છે. મહાપુરુષો, મહાજન ત્યાં જઈ શકે. આવે છે ને. આવે છે. ૧૭૨ ગાથામાં. ૧૭૨માં આવે છે. કહ્યું હતું, નહિ? વીરજીભાઈએ કહ્યું હતું. વીરજીભાઈએ કહ્યું મહાજન. એમ કે મહાજન... આ મહાજન છે ને તમારે. એમ વીરજીભાઈ કહે છે. મહાજન તો આ પંથે ચાલે એમ કહે. મોક્ષના માર્ગના પંથે ચાલે અંતર. આહાહા..! મહાજન ગયા જે રસ્તે તે જ રસ્તે જાય. આહાહા..! નિરાલંબી માર્ગ છે, એને આલંબન કોઈ નથી. એવો અંતરમાં માર્ગ પ્રભુનો, પ્રભુ એટલે આત્મા, એના માર્ગે જાવું એને પ્રવજ્યા ચારિત્ર હોય છે. એ માર્ગ વિના બહારની વાતું, વ્રત ને નગ્નપણું, નિર્દોષ આહાર લઈએ છીએ અમે. વળી એક જણો એમ કહે. નિર્દોષ આહાર લઈએ માટે અમારું સાધુપણું નહિ? દડવામાં બોલતો હતો એક. ... આ વળી મહારાજ આત્મા આત્મા કરે છે. અમે આહાર નિર્દોષ લઈએ એ નહિ? ૯૧ની વાત છે. ૯૧. અહીં આવ્યાને. એ પહેલા .. અને એની પહેલા દડવા. તે દિ'. આહાહા..! પછી તો .. થઈ ગયું છેલ્લે. ઉમરાળાના ભાવસાર હતા.

'**વજ્રઋષભનારાચ આદિ, છહ શરીરકે સંહનન કહે હૈં, ઉનમેં સબમેં હી દીક્ષા હોના કહા હૈ, જો ભવ્યપુરુષ હૈં વે કર્મક્ષયકા કારણ જાનકર...** ' દેખો! '**ઈસકો અંગીકાર કરે.** ' ઓહો..! '**ઈસપ્રકાર નહીં હૈ કિ દૃઢ સંહનન વજ્રઋષભ આદિ હૈ ઉનમેં દીક્ષા હો...**' એવું કાંઈ નથી. પહેલું સંહનન અને બીજું સંહનન હોય હાડકાનું તો જ દીક્ષા હોય એવું કાંઈ નથી. '**અસંસૃપાટિક સંહનનમેં ન હો,...**' છેલ્લામાં ન હોય એવું કાંઈ નથી. '**ઈસપ્રકાર નિર્ગ્રંથરૂપ દીક્ષા તો અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનનમેં ભી હોતી હૈ.**' છેલ્લું સંહનનમાં પણ દીક્ષા હોય છે, ચારિત્ર હોય છે, પણ આવા ચારિત્ર. અંદરમાં આત્માના ભાનસહિત જેણે રાગની એકતા તોડી છે અને પછી અસ્થિરતા

છોડી છે એવી જીવની દશા એને પ્રવજ્યા અને ચારિત્ર કહ્યું. આહાહા..! કહો, સમજાણું કાંઈ? હમણા આ દીક્ષા થઈ ..માં. ચાર દીક્ષા થઈ સ્થાનકવાસી. દીક્ષા શું ત્યાં મુંડાવું સાધુમાં. સ્થાનકવાસી સાધુ એટલે લઈને બેઠા ..વહોરવા જાવું. એમાં છે શું? આહાહા..!

'આગે ફિર કહતે હૈં :—'

तिलतुसमत्तणिमित्तसम, बाहिरग्गंथसंगहो णत्थि।
पव्वज्ज हवइ एसा, जह भणिया सव्वदरसीहिं।।५५।।

આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્યને આધાર દેવો પડે છે. સર્વદર્શી ભગવાને આમ કહ્યું છે. ભાઈ! આહાહા..!

'**અર્થ :- જિસ પ્રવજ્યામેં તિલકે તુષમાત્રકે...**' તલનું ઉપરનું ફોતરું, એનો પણ '**સંગ્રહકા કારણ—ઐસે ભાવરૂપ ઈચ્છા...**' એ જેને નથી. પહેલી સંગ્રહનું કારણ જે ઈચ્છા એમ કહ્યું પહેલું. સમજાણું? '**ભાવરૂપ ઈચ્છા અંતરંગ પરિગ્રહ...**' એ જેને નથી. એક તલના ફોતરાને ગ્રહણ કરવું એવી જે ઈચ્છા એ પણ જેને નથી. આહાહા..! એ ઈચ્છા જુઓને. '**ભાવરૂપ ઈચ્છા અંતરંગ પરિગ્રહ...**' એ નથી જેને. એમ. પછી બાહ્યની બહાર આવશે. '**તિલકે તુષમાત્ર બાહ્ય પરિગ્રહકા સંગ્રહ નહીં હૈ...**' બાહ્યમાં પણ નથી. અભ્યંતરમાં તલને સંગ્રહ કરે એવી ઈચ્છા નથી, બાહ્યમાં કટકો નથી બહારનો તલના ફોતરા જેટલી ચીજ. આહાહા..! ત્યારે આ બધા .. રાખે છે ને. કહો, પુસ્તક રાખે, પીંછી રાખે. એ તો ધર્મના નિમિત્ત ઉપકરણો છે. કાંઈ પરિગ્રહ નથી એને. એ અપવાદિત માર્ગ છે. સમજાણું? આહાહા..!

અને બાહ્ય પરિગ્રહમાં તલનું તુષનું ફોતરું પણ નથી. '**ઈસપ્રકારકી પ્રવજ્યા જિસપ્રકાર સર્વજ્ઞ દેવને કહી હૈ ઉસીપ્રકાર હૈ,...**' ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરે આવી દીક્ષા કહી છે. ત્યાં ઓલા કહે પણ અમારા શાસ્ત્રમાં આવી દીક્ષા કીધી છે. એ કહે છે. .. હોય ત્યારે એમ કહે છે. બચાવ કરે છે. અમારા શાસ્ત્રમાં આમ છે. પણ શાસ્ત્ર તારા સાચા છે કે નહિ એ તો નક્કી કર હજી. એ શાસ્ત્ર છે કે નહિ એની ખબર નથી. ભગવાનને નામે ચડાવીને શાસ્ત્ર માન્યા. આકરી વાતું ભારે.

'**સર્વજ્ઞદેવને કહી હૈ ઉસીપ્રકાર હૈ, અન્યપ્રકાર પ્રવજ્યા નહીં હૈ...**' બીજી રીતે દીક્ષા અને સાધુપણું હોઈ શકે નહિ. '**ઐસા નિયમ જાનના ચાહિયે. શ્વેતાંબર આદિ કહતે હૈં કિ અપવાદમાર્ગમેં વસ્ત્રાદિકકા સંગ્રહ સાધુકો કહા હૈ...**' લ્યો આ ઠંડી બંડી માટે લેવા માટે. બહુ ઠંડી પડે તો વસ્ત્ર જોઈએ. શ્રીમદ્‌માં પણ આવું આવે છે લ્યો. વર્તમાન એવા કાળમાં વસ્ત્રાદિથી ચારિત્ર.. હોય. પણ ચારિત્ર જ નથી ત્યાં નિર્વાહ ક્યાંથી આવ્યું? વસ્ત્રસહિત પ્રવજ્યા ચારિત્ર નથી ને અને વસ્ત્રસહિત સાધુ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. નિર્વાહ ક્યાંથી આવ્યો? ભાઈ આ તો માર્ગ આવો છે, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય તો આમ પોકારે છે. સર્વદર્શી પરમાત્મા આમ કહે છે. જેને વસ્ત્રના તાણાને

લેવાની ઈચ્છા પણ નથી અને એ તાણાનો કટકો પણ જ્યાં બાહ્યમાં નથી. આહાહા..!

'**શ્વેતાંબર આદિ કહતે હૈં કિ...** ' આદિ શબ્દે સ્થાનકવાસી. '**અપવાદમાર્ગમેં વસ્ત્રાદિકકા સંગ્રહ સાધુકો કહા હૈ વહ સર્વજ્ઞકે સૂત્રમેં તો નહીં કહા હૈ.**' ભગવાનના સૂત્રમાં તો એ કાંઈ કહ્યું નથી. તમારામાં કહ્યું હોય તો કલ્પિત છે. આહાહા..! ભારે વાંધા ઉઠ્યા છે. '**ઉન્હોંને કલ્પિત સૂત્ર બનાયે હૈં...**' એ જેટલા ૮૪, ૪૫, ૩૨ શ્વેતાંબરે બનાવ્યા એ બધા કલ્પિત છે. ભગવાનના કહેલા સૂત્ર એ છે જ નહિ. પણ આવા વાડામાં પડ્યા એને ક્યાં પરીક્ષા કરવાની? ચીમનભાઈ! જે એમાં જન્મ્યા એ જન્મ્યા. થઈ રહ્યું જાવ, કહે. આહાહા..! કહો, સમજાણું? એણે કલ્પિત બનાવ્યા સૂત્રો. એમાં વસ્ત્રો કહ્યાં છે સાધુને. એ તો કલ્પિત છે. એ ભગવાનના કહેલા નથી. સમકિતીના કરેલા નથી ને. ગૃહીત મિથ્યાદષ્ટિના કરેલા છે. આકરી વાતું બહુ. ભગવતીસૂત્ર એ ગૃહીત મિથ્યાદષ્ટિનું કરેલું. ઓલા બિચારા સોનું ગીરવી મૂકીને ભગવતીનું સૂત્ર વાંચે. આહાહા..! અહીં કહે છે, બાપુ! શાંતિથી .. ભાઈ! જેમાં વસ્ત્રના પોટલા રાખવા એ બધું સાધુને (કહ્યું), એ ગૃહીત મિથ્યાદષ્ટિના કથન છે. આહાહા..! અરેરે..! આંતરો આવો કેમ પાડે?

'**ઉનમેં કહા હૈ વહ કાલદોષ હૈ.**' આહાહા..! એમ કરીને... કાળની બલિહારી છે, બાપા! આહાહા..! આવા કાળને કારણે આવા પંથ નીકળ્યા. પરમ પવિત્ર પ્રભુ વીતરાગમાર્ગ દિગંબર સનાતન સત્ય માર્ગ, એમાંથી કાળદોષને કારણે આવા માર્ગો નીકળ્યા. એ બધું કલ્પિત છે કહે છે. આ કુંદકુંદાચાર્યને આવી વાત કરવી પડી દીક્ષા માટે. અત્યારે તો ટોળે ટોળા દીક્ષાના થાય છે. મુંબઈ ૧૭ લઈને ગઈ હતી ૩૬ લઈને આવશે. ૪૧ થાશે. કહો. જુઓ એમની વિદ્વતા! જુઓ એમનો ત્યાગ! .. એવા ભેગા કરવા એ તો.. આહાહા..! ખુલાસો કર્યો છે. શ્વેતાંબરના પંથમાં જે શાસ્ત્ર કહ્યા એ શાસ્ત્ર ભગવાનના નથી. મુનિએ કહેલા નથી, સમકિતીએ કહેલા નથી. આહાહા..! એનો અર્થ .. અમારા ૩૨ સૂત્ર. કહે છે ને? ૪૫ તમારે હોય. ૩૨ હોય. સમસૂત્ર છે એમ કહે છે. ૩૨ સૂત્ર સમસૂત્ર છે. એ તો ભગવાનના કહેલા સમયસાર આદિ જે શાસ્ત્રો એ સંતોના કહેલા, એ ભગવાનના કહેલા છે. આહાહા..! સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ લ્યો! આહાહા..! એ બધા કુંદકુંદાચાર્ય... જુઓ આપણે આ વંચાય છે એ. અષ્ટપાહુડ. આનું છે ને મુહૂર્ત તમારે. અષ્ટપાહુડ વંચાય છે જુઓ. આહાહા..! '**भणिया सव्वदरसीहिं**' સર્વદર્શી ભગવાને આમ કહ્યું છે. એ ૫૫ થઈ લ્યો. વહેલું કર્યું. વાર લાગશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૫, રવિવાર તા. ૩૦-૧૨-૧૯૭૩**
**ગાથા - ૫૬ થી ૫૯, પ્રવચન - ૮૦**

૫૬ ગાથા. ચારિત્ર અને દીક્ષા કોને કહેવી એની વ્યાખ્યા છે. અત્યારે દીક્ષાનું આખું સ્વરૂપ ફરી ગયું છે.

**उवसग्गपरिसहसहा, णिज्जणदेसे हि णिच्च अत्थइ।**
**सिल कट्ठे भूमितले, सव्वे आरुहइ सव्वत्थ।।५६।।**

**'અર્થ :- ઉપસર્ગ અથવા દેવ, મનુષ્ય, તિર્યંચ ઔર અચેતનકૃત ઉપદ્રવ...'** એને સહન કરે. દેવ કરેલા ઉપસર્ગ, તિર્યંચ એટલે સિંહ આદિના ઉપસર્ગ અને મનુષ્યનો ઉપસર્ગ અને અચેતન કોઈ ભીંત પડે, ઝાડ પડે. એનો ઉપસર્ગ સહન કરે. વીતરાગતા પ્રગટી છે ને જેને. આહાહા..! **'પરિષહ અર્થાત્ દૈવ-કર્મયોગસે...'** દૈવ એટલે કર્મયોગ. **'આયે હુએ બાઈસ પરીષહોંકો સમભાવોંસે સહના ઈસપ્રકાર પ્રવજ્યાસહિત મુનિ હૈ,...'** આવી દીક્ષાસહિત મુનિ છે. એની ઓળખાણ કરાવે છે. આ બધી ગડબડ ચાલી છે ને. વસ્ત્ર ને પાત્ર સહિત સાધુ ને સાધ્વી ને. એ બધો મિથ્યાત્વભાવ છે એમ કહે છે. એ પ્રવજ્યા નથી, એ દીક્ષા નથી, વીતરાગના માર્ગમાં એ વિધિ નથી, એમ કહે છે. આહાહા..!

**'પ્રવજ્યાસહિત મુનિ હૈ, વે જહાં અન્ય જન નહીં રહતે ઐસે નિર્જન વનાદિ પ્રદેશોંમેં સદા રહતે હૈં,...'** લ્યો! આહાહા..! છે ને? **'णिज्जण'** જન ન હોય એવા જંગલમાં મુનિ રહે. કહો. ક્યાં મુનિપણું ઠરાવ્યું છે? સ્ત્રીઓને... કપડા, મોટા મહેલ મકાનમાં મુંબઈ જેવા શહેરમાં રહેવું, એ મુનિપણું છે જ નહિ. દીક્ષા નથી એ તો મિથ્યાત્વના માર્ગ છે. આવી વાતું આકરી પડે.

મુમુક્ષુ :- મુંબઈ પરદ્રવ્ય છે એમાં શું વાંધો છે?

ઉત્તર :- અહીં **'णिज्जण'** જન પરદ્રવ્ય છે. અહીં જન પરદ્રવ્ય છે. પણ જેને વીતરાગતા અંદર સાધવી છે, અંતર્મુખ જ્યાં, અંતર્મુખ જેની દૃષ્ટિ છે. આહાહા..! બહિર્મુખનો વિકલ્પ પણ જેને આદરણીય નથી. આહાહા..! ભાઈ! ચારિત્ર એટલે દીક્ષા કોઈ અલૌકિક વાત છે. એની અહીં ઓળખાણ કરાવે છે. જેને તેને માનીને બેઠા કે આ દીક્ષા અને આ સાધુ. નગ્ન થઈને પણ જેને હજી અંદર મિથ્યાત્વનો ત્યાગ નથી, એ બધી દીક્ષા નથી, પ્રવજ્યા નથી. આવો માર્ગ છે. કુંદકુંદાચાર્યને પ્રવજ્યાનું સ્વરૂપ આમ પ્રસિદ્ધ કરવું પડ્યું. આહાહા..!

**'નિર્જન વનાદિ પ્રદેશોમાં...'** આહાહા..! આ તો મોટા પાંચ પાંચ લાખના બંગલા, એને માટે મકાન બને .. એમાં રહે, વસ્ત્રસહિત. માર્ગ એ નથી પ્રભુ કહે છે. આહાહા..! આત્માનો માર્ગ જે આ

ચૈતન્યમૂર્તિ પ્રભુ આનંદસ્વરૂપ ભગવાન આત્મા તો છે. એ આનંદને સાધવાની દશા એ ચારિત્ર છે. એ ચારિત્રમાં તો નિર્જનવન હોય એને રહેવાના. આહાહા..! જ્યાં વાઘ અને વરુ રહેતા હોય. આહાહા..! 'એકાકી વિચરતો...' આવે છે ને? 'વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.' એવામાં રહેવું એકાંત... એકાંત... એકાંત... માણસનો પગરવ નથી ત્યાં. માણસનો પગર.. પગર... આવવું-જાવવું નથી. આહાહા..! એટલો પણ અંદર સંયોગી ચીજમાં ભાવ છૂટી ગયો છે અંદર. સ્વભાવભાવની જેને અંતર આનંદની રમણતા છે એ તો એવા નિર્જન વનાદિમાં રહે છે. આહાહા..! એને અહીં દીક્ષા ભગવાનના માર્ગમાં કહી છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'વહાં ભી શિલાતલ,...'** જંગલમાં પણ શિલાતલ પત્થર હોય ત્યાં રહે, બેસે. આહાહા..! લાકડા પડ્યા હોય સૂકા. **'કાષ્ટ,...'** ત્યાં સૂવે. **'ભૂમિતલમેં રહતે હૈં,...'** આહાહા..! આ તે કાંઈ! આ તો કપડાની... ઓલા તેરાપંથીમાં તો એક એક સાધુ .. વધારે આપે આચાર્યને. ૫૦-૫૦, ૧૦૦-૧૦૦ કપડાની ગાદી થાય એમાં સૂવે. પ્રભુ! શું કર્યું માર્ગને? અને એ વળી ઉંચા કહેવાય. આવે છે ને તમારે નહિ તુલસી. મુંબઈમાં આવે છે મુંબઈમાં. તેરાપંથી. એવું સાંભળ્યું છે હોં. એના સાધુએ કાંઈક.. વધારે હોય ને આપે. ૧૦૦-૧૦૦ કપડાની ઓલી હોય એમાં સૂવે. અરે..! અહીં તો કપડાનો ધાગો રાખીને મુનિ માને, મનાવે, માનતાને રૂડું જાણે નિગોદગામી છે. અહીં ભગવાનના માર્ગમાં કોઈની સિફારિશ ચાલે એવું નથી. નિગોદગામી છે. બટાટા, શક્કરકંદમાં જવાના એ. આહાહા..! કુંદકુંદાચાર્યનું વચન છે એ.

**'ભૂમિતલમેં રહતે હૈં, ઈન સબ હી પ્રદેશોમેં બૈઠતે હૈં,...'** જંગલમાં હોય, ખેતર હોય, ઢેફાં હોય ત્યાં જાય સૂવે. એને શું જંગલમાં? આહાહા..! નીચે પૃથ્વી અને ઉપર આભ. એકાંત.. એકાંત.. જંગલમાં. વાઘ વરુ રહેતા હોય ત્યાં રહે. આહાહા..! કહો, આવું મુનિપણું હોય છે. એ મુનિપણું તો અત્યારે દેખાવું કઠણ પડે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જૈનમાર્ગમાં આને પ્રવજ્યા ને ચારિત્ર ને દીક્ષા કીધી છે.

**'ઐસે સર્વત્ર કહનેસે વનમેં રહે ઔર કિંચિત્‌કાલ નગરમેં રહેં...'** ભીક્ષા માટે આવ્યા હોય, થોડું રહે. **'તો ઐસે હી સ્થાન પર રહેં.'** ત્યાં પણ એવા સ્થાનમાં એકાંતમાં રહે એમ. ગામમાં આવે તો એકાંત સ્થાન. પહેલાં તો એવું સાંભળ્યું નેમીજી નહોતા જતા. ચેતનજી! ક્યાં ગયા? નેમીજી નહોતા નહિ? મુંબઈ નહોતા જાતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાચી વાત છે. એથી બિચારાને એમ કે આપણે આવું ન હોય. જંગલમાં... જોકે એના વ્યવહાર સાધુ નથી, પણ છતાં એને લાયક કહે ભાઈ આપણું મુંબઈ નહિ. એય..! બ્રહ્મચર્યમાં સખત હતા એ. એ સાધુ નહોતા. આચાર્ય નહિ આ તો એક બહારની વાતું. એ વસ્ત્રસહિત મુનિ માને છે ને

એ તો જૈનદર્શન જ નથી. જૈનદર્શન એ માર્ગ જ નથી. આવી વાત છે. વીંખી નાખ્યો. ભગવાન પછી ૬૦૦ વર્ષે શ્વેતાંબર પંથ નીકળ્યો. દિગંબર સનાતન માર્ગ, સનાતન વીતરાગ આનંદ. એને ભૂલીને બહાર પંથ કાઢ્યા આવા વસ્ત્રસહિત મુનિપણા, સ્ત્રીને મોક્ષ, સ્ત્રીને પણ સાધુપણું, ભગવાનને આહાર, માતા-પિતા ભગવાનને—બે એ બધી વાતું અન્યમતિ જેવી કરી નાખી. સમજાણું કાંઈ? ત્રણ લોકના નાથ તીર્થંકર એના જેવા પવિત્ર અને પુણ્ય કોના હોય? એને બે બાપ! આહાહા..! બે બાપનો તો ગાળ કહેવાય છે. આ તીર્થંકરને બે બાપ? એક બ્રાહ્મણ બાપ અને એક સિદ્ધાર્થ. બહુ વિરોધ, તદ્દન વિરોધ. વીતરાગ માર્ગથી જૈનદર્શનથી તદ્દન વિરૂદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા માનનારને દીક્ષા હોય નહિ અને સાધુપણું હોઈ શકે નહિ. આહાહા..!

‘**ભાવાર્થ :- જિનદીક્ષાવાલે મુનિ ઉપસર્ગ-પરિષહસે સમભાવ રખતે હૈં,...** ’ પ્રતિકૂળ આવે તો સમભાવ રાખે, ખેદ ન કરે. આહાહા..! વીતરાગની ગાદીએ બેઠો છે ને એ તો. મુનિ એટલે? પ્રવજ્યા એટલે વીતરાગપણું અંદર પ્રગટ્યું. વીતરાગભાવની જેને અનંત શક્તિઓની સંભાળ જેને લીધી છે. આહાહા..! પ્રતીત અને જ્ઞાન એ ઉપરાંત સમભાવ સ્થિરતા કરી છે એમાં. આહાહા..! એવી પ્રવજ્યા સમભાવવાળી હોય છે.

‘**જહાં સોતે હૈં, બૈઠતે હૈં, વહાં નિર્જન પ્રદેશમેં...**’ માણસ ન હોય એવા પ્રદેશમાં રહે. ‘**શિલા, કાષ્ટ, ભૂમિમેં હી બૈઠતે હૈં, સોતે હૈં, ઈસપ્રકાર નહીં હૈ કિ અન્યમતકે ભેષીવત્...** ’ અન્યમતના ભેખવાળા ‘**સ્વચ્છંદી પ્રમાદી રહેં, ઈસ પ્રકાર ન રહે.**’ આહાહા..! માર્ગ આવો છે. એણે ઓળખાણ તો કરવી પડશે ને એણે. આહાહા..! ચોર્યાસીના અવતાર કરી કરીને ભાઈ! ઊંધી માન્યતાથી. આહાહા..! માતાના પેટમાં, માતાના પેટમાં બાર વર્ષ .. રહે. નવ મહિને ગર્ભ રહે, પણ કોઈ કોઈને તો બાર વર્ષ સુધી રહે. એવું શાસ્ત્રમાં છે. માતાના પેટમાં બાર વર્ષ. ત્યાંથી મરીને બીજી માતાના પેટમાં બાર વર્ષ. ત્યાં એની માતાના પેટમાં બાર વર્ષ. આહાહા..! આવા અવતાર કર્યા છે. એક મિથ્યાત્વને લઈને. એવા સાધુપણા અનંતવાર લીધા બહારના. એ તો મિથ્યાદૃષ્ટિ હતો. આહાહા..! આવા ભવ કર્યા એણે. ઓહોહો..! રૂંવાટે રૂંવાટે ઈયળું પડે અને શરીર ગંધાય. અને એ ગંધમાં પાંચ-દસ વર્ષ રહેવું પડે એમ ને એમ. એવા ભવ પણ એણે કર્યા છે. ત્યાં કોઈ દુનિયાની સિફારિશ ચાલે એવું નથી. આવા મુનિપણા નથી અને એમાં મુનિપણા માને છે એ બધા મિથ્યાદૃષ્ટિ એવા ફળ ચોર્યાસીના રખડવામાં જવાના. આહાહા..! આકરી વાતું ભારે ભાઈ! આહાહા..!

ભાવપાહુડમાં આવશે એ. બાપુ! તને એવા દુઃખ થયા, તું મરી ગયો, દેહ છૂટવા ટાણે તારી મા રોઈ એના બિંદુ ભેગા કરે તો અનંતા દરિયા ભરાય. આહાહા..! અનંતકાળથી.. અનંતકાળ. અનાદિકાળમાં ભાઈ! એકવાર તું મર્યો અને તે દેહ છોડ્યો અને તારી મા રોઈ કે તારી સ્ત્રી રોઈ એના બિંદુ ભેગા કર, અનંતા સ્વયંભૂરમણસમુદ્ર ભરાય. અનંતકાળમાં અનંતભવની અપેક્ષા... આહાહા..! અનંતની ગહનતાની

એને ખબર નથી. આ બહારમાં જરી અનુકૂળ થાય, રાજી થઈને આ મેં ત્યાગ કર્યો ને મેં આ કર્યું ને મેં આ કર્યું. આહાહા..! એ મિથ્યાત્વભાવે એવા ભવ અનંતવાર કર્યા છે એણે. એની ઓળખાણ કરાવે છે. કે ભાઈ! સાધુપણું તો આવું હોય. જેનાથી સંસારનું રખડવું અટકે અને આત્માની પૂર્ણ આનંદદશા પ્રાપ્ત થાય એ પ્રવજ્યા તો આવી હોય. જંગલમાં રહે, વસ્ત્ર ન હોય, નગ્ન હોય. આહાહા..! આકરી વાતું ભારે ભાઈ! કહો, હસુભાઈ! બધું આવું સાંભળ્યું હોય ક્યાં રૂપિયા રળવા આડે. કરોડોના ઢગલા થાય ત્યાં દેખાય. આહાહા..! ધૂળમાંય નથી તારા રૂપિયા તો જડ છે, અજીવ છે. આહાહા..! તું રાગરૂપ થઈને રહ્યો નથી તો વળી શરીરરૂપ થઈને લક્ષ્મીરૂપ થઈને રહે, આહાહા..! અને કપડાસહિત થઈને સાધુપણાપણે રહે એ વસ્તુ જ નથી. કુંદકુંદાચાર્યનો, ભગવાનના શાસનનો પોકાર છે. આહાહા..! કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આ સંદેશો લાવ્યા છે. એની પાસે તો હતું ભગવાનની પરંપરાથી. પણ આ પ્રભુનો માર્ગ બાપુ આવો છે. સમજાણું કાંઈ? વસ્ત્ર રાખીને મુનિપણા મનાવે છે, જેના શાસ્ત્રમાં વસ્ત્ર રાખવાનું કહ્યું એ શાસ્ત્ર જ નહિ, એ સિદ્ધાંત નહિ, એ ભગવાનના કહેલા નહિ. આહાહા..!

અજ્ઞાની કહે છે '**અન્યમતકે ભેષીવત્ સ્વચ્છંદી પ્રમાદી રહે,...**' એવું આ નથી. આ તો આત્માના ધ્યાનમાં જંગલમાં વસતા. આહાહા..! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં.' એવી ચારિત્રની દશા હોય છે એમ અહીંયાં શ્રદ્ધા કરાવે છે. સમજાણું કાંઈ? આવું ચારિત્ર હોય એને ચારિત્ર માનવું, એનાથી ઉંધુ માનવું એ તો મિથ્યાત્વ છે. ધર્મને અધર્મ માનવો, અધર્મને ધર્મ માનવો. આહાહા..! એ મિથ્યાત્વના વિપરીત પરિણામ એનું કેટલું પાપ છે એની એને કિંમત નથી. એની એને ખબર નથી. બીજો જીવ હણાય, ન હણાય એની સાથે સંબંધ નથી. કેમકે એ બીજાને હણી શકતું જ નથી. તેમ બીજાને બચાવી શકતો નથી. પોતાને હણે છે મિથ્યાત્વભાવથી. આહાહા..! એ ભાવની એને ખબર પડતી નથી. બહારના હરખ અને હોંશના ભાવે જિંદગી ચાલી જાય છે. આચાર્ય મહારાજ જૈનશાસનને જેમ છે તેમ પ્રસિદ્ધ કરે છે. કે આવું જૈનદર્શન છે, બાપુ! સમજાણું કાંઈ?

**'આગે અન્ય વિશેષ કહતે હૈં :–'** ૫૭.

**पसुमहिलसंढसंगं कुसीलसंगं ण कुणइ विकहाओ।**
**सज्झायझाणजुत्ता पव्वज्जा एरिसा भणिया।।५७।।**

આહાહા..! '**અર્થ :- જિસ પ્રવજ્યામેં પશુ-તિર્યંચ, મહિલા (સ્ત્રી), પંઢ (નપુંસક) ઈનકા સંગ...**' ન હોય. આહાહા..! સ્ત્રીનો સંગ નહિ સ્ત્રીનો. પશુનો. આહાહા..! નપુંસક એના સંગરહિત, એનો સંગ ન કરે. આનંદ સ્વરૂપ ભગવાન આત્મા રાગના સંગરહિત પ્રભુ આત્મા, એનું જેને ભાન થઈને સ્વરૂપમાં રમણતા જેને જામી છે એને આવા પુરુષોનો એને સંગ ન હોઈ શકે. કહો, સમજાણું? આ સ્ત્રીઓને ભેગી કરીને વાતું કરે. કહે છે એ સાધુપણું નહિ. સમજાણું કાંઈ? સ્ત્રીઓને ભેગી કરીને

સમજાવે, સંભળાવે એમ કરીને રાગ પોષે એ મુનિપણું નથી. નગ્નમુનિ હોય તોપણ હોં. આ તો વાત જ નથી. આહાહા..! માણસને એવું લાગે કે આ તો સાધુપણાની નિંદા થાય છે. વસ્તુ એવી છે, ભાઈ! વીતરાગમાર્ગમાં આવો પંથ છે, પ્રવ્રજ્યાનો, એમ કહે છે. એ સત્યનો પ્રવાહ આવો હોય એમ કહે છે. એથી ઊલટું બધું થઈ ગયું એ બધું મિથ્યાત્વના પોષણમાં જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભલે કરોડો રૂપિયા છોડે, દીક્ષા લે, પણ વસ્ત્રસહિત (સાધુ છે) એને તો સમ્યગ્દર્શન પણ નથી. એને સાધુપણું તો આવે જ ક્યાંથી? આહાહા..! ભારે માર્ગ ભાઈ!

'**કુશીલ (વ્યભિચારી) પુરુષકા સંગ નહીં કરતે હૈં;...** ' આહાહા..! પુરુષ એવા હોય કે વ્યભિચારી હોય ઘણાં. પરસ્ત્રીના લંપટીઓ, એવાઓનો સંગ ધર્માત્મા ન કરે. આહાહા..! સમજાણું કાંઈ? પરસ્ત્રી આદિ લંપટીઓ મહા વ્યભિચારીઓ. હોય બહુ રૂપાળા, સુંદર રૂપ, પૈસાવાળા. પણ એનો પરિચય ન કરે કહે છે. આહાહા..! સંગ નહિ કરે. '**સ્ત્રી કથા,...**' ન કરે. આવી સ્ત્રી હોય ને આવા લૂગડા હોય અને એની આવી બોલણી હોય ને ઢીંકણું એવી વાર્તા વીતરાગી મુનિ જંગલમાં વસનારા સંતો એને આવું ન હોય. '**રાજ કથા,..**' રાજા આવા હોય ને રાજા આમ લડે, પછી આમ જીતે ને ઢીંકણું થાય એવી રાજની કથા. જુઓ અહીં તો ના પાડી. સાચા સંત તો રાજ ને મંત્રીનો પરિચય ન કરે, રાજાઓનો પરિચય ન કરે.

મુમુક્ષુ :- રાજા ... હોય એ ઘરમાં ભોજન ન કરે.

ઉત્તર :- હા.

'**ભોજન કથા...**' ભોજનની કથા ન કરે. આવો આહાર આમ મળ્યો, અને આવું આણે સારું કર્યું, આણે સારું વહોરાવ્યું. ઢીંકણું. બધી પાપકથા છે. આહાહા..! જેને અમૃતના ભોજન ખાય છે. આહાહા..! મુનિ તો એને કહીએ કે અમૃતના ભોજન ખાય છે. આહાહા..! અતીન્દ્રિય અમૃતના ઘૂંટડા જે પીતો હોય છે. આહાહા..! જેમ તૃષા લાગી હોય અને મોસંબી પીવે, એમ જેને આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એનું જેને અંતર ભાન થઈને જેને અંતરમાં રમણતા જામી છે એ તો અતીન્દ્રિય અમૃતના ઘૂંટડા પીવે છે. એને આવા ભોજનની વાત કેમ ગોઠે? ભોજન લેવાનો વિકલ્પ જ્યાં કલંક માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આવે છે ને નિત્યભોજી. આનંદ નિત્યભોજી. કળશમાં આવે છે. બંધ અધિકારમાં. આહાહા..! સંતો તો નિત્ય અતીન્દ્રિય આનંદના ભોજી હોય છે. આહાહા..! આને તો આનંદ શું? હજી ક્યાં રહે છે એની ખબર ન મળે. આહાહા..! મુનિપદ તો પરમેશ્વરપદ છે. એને અહીં સાધારણ કરી નાખ્યું લ્યો! આહાહા..!

'**ચોર ઈત્યાદિકકી કથા...**' એ બધી કથાઓ ન કરે. આમ ચોરી કરે, એનું આમ થાય ને એનું આમ થાય. '**જો વિકથા હૈ ઉનકો નહીં કરતે હૈં,...**' એ વિકથા ન કરે. '**તો ક્યા કરતે હૈં? સ્વાધ્યાય...**' કરે. ભગવાનના કહેલા શાસ્ત્રોનો સ્વાધ્યાય. આહાહા..! '**જિનવચનોંકા પઠન-**

**પાઠન...**' વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એમના કહેલા સિદ્ધાંત એમનું પઠન-પાઠન કરે. અજ્ઞાનીના કહેલાનું પઠન-પાઠન શ્રદ્ધાથી ન કરે. જિનવચનોનું, વીતરાગવચન. આહાહા..! વીતરાગ વચનો તો દિગંબર સિદ્ધાંતોમાં જ રહ્યા છે. બીજે ક્યાંય વીતરાગ વચન રહ્યા નથી. આહાહા..! એ ૩૨, ૪૫ સૂત્ર એ વીતરાગના વચન નથી. આહાહા..! ગજબ વાતું ભાઈ! એ તો કલ્પિતસૂત્રો બનાવેલા છે અજ્ઞાનીઓએ. એનો સ્વાધ્યાય, પઠન, પાઠન જિનવચન માનીને મુનિ ન કરે. સમજાણું કાંઈ? મારગડા ભારે ભાઈ! દુનિયાથી મેળ ન ખાય એવા છે. સાધારણ માણસને તો એવું લાગે કે આ બધા ખોટા થતા હશે? આટલા હજારો સાધુ, હજારો આચાર્યો કેટલા, આચાર્ય ભગવંતો એમ કહે છે લ્યો. ધૂળેય નથી. ભાઈ! તને ખબર નથી, બાપુ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છે ને. આચાર્યને .. છે. એમાં શું છે? આથણાને આચાર કહે છે. આહાહા..! બાપુ! વીતરાગ માર્ગ જુદો છે, ભાઈ! એ વીતરાગ માર્ગની ઓળખાણ એવા સંત અને પ્રવજ્યા કોને કહેવી? એની પ્રસિદ્ધિ ભગવાન કરે છે. આહાહા..! દુનિયાથી તો અતડા થઈ જાય એવું છે. આહાહા..! ઘણાને તો બિચારાને બેસે નહિ આ વાત. આખી જિંદગી ઓલું પોષ્યું હોય. એ જ સાંભળ્યું હોય. હવે આ સાચી વાત તો સાંભળી ન હોય. આહાહા..!

સ્વાધ્યાય અને ધ્યાન બે હોય મુનિને. બીજું કાંઈ ન હોય. વિકથા પણ ન હોય અને એવા સંગ પણ ન હોય. આત્માનું ધ્યાન કરે આનંદનું. આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે અદંર. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય છે તેથી એનું ધ્યાન કરે. આહાહા..! એનું સ્મરણ કરે, એનું ધ્યાન કરે, એમાં રમણતા કરે. ન રહી શકે તો સ્વાધ્યાય કરે વીતરાગ વચનોનો. બે વાત હોય મુનિને. ત્રીજી વાત હોતી નથી. આહાહા..! તમે આ કરો, તમે અહીં મકાન બનાવો, આ મંદિર બનાવો, પૈસા ભેગા કરો, ફલાણું કરો. એ વાતું મુનિને હોતી નથી. સમજાણું કાંઈ? વીતરાગ મુનિ છે કુંદકુંદાચાર્ય. વીતરાગી મુનિ પોતે પ્રવજ્યાની વ્યાખ્યા ભગવાન આમ કહે છે, એમ કહે છે જુઓ! '**पव्वज्जा एरिसा भणिया**' એમ કહ્યું ને? ભગવાને આનું નામ પ્રવજ્યા નામ દીક્ષા કીધી છે કે જે જંગલમાં વસે, વસ્ત્રરહિત હોય, સ્વાધ્યાય ધ્યાનમાં મસ્ત હોય, કુસંગનો ત્યાગ હોય. આહાહા..!

'**ધ્યાન અર્થાત્ ધર્મ-શુક્લ ધ્યાન ઇનસે યુક્ત રહતે હૈં. ઇસપ્રકાર પ્રવજ્યા જિનદેવને કહી હૈ.**' લ્યો! છે? ૫૭? ભગવાન તીર્થંકરદેવ કેવળીએ તો આને દીક્ષા કીધી છે. આ બધા સંપ્રદાય બાંધીને બેઠા એ સાચા નહિ હોય? મોટા મોટા પંડિત હોય છે. લાખો માણસને આમ રીઝવે. ખુશી ખુશી કરી દે આમ. એ બધા પાખંડ છે. આહાહા..! વીતરાગ માર્ગ જુદો ભાઈ! આહાહા..! ન બેસે સંપ્રદાયવાળાને આ વાત. અને એના માનનારા એ બિચારા જિંદગીમાં એ જ સાંભળ્યું હોય. ૨૫-૨૫, ૫૦ વર્ષ, ૬૦ વર્ષ. થઈ રહ્યું. એટલે આ બધું આ શું કહે છે? ..દાસજી! નહિ સાંભળ્યું હોય. ગીરધરભાઈએ

સ્થાનકવાસીમાં સાંભળ્યું અને ..એ દેરાવાસીમાં સાંભળ્યું. આહાહા..! આ પણ તમારે સ્થાનકવાસીનું સાંભળ્યું, આણે દેરાવાસી. સુમનભાઈ દેરાવાસી છે, એ સ્થાનકવાસી. હતાની વાત છે. હવે ક્યાં છે? આવો માર્ગ છે. એને પહેલો ઓળખવો પડશે. આહાહા..! એની શ્રદ્ધાને ચોખ્ખી કરવી પડશે પહેલી એમ કહે છે. જેને શ્રદ્ધામાં ઠેકાણા નથી એને કાંઈ વ્રત ને તપ ને ચારિત્ર હોતા નથી. આહાહા..! કહો, રતિભાઈ! આવા શ્વેતાંબરમાં એ માર્ગ છે ને એવું છે. શ્રીમદ્‌માં એમ આવે છે લ્યો! .. આ ભાઈ રાજેન્દ્ર. એમ કહે કે આ શ્રીમદ્‌માં આમ આવે છે ને શ્વેતાંબરનું. એ આવે પણ એ બધું.. એ વખતની ભૂલ હતી. માર્ગ તો આવો છે, બાપુ! આહાહા..! શ્વેતાંબરમાં પણ એમ કહે, ચારિત્રનો નિર્વાહ કરવા માટે આ કાળ માટે આવું હોય. નિર્વાહયોગ્ય ... પણ ચારિત્ર જ હોય નહિ, મિથ્યાદૃષ્ટિ છે. લૂગડા સહિત સાધુપણું માને એ જ મિથ્યાદૃષ્ટિ છે. લેવાબેવાની વાત... અહીં તો ભાઈ આવી વાત છે. વજુભાઈ! ચોખ્ખી વાત છે. માણસ આવો, ન આવો, ભેગા થાય, ન થાય એની સાથે સંબંધ નથી. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમણે કહેલો માર્ગ તો આ છે. પછી ભલે એના માર્ગમાં એકેય માણસ ન હોય બહાર, પણ માર્ગ તો આ છે. આહાહા..! પણ એ માનનારા ઘણા હોય માટે એ સાચો માર્ગ છે એમ કાંઈ નથી. **'પ્રવજ્યા જિનદેવને કહી હૈ.'** જિનદેવને એટલે જિનદેવે આપણે ગુજરાતી ભાષામાં આવે. આવું સાધુપણું દીક્ષા, ભગવાનના માર્ગમાં વીતરાગ પરમેશ્વરના માર્ગમાં આવી દીક્ષા હોય છે. આ સિવાય વિરોધ જો દીક્ષા, માને એ બધા વીતરાગ માર્ગમાં નથી. જૈનમાર્ગ જ એ નથી. એ જૈનદર્શન પણ નથી. શાંતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માર્ગ આવો છે, ભાઈ! એય..! દીપચંદજી! આહાહા..! એ દીક્ષા લેવાના હતા. નગ્નમુનિ. નગ્નમુનિ થવાના હતા. આપણે બે નમૂના છે ને એક ઓલા દિલ્હીવાળા શાંતિસાગર. એ પણ દીક્ષા લેવાના હતા. ગૃહસ્થ માણસ છે, લાખોપતિ માણસ. બાયડી, છોકરા છે. છોકરો છે, મા-બાપ છે, મકાન છે. અત્યારે ઘરમાં રહે પણ પથારી નીચે. બહુ સાદુ જીવન. સ્ત્રી આદિનો સંગ નહિ. દીક્ષા લેવાના હતા એમાં સાંભળ્યું આવું. આ તો માર્ગ બીજો છે. એ બિચારા અટકી ગયા. બહુ ભલો માણસ છે. શાંતિસાગર નામ છે.

**'ભાવાર્થ :- જિનદીક્ષા લેકર કુસંગતિ કરે,...'** કુસંગતિ કરે, જેના-તેના સંગ કરે. આહાહા..! **'વિકથાદિક કરે ઔર પ્રમાદી રહે તો દીક્ષાકા અભાવ હો જાયે,...'** આહાહા..! દીક્ષા જ રહે નહિ એમ કહે છે. આહાહા..! જેમાં દીક્ષાની શિક્ષા તો આનંદની અંદર મળે. ભગવાન આનંદના સ્વભાવથી ભરેલો દરબાર છે. આત્મા અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલો દરબાર છે. એ દરબારમાં જે પેઠો એને આવા કુસંગ શેના હોય? આહાહા..! જેને પરમાત્માનો સંગ થયો. આહાહા..! પરમાત્મા પોતે જ છે તેનું જેને પેટ હૃદયમાં મળ્યું જ્ઞાનમાં. આહાહા..! એના રાગના સંગ વિનાની

ચીજનો જ્યાં સંગ થયો. આહાહા..! એને આવા કુકથા અને વિકથાના સંગ કેમ હોય એને? આહાહા..!

ભાઈ! ચારિત્ર તો ગજબ વાતું ભાઈ! એક ક્ષણ ચારિત્ર, ક્ષણ ચારિત્ર મુક્તિને આપે. એવી ચારિત્રદશા એને લોકોએ કંઈક કંઈક વિકૃત કરી નાખી. ભેખધારીઓ ભેગા કર્યા અને માન્યા કે અમે દીક્ષાઓ આપી. યશોવિજય પણ કહે છે એનામાં હોં એ. 'જ્યમ જ્યમ બહુસુત બહુ જન પરવરિયો, બહુ શિષ્યે પરવરિયો તેમ તેમ જૈનશાસનનો વેરી. જો નવી નિશ્ચય દરિયો' નિશ્ચય આનંદસ્વરૂપ ભગવાન, એનું જેને જ્ઞાન નથી, એની જેને ગંભીરતાનું ભાન નથી, એ તો દીક્ષા લઈને જૈનના વેરીઓ છે. આહાહા..! છઠ્ઠે ઠાણે છે. છઠ્ઠા ઠાણામાં છે. છ બોલ છે. કહો, એ વસ્ત્રસહિતવાળા એમ કહે છે. અહીં તો વસ્ત્ર ન હોય એના મુનિપણામાં આવી દશા હોય છે. વસ્ત્ર રાખે ને મુનિપણું હોઈ શકે નહિ. એ તો વળી બિચારા એમ કહેતા કે અમે તો ભાઈ સંવેગપક્ષી નહિ? અમે સાધુ નથી. મગજવાળો માણસ. લાગ્યું કે સાધુપણું આવું નથી. અમે સંવેગપક્ષી છીએ. આહાહા..! શું કરે? જાવું ક્યાં? એવી વાત સાંભળી અમથી હોં. કોક કહેતું હતું ડભોઈમાં. છેલ્લી સ્થિતિમાં કાંઈક બીજું કહેવા માંડ્યું. માર્ગ આવો.. એ તો છે નહિ. અહીં ને અહીં રહી ગયો હવે. માણસ ડાહ્યો હોય, મગજ કાંઈક એવું હોય ત્યારે આ શું આવું? આમાં કાંઈ ભાસતું તો નથી આ વસ્તુ શાંત ને આનંદ. આ શું છે આ? આ બધો ઘેરાવો શેનો આ બધો? અતીન્દ્રિય આનંદની ચીજ તો ભાસતી નથી. એ જ્ઞાનમાં આવતી નથી ને આ શું ચીજ ત્યારે? આ શું ચીજ? આહાહા..! એમ તો વિચાર મધ્યસ્થ થઈને આવવું જોઈએ ને?

અરે..! આમ બોલે કે કુદેવને દેવ માને તો મિથ્યાત્વ, કુગુરુને ગુરુ માને તો મિથ્યાત્વ. ગુરુને કુગુરુ માને તો મિથ્યાત્વ. પણ કોને કહેવા કુગુરુ એની ખબર ન મળે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર. કહ્યું ને જુઓને જિનદેવે આ કહ્યું. '**पव्वज्जा एरिसा भणिया**' ભગવાને એમ કથનમાં આવ્યું છે. આહાહા..! તેથી બીજું કાંઈ ભગવાનની વાણીમાં છે જ નહિ. આહાહા..!

'**દીક્ષાકા અભાવ હો જાય, ઈસલિયે કુસંગતિ નિષિદ્ધ હૈ. અન્ય ભેષકી તરહ યહ ભેષ નહીં હૈ.**' આહાહા..! '**યહ મોક્ષમાર્ગ હૈ,...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગતા જેને પ્રગટી છે. '**અન્ય સંસારમાર્ગ હૈ.**' જુઓ ભાષા! આ તો મોક્ષમાર્ગ છે, પ્રભુ! ચારિત્રદીક્ષા એ તો મોક્ષમાર્ગ છે. આહાહા..! પણ એ સાંભળવા મળ્યું નથી કેટલાકને તો. સાંભળવા મળ્યું નથી. આહાહા..! 'વીરલા જાણે તત્ત્વને, વીરલા સાંભળે કોઈ. વીરલા ધારે કોઈ.' વાત ફેરફાર થઈ ગયો છે બિચારાને. સંસાર આડે જાણે ખાવા, પીવા, રળવામાં જાય. સાધારણ માણસ હોય એને બે-પાંચ દસ આ મોંઘવારી. આહાહા..! મોંઘવારી તે મોંઘવારી. જેની પાસે છે એને તો ઠીક, પણ બિચારા મજુર હોય એને તો વળી મજુરી કરે એને સારું મળે. પાંચ-પાંચ હજાર મળે. પણ ઘરમાં ચાર-છ જણાં, એક જણો રળનાર, બે-અઢીનો પગાર. શું કરે એમાં? આહાહા..! આ મોંઘવારીનો પાર ન મળે. એમાં એ રોકાય એમાં આ સાંભળવાનું ક્યાં મળે એને? અને આ વિચારવાનું ક્યાં મળે એને? આહાહા..! એમ ને એમ

ભવ અનંત ગાળ્યા છે એણે. સમજાણું કાંઈ?

આ તો મોક્ષનો માર્ગ છે એમ કહે છે જુઓને. આહાહા..! જેને રાગથી પણ છૂટો પડીને જેણે આત્માની પ્રાપ્તિ કરી છે અને અસ્થિરતા છોડીને શાંતિ વિશેષ મેળવી છે. એ મોક્ષમાર્ગ છે. એને તો અસંગ પ્રભુનો સંગ હોય છે. આવા કુસંગ ને વિકથા હોતા નથી. બાકી તો સંસારમાર્ગ છે બધો. આહાહા..! મિથ્યામાર્ગ છે. જેની શ્રદ્ધામાં એ વસ્ત્ર અને મુનિપણું માને છે એ બધા મિથ્યામાર્ગના સંસારમાર્ગી રખડવાના છે. આહાહા..! ભારે કામ ભાઈ!

'આગે ફિર વિશેષ કહતે હૈં :—'

**तववयगुणेहिं सुद्धा, संजमसम्मत्तगुणविसुद्धा य।**
**सुद्धा गुणेहिं सुद्धा, पव्वज्जा एरिसा भणिया।।५८।।**

ભગવાને પ્રવજ્યા તો આને કીધી. આહાહા..!

'**અર્થ :- જિનદેવને પ્રવજ્યા ઈસપ્રકાર કહી હૈ કિ—તપ અર્થાત્ બાહ્ય-અભ્યંતર બારહ પ્રકારકે તપ...**' હોય જેને. ઈચ્છા નિરોધ કરીને અમૃતના આનંદના જેને પ્રતપનથી શોભા વધતી હોય અંદર. આહાહા..! અનંત ગુણથી બિરાજમાન પ્રભુ, એના અનંતાગુણોની પરિણતિ જ્યાં શુદ્ધ થઈ ગઈ. એવી ઈચ્છા નિરોધરૂપી તપસ્યા જેને હોય છે. એ તપ હોં! જે તપમાં અતીન્દ્રિય આનંદના અંતરમાંથી ઊભરા આવે. આહાહા..! એ તપ કહેવાય. આ બધા અપવાસાદિ તો લાંઘણું છે. ગીરધરભાઈ! આ તમારા સત્યાગ્રહી સત્યાગ્રહ કરે એ. કાર્યકર્તાઓ સત્યાગ્રહ કરે. કરો આ સત્યાગ્રહ આનો ચાલો. આહાહા..! સત્યાગ્રહ (એટલે) સત્યનો આગ્રહ. આહાહા..! એમાં પાછું સેવા દેશની કરીએ છીએ. દેશની સેવા આ કાર્યકર્તાઓ બધા માને ભેગા થઈને. એ ઓલા નહોતા કહેતા? પહેલા આપણાનું, પછી બીજાનું, પછી ત્રીજાનું, પછી આત્માનું. એમ ચાર વાત કરી હતી. ઠીક કીધું ગપ મારે છે આ. આહાહા..! કોણ બીજાનું કરે? અરેરે..! આવા ને આવા જગતમાં રખડનારા પ્રાણીઓ. એય..!

આ તો બધું ઉઘાડું થાય એવું છે. બોલતા હતા અહીંયાં. રામજીભાઈ બેઠા હતા. રામજીભાઈ એના ગુરુ. પહેલા તો એની પાસે શીખ્યા છે. રામજીભાઈ પાસે શીખેલા .. એ વખતે રામજીભાઈ એના ગુરુ કહેવાતા. કહેતા, પહેલા લોકો કહેતા. અહીં તો સાંભળેલી વાત છે ને. આપણે ક્યાં જોવા ગયા છીએ? એય..! શેઠ! આ પૈસા-બૈસાનું જોવા ગયા છીએ?લોકો કહે એ સાંભળીએ. એ કહેતા હતા તે દિ'. અને તે દિ' માનતા હતા ભાઈ હોં! હવે જરા ફેરફાર થઈ ગયો. રામજીભાઈ બેઠા ને કીધું આવું બોલે છે? રામજીભાઈ શું કહે છે એ જોવાનું.. બોલે છે આટલું. પહેલું આત્માનું, પછી બીજું બીજાનું, ત્રીજું ત્રીજાનું. પછી એમ કહે. બે બીજાનું બોલ્યા. પછી ચોથે નંબરે છેલ્લે મરણ થાય ત્યારે પોતાનું. આહાહા..! અરે..! કોણ પરનું કરે? આહાહા..! આવા ને આવા. રખડાઉ જીવો છે ને. ગીરધરભાઈ!

મુમુક્ષુ :- .. અત્યારે અનુભવ થઈ ગયો.

ઉત્તર :- છે ને. આહાહા..! ૯૫માં આવતા તો શું? ત્યાં પાછળ બેસતા. રાજકોટ ચોમાસું હતું ને ૯૫માં અમારું. ત્યારે કાંઈ ગણતરી નહોતી એની કાંઈ ઢેબરભાઈની. સભા ભરાય તો પાછળ બેસે. છેલ્લે એ આવે દસ મિનિટ. એ એના કામ માટે આવે બેચરભાઈનું. ઓલી દુકાનનું હતું ને શું કહેવાય? ૮૦ દુકાનું કાંઈક. એના માટે.

મુમુક્ષુ :- .. દુકાન માટે.

ઉત્તર :- હા આવતા એ. ૯૫ની વાત છે. ચોમાસું હતું ને. પાછળ બેસે છેલ્લે આવીને. કાંઈ નહિ. વચમાં ગણતરી.. થઈ રહ્યું કાંઈક. આવો ને આવો સંસાર. અરે..! બાપુ! તારી પદવી જ્યાં આત્મપદવી ન મળે ત્યાં સુધીની પદવી બધી નિરર્થક છે. આહાહા..! કહો, ધીરૂભાઈ! હજી એને છોકરાને વાર છે કહે છે. બે વર્ષ. કાલે પૂછયું હતું. ચેતનને વાર છે બે વર્ષની. આહાહા..! કયે ક્ષણે હાર્ટ બેસી જશે અને દેહના છૂટાછેડા થઈ જશે. તારે ને મારે કાંઈ સંબંધ નથી. જા.

કહે છે કે દીક્ષા, આને તો મોક્ષનું કારણ જે મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગ દીક્ષાનો હોય છે. દીક્ષા એટલે જેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની દશા પ્રગટ થઈ છે. એને આવા તપ ને સંયમ ને વ્રતાદિ હોય છે. વ્રત-પંચ મહાવ્રત. સમ્યક્ આત્માના અનુભવસહિત બાહ્ય નગ્નદશામાં એને આવા પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે. આ અજ્ઞાનીને પંચમહાવ્રત જે કહે છે એ પંચમહાવ્રત છે જ નહિ. સમજાણું કાંઈ?

**'ઔર ગુણ અર્થાત્ ઈનકે ભેદરૂપ ઉત્તરગુણોંસે શુદ્ધ હૈં.'** પંચ મહાવ્રતના ભેદોમાં ઉત્તરગુણ એમ કહે છે. ક્ષમાદિ એવા ગુણથી શુદ્ધ છે. **'સંયમ ઈન્દ્રિય-મનકા નિરોધ,...'** પાંચ ઈન્દ્રિય અને મનનું રોકાઈ જવું છે ત્યાં. આત્મામાં આનંદમાં જેની રમતું છે. આહાહા..! ઈન્દ્રિય, મનનો નિરોધ **'છહકાયકે જીવોંકી રક્ષા,...'** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ—છકાય. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય. એ પ્રાણીને ન મારવા કોઈને. એક દાણો લીલોતરીનો પણ ન હણે, એક પાણીનો બિંદુ પણ એને માટે કર્યો હોય તો ન લે. આહાહા..! પાણીનો બિંદુ એક કર્યો હોય, ઉનું પાણી મહારાજને આવ્યા છે ગામડામાં. આહાહા..! એ જીવ હણાય છે. પાણીના બિંદુમાં અસંખ્ય જીવ છે. એ જીવને ન મારે એ. જીવની રક્ષા કરે. રક્ષાનો અર્થ ન મારે, એમ. સમકિત સહિત હોય છે પ્રવજ્યા, એમ કહે છે.

**'તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ નિશ્ચય-વ્યવહારરૂપ સમ્યગ્દર્શન...'** બેય હોય છે. એ ભગવાન આત્માની પૂર્ણતા, શુદ્ધતાની અંદર સમ્યક્ અનુભવની દૃષ્ટિ થઈને જે સમ્યક્ થયું હોય તે નિશ્ચય સમકિત. આહાહા..! આ તો એકલા વ્યવહાર સમકિતના પણ ઠેકાણા ન મળે. આ તો નિશ્ચય પરમાનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણ પવિત્રનો પિંડ આત્મા, એના પવિત્રતાના ભાનમાં પ્રતીતિ, એના ભાનમાં અંતરમાં પ્રતીતિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એને અહીંયા નિશ્ચય સમકિત કહે છે. એ પ્રવજ્યામાં નિશ્ચય સમકિત હોય છે અને ન હોય તો એ પ્રવજ્યા કહેવાતી નથી. એમ કહે છે. **'વ્યવહારરૂપ સમ્યગ્દર્શન...'**

સાથે દેવ-ગુરુ-શાસ્ત્ર, ભગવાનના કહેલા દેવ, એમણે કહેલા ગુરુ અને એમણે કહેલા સિદ્ધાંત કે એમનો કહેલો અહિંસા ધર્મ—એની જેને શ્રદ્ધા હોય છે. એ શુભવિકલ્પ છે. નિશ્ચય સમ્યગ્દર્શન એ પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ એ નિર્વિકલ્પ છે. એ વીતરાગદશા છે. નિશ્ચય સમ્યગ્દર્શન એ વીતરાગદશા છે. આહાહા..! અને વ્યવહાર સમ્યગ્દર્શન દેવ, ગુરુ ભગવાને કહ્યા એ હોં દેવ-ગુરુ-શાસ્ત્ર. જિનવચનમાં જે દેવ-ગુરુ-શાસ્ત્ર આવ્યા, એની જેને શ્રદ્ધા હોય અને શુભરાગ એને વ્યવહાર સમકિત કહે છે. નિશ્ચય-વ્યવહાર બેય કહ્યું છે ને અહીં તો? '**सम्मत्त**' છે ને ત્યાં? '**संजमसम्मत्तगुणविसुद्धा**' એવા સમ્યગ્દર્શનસહિત હોય છે.

'**ઈનકે ગુણ અર્થાત્ મૂલગુણોંસે શુદ્ધ,...**' છે. લ્યો! એ બધા સમ્યગ્દર્શનાદિ એમાં મૂળગુણથી શુદ્ધ હોય છે પાછા. ચારિત્ર છે, એમાં અઠ્યાવીશ મૂળગુણ હોય છે. એને માટે આહાર લે નહિ, ઊભા ઊભા આહાર વગેરે. અદંતધોવન એવા અઠ્યાવીશ મૂળગુણ હોય છે એવા ગુણસહિત હોય છે. પ્રવજ્યા. '**અતિચાર રહિત નિર્મલ હૈ...**' એને અતિચાર દોષ ન હોય. આત્મજ્ઞાનસહિત જેને નિર્મળદશા પ્રગટી છે એ જંગલમાં નગ્નપણે વિચરે છે સંતો, એને અતિચારરહિત ચારિત્ર હોય છે. '**પ્રવજ્યાકે ગુણ કહે ઉનસે શુદ્ધ હૈ,...**' જે પ્રવજ્યાના આવા ગુણ કહ્યા ચારિત્રના. એનાથી એ શુદ્ધ હોય છે. '**ભેષમાત્ર હી નહીં હૈ;...**' એકલું નગ્નપણું અંગીકાર કર્યું એમ નહિ એમ કહે છે. આ વસ્ત્રનો ભેખ એ તો ભેખ જ નથી. એ તો જૈનનો ભેખ જ નથી. પણ નગ્નપણું જે ભેખ છે (એવો) એકલો ભેખ નહિ. એની અંદર આવી દર્શનસહિતની ચારિત્ર પ્રવજ્યા હોય છે. આહાહા..! આ એક રળવા માટે દેશ મૂકીને પરદેશમાં જાય. સગા-વ્હાલાને મૂકીને પરદેશમાં જાય. જાય છે કે નહિ આ? વઢવાણ મૂકીને ત્યાં મુંબઈ. સગાવ્હાલા માસી, ફુવા, ફઈ. આહાહા..! આને માટે કાંઈ .. કરવાની કાંઈક તૈયારી કરવી પડે કે નહિ? આ બધાના સંગ છોડીને રળવા માટે. તે પુણ્ય હોય તો મળે પાછું ત્યાં. અને અહીંયા તો પુરુષાર્થથી પ્રાપ્ત થાય જ. આહાહા..! અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પુરુષાર્થથી પ્રાપ્ત થાય જ. પોતાની ચીજ છે એ. આહાહા..! એ ચીજની કિંમત નહિ અને બહારની ચીજની (કિંમત).

જેને આત્મગુણની પ્રતીતિ અને ભાન થયા એને આત્માની કિંમત થઈ. એને પુણ્યના પરિણામ અને બાહ્યના નગ્નભેખની પણ કિંમત ઊડી ગઈ છે. હો, કિંમત નહિ. સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ નિર્વિકલ્પ શાંતસાગર આત્મા એનું જેને ભાન થઈને પ્રવજ્યા થઈ છે. આહાહા..! એને કહે છે કે પરની સાથે કાંઈ સંબંધ રહેતો નથી. ભેખમાત્ર એકલો નથી, એમ. અંદર પવિત્રતા પ્રગટી છે. આહાહા..! '**ઈસપ્રકાર શુદ્ધ પ્રવજ્યા કહી જાતી હૈ.**' લ્યો! આવી પ્રવજ્યાને દીક્ષા ભગવાને કીધી છે. '**ઈન ગુણોંકે બિના પ્રવજ્યા શુદ્ધ નહીં હૈ.**' નિશ્ચય સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન અને આ પ્રકારના ગુણો એ ન હોય તો તેને પ્રવજ્યા કહેવામાં આવતી નથી. પ્રવજ્યા શુદ્ધ નહિ એટલે પ્રવજ્યા જ નથી

એ. આહાહા..! આ તો દીક્ષા એવી સોંઘીસટ કરી નાખી. દસ-દસ વર્ષની છોડી મૂંડીને. ..સામા નહોતી? દસ વર્ષની છોડી હતી બાર વર્ષની. આ દીક્ષા. આહાહા..! પ્રભુ! એ બિચારીને ખબર પણ નથી કે આત્મા કોણ કહેવાય અને સમ્યગ્દર્શન શું કહેવાય. આહાહા..!

‘**ભાવાર્થ :- તપ વ્રત સમ્યક્ત્વ ઈન સહિત...**’ દેખો! ‘**ઔર જિનમેં ઈનકે મૂલગુણ તથા અતિચારોંકા શોધના હોતા હૈ ઈસપ્રકાર દીક્ષા શુદ્ધ હૈ. અન્ય વાદી તથા શ્વેતાંબરાદિ...** ’ શ્વેતાંબર આદિ. શ્વેતાંબર સ્થાનકવાસી એ બધા. ‘**જૈસે કહતે હૈં વહ દીક્ષા શુદ્ધ નહીં હૈ.**’ એ દીક્ષા સાચી છે નહિ. ગીરધરભાઈ! આવું છે. તમારી ભત્રીજી પડી છે એમાં. પહેલી તો સાંભળતી હતી તે દિ’ ૯૯માં અમરચંદભાઈની. એ પડી પછી. આહાહા..! દિગંબરમાંથી શ્વેતાંબર નીકળ્યા. ૬૦૦ વર્ષે ભગવાન પછી. એમાંથી આ સ્થાનકવાસી તો હમણાં ૫૦૦ વર્ષ પહેલાં નીકળ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી જૂના હવે. અને એમાં પછી તુલસી તેરાપંથી તો હમણા નીકળ્યા ૨૦૦ વર્ષ. એ કહે છે એ દીક્ષા-બીક્ષા સાચી છે નહિ. એવો વીતરાગ માર્ગમાં આવું છે. એને ઓળખાવવા, શ્રદ્ધા કરવા માટે આ ઓળખાણ વાત કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૧, શનિવાર તા. ૦૫-૦૧-૧૯૭૪**
**ગાથા - ૬૦, પ્રવચન - ૮૧**

આ બોધપાહુડ છે. અષ્ટપાહુડમાં બોધપાહુડ. એની ૬૦મી ગાથા. ૫૯ થઈ ગઈ છે. ‘**આગે બોધપાહુડકો સંકોચતે હુએ આચાર્ય કહતે હૈં :—** ’

**रूवत्थं सुद्धत्थं जिणमग्गे जिणवरेहिं जह भणियं।**
**भव्वजणबोहणत्थं छक्कायहियंकरं उत्तं।।६०।।**

અગ્યાર બોલ કહ્યા એમાં. આયતન ધર્મના સ્થાન. ધર્મનું સ્થાન તો આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ. આહાહા..! એ ધર્મનું આયતન સ્થાન ખરેખર છે. બહારના આયતનો તો એ વ્યવહાર છે. મુનિને જ અહીં આયતન કહેવામાં આવ્યા છે. નિર્ગ્રંથમુનિ છે દિગંબર મુનિ. એ સિવાય મુનિપણું જૈનદર્શનમાં કહેવામાં આવતું નથી. નિર્ગ્રંથ છે બાહ્યમાં, વસ્ત્ર અને પાત્રરહિત છે, માતાએ જેવો જન્મ્યો એવું એનું રૂપ છે. અંતરમાં જેને વીતરાગતા પ્રગટ થઈ છે. આત્માનું જે વીતરાગ સ્વરૂપ એને આશ્રયે જેને વીતરાગતા, નિર્ગ્રંથતા નિર્દોષ આત્મભૂમિ વીતરાગદશા પ્રગટ થઈ છે એને મુનિને અહીંયાં આયતન કહેવામાં આવે છે. ધર્મના એ સ્થાન છે એમ કહે છે. બહારના ધર્મના સ્થાન એ તો

બધા વ્યવહારે કહેવાય. ખરું ધર્મસ્થાન એ આત્મા છે. કહો, સમજાણું કાંઈ?

એમાં પણ જિનપ્રતિમા, જિનમુદ્રા, ચૈત્યગૃહ એ બધા આત્મજ્ઞાનમાં, આત્મા આનંદમાં ગણવામાં આવ્યા છે. આ જિનપ્રતિમા છે એ તો વ્યવહાર છે. એ તો એક શુભભાવ નિમિત્ત છે. જિનપ્રતિમા તો આત્મા... પુણ્ય અને પાપના રાગ વિનાની આત્માની ચીજ છે એવી ચીજની દૃષ્ટિ કરીને જેણે વીતરાગ નિર્ગ્રંથદશા અંતરમાં પ્રગટ કરી છે તેને જિનપ્રતિમા કહે છે. સમજાણું કાંઈ?

**'અર્થ :- જિસમેં અંતરંગ ભાવરૂપ અર્થ શુદ્ધ હૈ...'** અર્થ-અર્થ. એવા ૧૧ બોલ છે ને. પહેલા આવી ગયા બધા. તીર્થ પણ એ આત્મા છે. બાહ્યના તીર્થ તો વ્યવહાર ગણવામાં પુણ્યભાવનું કારણ છે. ધર્મની પવિત્રતાનું તીર્થ તો ભગવાન આત્મા પોતે છે. આહાહા..! અસંખ્ય પ્રદેશી પ્રભુ, એવા અનંતગુણનું ધામ એની જેણે ખીલવટ કરીને પર્યાયમાં જેણે તરવાનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેણે પ્રગટ કર્યા છે. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન અને નિશ્ચય વીતરાગતા એવી દશા જેણે પ્રગટ કરી છે એ પોતે તીર્થસ્વરૂપ છે. સમજાણું કાંઈ? લોકો એકલા બહારમાં માનીને બેઠા હોય એને ઉથાપે છે. બહારમાં જ્યાં આ બધું તીર્થ અને પ્રતિમા એ બધું બહારની ચીજ છે. એમાં પણ વાસ્તવિક વ્યવહાર જે હોવો જોઈએ એ પણ નથી.

એથી આચાર્ય કહે છે **'જિસમેં અંતરંગ ભાવરૂપ અર્થ શુદ્ધ...'** આ આત્મા. અર્થ એટલે આત્મા. શુદ્ધ આનંદઘન પ્રભુ, જેનું રૂપ શુદ્ધ છે. પવિત્ર છે, વીતરાગતા છે. નિર્વિકલ્પ આનંદની અનુભવદશામાં જે પડ્યા છે એને અંતરંગભાવરૂપ શુદ્ધ પદાર્થ આત્મા કહેવામાં આવે છે. આહાહા..! દેહાદિ તો જડ છે આ તો. કર્મ જડ છે. અંદર પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ કાંઈ જીવનું સ્વરૂપ નથી. **'જિસમેં અંતરંગ ભાવરૂપ અર્થ...'** અંતરમાં આત્મા શુદ્ધ જ્ઞાનઘન, આનંદકંદ પ્રભુ, એની જેને અંતરમાં નિર્મળતા, નિર્દોષતા, વીતરાગતા, નિર્વિકલ્પતા પ્રગટ થઈ છે એને શુદ્ધ પદાર્થ કહે છે, એને શુદ્ધ મુનિપણું કહે છે. સમજાણું કાંઈ?

**'ઐસા હી રૂપસ્થ...'** જેવું અંતરમાં રાગના વિકલ્પથી રહિત ચૈતન્યબિંબ પ્રભુ આત્મા જેણે પ્રગટ કર્યો એ ભાવલિંગી સંતની વાત છે આ તો. સમજાણું કાંઈ? ભગવાને એમ કહ્યું હતું તે આ કહ્યું છે એમ કહે છે. આગળ કહેશેને જુઓને. **'जिणमग्गे जिणवरेहिं जह भणियं'** જિનમાર્ગમાં જિનવરે આમ કહ્યું છે. સમજાણું કાંઈ? **'जिणमग्गे'** જૈનમાર્ગ. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા અરિહંતદેવે જૈનમાર્ગમાં **'जिणवरेहिं'** જિનવરે આવું આત્માનું સ્વરૂપ અને મુનિપણું અને નિર્ગ્રંથદશા કહ્યું છે. સમજાણું કાંઈ? **'ઐસા હી રૂપસ્થ અર્થાત્ બાહ્યસ્વરૂપ મોક્ષમાર્ગ જૈસા જિનમાર્ગમેં જિનદેવને કહા હૈ...'** નગ્નદશા જેની હોય છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ!

શ્વેતાંબર પંથ નીકળ્યો ભગવાન પછી ૬૦૦ વર્ષે. એમણે આ વસ્ત્રસહિત મુનિપણું મનાવ્યું, શાસ્ત્ર કલ્પ્યા એનાથી આ બીજી વાત છે, પ્રભુ! ભગવાને તો આમ કહ્યું છે. જેની અંતરદશા વીતરાગ તે હોય

અને બાહ્ય દશા માતાએ જન્મ્યો એવું જેનું રૂપ હોય. વીતરાગી પ્રતિબિંબ પડ્યો હોય એમાંથી. એવું બાહ્યસ્વરૂપ જેની નિર્ગ્રંથ વીતરાગદશા. '**જૈસા જિનમાર્ગમેં જિનદેવને કહા હૈ વૈસા છહકાયકે જીવોંકા હિત કરનેવાલા...**' છકાયના જીવનું હિત કરવાવાળું છે. છ કાયના જીવ છે ને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. એકેન્દ્રિય, બે ઇન્દ્રિયા નથી આવતું? વજુભાઈ! ઇચ્છામી પડિકમ્મા. એકેન્દ્રિય, બે ઇન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિયા, પૃથ્વીકાય, પાણી, અગ્નિ, વાયુના જીવ છે. એક એક કણમાં પૃથ્વીનો એક કણ હોય આટલો તો એમાં અસંખ્ય જીવ છે. વસ્તુ છે. માને, ન માને એ જુદી વાત છે. પાણીનો એક બિંદુ લ્યો તો એમાં અસંખ્ય જીવ છે આવા. આ આત્મા એવા જ એ આત્મા છે. વસ્તુ તરીકે તો શુદ્ધ આનંદકંદ એ પણ છે. પર્યાયમાં ફેર છે. આહાહા..!

અગ્નિનો કણ લ્યો તો અસંખ્ય જીવ છે એમાં એકેન્દ્રિય. એમ વાયુ, એમ વનસ્પતિ આ લીલોતરી. લીમડો આદિ. એક કણીમાં અસંખ્ય જીવ છે. અને એક એક શરીરે એક એક જીવ છે. અને લીલફુગ, બટાટા, શક્કરકંદ એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંતા જીવ છે. એ બધા છ કાયના જીવના હિતને માટે આ બનાવેલું છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! છ કાયના જીવોના હિત કરવાવાળું માર્ગ...

'**ભવ્યજીવોંકે સંબોધનકે લિયે કહા હૈ.**' ભવ્ય જીવ અહીં તો લીધા છે. પાઠ છે ને '**भव्वजणबोहणत्थं**' જે લાયક પ્રાણી સમજવાને, શ્રદ્ધવાને લાયક છે એને માટે આ કહ્યું છે. '**भव्वजणबोहणत्थं**' ભવ્ય જીવના બોધને અર્થે. '**ઈસપ્રકાર આચાર્યને અપના અભિપ્રાય પ્રગટ કિયા.**' કુંદકુંદાચાર્ય મહારાજ ત્રીજે નંબરે જે છે. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે છે. જે ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે. મેં ભવ્ય જીવના સંબોધનને માટે જિનવરે જિનમાર્ગમાં નિશ્ચય પ્રતિમા, નિશ્ચય મુદ્રા, નિશ્ચય નિર્ગ્રંથ સ્વરૂપ, નિશ્ચય તીર્થ, છકાયના હિત કરવાવાળું સ્વરૂપ જે મુનિપણું એને મેં ભગવાનના શાસ્ત્રથી જાણીને કહ્યું છે જગતને. પરંપરા આચાર્યનું કથન છે એમાંથી આ કહેલું છે કહે. ઝીણી વાત છે.

'**ભાવાર્થ :- ઈસ બોધપાહુડમેં આયતન આદિસે લેકર પ્રવજ્યા...** ' પ્રવજ્યા સાધુપણું કેવું? પહેલું આયતન હતું. ધર્મનું સ્થાન તો એ ભગવાન આત્મા પોતે છે. કહો, સમજાણું કાંઈ? ધર્મનું સ્થાન આત્મા આનંદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એનું જેને ભાન થઈને જેને પ્રવજ્યા નામ નિર્ગ્રંથદશા પ્રગટ થઈ છે. એને અહીંયાં ધર્મના સ્થાનક તરીકે વર્ણવે છે કે આ અપાસરો ને આ દેરાસર અને આ મંદિર ને એ બધા તો બાહ્યની વાતું છે. અંતર ધર્મસ્થાનક તો આ આત્મા છે. સમજાણું કાંઈ? તે પણ પ્રગટ થયેલી દશાવાળાને લીધા છે. આહાહા..! એને જ લેવાય. વસ્તુ તરીકે તો અનંતા જીવો પરમાત્મા જેવા જ છે બધા જીવો નિગોદના એકેન્દ્રિય આદિ. આત્મા તો પરમાત્માસ્વરૂપ જેવા જ છે. પર્યાયમાં ફેર છે આખો. તો જેની પર્યાયમાં, અવસ્થામાં આત્મા આનંદના ઉછાળા મારતો પ્રગટ

થયો. આહાહા..! મુનિપણું અલૌકિક વાત છે, ભાઈ! આ કાળે મુનિપણું દેખવું એ તો મુશ્કેલી, પણ મુનિપણું કેવું હોય એ સાંભળવું મુશ્કેલ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને જિનવરદેવ પરંપરામાં કહેલા ભદ્રબાહુ સ્વામી પાંચમા કેવળી, શ્રુતકેવળીના નામ આવશે હમણાં. પાંચમા શ્રુતકેવળીએ કહેલું હતું અને એમના શિષ્ય વિશાખાચાર્યે ધાર્યું હતું, એની પરંપરાથી કુંદકુંદાચાર્યને મળ્યું હતું. આહાહા..! સમજાણું કાંઈ? એમણે આવું કહ્યું છે કહે છે. પ્રવજ્યાની વ્યાખ્યા ઘણી આવી. બહુ ઓહોહો..!

જેને વસ્ત્રનું દાન ન હોય એ વસ્ત્ર બીજાને આપે. વસ્ત્ર રાખે નહિ તો આપે કોને? આહાહા..! સોનું, હીરા, માણેક ચીજ જ ન હોય જ્યાં. વસ્ત્રનો ધાગો ન હોય. આહાહા..! વીતરાગ જૈનમાર્ગનું દર્શન. દર્શનની વ્યાખ્યા આવી ત્યાં. ૧૧ બોલમાં દર્શન પણ કહ્યું છે. ૧૪મી ગાથામાં આવ્યું. જૈનદર્શન એને કહીએ. આહાહા..! કે જેની નિર્ગ્રંથદશા. બાહ્યમાં વીતરાગમુદ્રા અને અંતરમાં વીતરાગદશા પ્રગટ થઈ છે. બાહ્યાભ્યંતર આવ્યું હતું ને ૧૪મી ગાથામાં. એને જૈનદર્શન કહીએ. ઝીણી વાત ભગવાન! બાકી જે બહાર ફાટા પાડીને બેઠા એને જૈનદર્શન વીતરાગ નથી કહેતા. છે ૧૪મી ગાથા છે ને જુઓ! ૧૪મી. દર્શન છે ને. દર્શનપાહુડની ૧૪મી અને આ બોધપાહુડની ૧૪મી. બેય.

'**दुविंह पि गंथचायं**' છે ૧૪મી ગાથા? '**तीसु वि जोएसु संजमो ठादि। णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।**' ભગવાન ત્રિલોકનાથના વચનો આ બધા છે. આહાહા..! શું અર્થ કર્યો? '**જહાં બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ...**' અભ્યંતરમાં રાગની એકતાનો ત્યાગ અને બાહ્યમાં વસ્ત્રનો ત્યાગ. એવું જે અંતર-બાહ્ય મુનિપણું. '**ઔર મન-વચન-કાયા ઐસે તીનોં યોગોંમેં સંયમ હો...**' જેને છકાયના કોઈપણ પ્રાણીને મારવાનો વિકલ્પ ઉઠતો નથી. વિકલ્પરહિત જેની દશા, નિર્વિકલ્પદશા. આહાહા..! ઝીણી વાત છે. અને '**કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કરણ જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન હો,...**' આહાહા..! સર્વજ્ઞ ભગવાને જે જ્ઞાન કહ્યું એનાથી વિરૂદ્ધ કોઈપણ જ્ઞાન હોય જગતના પ્રાણી કહેનારા, એની કરણ, કરાવન, અનુમોદનથી જેની પ્રશંસા ખોટા જ્ઞાનની કરતો નથી. જરી ઝીણી વાત છે હોં! શ્વેતાંબર પંથ નીકળેલોને એની અપેક્ષાએ વાત છે. ઝીણી વાત ભાઈ! એમના કહેલા જ્ઞાનને અનુમોદે નહિ મન, વચન અને કાયાથી.

'**નિર્દોષ જિસમેં કૃત, કારિત, અનુમોદના અપનેકો ન લગે ઐસા,...** ' નિર્દોષ આહાર. એને માટે કરેલો આહાર લે નહિ. અને '**ખડે રહકર પાણિપાત્રમેં આહાર કરે,...**' ઊભા ઊભા હાથમાં આહાર. '**ઈસપ્રકાર મુર્તિમંત દર્શન હોતા હૈ.**' એને અહીં જૈનદર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આથી વિરૂદ્ધ જેટલા પંથ નીકળ્યા જૈનમાં એને પણ, જૈનપરમાત્મા કહે છે કે જૈનદર્શન અમે કહેતા નથી. આકરી વાતું બહુ. 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' આહાહા..! માર્ગ ભાઈ જુદો છે. પણ એટલું તો વિચાર કરો કે અમે આટલા આટલા વર્ષ (પછી) પરિવર્તન કર્યું તો કાંઈક કારણ હશે કે નહિ? એય..! વજુભાઈ! આ અમારે જૂના બધા છે. વજુભાઈને એ. ૮૫માં લાભ ઘણો લેતા.

નહિ? કેટલા વર્ષ થયા? ૧૫ ને ૩૦. ૪૫ થયા. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

કહે છે, જેની નિર્ગ્રંથદશા આમ દેખાય બાહ્યમાં તદ્દન એક વસ્ત્રનો ધાગો નહિ. અંદરમાં રાગનો કણ નહિ. એવી જેની મુદ્રા એને પરમાત્મા ત્રિલોકનાથે જૈનદર્શન કહ્યું છે. એ સિવાય જે કાંઈ બાહ્યથી માને એને ભગવાનના શાસનમાં જૈનદર્શન કહ્યું નથી. વાત એવી છે, ભાઈ! શ્વેતાંબર પંથ ભગવાનથી ૬૦૦ વર્ષે નીકળ્યો. શાસ્ત્ર બનાવ્યા. બધા કલ્પિત શાસ્ત્ર છે. ભગવાનના કહેલા નહિ. ૩૨ ને ૪૫ બધા કલ્પેલા, કલ્પિત છે. વસ્તુ એ અહીં કહે છે ભાઈ હોં. કુંદકુંદાચાર્યનો પોકાર આ છે. ભાઈ! સત્ય જોઈતું હોય તો આ છે. ભવ્ય જીવના સંબોધનને માટે આ વાત છે. આહાહા..! ભૂલા પડ્યા પ્રાણી સંસારમાં, એની ભૂલ ટાળવા માટે આ વાતું કરી છે ભગવાને. સમજાણું કાંઈ? આહાહા..!

**'યહાં દર્શન અર્થાત્ મત હૈ; વહાં બાહ્ય વેશ શુદ્ધ દિખાઈ દે વહ દર્શન;...'** શુદ્ધ નિર્દોષ. નગ્નપણું દિગંબર. કાંઈ ન મળે. એવી દશા અને અંતરમાં વીતરાગદશા. **'અંતરંગભાવકો બતલાતા હૈ. વહાં બાહ્ય પરિગ્રહ અર્થાત્ ધન્ય-ધાન્યાદિક ઔર અંતરંગ પરિગ્રહ મિથ્યાત્વ-કષાયાદિ,...'** લ્યો! અંતરંગ પરિગ્રહ. રાગ, પુણ્યના ભાવ મારા એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ રાગ. એ રાગ મારો એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વ પરિગ્રહ છે એમ ભગવાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! જૈનદર્શનને સમજવું ભારે. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા, એણે જે માર્ગ કહ્યો એ સમજવો ઝીણો ઘણો છે. આહાહા..! દુકાળ પડ્યા બાર બાર વર્ષના. એમાંથી પંથ નીકળ્યા બે. શ્વેતાંબર. એમાંથી આ સ્થાનકવાસી હમણાં નીકળ્યા ૫૦૦ વર્ષ પહેલાં. એ શ્વેતાંબરમાંથી નીકળેલા છે. સમજાણું કાંઈ? એથી અહીંયાં ભગવાન આચાર્ય કહે છે, અરે..!

દિગંબર મૂર્તિ. લ્યો છે ને? **'યથાજાત દિગંબર મૂર્તિ હો,...'** આહાહા..! રાગનો કણ પણ, આ પુણ્યનો, વ્રતનો વિકલ્પ ઉઠે, પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ પણ રાગ છે, ભાઈ! એ ઝીણી વાતું ભાઈ! એ રાગ મારી ચીજ છે અને મને લાભદાયક છે એને મિથ્યાત્વનો મહા અનંતનું પાપ પરિગ્રહનું લાગે છે. સમજાણું કાંઈ? રાતે વાત કરી ત્યારે યાદ આવ્યા હતા તમે. કહ્યું હતું. એક વાત નીકળી એમાં યાદ કર્યા હતા. મેં કીધું આ ક્યાં..

અહીં તો શું કહ્યું? આહાહા..! કે પ્રભુનો માર્ગ તો આ છે ભાઈ! એણે બગાડ્યો એને સાચા માર્ગનો વિશ્વાસ લાવવો પણ કઠણ પડે એવું છે. આહાહા..! એમાંથી વાત હતી. એક હતો સાધુ બાવો. એને ઘોડો લીધો બહુ સુલતાની ઘોડો. બહુ ઊંચો ઘોડો. તો ઘોડા ઉપર એને પ્રેમ બહુ. દીકરાની જેમ સાચવે. એમાં એક ડાકુ આવ્યો ડાકુ ખડગસિંહ કરીને. ખડક એટલે તલવાર ને સિંહ એવું નામ આપે તો આપી શકાય. ખડગસિંહ કહેવાય ને? બાવાને પગે લાગ્યો, દર્શન કર્યા. ઘોડો જોયો ત્યાં નજર ચોંટી. કહે ઓહોહો..! આ ઘોડો. હતો ડાકુ. ઠીક! એ તો પછી વયા ગયા. એમાં એ બાવો રાતે ઘોડે બેસીને ફરવા નીકળે ઘણીવાર. એમાં એ ડાકુ રસ્તામાં, જંગલમાં .. નીકળ્યા ભાઈ બાવો મહંત. ઓલો ગરીબ થઈને

બેઠો. અરે..! મા-બાપ મને લઈ જાવ અહીંથી. ઓલો ડાકુ. એને ઉપાડીને મૂક્યો ઘોડા ઉપર. દયા આવે ને દયા એવી. હતો ડાકુ. ઓલી ઘોડાની નજર રહી ગઈ. એમાં માથે ચડ્યા ભેગો ટટ્ટાર થઈ ગયો ચડાવ્યો ત્યાં. ઓલાએ ચડાવ્યો માથે કે આ તો બિચારો કોઈ ગરીબ માણસ છે. લગામ હાથમાં ઝાલી. ઘોડાને દોડાવ્યો. ઓલો સમજી ગયો બાવો કે આ છે ડાકુ. ભાઈ તારો ઘોડો આ હવે હોં. મારે ઘોડો ન જોવે હવે. કોણ કહે? ઓલો બાવો. આ ઘોડો મારો નહિ, ઘોડો તારો. એ સમજી ગયો. ઘોડેથી ઉતરી તું જા તારે. તું જા. પણ એટલું બોલ્યો બાવો, અરેરે..! ગરીબનો વિશ્વાસ નહિ કરે લોકો. સમજાણું? ... પણ ગરીબનો વિશ્વાસ લોકો નહિ કરે. કારણ કે ઓલા ગરીબ ધારીને લીધો ને માથે. ગરીબનો વિશ્વાસ લોકો નહિ કરે. એ ડાકુએ સાંભળ્યું. એને પણ એવો વિચાર આવ્યો. આહાહા..! બાવાજી તો એમ કહે છે કે આ ઘોડો તમે લઈ જાવ. પણ ભેખ તરીકે ... હાથ ઝાલીને મને ચડાવ્યો. તો આ ભેખનો વિશ્વાસ લોકોને નહિ રહે. આવા ને આવા હશે બધા? નવનીતભાઈ! એ રાતે મૂકી આવ્યો પાછો ઘોડો. એના શું કહેવાય? તબેલામાં. મૂકીને રોયો થોડીવાર. આહાહા..! અરેરે..! મેં ગરીબનો વિશ્વાસ તોડ્યો. ગરીબનો વિશ્વાસ ન રહેવા દીધો. ત્યાં એનો બાવો રાતે ફરવા નીકળેલો તબેલામાં.. ત્યાં ઓલો હણહણ્યો ઘોડો. એનો હતો ખરો ને. ઓહોહો..! આ ક્યાંથી આવ્યો? એ કહે, અરે..! એને .. આહાહા..! અરેરે..! ગરીબનો વિશ્વાસ હવે લોકો કરશે. એ વાત આવી હતી ત્યારે તમને યાદ કર્યા હતા.

અહીં એમ કહેવું છે અરેરે..! વીતરાગના માર્ગને બીજી રીતે કલ્પીને સાધુપણું મનાવ્યું, એ સાચા સાધુનો વિશ્વાસ કોણ કરશે હવે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સાધારણ વેશ પહેરી, કપડા પહેરી સાધુ મનાવ્યા અને પાંચ મહાવ્રતના ઠેકાણા નહિ વ્યવહારના. નિશ્ચય દૃષ્ટિ તો ખોટી જ છે. જેનું જૈનદર્શનપણું પ્રતીત જેની જૂઠી છે. મુનિપણું આવું હોય એની ખબર નથી એટલે એની તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. અને મિથ્યાદૃષ્ટિ સહિત આવા બાહ્ય ભેખ પહેરીને સાધુ મનાવ્યા. અરેરે..! સાચા સાધુને કોણ માનશે? એય..! મલુકચંદભાઈ! આહાહા..! એ ઉપરથી એમ આવ્યું હતું. આણે તો આટલું કહ્યું. મને એમ થયું કે આહાહા..! આવા બહારના ત્યાગી તપસ્યાઓ કરનારા એને ભાળી લોકો સાધુ માનશે. પણ વીતરાગે કહેલું સાધુપણું જૈનદર્શન એને કોણ ઓળખશે? કોણ માનશે? સમજાણું કાંઈ? છેતરપિંડી થઈ ગઈ. ભાઈ!

અહીં એ કહે છે આચાર્ય. '**જ્ઞાનમેં** વિકાર કરના,...' આહાહા..! '**નિર્દોષ પાણિપાત્રમેં ખડે રહકર આહાર લેના...**' વીતરાગના સાધુઓ તો અનાદિથી હાથમાં આહાર લેતા, ભાઈ! માર્ગ આ હતો. આ તો શ્વેતાંબર પંથ નીકળ્યા પછી બધી ગડબડી ઊભી થઈ ગઈ. આહાહા..! આ પક્ષની વાત નથી, પ્રભુ હોં! આ વીતરાગ માર્ગની વાત છે ભાઈ!

મુમુક્ષુ :- ભગવાને કહી છે આ વાત?

ઉત્તર :- આ ભગવાને કહેલી વાત છે, ભાઈ! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ સીમંધર ભગવાન પાસે

કુંદકુંદાચાર્ય ગયા. આઠ દિ' સાંભળ્યું. હતા તો મુનિ દિગંબર. આમ વીતરાગ પરમેશ્વર મહાવીરદેવે જિનમાર્ગમાં, આહાહા..! આવું દર્શન કહ્યું છે. દર્શન આ વીતરાગદશા અને બાહ્યમાં વીતરાગદશા હોય એને નગ્નદશા થઈ જાય. નગ્નદશા ન રહે અને વસ્ત્ર હોય ને મુનિપણું થઈ જાય એવું ત્રણ કાળ ત્રણ લોકમાં બને નહિ.. . હોય. માનો, ન માનો, બેસે, ન બેસે, કેવળીના કહેણમાં તો આ કહેણ આવ્યા છે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! સારા ઘરની કન્યાનું કહેણ આવે ત્યારે એનું નાળિયેર લઈ લેવું. નાળિયેર આવ્યું હોય ને સારા ઘરની કન્યાનું. પચાસ .. નાળિયેર આવ્યા પણ .. એનું ઘર મોટું છે. છોડી એકની એક છે. બે કરોડની મૂડી છે. પચાસ લાખ આમાં આપશે. મરી જશે તો દોઢ કરોડ પછી મળશે. એમ એના કહેણને સ્વીકારે. પ્રભુ કહે છે કે મારા કહેણ આવ્યા તમે સ્વીકાર તો કરો, ભાઈ! આહાહા..!

નિર્ગ્રંથપણું આવું હોય અને મુનિપણું આવું હોય. જે શાસ્ત્રમાં આવું મુનિપણું કહ્યું નથી અને બીજી રીતે કલ્પ્યું એ શાસ્ત્ર ભગવાનના કહેલા નહિ. ભારે વાતું આકરી ભાઈ! કહો, સમજાણું કાંઈ? કહો ફુલચંદજી! આવો માર્ગ છે આ. આમાં બે ભેળવીને સરખા માને .. એય..! ફુલચંદભાઈ! આહાહા..! અરેરે..! કાળ એવો આવ્યો કે માણસોના મગજો ફરી ગયા. ઉપદેશ કોઈ એવા મળ્યા અને એ શૈલી થઈ ગઈ. શું થાય? ભગવાન તો કહે છે કુંદકુંદાચાર્ય.

'**ઈસપ્રકાર દર્શનકી મૂર્તિ હૈ વહ જિનદેવકા મત હૈ,...**' વીતરાગનો મત અને શાસન આ છે. એ સિવાય બીજી રીતે કલ્પ્યું સાધુપણું વસ્ત્રાદિ, સ્ત્રીને મુક્તિ, સ્ત્રીને સાધુ એ જૈનદર્શનનો મત નથી.

મુમુક્ષુ :- સ્ત્રીઓને મોક્ષ ન..

ઉત્તર :- અપાતા હશે? હોય એમ હોય. એ કહેતો હતો એક જણ. એક જણો આવ્યો હતો નહિ? દેરાવાસી નહિ? મોટો દલાલ દલાલ. હરિભાઈ. અમદાવાદનો મોટો દલાલ હતો. લાખોપતિ બધાનો દલાલ મોટો. અહીંયાં આવ્યો હતો. ..ભાઈ માંદા પડ્યા ત્યારે. ભગુભાઈ સુતરિયાના ભાઈ. આવ્યા હતા ૯૨માં. ભગુભાઈ સુતરિયા .. ગૃહસ્થ. એનો ભાઈ .. ત્યાં અમે રહ્યા અને એમાં બરાબર માંદો પડ્યો ત્યાં આવ્યો હતો. બરાબર સાંભળવા. અમે આવ્યા તો અહીં સાંભળવા.. તને. બધા સાંભળતા હતા પછી એનો એ દલાલ આવ્યો હતો. પછી વાત એટલી કરી કે બાપુ માર્ગ તો આવો છે આહાહા..! પછી બોલ્યો, આ સ્ત્રીઓને ભેગી કરી અને એને મુક્તિ મનાવી ... આ વાડો બાંધ્યો છે અમારે. દેરાવાસી. બાપુ આમ છે હોં. કોઈ વ્યક્તિની વાત નહિ, પણ સત્ય આવું છે. આહાહા..! જેને સત્ય જોઈતું હોય એણે દૃષ્ટિ પલટાવવી પડશે. બાકી તો મરી જશે ચોર્યાસીના અવતારમાં. આહાહા..! ક્યાંય એનો આરો નથી, બાપુ ભાઈ!

અહીં તો દર્શનની મૂર્તિ જિનદેવનો મત છે. આહાહા..! એને દર્શન, જૈનદર્શન કહીએ, જેને આત્મામાં શુદ્ધ ચૈતન્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગતા પ્રગટી છે, બાહ્યમાં જેને અઠ્યાવીશ મૂળગુણ સાધુપણાના છે અને બાહ્યમાં યથાજાત નગ્નદશા છે. એ જૈનદેવનો મત છે. એ જૈનદર્શન છે.

**'વહી વંદન-પૂજન યોગ્ય હૈ.'** સાધુ તરીકે તો આ વંદન અને પૂજનને યોગ્ય છે. **'અન્ય પાખંડ વેષ વંદના-પૂજા યોગ્ય નહીં હૈ.'** આહાહા..! ભારે આકરું લાગે હોં. એ તો સત્ય છે એમ કહ્યું છે માટે ત્યાં. આહાહા..! દ્વેષ નહિ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ. ભગવાન છે બધા. પણ વસ્તુની દૃષ્ટિ ખોટી અને ખોટા ભેખ લઈને સાધુપણા મનાવ્યા એ વંદન-પૂજન લાયક નથી. એ જૈનદર્શન નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૪મી ગાથા છે. આ બોધપાહુડમાં ૧૪મી છે.

.. આપણે ગાથા અહીં ૬૦. **'ઈસ બોધપાહુડમેં આયતન આદિસે લેકર પ્રવજ્યા...'** એટલે સાધુપણું. આહાહા..! અરે..! સાધુ! 'માણસ હોના મુશ્કેલ હૈ સાધ કહાં સે હોય. સાધુ હુઆ તો સિદ્ધ હુઆ.' આહાહા..! જે સાધુ જંગલમાં વિચરતા હોય, નગ્નદશા જેને હોય, માણસનો પગરવ પણ ન હોય ત્યાં રહેતા હોય ધ્યાનમાં. આહાહા..! એવો વીતરાગનો માર્ગ અનાદિનો આ હતો. એ માર્ગને એ વર્ણવે છે. **'જૈસે જિનદેવને જિનમાર્ગમેં કહા વૈસે હી કહા હૈ.'** એવું જિનમાર્ગમાં કહ્યું હતું ભગવાને એવું મેં અહીંયાં કહ્યું છે કહે છે. મેં મારી કલ્પનાથી કહ્યું નથી. પરંપરા સંતોની વાણી છે. આહાહા..! સાંભળવી મુશ્કેલ પડી જાય. જેમાં ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦ વર્ષ ગાળ્યા હોય. એય..! કેશુભાઈ! બાપુ! માર્ગ તો આવો છે ભાઈ! દુનિયા બહારથી મનાવીને ... માર્ગ નહિ મળે. એની શ્રદ્ધા તો સાચી કર એમ કહે છે. શ્રદ્ધાના મોટા ફાંકા. આહાહા..! આ પણ સાચું અને આ પણ સાચું. બેય ન હોય. ફુલચંદભાઈ! શ્રીમદ્દે આને માન્ય રાખ્યું છે. આ પોતે અર્થ કર્યા છે ત્યાં હમણાં અગાસમાં. કર્યા છે ને. ચોખ્ખું લખ્યું છે. વસ્ત્ર.. પોતે લખ્યું છે. **'नग्गे मोक्खो भणियो सेसा उमग्गा'** નગ્નપણું તે મોક્ષનો માર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. શ્રીમદ્દે પોતે લખ્યું છે. એના અનુયાયીઓને પાલવે એવું નથી.

મુમુક્ષુ :- અર્થ કરતા નથી આવડતું.

ઉત્તર :- આવો માર્ગ છે, બાપા! આહાહા..!

**'કૈસા હૈ યહ રૂપ-છહકાયકે જીવોંકા હિત કરવનેવાલા હૈ,...'** આહાહા..! છકાયમાં પોતે પણ આવ્યો ને? પોતાના આત્માનું હિત કરવાનું .. છે. અને એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય કોઈપણ પ્રાણીને ... કારણ તો પછી કહેશે ભાઈ આ દેરાસર થાય, આ થાય એમાં તો હિંસા તો થાય એકેન્દ્રિયની. .. બાપુ.. ભગવાન જ્યારે ન હોય ત્યારે એનો વ્યવહાર શુભભાવ (હોય). એ શુભભાવ છે હોં! ધર્મ નહિ. મૂર્તિ પૂજા, ભક્તિ, જાત્રા એ પુણ્યભાવ છે. સંવર ધર્મ નહિ.

મુમુક્ષુ :- પરંપરા ધર્મ થાય.

ઉત્તર :- પરંપરા નહિ. કરતા... કરતા... રાગ કરતા.. કરતા.. કહેતા હતા એ તો કાલે વાડીભાઈ. વાડીલાલ ચત્રભુજ આવ્યા હતા ને મુંબઈવાળા. કાલે આવ્યા હતા. દીક્ષીત થયા હતા ને આ ભોગીલાલ. ભોગીલાલ ભાવનગર. વાડીલાલ ચત્રભુજ ગાંધી. મુંબઈ રહે છે ને કરોડપતિ. એ કાલે આવ્યા હતા. મેં કીધું માર્ગ બાપુ! કહે આસ્તે આસ્તે. પણ આસ્તે શું? સાચું હોય તો આસ્તે આસ્તે. સાચું નથી ત્યાં

આસ્તે આસ્તે ક્યાંથી આવ્યું? આ બધા બિચારા ભરમાઈને પડ્યા છે. ભાઈ બેઠા હતા ને. નવનીતભાઈ બેઠા હતા. બહારમાં તો બધા હોય ઘણી જાતના. પણ આસ્તે આસ્તે. પણ આસ્તા સાચું છે જ નહિ ત્યાં આસ્તા ક્યાંથી લાવવી? સાચું શ્રદ્ધયું હોય, સાચું માન્યું હોય એને હળવે હળવે અનુભવ અને સ્થિરતા થાય એ જુદી વાત છે. એ તો ત્યાં પણ... પણ જ્યાં ઊંધી જ શ્રદ્ધા છે આખી, વાત જ જુદી. જૈનદર્શનથી વિપરીત માન્યતા છે. આહાહા..!

ભગવાન એમ કહે કે વસ્ત્રનો ધાગો રાખે તો નિગોદમાં જશે. પણ અહીં એક ભગવતીસૂત્રમાં એક એક સાધુને કપડાના ઢગલા મોટા લખ્યા છે. એ ભગવાનની વાણી છે? મુનિની વાણી છે એ સમકિતી છે? ગૃહીત મિથ્યાદષ્ટિની, ગૃહીત મિથ્યાત્વની છે. આહાહા..! આકરું ભારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. હોય એમાંથી ફરવું બહુ આકરું છે.

મુમુક્ષુ :- બાપ-દાદા અમારા ગાંડા હતા?

ઉત્તર :- બાપ-દાદાને ભાન કે દિ' હતું વળી? ઓલા .. કહ્યું નહિ? આહાહા..! સવારના દાતણ કરીને, પાર્શ્વનાથ પરચો પૂરે. એમ કાંઈ બોલતા અમારે ઘરે પિતાજી. કાંઈ ખબર ન મળે. નવકાર બોલે. આહાહા..! વસ્તુ તો આવી છે ભાઈ! માન્યતા ફેરવ્યા વિના સત્ય નહિ મળે. ઘણા કાળથી પંથ નીકળ્યો. બે હજાર વર્ષ થઈ ગયા. શ્વેતાંબર પંથ નીકળ્યાને બે હજાર વર્ષ થયા. એને ખબર નથી કે આ શું છે? આ સ્થાનકવાસી તો હમણાં નીકળ્યા હજી. ૫૦૦ વર્ષ થયા હશે. શ્વેતાંબરમાંથી નીકળ્યા. બેય વીતરાગમાર્ગ નથી ભાઈ! જૈનદર્શન તો આ કહે છે. જુઓ આ શાસ્ત્ર, બે હજાર વર્ષ પહેલાંના, કુંદકુંદાચાર્યના શાસ્ત્ર છે.

મુમુક્ષુ :- એ તો દિગંબર શાસ્ત્રોને યાદગીરી...

ઉત્તર :- એ વાત ...આહાહા..!

મુમુક્ષુ :- એમ કહે છે હોં.

ઉત્તર :- કહે છે. ઘણી વાતું કરે. સંપ્રદાયમાં ઘણી સાંભળી.

આ તો છકાયની રક્ષા જીવની જેમાં.. એમાં કોઈપણ પ્રાણીને દુઃખ ન થાય એવું જૈનદર્શન છે. આહાહા..! મુનિપણું. એની શ્રદ્ધા તો કરો એમ કહે છે. .. આ નિર્ગ્રંથનું પ્રવચન અને નિર્ગ્રંથનો માર્ગ આ છે. અને શ્રદ્ધા બદલ્યા વિના એનું કલ્યાણ (નથી.) ત્રણ કાળમાં ગમે તેવા વ્રત પાળે ને તપ કરે ને મરી જાય, સુકાઈ જાય. સમ્યગ્દર્શનની શ્રદ્ધા અને અનુભવ વિના બધા એકડા વિનાના રણમાં પોક મૂકવા જેવા છે. આહાહા..! કહો, નવરંગભાઈ! આવું જૈનદર્શન આમ કહે છે લ્યો! આહાહા..!

યશોવિજયની વાત આવી હતી કાલે. સાંભળી છે પહેલા? એના ગુરુ હતા ને યશોવિજયના ઓલા બ્રાહ્મણ ગુરુ કાશીના. વાત તો સાંભળી હતી ઘણા વર્ષ પહેલાં સાંભળી હતી. બ્રાહ્મણ પંડિત હતા ને

કાશીમાં ભણેલા. હવે એમાં એને યશોવિજય તો આબરૂવાળા થઈ ગયા. એમાં ઓલો ત્યાં આવેલો તો એને ખબર પડી કે યશોવિજય અહીં છે આ ગામમાં. એના ગુરુ આવ્યા. એટલે ગોતતો ગોતતો ગોતતો આવ્યો. ત્યાં એ વાંચતા હતા યશોવિજય વ્યાખ્યાન. એ ઊભા રહ્યા આમ. મેલા લૂગડા. સાધારણ માણસને. તો બીજા કોઈએ આદર ન આપ્યો અને પોતે આમ જોયું. ઓહોહો..! આ સરસ્વતી પુત્ર. યશોવિજય બોલ્યા. કહો. એમ કે એક અક્ષર પણ જે આપે એનો બદલો વળે નહિ. પણ કયો અક્ષર? આવા લૌકિક. યશોવિજય જેવાની આવી વાત. આ તો સાંભળેલી છે કે જોયેલી છે? કાલે આવેલી છે. જૈનપ્રકાશમાં છે. અહો..! સરસ્વતી પુત્ર. બેસાડ્યા મોઢા આગળ. જે સાધુ નામ ધરાવે અને મિથ્યાદૃષ્ટિનો આદર કરવો એટલે કાંઈ ઠેકાણું ન મળે. અને બહુ વખાણ કર્યા. એની પાસે હું શીખ્યો છું. આવું કાંઈક. .. કાંઈક .. બહુ. આ તો સરસ્વતીના પુત્ર છે. સરસ્વતીના પુત્ર મિથ્યાદૃષ્ટિ હોય આવા? પછી લોકોને એક જણે વળી ઓહો..! તમે તો અમારા ગુરુના ગુરુ. .. પછી આખી સભા ઉછળી. દાગીનાના ઢગલા કર્યા. જૈનપ્રકાશમાં છે. કાલે આવ્યું હતું. કહો, આ માર્ગ કહેવાય? અન્યમતિ મિથ્યાદૃષ્ટિને .. હોય એથી કરીને સાચી શ્રદ્ધા વિના એને આદર કેમ કરાય? આવું લખાણ છે અને એવું જ પહેલેથી સાંભળ્યું છે.

મુમુક્ષુ :- પાટે બેસાડ્યા હતા.

ઉત્તર :- હા પાટે બેસાડ્યા હતા. આવ્યું છે ને આમાં આવ્યું છે. મેં પણ સાંભળ્યું છે પહેલેથી સાંભળ્યું છે. પાટે બેસાડ્યા, મોઢા આગળ બેસાડ્યા. અહીં તો કહે છે કે ભેખધારી જૈન હોય, પણ જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે અને મુનિપણું નથી અને મુનિપણું માને છે એને વંદન-પૂજન નથી. એમ કીધું ને? આહાહા..! ૧૪મીમાં દર્શનપાહુડ.

‘**જિસમેં એકેન્દ્રિય આદિ અસૈની પર્યંત જીવોંકી રક્ષાકા અધિકાર હૈ,...** ’ ભગવાનના માર્ગમાં તો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય કોઈ જીવને ન મારવો... એ રક્ષાનો અર્થ ન મારવો. રક્ષા તો કોની કરે? એ અધિકાર છે. ‘**સૈની પંચેન્દ્રિય જીવોંકી રક્ષા ભી કરાતા હૈ ઔર મોક્ષમાર્ગકા ઉપદેશ કરકે સંસારકા દુઃખ મેટકર મોક્ષકો પ્રાપ્ત કરાતા હૈ,...**’ એમ. સંજ્ઞી પંચેન્દ્રિય માટે. કહે છે કે એને ન મારવાનું પણ કહે અને સંજ્ઞી પંચેન્દ્રિયને મોક્ષના માર્ગનો ઉપદેશ કરે. મનવાળા પ્રાણી છે એને વીતરાગનો ઉપદેશ કરે. ‘**સંસારકા દુઃખ મેટકર મોક્ષકો પ્રાપ્ત કરાતા હૈ,...** ’ આહાહા..! સંસાર, દીક્ષાથી માંડીને રાગ-દ્વેષ પરિણામ બધો સંસાર. એટલે રાગ અને પુણ્યના ભાવને ધર્મ માનવો દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યાનો ભાવ એ બધો શુભ-પુણ્ય ભાવ એને ધર્મ માનવો એ મિથ્યાત્વનો પરિગ્રહ મહાપાપ છે. આહાહા..! એવું પાપ છોડાવીને ઉપદેશ કરવાનું કહેશે. સંજ્ઞી પંચેન્દ્રિયને એવો ઉપદેશ આપે છે એમ કહે છે.

‘**સંસારકા દુઃખ મેટકર મોક્ષકો પ્રાપ્ત કરાતા હૈ,...** ’ લ્યો! ‘**ઈસપ્રકારકા માર્ગ (-ઉપાય)**

**ભવ્યજીવોંકે સંબોધનેકે લિયે કહા હૈ.'** આ બધો ઉપદેશ ભવ્ય જીવને સમજાવવા માટે, સમજવા માટે. '**જગતકે પ્રાણી અનાદિસે લગાકર મિથ્યામાર્ગમેં પ્રવર્તનકર સંસારમેં ભ્રમણ કરતે હૈં,...'** અનાદિકાળથી મિથ્યામાર્ગ, જૂઠો માર્ગ છે, સાચો માર્ગ નથી એ માર્ગમાં પ્રવર્તન કરી સંસારમાં ભ્રમણ કરે છે. '**ઈસલિયે દુઃખ દૂર કરને કે લિયે...'** એ રાગ અને દ્વેષ અને મિથ્યાત્વરૂપી દુઃખ એને ટાળવા માટે '**આયતન આદિ ગ્યારહ સ્થાન ધર્મકે ઠિકાનેકા આશ્રય લેતે હૈં;...'** લ્યો! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ. એની સામું જો અને એમાં રહે, એ ધર્મના સ્થાનક છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જગતના પ્રાણી અનાદિથી દુઃખી છે કહે. એને ધર્મના સ્થાન અગ્યાર બતાવ્યા. આયતન, જિનમુદ્રા, જિનપ્રતિમા, તીર્થ, અરિહંતની ઓળખાણ આપી દર્શન વગેરે. આહાહા..! મિથ્યાશ્રદ્ધા ટાળવા, સત્ય શ્રદ્ધા પ્રગટ કરવા દુઃખથી મુક્ત થવાને માટે આ ઉપદેશ કર્યો છે કહે.

'**અજ્ઞાની જીવ ઈસ સ્થાન પર અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે...'** અજ્ઞાનીઓ આવું સ્વરૂપ ન જાણીને બીજે ઠેકાણે ધર્મના સ્થાન (માને). આત્માનું સ્થાન ધર્મનું મૂકી દઈને બીજામાં ધર્મના સ્થાન એકાંત માને. જાણે મંદિરમાં ભગવાન બિરાજે છે એ ભગવાન હશે. એ તો વ્યવહાર ભગવાન છે. નિશ્ચય ભગવાનને અહીં તો જાણ્યો નથી. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન તીર્થનો નાયક પોતે. આહાહા..! અરેરે..! આવા માર્ગને .. કોણ આપતું હતું? માર્ગ તો આવો છે પ્રભુનો. મિથ્યાશ્રદ્ધાએ ઘેરા ઘાલ્યા. ઘેરા ઘાલ્યા છે ચારેકોર. એમાંથી નીકળવું કઠણ છે. મૂળ વસ્તુ આ છે. બાકી તો ઠીક હવે, વ્રત ને તપ એ તો બધા અભવી પણ કરે છે અનંતવાર. મિથ્યાશ્રદ્ધા, એ આત્માના સત્યથી તદ્દન વિરૂદ્ધ, એના ત્યાગને માટે આને ઉપદેશ કર્યો છે કહે છે.

'**અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે ઉનસે સુખ લેના ચાહતે હૈં, કિંતુ યથાર્થકે બિના સુખ કહાં?'** સાચી દૃષ્ટિ અને સાચા જ્ઞાન વિના સુખ ક્યાંથી મળે? આહાહા..! '**ઈસલિયે આચાર્ય દયાલુ હોકર...'** આચાર્ય મહારાજ દયાળુ થઈને '**જૈસે સર્વજ્ઞને કહે વૈસે હી આયતન આદિકા...'** જોયું સર્વજ્ઞે કહ્યું. વીતરાગદેવે આ બધું સ્થાન અગ્યાર કહ્યા છે. '**સંક્ષેપસે યથાર્થ કહા હૈ? ઈસકો બાંચો, પઢો, ધારણ કરો ઔર ઈસકી શ્રદ્ધા કરો.'** આહાહા..! '**ઈનકે અનુસાર તદ્રૂપ પ્રવૃત્તિ કરો.'** એ પ્રમાણે સમ્યગ્દર્શન કરી, પછી ચારિત્રની દશા પણ આ રીતે કીધી એવી અંગીકાર કરો. '**ઈસપ્રકાર કરનેસે વર્તમાનમેં સુખી રહો...'** આહાહા..! કહે છે કે ભગવાન આત્માના આનંદસ્વરૂપનું જ્ઞાન કરી, શ્રદ્ધા કરીને જે ઠરે છે એ વર્તમાનમાં સુખી છે. આ તો વર્તમાનમાં દુઃખી છે આકુળતા... આકુળતા... આકુળતા... આ કરવું ને આ કરવું... આ કરવું ને આ કરવું... આ કરવું ને આ કરવું... વર્તમાનમાં પણ દુઃખી અને એના ફળમાં પણ દુઃખ છે. એમ હશે? આ બધા તમારા આવા મોટા પગારવાળા પણ દુઃખી હશે? .. હાલે મોટર. એ મૂકવા આવ્યા હતા ને મને મોટરમાં, નહિ? એના ઘરેથી.

'**આગામી સંસાર દુઃખસે છૂટકર...'** જુઓ બે વાત. એક તો અંદર પુણ્ય અને પાપના ભાવ

દુઃખ છે અને શરીરની ક્રિયામાત્ર જડની છે અને ભેખ જેટલું નગ્નપણું તે સાચું છે. એ સિવાય બધું ખોટું છે એમ ન માને એને વર્તમાનમાં પણ મિથ્યાત્વના રાગનું દુઃખ છે. મિથ્યાત્વ અને રાગનું એને વર્તમાનમાં દુઃખ છે. અને ધર્મી વર્તમાનમાં મિથ્યાત્વના દુઃખથી રહિત છે. આહાહા..! માર્ગ એવો લાગે લોકોને. એક તો જાણે કાંઈક આ મોંઘવારી. માણસ રળીને પૂરું કરતા હોય બિચારા. અને એમાં વળી આવી વાતું સાંભળે તો ભડકે હોં. ભગવાન! ભડકે, પણ પ્રભુ! માર્ગ તો આ છે હોં. જ્યારે તારે સત્ય જોઈતું હોય તો આ સત્ય મળ્યે છૂટકો. બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..!

'**સંસાર દુઃખસે છૂટકર પરમાનંદસ્વરૂપ મોક્ષકો પ્રાપ્ત કરો.** ' મિથ્યાશ્રદ્ધા એ દુઃખરૂપ છે. અને છોડી અને આત્મા વાસ્તવિક તત્ત્વ ભગવાને કહેલું અને ભગવાને કહેલું સમકિત એની બરાબર ઓળખાણ દૃષ્ટિ કરીને વર્તમાન સુખી થાઓ અને ભવિષ્યમાં પરમાનંદની પ્રાપ્તિ કરો. આહાહા..! દયાળુ થઈને વાત કરી છે. સમજાણું?

મુમુક્ષુ :- એકદમ સરળ છે. ન સમજાય એવું નથી.

ઉત્તર :- ના, ના, આ તો સાદી વાત છે. પણ સંપ્રદાયની દૃષ્ટિમાં આકરી વાત થઈ પડી છે અત્યારે તો. સંપ્રદાયની દૃષ્ટિ છોડીને હવે આવા આવા મોટા મહારાજ થઈ ગયા હશે સાધુ. .. જુઓને. આહાહા..! '.. ભૂલ્યા દોનું ભૂલ્યા ભૂલ્યા સકળ સંસાર, દાસ કબીરો એક ન ભૂલ્યો જેને અલખનો આધાર.' એમ આવે છે. મૂર્તિને માટે કહેવાય છે. અહીં કહે છે કે આખી દુનિયા ભૂલી જા બાપુ! સાચી શ્રદ્ધાવાળો જીવ નીકળવો. આહાહા..! અને એનો વિશ્વાસ આવવો મુશ્કેલ છે. આ બધા આવા ફાંટા પડ્યાને. ગરીબનો કોણ વિશ્વાસ કરશે? આહાહા..!

'**ઈસપ્રકાર આચાર્યકા કહનેકા અભિપ્રાય હૈ.** ' ભગવાન કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય છે. ભાઈ! તમે સાચી શ્રદ્ધા કરો. સાચી સમ્યગ્દર્શનની પ્રતીતિ તો કરો ભાઈ! આહાહા..! મુનિપણું તો નિર્ગ્રંથદશા અને નગ્નદશા હોય, એને જૈનદર્શન કહે છે. બાકી જૈનદર્શન.. આ પણ જૈનદર્શન અને આ પણ જૈનદર્શન એ વીતરાગમાર્ગમાં નથી. સમજાણું કાંઈ? બહુ આકરું કામ ભાઈ! જે જે કુળે જન્મ્યો હોય જેનો જેને વાસ અને પરિચય અને સંગ રહ્યો હોય, એમાં મારું છે એમ માનીને બેઠા હોય, એને આ છોડવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :- વિચાર કરે તો જલ્દી છોડે.

ઉત્તર :- ભાગ્યશાળી ફરે. ફરી ગયા. ઘણાં ફરી ગયા. સત્ય છે આવું સત્ય જ છે. પણ આ અગ્રેસરો હોય એને ફરવું આકરું લાગે. આહાહા..!

'**યહાં કોઈ પૂછે-ઈસ બોધપાહુડમેં વ્યવહારધર્મકી પ્રવૃત્તિકે ગ્યારહ સ્થાન કહે. ઈનકા વિશેષણ કિયા કિ-યે છહકાયકે જીવોંકે હિત કરનેવાલે હૈં. કિંતુ અન્યમતી ઈનકો અન્યથા સ્થાપિત કર પ્રવૃત્તિ કરતે હૈં વહ હિંસારૂપ હૈં ઔર જીવોંકે હિત કરનેવાલે નહીં હૈં. યે ગ્યારહ**

**હી સ્થાન સંયમી મુનિ...**' સંયમી મુનિને સ્થાન કહ્યું. મુનિને અને અરિહંત અને સિદ્ધ. ત્રણમાં બધું સમાડી દીધું. એને બરાબર ઓળખી શ્રદ્ધા કરીને આનંદને પ્રાપ્ત કરો. શ્રદ્ધા સમ્યગ્દર્શન એ જ આનંદનું કારણ છે. અને પરમાર્થ છે એ પરમાનંદની મૂર્તિને પ્રાપ્ત કરો. એમ આચાર્યનો કહેવાનો આશય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૩, રવિવાર તા. ૦૬-૦૧-૧૯૭૪**
**ગાથા - ૬૦ અને ૬૧, પ્રવચન - ૮૨**

૬૦ ગાથાનો ભાવાર્થ. બોધપાહુડ. અગ્યાર સ્થાનનું વર્ણન આવી ગયું. આયતન, જિનપ્રતિમા, જિનમુદ્રા, જિન ચૈત્યગૃહ, તીર્થ, દર્શન, અરિહંત એનું સ્વરૂપ બધું આત્મા ઉપર આવી ગયું પહેલાં. આત્મા જ પોતે આનંદઘન, મુનિપણાનો અંગીકાર કરે ત્યારે એ આયતન પોતે જ છે. ધર્મનું સ્થાન આત્મા છે. મુનિનો આત્મા એ ધર્મનું સ્થાન છે.

મુમુક્ષુ :- એ તો મુનિ માટે

ઉત્તર :- મુનિની અહીં વ્યાખ્યા છે ને. આયતન એટલે મુનિનું જે બાહ્યાભ્યંતર ત્યાગસ્વરૂપ, રાગના ત્યાગસ્વરૂપ અને બાહ્યમાં નગ્નપણાની દશા એવી જે અંતરદશા એને અહીંયાં મુનિપણું, એને અહીંયા મોક્ષમાર્ગ, એને અહીંયા ધર્મના સ્થાન કહેવામાં આવ્યા છે. આ વ્યવહાર સ્થાન છે, મંદિર આદિ છે એ તો વ્યવહાર.

'**ઈસ બોધપાહુડમેં વ્યવહારધર્મકી પ્રવૃત્તિકે ગ્યારહ સ્થાન કહે.** ' છે તો ઓલા નિશ્ચયની વાત. પણ એવા જ સામે આયતન આદિ હોય છે ને વ્યવહાર ધર્મના કારણ. જિનપ્રતીમા... આદિ. '**ઈનકા વિશેષણ કિયા હૈ કિ-યે છહકાયકે જીવોંકે હિત કરનેવાલે હૈં.** ' એ અગ્યાર સ્થાન છ કાયના જીવને હિત કરવાવાળા છે. એમ એમાં કહ્યું હતું. '**કિંતુ અન્યમતી ઈનકો અન્યથા સ્થાપિત કર પ્રવૃત્તિ કરતે હૈં...**' બીજી રીતે સ્થાપીને મૂર્તિ વગેરે. તત્ત્વથી વિરૂદ્ધ વ્યવહાર સ્થાપીને છકાયની હિંસાદિ કરે છે. છે ને? '**વે હિંસારૂપ હૈં ઔર જીવોંકે હિત કરનેવાલે નહીં હૈં. યે ગ્યારહ હી સ્થાન સંયમી મુનિ...**' અગ્યારે સ્થાન સંયમી મુનિના છે. આત્માના દર્શનપૂર્વક સ્વરૂપની સ્થિરતા જેને થઈ છે એ ધર્મના આયતન મુનિને કહેવામાં આવ્યા છે. બાહ્ય મંદિર આદિ તો વ્યવહાર છે. એને માટે આ ખુલાસો કરવો પડે છે. અરિહંત અને સિદ્ધ. ત્રણમાં વાત લીધી. અરિહંતપણું, સિદ્ધપણું અને મુનિ. એ ત્રણમાં અગ્યાર અંગ, અગ્યાર સ્થાન સમાઈ ગયા છે. આયતન આદિ, જિનપ્રતિમા,

જિનમુદ્રા.

'**યે તો છહકાયકે જીવોંકે હિત કરનેવાલે હી હૈં ઈસલિયે પૂજ્ય હૈં.**' કોણ? મુનિ ભાવલિંગી સંત, અરિહંત અને સિદ્ધ એ તો પૂજ્ય છે અને છ કાયના હિત કરવાવાળા છે. '**યહ તો સત્ય હૈ,...**' એ વાત બરાબર છે. '**ઔર જહાં રહતે હૈં ઈસપ્રકાર આકાશકે પ્રદેશરૂપ ક્ષેત્ર...**' મુનિ કે અરિહંત જ્યાં રહે તે. '**તથા પર્વતકી ગુફા વનાદિક...**' વન-વન આદિ. '**અકૃત્રિમ ચૈત્યાલય યે સ્વયમેવ બને હુએ હૈં, ઉનકો ભી પ્રયોજન ઔર નિમિત્ત વિચારકર ઉપચારમાત્રસે છહકાયકે જીવોંકે હિત કરનેવાલે કહેં તો વિરોધ નહીં હૈ,...**' સમજાય છે કાંઈ? જેમાં મુનિ વસે છે, અરિહંત વસે છે એવા સ્થાનને પણ છકાયના હિત કરવાવાળું (કહ્યું). કેમકે ત્યાં ઉપદેશ એ જ ચાલે છે. ઉપદેશ છ કાયના હિતનો ઉપદેશ ચાલે છે. છ કાયના હિતના કરવાવાળા કહેવામાં આવે છે.

'**વિરોધ નહીં હૈ, ક્યોંકિ યે પ્રદેશ જડ હૈં, યે બુદ્ધિપૂર્વક કિસીકા બૂરા-ભલા નહીં કરતે હૈં તથા જડકો સુખ-દુઃખ આદિ ફલકા અનુભવ નહીં હૈ, ઈસલિયે યે ભી વ્યવહાર સે પૂજ્ય હૈં,...**' મુનિ જે સ્થાનમાં રહે, અરિહંત જે સ્થાનમાં રહે એ ક્ષેત્ર પણ વ્યવહારથી પૂજ્ય છે. નિશ્ચય જ્યાં આત્માનું સ્વરૂપ જ મોક્ષમાર્ગી જીવ અને મોક્ષ.. અરિહંત, સિદ્ધ મોક્ષસ્વરૂપ છે અને સાધુ મોક્ષના માર્ગ સ્વરૂપ છે. બે વાસ્તવિક રીતે તો પૂજ્ય છે. મોક્ષના માર્ગના સાધનારા મુનિ અને મોક્ષપ્રાપ્ત એટલે કેવળજ્ઞાનપ્રાપ્ત એ અરિહંત ને સિદ્ધ છે. બે વંદનીક અને પૂજનિક છે. એ વાત તો સત્ય છે તમારી પ્રભુ! પણ જે સ્થાનમાં રહે એને પણ છકાયના હિતના કરવાવાળા કહેવામાં (આવે) વ્યવહારથી.

'**ક્યોંકિ અરિહંતાદિક જહાં રહતે હૈં વે ક્ષેત્ર-નિવાસ આદિક પ્રશસ્ત હૈં...**' એ બધા ક્ષેત્ર પ્રશસ્ત કહેવાય વ્યવહારે. '**ઈસલિયે ઉન અરહંતાદિકે આશ્રયસે યે ક્ષેત્રાદિક ભી પૂજ્ય હૈં;...**'એ અરિહંત અને સિદ્ધ અને મુનિને આશ્રયે રહેલું ક્ષેત્ર પણ એ પાંચ પદની અપેક્ષાએ તે પણ પૂજ્ય છે. પાંચેય પદ આવી ગયા ને એમાં? મુનિમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. અરિહંત અને સિદ્ધ આવ્યા. એમ પાંચેય પદ આવી ગયા. પાંચ પદની પૂજ્યતાને લઈને જે સ્થાનમાં એ હોય એ સ્થાન પણ પૂજનિક કહેવામાં આવે છે. આહાહા..! આ વ્યવહારના વાંધા ઉઠ્યા છે ને.

મુમુક્ષુ :- એમાં ધર્મ માની લીધો.

ઉત્તર :- ધર્મ માન્યો છે એમાં એણે. એ ધર્મ નથી. એ પુણ્ય શુભભાવનું કારણ છે. બાહ્ય તીર્થો, બાહ્ય પૂજા, ભક્તિ એ શુભભાવ, પુણ્યભાવનું કારણ છે. એવું જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન હોય ત્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિને પણ, સ્વભાવના આશ્રયે પડેલા છે એવા ધર્મીને પણ, પૂર્ણતા ન હોય ત્યારે એવો ભાવ શુભભાવ આવ્યા વિના રહે નહિ. નિશ્ચય અને વ્યવહારની આ સ્થિતિ છે.

'**પ્રશ્ન :- ગૃહસ્થ જિનમંદિર બનાવે, વસ્તિકા,...** ' એટલે રહેવાનું ઘર. બ્રહ્મચારી આદિ ધર્માત્મા માટેનું હોં. મુનિ માટેની વસ્તિકા નહિ. એમાં એમ કાઢે છે કેટલાક. મુનિ માટે વસ્તિકા બનાવે.

જુઓ આમાં કીધું છે. મુનિ માટે વસ્તિકાઓ બનાવે એ મુનિને ખપે જ નહિ. '**પ્રતિમા બનાવે...**' ગૃહસ્થ. '**પ્રતિષ્ઠા પૂજા કરે...**' ગૃહસ્થ '**ઉસમેં તો છહકાયકે જીવોંકી વિરાધના હોતી હૈ, યહ ઉપદેશ ઔર પ્રવૃત્તિ કી બાહુલ્યતા કૈસે હૈ?**' તો આ ઉપદેશ અને આ શૈલીની બાહુલ્યતા દેખાય એ શું છે? એમ પૂછે છે. છ કાયના .. દેખાય છે, પાણી, પૃથ્વી આદિ અને તમે એમ કહો કે છકાયના હિત કરનારા. શું છે એનો ખુલાસો?

'**ગૃહસ્થ અરહંત, સિદ્ધ, મુનિયોંકા ઉપાસક હૈ;...**' સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ જે છે એ મુનિના-સાચા સંતના અને અરિહંત, સિદ્ધના ઉપાસક છે. સેવક છે. ઉપાસક કીધું ને? '**જહાં સાક્ષાત્ હોં...**' જ્યાં એ મુનિ અને અરિહંત સાક્ષાત્ બિરાજમાન હોય '**વહાં તો ઉનકી વંદના, પૂજન કરતા હી હૈ.**' વંદન-પૂજન કરે એ પણ એક શુભભાવ છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ અરિહંત, સિદ્ધ અને મુનિ. એનો એ સેવક છે સમકિતી. એટલે એને વંદન, પૂજન કરે. પણ એ પણ એક શુભભાવ છે. '**જહાં યે સાક્ષાત્ ન હોં વહાં પરોક્ષ સંકલ્પ કર...**' ભગવાન છે, આ પ્રતિમા, જિન પ્રતિમા છે એમ સંકલ્પ કરીને '**વંદના-પૂજન કરતા હૈ...**' વંદન-પૂજન કરે. એવો વ્યવહાર આવે છે. પુણ્યાદિનો એ પ્રચાર છે. એ નવો નથી કાંઈ.

મુમુક્ષુ :- એવું આવ્યા વિના રહે નહિ.

ઉત્તર :- આવ્યા વિના રહે જ નહિ. પરમાત્મા સાક્ષાત્ ન હોય અને પોતે પરમાત્માનો ભગત છે. એટલે પરમાત્માની પ્રતિમામાં સંકલ્પ કરીને વંદન-પૂજન કરે. પુણ્યનું કારણ છે. આહાહા..!

'**ઉનકે રહનેકા ક્ષેત્ર તથા યે મુક્ત હુએ...** ' જે ક્ષેત્રમાં મુક્તિ થઈ '**અકૃત્રિમ ચૈત્યાલયમેં ઉનકા સંકલ્પ કર...**' શાશ્વત પ્રતિમાઓ છે ને. શાશ્વત પ્રતિમાઓ છે. શાસ્ત્રમાં (કહ્યું). છે બધે. સ્થાનકવાસીમાં છે, શ્વેતાંબરમાં છે. પાઠમાં ૩૨ સૂત્રમાં છે ૪૫માં. શાશ્વત પ્રતિમા છે. મંદિર ... તીર્થંકરની પ્રતિમાઓ છે. તીર્થંકર જ્યારે સાક્ષાત્ ત્રણ કાળ ત્રણ લોકના જાણનારા એવા ભગવાનનો વિરહ જગતમાં ન હોય, એથી એની સ્થાપનાનો પણ વિરહ જગતમાં ન હોય. શાશ્વત પ્રતિમાઓ પણ અનાદિથી ચાલી આવે છે. અનાદિથી જેમ તીર્થંકર ત્રણ કાળમાં, ત્રણ કાળના જાણનારનો ત્રણ કાળમાં વિરહ હોય નહિ. શું કહ્યું સમજાણું? ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારનો વિરહ કોઈ દિ' હોય નહિ. ત્રણે કાળમાં.

મુમુક્ષુ :- અપૂર્ણ જાણનાર છે તો પૂર્ણ જાણનાર હોય જ...

ઉત્તર :- હોય જ. સમજાણું કાંઈ? અને તેથી એનું પ્રતિબિંબ, પ્રતિમા છે ચૈત્યાલય. અનાદિના છે. જેમ આ અનાદિનું છે એવું એ અનાદિનું છે. સમજાણું કાંઈ? એ આવી ગયું છે આપણે આમાં બોધપાહુડમાં. જિનભવનમાં ધ્યાન કરે. ચૈત્યાલય હોય. શબ્દ ભગવાનની વાણી સાચી હોય, એવા મંદિરોમાં ધ્યાન કરે. એ હતા તો ધ્યાન કરે કે ન હતા ત્યારે ધ્યાન કરે? ધ્યાન કરે પોતાનું, પણ આવા

સ્થાનમાં ધ્યાન કરે. પહેલું આવી ગયું છે. જિનભવનમાં. આમ કુંદકુંદાચાર્યે અગ્યાર સ્થાન નિશ્ચયથી વર્ણવ્યા. પાછા અંદર પાઠ લીધો છે. જિનભવન લીધું છે. ચૈત્યાલય લીધું છે. વીતરાગની વાણી જેમાં સ્થાપી હોય એને પણ લીધું છે. વીતરાગના મહામંત્રો જેમાં સ્થાપ્યા હોય એ પણ ધ્યાન કરવાને સ્થાન છે. એ નવું નથી કાંઈ.

કહ્યું હતું તે દિ' ઓલા પરિવર્તન થયું, સંતબાળે ઉપાડ્યું. સ્થાનકવાસી સંતબાળ છે ને. કહે પ્રતિમા નથી... પ્રતિમા નથી... કહો એ તો એને તો શ્રદ્ધા જૈનની છે જ નહિ. એને તો વેદાંતની બસ. .. કરીને પડ્યા છે. પણ એ વખતે ટાકણે અહીંયાં છૂટ્યું અને ત્યાં એમ કહ્યું માળે. કલ્યાણ.. કલ્યાણચંદજી હતા ને આંહિ. એ આવ્યા હતા ત્યારે. .. ત્યારે નહોતા. કહે આ સંતબાળ શું કહે છે? આ ..મૂર્તિ જ નથી શાસ્ત્રમાં. કુંદકુંદાચાર્યે મૂર્તિ કહી જ નથી એમ કહે છે. કીધું આ રહી. આ પાઠ બતાવ્યો હતો. આ પાઠ બતાવ્યો હતો જુઓને. .. માં.

મુમુક્ષુ :- પાનું-૧૧૩. ગાથા.

ઉત્તર :- ૧૧૩ જુઓ પાનુ છે ને. ૪૩મી ગાથા જુઓ.

**सवसासत्तं तित्थं, वचचइदालत्तयं च वुत्तेहिं।**
**जिणभवणं अह वेज्झं, जिणमग्गे जिणवरा विंति।।४३।।**

જિનમાર્ગમાં જિનવરદેવ જિનભવનમાં એકાંતમાં ધ્યાન કરવું એમ કહે છે. ત્યારે કીધું, આ જિનભવન હતા ત્યારે કીધું કે નહોતા માટે કીધું? એ જિનભવન એને કહેવાય. જિનભવન જેમાં વીતરાગની મૂર્તિ હોય એને જિનભવન કહેવાય. ૯૧માં બહુ ચાલ્યું હતું એકફેરી. ઓલા આ શું કહે છે આ? પછી તો એ ઢીલો પડી ગયો. મૂર્તિ ૪૨.. ૮૨ વર્ષ. ભગવાન પછીના ૮૨ વર્ષે એક શીલાલેખ નીકળ્યો મોટો પત્થર. .. પાસેથી. ભગવાન પછી ૮૨ વર્ષથી તો પ્રતિમા ચાલી આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના, એ નહિ. ક્યાંક .. મળી ગઈ. પત્થર એમાં કાંઈક. બાવાના મઠમાં કાંઈક કરતા હશે. પથરો હશે. એ જિનપ્રતિમાના શીલાલેખનો પથરો હતો. ૮૨ વર્ષ, ભગવાન પછી ૮૨ વર્ષ. એ આવ્યું ને તે દિ'ની વાત છે આ તો ૯૧માં. પછી તો એણે માન્યું હતું. માળું! આ ૮૨ વર્ષથી તો... ત્યારે ચૌદ પૂર્વના કરનારા હતા. બાર અંગના ભણનારા હતા ત્યારે પણ જિનભવન તો હતા. આ લેખ છે. પત્થર નીકળ્યો હતો મોટો. ક્યાં એ ભૂલી ગયા. ૩૯ વર્ષ થયા. અમથું શાશ્વત વસ્તુ ત્રિકાળ છે. જિનપ્રતિમા કૃત્રિમ અને અકૃત્રિમ ત્રણે કાળે છે. કોઈ દિ' એનો વિરહ હોઈ શકે નહિ. લોકોએ સમજણ વિના ઉથાપી. અને એક જણાએ પાછો એમાં ધર્મ માન્યો. બેય ખોટી વાત છે. ધર્મ નથી. ધર્મ તો આત્માને આશ્રયે થાય છે. આત્મા પૂર્ણાનંદનો નાથ શુદ્ધ અખંડ આનંદ, એનો આશ્રય કર્યે ધર્મ, બાકી પરને આશ્રયે ધર્મ ત્રણ કાળમાં ન થાય. છતાં પરનો આશ્રય આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી

બંધભાવ છે ત્યાં સુધી આવે છે. જુઓ શેઠ! ચંદુભાઈ!

**'जिणभवणं अह वेज्झं'** ધ્યાન કરવાલાયક છે. **'जिणमग्गे जिणवरा विंति'** જિનમાર્ગમાં જિનવર એમ કહે છે. સમજાણું કાંઈ? એ પ્રશ્ન એને ઉઠ્યો હતો. કલ્યાણજી. તે દિ' કહ્યું હતું આ. ૯૧ની વાત છે. અહીંયાં આવ્યાને ત્યારે ફાગણ મહિને. પછી તરત જ આવ્યા હતા ચૈત્ર. તે દિ' આ ગાથા બતાવી હતી. ૯૧. ૩૯ વર્ષ થયા. આ શું કહે છે? **'जिणवरा जिणमग्गे'** જિનવર કુંદકુંદાચાર્ય પોતે કહે છે લ્યો. જિનમાર્ગમાં જૈનમાર્ગમાં વીતરાગમાર્ગમાં જિનવરદેવોએ જિનભવનમાં ધ્યાન કરવું કહ્યું છે. જિનભવન હતા ત્યારે કરે છે કે જિન નહોતા ત્યારે? ચંદુભાઈ! એમ કીધું. પક્ષપાત કર્યા વિના વાત સમજવી જોઈએ ભાઈ! ખેંચાતાણ એ નહિ કહે. જેમ વસ્તુ છે એમ એને જાણવી જોઈએ. તેમ એને કોઈ એમ જ માની લે છે કે એમાં ધર્મ છે, એનાથી સંવર નિર્જરા થાય. ભગવાનની પૂજા-ભક્તિ .. એય..! ચેતનજી! આસ્રવ ચાર ઘટે આવે છે ને? એ ખોટી વાત છે. શુભાસ્રવ છે, પુણ્યાસ્રવ છે. એ હોય છે. એનો નિષેધ કરે તો તત્ત્વનો યથાર્થ નિષેધ થઈ જાય છે. અને એમાં ધર્મ માને તોપણ તત્ત્વનો વિરોધ થઈ જાય છે. આહાહા..! આવી વાતું ભારે આકરું કામ. અનેકાંત વીતરાગમાર્ગ.

એમાં તો ચૈત્યાલય ભગવાનની વાણીનું તો આવ્યું છે ને. અર્થમાં આવ્યું હતું. ભગવાનની વાણી પધરાવી હોય. **'वचचइदालत्तयं'** ત્રણ શબ્દ છે અંદર જુઓ. **'વચ, ચૈત્ય, આલય,...'** ટીકામાં છે. બીજી લીટી બીજા પેરેગ્રાફની.

મુમુક્ષુ :- પ્રતિમા, અક્ષર, મંત્ર, વાણી જિસમેં સ્થાપિત કિયે જાતે હૈં ઈસપ્રકાર આલય-મંદિર.

ઉત્તર :- હા. પણ આ તો પહેલા શબ્દો આવ્યા ને ખુલ્લા? બીજા બોલમાં છે. **'તીર્થસ્થાન ઔર વચ, ચૈત્ય, આલય, ઈસપ્રકાર ત્રિક જો પહિલે કહા ગયા હૈ અર્થાત્ આયતન આદિક; પરમાર્થરૂપ, સંયમી મુનિ, અરહંત, સિદ્ધ સ્વરૂપ ઉનકે નામકે અક્ષરરૂપ મંત્ર તથા ઉનકી આજ્ઞારૂપ વાણીકો વચ કહતે હૈં...'** લ્યો! વાણીનું મંદિર પણ હોય છે એમ કહે છે. પછી ચૈત્ય કહે છે.

મુમુક્ષુ :- **'ધાતુ પાષાણકી પ્રતિમા સ્થાપનકો ચૈત્ય કહતે હૈં... '**

ઉત્તર :- ચૈત્ય કહ્યા છે. પાછળથી કીધા. બધી વાત થઈ ગઈ આપણે. આહાહા..! વ્યવહાર વ્યવહારના સ્થાનમાં આવે છે. પણ એ વ્યવહાર ધર્મ નહિ. ત્યારે કહે કે ધર્મ નહિ, તો કરવો શું કરવા? ભાઈ! જ્યાં સુધી વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી ધર્મીને પણ એવો શુભભાવ આવ્યા વિના રહે નહિ.

અહીંયાં આવ્યું ને આપણે ચાલે છે ત્યાં. **'સંકલ્પ કર વંદના વ પૂજન કરતા હૈ.'** ચાલે છે એમાં. ક્ષેત્ર હોય, મંદિર હોય, પૂજા હોય, જાત્રાના સ્થાન હોય ત્યાં વંદન-પૂજન... સમકિતીને પણ જે રાગનો વિકલ્પનો ત્યાગ દૃષ્ટિમાં છે. જેનો રાગનો આદર નથી. આદર અંતર આનંદસ્વરૂપ ભગવાન

આત્મા, એનો જેને અંતર આદર છે એવા સમકિતીને પણ આવા ક્ષેત્રમાં સંકલ્પ કરીને પૂજન કરે. ભારે ભાઈ! ના ને હા, હા ને ના. એય..! વીતરાગમાર્ગ એવો સૂક્ષ્મ છે.

'**ઈસમેં અનુરાગવિશેષ સૂચિત હોતા હૈ;...** ' ભગવાનની પ્રતિમા, ભગવાનના રહેવાના સ્થાનો તીર્થયાત્રા આદિ. કે મોક્ષ ગયા એ સ્થાનમાં વંદન, પૂજન, સંકલ્પ જે કરે તો એ ધર્મનો અનુરાગી વિશેષ છે એમ બતાવે છે. '**ફિર ઉનકી મુદ્રા, પ્રતિમા તદાકાર બનાવે...**' તદાકાર બનાવે. '**ઉસકો મંદિર બનાકર પ્રતિષ્ઠા કર સ્થાપિત કરે તથા નિત્ય પૂજન કરે ઈસમેં અત્યંત અનુરાગ સૂચિત હોતા હૈ,...**' પ્રેમ બતાવે છે ભગવાન પ્રત્યેનો. જેને આત્માનો પ્રેમ થયો છે, વીતરાગ મૂર્તિ આત્મા એની વીતરાગતા જ્યાં દશા થઈ નથી પૂરી, એને એવા વીતરાગ ભગવાનની મૂર્તિ આદિનો પ્રેમ આવ્યા વિના રહે નહિ. આવું ભારે. છતાં એ પ્રેમ રાગ છે. ખરેખર એ ધર્મ નથી. એ અધર્મ છે. પુણ્યરૂપી ભાવ પણ એક અધર્મ છે. પંચ મહાવ્રતના પરિણામ લ્યોને એ પુણ્ય છે, અધર્મ છે. ભારે આકરી વાત.

૮૫માં પોષ મહિનો હતો લ્યો. બોટાદની વાત છે. ૪૫ થયા. ૪૫ વર્ષ. સભા ભરાણી હતી મોટી. સભા ત્યાં બોટાદમાં તો... પોષ મહિનાનું .. વ્યાખ્યાન ચાલતું હતું. એમાં આ વાત હતી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. કહો, જયંતિભાઈ! બોટાદ અપાસરામાં પોષ મહિનો હતો. ૮૫નો પોષ. ૧૫ ને ૩૦-૪૫ થયા. અને પંચ મહાવ્રતના પરિણામ એ પણ આસ્રવ અને પુણ્ય છે. બે વાત કરી હતી. ખળભળાટ... ખળભળાટ... સાંભળનારને ખળભળાટ ન થાય. સાંભળનાર તો બેઠા બધા. રાયચંદ આદિ. બધા બેઠા. ..ગોપાણી બધા બુદ્ધિવાળા બેઠા હતા. મોટી સભા. ૩૦૦ ઘર તો વ્યાખ્યાનમાં બહુ માણસો. એમાં જગજીવનજી એક હતા. મૂળચંદજીથી નાના. વજુભાઈ ઓળખે છે. વજુભાઈ! મૂળચંદજીથી નહિ નાના જગજીવનજી? હા જગજીવનજી. એ બેઠા હતા. એને ન ગોઠ્યું આ. એ કહે વોસરે.. વોસરે.. એમ કહે, આ શ્રદ્ધા અમારે જોઈતી નથી. ૪૫ વર્ષની વાત છે. પણ એનું .. કાંઈ નહોતું. મફતના બોલ્યા. કાંઈ કોઈએ સાંભળ્યું નહિ અને કોઈને ખબર પણ પડી નહિ. હું સમજી ગયો. ઉઠી ગયા એ વ્યાખ્યાનમાંથી. ઉઠી ગયા. સભામાં બેઠા હતા સાથે. પાટમાં બીજી પાટ. વ્યાખ્યાન પૂરું થયા પછી કીધું, ઉઠી શું કરવા જાવું? તમારું કોઈએ માન્યું છે? આ કોઈને તમે શું કીધું, એ ખબર નથી. તમને ન રુચે તો બેસી રહેવું હતું. આહાહા..! એ એને બતાવવું હતું, મૂળચંદજીને બતાવવા.

અરે..! ભગવાન! ભાઈ! મહાવ્રતના પરિણામ જે છે મુનિને. સમ્યગ્દૃષ્ટિને પણ હોય, પણ એ મહાવ્રત છે એ પર તરફના લક્ષવાળો રાગ છે. એ પુણ્યાસ્રવ છે. આહાહા..! આવું આકરું કામ બાપુ! અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, તો જેવા ભાવે બંધાય એ ભાવ ધર્મ ન હોઈ શકે. ધર્મને કારણે તો બંધ હોઈ શકે નહિ. ધર્મથી બંધાય? ત્યારે એ બંધનું કારણ, કીધું ભાઈ, ધર્મ નથી. ખરેખર તો અધર્મ છે. એય..! અધર્મ કહો એ શું થયું? બાપુ! આહાહા..! લોકોને સત્ય રુચતું નથી. પક્ષમાં બંધાઈ જાય

છે ને.

અહીં કહે છે, એવા મંદિર બનાવીને '**ઇસમેં અત્યંત અનુરાગ સૂચિત હોતા હૈ, ઉસ અનુરાગસે વિશિષ્ટ પુણ્યબંધ હોતા હૈ...**' જોયું! ખાસ પુણ્યબંધ થાય છે. સમ્યગ્દૃષ્ટિને પણ, શ્રાવકને પણ, અરે..! મુનિને લ્યો, એ પણ પરમેષ્ઠી વંદન આદિ કરે છે. એને પણ શુભભાવ પુણ્ય બંધાય છે. સમજાણું કાંઈ? '**ઔર ઉસ મંદિરમેં છહકાયકે જીવોંકે હિતકી રક્ષાકા ઉપદેશ હોતા હૈ...**' ઉપદેશ તો એ અપાય છે કે નહિ? કોઈ પ્રાણીને પોતાના આત્માને પણ ન હણવો, રાગથી ન હણવો, બીજાને પણ ન હણવો. એવો ઉપદેશ છે. છકાયના હિતનો ઉપદેશ છે. આહાહા..! કારણ કે ખરેખર તો પરની દયા કરવાનો ભાવ એ રાગ છે અને એ જ હિંસા છે. ઝીણી વાત બાપુ! વીતરાગમાર્ગ એવો ઝીણો છે. કારણ કે આ પરની દયા પાળું. તો પાળી શકતો તો નથી. કારણ કે એ તો જડની, પરની અવસ્થા છે. પરની અવસ્થા કરે કોણ? પણ જે દયાનો ભાવ આવે એ રાગ છે. ભગવાન તો એને હિંસા કહે છે. આહાહા..!

એ રાગની ઉત્પત્તિ ન થવી અને આત્માના આનંદની ઉત્પત્તિ થવી એને ભગવાન અહિંસા કહે છે. ભારે ફેર. એ અહિંસા પરમો ધર્મ છે. આહાહા..! વીતરાગભાવની ઉત્પત્તિ થવી જેમાં સંકલ્પ, વિકલ્પનો અભાવ થવો અને વીતરાગતા અંદરમાંથી ઉત્પન્ન થવી એને પરમાત્મા અહિંસા કહે છે. વીતરાગનો માર્ગ જગતથી જુદો છે.

'**નિરંતર સુનનેવાલે ઔર ધારણ કરનેવાલેકે અહિંસા ધર્મકી શ્રદ્ધા દૃઢ હોતી હૈ,...** ' આવો જ્યાં ઉપદેશ હોય એ સ્થાનમાં સાંભળનારા અને ધારણ કરવાવાળાની શ્રદ્ધા દૃઢ થાય છે. અહીં તો સાંભળનાર અને ધારણ કરવાવાળાને ... નિમિત્તથી વાત થાય ને. સમજાણું કાંઈ? એ પરને આશ્રયે થતી નથી. થાય છે તો પોતાને આશ્રયે ત્યાં. પણ આવો જ્યાં ઉપદેશ ચાલતો હોય છે એને માનનારા, એને અહિંસાની (શ્રદ્ધા) દૃઢ થાય છે. આહાહા..! અટપટી વાતું ભારે.

'**તથા ઉનકી તદાકાર પ્રતિમા દેખનેવાલેકે શાંત ભાવ હોતે હૈં,...** ' લ્યો! વીતરાગ મુદ્રા. ઠરી ગયા જ્યાં. એવી જેને .. આવે છે ને? સમયસારમાં આવે છે. જયચંદ પંડિતે નાખ્યું ભાવાર્થમાં. આ જયચંદ પંડિતનું જ છે ને. ભાષા એની જ છે. '**ધ્યાનકી મુદ્રાકા સ્વરૂપ જાના જાતા હૈ...**' શાંત.. શાંત.. જગતને જાણે કાંઈ કરવાનું નથી. ઠરી ગયા છે એમ દેખાય પ્રતિમામાં. એને દેખનારને .. શાંતતા ઉત્પન્ન થાય, કરે તો. અહીં તો '**દેખનેવાલેકે શાંત ભાવ હોતે હૈં,...**' પ્રતિમાને દેખનારને શાંતભાવ થાય એમ લખ્યું છે. પ્રતિમા તો પરદ્રવ્ય છે. એમાં પણ એ છે સમયસાર ભાવાર્થમાં. પહેલી ગાથાઓમાં. એનો અર્થ એ (કે) પોતે અંદર વિચાર કરે કે ઓહોહો..! આ તો રાગ વિનાની ચીજ. ભગવાન સર્વજ્ઞ પ્રતિમા આવી હોય. એવા સર્વજ્ઞ ભગવાન. એનો અંતર વિચાર કરતા શાંતિ એને ઉત્પન્ન થાય પોતાને આશ્રયે, ત્યારે એમ કહેવાય કે આને આશ્રયે શાંતિ પ્રગટ થઈ. આહાહા..!

'**વીતરાગ ધર્મસે અનુરાગ વિશેષ હોનેસે પુણ્યબંધ હોતા હૈ, ઈસલિયે ઈનકો ભી છહકાયકે જીવોંકા હિત કરનેવાલે ઉપચારસે કહતે હૈં.**' વ્યવહાર. '**જિનમંદિર વસ્તિકા પ્રતિમા બનાનેમેં તથા પૂજા-પ્રતિષ્ઠા કરનેમેં આરંભ હોતા હૈ, ઉસમેં કુછ હિંસા ભી હોતી હૈ. ઐસા આરંભ તો ગૃહસ્થકા કાર્ય હૈ,...**' ગૃહસ્થ તો કરે છેને કહે છે, પોતાના ઘર માટે? ઘર માટે કરે છે કે નહિ? '**ગૃહસ્થકો અલ્પ પાપ કહા, પુણ્ય બહુત કહા હૈ;...**' 'સાવધ્ય લેશો બહુ પુણ્ય રાશો.' આવે છે સંમતભદ્રમાં. આહાહા..!

'**ગૃહસ્થકે પદમેં ન્યાયકાર્ય કરકે ન્યાયપૂર્વક ધન ઉપાર્જન કરના, રહને કે લિયે મકાન બનવાના,...**' બનાવે છે કે નહિ એ પોતે? પોતાના ઘર માટે બનાવે છે કે નહિ? કહો, ભગવાનજીભાઈ! પાંચ-પાંચ લાખના, દસ દસ લાખના. આ ચાલીસ લાખના શાંતિલાલ ખુશાલ ગોવામાં. ચાલીસ લાખનું મકાન. બનાવે છે ને ગૃહસ્થ પોતા માટે? '**મકાન બનવાના, વિવાહાદિક કરના...** ' દીકરીના લગન કરે, દીકરાના લગન કરે. કરે છે કે નહિ? '**ઔર યત્નપૂર્વક આરંભ કર આહારાદિક સ્વયં બનાના...**' આહાર બનાવે છે ને પોતે ઘરે? '**ખાના ઈત્યાદિક કાર્યોંમે યદ્યપિ હિંસા હોતી હૈ તો ભી ગૃહસ્થકો ઈનકા મહાપાપ નહીં કહા જાતા હૈ.** ' મહાપાપ નથી, અલ્પ પાપ છે. '**ગૃહસ્થકે તો મહાપાપ મિથ્યાત્વકા સેવન કરના,...**' આહાહા..! રાગ જે પુણ્યભાવ એથી ધર્મ થાય, દેહની ક્રિયા કરતા ધર્મ થાય, પાપભાવમાં મજા એવો જે મિથ્યાત્વભાવ, એ મહાપાપ છે. આહાહા..! મિથ્યાદર્શન શલ્ય.

'**મહાપાપ મિથ્યાત્વકા સેવન કરના,...**' મિથ્યાત્વ કોને કહેવું એની ખબર ન મળે. વસ્તુની સ્થિતિથી વિપરીત માન્યતા-પુણ્યને પાપ માનવું, પુણ્યને ધર્મ માનવો, આત્માના જ્ઞાયકભાવને રાગવાળો, કર્મના સંબંધવાળો માનવો એ બધું મિથ્યાત્વનું સેવન કરવું એ મહાપાપ છે. '**અન્યાય,...**' અન્યાય કરવો. '**ચોરી આદિસે ધન ઉપાર્જન કરના, ત્રસ જીવોંકો મારકર માંસ આદિ અભક્ષ્ય ખાના ઔર પરસ્ત્રી-સેવન કરના યે મહાપાપ હૈં.**' પરસ્ત્રી આદિનું સેવન એ મહાપાપ છે, એમ કહે છે. આવું તો હોય એમ કહે છે જિનમંદિર આદિ. ખુલાસો ઠીક કર્યો છે.

'**ગૃહસ્થાચાર છોડકર મુનિ હો જાવે તબ ગૃહસ્થકે ન્યાયકાર્ય ભી અન્યાય હી હૈં.** ' ગૃહસ્થનું ન્યાયકાર્ય તો એને અન્યાય છે. મુનિને તો આવી દશા. આહાહા..! એક એકેન્દ્રિય જીવને પણ મારવાનો ભાવ.. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિય, તેઈન્દ્રિયા, ચોઈન્દ્રિયા... એવી અલૌકિક દશા. '**મુનિકે આહાર આદિકી પ્રવૃત્તિમેં કુછ હિંસા હોતી હૈ...** ' આવી ગયું ને એ? '**ગૃહસ્થાચાર છોડકર મુનિ હો જાવે તબ ગૃહસ્થકે ન્યાયકાર્ય ભી અન્યાય હી હૈં. મુનિકે ભી આહાર આદિકી પ્રવૃત્તિમેં...**' મુનિ છે ધર્માત્મા ગણધર જેવા લ્યોને. સંત ભાવલિંગી આત્માના આનંદમાં ઝૂલનારા. એને પણ '**આહાર આદિકી પ્રવૃત્તિમેં કુછ હિંસા હોતી હૈ...**' આહાર લેવા જાય ત્યાં હાલે, ચાલે

.. '**ઉસસે મુનિકો હિંસક નહીં કહા જાતા હૈ,...**' છતાં એવી સ્થિતિવાળાને હિંસા કરવાવાળા કહેવામાં આવતા નથી. '**વૈસે હી ગૃહસ્થકે ન્યાયપૂર્વક અપને પદકે યોગ્ય આરંભકે કાર્યોંમે અલ્પ પાપ હી કહા જાતા હૈ,...**' એને પદને યોગ્ય કરે જિનમંદિર આદિ બધા. અલ્પ પાપ છે.

'**જિનમંદિર, વસ્તિકા ઔર પૂજા પ્રતિષ્ઠાકે કાર્યોંમેં આરંભકા અલ્પ પાપ હૈ; મોક્ષમાર્ગમેં પ્રવર્તનેવાલોંસે અતિ અનુરાગ હોતા હૈ ઔર ઉનકી પ્રભાવના કરતે હૈં, ઉનકો આહારદાનાદિક દેતે હૈં...**' મુનિને. '**ઉનકા વૈયાવૃત્યાદિ કરતે હૈં. યે સમ્યક્ત્વકે અંગ હૈં...**' સમકિતની ભૂમિકામાં એ ભાવ હોય છે, અંગ એટલે. સમજાણું કાંઈ? '**મહાન પુણ્યકે કારણ હૈં,...**' ઓલું છે ને. ધર્મ નથી ભલે. એમ એ તીવ્ર પાપના પરિણામ પણ નથી. એના .. આકરી વાત બહુ બધી. '**ઈસલિયે ગૃહસ્થકો સદા હી કરના યોગ્ય હૈં ઔર ગૃહસ્થ હોકર યે કાર્ય ન કરે તો જ્ઞાત હોતા હૈ કિ ઈસકે ધર્માનુરાગ વિશેષ નહીં હૈ.**' એને ધર્મનો પ્રેમ છે નહિ. એનો અર્થ કે એના પ્રમાણમાં જે જોઈએ તે નથી એમ. ધર્માનુરાગ વિશેષ નથી. પ્રેમ જ નથી એમ એનો અર્થ થયો. જેને એવો ભાવ હોય એને તો આવો પ્રેમ આવ્યા વિના રહે નહિ. વીતરાગી કેવળજ્ઞાન થયા પછી ખલાસ. એને કાંઈ ન હોય.

'**પ્રશ્ન :- ગૃહસ્થકો જિસકે બિના ચલે નહીં ઈસપ્રકારકે કાર્ય તો કરના હી પડે ઔર ધર્મપદ્ધતિમેં આરંભકા કાર્ય કરકે પાપ ક્યોં મિલાવે,...**' એમ કે આમાં સામાયિક અને પોષા ન કરીએ અમે? એ કહે છે. સાંભળ તો ખરો હવે. આહાહા..! '**સામાયિક, પ્રતિક્રમણ, પ્રૌષધ...**' કરીએ '**કરકે પુણ્ય ઉપજાવે.**' પુણ્ય ઉપજાવે એમ કીધું છે હોં. '**ઉસકો કહતે હૈં—યદિ તુમ ઈસપ્રકાર કહો તો તુમ્હારે પરિણામ તો ઈસ જાતિકે હૈ નહીં,...**' તને ખબર નથી સામાયિક અને પ્રૌષધવાળાના પરિણામ કેવા હોય. આહાહા..! એ તો આત્માના આનંદમાં મશગુલ હોય. સામાયિક એને કહીએ. સામાયિક આ નમો અરિહંતાણં કરીને બે ઘડી બેઠા એ સામાયિક ક્યાં છે? એ તો રાગ છે. આહાહા..! નિર્વિકારી ચિદાનંદ સ્વરૂપ ભગવાન એમાં સમતાનો લાભ મળે, વીતરાગતાભાવનો લાભ મળે એને સામાયિક કહીએ. હજી વસ્તુ કોણ છે એની ખબરું ન મળે અને અમે આમાં પાપ લાગે માટે આ અમે કરીએ. તો તને તારા પરિણામની ખબર છે નહિ. આહાહા..! સામાયિક અને પ્રૌષધ કરે. તોપણ આણે તો કીધું પુણ્ય ઉપાર્જિત.

'**કેવલ બાહ્યક્રિયા માત્રમેં હી પુણ્ય સમજતે હો.**' તો બાહ્ય ક્રિયામાં તમે પુણ્ય માનો છો. '**બાહ્યમેં બહુ આરંભી પરિગ્રહીકા મન,...**' ન્યાય આપે છે જરી. બાહ્યમાં ઘણા આરંભી અને પરિગ્રહનું મન '**સામાયિક પ્રતિક્રમણ આદિ નિરારંભ કાર્યોંમેં વિશેષરૂપસે લગતા નહીં હૈ...**' ઠરી નહિ શકે એ, મહા આરંભ અને પરિગ્રહના ભાવ વખતે. સામાયિકમાં એ ઠરી શકશે નહિ. આનંદમાં ઠરવું, શુદ્ધ ઉપયોગમાં આવવું એનું નામ સામાયિક છે. ભગવાનનું સ્મરણ કરવું એ બધો શુભરાગ છે એ તો. સામાયિક નથી. આહાહા..! કહો, જયંતિભાઈ!

'અનુભવગમ્ય હૈ,...' જોયું! '**નિરારંભ કાર્યોમેં વિશેષરૂપસે લગતા નહીં હૈ યહ અનુભવગમ્ય હૈ,...**' સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગ જામતો નથી એ તો ખબર નથી પડતી તને? કહે છે એ તો શુભરાગ છે ક્રિયા જેટલો. સામાયિક ને પોષા ને પડિક્કમણા એ તો વિકલ્પ, રાગ છે. અંદરમાં આત્મામાં જામી જાવું એ તો સમ્યગ્દર્શન વિના, અંતર દૃષ્ટિ વિના અંતરમાં શુદ્ધ ઉપયોગ આવી શકે જ નહિ એને. સમજાણું કાંઈ? ઘણા ખુલાસા કર્યા છે. '**કેવલ બાહ્ય સામાયિકાદિ નિરારંભ કાર્યકા ભેષ ધારણકર બૈઠો તો કુછ વિશિષ્ટ પુણ્ય નહીં હૈ,...**' ખાસ પુણ્ય નથી. સાધારણ બાંધે. '**શરીરાદિક બાહ્ય વસ્તુ તો જડ હૈં, કેવલ જડકી ક્રિયા કા ફલ તો આત્મા કો મિલતા નહીં હૈ.**' .. પડ્યો એમા શું થયું? તારો ભાવ તો સંકલ્પ-વિકલ્પમાં ચાલે છે અંદર. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કા આનુપૂર્વી ગણે આ. આનુપૂર્વી આવે છે ને. .. આ છે. એ તો વિકલ્પ છે, શુભરાગ છે.

'**જિતને અંશમેં બાહ્યક્રિયામેં લગેં...**' અપના ભાવ. '**ઉતને અંશમેં શુભાશુભ ફલ અપનેકો લગતા હૈ;...**' લ્યો! જેવા પરિણામ થાય એવું એને બંધ થાય. કાંઈ શરીરની ક્રિયાને આશ્રયે બંધ છે નહિ. '**ઈસપ્રકાર વિશિષ્ટ પુણ્ય તો ભાવોંકે અનુસાર હૈ.**' લ્યો! '**આરંભી-પરિગ્રહીકે ભાવ તો પૂજા, પ્રતિષ્ઠાદિક બડે આરંભમેં હી વિશેષ અનુરાગ સહિત લગતે હૈં.**' આમાં ૩૪ ગાથા. એમ કે '**પ્રતિષ્ઠાદિક બડે આરંભમેં હી વિશેષ અનુરાગ સહિત લગતે હૈં. ગૃહસ્થાચારકે બડે આરંભસે વિરક્ત હોગા સો ઉસે ત્યાગકર અપના પદ બઢાવેગા, જબ ગૃહસ્થાચારકે બડે આરંભ છોડેગા તબ ઉસીતરહ ધર્મપ્રવૃત્તિકે બડે આરંભ ભી પદકે અનુસાર ઘટાવેગા.**' પડિમામાં ઘટાવે. આગળ ઘટે.

'**મુનિ હોગા તબ આરંભ ક્યોં કરેગા?**' નગ્નમુનિ દિગંબર જંગલમાં વસે, આત્માના આનંદમાં, એને તો કાંઈ આરંભ હોતો નથી. એ તો પછી પ્રતિમા બનાવવું, આ કરવું એ કાંઈ છે નહિ કહે છે. '**ઈસલિયે મિથ્યાદૃષ્ટિ બાહ્યબુદ્ધિ જો બાહ્ય કાર્યમાત્રહીકો પુણ્ય-પાપ-મોક્ષમાર્ગ સમજતે હૈં...**' બહારની ક્રિયામાં જ પુણ્ય-પાપ અને મોક્ષમાર્ગ સમજે '**ઉનકા ઉપદેશ સુનકર અપનેકો અજ્ઞાની નહીં હોના ચાહિયે. પુણ્ય-પાપકે બંધમેં શુભાશુભ ભાવ હી પ્રધાન હૈ...**' જોયું! પુણ્ય-પાપના ભાવમાં શુભાશુભ ભાવ મુખ્ય છે. ક્રિયા નહિ. '**પુણ્ય-પાપરહિત મોક્ષમાર્ગ હૈ,...**' મોક્ષનો માર્ગ તો એ પુણ્ય-પાપરહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ છે. આહાહા..! દયા, દાન, વ્રત, પરિણામ એ બધા તો પુણ્યભાવ છે. એ આવે છે. પણ એ કાંઈ સંવર-નિર્જરા નથી. સંવર-નિર્જરા તો અંદર આનંદસ્વરૂપમાં રમણતા, શુદ્ધ ઉપયોગ છે. પુણ્ય પરિણામ એ અશુદ્ધ ઉપયોગ છે. ભગવાનનું સ્મરણ કરવું, નામ જાપ કરવું એ બધો અશુદ્ધ ઉપયોગ છે, પુણ્ય. અંદરમાં, પણ હજી અંદર ચીજ અંતર્મુખ શું છે એની તો દૃષ્ટિ થઈ નથી, એની ખબર નથી. એ અંતરમાં શી રીતે જાય?

આહાહા..!

મુમુક્ષુ :- ..ધર્મ માન્યો છે ને.

ઉત્તર :- અનાદિથી આમ જ રખડ્યો છે ને.

**'શુભાશુભ ભાવ હી પ્રધાન હૈ ઔર પુણ્ય-પાપરહિત મોક્ષમાર્ગ હૈ, ઉસમેં સમ્યગ્દર્શનાદિકરૂપ આત્મપરિણામ પ્રધાન હૈ.'** દેખો! એ મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર મુખ્ય છે. ભગવાન આત્મા ધ્રુવ પરિપૂર્ણ પરમાત્મા એની અંતર દૃષ્ટિ નિર્વિકલ્પ થવી, એનું સ્વસંવેદન થવું, એમાં રમણતા થવી એ મોક્ષમાર્ગમાં આ પ્રધાન છે. આહાહા..! હવે એને તો સમ્યગ્દર્શન શું? સમ્યગ્દર્શનનો વિષય શું? એની ખબર ન મળે અને બાહ્ય ક્રિયાથી માને. આહાહા..! 'બાહ્ય ક્રિયામાં રાચતા...' આવે છે ને શ્રીમદ્‌માં? 'અંતર ભેદ ન કાંઈ, માને માર્ગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ' 'માને માર્ગ મોક્ષનો...' પછી? ચોથું પદ ક્યું? 'કરુણા ઊપજે...' 'બાહ્ય ક્રિયામાં રાચતા અંતર ભેદ ન કાંઈ, જ્ઞાન માર્ગ નિષેધતા એ ક્રિયાજડ આહીં.' મેળ ખાવો જોઈએને પાછો. આહાહા..! બાહ્ય ક્રિયામાં રાચે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તપ.

મુમુક્ષુ :- એ એના શરીરની ક્રિયા.

ઉત્તર :- શરીરની ક્રિયાથી માને આ. 'અંતર ભેદ ન કાંઈ.' દેહ અને રાગથી આત્મા જુદો એની તો ખબર પણ ન મળે. એને સમ્યગ્દર્શન નથી ત્યાં ધર્મ ક્યાંથી થાય? ભારે આકરું કામ છે જગતને.

**'સમ્યગ્દર્શાનાદિરૂપ આત્મપરિણામ...'** ભાષા દેખો! ઓલા દયા, દાન, વ્રતના પરિણામ એ આત્મ પરિણામ નહિ. એ પુણ્ય પરિણામ છે. ભગવાનની ભક્તિ, પૂજા આદિ એ આત્મપરિણામ નહિ, શુભભાવ છે. શુભભાવ તો રાગ છે. આહાહા..! ભારે! **'(હેયબુદ્ધિ સહિત) ધર્માનુરાગ મોક્ષમાર્ગકા સહકારી હૈ...'** લ્યો! આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના આશ્રયે થયેલા પરિણામ મુખ્ય છે ધર્મમાં. અને એમાં એની સાથે સહકારી... હેયબુદ્ધિસહિત છે ને? એ તો આશ્રયે કીધું છે. **'ધર્માનુરાગ મોક્ષમાર્ગકા સહકારી હૈ ઔર (આંશિક વીતરાગ ભાવ સહિત) ધર્માનુરાગકે તીવ્ર-મંદકે ભેદ બહુત હૈં, ઈસલિયે અપને ભાવોંકો યથાર્થ પહચાનકર અપની પદવી, સામર્થ્ય પહિચાન-સમજકર શ્રદ્ધાન-જ્ઞાન ઔર ઉસમેં પ્રવૃત્તિ કરના; અપના ભલા-બુરા અપને ભાવોંકે આધીન હૈ, બાહ્ય પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર હૈ,...'** લ્યો! **'ઉપાદાન કારણ હો તો નિમિત્ત ભી સહકારી હો...'**

મુમુક્ષુ :- ઉપાદાનમાં પણ નિમિત્ત...

ઉત્તર :- છે જ ને. પણ કર્યું નથી.

**'ઉપાદાન ન હો તો નિમિત્ત કુછ ભી નહીં કરતા હૈ,...'** એમાં નિમિત્ત કર્તા ક્યાંથી આવ્યું? ઉપાદાન નથી ત્યાં નિમિત્ત પણ કોનું? **'ઈસપ્રકાર ઈસ બોધપાહુડકા આશય જાનના ચાહિયે.'**

લ્યો! **'ઈસકો અચ્છી તરહ સમજકર આયતનાદિક જૈસે કહે વૈસે ઔર ઉનકા વ્યવહાર ભી બાહ્ય વૈસા હી તથા ચૈત્યગૃહ,...'** જિનપ્રતિમાનું ઘર **'પ્રતિમા, જિનબિંબ,...'** આ વ્યવહાર. **'જિનમુદ્રા આદિ ધાતુ-પાષાણાદિકકા ભી વ્યવહાર વૈસા હી જાનકર શ્રદ્ધાન ઔર પ્રવૃત્તિ કરની. અન્યમતી અનેક પ્રકાર સ્વરૂપ બિગાડ કર પ્રવૃત્તિ કરતે હૈં ઉનકી બુદ્ધિ કલ્પિત જાનકર ઉપાસના નહીં કરની.'** અજ્ઞાની પોતાની કલ્પિત બુદ્ધિથી દેવ-ગુરુ-શાસ્ત્રને બીજી રીતે કહે છે, એ માને એ વાત ખોટી છે. **'ઈસ દ્રવ્યવ્યવહારકા પ્રરૂપણ પ્રવજ્યાકે સ્થલમેં આદિસે દૂસરી ગાથા મેં બિંબ ચૈત્યાલયત્રિક...'** જુઓ! **'જિનભવન...'** આવ્યું ને કીધું હતું હમણા એ. **'બિંબ ચૈત્યાલયત્રિક ઔર જિનભવન યે ભી મુનિયોંકે ધ્યાન કરને યોગ્ય હૈં ઈસપ્રકાર કહા હૈ...'** ગાથા કીધી હતી પહેલી. એણે નાખ્યું આમાં જુઓ. **'ઈસલિયે જો જિનમંદિર, પ્રતિમા, પૂજા, પ્રતિષ્ઠા આદિકકે સર્વથા નિષેધ કરનેવાલે વહ સર્વથા એકાંતીકી તરહ મિથ્યાદષ્ટિ હૈં,...'** એનો નિષેધ કરનારા એકાંતિક મિથ્યાદષ્ટિ છે. **'ઈનકી સંગતિ નહીં કરના.'**

**'(મૂલાચાર પૃ.૪૯૨ અ.૧૦ ગાથા ૬૬મેં કહા હૈ કિ શ્રદ્ધાભ્રષ્ટોંકે સંપર્કકી અપેક્ષા...'** શું કહે છે? જેની શ્રદ્ધા નિશ્ચય-વ્યવહારની સાચી જ નથી. એવાનો સંપર્ક **'શ્રદ્ધાભ્રષ્ટોંકે સંપર્કકી અપેક્ષા (ગૃહમેં) પ્રવેશ કરના અચ્છા હૈ...'** એ કરતા, કહે છે કે લગન કરવું એ ઠીક છે. કારણ કે લગન કરવામાં ચારિત્રદોષ છે. અને આવા શ્રદ્ધા ભ્રષ્ટોના પરિચયમાં રહીશ તો મિથ્યાત્વી થઈ જઈશ કહે. એ કુંદકુંદાચાર્યનું વચન છે હોં મૂળાચારનું. મૂળાચારનું છે. આહાહા..! **'શ્રદ્ધાભ્રષ્ટોંકે સંપર્કકી અપેક્ષા (ગૃહમેં) પ્રવેશ કરના અચ્છા હૈ ક્યોંકિ વિવાહમેં મિથ્યાત્વ નહીં હોગા,...'** લગન કરે એમાં કાંઈ મિથ્યાત્વ નથી. એ તો રાગનો દોષ છે. આહાહા..! કહો, જયંતિભાઈ! આને શ્રદ્ધાભ્રષ્ટનો પરિચય કરશે, મહામિથ્યાત્વનો પાપ લાગશે. આહાહા..! આચાર્યે કહ્યું છે. આહાહા..! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો પરિચય છોડી દે. તને ન રહેવાતું હોય તો, કહે છે કે વિવાહ કરજે. એકનો બે થાજે. એનો સંગ કરજે, પણ આ સંગ નહિ કરીશ. એમ કરીને તીવ્ર સંગનો નિષેધ કરે છે હોં! વિવાહ કરવાનું કહેતા નથી કાંઈ. આના પાપ કરતા ઓલું મહાપાપ છે. વિવાહ કરવું, લગન કરવું એ તો છન્નું હજાર સ્ત્રી ચક્રવર્તીને હોય છે. ક્ષાયિક સમકિતી તીર્થંકર. ૧૬મા, ૧૭મા, ૧૮મા ચક્રવર્તી તીર્થંકર છન્નું હજાર સ્ત્રી હોય. એ પાપ કાંઈ મિથ્યાત્વ નથી. એ તો શરીરનો વિષયનો ભાગ છે એટલે પાપ છે. પણ જેનાથી ધર્મ મનાવે, પુણ્યથી ધર્મ મનાવે, પરની પૂજા, ભક્તિ નથી, વ્યવહારને જૂઠો ઠરાવે—એવા ભ્રષ્ટાચારોનો સંગ કરવો નહિ. લ્યો!

**'વિવાહમેં મિથ્યાત્વ નહીં હોગા, પરંતુ ઐસે ગણ...'** એવા જે સાધુના ટોળા મિથ્યાદષ્ટિ **'તો સર્વ દોષોંકે આકર હૈં...'** સર્વ પાપની ખાણ છે એ તો. આહાહા..! **'સર્વ દોષોંકે આકર હૈ...'** સમુદ્ર છે. **'ઉસમેં મિથ્યાત્વાદિ દોષ ઉત્પન્ન હોતે હૈં...'** ખોટી શ્રદ્ધાવાળા એવા કુતર્ક

નાખશે કે તને શ્રદ્ધા ઉંધી થઈ જશે તને. આહાહા..! **'મિથ્યાત્વાદિ દોષ ઉત્પન્ન હોતે હૈં અતઃ ઈનસે અલગ રહના હી અચ્છા હૈ'** એવી શ્રદ્ધાભ્રષ્ટો સાધુના ટોળાથી જુદું રહેવું એ સાર્થિક છે, એમ કહે છે. ભારે જરી ઝીણી વાત ભાઈ! લોકને મિથ્યાત્વના પાપની મહાનતા નીચતા કેટલી છે એની ખબર નથી. એ રાગનો ભાગ અંશ પણ હો તો એનાથી ધર્મ થાય એમ માન્યતા જે છે એ મહામિથ્યાત્વ પાપ છે. અને રાગ ચારિત્રદોષનો રાગ હોય તો એ અલ્પદોષ છે. ચરિત્ ભટ્ઠા સિજ્ઝંતી. દર્શનપાહુડમાં આવી ગયું છે. ચારિત્રદોષ હશે તો એ .. ખ્યાલ છે કે આ દોષ છે. પણ દર્શન ભટ્ઠા ન સિજંતી. પણ શ્રદ્ધાથી જે ભ્રષ્ટ છે એની મુક્તિ કોઈ દિ' થશે નહિ. **'ઐસા ઉપદેશ હૈ.'** લ્યો! લાંબુ લખાણ આવ્યું.

**'આગે આચાર્ય ઈસ બોધપાહુડકા વર્ણન અપની બુદ્ધિકલ્પિત નહીં હૈ,...'** આ મેં મારી કલ્પનાથી નથી કહ્યું આ બધું. એમ કહે છે. અગ્યાર બોલ કહ્યા ને? આયતન, જિનપ્રતિમા, જિનમુદ્રા બધો આત્મા. આત્મા એ જિનપ્રતિમા, આત્મા એ જિનમુદ્રા, આત્મા એ જિનધર્મનું સ્થાન નિશ્ચયથી. વ્યવહાર વ્યવહારને સ્થાને. એ મારી બુદ્ધિથી નથી કહ્યું. **'કિંતુ પૂર્વાચાર્યકે અનુસાર કહા હૈ...'** પૂર્વના આચાર્યોએ કહ્યું છે તે મેં કહ્યું છે.

सद्वियारो हूओ भासासुत्तेसु जं जिणे कहियं।
सो तह कहियं णायं सीसेण य भद्दबाहुस्स।।६१।।

**'અર્થ :- શબ્દકે વિકારસે ઉત્પન્ન હુએ ઈસપ્રકાર અક્ષરરૂપ પરિણમે...'** આ ભાષા છે એ શબ્દનો વિકાર છે. આહાહા..! એ કાંઈ આત્માની ક્યાં અવસ્થા છે? વીતરાગની વાણી પણ શબ્દનો વિકાર છે. આહાહા..! જડની પર્યાય છે. આહાહા..! જુઓને ખુલાસો તો જુઓ! **'શબ્દ કે વિકારસે ઉત્પન્ન હુએ ઈસપ્રકાર અક્ષરરૂપ પરિણમે ભાષાસૂત્રોમેં જિનદેવને કહા,... '** નિમિત્તથી વચન છે ને. **'વહી શ્રવણમેં અક્ષરરૂપ આયા...'** એ જ શ્રવણમાં અક્ષરરૂપ આવ્યું. **'જૈસે જિનદેવને કહા વૈસા હી પરંપરા સે ભદ્રબાહુનામક પંચમ શ્રુતકેવલીને જાના ઔર અપને શિષ્ય વિશાખાચાર્ય આદિકો કહા.'** એ પરંપરાથી આ ચાલી આવેલી વાત છે એમ કહે છે. મેં નવી કરી છે એમ છે નહિ. સમજાણું કાંઈ? જિનમાર્ગમાં એ વાત પરંપરાથી ચાલી આવે છે. આહાહા..!

**'વહ ઉન્હોંને જાના વહી અર્થરૂપ વિશાખાચાર્યકો પરંપરાસે ચલા આયા. વહી અર્થ આચાર્ય કહતે હૈં, હમને કહા હૈ, વહ હમારી બુદ્ધિસે કલ્પિત કરકે નહીં કહા ગયા હૈ, ઈસપ્રકાર અભિપ્રાય હૈ.'** લ્યો! કુંદકુંદાચાર્ય કહે છે કે આ બધી વાત અગ્યાર સ્થાનની કહી એ મારી કલ્પનાથી નથી. ભગવાને કહેલું, ભદ્રબાહુએ કહેલું, વિશાખાચાર્યે ધારેલું પરંપરાથી ચાલ્યું આવ્યું છે. એમ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૪, સોમવાર તા. ૦૭-૦૧-૧૯૭૪**
**ગાથા - ૬૨, ૧, પ્રવચન - ૮૩**

છેલ્લી ગાથા ૬૨. 'આગે ભદ્રબાહુ સ્વામીકી સ્તુતિરૂપ વચન કહતે હૈં :—'

**बारसअंगवियाणं चउदसपुव्वंगविउलवित्थरणं।**
**सुयणाणि भद्दबाहु गमयगुरु भयवओ जयउ।।६२।।**

પાંચમા શ્રુતકેવળી છે આ, ભદ્રબાહુસ્વામી, ભગવાન પછી. એમના સ્મરણમાં સ્તુતિ કરી.

'**અર્થ :- ભદ્રબાહુ નામ આચાર્ય જયવંત હોવેં, કૈસે હૈં? જિનકો બારહ અંગોકા વિશેષ જ્ઞાન હૈ,...**' બાર અંગનું પૂર્ણ જ્ઞાન હતું. કહેવા એમ માગે છે કે આ બધા અધિકાર એમણે કહેલા, મેં કહ્યા છે. મારા ઘરના કહ્યા નથી. ઘરના નથી કહ્યા કલ્પિત. પાંચમા શ્રુતકેવળીએ પોતાના શિષ્યને કહ્યું હતું એ શિષ્યની પરંપરાએ અમારા સુધી આવ્યું, એ અમે કહીએ છીએ અહીંયા. '**જિનકો ચૌદહ પૂર્વોંકા વિપુલ વિસ્તાર હૈ...**' ચૌદ પૂર્વનું જ્ઞાન. બાર અંગની અંદર પેટા ભેદ. '**ઈસલિયે શ્રુતજ્ઞાની હૈં,...**' ભાવશ્રુતજ્ઞાની અને દ્રવ્યશ્રુતજ્ઞાની બેય.

'**પૂર્ણ ભાવજ્ઞાન સહિત અક્ષરાત્મક શ્રુતજ્ઞાન ઉનકે થા,...** ' લ્યો! ભાવશ્રુત જ્ઞાન એટલે આત્માના આનંદનું સમ્યક્‌ભાવશ્રુત જ્ઞાન વેદનસહિત જે જ્ઞાન એને ભાવશ્રુત જ્ઞાન કહે છે. વિકલ્પવાળું જે અક્ષરાત્મક જ્ઞાન એને દ્રવ્યશ્રુતજ્ઞાન કહે છે. અંતર આત્મા પોતાની જ્ઞાન પર્યાયથી ત્રિકાળી જ્ઞાયકભાવને પર્યાયમાં વેદે ભાવશ્રુતજ્ઞાન દ્વારા એને અહીંયાં ભાવશ્રુતજ્ઞાનની નિર્મળ નિરપેક્ષ પર્યાય કહેવામાં આવે છે. એ એમને હતી એમ કહે છે. કુંદકુંદાચાર્ય એમ કહે છે. વર્તમાનકાળે નહોતા ભદ્રબાહુ સ્વામી, કુંદકુંદાચાર્યે વખતે નહોતા, છતાં એનો જે ભાવ રહેલો એને જાણીને કહ્યું કે એ ભાવશ્રુતજ્ઞાની હતા. અનંતકાળે જેને ભાવશ્રુતજ્ઞાન પ્રગટ નથી કર્યું. શાસ્ત્રના ભણતર કર્યા, પણ આ આત્મા આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એનું જે ભાવ જ્ઞાન આનંદરૂપ થઈ એ નહોતું પ્રગટ કર્યું એ પ્રગટ કર્યું હતું આમણે. જુઓ! છદ્મસ્થમુનિ, છદ્મસ્થ ભદ્રબાહુ સ્વામીની પરીક્ષા કરીને બેઠા છે. કોઈ કહે કે એમ કાંઈ .. બીજા આત્મા કેવા હોય એની શી ખબર પડે? આમાં તો આમ લખ્યું છે. ચેતનજી!

શ્રુતજ્ઞાની હતા. '**ગમક ગુરુ હૈં, જો સૂત્રકે અર્થકો પ્રાપ્ત કર ઉસીપ્રકાર વાક્યાર્થ કરે...** ' વાક્યાર્થ એટલે જે કહેવું છે તેનો ભાવાર્થ બતાવે. શબ્દશઃ '**ઉસકો ગમક કહતે હૈં, ઉનકે ભી ગુરુઓંમેં પ્રધાન હૈં,...**' શાસ્ત્રાર્થ સમજાવે, એનો શું પરમાર્થ છે? એના ઉપર એ ગુરુ પ્રધાન હતા. '**ભગવાન હૈં...**' પાઠમાં છે ને. '**भयवओ जयउ**' કુંદકુંદાચાર્ય પોતે. આહાહા..! ભદ્રબાહુસ્વામીને ભગવાન તરીકે સંબોધે છે. સમજાય છે કાંઈ? એ ભગવાન હતા. '**સુરાસુરોંસે પૂજ્ય હૈં,...**' દેવ,

દાનવ અને મનુષ્ય એનાથી એ પૂજ્ય હતા. આ પંચમ આરાના સાધુની વાત છે હોં! **'વે જયવંત હોવેં.'** એ મંગળિક કર્યું ને સ્તુતિ કરી.

**'ઈસપ્રકાર કહનેમેં ઉનકો સ્તુતિરૂપ નમસ્કાર સૂચિત હૈ.'** એમ કહેવાથી સ્તુતિરૂપ વચનને નમસ્કાર છે. જયવંત હો. ભદ્રબાહુસ્વામી બાર અંગના જાણનાર, ચૌદ પૂર્વના વિસ્તાર વગેરે જ્ઞાનવાળા આત્મજ્ઞાની અને અક્ષરાત્મક જ્ઞાનને સમજાવનારા. એ જયવંત હો. એમ કરીને ઉત્કૃષ્ટ મંગળિક કર્યું છે. નમસ્કાર કર્યો છે. **'ઈસપ્રકાર કહનેમેં ઉનકો સ્તુતિરૂપ નમસ્કાર સૂચિત હૈ. 'જયતિ' ધાતુ સર્વોત્કૃષ્ટ અર્થમેં હૈ...'** જય હો. એ સર્વોત્કૃષ્ટ. ભગવાન આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એનું જે ભાવશ્રુતજ્ઞાન અને એનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એ જયવંત રહો. નમસ્કાર કર્યો છે. **'સર્વોત્કૃષ્ટ કહનેસે નમસ્કાર હી આતા હૈ.'**

**'ભાવાર્થ :- ભદ્રબાહુસ્વામી પંચમ શ્રુતકેવલી હુએ.'** આમ કહેવાનો અર્થ શું છે? કે શ્વેતાંબર પંથ પહેલો નીકળી ગયેલો, કુંદકુંદાચાર્ય થયા પહેલા. અનાદિ સનાતન દિગંબર જૈનદર્શન પરમ જૈન સત્યદર્શન. એમાંથી શ્વેતાંબર ભગવાન પછી છસ્સો વર્ષે નીકળ્યા. એથી કહ્યું કે એ માર્ગ વીતરાગનો નહિ. વીતરાગે જે કહેલો માર્ગ સર્વજ્ઞનો આ માર્ગ છે. સમજાણું કાંઈ? એ ભારે વાંધા ઉઠ્યાને મોટા.. અને શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી તો હમણા નીકળ્યા પાંચસો વર્ષ (પહેલા). સ્થાનકવાસી શ્વેતાંબરમાંથી નીકળેલા અને એમાંથી આ તુલસી તેરાપંથી તો હમણા નીકળ્યા. એ વીતરાગ માર્ગ-સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગથી વિરૂદ્ધ છે. ભારે કઠણ. અનાદિ સનાતન સર્વજ્ઞે કહેલો માર્ગ એ ભદ્રબાહુસ્વામી પાંચમા શ્રુતકેવળીએ કહ્યું એ જ મેં માર્ગ આમાં કહ્યો છે એમ કહે. 'વાડા બાંધી બેઠા...' ... લાલજીભાઈ! ભારે આકરું કામ.

**'ભદ્રબાહુસ્વામી પંચમ શ્રુતકેવલી હુએ.'** નગ્નમુનિ દિગંબર હતા. જૈનદર્શનમાં દિગંબર જ મુનિ હોય છે. બીજા મુનિને જૈનદર્શન મુનિ કહેતા નથી. એ જે કહે છે તે બધો અન્યમત છે. જૈનમત નથી એ. આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? **'ઉનકી પરંપરાસે શાસ્ત્રકા અર્થ જાનકર...'** ભગવાન ભદ્રબાહુ સ્વામી પાંચમા શ્રુતકેવળી થયા. એની પરંપરામાં **'શાસ્ત્રકા અર્થ જાનકર યહ બોધપાહુડ ગ્રંથ રચા ગયા હૈ, ઈસલિયે ઉનકો અંતિમ મંગલકે લિયે આચાર્યને સ્તુતિરૂપ નમસ્કાર કિયા હૈ. ઈસપ્રકાર બોધપાહુડ સમાપ્ત કિયા હૈ.'** લ્યો! ૬૨ ગાથા.

હવે છેલ્લો છપ્પય.

**छप्पय**

प्रथम आयतन दुतिय चैत्यगृह तीजी प्रतिमा।
दर्शन अर जिनबिंब छठो जिनमुद्रा यतिमा।।
ज्ञान सातमूं देव आठमू नवमूं तीरथ।

दसमूं है अरहंत ग्यारमूं दीक्षा श्रीपथ।।
इस परमारथ मुनिरूप सति अन्य भेष सब निंद्य है।
व्यवहार धातुपाषाणमय आकृति इनिकी वंद्य है।।१।।

આવો માર્ગ ભગવાનનો છે ભાઈ! દિગંબર મુદ્રા સિવાય જૈન સાધુપણું ત્રણ કાળમાં હોય નહિ. અન્ય ભેખ જૈનમાર્ગને વિષે તો નિંદનીય કહ્યો છે. આ વસ્ત્રસહિત મુનિપણું એ જૈનદર્શન નથી. એવી વાત છે, બાપુ! .. માર્ગ તો આ હતો અનાદિનો. અનાદિ તીર્થંકર કેવળી પરમાત્મા એમ કહેતા જ આવ્યા છે. એ જૈન દિગંબર દશા હોય સાધુની. અને તે વનમાં જ હોય. એ આત્માના અંતર આનંદના ધ્યાનમાં મસ્ત હોય. એને અહીંયાં જૈનદર્શનમાં મુનિ ગણવામાં આવ્યા છે. બાકી અન્ય ભેખને મુનિ ગણવામાં આવ્યા નથી. શું કહે છે જુઓને.

'**व्यवहार धातुपाषाणमय आकृति इनिकी वंद्य है।**' એનો અર્થ પહેલો. પ્રથમ આયતન એ મુનિ આનંદસ્વરૂપની દશામાં જે લીન છે એને ધર્મનું સ્થાન કહેવામાં આવે છે. આ બહારના ધર્મના સ્થાન તો બાહ્ય રહ્યા. અંતર આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એમાંથી જેણે નિર્મળ આનંદ આદિ શક્તિની વ્યક્તતા પ્રગટ કરી છે. એવું જે આનંદનું ધામ એ આત્મા પોતે ધર્મનું સ્થાન છે. મુનિનો આત્મા ધર્મનું સ્થાન છે એમ કહે છે. આ અપાસરા અને દેરાસરને એ તો બાહ્યની વાતું. એ કોઈ વસ્તુસ્થિતિ નથી. આહાહા..! એના ઘરમાંથી, ભગવાન અનંત આનંદનો જ્ઞાનનો સાગર પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરતા અને અંતર સ્થિર થતાં એની વીતરાગીદશા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વીતરાગી નિર્દોષ દશા જ્યાં ઉત્પન્ન થઈ છે એને અહીં ધર્મના સ્થાન કહેવામાં આવે છે. નિશ્ચય તો આ ધર્મસ્થાન છે આત્મા. સમજાણું કાંઈ? આકરી વાતું ભાઈ!

અને તે મુનિપણું પ્રગટ કરે એને. ભાવલિંગ સમ્યગ્દર્શનસહિત. સમ્યગ્દર્શન એટલે આત્માનો અનુભવ આનંદનો. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો અનુભવ, એનામાં પ્રતીત થવી એને સમ્યગ્દર્શન કહે છે. બહુ ફેર ભાઈ! વર્તમાનમાં બહુ ફેરફાર થઈ ગયો. એ કહે છે આયતન. ધર્મનું આયતન તો આત્મા, મુનિ છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી આનંદ પ્રગટ થયા છે એને ધર્મનું સ્થાન કહેવામાં આવે છે. નિત્ય ચૈત્યગૃહ-પ્રતિમાનું મકાન એ પણ એ આત્મા. બહારનું પ્રતિમાનું (મકાન) એ તો વ્યવહાર છે. અંદરનો ભગવાન આત્મા ચૈત્ય આત્મા આનંદનું ધામ, અનંતગુણનું સ્વરૂપ એ ચૈત્યગૃહ એ આત્માનું .. છે. આહાહા..! જેમાં અનંતજ્ઞાન વસે છે, અનંત આનંદ વસે છે એવો જે આત્મા જેને મોક્ષમાર્ગની દશામાં પ્રગટ થયો એને અહીંયાં ચૈત્યગૃહ કહેવામાં આવે છે. ભગવાન આત્મા ચૈત્યગૃહ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તીજી પ્રતિમા...**' એ જિનપ્રતિમા પણ... રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ રાગ છે. એ રાગરહિત જેણે ચૈતન્યબિંબ પ્રગટ કર્યું છે અંદર એને અહીં જિનપ્રતિમા કહેવામાં આવે છે.

આ તો વ્યવહાર પ્રતિમા છે. નિશ્ચય તો જિનપ્રતિમા આને પરમાત્માએ કીધી છે. આહાહા..! 'દર્શન...' ચોથું દર્શન. જૈનદર્શન એને તીર્થંકરદેવ કેવળીઓએ, શ્રુતકેવળીએ, ભદ્રબાહુસ્વામીએ એને કહ્યું કે જેને બાહ્યાભ્યંતર રાગાદિનો ત્યાગ અંતરમાં રાગનો ત્યાગ, બાહ્યમાં વસ્ત્રનો ત્યાગ અને અભ્યંતરમાં આનંદના ભાવ સહિતનો આહાર લેવાનો ઊભા ઊભા આહાર. હાથમાં આહાર ઊભા ઊભા-એને જૈનદર્શન કહેવામાં આવે છે. આકરી વાતું ભાઈ! સમજાણું કાંઈ? ઊભા ઊભા આહાર, મુનિને નગ્ન હોય દશા. જેને વસ્ત્રનો તલનો તુષ જેટલું ફોતરું પણ ન હોય. એવી દશા અનંત તીર્થંકરોએ વર્ણવી હતી. એવી જેને અંતર પ્રગટ થઈ છે, એને અહીં જૈનદર્શન કહેવામાં આવે છે. એને જૈનમાર્ગ કહેવામાં આવે છે. વસ્ત્રસહિતને મુનિપણું માને એ જૈનદર્શન નથી. એ જૈનમાર્ગ નથી. એ અન્યમાર્ગ છે. સમજાય છે કાંઈ? ભારે આકરી વાત છે. નવા માણસને. માર્ગ તો આ છે. અત્યારે ફેરફાર થઈ ગયો આખો.

ભગવાન પછી ૬૦૦ વર્ષે બાર (વર્ષનો) દુકાળ પડ્યો. બાર દુકાળ ઉપરા ઉપર બાર. વસ્ત્ર વિના નભી ન શક્યા. વસ્ત્રનો કટકો રાખ્યો. પહેલું તો વસ્ત્રનો કટકો રાખ્યો. સનાતન દિગંબર મુનિનો ધર્મ તો અનાદિથી ચાલ્યો આવે છે. બાર દુકાળમાં .. એક ફાળ કટકો રાખ્યો હતો. એમાંથી પછી આખો પંથ કાઢ્યો અને પછી શ્વેતાંબરના સાધુએ રચેલા બધા ૮૪, ૪૫, આ ૩૨ શ્વેતાંબરના સાધુએ .. રચેલા હતા. એ બધાય કલ્પિત રચેલા છે. ભગવાને કહેલા એ નહિ.

મુમુક્ષુ :- .. તેઓ વિચાર કેમ નથી કરતા?

ઉત્તર :- આ તમે કેમ ન કર્યો અત્યાર સુધી? .. બાપુ! આહાહા..! પરિવર્તન કર્યું છે તો કાંઈક કારણ હશે કે નહિ? નહિતર પહેલા સ્થાનકવાસીમાં .. ચાર મહિના ૪૫ વર્ષ રહ્યા. અમારા પિતાજીનો ધર્મ એ હતો. ..ગૃહસ્થ હતા, .. હતા પિતાજીના પિતાજી. આબરૂવાળા મોટા હતા. ગઢડામાં અગ્રેસર હતા. લક્ષ્મીચંદ કામદારે કહ્યું ને ભાઈ એકવાર. લક્ષ્મીચંદ. પિતાજી .. બાપ લક્ષ્મીચંદભાઈ હતા. .. ગઢડા આવ્યા. તમારા બાપના બાપ લક્ષ્મીચંદ હતા ને એકફેરી એણે કહ્યું હતું. કે ગીગા કુરા તો ગામમાં અગ્રેસર ઘર હતું ભાઈ. એમ કહેતા. એ લક્ષ્મીભાઈ કહેતા. લક્ષ્મીભાઈ નાની ઉંમરના હતા ત્યારે જોયેલા. એમારા પિતાજીના પિતાજી રાજકુમાર જેવા. સુંદર શરીર ને અગ્રેસર અને આખા ગઢડામાં ચુનાબંધ મેડી મકાન પહેલું વહેલું એનું. લક્ષ્મીચંદભાઈ એકફેરી કહેતા કે આપણા સ્થાનકવાસીમાં અગ્રેસર ઘર ગીગા કુરાનું છે. એમ કહેતા હતા. ૭૮માં ગુજરી ગયાને? હું ત્યાં હતો. .. ત્યારે હું ત્યાં હતો. સવારે હું દર્શન દેવા ગયો હતો સવારે. સાંજે ગુજરી ગયા. .. ભાઈના મકાનમાં. ઘણા વર્ષ થઈ ગયા. ૫૨ વર્ષ થયા. ૭૮ .. ૨૨.

અહીં ભગવાન દર્શન એને કીધું. આ તો કાલે આવી ગઈ છે વાત. કે જેની દશા અંતરમાં આત્મ અનુભવ થઈને સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય. એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ? વજુભાઈ! ઝીણી વાતું બહુ. સમ્યગ્દર્શન તો એને પરમાત્મા

ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે આત્મા અનંત આનંદનો ધામ, અનંતગુણનું સ્વરૂપ, એની જેને અંતર દૃષ્ટિ થઈ અને રાગથી ભિન્ન પડીને, મનના રાગથી ભિન્ન પડીને સ્વરૂપના અનુભવમાં પ્રતીત થાય ત્યારે તેને સમ્યગ્દર્શન ને ચોથું ગુણસ્થાન કહેવામાં આવે લ્યો! આહાહા..! એ પાંચમું શ્રાવકનું તો પછી. સાચા શ્રાવક. વાડાના એ શ્રાવક નથી. આ તો બધા વાડાના માનેલા છે. ભગવાનના કહેલા એ શ્રાવક નથી. કપુરભાઈ! આહાહા..!

કહે છે, સમ્યગ્દર્શન આત્માના અનુભવની દૃષ્ટિ અને એ ઉપરાંત સ્વરૂપમાં વીતરાગતાની દશા ચારિત્ર અને બાહ્યમાં જેની નગ્નમુદ્રા માતાએ જન્મ્યા એવી અને ઊભા ઊભા આહાર અને જેના જ્ઞાનમાં નવ નવ કોટીએ શુદ્ધતા. કોઈ જ્ઞાનમાં ખામી, ઓછું, અધિક, વિપરીત નહિ. એવું જેને અંતર સમ્યગ્જ્ઞાન હોય અને સમ્યક્ચારિત્ર હોય અને નગ્નમુદ્રા હોય એને ભગવાને જૈનદર્શન કીધું છે. ત્રિલોકનાથ તીર્થંકરનો અવાજ દિવ્યધ્વનિમાં આ આવ્યો છે. મહાવિદેહમાં પરમાત્મા સીમંધર ભગવાન બિરાજે છે. એમના મુખથી આ સાંભળી અનુભવીને આવેલા આચાર્ય જગતને કહે છે. કહો, સમજાણું કાંઈ? આકરું ભારે ભાઈ! અત્યારના માણસોને બિચારાને. લ્યો આ વળી મોંઘવારી અને એમાં આ... આહાહા..! ધર્મ મોંઘો અને અનાજ મોંઘા. આહાહા..!

મુમુક્ષુ :- બધી જરૂરિયાત .. તો મોંઘી.

ઉત્તર :- મોંઘી. જરૂરિયાતવાળી મોંઘી બધી. અહીં તકરાર છે અને અહીં વાંધા ઉઠ્યા. સુરતમાં, બારડોલી. આહાહા..! અરે..! આવી અનાજ જેવી ચીજ જ્યાં સાધારણ કુતરાને પણ મળે એવી ચીજ જ્યાં મોંઘી, ત્યાં ધર્મ બાપા... આહાહા..! એ ધર્મની શ્રદ્ધા સમ્યગ્દર્શન તો અતિદુર્લભ વસ્તુ છે. જેના અંતર પડળ ખુલી જાય. આહાહા..! અનંતગુણનો દરિયો પ્રભુ, એવા અનંતા અનંતગુણનો દરિયો એના બધા અંશો પ્રગટ થઈ ગયા છે કહે. અનંતગુણ, શક્તિરૂપ અનંતગુણ જે છે આત્મામાં. જેટલા સિદ્ધની પર્યાયમાં પ્રગટ થયા એ બધા જ ગુણો આત્મામાં અનંત પડ્યા છે. એ અંદરમાંથી અનુભવ કરીને જેણે અનંતગુણના અંશો નિર્મળ શુદ્ધ આનંદસહિત પ્રગટ કર્યા એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! એ ઉપરાંત પછી જેને શાંતિ વધે થોડી, વીતરાગદશામાં આનંદની .. વધે એને પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક કહેવાય છે. એમાંથી જેને શાંતિ અને આનંદ વિશેષ વધે અને જેની નગ્નમુદ્રા થઈ જાય એને જૈનદર્શન, ઉત્કૃષ્ટ દર્શન કહે છે. આહાહા..! એ દર્શનની વ્યાખ્યા છે. આવી ગઈ છે બધી આપણે. દર્શનપાહુડમાં આવી ગઈ છે, આમાં આવી ગઈ છે. ૧૪મી ગાથા બેય ..માં આવી ગઈ.

તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર અરિહંતદેવોએ આ કહ્યું છે તે આ કહેવાય છે. સમજાણું કાંઈ? **'જિનબિંબ...'** જિનબિંબ પણ આત્મા વીતરાગમૂર્તિ થઈને પ્રગટ થાય એનું નામ જિનબિંબ. આ જિનબિંબ તો વ્યવહાર છે. એની ભક્તિ આદિ કરવાથી પુણ્ય અને શુભભાવ છે, ધર્મ નહિ. આહાહા..! ભારે આકરું. સમજાય છે કાંઈ? આ આત્મા વીતરાગમૂર્તિપણે પરિણમે. દયા, દાન, વ્રત, ભક્તિના

પરિણામ એ તો રાગ છે. એનાથી રહિત થઈને અંતરમાં વીતરાગની ધારાના અંકુરા ફૂટે એવી દશાને જિનબિંબ કહેવામાં આવે છે. આહાહા..! ચૈતન્ય પ્રતિમા સ્થાપ, એ તો આવે છે ને શ્રીમદ્માં? શ્રીમદ્માં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્મા..

ઉત્તર :- .. ચૈતન્ય પ્રતિમા. આહા! વિકલ્પ જેને શુભરાગ પણ જ્યાં નથી. એવી આત્માની અંતર શક્તિ જે વીતરાગ સ્વરૂપ પ્રભુ છે. એવી પર્યાયમાં વીતરાગતા પ્રગટ થઈ એને જિનબિંબ કહેવામાં આવે છે. આહાહા..! વીતરાગનો માર્ગ સાંભળવો બહુ મુશ્કેલ જ્યાં પડ્યો છે. એ સમજે અને પ્રગટ તો ક્યારે કરે? આહાહા..! બહુ દુર્લભ થઈ પડ્યું. જગતના અવતારો એળે ચાલ્યા જાય છે એમ ને એમ. તત્ત્વની વાસ્તવિક સત્યના સ્વીકાર વિના. ચીમનભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માર્ગ તો આ છે બાપુ! અનાદિનો માર્ગ. મહાવિદેહ ક્ષેત્રમાં એ જ માર્ગ ચાલે છે. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં એ માર્ગ ચાલે છે. મુનિઓ નગ્ન દિગંબર આત્મધ્યાની મસ્ત. કોઈ બીજો ત્યાં ભેખ પણ નથી. અહીંયાં તો આ વાડાના ભેખ પડી ગયા બહુ. શ્વેતાંબર ને દિગંબર ને શ્વેતાંબરમાં સ્થાનકવાસી ને. સ્થાનકવાસીમાં તેરાપંથી. ત્યાં પંથ બીજો છે નહિ. એક જ વીતરાગ એક જ પંથ છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. વજુભાઈ! બહુ ઝીણું પડે વાડામાંથી નીકળવું. .. ખબર નથી બાપુ! ૩૯ વર્ષ થયા છે. નહિતર એમાં.. આપણા આ જૂના ... ૭૦ વર્ષની ઉંમર છે.

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- હા છે ને. ચારેય ભાઈ. મગનભાઈ ને મોટા ભાઈ. .. હતાને ત્યારે બેંગ્લોર. આ વસ્તુ વિના ધૂળ ને ધાણી છે બાપા. એવું છે. આહાહા..! ત્રણ લોકના નાથ અરિહંત દેવ પરમેશ્વરે આ માર્ગ કહ્યો. ભાઈ! તને અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ ઉઠે એ પણ રાગ છે પ્રભુ! અમારા માર્ગમાં તો. એ રાગરહિત અંતર આત્માની દૃષ્ટિ અનુભવ થઈને સ્થિરતા જામી જાય અંદર. આહાહા..! એનું નામ અહીં જિનબિંબ અને જિનપ્રતિમા કહેવામાં આવે છે.

'**છઠો જિનમુદ્રા યતિમા**' જિનમુદ્રા એ છે નગ્નમુનિ. યતિમા કહ્યું છે ને? યતિમા. યતિ. મુનિ છે તે યતના સ્વરૂપની જતના કરનારા અંતર. જેની મુદ્રા માતાએ જન્મ્યો એવો જેનો દેહ હોય. વસ્ત્રનો ધાગો પણ રાખે અને મુનિ માને, મનાવે અને માનનારને રૂડા જાણે, ભગવાનનું ફરમાન છે કે નિગોદમાં જાશે. ગાથામાં આવી ગયું છે, ભાઈ! નિગોદગામી છે. એકેન્દ્રિય બટાટા, શક્કરકંદમાં અવતરવાના છે. આહાહા..! આકરી વાતું ભારે ભાઈ! કહો, વીરચંદભાઈ! આફ્રિકામાં આવું મળે ત્યાં? આહાહા..!

'**જ્ઞાન...**' જ્ઞાન એને કહીએ કે જેમાં આત્મા પ્રધાનપણે મુખ્ય પ્રગટ થયો હોય. શાસ્ત્રનું જ્ઞાન એ અહીં જ્ઞાન નહિ. જૈનદર્શનમાં જ્ઞાન એને કહે કે જેમાં આત્મા આનંદનો નાથ તે જ્ઞાનમાં મુખ્ય છે અને

પ્રગટ્યો છે. આહાહા..! આત્માનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ એમ કહે છે. આહાહા..! શાસ્ત્રના જ્ઞાન અને જગતના સમજાવવાના, સંસ્કૃતના, વ્યાકરણના. એ ભગવાનના જ્ઞાનમાં એ જ્ઞાન નથી કહ્યું એ. આહાહા..! જેમાં ભગવાન આત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એને સિદ્ધ સ્વરૂપ પરમાત્મા પોતાનું આત્માનું છે. એનું જેને અંતર જ્ઞાન થાય, અને એ જ્ઞાનમાં પ્રયોજન આત્મા છે. આહાહા..! જે જ્ઞાનમાં હિતપણે આત્મામાં વલણ છે, આત્માની શ્રદ્ધા છે, આત્માનું જ્ઞાન છે, આત્મામાં .. છે તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! જે જ્ઞાન અંતરમાં વળે તેને જ્ઞાન કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! રાજેન્દ્રભાઈ! આવું તો સાંભળ્યું નહોતું. આહાહા..! જે જ્ઞાન આત્મા પ્રભુ પોતે પરમાત્મ સ્વરૂપે બિરાજમાન છે. વસ્તુનો સ્વભાવ જ પરમાત્મા અને વીતરાગમૂર્તિ જ આત્મા છે. એ જ્ઞાન એનું કરે અને એના તરફ વળે તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન સાતમું.

'**દેવ આઠમૂ**...' દેવ-દેવની વ્યાખ્યા આવી ગઈ છે. દદાતિ ઈતિ દેવ. અરિહંત ભગવાન ત્રિલોકનાથ એ દેવ. એ આત્માને આપે. શું આપે? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. નિમિત્ત છે ને નિમિત્ત? નિમિત્તની અપેક્ષાએ. એ આવી ગયું છે. ભગવાન અરિહંત દેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એ આત્માનું જ્ઞાન બતાવે, આત્માનો આનંદ બતાવે, આત્માનું ચારિત્ર બતાવે, તો એણે દીધું એમ કહેવામાં આવે છે. દેવ-દદાતિ ઈતિ દેવ. સુદેવ છે એમ. લ્યો!

'**નવમૂ તીરથ**.' આ બધા બાહ્યમાં તીર્થ જે છે એ તો વ્યવહારતીર્થ છે. અંતર ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વીતરાગીદશા જે તરવાનો ઉપાય એ તીર્થ છે. તીર્થ આત્માની વીતરાગદશામાં તીર્થ છે. સમજાણું કાંઈ? આ તીર્થ જાય, આ તીર્થ જાય એ તરવાનો ઉપાય ત્યાં નથી. તરવાનો ઉપાય તો અહીં અંદર છે. શુદ્ધ આનંદઘન પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સનાથ આત્મા, એની અંતરમાં નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને વીતરાગ ચારિત્ર એને અહીંયાં તીર્થ કહેવામાં આવે છે. જેમાં સ્નાન કરવાથી સંસારનો નાશ થાય. બહારમાં સ્નાન કરવાથી, માછલા પણ સ્નાન કરે છે બહાર તો. સમજાણું કાંઈ? આહાહા..! 'આત્મા .. ' આવે છે ને. .. આવે છે. .. કહેતા સંપ્રદાયમાં. તીર્થ.

'**દસમૂ હૈ અરિહંત**...' અરિહંત કોને કહેવા? નામથી, સ્થાપનાથી, દ્રવ્યથી અને ભાવથી આ સ્થાપનાથી નહિ. આ સ્થાપના વ્યવહાર સ્થાપના. અંદર માર્ગમાં ભગવાન અરિહંત ક્યા ગુણસ્થાને છે, કઈ ગતિમાં છે? કઈ સ્થિતિમાં છે? કેટલા જ્ઞાનમાં છે, દર્શનમાં છે—એનું જે સ્થાપવું એને અરિહંતની સ્થાપના અંતરમાં કહેવામાં આવે છે. આહાહા..! એ દસમી વ્યાખ્યા કરી. બધી વ્યાખ્યા આવી ગઈ છે. '**ગ્યારમૂ દીક્ષા શ્રીપથ**...' મોક્ષરૂપી લક્ષ્મીનો પંથ પ્રવજ્યા. આહાહા..! એ આ. જેને અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન અનુભવમાં જેને આવ્યો છે અને એ ઉપરાંત જેને પ્રવજ્યા એટલે દીક્ષા, વીતરાગદશા જેની રમણતા પ્રગટ થઈ છે અને બહારમાં જેની નગ્નદશા છે એને વીતરાગમાર્ગમાં

પ્રવજ્યા કહેવામાં આવે છે. આ દીક્ષા આને કહેવામાં આવે છે. બાકી બધી દખ્યાઓ છે ... દુઃખનો .. છે. સમજાણું કાંઈ? મુંડાવે છે મુંબઈમાં. બધું ઘણું સાંભળ્યું છે. બધા મિથ્યાદષ્ટિ ગૃહીત મિથ્યાત્વના પોષક છે. આહાહા..! દુઃખની પુષ્ટિ માટે દીક્ષા છે એ. આહાહા..!

મુમુક્ષુ :- આ તો બધી વાત નિશ્ચયની જ પહેલી આવી. વ્યવહાર ક્યાં આવ્યો?

ઉત્તર :- વ્યવહાર કહ્યો આ. સામે પ્રતિમા એ બધો વ્યવહાર. એ કહે છે એમાં જુઓ.

'**ઈમ પરમારથ મુનિરૂપ સતિ...**' એ અગ્યારમું ... '**અન્ય ભેષ સબ નિંદ્ય હૈ,...**' વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માના માર્ગમાં આવા નગ્નમુનિની દશા સિવાય જેટલા ભેખ એ બધા નિંદનિક છે. આવું છે, ભાઈ! ગળે ઉતરવું કઠણ બહુ. એય..! શાંતિભાઈ! આ તો આમ આવ્યું. '**અન્ય ભેષ સબ નિંદ્ય હૈ,...**' વસ્ત્રનું રાખી, પાત્રા રાખી, રાતા કપડા પહેરી, પીળા કપડા પહેરી અમે સાધુ છીએ એમ માને છે, મનાવે છે અને એને જે સાધુ માને છે એ બધા ભેખો નિંદનિક છે. વીતરાગ માર્ગમાં એ પ્રશંસક છે નહિ. આજ માને, કાલે માને, પણ આ માને છૂટકો છે. સમજાણું કાંઈ?

'**વ્યવહાર ધાતુપાષાણમય...**' એમાં એવું છે. આ ભગવાનની ધાતુની પ્રતિમા, પૂજા, ભક્તિ બધું આકૃતિ એ વ્યવહાર છે, શુભભાવ છે. ભગવાનની પૂજા, ભક્તિ, બહુમાન, વિનય, પ્રતિમાનો એ શુભભાવ છે. એ ધર્મ નહિ. પણ એ ભાવ શુભ આવ્યા વિના રહે નહિ. ભગવાનનું સ્મરણ કરવું નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ પણ એક શુભભાવ રાગ છે, ધર્મ નહિ. આહાહા..! જગતને પણ પાણી ઉતરી જાય એવું છે. ભાઈ! એણે કોઈ દિ' વીતરાગ માર્ગ સાંભળ્યો નથી. આહાહા..! ત્રણ લોકના નાથ તીર્થંકર અનંતા થઈ ગયા, વર્તમાન પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં તો લાખો કેવળીઓ બિરાજે છે અને દિગંબર સંતો, કેવળી બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ? બધાનો માર્ગ એક આ. આવો માર્ગ હતો, છે અને રહેશે. બાકી જેટલા વર્તમાન નીકળ્યા નવા એ પંથ બધા... ... આહાહા..! આખી જિંદગી .. હોય એમાં અવતાર થયા હોય, એ એના પોષણ મળ્યા હોય માથે. હવે એને આ વાત. ..ભાઈ!

'**વ્યવહાર ધાતુપાષણમય આકૃતિ ઈનકિ વંદ્ય હૈ.**' વ્યવહારે વંદ્ય, આવાનો વંદ્ય. એ પણ એને પ્રતિમામાં કપડા દાગીના એ પ્રતિમા પણ વંદ્ય નથી. ભગવાનની મૂર્તિ તો આમ તદ્દન વીતરાગ... વીતરાગ... માથે કપડું નહિ, દાગીના નહિ, મુગટ નહિ આ .. એ બધો વિકૃત માર્ગ, વ્યવહારે વિકૃતમાર્ગ છે. આહાહા..! વ્યવહારે જિનપ્રતિમા જેવા ભગવાન હતા એવું બિંબ સામે હોય છે. એ શુભભાવમાં નિમિત્ત છે. ઓહોહો..! .. થઈને માર્ગને વીંખી નાખ્યો. જોકે બિચારા સાધારણ માણસને તો શું માનવું? એક કાંઈક કહે... એક કાંઈક કહે... એક કાંઈક કહે... આહાહા..! તેરાપંથી કાંઈક કહે, સ્થાનકવાસી .. વાળા કાંઈક કહે. શ્વેતાંબરમાં પણ દેરાવાસી કાંઈક કહે. કહે કાંઈક અને એનો બીજો કાંઈક કહે. આહાહા..! .. દેવીની સ્તુતિ કરવી. ... ... ત્રણ .. ત્રણ થોઈ, ચાર થોઈ એવું આવે છે ને. દેવીની સ્તુતિ

પણ દેવી દેવલા. ભગવાનને તો .. ત્રણ લોકના નાથને આવા દેવ કહેવા... એ કુળદેવ કેવા? એની કુળદેવી ... રાખે છે. પદ્માવતી. બધું ભ્રષ્ટ છે બાપુ! ત્રણ લોકના નાથ દેવ એની પાસે દેવ કોણ બીજો? સમજાણું કાંઈ? આહાહા..!

**भयो वीर जिनबोध यहु गोतमगणधर धारि।**
**बरतायो पंचमगुरु नमूं तिनहिं मद छारि।।२।।**

કુંદકુંદાચાર્ય મહારાજ પ્રમોદમાં ભદ્રબાહુસ્વામીને નમન કરે છે. ઓહોહો..! '**ભયો વીર...**' મહાવીર પરમાત્મા ચોવીસમા તીર્થંકર. '**જિનબોધ...**' જેણે બોધ આપ્યો. પરમાત્મા જિનદેવે તીર્થંકરદેવે કેવળજ્ઞાન પછી બોધ આપ્યો. '**યહુ ગોતમગણધર ધારિ,...**' ગૌતમ ગણધર ચાર જ્ઞાનના ધણી. એણે એ .. ભગવાને કહેલો ધારેલો. એમાં '**બરતાયો પંચમગુરુ...**' એ પંચમ કેવળી ભદ્રબાહુ સ્વામી એણે એ પંથને બહાર પ્રકાશ્યો. જેવું ભગવાને કહ્યું હતું, ગણધરે ધાર્યું હતું તેવું શ્રુતકેવળીએ કહ્યું. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બરતાયો પંચમગુરુ...**' ભદ્રબાહુસ્વામી શ્રુતકેવળી નગ્ન મુનિ દિગંબર હજારો જેના શિષ્યો હતા. આહાહા..! એમણે આ પંથને પ્રકાશ્યો બહાર. '**નમૂં તિનહિં મદ છારિ.**' દેશવચનિકા છે. મદને ટાળીને અમે ભદ્રબાહુસ્વામીને નમન કરીએ છીએ, કે જેણે આવો માર્ગ સત્યને બહાર લાવ્યા. પંચમકાળમાં પણ વીતરાગનો માર્ગ પણ આવો છે એમ એણે પ્રકાશ્યો. સમજાણું કાંઈ? દુનિયા અને સમાજ .. થાય કે ન થાય એમ જેણે દરકાર કરી નહિ. આવા માર્ગમાં કોણ માનશે? કેટલા માનશે? માને કે ન માને, માર્ગ આ છે. સમજાણું કાંઈ? એ ચોથો અધિકાર પૂરો થયો લ્યો!

'**ઇતિ શ્રીકુંદકુંદસ્વામિ વિરચિત બોધપાહુડકી જયપુરનિવાસી પં. જયચંદ્રછાવડાકૃત દેશભાષામયવચનિકા સમાપ્ત.**' ચાલતી ભાષામાં કથન કર્યું.

# ભાવપાહુડ
# ૫

હવે પાંચમું ભાવપાહુડ. મોટો ગ્રંથ ૧૦૫ ગાથા. ૧૦૫ છે ને ભાઈ? ૧૦૫. મોટામાં મોટું આ. આઠ પાહુડમાં પાહુડ નામ સાર, સાર નામ પ્રાભૃત એકલું. આહાહા..! ભાવપાહુડ. અથ ભાવપ્રાભૃત પ્રાભૃત એટલે સાર. ભાવસાર. ભાવમાં સાર. શુભ, અશુભ ને શુદ્ધભાવ એમાં શુદ્ધભાવ તે સાર. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના તે અશુભભાવ. દયા, દાન, વ્રત, તપસ્યા, અપવાસ એ શુભભાવ રાગ. અને એ રાગરહિત આત્માનો શુદ્ધભાવ પવિત્રભાવ પ્રગટ કરવો તેને સારભાવ કહેવામાં આવે છે. આહાહા..! ભાવસાર એ ભાવસાર કીધું ને. ભાવસાર નથી .. આવતો આપણે? .. હતોને તે દિ'? .. ભૂલી ગયા. સુંદરજી. સુંદરજી ભાવસાર અમારી સાથે ભણતા. આ તો ૭૦-૭૨ વર્ષ

પહેલાની વાતું છે. ૧૨ વર્ષની ઉંમર હતીને જ્યારે. ત્યારે ૭૨ વર્ષ પહેલા ભાવસાર હતો. સુંદરરૂપા. ઉમરાળાનો સ્થાનકવાસી. ભાવસાર છે ને સ્થાનકવાસી. નિશાળમાં ભેગા બેસીએ ભણવા. તો એને એવી ટેવ પડી ગઈ કે નાકમાંથી ગુંગો કાઢે એક. કાઢીને દાંત વચ્ચે દાબે. દાંત વચ્ચે દાબે એટલો નહિ, પણ પાછું જીભનું ટેરવું અડાડે. અરે..! આ સુંદરજી શું કરે છે તું આ? કાઢી નાખે. વળી પા કલાક આડીઅવળી નજર અમારી ત્યાં પાછો બીજો કાઢે. અરે..! સુંદરજી! આ શું કરે છે? ભાઈ! મને ટેવ પડી ગઈ, એમ કહે બિચારો. સુંદરજી રૂપા હતા. મને ટેવ પડી ગઈ છે.

એમ ભગવાન કહે છે, હે સુંદરરૂપા! જ્ઞાનરૂપી ચૈતન્યઘન છે તું ભાઈ! .. અશુભભાવના ઢગલા છે બધા. .. પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ એ શુભરાગ ગુંગો છે. એ ગુંગો. એ ગુંગાના સ્વાદ લેનારા મિથ્યાદષ્ટિ છે. .. એ નહિ પણ શુદ્ધભાવ. આહાહા..! મુનિના સાચા મુનિ પંચ મહાવ્રત, સાચા મુનિના, એ પણ રાગ, શુભરાગ છે. આહાહા..! ભાવમાં સાર નહિ. સમજાણું કાંઈ? કાયર જેવા કાળજા જેના, હવે એને આવી વાતું માપમાં લેવી. કોઈ દિ' સાંભળ્યું નથી. એના સાધુને ખબર નથી. એના કહેનાર સાધુને કે સાચો માર્ગ શું છે? એ સાધુને સમકિત કોને કહેવું એની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ એની પાસે બધી વાતું સાંભળી હોય. ... આહાહા..!

પાંચમો છે જુઓ. આઠ પાહુડ છે ને? એમાં પાંચમો છે. '**આગે ભાવપાહુડકી વચનિકા લિખતે હૈં :—**' આ બધા કોતરાઈ ગયા છે અંદર. સોનાના .. એમાં .. અષ્ટપાહુડ સોનાના અક્ષરે લખાઈ ગયું છે. એ બરાબર .. ન કરે. સરખા વંચાતા ન્હોતા પંચાસ્તિકાયનું સંસ્કૃત. ધીરૂભાઈ કહેતા હતા. .. ધીરૂભાઈ ... ભગવાનની વાણી છે આ તો. શેઠ! સંચે કોતરાણી છે. એ હિન્દુસ્તાનમાં પહેલી છે. આહાહા..! કારણ કે સંચો જ પહેલો નહોતો. હિન્દુસ્તાનમાં પહેલો સંચો અહીં આપ્યો ઈટાલીવાળાએ. આ પોપટભાઈના દીકરા ગયા હતા ને ત્યાં. હસમુખભાઈ. હમણા રહી ગયા છે. આવશે પાછા. વઢવાણના છે. આપણા દશાશ્રીમાળી. કરોડપતિ. દસ કરોડ રૂપિયા. .. એક .. લાવ્યા. પોણા ચાર લાખ અક્ષર પાંચ મહિનામાં કોતરાઈ ગયા છે. આ હિન્દુસ્તાનમાં પહેલું. નહિતર આમ કરે ટાંકણાથી, નહિ? પણ આવા અક્ષર નહિ. આ તો એકધારા અક્ષર. ઓહોહો..! સીતારામભાઈ કહે ઓહોહો..! આવા અક્ષર ક્યાંથી આવ્યા? .. હોં. ઘણા અક્ષર લખ્યા હશે પણ આવા જોયા નહિ હોય. હતા નહિ તો ક્યાંથી જોવે? એ આ અષ્ટપાહુડ ત્યાં લખાય છે. .. કોતરાયું.

**परमात्मकूं वंदिकरि शुद्धभावकरतार।**
**करूँ भावपाहुडतणीं देशवचनिका सार।।१।।**

ચાલતી ભાષાના હું અર્થ કરું છું. ભગવાને કહેલા ભાવને, કુંદકુંદાચાર્યે કહેલા ભાવને ચાલતી ભાષામાં હું... જયચંદ્ર પંડિત થયા જયપુરમાં. '**પરમાત્મકૂં વંદિકરિ...**' સર્વજ્ઞ પરમાત્માને વંદન કરીને... ત્રિલોકનાથ અરિહંતને .. '**શુદ્ધભાવકરતાર...**' આ શુદ્ધભાવના કરનારા એ હતા. આહાહા..!

શુદ્ધ એટલે શુભ અને અશુભભાવથી રહિત. મુનિ શુદ્ધ ઉપયોગી જ હોય એને મુનિ કહીએ. સમજાણું કાંઈ? અને શુદ્ધ ઉપયોગ એટલે શું એ સાંભળ્યું ન હોય બિચારાએ. આહાહા..! એ વ્રત અને અવ્રતના ભાવ બેય અશુદ્ધ છે. એનાથી રહિત આત્માના પવિત્ર સ્વરૂપમાં એકાગ્ર થઈને જેણે નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ પ્રગટ કર્યો છે. અહીં તો મા હણો મા હણો જીવને. અરે..! ભગવાન! સાંભળને હવે. એવી વાતું તો કુંભાર પણ કરે .. બધાને એવી જ છે. આહાહા..!

ભગવાને તો શુદ્ધભાવ કહ્યો છે. આહાહા..! તારું સ્વરૂપ જ શુદ્ધ ચિદ્‌ઘન છે. એમાં અંદરમાં પુણ્ય ને પાપના વિકલ્પથી રહિત થઈ અંતરમાં શુદ્ધ નિર્મળ આનંદની ધારા વહે એને અહીંયાં શુદ્ધ ઉપયોગ, શુદ્ધભાવ એનો આ અધિકાર છે. આહાહા..! એ શુભભાવ એ ધર્મ નહિ. ચાહે તો વ્રતનો પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભભાવ છે. એ ધર્મ નહિ, એ શુદ્ધભાવ નહિ, એ વીતરાગના કહેલા સત્યનું સત્ત્વ નહિ. ભારે કામ ભાઈ! શુદ્ધભાવ કર્તા. '**કરું ભાવપાહુડતણી...**' ભગવાને કહેલું કુંદકુંદાચાર્યે. એના ભાવતણી '**દેશવચનિકા સાર.**' ચાલતી ભાષામાં હું અર્થ કરીશ કહે.

'**ઈસપ્રકાર મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરકે...**' વચનિકાકાર મુનિ. '**શ્રીકુંદકુંદાચાર્યકૃત ભાવપાહુડકી ગાથાબદ્ધ દેશભાષામય વચનિકા લિખતે હૈં. પ્રથમ આચાર્ય ઈષ્ટકે નમસ્કારરૂપ મંગલ કરકે...**' ઈષ્ટકે. અરિહંત પરમાત્મા સર્વજ્ઞ વીતરાગદેવ તે ઈષ્ટ છે. પરમ ઈષ્ટથી ઈષ્ટ છે. પરમપદમાં પ્રાપ્ત ભગવાન કેવળજ્ઞાન... જેને ઈચ્છા વિના વાણી નીકળે છે. ભગવાન અરિહંતને ઈચ્છા હોતી નથી. ઈચ્છા હોય ત્યાં સુધી વીતરાગ નહિ. આહાહા..! વીતરાગ થયા પછી કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાન થયા પછી દિવ્યધ્વનિ છૂટે. ઈચ્છા વિના ધ્વનિ નીકળે. '**ઈષ્ટકે નમસ્કારરૂપ મંગલ કરકે ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞાકા સૂત્ર કહતે હૈં :-**'

**णमिऊण जिणवरिंदे णरसुरभवणिंदवंदिए सिद्धे।**
**वोच्छामि भावपाहुडमवसेसे संजदे सिरसा।।१।।**

કુંદકુંદાચાર્ય મહારાજ .. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય આવ્યા. શ્વેતાંબરમાં બીજે નંબરે સ્થુલિભદ્ર નાખ્યા. પછી પંથ નીકળ્યોને એનો. એ પછી નીકળેલો. એ મૂળ માર્ગ નહિ. મૂળ વીતરાગનો માર્ગ અનાદિનો આ. અરિહંત કહેલો અને ગણધરે ઝીલેલો, એમાંથી કુંદકુંદાચાર્યે. .. આવ્યું ને ત્રીજે નંબરે? મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. જૈનધર્મોસ્તુ મંગલં. બાપુ! જૈનધર્મ કોઈ વાતું નથી. જૈનધર્મ તો દેવોને પણ દુર્લભ છે. એ જૈનધર્મ એટલે કોઈ વાડો મળવો એ કોઈ જૈન નથી. આહાહા..! પોતાના ભગવાન આત્માને સંભારીને, એના ધ્યાનમાં આવીને જેણે રાગને, દ્વેષને, અજ્ઞાનને જીત્યા, એવો જે જૈનધર્મ, એવા જૈનધર્મની અંદર '**जिणवरिंदे**' થયા અરિહંત. એવા '**णरसुरभवणिंदवंदिए**' મનુષ્યને વંદનિક છે ને?

'**પહિલે ક્યા કરકે? જિનવરેન્દ્ર અર્થાત્ તીર્થંકર પરમદેવ તથા સિદ્ધ અર્થાત્ અષ્ટકર્મકા**

**નાશ કરકે સિદ્ધપદકો પ્રાપ્ત હુએ...**' એને હું પહેલા નમસ્કાર કરું છું. આ પણ છે શુભભાવ. ભગવાનને નમસ્કાર કરવો એ ધર્મ નથી. પણ એ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! આનુપૂર્વી છે ને આનુપૂર્વી! .. સામાયિક કરીને બેસે. સામાયિક નામ ધારીને. સામાયિક હતું કે દિ'? સમ્યગ્દર્શનની ખબર નથી ત્યાં સામાયિક ક્યાંથી? નમો અરિહંતાણં, નમો લોએ સવ્વ સાહુણં, નમો ઉવજ્ઝાયાણં. આડાઅવળા આવે છે ને પાઠ? થઈ ગયો ધર્મ... લ્યો! સાંભળને હવે. એવા પલાખા તો અનંતવાર કર્યા. એ તો એક વિકલ્પ છે શુભરાગ, રાગની મંદતા. ધર્મ-બર્મ જરીએ નહિ. ભગવાનજીભાઈ!

એવા સિદ્ધને, અરિહંતને નમસ્કાર કરીને '**અવશેષ સંયત...**' સંયત શબ્દ પડ્યો છે ને. '**આચાર્ય, ઉપાધ્યાય ઔર સર્વસાધુ ઈસપ્રકાર પંચપરમેષ્ઠીકો મસ્તકસે વંદના કરકે કહૂંગા.** ' મસ્તકથી વંદન એટલે બધું આવી જાય. આઠેય અંગ નમી ગયા અંદર. પણ અરિહંત જેને સાચા જાણ્યા છે એને વંદન કરે છે. હજી અરિહંતની ખબર ન મળે. આહાહા..! એવા પંચપરમેષ્ઠીને વંદન કરીએ છીએ. '**કૈસે હૈં પંચપરમેષ્ઠી? નર અર્થાત્ મનુષ્ય, સુર અર્થાત્ સ્વર્ગવાસી દેવ, ભવનેન્દ્ર અર્થાત્ પાતાલવાસી દેવ, ઈનકે ઈન્દ્રોંકે દ્વારા વંદને યોગ્ય હૈ.**' ત્રણ લોકના ઈન્દ્રોને એ વંદનિક લાયક છે. ભગવાન પૂજ્ય છે. એવા પરમેષ્ઠીને વંદન કરીને હું ભાવપાહુડ કહીશ એમ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧, બુધવાર તા. ૦૯-૦૧-૧૯૭૪**
**ગાથા - ૧, ૨, પ્રવચન - ૮૪**

આ અષ્ટપાહુડમાં ભાવપાહુડ. પહેલી ગાથા. એમાં ભાવાર્થ છે. '**આચાર્ય ભાવપાહુડ ગ્રંથ બનાતે હૈં; વહ ભાવપ્રધાન પંચપરમેષ્ઠી હૈં,...**' ભાવપાહુડ લખે છે એમાં ભાવપ્રધાન મુખ્ય તો પંચપરમેષ્ઠી છે. '**ઉનકો આદિમેં નમસ્કારયુક્ત હૈ,...**' ભાવપાહુડની શરૂઆતમાં શુદ્ધભાવ પ્રધાન પંચપરમેષ્ઠી છે એથી એને પહેલા નમસ્કાર કર્યો છે. '**ક્યોંકિ જિનવરેન્દ્ર તો ઈસપ્રકાર હૈં—જિન અર્થાત્ ગુણશ્રેણી નિર્જરાયુક્ત ઈસપ્રકારકે...**' શુદ્ધતાની ધારા વહે એ સમ્યગ્દર્શનથી થાય છે. આત્મા પવિત્રનું શુદ્ધ કિરણ છે. એની દૃષ્ટિ થતાં શુદ્ધતામાં નિર્જરા ગુણશ્રેણી થાય છે. શુદ્ધતા વધે છે. એ વર એમાં અવિરત સમ્યગ્દૃષ્ટિમાં પણ પ્રધાન-શ્રેષ્ઠ ગણધર છે. એમાં પણ '**ઈન્દ્ર તીર્થંકર પરમદેવ હૈં,...**' જિનવર ઈન્દ્ર-જિનવરેન્દ્ર. '**વહ ગુણશ્રેણી નિર્જરા શુદ્ધભાવસે હી હોતી હૈ.** ' એ ગુણશ્રેણી નિર્જરા શુદ્ધભાવથી થાય છે. શુભ અને અશુભભાવથી ધર્મ નિર્જરા ન થાય. ધર્મ ન થાય

એટલે કે અશુદ્ધતા ટળે નહિ.

**'શુદ્ધભાવસે હી હોતી હૈ.'** આમાં અધિકાર આ છે, શુદ્ધભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસનાનો ભાવ અશુભ અશુભ, અશુદ્ધ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ શુભ અશુદ્ધ. બેય બંધનું કારણ છે. આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્યદળ એનો આશ્રય કરીને જે દૃષ્ટિ થાય એ શુદ્ધભાવ છે. સમ્યગ્દર્શન એ શુદ્ધભાવ છે. સમ્યગ્જ્ઞાન એ પણ શુદ્ધભાવ છે. અને સમ્યક્ચારિત્ર એ પણ શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવથી **'ગુણશ્રેણીનિર્જરા શુભભાવસે હી હોતી હૈ. વે તીર્થંકરભાવકે ફલકો પ્રાપ્ત હુએ,...'** ભગવાન તીર્થંકરનો ભાવ જે બંધાણો હતો એનું ફળ પ્રાપ્ત થયું. **'ઘાતિકર્મકા નાશ કર...'** કેવળજ્ઞાન જેણે ઉપાર્જ્યું. **'કેવળજ્ઞાનકો પ્રાપ્ત કિયા, ઉસીપ્રકાર સર્વ કર્મોંકા નાશ કર,...'** આ એમ કહ્યું છે પહેલું. ..

શુદ્ધભાવ એક... **'ઉસીપ્રકાર સર્વ કર્મોંકા નાશ કર,...'** બધા કર્મનો નાશ કરીને પરમ પરમેશ્વર સિદ્ધ ભગવાન **'પરમ શુદ્ધભાવકો પ્રાપ્ત કર સિદ્ધ હુએ,...'** આહાહા..! આ શુદ્ધભાવ એ ધર્મ વીતરાગ છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'આચાર્ય, ઉપાધ્યાય શુદ્ધભાવકે એકદેશકો પ્રાપ્ત કર પૂર્ણતાકો સ્વયં સાધતે હૈં...'** લ્યો! આચાર્ય, ઉપાધ્યાય પણ એને કહીએ કે જે શુદ્ધભાવના એકદેશને પ્રાપ્ત કરી પૂર્ણ આનંદ અને પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એનો એક અંશ શુદ્ધભાવ પ્રગટ કરી... આહાહા..! **'પૂર્ણતાકો સ્વયં સાધતે હૈં....'** પૂર્ણ શુદ્ધતાને સાધે છે માટે તેને આચાર્ય અને ઉપાધ્યાય કહેવાય છે. આહાહા..! **'તથા અન્યકો શુદ્ધભાવકી દીક્ષા-શિક્ષા દેતે હૈં,...'** આચાર્ય-ઉપાધ્યાય બીજાને દીક્ષા આપે તો શુદ્ધભાવની, શિક્ષા આપે તો શુદ્ધભાવની, એમ કહે છે. આહાહા..! આ તો કહે શુભભાવ એ આખો ધર્મ ને ચારિત્ર ને વ્રત ને.

મુમુક્ષુ :- .. લખ્યો છે.

ઉત્તર :- લખ્યો છે એ .. હોતો નથી. આસ્રવ છે મોટો. આહાહા..! અનાસ્રવી ભગવાન પરમાત્મસ્વરૂપ પોતાનું એને આશ્રયે જે શુદ્ધભાવ પ્રગટ થાય એ એક જ શુદ્ધભાવ મોક્ષનું કારણ છે. આહાહા..!

અહીં તો શું લીધું? કે **'શુદ્ધભાવકી દીક્ષા-શિક્ષા દેતે હૈં,...'** આચાર્ય, ઉપાધ્યાય એને કહીએ કે એકદેશ શુદ્ધભાવને સાધે અને પૂર્ણ ભાવને સાધે છે. એકદેશ શુદ્ધભાવ પ્રગટ કર્યો છે અને એ દ્વારા પૂર્ણ શુદ્ધને પ્રાપ્ત કરે છે અને દીક્ષા અને શિક્ષા પણ શુદ્ધભાવની આપે છે. જુઓને આ ગૃહસ્થ પણ પુણ્ય ...હવે આ લોકોને બેસતું નથી. સાધુ આવો ઉપદેશ આપે, વ્યવહારનો આપે, ફલાણાનો આપે, ઢીંકણું આપે.

મુમુક્ષુ :- શુભભાવમાં થોડો ફેર...

ઉત્તર :- ધૂળમાં પણ નથી. રાગમાં ઝેર છે. ત્યાં શુભભાવ અમૃત ક્યાંથી આવ્યું? આહાહા..!

મુમુક્ષુ :- કોકને અમૃત...

ઉત્તર :- અહીંયા તો વજન શું છે કે આચાર્ય ને ઉપાધ્યાય પોતાના એકદેશ શુદ્ધભાવને પ્રગટ કર્યો છે. શુદ્ધભાવને પ્રગટ કર્યો છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર. અને પૂર્ણ શુદ્ધભાવની પ્રાપ્તિના પ્રયત્નમાં છે. આહાહા..! અને એ દીક્ષા આપે તો શુદ્ધભાવની આપે છે એમ કહે છે. પંચ મહાવ્રતની એમ નહિ એમ કહે છે. શુદ્ધભાવ એ દીક્ષા અને એ ચારિત્ર છે. પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! આવી વાત કેટલી .. જયચંદ્ર પંડિતે કેટલું સ્પષ્ટ કર્યું છે. અત્યારના પંડિતોને બેસતું નથી.

મુમુક્ષુ :- જૂના જમાનાનું છે.

ઉત્તર :- જૂના જમાનાનું શું? આ નવા જમાનાનું. એ નવા જમાનાનું ... માર્ગ તો આ જ ત્રિકાળ એક જ છે. આહાહા..! શુદ્ધભાવ. પ્રભુ આત્મા પોતે શુદ્ધ ઉપયોગ સ્વરૂપી જ છે ત્રિકાળ. વીતરાગ સ્વરૂપ છે, .. છે. એના અવલંબનથી જે કંઈ પર્યાય પ્રગટ થાય એ શુદ્ધભાવ અને એ શુદ્ધ જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! અત્યારે તો એ વ્યવહારનો ઉપદેશ. વ્યવહારનો ઉપદેશ કરો. આચાર્ય, ઉપાધ્યાય વ્યવહાર સુધારો, આ સુધારો. અહીં તો કહે દીક્ષા-શિક્ષા શુદ્ધભાવની આપે એમ કીધું છે.

મુમુક્ષુ :- એનું નામ જ .. કહેવાય છે.

ઉત્તર :- નિર્મળ શુદ્ધભાવ. આ તો વ્યવહાર તો આ .. સંસારનો. કોલસાને ધોળા કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- સાતમે-આઠમે શુભભાવ હોય.

ઉત્તર :- હા સાતમે શુભભાવ હોય. અહીં તો કહે, ચોથે ગુણસ્થાનથી શુદ્ધભાવ હોય. આવ્યું કે નહિ? '**ગુણશ્રેણી નિર્જરા શુદ્ધભાવસે હી હોતી હૈ.**' અવિરત સમ્યગ્દૃષ્ટિથી. આહાહા..! જ્ઞાન, આનંદ સ્વરૂપ પરમાત્મા પોતે જ સ્વરૂપ છે, એને સન્મુખ થઈને જે પર્યાય થાય એ તો શુદ્ધ જ થાય. આહાહા..! અને એ શુદ્ધભાવ એ જ ગુણશ્રેણી નિર્જરાનું કારણ છે. અશુદ્ધતા પડે ને શુદ્ધતાની શ્રેણી વધે. આહાહા..! અહીંયા તો વજન અહીં જોર આવે છે. દીક્ષા-શિક્ષા શુદ્ધભાવની આપે છે.

મુમુક્ષુ :- વ્યવહારના પ્રાણ પોષે છે.

ઉત્તર :- વ્યવહારના પ્રાણ પોષે છે. .. કર્યો છે ને. આહાહા..! પ્રાણ દે છે. અહીંની વાત સાંભળીને .. આ તો બધા સાધુ-બાધુ ભક્તિ .. છે. આ તો કહે મહાવ્રત અને પરિણામ એ આસ્રવ છે, ધર્મ નહિ. પછી કહે વ્યવહારનયનો પ્રાણ પોષો. એ કાયદા કાઢ્યા. અરેરે..! ભગવાન! આચાર્ય અને ઉપાધ્યાય તો એને કહીએ કે જે પોતાના વીતરાગભાવ શુદ્ધ છે એને સાધે છે, પ્રગટ કર્યો છે. શુદ્ધ ઉપયોગ જેને પ્રગટ કર્યો. શુદ્ધ ઉપયોગ તે સાધુ છે. આહાહા..! અને એ શુદ્ધ ઉપયોગ દ્વારા પૂર્ણ પરમાત્મદશાને સાધે છે. ભાવપાહુડ છે ને. એટલે આ શુદ્ધભાવથી મુક્તિને સાધે છે અને શુદ્ધભાવની દીક્ષા આપે છે એમ કહે છે. અને શિક્ષા ઉપદેશ પણ શુદ્ધભાવનો આપે, એમ કહે છે. આહાહા..!

ઓલામાં કહ્યું છે ને મુહુ મુહુ-વીતરાગભાવ આપે. મુનિ તો વીતરાગ... વીતરાગ... પરથી હઠીને સ્વભાવમાં વલણ કરે એવો જે ભાવ એવો વીતરાગભાવનો ઉપદેશ આપે. દીપચંદજીએ કહ્યું ત્યાં. એ આ જયચંદજીએ અહીંયાં કહ્યું છે. આહાહા..! દિગંબરનો ગૃહસ્થો પણ પાક્યા છે ને. આહાહા..! આ જુઓને કેટલું .. નાખ્યું છે. કે દીક્ષા, શુદ્ધભાવની દીક્ષા. આહાહા..! ભાઈ! તારો ભગવાન તો પૂર્ણ આનંદ અને શુદ્ધ પવિત્ર છે. એવા પવિત્ર આત્માની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એવો શુદ્ધભાવ એ તારી દીક્ષા છે. આહાહા..! નગ્નપણું અને પંચ મહાવ્રતના વિકલ્પ ને એ કાંઈ મુનિપણું નથી. આહાહા..! જુઓને ગૃહસ્થ પણ આટલી છડેચોક વાત કરે છે જગત પાસે.

આચાર્ય ને ઉપાધ્યાય એને કહીએ કે જે આત્માના શુદ્ધ પવિત્ર નિર્મળ વીતરાગ મૂર્તિ એના ભાવને સાધીને પ્રગટ કર્યો છે વીતરાગભાવ અને વીતરાગભાવની પૂર્ણતાને તે સાધે છે. આહાહા..! અને તે વીતરાગભાવની જ દીક્ષા આપે છે એમ કહે છે. શુદ્ધભાવ કહો કે વીતરાગભાવ કહો. કહો, ભગવાનજીભાઈ! આ તો આ સુધારો ને આ સુધારો. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! ક્યાં જાવું છે તારે? સુધારો કર્યો. આહાહા..! એ ત્યાં દુનિયાના માણસોને રંજન કર્યા હશે એ રાજી થઈને એ સહાયક નહિ થાય ત્યાં.

આત્માનો પુણ્ય અને પાપના ભાવથી રહિત... એ આગળ કહેશે ને ૮૩ ગાથા આમાં. જૈનધર્મ એ વ્રત ને તપ ને એ કોઈ જૈનધર્મ નથી. .. નામ આપશે. આહાહા..! અંતર જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ એને અવલંબીને જે શુદ્ધભાવ પ્રગટ થાય એ શુદ્ધભાવની જ દીક્ષા સંતો આપે છે કહે છે. આહાહા..! હવે આ દીક્ષા બહાર. ચારિત્ર નિશ્ચય હોય ત્યાં સુધી આપણે વ્યવહાર પાળવો, વ્યવહાર કરતા કરતા ચારિત્ર થશે. અરે..! પ્રભુ! એવો આત્મા નથી. આત્મા તો મહા આનંદનો નાથ છે. ચાહે એના સામર્થ્યની તને પ્રતીત નથી આવી. એના સામર્થ્યની પ્રતીત આવી નથી. એના અનંત આનંદ અને અનંત જ્ઞાનાદિ ગુણનો મહાપ્રભુ છે એનું એને માહાત્મ્ય આવ્યું નથી. એથી આ બધા દયા, દાન, વ્રતના પરિણામના માહાત્મ્યમાં ચડી ગયા છે. સમજાણું કાંઈ? અનંત અનંત શક્તિઓની ખાણ ભગવાન છે. અનંત સામર્થ્ય જેનું છે જ્ઞાનનું, આનંદનું, શાંતિનું, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા. એક એક શક્તિનું અનંત સામર્થ્ય છે. એ સામર્થ્યનો એને ભરોસો નથી આવતો. અને એ ભરોસા વિના શુદ્ધભાવ પ્રગટ થતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

આચાર્ય અને ઉપાધ્યાય તો શુદ્ધભાવની દીક્ષા આપે અને શુદ્ધભાવનો ઉપદેશ આપે. એમ કહ્યું ને? શિક્ષા એટલે ઉપદેશ. આહાહા..! એ તો વ્યવહારની વાત આવે. ચરણાનુયોગમાં આવે... આચાર્ય ..ભાવ આપે છે. વસ્તુ તો આ છે. આહાહા..! જુઓને .. છે ને. પ્રવચનસારમાં એમ કહ્યું, દ્રવ્ય ને ભાવલિંગ આપો. ત્યાં તો એમ કહ્યું. એ ટીકા વિરૂદ્ધ છે. એ તો અંદર વ્યવહાર વિકલ્પ એવી જાતનો હોય છે એવું જણાવવા એને કહ્યું છે વ્યવહારનયથી. પણ વસ્તુ તો આ છે. આહાહા..! આચાર્ય અને

ઉપાધ્યાય એને કહીએ... આહાહા..! હજી પંચ પરમેષ્ઠીની ઓળખાણ ન મળે. ગડીયો હાંકે જાય નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. એની સાથે. અહીં તો કહે છે કે નમો અરિહંતાણં ત્યારે થાય કે શુદ્ધસ્વરૂપની અંતર દૃષ્ટિની ધારા વહે અને ત્યારે એ કેવળજ્ઞાનને પામે અને બધા કર્મનો નાશ થાય ત્યારે સિદ્ધપદને પામે. એ બે વાત તો પહેલી કહી ગયા. હવે પાંચ પદમાં રહ્યા ત્રણ. આચાર્ય અને ઉપાધ્યાય એ પણ શુદ્ધભાવને જ સાધે છે. આહાહા..! પંચ મહાવ્રતને અને નિમિત્તને નગ્નપણાને સાધે છે એમ નહિ. આહાહા..! ત્યારે એ લોકો કહે છે, જુઓ! કુંદકુંદાચાર્યે પંચ મહાવ્રત પાળ્યા. એણે પણ કર્યું. અરે..! ભાઈ! એ તો મુનિપણા વ્યવહારના કથન છે ભાઈ! વસ્તુની નિશ્ચય દૃષ્ટિ નિશ્ચય વિના વ્યવહારની કાંઈ કિંમત છે નહિ. અમથી પણ વ્યવહારની કિંમત નથી. આહાહા..! વ્યવહાર .. નિશ્ચય વસ્તુની દૃષ્ટિ ન હોય તો. આહાહા..! મૂળ પડ્યું રહ્યું અને બધું બહારનું રહી ગયું. આહાહા..! ભારે આકરું. પહેલી જ ગાથાના અર્થમાં આ પડ્યું છે લ્યો! એને જ્ઞાનમાં તો લ્યો ભાઈ પહેલું. પ્રભુ મહાપ્રભુ છે ચૈતન્ય. આહાહા..! એની પર્યાય અરિહંતની. આહાહા..! સર્વજ્ઞ પર્યાય.

એના વાંધા જુઓને. આ બધા પંડિતોમાં આ બધો ખીચડો કાઢે છે અંદરથી. કેવળજ્ઞાનની પર્યાય વર્તમાન પર્યાય છે એને જાણે. ભૂત-ભવિષ્યની થાય ત્યારે જાણે. થઈ ત્યારે જાણે. આહાહા..! ભાઈ! તારા જ્ઞાનની પર્યાયની મહિમા, તારા ગુણની મહિમા, તને બેઠી નથી. અને જ્ઞાનગુણ ભગવાન આત્માનો એ જ એનો સ્વભાવ છે. વસ્તુ તો દ્રવ્ય તરીકે છે. પણ એનો સ્વભાવ તરીકે તો સર્વજ્ઞ સ્વભાવ જ છે એનો. આહાહા..! પણ ભાવ હોવો જોઈએ કે નહિ? કે ભાવ વિનાની ભાવવાન ચીજ હોય? ભાવવાન એવો દ્રવ્ય એનો ભાવ એ તો જ્ઞાનસ્વભાવ. આહાહા..! અને જ્ઞાનસ્વભાવ એ પરિપૂર્ણ સ્વભાવ. આહાહા..! એવો જે ભગવાન આત્માનું સર્વજ્ઞપણું એ પર્યાયમાં પ્રગટ થયું એ શુદ્ધભાવને આશ્રયથી પ્રગટ થયું છે. તો પંચ મહાવ્રતની ક્રિયા કે એની ક્રિયા વડે એ થયું છે નહિ. અને સિદ્ધ ભગવાન પણ પૂર્ણ શુદ્ધતાને પામ્યા એ શુદ્ધભાવથી જ પામ્યા છે. આચાર્ય, ઉપાધ્યાય જે પામ્યા છે એ પણ શુદ્ધભાવથી જ પ્રાપ્ત થયા છે એમ કહે છે. જુઓ! આ પંચ પરમેષ્ઠીને વંદન કેમ કર્યું ભાવપાહુડમાં. એ ભાવમાં પ્રધાન પાંચ પદ છે. અને એની આ વ્યાખ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે એમ કહે કે ઋષભદેવ ભગવાને તો આ ઉપદેશ આપ્યો હતો પહેલો બધો. ત્યારે એ ક્યાં? એ તો વિકલ્પ ગૃહસ્થાશ્રમ છે, વિકલ્પ ઉઠ્યો એ જાતની વાત સમજાવી છે. પણ એ હેય છે. એની દૃષ્ટિમાં એ હેય છે. આહાહા..! જેટલો શુદ્ધભાવ પ્રગટ્યો છે એટલો જ ઉપાદેય છે અને એ શુદ્ધભાવનો જ ઉપદેશ કરનારા મુખ્યપણે છે. એ તો એ જાતનો વિકલ્પ આવ્યો અને એ જાતની... એનું વજન આપે છે. તીર્થંકરે પણ પહેલું આમ કહ્યું, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- તીર્થંકર કરે.

ઉત્તર :- કરે શું? એ તો વિકલ્પ આવ્યો હતો એ જાતનો તો આવું નીકળી ગયું વાણીને કારણે.

આહાહા..!

'**તથા અન્યકો શુદ્ધભાવકી દીક્ષા-શિક્ષા દેતે હૈં,...** ' આહાહા..! આ દીક્ષા. '**ઈસીપ્રકાર સાધુ હૈં...**' પાંચમા પદની. ચાર પદની વ્યાખ્યા થઈ છે. '**વે ભી શુદ્ધભાવકો સ્વયં સાધતે હૈં...**' લ્યો! સાધુ પંચ મહાવ્રત સાધે છે અને આસ્રવ સાધે એમ નથી લખ્યું. આહાહા..! પોતાનો પવિત્ર શુદ્ધભાવ એને '**સ્વયં સાધતે હૈં...**' પાછું. છે ને? સાધ્યતિ ઈતિ સાધુ. પોતે સ્વયં સાધે છે. રાગની, નિમિત્તની મદદ છે તો સાધે છે એમ છે નહિ. આહાહા..! ભાઈ! આત્માની અંદર શું તાકાત છે એની એને ખબર નથી. એને એમ કે જાણે સાધારણ આત્મા એટલે માની લીધો લ્યો. આહાહા..! એ આત્મા તો અનંતી એક એક શક્તિમાં પરમેશ્વરતા લઈને પડ્યો છે. આહાહા..! એવી અનંતી પ્રભુત્વ શક્તિઓ છે. આહાહા..! એવી અનંતી પ્રભુત્વ શક્તિઓનો પિંડ પ્રભુ એવો જે આત્મા (એની) જેને મહિમા દૃષ્ટિમાં અને જ્ઞાનમાં જેની મહિમા આવી, એને સમ્યગ્દર્શન અને જ્ઞાન, ચારિત્ર થાય. સ્વરૂપ સ્વયં સાધે સાધુ. સાધુ નગ્ન થઈ ગયા અને પાંચ મહાવ્રત પાળ્યા એ સાધુ એમ નહિ. આહાહા..! આ મૂળ વાત પડી રહી અને એકલી વાત ઉપરની થોથા રહી ગઈ.

'**શુદ્ધભાવકો સ્વયં સાધતે હૈં...**' આહાહા..! હવે અત્યારે શુદ્ધભાવ હોય નહિ એમ કહે છે. લ્યો! થઈ રહ્યું ત્યારે શુદ્ધભાવ હોય નહિ, સમકિતી હોય નહિ, સાધુ નહિ. આહાહા..! .. શુદ્ધભાવ હોય નહિ એટલે અત્યારે હોય નહિ સાતમા સુધી. પછી હોય, એમ. સાતમા સુધી લાવ્યા છે હવે. મહાવીર પાસે.. આહાહા..! કેવળજ્ઞાની પરમાત્મા, એની વાતું કરવી બાપુ એ બહુ ... આહાહા..! અબજપતિની દુકાને કોઈ ઘાંચીને બેસાડે, પચ્ચીસનો પગાર હોય. દુકાન હલવી શકે એ? આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ એની પૂર્ણ પર્યાય, એના જે ઉપદેશ અને કથન બાપુ! એ જાળવવા કઠણ પડે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે કે એ સ્વયં શુદ્ધને સાધે. એવો આચાર્ય, ઉપાધ્યાયે પણ ઉપદેશ આપ્યો. અહીં કહ્યું છે ને પ્રવચનસારમાં? આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તો શુદ્ધ ઉપયોગ સ્વરૂપ છે. આહાહા..! પરમ શુદ્ધ ઉપયોગ છે. એ વાત .. નીકળી ગઈ. શાસ્ત્રમાં ભલે ન હો, સમજાણું કાંઈ? આવો જે શુદ્ધ ઉપયોગ હોય તે જ વસ્તુ છે એવી શ્રદ્ધા નીકળી ગઈ. રાગ ને પુણ્ય ને વ્યવહાર ને આ ને આ.

..ના છોડ થઈ ગયા વડ. .. હોય એમાં ઊગે તો કેટલું ઊગે? મૂળિયું ઊગે તો ક્યાં જાય? એ તો સુકાઈ જાય. થઈ રહ્યું. 'ભીંડા .. કહે જરૂરી.' ભીંડો હોય ને ભાદરવાનો મહિનો ફાલે ત્યાં આવડો થઈ જાય. બે મહિના થાય તો આવડો થાય. વડને કહે ખસ હવે. અમે બે મહિને આવડા છીએ તો છ મહિને તો તોડી નાખીએ તને. શાંત થા.. શાંત થા... એ પંદર દિ' એ પાંદડા તારા સુકાઈ જશે. તારા મૂળિયા સુકાઈ જશે સાંભળને હવે. આહાહા..! એ પોલા ભમ વધ્યા છે એ નહિ ચાલે લાંબો કાળ. સમજાણું કાંઈ? આહાહા..! એમ શુભભાવ ને પુણ્યને લઈને બહાર ફાલ્યા હોય એ ફાલ્યાના છોડ છે બધા.

આહાહા..! ભાઈ! તારી શોભા તે શુદ્ધભાવની એ તેં પ્રગટ કરી નથી અને એનાથી તું શોભાને માનતો નથી. આહાહા..!

એ '**શુદ્ધભાવકો સ્વયં સાધતે હૈં ઔર શુદ્ધભાવકી હી મહિમાસે...** ' દેખો! સાધુ પણ શુદ્ધભાવની જ મહિમા કરે. વ્યવહાર મહાવ્રત ને વિકલ્પ ને નિમિત્તને મહિમાથી નહિ. આહાહા..! '**તીનલોકકે પ્રાણિયોં દ્વારા પૂજને યોગ્ય વંદને યોગ્ય હૈં,...**' આહાહા..! આત્મા શું ચીજ છે અને એમાં કેટલું સામર્થ્ય છે એક એક ગુણનું અને એવા અનંતા સામર્થ્યથી ભરેલો ભગવાન. આહાહા..! એના વીરલાની વાતું ચૈતન્યની શું કરવી કહે છે? આહાહા..! એવા હીરાને જેણે પકડ્યો ને જાણ્યો ને અનુભવ્યો, એની શુદ્ધતા તે એને પરમાત્મ થવાનું સાધન છે. કોઈ બાહ્ય બાહ્ય સાધન છે નહિ. આ તો વ્યવહારનો લોપ થઈ જાય એમ કહે છે. ભાઈ! વ્યવહારનો લોપ, વ્યવહાર છે ખરો, પણ એનો લોપ કરે ત્યારે નિશ્ચય થાય. આહાહા..!

'**શુદ્ધભાવકી હી મહિમાસે...**' ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ એનો જે પવિત્ર શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એવો શુદ્ધભાવ એનાથી એની મહિમા છે. આહાહા..! એને એ પંચ મહાવ્રતના પરિણામ અને નગ્નપણું એ મહિમા નથી. આહાહા..! '**મહિમાસે તીનલોકકે પ્રાણિયોં દ્વારા પૂજને યોગ્ય વંદને યોગ્ય હૈં,...**' લ્યો! આવી મહિમાને લઈને એ વંદનિક, પૂજનિક છે. કાંઈ બાહ્ય નગ્નપણું અને પંચમહાવ્રત છે માટે વંદનિક-પૂજનિક છે? આહાહા..! બહુ સરસ વર્ણવ્યું છે. ઓહોહો..! પહેલી ગાથામાં જયચંદ્ર પંડિતે જયકારો બોલાવ્યો છે. ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ ...મુનિપણું હો, ચારિત્ર હો. આહાહા..! જેમાં તત્ત્વ જ નથી આવ્યું એને ટકે ક્યાંથી અને એ રહે ક્યાંથી? આ સત્ય પ્રભુ આત્મા એ જ જ્યાં દૃષ્ટિમાં આવ્યો નથી અને દૃષ્ટિના વિષયમાં પર્યાય, રાગ ને માહાત્મ્ય બહારનું એ ક્યાં ટકશે બાપુ? આહાહા..! ચોર્યાસીના અવતારમાં ઘૂસ્યો છે. અરેરે..! ક્યાં અવતાર... એ કીડી ને કાગડોને.. આહાહા..! ચકલાનું .. અવતાર થાય, ઉપરથી ... પડે નીચે. ધગધગતી વેળુના ખાડમાં .. થઈને મરી જાય. નથી કોઈ શરણ. શરણનો નાથ અંદર છે એની સામું જોવું નથી. આહાહા..!

'**ઈસલિયે ભાવપ્રાભૃતકી આદિમેં ઈનકો નમસ્કાર યુક્ત હૈ.**' પાંચ પદને નમસ્કાર કેમ કર્યો? એની રીત છે એ. '**મસ્તક દ્વારા નમસ્કાર કરનેમેં...**' એ મસ્તક લીધું છે ને? એનો ખુલાસો કરે છે. '**મસ્તક દ્વારા નમસ્કાર કરનેમેં સબ અંગ આ ગયે,...**' મસ્તકથી નમસ્કાર કરતા હાથ-પગ બધું આવી ગયું અંદર. '**ક્યોંકિ મસ્તક સબ અંગોમેં ઉત્તમ હૈ.**' પાઠમાં છે ને '**सिरसा**'? એટલે કહ્યું. '**संजदे सिरसा**' '**સ્વયં નમસ્કાર કિયા તબ અપને ભાવપૂર્વક હી હુઆ,...** ' '**સ્વયં નમસ્કાર કિયા...**' ઓલા દેહના બધા અંગો આવી ગયા અને ભાવમાં હવે આ ભાવ આવ્યો. '**સ્વયં નમસ્કાર કિયા તબ અપને ભાવપૂર્વક હી હુઆ, તબ મન-વચન-કાયા તીનોં હી આ ગયે, ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો! મન, વચન અને કાયા ત્રણ. દ્રવ્ય, ભાવ નમસ્કાર પંચ પરમેષ્ઠીને. લ્યો આ

મંગળિક શરૂ કર્યું. ભાવપાહુડની શરૂઆતમાં મંગળિક કર્યું.

**'આગે કહતે હૈં કિ લિંગ દ્રવ્ય-ભાવકે ભેદસે દો પ્રકારકા હૈ, ઈનમેં ભાવલિંગ પરમાર્થ હૈં :—'**

**भावो हि पढमलिंगं, ण दव्वलिंगं च जाण परमत्थं।**
**भावो कारणभूदो, गुणदोसाणं जिणा बेन्ति।।२।।**

આહાહા..! ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર ગુણદોષને કારણ ભાવને કહે છે. આહાહા..!

**'અર્થ :- ભાવ પ્રથમ લિંગ હૈ,...'** એ આત્માનું લિંગ એટલે ભાવચિહ્ન શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ એનું ભાવલિંગ પ્રથમ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો અમૃતનો નાથ. આહાહા..! એની જે શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા એવો જે ભાવ એ પ્રથમ લિંગ અને ચિહ્ન છે. ધર્મનું ભાવલિંગ એ મુખ્ય ચિહ્ન છે. **'ઈસલિયે હે ભવ્ય! તૂ દ્રવ્યલિંગ હૈ ઉસકો પરમાર્થરૂપ મત જાન,...'** નગ્નપણું અને પંચ મહાવ્રતના વિકલ્પને પરમાર્થ ન જાણ. આહાહા..! સમજાણું કાંઈ? 'તૂ દ્રવ્યલિંગ...' એટલે નગ્નદશા. હોય છે નગ્નદશા મુનિને. પંચ મહાવ્રતના વિકલ્પ પણ હોય છે. એ પરમાર્થ ન જાણે એને. એ મૂળ ચીજ નથી, એ તો ઉપરના ફોતરા છે. આહાહા..! કુંદકુંદાચાર્યની શૈલી રચના ગજબ છે.

**'ક્યોંકિ ગુણ ઔર દોષોંકા કારણભૂત ભાવ હી હૈ,...'** કાંઈ દ્રવ્યલિંગ બહારના કારણ એકેય ગુણ-દોષનું કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'ગુણ ઔર દોષોંકા કારણભૂત ભાવ હી હૈ,...'** એટલું તો જોર આપ્યું છે જુઓ. **'ઈસપ્રકાર જિન ભગવાન કહતે હૈં.'** એમ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર ઈન્દ્ર અને ગણધરની સભામાં આમ ભગવાન કહેતા હતા. એમ ભગવાન કહે છે. આહાહા..! દેહની ક્રિયાઓ દયા, દાન, વ્રતની અને નગ્નપણું એ કાંઈ નવી વસ્તુ નથી. એવું તો અભવિ પણ અનંતવાર કરે છે. જેમાં ભવનો અભાવ થાય એવો સ્વભાવ એવો શુદ્ધભાવ છે. અને એ ભાવનું પરમાર્થપણું છે. દ્રવ્યલિંગને પરમાર્થપણું નથી. જિન ભગવાન કહે છે. **'जिणा बेन्ति'** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે.

**'ભાવાર્થ :- ગુણ જો સ્વર્ગ-મોક્ષકા હોના...'** સ્વર્ગ મોક્ષ બે આવે છે ને? શુદ્ધભાવ થતાં મોક્ષ થાય, પણ વચમાં જરી રાગ પણ બાકી હોય છે તો સ્વર્ગાદિ મળે. કામદં મોક્ષદં ચેવ. **'સ્વર્ગ-મોક્ષકા હોના ઔર દોષ અર્થાત્ નરકાદિક સંસારકા હોના... '** આહાહા..! **'ઈનકા કારણ ભગવાનને ભાવોંકો હી કહા હૈ,...'** ક્રિયા જડની ફેરની, એને કાંઈ ભગવાને નરકગતિનું કારણ, મોક્ષનું કારણ કહ્યું નથી. આહાહા..! એમાં પણ વાંધા. કૈલાસચંદજીએ મૂક્યું હતું. ભાવ પ્રધાન છે. દ્રવ્યક્રિયા નહિ. એના વાંધા ઉઠ્યા. નહિ,... સમાજને સમતોલ રાખવા. આહાહા..!

**'ક્યોંકિ કારણ કાર્યકે પહિલે હોતા હૈ.'** શું કહ્યું? મોક્ષનું કાર્ય એનું કારણ પહેલું હોય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે શુદ્ધભાવ, એ મોક્ષનું કાર્ય પહેલા એ કારણ હોય છે. અને નરકગતિ આદિ નિગોદમાં જાવું. આહાહા..! એક શરીરમાં અનંત જીવ. અંગુલના અસંખ્ય ભાગનું ક્ષેત્ર. ભગવાન તો અનંત અનંતગુણનો પિંડભાવ શક્તિ... શક્તિ... શક્તિ... પણ પર્યાયમાં એટલો હીણો થઈને નિગોદના ભાવમાં રહે એ પણ ભાવને કારણે રહે. એ .. નું જ કારણ છે એ. આહાહા..! મિથ્યાત્વરૂપી દોષના સેવનથી એ નરક અને નિગોદમાં જાય છે એ.

'**કારણ કાર્યકે પહિલે હોતા હૈ. યહાં મુનિ-શ્રાવકકે દ્રવ્યલિંગકે પહિલે...**' જોયું! મુનિ અને શ્રાવકના પંચમહાવ્રત કે બાર અણુવ્રત એના પહેલાં 'સમકિતી, મુનિ હો તો...' જોયું! સમ્યગ્દર્શન હોય તો. એમ. '**સચ્ચા મુનિ-શ્રાવક હોતા હૈ,...**' આહાહા..! ઓલાને દ્રવ્યસમકિતનો આરોપ આપીને. આહાહા..! ક્યાં પણ ચાલ્યા ગયા ક્યાંય. વિચાર પણ નથી આવતો કે બાપુ! આનું શું પરિણામ આવશે? દુનિયા એની સાથે નહિ આવે. આહાહા..! એનો સરવાળો .. એનો સરવાળો શું આવશે? એ મિથ્યાત્વભાવનો સરવાળો તો નિગોદ છે. પછી ભલે બાહ્યથી કહે કે પંચ મહાવ્રતની ક્રિયા હોય, પણ અંદરમાં મિથ્યાત્વભાવ છે કે રાગથી ધર્મ થાય અને સ્વભાવનો આશ્રય છે નહિ. ભગવાન આત્મા પૂર્ણ અમૃતનો પિંડ આત્મા. આહાહા..!

એવા સમકિતી, મુનિ '**સચ્ચા મુનિ-શ્રાવક હોતા હૈ,...**' દેખો! શ્રાવકના બાર વ્રત અને મુનિના પાંચ વ્રત પહેલા સમ્યગ્દષ્ટિ હોય તો એ સાચો શ્રાવક અને મુનિ હોય. અને થોથા છે નહિતર તો બધા. હવે એની તો કાંઈ કિંમત ન મળે. વ્રત લ્યો, ત્યાગ કરો, તપસ્યા કરો, આવુ નિમિત્તપણામાં જ ચારિત્ર હોય છે. પણ ક્યું ચારિત્ર? એ તો આત્માના આનંદના અનુભવની દૃષ્ટિપૂર્વકમાં રમણતા. એ ચારિત્ર. આ ચારિત્ર ક્યાં હતા? આહાહા..! પંચ મહાવ્રતના પરિણામની ક્રિયા એ ઝેરની ક્રિયા, રાગની ક્રિયા છે. આહાહા..! અમૃતનો નાથ અમર સ્વરૂપ, એના ઉપર તો એ રાગનું ઝેર છે. આહાહા..! એ કાંઈ મૂળ ચીજ નથી. ત્યારે વળી એમ કહે કે એ કાંઈ પાળવું નથીને માટે મહાવ્રત ને રાગ.. આહાહા..! પાળવાની વાત ક્યાં બાપા? કોને પાળે? ભાઈ! સાંભળને હવે. આહાહા..!

'**મુનિ-શ્રાવકકે દ્રવ્યલિંગકે પહિલે...**' મુનિ અને શ્રાવકના વ્રતના પરિણામ પહેલા. સમકિતી, મુનિ હો તો. દેખો! આહાહા..! અખંડ આત્મા આનંદસ્વરૂપ અને પરમાત્મસ્વરૂપ એવો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન હોય તો. આહાહા..! અરે..! સંસાર. અલ્પકાળ, આ બધો દેખાવ, એ બધો અદશ્ય થઈ જશે. આહાહા..! જેણે અદશ્યને દશ્ય નથી કર્યું. અંદર ભગવાન અગમ્ય વસ્તુ એને જેણે જ્ઞાનમાં ગમ્ય અને ભાન નથી કર્યું, એને આ બધું દશ્ય વિખાઈ જશે. બહારમાં આચાર્ય હોય ને મોટા લાખો કરોડો માણસો માનતા હોય, કરોડો રૂપિયાના ઢગલા થતા હોય, હાથીઓ મોટા હોય, ઝૂલતા હોય સ્વાગતમાં. શું થયું એમાં? આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ આત્મા એની જે અંતર શુદ્ધભાવની પ્રતીતિ... ત્રિકાળી ભાવ શુદ્ધ, એની પ્રતીતિ નિર્વિકલ્પ. એવી સમ્યકસ્થિતિએ હોય તો તે મુનિ ને શ્રાવક સાચા

કહેવાય. આ ન હોય તો બધા તારા વ્રત ને તપ ને દ્રવ્યલિંગ બધા એકડા વિનાના મીંડા છે. એવા ભાવલિંગમાં આ ભાવપાહુડમાં આ કહેવું છે.

મુમુક્ષુ :- આજ તો શરૂઆતથી જ માલ આવી ગયો.

ઉત્તર :- માલ આવ્યો ને? આહાહા..!

'**ઈસલિયે ભાવલિંગ હી પ્રધાન હૈ.**' રાગના વિકલ્પથી રહિત ભગવાન પરમાનંદસ્વરૂપ અનંતગુણની નિધાન, ખાણ, એની અંદરમાં પ્રતીતિ અને ભાન વિના કોઈ દ્રવ્યલિંગથી સાધુપણું કહેવાતું નથી કહે છે. નગ્ન થાઓ, બાયડી-છોકરા છોડો. એ કાંઈ વસ્તુની કિંમત નથી એમાં. આહાહા..! '**પ્રધાન હૈ વહી પરમાર્થ હૈ,...**' '**दव्वलिंगं च जाण परमत्थं**' એમ કીધું છે ને એમાં? દ્રવ્યલિંગ પ્રધાન ન જાણ. આહાહા..! '**ઈસલિયે દ્રવ્યલિંગકો પરમાર્થ ન જાનના,...**' મહાવ્રતના પરિણામ ને નગ્નપણાના પરિણામ ને અપવાસાદિ કર્યા મહિનાના, બે મહિનાના, તપસ્યાઓ કરી, રસ છોડ્યા, એ દ્રવ્યલિંગને મુખ્યતા ન બેસે. એ પરમાર્થ ન જાણ. એ પરમાર્થ વસ્તુ નથી. આહાહા..! '**ઈસપ્રકાર ઉપદેશ કિયા હૈ.**' લ્યો! આ પ્રકારે ભગવાન કુંદકુંદાચાર્યે ઉપદેશ કર્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુખ્ય કર્યું. અહીં નથી એને મુખ્ય કર્યું. આ છે. એ ભૂલી ગયો. વરને ભૂલ્યો અને જાનને શણગારી. સારા કપડા પહેરાવ્યા ને સારા.. આહાહા..! અને ચૈતન્ય બાદશાહ પ્રભુ અનંત આનંદનો સાગરથી અનંત આનંદનો સાગર પ્રભુ છે. એની તો જેને દૃષ્ટિ અને જ્ઞાન થયા નથી અને એકલા વ્રતના ખોખા લઈને બેસે, નાગા સાધુ થાય. એ તો કહે છે કે એ વસ્તુ જ નથી. આહાહા..! વસ્ત્રસહિતવાળા તો દ્રવ્યલિંગી પણ નથી. '**ઐસે પરિણામકો ભાવ કહતે હૈં.**' આહાહા..!

'**જીવકા સ્વભાવ-પરિણામરૂપ ભાવ તો...**' જીવનો સ્વભાવ પરિણામરૂપ ભાવ તો '**દર્શન-જ્ઞાન હૈ...**' દેખવું અને જાણવું એ એના પરિણામ છે. સ્વભાવરૂપ પરિણામ કીધું ને? સ્વભાવરૂપ પરિણામ તો જાણવા-દેખવાના ભાવ. પર્યાય લેવી છે ને? એના એ ભાવ છે. સ્વભાવરૂપ પરિણામ જાણવું-દેખવું છે. '**ઔર પુદ્‌ગલ કર્મકે નિમિત્તસે જ્ઞાનમેં...**' આત્માની જ્ઞાનદશામાં '**મોહ-રાગ-દ્વેષ હોના વિભાવભાવ હૈ.**' મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પર્યાય થવી એ વિભાવભાવ છે. આહાહા..! એ તો બેય ભાવની વ્યાખ્યા કરી.

'**પુદ્‌ગલકે સ્પર્શસે સ્પર્શાન્તર, રસસે રસાંતર ઈત્યાદિ ગુણોસે ગુણાંતર હોના સ્વભાવભાવ હૈ...**' સ્પર્શનું બદલવું, રંગનું બદલવું, રસનું બદલવું એ ગુણથી ગુણાંતર એટલે પર્યાય, એ સ્વભાવભાવ છે. એ પરમાણુનો સ્વતંત્ર પોતાના સ્વભાવથી થવું એ સ્વભાવભાવ. '**ઔર પરમાણુસે સ્કંધ હોના...**' એક રજકણથી ઘણા પિંડરૂપ થાય. આહાહા..! '**સ્કંધસે અન્ય સ્કંધ હોના...**' એક પિંડથી બીજા સ્કંધમાં જાવું અને સ્કંધ થાય ... '**જીવકે ભાવકે નિમિત્તસે કર્મરૂપ હોના યે**

**વિભાવભાવ હૈ.**' લ્યો! એ સ્કંધરૂપ થવું વિભાવભાવ, સ્કંધથી પિંડથી બીજામાં જવું વિભાવભાવ અને આત્માના પરિણામથી નિમિત્તમાં .. કર્મ '**કર્મરૂપ હોના યે વિભાવભાવ.**' કર્મ પણ વિભાવભાવ છે. પરમાણુની વિભાવિક પર્યાય છે એ. કર્મ એ પરમાણુની વિભાવિક પર્યાય છે. સ્વભાવિક પર્યાય તો એકલો પરમાણુ જુદો રંગ, ગંધ, રસની પર્યાયવાળો એમ કહ્યું. '**ઈસપ્રકાર ઈનકે પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવ હોતે હૈં.**' પરસ્પર થયું ને? કર્મ નિમિત્ત અને મોહ-રાગ-દ્વેષ પરિણામ. જીવનું પરિણામ નિમિત્ત અને કર્મરૂપી પરિણામનું થવું.

'**નિમિત્ત-નૈમિત્તિકભાવ હોતે હૈં.**' શું કીધું સમજાણું? સ્કંધમાં (એક) સ્કંધનું (બીજા) સ્કંધરૂપે થવું, પરમાણુનું સ્કંધરૂપે થવું અને કર્મના પરિણામ આત્માના પરિણામથી કર્મરૂપે થવું એ પુદ્‌ગલના પરિણામ છે. એમાં જીવ નિમિત્ત અને પરિણામ એમાં. અને આત્મામાં મોહ-રાગ-દ્વેષ નૈમિત્તિક એમાં કર્મ નિમિત્ત. નિમિત્તનો અર્થ એ કાંઈ કરે છે એમ નથી. વસ્તુને સિદ્ધ કરવી છે. ઉપાદાન વિના નિમિત્તથી કાંઈ થતું નથી. '**ઉપાદાનકે બિના નિમિત્ત કુછ કરતા નહીં હૈ.**' નીચે આવે છે. વચલા અર્થમાં. આ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? કેટલી ચોખવટ ગૃહસ્થાશ્રમમાં પંડિત...! અને આ પંડિતોને એમ કહે અમે ઘણા સાંભળ્યા. પંડિતો બધા પંડિતોને વાંચનારા. ભાઈ! .. જુદી ચીજ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે ભગવાનમાં.. ભગવાનનું રહસ્ય છે .. એમ કહે છે. અરે ભગવાન!

મુમુક્ષુ :- ધવલ ને જયધવલ ને મહાધવલ...

ઉત્તર :- એ કાંઈ બીજી ચીજ હતી ધવલ... એનાથી જુદું નીકળ્યું એમ કહે. આહાહા..! અને અહીં એ જ કહે છે. કર્મના નિમિત્તથી થતાં પરિણામ વિકારના અને વિકારના પરિણામ નિમિત્ત થાય કર્મનું. ... સ્વભાવભાવ નથી. ત્યાં પણ એને શુદ્ધભાવથી ધર્મ કીધો છે અને પુણ્યથી ધર્મ કર્યો એમ નથી ત્યાં. ત્યાં પણ પુણ્યભાવથી ધર્મ કીધો છે.

હવે અહીં તો કહે છે કે જીવમાં કર્મના નિમિત્તથી થતા મોહ-રાગ-દ્વેષ દુઃખરૂપ છે, વિભાવ. અને આત્માના પરિણામના નિમિત્તથી કર્મમાં પરિણામ થાય એને કાંઈ દુઃખ નથી. એનું વિભાવરૂપ આ વિભાવસહિત... આ વિભાવરૂપ અવસ્થા છે એ કાંઈ દુઃખ નથી એને. પરમાણુને દુઃખ નથી. પણ સ્વભાવિક અવસ્થા હોય પરમાણુની, તેથી સુખ નથી. જીવમાં સુખ-દુઃખની વાત છે. જીવના શુદ્ધ સ્વભાવનું પરિણમન થાય એ સુખરૂપ છે અને કર્મના નિમિત્તથી વિભાવનું પરિણમન થાય એ દુઃખરૂપ છે. સ્વભાવ-વિભાવ સુખદુઃખ એ જીવને માટે છે. પરમાણુમાં સ્વભાવિક પર્યાય એ તો સુખી છે અને વિભાવિક અવસ્થા થાય એ દુઃખી છે એમ જડમાં નથી.

'**પુદ્‌ગલ તો જડ હૈ, ઈસકે નૈમિત્તિકભાવસે કુછ સુખ-દુઃખ આદિ નહીં હૈ...**' નિમિત્તથી

નૈમિત્તિકભાવ જે થયો પરમાણુમાં, એમાં સુખ દુઃખ નથી. **'જીવ ચેતન હૈ, ઈસકે નિમિત્તસે ભાવ હોતે હૈં—ઉનસે સુખ-દુઃખ આદિ હોતે હૈં...'** જીવમાં કલ્પનાથી જે પરિણામ એમાં સુખ-દુઃખ હોય. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૨, ગુરુવાર તા. ૧૦-૦૧-૧૯૭૪**
**ગાથા – ૨, પ્રવચન – ૮૫**

બીજી ગાથા ચાલે છે. ૧૩૧ પાને. બીજો પેરેગ્રાફ છે. ભાવનું .. છે ને ભાવ. ભાવ કોને કહેવો? અને ક્યો ભાવ દુઃખરૂપ અને સુખરૂપ છે એ વાત છે. **'પુદ્ગલ તો જડ હૈ,...'** અહીં ભાવનું વર્ણન કરવું છે ને કે ભાવ, ક્યો ભાવ દુઃખરૂપ અને ક્યો ભાવ સુખરૂપ? દ્રવ્ય જે આત્મા છે એની પ્રવૃત્તિરૂપભાવ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રવૃત્તિરૂપભાવ એ સુખરૂપ છે. અને મિથ્યાદર્શન-જ્ઞાન આદિ જે ભાવ એ જીવને દુઃખરૂપ છે. કહ્યું ને અંદર? **'भावो कारणभूदो, गुणदोसाणं'** ગુણ-દોષનું કારણ તો ભાવ છે. નરકાદિ ગતિમાં જવાનું કારણ પણ ભાવ છે અને મોક્ષમાં જવાનું કારણ પણ ભાવ છે.

તો કહે છે કે **'પુદ્ગલ તો જડ હૈ, ઈસકે નૈમિત્તિકભાવસે કુછ સુખ-દુઃખ આદિ નહીં હૈ...'** પુદ્ગલમાં કોઈ નિમિત્તથી થતાં મિથ્યાત્વાદિ ભાવ એ કાંઈ સુખ-દુઃખાદિ (કરતા) નથી પુદ્ગલને, વિભાવભાવ હોવા છતાં. **'ઔર જીવ ચેતન હૈ, ઈસકે નિમિત્તસે ભાવ હોતે હૈં...'** જીવમાં જે ભાવ થાય **'ઉનસે સુખ-દુઃખ આદિ હોતે હૈં...'** જીવમાં ભાવ થાય તે સુખ-દુઃખનું કારણ છે. **'અતઃ જીવકો સ્વભાવભાવરૂપ રહનેકા...'** ભાવ બે પ્રકારના થાય. એક સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ સ્વભાવભાવ અને એક મિથ્યાદર્શન આદિ રાગ-દ્વેષભાવ. તો **'સ્વભાવભાવરૂપ રહનેકા...'** આત્માના આનંદને જ્ઞાન સ્વભાવ, એની દૃષ્ટિ જ્ઞાન કરીને એ ભાવમાં રહેવું **'ઔર નૈમિત્તિકભાવરૂપ ન પ્રવર્તનેકા ઉપદેશ હૈ.'** નિમિત્તથી ઉત્પન્ન થતાં પુણ્ય અને પાપ મિથ્યાદર્શન, અજ્ઞાન આદિ એવા ભાવમાં ન પ્રવર્તવું એ ઉપદેશ છે. સમજાણું કાંઈ?

**'જીવકે પુદ્ગલ કર્મકે સંયોગસે દેહાદિક દ્રવ્યકા સંબંધ હૈ,...'** આ જીવને પુદ્ગલ કર્મના સંબંધથી દેહ, વાણી આદિનો સંબંધ છે. **'ઈસ બાહ્યરૂપકો દ્રવ્ય કહતે હૈં,...'** એ તો બાહ્ય ચીજ-દ્રવ્ય છે. **'ઔર ભાવસે દ્રવ્યકી પ્રવૃત્તિ હોતી હૈ,...'** એ દ્રવ્યમાં ભાવની પ્રવૃત્તિ થાય. **'ઈસપ્રકાર દ્રવ્યકી પ્રવૃત્તિ હોતી હૈ.'** જડકર્મ જડ પુદ્ગલમાં ભાવ, ચૈતન્યના દ્રવ્યમાં ભાવ. ચૈતન્ય દ્રવ્યમાં

ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ કે મિથ્યાદર્શન, અજ્ઞાન આદિ એ સુખ-દુઃખનું કારણ છે. જડનો ભાવ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી. જડની તો પ્રવૃત્તિ, દ્રવ્યની પ્રવૃત્તિ છે, પણ જીવની પ્રવૃત્તિ, જીવદ્રવ્યની જે પ્રવૃત્તિ, મિથ્યાદર્શન આદિની પ્રવૃત્તિ કે સમ્યગ્દર્શનાદિની પ્રવૃત્તિ એ સુખ-દુઃખનું કારણ છે. સમજાણું આમાં કાંઈ?

બાહ્ય ચીજ-દ્રવ્ય છે એ તો કાંઈ એની સાથે સંબંધ નથી. '**ભાવસે દ્રવ્યકી પ્રવૃત્તિ હોતી હૈ,...**' આત્મા ચૈતન્ય .. અને શરીરાદિ જડદ્રવ્ય એ દ્રવ્યમાં ભાવથી પ્રવૃત્તિ થાય એને. પુદ્‌ગલના ભાવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ભાવ એ એની પ્રવૃત્તિ. ચૈતન્યનો ભાવ, સ્વભાવભાવ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ ભાવ એ દ્રવ્યની પ્રવૃત્તિ. એ મોક્ષનું કારણ અને સુખનું કારણ. અને દ્રવ્યની મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન અને રાગ-દ્વેષના પરિણામ એ દ્રવ્યની પ્રવૃત્તિ અને મિથ્યાપ્રવૃત્તિ, દુઃખરૂપ પ્રવૃત્તિ. સમજાણું આમાં કાંઈ? વસ્તુ છે એમાં કાંઈ સુખ-દુઃખ (થતા નથી). એ તો દ્રવ્ય કાયમ ચીજ છે. એની પ્રવૃત્તિમાં થતાં ભાવ એ સુખ-દુઃખનું કારણ છે. એમાં પણ જડદ્રવ્ય અને જડના ભાવ એ કાંઈ જડને સુખ-દુઃખનું કારણ નથી. ચૈતન્યદ્રવ્યના ભાવ, શુદ્ધભાવ કે અશુદ્ધભાવ એની પ્રવૃત્તિ એને સુખ-દુઃખનું કારણ છે. દ્રવ્ય બાહ્ય ચીજ સુખ-દુઃખનું કારણ નથી. વસ્તુ પોતે દ્રવ્ય છે એ સુખ-દુઃખનું કારણ નથી, એ પ્રવૃત્તિ જ નથી દ્રવ્યની. સમજાણું કાંઈ? આહાહા..!

'**દ્રવ્ય-ભાવકા સ્વરૂપ જાનકર સ્વભાવમેં પ્રવર્તે વિભાવમેં ન પ્રવર્તે...** ' ભગવાન આત્મા જ્ઞાન સ્વભાવ, શુદ્ધભાવ એમાં પ્રવર્તે, વિભાવમાં ન પ્રવર્તે. આ ઉપદેશ છે ભાવપાહુડનો. આહાહા..! '**ઉસકે પરમાનંદ સુખ હોતા હૈ;...**' લ્યો! ભગવાન આત્મા દ્રવ્ય જે વસ્તુ, એનો જે સ્વભાવભાવમાં પ્રવર્તવું એ પરમાનંદ મુક્તિનું કારણ છે. અને વિભાવમાં પ્રવર્તવું એ નરકાદિ દુઃખનું કારણ છે. ભાવની વાત છે ને. આ ભાવપાહુડની વાત છે. .. કીધું છે ને '**भावो कारणभूदो, गुणदोसाणं जिणा बेन्ति**' વીતરાગ પરમેશ્વર ભાવને ગુણ-દોષનું કારણ કહે છે. વસ્તુને નહિ, તેમ બીજી ચીજ જડાદિ વસ્તુને નહિ એમ એના નૈમિત્તિકથી થતા ભાવ જડમાં એ એની પ્રવૃત્તિ ખરી જડની. પણ એ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી. ભગવાન આત્મા દ્રવ્ય જે છે એ તો વસ્તુ છે. એ ભાવ નથી એનો. દ્રવ્યમાં થતી અવસ્થા સ્વભાવભાવરૂપ કે વિભાવભાવરૂપ એ ભાવ સુખ-દુઃખું કારણ છે. એમાં આત્મા આનંદસ્વરૂપ પરમાનંદની મૂર્તિ ચૈતન્ય રત્નાકર સ્વયંભૂ, એમાંથી પ્રગટેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભાવ, એમાં પ્રવર્તવું એ પરમાનંદનો સાર આ ભાવ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**વિભાવ રાગ-દ્વેષ-મોહરૂપ પ્રવર્તે,...**' ભ્રમણા... પરમાં સુખ છે, પૈસામાં, શરીરમાં, કુટુંબમાં, આબરૂમાં સુખ છે એવી ભ્રમણા એ દુઃખનું કારણ છે. કહો, ભગવાનજીભાઈ! આહાહા..! ભગવાન જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સમવસરણમાં આમ '**जिणा बेन्ति**' જિનેશ્વર આમ કહે છે. ભાઈ! તારો આત્મા દ્રવ્ય જે વસ્તુ છે એ તો છે અને એમાં જે ત્રિકાળી ગુણો છે એ પણ છે. એ તો દ્રવ્યમાં જાય

છે. સમજાણું કાંઈ? હવે અહીં તો ભાવની પ્રવૃત્તિની વાત લેવી છે. તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એની જે પરિણતિ સ્વભાવની—એ સ્વભાવની શ્રદ્ધા, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવની સ્થિરતાની પ્રવૃત્તિ એ પરમાનંદ ને મુક્તિનું કાર્ય સુખનું કારણ છે. અને મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષના ભાવ, ચાહે તો પુણ્યનો ભાવ હોય તો પણ એ દુઃખનું અને વિભાવનું કારણ છે. છે ને એમાં એ આવ્યું ને?

'**વિભાવ રાગ-દ્વેષ-મોહરૂપ પ્રવર્તે,...**' ચાહે તો શુભરાગરૂપે પ્રવર્તે કે અશુભરાગરૂપે પ્રવર્તે. આહાહા..! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ. ભાવપાહુડ છે ને હજી તો. ભાવનો અર્થ અહીં પર્યાય લેવી છે સ્વભાવ. સ્વભાવ કે વિભાવરૂપી પર્યાય લેવી છે. આ ત્રિકાળભાવ છે એ તો ગુણ ધ્રુવ છે. એ કાંઈ પ્રવૃત્તિમાં નથી આવ્યું. ત્રિકાળ વસ્તુ અને ત્રિકાળી ગુણ એમાં કાંઈ પ્રવૃત્તિ નથી. એ તો કૂટસ્થ ધ્રુવરૂપ ભાવ છે. આહાહા..! ભારે વાત છે. કહે છે કે પ્રભુ... એમ પરમાણુ જે જડ જગતના પૈસો જડ, એ દ્રવ્ય છે અને એ દ્રવ્યમાં વિભાવરૂપે દશા થાય, ચંદ્રનું થવું, સૂર્યનું થવું એ કાંઈ દુઃખરૂપ એને નથી. જડને દુઃખ શું હોય? આહાહા..! જેમાં આનંદ નથી એને ઊલટી દશા એમાં શું હોય?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ચૈતન્ય રત્નાકર પ્રભુ છે. આહાહા..! એ ચૈતન્યરત્નાકર-રત્નનો આકર-મોટો દરિયો છે. એની પ્રવૃત્તિના જે પરિણામ. આહાહા..! વસ્તુને અવલંબે છતાં જે પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવદશા એ સુખરૂપ અને પરમાનંદનું કારણ છે. વર્તમાન સુખરૂપ અને પરમાનંદનું કારણ છે. સમજાણું કાંઈ? અને મિથ્યાશ્રદ્ધા અને રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપનો ભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યના દુઃખનું એ કારણ છે. સમજાણું કાંઈ? લ્યો આ પૈસા મારા એવો ભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- એમાં શું થયું ...

ઉત્તર :- મોજશોખ, પણ દુઃખ થયું ત્યાં મોજશોખ ક્યાં આવ્યું પાછું? આહાહા..! કહો, ચીમનભાઈ! અહીં .. મકાન કર્યું છે ને મોજશોખ થાય છે ને ત્યાં? એમ કહે છે. પછી વળી ગમે તેમ થાતુ હોય. ધૂળમાંય નથી મોજશોખ. આહાહા..! એનો ભાવ શું છે એ ઉપર તો અહીં અત્યારે વાત ચાલે છે. આહાહા..! પ્રવૃત્તિની વાત છે ને અહીં તો, પરિણમન, પરિણમનની. વસ્તુ તો વસ્તુ છે જડ અને ચૈતન્ય બેય. આહાહા..! એની જે દ્રવ્યની પરિણતિ, દશા, ભાવરૂપ પ્રવર્તન એમાં જેને રાગ અને દ્વેષ ને પુણ્ય ને પાપ ને ભ્રમણાની પ્રવૃત્તિ છે એ તો વર્તમાન દુઃખરૂપ છે. એ પ્રાણી વર્તમાન દુઃખી છે. અને ભવિષ્યમાં દુઃખના ડુંગરે જવાના છે એ. આહાહા..! સમજાણું કાંઈ? અને ભગવાન આત્મા... સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથે જે આત્મા કહ્યો એવું ચૈતન્ય રત્નાકર પ્રભુ, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતામાં પ્રવૃત્તિરૂપ ભાવ એ વર્તમાન સુખરૂપ છે, ભવિષ્યમાં પરમ આનંદ તે પૂર્ણ આનંદનું કારણ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

એ 'વિભાવ રાગ-દ્વેષ-મોહરૂપ પ્રવર્તે, ઉસકે સંસાર સંબંધી દુઃખ હોતા હૈ.' એને વર્તમાન દુઃખી, ભવિષ્યમાં નરક અને નિગોદમાં જશે ત્યાં પણ દુઃખી. બહારમાં ભલે રૂપાળા ને ધોળા ને બંગલા પચાસ પચાસ લાખના હોય. એમાં હીંડોળે હીંચકતો હોય સોનાના કડા. સોનાના શું કહેવાય એ? સમજ્યા? સાંકળીઓ. બેઠો હોય ને ઉપર .. ઝૂલે આમ. એવું જાણે અંદરથી થાય છે. આહાહા..! આહાહા..!

મુમુક્ષુ :- .. દુઃખ થાય.

ઉત્તર :- દુઃખ થાય. દુઃખી છે બિચારો. અને એ દુઃખ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યના દુઃખને વ્હોરે છે. ભવિષ્યના દુઃખની સામે જાય છે એ. આહાહા..! એવી વાત છે.

મુમુક્ષુ :- ખબર નહોતી.

ઉત્તર :- ખબર ક્યાં? ભાન જ નથી. ભાન જ નથી. નિમિત્ત શું? .. એ માટે તો વાત છે. એને ભાન નથી કે દુઃખ-સુખ કોને કહેવું? એ શરીર, વાણી, પૈસો, ધૂળ લક્ષ્મી, આબરૂ એ સુખ છે? એ તો જડ ચીજ છે. અને જડની પ્રવૃત્તિ છે એ શુભ છે? એ તો એના પરિણામ છે જડના. એમાં સુખ-દુઃખ ક્યાં આવ્યું? આહાહા..! કારણ દ્રવ્ય જે વસ્તુ છે અનાદિ ભગવાન આત્મા નિત્ય પ્રભુ છે, અવિનાશી છે, કાંઈ ઉત્પન્ન થયો નથી નવો. નાશ થાય એવો નથી. આહાહા..! એવો ભગવાન આત્મા દ્રવ્યરૂપે-વસ્તુરૂપે છે એની પ્રવૃત્તિના પરિણામ બે પ્રકારના. ભાવ લેવો છે ને, પ્રવર્તન લેવું છે ને અત્યારે? પ્ર-વિશેષે વર્તવું. વર્તવું. એ વસ્તુ સ્વભાવ ચૈતન્ય ભગવાનમાં પ્રવર્તે પર્યાય, શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં પ્રવર્તે એ પરિણામના ભાવ એ વર્તમાન સુખરૂપ, ભવિષ્યમાં સુખનું કારણ. પૂર્ણ સુખ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..પર્યાયની બહુ વાત

ઉત્તર :- આહાહા..! પર્યાય આ છે ને. કહ્યું છે ને. પર્યાયમાં સંસાર, પર્યાયમાં મોક્ષમાર્ગ, પર્યાયમાં સિદ્ધ. પર્યાયમાં સંસાર ને પર્યાયમાં નિગોદ. વસ્તુ તો વસ્તુ છે. એ માટે તો વાત કરે છે. દ્રવ્યલિંગ છે એ તો દ્રવ્યરૂપે વસ્તુ છે. આહાહા..!

મુમુક્ષુ :- ધ્રુવનું વજન કેમ નથી?

ઉત્તર :- ધ્રુવ વજન ખરું પણ છે એ તો પર્યાય એ પર્યાય થઈ.

મુમુક્ષુ :- એનું શું કામ છે?

ઉત્તર :- .. પર્યાય પ્રવર્તન છે અને પ્રવર્તનનું સુખ-દુઃખનું કામ છે. એ નથી તો થયું કાંઈ નથી એને. આહાહા..! રખડવાનો ભાવ ક્યાં રહ્યો પછી પ્રવર્તન ન હોય તો? આહાહા..!

વસ્તુ ભગવાન આત્મા નિત્ય ધ્રુવ છે. એની પ્રવૃત્તિના વર્તમાન પરિણામ જે છે દશા. શરીર, વાણી, મન, કર્મ, પૈસા એ તો પરચીજ જડ, ધૂળ છે એની સાથે કાંઈ સંબંધ નથી. એ કાંઈ જીવનો

ભાવ નથી કે જીવનું સુખ-દુઃખનું કારણ થાય. શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, પૈસો એ કાંઈ જીવનો ભાવ નથી, એ કાંઈ જીવની એ કોઈ પર્યાય નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! પહેલેથી નાખ્યું છે. **'भावो कारणभूदो, गुणदोसाणं'** ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ, અરિહંતદેવ, પરમેશ્વરે સો ઈન્દ્રની મધ્યમાં ભગવાનનું આમ કથન છે કે ભાઈ! તારો જીવ દ્રવ્ય વસ્તુ છે એમાં જે પરિણામ થાય શુદ્ધ ને અશુદ્ધ, એ ગુણદોષનું કારણ છે. શુદ્ધ પરિણામ એ ગુણ છે, અશુદ્ધ પરિણામ એ દોષ છે. શુદ્ધ પરિણામ એ પરમ આનંદનું કારણ છે અને અશુદ્ધ પરિણામ એ પરમ દુઃખનું કારણ છે. આહાહા..!

'**દ્રવ્યરૂપ પુદ્ગલકા વિભાવ હૈ,...**' દ્રવ્ય એટલે આ શરીરાદિ, કર્મ આદિ એ તો પુદ્ગલનો વિભાવપર્યાય છે. જડનો વિભાવિક પર્યાય છે આ પૈસો, આ સોનામહોર, હીરામાણેક, ઝવેરાત, ઝવેરાત. એય..! ..ભાઈ! એ બધા પુદ્ગલના વિભાવ પર્યાય છે. જડનો વિભાવિક અવસ્થા. પણ એ કાંઈ એને સુખદુઃખ નથી. છે? '**ઈસ સંબંધી જીવકો દુઃખ-સુખ નહીં હોતા...**' એથી કાંઈ જીવને સુખ-દુઃખ ન થાય એને કારણે. આહાહા..! લક્ષ્મીના પર્યાયો, લક્ષ્મીની અવસ્થા એ કાંઈ જીવને સુખ-દુઃખનું કારણ નથી. સમજાણું કાંઈ? સ્ત્રીનું શરીર એ તો જડ છે, માટી, ધૂળ. એ જડનો ભાવ એની પર્યાય એ કાંઈ જીવને સુખ-દુઃખનું કારણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ શરીર, લક્ષ્મી, કુટુંબ, મકાન, ઝવેરાત, નોટું જડની. એ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી. એ તો જડની દશા છે. એને સુખ-દુઃખનું કારણ નથી અને જીવને પણ એ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી. સમજાણું કાંઈ?

'**અતઃ ભાવ હી પ્રધાન હૈ,...**' આહાહા..! '**ઐસા ન હો તો કેવલી ભગવાનકો ભી સાંસારિક સુખ-દુઃખકી પ્રાપ્તિ હો...**' કેવળી ભગવાનને શરીર છે, વાણી નીકળે છે એ બધું છે, પણ એ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી. ચાર કર્મ પણ છે અંદર. સમજાણું કાંઈ? એ પરદ્રવ્ય એ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું? '**પરંતુ ઐસા નહીં હૈ. ઈસપ્રકાર જીવકે જ્ઞાન-દર્શન તો સ્વભાવ હૈ...**' લ્યો! ભગવાન આત્મા, એનું જાણવું-દેખવું તો એની સ્વભાવપર્યાય છે. એમાં ઉપાધિ ભેળવવી રાગ ને દ્વેષ ને મોહ એ સ્વભાવવિભાવ છે. જોયું! સ્વભાવ વિભાવ છે. છે તો એનો પર્યાય સ્વભાવ. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનનું દર્શનના સ્વભાવથી ત્રિકાળ ભરેલો છે. એની પ્રવૃત્તિના પરિણામ-ભાવ જાણવા-દેખવાના પરિણામનો ભાવ એ તો સ્વભાવ છે. એ તો સુખરૂપ છે. સમજાણું કાંઈ? સુખરૂપ શું અને દુઃખરૂપ શું? સુખનું કારણ શું? દુઃખનું કારણ શું? કાંઈ ખબર ન મળે અને એમ ને એમ હાંકે રાખે ધર્મ થઈ ગયા. ધર્મ કરો.. ધર્મ કરો.. પણ ધર્મ ક્યાં થાતો હશે? ધર્મી એવો ભગવાન આત્મા જેમાં અનંતા ધર્મો ભર્યા છે. એની પરિણતિના ભાવ, એનો સ્વભાવભાવ, એના જ્ઞાનનું, દર્શનનું જાણવા-દેખવાના ભાવ એ સ્વભાવભાવ છે અને એ ધર્મ છે. આહાહા..! હવે આ કોને સમજવા? આ બહારની કડાકૂટ, એમાં કાંઈક પૈસા થાય થોડાઘણા, પાંચ, દસ, વીસ લાખ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, ત્યાં થઈ ગયો હું પહોળો ને શેરી

સાંકડી. વાતું કરતા આવડે નહિ સામા સાથે. સજ્જનતાથી વાત કેવી રીતે કરવી એ આવડે નહિ એને. પાવર ફાટી ગયા હોય અંદર. ઓહોહો..! પાંચ-પાંચ લાખની પેદાશું મહિનાની. .. ચાલ્યા છે. શું છે પણ હવે સાંભળને. એ તો જડની પર્યાય અને જડનું સ્વરૂપ છે. એ તને ક્યાં સુખનું અને દુઃખનું કારણ છે? સુખના કારણ તો તારા જાણવા-દેખવાના પરિણામ તે સુખરૂપ છે. અને દુઃખરૂપ તે તારા મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષના ભાવ એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એ જડ અને જડની પર્યાય સુખરૂપ પણ નથી અને દુઃખરૂપ પણ નથી. આહાહા..! જ્ઞેયરૂપ છે.

ભગવાન આત્માનું દ્રવ્ય અને ગુણ એ સુખ ને દુઃખની પ્રવૃત્તિરૂપ નથી. એ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય ભગવાનના જાણવા-દેખવાના પરિણામ-જ્ઞાતા-દૃષ્ટાના ભાવ જેમાં મોહ અને રાગ-દ્વેષનો ભેળસેળપણું નથી. એવા જે જાણવા-દેખવાના સ્વભાવભાવ તે સ્વભાવ એ સુખરૂપ છે. એ સ્વભાવ પ્રવૃત્તિ છે એ દ્રવ્યની સ્વભાવ પ્રવૃત્તિ છે. ભાવ લેવો છે ને. સમજાણું કાંઈ? અરે..! એને જાણવાની પણ દરકાર કરી નહિ હોં ભાઈ! આહાહા..! સવારમાં નહોતું લીધું ભાઈએ? સવારમાં ભાઈએ લીધું હતું જરી, બહાર નીકળીને. અરેરે..! હું કર્મની પ્રભુત્વશક્તિથી હણાયો માર્યો ગયો છે. આવે છે ને. આહાહા..! નિયમસારમાં. પ્રાયશ્ચિત પહેલી જ ગાથા. એ પ્રાયશ્ચિત છે ને એટલે એમ આવ્યું છે. પ્રાયશ્ચિત કરે છે. આહાહા..! અરેરે..! હું વિકારીપર્યાયરૂપી પ્રભુતા, એનાથી હું માર્યો ગયો છું. પ્રાયશ્ચિત .. સવારમાં કાઢ્યું હતું. ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રાયશ્ચિત હેતુ. એ પ્રાયશ્ચિતનો હેતુ છે આમાં. નિમિત્ત .. અરેરે..! આહાહા..! મેં મારા સ્વભાવની પ્રવૃત્તિ વિના, પર્યાયમાં વિકારી પ્રવૃત્તિને કારણે હું હણાઈ ગયો છું. એ દુઃખરૂપ છે. દુઃખરૂપ કોઈ બાહ્ય ચીજ છે નહિ. આહાહા..! એમ કહીને પ્રાયશ્ચિતમાં એ વાત લીધી છે. બહુ ગજબ કામ!

હરખ જમણ કરે છે ને હરખ જમણ છે. લાવજો તમારા લાવવા હોય એટલા, કહે. આજે હરખ જમણ મારા ઘરે. અરે..! પ્રભુ! ક્યાં જમણ તારા? જ્યાં એકલા ભ્રમણાના ખોરાક છે ત્યાં હરખ જમણ ક્યાં આવ્યા? ચીમનભાઈ! આવી વાતું છે અહીં તો. આહાહા..! ચૈતન્ય રત્નાકર ભગવાન સ્વયંભૂ પ્રભુ એની પ્રતીતિ, શ્રદ્ધા, જ્ઞાનના પરિણામ તે સુખરૂપ સ્વભાવ છે. એનાથી વિરૂદ્ધ પરિણામ પરમાં સુખ છે, પરમાં દુઃખ છે, પરને લઈને દુઃખી છું, પરને લઈને સુખી છું—એવો જે મિથ્યાત્વભાવ અને ઈષ્ટ-અનિષ્ટને દેખીને રાગ ને દ્વેષ થવો એ દુઃખરૂપ છે. આહાહા..! વાહ! એ પૈસા ભાળીને સુખી માનવું, કહે છે, એ દુઃખરૂપની દશા છે. શશીભાઈ! આહાહા..! છોકરો આવ્યો પચાસ વર્ષે, સાંઈઠ વર્ષે એક. વાંઝ્યાનું મેણું ટાળ્યું. એના .. બે-પાંચ કરોડની મૂડી રહેશે નહિતર લઈ જાશે નાનો ભાઈ. એવા એના સુખના સડકા. ધૂળેય નથી, સાંભળને હવે. મૂર્ખાઈનું પ્રદર્શન છે. ભગવાન જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે '**जिणा बेन्ति**' ભાવમાં પ્રધાનતા સુખ-દુઃખની છે, કહે છે. બહારમાં કાંઈ છે નહિ.

આહાહા..! શું અધિકાર છે પણ ગજબ અધિકાર છે!

**‘ઈસપ્રકાર જીવકે જ્ઞાન-દર્શન તો સ્વભાવ હૈ ઔર રાગ-દ્વેષ મોહ યે સ્વભાવ-વિભાવ હૈં...’** જોયું! સ્વભાવ-વિભાવ. પર્યાયમાં થાય છે. એનો સ્વભાવ છે ને એ ક્યાં જડ છે? એ કાંઈ જડનો ભાવ નથી એમ બતાવવું છે. આહાહા..! શુભ અને અશુભ રાગ એ સ્વભાવ-વિભાવ છે. આહાહા..! પરની દયા પાળવાનો ભાવ એ સ્વભાવ-વિભાવ છે. એ દુઃખરૂપ છે. એ ભાવ પ્રવર્તે એ દુઃખરૂપ છે. ગજબ વાત છે. આ પૈસા પાંચ લાખ ખર્ચ્યા અને આપ્યા દાનમાં, એમાંથી રાગની મંદતા કરી હોય અભિમાન માટે ન હોય કદાચિત્. રાગની મંદતા કરી હોય તો કહે છે કે એ દુઃખરૂપ ભાવ છે. આહાહા..! એ સ્વભાવ-વિભાવ છે. એ પર્યાયની પ્રવૃત્તિ સ્વભાવની છે એ વિભાવ છે. કહો, મૂળચંદભાઈ! આમાં ક્યાં સાંભળવાનું મળે એવું છે તમારા બાપને, દીકરાને? બાપ આ ઝીણાભાઈ.

મુમુક્ષુ :- .. સાંભળવા આવતા.

ઉત્તર :- એ તો કહેતા વધારે.. અત્યારે પરિસ્થિતિ.. ત્યાં તો છોકરાના છોકરાને ઠેકાણું નથી. આહાહા..! નાથ! તારી વાતું સાંભળવાને મળતી નથી. આહાહા..!

જિનેશ્વરદેવનું એવું વચન અને વાણીમાં આવ્યું છે. ભગવાન તારો પુણ્યનો-પાપનો, રાગ-દ્વેષનો ભાવ એ સ્વભાવ-વિભાવ, તારી પર્યાયનો એ સ્વભાવ છે, એ વિભાવ છે. આહાહા..! આ વાત લોકોને સાધારણને તો પકડાય નહિ. બિચારા બહારમાં ચાલ્યા જાય એમ ને એમ જિંદગી પૂરી થાય. આ દયા પાળી, વ્રત પાળ્યા, તપસ્યા કરી, આ કર્યું, તે કર્યું. એ તો રાગ છે, એ રાગ સ્વભાવ-વિભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાન દર્શનના સ્વભાવથી વિરૂદ્ધ ભાવની વાત છે ને? જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ એ સ્વભાવભાવ છે. સ્વભાવ સ્વભાવરૂપ છે. એ સિવાયની વિકલ્પની વૃત્તિઓ ઉઠે ચાહે તો શુભ-અશુભ રાગ જે વિભાવ એ પર્યાયનો સ્વભાવ છે, એ પર્યાયનો સ્વ-ભાવ છે એ સ્વભાવનો વિભાવ છે. આહાહા..! આવો ઉપદેશ આવો કઈ જાતનો? પકડાય નહિ અને સમજાય નહિ. ઓલું તો પકડાય કે આ વ્રત પાળો, આ ન ખાવું, ચોવિહાર કરવો, રાત્રે કંદમૂળ ન ખાવા, દિવસે ન ખાવું. એય..! ભગવાનજીભાઈ! બાપુ! એ તો બધી ક્રિયાની વાતું રાગની છે ભાઈ! તને ખબર નથી. એ બધો વિભાવ-સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- એવું તો અનાદિથી સાંભળતા આવીએ છીએ.

ઉત્તર :- એમાં શું છે બાપુ? જેમાંથી જન્મ-મરણના અંતના ભાવ ન હોય એ વસ્તુ શું? આહાહા..! ચોર્યાસીની પાટુ... ક્ષેત્ર, અનંતકાળના અસંખ્ય ક્ષેત્ર, એમાં રખડતો પ્રાણી એ મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષના ભાવે રખડી રહ્યો છે. આહાહા..!

કહે છે **‘ઔર પુદ્‌ગલકે સ્પર્શાદિક...’** હવે પુદ્‌ગલની વાત લીધી. ઓલી જીવની વાત લીધી. **‘પુદ્‌ગલકે સ્પર્શાદિક તથા સ્કન્ધાકિ સ્વભાવ-વિભાવ હૈં. ’** પુદ્‌ગલ કે સ્પર્શાદિક અને એને

સ્કંધાદિક સ્વભાવ-વિભાવ છે. એકલા પરમાણુનો સ્પર્શાદિ છે એ સ્વભાવ છે અને ઘણાં પરમાણુ એકઠા થઈને જે સ્પર્શાદિનું પરિણમન થાય એ સ્વભાવ-વિભાવ છે. આહાહા..! '**ઉનમેં જીવકા હિત-અહિતભાવ પ્રધાન હૈ,...**' જીવનું હિત અને અહિત એક મુખ્ય છે. '**પુદ્‌ગલદ્રવ્યસંબંધી પ્રધાન નહીં હૈ.**' પુદ્‌ગલ સંબંધીના ભાવનું અહીં કાંઈ કામ નથી.

'**બાહ્ય દ્રવ્ય નિમિત્તમાત્ર હૈ,...**' એ તો બાહ્ય લક્ષ્મી, આબરૂ, કીર્તિ, શરીર, વાણી, મન જડ એ તો બાહ્ય નિમિત્તમાત્ર છે. '**ઉપાદાનકે બિના નિમિત્ત કુછ કરતા નહીં હૈં.**' ઉપાદાન નામ શુદ્ધ-અશુદ્ધ ભાવ વિના નિમિત્ત કાંઈ કરી શકતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ ઉપાદાન હોય તો તો નિમિત્ત કાંઈક કરે ને? કરે શું? હોય છે એટલું. આહાહા..! અહીં કહે છે કે શુદ્ધભાવ ન હોય તો દેવ-ગુરુ-શાસ્ત્ર એ નિમિત્ત થઈને શુદ્ધભાવ કરાવે એવું નથી કાંઈ. એ તો શુભભાવ તો પોતે કરે તો થાય. એ કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રથી થતા નથી. આહાહા..!

'**ઉપાદાનકે બિના નિમિત્ત કુછ કરતા નહીં હૈં.**' આહાહા..! એનામાં શુદ્ધભાવનો ભાવ ન હોય તો કોઈ નિમિત્ત એને શુદ્ધભાવ કરાવે એવું નથી. એમ એનામાં અશુદ્ધભાવ હોય અને બીજો અશુદ્ધભાવ કરાવે એમ નથી. અશુભભાવનો કર્તા ઉપાદાન એનો જીવ છે, શુદ્ધભાવનો ઉપાદાન કર્તા પણ એનો જીવ છે. બીજી ચીજ તો નિમિત્તમાત્ર છે. આહાહા..! આના વાંધા બધા. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ. અરેરે..! ઝઘડા. સોનગઢને નામે પાંચ ઝઘડા. આહાહા..! બાપુ! તારી ચીજમાં, તારા ભાવ થવામાં તારો ભાવ પ્રધાન છે. બહારની ચીજને કારણે ભાવની મુખ્યતા નથી. આહાહા..!

'**ઉપાદાનકે બિના...**' ઉપાદાન એટલે જેમાં કાર્ય થાય એવા કારણ વિના નિમિત્ત કારણથી કાંઈ થાતું નથી. '**યહ તો સામાન્યરૂપસે સ્વભાવકા સ્વરૂપ હૈ ઔર ઈસીકા વિશેષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...**' હવે લ્યો! '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો જીવકા સ્વભાવ-ભાવ હૈ,...**' વિશેષ છે. ઓલું સાધારણ સામાન્ય જ્ઞાન જાણવું-દેખવું એમ લીધું હતું. જાણવા-દેખવાના જીવના સ્વભાવભાવ પરિણામ લીધા હતા, પણ એનું હવે વિશેષ પ્રકાર પાડીએ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. આહાહા..! જાણવા-દેખવાના સામાન્ય પરિણામમાં ત્રિકાળી ભગવાન આત્માના શ્રદ્ધાના પરિણામ, જ્ઞાનના અને ચારિત્રના પરિણામ વીતરાગીભાવ એ જીવનો સ્વભાવભાવ છે. મોક્ષનો માર્ગ એ સ્વભાવભાવ છે. સ્વભાવની પર્યાયની પ્રવૃત્તિ છે એ. કેટલું યાદ રાખવું? એક કલાકમાં બધી રીત. આહાહા..!

મુમુક્ષુ :- મૂળ વાત સમજાણી..

ઉત્તર :- આમાં યાદ ક્યાં? વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં. ભાવ તારો તે સુખ-દુઃખનું કારણ. હવે આ પ્રશ્ન સીધો છે. એમાં એ ભાવ તારો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સામાન્ય જાણવું-દેખવું એ

સામાન્ય રીતે વાત કરી. પણ હવે એમાં વિશેષ ભેદ પાડતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આત્માના વીતરાગી પરિણામ (છે). એ દેવ, ગુરુ અને શાસ્ત્રને માનવા, નવ તત્ત્વને માનવા એ નહિ. એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! ભારે આકરી વાત! દેવ-ગુરુ-શાસ્ત્રને માને એ જે રાગ એ વિભાવસ્વભાવ છે એ તો. દુઃખનું કારણ છે. ભારે આકરી વાત! બાપુ! તારો સ્વભાવ છે એ પરમાં અડે, સ્પર્શે ત્યાં તો વિભાવ થાય છે. આહાહા..!

કહે છે કે '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો જીવકા સ્વભાવ-ભાવ હૈ, ઈસમેં સમ્યગ્દર્શન ભાવ પ્રધાન હૈ.**' આહાહા..! એ જ્ઞાન અને ચારિત્ર પહેલાં સમ્યગ્દર્શન ન હોય તો એ જ્ઞાન અને ચારિત્ર હોતું નથી. આખો ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને શ્રદ્ધા, જ્ઞાનમાં પ્રતીતમાં આવ્યો એ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ મુખ્યતા તો સમ્યગ્દર્શનની છે. કહો, સમજાણું કાંઈ? જયચંદ્ર પંડિતે પણ.. ગૃહસ્થો પણ કેવી સરસ વાત કરે છે! વસ્તુ એવી છે એમ કરે. સામાન્યપણે તો જાણવું-દેખવું સ્વભાવ તારો. એ પર્યાય સ્વભાવની. રાગ-દ્વેષ-મોહ એ વિભાવ પર્યાય. હવે એમાં ભેદ પાડીએ તો.. એને આત્મા આખું પરમાત્મ સ્વરૂપે જ્યાં ભરોસો આવ્યો, ભગવાનનો ભરોસો આવ્યા વિના કહે છે કે બધી ચીજ નિરર્થક છે. આવો પૂર્ણાનંદનો નાથ અનંત આનંદ, અનંતજ્ઞાન, અનંત શાંતિ એ ધ્રુવની શ્રદ્ધા હોં! એવો પૂર્ણ પ્રભુ આત્મા એની શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન. એ પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણમાં મુખ્યતા તો સમ્યગ્દર્શનની છે. સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને સમ્યગ્દર્શન વિનાના વ્રત આદિ તપ કરીને મરી જાય એ બધું ખોટેખોટું, રખડવાનું છે. આહાહા..!

આઠ-આઠ વર્ષના બાળકો એ સમ્યગ્દર્શન પામીને ચાલી નીકળતા. અમારો આત્મા અમને પોષાણમાં આવ્યો, માતા! આહાહા..! એ સમ્યગ્દર્શને તો આખી દિશા બદલાવી નાખી અમારી. અમારી દિશા જે પર ઉપર હતી એ ફરીને હવે સ્વ ઉપર આવી. એવી દૃષ્ટિ અને સમ્યક્ વિના જ્ઞાન અને ચારિત્ર સાચા હોઈ શકે નહિ. આ તો સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ અને કરો વ્રત ને કરો તપ. અપવાસ કરો ને મરો. ભગવાનજીભાઈ! આહાહા..! બાપુ! એ તારા જન્મ-મરણના આરા એમ નહિ આવે ભાઈ! જેનામાં જન્મ-મરણ નથી, જેમાં જન્મ-મરણના ભાવ નથી, એવા ભાવવાળો ભગવાન, એની અંતરમાં પ્રતીતિ નિશ્ચય, નિર્ણય, અનુભવ વિના બધું નિરર્થક છે. એના ભણ્યાગણ્યા જ્ઞાન પણ નિરર્થક, એના વ્રત ને તપ કરેલા ભાવ બધા નિરર્થક છે. એ દોષનું કારણ છે. આહાહા..! અરેરે..! આવી વાતું પણ કાને ન પડે, એ બિચારા ક્યાં જાય? શું કરે? આહાહા..! અનાદિથી રખડતો પ્રાણી ચોર્યાસીમાં દુઃખી છે એ. દુઃખીયા છે. પ્રતિકુળ સંયોગ છે માટે દુઃખી છે એમ ના પાડી એણે. આહાર મળતો નથી, પાણી મળતા નથી, રહેવા સ્થાનો નહિ માટે દુઃખી. નહિ, દુઃખી એ નહિ, બાપુ! તને ખબર નથી. એમ ઈચ્છા પ્રવૃત્તિ પરિણામ ઉપાડ્યા એમાંથી, એનું નામ દુઃખ ભગવાન કહે છે. આહાહા..! ઓલા તો ઉપાદાન હોય તો ઓલાને નિમિત્ત કહેવાય. પણ ઉપાદાનમાં દુઃખરૂપ દશા નથી તો નિમિત્ત કોનું? આહાહા..!

આત્મા જ્ઞાન અને દર્શનસ્વરૂપી પ્રભુ છે. માટે તેના જ્ઞાન દર્શનના પરિણામ-પર્યાય, એનો સ્વભાવભાવ છે. એમાં વિશેષ ભેદ પાડતા .. જ્ઞાન.. જ્ઞાનસ્વરૂપી ભગવાનની પ્રતીતિ, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની રમણતા, એમાં ત્રણ ભેદ વિશેષ પડે છે. એમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય પ્રધાન છે. આહાહા..! આ એની રીત છે અને આ એની વિધિ છે. આહા..!

'**ઈનકે બિના સબ બાહ્યક્રિયા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર હૈં...**' આહાહા..! ભગવાન જ્ઞાતા-દૃષ્ટા એવા સ્વભાવની પ્રતીતિના સમ્યગ્દર્શન વિના જેટલી વ્રત ને તપની ક્રિયાઓ કરે, સંથારા કરે બબ્બે મહિનાના, બધું સંસારમાં રખડવા માટે છે. આહાહા..! મિથ્યાદર્શન છે એ તો બધું. આહાહા..! રાગની ક્રિયાઓ તે ધર્મની ક્રિયા એમ એણે અજ્ઞાનીએ માની છે, એ તો રાગની ક્રિયા બધી છે. એમાં તો મિથ્યાદર્શનનું પોષણ છે. આહાહા..! કહો આ સાધુ થાય છે ને દીક્ષા લઈને. કહે છે કે મિથ્યાદર્શનને પોષે છે ત્યાં. આહાહા..! ગજબ કામ! ભારે આકરું પડે. બિચારા બાયડી, છોકરા છોડે, બાળબ્રહ્મચારી છોડીયું હોય. બાપુ તને ખબર નથી, ભાઈ! હજી તો તારા દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા કહેવા કોને એની તને ખબરું ન મળે. અને એનો તું સેવક. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ સમ્યગ્દર્શન વિના એટલે કે આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની અંતરમાં અનુભવ જ્ઞાનનો કરીને પ્રતીત વિના, એના અંતરમાં સ્વભાવના શ્રદ્ધાના ભાન વિના બાહ્ય ક્રિયાઓ જેટલી કરે વ્રત ને તપ ને સંથારાના ને કંદમૂળના ત્યાગ ને પ્રત્યેકનો ત્યાગ ને છપરબી બ્રહ્મચર્ય, ફલાણું, ઢીંકણું કરે ને કાંઈક પછી મારવાડમાં ઓલા. ચાર સ્કંધ હોય. ચાર સ્કંધ હોય છે. એવું છે કાંઈક. ચાર એ ફળ આવે. ભૂલી ગયા નામ. એ મૂળ પડ્યો રહ્યો ભગવાન આત્મા. જેને વિશ્વાસમાં લેવો જોઈએ અને વિશ્વાસ કરવાલાયક જ એ ચીજ છે. બીજી કોઈ વિશ્વાસ કરવાલાયક ચીજ છે નહિ. આહાહા..!

'**યે વિભાવ હૈં...**' વસ્તુસ્વભાવની દૃષ્ટિ ને સમ્યગ્દર્શન વિના જેટલી ક્રિયાકાંડ કરે એ બધો વિભાવ દુઃખરૂપ છે. આહાહા..! એ જાત્રાઓ કરે સમ્મેદશિખરની, શેત્રુંજયની નવ્વાણું જાત્રા એ બધું દુઃખરૂપ છે. એય..! ભગવાન! તારી જાતની તને ખબર નથી. આહાહા..! તારી જાતમાં એ વિકલ્પનો અવકાશ નથી. એવી તારી ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! એના દૃષ્ટિના ભાન વિના, એટલે કે આવું પરમસત્ય ચૈતન્ય રત્નાકર છે તેના સ્વીકાર વિના, બીજી ક્રિયાનો સ્વીકાર થાય છે એ બધો મિથ્યાત્વ અને વિભાવ છે. આહાહા..! '**ઔર સંસારકે કારણ હૈં,...**' ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એની જેને અંતરમાં સ્વસન્મુખની દૃષ્ટિ નથી. એની બધી ક્રિયા બાળવ્રત ને બાળતપ ને સંસારનું કારણ છે. આહાહા..! '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો! બહુ સારો અર્થ કર્યો છે. ભાવનું લેવું છે ને અહીંયાં. '**भावो कारणभूदो, गुणदोसाणं जिणा बेन्ति**' એનો ખુલાસો છે. તારું દ્રવ્યલિંગ શું કામ કરે છે? લૂગડા પહેરી નગ્ન થયો અને પંચ મહાવ્રતના ભાવ પાળે એ બધું દ્રવ્યલિંગ છે.

ભાવ અંદરમાં આત્માના આનંદના સ્વરૂપનો અંતર અનુભવ અને પ્રતીતના ભાન વિના એ બધા દ્રવ્યલિંગ કોઈ સાચી વસ્તુ નથી. એનાથી તો કલ્યાણ જરીએ નથી. આહાહા..! '**भावो हि पढमलिंगं**' એમ છે ને પહેલું આવ્યું. આહાહા..! '**ण दव्वलिंगं च जाण परमत्थं**' એ દ્રવ્યલિંગ શરીરની નગ્નતા, પંચ મહાવ્રતના ભાવ, અહિંસા, સત્ય, દત્તના વિકલ્પ એ કાંઈ પરમાર્થ વસ્તુ નથી, એ તો રાગ છે. આહાહા..! '**भावो कारणभूदो**' શુભ ને અશુભ ને શુદ્ધભાવ એ જ ગુણદોષનું કારણ છે. શુદ્ધભાવ એ ગુણનું કારણ અને અશુદ્ધ એ દોષનું કારણ છે. એટલે પરચીજ કાંઈ ગુણદોષનું કારણ છે જ નહિ, એમ કહેવું છે. એ દ્રવ્યલિંગ છે એ ગુણદોષનું કારણ નથી. એ તો વસ્તુ છે એટલું. પણ એ મારું છે એને મેં ધારણ કર્યું માટે કલ્યાણ થશે એ દોષનું કારણ છે. આહાહા..! ભાવલિંગ હોય ત્યાં દ્રવ્યલિંગ હોય ભલે, હોય જ. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય એને શરીરમાં નગ્નદશા થઈ જાય. અને પંચ મહાવ્રતના વિકલ્પ એને હો, પણ એ પરમાર્થરૂપ નથી. ભાવલિંગ હોય ત્યાં દ્રવ્યલિંગ હોય ખરું અને દ્રવ્યલિંગ હોય ત્યાં ભાવલિંગ ન હોય, ને હોય બેય. એને લઈને નહિ. આહાહા..! એ એક ગાથા થઈ.

'**આગે કહતે હૈં કિ બાહ્યદ્રવ્ય તો નિમિત્તમાત્ર હૈ ઈસકા અભાવ જીવકે ભાવકી વિશુદ્ધતાકા નિમિત્ત જાન બાહ્યદ્રવ્યકા ત્યાગ કરતે હૈં :—**' બીજા ગાથામાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૩, શુક્રવાર તા. ૧૧-૦૧-૧૯૭૪**
**ગાથા – ૩, ૪, ૫, પ્રવચન – ૮૬**

આ ભાવપાહુડ. બે ગાથા પૂરી થઈ. ત્રીજી ગાથા. '**આગે કહતે હૈં કિ બાહ્યદ્રવ્ય નિમિત્તમાત્ર હૈ...**' છે ને ૧૩૧ પાને. '**ઈસકા અભાવ જીવકે ભાવકી વિશુદ્ધતાકા નિમિત્ત જાન બાહ્યદ્રવ્યકા ત્યાગ કરતે હૈં :—**' કરશે અર્થમાં. ત્રીજી ગાથા.

**भावविसुद्धिणिमित्तं, बाहिरगंथस्स कीरए चाओ।**
**बाहिरचाओ विहलो, अब्भंतरगंथजुत्तस्स।।३।।**

કહે છે કે બાહ્ય સ્ત્રી, પુત્ર, પરિવાર, ધંધો છોડી દે અને સાધુ થાય, પણ અભ્યંતરમાં મિથ્યાત્વ ન છોડે અને સમ્યગ્દર્શન ન હોય તો એ બધું નિષ્ફળ છે. સમજાણું કાંઈ?

'**અર્થ :- બાહ્ય પરિગ્રહકા ત્યાગ ભાવોંકી વિશુદ્ધિકે લિયે કિયા જાતા હૈ,...** ' નિમિત્ત '**પરંતુ અભ્યંતર પરિગ્રહ જો રાગાદિક હૈં, ઉનસે યુક્તસે...**' અંતરમાં રાગના પરિણામ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ એવા શુભભાવ એ મારા છે અને મને એનાથી લાભ છે એવી જ્યાં સુધી દૃષ્ટિ

છે ત્યાં સુધી બાહ્યનો ત્યાગ એને કાંઈ લાભદાયક નથી. આહાહા..! ભાવનો અધિકાર છે ને આ? ભાવમાં પણ આત્મા(ને) પરદ્રવ્યનો ત્યાગ તો નિમિત્તપણે છે. એમાં કોઈ આત્માનો લાભ એમાં નથી. એ તો ભાવના-રાગના ત્યાગ માટે નિમિત્તનો ત્યાગ કરે છે. પણ રાગનો ત્યાગ જેને નથી અંદરમાં... આહાહા..! વીતરાગભાવ છે ને અહીં? ચાહે તો એ દયા, દાન, ભક્તિ, ભગવાનની પૂજા આદિનો ભાવ એ રાગની જ્યાં સુધી અંદર એકતાબુદ્ધિ છે, ત્યાં સુધીનો બધો બાહ્ય ત્યાગ એને નિષ્ફળ છે. કહો, સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ કરો, એને .. કરો તો કલ્યાણ થઈ જશે, એ વાત તદ્દન જૂઠી છે.

મુમુક્ષુ :- ભાવ .. કરે.

ઉત્તર :- ભાવ છે તે ભાવ શું છે? એ તો રાગ છે. એ તો શુભરાગ છે. અશુદ્ધરાગ છે. અશુદ્ધ રાગમાં લાભ માને તો મિથ્યાદષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ જગતથી જુદી જાતનો છે. એની સાથે તો ક્યાંય... દયા, દાન, વ્રત, તપમાં ધર્મ મનાવે એ પણ શુભભાવ છે. ક્યાંય દાનમાં, આ ભક્તિ આ મંદિર બનાવવામાં અને ભક્તિ કરવી, ખૂબ ધૂન લગાવવી ભગવાનની—એ બધો રાગભાવ છે. આકરી વાત છે.

ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા જે પુણ્ય ને પાપના ભાવથી રહિત અને શુદ્ધભાવનો પિંડ પ્રભુ આત્મા એની દૃષ્ટિમાં રાગરહિતપણું જ્યાં ન આવે અને સમ્યગ્દર્શનની શુદ્ધિ ચૈતન્યને આશ્રયે ન થાય ત્યાં સુધીનો બધા ત્યાગ, ભક્તિ બધું સંસાર ખાતે છે. સમજાય છે કાંઈ? લ્યો આ બાયડી, છોકરા છોડ્યા, સાધુ થયા, જંગલમાં રહ્યા એથી શું થયું? જે છોડવાનું છે એ તો છોડ્યું નહિ. અંદરમાં જે શુભભાવ છે એની એકતા છોડવાની છે, એ તો છોડી નહિ. તો બાહ્ય ત્યાગમાં શું રહ્યું? એમાં એને લાભ શું થયો? જન્મ-મરણના અંત એમાં આવવાના નથી કાંઈ.

ભાવ. કહે છે કે '**રાગાદિક હૈં, ઉનસે યુક્તકે બાહ્ય પરિગ્રહકા ત્યાગ નિષ્ફલ હૈ.**' અંદરમાં રાગનો પ્રેમ છે. ચાહે તો ભગવાનની ભક્તિ હો, નામસ્મરણ હો, ધૂન લગાવે. ભગવાનની ધૂન લગાવો.. ધૂન લગાવો. ભૂલી જાઓ. શું ભૂલી જાઓ? ભગવાનને પોતાને. પોતાને ભૂલીને ભગવાનની ભક્તિની ધૂન. એવી રાગની જ્યાં સુધી બુદ્ધિ પ્રેમ છે. આહાહા..! ઝીણી વાતું છે, પ્રભુ! આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ દુનિયાથી જુદી જાતનો છે. કહે છે '**બાહ્ય પરિગ્રહકા ત્યાગ ભાવોંકી વિશુદ્ધિકે લિયે કિયા જાતા હૈ, પરંતુ અભ્યંતર પરિગ્રહ જો રાગાદિક હૈં,...** ' જેની અંદર રાગનો ભાવની રુચિ છે, પ્રેમ છે. આહાહા..! એ તો મિથ્યાત્વ પરિગ્રહ છે. ઝીણી વાતું ભારે ભાઈ! ભગવાનની ભક્તિ અને પંચ મહાવ્રતના પરિણામ એ બધો રાગ છે. અને રાગનો જ્યાં સુધી પ્રેમ છે ત્યારે એને આત્માના શુદ્ધ સ્વભાવનો પ્રેમ નથી. એક મ્યાનમાં બે તલવાર રહી નહિ શકે. આહાહા..! જેને રાગનો પ્રેમ તેને પ્રભુનો પ્રેમ નથી પોતાનો. આહાહા..! અને જેને પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ

ભગવાન આત્મા એની જેને દૃષ્ટિ અને પ્રેમ થયો એને રાગનો પ્રેમ રહેતો નથી. રાગ હોય ખરો. સમજાણું કાંઈ? આહાહા..! દૃષ્ટિ ફેરે શુદ્ધિ ન થઈ એમ કહે છે. બાહ્ય ત્યાગ કર્યા, ભક્તિ કરી, વ્રત પાળ્યા. આહાહા..! પણ અંતર વસ્તુની શુદ્ધિ, ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ ત્રિકાળ એનો આશ્રય લઈને શુદ્ધિ કરવી જોઈએ તે શુદ્ધિ કરી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! માંડ બિચારા કરતા હોય ને ભક્તિ, પૂજા ને બહારનું વ્રત ને તપ. એમાં માનતા હોય કે આ કરતા કરતા ધર્મ થઈ જશે.

મુમુક્ષુ :- હળવે હળવે થાય.

ઉત્તર :- હળવે હળવે થાય હમણા કહેતા હતા ને હરિભાઈ. આસ્તે આસ્તે. શેનો પણ આસ્તે આસ્તે? રાગ કરતા કરતા આસ્તે આસ્તે સમ્યગ્દર્શન થાય? સમજાણું કાંઈ? ઝીણી વાત છે પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ છે સર્વજ્ઞ પરમેશ્વર. આમ તો ઘણીવાર બોલે છે મંગળિકમાં 'કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં.' નથી આવતું? બોલે છે ને? મંગળિકમાં બોલે 'કેવલી પણ્ણંતો ધમ્મો મંગલં.' પણ કહેવો કોને? આહાહા..! જેને જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ આદિનો ભાવ રાગ છે એ. એ રાગની જેને રુચિ છે એને મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરી વાતું.

ભગવાન ચૈતન્યસ્વરૂપ રાગ, પુણ્યના વિકલ્પથી રહિત પ્રભુનું સ્વરૂપ છે આખું. પ્રભુ પોતે હોં. ભગવાન છે એ તો બીજા રહી ગયા, બહાર રહી ગયા. એવા ભગવાન આત્મા પ્રત્યેના શુદ્ધિની રુચિની દૃષ્ટિ વિના રાગની એકતાની બુદ્ધિ હો ત્યાં સર્વ ત્યાગ કરે, મુનિપણું લે, ભગવાનની ભક્તિ કરે, અર્પણ કરી દે શરીર. બધું નિષ્ફળ છે. નિષ્ફળ એટલે? ધર્મને માટે નિષ્ફળ છે. રખડવા માટે સફળ છે. આહાહા..! એ આવ્યું છે ને. પ્રવચનસારમાં. ... ... જે કોઈ મહાપુરુષાર્થ ભક્તિનો, વ્રતનો, તપનો, દાનનો, દયાનો ભાવપુરુષાર્થ કરે છે ... પણ સમ્યગ્દર્શન વિનાના છે. કારણ કે રાગની ક્રિયા એ મારો ધર્મ છે અને રાગના કરતા કરતા મને ધર્મ થશે શુદ્ધિ, વ્યવહાર કરતા કરતા શુદ્ધિ થશે. એવા જે અબુદ્ધા મહા ભાગા પુણ્યવંત હોય, દુનિયા કરોડો માને. આહાહા..! .. વીર હોય, પણ મિથ્યાદર્શનસહિત છે. .. અધમોનું પરાક્રમ સફળ છે. જે ચાર ગતિ ફળે છે તે એને ફળશે. .. એની સામે એ. જે તત્ત્વદૃષ્ટિ જેને થઈ છે, સમ્યગ્દર્શનની શુદ્ધિ થઈ છે. આહાહા..! રાગ હો, પણ રાગથી પૃથક્ જેને આત્મા ચિદાનંદ પ્રભુ અનંત આનંદનો સાગર જ્યાં ડોલી રહ્યો છે અંદર. એવા પરમાત્મસ્વરૂપની જેને અંતર્મુખ થઈને દૃષ્ટિ અનુભવ થઈને જ્ઞાન થયું છે એ બુદ્ધા છે, જ્ઞાની છે, મહાભાગા છે. પુણ્યવંત પણ હોય, જેને લાખો માણસો માને પણ ખરા. વીરા સમત્તં દસંણ એ વીર છે. પોતાના આનંદના સ્વભાવમાં પુરુષાર્થ કરવાને વીર છે. આહાહા..! ભારે આકરું ભાઈ! ... એનો જે સ્વભાવ સન્મુખનો પરાક્રમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો .. અફળ ન હોઈ શકે. એ પરિણામનું ફળ સંસાર નહિ આવે હવે. આહાહા..! ભવભ્રમણ એને અટકી ગયા. અને મિથ્યાદૃષ્ટિ અબુદ્ધિ રાગની રુચિ.. આ તો ભાવપાહુડ છે ને. એટલે શુદ્ધભાવ જે

આત્માનો ચૈતન્યમૂર્તિ પ્રભુ એમાં અશુદ્ધભાવનો જે પ્રેમ છે તે મિથ્યાત્વભાવ છે એમ કહેવું છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ!

શુદ્ધ ચૈતન્યઘન પવિત્ર પિંડ પ્રભુ છે. એની જેને અંતર દૃષ્ટિ થઈ છે એની એને રાગની એકતા તૂટી ગઈ છે. 'एयत्त णिच्छयगदो समओ' ... આહાહા..! પોતે પોતાનું સ્વરૂપ અંદર શક્તિ આખું છે. પોતે આનંદનો નાથ છે, જ્ઞાનનો તો ભંડાર છે એ, શ્રદ્ધાની શક્તિનો સાગર છે, આનંદથી ભરેલું તત્ત્વ છે, વીતરાગમૂર્તિ આત્મા છે. આહાહા..! એની જેને દૃષ્ટિ અને શુદ્ધિ પ્રગટી છે એનું બધું સફળ છે. સફળ એટલે ધર્મ માટે સફળ, સંસાર માટે અફળ. આહાહા..! બહુ માર્ગ ભાઈ એવો. લોકોને એવું આકરું છે. જૈનને નામે અજૈનપણું સ્થાપ્યું છે. અજૈન એટલે રાગ. રાગને પીરસ્યો છે. રાગ કરો.. આ રાગ કરો... આ રાગ કરો. અને રાગ કરતા થાય એ તો અજૈનપણું છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે અહો..! જે રાગાદિથી યુક્ત છે (એને) **'બાહ્ય પરિગ્રહકા ત્યાગ નિષ્ફલ હૈ.'** ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એવી શુદ્ધિ જેને સમ્યગ્દર્શન નથી અને રાગની એકતાબુદ્ધિ પડી છે એ બધાનો ત્યાગ ને ભક્તિ ને પૂજા રણમાં પોક મૂકવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાગ એનો નિષ્ફળ છે.

**'ભાવાર્થ :- અંતરંગ ભાવ બિના...'** અંતર અંગ-શુદ્ધ ચૈતન્યઘનનું અંગ એટલે નિર્મળ દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર એવા **'અંતરંગ ભાવ બિના બાહ્ય ત્યાગાદિકકી પ્રવૃત્તિ નિષ્ફલ હૈ,...'** એટલે કે એનું ફળ સંસાર છે. એનું ફળ કોઈ મોક્ષ અને ધર્મ છે નહિ. આહાહા..! **'યહ પ્રસિદ્ધ હૈ.'** એ તો પ્રસિદ્ધ છે એમ.

ચોથી ગાથા. **'આગે કહતે હૈં કિ કરોડોં ભવોંમેં તપ કરે તો ભી ભાવ બિના સિદ્ધિ નહીં હૈ :—'** કરોડો ભવમાં મુનિપણું લે, તપસ્યા કરે, મહિના મહિનાના અપવાસ કરે, શરીરને જીર્ણ કરી નાખે અપવાસ કરીને, આહારના ત્યાગ કરીને, રસના ત્યાગ કરીને, પણ શુદ્ધભાવ સમ્યગ્દર્શન વિના એ બધું એની સિદ્ધિ નથી. એને ધર્મ નથી અને એને મુક્તિ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**भावरहिओ ण सिज्झइ जइ वि तवं चरइ कोडिकोडीओ।**
**जम्मंतराइ बहुसो लंबियहत्थो गलियवत्थो।।४।।**

આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય ભગવાન વીતરાગદેવનો સંદેશ આપે છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવનો સંદેશ આપે (છે કે) પરમાત્મા આમ કહે છે, ભાઈ!

**'અર્થ :- યદિ કઈ જન્માંતરો તક...'** જન્માંતર એટલે જન્મથી જન્મ, જન્મથી જન્મ કરોડો. જોકે મનુષ્યભવ તો એક સાથે કરોડો ન હોય, પણ વચમાં વચમાં . આવે, વળી કોઈ મનુષ્ય થાય. ઉપરા ઉપર આઠ ભવ પણ મનુષ્યના થાય. અને આઠેય ભવમાં મુનિપણું લે, ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે. આહાહા..! **'જન્માંતરો તક કોડાકોડી સંખ્યા કાલ...'** ક્રોડાક્રોડ. ઓહોહો..! ક્રોડને ક્રોડ

ગુણા ગણે એટલો કાળ સુધી એ અપવાસ કરે, વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, તપસ્યા કરે અને 'હાથ લંબે લટકાકર,...' એટલે કાંઈ પરિગ્રહ નથી હાથમાં. અને 'વસ્ત્રાદિકકા ત્યાગ કરકે...' વસ્ત્રનો ધાગો ન રાખે, નગ્નમુનિ થાય. કરોડો ભવ સુધી, કરોડો વર્ષ સુધી. આહાહા..! 'તો ભી ભાવરહિતકો સિદ્ધિ નહીં હોતી હૈ.' પણ અંતરમાં ચૈતન્યમૂર્તિ ભગવાનનું સમ્યગ્દર્શન, પરમાત્મા પોતે શુદ્ધનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણભાવ. એમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય. આહાહા..! એવા ભાવ વિના આવા કરોડો ભવ કરે, કરતા કરતા થાશે. શું થાશે ધૂળ? આહાહા..! લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. એમ આ રાગની ક્રિયા કરતા કરતા સમ્યગ્દર્શન થાશે. મૂઢ છે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ઘણી આકરી વાતું છે.

ઉત્તર :- એમાં આકરું શું? આ તો અનંતાભવ કર્યા. આગળ આવશે હજી. આગળ આવશે ૭મી ગાથા. એવા નિર્ગ્રંથરૂપ તો અનંતવાર તેં ગ્રહણ કર્યા અને છોડ્યા દ્રવ્યલિંગી. ૭મી ગાથામાં છે. 'गहिउज्झियाइं बहुसो बाहिरणिग्गंथरूवाइं' એમ. અનંતસંસાર. શું પડી છે એને. આહાહા..! અનંતા... નગ્નમુનિ હોં! આ વસ્ત્રસહિતવાળા તો દ્રવ્યલિંગી પણ નથી. આહાહા..! વસ્ત્રસહિત જે મુનિપણું માને છે એ તો મિથ્યાદષ્ટિ છે તો એ દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! ગજબ વાતું છે બાપુ! માર્ગ વીતરાગનો કેળવવો. પણ કોઈ નગ્નમુનિ થઈ, વસ્ત્રને છોડીને નગ્ન થાય એવા પણ જો જંગલમાં નગ્નપણે રહે કરોડો ભવો, પણ જેને આત્મદ્રવ્ય ચિદાનંદ પ્રભુનો આશ્રય ને શુદ્ધિ પ્રગટી નથી.

'भूदत्थम' ભૂતાર્થ એવો ભગવાન, સત્યાર્થ એવો નિત્યાનંદ પ્રભુ, એને જેણે જ્ઞાનની પર્યાયે પકડ્યો નથી, એની સમ્યગ્દર્શન શુદ્ધિ થઈ નથી, એની મુક્તિ નથી. આહાહા..! લોકોને બાહ્યમાં તો એવા ચડાવી દીધા છે ને, આવી વાત સાંભળતા એને એવું લાગે. અરર..! આ તો આકરું. વ્યવહારનો તો નાશ કરી નાખે છે. લ્યો આ વ્રત ને તપમાં ધર્મ મનાવે, ત્યારે ઓલા વળી ભગવાનની ભક્તિમાં ધર્મ મનાવે, ગુરુની ભક્તિ કરો. ગુરુની ભક્તિ, દેવની ભક્તિ કરો, તમારું કલ્યાણ થાશે. બેય જૂઠા છે. નવનીતભાઈ! શરીરના બળિયા એ અપવાસાદિમાં ઉતરી ગયા. મનના બળિયા જરી વિચારમાં એ વાતુંમાં ઉતરી ગયા, આવો આત્મા સમજ્યા વિનાના. આહાહા..! અને કોઈ દાન ને દયામાં ઉતરી ગયા. કારણ કે નામ આવે ને ઓલામાં. ધર્મના ચાર પ્રકાર દાન, શીલ, તપ, ભાવના. એય..! ચેતનજી કહેતા નહિ ચાર બોલ? દાન, શીલ, તપ, ભાવ. અરે..! દાન ને શીલ ને તપ, ભાવ એ ચારેય રાગ છે. વ્યવહારની વાતું છે બધી. આહાહા..! દાન કરે કરોડોના, અબજોના પણ એ શુભરાગ છે. શીલ શરીરથી પાળે એ પણ શુભરાગ છે. આહાહા..! દાન, શીલ, તપ. અપવાસાદિ કરે એ પણ એક શુભરાગ છે. ભાવ એ શુભભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? બાપા! તારા જન્મ-મરણના આંટા એ ચોર્યાસીના અવતારમાં ડોલી રહ્યો છે, ભાઈ! એક અવતાર પછી એક, એક અવતાર પછી એક. અનંતકાળમાં આ આત્માની દૃષ્ટિ ને શુદ્ધિ વિના આવું અનંતવાર કર્યું છે, પણ જન્મ-મરણ મટ્યા નથી. આહાહા..!

'**ભાવાર્થ :- ભાવમેં મિથ્યાદર્શન,...**' દેખો! સવળા-અવળા લેવા છે ને? '**મિથ્યાદર્શન,...**' એટલે? એ શુભરાગનો કણ પણ મને ધર્મ છે અને એ ધર્મનું કારણ છે એવું મિથ્યાદર્શન. આહાહા..! '**મિથ્યાજ્ઞાન,...**' સ્વ તરફનું જ્ઞાન છોડીને એ રાગનું ને પરનું, શાસ્ત્રનું જ્ઞાન એ બધું મિથ્યાજ્ઞાન છે. આહાહા..! ભગવાન આત્મા...

મુમુક્ષુ :- ... સમયસારજીનું પણ જ્ઞાન થાય...

ઉત્તર :- એ સમયસારનું જ્ઞાન થાય એ પરલક્ષી જ્ઞાન એ પણ.. બાપુ આ તો મારગડા જુદા ભાઈ! આહાહા..! પર તરફના લક્ષવાળું શાસ્ત્રનું ભણતર, અરે..! ભગવાનની વાણી સાંભળે. ત્રણ લોકના નાથ તીર્થંકર બિરાજતા હોય સમવસરણમાં અને એની દિવ્યધ્વનિ સાંભળે તો એ સાંભળવામાં રાગ છે અને એ તરફનો જે ક્ષયોપશમ થાય એ પરલક્ષી જ્ઞાન છે, એ સ્વલક્ષી જ્ઞાન નહિ. આહાહા..! માર્ગ એવો આકરો બાપુ! દુનિયાને સંપ્રદાયવાળાને તો આ એવું આકરું લાગે. સંપ્રદાયમાં હોય તો તો રહેવા ન દે. કાઢી નાખે. અહીં જંગલમાં છીએ, અહીં ક્યાં સંપ્રદાય છે. નવનીતભાઈ! આહાહા..!

અહીં જુઓને કુંદકુંદાચાર્ય તો પોકાર કરીને કહે છે. કાંઈ ખાનગી રાખતા નથી. કે કરોડો કરોડો વર્ષ સુધી અપવાસ કર, કરોડો કરોડો વર્ષ સુધી તારા બ્રહ્મચર્ય, શીલ પાળ અને મહાવ્રત આદિ પાળ, છતાં ભગવાન આત્મા એનો શુદ્ધભાવ જે ચૈતન્યમૂર્તિની પ્રતીત અને સમ્યગ્દર્શન શુદ્ધભાવ એ વિના બધું નિરર્થક છે. દુનિયાને પચે ન પચે. સમાજ સમતોલ રહે કે ન રહે. એની કાંઈ દરકાર નથી આમાં. આ સમાજને ઠીક નહિ પડે, સમાજ વીંખાઈ જશે. એ થાવ કે વિખાવ, રહો કે ન રહો, માર્ગ તો આ છે. કહો, લાલજીભાઈ! આ બધા અગ્રેસરો ત્યાં સ્થાનકવાસીના કલકત્તામાં. આ એક છોકરો જાગ્યો એક એમાંથી.

મુમુક્ષુ :- ભારે જાગ્યો છે.

ઉત્તર :- ભારે જાગ્યો. પંદર વર્ષ થયા. જોર અંદરનું છે. અવ્યક્તપણે હતું. માર્ગ આ છે, બાપા! એને આત્મામાંથી એનો પોકાર આવવો જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? જેટલી પરાશ્રિત ક્રિયાઓ જેટલી પર વ્યવહાર એ અનંતકાળ કર તોપણ કરોડો ભવમાં એમાં જન્મ-મરણ મટે એવું નથી કહે છે.

ભગવાન આત્મા... જુઓ! '**ભાવમેં મિથ્યાદર્શન,...**' રાગની એકતાબુદ્ધિ, રાગ શુભભાવ ભક્તિ કરતા કરતા કલ્યાણ થશે, વ્રત પાળતા પાળતા કલ્યાણ થશે, એવો જે ભાવ તેને મિથ્યાદર્શન કહે છે. આહાહા..! 'હરિનો માર્ગ છે શુરાનો એ કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મૂકી એ હરિ...' હરિ એટલે આત્મા. હરિ આત્મા. હરિ કીધો છે ને આમાં પંચાધ્યાયીમાં. આત્મા પોતે હરિ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાનનો હરનાર એવો પ્રભુ ચૈતન્ય હરિ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાનનો રક્ષક એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ આત્મા નહિ. આહાહા..!

કહે છે '**મિથ્યાદર્શન,...**' જેને એ દયા, દાન, વ્રતના, ભક્તિના ભાવ, પરમાત્માની ભક્તિ હોં. તીર્થંકર ત્રિલોકનાથદેવની ભક્તિનો ભાવ, એમાં પ્રેમ છે કે આ મને ધર્મ થશે, એ મિથ્યાદર્શન છે. આવી

વાત સાંભળતા પરસેવા ઉતરી જાય. ઓલા બધા હમણાં ધૂન ચડાવો ભગવાનની ભક્તિની. શું કહેવાય એ? તબલા. તબલા નહિ શું? ઝાંઝર. લાખ કરને ઝાંઝર તારા. હવે સાંભળને. એ તો પર તરફનો વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? ભગવાન એમ પોતે કહે છે. આ ભગવાનનો સંદેશ છે ને. શેનો છે આ?

'**મિથ્યાજ્ઞાન,...**' એ આત્માનું જ્ઞાન મૂકી દઈને રાગને જાણવું, પુણ્યને જાણવું, ભગવાનને એકલા જાણવા એ જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે. પોતાનો ભગવાન એમાં રહી ગયો. આહાહા..! અને '**મિથ્યાચારિત્ર...**' એ મિથ્યાદર્શન-જ્ઞાનસહિત રાગમાં એકાકાર. રાગમાં લીનતા એ મિથ્યાચારિત્ર. તે '**વિભાવ...**' તે વિભાવભાવ. એનાથી '**રહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સ્વભાવ...**' આ ત્રણ છે તે વિભાવભાવ, વિપરીતભાવ એનાથી રહિત '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સ્વભાવમેં પ્રવૃત્તિ ન હો,...**' આહાહા..! આવા ત્રણ ભાવથી રહિત અને ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ સ્વભાવ જેનો સ્વભાવ, શુદ્ધ ચૈતન્યઘન એમાં જેની પ્રવૃત્તિ ન હોય તો '**ક્રોડાક્રોડી ભવ તક કાયોત્સર્ગપૂર્વક નગ્નમુદ્રા ધારણકર...**' કાયોત્સર્ગ લગાવે આમ. બાહુબલી જેવા બાર મહિના રહ્યા ને. રાગની અસ્થિરતા થોડી હતી તો કેવળ ન થયું. સમ્યગ્દૃષ્ટિ હતા, મુનિ હતા. જરી ખટક રહી ગઈ. આહાહા..! આ જમીન ભરતની છે. ભરતને ખરાબ લાગ્યું હશે. એ ખટકથી કેવળજ્ઞાન અટક્યું. આહાહા..! છે તો ચારિત્રદોષ હોં! આ તો મિથ્યાદૃષ્ટિ સહિત છે. આહાહા..!

'**ક્રોડાક્રોડી ભવ તક કાયોત્સર્ગપૂર્વક...**' એ છે ને પાઠમાં '**लंबियहत्थो**' હાથ છૂટા મૂકી, શરીર નગ્નપણે, વસ્ત્રનો ધાગો નહિ. આહાહા..! નગ્નમુદ્રા માતાએ જન્મ્યો એવો દેહ, '**ધારણકર તપશ્ચરણ કરે તો ભી મુક્તિકી પ્રાપ્તિ નહીં હોતી હૈ,...**' ન્હાયા હવે એટલું પુણ્ય, માણસ નથી કહેતા? એય..! કાલીદાસભાઈ! ન્હાયા એટલું પુણ્ય. ન્હાયો નથી, આ તો મેલો કર્યો છે. આહાહા..! રાગની ક્રિયા એને પોતાની માની તો મેલો કર્યો છે આત્માને. આહાહા..! ન્હાયો છે કે દિ'? એવા દાખલા લગાવી દે. ન્હાયા એટલું પુણ્ય.

'**ઈસપ્રકાર ભાવોમેં...**' ભાવ નામ નિર્મળ પર્યાય શુદ્ધમાં '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવ પ્રધાન હૈં,...**' આહાહા..! એ બધા ભક્તિના, વ્રતના, તપના ભાવમાં પણ શુદ્ધતા નથી. એમાં આત્માનું સમ્યગ્દર્શન.. શુદ્ધ ચૈતન્યના ભગવાન આત્માના પવિત્ર દર્શન, પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ ભાવની પ્રધાનતા છે. '**ઔર ઈસમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ,...**' મુખ્ય તો આ છે. ચારિત્ર પછી, જ્ઞાન પછી. પણ સમ્યગ્દર્શનના જ જ્યાં ઠેકાણા નથી. આહાહા..! દુનિયાને મજુરીએ ચડાવી દીધા બિચારાને. ગુરુના ભક્તિવાળાને ગુરુની ભક્તિમાં ચડાવી દીધા. આ વ્રતના, તપ કરનારા ક્રિયાકાંડમાં ચડાવી દીધા. પૈસાવાળાને દાન, દયામાં ચડાવી દીધા. કરો દાન આમાં, ધર્મ થાશે. ધૂળેય ધર્મ નથી, સાંભળને. તારા નવા પુણ્યના ઠેકાણા નથી. આહાહા..!

જેને શુદ્ધ સમ્યગ્દર્શનની ખબર નથી હજી તો. આ અત્યારે જુઓને આ ૨૫૦૦ વર્ષ ભગવાનને.

૨૦ લાખનું આ જંબુદ્વીપ કરે છે, ફલાણું આમ કરે છે. ઓહોહો..! શું કરે છે જાણે! આહાહા..! કોણ કરે? બાપુ! બહારના પુણ્ય કોણ કરે? એની તને ખબર નથી. રાગનો કર્તા થાય તો ત્યાં મૂઢ છે, એને ઠેકાણે આ બાહ્ય વસ્તુ કોણ કરે? એ તો એને કારણે થાય. આહાહા..! અમે આ કરાવીએ અને અમે આ કરીએ. કહે છે કે ભાઈ! તારા સમ્યગ્દર્શન અને શુદ્ધિ વિના એ બધા શુભભાવો અને બધી બાહ્યની ક્રિયા તો સ્વતંત્ર જડની છે એ. એ શુભભાવ કાંઈ સંસાર .. એવી ચીજ નથી.

સમ્યગ્દર્શન એ મુખ્ય છે. '**ક્યોંકિ ઈસકે બિના જ્ઞાન-ચારિત્ર મિથ્યા કહે હૈં,...**' જેને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની પ્રતીતિ સમ્યગ્દર્શન નથી, એના ભણતર શાસ્ત્રના બધા એ પણ બધા અજ્ઞાન છે. સમજાણું કાંઈ? '**સમ્યગ્દર્શન પ્રધાન હૈ,...**' એમાં અહીં જ્ઞાન. સમ્યક્ ચૈતન્યમૂર્તિની અંતર પ્રતીતિ સમ્યક્ શુદ્ધતાના લક્ષના ભાનસહિત એ વિનાના જ્ઞાન તે જ્ઞાન જ નથી. ભલે આ હજારો, લાખો માણસને સમજાવતા આવડતું હોય, એવી ભાષા હો, ક્ષયોપશમ હોય પણ એ જ્ઞાન નહિ. આહાહા..! કહો, રતિભાઈ! બહુ આવી વાતું આકરી ભારે. કોઈ કહે કે આ સોનગઢની વાત છે. સોનગઢની છે કે આ ભગવાનના ઘરની છે? આહાહા..! .. જઈ આવ્યા? કરે છે? આ કોક કહેતું હતું કે બે કડી આવી અને બે કડી આવી.. રામજીભાઈ.. .. સોનાની હોય અને વચ્ચે બે કડી .. કરીને. એ થવા કાળે થાય બાપા! આહાહા..! એવી વાતું છે, ભાઈ!

અહીં તો આત્માને કોતરી નાખવાની વાત છે. જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્માને ચીતર્યો એ લેખે લાગી ગયું. થઈ રહ્યું ખલાસ થઈ ગયો. બાકી બધી વાતું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન, ભગવાન આત્મા જેને વ્યવહારના રાગની અપેક્ષા વિનાનું એક ચૈતન્યવસ્તુમાં ભગવાન આત્માની અપેક્ષાવાળી દૃષ્ટિ અંતર શુદ્ધ, એ વિનાના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી, એ વિનાના ચારિત્રના વર્તનને ચારિત્ર કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ લોકો એમ કહે કે આહાહા..! ફલાણા બાળબ્રહ્મચારી છે. બાપુ! એમાં શું થઈ ગયું? શરીરથી કાંઈ વિષય ન લીધો તો તે શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! બ્રહ્માનંદ ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, એ બ્રહ્માનંદનો આનંદનું સેવન એનું નામ યથાર્થમાં તો બ્રહ્મચર્ય છે. સમજાણું કાંઈ? કાયા વડે બ્રહ્મચર્ય પાળે છતાં એ શુભભાવ છે, ધર્મ નહિ. આત્માના આનંદ દ્વારા જેણે બ્રહ્મને સેવ્યો આહાહા..! એણે બ્રહ્મચર્ય પાળ્યું. આહાહા..! ભાઈ! આવી વાતું છે, ભગવાન! અને એ બ્રહ્મચર્ય તેને મુક્તિનું કારણ થાય. સમજાણું કાંઈ?

આ જુઓને સ્ત્રી સામું જોવે નહિ આવા મોટા બ્રહ્મચારી કહેવાય. સ્વામિનારાયણમાં બહુ એવું હોય. સામું જોવે નહિ. અમારે ત્યાં ઘર પાસે છે સ્વામિનારાયણનું મંદિર.

મુમુક્ષુ :- આડો પડદો નાખે.

ઉત્તર :- પડદો નહિ, એ બહાર ઊભો રહે આમ જોવે. સ્ત્રી હોય તો સાધુ અંદર હોય તો આમ વયા આવે. ત્યાં અમારે જોડે જ છે ઘર આગળ. અરે..! બાપા! એમાં શું થયું? વસ્તુની ખબર વિના તારા...

આહાહા..! અને સમ્યક્ દૃષ્ટિને તો કદાચિત રાગની આસક્તિ એને હો, પણ સુખબુદ્ધિ જેને ઊડી ગઈ છે અંદરથી. એને છન્નું હજાર સ્ત્રીનો વિષય પણ હોય, પણ ઝેર જેવું દેખે છે એને. આહાહા..! એ છન્નું હજાર સ્ત્રીનો ભોગ હોય ચક્રવર્તી તીર્થંકરને છદ્મસ્થને હોં. ગૃહસ્થાશ્રમમાં શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. પણ એ રાગને ઝેર દેખે છે. આહાહા..! કાળો નાગ. એ સ્ત્રીનો પ્રેમ ને આસક્તિના ભાવને કાળો નાગ દેખે છે. એ ઝેરના ઘૂંટડા છે એ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ આત્માના આનંદ આગળ એને ઝેર જાણે છે. મિથ્યાદૃષ્ટિ શુભભાવને અમૃત જાણે છે. આહાહા..! શુભભાવ ઝેર છે. વાતુંમાં બહુ ફેર બાપુ! દૃષ્ટિ અને જ્ઞાનના કારણમાં મોટા ફેર. આહાહા..!

અમારે હીરાજી મહારાજ બિચારા કહેતા. .. છોડીને વયા ગયા હતા. .. બહુ નરમથી ભાઈ હોં બહુ નરમથી. આ પાળિયાદમાં. મેં કીધું .. આ નહિ. વીતરાગનો માર્ગ છે. કેવળજ્ઞાન જેને બેસે એને ભવ હોય નહિ. અને તમે આવી વાતું કરો એ અમને બેસતી નથી. છોડી દીધો સંપ્રદાય. ૭૨. ફાગણ મહિનો હતો. ફાગણ સુદ તેરશ. ૫૮ વર્ષ. કેટલા થયા? ૫૮ વર્ષ થયા. બહુ નરમ. કહ્યું મહારાજ! હું આમાં રહી શકું નહિ. મને આ વાત અંદર બેસે નહિ એ ઠીક ન પડે. એટલું બોલ્યા. કષાય મંદ. નરમ. દૃષ્ટિ તો ત્યાં હતી નહિ. વસ્તુ..કાનજી! ઉતાવળ થાય છે. આ ભૂલ નહિ નડે, એટલું કહ્યું હોં. આ ભૂલ નહિ નડે. મેં કીધું, મહારાજ! એ મૂર્તિ-બુર્તિની પૂજા એ ભૂલ નહિ, આ તો મોટી ભૂલ છે, કીધું. આહાહા..! આ તો ૭૨ની વાત છે હોં. આ મોટી ભૂલ છે, કીધું. શલ્ય છે એને. આહાહા..! ભગવાનનું જ્ઞાન જેને બેસે અને એને મિથ્યાત્વ રહે અને સંસાર રહે એમ બને નહિ કીધું. અરિહંત સર્વજ્ઞ પરમાત્મા જેના જ્ઞાનમાં બેઠા એને ભવ હોય તો આને ભવ હોય. તમે તો એમ કહો છો કે કેવળીએ દીઠું તે દિ' ભવ ઘટશે, અત્યારે કાંઈ ન થાય. આ વાણી (સાચી) જ નથી તમારી. વીતરાગની આ વાણી નથી, આગમની આ વાણી નથી. તે દિ' તો એ પણ શાસ્ત્ર માનતા નહોતા. તે દિ' ક્યાં આ વાત હતી? શ્વેતાંબર શાસ્ત્ર. પણ ઓલું અંદરનું હતું ને. આહાહા..! તમે બધા હશો. .. ભાઈ! .. આ ભૂલ નહિ નડે. મૂર્તિને માનતા હોય તો એ તો ભૂલ... એમ કહે બિચારા. બહુ નરમ માણસ. અરે! આ વસ્તુની તો ખબર નહોતી. આહાહા..! એની કષાયની મંદતા. હીરાજી મહારાજ તો... પણ આ નહિ મહારાજ! આ નહિ. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો એ કંઈક શલ્ય બીજું રહી ગયું છે. અનંતવાર જૈનસાધુ થઈને ગયો ભાઈ! ત્યારે તો નગ્નની ખબર કંઈક ક્યાં હતી? ૭૨માં તો. આ ૭૨ની વાત છે. ૭૦ની દીક્ષા. બે વર્ષની દીક્ષા. પચ્ચીસ વર્ષની ઉંમર.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે દીઠું તેમ થાય. પણ એ સર્વજ્ઞ પરમેશ્વર જગતમાં છે એવી જેની સત્તાનો સ્વીકાર જેને થાય. આહાહા..! બાપુ! એને ભવ હોય નહિ. સમજાણું કાંઈ? એને 'ભગવાન છે જગતમાં' એમ બેઠા કહેવાય. એમ ને એમ વાતું માને કે ભગવાન છે ને આમ. એ નહિ. જુઓ! એ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને ચારિત્ર મિથ્યા છે ભાઈ! જેમાં સત્ સત્પણે રહીને ટકે નહિ તે ધર્મ શું?

સચ્ચિદાનંદ પ્રભુ એના સત્‌ના નિવડ ભાવને જેણે પકડ્યો, એનું જ્ઞાન અને સ્થિરતા એ મોક્ષનો માર્ગ છે. બાકી આ બધી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ બધા અસત્ અસત્ અસત્ જૂઠા છે. સમજાણું કાંઈ? આવું છે. અજર પ્યાલા છે આ તો ભાઈ! એથી બિચારા એમ કહે છે કે સોનગઢવાળાએ તો આમ કરી નાખ્યું. એકલો નિશ્ચય છે. વ્યવહાર એને છે નહિ. અરે..! ભગવાન સાંભળને ભાઈ! તને વ્યવહાર આવે ખરો, હોય ખરો, પણ એ ધર્મ નહિ. આહાહા..!

સમ્યગ્દર્શન ધ્રુવનું દર્શન. જ્ઞાયકભાવ એવો પ્રભુ એને જેણે જ્ઞાનની વર્તમાન પર્યાય દ્વારા આ જ્ઞાયકને પકડ્યો નથી, એવા સમ્યગ્દર્શન વિના બધું જ્ઞાન ને ચારિત્ર ને વ્રત ને બધું મિથ્યા છે. એની ભક્તિ કરી કરીને ભ્રમમાં ચડે ને મરી જાય. ભગવાનજીભાઈ! એવી ભક્તિ લગાવો. ધૂન લગાવો.. ધૂન લગાવો. અમારે કહેતા હતા એ. .. ભાઈ. ભગવાન ભગવાન. બોટાદ. મૌનમાંથી ધૂન અને ધૂનમાંથી.. એમ એવું કહેતા. .. એમાંથી આ જગત. આમ જૈન હતા. મૌન હતું બધું પહેલું. એમાંથી થઈ ધૂન. ધૂનમાંથી આ બધું થયું. ગપ્પા મારે. આમ શ્રીમદ્‌ના ભગત કહેવાય એ. આહાહા..! ભગવાન તો મૌનસ્વરૂપે બિરાજે છે અંદર. જેમાં વિકલ્પ શુભરાગ દયા, દાનનો રાગ પણ નથી. એવી ચીજની દૃષ્ટિ વિના, એવી ચીજનું ભાન વિના જ્ઞાન અને ચારિત્ર સાચા હોઈ શકે નહિ. એમ જાણવું એને.

**'આગે ઈસ હી અર્થકો દઢ કરતે હૈં :—'**

**परिणाममम्मि असुद्धे गंथे मुञ्चेइ बाहिरे य जई।**
**बाहिरगंथच्चाओ भाविहूणस्स किं कुणइ।।५।।**

**'અર્થ :- યદિ મુનિ બનકર પરિણામ અશુદ્ધ હોતે હુએ...'** મુનિ થયો, નગ્ન મુનિ થયો, વસ્ત્ર છોડી દીધા. એ અહીં દિગંબર મુનિમાં તો નગ્નમુનિ એ જ મુનિ છે. બીજા મુનિ હોય નહિ ત્રણ કાળમાં. આ બધા શ્વેતાંબરાદિ જે વસ્ત્રસહિત માને છે એ જૈનદર્શન જ નથી. એ જૈનધર્મ નથી, એ જૈનદર્શન નથી. માને, ન માને, જગતની સ્વતંત્રતા છે. સમજાણું કાંઈ? એ ૧૪મી ગાથા ભાઈ ત્યાં વંચાણી કુદરતી ત્યાં. કાલે. નહિ? .. એણે લખાવી એવી જ વંચાણી આ દર્શનપાહુડની. ૧૪મી. .. હતી ને. નજર ગઈ. વાંચી. ત્યાં લખી છે ને ત્યાં દર્શનપાહુડની. મોટા અક્ષરથી.. ઓહોહો..!

**'મુનિ બનકર...'** મુનિની વ્યાખ્યા આ. સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડે અને વસ્ત્ર પણ છૂટી જાય, પાત્ર પણ છૂટી જાય, એને બાહ્ય મુનિ કહેવામાં આવે વ્યવહાર. સમજાણું કાંઈ? જે આ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને છે એ તો જૈનદર્શનથી તદ્દન વિરૂદ્ધ વાત છે. મિથ્યાદર્શનના પોષક છે. જાહેર વાત આ છે. આ તો નગ્નમુનિ દેખાય વસ્ત્ર છોડીને. એ **'અશુદ્ધ હોતે હુએ...'** પણ એને જો અંદર રાગનો પ્રેમ છે એ વ્રત પાળવાનો રાગ થાય એનો એને પ્રેમ અને રુચિ છે, અશુદ્ધ છે. આહાહા..! મિથ્યાત્વભાવ છે. અવલદોમની વાતું છે ભાઈ આ તો. આહાહા..! ભાઈ! આ કહેશે, તરત જ કહેશે. આહાહા..! ભાવ વિનાના પ્રભુ શુદ્ધ વિનાના તેં નગ્નપણા અનંતવાર લીધા અને અનંતવાર છોડ્યા, એમાં શું થયું

ભાઈ? જે સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ, મિથ્યાત્વ છોડવું જોઈએ. જે હતું એ તો કર્યું નહિ મૂળમાં. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે બિચારા જુઓને બિચારે મૂંઝવે બાયુંને. તમે બાળબ્રહ્મચારી થાઓ, તમને બહુ લાભ થાશે. ત્યાં એકલાની કોણ સેવા કરશે? .. મરી જાય ત્યારે .. થયો કોઈની સામું જોવું કરતા અહીં આવો. તમારી આર્જિકાઓ સેવા કરશે, ફલાણું કરશે. એ મુંડાવે માથા. અહીં ધ્યાન રાખનારા ઘણા હોય. અરર..! મારી નાખે બિચારાને.

કહે છે કે અહીં તો નગ્નપણું લઈને બેસે જે જૈનદર્શનમાં વ્યવહાર કહેવાય છે. પણ એને જો અશુદ્ધ હોય. પાંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, એને માટે કરેલા આહાર પ્રાણ જાય તોપણ લેતો ન હોય. આહાહા..! એવી ઠંડીમાં હિમ પડે, વસ્ત્રનો કટકો રાખે નહિ, તાપણી તાપે નહિ. કોઈ તાપણી કરીને બેઠો હોય ત્યાં જઈને તાપે નહિ, બેસે નહિ. એથી શું થયું? અંતરમાં શુદ્ધ ચૈતન્ય ભગવાન એની સમ્યગ્દષ્ટિ પ્રગટ કરી નથી અને રાગની એકતાબુદ્ધિમાં પડ્યો એ તો અશુદ્ધતાના ભાવમાં પડ્યો છે. આહાહા..! હજારો રાણી છોડે, હજારો દુકાનના ધંધા છોડે, અબજો રૂપિયા પૈસા છોડે, પણ ઓલો રાગની એકતા છોડે નહિ ત્યાં સુધી અશુદ્ધતા છે એમ કહે છે. આહાહા..!

**'અશુદ્ધ હોતે હુએ બાહ્ય પરિગ્રહકો છોડે...'** અશુદ્ધનો અર્થ કે રાગ તે જ હું, એ પુણ્યના પરિણામ છે તે હું અને એ મને કલ્યાણનું કારણ. એ રાગસહિત **'અશુદ્ધ હોતે હુએ...'** એ (મિથ્યાદૃષ્ટિ) બાહ્ય ત્યાગ ગમે તેટલો કરે **'તો બાહ્ય પરિગ્રહકા ત્યાગ ઉસ ભાવરહિત મુનિકો ક્યા કરે?'** આહાહા..! શુદ્ધભાવની તો દૃષ્ટિ થઈ નથી. આહાહા..! **'બાહ્ય પરિગ્રહકા ત્યાગ ઉસ ભાવરહિત મુનિકો ક્યા કરે? કુછ ભી લાભ નહીં કરતા હૈ.'** કુછ ભી-જરીએ લાભ નથી. પણ સ્વર્ગમાં તો જાશેને બિચારો આ નરકમાં ન જતા? સ્વર્ગ અને નરકમાં બેય દુઃખના અંગારા સળગે છે ત્યાં. સ્વર્ગમાં પણ ધૂળમાંય અગ્નિ છે ત્યાં. સમજાણું કાંઈ? એ પુણ્યના ફળ ભોગવે છે એ રાગ અને કષાય અગ્નિ છે. સ્વર્ગમાં સુખ નથી. સ્વર્ગમાં રાગનું દુઃખ છે. સમજાણું કાંઈ? આત્માના આનંદમાં સુખ છે એની તો ખબર ન મળે. **'કુછ ભી લાભ નહીં.'** ધર્મમાં.

**'ભાવાર્થ :- બાહ્ય પરિગ્રહકો છોડકર મુનિ બન જાવે ઔર પરિણામ પરિગ્રહરૂપ અશુદ્ધ હોં,...'** પરિગ્રહ એટલે રાગની પક્કડ હોય અંદર. શુભરાગમાં આ હોય. રાગ ઉપર દૃષ્ટિ છે. તત્ત્વ ઉપર દૃષ્ટિ છે નહિ. ખબર નથી. એ પુણ્યની ક્રિયામાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, ..આદિના ભાવને એમ કહે છે. આહાહા..! **'અભ્યંતર પરિગ્રહ ન છોડે...'** એ રાગની એકતા ન છોડે. **'તો બાહ્યત્યાગ કુછ કલ્યાણરૂપ ફલ નહીં કર સકતા. સમ્યગ્દર્શનાદિભાવ બિના કર્મનિર્જરારૂપ કાર્ય નહીં હોતા હૈ.'** લ્યો! સમ્યગ્દર્શન વિના એને કર્મની નિર્જરા થતી નથી. મિથ્યાદર્શનમાં તો બંધ છે. રાગની એકતાબુદ્ધિમાં તો મિથ્યાત્વનો બંધ અને સંસારનું બંધન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૪, શનિવાર તા. ૧૨-૦૧-૧૯૭૪**
**ગાથા – ૬, ૭, ૮, પ્રવચન – ૮૭**

અષ્ટપાહુડમાં ભાવપાહુડ. ગાથા પાંચ થઈ. ગાથા પહેલામાં કહ્યું હતું. '**મુનિપદ ભી લેવે ઔર પરિણામ ઉજ્વલ ન રહે,...**' એ વિશેષ કહ્યું. સાધુ થાય પણ જિનભાવના દ્રવ્યસ્વભાવનો પ્રયત્નની ભાવના ન હોય તો એ સાધુપણું એ કાંઈ લાભદાયક નથી. જિનભાવના. વસ્તુસ્વભાવ છે એ વીતરાગસ્વરૂપ છે. અને એની ભાવના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જિનભાવના છે. એમાં પણ મૂળ સમ્યગ્દર્શન જિનભાવના છે. જેને સ્વદ્રવ્યના આશ્રયની ભાવના નથી એ બધા પુણ્યના દયા, દાન, વ્રતના પરિણામની ભાવનાવાળા (છે), એ કહે છે કે એ મિથ્યાદૃષ્ટિ (છે), એને સંસારનો અંત આવતો નથી.

'**આગે ઉપદેશ કરતે હૈં કિ—ભાવકો પરમાર્થ જાનકર ઈસીકો અંગીકાર કરો :—**' ભાવનો અર્થ અહીંયાં શુદ્ધભાવ.

**जाणहि भावं पढमं किं ते लिंगेण भावरहिएण।**
**पंथिय सिवपुरिपंथं जिणउवइट्ठं पयत्तेण।।६।।**

આનો અર્થ કર્યો હતો કે નહિ એક ફેરી? એ .. એ .. છે ને આમાં? ... ઓલામાં કર્યો હતો જૂનામાં.

'**અર્થ :- હે શિવપુરીકે પથિક!**' આહાહા..! આત્માના પરમાનંદના સ્વરૂપને પ્રાપ્ત કરવાનો પથિક. પરમાનંદ પૂર્ણ સ્વરૂપ એવી જે મોક્ષદશા એ શિવપુરી, જેમાં કાંઈ ઉપદ્રવ નથી. કલ્યાણની મૂર્તિ આત્મા પ્રગટ થાય એવી શિવપુરીના પથિક! આહાહા..! સંબોધન જુઓ! હે મોક્ષપુરીના પથિક! આહાહા..! તારો પંથ તો શિવપુરીનો પંથ છે ભાઈ! આહાહા..! '**પ્રથમ ભાવકો જાન,...**' પહેલામાં પહેલું ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, પવિત્રભાવ એને જાણ. પહેલામાં પહેલું આ જાણ એમ કહે છે. પ્રથમ કહ્યું ને? '**पढमं**' આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ વીતરાગ સ્વરૂપી બિરાજમાન પ્રભુ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ અથવા સમ્યગ્દર્શન એ પ્રથમ ભાવના છે. એ પ્રથમ ભાવ છે. આહાહા..! લ્યો આ કહે છે ને કે પહેલો વ્યવહાર કરવો. વ્યવહારથી .. થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર તો રાગ છે, વિકલ્પ છે, .. પ્રવૃત્તિ છે. એ તો હેય છે.

અહીં તો પ્રભુ આત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ એની અંતર સન્મુખ થઈને જે શ્રદ્ધા, જ્ઞાન થાય એ પ્રથમ '**पढमं**' લિંગ છે. આહાહા..! ધર્મનું ચિહ્ન ને લિંગ ને એંધાણ આ છે પહેલું. '**પ્રથમ ભાવકો જાન,...**' શુદ્ધભાવ ત્રિકાળી ચૈતન્યમૂર્તિ પ્રભુ. વસ્તુસ્વભાવ એને જાણ. આહાહા..! '**ભાવરહિત**

**લિંગસે તુઝે ક્યા પ્રયોજન હૈ?**' અંતર ચૈતન્ય દ્રવ્ય જે વસ્તુ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને ભાવના વિના એ વીતરાગ સ્વરૂપી પ્રભુ એની વીતરાગી પર્યાય વિના બાહ્યલિંગથી પ્રયોજન શું છે? આહાહા..! જુઓ વીતરાગમાર્ગ! એ પંચ મહાવ્રત ને નગ્નપણા, એ વ્યવહાર સમિતિ, ગુપ્તિ એ શું છે? એ ચીજ શું છે? આહાહા..! ઓલા કહે છે ને નિવૃત્તિવાળાને પ્રવૃત્તિ પણ કરવી. આહાહા..! ભાઈ! નિવૃત્તિવાળાને પ્રવૃત્તિ કરવીનો અર્થ શું? રાગ કરવો? અને બીજાને એમ કે સુખ-દુઃખમાં મદદ કરવી. .. થાવું નહિ. બીજાને પણ કાંઈક કરવું. કોણ કરે ભાઈ? રાગનું થવું અને કરવું એ જ્યાં સ્વરૂપને વિઘ્નકારક છે. આહાહા..! પરનું કરવું એ તો જીવમાં નથી, રાગનું કરવું નથી. પણ દ્રવ્યમાં પર્યાયનું કરવું એ પણ નથી. આહાહા..! આવો શિવપુરીનો પંથ છે. આહાહા..!

કહે છે કે '**ભાવરહિત...**' ભાવનો અર્થ આ દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય એની શ્રદ્ધાનો ભાવ, જિનભાવ. આહાહા..! ત્રિકાળી વસ્તુના આશ્રયવાળો ભાવ એને અહીંયાં ભાવ કહે છે. ઓહોહો..! એ '**ભાવરહિત લિંગસે તુઝે ક્યા પ્રયોજન હૈ? શિવપુરીકા પંથ...** ' શિવપુરી મોક્ષદશા. પૂર્ણ મોક્ષદશારૂપી શિવપુરી. એનો પંથ તો '**જિનભગવંતોને પ્રયત્નસાધ્ય કહા હૈ.**' એ ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં પ્રયત્ન કરવો એ પ્રયત્નથી સાધ્ય સ્વભાવ થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? અહીંયાં તો પ્રયત્ન કીધો.

વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકભાવ, દ્રવ્યસ્વભાવ, એકલો અનાકુળ આનંદનો કંદ પ્રભુ, એના સ્વભાવ પ્રત્યેનો પ્રયત્ન જિનવરે તો એ કહ્યું છે. આહાહા..! ત્રિકાળી ચૈતન્ય જ્ઞાયકપિંડ પ્રભુ દ્રવ્યસ્વભાવ એને '**જિનભગવંતોને પ્રયત્નસાધ્ય કહા હૈ.**' એ સ્વરૂપમાં પ્રયત્ન કરવો એનાથી તે સાધ્ય થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જે પ્રયત્ન અનાદિથી પુણ્ય અને પાપમાં અને ભ્રાંતિમાં વર્તી રહ્યો છે એ પ્રયત્નને સ્વભાવમાં જોડી દે. આહાહા..! એમ કહે છે. ઓહોહો..! અહીં તો મોક્ષમાર્ગી તરીકે જ સંબોધે છે એને. અરે..! મોક્ષમાર્ગના પથિક! શિવનગરીમાં જનારો તું હવે. આહાહા..! કુંદકુંદાચાર્ય કેટલી કરૂણાથી એને ઉપદેશે છે. શિવપુરીના પથિક પ્રભુ! તારો નિત્યાનંદ ભગવાન સ્વભાવ છે એને તું પ્રયત્નથી સાધ. એની મેળાએ કોઈ પુરુષાર્થ વિના મળી જાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**શિવપુરીકા પંથ...**' મોક્ષનો પંથ પરમાત્માએ જિનેશ્વરદેવે વીતરાગી પર્યાયમાં સર્વજ્ઞપણે પ્રગટેલી દશાવાળા પ્રભુએ તો આ કહ્યું છે. આહાહા..! જેની દશામાં વીતરાગ અને સર્વજ્ઞતા પ્રગટી છે. એને શિવપુરીનો પંથ અંતર સ્વભાવના પ્રયત્ન કરવો એ ભગવાને કહ્યું છે. આહાહા..! કહો, સમજાય છે આમાં? અંતર્મુખ પ્રયત્ન કરવો એ ભગવાને કહ્યું છે એમ કહે છે. એ શિવપુરીના પંથ પથિક! વીતરાગ દેવોએ, કેવળીઓએ, પરમાત્માએ.. આહાહા..! એ પંથને પ્રયત્ન સાધ્ય કહ્યો છે. એમ કહ્યું ને? '**जिणउवइट्ठं पयत्तेण**' આમ તારું જે વલણ પર તરફ છે એમ કહે છે. એને ત્રિકાળી ભગવાન આનંદનો નાથ એના તરફનો પ્રયત્ન ફેરવી નાખ. આહાહા..! અને પ્રયત્નથી જ સાધ્ય છે. એ પરમાત્મા પોતે

પ્રયત્નથી સાધ્ય થાય છે. સમજાણું કાંઈ? લ્યો અહીં કાળલબ્ધિને બધું કાઢી નાખ્યું અને પ્રયત્નસાધ્ય કીધું અહીં તો. આહાહા..! એ કાળલબ્ધિનો અર્થ એ જે સમયે પુરુષાર્થ થયો સ્વભાવસન્મુખ. એનું ભાન થયું કે આ કાળલબ્ધિ છે એમ જ્ઞાન થયું. આહાહા..! કાળલબ્ધિ. લઈ પંથ નિહાળશું .. એ જિનપ્રભુએ જિન.. જાણજો. આ .. એ કાળલબ્ધિની આશાએ પડ્યા છે. ત્યારે જિનનો માર્ગ પામશે એમ.

મુમુક્ષુ :- અહીં કહે કે પ્રયત્નથી સાધ્ય છે.

ઉત્તર :- અહીં પ્રયત્ન. બહુ ફેર છે ને. કાળલબ્ધિ છે ને. કાળલબ્ધિ. એને કરવાનું છે પર્યાય ઉપર જોવાનું છે? એને જોવાનું તો અંતર ચૈતન્ય મૂર્તિ વીતરાગબિંબ પ્રભુ, અકષાય સ્વભાવનો એકલો રસ એ આત્મા. એમાં પ્રયત્ન કરવો એમ જિનવરદેવે કહ્યું છે. એમ કહીને પુણ્ય-પાપના પ્રયત્ન કરવો, પરમાં પ્રયત્ન કરવો એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વીતરાગ મારગડા ભારે જુદા ભાઈ! દુનિયાની સાથે મેળ ખાય નહિ એવા છે. વાંધાવચકા ઉઠે. તકરાર થાય.

અહીં તો પથિક. આહાહા..! શિવપુરીનો પંથ પથિક, શિવપુરીનો પંથ એમ બે વાત લીધી. શિવપુરીને પંથે ચાલનારો, પણ તારો પંથ કેવો છે? '**जिणउवइट्ठं पयत्तेण**' ત્રિલોકનાથ પરમાત્માએ તો પુરુષાર્થથી સાધ્ય થાય છે એમ કીધું. થવાનું હશે એ થશે, બનવાનું હશે એ બનશે. આપણે શું કામ? એમ નથી કહ્યું અહીં. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાને જોયું હશે તેમ થશે.

ઉત્તર :- ભગવાને જોયું છે એનો પ્રયત્ન શું? સ્વભાવમાં એનું બહુમાન આવે. આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગરસે રેલમછેલ થઈ ગઈ દશા જેની. આહાહા..! જેની વીતરાગી પર્યાય અને સર્વજ્ઞ પર્યાય એટલે જ્ઞાન અને ચારિત્રની પર્યાય તેને પૂરી થઈ ગઈ. દર્શન તો છે જ. એવા ભગવાને શિવપુરીનો પંથ શિવપુરીના પથિકને (કહ્યો), એમ. શિવપુરીનો પંથ. નમોત્થુણંમાં આવે છે ને શિવમયં. નથી આવતું? નમોત્થુણંમાં આવે છે. શિવમયં. આહાહા..!

'**હે શિવપુરીકે પથિક!**' '**શિવપુરીકા પંથ જિનભગવંતોને પ્રયત્નસાધ્ય કહા હૈ.** ' જુઓ આ વાત .. એને આહાહા..! એનો અર્થ કે જિનેશ્વરદેવે સ્વભાવ સન્મુખના પ્રયત્નની વાત કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? શિવપુરીના પથિકને શિવપુરીનો પંથ (અર્થાત્) સ્વભાવ તરફના પ્રયત્નની વાત કરી છે પરમાત્માએ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભગવાને દીઠું હશે તે દિ' થાશે. એવી .. કરી કરીને ભૂલી ગયો તું. ભગવાને તો આ કહ્યું. તારો પરમાત્મા અંદર ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ છે એ પ્રયત્નથી જ સાધ્ય છે. સ્વભાવના પુરુષાર્થથી જ સાધ્ય છે. એ રાગના પુરુષાર્થથી, નિમિત્તના પુરુષાર્થથી એ સાધ્ય છે જ નહિ. આહાહા..! બીજી રીતે કહીએ તો વ્યવહારના પુરુષાર્થથી તે પ્રાપ્ત છે નહિ. આહાહા..! શું થાય? લોકોએ એવો બહારની વ્યવહારને એટલી મહિમા આપી દીધી. કે જે

વસ્તુનું માહાત્મ્ય જ નથી આપ્યું.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય શાંતિરસનો સાગર આત્મા. એ પંથ એમનો પંથ તો અંદર પ્રયત્નસાધ્ય કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલામાં નાખ્યું છે. અનાહાર નહિ? પંચસંગ્રહ. શું કહેવાય? અધ્યાત્મ. જ્ઞાનદર્પણને. એમાં નાખ્યું છે. અનાહાર.. કહે છે કે ભગવાને ઉપદેશ પુરુષાર્થનો કર્યો એ શું કીધું? ભગવાને કહ્યું છે આ પુરુષાર્થ કર એ વાત ક્યાં રહી તારી? ભલે ત્યાં હોનહારને વ્યવસ્થિત ત્યાં જવા માટે છે. પણ એનો અર્થ એ પર્યાયમાં પુરુષાર્થ તે વ્યવહાર છે. ત્રિકાળ દ્રવ્ય ઉપર જાવું અંદર. દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા..! બહુ ટૂંકી વાત અને બહુ મજબુત વાત. મજબુત પીઢ એવો ભગવાન આત્મા દ્રવ્ય નિત્ય ધ્રુવ એવો પ્રભુ આત્મા એનો પંથ તો પ્રયત્નસાધ્ય છે કહે છે. આહાહા..! આવે છે .. મિથ્યાત્વમાં. જ્ઞાનીની ભૂમિકા પુરુષાર્થસાધ્ય છે. એ પુરુષાર્થ ક્યો? પુણ્ય-પાપનો નહિ. આહાહા..! જિનવરે કહેલો ઉપદેશ એટલે કે જિનભાવના, ત્રિકાળી જિનસ્વરૂપ જે છે એની ભાવના, એનું નામ પ્રયત્ન અને પુરુષાર્થ છે. કહો, આ રળવા-બળવાનો પુરુષાર્થ એ બધો રખડવાનો પુરુષાર્થ છે એમ કહે છે. આહાહા..!

અહીં તો દયા, દાન ને વ્રત ને ભક્તિ, પૂજા એનો પુરુષાર્થ પણ એ રાગ છે, નપુંસકતા છે કહે છે. આહાહા..! પ્રયત્ન તો એને પ્ર-યત્ન. પ્ર-વિશેષે, યત્ન-જોડાઈ જાય ચૈતન્યના સ્વરૂપમાં, એને અમે પ્રયત્ન કહીએ છીએ. આહાહા..! એમ જિનવરદેવે સમવસરણમાં પરમાત્માએ આમ કહ્યું. એ કુંદકુંદાચાર્ય કહે છે કે પરમાત્મા ત્યાં આમ કહે છે. આહાહા..! '**શિવપુરીકા પંથ...**' પૂર્વે પથિક કહ્યું સંબોધન. પણ '**હે શિવપુરીકે પથિક!**' આહાહા..! તારી નગરી તો શિવપુરી છે, બાપુ! ત્યાં તારે તો વસવાનું છે. તારું નગર અને વાસ તો ત્યાં છે. આહાહા..! '**શિવપુરીકા પંથ...**' ભારે ગાથા જબ્બર. જિનેશ્વરદેવે યત્નસાધ્ય કહ્યો છે. એનો અર્થ કે સ્વસન્મુખ થવાનો પુરુષાર્થ એમાંથી પ્રાપ્ત થાય છે. આહાહા..! પરસન્મુખના પ્રયત્નથી તે પ્રાપ્ત થતો નથી. આહાહા..! આવી વાત સ્પર્શે તેમ છતાં ગોટા વાળે. આહાહા..! હજી એની શ્રદ્ધામાં એ વાત બેસે નહિ. આહાહા..! ભાઈ! તારા જન્મ-મરણના ઉદ્ધારનો પંથ તો આ છે. આહાહા..!

જુઓને આ કાલે સાંભળ્યું હતું આનું. આ ઉમેદભાઈએ કહ્યું હતું. ..ચંદની દીકરી. ઓહોહો..! કુંડલાવાળા. એને .. થયો. હજાર .. મુંબઈમાં. આહાહા..! એને .. કોની પડી હશે? ... જુવાનજોધ .. છે. અહીં આવ્યા હતા મહિના પહેલા. પહેલા કહ્યું એનાથી .. દેરાસરમાં નહિ? ... ૧૬ દિ' તો .. છે. ત્યાં ૧૭ દિ' થયા. ઓહોહો..! આ સંસાર. ... જીવતા જ લઈ જશે. ... ... આ દ્રવ્ય .. પાછળ પાછળ જાય એની વાત છે આ. આહાહા..! બાપુ! દ્રવ્ય છે અંદર. આહાહા..! એની પાછળ જા ને. એની સામે જા ને. આહાહા..! ભાઈ! તને જિનવરનો માર્ગ ત્યાં પ્રાપ્ત થાશે. એ કાંઈ બહાર નથી કે બહારથી મળે એવો છે. પણ જેને ચાર ગતિના દુઃખનું દુઃખ લાગ્યું હોય એને આ છે. સ્વર્ગમાં પણ જેને સુખ લાગતું

હોય તો એને આ રીતે નહિ થાય. ચારેય ગતિ. આવે છે ને. ચારગતિ દુઃખથી ડરી... યોગસારમાં આવે છે. ચારેય ગતિમાં દુઃખી દુઃખી પ્રભુ છે. શિવપુરીમાં ઉપજવું એ સુખી થવું છે. આહાહા..!

એ શિવપુરીનો પંથ તો હે પથિક! જિનવરદેવે તો અંતર સ્વભાવ સન્મુખના પ્રયત્નસાધ્ય કીધો છે. આહાહા..! એની મેળાએ મળી જાય માર્ગ એવી ચીજ નથી. પુરુષાર્થ સાધ્ય છે એની મેળાએ. આહાહા..! ભારે આકરું પડે જગતને. વ્રત પાળ્યા, તપસ્યા કરી. સહેલું પડે. કહે છે એની મેળાએ અનંતવાર .. આહાહા..! ભગવાન તારો આત્મા તો એક એક શક્તિ વીતરાગી શક્તિથી ભરેલું તત્ત્વ છે. એવી અનંતી શક્તિનો સાગર પ્રભુ ઉછળે છે અંદર. આહાહા..! એના તરફના પ્રયત્ન સાધ્યથી તેને પ્રાપ્ત થાય છે. પ્રભુ! તારો પંથ તો અંતરમાં જવાનો પ્રયત્ન સાધ્ય છે એ પંથ છે. આહાહા..! હવે આ કહે કે વ્યવહાર જોઈએ વચ્ચે. વ્યવહાર પણ બીજાને.. પોતાનું સાધવું? એ તો નિષ્ક્રિય જડ રહી ગયો એમ કહે છે. અરર..! પ્રભુ! આહાહા..! અંતરમાં સાધન કરે છે એ તો નિષ્ક્રિય રાગની અપેક્ષાએ કહો, પણ સ્વભાવની પરિણતિ અપેક્ષાએ સક્રિય અને ચૈતન્ય જાગૃત છે એ તો. એ જડ નથી. આહાહા..! છે ને? આહાહા..! બહુ ફેરવી નાખ્યું. ચોર કોટવાળને દંડે એવું કર્યું છે. કહે છે. ઓહોહો..!

પ્રભુ! માર્ગ તો આવો છે ભાઈ! બીજી રીતે કંઈપણ ફેરવીશ બાપુ! ફરી જશે. ચાર ગતિમાં .. પડીશ. આહાહા..! .. કલકત્તામાં લઈ જાય છે ને જુઓને. માણસને ઉપાડી જાય. અરર..! એના હાથ ને પગ કાપી નાખે અને ભીખ મગાવે. નજરે જોયું છે કલકત્તામાં. ઓલી રેકડી હોય ને. જીભ પણ એવી કરી નાખે .. હોસ્પિટલમાં. આહાહા..! આવા પરાધીન મિથ્યા અને રાગ-દ્વેષના દુઃખી. એ વ્યવસ્થિત ટોળી થઈ ગઈ છે. ડોક્ટરો ને માણસો ને. એવું કરે પછી .. સો સો રૂપિયા જ દે એને. એવી .. એવા .. પ્રકાર. આહાહા..! આઠ આના, રૂપિયો. સો રૂપિયા આવે. એ પછી એણે કર્યું હોય એ બધા વહેંચી નાખે. અરર..! શું કરે છે? ક્યાં જાવું છે? ક્યાં જઈશ? પ્રભુ! તારો પંથ તો આ છે ભાઈ! રેકડીમાં નાખીને જોયું છે. ઓલી બાઈ વડોદરાની. નામ નથી લેતા. મુંબઈમાં જતા. એને જરી થોડી .. ઉપાડી ગયા. ઘરે જઈને આંખો ફોડી નાખી. .. માગવા. ચાર મહિના વળી એની મા પાછી આવી ફરીને ગામમાં, ત્યાં ઓલીને માગતી દેખી. અરે..! આ તો મારી દીકરી છે. એમ કહ્યું ત્યાં ઓલો .. ભાગી ગયો. અરર..! આવા .. શું કરે છે? ક્યાં જાવું છે ભાઈ તારે?

અહીં તો પ્રભુ એમ કહે છે. તું પ્રભુ! ભવ્ય જીવ તો શિવપુરીનો પથિક છે. આહાહા..! તારે તો એ પંથે જવાની વાત છે. અને એ પંથ તો વીતરાગ સર્વજ્ઞદેવોએ ગણધરો અને ઈન્દ્રોની વચ્ચે તો આ કહ્યું હતું. અંતર્મુખના પ્રયત્ન સાધ્યે અંતર ભગવાન મળે એવો છે. સમજાણું કાંઈ? ભારે આકરું. ભાઈ! માર્ગ તો આ છે. કીધું ને શું કહે છે? **'पंथिय पंथं'** હે પથિક! તારો પંથ તો આ છે પ્રભુ! બીજો ગોતવા જઈશ નહિ મળે. એ આત્મા નહિ મળે-પ્રાપ્ત થાય. આહાહા..! વ્યવહારના દયા, દાન, વ્રત, તપસ્યાના ભાવ એ ભક્તિ, જાત્રાના ભાવ બાપુ! ત્યાં નહિ મળે આત્મા એમાં. એમાં તો ગતિ મળશે. રખડવાના

દુઃખની ગતિ મળશે. આહાહા..!

‘**ભાવાર્થ :- મોક્ષમાર્ગ જિનેશ્વરદેવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મભાવસ્વરૂપ પરમાર્થસે કહા હૈ,...**’ આહાહા..! ભગવાન આત્મા જેનો સ્વભાવ ચૈતન્ય, આનંદ આદિ સ્વભાવ એવું આત્મભાવસ્વરૂપ, એની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ આત્મસ્વભાવસ્વરૂપ મોક્ષમાર્ગ છે. એ વચ્ચે રાગાદિ (આવે) એ કોઈ મોક્ષમાર્ગ નથી, આત્મસ્વરૂપ ભાવ નથી. આહાહા..! મોક્ષનો માર્ગ જિનેશ્વરદેવે... દેવને એટલું હિન્દીનું વાક્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે આત્મભાવસ્વરૂપ, એમ. એ આત્મભાવ છે એ. આહાહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાનની સમ્યગ્દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતા એ આત્મભાવરૂપ છે. વ્યવહારનો શુભભાવ આદિ તે આત્મભાવરૂપ નહિ. આહાહા..!

ઓલા નથી? .. નથી આવતો ..ભાઈ! એના દીકરાને લઈ ગયા ડાકુ. ડાકુ લઈ ગયા હતા. પછી એને કહેવડાવ્યું છોકરાએ, બાપુજી! દસ હજાર રૂપિયા આપો. હું .. કહે. ... એ ડાકુએ મારી નાખીને ગામની પાદર નાખી ગયા. આહાહા..! અરેરે..! .. એ આવે છે. એ વાત આવે છે. ... આવે છે. પછી .. દસ હજારનું કીધું. એથી મોટી .. દસ હજાર તારો બાપ આપે તો છોડી મૂકીશ. એણે લખ્યું બાપુ! દસ હજાર આપો. હું આવીશ પછી રળીશ. ન આપ્યા. મારી નાખીને મૂકી ગયા. આહાહા..! કેવી આ દશાઓ જન્મ-મરણની! બાપુ! એનાથી છૂટવું હોય તો પંથ આ છે.

ભગવાન અંતરમાં પૂર્ણ વીતરાગ સ્વભાવે ભરેલો પ્રભુ છે. એનો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મભાવસ્વરૂપ એ પરમાર્થથી એને મોક્ષમાર્ગ કહ્યો છે. છે ને? ‘**આત્મભાવસ્વરૂપ પરમાર્થસે કહા હૈ.**’ આહાહા..! એ વસ્તુ ત્રિકાળી ભગવાનની શ્રદ્ધા અંતરથી મૂકી નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ એટલે વીતરાગી શ્રદ્ધા, વીતરાગી વેદનનું જ્ઞાન. આહાહા..! અને વીતરાગી રમણતારૂપ ચારિત્ર એ આત્મભાવસ્વરૂપ ભગવાને કહ્યું છે. એ આત્મભાવરૂપ છે. આહાહા..! પચ્ચીસ વર્ષનો જુવાન છોકરો હોય. બે વર્ષના પરણેતરે મરી ગયો હોય. આમ .. સ્ત્રી ઘરમાં દેખાય. દીકરો .. આહાહા..! એ વખતે જુઓ કાળો કકળાટ થાય અંદર. પણ એને ખબર નથી બાપુ! એ તો સંયોગી ચીજ છે એટલે એમ જ થાય ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- દસ હજાર રૂપિયા એના બાપે ન આપ્યા ...

ઉત્તર :- એ તો ક્યાંય.. એને બિચારાને એમ કે ... મારી નાખ્યો. એને તો દસ હજાર.. એ મારી નાખશે એની ખબર નહિ. સંસારમાં તો એવું જ .. છે ભાઈ! આહાહા..! જીવતા આંખમાં મરચા ભરે, જીવતા તેજાબ છાંટે શરીરમાં. આહાહા..! અહીં થયું હતું ને. નરકમાં આવા દુઃખ ભોગવ્યા બાપા તેં. ભાઈ! તને ખબર નથી. જરીક અહીં આવ્યો અહીં જન્મ્યો. ૨૫, ૫૦ વર્ષની ઉંમર અને કાંઈક શરીર ઠીક, એમાં વળી છોકરાને કાંઈક પાંચ-પચાસ લાખ પૈસા થયા. આહાહા..! ભાઈ! એ બધી ચીજો એ ભૂતાવળની જાળ છે બધી ભાઈ! ભૂતાવળની એ ભૂતાવળ છે બધી. આહાહા..! એ તારી ચીજ નહિ.

પ્રભુ! તારી ચીજ તો અંતર આત્મસ્વભાવ છે પૂર્ણાનંદ, એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એને આત્મભાવસ્વરૂપ કહ્યો છે. આહાહા..! આ પર્યાયની વાત હોં! આહાહા..!

'**ઈસલિયે ઈસીકો પરમાર્થ જાનકર સર્વ ઉદ્યમસે અંગીકાર કરો,...** ' પહેલો એ ભગવાન આત્મા કેવડો અને કેમ છે? એનું જ્ઞાન કરીને એમાં ઠરો. આહાહા..! ત્યાં જાવ. ત્યાં જાવ ભાઈ! આહાહા..! ભારે માર્ગ ભાઈ! દુનિયાથી.. આહાહા..! એકકોર આવા સાધુ નામ ધરાવીને જગતને કહે, પ્રવૃત્તિ કરવી એ પણ એક સાધકજીવનું કર્તવ્ય છે. અને એ પણ એક માર્ગ છે. અરે..! ભગવાન! આ શું કહે છે ભાઈ? જિનવરદેવે તો આ કહ્યું. આહાહા..! ત્રિલોકનાથ પરમાત્મા એની ઈચ્છા વિનાની વાણીમાં આ આવ્યું. પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ કરવા જેવું કાર્ય છે. એ પરમાર્થ છે. પરનું પરમાર્થમાં મદદગીરી થવી એ પરમાર્થ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાતું બાપા!

કીધું ને જોયું! '**પરમાર્થ જાનકર અંગીકાર કરો,...**' આહાહા..! આ પરમાર્થ. ઓલું પરમાર્થ બીજાને દેખીને દુઃખ ટાળવા ને પૈસા આપવા, અનાજ આપવું, બાપુ! એ તો ચીજ પરની છે. એ લેવા-દેવાની ક્રિયામાં તારો અધિકાર નથી. તારા પરિણામ થાય ત્યાં શુભ. બીજાને આહાર-પાણી દેવા. એ શુભભાવ તો પુણ્યબંધનું કારણ છે. ભગવાન અબંધસ્વરૂપમાં તો બંધનું કારણ થયું એ તો. આહાહા..! એ કાંઈ પરમાર્થમાર્ગ નથી. આહાહા..!

'**કેવલ દ્રવ્યમાત્ર લિંગસે ક્યા સાધ્ય હૈ?** ' ભગવાન! એકલું દ્રવ્યપણું, પંચ મહાવ્રત ને નગ્નપણું, બાર વ્રત ને લંગોટી ને ક્ષુલ્લક આદિ. આહાહા..! એનું શું સાધ્ય છે? એમાં તને સાધ્ય શું? પ્રાપ્ત શું થાય? '**ઈસપ્રકાર ઉપદેશ હૈ.**' ભગવાન તીર્થંકરોનો સર્વજ્ઞદેવોનો આ ઉપદેશ છે. બહારના સુખના સાધન દેખીને ન લલચા પ્રભુ! એ સુખનું સાધન તો પ્રભુ તારામાં અંદરમાં છે. આહાહા..! કહો, રતિભાઈ! આમાં બે-પાંચ-દસ લાખની મૂડી હોય, દીકરા સારા થયા હોય. સુખના સાધનમાં ખેંચાઈ જાય મારો. આહાહા..! ભાઈ! ત્યાં સુખ નથી. એ સુખના સાધન નથી. ભાઈ! તારા સુખનું સાધન તો અંતર્મુખમાં પરિણતિ થવી તે છે. આહાહા..! આવો માર્ગ ભારે. શું કરે? પછી કહે કે ભાઈ સોનગઢવાળા નિશ્ચય નિશ્ચય વાતું કરે. વ્યવહાર.. અમે તો બેય વાતું કરીએ. શ્રીમદ્‌માં .. કહેતા હતા કે આપણા અને એમાં ફેર શું? કે એ એકલી નિશ્ચયની વાતું કરે છે. વાતું નહિ બાપા! નિશ્ચયના ભાવની વાત. આહાહા..! અહીં તો નિશ્ચય અને વ્યવહાર બેય અમે કહીએ. એટલે શું? આહાહા..! વ્યવહાર વ્યવહારના સ્થાનમાં હોય, હોય, પણ એ કોઈ માર્ગ નથી.

'**આગે કહતે હૈં કિ દ્રવ્યલિંગ આદિ તૂને બહુત ધારણ કિયે, પરંતુ ઉસસે કુછ ભી સિદ્ધિ નહીં હુઈ :—**'

**भावरहिएण सपुरिस अणाइकालं अणंतसंसारे।**

गहिउज्झियाइं बहुसो बाहिरणिग्गंथरूवाइं।।७।।

‘**અર્થ :- હે સત્પુરુષ!**’ આહાહા..! પાઠમાં છે. ‘**सपुरिस**’ આહાહા..! ઓલામાં ‘**पंथिय**’ કીધું હતું. ‘**હે સત્પુરુષ!**’ આને કહીએ. આહાહા..! ‘**અનાદિકાલસે લગાકર...**’ બાપુ! અનાદિથી થઈને ‘**અનંત સંસારમેં...**’ અનંત કાળમાં પૂર્વ ‘**તૂને ભાવરહિત...**’ સમ્યગ્દર્શન એવો જે શુદ્ધભાવ, સ્વભાવને આશ્રયે પ્રગટ થવો જે શુદ્ધભાવ, એના વિના ‘**નિર્ગ્રંથરૂપ બહુતબાર ગ્રહણ કિયે...**’ એકલા વસ્ત્રવાળાની તો અહીં વાત પણ નથી. વસ્ત્રસહિત એ તો દ્રવ્ય નિર્ગ્રંથ પણ નથી. આ તો નિર્ગ્રંથ નગ્નમુનિપણું તે અનંતવાર લીધું. આહાહા..! હજારો રાણીને છોડી, રાજને છોડ્યા, દુકાનો છોડી, અપવાસ કર્યા. અને નગ્નપણું, નગ્ન માતાએ જન્મ્યો એવો વેષ અનંતવાર લીધો મુનિપણાનો. આહાહા..!

‘**ઔર છોડે.**’ એવા દ્રવ્યલિંગ અનંતવાર આવ્યા અને ગયા. એમાં કાંઈ આત્માની વીતરાગી દૃષ્ટિ વિના એને દ્રવ્યલિંગ પણ વ્યવહારે કહેવામાં આવતું નથી. આહાહા..! છે ને પાઠ? ‘**गहिउज्झियाइं**’ એ મુનિપણા જેને ... કીધું ને? ‘મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,’ નગ્નમુનિ દિગંબર પંચ મહાવ્રતનો પાળનાર અનંતવાર (થયો), બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવા આવે તો રૂવાંટું ચળે નહિ. એવી જેની શરીરની ક્રિયા અને બ્રહ્મચર્યની ક્રિયા, પણ એ સમ્યગ્દર્શન વિના થોથા છે બધા. સમજાણું કાંઈ? જૈન માર્ગ એટલે વીતરાગભાવ જ્યાં ન આવ્યો એ વિના બધા રાગની ક્રિયાઓ અનંતવાર ગ્રહી અને છોડી, એથી કાંઈ જીવને સંસારનો અંત આવતો નથી. આહાહા..!

‘**તૂને ભાવરહિત...**’ ભાવ એટલે આ. શુદ્ધભાવ, ચૈતન્ય જિનભાવના. વીતરાગી સ્વરૂપની અંતરમાં ચૈતન્યદ્રવ્યને સ્પર્શીને થતી એકાગ્રતા. આહાહા..! એવા ભાવ વિના તેં આવા મુનિપણા અનંતવાર લીધા અને છૂટી ગયા. એથી તને શું લાભ થયો ભાઈ!

‘**ભાવાર્થ :- ભાવ જો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...**’ એ વ્યાખ્યા કરી. સ્વરૂપ ભગવાન આત્માનું એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતા એવું જે પરમાર્થ જેનું સ્વરૂપ નિશ્ચય ‘**ઉનકે બિના બાહ્ય નિર્ગ્રંથરૂપ દ્રવ્યલિંગ સંસારમેં અનંતકાલસે લગાકર બહુત બાર ધારણ કિયે...**’ ઓહોહો..! અનંતવાર જૈન સાધુ દિગંબર થયો અને છૂટી ગયું. વીતરાગમૂર્તિ પ્રભુને તેં પકડ્યો નહિ. આવી ક્રિયાકાંડમાં રાગને પકડીને અનંતકાળ ગાળ્યો. આહાહા..! એવા ‘**નિર્ગ્રંથરૂપ દ્રવ્યલિંગ સંસારમેં અનંતકાલસે લગાકર બહુત બાર ધારણા કિયે...**’ અનંતવાર ધારણ કર્યા. આહાહા..! ‘**ઔર છોડે...**’ છૂટી ગયું. . હતી નહિ એટલે વીતરાગભાવ પ્રગટ્યો નહિ. સમ્યગ્દર્શન જિનભાવના એ તો આવી નહિ. એ કરી નહિ, પ્રગટ કરી નહિ. આવા ભાવમાં રહીને રખડી ગયો તું. એમાં પછી આવા ભવ થયા. કોઈ ઉપાડી જાય, મારી નાખે, .. આહાહા..!

એ નહોતા લઈ ગયા કોઈ ત્રણ-ચાર જણાને, નહિ? છૂટી ગયા. ચાર જણા. .. જતા હતા. પકડી ગયા. છોડી દીધા. આહાહા..! પકડીને જ્યારે લઈ જાય ત્યારે કેવું થાતું હશે એને? આહાહા..!

ગૃહસ્થના દીકરા હોય પૈસાવાળા. ટાઈમસર ચા, ટાઈમસર ખીચડી, ટાઈમસર રોટલી, ટાઈમસર સૂવું. એ આ ડાકુઓ લઈ જાય ત્યાં ટાઈમ ક્યાં રહ્યા? ચીજેય ક્યાં હોય? આ આત્માના સમ્યગ્દર્શન વિના આવા ભવ અનંતવાર કર્યા એમ કહે છે. આહાહા..! જુઓને આ નિર્ગ્રંથપણા જ્યારે અનંતવાર થયા બાહ્ય, તો આવા ભવ તો અનંતવાર થયા એથી અનંતગુણા.

**'ચારોં ગતિયોંમેં ભ્રમણ હી કરતા રહા.'** આહાહા..! ચાર ગતિમાં રખડ્યો. અહીં મોટો શેઠિયો અબજોપતિ કહેવાય. મોટા ડોક્ટરો ઉભા હોય આમ પલક ઢાળીને. ખમ્મા ખમ્મા. ઢોલિયા સોનાના. એ મરીને નરકે જાય. આહાહા..! એવા ગૃહસ્થ ચાર ગતિમાં ભ્રમણ કર્યું ભાઈ તેં. બહારની ચીજમાં બહિરાત્મપણાને સાધે તો ચાર ગતિ મળે એવું છે. બાહ્ય નિર્ગ્રંથપણું છે એ રાગ છે. રાગની ક્રિયા, એના પ્રેમમાં તો બહિરાત્મપણું છે. એ આત્મામાં નહિ આવી શકે. એ બહારમાં રખડશે ચાર ગતિમાં. આહાહા..! અરે..! આવો વીતરાગમાર્ગ અરિહંત સર્વજ્ઞે કહ્યો એ સાંભળવા ન મળે એને. આહાહા..! એનું શું થાશે?

કહ્યું ને 'બાહ્ય ક્રિયામાં રાચતા અંતર ભેદ ન કાંઈ, જ્ઞાન માર્ગ નિષેધતા એહ ક્રિયા જડમાંહી.' કરૂણા ઉપજે એ આવી ગયું. એ શું આવ્યું? 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો કરૂણા ઊપજે જોઈ.' તારા સરવાળા શું આવશે પ્રભુ? પરમાર્થે ક્યાં જઈશ બાપુ? જ્યાં અનંતકાળ રહેવું છે. ત્યાં રાગના પ્રેમમાં પડ્યો જઈશ ક્યાં ભાઈ? ચાર ગતિમાં અનંતકાળ રહીશ. આહાહા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ.. એ વીતરાગ આત્મા હોં! એ વીતરાગ આત્માની શ્રદ્ધા એનું જ્ઞાન ને ચારિત્ર એ પરમાર્થ મોક્ષમાર્ગ. એના વિના આવા દ્રવ્યલિંગો ગયા ને છૂટ્યા ચાર ગતિમાં રખડ્યો. એ હવે દુઃખની વ્યાખ્યા કરે છે.

**भीसणणरयगईए तिरयगईए कुदेवमणुगइए।**
**पत्तो सि तिव्वदुक्खं भावहि जिणभावणा जीव!।।८।।**

લ્યો! જિનભાવના. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જિનભાવના.

**'અર્થ :- હે જીવ!'** છે ને જીવ? છેલ્લો. **'તૂને ભીષણ (ભયંકર) નરકગતિ...'** ભગવાન નરકગતિ ભયંકર બાપુ સાંભળે કઠણ પડે એવું. આહાહા..! હજારો વીંછીના કરડ એની કરતા અનંતગુણી પીડા જ્યાં. આહાહા..! એક વીંછી કરડે ત્યાં રાડે રાડ નાખે છે. અહીં છોડીને વીંછી કરડ્યો નહોતો તમારે? ગોકળ.. એ તો અહી કરડ્યો હતો. ગોકળ.. બહાર પડ્યું હતું. રાડે રાડ. આહાહા..! કહે છે કે ભીષણ નરકગતિ. આહાહા..! ભયંકર. બાપુ! નરકમાં તો અનંતવાર ગયો, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ ગયા કાળના વેણલા ભૂલી ગયો પ્રભુ તું. વર્તમાનમાં મોહ્યો. આહાહા..! ગયા કાળમાં ક્યાં રહ્યો તું પ્રભુ? ભયંકર ભયંકર નરકગતિ. ઓહોહો..! એમ શબ્દ વાપર્યો છે જુઓ.

**'તથા તિર્યંચગતિ...'** પશુ. આહાહા..! ચકલા, ચકલી. મારે, મારી નાખે. મોરને મારે. આહાહા..!

..ઝાડ ઉપરથી મારે ફડાક નીચે પડે. આહાહા..! ભાવનગર હતો એક માણસને મોર બહુ ઊડી શકે નહિ બિચારા. પીંછા ઘણા. એ જરાક .. આહાહા..! એવા તિર્યંચમાં બાપુ તે અનંતવાર વેઠ્યા. તને શેના વિસામા આવ્યા? આહાહા..! તિર્યંચગતિ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય બધું. નિગોદમાં. આહાહા..! તારી હયાતી કબુલવી કઠણ પડે. એવા નિગોદમાં બાપુ! અનંતવાર ગયો ભાઈ!

'**ઔર કુદેવ,...**' વ્યંતર ને ભૂતડા એવા કુદેવ થયો. દુઃખી-દુઃખી. બીજાને .. પોતાનો નોકર હોય અહીં એ ત્યાં મોટો દેવ એનાથી મોટો થયો અને પોતે વળી વ્યંતર-ભૂતડું થયું હોય. આહાહા..! અહીં એનો નોકર હોય, ગરીબ માણસ. અને એને પછી .. સ્વર્ગનો દેવ મોટો થયો હોય. અને આ શેઠ મરીને વ્યંતર ભૂતડું થયો હોય. આહાહા..! જોઈને રાડ. આહાહા..! શ્વેતાંબરમાં એક આવે છે એ. સ્વામિકાર્તિકેય છે ને. એ ..નું આવે છે. ભૂલી ગયા. ભગવતીમાં આવે છે. માણસ સાધારણ હતો. એ થયો ઉપરનો ઈન્દ્ર અને એનો જે શેઠિયો હતો એ .. ઓલો જે ઉપરનો ઈન્દ્ર છે એ મોટી ૠદ્ધિ લઈને ભગવાનના દર્શન કરવા જાય છે. ત્યાં એણે જોયું કે આ તો .. એવું આવે છે. ભગવતી સૂત્રમાં આવે છે. ભગવતી સૂત્ર. સ્વામિકાર્તિકેયમાં .. ઈન્દ્ર છે ને શક્રેન્દ્ર. એ ... એ .. થયો મોટો. અને ઓલો વિકલ્પ જે થયો હતો .. છે. એ મોટો થયો અને માણસ થયો. એવી ૠદ્ધિ લઈને આવ્યો છે. એવું આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ચંદ્ર ઉપરથી...

ઉત્તર :- એ નહિ. એ નહિ. આ તો ઉપરનો દેવ. ઉપરનો છે. ... અંદર મોટો અહીં .. વચમાં આવે ખરું ને. આમ જતા આવે. આ તો બધું વાંચ્યું છે ને ઘણીવાર. ૧૭ વાર તો ભગવતી ૧૬ હજાર શ્લોક અને લાખ ટીકા. ૧૭ વાર વાંચ્યું છે. પણ આ વસ્તુ નહિ ભાઈ! આ તો એક ધડાકે ૧૧મી ગાથા. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी**' આહાહા..! કપાટ ફાડી નાખ્યો અંદરથી. એક શબ્દે. ભૂતાર્થ ભગવાન આત્મા સત્યાર્થ પ્રભુ સત્ વસ્તુ ધ્રુવ ત્રિકાળ. આહાહા..! એનો આશ્રય કર તને સમકિત થશે. આવી વાત છે ક્યાં? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે નરકગતિ, તિર્યંચગતિ, કુદેવ, કુમનુષ્યમાં હલકા માણસ થાય. ઢેઢમાં થાય, વાઘરી. '**તીવ્ર દુઃખ પાયે હૈં, અતઃ અબ તૂ જિનભાવના...** ' પ્રભુ! હવે તું કર કાંઈક નવું. '**શુદ્ધ આત્મતત્ત્વકી ભાવના...**' શુદ્ધભાવના જિનભાવના ઘણે ઠેકાણે આવે છે. આમાં આવશે. આહાહા..! વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા એની ભાવના કર, એની એકાગ્રતા કર. એનાથી જન્મ-મરણના અંત એનાથી આવે એવું છે. આહાહા..! '**જિનભાવના...**' એટલે શુદ્ધ આત્મતત્ત્વની ભાવના '**ભા...**' એ અંતર દ્રવ્યસ્વભાવની એકાગ્રતાની ભાવના કર. ભાવના શબ્દે વિકલ્પ નહિ. અંતરમાં એકાગ્ર થા. જ્યાં પ્રભુ પૂર્ણ બિરાજે ત્યાં એકાગ્ર થા. આહાહા..! '**ઈસસે તેરે સંસારકા ભ્રમણ મિટેગા.** ' આનાથી ચાર ગતિનું રખડવું મટશે. જુઓ! ચાર ગતિ .. ને? આહાહા..! ચાર ગતિ એ સંસાર પરિભ્રમણ દુઃખ છે. આહાહા..!

'ભાવાર્થ :- આત્માકી ભાવના બિના ચાર ગતિકે દુઃખ અનાદિ કાલસે સંસારમેં પ્રાપ્ત કિયે, ઈસલિયે અબ હે જીવ!' આત્માની ભાવના એમ કીધું ને? શ્રીમદ્‌માં આવે છે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' 'હે જીવ! તૂ જિનેશ્વરદેવકા શરણ લે ઔર શુદ્ધસ્વરૂપકા બારબાર ભાવનારૂપ અભ્યાસ કર, ઈસસે સંસારકે ભ્રમણસે રહિત મોક્ષકો પ્રાપ્ત કરેગા, યહ ઉપદેશ હૈ.' લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૬, રવિવાર તા. ૧૩-૦૧-૧૯૭૪**
**ગાથા - ૯ થી ૧૨, પ્રવચન - ૮૮**

અષ્ટપાહુડમાં ભાવપાહુડ છે. ૯મી ગાથા. 'આગે ચાર ગતિકે દુઃખોંકો વિશેષરૂપસે કહતે હૈં, પહિલે નરકગતિકે દુઃખોંકો કહતે હૈં :—' છ ઢાળામાં આવે છે પહેલા. પહેલી ઢાળમાં આવે છે.

**सत्तसु णरयावासे दारुणभीमाइं असहणीयाइं।**
**भुताइं सुइरकालं दुःक्खाइं णिरंतरं सहियं।।९।।**

'અર્થ :- હે જીવ! તૂને સાત નરકભૂમિયોંકે નરક-આવાસ વિલોમેં... ' એમાં નિમિત્ત છે રહેવાના નારકીને. આહાહા..! 'દારૂણ અર્થાત્ તીવ્ર...' દુઃખ સહન કર્યા. એ જિનભાવના સમ્યગ્દર્શનની ભાવના વિના. એણે આવી પુણ્ય-પાપની ભાવના અનંતવાર કરી. જેના ફળમાં નરકગતિમાં ગયો જ્યારે પાપના ફળ તરીકે. 'દારૂણ...' આકરા દુઃખ ભાઈ! ભૂલી ગયો. વર્તમાન ભાળીને ભૂતને ભૂલ્યો. વર્તમાન આ બધું દુઃખ છે. ગયા કાળમાં શું થયું? ભૂલી ગયો એ. કહે છે કે આવા દુઃખો તે આકરા. એક વાત. 'ભયાનક...' દારૂણ અને 'भीमाइं' ભયાનક દુઃખ. ઓહોહો..! નરકની પીડા કરોડો વીંછી કરડે એના કરતા અનંતગુણી ભયાનક પીડા ત્યાં થાય છે. અહીં જરી સુખ .. પડે ત્યાં થઈ રહ્યું. દુનિયાની દેખાદેખી આને આ આટલું મળ્યું, આને આટલું સુખી છે. ધૂળેય નથી ભાઈ! વીતરાગ સ્વભાવ ભગવાન આત્મા, એની અંતરમાં ભાવના વિના, એની જિનભાવના એટલે વીતરાગી પર્યાય વિના આવા દુઃખો તે અનંતવાર નરકમાં સહન કર્યા. બે—તીવ્ર અને ભયાનક. બે.

'અસહનીય...' ભાઈ! તારાથી સહન ન થાય એવા અનંતા દુઃખો સહન કર્યા છે. સહન ન થાય છતાં સહન કર્યા. આહાહા..! એવા 'સહે ન જાવેં ઈસપ્રકારકે દુઃખોંકો...' બહારથી વાત કરે છે. મૂળ તો અંદર મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવનું દુઃખ છે. જિન ભાવના આત્મા સ્વભાવ ચૈતન્ય પ્રભુ. વીતરાગ મૂર્તિ એવો ભગવાન પોતે આત્મા એની શ્રદ્ધાની ભાવના નિર્વિકલ્પ દૃષ્ટિ ભાવના કર્યા

વિના આવી સ્થિતિમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી દુઃખી થયો. નિમિત્તથી સમજાવે છે. **'ઈસપ્રકારકે દુઃખોંકો બહુત દીર્ઘ કાલ તક... '** એ શબ્દ વાપર્યો છે. એક તો **'भीमं'** આકરા, ભયાનક, અસહનીય, ઘણો કાળ ઓહોહો..! ક્ષણભર, વર્ષ, બે વર્ષ નહિ, અસંખ્ય અસંખ્ય અબજ (વર્ષ). તે પણ નિરંતર. આ શબ્દ વાપર્યો છે ને. અસંખ્ય અબજ વર્ષ સુધી આવા દુઃખો ભાઈ! તે તીવ્ર, ભયાનક અને સહન ન થાય એવા. જ્યાં જવાની ચીજ છે એની તો એને ખબર નથી. બહારની મીઠાશ જગતની એમાં પડ્યો એને આવા દુઃખો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના સહન કરવા પડ્યા.

'ભોગે...' **'નિરંતર હી ભોગે...'** અંતર પડ્યા વિના, આકરા, ભયાનક, સહન ન થાય એવા, ઘણો કાળ, નિરંતર.. આહાહા..! એના ખ્યાલમાં તો એ વાત લે. આવા દુઃખો પ્રભુ! તેં અનંતવાર સહન કર્યા. તારી પ્રભુતાને ભૂલીને. તારી પ્રભુતા અનંતગુણી અંદર છે, મહાપ્રભુ છે, ચૈતન્ય આનંદ છે. જ્ઞાનસ્વભાવ ને શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગસ્વભાવરૂપ. એવી એની મોટપ છે. એને ન જાણતા, એને બહાર ચીજની એણે મોટપ આપી. એથી એણે આવા અનંતવાર દુઃખો સહન કર્યા. એના રોવાથી પણ દુઃખ ન ગયા. એટલા તો દુઃખ એને કે દેખનારને રુદન આવે. ભાઈ! તે આવા દુઃખો સહન કર્યા છે. ભૂલી ગયો છો તું. ભૂલભુલામણી. આવે છે ને? વડોદરામાં. એ તો ઘણે ઠેકાણે હોય છે. વડોદરામાં તો ગયા હતા ને..

મુમુક્ષુ :- ગોંડલમાં કૈલાસબાગમાં.

ઉત્તર :- હા. અહીં ગોંડલ? ઓહોહો..! આ તો વડોદરામાં ૮૪ની સાલ વાત છે. ભૂલભુલામણી છે ને. ગર્યા અંદર, નીકળવું શી રીતે? માણસ ઊભો હતો. લ્યો આ બે આના. કેનીકોર નીકળાશે? આ તો ભૂલ કાઢે તો જાય એવું છે. આહાહા..! ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ એના અંતર રસ્તે જાવું જોઈએ, એને ઠેકાણે એ પુણ્ય ને પાપ, બાહ્ય સામગ્રીમાં અધિકપણાના માહાત્મ્ય આગળ દોરાઈ ગયો. એથી એણે આવા નરકના અસહનીય નિરંતર ઘણો કાળ (સહન) કર્યા. આહાહા..! આચાર્ય એમ કહે છે. ભાઈ! તારી ઉંઘ ઉડતી નથી? આહાહા..!

**'ભાવાર્થ :- નરકકી પૃથ્વી સાત હૈં, ઉનમેં બિલ બહુત હૈં,...'** રહેવાના સ્થાન ઘણા છે. આહાહા..! **'ઉનમેં દસ હજાર વર્ષોંસે લગાકર...'** એની સ્થિતિ નાનામાં નાની દસ હજાર વર્ષની. **'એક સાગરસે લગાકર તેતીસ સાગર તક આયુ હૈ...'** આહા..! આ એક માથું આકરું દુઃખે, રાત મોટી પડે એને. એવા માથામાં સબાકા આવે. સહ્યા ન જાય, રાતે ઉંઘ આવે નહિ, પડખા ફેરવ્યા કરે. એ તો એક અનંતમા ભાગની વ્યાધિ છે. એથી અનંતગુણી નરકમાં સાગરોપમ સુધી, ઓહોહો..! એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ભાઈ! નિરંતર આવા કાળમાં તું રહ્યો પ્રભુ! આહાહા..! કોની તને મોટપ જોઈએ? શેમાં તારે અધિકપણે બીજામાં દેખાવું છે? અધિકપણું તો ચૈતન્યમૂર્તિનું અંદર જુદું છે. આહાહા..! **'णाणसहावाधियं मुणदि**

आदं' ભગવાન આત્મા જ્ઞાનના, આનંદના સ્વભાવથી (-કારણે) રાગથી અને સંયોગથી અને એક સમયની પર્યાયથી અધિક જુદો છે. એની મોટપ ન ભાસતા જગતની બહારની ચીજમાં એક સમયની દશામાં, રાગમાં કે સંયોગમાં અધિકપણું ભાસતા ત્યાં મિથ્યાત્વનું મહાદુઃખ છે. સંયોગથી તો વાત કરી છે ભાઈ! જિનભાવના આમ નથી કરી એટલે મિથ્યાત્વભાવના ભાવી છે. આહાહા..! .. ભાવના છે. આહાહા..!

આચાર્યો પણ ભૂલેલાને ભાન કરાવે છે. ભૂલી ગયો પ્રભુ! તું ક્યાં હતો? એવા દુઃખો સહન કર્યા એ તને ખબર નથી. આહાહા..! આ બતાવીને જિનભાવના કરાવાની વાત બતાવી છે. બાપુ! પ્રભુ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ છો ને. તારી એક સમયની પર્યાય ત્યાં વળી ગઈ છે. એ મહામિથ્યાત્વ છે અને રાગ-દ્વેષ છે અને એને કારણે બાહ્યમાં પ્રતિકૂળ સંયોગો આવે છે. એ કાંઈ પ્રતિકૂળ સંયોગમાં દુઃખ નથી. શરીરમાં દુઃખ નથી. એ પ્રતિકૂળ સંયોગો તરફની દૃષ્ટિ અને રાગ-દ્વેષનો ભાવ એ દુઃખ છે. આવા સાગરોપમ સુધી '**તીવ્ર દુઃખ યહ જીવ અનંતકાલસે સહતા આયા હૈ.**'

'આગે તિર્યંચગતિ કે દુઃખોંકો કહતે હૈં :— '

**खणणुत्तावणवालण, वेयणविच्छेयणाणिरोहं च।**
**पत्तोसि भावरहिओ, तिरियगईए चिरं कालं।।१०।।**

'**અર્થ :- હે જીવ! તૂને તિર્યંચગતિમેં...**' એકેન્દ્રિ જીવ, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, ગાય, ભેંસ ઢોર એમાં અનંતવાર ગયો. આહાહા..! '**તિર્યંચગતિમેં ખનન,...**' પૃથ્વીકાયને ખણી નાખ્યો. એકેન્દ્રિય છે ને પૃથ્વીકાય. ભાઈ! એ જીવ છે. આ ગાર કરવા લાવે છે ને ધૂળ બહારથી? ખોદીને. એવા ટોપલા .. ભરી ભરીને. એક કણમાં કણમાં અસંખ્ય જીવ છે. આહાહા..! દેખાય છે એ તો એનું શરીર દેખાય છે. એમાં જીવ જુદો છે. એને એ કોશું મારે ખોદવા. .. એકેન્દ્રિય જીવ. આહાહા..! બાપુ! આ ખનનની પીડા તેં અનંતવાર સહન કરી છે.

'**ઉત્તાપન,...**' સૂર્યના તડકા એવા પડ્યા, પાણી ઊના થઈ ગયા. દરિયો ઊનો થઈ જાય તો માછલા મરી જાય અંદર. એવી તડકાની ગરમી. દરિયો ઊનો થઈ જાય. માછલા મરે ને ગંધાય દરિયો. ઉત્તાપન એટલે પાણી ઉના થઈ ગયા. આહાહા..! સચેત એકેન્દ્રિય જીવ એને અગ્નિનું નિમિત્ત અને પૃથ્વીકાય. આહાહા..! અરેરે..! એને એ જીવ છે અને એને દુઃખ છે એ કોણ માને? એ પાણીના જીવને ઉત્તાપન તડકાના, સૂર્યના તડકાના તાપમાં ઊના પાણી થઈને બળે છે દુઃખી થઈને. આવી વાત .. લાવવી ક્યાંથી? આહાહા..! ઇન્દ્રિયથી ભાળાય નહિ એવી ચીજોમાં આત્મા છે ત્યાં ભાઈ! અને એના શરીર માટે શરીરથી વાત કરવી છે ને. એને તડકા લાગીને સુકાઈ છે ભાઈ! એનું દુઃખ તો એને ભ્રમણા અને રાગ-દ્વેષનું છે. પણ સંયોગથી કથન કરીને સમજાવે છે.

નીચે લખ્યું છે. નીચે નોટ. દેહાદિમાં દુઃખ નથી. નીચે છે. દેહાદિ આ તો જડ છે. એમાં દુઃખ ક્યાં

હોય? બાહ્ય સંયોગ એ દુઃખ નથી. એ તાપ પડ્યો એ દુઃખ નથી. '**કિંતુ અપની ભૂલરૂપ મિથ્યાત્વ રાગાદિ દોષસે હી દુઃખ હોતા હૈ,...**' મૂળ તો ભ્રમણા. આહાહા..! આનંદનો નાથ અતીન્દ્રિય રસનો કંદ પ્રભુ, એ પરમાં સુખ છે અને પરમાં દુઃખ છે એવી માન્યતાથી દુઃખી થયો છે. એ દુઃખની જ્વાળામાં સળગી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ કરીને પ્રભુ! તું હવે પાછો વળ એમ કહે છે. એ આત્મા આનંદનો નાથ પ્રભુ છે. એની તરફ જાને. આવ ને. એ વિના તારા આ દુઃખ નહિ મટે પ્રભુ! આહાહા..! અહીં તો જરી પાંચ-પચાસ લાખ પૈસા થાય. શરીરથી કાંઈક ધંધો ચાલતો હોય, પાંચ-પચ્ચીસ નોકરો મોટા છે. હજાર-હજાર, બબ્બે હજારના પગારદાર. મોટું કારખાનું ચાલતું હોય પાંચ કરોડનું અને બેઠો હોય ગાદીએ. આહાહા..! ભૂલી ગયો. દુઃખી છો તું ત્યાં. મનની સંકલ્પ-વિકલ્પની ઝાળે સળગી રહ્યો છો, તને એનું ભાન નથી. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! આ રીતે બહારની મીઠાશ લાગે, શરીર ઠીક હોય ને આ હોય. આહાહા..!

આ ડોક્ટર બિચારા કહેતા હતા ને. બહુ વૈરાગ્યથી. આ છોડી વીસ વર્ષની હતી. કૂવામાં... આમ પડી. ત્રણ દિ' એ તો બહાર કાઢી. ગંધ મારી ગઈ. કોઈ સગું નહિ, વ્હાલું નહિ. કોઈ સગુંવ્હાલું હતું નહિ. કોઈ કાઢવા આવ્યો નહિ. એમ પડી હતી. કાઢી એને. ડોક્ટર કહે ત્રણ દિ'નું સડેલું શરીર. જોતા એમ થઈ જાય કે આહાહા..! એ શરીરમાં ભોગ લેવા અને એમાં રાજીપો, એ દુઃખ છે. આહાહા..! એ કહે અહીં ધણી નથી. પોતે .. બાળવામાં. આહાહા..! એવા દુઃખો એણે કેટલા સહ્યા હશે! ... આવા અનંતવાર દુઃખ સહન કર્યા. શેનો તને હરખ આવે છે? પ્રભુ! એમ કહે છે. જ્યાં હરખ કરવા જેવી ચીજ છે ત્યાં આવતો નથી. અને જ્યાં હરખ નથી, ઝેરના પ્યાલા છે ત્યાં આહાહા..! એને તું .. ગટક ગટક કરીને પીવે છે ભાઈ! એ રાગ ને દ્વેષ અને મિથ્યાભ્રાંતિ, એના પ્યાલા દુઃખ છે પણ તને સુખ લાગે છે. અરે..! એને ભગવાન આત્માની ભાવના, આમાં હતી જિનભાવના. ભાવપાહુડ છે ને? એટલે વીતરાગી પ્રભુ એની વીતરાગી પર્યાયની ભાવના કરી કરીને... આ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ એને ભાવ્યા એ તો આસ્રવની ભાવના, સંસારની ભાવના, રખડવાની ભાવના. આહાહા..!

'**ઉત્તાપન, જ્વલન,...**' અગ્નિથી ઝલે છે. અગ્નિથી ભડથા થાય, બાળે. અગ્નિને લ્યોને પાણી છાંટે અગ્નિને. આહાહા..! .. એ અગ્નિના જીવ છે પ્રભુ! એમાં તું હતો અનંતવાર. દીર્ઘદષ્ટિએ (જોઈએ તો) રહ્યો ક્યાં અત્યાર સુધી? તું તો ત્રિકાળી ચીજ છો. તો ક્યાં રહ્યો? કે આવે ઠેકાણે રહ્યો. હવે તને આવું મનુષ્યપણું મળ્યું પ્રભુ! જે કરવાનું છે ત્યાં આવને હવે. ચૈતન્ય પ્રભુ આનંદનું ધામ ત્યાં વસવા જેવું છે. ત્યાં દષ્ટિ કરીને ઠરવા જેવું છે. આહાહા..! ન દષ્ટિ કરી એટલે આ દષ્ટિ કરીને ત્યાં ઠર્યો. ભ્રમણા અને રાગ-દ્વેષમાં પડ્યો. આહાહા..! આ બહારથી દુઃખનું વર્ણન કરે છે.

'**વેદન,...**' વેદવું. રાગાદિનું દુઃખ. એ શરીરને કાપી નાખે આદિ એ નહિ. '**વ્યુચ્છેદન,...**' છેદી નાખે કટકા વનસ્પતિ જુઓને. આહાહા..! વનસ્પતિ. લીલોતરી, દૂધી, કારેલા. આ ઘિસોડા.. રસ કાઢે

ને સમારીને. પછી કટકા કરીને સાથે ખાય. આહાહા..! ત્યાં રસ કાઢવા જાય છે ત્યાં રસમાં અસંખ્ય જીવ એનો ઘાત થઈ જાય છે. વિચ્છેદ થઈ જાય છે. આહાહા..! વનસ્પતિ આદિ. **'નિરોધન...'** રોકવું. આગળ જાવું એને રોકવું. આહાહા..! લોઢાની મોટી કોઠી હોય એક માણસ હોય એવી પચ્ચીસ હાથની લાંબી. એમાં . નાખે અને અંદર રાખે. આહાહા..! તિર્યંચની વાત છે. આ કપાટ હોય લ્યો. જરી ભીંતને કપાટને જરી છેટું હોય. ત્યાં ઉંદર આવે, અંદર જ્યાં ગરે ત્યાં લટકે પછી શરીર. ન થાય ઊંચો, પગ લટકે, નિરોધન. ત્યાં ને ત્યાં મરે. આહાહા..! આહાર નહિ, પાણી નહિ, હવા નહિ. કપાટમાં... મરે છે ને? .. અંદર ગરવા જાય. ગરવા જાય ત્યાં થઈ રહ્યું. સલવાય ત્યાં. મરી જાય. .. ભારે આહાહા..!

કહેતા હતા ને. ભૂંડ ભૂંડ. ભૂંડના હાથ પગ બાંધી સરિયા વડે પછી ... શક્કરકંદ શેકે એમ અગ્નિમાં નાખતો હતો. નારણભાઈ કહેતા હતા. એક પારસી. આહાહા..! ભૂંડના પગ બાંધી સરિયા વડે અને જેમ અગ્નિમાં શક્કરિયું નાખે એમ નાખી દે. આહાહા..! એવા તો નરક અને સ્વર્ગ કે તિર્યંચમાં બહુ દુઃખ વેઠ્યા. એ દુઃખને ભાંગવાનો અવસર છે ને પ્રભુ તારો. આહાહા..! જેમાં નજર નાખ્યે ભવ ન રહે એવી ચીજમાં નજર નાખને એમ કહે છે. આહાહા..!

**'ઈત્યાદિ દુઃખ સમ્યગ્દર્શન આદિ ભાવરહિત...'** જોયું! ભાવરહિત એટલે એ. સમ્યગ્દર્શન– ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિ અને એની ભાવના. એના વિના **'બહુત કાલપર્યંત પ્રાપ્ત કિયે.'** ઘણો કાળ પ્રાપ્ત આ તિર્યંચની વાત છે. પશુમાં.

**'ભાવાર્થ :- ઈસ જીવને સમ્યગ્દર્શનાદિ ભાવ વિના...'** આત્મા નિર્મળાનંદ પ્રભુ નિશ્ચય સમ્યગ્દર્શન એનું આત્મજ્ઞાન અને આત્માની રમણતા એવા ભાવ એટલે પર્યાય વિના **'તિર્યંચ ગતિમેં ચિરકાલ તક દુઃખ પાયે...'** જુઓ આ ખુલાસો કરે, **'પૃથ્વીકાયમેં કુદાલ આદિ ખોદને દ્વારા દુઃખ પાયે,...'** દુઃખ. પૃથ્વીમાં ખોદે ખોદે. કોશથી આ કરે, આ કરે. ખોદતા ખોદતા ઊંડો જાય તો એ ઉપર પડે તો એ મરી જાય બાઈ. અહીં મરી ગઈ હતી બાઈ. એ .. ઊંડુ ઊંડું ધોળું લેવા જાય ને જ્યાં, .. પડે નીચે તો મરી જાય. અહીં મરી ગઈ હતી બાઈ. આહાહા..!

**'જલકાયમેં અગ્નિસે તપના,...'** જોયું! એ બધું એની સાથે જ લીધું છે. પાણી અગ્નિથી ઊનું થાય ધગધગતું પાણી. મરે જીવ અંદર. આહાહા..! **'તપના, ઢોલના...'** પાણી ઢોળે. આહાહા..! ઉનાળાનો દિ' શેઠિયો બેઠો હોય પાટીયે, તો પાણી આમ નાખે હવા માટે. આહાહા..! પાણી છંટકાવે. **'અગ્નિકાય મેં જલાના,...'** એક પછી શબ્દ એ લીધા છે હોં. **'અગ્નિકાય મેં જલાના, બુઝાના,...'** અગ્નિને ઓલવે એ દુઃખ છે એમાં. **'પવનકાયમેં ભારેસે હલકા ચલના,...'** લ્યો! વાયુ. **'ફટના આદિ દ્વારા દુઃખ પાયે, વનસ્પતિકાયમેં ફાડના,...'** વિચ્છેદ આવ્યું હતું ને. વનસ્પતિકાયમાં ફાડવું, કટકા કરવું, **'છેદના, રાંધના આદિ દ્વારા દુઃખ પાયે,...'** આહાહા..!

'**વિકલત્રયમેં દૂસરેસે રુકના,...**' નિરોધન આવ્યું હતું ને? આ '**णिरोहं**' ઓહોહો..! .. લીધું હતું. '**દૂસરે સે રુકના,...**' સામે આવે એને મારે. લોઢાનો ઘા. આહાહા..! '**મનુષ્યાદિ દ્વારા વેદના,...**' વેદે. મનુષ્ય આદિ મારે, કાપે. આહાહા..! એ ઉંદરને ઉંદરિયામાં પૂરી અને ઊના ઊના ધગધગતા પાણી માથે નાખે. એક મીંદડી પાલેજ જ્યાં આમ નીકળી... ત્યાં. .. નોકર હતો એક. ઉંદરિયામાં ઉંદર અને ધગધગતું પાણી રેડે. અરે..! આ શું કરે છે ભાઈ તું? આહાહા..!

મુમુક્ષુ :- માકડ મારવાની દવા આવે છે.

ઉત્તર :- આ તો ઉંદર મારવાની. ઉંદરિયામાં ઉંદર હતા. ઉંદરિયું આવે ને લોઢાનું? અનાજની દુકાન હોય, ઘણી મોટી દુકાન હોય. .. એ ખલાસ થઈ ગયો. વાણિયાનો દીકરો હતો. એમાં એ ઉંદરિયામાં ઉંદર ઘણા હતા ત્યાં મૂક્યું તો ઊનું ઊનું પાણી પાણી નાખે ધગધગતું. આહાહા..! અહીં જરી ગાળ આપે ત્યાં એને થઈ જાય અમારું અપમાન! અરે..! બાપુ શું કર્યું તેં? એમાં પણ ભાઈ આવા દુઃખો તેં અનંતવાર સહન કર્યા છે અને તે કાળ અનંતમાં અનંતકાળ એમાં ગયો. આહાહા..!

'**અલ્પ આયુસે મરના...**' એકેન્દ્રિય, આ બે ઇન્દ્રિય ઇયળ, કીડી, મકોડા '**મરે દુઃખ પાયે, પંચેન્દ્રિય પશુ-પક્ષી-જલચર આદિમેં પરસ્પર ઘાત...**' મચ્છ ગળાગળ. મોટું મગરમચ્છ નાના મગરમચ્છને ગળે. આહાહા..! આખા ઉંદરને ગળે નોળઘોળ. '**મનુષ્યાદિ દ્વારા વેદના,...**' ભૂખ, ક્ષુધા પાણી મળે નહિ, આહાર મળે નહિ, '**તૃષા, રોકના, વધ-બંધન ઇત્યાદિ દુઃખ પાયે. ઇસપ્રકાર તિર્યંચગતિમેં અસંખ્યાત અનંતકાલપર્યંત દુઃખ પાયે.**' એનો ખુલાસો નીચે કર્યો છે. દુઃખ તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું છે.

'**આગે મનુષ્યગતિકે દુઃખોંકા કહતે હૈં :—** '

**आगंतुक माणसियं सहजं सारीरियं च चत्तारि।**
**दुक्खाइं मणुयजम्मे पत्तो सि अणंतयं कालं।।११।।**

આહાહા..! '**અર્થ :- હે જીવ! તૂને મનુષ્યગતિમેં અનંતકાલ તક આગંતુક અર્થાત્ અકસ્માત વજ્રપાતદિકકા આ-ગિરના,...** ' આહાહા..! બેઠો હોય ત્યાં પડે મોટું વજ્ર માથે. ઉપરથી પડે મોટું .. આહાહા..! આ જુઓને અમરેલીમાં .. પડ્યો માથે. ..ભાઈને એ બેય ગુજરી ગયા ને. ..ભાઈ કામ કરતા હતા. એના મિસ્ત્રી હતા બે. પાસડા હતા તો પાસડામાં હેઠા બેય. પાસડો પડ્યો માથે. બે ... સિમેન્ટનું. મરી ગયા બેય. આવા તો અનંતવાર છે, એકવાર નહિ ભાઈ! કાળ અનંત ગયો છે. અનંત કાળમાં કઈ વાત અનંતવાર નથી થઈ? આદિ વિનાના કાળમાં જેની આદિ નહિ, એવા અનંતકાળમાં આવા દુઃખો મનુષ્યપણાના અનંતવાર થયા. એને યાદ કરે તો બહારમાં અભિમાન કરવાનો અવસર રહેતો નથી. આ માણસને અભિમાન રહે નહિ. આહાહા..!

'**અકસ્માત. માનસિક અર્થાત્ મનમેં હી હોનેવાલે વિષયોંકી વાંછાકા હોના...** ' વિષયની

વાંછના હોય ને મળે નહિ .. પછી. ધાર્યા પ્રમાણે, ઈચ્છા થાય અને ધાર્યા પ્રમાણે મળે નહિ. આહાહા..! એની કલ્પનાની જાળમાં સળગતો હોય પછી. આહાહા..! બે ભાઈમાં આ ભાઈને આવું અને મારે નહિ. બેને જુદા પડ્યા ત્યારે તો સરખા હતા. આ નાનો વધી ગયો અને હું ઘટી ગયો. છે ને? .. પાંચ પદાર્થની.. **'વાંછાકા હોના ઔર તદનુસાર ન મિલના,...'** ધાર્યા પ્રમાણે ન મળે એટલે કલ્પના. આહાહા..!

**'સહજ અર્થાત્ માતા, પિતાદિ દ્વારા સહજસે હી ઉત્પન્ન હુઆ... '** .. દુઃખાદિ. માતા-પિતા એવા મળ્યા હોય. આહાહા..! **'રાગ-દ્વેષાદિકસે વસ્તુકે ઈષ્ટ-અનિષ્ટ માનનેકે દુઃખકા હોના,...'** એ સહજમાં નાખ્યું બે. ઈષ્ટ-અનિષ્ટ માનવાથી દુઃખ થવું. આહાહા..! અનુકૂળમાં રાગ અને પ્રતિકૂળમાં દ્વેષ એનાથી ઈષ્ટ-અનિષ્ટમાં દુઃખી થવું. આહાહા..! **'શારીરિક...'** ચોથો. **'વ્યાધિ રોગાદિક તથા પરકૃત છેદન,...'** શરીરમાં વ્યાધિ આકરી આવવી. આહાહા..! જુઓને આ શું કહેવાય? .. નહિ આ? .. પીડા... પીડા... પીડા... બહુ પીડા કહે છે. નાના નાના છોકરાને થાય તમારે. આહાહા..! રોગાદિ.

**'પરકૃત છેદન,...'** આંગળા કાપે, હાથ કાપે. આહાહા..! કલકત્તામાં જુઓને છે ને એક. સાંભળીને તો ... વ્યવસ્થિત એક મંડળી છે. આહાહા..! માણસને ઉપાડીને લાવે જુવાન છોકરાને ક્યાંકથી. હાથ કાપી નાખે અહીં બેય. પગ કાપી નાખે અહીંથી, પછી મગાવે. આહાહા..! પ્રભુ! પ્રભુ! એની વેદના એની કલ્પનામાં.. એ .. હાથ-પગ તો ન મળે. આહાહા..! એવા દુઃખો એ સમ્યગ્દર્શન વિના-વીતરાગી પ્રભુની ભાવના વિના. આહાહા..! આવા દુઃખો સહન કર્યા.

**'છેદન, ભેદન આદિસે હુએ દુઃખ યે ચાર પ્રકારકે ઔર પ્રકારસે ઈનકો આદિ લેકર અનેક પ્રકારકે દુઃખ પાયે.'** મનુષ્યપણામાં આવા દુઃખો મળ્યા. દેખાય છેને પ્રત્યક્ષ, નહિ? ઓહોહો..! વિષય લેવા ગયો હોય અને એમાં એને કાંઈક ખબર પડે કે આ તો ધણી આવ્યો. નાખે પાયખાનામાં. આહાહા..! ત્યાં આગળ ક્યારે પાછું નીકળવાનું ટાણું ખબર ન રહે. મૂંઝાય... મૂંઝાય... મરી જાય એમાં. આહાહા..! જગતમાં શું ન થાય? પ્રતિકૂળતાના સંયોગો અપાર. એમાં ભીડમાં ભીડાઈ જાય. આવા દુઃખો તેં મનુષ્યપણામાં પણ સહન કર્યા. એ ન યાદ કરે. આ પૈસા મળ્યા, આ બાયડી મળી ને આ થયું ને આ થયું. અમે સુખી છીએ ને. .. અમે સુખી છીએ ને. માણસ કહે દુઃખી છે, પણ અમે તો સુખી છીએ. આ વડોદવાળા. બરવાળા પાસે છે ને વડોદ. ..શેઠનું વડોદ છે. ગામના નગરશેઠ. ત્યાં ... આહાહા..! અમે સુખી છીએ ને. ભાઈ! તને ખબર નથી સુખની. આહાહા..! પાંચ હજાર, દસ હજાર પેદા થાય મહિને, છોકરા ઠીક હોય, પૈસા મૂડી હોય. અને .. ચાલતું હોય, બાપુ! તને ખબર નથી. એ તો દુઃખની જ્વાળામાં સળગી રહ્યો છો તું. આહાહા..! પેદાશ હોય લાખની, બે લાખની. એક લાખ રૂપિયા પેદા કર્યા, બે લાખ પેદા કર્યા, પાંચ લાખ કર્યા. હરખ આવે એને. એ તો કષાય અગ્નિ

છે. આહાહા..! કષાયમાં કીડો સળગે છે ત્યાં કષાયમાં.

શાંતિનો નાથ શાંતિનાથ આત્મા છે. આહાહા..! એવો અકષાયસ્વભાવી ભગવાન, એની તેં ભાવના ન કરી અને આ બધા ભાવના કરીને આવા દુઃખ વેઠ્યા. એમ ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે). મુનિ છે, આચાર્ય છે. શાસનના ... જગતને આમ જાહેર કરે છે. પર તરફનું વીર્ય ઢીલું પાડ ભાઈ! એમ કહે છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ એના પ્રત્યેની રુચિનો ભાવ ઢીલો કર ભાઈ! આહાહા..! તેં આવા દુઃખો સહ્યા, સાંભળતા ત્રાસ થાય તને એ તેં સહ્યા છે જીવતા. પણ આ દુઃખ .. બાપા! ક્યાં માને આમાં? કારખાના અત્યારે ચાલે. બે-પાંચ લાખનું કારખાનું ચાલે. પચાસ-પચાસ હજાર, લાખ પેદા થાય. આહાહા..! હવે એમાં દુઃખી હતો ગયા કાળમાં એને આમાં કોણ યાદ કરે આમાં?

મુમુક્ષુ :- વર્તમાન દુઃખી છે એ ખબર નથી?

ઉત્તર :- વર્તમાન દુઃખી છે એની તો ભાન પણ ક્યાં છે? આહાહા..!

'**આગે દેવગતિકે દુઃખોંકા વર્ણન હૈં :—**' નરકનું કહ્યું, તિર્યંચનું કહ્યું, મનુષ્યનું કહ્યું. હવે દેવ.

**सुरणिलयेसु सुरच्छरविओयकाले य माणसं तिव्वं।**
**संपत्तो सि महाजस दुःखं सुहभावणारहिओ।।१२।।**

લ્યો! શુભભાવના જુઓ અહીં તો બે અર્થ. એ શુભભાવ જ એ તો. સમ્યગ્દર્શનની ભાવના એ જ શુભભાવના છે. શુભઅશુભભાવ એ તો અશુભભાવ છે, અશુદ્ધભાવ. આહાહા..!

'**અર્થ :- હે મહાયશ!**' જુઓ! કુંદકુંદાચાર્ય કહે છે હોં! '**હે મહાયશ!**' છે ને પાઠ? એમ કે તેં મુનિપણું લીધું, સ્ત્રી, કુટુંબ છોડ્યા, મહા ત્યાગ કર્યો, પણ પ્રભુ તું દ્રવ્યલિંગમાં સુખી થઈ ગયો. '**તૂને સુરનિલયેશુ અર્થાત્ દેવલોકમેં સુરાપ્સરા અર્થાત્ પ્યારે દેવ...**' બાપુ! જ્યારે તું સ્વર્ગમાં ગયો ત્યાં એ પુણ્યભાવ નામ અશુદ્ધભાવથી સ્વર્ગ મળ્યું, એમાં પ્યારા વ્હાલા દેવ અને વ્હાલી અપ્સરા, એના વિયોગકાળમાં અસહ્ય દુઃખ તને આવ્યા ભાઈ! વ્હાલામાં વ્હાલી અપ્સરા, વ્હાલામાં વ્હાલા દેવો, ઉડી જાય. ક્ષણમાં ઉડી જાય ફૂ જાવ. એના વિયોગ કાળે તને દુઃખ છે.

'**ઉસકે વિયોગ સંબંધી દુઃખ તથા ઈન્દ્રાદિક બડે ઋદ્ધિધારિયોંકો દેખકર અપનેકો હીન માનનેકે...**' દુઃખ. ઓહોહો..! પોતા કરતા વધારે બહારમાં ઈન્દ્રાદિ મહાઋદ્ધિવાળા દેવ દેખી, પોતે હલકો દેવ હોય. આહાહા..! અપમાન.. અપમાન.. અનાદર... અનાદર.. એના દુઃખો તને થયા ભાઈ! સમજાણું કાંઈ? સ્વર્ગમાં પણ તારા પુણ્ય હીન-ઓછામાં... મિથ્યાદષ્ટિપણે દ્રવ્યલિંગ ધારણ કરીને સમ્યગ્દર્શનની ભાવના વિના મુનિપણાની એવી ક્રિયાકાંડ કરી સ્વર્ગમાં ગયો. પણ ત્યાં સમ્યગ્દષ્ટિ જીવો બધા ઘણાં ઈન્દ્રપદને પામેલા દેખીને તને બળતરા થઈ. આહાહા..! ક્યાં હું મનુષ્યપણે સાધારણ જીવ કરતા અધિક ગણાતો હોઉં, અહીં હું અધિક નહિ, હીણો થઈ ગયો છું.

.. દેવમાં જાયને. શાસ્ત્રમાં એવો લેખ છે. સભામાં બેઠા હોય બોલવા માગે. ..બાળ દેવા .. બોલીશ

નહિ બાપુ તારું. આહાહા..! અહીં જુઓને આ ... ગામનું. ..માટે તો કેટલા ખરચ્યા હતા ત્રણ લાખ, ચાર લાખ રૂપિયા. એને અહીંયા .. પછી .. બધા રાજાઓ ભેગા થયા અને બોલવા માંડ્યું... બેસી જાઓ. આહાહા..! અપમાન એ .. એમાં છે. બેસી જાઓ. એને એમ કે મેં આવું .. કેટલું રાખ્યું છે. .. મોટો વડો છે વાઈસરોય. વાઈસરોય આવ્યો હતો કેટલું પાયખાનું બનાવ્યું હતું એના માટે. કેટલા ખરચ્યા હતા લાખો કરોડ લાખ રૂપિયા. .. આવ્યા કે મને રાજનું અંગ્રેજમાં મુખ્ય માનતો થયો. ઓલો અમેરિકન કહે, નહિ બેસી જાઓ. અંગ્રેજી ભાષા.

મુમુક્ષુ :- મહેરબાની કરીને બેસી જાઓ.

ઉત્તર :- મહેરબાની કરીને બેસી જાઓ. આહાહા..! મહેરબાની કરીને બેસી જાઓ. ગજબ છે ને. અપમાન-અપમાન. તાલુકો કરોડનો. એમાં .. ગરી ગયા. છેવટે તો . એવું સાંભળ્યું. સરકારે. અંગ્રેજ. ઈંજેક્શન આપી દીધું. ઉડી ગયા. આ જગતના જુઓને. એને કહેવા ગયા બિચારા .. આવા પાપ રહેવા દ્યો. અમે આ હાથે કરશું ને આ હાથે ભોગવશું. અમે રાજા છીએ. ફાટી ગયેલા પ્યાલા. અત્યારે રાંક થઈને રોતા હશે નરકમાં .. આ. આહાહા..! એણે કર્યા રૂદનનો પાર ન મળે એવી પીડામાં પડ્યા હશે અત્યારે. પડદા બંધ થઈ ગયા. એક પડદો ખુલી ગયો બહારનો નરકનો. ભાઈ! ટાણા આવવાના તેં કર્યા નહિ કાંઈ. અને કર્યા તો આ ઊંધા બધા રાગ-દ્વેષને ભાવ આ. એના ફળમાં સ્વર્ગમાં ગયો તો ત્યાં અપમાનના દુઃખ થયા.

‘**માનસિક તીવ્ર દુઃખોંકો શુભભાવનાસે રહિત હોકર પાયે હૈં.**’ શુભ એટલે એટલે એ શુભ જ એ શુદ્ધ છે. પુણ્ય-પાપમાં આવે છે ને સમયસારમાં.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગને શુભ કહ્યો છે.

ઉત્તર :- એને શુભ કહ્યો. આત્મા જ શુદ્ધ ચૈતન્ય પ્રભુ એને દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા વિકલ્પરહિત અને નિર્વિકલ્પ દશા એને અહીંયા શુભ કહેવામાં આવે છે. બાકી તો વ્રત અને તપના વિકલ્પો એ બધા અશુભ-અશુદ્ધ છે. આહાહા..! એના ફળમાં ગતિ મળે એ ભાવ અશુભ છે, જેના ફળમાં મુક્તિ મળે તે ભાવ શુભ છે. બહારની આ બધી જંજાળમાં આ ક્યાં? નવરાશ ક્યાં છે એને? નવરાશ ન મળે. મરવાની નવરાશ નથી એને એવા ધંધા. આહાહા..! મરવા પડે તો પડીશ ટાંગે નીચે. હાય હાય રે! મારે કોઈને ન કહેવાણું. આ ચાલ્યા હવે. ક્યાં જઈને ઉતારા કરશે? .. ભાઈએ. જામનગરમાં. આ .. નહિ એના બાપે. ઈચ્છા જ ન.. આ સંસારની ઓલી .. પડેલી છે કામ માટે. મરતા માણસો જોવા આવે અને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. એ કહે માણસ જોવા આવે અને અહીંથી આમ.. શું છે ભાઈ? કાંઈ મેં કર્યું નહિ. ચાલ્યા જાય. બધો મારો કાળ આમાં ગયો બધો. આંખમાંથી આંસુની ધારા. એક આંખ હતી, એક આંખ નહોતી. ... જામનગર. આહાહા..! ઢીલો પાડ્યા વિના એ આગળ જઈ નહિ શકે અંદર. આહાહા..! બહારની અધિકાઈ માન-અપમાનની મૂકને. હોળી અહીં સળગી છે. આહાહા..!

'**ભાવાર્થ :- યહાં 'મહાયશ' ઈસપ્રકાર સંબોધન કિયા. ઉસકા આશય યહ હૈ કિ જો મુનિ નિર્ગ્રંથલિંગ ધારણ કરે...**' એમ કહે છે. નગ્નમુનિ તું છો. દિગંબર મુનિ. આ વસ્ત્રવાળા તો મુનિ પણ નથી. વ્યવહારે મુનિ નથી. જૈનદર્શનમાં તો નિર્ગ્રંથમુનિ, નગ્નમુનિને દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. એવું તે ધારણ કર્યું. '**સમસ્ત ક્રિયા કરે,...**' છે તું. દ્રવ્યલિંગીની. પંચ મહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ ને નિર્દોષ આહાર ને પાણી. આહાહા..! '**પરંતુ આત્માકે સ્વરૂપ શુદ્ધોપયોગકે સન્મુખ ન હો...**' આહાહા..! પણ એ શુભની ક્રિયાનો રસ તો રાગ છે. ભગવાન આત્મા તરફનો ભાવ જે શુદ્ધ ઉપયોગ એની તો સન્મુખ થયો નહિ, એની ભાવના કરી નહિ. આહાહા..! એ ધર્મ તો શુદ્ધ ઉપયોગ છે. એ મહાવ્રત ને પંચ મહાવ્રત એ બધા શુભ ઉપયોગ છે, એ બધો ધર્મ નથી. આહાહા..! એ તો અધર્મ છે.

'**આત્માકે સ્વરૂપ શુદ્ધોપયોગકે સન્મુખ...** ' એમ. આત્માની સન્મુખ શુદ્ધ ઉપયોગ એ આત્માના સન્મુખનો ભાવ છે. શુભભાવ એ પરસન્મુખનો ભાવ છે. શુભ ઉપયોગ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, પૂજા એ તો પરલક્ષીભાવ છે અને આ તો આત્માના સ્વરૂપ '**શુદ્ધ ઉપયોગકે સન્મુખ ન હો ઉસકો પ્રધાનતયા ઉપદેશ હૈ...**' એને ઉપદેશ કહે છે અહીં. દ્રવ્યલિંગી સાધુ થયો, હજારો રાણી છોડી, રાજપાટ છોડ્યા, પંચ મહાવ્રત પાળે એ બધી બાહ્યલક્ષવાળી ક્રિયાઓ છે. પણ પ્રભુ અંતર સન્મુખ થવાનો જે ઉપયોગ, એની તો દૃષ્ટિ કરી નહિ. આહાહા..! બહિર્મુખની જે આ શુભ ક્રિયાઓ બધી એ તો સંસારખાતાની છે. આહાહા..! એવા આત્માનું સ્વરૂપ જે શુદ્ધ ઉપયોગ એની સન્મુખનો '**ઉસકો પ્રધાનતયા ઉપદેશ...**' મુખ્ય એને કહેવામાં આવે છે, એમ. મહાયશ કીધો છે ને એટલે. બાપુ મહાયશ! આ તારી આબરૂ તો વધી બહારમાં. આહાહા..! એમાં દાળિયા શું થયા? આહાહા..! આવા નગ્નમુનિ, દિગંબરમુનિ થાય, પંચ મહાવ્રત પાળે, સમિતિ, ગુપ્તિ પાળે એમાં શું થયું? એ તો સંસાર છે. આહાહા..! એ તો સંસારની દિશા તરફનો ભાવ છે. આત્માના સ્વરૂપની સન્મુખનો ભાવ તો શુદ્ધ ઉપયોગ છે. એ સંસારપંથ છે, આ મોક્ષપંથ છે. આહાહા..! જગતને .. મૂળ ચીજ અને એનો ભાવ અને એની ભાવના. મૂળ ચીજ આત્મા અને એનો ભાવ શુદ્ધ ત્રિકાળ અને એની ભાવના નિર્મળ વીતરાગી. એની સામું તો તેં જોયું નહિ. આહાહા..! શું કર્યું તેં?

'**મુનિ હુઆ વહ તો બડા કાર્ય કિયા,...** ' આ વ્યવહારથી વાત કરી. '**તેરા યશ લોકમેં પ્રસિદ્ધ હુઆ,...**' ઓલું મહાયશ કીધું ને? '**પરંતુ ભલી ભાવના અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વકા અભ્યાસ...**' આહાહા..! ભગવાન પવિત્ર, વિકલ્પ રાગ, દયા, દાનના વિકલ્પથી રહિત પ્રભુ આત્મા. એવો જે આત્મા એની '**ભલી ભાવના અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વકા અભ્યાસ બિના...**' અંતર ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ અને અનુભવ વિના. આહાહા..! '**તપશ્ચરણાદિ કરકે સ્વર્ગમેં દેવ ભી હુઆ...**' તપસ્યા કરી, વ્રત પાળ્યા. આહાહા..! અને એના ફળમાં સ્વર્ગ ગયો. '**વહાં ભી વિષયોંકા લોભી હોકર...**' કેમકે શુભભાવ એ તો પોતે વિષય છે. એના પ્રેમમાં મહાવ્રતના પ્રેમમાં પડ્યો એ તો વિષયનો

લોલુપી છે કહે. આહાહા..! સ્વવિષય એને (આત્માને) ન કર્યો.

એ પોતાના અભ્યાસ વિના વસ્તુ જે ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો નાથ એના સન્મુખની દૃષ્ટિ અને અભ્યાસ વિના '**તપશ્ચરણાદિ કરકે દેવ ભી હુઆ વહાં ભી વિષયોંકા લોભી હોકર માનસિક દુઃખસે હી તપ્તાયમાન હુઆ.**' ત્યાં પણ મનથી દુઃખમાં બળતરા.. બળતરા... બળતરા... આહાહા..! અરે..! આ બધા મારાથી મોટા, ત્યાં મારાથી નાના હતા. હું ... રહ્યો? હું ઉણો રહ્યો. એવી માનસિક કલ્પનાથી દુઃખી થયો. સ્વર્ગમાં પણ દુઃખને વેદ્યા. એ સમ્યક્ ચૈતન્યની દૃષ્ટિની ભાવના વિના. માટે કોઈપણ પ્રકારે પ્રભુ તું આત્મદ્રવ્ય તરફ આવ. આહાહા..! અંતરમાં જા.. અંતરમાં જા.. અંતરમાં જો કે જેથી તને નિધાન પ્રાપ્ત થશે અને એને લઈને તને મુક્તિ, સ્વર્ગાદિ ગતિનો નાશ ને મુક્તિ થશે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૮, મંગળવાર તા. ૧૫-૦૧-૧૯૭૪**
**ગાથા - ૧૩ થી ૧૮, પ્રવચન - ૮૯**

અષ્ટપાહુડમાં ભાવપાહુડ. ગાથા-૧૩. આ ભાવપાહુડ છે એટલે આત્મા ચૈતન્ય શુદ્ધ વીતરાગસ્વરૂપ છે એવી દૃષ્ટિ અને એવો શુદ્ધભાવ કોઈ દિ' કર્યો નથી. અને એ શુદ્ધભાવ વિના અનંતવાર નરકમાં ગયો એમ કરીને, પશુની યોનિમાં રહ્યો, મનુષ્યમાં રહ્યો અને દેવમાં રહ્યો. બધે દુઃખી હતો એ. દેવમાં પણ હીન દેવ થાય એ આ વાત હવે અત્યારે લે છે. દેવ થાય. હવે અહીં સાધુ આદિની વાત છે. કે જૈનનો સાધુ થયો, દિગંબર મુનિ થયો, તોપણ એણે કુભાવના છોડી નહિ અને જૈન આત્મતત્ત્વ જે શુદ્ધ ચૈતન્ય ભગવાન એવો પવિત્ર પરમાત્માનું સ્વરૂપ એની એણે ભાવના-જિનભાવના કરી નહિ. ચાર ગતિમાં તો રખડ્યો, દેવ થયો અને સાધુ પણ આવો અનંતવાર થયો એમ કહે છે. એમ કહેવું છે અહીં.

**कंदप्पमाइयाओ पंच वि असुहादिभावणाई य।**
**भाऊण दव्वलिंगी पहीणदेवो दिवे जाओ।।१३।।**

બીજા ભવ તો અનંતા કર્યા સમ્યગ્દર્શનની ભાવના જિનભાવના વિના. પણ કહે છે કે આવા સાધુપણા લીધા એમાં પણ એણે જિનભાવના ભાવી નહિ. કુભાવના ભાવી. ઓલા સંસારમાં તો બાયડી, છોકરા, કુટુંબના ધંધામાં તો પાપ કર્યા અને વીતરાગભાવના ભાવી નહિ. અને પુણ્ય પણ કર્યા, પણ વીતરાગભાવની ભાવના વિના એ સ્વર્ગાદિમાં પણ દુઃખી છે. અહીં તો ત્યાં સુધી લેવું છે હવે કે ભાઈ એવા તો ભવ કર્યા. પણ જૈન સાધુના ભવમાં પણ તે જિનભાવના ભાવી નહિ. આહાહા..!

**'અર્થ :- હે જીવ! તું દ્રવ્યલિંગી મુનિ હોકર...'** બાહ્ય નગ્નમુનિ દિગંબર સંત થયો. ઓહોહો..! એમ કે ભાઈ ગૃહસ્થાશ્રમમાં પડ્યા તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ભાવના હતી એથી રખડ્યા. પણ મુનિ થઈને પણ જેણે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ, જેમાં રાગનો અંશ નથી એવી ચીજની દૃષ્ટિ ન કરી એથી **'હે જીવ! તૂ દ્રવ્યલિંગી મુનિ હોકર કાન્દર્પી આદિ પાંચ અશુભ ભાવના ભાકર... '** પાઠમાં **'असुहादि'** છે. અહીં **'અશુભ ભાવના ભાકર...'** એટલે કોઈ વખતે અશુભ ભાવનામાં શુભપણું હોય. દેવ થાય છે ને. પણ એ બધી જિનભાવના વિનાની પુણ્ય ને પાપના ભાવ એ રાગભાવ છે. આહાહા..! રાગ છે ભાઈ! રાગની ભાવના તો મિથ્યાત્વભાવ છે.

એ મુનિ થઈને **'અશુભ ભાવના ભાકર પ્રહીણદેવ અર્થાત્ નીચ દેવ...'** થયો. એમાં હીણા દેવમાં પણ અપમાન આદિમાં દુઃખને સહ્યા. પોતા કરતા વધારે પુણ્યવંત પ્રાણી દેખી, મહા શુભભાવ ન હોય તોય સ્વર્ગમાં ગયા, એને દેખીને એને અંદર દ્વેષ થાય, સહન ન થાય. અરે..! આ શું? બાપુ! એવી ભાવના સાધુ થઈને પણ મિથ્યાત્વની ભાવના અને રાગની ભાવના ભાતા સ્વર્ગમાં ગયો શુભભાવ હતો તે. પણ એ શુભ તે પણ અશુભ જ છે. સમજાણું? **'નીચ દેવ હોકર સ્વર્ગમેં ઉત્પન્ન હુઆ.'** આ એનો ઈતિહાસ કહે છે. જીવનો ઈતિહાસ. આહાહા..!

ચાર ગતિમાં કઈ રીતે રખડ્યો? ભાઈ! તને આત્મા નિર્વિકલ્પ આનંદનો નાથ કંદ પ્રભુ, એને છોડીને તે શુભાશુભ ભાવના અનંતવાર કરી. આહાહા..! ચૈતન્ય દ્રવ્ય વસ્તુ પરમાનંદની અને જ્ઞાનની મૂર્તિ છે, એવી તે દૃષ્ટિની ભાવના કદી કરી નથી. એથી એના જન્મ-મરણના અંત ન આવ્યા. સંસારમાં પાપ કર્યા અને નરકમાં ગયો, ઢોરમાં ગયો એ તો એકકોર રાખો કહે છે. પણ આ તો ગૃહસ્થાશ્રમ છોડીને સાધુ થયો તે પણ જિનભાવના ન ભાવી. ત્યાં પણ શુભ-અશુભભાવમાં રહ્યો. આહાહા..! આ તો વીતરાગ ધર્મ છે ભાઈ! વીતરાગ માર્ગ છે એ રાગ વિનાની અંતર ચીજ પ્રભુ એના માહાત્મ્ય લાવીને એની એકાગ્રતા કરવી એવી દૃષ્ટિ એણે અનંતકાળમાં ન કરી, સાધુ થયો તો પણ.

**'ભાવાર્થ :- કાન્દર્પી, ...'** એટલે કુચેષ્ટાઓ એવી કરે અને વિકથાઓ કરે સાધુ થઈને. ત્યાગી ન હોય એને તો કહે છે ભલે એ પાપ કર્યા અને નરકે ગયો અને ઢોરમાં ગયો. પણ આ તો સાધુ થઈને પણ આવી વિકથાઓ કરે. **'કિલ્વિષિકી,...'** હલકા દેવ થાય ઢેઢ. એમાં પણ હલકા જે હોય છે ને એને દેવમાં કિલ્વિષી થાય ઢેઢ જેવા .. અવતાર. એમાં ગયો અનંતવાર. **'સંમોહી,...'** મોહ. રાગ ને દ્વેષના મોહમાં સાધુ થઈને પણ એ મોહની જ ભાવના ભાવી. આહાહા..! એથી એ ત્યાં દેવ થયો. અને **'દાનવી...'** અસુર જેવો થયો. દાનવ એટલે અસુર. અસુર જેવી પ્રકૃતિ રાખી. કુતૂહલ ને મશ્કરી... વિનાની.. એને લઈને અસુરમાં ગયો. આ એનો અનાદિનો ઈતિહાસ છે આ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'ઔર અભિયોગિકી...'** ત્યાં સેવક થયો સ્વર્ગમાં. અભિયોગ એટલે સેવક. અહીં સાધુ થયો

પણ સમ્યગ્દર્શન નહિ. આહાહા..! બહારના વ્રતાદિ પાળ્યા પણ એમાં અશુભભાવ પણ આવ્યો વિકથાઓ આદિનો. સેવક થયો સ્વર્ગમાં. દેવનો સેવક થયો. એ દુઃખી છે બધા. આહાહા..! દેવમાં આવ્યો એ તો ઉપરનો પાછા સેવક. ઈન્દ્રો અને મોટા દેવોની સેવા કરવી. **'યે પાંચ અશુભ ભાવના હૈ. નિર્ગ્રંથ મુનિ હોકર...'** એમ કહે છે જુઓ! **'સમ્યક્ત્વ-ભાવના વિના...'** હેતુ તો આ છે. આહાહા..! સંસારની પળોજણમાં પડ્યો અને આત્માને ભૂલ્યો એથી તો રખડ્યો, પણ આ સંસાર બાયડી, છોકરા, કુટુંબ છોડી દીધું તેં. એવા નગ્નપણે પણ નિર્ગ્રંથદશામાં અનંતવાર આવ્યો. પણ જે સમ્યગ્દર્શન વિના... આહાહા..! પૂર્ણ પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આત્મા એને એણે વિશ્વાસમાં પ્રતીતમાં ભરોસો ન લઈને એકલા વિકલ્પની ભાવનાઓ ભાવી. આહાહા..!

**'અશભુ ભાવનાઓંકો ભાવે તબ કિલ્વિષ આદિ નીચ દેવ હોકર... '** હલકા દેવ થાય હલકા. **'માનસિક દુઃખકો પ્રાપ્ત હોતા હૈ.'** મનમાં દુઃખ... દુઃખ... દુઃખ... ઓહોહો..! દેવમાં આવ્યા હોય તો પણ ઢેઢ જેવા નીચે. સભામાં જાય તો બોલવા દે નહિ. આહાહા..! વીતરાગી આત્મા પ્રભુ એવા જિનભાવના, સમ્યગ્દર્શન કહો કે જિનભાવના કહો. સમ્યગ્દર્શન કહો કે ત્રિકાળી ચીજની એકાગ્રતા અંદરમાં શ્રદ્ધામાં. એવી ચીજ વિના આવી ભાવના કર્યા, મરીને સ્વર્ગમાં ગયો, અપમાનના દુઃખો સહન કર્યા. મનમાં માનસિક દુઃખ. આહાહા..!

**'આગે દ્રવ્યલિંગી પાર્શ્વસ્થ આદિ હોતે હૈં ઉનકો કહતે હૈં :—'** પાર્શ્વસ્થ સાધુ થાય છે. કહે છે કે સાધુમાં પણ ભેદ છે ઘણાં. એ પણ મિથ્યાદૃષ્ટિ હોઈ ને... આહાહા..! ગૃહસ્થાશ્રમમાં નરકમાં જવાના ભાવ કર્યા, પશુના કર્યા, સ્વર્ગના કર્યા અને મનુષ્યપણાના કર્યા, પણ આ તો સાધુ થઈને ચાર ગતિના ભાવ રખડવાના કર્યા. અહીં તો દેવનો ભાવ છે આ પણ. આહાહા..!

पासत्थभावणाओ अणाइकालं अणेयवाराओ।
भाऊण दुहं पत्तो कुभावणाभावबीएहिं।।१४।।

**'અર્થ :- હે જીવ!'** ભગવાન કુંદકુંદાચાર્ય જગતને સંબોધીને કહે છે, હે આત્મા! **'તૂ પાર્શ્વસ્થ...'** થયો. **'પાર્શ્વસ્થ ભાવના અનાદિકાલસે...'** **'અનંતબાર ભાકર...'** પાર્શ્વસ્થ.. સાધુ. સાધુ પાસે રહે ખરો, પણ ક્રિયા બધી કલુષિત, અશુભભાવના. રાજાને ખુશી કરવા, રાજાને કરોડોપતિ, અબજોપતિ હોય એની સાથે સંપર્ક કરવો, એને વખાણવા. આ બધા પાર્શ્વસ્થ સાધુ કહેવાય. સમજાણું કાંઈ? **'અનંતબાર ભાકર દુઃખકો પ્રાપ્ત હુઆ. કિસસે દુઃખ પાયા? કુભાવના અર્થાત્ ખોટી ભાવના,...'** રાગની ભાવના, અશુભભાવના, કુતૂહલની ભાવના. આહાહા..! રાજા આદિ મોટા સભામાં આવે કથામાં તો એને માખણ ચોપડે, વખાણ કરે, સંપર્ક કરે. આહાહા..! મરી ગયો, કહે છે, એમાં. કહો, સમજાણું કાંઈ? અહીં થયો ને સાધુ રાજાને વશ કરીને રાજનું માન મેળવે. હવે ત્યાં શું? રાજનું માન રહેશે ત્યાં. **'અનંતબાર ભાકર...'** દુઃખનું બીજ. એ વીતરાગ દૃષ્ટિ વિના રાગની બધી

ભાવનાઓ દુઃખનું બીજ છે. 'ઉનસે દુઃખ પાયા.'

'**ભાવાર્થ :- જો મુનિ કહલાવે ઔર વસ્તિકા બાંધકર...** ' મકાન બાંધીને રહે. '**ઉસે પાર્શ્વસ્થ વેષધારી કહતે હૈં.**' સાધુ પાસે રહે છતાં વેષધારી છે. '**જો કષાયી હોકર વ્રતાદિકસે ભ્રષ્ટ રહે,...**' કષાય માન... માન... માન... લોભ ને રાગ ને માયામાં કુટીલતા, કપટતામાં રસમાં પડ્યો વ્રતાદિથી ભ્રષ્ટ થઈ જાય. હોય નગ્નમુનિ દિગંબર. આહાહા..! આમાં પણ તે ભાવના ન ભાવી એ કહે છે. જે કરવા જેવું હતું એ ત્યાં પણ ન કર્યું. સાધુ થઈ, મુનિ થઈને પણ. આહાહા..! આચાર્ય મહારાજે આમ કીધું. ગૃહસ્થાશ્રમમાં તો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષની સેવા કરી. અને ચાર ગતિમાં રખડ્યો. આહાહા..! પણ ત્યાગી થઈને પણ તેં એવી જાતને સેવી. અશુભભાવના આદિની ભાવના કરી, મરીને કાન્દર્પી દેવાદિ થયો.

'**સંઘકા અવિનય કરે,...**' કોક એવી શક્તિ પુણ્યની હોય, રાજાદિ માનતા હોય, અબજોપતિ માનતા હોય, મંત્ર જંત્ર આપ્યા હોય, સંઘનો અવિનય કરે. કોણ કોણ.. સાચા સંત અને સાચા સાધુ એને ગણે નહિ. આહાહા..! '**ઈસપ્રકાર વેષધારીકો કુશીલ કહતે હૈં.**' પાંચ છે એની વ્યાખ્યા. પાર્શ્વસ્થ, આ કુશીલિની. '**જો વૈદક જ્યોતિષવિદ્યા મંત્રકી આજીવિકા કરે,...**' વૈદા કરે, દવાઓ બતાવે, જ્યોતિષ બતાવે, મંત્ર આપે. આ મંત્રથી જાઓ આમ થાશે તમારું. પદ્માવતીનો મંત્ર, આહાહા..! શક્રેશ્વરીનો મંત્ર. શક્રેશ્વરી છે ને? ક્યાં? પાલિતાણે છે ને. નીચે નથી? શક્રેશ્વરી દેવી છે. ભોંયરામાં છે. એવા મંત્રો આપે. આ શું છે? કહે છે. ઓલા એને માને, એને નામે પૈસા ખરચે. રાજી થાય. આહાહા..!

'**વૈદક જ્યોતિષવિદ્યા મંત્રકી આજીવિકા કરે,...**' એ દ્વારા લ્યો. આહાહા..! પૈસા ઉઘરાવે, ભંડાર ભરે પોતાના નામના. ગૃહસ્થને ત્યાં શું કહેવાય એ? થાપણ મૂકે. લાખ, બે લાખ, પાંચ લાખ. .. આહાહા..! એલા! સાધુ થઈને પણ આ કર્યું તેં? એવું અનંતવાર કર્યું છે. એકવાર નથી કર્યું. આહાહા..! આદિ વિનાના કાળ, અનંતકાળનો આ ઈતિહાસ એનો. આહાહા..! '**રાજાદિકકા સેવક હોવે...**' જોયું! માખણ ચોપડે, વખાણ કરે રાજના. કરોડપતિ, અબજપતિને પણ પંપાળે. ઓહોહો..! તમે તો ભારે ધર્મી ને તમે તો આવા. આહાહા..! રાજા, લક્ષ્મીવાળા '**સેવક હોવે ઈસપ્રકારકે વેષધારીકો સંસક્ત કહતે હૈં.**' પરિચય કરનારા એમ. મોટા રાજા હોય ને કરોડોપતિનો પરિચય કરનારા. પણ હવે તારે એનો પરિચય છે શું? ભગવાન આત્મા અંદર મૂકીને આ શું તારું? આહાહા..! ધર્મીનો પરિચય નહિ તો આવા બધા ફાટેલા પ્યાલા રાજા. આહાહા..! માંસ ખાતા હોય, લંપટી હોય, અબજોપતિની ઊપજ હોય એવા રાજાઓને રાજી રાખે. કહે છે કે મરીને ઢોરમાં જઈશ, દેવમાં જઈશ તો હલકો દેવ થઈશ. આહાહા..! અહીંયાં તો ચૈતન્ય ભગવાન આત્માનું માહાત્મ્ય જેને નથી આવતું, એને આ બીજા બાહ્ય પદાર્થના માહાત્મ્યમાં એનું માહાત્મ્ય છૂટતું નથી. એથી ક્યાં ને ક્યાં મરીને રખડે

ચાર ગતિમાં. આહાહા..! સાધુ થઈને પણ ઢેઢ જેવા દેવમાં જાય. આહાહા..!

'**જો જિનસૂત્રસે પ્રતિકૂલ,...**' વીતરાગ દૃષ્ટિ. આહાહા..! વીતરાગભાવ જે જિનસૂત્ર બતાવે છે એનાથી પ્રતિકૂળ. એને તો વ્યવહારની રુચિ, પુણ્ય અને પાપની. એના પ્રેમમાં ફસાણા એ જિનસૂત્રની આજ્ઞાનો અવિનય કરે છે. ભગવાનની આજ્ઞા તો વીતરાગભાવ કરવાની છે. જિનસૂત્રમાં વીતરાગભાવનું કથન છે. એ વીતરાગભાવ તો કાઢ્યો નહિ અને રાગની પોષણની વાતું કાઢી એ જિનસૂત્રથી પ્રતિકૂળ છે. આહાહા..! '**ચારિત્રસે ભ્રષ્ટ આલસી,...**' સ્વરૂપની ચારિત્રદશા નથી અને વ્યવહારના વ્રતના ઠેકાણા નથી એમ કહે છે. એવા આલસી '**વેષધારીકો અવસન્ન કહતે હૈં.**' અવસન્ન કહે.

'**ગુરુકા આશ્રય છોડકર એકાકી સ્વચ્છંદ પ્રવર્તે,...**' ગુરુને ભેગા રહે તો વિનય કરવો પડે, એની .. રહેવું પડે. છોડીને એકલા સ્વચ્છંદ પ્રવર્તે. '**જિન આજ્ઞાકા લોપ કરે,...**' આહાહા..! '**ઐસે વેષધારીકો મૃગચારી કહતે હૈં.**' જેમ મૃગલા, હરણિયા જેમ ચાલે એમ ચાલનારા એ બધા. આહાહા..! '**ઈનકી ભાવના ભાવે વહ દુઃખ હી કો પ્રાપ્ત હોતા હૈ.**' લ્યો! એવી રાગની ભાવના આ પ્રકારની એ દુઃખને જ પ્રાપ્ત થાય.

'**ઐસે દેવ હોકર માનસિક દુઃખ પાયે ઈસ પ્રકાર કહતે હૈં :—**' એ કહે છે વળી. એવો દેવ થાય માનસિક પીડાનો પાર ન મળે. આહાહા..! મારું હૃદય બળે છે. અંદર હળહળ સળગે છે એમ કહે છે દેવ. આહાહા..!

देवाण गुण विहूई इड्ढी माहप्प बहुविहं दट्ठुं।
होऊण हीणदेवो पत्तो बहु माणसं दुक्खं।।१५।।

'**અર્થ :- હે જીવ! તૂ હીન દેવ હોકર...**' હલકો દેવ થયો. '**અન્ય મહર્દ્ધિક દેવોંકે...**' મોટા મહર્દ્ધિક દેવોના ગુણ—પુણ્ય અને આબરૂ મોટી દેખી. '**વિભૂતિ...**' મોટા દેવની વિભૂતિ દેખીને બળતિયો મનમાં, માનસિક ચિંતામાં સળગી ગયો. મારા! આવા મોટા મોટા દેવ બેઠા. અમે પણ સાધુ હતા. આ તો આવા મોટા થયા. માનસિક પીડા. બહુમાન આપે નહિ, અપમાન જ્યાં હોય ત્યાં થાય. એવો '**ૠદ્ધિકા અનેક પ્રકારકા માહાત્મ્ય દેખકર...**' દેવની બહારની ૠદ્ધિ, ગુણ, વિભૂતિનું માહાત્મ્ય દેખીને '**બહુત માનસિક દુઃખકો પ્રાપ્ત હુઆ.**' આહાહા..!

'**ભાવાર્થ :- સ્વર્ગમેં હીન દેવ હોકર બડે ૠદ્ધિધારી દેવકે...**' ઘણા મોટા ૠદ્ધિવાળા દેવ દેખીને '**અણિમાદિ ગુણકી વિભૂતિ...**' ગુણની. અણિમા એટલે નાનુરૂપ કરવું હોય તો થાય. મોટું રૂપ કરવું હોય તો થાય. અણિમા એટલે નાનુ-મોટું આદિ. અણિમા મણિમા આવે છે ને. '**દેવાંગના આદિકા બહુત પરિવાર દેખે...**' પોતા કરતા દેવને ઘણી ઈન્દ્રાણી, દેવીઓ દેખે. દુઃખ થાય. આહાહા..! માનસિક જ્વાળાથી સળગે. આ કુંદકુંદાચાર્ય મહારાજ એમ કહે છે કે ભાઈ! તેં આત્માની દૃષ્ટિ કરી નહિ અને આવા સાધુપણામાં પણ જ્યારે ગયો, એમાં દેવમાં પણ તને માનસિક દુઃખ થશે.

મનમાં ચિંતાના દુઃખનો પાર ન મળે. મરે ત્યાં સુધી એનો કાંઈ ભવ ફરે એવો નથી. આહાહા..! હવે તો ટાણા આવ્યા બાપુ આ. એમ કહે છે. આહાહા..! હવે તો ફેરવ દૃષ્ટિ, એ રાગનો પ્રેમ અને રાગની રુચિ જૈનદર્શનમાં એને મિથ્યાત્વ કહે છે. ચાહે તો શુભરાગ હો, એનો પણ પ્રેમ ને રુચિને મિથ્યાત્વ કહે છે. એ અજૈનભાવના છે. આહાહા..!

મુમુક્ષુ :- અમારે માટે તો નથી.

ઉત્તર :- જેને હોય એને માટે છે.

મુમુક્ષુ :- સાધુને માટે છે?

ઉત્તર :- સાધુને એ બધા. સાધુની વાત કરી ત્યારે ઓલો તો આવી ગયો વચમાં. ક્યાં એ ગયો? આ તો સાધુ આવો થયો છતાં એને રાગની ભાવના ભાવી અને મરીને દુઃખી થયો એમ કહે છે. આહાહા..! અને એમાં ગૃહસ્થાશ્રમમાં જો ગૂંચવાણો બાયડી, છોકરા, આબરૂ, કીર્તિ ને ભોગ, મરી ગયો એમ ને એમ. .. ઢોરની જેમ અવતરે. આહાહા..! સમજાણું કાંઈ? એ પોતાનું જે કરવું એ કર્યું નહિ અને બહારથી માંડી બધી. આહાહા..! છોકરા ભણે, હુશિયાર થાય, અમારા જેવા થાય, હજાર-હજાર બે હજારના પગારવાળા થાય, સારી વહુ મળે સારા ઘરની. સુખી થાય. મરી ગયો હવે સાંભળને. ધૂળમાંય નથી. ત્યાં તો રાગનું વિકારનું પોષણ છે એકલું. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! આહાહા..! ભાઈ! તને એમાં દુઃખના સાધન તેં ઊભા કર્યા બધા આ તો. સારી જિંદગી ગાળી. પોતે ભણે, છોકરાઓને ભણાવે. પોતે ડોક્ટર હોય તો છોકરાને ડોક્ટર કરે. એટલે રાજી થાય ડોક્ટર. અને એની વહુ પણ ડોક્ટર થયેલી હોય એને રાખે. છોડીયું ડોક્ટર થાય છે ને અત્યારે? એટલે છોકરાની વહુને ... પછી બેય ડોક્ટર થાય. એટલે ખુશી થાય કે હા આપણે હવે છોકરાઓ...

મુમુક્ષુ :- બેય કમાયને.

ઉત્તર :- કમાય બે જણા. એય..! સ્વરૂપચંદભાઈ! કાલે કહ્યું હતું નહિ ઓલો ડોક્ટર. મોટા ડોક્ટર કાલે આવ્યા હતા બિચારા હો. ફોટો લીધો ને. એણે કીધું હશે, મહારાજ આવે ત્યારે મને બોલાવજો. મોટો ડોક્ટર. ઓફિસમાં એ આવ્યા હતા મળવા. બધા આવ્યા હતા. ફોટાથી આ બધું જોયું. ફોટામાં તો ન આવ્યું કાંઈ. થાય છે શું મહારાજ તમને? મેં કીધું તાવ આવે છે. બીજું કાંઈ છે નહિ. તાવ મટતો નથી. બીજું કાંઈ વિશેષ છે નહિ. દુઃખતું નથી, ફલાણું નથી, કાંઈ નથી. હવે એનું સાંભળ્યું ત્યાં એક છોકરો કેન્સરમાં મરી ગયો ડોક્ટર થઈને. જુઓ આ જગતના સખ. કેન્સર. સ્વરૂપચંદભાઈ! ચાર છોકરા છે. એક ડોક્ટર છે. અને આ બિચારો ડોક્ટર કહેતો હતો. કેન્સર થયું. બહુ આઘાત થયો. ભાઈ કહેતા હતા કાંતિભાઈ કુંડલાવાળા. એ આવ્યા હતા. કુંડલાવાળા છે ને? એ આવ્યા હતા. આ સાહેબ ને આ... આહાહા..! જુઓ આ ધૂળમાં અત્યારની. પુનર્જન્મની વાત કરી થોડી બહેનની અને રાજુલની. આ પુનર્જન્મ છે ત્યાં. લ્યો એની નક્કીના ઠેકાણા ન મળે. શું .. તમે ક્યાં ગયા? આહાહા..!

કીધું ને આ તમારો. જેઠાભાઈ! કોણ તમારો ઓલો? શિવલાલ. શિવલાલ પાનાચંદ. મોટો કલેક્ટર કલેક્ટર થયો. આઈસીએસ. સાડા ત્રણ હજારનો પગાર, જયપુરનો દિવાન થયો હતો. વાણિયો હતો વિશાશ્રીમાળી ... આવ્યો એકવાર. ૭૭ની સાલમાં બોટાદ. .. નોકરી કરી સાતસોનો પગાર. પછી તો સાડા ત્રણ હજાર વધી ગયો. મેં કીધું ભાઈ શિવલાલભાઈ! આ આત્મા છે એ કાંઈ વાંચ્યું છે આત્માનું? કહે હા વાંચ્યું છે. બહુ મગજ બહુ મગજ. આખા કપાટના કપાટ વાંચે અને યાદ રહે એવો માણસ. જ્યોર્જ એડવર્ડની સાથે ભણેલો. પહેલો નંબર એનો આવ્યો હતો. બીજો નંબર એડવર્ડનો આવ્યો હતો. પણ સરકાર આપે નહિ નંબર આને એટલે બીજો નંબર આપ્યો. ..માં. એ અમે પૂછ્યું. કહે, મેં વાંચ્યું છે પણ હજી આત્મા છે કે નહિ એ મેં નિર્ણય નથી કર્યો. આહાહા..! એના બાપા તમારા બાપની સાથે હતા. નાગરભાઈ સાથે હતા. નાગર.. મોસાણ ત્યાં હતું ને. ... શિવલાલભાઈનું મોસાણ ત્યાં. .. નાગરભાઈ સાથે હતા.

વ્યાખ્યાન પૂરું થયું. ૭૭ની વાત છે અને બરાબર આવ્યા અને બેઠા. આ મેં પૂછ્યું. કહે હજી નક્કી કર્યું નથી. ઓય માળા! આ ભણ્યા બધા. હજી આત્મા છે એમ નક્કી નથી કર્યું. કેવો છે ને કેમ છે? એ વળી એકકોર રાખો. અરર..! શું કર્યું પણ તેં આ? એ ૪૮ વર્ષની ઉંમરે મરી ગયો. સાડા ત્રણ હજારનો પગાર મહિને. કલેક્ટર ત્યાંનો દિવાન. કોણીએ કાંઈક થયું દર્દ. પહેલેથી કાંઈક હતું. ... ૪૮ વર્ષની ઉંમરે ખલાસ. ૪૮ હજી. જાવ દુનિયામાંથી નીકળી જાવ. આહાહા..! એના ઉતારા ક્યાં હોય બાપા? આહાહા..!

અહીં તો કહે છે કે એવા ભવ તો અનંતવાર કર્યા, પણ આ સાધુપણા લઈને પણ તેં ગોટા વાળ્યા. એ તો ગોટાળાના ધંધામાં પડ્યો એ તો ગોટા જ હતા ત્યાં. પણ ત્યાગી થઈને પણ તેં કર્યું શું? આહાહા..! એ શુભરસ અને રાગ કરી અને એમાં ને એમાં જિંદગી ગાળી. રાગ વિનાનો મારો નાથ ચૈતન્ય પ્રભુ કોણ છે? હું જે કહું છું એ ચીજ શું છે? એની એને દૃષ્ટિ અને જ્ઞાન કર્યા વિના આવા પાર્શ્વસ્થ સાધુ થઈ સ્વર્ગમાં અપમાન સહન કર્યા, માનસિક દુઃખ સહન કર્યા. આહાહા..! અબજો વર્ષ રહ્યા. અને ઓલાને ઋદ્ધિ બીજા દેવની ઋદ્ધિ મોટી દેખી જાય નહિ, સહી જાય નહિ. આહાહા..! મરણ નજીકમાં થાય નહિ. દેવનું તો આયુષ્ય છૂટે નહિ. દેવ તો જેટલું આયુષ્ય લઈને આવ્યો એટલું રહેવાના. આહાહા..! પ્રભુ! તેં અનાદિ અનંત તારો નાથ આત્મા. આહાહા..! જેમાં સંસારની કળાનો વિકલ્પનો પણ જેમાં અવકાશ નથી. આહાહા..! એવો વિજ્ઞાનઘન વીતરાગસ્વરૂપી પ્રભુ, એની સામું તેં જોયું નહિ. અને એનાથી વિમુખ, સન્મુખને મૂકીને વિમુખ તેં કામ કર્યા બધા. સાધુ થઈને પણ આવા કર્યા ભાઈ! જુઓને કુંદકુંદાચાર્યની એની .. બતાવવાની રીત બહુ.. સાધુ થયો તો ત્યાં આવું કર્યું ભાઈ! આહાહા..!

**‘સ્વર્ગમેં હીન દેવ હોકર બડે ઋદ્ધિધારી દેવકે અણિમાદિ ગુણકી વિભૂતિ દેખે તથા**

**દેવાંગના આદિકા બહુત પરિવાર દેખે...'** ઓહોહો..! આની આટલી આટલી દેવીઓ! મારે તો એકેય દેવી ન મળે. આ દેવી હોય તો સાધારણ હોય. આહાહા..! **'ઔર આજ્ઞા,...'** હુકમ કરે ત્યાં હજાર દેવ હાજર થાય. અહીં આજ્ઞા કરે કોઈ સાંભળે નહિ દેવ થાય તોપણ. આહાહા..! અને આજ્ઞા કરવા જાય તો લઈ લે ... આવું સાંભળીને દુઃખી થાય બિચારા દેવ. આહાહા..! **'આજ્ઞા, ઐશ્વર્ય...'** મોટપ દેખીને. આહાહા..! આની મોટપ એના શરીર, એની આબરૂ, એના દેવાંગના, એના દેવો, એના સામાન્ય દેવો. ઓહોહો..! આપણે તો માળે દેવ થયા એટલે પાછા ઢેઢ જેવા હલકા. આહાહા..!

**'માહાત્મ્ય દેખે તબ મનમેં ઈસપ્રકાર વિચારે કિ મૈં પુણ્યરહિત હૂં,...'** દેવ ... દેવ વિચારે અરે..! હું પુણ્યરહિત. **'યે બડે પુણ્યવાન હૈં,...'** મોટા પુણ્યવાન છે આ તો. આહાહા..! **'ઈનકે ઐસી વિભૂતિ માહાત્મ્ય ઋદ્ધિ હૈ, ઈસપ્રકાર વિચાર કરને સે માનસિક દુઃખ હોતા હૈ. '** મનમાં કલ્પનાના દુઃખનો પાર ન મળે. આહાહા..! અમારે આ દીક્ષા થઈ હતી જીવણલાલજીની... રાણપર. ભાઈ હતા ને તે દિ'. જયચંદભાઈને એ. જયચંદભાઈ, એક રાયચંદકુમાર, જીવનલાલજી .. ચાર. હવે એમાં એને .. જતાં એને એનું નામ વિશેષ ન ઠરાવ્યું. એણે કીધું આ .. છે મોટા ભાઈ એનું ઠરાવો નામ. પછી બળે... બળે... બળે... બળતા હતા. .. જ્વાળા સળગે છે કહે. શું છે પણ? આ બધા ત્રણેય શિષ્યોમાં મારું નામ પણ નહિ કોઈનું. બધા મૂળચંદજીના નામના. હવે શું છે હોળી? ૭૪ની વાત છે. ૭૫. આહાહા..! મહા વદ. ઓહોહો..! કેટલા વર્ષ થયા? ૫૫ વર્ષ થયા. એ કહેતા હતા હોં બળતરા થાય. બહુ મને થાય. શું છે પણ? આ બધું મૂળચંદજીના નામ બતાવે. મારું નામ લેતા નથી. પણ એમ કે .. રાયચંદ કુમાર... એનું નામ મારામાં હતું. આ જગજીવન ... જયચંદજી તો .. હતા. ત્યાં પછી ગુલાબચંદ. જીવણલાલજી, મગનલાલજી, ફુલચંદનું નામ લે. મેં જ કીધું હતું. આ બળતરા છે શેઠ! પણ દેવમાં બળતરાનો પાર ન મળે. મોટા પુણ્યવંત ઋદ્ધિવાળા દેખી બાપુ દાઝી ગયો, બળી ગયો તું ત્યાં. ભાઈ! તને આત્માની વીતરાગતા ભાવની ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ?

એ રાગરહિત પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાનની મહિમાનો પાર ન મળે. એ મહિમા તેં કરી નહિ. અને રાગના ફળ અને રાગની મહિમામાં ગૂંચવાઈ ગયો તું. આહાહા..! એ **'માનસિક દુઃખ હોતા હૈ...'** આહાહા..! આચાર્યની કેવી શૈલી છે! સાધુ થયો પણ આવી ભાવના ભાવી, સ્વર્ગમાં ગયો ત્યાં પણ દુઃખી થયો પ્રભુ તું. આહાહા..! તારા કરતા વધારે ભાવવાળા વીતરાગી દૃષ્ટિવાળા શુભભાવવાળા, પુણ્યવાળા સ્વર્ગમાં જાય તો મોટી ઋદ્ધિને પામે એ તો. આહાહા..! તું ત્યાં જઈને હલકો દેવ થઈશ, દુઃખી થઈશ. જોઈ નહિ શકે તું એની વિભૂતિ, એની ઈશ્વરતા, એની આજ્ઞા, એની ઈન્દ્રાણીનો પરિવાર. આહાહા..! માટે કહે છે, ટાણા આવ્યા ભાઈ હવે તો કર. એમ કહે છે. આહાહા..! મૂકને હોળી બધી પડતી. પ્રભુ પોતે ચૈતન્ય સ્વભાવ ભગવાન વીતરાગ મૂર્તિ એની સામું જોને. આહાહા..! ત્યાં તારા કલ્યાણના પંથ પડ્યા છે જા. આહાહા..! જન્મ-જરા-મરણના ઉદ્ધારનો પંથ ત્યાં છે.

'ઐસી વિભૂતિ માહાત્મ્ય ઋદ્ધિ હૈ, ઈસપ્રકાર વિચાર કરનેસે માનસિક દુઃખ હોતા હૈ.'

'આગે કહતે હૈં કિ અશુભ ભાવનાસે નીચ દેવ હોકર ઐસે દુઃખ પાતે હૈં, ઐસા કહકર ઈસ કથનકા સંકોચ કરતે હૈં :—'

चउविहविकहासत्तो मयमत्तो असुहभावपयडत्थो।
होऊण कुदेवत्तं पत्तो सि अणेयवाराओ।।१६।।

'**અર્થ :-** હે જીવ! તૂ ચાર પ્રકારકી વિકથામેં આસક્ત હોકર,...' આહાહા..! સ્ત્રીકથા, સ્ત્રી આવી હોય ને સ્ત્રી આવી હોય, સ્ત્રી આવી હોય એ વિકથા, પાપકથા એમાં મશગુલ રહ્યો તું. આહાહા..! '**ભોજનકથા...**' ભોજન આવા હોય, લાપસી આવી થાય, આવા લાડવા આવા થાય, ફલાણું આવું હોય, ઢીકણા આવે, એની મીઠાશ ઝાઝી હોય. આહાહા..! એવી સ્ત્રીકથા, ભોજકથા, દેશકથા. દેશમાં આવું થયું ને આ દેશમાં આવું અને આ દેશમાં આવું. હવે તારે શું કામ છે? અને '**રાજકથા,...**' એ ચાર વિકથામાં પડ્યો.

'**ચાર પ્રકારકી વિકથામેં આસક્ત હોકર, મદસે મત્ત...**' અમને પણ આવડે છે કથા કરતા, અમને પણ આવડે છે. જુઓ બીજા આ બધા નમાલા બોલતા પણ આવડતું નથી ને શું આવડે? એમ કેટલાક હોય ને વાતું કરતા એવી આવડે.. એવી આવડે... ... જાણનાર. ઓહોહો..! '**મદસે મત્ત ઔર જિસકે અશુભ ભાવનાકા હી પ્રકટ પ્રયોજન હૈ...**' લ્યો! એને તો અશુભભાવનાનું જ પ્રયોજન છે કહે છે. '**ઈસપ્રકાર અનેકબાર કુદેવપનેકો પ્રાપ્ત હુઆ.**' એવા ભાવથી કુદેવ થયો ખરો (કેમકે) અંદર શુભભાવ હતો. આહાહા..! મિથ્યાદૃષ્ટિ વિરાધક થઈ અને સ્વર્ગમાં ગયો, માનસિક દુઃખથી પીડિત છે એ વીતરાગ દૃષ્ટિ વિના, સમ્યગ્દર્શન વિના. જિનભાવના વિના.

'**ભાવાર્થ :- સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા ઔર રાજકથા, ઈન ચાર વિકથાઓંમેં આસક્ત હોકર વહાં પરિણામકો લગાયા...**' મશગુલ વાતું કરે. આહાહા..! સ્ત્રીની વાતું, ભોજનની વાતું, જાણે દેવનો દીકરો ઉતર્યો. એવી બધી વાતું કરે. આનું આમ થાય ને આનું આમ થાય. શું છે પણ હવે? તારા આનંદનું ભોજન મૂકીને આ વાતું શેની તેં માંડી આ બધી? આહાહા..! અતીન્દ્રિય આનંદનું ભોજન પ્રભુ! તારી ચીજ છે. આહાહા..! એ જિનભાવના છે. અતીન્દ્રિય આનંદ એવો નાથ આત્મા એનો અનુભવ એ આનંદનું ભોજન છે. એને મૂકીને આવી બધી વાતું મૂકીને ભોજન ને રાગ ને દેશની. એમાં '**લગાયા તથા જાતિ આદિ આઠ મદોંસે ઉન્મત્ત હુઆ,...**' અમે મોટા ઘરના છીએ, અમારી માતાઓ મોટા ઘરની દીવાનની દિકરી, એના અમે દીકરા, શું છે પણ હવે? આહાહા..! મોટા રાજાના કુંવર છીએ, ગર્ભશ્રીમંત છીએ અમે, અમે ગર્ભમાં આવ્યા ત્યારથી અમારા પિતાશ્રી પૈસાવાળા, કરોડોપતિ, અબજોપતિ હતા. એથી શું થયું? તારે શું થયું? આહાહા..! કહો, સમજાણું કાંઈ? એવા જાતિ, કુળ, મદ, ઐશ્વર્ય.

'**મદોંસે ઉન્મત્ત હુઆ,...**' પોતાની જાણેલી વિદ્યાના ભણતરના મદમાં ગાંડા થઈ ગયા કહે છે. ઉન્મત્ત થઈ ગયા. આહાહા..! '**ઐસી અશુભ ભાવના હી કા પ્રયોજન ધારણ કર અનેકવાર નીચ દેવપનેકો પ્રાપ્ત હુઆ, વહાં માનસિક દુઃખ પાયા.**' માનસિક દુઃખ ત્યાં. અહીં પોકળ ત્યાં ખુલ્લું થઈ ગયું કહે છે. હલકા દેવ થઈ મોટા દેવને જોઈને દુઃખી થયો માનસિક. આહાહા..! '**યહાં યહ વિશેષ જાનને યોગ્ય હૈ કિ વિકથાદિકસે તો નીચ દેવ ભી નહીં હોતા હૈ,...**' અહીં તો વિકથા પામીને દેવ થયા એમ કીધું ને? '**પરંતુ યહાં મુનિકો ઉપદેશ હૈં, વહ મુનિપદ ધારણકર કુછ તપશ્ચરણાદિક ભી કરે...**' કાંઈક વ્રત પાળે, થોડા તપસ્યા, અપવાસ આદિ કરે. '**ઔર વેષમેં વિકથાદિકમેં રક્ત હો...**' એમ. કાંઈક એકલી વિકથાથી સ્વર્ગમાં ન જવાય. પણ એ વેષમાં બ્રહ્મચર્ય હોય, કાંઈક તપસ્યા હોય અને એની સાથે આ બધી વિકથાઓ હોય. આહાહા..!

'**વેષમેં વિકથાદિકમેં રક્ત હો તબ નીચ દેવ હોતા હૈ, ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો! આહાહા..! આ જીવનો ઈતિહાસ બધો અજ્ઞાનનો. આહાહા..! તારા ઘરમાં ઋદ્ધિ, સમૃદ્ધિ પડી છે એની તો તને ખબર ન મળે. એના જ્ઞાન નહિ, એની રુચિ નહિ, એનો આશ્રય નહિ, એનો આદર નહિ. અને આવા મુનિપણા લઈને પણ આવી વિકથા આદિમાં પડ્યો, ભલે દેવ થાય શુભભાવથી પણ હોય તો ખરો. આહાહા..! દુઃખી થઈશ પ્રભુ ત્યાં. માટે સમ્યગ્દર્શનને પ્રગટ કર. આહાહા..! એના સંસ્કાર તો કર કે આ ચિદાનંદ ભગવાન વીતરાગીમૂર્તિ પ્રભુ એ હું છું. મારામાં રાગ અને સંસારની કોઈ ચીજ છે જ નહિ. આહાહા..! એવી પ્રતીતિના સંસ્કાર તું નાખ કે જેથી તને સમ્યગ્દર્શન, અનુભવ થઈને મુક્તિ થશે. આહાહા..! કરવાનું તો આ છે. કહો, સમજાણું કાંઈ? એ પૈસા ખર્ચ્યા, આ કર્યા ને તે કર્યા. બધી વાતું બાપા શેના અભિમાન? '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો!

'**આગે કહતે હૈં કિ ઐસી કુદેવયોનિ પાકર...**' કુદેવની યોનિમાં ઉત્પન્ન થયો અનંતવાર '**વહાં સે ચય જો મનુષ્ય તિર્યંચ હોવે,...**' ત્યાંથી આવીને મનુષ્ય અને તિર્યંચ થાય. '**વહાં ગર્ભમેં આવે ઉસકી ઈસપ્રકાર વ્યવસ્થા હૈ :—**' લ્યો! દેવ આવો થયો અને મરીને પાછો માણસમાં આવ્યો જ્યારે. આહાહા..! '**હે મુનિપ્રવર!**' એમ કહ્યું છે ને જુઓ!

**असुईबीहत्थेहि य कलिमलबहुलाहि गब्भवसहीहि।**
**वसिओ सि चिरं कालं अणेयजणणीण मुणिपवर।।१७।।**

'**અર્થ :- હે મુનિપ્રવર!**' સંબોધીને.. દ્રવ્યલિંગ છે ને. '**તૂ કુદેવયોનિસે ચયકર...**' એવા કુદેવમાં અપમાનમાં રહ્યો. દુઃખી ત્યાંથી ઊપજીને આવ્યો. '**અનેક માતાઓંકી ગર્ભકી વસ્તીમેં બહુત કાલ રહા.**' આહાહા..! માતાના પેટમાં ઉંધે માથે. આહાહા..! ભૂલી ગયો પણ માળો. બહાર જ્યાં આવે ત્યાં થઈ રહ્યું. એમાં જરી અવયવો મોટા થાય, શરીર પાંચ ઈન્દ્રિય કાંઈક તરવરતું થાય.

થઈ રહ્યું ભૂલ્યો. આહાહા..! '**ગર્ભકી વસ્તીમેં...**' ગર્ભની વસ્તી એટલે પેટમાં અંદર. '**બહુત કાલ રહા.**' શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે કોઈ કોઈ તો બાર બાર વર્ષ સુધી ગર્ભમાં રહે. થોર થોર કહે એને. સવા નવ મહિને જન્મે એ તો વળી .. છે. કોઈ કોઈ વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ, બાર વર્ષ સુધી પેટમાં ગર્ભમાં થોર રહે એવો પાઠ છે. અને ત્યાં મરીને વળી ફરીને જાય ત્યાં પણ બાર વર્ષ. ચોવીસ વર્ષની વાત છે .. ગર્ભમાં રહેવાની ચોવીસ વર્ષની. બે ભવ. આહાહા..! એવું અનંતવાર થયું છે તને. અહીં જરી સગવડતા બહારની ભાળી, બસ થઈ રહ્યું. ઓહોહો..! એને એમ કે શું ફાવ્યો! બાપુ! હારી ગયો છો ભાઈ!

ભગવાન આત્માના અનંતગુણની મહિમાની તને ખબર ન મળે. જેની પ્રભુતાની પર્યાય પાસે ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા લાગે એવો તારો નાથ આત્મા. આહાહા..! જેના એક ક્ષણની શાંતિ અને શ્રદ્ધા આગળ ઈન્દ્રના હજારો, કરોડો ઈન્દ્રાણીના ભોગ સડ્યા મિંદડાના, કૂતરાના સડેલા (કલેવર) જેમ હોય એમ દેખે. આહાહા..! એવો તારો નાથ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ મહિમા કરવાલાયક, એની તો તે મહિમા કરી નહિ. અને બહારની મહિમામાં ગૂંચાઈ ગયો. ઓહોહો..!

'**કૈસી હૈ વહ બસ્તી?**' આ તો ઘણો કાળ રહ્યો એમ કહ્યું છે ને? સવા નવ મહિના તો બરાબર છે. કોઈક સાત મહિને પણ જન્મે છે. '**અશુચિ અર્થાત્ અપવિત્ર હૈ,...**' અહીં તો એકલું અપવિત્ર સ્થાન છે ત્યાં રહ્યો. આહાહા..! '**બીભત્સ (ઘિનાવની) હૈ...**' જેમાં ઘૃણા ઊપજે એવી સ્થિતિ ત્યાં છે. જેમાં રહ્યો એ તો ઘૃણા ઊપજે એવી. આહાહા..! એમાં સવા નવ મહિના રહ્યો, એ દેવમાંથી આવ્યો તો અહીં આવ્યો પાછો દુઃખી. '**ઔર ઉસમેં કલિમલ બહુત હૈ અર્થાત્ પાપરૂપ મલિન મલકી અધિકતા હૈ.**' આહાહા..! ત્યાં પરિણામ પણ મલિન છે અને મલિનતાના ઘેરાવામાં શરીર પડ્યું રહ્યું.

'**ભાવાર્થ :- યહાં મુનિપ્રવર ઐસા સંબોધન હૈ સો પ્રધાનરૂપસે મુનિયોંકો ઉપદેશ હૈ.** ' મુનિ નામ હોય ને એને ઉપદેશ દે છે. મુખ્યપણું એ છે. '**જો મુનિપદ લેકર મુનિયોંમેં પ્રધાન કહલાવે...**' એમ મુનિપ્રવર છે ને શબ્દ? મોટા મુનિ કહેવડાવે, લાખો માણસો જેની સભામાં આવે. એથી શું થયું ભાઈ? આહાહા..! મુનિઓમાં મુખ્ય-પ્રવર કહેવાય. '**શુદ્ધાત્મરૂપ નિશ્ચયચારિત્રકે સન્મુખ ન હો,...**' લ્યો! શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્માની સન્મુખ તો છે નહિ. આહાહા..! શુદ્ધ ભગવાન ચિદાનંદમૂર્તિ પ્રભુ, એવું એનું નિશ્ચય ચારિત્ર જે સન્મુખ એ તો છે નહિ. આહાહા..! અંતરના સન્મુખથી તો વિમુખ છે બહારમાં. આહાહા..!

'**ઉસકો કહતે હૈં કિ બાહ્ય દ્રવ્યલિંગ તો બહુતબાર ધારણ કર ચાર ગતિયોંમેં હી ભ્રમણ કિયા,...**' જોયું! બાહ્ય દ્રવ્યલિંગ જૈનમુનિપણું બહુતબાર-અનંતવાર ધારણ કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ત્યાં બીજો (એમ) કહે છે, એ તો અભવિને માટે કહ્યું છે. આહાહા..!

માળા ગજબ કરે છે ને. એ તો અભવિને માટે છે, ભવિ નહિ, ભવીને તો ચારિત્ર હોય એને કલ્યાણ થાય જ. ક્યું ચારિત્ર? અણુવ્રત અને મહાવ્રત. આહાહા..! ભાઈ! અણુવ્રત અને મહાવ્રત તો બધો વિકલ્પ રાગ છે. અંદરમાં સન્મુખ થઈને દૃષ્ટિમાં ઠર્યો છે. સ્વભાવની ચૈતન્ય દૃષ્ટિ થઈ, એમાં એ લીનતા થઈ છે, એને ચારિત્ર કહેવામાં આવે છે. એ કાંઈ બાહ્ય ભેખ ને વ્રત એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..! આ તો ચારિત્ર લઈને પણ આ મૂંઝાણો કહે છે. આહાહા..!

'દેવ ભી હુઆ...' '**દ્રવ્યલિંગ તો બહુતબાર ધારણકર ચાર ગતિયોંમેં હી ભ્રમણ કિયા,...**' લ્યો ચાર ગતિ લીધી એય..! કારણ કે સ્વર્ગમાં ગયો પણ પાછો મનુષ્ય થઈ, ઢોર થઈને ચાર ગતિમાં રખડ્યો. '**દેવ ભી હુઆ તો વહાં સે ચયકર ઈસપ્રકારકે મલિન ગર્ભવાસમેં આયા,...**' આહાહા..! '**વહાં ભી બહુતબાર રહા.**' ગર્ભમાં પણ ઘણો કાળ રહ્યો, અનંતવાર રહ્યો. તિર્યંચ ને મનુષ્યપણે અવતાર ધારણ જ્યારે કર્યા ત્યારે ગર્ભમાં અનંતવાર રહ્યો તું. આહાહા..! આ તારો ઈતિહાસ છે. આહાહા..! એક સમ્યગ્દર્શન અને જિનભાવના વિના... કંઈપણ ઊંડે... ઊંડે... ઊંડે... રાગનો પ્રેમ અને રાગનો રસ, આહાહા..! રાગમાં કંઈક ઠીક છે અને એનાથી મને કલ્યાણ થશે-એવી જે મિથ્યાત્વ રુચિ એને લઈને મુનિપણું લીધું છતાં ચાર ગતિના દુઃખો જોયા. '**મલિન ગર્ભવાસમેં આયા, વહાં ભી બહુતબાર રહા.**' આહાહા..!

'**આગે ફિર કહતે હૈં કિ ઈસપ્રકારકે ગર્ભવાસસે નિકલકર જન્મ લેકર માતાઓંકા દૂધ પિયા :—**' લ્યો! આહાહા..!

**पीओ सि थणच्छीरं अणंतजम्मंतराइं जणणीणं।**

**अण्णाण्णाण महाजस सायरसलिलादु अहिययरं।।१८।।**

'**અર્થ :- હે મહાયશ! ઉસ પૂર્વોક્ત ગર્ભવાસમેં અન્ય-અન્ય જન્મમેં...**' નવા નવા જન્મમાં. '**અન્ય-અન્ય માતાકે સ્તનકા દૂધ તૂને...** ' આહાહા..! '**તૂને સમુદ્રકે જલસે ભી અતિશયકર અધિક પિયા હૈ.**' અનંતા દરિયા ભરાય તારા માતાના દૂધ પીધા એના. આહાહા..! એવી અનંતી માતાઓના એ જન્મીને તેં દૂધ પીધા. આહાહા..! ભાઈ! તને તારી ખબર ન મળે. એ દૂધના દરિયા ભરાય અનંતા એટલીવાર માતાના દૂધ પીધા તેં.

મુમુક્ષુ :- લાંબો કાળ આવો ગયો.

ઉત્તર :- ગયો ને અનંતકાળ ગયો છે. અનંત અનંત કાળ. આહાહા..! અનંત ને અનંતગુણા ગુણે વર્ગે એવો અનંતકાળ ગયો છે. અનંત વર્ષનો એક ભવ ગણો તોપણ અનંતભવ થાય. અનંત વર્ષે એક ભવ ગણે તો એવા અનંતભવ થાય. આ તો ૨૫-૫૦ વર્ષ ને ૬૦ વર્ષ રહે. આહાહા..! માતાના પેટમાં પણ તે આ રીતે નીકળ્યો ત્યારે દૂધ પીધા. એ જનનીના દૂધ તેં માતાના પીધા. એ અનંતા દરિયા ભરાય પ્રભુ! હવે તું બસ કર હવે. એમ કહે છે. આહાહા..! '**अहिययरं**' એમ છે ને. અતિશયકર અધિકતર.

દરિયાથી પણ અધિકતર 'પિયા હૈ.' આહાહા..!

**'જન્મ-જન્મમેં અન્ય-અન્ય માતાકે સ્તનકા દૂધ ઈતના પિયા કિ ઉસકો એકત્ર કરેં તો સમુદ્રકે જલસે ભી અતિશયકર અધિક હો જાવે. યહાં અતિશયકર અર્થ અનંતગુણા જાનના,...'** લ્યો! એ તો અતિશય શબ્દ અનંતગુણું, અનંતગુણું બાપુ! આહાહા..! માતાના એક સમયનું દૂધ પીધું એવા એવા અનંતા ભવના દૂધ, અનંતા દરિયા ભરાય. આહાહા..! **'અનંકાલકા એકત્ર કિયા હુઆ દૂધ અનંતગુના હો જાતા હૈ.'** લ્યો! આવો તારો ઈતિહાસ પ્રભુ! હવે તો ઠરી જાને. એમ કહે છે. આહાહા..! તારા ઘરમાં હવે તો આવ. બાહ્યઘર તો આવા ફર્યો અનંતવાર દુઃખી થઈને. શુદ્ધભાવનાની પ્રતીતિ અને રુચિ ને અનુભવ કરાવવા આ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૯, બુધવાર તા. ૧૬-૦૧-૧૯૭૪**
**ગાથા - ૧૯ થી ૨૭, પ્રવચન - ૯૦**

આ અષ્ટપાહુડનું ભાવપાહુડ. ૧૯મી ગાથા છે ને? આચાર્ય મહારાજ અનંત સંસારમાં અત્યાર સુધી કેવો દુઃખી અને કેટલા ભવભ્રમણ કર્યા એને એ સમજાવે છે. ભાઈ! તું અનંતકાળનો છો. તારી ચીજની યાદગીરી ને સ્મરણ વિના અનંતા એવા ભવ તેં કર્યા એનો પાર નથી અનંતનો.

तुह मरणे दुक्खेण अण्णण्णाणं अणेयजणणीणं।
रुण्णाण णयणणीरं सायरसलिलादु अहियथरं।।१९।।

હે જીવ! **'અર્થ :- હે મુને!'** અહીં કહ્યું. મુનિને સંબોધીને છે ને. દ્રવ્યલિંગી સાધુ થયો તોપણ આત્મા શું ચીજ છે એના તરફની દૃષ્ટિ કરી નહિ એણે. તો કહે **'હે મુને! તૂને માતા કે ગર્ભમેં રહકર...'** માતાના પેટમાં-ગર્ભમાં રહીને **'જન્મ લેકર...'** વળી જન્મ લીધો. અને **'મરણ કિયા, વહ તેરે મરણસે અન્ય-અન્ય જન્મમેં...'** તારા મરણથી અનેરા-અનેરા જન્મમાં અને **'અન્ય-અન્ય માતાકે રૂદનકે...'** અનેરી-અનેરી માતાના રૂદન થયા. આહાહા..! પાંચ પાંચ વર્ષ, આઠ-આઠ, દસ-દસ વર્ષનો છોકરો થઈ મરી ગયો અનેરી અનેરી માતાના જન્મે. ભાઈ! તારા રૂદન માતાના એટલા થયા કે એ નીર ભેગા કરે, એ **'રુદનકે નયનોંકા નીર એકત્ર કરે તબ સમુદ્રકે જલસે ભી અતિશયકર અધિકગુણા હો જાવે અર્થાત્ અનંતગુણા હો જાવે.'** ભૂલી ગયો એ. અનંતા જન્મ-મરણ. જુવાન ૨૫-૨૫ વર્ષનો છોકરો જુવાન .. મરે. વળી જન્મે ને મરે. એવી અનેરી-અનેરી માતાના

રૂદન-રૂદન. આહાહા..! આંસુની ધારા ચાલે એ નીરના સમુદ્ર ભરાય અનંતા એટલા તો રૂદનના આંસુના નીર છે. આહાહા..! એમાં તને આ પરમાં હોંશ ને ઉત્સાહ આવે છે. એમ કહે છે. આવા અનંતવાર જન્મ-મરણ કરી ચુક્યો તું અને એના આંખના પાણી અનંતા દરિયા ભરાય એટલા. આહાહા..!

જે આ સમ્યગ્દર્શન એટલે આત્મદર્શન. અભેદ સત્યાર્થ વસ્તુ પોતાની અપેક્ષાએ તો આ બધું અસત્ય છે બાહ્ય ચીજો બધી. અને પોતાની ત્રિકાળ અપેક્ષાએ તો પર્યાય પણ અભૂતાર્થ અને અસત્યાર્થ છે. પોતાના ત્રિકાળ અભેદ અપેક્ષાએ તો એના ગુણનો ભેદ પણ અસત્યાર્થ છે. આહાહા..! એવા સત્યાર્થ ભગવાન આત્મામાં તેં દૃષ્ટિ ન આપી. આવા જન્મ-મરણ કરી દુઃખી-દુઃખી (થયો). શેના તને હરખ આવે છે ભાઈ? સરખી જરી અનુકૂળતામાં શું તને હરખ આવે છે? પ્રતિકૂળતામાં શેના તને દ્વેષ આવે છે? ભગવાન આત્મા સત્યાર્થ પ્રભુ, ચૈતન્ય સત્ય સાહેબ પૂર્ણાનંદ પ્રભુ, એને તો તેં નજરે કર્યો નહિ, દૃષ્ટિમાં લીધો નહિ, આશ્રય કર્યો નહિ, મારા તરીકે એ સત્યાર્થને માન્યું નહિ. સમજાણું કાંઈ? અને જે ચીજ નથી એની એણે મારા તરીકે માનીને રખડ્યો છે.

**'આગે ફિર કહતે હૈં કિ જિતને સંસારમેં જન્મ લિયે...'** આટલા પ્રભુ તેં જન્મ લીધા છે .. તરીકે. **'ઉનમેં કેશ, નખ, નાલ...'** નાળ નાભિમાં નાળ કાપે છે ને એ. **'નાલ કટે...'** એનો કટકો કરીને એક એક નાળનો, કેશનો, નખનો **'ઉનકા પુંજ કરે તો મેરુસે ભી અધિક રાશિ હો જાય :'**

**भवसायरे अणंते छिण्णुज्झिय केसणहरणालट्ठी।**
**पुञ्जइ जइ को वि जए हवदि य गिरिसमधिया रासी।।२०।।**

**'અર્થ :- હે મુને! ઈસ અનંત સંસાર સાગરમેં તૂને જન્મ લિયે...'** આવા જન્મ ધારણ કર્યા, નાથ! મુનિને સંબોધીને કહે છે ને જુઓને. આહાહા..! **'ઉનમેં કેશ, નખ, નાલ...'** જન્મે ત્યારે આ નાળ કાપે છે ને? એનો એક કટકો કરીને કરે તો અનંતા મેરુ ભરાય ભાઈ! આહાહા..! એટલા તો તેં જન્મ-મરણ કર્યા. એમાં એક શરીર કાંઈક ઠીક મળે એટલે એમાં ને એમાં આખો .. આહાહા..! શરીરની સંભાળ કરતા કરતા જિંદગી અનંત ગઈ તારી ભાઈ! આ એમ કહે છે. એવા અનંતા ભવ કર્યા. પોતાનો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ અસ્તિ શાશ્વત ચૈતન્ય બિરાજે છે, એના ઉપર નજર કરવાનો અવસર પણ લીધો નહિ. આહાહા..! એમ કહે છે. આવા આવા અવતાર પ્રભુ તેં કર્યા.

કુંદકુંદાચાર્ય દેવ જુઓ ભાવપાહુડમાં, તેં અશુદ્ધભાવ પુણ્ય અને પાપ કરીને એના ફળ તરીકે અનંતા જન્મ-મરણ કર્યા. તારી તેં દયા ન કરી. જેવડો અને જેવો આત્મા છે એવો એને શ્રદ્ધામાં લે ત્યારે તેને દયા કહેવાય. પૂર્ણ આનંદ અને અભેદ સત્યાર્થ પ્રભુ એ સત્યાર્થ વસ્તુ ત્રિકાળ એને શ્રદ્ધામાં, જ્ઞાનમાં લે ત્યારે તેને એ જીવન જીવનું જીવન, એનો એને શ્રદ્ધા અને સ્વીકાર થયો ત્યારે તેને પોતાની દયા પાળી. એ આવડો છે એવું એણે માન્યું. એ સિવાય રાગવાળો, પુણ્યવાળો, શરીરવાળો... આહાહા..!

આ શરીરના અવયવો જરી ઠીક હોય એ એમ માને કે આ મારા. અરે..! ભગવાન શું કરે છે તું આ? આહાહા..! તારા અસંખ્ય પ્રદેશ અવયવમાં અનંતો આનંદ અને અનંતી શાંતિ તારા જ્ઞાનમાં પડી છે ને. એની સામું જોવાને, એને માનવાને, આવી મહાપ્રભુ ચીજ તારી એને અનુભવવાનો તને વખત ન મળે? એમ કહેવા માગે છે. આવા બધા વખત ગાળ્યા તેં નાથ! પણ તારી તને દયા ન આવી. આહાહા..! પરની દયા કરવા નીકળી ગયો. વિકલ્પ થયો. પરની દયા ક્યાં પાળી છે?

આ ટીકા તે જુઓને વર્ણન કરે છે ભાવપાહુડમાં. તારા એક એક જન્મ-મરણનો એક એક કટકો લીધો તે થોડો. એવા અનંતા મેરુ ભરાય એટલા ઢગલા થયા પ્રભુ! શેમાં તને રાજીપો આવે છે? કઈ ચીજમાં તારું વીર્ય ઉલ્લસિત થાય છે? એ પરમાં તારું વીર્ય ઉલ્લસિત થાય એમાં પ્રભુ તેં આવા અનંતા ભવ કર્યા છે ને. આહાહા..! એકનો ધણી મરી ગયો છોકરો એને .. પગમાં .. આ પગની આ શું કહેવાય? પગની નાળ. એમાં ક્ષય થયો ક્ષય. પગની હોય ને... આ હાડકુ નહિ ઉપરનું? આ પગનું હાડકું નહિ આ? એમાં ક્ષય થયો હતો ક્ષય. સમજ્યા કે નહિ? આ. આ. ઘુંટી. જોયું છે ને નજરે જોયું છે. વ્હોરવા ગયા હતા. જુવાન છોકરો. એના બાપનો બાપ હતો. એની બા તો મરી ગયા હતા. આહાહા..! દામનગરમાં છે. એ છોકરો મરી ગયો અને મડદું કાઢ્યું બહાર, એ પાછળ એની મા. અમે અપાસરામાં બેઠેલા. અપાસરા પાસે નીકળે. ધડાક ધડાક... પડે. બધા. આહાહા..! છાતી કુટે. અરે..! ભાઈ! એમ કરે. બે ડગલા ઉછળે આમ ચાલે. આહાહા..! આવા મરણ પણ અનંતવાર કર્યા, ભાઈ! આહાહા..! તારી મા આમ પછાડીયા ખાઈને મરી પાછળ. આહાહા..!

દામોદરશેઠ એનો દીકરો. જુવાન દીકરો હતો. પૈસાવાળા માણસ. તે દિ' પૈસાવાળા દસ લાખ એટલે. હવે તમારે પાંચ-દસ લાખ ને વીસ લાખ. તે દિ' તો... એય..! ચીમનભાઈ! તમારા સગાની કિંમત હતી તે દિ'. પૈસાવાળા દસ લાખ. છોકરો જુવાન, છ મહિનાના લગને મરી ગયો. છ મહિનાનું લગન. .. પંજાદાર છોકરો હતો. રાયચંદ. પુનામાં ભણેલ. ગૃહસ્થ માણસ એટલે પૈસા આપી... કર્યો ખર્ચ. પુસ્તકો... આપતા બિચારા. ગુંજાનો ખર્ચ કરીને આપતા મહિને. એટલે એ .. બહુ હુશિયાર હતો. ..બાપુજી! મહીને બસ્સો રૂપિયા તો ખર્ચના મારે જોશે હોં. અમે ગૃહસ્થના ઘરે અવતર્યા છીએ હોં. મહિને બસ્સો રૂપિયા ગુંજાના ખર્ચના જોશે. કાકાને પાલવે તો આપો નહિતર તમારા નામે લખો. એ આપ્યા બસ્સો-બસ્સો ખર્ચ. પણ પરણાવ્યો, બે મહિના .. એના મકાન ને એના ઢોલિયા ને એના પાટીયું .. બનાવીને બબ્બે મહિના. આ નથી આપણે ભાઈ કહેતા લાડકા લાડુ દઈને એનાથી કરે છે. એવી વાતું આવે છે. એ બધું ત્યાં કરેલું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા તે દિ' તો એ લોકોનું આમ સાંભળ્યું છે. બબ્બે મહિનાની તૈયારી ભાઈ! લગ્ન થયા વૈશાખમાં. આસો મહિને ઉડી ગયો. આહાહા..! દામોદર શેઠ કહેતા હતા બિચારા. મરી ગયો ત્યારે

અમને બહુ નહોતું લાગતું, પણ પછી એના મોસાળિયા ગૃહસ્થ લીંબડી. કેવા? કોઠારી? ..લાલ દીવાન હતા. એ લાંઘ્યું લઈને આવ્યા .. બાયું .. રોવરાવે. રોવરાવે. ઓહોહો..! અને બજારમાં કાળાકેરમાં લાંઘ્યું નીકળ્યું અને પોકાર. દામોદર શેઠ કહે તે દિ' મને દુઃખ લાગ્યું કહે. મરી ગયો પણ આ એવી .. કરે આહાહા..! અરે..! બાપુ! શેના મરણ ભાઈ? એવા મરણ તો તેં અનંતવાર કર્યા છે. એની મા ભાઈ! રાતે રોતી રોતી કહે. .. શેઠ તો ...વાળો માણસ હતો. રાતે જરી બારણું ઉઘાડીને જોવે તો ખાટલામાં રોતી હોય મા. પૈસા હોં દસ લાખ તે દિ' ૬૦ વર્ષ પહેલાં. મરી ગયો. ઝુરી ઝુરીને મરી ગયો બિચારો છોકરો. શેના બાપા તને સખ? આહાહા..! આ તો નજરે જોયેલી વાતું છે. ૭૫ની વાત છે લ્યો. ૭૫. ૧૯૭૫ના વૈશાખમાં લગન, ૧૯૭૫ આસો મહિનામાં આયુષ્ય પૂરું. જુવાન જોધ .. એના મહિનાના બસ્સો રૂપિયાના તો ગુંજાના ખર્ચ. બાબુભાઈ! પુસ્તક ને નોટ ઓલાની જુદી. એ નહિ. ગૃહસ્થ માણસ. આહાહા..! એવા મરણ પાછળ એણે .. દુઃખી. ..ભાઈ! હા એ. તમારા સુખલાલ નહિ આ? તમારા વેવાણના ભાઈ સુખલાલ. એ તો એના ઘર પાસે છે. પહેલું સુખલાલભાઈનું. .. ખબર છે.

મુમુક્ષુ :- એ વખતે લગન થયા ત્યારે ..

ઉત્તર :- એ બાઈ જીવે છે વિધવા. અરેરે..! આવા દુઃખો આવા સહન કર્યા પ્રભુ તેં. માણસપણું પામીને પણ આવા અનંતા અવતાર થયા નાથ! તારા. આહાહા..! પણ તારા સ્વભાવની રક્ષા કરવાને નવરો ન થયો. આહાહા..! એ અહીંયાં આચાર્ય મહારાજ કહેવા માગે છે. ભાઈ! તારા આવા અવતારમાં આવા અનંતા થયા. અનંતા મેરુ ભરાય. આહાહા..!

**'આગે કહતે હે કિ હે આત્મન્! તું જલ થલ આદિ સ્થાનોમેં સબ જગહ રહા હૈ :—'** આહાહા..! ભાઈ! તે કોઈ સ્થાન બાકી રાખ્યું નથી. ક્યાં જન્મ્યો ન હોય અને ક્યાં મર્યો ન હોય એવું કોઈ ચૌદ બ્રહ્માંડમાં સ્થાન નથી ભાઈ! ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય યોજનમાં છે. એક-એક ક્ષેત્રમાં તે અનંતવાર જન્મ્યો અને અનંતવાર મર્યો. આહાહા..! આ એનો ઈતિહાસ બતાવે છે.

जलथलसिहिपवणंवरगिरिसरिदरितरुवणाइ सववत्थ।
वसिओ सि चिरं कालं तिहुवणमज्झे अणप्पवसो।।२१।।

**'અર્થ :- હે જીવ! તૂ જલમેં,...'** અનંતવાર રહ્યો. આહાહા..! એ જળમાં જળના જીવને થઈને અનંતવાર રહ્યો. એ નદીના પાણી, દરિયાના પાણી, પીવાના પાણી ને એ વરસાદ ઉપરથી પડે એમાં એકેન્દ્રિય જીવ છે એ. આહાહા..! એવા જળમાં અનંતવાર જન્મ્યો. આહાહા..! **'થલ...'** પૃથ્વીમાં. આ સચેત કણ. આ પત્થર કાઢે છે ને ચણવા માટે? એ એક એક કણમાં અસંખ્ય જીવ છે. એક કોદાળી આમ મારે ને ભૂક્કો. આહાહા..! એમાં જન્મ્યો. **'શિખિ અર્થાત્ અગ્નિમેં,...'** આ .. દિવાસળી આમ ઘસે ને એમાં જે ભડકો થાય એમા અસંખ્ય જીવ છે. એકેન્દ્રિય અસંખ્ય જીવ. ભાઈ! એમાં મરી ગયો અને અનંતવાર જન્મ્યો ત્યાં અગ્નિમાં. આહાહા..!

વળી '**પવનમેં,...**' આ વાયુ છે એ જીવ છે. એમાં પણ અનંતવાર તેં જન્મ ધારણ કર્યા. '**અંબર અર્થાત્ આકાશમેં, ગિરિ અર્થાત્ પર્વતમેં, સરિત્ અર્થાત્ નદીમેં, દરી અર્થાત્ પર્વતકી ગુફામેં, તરુ અર્થાત્ વૃક્ષોમેં, વનોં મેં ઔર અધિક ક્યા કહેં સબ હી સ્થાનોમેં,...** ' પ્રભુ! તેં અનંતવાર જન્મીને મરણ કર્યા છે ભાઈ! આહાહા..! પહેલા મરણ થાતા ને તો એવો રિવાજ આપણે હતો. હવે છે નહિ. સાંજે બાયું ભેગી થાય રોવા માટે. ચાર વાગે. રાંધવા પહેલા અને બપોર પછી. અમારે તો ઘરે આ બધું થયેલું ને. અમારા ભાઈ મોટા ભાઈ ગુજરી ગયા હતા નાની ઉંમરમાં. આઠ વર્ષના પરણેતર એક જ છોકરો અને બહુ રૂપાળા હતા. .. બહુ હતા. ખુશાલભાઈથી મોટા. ગુજરી ગયા. ચાર વાગે ભેગા થાય. અને છોકરાઓ નાના તે દિ' તો ૧૧ વર્ષની ઉંમર.

મુમુક્ષુ :- કાઢી મૂકે.

ઉત્તર :- કાઢી મૂકે. અહીં બેસશો નહિ એમ કહે. રોવા... મો વાળે. સાંજે ચાર વાગે રાંધવા પહેલા અને બપોરે નવરા થાય ત્યારે ભેગા થાય બધા સગાવ્હાલા. એની તિથિ અમુક ન હોય ત્યાં સુધી કરે. હવે તો બધું ઘટી ગયું. પણ તે દિ' હતું. સાત-સાત, દસ-દસ, બાર-બાર દિ' સુધી. બધા ભેગા થાય ને રોવે. આહાહા..! અને હું બેઠો હોઉં. નાની ઉંમર અમારી. ૧૧ વર્ષની. ૫૭ની સાલની વાત. ૫૭. સંવત્ ૧૯૫૭. બધું સાંભળેલું હોં ભાઈ આ. જુઓને! ઘરના માણસ હોય એની પાછળ બધા રોવે. ઓલા બધા રોતા રોતા બંધ થતાં જાય. અને છેલ્લી એની મા હોય કે એની વહુ હોય એ છેલ્લું રોવે... બંધ કરે. ચીમનભાઈ! તમારા ગામડામાં રિવાજ હશે એવો. હતો આ તો બધું જોયેલુંને નજરે જોયેલું.

મુમુક્ષુ :- ગામડામાં વધારે.

ઉત્તર :- ગામડામાં વધારે. આહાહા..! એ વખતના એ રોણા. આમ બધા યાદ હોં. આહાહા..! કીધું, આ શું કરે છે? એવા મરણોમાં પાછળ તારી પાછળ આવા મો અનંતવાર વાળ્યા ભાઈ! પણ તે મોં ન વાળ્યું. તારું મોઢું સન્મુખ ન કર્યું એની. આહાહા..! જ્યાં પ્રભુ બિરાજે છે પૂર્ણાનંદનો નાથ, ત્યાં સામું તેં ન જોયું એની. આહાહા..! આવા બધા અવતાર કરી કરીને ... આહાહા..! પાંચ-પચાસ લાખ રૂપિયા થાય, આબરૂ હોય, છોકરા હોય. આહાહા..! જુઓ કહે છે. આહાહા..! ચાલ ને કપડાના પહેરવેશમાં સફાઈ ને. ઓહોહો..! શું છે ભાઈ! ક્યાં જાવું છે તારે? આહાહા..! એમ કરીને ચૈતન્યમાં વાળવા માગે છે હોં! કહે છે કે આ છે.

મુમુક્ષુ :- આત્માની સન્મુખ થા.

ઉત્તર :- અહીં થા પ્રભુ! તું અહીં જા. આહાહા..! આવા આવા અવતાર પર સામું જોઈએ અને બહિરાત્મપણે તેં આવા અવતાર કર્યા ને નાથ! એ તને શોભે છે આ? આહાહા..!

કહે છે, એવા ભવમાં '**તીન લોકમેં અનાત્મવશ અર્થાત્ પરાધીન હોકર...**' આહાહા..! કર્મને તાબે થઈને. પોતે તાબે થાય છે હોં! આહાહા..! શુદ્ધ ચૈતન્યઘનનો નાથ પ્રભુ પોતે ભૂલીને રાગ ને કર્મને

વશ થાય અને ચાર ગતિમાં રખડે આહાહા..! **'પરાધીન હોકર બહુત કાલ તક રહા અર્થાત્ નિવાસ કિયા.'** નાથ તેં. આહાહા..! આવા આવા ભવોમાં નિવાસ કર્યો છે. નાની નાની ઉંમરના મરે છે ને. આહાહા..!

મુમુક્ષુ :- એક-એક દિ'નું, બબ્બે દિ'નું.

ઉત્તર :- એક દિ'નું જન્મેલું મરે, બે દિ'નું જન્મેલું મરે. આહાહા..! ગર્ભમાં કાઢતા મરેલો કાઢે. કાપીને કાઢે. ભાઈ! તારા શું અવતાર આ? 'ચાર ભવના દુઃખથી ડરી...' એમ આવે છે ને. ચાર ગતિના દુઃખથી ડરીને પ્રભુ! હવે જા અંદર. ચારેય ગતિના દુઃખ હોં. દેવમાં પણ દુઃખ છે, ભાઈ! એમાં માનવપણામાં કાંઈ બે-પાંચ લાખનું ગરાસ હોય, ઉપજ હોય, એને એની ફાટ ચાલી જાતા હોય. આહાહા..! ઘરમાં કુટુંબમાં પેદાશ ચાલતી આવતી હોય, મકાન સારા હોય, કપડા, દાગીના સારા હોય. એય.. મજા માણતો હોય. આહાહા..! દુઃખનો કીડો દુઃખમાં દુઃખી થઈને હોંશ કરે છે. આહાહા..! ભાઈ! તારી ખબર નથી. અતીન્દ્રિય આનંદનું ચોસલું પ્રભુ! તું છો. આહાહા..! અને આવા ભવમાં રખડવું એ તારી ચીજ છે? એમ કહે છે. એ તારો સ્વભાવ કહેવાય ભાઈ? આહાહા..! આ કર્મજનક .. નથી આવતું? કર્મજનક... જન્મો ટળે. ... આહાહા..! ભવ કરવા એ તો કલંક અને કર્મ કર્મ છે. એ કલંક ટાળે ત્યારે એને જન્મનું દુઃખ અથવા જનની કૂખે અવતરવું પડે નહિ એને.

**'ભાવાર્થ :- નિજ શુદ્ધાત્મકી...'** જુઓ! લખાણ આવ્યું જોયું! **'નિજ શુદ્ધાત્માકી ભાવના બિના...'** મારો ભગવાન નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એકલો આનંદનો નાથ પૂર્ણ પરમાત્મસ્વરૂપ મારું સ્વરૂપ છે. એવા **'નિજ શુદ્ધાત્મકી ભાવના બિના...'** એના તરફની એકાગ્રતા નહિ, લક્ષ નહિ, સન્મુખતા નહિ. આહાહા..! **'કર્મકે આધીન હોકર...'** એ જડકર્મને તાબે તું થયો. એણે તાબે કર્યો નથી તને. આહાહા..! કેમકે અહીં સ્વભાવના સાધનમાં તાબે ન થયો સ્વભાવમાં, (તો) અહીં તાબે થઈ ગયો. **'કર્મકે આધીન હોકર તીન લોકમેં સર્વ દુઃખસહિત સર્વત્ર નિવાસ કિયા.'** સર્વ દુઃખસહિતની વાત છે એમ કહે છે. આહાહા..! **'સર્વ દુઃખસહિત સર્વત્ર...'** સર્વ દુઃખ અને સર્વત્ર. આહાહા..! સમજાણું કાંઈ?

**'આગે ફિર કહતે હૈં કિ હે જીવ! તૂને ઈસ લોકમેં સર્વ પુદ્‌ગલ ભક્ષણ કિયે તો ભી તૃપ્ત નહીં હુઆ :—'** આહાહા..!

**गसियाइं पुग्गलाइं भुवणोदरवत्तियाइं सव्वाइं।**
**पत्तो सि तो ण तित्तिं पुणरुत्तं ताइं भुञ्जंतो।।२२।।**

**'અર્થ :- હે જીવ! તૂને ઈસ લોકકે ઉદરમેં વર્તતે...'** લોકના ઉદર-(ત્રણ) ભુવન ઉદર. ચૌદ બ્રહ્માંડમાં અંદર વર્તતો એમ. જેમ માતાના પેટમાં વર્તેને ગર્ભમાં, એમ અહીં ત્રણ લોકના ગર્ભમાં અંદરમાં વર્તે છે. આહાહા..! **'તૂને ઈસ લોકકે ઉદરમેં વર્તતે જો પુદ્‌ગલ સ્કંધ, ઉન સબકો ગ્રસે**

**અર્થાત્ ભક્ષણ કિયે...'** આહાહા..! દુનિયાના પુદ્‌ગલો બાકી ન રાખ્યા. આમ તો કેટલાક બાકી છે, પણ અહીં એની શક્તિમાં એણે અનંતવાર ગ્રહણ કર્યા એ બતાવવું છે. સમજાણું કાંઈ?

'**ઉન સબકો ગ્રસે અર્થાત્ ભક્ષણ કિયે...**' આહાહા..! '**ઔર ઉનહીકોં પુનરુક્ત અર્થાત્ બારબાર ભોગતા હુઆ...**' આહાહા..! દાળ, ભાત, શાક, મોસંબી પાણી એવા પુદ્‌ગલો પ્રભુ! તારામાં નથી. એ ચીજના સંયોગમાં તું અનંતવાર આવી ગયો એમ કહે છે. એને ભક્ષણ કર્યા પણ તૃપ્તિ થઈ નથી. આહાહા..! '**ઉનહીકો પુનરુક્ત અર્થાત્ બારબાર ભોગતા હુઆ ભી તૃપ્તિકો પ્રાપ્ત ન હુઆ.**' શેની તૃપ્તિ થાય બહારને લઈને? અગ્નિમાં લાકડા નાખે એટલે તૃપ્તિ થાય એ અગ્નિને? આહાહા..!

'**ફિર કહતે હૈં :—**' આહારનું, આ પુદ્‌ગલનું હતું. હવે આ પાણીનું છે.

**तिहुयणसलिलं सयलं पीयं तिण्हाए पीडिएण तुमे।**
**तो वि ण तण्हाछेओ जाओ चिंतेह भवमहणं।।२३।।**

આહાહા..! '**અર્થ :- હે જીવ! તૂને ઈસ લોકમેં તૃષ્ણાસે પીડિત હોકર તીન લોકકા સમસ્ત જલ પિયા,...**' એ તૃષા તૃષા. એકલી તૃષા. આહાહા..! નરકના સાતમી નરકમાં, પહેલી નરકે. આહાહા..! જળનો બિંદુ મળે નહિ અને અનંતા દરિયા પાણીના આપે તો તૃપ્તિ થાય નહિ એવી તૃષા, ભાઈ! આહાહા..! અહીં જરી ગળુ સુકાય ને જરી પાણી લાવતા વાર લાગે ત્યાં ભાઈ રાડ નાખે. પાણી લાવ. કેમ વાર લાગે છે? કોઈ મરી ગયું છે? મર્યું એટલે? એમ કે કોઈ છે ઘરમાં? કે મરી ગયા છે એમ.

મુમુક્ષુ :- બધા મરી ગયા.

ઉત્તર :- હા. આહાહા..! પ્યાલા ફાટે છે ને એના. બધા મરી ગયા? કેમ વાર લાગી પાણી લાવતા? સાંભળ સાંભળ બાપા! એવી તૃષા એવી તૃષા.

'**તીન લોકકા સમસ્ત જલ પિયા, ફિર ભી તૃષાકા વ્યુચ્છેદ ન હુઆ...**' આહાહા..! .. અનંતી અનંતી. નરકની પીડામાં તૃષા. આહાહા..! ૩૩-૩૩ સાગર સુધી હોં. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ભગવાન! તું ત્યાં અનંતવાર આવી તૃષા તેં ભોગવી છે. પણ તેં આત્માના નિર્વિકલ્પ જળ તે પીધા નહિ. આહાહા..! ચૈતન્ય ભગવાન નિર્વિકલ્પ આનંદનો રસ છે. 'આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે.' આત્મા આનંદનો નાથ નિર્વિકલ્પરસથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એના પીણા પીધા વિના આવા પીણા તેં અનંતવાર લીધા, પણ તૃપ્તિ થઈ નથી. આહાહા..!

'**ઈસલિયે તૂ ઈસ સંસારકા મથન અર્થાત્ તેરે સંસારકા નાશ હો,...**' દેખો! '**પ્યાસ ન બુઝી, ઈસલિયે તૂ ઈસ સંસારકા...**' નાશ (થાય) એ પ્રકારે નિશ્ચયરત્નત્રયનું ચિંતવન કર.

આહાહા..! 'चिंतेह' આવ્યું ને? ચિંતવન કરવું. 'भवमहणं' જેનાથી ભવનો નાશ થાય. આહાહા..! એવું સ્વરૂપ ભગવાન આત્મા. એના રત્નત્રય દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના કર. આહાહા..! આવો તો માર્ગ બાપુ! આહાહા..! એક તો નવરો નહિ. બાળક હોય ત્યારે ભણે, ભણ્યા પછી પાછી નોકરી ગોતે. એમાં ડોક્ટર હોય કે વકીલ, ડોક્ટરનું ચાલ્યું કાંઈક, એમાં વળી કાંઈક પેદાશ-બેદાશ સરખી હોય ને છોકરા સારા પાક્યા હોય, એ પણ પાછા બબ્બે હજારની નોકરીએ ચડ્યા હોય. મલૂકચંદભાઈ!

આ કીધું હતું ડોક્ટરનું નહિ? આ ડોક્ટર. મોટા ડોક્ટર. પરમ દિ' ગયા હતા. એનો એક દીકરો. ચાર છોકરા અને એક દીકરો ૨૯ વર્ષની ઉંમરનો. કેન્સર. કેન્સરમાં મરી ગયો. એ તો ડોક્ટર છે. એ પણ ડોક્ટર હતો છોકરો. પણ ડોક્ટર શું કરે? આહાહા..! એ ડોક્ટર હતો છોકરો ૨૯ વર્ષનો. કેન્સર થયો. .. કાંતિભાઈ કહેતા હતા. એ વખતે અમે જોવા ગયા હતા છોકરો. ... કુંડલાવાળા. કાંતિભાઈ છે ને. બે છોકરા. આવે છે. અરેરે..! કહે છે કે, ભાઈ! આવા પાણી પીધા અનંતવાર તોપણ તૃપ્તિ ન થઈ. હવે જળનિધિ ભગવાન નિર્વિકલ્પ આનંદરસ એની ચિંતવના કરને નાથ! આહાહા..! ચિંતવના એટલે? એની એકાગ્રતા. આનંદસ્વરૂપ ભગવાન એની એકાગ્રતા કર. કરવાનું તો આ છે. બાકી બધું એકડા વિનાના મીંડા, રણમાં પોક છે. આહાહા..!

'**चिंतेह भवमहणं**' એમ છે ને? ભવનો નાશ હોય અને ભવનું મંથન થાય એવું કર નાથ! એમ કહે છે. જેમાં ભવનો અભાવ થાય એવું કર. ભવ તો આવા કર્યા તેં અનંતવાર ભાઈ! આહાહા..! બાયું ગાય ને ભાઈ! પરણે ત્યારે ગાય છે ને. વરનો બાપ કે વરનો ભાઈ સામું જોવે નહિ. એ નથી ગાતા? એવું કાંઈક ગાય છે.

મુમુક્ષુ :- લળી લળી..

ઉત્તર :- લળી લળી સામું જોવે. પરણે ત્યારે. બાયું ગાય નવરીયું હોય ને. એના તે મોટા ભાઈ લળી લળી સામું જોવે. આહાહા..! સ્વરૂપચંદભાઈ! આ તો બધું જોયું છે ને. આહાહા..! બાપા! શેના સામું જોવે ભાઈ! સામું તો અંદર ચૈતન્ય છે એની સામું જો ને. આહાહા..! લળી લળીને ત્યાં જો. આહાહા..! હવે ઓલા કહે '**चिंतेह भवमहणं**' આવા ભવ અનંતવાર કર્યા હવે એ ભવના નાશને માટે પ્રભુ! તું ચિંતવ તારી ચીજને. આહાહા..! જેમાં ભવ અને ભવનો ભાવ જેમાં નથી એવો ત્રણ લોકનો નાથ તું પરમાત્મા પોતે. આહાહા..! એનું માહાત્મ્ય લાવીને પ્રભુ! તું ત્યાં એકાગ્ર થા. તો ભવનો નાશ થશે, બાકી કોઈ બીજો ઉપાય નથી. આહાહા..!

'**ભાવાર્થ :- संसारमें किसी भी तरह तृप्ति नहीं है, जैसे अपने संसारका अभाव हो वैसे चिंतवन करना,...**' આહાહા..! જુઓ! અહીં તો એ નિશ્ચય નાખ્યું જુઓ! નિશ્ચય રત્નત્રય. વ્યવહાર રત્નત્રય ભવમંથનના નાશનું કારણ નથી. વ્યવહારરત્નત્રય પોતે સંસાર છે. આહાહા..! લોકોને એવું આકરું લાગે. પણ વ્યવહારથી આમ થાય ને વ્યવહારથી આમ થાય. ભાઈ! સ્વરૂપ આનંદનો નાથ

નિર્વિકલ્પરસથી ભરેલો છે ને ભાઈ! જેના એક ક્ષણના આનંદ આગળ દુનિયાના ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા જેવા લાગે એવો તું આ આત્મા! એની ચિંતવના કર ને. એનું કરને કાંઈક. એનું કાંઈક કર ને. આહાહા..!

'**સંસારકા અભાવ હો વૈસે ચિંતવન કરના,...**' એટલે કે ચૈતન્ય ભગવાનનું '**નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન,...**' અંતર આત્માનું અને આત્માનું વેદન, સ્થિરતા એ કર. કરવા જેવું હોય તો આ છે. આહાહા..! નિશ્ચય ચિંતવન કર. '**નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકો ધારણ કરના,...**' એ ઉપદેશ છે ભગવાનનો. કુંદકુંદાચાર્યનો આ ઉપદેશ જગત પાસે જાહેર કરે છે. વળી કહે છે.

**गहिउज्झियाइं मुणिवर कलेवराइं तुमे अणेयाइं।**
**काणं णत्थि पमाणं अणंतभवसायरे धीर।।२४।।**

'**અર્થ :- હે મુનિવર! હે ધીર!**' આહાહા..! ધીર કહ્યું ને? અને મુનિવર. બે નાખ્યું છે. મુનિવર પણ શબ્દ છે. પહેલી '**गहिउज्झियाइं मुणिवर**' આહાહા..! અને ધીર. આહાહા..! અરે! તું નગ્નમુનિ દિગંબર થયો એથી તને ધીર જરી કહીએ છીએ. હે મુનિવર! આહાહા..! ભાઈ! તારા આત્માનું સંભાળ કર હવે તું. આ પાંચ મહાવ્રત પાળીએ છીએ, આમ કરીએ છીએ, સમિતિ જોઈને ચાલીએ છીએ. બાપુ! એ તો બધો રાગ છે, સાંભળ હવે. આહાહા..!

'**હે મુનિવર! હે ધીર!**' બે લીધું છે ને? '**તૂને ઈસ અનંત ભવસાગરમેં કલેવર અર્થાત્ શરીર અનેક ગ્રહણ કિયે...**' આવા હાડકાના શરીર અનેકવાર ગ્રહણ કર્યા. અને અનંતવાર એવા શરીર ગ્રહણ કર્યા અને છોડ્યા નાથ! આહાહા..! પણ તેં તારો નાથ ન કર્યો તને. આહાહા..! '**ઔર છોડે ઉનકા પરિમાણ નહીં હૈ.**' માપ નથી. માપ નથી. અનંતવાર શરીરો ધારણ કરી, અનંતવાર શરીર છોડ્યા. આહાહા..!

'**ભાવાર્થ :- હે મુનિપ્રધાન! તૂ ઈસ શરીરસે કુછ સ્નેહ કરના ચાહતા હૈ...**' જુઓ! આ શરીરની સંભાળ. આ કરું... આ કરું... ખાવા ટાણે આમ અને પીવા ટાણે આમ, ઢીકણા ટાણે આમ. આહાહા..! સાધુને પણ હોય છે ને. તેલ ચોપડે ને આ કરે ને તે કરે. આ ઓલી ટાઢ બહુ હોય ને લૂગડું ન રખાય તો તેલ ચોપડે. હવે એ તો લૂગડાનો બાપ થયો. તેલ ચોળે, ઓલા અન્યમતિના બાવા રાખ ચોળે. આ સાધુ થઈને તેલ ચીકણા ચોળે. કેટલી જાતના તેલ આવે જુઓ. સાંભળ્યું છે, આપણે ક્યાં જોયું છે? એક .. ખુલાસો કર્યો કે ત્રણ જાતના તેલ છે એની પાસે. સવારે આ ચોળે, બપોરે આ ચોળે, સાંજે આ ચોળે. અરેરે..! તો વસ્ત્ર છોડ્યા શું કરવા તેં? આહાહા..! મૂળ ચીજ દૃષ્ટિમાં આવ્યા વિના એનું માહાત્મ્ય આવે નહિ અને પરનું માહાત્મ્ય ખસે નહિ. આહાહા..!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ અંદર બિરાજે પોતે એની એને ખબર ન મળે. આહાહા..! અને બહારમાં મોહીને મૂંઝાણો. એટલા શરીર લીધા કે જેનું માપ નથી. આહાહા..! આવા

શરીરમાં અનંતવાર અવતર્યો. હવે તો કલેવર ન મળે એવું કર ને, એમ કહે છે. આ શરીરમાં સ્નેહ કરવા જાય ભાઈ! આ તો હાડકા, ચામડા છે. એનો તું પ્રેમ કરીને સાંજ-સવાર ચોવીસ કલાકમાં ધ્યાન રાખે છે. સવારે ચા, સાધુ થઈને બરાબર ચચ્ચાર વાર. કેટલા દેવા આવે છે. દિગંબરને તો બિચારાને એકવાર સિવાય હોય નહિ. શ્વેતાંબર સાધુ સવારે ઉઠીને ચા, દસ વાગે આહાર, બપોરે વળી એવા કોઈ ઠંડા-બંડા હોય, નાસ્તા, દ્રાક્ષ. સાંજના વળી ખીચડી, કઢી ને પાપડ. અરેરે..! કેટલી સંભાળ બાપા તારી. અહીંયાં આગળ એક ગુજરી ગયો ને એક સાધુ નહિ? અમરચંદજી ગુજરી ગયા ને. આઠ દિ' અસાધ્ય. આઠ દિ' અસાધ્યને. શું કહ્યું? સનેપાત. આઠ દિ' સનેપાત. અને ત્રણ દિ' અસાધ્ય. બોટાદના હતા. આહાહા..! શું આ સરવાળા પ્રભુ તારા?

મુમુક્ષુ :- રાગના સરવાળા.

ઉત્તર :- સનેપાત. આ શરીરની દશા, ભાઈ! તેં શરીરની સંભાળ બહુ કરી. અંતે નીકળ્યું પોગળ. આહાહા..! હાથ ન રહે એટલે સનેપાત થઈ જાય. લવારો કરે. આ કરો... આ કરો... આ કરો... ભાન ભૂલી ગયા. આહાહા..! કહે છે કે એવા કલેવર એટલા કર્યા કે જેનું માપ નથી. આહાહા..!

'**આગે કહતે હૈં કિ જો પર્યાય સ્થિર નહીં હૈ,...**' આ શરીર કાંઈ સ્થિર નથી. સ્થિર તો પ્રભુ આત્મા છે. '**આયુકર્મકે આધીન હૈ વહ અનેક પ્રકારસે ક્ષીણ હો જાતી હૈ :—**' શરીર તો નાશ થઈ જશે અનેક પ્રકારના પ્રકારાંતરથી. ભગવાન અવિનાશી છે એની સંભાળ કરને. આની લાખ સંભાળ કરીશ તો પડ્યે છૂટકો. આહાહા..! દવાઓ રાખે, આ કરે, ટાણે ટાણે દવાઓ. કપાટમાં ભર્યા દવાઓ. વીંછી કરડે તો આ, ઢીંકણું કરડે તો આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવું સાંભળ્યું છે. ઓલા કહે રેકર્ડ નીકળે ... કાળી.. એના કટકા રાખે છે. એવું સાંભળ્યું છે. આપણને ક્યાં ખબર છે? એ બધું રાખે કપાટમાં. હવે એ સંભાળ કરવા રહેવા દે. મરી જઈશ. ત્યાં કટકા કામ નહિ આવે ત્યાં. આહાહા..! અનંતનો ચૈતન્ય નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ તું છો ને નાથ! એની સંભાળ કરને. સત્યાર્થને જોને, ભૂતાર્થને જો ને. આહાહા..! ૧૧મી ગાથા કહી છે ને જુઓને. '**भूदत्थम**' '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર અભૂતાર્થ છે. આહાહા..! પરવસ્તુ તો અભૂતાર્થ છે, પોતાની અપેક્ષાએ પરવસ્તુ છે જ નહિ. પાછા નિર્મળ પર્યાયની અપેક્ષાએ રાગ પર્યાય પણ છે નહિ. અસદ્ભૂતમાં જાય છે. પોતાની અપેક્ષાએ બીજા દ્રવ્યો અસદ્ભૂત છે અને પોતાના નિર્મળ પર્યાયની અપેક્ષાએ રાગ અસદ્ભુત છે. આહાહા..! અને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ, પર્યાયનો ભેદ છે એ ત્રિકાળમાં નથી એ અપેક્ષાએ અસદ્ભૂતમાં જાય છે. સદ્ભૂતમાં તો એક નાથ આત્મા રહે છે. જેની નજરું કરે સંસારનો નાશ થાય, જેની સામું જોયે સંસારનો અભાવ થાય. એવો પ્રભુ તારો અંદર છે, એની સામું જો ને ભાઈ! આ તો દુનિયા અમને કેમ ગણે છે, દુનિયામાં કાંઈ ગણતરીમાં અમે આવ્યા

કે નહિ? દુનિયા અમને કાંઈ મોટામાં ખતવે છે કે નહિ? મરી જઈશ, સાંભળને ભાઈ હવે. આહાહા..! દુનિયામાં બહાર તો પડ્યા. બહાર પડ્યો એ તો દુનિયામાં. આહાહા..!

મુમુક્ષુ :- પડ્યો?

ઉત્તર :- હા પડ્યો કૂદીને. આહાહા..!

અહીં તારો નાથ અંદર પૂર્ણાનંદ પ્રભુ, એ તારી પૂંજી અને એ તારી મૂડી છે. એવા સત્યાર્થને લેને લક્ષમાં ને દૃષ્ટિમાં આહાહા..! કે જેથી આવા શરીર ધારણ કરવા અટકી જાય. હવે આ શરીરની અસ્થિરતા બતાવે છે.

**विसवेयणरत्तक्खयभयसत्थग्गहणसंकिलेसेणं।**
**आहारुस्सासाणं णिरोहणा खिज्जए आऊ।।२५।।**
**हिमजलणसलिलगुरुयरपव्वयतरुरुहणपडणभंगेहिं।**
**रसविज्जजोयधारण अणयपसंगेहिं विविहेहिं।।२६।।**
**इय तिरियमणुयजम्मे सुइरं उवज्जिऊण बहुवारं।**
**अवमिच्चुमहादुक्खं पत्तो सि तं मित्त।।२७।।**

આહાહા..! કુંદકુંદાચાર્ય મુનિને મિત્ર તરીકે બોલાવે છે. દ્રવ્યલિંગી સાધુ. હે મિત્ર! આહાહા..! અમારી જાતના નગ્નપણામાં તો તું આવ્યો. પણ અમારું અંદર સ્વરૂપ જે નિર્વિકલ્પ નગ્નદશા એમાં તું ન આવ્યો. આહાહા..! હે મિત્ર! છે ને? એ ઝેર ખાવાથી શરીરનો નાશ થયો. આયુષ્ય નાશ થયું કહે છે. ઝેર-ઝેર. **'વેદનાકી પીડાકે નિમિત્તસે,...'** એવી વેદના, એવી વેદના છે કે દેહ છૂટી જાય. આયુષ્ય ખલાસ થઈ જાય.

મુમુક્ષુ :- એવું પહેલા કોઈ દિ' સાંભળ્યું?

ઉત્તર :- સાંભળ્યું અનંતવાર, પણ અંદર મારું કરીને સાંભળ્યું નહિ. એક વેઠ તરીકે ઠીક સાંભળવું જોઈએ આપણે. આહાહા..!

**'રક્ત અર્થાત્ રુધિરકે ક્ષયસે,...'** થઈ જાય આ લોહી. દેહ છૂટી જાય. સુકાઈ જાય લોહી. આ શું કહેવાય તમારે? પીળું પડી જાય શરીર. પીળીયો પીળીયો રોગ. આહાહા..! એને પાણી ન પીવા દે, નહિ? એવો રોગ થાય છે. ભાંગરામાં એક જુવાન છોકરો. ગોપાણીના જમાઈ હતો. પહેલા ૭૬ની વાત છે. ૫૪ વર્ષ થયા. શરીરને પાણી ન આપે. પીળીયો થઈ ગયું આખું શરીર. ગોપાણીના જમાઈ હતા. હરજીવન ગોપાણી નહિ? હરજીવનના બાપ. ઉગમશી. આ તો ૭૬ની વાત છે. જુવાન જોધ છોકરો જુવાન હતો ભાંગરમાં. આમ બેઠો હતો. પીળું થઈ ગયેલું અને પાણી માટે રાડ નાખે. પાણી આપે નહિ. જંગલનું પાણી ન આપે એને. એને .. તમે ક્યાં હતા? એ મરી ગઈ. ૭૬ની વાત છે ૭૬. જુવાન છોકરો

હતો. લોહીનું પાણી થઈ ગયું. એને તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... ધ્રાંગધ્રા. ધ્રાંગધ્રા. ધ્રાંગધ્રાવાળો નથી કોઈ? દરવાજો છે બહાર. આહાહા..! કુટુંબ બધું આવ્યું હતું. કાણે આવ્યા હતા ત્યારે અમે ત્યાં હતા. આહાહા..! વીશાશ્રીમાળી. એ લોહી ક્ષય થઈ જાય.

એક '**ભય સે,...**' આવે એકદમ, દેહ છૂટી જાય. '**શસ્ત્રકે ઘાતસે,...**' તલવાર. '**સંક્લેશ પરિણામસે,...**' થઈ જાય ને દેહ છૂટી જાય. એવા પરિણામ થઈ આયુષ્ય નાશ થઈ જાય. '**આહાર...**' રોકાવાથી નાશ થઈ જાય. '**શ્વાસકે નિરોધસે...**' જોવે તો આમ બધું '**ઈન કારણોંસે આયુકા ક્ષય હોતા હૈ.**' આયુનો ક્ષયનો અર્થ તો તે સમયે તે .. થવાનું છે. એમ નથી કે આ થયું માટે છે. આહાહા..! '**હિમ અર્થાત્ શીત પાલેસે,...**' બરફ પડે ને બરફ? એમાં બરફમાં આવીને દેહ છૂટી જાય. આહાહા..! શરીર ઓગળે આખું બધું. '**અગ્નિસે,...**' બળીને મરે અગ્નિમાં. ઓહોહો..! લીંબડીમાં નહોતું થયું? મોટી આગ લાગી હતી. ધોકડા મોટા ધોકડા રૂના. એ બારણામાં જવાય નહિ. પછી બિચારા ભાગ્યા. સળગી ચારેય કોર અગ્નિ. કેટલા માણસ મરી ગયેલા હોં! એક સાથે ઠાઠડી કાઢી હતી ૩૮-૩૯. એક માણસ બિચારો જુવાન નીકળવા ગયો. ધોકડું છે ને એના ઉપર પગ મૂકીને બહાર નીકળું. ત્યાં ધોકડામાં અંદર અગ્નિ. જ્યાં પગ મૂક્યો ત્યાં અંદર ગરી ગયો. ધોકડામાં મોટા. ધોકડા ધોકડા સમજ્યા? રૂના. સળગ્યા હતા. લીંબડીની વાત છે. જિનમાં. ખબર છે ગીજુભાઈ? એને તો ૪૫ વર્ષ થયા. આમ બિચારા બહાર નીકળવા જાય તો ધોકડું ઉપર રૂ અંદર સળગતું હતું. ઉપર પગ મૂકે તો ગરી ગયો અંદર. મરી ગયો. આહાહા..! આયુષ્યની પૂર્ણતા આ રીતે પણ તારી થઈ, એમ કહે છે. આહાહા..!

'**જલસે,...**' પાણીમાં તણાણા. પાણીમાં પડે છે ને? આ હરણીયા .. હોય. પાણીનો વરસાદ બધો તણાય એમાં તણાઈને મરી જાય છે. આહાહા..! આ રીતે પણ આયુષ્ય તારા અનંતવાર પૂરા થયા. '**પર્વતપર ચઢકર પડનેસે, બડે વૃક્ષપર ચઢકર ગિરનેસે,...**' મોટા મોટા વૃક્ષ ઉપર ચડીને પડ્યો નીચે. આહાહા..! '**શરીરકા ભંગ હોનેસે,...**' શરીરના કટકા થયા હોય. '**પારા આદિકી વિદ્યા ઉસકે સંયોગસે ધારણ કરકે ભક્ષણ કરે ઈસસે,...**' એવો પારો આદિ પીધો મરવા માટે. પારો આવે છે ને પારો? પીવે એટલે મરી જાય. આહાહા..! એ ચૈતન્ય રસાયણ કર હવે. ઓલા પારા કરીને મરી ગયો અનંતવાર. આહાહા..!

'**ઔર અન્યાય કાર્ય,...**' કોઈ અન્યાય કાર્ય કર્યા અને મર્યો. '**ચોરી, વ્યભિચાર આદિકે નિમિત્તસે—ઈસપ્રકાર અનેકપ્રકારકે કારણોંસે આયુકા વ્યુચ્છેદ (નાશ)...**' થયો લ્યો. અન્યાયના કારણમાં મરીને બળી જાય, ચોરી કરીને મરી જાય, વ્યભિચાર કરીને મારી નાખે. આહાહા..! એ કુમરણ આવું તારે થયું. '**ઈસલિયે કહતે હૈં કિ હે મિત્ર! ઈસપ્રકાર તિર્યંચ, મનુષ્ય જન્મમેં...**' બેની વાત છે ને? '**બહુતકાલ બહુતબાર ઉત્પન્ન હોકર અપમૃત્યુ અર્થાત્ કુમરણ સંબંધી તીવ્ર મહાદુઃખકો**

પ્રાત હુઆ.' આહાહા..! સતી થઈ. આવા મરણો અનંતવાર તારા થયા. આમાં કેટલાક કહે છે કે જો આમાં એમ કહે છે કુંદકુંદાચાર્ય કે આયુષ્યનો આ કારણે નાશ થાય છે. પાઠ છે ખરોને ઓલો. '**खिज्जए आऊ**' આયુષ્ય ત્યાં પૂર્ણ થાય છે એમ કહેવું છે. એનાથી આયુષ્ય તૂટી જાય અને નહિતર ન તૂટે અને રહેત. એની અહીં વાત છે જ નહિ. આવા આવા મરણમાં તારા આયુષ્ય પૂર્ણ થયા, પ્રભુ! હવે તું ચેત. એ કહેવા માટે આ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૦, ગુરુવાર તા. ૧૭-૦૧-૧૯૭૪**
**ગાથા - ૨૫ થી ૩૧, પ્રવચન - ૯૧**

૨૫, ૨૬, ૨૭નો ભાવાર્થ છે. '**ઈસ લોકમેં પ્રાણીકી આયુ (જહાં સોપક્રમ આયુ બંધી હૈ ઉસી નિયમકે અનુસાર)...**' એ આપણે અહીંથી નાખ્યું છે. '**તિર્યંચ-મનુષ્ય પર્યાયમેં અનેક કારણોંસે છિદતી હૈ,...**' એના અર્થમાં નાખ્યું છે. કેટલા કહે છે કેવળજ્ઞાનીએ દીઠું એ પ્રમાણે ત્યાં મરણ થાય. અકાળમરણ છે જ નહિ. આયુષ્ય જ એવી રીતે બંધાયેલું છે (કે) એવી રીતે તે કાળે છૂટે. લોકોને.. એથી .. કાળ કહેવાય. બાકી એનો સમય છે એ ફરે છે એમ નથી કહેવું અહીંયા. આહાહા..! જુઓ ટીકા કરી છે એણે અહીંની.

'**મનુષ્ય પર્યાયમેં અનેક કારણોંસે છિદતી હૈ,...**' છિદે એટલે ક્ષય થાય છે એમ. '**ઉસસે કુમરણ હોતા હૈ. ઈસસે મરતે સમય તીવ્ર દુઃખ હોતા હૈ તથા ખોટે પરિણામોંસે મરણ કર ફિર દુર્ગતિ હી મેં પડતા હૈ; ઈસપ્રકાર યહ જીવ સંસારમેં મહાદુઃખ પાતા હૈ. ઈસલિયે આચાર્ય દયાલુ હોકર બારબાર દિખાતે હૈં ઔર સંસારસે મુક્ત હોનેકા ઉપદેશ કરતે હૈં,...**' ભાઈ! સંસારથી છૂટ. સંસારમાં દુઃખ જ છે, એમ. કાંઈક થોડીક સગવડતા દેખીને માને કે અમે સુખી છીએ. એ દુઃખના અંગારે સળગી રહ્યો છે. ભગવાન આત્માનો શાંત રસ, વીતરાગ રસ, આનંદરસ, એના વેદન વિના એટલે કે સમ્યગ્દર્શન વિના એણે આવા અનંતા જન્મ-મરણ કર્યા છે. આચાર્ય વારંવાર કહીને ઉપદેશ કહે છે. '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**'

'**આગે નિગોદકે દુઃખકો કહતે હૈં :—**' નિગોદનું દુઃખ કહે છે.

**छत्तीस तिण्णि सया छावट्ठिसहस्सवारमरणाणि।**
**अतोमुहुत्तमज्झे पत्तो सि निगोयवासम्मि।।२८।।**

'**અર્થ :- હે આત્મન! તૂ નિગોદકે વાસમેં એક અંતર્મુહૂર્તમેં છયાસઠ હજાર તીનસૌ છત્તીસ વાર મરણકો પ્રાપ્ત હુઆ.** '

'**ભાવાર્થ :- નિગોદમેં એક શ્વાસકે અઠારહવેં ભાગ પ્રમાણ આયુ પાતા હૈ.**' એક શ્વાસના અઢારમાં ભાગનું આયુષ્ય. એક શ્વાસમાં તો અઢાર ભવ કરે. ભૂલી ગયો. પોતાનો આનંદ ભૂલી ગયો. પોતે આનંદસ્વરૂપ પરમાનંદની મૂર્તિ પ્રભુ છે. પ્રભુ એને ભૂલીને મિથ્યાત્વભાવ સેવ્યા એના ફળમાં એક શ્વાસમાં અઢાર અઢાર ભવ કરે. આહાહા..! અહીં થોડું આયુષ્ય મળે લાંબુ ૨૫, ૫૦, ૧૦૦ વર્ષનું તો એમ થાય ઓહોહો..! '**વહાં એક મુહૂર્તકે સૈંતીસસૌ તિહત્તર શ્વાસોચ્છ્વાસ ગિનતે હૈં. ઉનમેં છત્તીસસૌ પિચ્યાસી શ્વાસોશ્વાસ ઔર એક શ્વાસકે તીસરે ભાગકે છયાસઠ હજાર તીનસૌ છત્તીસ બાર નિગોદમેં જન્મ-મરણ હોતા હૈ.**' ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ આ એના પરિભ્રમણના દુઃખો જોયા. એ આત્માના સમ્યગ્દર્શન વિના એટલે કે આત્માની જે સંપદા ઋદ્ધિ પૂર્ણ આનંદ એની દૃષ્ટિ નહિ, એની રુચિ નહિ, એનું પોષાણ નહિ અને રાગ તે હું, પુણ્ય તે હું. આહાહા..! પુણ્યના ફળ બહાર આવે. એને મિથ્યાત્વભાવ .. માં કચડાઈ ગયો. એના દુઃખ એને લાગ્યા ત્યાં. છે તો દુઃખ.

'**ઈસકા દુઃખ યહ પ્રાણી સમ્યગ્દર્શનભાવ પાયે બિના...**' લ્યો! ઓહોહો..! ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એની સન્મુખની દૃષ્ટિ વિના એનાથી વિમુખના ભાવને સેવી, આવા જન્મ-મરણમાં દુઃખી થયો, પ્રભુ! આહાહા..! આચાર્ય કરુણાથી જગતને સંબોધે છે. ભાઈ! તારા રાજીપાનું સ્થાન તો અંતર આનંદ છે. તારું રાજીપો અને હોંશ ને હરખના સ્થાન તો પ્રભુ પોતે છે. અરે..! તને બહારમાં શેનો હરખ અને રાજીપો આવે છે? આહાહા..! મિથ્યાત્વભાવને લઈને સ્વસ્વરૂપમાં વાસની દૃષ્ટિ છોડીને પરમાં વાસનો ભાવ કર્યો છે.

'**સમ્યગ્દર્શનભાવ પાયે બિના...**' પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન નિવાસસ્થાન પોતાનું છે. એવી દૃષ્ટિના અભાવે '**મિથ્યાત્વકે ઉદયકે વશીભૂત હોકર...**' વિપરીત માન્યતા, રાગ તે હું, શરીર તે હું, વાણી તે હું, બહારની ચીજો .. મારી અને અલ્પજ્ઞપણું તેટલો હું—એવા મિથ્યાત્વને વશ થઈ. આહાહા..! આવા દુઃખો સહન કર્યા. '**અંતર્મુહૂર્તમેં છયાસઠ હજાર તીનસૌ છત્તીસ બાર જન્મ-મરણ કહા, વહ અઠ્યાસી શ્વાસ કમ મુહૂર્ત ઈસપ્રકાર અંતર્મુહૂર્તમેં જાનના ચાહિયે.** ' એક અંતર્મુહૂર્તમાં એટલા ભવ. આહાહા..! જુઓને આ છોકરો ખોવાણો તો ક્યાં હાથ આવ્યો. વળી આ પાછો બીજો છોકરો ખોવાણો એમ બધા કહેતા. અનુપચંદ. બીજો છોકરો ... બેને ઉપાડી ગયા. ... .... અનંતવાર. આહાહા..! જીવતા દાટ્યા, જીવતા કાપ્યા. એ આત્માની જે દૃષ્ટિ જોઈએ તેના ભાવમાં, એ દૃષ્ટિ કરવાનો એને અવસર પણ મળતો નથી. આહાહા..! આ ૨૫-૨૫ વર્ષના જુવાન માણસ. ૨૨-૨૨ દિ'થી હાથ નથી આવતા. એકકોર એની મા બહુ રોતા. શું થાય? એ તો અનંતવાર... આહાહા..!

અમેરિકામાં નથી ...? એકવાર મુસલમાને એક ગાયને પકડી અને શણગાર કરી ગામમાં ફેરવી. આખા ગામમાં. ગાયને. ફેરવીને પોતાની લઈ ગયા એના મસ્જિદમાં. એને બાંધી અને ઝીણા ઝીણા કટકા કર્યા ગાયના. આ ..માં. આહાહા..! હિન્દુઓને દુઃખ કરાવવા માટે. આ તમારી ગાય જુઓ કહે. ગામમાં ફેરવીને પછી કાપી. ઝીણા ઝીણા. પોતાની નાતમાં વહેંચ્યા. અરેરે..! આ શું કરે છે? આહાહા..! .. નારકી. નરકમાં જવાની તૈયારી ભાઈ! તને દુઃખ આકરા પડશે. અહીં હોંશે હોંશે આવા કામ કરે છો, ભાઈ! તને દુઃખ આકરા પડશે. કોણ સાંભળે? વર્તમાનમાં કાંઈ પાંચ ઇન્દ્રિય કાંઈક ઠીક ને આયુષ્ય ને નિરોગતા ને કુટુંબને એમાં વાત કરે, આંખ .. ગઈ હોય ને આ બાપુ! આવા દુઃખો અનંતવાર કર્યા, ભાઈ! અત્યારે તે એ તરફના વલણવાળા ભાવથી દુઃખી છો તું. પણ પ્રતિકૂળ સંયોગ આવે ત્યારે દુઃખી છે એમ એ માને. આહાહા..!

ભગવાન આત્મા આનંદનો નાથ પૂર્ણ પ્રભુ, એનાથી વિરુદ્ધભાવ એ જ પ્રતિકૂળ છે. એ જ દુઃખ છે અને એ જ આકુળતા છે. આહાહા..! ૨૦ વર્ષનો છોકરો મરી ગયો હોય ને .. .. હવે એ ઘરમાં મડદું હોય, સવારે કાઢવું હોય. ઉંઘ આવે એને? આહાહા..! એ તૃષા, પાણી પીવાના ભાવ ભૂલી જાય, બધું ભૂલી જાય. આઠ-નવ વાગે મરી ગયા હોય એ રાતે તો કઢાય નહિ. સવાર સુધી મા ને બાપ જોવે. ભાઈ! કોને માટે આ? શું છે આ? તારી દૃષ્ટિમાં પ્રભુ તને તારું તત્ત્વ નથી આવ્યું. આ (અજીવ) તત્ત્વ તો એ રીતે સંયોગ આવે અને વિયોગે જાય એવું તો અનંતવાર થયું છે. પણ અસંયોગી ચીજ એવો આત્મા જેને રાગનો પણ સંયોગ સંબંધ છે નહિ. આ પરના સંબંધની તો વાત પણ શું કરવી? ચૈતન્યમૂર્તિને રાગને સંબંધ, સંબંધ, સંસર્ગ પરિચય એ વસ્તુ નથી. આહાહા..! એવા ભગવાનને આવા મિથ્યાભ્રમ સેવી સેવીને આવા દુઃખો કર્યા. ટાણા આવે ત્યારે, નહિ, અમને આમ થયું, અમને આમ થયું.

'(**વિશેષાર્થ :— ગાથામેં આયે હુએ 'નિગોદ વાસમ્મિ' શબ્દકી સંસ્કૃત છાયામેં 'નિગોત વાસે' હૈ. નિગોદ શબ્દ એકેન્દ્રિય વનસ્પતિ કાયિક જીવોંકે સાધારણ ભેદમેં રૂઢ હૈ,...** ' આ નિગોદ છે. આહાહા..! '**જબકિ નિગોત શબ્દ પાંચો ઇન્દ્રિયોંકે સમ્મૂર્ચ્છન જન્મસે ઉત્પન્ન હોનેવાલે લબ્ધપર્યાપ્તક જીવોંકે લિયે પ્રયુક્ત હોતા હૈ.**' બીજી રીતે પણ ત્યાં નિગોદ કહેવાય. '**અતઃ યહાં જો ૬૬૩૩૬ વાર મરણકી સંખ્યા હૈ વહ પાંચો ઇન્દ્રિયોંકો સમ્મિલિત સમજના ચાહિયે.**' પાંચેય ઇન્દ્રિયની બધી થઈને એક. આહાહા..! જેને ભવ પ્રિય એટલે વારંવાર ભવ કર્યા જ કરે. આહાહા..! બાયડીના સાડલા હોય ને પચ્ચીસ જાતના, તો સવારથી સાંજ સુધીમાં ફેરવ્યા જ કરે. દિશાએ જાય ત્યારે બીજો. બાયું સાથે બેસવા વખતે વાત કરવા વખતે બીજો, રસ્તામાં ચાલવા વખતે બીજો. ફેરવ્યા ફેરવ. કેમ કે પ્રેમ એના ઉપર છે. એવી જે આ ભાતની જાતના ભિન્ન-ભિન્ન પહેરેને સાડલા. સાડલા સમજતે હૈ? સાડી. આહાહા..! ફેરવ્યા ફેરવ કરે. આ આદમી શું? દરબાર

હતા ને ભાવનગર. મરી ગયા પછી ૩૦૦ જોડ જોડા નીકળ્યા. ૩૦૦ જોડ જોડા.

મુમુક્ષુ :- ધોતી જોડા?

ઉત્તર :- જુતા. રાજા ધોતી પહેરે નહિ. વાણિયા હોય એ ઢીલા ઢબ જેવા હોય એ ધોતિયા પહેરે. ઓલા તો ૩૦૦ જુતી નીકળી જુતી. રાતે ફરવા જાય ત્યારે બીજું, દિવસે બીજું, સાંજે બીજું. એટલા એટલા. બહુ પ્રેમ હોય એ વસ્તુ ભિન્ન-ભિન્નમાં જાય. એમ જેને ભવનો પ્રેમ એ ભવ ફેરવ્યા જ કરે. આહાહા..! તીવ્ર પ્રેમ છે. એમ કહે. ભગવાન આત્માનો પ્રેમ ભૂલી ગયો એ. રતિ... આવ્યું ને, રાતે આવ્યું ને. ૨૦૬ (ગાથા સમયસાર) .. આ પ્રભુ! તું આત્મામાં પ્રેમ કરને નાથ! આહાહા..! તારી પ્રેમાળ ચીજ તો એ છે. એમાં રતિ કર, એમાં સંતોષ પામ અને એમાં તૃપ્ત રહે ભાઈ! એ તારી ચીજ છે. આહાહા..! એને ભૂલીને ભગવાનને ભૂલ્યો કહે છે. આહાહા..! એ રાગ થયો શુભ અને પુણ્ય ત્યાં રાજી રાજી થઈ જાય. પૂર્વના કોઈ પુણ્યના બહાર ગંજ દેખાય, એકદમ એક કરોડ, બે કરોડ, પાંચ કરોડનો પેદાશ જ્યાં થાય ત્યાં રાજી રાજી થઈ જાય. શું છે પણ? આહાહા..! તારા નિધાન ખોવાઈ ગયા અને બહારના નિધાને રાજી થયો. આહાહા..! એવા ભવના પ્રેમીઓ ભવ ફેરવ્યા જ કરે છે કહે. જેને આત્માના પ્રેમ લાગ્યા એ નિર્મળ પરિણતિ ફેરવ્યા કરે. આહાહા..! પણ એ દરકાર કરી નહિ. ટાણા આવ્યા ત્યારે કાંઈક... કાંઈક.. એવા શલ્ય રાખ્યા. અંદર જવા માટેની દરકાર જ કરી નહિ. આહાહા..! એ ઓઝલમાં ભગવાન પડ્યો છે અંદર. એ '**૬૬૩૩૬ બાર મરણકી સંખ્યા હૈ...**' આહાહા..!

'**ઈસ હી અંતર્મુહૂર્તકે જન્મ-મરણમેં ક્ષુદ્રભવકા વિશેષ કહતે હૈં :—**' હવે એકેન્દ્રિય આદિ, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય.

वियलिंदए असीदी सट्ठी चालीसमेव जाणेह।
पंचिंदिय चउवीसं खुद्दभावंतोमुहुत्तस्स।।२९।।

'**અર્થ :- ઈસ અંતર્મુહૂર્તકે ભવોમેં દો ઈન્દ્રિયકે ક્ષુદ્રભવ અસ્સી,...**' આ ઈયળું આદિના અંતર્મુહૂર્તમાં ૮૦ ભવ. આહાહા..! એ મરે એની કાણ કોણ માંડે? આહાહા..! એણે માંડી પોતાની કાણ દુઃખમાં. આહાહા..! કહે છે કે ૮૦ ભવ તો બે ઈન્દ્રિયના કરે. એક અંતર્મુહૂર્તમાં. ત્રણ ઈન્દ્રિયના ૬૦ ભવ કરે. કીડી, મકોડા. તો ત્રણ ઈન્દ્રિય અંતર્મુહૂર્તમાં ૬૦ ભવ કહે છે. આહાહા..! '**ચૌઈન્દ્રિયકે ચાલીસ ઔર પંચેન્દ્રિયકે ચૌબીસ,...**' આ પંચેન્દ્રિયના એક અંતર્મુહૂર્તમાં ચોવીસ ભવ કરે.

'**ઈસપ્રકાર હૈ આત્મન્! તૂ ક્ષુદ્રભવ જાન.**' આહાહા..! '**जाणेह**' છે ને? કુંદકુંદાચાર્યે કીધું ને '**जाणेह**' બીજા પદનો છેલ્લો શબ્દ છે. એમ કે ભાઈ! તું જાણ એમાં. આવા આવા તેં ભવ કર્યા. ભવના અભાવનો સ્વભાવ શું છે એને તેં ન જાણ્યું. આહાહા..! 'તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો.' બહુ અપૂર્વ વાત છે અંદરમાં બાપુ! એ અપૂર્વ સ્વભાવ સામું જોયું નહિ અને પૂર્વાપર જે અનંતવાર વર્તનને વેઠ્યું એ ભાવને તે સેવ્યો. આહાહા..! સેવવા લાયક ચીજ હતી એને સેવી નહિ. આહાહા..!

'ભાવાર્થ :- ક્ષુદ્રભવ અન્ય શાસ્ત્રોમેં ઈસપ્રકાર ગિને હૈં. પૃથ્વી,...' કાય. એકેન્દ્રિય પૃથ્વી. પાણી. 'અપ્,...' એટલે પાણી. 'તેજ, વાયુ, ઔર સાધારણ નિગોદકે સૂક્ષ્મ બાદરસે દસ ઔર સપ્રતિષ્ઠિત વનસ્પતિ એક, ઈસપ્રકાર ગ્યારહ સ્થાનોંકે ભવ તો એક-એકકે છહ હજાર બાર ઉસકે છયાસઠ હજાર એકસૌ બત્તીસ હુએ...' આહાહા..! 'ઈસ ગાથામેં કહે વે ભવ દો ઈન્દ્રિય આદિકે દો સૌ ચાર, એસે ૬૬૩૩૬ એક અંતર્મુહૂર્તમેં ક્ષુદ્રભવ હૈં.' આટલા ભવ કર્યા. આહાહા..! ભગવાન કેવળજ્ઞાની સિવાય કોણ આ જાણે? આહાહા..!

'આગે કહેત હૈં કિ હે આત્મન્! તૂને ઈસ દીર્ઘસંસારમેં...' દીર્ઘસંસાર. આહાહા..! ચોર્યાસીની અટવી અનંત અનંત ભવનો સંસાર 'પૂર્વોક્ત પ્રકાર સમ્યગ્દર્શનાદિ રત્નત્રયકી પ્રાપ્તિ બિના ભ્રમણ કિયા, ઈસલિયે અબ રત્નત્રય ધારણ કરઃ—' લ્યો! આહાહા..!

रयणत्तये अलद्धे एवं भमिओ सि दीहसंसारे।
इय जिणवरेहिं भणियं तं रयणत्तय समायरह।।३०।।

આહાહા..! 'અર્થ :- હે જીવ! તૂને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ...' આત્મ, દર્શન, જ્ઞાન, રમણતા 'રત્નત્રયકો નહીં પાયા,...' આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો વિશ્વાસ તને ન આવ્યો ભાઈ! અનંતગુણનો નિધાન તેનું જ્ઞાન ન કર્યું તેં. પારકી બધી માંડીને પોતાનું ઘર ભૂલી ગયો. આહાહા..! પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન એની તને રમણતા ન થઈ. દર્શન નહિ ને જ્ઞાનની રમણતા ક્યાંથી હોય? કરવા જેવું હોય તો એ હતું, એ તો ન કર્યું. આહાહા..!

'ઈસ દીર્ઘકાલસે-અનાદિ સંસારમેં પહિલે કહે અનુસાર ભ્રમણ કિયા,...' ભવ આ કીધાને બધા ભવ? 'ઈસપ્રકાર જાનકર અબ તૂ ઉસ રત્નત્રયકા આચરણ કર,...' લ્યો! આ વાત છે. આહાહા..! આ નિશ્ચય રત્નત્રયની વાત છે હોં આ. વ્યવહાર રત્નત્રય તો એવા ભાવ પણ અનંતવાર કર્યા. આહાહા..! આણે અર્થમાં પણ એવું લખ્યું છે. પણ આમાં ગોટા... વ્યવહાર રત્નત્રયના ભાવ એ તો એક શુભભાવ છે. એવું તો અનંતવાર કર્યું છે. જે કહેવામાત્ર રત્નત્રય એવા તો વ્યવહાર અનંતવાર કર્યા. નિયમસારમાં આવે છે. આહાહા..! આ તો આત્મા અખંડ પ્રભુ પૂર્ણ આનંદ, એની રુચિનું પરિણમન જે સમ્યગ્દર્શન નિશ્ચય એ કર્યું નથી એ કર. આ ભાવ્યું નથી એને ભાવ. આહાહા..!

'ઉસ રત્નત્રયકા આચરણ કર,...' એ પણ આચરણ છે એક, લ્યો ઠીક! 'रयणत्तय समायरह' છે ને? 'समायरह' આહાહા..! પરમાત્મા અનંતગુણનો નાથ પ્રભુ પોતે બાદશાહ અનંત શાંતિથી બિરાજમાન છે. આ એનું સમ્યગ્દર્શનનું આચરણ કર એમ કહે છે. એ આચરણ નથી? બહારના આચરણો એ તો જડના છે. રાગની ક્રિયાના આચરણ એ તો વિભાવના છે. આહાહા..! આકરું છે પણ બહુ. બાહ્ય નગ્નપણા અનંતવાર લીધા. આહાહા..! અને પંચ મહાવ્રતના ભાવ પણ અનંતવાર લીધા. એ કોઈ ચીજ નવી નથી. પૂર્ણ અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ, દળ છે, એ આનંદનું દળ છે, એ ચૈતન્યનો

એકલો કંદ છે. એનું સમ્યગ્દર્શન, એની અંતરની રુચિની દૃષ્ટિનું થવું એનું આચરણ કર. એ આચરણ કર. ભગવાન કુંદકુંદાચાર્ય જગતની કરુણા કરીને કહે છે ભાઈ! તને .. આહાહા..!

એ વનમાં ચાલી નીકળ્યા રાજકુમારો. જેને આહાર વખતે સીધી ઉની રોટલી જે તવામાંથી કાઢી પડતી તેના ભાણામાં. અને એની ખાવા-પીવાની સામગ્રીનો તો પાર ન હોય. ચક્રવર્તી લ્યોને ચક્રવર્તી. આહાહા..! જેનો બત્રીસ કોળનો એક કવળ છન્નું કરોડ પચાવી ન શકે. આહાહા..! એવી ભસ્મોથી બનાવેલો હોય એનો કોળિયો. હીરા, માણેક, મોતીની ભસ્મથી. આહાહા..! ઘીમાં ચોળી... અને એવી ઔષધિ એમાં નાખે કે હીરો એમાં ગળી જાય. અને એ ઘીમાં તળેલા ઘઉં, એના લોટની કરે રોટલી. આહાહા..! અને તાજી તાજી ઊની દે, એ ચક્રવર્તી ચાલી નીકળ્યા. આહાહા..! આ સ્વનું આચરણ કરવા ચાલી નીકળ્યા. આહાહા..!

'**रयणत्तय समायरह**' આહાહા..! '**इय जिणवरेहिं भणियं**' ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ સો ઇન્દ્રના પૂજનિકનો પોકાર આ છે. આહાહા..! અરે..! તને હજી એક શરીરની જરીક અનુકૂળતા દેખે ત્યાં આખો અર્પાઈ ગયો, મરી ગયો ત્યાં. આહાહા..! જાણે શું કરવું આ શરીરનું? આહાહા..! સ્મશાનની રાખ થઈને ઊડી જશે, ભાઈ! ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ છે એનું આચરણ કર ને. આહાહા..! એ ઘડી પળ ચાલ્યા જાય છે. આવા પળને ઘડી ફરીને મળવી મુશ્કેલ છે. 'સમય વર્તે સાવધાન' નથી કરતા તમારે? લગન કરે ત્યારે. લગનને વખતે. છે ને તમારે કાંઈક હશેને તમારે? શાંત થઈ જાઓ. લાવો કન્યાને. સમય વર્તે સાવધાન. ધૂળમાંય નથી. ત્યાં તો .. છે. આહાહા..! એમ હથેવાળું કરવા જાય ત્યાં તો સર્પ કરડ્યો અને ત્યાં ને ત્યાં મરી જાય. આ થયા છે ને એવા. એવા અનંતવાર થયા છે. અનંતવાર થયા છે. આહાહા..! હોંશુ હરખમાં નીચે પગ અને હાથમાં હથેવાળા હોય. નીચે મોટો નાગ આવ્યો ફટ કરડી ગયો. આમ ઘડીમાં થાય ત્યાં. શું થયું? ઉડી ગયું શરીર લ્યો. આહાહા..! જિનેશ્વરદેવ કહે છે કે તેં આવા સંસારમાં આવા ભવ કર્યા પ્રભુ! આહાહા..! હવે તો આ રત્નત્રયનું આચરણ કર એમ કહે છે. એમ જિનેશ્વરદેવે કહ્યું છે. આહાહા..!

'**ભાવાર્થ :- નિશ્ચય રત્નત્રય પાયે બિના...**' જુઓ ખુલાસો કર્યો. '**યહ જીવ મિથ્યાત્વકે ઉદયસે સંસારમેં ભ્રમણ કરતા હૈ, ઈસલિયે રત્નત્રયકે આચરણકા ઉપદેશ હૈ.**' આ રત્નત્રય આ નિશ્ચય હોં! વ્યવહારની અહીંયાં વાત નથી. આહાહા..! '**इय जिणवरेहिं भणियं तं रयणत्तय**' આ છે. એ નિશ્ચય રત્નત્રયના આચરણનો ઉપદેશ છે જુઓને. '**रयणत्तय**' છે ને? આહાહા..! પૂર્ણ અનાકુળ શાંતરસનો કંદ દળ પ્રભુ ચૈતન્ય. આહાહા..! એની સન્મુખની દૃષ્ટિ, એના સન્મુખનું જ્ઞાન, એના સન્મુખમાં રમણતા. આવા '**रयणत्तय**' આ કર ને. એ આચરણમાં આ લેને એમ કહે છે. બીજા આચરણ તો કર્યા હવે અનંતવાર. ... આહાહા..!

નાની ઉંમરમાં 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા.' જુવાન શરીર લઠ જેવું હોય શરીર,

સ્ત્રી સુંદર ને રૂપાળી હોય. થઈ રહ્યું, મરી ગયો એમાં. આહાહા..! 'ગઢપણ દેખકે રોયા.' ઘડપણ આવે ત્યાં હાય.. હાય.. બેસાતું નથી. ઓશિકા વિના બેસાતું નથી. .. આમ થાય છે, પગ ધ્રુજે છે, પગમાં દુઃખ થાય છે. ખાલી ચડી જાય છે.

મુમુક્ષુ :- હલાતું નથી.

ઉત્તર :- હલાતું નથી. હાલે ત્યાં રાડ નખાય છે અંદર. આવામાં મંડ્યો અનાદિથી. આહાહા..! પણ પ્રભુ તારી ચીજ નિધાન છે ત્યાં તો તું.. આહાહા..! તારી સંપદાની સંભાળ કરવા તો આવ હવે. એમ કહે છે. 'ઈસલિયે રત્નત્રયકે આચરણ કા ઉપદેશ હૈ.' લ્યો!

**'આગે શિષ્ય પૂછતા હૈ કિ વહ રત્નત્રય કૈસા હૈ? ઉસકા સમાધાન કરતે હૈં કિ રત્નત્રય ઈસપ્રકાર હૈ :—'** અહીંયાં તો રત્નત્રય આચરણ કહ્યું ને. રત્નત્રય શું છે એ ચીજ? આહાહા..!

**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो।**
**जाणइ तं सण्णाणं चरदिहं चारित्त मग्गो त्ति।।३१।।**

**'અર્થ :- જો આત્મા આત્મામેં રત હોકર...'** ભગવાન આત્મા જે અનાદિથી રાગમાં રત છે એ તો મિથ્યાત્વભાવ છે. રાગમાં રંગાયેલો જોઈ જીવને... એમાં લીન થઈ જાય એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! **'આત્મા આત્મામેં રત હોકર...'** આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે. એવા આત્માને આત્મામાં નિર્મળ સ્વભાવમાં રત થા. આહાહા..! જુઓ આ સમ્યગ્દર્શન-જ્ઞાનની વ્યાખ્યા કરી. કોઈ વળી એમ કહે કે આમાં રત્નત્રય આચરણ વ્યવહાર કહ્યો હશે તો? એ વ્યવહાર તો અનંતવાર કર્યો, એની આ વાત છે નહિ. આહાહા..!

**'अप्पा अप्पम्मि रओ' 'યથાર્થરૂપકા અનુભવ કર...'** આહાહા..! ભગવાન પૂર્ણ ગુણનો નાથ એમાં પ્રેમ કરીને એમાં લીન થા. એ તારી વ્હાલી ચીજ તો એ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કાલે આવ્યું હતુ ને નહિ? વિદ્યમાન. ભાવમાં વિદ્યમાન અવસ્થારૂપ. આહાહા..! પ્રભુ તારા ગુણ તને વ્હાલા લાગ્યા. એ વ્હાલાના વિયોગ ને વિરહ તને નહિ રહે. એની વિદ્યમાન અવસ્થા આનંદની કાયમ થયા જ કરશે. આહાહા..! ભાવ નામનો ગુણ છે ને. એ ગુણનો ધરનાર ગુણી પ્રભુ છે ને. એવા આત્મા પ્રત્યેનો પ્રેમ જો ને વ્હાલ તેં કરી. આહાહા..! ભગવાન તને વ્હાલપના વિરહ નહિ રહે. આહાહા..! અનાદિ કાળના વિરહ સેવ્યા તેં એમાં. એની વ્હાલપને વ્હાલપ તરીકે જાણી નહિ. ભાવ શક્તિ. ભાવ શક્તિ આવી છે ને. એને લઈને વિદ્યમાન નિર્મળ અવસ્થા વિદ્યમાન હોય જ. આહાહા..! જેણે આવો આત્મા ભાવસંપન્ન શક્તિવાળો અનંત એને જેણે લીન કરીને સેવ્યો. આહાહા..! એને એની આનંદની દશાની અવસ્થા કદી મટે એવી નથી. આહાહા..! એની આનંદ ને શાંતિની અવસ્થા ભાવની વિદ્યમાન પર્યાયમાં કાયમ થયા કરશે. આહાહા..! એ જિનેશ્વરદેવે કહેલો આત્મા આવો છે. એવો આત્મા બીજે ક્યાંય થયો નથી, જાણ્યો નથી, ... આહાહા..!

જેની વ્હાલપું કરી, એ વ્હાલાની નિર્મળદશા એનો વિરહ અને વિયોગ તને નહિ રહે હવે. આહાહા..! એની સેવા કરને કહે છે. એક રાજાની સેવા કરે તો કાંઈક આપે. ગામ (કે જેથી) સુખી થાય. આ તો ભગવાન ત્રણ લોકનો નાથ એની સેવા કરતા તને શું નહિ મળે? આહાહા..! વાત એવી છે આ અંતરની વાતું. બહારથી કાંઈક દેખાય અને મળે એમ દેખાય. હવે એને આવા નિરાલંબ તત્ત્વની વાતું. આહાહા..! ભગવાન પણ આ જ કર્યે છૂટકો છે. કહો, પ્રાણભાઈ! આહાહા..! એ વિના છૂટી વસ્તુને દૃષ્ટિમાં, અનુભવમાં લીધા વિના તારા છૂટકારા થાય એવા નથી, ભાઈ! આહાહા..!

એ '**યથાર્થરૂપકા અનુભવ કર...**' એ પૂર્ણ ગુણનો નાથ એનો અનુભવ કર, એને અનુસરીને અનુભવ કર. રાગ અને પુણ્યના પરિણામ ને એવા તો અનુસરીને અનંતવાર વેદ્યા. એ બધા દુઃખના દરિયામાં ડૂબકી મારી. આહાહા..! હવે આ આનંદનો નાથ સરોવર એમાં તો ડૂબકી માર એકવાર. આહાહા..! ભાઈ! તને આનંદ આવશે એમાં. ઓલામાં આવે છે ને. .. સુખ છે એ બીજાને નહિ પૂછવું પડે. નિર્જરા. એ ૨૦૬માં કહે છે. ૨૦૬માં. તૃપ્ત થા. તૃપ્ત થા. આહાહા..! એ તૃપ્તિ ત્યાં થાશે. એ બહારના વિષય ને ભોગ ને ધૂળમાંય ક્યાંય તૃપ્તિ નથી, ભાઈ! આહાહા..! વિષય સેવી લઈએ પછી તૃપ્તિ થશે. બાપુ! ત્યાં ક્યાં તૃપ્તિ હતી? આહાહા..! તૃપ્તિ થયેલું નાથ તો પ્રભુ તારું સ્વરૂપ છે. એનો અનુભવ કર અને '**તદ્રૂપ હોકર શ્રદ્ધાન કરે...**' ભાષા જોઈ! ભગવાન આત્મા જેવો છે તેવી અંતર દૃષ્ટિ કરી, તદ્રૂપ થઈ અને શ્રદ્ધા કર. આહાહા..! સમજાણું કાંઈ? આ માર્ગ જ સાંભળનારા પણ થોડા હોય હોં! આહાહા..! 'વીરલા જાણે તત્ત્વને વિરલા સાંભળે કોઈ' એ નથી આવતું? વીરલા શ્રદ્ધે કોઈ, વીરલા ધારે કોઈ. આહાહા..!

બહારમાં એનું કાંઈ બહારમાં દેખાવ ન થાય, પુણ્ય ન હોય અને બહાર લોકો જાણે આ શું? અહીં તો વીતરાગ પરમેશ્વરની વાતું કુંદકુંદાચાર્ય એટલે ભગવાન આમ કહે છે ને ભાઈ! એ .. ના પાડે? '**जिणवरेहिं भणियं**' જિનવર દેવ કહે છે, ભાઈ! હવે રત્નત્રયને આચરને. આહાહા..! '**વહ પ્રગટ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,...**' આહાહા..! ચૈતન્ય પરમાત્મા પોતે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ શાંતસ્વરૂપ, પૂર્ણ સ્વચ્છસ્વરૂપ, પૂર્ણ પ્રભુત્વસ્વરૂપ. એની એમાં એકાગ્ર-તદ્રૂપ થતાં તને સમ્યગ્દર્શન થશે. આહાહા..! આ કરવા જેવું છે એવી હા તો પાડ. આહાહા..! ડોક્ટર ગયા? આહાહા..! માણસને એવું લાગે. આમ કરો, આ વ્રત કરો, તપ કરો એ બધું. એ તો બાપુ રાગ છે, અનંતવાર કર્યા હવે. જન્મના, મરણના આરા મટે એ તો આ એક ચીજ છે આત્મા. આહાહા..!

છે ને? '**अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ**' થોડું એમ છે ને પાઠ? '**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ**' પ્રગટ જીવ પ્રગટ. આહાહા..! આ બધા દુઃખનું વર્ણન કર્યું. હજી પણ કહે છે. પણ એનો કહેવાનો આશય એમાં તો આ આત્મામાં એકાગ્ર થા એ માટે આ બધું કહ્યું. સમજાણું? એનો સાર શું? આહાહા..! જગતને ભૂલી જા અને ભગવાનમાં ભળી જા. આહાહા..! રાગાદિ ભગવાન! એ બધી

જગત છે એ તો. વિકલ્પ પુણ્ય, દયા, દાન, વ્રત આદિ એ બધો જગત છે. જગતને ભૂલી જા. આહાહા..! અને ભગવાનમાં ભળી જા. આહાહા..! ગમે તે શરીરમાં હો એ એને કારણે હો. બહારના સંયોગો પ્રતિકૂળ હોય, અનુકૂળ હો, દુનિયા પ્રશંસે, નિંદે એની સાથે તારે શું સંબંધ? પરના સંબંધ વિનાની ચીજ અને સ્વભાવના સંબંધવાળી ચીજ. આહાહા..! એમાં ભળ, જા. એમ કીધું ને? એકાગ્ર–તદ્રૂપ થા. તદ્રૂપ થા. એ રાગરૂપ છે (એને છોડી) તદ્રૂપ થા. એ તારું સ્વરૂપ છે. આહાહા..!

આ ઓલા રોજાના દિવસ હોય છે ને રોજાના નહિ? લોટિયા વોરા. રાતે તો રોવે બહુ. ..માં અપાસરો જોડે છે ને. મેં કીધું આ રોવે છે કેમ? લોટિયાનું સામે જ છે. સામે છે ને? એ રોજાના વાંચે ત્યારે રોવે. એવું હોય છે. ત્યાં તો સામે વાણિયાના ઘર .. ત્યાં મેડી ઉપર બેઠા બેઠા સાંભળીએ. બારણા બંધ કરી દે એ લોકો. પછી એ વિરહમાં રોવે રોજાના દિવસ હોય ને ત્યારે. રોજાના દિવસે.

અહીં કહે છે કે પ્રભુ! તું એકવાર... તેં આંસુ ન નાખ્યા દુઃખના. અરેરે..! મેં આવા દુઃખ સહન કર્યા. હવે મારે નથી કરવું. મારો ભગવાન ભૂલીને હું બહારમાં રખડ્યો. આહાહા..! બહિરાત્મા બહાર ચલો. એ ભગવાન પણ દે એવું નથી અને કોઈ ગુરુ પણ આપે એવો નથી. એમ કહે છે. તારો ભગવાન તારી પાસે પડ્યો છે ને નાથ! એની રક્ષા કરને ભાઈ! આહાહા..! '**सम्माइट्ठी हवेइ**' પ્રગટ. આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન હોં એ. વ્યવહાર સમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શન જ ક્યાં છે બાપુ! નહિ. બે નયનું કથન. બેય નય સાચા છે. સાચા છે એ તો છે એપણે સાચા. પણ સમ્યગ્દર્શન વ્યવહાર એ સાચું છે? આહાહા..! જુઓને કેટલી મોટી વાત! '**अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो। जाणइ तं सण्णाणं**' '**ઉસ આત્માકો જાનના સમ્યગ્જ્ઞાન હૈ,...** ' ભાષા દેખો! જે ભગવાન પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ વસ્તુ એનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ. એ જ્ઞાની એવો આત્મા એનું જ્ઞાન. સંયોગ ને રાગ ને એમાં જ્ઞાન નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઉસ આત્માકો જાનના...**' '**तं**' છે ને? '**जाणइ तं सण्णाणं**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, ભાઈ! તને તારા ભરોસે તને દેખાતો નથી. ભરોસા બીજે ઢળી ગયા છે. આહાહા..! એવું જે ભગવાન ચૈતન્યમૂર્તિ એનું જ્ઞાન. એમ કીધું ને? '**ઉસ આત્માકો જાનના.**' '**सण्णाणं**' તે જ્ઞાન. આ નિશ્ચય રત્નત્રયની વ્યાખ્યા કરે છે. '**ઉસ આત્મામેં આચરણ કરકે...**' લ્યો! '**चरदिहं चारित्त मग्गो**' એમ. એ આત્મામાં ચરવું અંદર. આનંદનો નાથ પરમાત્મા પોતે તેમાં ચરવું, રમવું, જમવું એવી ચીજમાં જામી જાવું. આહાહા..!

એવા '**રાગદ્વેષરૂપ ન પરિણમના...**' એનું નામ '**સમ્યક્ચારિત્ર હૈ.**' પાંચ મહાવ્રતના ભાવ બાપુ! એ તો રાગ છે, ભાઈ! એ ચારિત્ર નથી. તો માણસને એવું લાગે. નિશ્ચય અને વ્યવહાર બેય લાભદાયક છે. લાભદાયક શું? જ્ઞાન કરવા માટે છે. એ ક્યાં છે એમ લખ્યું છે. ઓલામાં. બારમી ગાથામાં આવ્યું. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! .. ઓલો ફુલચંદજીએ જવાબ આપ્યો

છે. ભાઈ વ્યવહારને તો વચ્ચે જાણવા માટે. છે એમ જાણ એવું ક્યાં લખ્યું છે? આહાહા..! નિમિત્ત છે, વ્યવહાર છે તે જાણવા માટે એનું જ્ઞાન કરવા માટે. પણ તું સ્વપરપ્રકાશક ચૈતન્ય છો એટલે સ્વને પ્રકાશે એ તો નિશ્ચય, પણ વ્યવહારને જાણે એ વ્યવહાર. એને જાણે-એનું નામ સ્વપરપ્રકાશકનું જ્ઞાન. અને એનું નામ પરને જણાવા માટે વાત કરી છે. તારા ઘરમાં એ રાગ ક્યાં છે?

'**રાગદ્વેષરૂપ ન પરિણમના...**' ન પરિણમવું. ન થવું અહીં તો એ વાત છે ને. પુણ્ય અને પાપના ભાવરૂપે, વ્રતના ભાવરૂપે પણ ન થવું તે '**સમ્યક્‌ચારિત્ર હૈ.**' '**चरदिहं चारित्त मग्गो**' છે ને? ચારિત્ર માર્ગ. ચારિત્ર માર્ગ. આહાહા..! માર્ગ છે એ. આહાહા..! બહારથી સમેટીને અંદરમાં સમા. એમ કહે છે. આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... ભગવાન! નિશ્ચય એટલે સાચું. સત્‌સ્વરૂપ એ છે. એવો ચૈતન્યઘન ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ બળસ્વરૂપ, પૂર્ણ .. સ્વરૂપ એ પ્રભુતામાં એકાગ્ર થવું એ ચારિત્ર છે. આહાહા..! ત્યારે ઓલા કહે કે પણ એના કાંઈક સાધન હશે કે નહિ? એમ પૂછતા હતા. અગાસમાં. અગાસમાં. એક મારવાડી રાતે આવ્યો હતો. વ્યાખ્યાન સાંભળ્યું. પણ એ લોકો ભક્તિ કરવી એ બધું સાધન. અગાસ ગયા હતા ને એકવાર. ત્યાં સાંભળ્યું બધા બેઠેલા. એક મારવાડી રાતે આવ્યો. કહે, આ વાત બરાબર છે પણ એનું કાંઈક સાધન હશે કે નહિ? કહો, હવે આ વાંધા. એ તારું સ્વરૂપ સાધવું એ જ સાધન છે. આહાહા..! પ્રજ્ઞા વડે એકાગ્ર થવું, આનંદ વડે એકાગ્ર થવું એ જ એનું સાધન છે. આ તો એમ કે ભક્તિ કરીએ, પૂજા કરીએ એ સાધન હોય. પણ એ સાધન જ ક્યાં છે? આવે, હોય એ જુદી વાત છે. પણ એ કોઈ અંતરમાં જવાની એકાગ્રતાના મદદગાર છે એમ નથી. આ ભક્તિવાળાને આ બધા વાંધા. શિવલાલભાઈ!

મુમુક્ષુ :- બાધક છે. સાધકોને બાધક છે.

ઉત્તર :- બાધક જ છે. આહાહા..! ભગવાન પોતે અહીં તો કહે છે કે તું તારી શ્રદ્ધા, જ્ઞાન અને તારામાં રમણતા કર. અમારી સામું જોવું રહેવા દે એ તો અહીં કહે છે. સ્વરૂપચંદભાઈ! આહાહા..! ભાઈ! તને તારા સામું જોવાનુ કહ્યું ને તને ગોઠે નહિ. અને કાંઈક બહાર સામું જોવે તો ઠીક પડે. આ શી વાત તારી? આહાહા..! રાવનો દિ' ફર્યો. આહાહા..! તને અંતરમાં જવાનું જ્યારે કહીએ ત્યારે તને રુચે નહિ અને એના સાધન તરીકે બહારમાં જા એ એના સાધન? બાપુ! તને વસ્તુની સ્થિતિ, વસ્તુમાં વાસ કરવો તે એને સ્ફુર્યું નથી. વાદવિવાદે પાર નહિ પડે બાપા! આ સાધન કહ્યા છે, વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. દ્રવ્યસંગ્રહમાં. આહાહા..! દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે. એ તો એ નાખ્યું છે ત્યાં. આહાહા..! ઓલા કહે કે નહિ. આમ છે. ત્યાં અર્થ આમ છે, ધૂળ છે. વળી એમ લખ્યું છે. '**ઈસપ્રકાર યહ નિશ્ચયરત્નત્રય હૈ, મોક્ષમાર્ગ હૈ.**' લ્યો! બહુ સારી વાત છે.

'**ભાવાર્થ :- આત્માકા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ...**' આત્માનું શ્રદ્ધાન, આત્માનું જ્ઞાન, આત્માનું આચરણ એ '**નિશ્ચયરત્નત્રય હૈ ઔર બાહ્ય મેં ઈસકા વ્યવહાર-જીવ અજીવાદિ**

**તત્ત્વોંકા શ્રદ્ધાન,...'** ઠીક! બાહ્યમેં. આહાહા..! એનું **'તથા જાનના ઔર પરદ્રવ્ય પરભાવકા ત્યાગ કરના ઈસપ્રકાર નિશ્ચય-વ્યવહારસ્વરૂપ રત્નત્રય મોક્ષકા માર્ગ હૈ. વહાં નિશ્ચય તો પ્રધાન હૈ,...'** મુખ્ય જ એ છે. **'ઈસકે બિના વ્યવહાર સંસારસ્વરૂપ હી હૈ.'** લ્યો! વ્યવહાર શ્રદ્ધાજ્ઞાન એ બધું સંસાર છે.

**'વ્યવહાર હૈ વહ નિશ્ચયકા સાધનસ્વરૂપ હૈ,...'** નાખ્યું ને પાછું આ? **'યહાં ઐસા નહીં સમજના કિ પ્રથમ વ્યવહાર હો ઔર પશ્ચાત્ નિશ્ચય હો...'** નીચે. **'કિંતુ ભૂમિકાનુસાર પ્રારંભસે હી નિશ્ચય-વ્યવહાર સાથમેં હોતા હૈ. નિમિત્તકે બિના અર્થ શાસ્ત્રમેં જો કહા હૈ ઉસકે વિરૂદ્ધ નિમિત્ત નહીં હોતા ઐસા સમજના.'** એ બતાવવા માટે કહ્યું છે એમ. એ બતાવવા માટે કહ્યું છે એમ. આવું એને નિમિત્ત હોય એ બતાવવા માટે (કહ્યું) એથી બીજું વિરૂદ્ધ નિમિત્ત હોય નહિ, એ માટે એને વ્યવહાર કહ્યો છે. આહાહા..! નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વ્યવહાર આવો હોય એ કેમ કહ્યું? કે તે વખતેનો એ જાતનો જ વ્યવહાર હોય, એવું જ એને નિમિત્ત, એ જાતનું નિમિત્ત હોય. એ જણાવવા એને વ્યવહાર કહ્યો છે. આહાહા..!

**'ઈસકે બિના નિશ્ચયકી પ્રાપ્તિ નહીં હૈ...'** પાછું નાખ્યું ઓલામાં. **'ઔર નિશ્ચયકી પ્રાપ્તિ હો જાનેકે બાદ વ્યવહાર કુછ નહીં હૈ...'** પણ એ વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય એમ નથી.

મુમુક્ષુ :- એનો અર્થ વ્યવહારનો અભાવ થયો.

ઉત્તર :- અભાવ કરે છે. આહાહા..! .. બહારમાં.. ભાષા આવે કથનની. વ્યવહાર એ નિશ્ચિતરૂપ સાધનસ્વરૂપ આવે ને શાસ્ત્રમાં. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એ તો ત્યાં હોય છે એ જાતનું સાધન આરોપથી કહેવામાં આવે છે. વાસ્તવિક એ સાધન-ફાધન છે જ નહિ. આહાહા..! આ એકાંત લાગે માણસને હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર મિથ્યાત્વ નથી. વ્યવહાર એ કાંઈ મિથ્યાત્વ નથી. રાગની મંદતા એવો ભાવ એને વ્યવહાર કહીએ. એને સાધન વ્યવહારથી કહેવામાં આવે. ખરેખર સાધન એ છે નહિ. એ વ્યવહાર કાંઈ મિથ્યાત્વ નથી. મિથ્યાત્વ નથી. એ વ્યવહારને ધર્મ માનવો, પરમાર્થ ધર્મ માનવો એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિની અહીં ક્યાં વાત છે? અત્યારે તો નિશ્ચયવાળાનો વ્યવહાર એમ જ વાત ચાલે છે.

**'નિશ્ચયકી પ્રાપ્તિ હો જાનેકે બાદ વ્યવહાર કુછ નહીં હૈ...'** એમાં પહેલો હોય છે એનું જ્ઞાન કરાવ્યું. .. પછી એ વ્યવહાર રહેતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૧, શુક્રવાર તા. ૧૮-૦૧-૧૯૭૪**
**ગાથા - ૩૨ થી ૩૪, ?પ્રવચન - ૯૨**

અષ્ટપાહુડમાં ભાવપાહુડ છે આ. ૩૨મી ગાથા છે. 'આગે સંસારમેં ઈસ જીવને જન્મ-મરણ કિયે હૈં વે કુમરણ કિયે, અબ સુમરણકા ઉપદેશ કરતે હૈં :–'

अण्णे कुमरणमरणं अणेयजम्मंतराइं मरिओ सि।
भावहि सुमरणमरणं जरमरणविणासणं जीव!।।३२।।

'અર્થ :- હે જીવ! ઈસ સંસારમેં અનેક જન્માંતરોમેં... ' અનેક ભવમાં—જન્માંતરોમાં. અનેરા-અનેરા જન્મમાં 'અન્ય કુમરણ મરણ જૈસે હોતે હૈં વૈસે તૂ મરા.' અનંતકાળથી. 'અબ તૂ જિસ મરણ સે જન્મ મરણ કા નાશ હો જાય... ' આહાહા..! જેનાથી આત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ સહિત મૃત્યુ હોય એ જન્મ-મરણના અંત લાવવાનું મૃત્યુ છે. આહાહા..! 'જિસ મરણ સે જન્મ મરણ કા નાશ હો જાય...' સમ્યગ્દર્શનમરણ, સમ્યગ્જ્ઞાનમરણ, સમ્યક્ચારિત્રમરણ એનાથી જન્મ-મરણનો નાશ છે. 'ઈસપ્રકાર સુમરણ ભા અર્થાત્ સમાધિમરણકી ભાવના કર.' આત્મામાં શાંતિ.

પુણ્ય-પાપના રાગને વશ થઈને દેહ છૂટે એ તો બધા કુમરણ છે. પોતાનો સ્વભાવ જે વીતરાગ ચૈતન્યજ્યોત એનું ભાન અને પ્રતીત અને રમણતાથી દેહ છૂટે એ સુમરણ છે, એ જન્મ-મરણના નાશનું એ મરણ છે. આહાહા..! એની વ્યાખ્યા પછી આપી છે. મરણના કેટલાક પ્રકાર અહીંયા છે. જાણવા જેવી વાત છે. ૧૭ નામ-નામ. હવે એનું સ્વરૂપ.

'ઈનકા સ્વરૂપ ઈસપ્રકાર હૈ - આયુકર્મકા ઉદય સમય-સમયમેં ઘટતા હૈ...' જે આયુષ્ય લઈને આવ્યો એ સમયે સમયે ઘટે છે. 'વહ સમય-સમય મરણ હૈ,...' આહાહા..! 'આવીચી...' પાણીના કલોલ જેમ ઉઠે એમ સમયે સમયે એના પરમાણુઓ છૂટી જાય છે આયુષ્યના. એ આવીચીમરણ કહેવાય. 'વર્તમાન પર્યાયકા અભાવ તદ્ભવમરણ હૈ.' એ ભવનો અભાવ એટલું. એ તદ્ભવમરણ.

'જૈસા મરણ, વર્તમાન પર્યાયકા હો વૈસા હી અગલી પર્યાયકા હોગા વહ અવધિમરણ હૈ.' એ તો વસ્તુની સ્થિતિ બતાવે છે કે જે ભાવે દેહ છૂટ્યો એવા અને એ ભાવે ભવિષ્યમાં દેહ છૂટે એ અવધિમરણ. 'ઈસકે દો ભેદ હૈં-જૈસા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ વર્તમાનકા ઉદય આયા...' કર્મની પ્રકૃતિ, મુદત, રસ 'વર્તમાનકા ઉદય આયા વૈસા હી અગલીકા ઉદય આવે વહ (૧) સર્વાવધિમરણ હૈ ઔર એકદેશ બંધ-ઉદય હો તો (૨) દેશાવધિમરણ કહલાતા હૈ.' એ વર્ણભેદથી...

**'વર્તમાન પર્યાયકા સ્થિતિ આદિ જૈસા ઉદય થા વૈસા અગલીકા સર્વતો વા દેશતો... '** ઓલામાં આવ્યું હતું ને સર્વાવધિ, દેશાવધિ. એમ આ સ્થિતિની વાત છે. **'વા દેશતો બંધ-ઉદય ન હો વહ આદ્યન્તમરણ હૈ.'** એ તો એક જાણવાની વાત છે. **'પાંચવાં બાલમરણ હૈ, યહ પાંચ પ્રકારકા હૈ---૧. અવ્યક્તબાલ, ૨. વ્યવહારબાલ, ૩. જ્ઞાનબાલ, ૪. દર્શનબાલ, ૫. ચારિત્રબાલ. જો ધર્મ, અર્થ, કામ ઈન કામોંકો ન જાને,...'** ન જાણે પુણ્ય, ન જાણે લક્ષ્મી, ન જાણે ભોગ. **'જિસકા શરીર ઈનકે આચરણકે લિયે સમર્થ ન હો...'** પુણ્ય, લક્ષ્મી અને ભોગને માટે જેનું શરીર આચરવાને લાયક ન હોય એને અવ્યક્તબાળ (કહે). બાળકમરણ મરે છે ને બાળક બિચારા. કાંઈ ખબર ન હોય. પુણ્યની ખબર ન મળે, લક્ષ્મીની ખબર ન મળે. કામ-ભોગની ખબર ન મળે. એવા બાળક મરે. આહાહા..! એને અહીંયા અવ્યક્તબાળ એમ ભાન વિનાના.

**'જો લોકકે ઔર શાસ્ત્રકે વ્યવહારકો ન જાને...'** લોકનો વ્યવહાર અને શાસ્ત્રના આ બધા **'તથા બાલક અવસ્થા હો વહ વ્યવહારબાલ હૈ. વસ્તુકે યથાર્થ જ્ઞાનરહિત જ્ઞાનબાલ હૈ.'** બહુ તત્ત્વજ્ઞાનનું ભાન ન મળે એ બાળ, જ્ઞાનબાળ છે. **'તત્ત્વશ્રદ્ધાનરહિત મિથ્યાદૃષ્ટિ દર્શનબાલ હૈ.'** મિથ્યાદર્શનસહિત મરવું એ દર્શનબાળ. આહાહા..! **'ચારિત્રરહિત પ્રાણી ચારિત્રબાલ હૈ.'** દર્શન-જ્ઞાન હોય પણ ચારિત્ર ન હોય તો એ અપેક્ષાએ ચારિત્રબાળ. સમકિત હોવા છતાં, સમકિતની અપેક્ષાએ પંડિત છે, પણ ચારિત્ર ન હોય તે અપેક્ષાએ તે બાળ છે. આહાહા..! એવા અનંતા અનંતા આત્મજ્ઞાન વિના, આત્મા અનુભવ વિના, આત્માના આચરણ વિના એવા અનંતા કુમરણ કર્યા, હવે તો છોડને એમ કહે છે. એવું મરણ કર કે જેથી ભવિષ્યમાં ભવ ન રહે. દેહ તો છૂટશે, પણ તું એને છોડ રાગને. આહાહા..! વીતરાગમૂર્તિ પ્રભુ એનો આદર કર, ચૈતન્યનો. એનું જ્ઞાન પંડિતમરણ, સમકિત પંડિતમરણ કહે છે. ચારિત્રમાં **'ઈનકા મરના સો બાલમરણ હૈ.'** છે ને?

**'યહાં પ્રધાનરૂપસે દર્શનબાલકા હી ગ્રહણ હૈ,... '** મિથ્યાદૃષ્ટિ. આહાહા..! જેને આત્મા આનંદઘન સાથે રાગની એકતાથી દેહ છૂટે એ બાળમરણ છે. ચાહે તો બાહ્યથી સંથારા કર્યા હોય બબ્બે મહિના. એ ઝાડની ડાળ નીચે ... પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને દૃષ્ટિમાં આવ્યો નથી અને એનાથી વિરૂદ્ધ જે રાગની એકતા તૂટી નથી, એ બધા મરનારા બાળમરણ છે. આહાહા..! **'ક્યોંકિ સમ્યગ્દૃષ્ટિકો અન્ય બાલપના હોતે હુએ ભી... '** આત્મદર્શન, અનુભવ હોવા છતાં **'અન્ય બાલપના હોતે હુએ ભી દર્શન પંડિતતાકે સદ્‌ભાવસે પંડિતમરણમેં હી ગિનતે હૈં.'** કહે છે કે ચારિત્ર ન હોય, સમ્યગ્દર્શન એકલું હોય. ચારિત્ર ન હોય તો એ અપેક્ષાએ બાળ કહેવાય એને. પણ સમકિતસહિતનું દર્શનપંડિતનો સદ્‌ભાવ એ પંડિતમરણમાં ગણવામાં આવે છે. આહાહા..! લ્યો! શ્રેણિકરાજાએ દેહ છોડ્યો. એ વખતે જ કહ્યું હતું. એ અપેક્ષાએ તો બાળ છે. પણ સમ્યગ્દશન થાય છે એ અપેક્ષાએ એ પંડિત છે. આહાહા..! અને અજ્ઞાની આ બબ્બે મહિનાના સંથારા કરે અને શુભભાવ

શુક્લલેશ્યા કરે, પણ જેને એ લેશ્યા વિનાનો ભગવાન દૃષ્ટિમાં આવ્યો નથી એના બધા મરણ બાળમરણ છે. આહાહા..! નમો અરિહંતાણં.. એમ કરતા દેહ છોડે. ભગવાનનું સ્મરણ કરતા દેહ છોડે, પણ છે બાળમરણ. કેમ કે '**एयत्त णिच्छयगदो**' સ્વભાવથી એકત્વ છે અને રાગથી પૃથક્ છે એવું અંતરમાં ભાન નથી એ બધા બાળમરણે મરનારા છે. સાધુ દિગંબર હોય, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' એ બધા બાળમરણ. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એવા મુનિપણાના પંચ મહાવ્રત લઈને દેહ છોડે એ પણ બાળમરણ છે. આહાહા..! જ્યાં આત્મદર્શન, આત્મજ્ઞાન નથી ત્યાં એ બધી ક્રિયાકાંડમાં દેહ છોડે એ બધા બાળમરણ છે.

'**દર્શનબાલકા મરણ સંક્ષેપસે દો પ્રકારકા કહા હૈ—ઇચ્છાપ્રવૃત્ત ઔર અનિચ્છાપ્રવૃત્ત.** ' મિથ્યાદૃષ્ટિ. '**અગ્નિસે, ધૂમસે, શસ્ત્રસે, વિષસે, જલસે, પર્વતકે કિનારે પરસે ગિરનેસે, અતિ શીત-ઉષ્ણકી બાધાસે,...**' એ હોય છે ને. ઓલા શું કહેવાય? આ સાંતિ સાંતિ. સાંતિ નથી સાંતિડા નથી કાઢતા? બહાર ખેતરમાં જાય ત્યારે. સાંતિ. સાંતિએ બેઠો બેઠો આમ ક્ષણમાં મરી જાય. અને તે પણ એટલી ઠંડી પડેલી કે દરવાજા સુધી આવ્યો, દરવાજો બંધ. ઓલામાં હોં સાંતિમાં. જુઓ આ મરણ. આકરી ગરમીમાં મરે. આહાહા..! .. અને ભાવનગર વચ્ચે બહુ આકરો ગરમીનો વખત. એક સાધુ એમાં મરી ગયો. એવી ગરમી પાણી સાથે નહિ, ચલાય નહિ. એક ઠેકાણે બેસી ગયો. .. ભાવનગરથી ચમારડી. એક ફેરી આવ્યા હતા અમે. ..ભાવનગરથી. ૭૭ની સાલ. ભાવનગરથી ચમારડી પગે. એકલું ઝાડ નહિ, પાન નહિ, દરિયો આ બાજુ. એમાં ખારી જમીન, અને તડકા. ગળું સુકાઈ ગયું, પાણી મળે નહિ. એ બાળમરણ છે. આહાહા..!

'**શીત-ઉષ્ણકી બાધાસે,...**' શીત-ઉષ્ણ એટલે આ. '**બંધનસે,...**' એવું કોઈ બંધન બાંધે કે ગળે ફાંસો એવા મરે. '**ક્ષુધા-તૃષાકે રોકનેસે,...** ' ક્ષુધા-તૃષા રોકવાથી દેહ છૂટી જાય. '**જીભ ઉખાડનેસે...**' જીભ ખેંચે. '**ઔર વિરૂદ્ધ આહાર કરનેસે...**' ઝેર આદિ કે આહાર વિરૂદ્ધ હોય. આ દૂધપાકમાં પડ્યું હોય ને ઓલું શું કહેવાય? ગલુડિયું. ઝેર-ઝેર. દૂધપાક હોય એમાં .. નાખી જાય કોઈને ખબર ન રહે. એ બધા બાળમરણ છે. આહાહા..! '**(અજ્ઞાની) ઇચ્છાપૂર્વક મરે...**' આવી રીતે ઇચ્છા કરીને મરે એમ. '**ઇચ્છાપ્રવૃત્ત હૈ તથા જિનકા ઇચ્છુક હો ઔર મર જાવે તો અનિચ્છાપ્રવૃત્ત હૈ.**' છે બેયમાં બાળમરણ.

'**પંડિતમરણ ચાર પ્રકારકા હૈ--૧-વ્યવહારપંડિત, ૨-સમ્યક્ત્વપંડિત, ૩-જ્ઞાનપંડિત, ૪-ચારિત્રપંડિત. લોકશાસ્ત્રકે વ્યવહારમેં પ્રવીણ હો વહ વ્યવહારપંડિત હૈ.** ' દુનિયાના ડાહ્યા. ચીમનભાઈ! દુનિયાના ડાહ્યા મરે જ્યારે.

મુમુક્ષુ :- લોકશાસ્ત્ર એટલે ક્યું શાસ્ત્ર?

ઉત્તર :- આ લૌકિક લાઈન આ. લૌકિક આ બધું બહારમાં મકાનની આવડત, ..ને સ્પર્શવાની આવડત ને ઢોરને સ્પર્શવાની આવડત. હોય છે ને એવા ઘણા? હુશિયાર. અમારે દામોદરશેઠ બહુ હુશિયાર છે. ઘોડાને .. ન આપે. ઘોડા .. બેઠા હોય. એ હોય સંસારના ડાહ્યા હોય છે ને દરેકમાં. ચીમનભાઈ! આહાહા..!

'**લોકશાસ્ત્રકે વ્યવહારમે પ્રવીણ હો,...**' એમ. દુનિયાની જે કળાઓ બધી એમાં જાણનારા હુશિયાર. એ વ્યવહારપંડિત. પરમાર્થે અજ્ઞાની એમ કહેવું. '**સમ્યક્ત્વસહિત હો સમ્યક્ત્વપંડિત હૈ.**' આ ખરું. જેને ભગવાન આત્મા રાગના વિકલ્પથી ભિન્ન તત્ત્વ જ્યાં પ્રાપ્ત થયું છે એવા જીવને સમકિત મરણ હોય છે. આહાહા..! એ મરણ અનંતકાળમાં કોઈ દિ' કર્યું નથી. એ માટે આ કહે છે. મરણ તો આવશે જ. પણ જે સમ્યગ્દર્શન સહિત દેહ છૂટે એટલે એ પંડિતમરણ ગણવામાં આવે.

'**સમ્યગ્જ્ઞાનસહિત હો જ્ઞાનપંડિત હૈ.**' ઓલું દર્શન પ્રધાનતાથી વાત હતી. આ જ્ઞાન સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન. જ્ઞાનનું અંતર વેદનસહિત મરણ. આહાહા..! રાગ અને દ્વેષનું વેદન નહિ. આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ એનું સ્વસંવેદન એ (સહિત) દેહ છૂટે એને જ્ઞાનપંડિતમરણ કહેવામાં આવે છે. લોકનો વ્યવહાર પંડિત છે, આ જ્ઞાનપંડિત છે. આહાહા..! સંસારમાં હોય છે ને એવા? પાંચમાં પૂછાય એ. ભાઈ શું કહે છે આના માટે. ફલાણું, મકાન હોય કોઈ. .. અપેક્ષાઓ કરે બધા. શું કહેવાય આ? પ્લાસ્ટર-બ્લાસ્તર કર્યા હોય ને. પોચા છે કે પોલા છે. એ બધી કળ હોય છે સંસારમાં. મૂઢ છે. આહાહા..! ભગવાન! તારો આત્મા કોણ છે? ક્યાં છે? કેમ છે એને જાણ્યો એનું જ્ઞાન પંડિતમરણ છે. બીજું ભલે ન આવડતું હોય એમ કહે છે. લૌકિક શાસ્ત્ર અને લૌકિકનું જ્ઞાન ન હોય.

'**સમ્યક્ચારિત્રસહિત હો ચારિત્રપંડિત હૈ.**' સમ્યગ્દર્શનસહિત સ્વરૂપની અંતરની રમણતામાં મશગુલ એ દેહ છૂટે એ ચારિત્રમરણ છે. આહાહા..! '**યહાં દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત પંડિતકા ગ્રહણ હૈ,...**' બધામાં તો આ મરણને ગ્રહણવામાં આવ્યું છે. '**ક્યોંકિ વ્યવહાર-પંડિત મિથ્યાદષ્ટિ બાલમરણમેં આ ગયા.**' આમાં જ આવ્યું હતું ને? લોકશાસ્ત્રના વ્યવહાર પ્રવિણ. એ તો બધા... '**મોક્ષમાર્ગમેં પ્રવર્તનેવાલા સાધુ સંઘસે છૂટા ઉસકો આસન્ન કહતે હૈં.** ' ભ્રષ્ટ સાધુ કહેવાય. આસન્નનો અર્થ આવી ગયો છે. '**ઈસમેં પાર્શ્વસ્થ,...**' હોય. મુનિ સાથે રહે પણ ઠેકાણા વિનાના શ્રદ્ધા અને જ્ઞાન આદિ હોય. '**સ્વચ્છંદ...**' હોય એ બધા બાળમરણ. '**કુશીલ,...**' હોય. કષાયના સેવન એકલા કુશીલ. એ કષાયનું સેવન કુશીલ. કષાયરહિત ભગવાન આત્માનું સેવન ન હોય. આહાહા..! '**સંસક્ત...**' આસક્ત હોય. મોટો રાજા કરોડોપતિ, અબજોપતિનો પરિચય ઘણો કરતો હોય, એમાં અર્પાઈ ગયો હોય, એના માનમાં, એની મોટપમાં. એ બધા ભ્રષ્ટ સાધુ છે. આહાહા..! જેને પોતાના આનંદનું સ્વરૂપ સાધવું છે એમાં આવા રાજા ને મોટા અબજોપતિ એમાં દબાઈ જાય એ. કહે છે કે એ સાધુ નહિ. આહાહા..! એ સંસક્ત-ભ્રષ્ટ છે. લ્યો! આવ્યું ને? '**ઈસપ્રકારકે પંચપ્રકાર ભ્રષ્ટ**

સાધુઓંકા મરણ આસન્નમરણ હૈ. '

**'સમ્યગ્દષ્ટિ શ્રાવકકા મરણ બાલપંડિતમરણ હૈ.'** કારણ કે ચારિત્ર નથી એ અપેક્ષાએ બાળ, પણ સમ્યગ્દર્શન છે એ અપેક્ષાએ પંડિત. આહાહા..! **'સશલ્યમરણ દો પ્રકારકા હૈ—'** શલ્યસહિત મરણ. **'મિથ્યાદર્શન, માયા, નિદાન યે તીન શલ્ય તો ભાવશલ્ય હૈં ઔર પંચ સ્થાવર તથા ત્રસમેં અસૈની યે દ્રવ્યશલ્ય...'** કારણ કે એને તો કાંઈ ભાન છે નહિ એમ કહે છે. **'પંચ સ્થાવર તથા ત્રસમેં અસૈની યે દ્રવ્યશલ્ય...'** એ બધા સશલ્ય મરણ કહેવાય. આહાહા..! અસંજ્ઞી-મન વિનાના પ્રાણી મરે એ બધા સશલ્ય મરણ છે, દ્રવ્યસશલ્ય. ભાવશલ્ય તો પડ્યા છે.

**'જો પ્રશસ્તક્રિયામેં આલસી હો, વ્રતાદિકમેં શક્તિકો છિપાવે, ધ્યાનાદિકસે દૂર ભાગે,...'** અંતરના આનંદસ્વરૂપમાં ધ્યાન કરવું હોય એ મારું કામ નહિ. એ મારું કામ નહિ. મારે તો આ બધા કરીએ બહારના. આહાહા..! એ પલાયનમરણ. સ્વરૂપથી પલાયન થઈ ગયો. આહાહા..! પોતાનો ભગવાન શુદ્ધ આનંદનો નાથ ત્યાંથી પલાયન થઈ ગયો, રાગમાં રોકાઈ ગયો એમ કહે છે. **'વશાર્ત્તમરણ ચાર પ્રકારકા હૈ—વહ આર્ત-રૌદ્ર ધ્યાનસહિત મરણ હૈ,...'** લ્યો! આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સહિત દેહ છૂટે. **'પાંચ ઈન્દ્રિયોંકે વિષયોમેં રાગદ્વેષ સહિત મરણ ઈન્દ્રિયવશાતમરણ હૈ. '** ઈન્દ્રિયને વશ થઈને. આહાહા..!

**'સાતા-અસાતાકી વેદનાસહિત મરે વેદનાવશાર્ત્તમરણ હૈ. '** શાતા, અનુકૂળ શાતાનું હોય આમ બરાબર ચા પીતો પીતો મરે. કાંઈ દુઃખ નહિ, ત્યાં દેહ છૂટે. એથી કોઈ એમ માને કે આ સમાધિમરણ છે આ. કાંઈ વળી મરતા વાર લાગી? જુઓને. સંસારમાં નથી કહેવાતું? રાત્રે ડોસો એવી રીતે મર્યો હોય ટાણે, એમાં સાંજનું વાળું કર્યું હોય, બપોરનો આહાર કર્યો હોય ટાણે ટાણે ... એ રીતે મર્યો હોય તો ઓહોહો..! ડોસાએ જીવતા જાણ્યું અને મરતા પણ જાણ્યું. એણે તકલીફ ન આપીને. આહાર-પાણી કર્યા પછી મરે એટલે સાંજ પહેલા .. પહેલા નવરો થઈ જાય નાહીને પાછો. આહાહા..! કહે છે એવી વાત હોં! આહાહા..! એક પ્યાલું પાણી પણ માગ્યું નહિ ડોસાએ. અમારી પાસે કાંઈ સેવા પણ ન માગી. આંખ મીંચાઈ ગઈ. પણ એમાં શું થયું હવે? આહાહા..!

**'ઈન્દ્રિયવશાર્ત્તમરણ હૈ.'** એમ શાતા-અશાતાને વશ થઈને મરે. મહા રોગને વશ થઈને ટળવળતો મરે. અને શાતાની અનુકૂળતામાં મરે. એવી અનુકૂળતા કે જેને માથે ચોપડવા સૂંઠની જરૂર ન પડી હોય એવી નિરોગતા. એમાં શું થયું પણ? આત્માની નિરોગતાને સંભાળી નહિ. બહારની નિરોગતા કાંઈ આહાહા..! કહે છે ને, ભાઈ આ ૮૦ વર્ષ થયા પણ કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. માથાનો દુઃખાવો આવ્યો નથી. એમાં શું થયું પણ હવે? આહાહા..!

મુમુક્ષુ :- માલ તો સમ્યગ્દર્શન વગર ખાલી છે.

ઉત્તર :- એ બધા થોથેથોથા. અહીં વશ થઈને મર્યો. ભગવાનને વશ થઈને મર્યો નહિ. શાતા એવી

શાતા કે મરતા પણ એક જરી પાણીનું ટીપું આમ ... ત્યાં દેહ છૂટી જાય. કાંઈ ન મળે. ઓહો..! કાંઈ પૂછયું પણ નથી. એથી શું? મરીને નરકે જાય ત્યાં. એવી સ્થિતિમાં મરીને સાતમી નરકે જાય. અશાતાનો ઉદય ન હોય તો શું છે એમાં?

ધર્માત્મા મુનિને ખાતા હોય, કટકા કરતા હોય શિયાળીયા, છતાં આનંદના મરણમાં દેહ છૂટી જાય છે, પંડિત મરણ છે. આહાહા..! શાતા અને અશાતાને વશ થયો નથી. આહાહા..! આરોગ્યબોધિલાભં. પોતાની નિરોગદશાના લાભમાં પડ્યો છે એ તો. આહાહા..! લ્યો આ પૈસાની કમાણી આ. આહાહા..!

'**ક્રોધ, માન, માયા, લોભ, કષાયકે વશસે મરે...**' એવો ક્રોધ થાય, મરી જાય દેહ છૂટી જાય. માનમાં એવો માનમાં ચડે, માનના રસમાં મરી જાય. માયાના રસમાં મરી જાય કપટ, કુટીલતા અને લોભના ઓલામાં મરે. એ કષાયવશાત્ મરે. કુમરણ છે. આહાહા..! '**હાસ્ય વિનોદ કષાયકે વશસે મરે...**' વિનોદ કરતા... કરતા... કરતા... દેહ છૂટી જાય. કેટલાક એવા હોયને બસ દાંત કાઢે, વિનોદ થયો હાસ્ય. ત્યાં દેહ છૂટી જાય. કુમરણ છે, બાળમરણ છે. અનંત જન્મ-મરણમાં રખડશે એવું એ મરણ છે. એ નોકષાયમરણ.

'**જો અપને વ્રત ક્રિયા ચારિત્ર મેં ઉપસર્ગ આવે વહ સહા ભી ન જાવે ઔર ભ્રષ્ટ હોનેકા ભય આવે તબ અશક્ત હોકર અન્ન-પાનીકા ત્યાગકર મરે વિપ્રાણસમરણ હૈ.**' જીવ્યું જાય નહિ અને ભ્રષ્ટ થવાનો ભય થાય અશક્ત થઈને પછી પાણી ને આહાર છોડી દે. આહાર પાણી હવે લેવાશે નહિ હવે મૂકી દ્યો. એ તો પરાધીન મરણ છે. '**શસ્ત્ર ગ્રહણ કર મરણ હો...**' તલવારથી મરે, ..થી મરે. '**ગૃધ્રપૃષ્ઠમરણ. અનુક્રમસે અન્ન-પાનીકા યથાવિધિ ત્યાગ કર મરે...** ' એ સમકિતમરણ. '**ભક્તપ્રત્યાખ્યાનમરણ.**' આહાર ને પાણીનો ત્યાગ કરી અને આત્માની શાંતિથી દેહ છોડે.

'**સંન્યાસ કરે ઔર અન્યસે વૈયાવૃત્ય કરાવે ઈંગિનીમરણ.**' એ પંડિત મરણમાં જાય છે હોં આ. '**પ્રાયોપગમન સંન્યાસ કરે ઔર કિસીસે વૈયાવૃત્ય ન કરાવે, તથા અપને આપ ભી ન રકે, પ્રતિમાયોગ રહે પ્રાયોપગમનમરણ હૈ.**' ઝાડની ડાળ પડે તેમ પડ્યા રહે આનંદસ્વરૂપમાં, બસ. આહાહા..! '**કેવલી મુક્તિપ્રાપ્ત હો કેવલીમરણ હૈ.** ' લ્યો! કેવળજ્ઞાની ભગવાનનો દેહ છૂટે એ કેવળીમરણ.

'**ઈસપ્રકાર સત્તરહ પ્રકાર કહે. ઈસકા સંક્ષેપ ઈસપ્રકાર હૈ—મરણ પાંચ પ્રકારકે હૈં—૧. પંડિતપંડિત, ૨ પંડિત, ૩ બાલપંડિત, ૪. બાલ, ૫. બાલબાલ. જો દર્શન જ્ઞાન ચારિત્રકે અતિશય સહિત હો...**' જેને અંતરના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રસહિત હોય એ તો પંડિતપંડિત છે. '**ઔર ઈનકી પ્રકર્ષતા જિસકે ન હો વહ પંડિત હૈ,...** ' ચારિત્ર આદિ ન હોય વિશેષ '**સમ્યગ્દષ્ટિ શ્રાવક વહ બાલપંડિત ઔર પહિલે ચાર પ્રકારકે પંડિત કહે ઉનમેંસે એક ભી ભાવ જિસકે નહીં હો વહ બાલ હૈ તથા જો સબસે ન્યૂન હો વહ બાલબાલ હૈ. ઈનમેં**

પંડિતપંડિતમરણ, પંડિતમરણ ઔર બાલપંડિતમરણ યે તીન પ્રશસ્ત સુમરણ કહે હૈં, અન્ય રીતિ હોવે વહ કુમરણ હૈ. ઈસપ્રકાર જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એકદેશ સહિત મરે વહ...' લ્યો એકદેશ અંશે પૂર્ણ થાય તો કેવળ થઈ જાય. એ સુમરણ છે. 'ઈસપ્રકાર સુમરણ કરને કા ઉપદેશ હૈ.' લ્યો!

'આગે યહ જીવ સંસારમેં ભ્રમણ કરતા હૈ, ઉસ ભ્રમણકે પરાવર્તનકા સ્વરૂપ મનમેં ધારણકર નિરૂપણ કરતે હૈં. પ્રથમ હી સામાન્યરૂપસે લોકકે પ્રદેશોંકી અપેક્ષાસે કહતે હૈં : '

सो णत्थि दव्वसवणो परमाणुपमाणमेत्तओ णिलओ।
जत्थ ण जाओ ण मओ तियलोयपमाणिओ सव्वो।।३३।।

'**અર્થ :- યહ જીવ દ્રવ્યલિંગકા ધારક મુનિપના હોતે હુએ ભી...** ' સમ્યગ્દર્શન વિના, સમ્યગ્જ્ઞાન વિના જૈનનો દિગંબર દ્રવ્યલિંગને ધાર્યા અનંતવાર, કહે છે. '**તીનલોક પ્રમાણ સર્વ સ્થાન હૈં ઉનમેં એક પરમાણુપરિમાણ એક પ્રદેશમાત્ર ભી ઐસા સ્થાન નહીં હૈ...**' આહાહા..! બીજી રીતે તો ભલે જન્મ-મરણ કર્યા અને મર્યો, પણ જૈનનો સાધુ થઈને એટલીવાર મર્યો. આહાહા..! દિગંબર મુનિ થઈને. '**તીનલોક પ્રમાણ સર્વ સ્થાન હૈ ઉનમેં એક પરમાણુપરિણામ એક પ્રદેશમાત્ર ભી ઐસા સ્થાન નહીં હૈકિ જહાં જન્મ-મરણ ન કિયા હો.** '

મુમુક્ષુ :- સાધુ નામ ધરાયા.

ઉત્તર :- સાધુ થયો પંચમહાવ્રતધારી, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. પણ કહે છે કે એ સમ્યગ્દર્શન વિના આવા જે મરણો એના પ્રદેશનો એક પ્રદેશ ખાલી નથી કે જ્યાં એ જન્મ્યો ન હોય અને મર્યો ન હોય. ઓહોહો..! એક તો આવો સાધુ અને એ પાછો આવા કુમરણે કોઈ લોકના ૩૪૩ રાજુમાં એક પ્રદેશ ખાલી નથી કે જ્યાં અનંતવાર જન્મ્યો ને મર્યો ન હોય. ઓહોહો..! બીજી રીતે મર્યો એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય, અજ્ઞાનપણે એ જુદી ચીજ. આ તો દ્રવ્ય સાધુ થઈને ૩૪૩ રાજુમાં એક પ્રદેશ ખાલી નથી જેમાં અનંતવાર એ દ્રવ્યલિંગી જન્મ્યો અને મર્યો ન હોય. આહાહા..!

આત્માના સમ્યક્ ભાન વિના, અનુભવ વિના એવા દ્રવ્યલિંગપણા ધારણ કર્યા તો ૩૪૩ રાજુ... છે ને? આહાહા..! આ તો .. '**તીન લોકપ્રમાણ...**' લ્યો! એક પ્રદેશ ખાલી નથી કે જેમાં અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય. ઓહોહો..! આ સુમરણ કરવા માટે વાત છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય આ જગતને કરૂણાથી કહે છે, ભાઈ! '**સર્વ લોકમેં અનંતવાર જન્મ ઔર મરણ કિયે, કિંતુ ઐસા કોઈ પ્રદેશ શેષ ન રહા...**' કોઈ પ્રદેશ બાકી નથી રાખ્યો એણે. '**જિસમેં જન્મ ઔર મરણ ન કિયે હોં. ઈસપ્રકાર ભાવલિંગકે બિના...** ' ઓહો..! આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ભાવલિંગ. અંતર આનંદસ્વરૂપ ભગવાન એનો અનુભવ, એનું જ્ઞાન અને એની રમણતા, એના વિના

એણે દ્રવ્યલિંગમાં.. આ તો દ્રવ્યલિંગ પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે, છતાં એવા મરણો એણે તો અનંતવાર કર્યા ભાઈ! આહાહા..!

'**(નિજ પરમાત્મદશાકી) પ્રાપ્તિ નહીં હુઈ...**' દ્રવ્યલિંગથી કાંઈ મોક્ષ મળે નહિ. પણ પાળે તો પહેલું દ્રવ્યલિંગ. પાછા ઓલા વખાણ કરે. પણ હવે દ્રવ્યલિંગ પાળે અભવિ તોપણ નવમી ગ્રૈવેયકના સુખ તો પામે. લ્યો! .. નથી કહેતા? ખાણિયા ચર્ચામાં આવ્યું હતું. અરે..! ભાઈ! એ નવમી ગ્રૈવેયકે સુખ ક્યાં હતું બાપા? આત્માના આનંદના સ્વાદની તો ખબર ન મળે. આહાહા..! આનંદનો રસીલો તો થયો નહિ અને રાગના રસીલામાં મરણ એ દુઃખ છે. નવમી ગ્રૈવેયકે જાય તો ત્યાં દુઃખી છે એ તો. ન કીધું? નવમી ગ્રૈવેયક અનંતવાર. 'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' સુખી નથી ત્યાં. જેમાં ભગવાન આત્મા ભળ્યો નથી, એ બધા મરણો બધા દુઃખના કુમરણ છે. દુનિયામાં પ્રસિદ્ધિ હો, ન હો, દુનિયા વખાણ કરે, ન કરે .. રહો. એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! દુનિયામાં બહારમાં ગણવામાં એ ન આવ્યો હોય, પણ બાહ્યમાંથી નીકળીને અંતરમાં ગયો છે. આહાહા..! એ મોઢા આગળ ચડી ગયો એ. સમજાણું કાંઈ? આહાહા..! મરણમહોત્સવ છે એ તો. આહાહા..!

જેને આત્મા આનંદના ભાનવાળું મૃત્યુ. આહાહા..! અતીન્દ્રિય સુખનો સાગર જેણે ખોલ્યો છે, એના મરણના, આ તો મરણના મહોત્સવ જ્ઞાની જેના વખાણ કરે. આહાહા..! ભલે એ જંગલમાં પડ્યો હોય અને કોઈ સાધુ હોય, ગીરીગુફામાં જઈને ધ્યાનમાં રહીને વિશેષ પડે. મરતાં કોઈ પાછળ ન હોય જાણનાર. આહાહા..! પણ એ પંડિતમરણે મરણ છે. આહાહા..! અને તે પાછળના દેહને શિયાળીયા ખાતા હોય અને અહીં મોટો અબજોપતિ કે સાધુ બહારનો દ્રવ્યલિંગી હોય. પાલખીએ કાઢે મોટા ધમધમાટ. પાંચ પાંચ હજાર માણસો. હજાર હજાર માણસને વચ્ચે એક એક બેન્ડ એ શું છે? બહારની ધમાલ. આહાહા..! કહો, ચીમનભાઈ! આવી વાત છે. બાપુ! તારો તને સ્પર્શ ન થયો. તારો તને સ્પર્શ ન થયો અને આવા દ્રવ્યલિંગના સ્પર્શમાં અનંતવાર આવ્યો, એને દુનિયાએ કદાચિત્ વખાણ્યો. ઓહો..! આવા પુરુષો પાક્યા. યુગપુરુષ છે. એમાં શું થયું?

કહે છે, જેમાં ભાવલિંગ વિના નિજપરમાત્માની દશાની પ્રાપ્તિ નથી. આહાહા..! બહારમાં પચ્ચખાણ કરે, બાહ્ય અહીં ખાવાનો ત્યાગ છે, નીકળવાનો ત્યાગ છે, ચાલવાનો ત્યાગ છે. પણ અંદરમાં રાગમાં એકતામાં પડ્યો, બધું તારી પાસે છે. આહાહા..! મિથ્યાત્વ છે.

'**આગે ઈસી અર્થકો દઢ કરનેકે લિયે ભાવલિંગકો પ્રધાન કર કહતે હૈં :—** '

**कालमणंतं जीवो जम्मजरामरणपीडिओ दुक्खं।**
**जिणलिंगेण वि पत्तो परंपराभावरहिएण।।३४।।**

આ જુઓ! અહીં તો અત્યારે આચાર્ય એ કહે છે. કે જિનબિંબ ધારણ કર્યા પણ જિનભાવ પ્રગટ આવ્યો નથી. આહાહા..!

'**અર્થ :- યહ જીવ ઈસ સંસારમેં જિસમેં પરંપરા ભાવલિંગ ન હોનેસે...**' જેમાં ભાવલિંગ પ્રગટ જ કર્યું નહિ. આવા દ્રવ્યલિંગ ધારણ કર્યા. આહાહા..! તેથી કહે છે ને, ભાઈ પહેલું દ્રવ્યલિંગ આવે, પંચમહાવ્રત લે, આ કરે, આ કરે. પણ એમાં પછી આ ન આવ્યું એમાં તેં કર્યું શું? એમ કહે છે. કારણ કે પહેલા દ્રવ્યલિંગ જ આવે, એમ. નહિતર તો પહેલું ભાવલિંગ આવે સાતમું અને પછી વસ્ત્રાદિ છૂટે, એમ કહે છે. તર્ક કર્યો છે. એમાં પણ કર્યો છે. જુઓ, એમાં પહેલું દ્રવ્યલિંગ આવ્યું કે નહિ? વસ્ત્ર છોડ્યા, પાત્ર છોડ્યા, (પછી) ધ્યાનમાં સાતમે આવ્યો ને.

પણ કહે છે કે જેની... પરંપરાથી વાત કરે છે જયચંદ્રજી? એનો અર્થ એ કે દ્રવ્યલિંગ આવા ધારણ કર્યા, પણ એના પછી જે ભાવલિંગ આવવું જોઈએ એ આવ્યું નહિ. આહાહા..! જિનલિંગ ધારણ કર્યા છતાં '**परंपराभावरहिएण**' '**અનંતકાલ પર્યંત જન્મ-જરા-મરણસે પીડિત...**' ઓહોહો..! '**દુઃખકો હી પ્રાપ્ત હુઆ.**' ભગવાન આત્મા નિર્વિકલ્પ ચૈતન્યબિંબ પ્રભુ એનો સ્પર્શ અને આદર વિના આવા દ્રવ્યલિંગીમાં પરંપરાએ પણ વસ્તુ તો પ્રાપ્ત ન કરી તેં. એ દ્રવ્યલિંગ તારા નિરર્થક ગયા બધા, ભવના અભાવને માટે. ભવના રખડવા માટે સાર્થક થયા. આહાહા..! જુઓ આચાર્ય મહારાજ જિનલિંગ નાખીને ... આવા જન્મ ધારણ કર્યા. જિનલિંગ એટલે દ્રવ્યલિંગ મુનિપણું હોં! નગ્નપણું, પંચ મહાવ્રત એ બધું દ્રવ્યલિંગ છે. આહાહા..! છતાં એના રહિત અંતર આનંદસ્વરૂપને સ્પર્શ્યો નહિ. દ્રવ્યલિંગ ગ્રહ્યું ને પછી આ આવ્યું નહિ, તારું બધું ફોગટ ગયું. આહાહા..!

'**ભાવાર્થ :- દ્રવ્યલિંગ ધારણ કિયા ઔર ઉસમેં પરંપરાસે ભી ભાવલિંગકી પ્રાપ્તિ ન હુઈ...**' આમ ભાષા છે. પરંપરા એટલે આમ મહાવ્રતાદિ ધારણ કર્યા, પણ પછી એને છોડીને આત્માના આનંદમાં આવવું જોઈએ એ તો આવ્યો નથી. પરંપરા શબ્દ મૂક્યો છે અહીં. એમ કે પહેલું દ્રવ્યલિંગ આવે, પછી ભાવલિંગ આવે. પણ એ દ્રવ્યલિંગ આવ્યું ને પછી ભાવલિંગ ગ્રહણ ન કર્યું, અંતર આનંદમાં આવ્યો નહિ, એ તારા દ્રવ્યલિંગમાં થોથા નીકળ્યા. આહાહા..! પરંપરા શબ્દ વાપર્યો છે ને? '**ઈસલિયે દ્રવ્યલિંગ નિષ્ફલ ગયા, મુક્તિકી પ્રાપ્તિ નહીં હુઈ, સંસારમેં હી ભ્રમણ કિયા.**' લ્યો!

'**યહાં આશય ઈસપ્રકાર હૈ કિ દ્રવ્યલિંગ હૈ વહ ભાવલિંગકા સાધન હૈ,...**' એ પહેલું આવે છે એમ કહે છે. '**પરંતુ કાલલબ્ધિ બિના દ્રવ્યલિંગ ધારણ કરને પર ભી ભાવલિંગકી પ્રાપ્તિ નહીં હોતી હૈ,...**' અંતરના સ્વભાવના પુરુષાર્થના જાગૃતિ વિના સમ્યગ્દર્શન-જ્ઞાન ભાવલિંગ પ્રગટ ન કર્યું. નીચે કર્યું એનું કાળલબ્ધિ. '**કાલલબ્ધિ = સ્વસમય-નિજસ્વરૂપ પરિણામકી પ્રાપ્તિ.**' આ કાળલબ્ધિની એક વ્યાખ્યા. કાળ એટલે સ્વસમય પોતે આત્મા. એવા નિજસ્વરૂપનું પરિણમનની પ્રાપ્તિ તે કાળલબ્ધિ. આત્માવલોકનની ગાથામાંથી. શું કીધું એ? પંચ મહાવ્રત દ્રવ્યલિંગ ધારણ કર્યા, પણ એમાં નિજ સ્વસમયની લબ્ધિ પ્રાપ્ત ન કરી, તો એને કાળલબ્ધિ ન પાકી. ન પાકી એટલે? નિજસ્વરૂપની

પ્રાપ્તિમાં ન આવ્યો.

**'કાલલબ્ધિકા અર્થ સ્વકાલકી પ્રાપ્તિ હૈ.'** 'यदायं जीवः आगमभाषया कालादि **लब्धिरूपमध्यात्मभाषया शुद्धात्माभिमुखं परिणामरूपं स्वसंवेदनज्ञानं लभते...** ' **'અર્થ — જબ યહ જીવ આગમભાષાસે કાલાદિ લબ્ધિકો પ્રાપ્ત કરતા હૈ તથા અધ્યાત્મભાષાસે શુદ્ધાત્માકે સન્મુખ પરિણામરૂપ...'** આખી દિશાને ગુલાંટ ખાઈ ગયો. જે પર્યાય ઉપર લક્ષ, રાગ ઉપર, નિમિત્ત (ઉપર) લક્ષ હતું એ બધું ફરી ગયું. શુદ્ધાત્મ ભગવાન પૂર્ણાનંદનો નાથ એના સન્મુખ પરિણામ એટલે **'સ્વસંવેદન જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ.'** એ કાળલબ્ધિ છે. .. ગણાવ્યો છે. રાણપરનું ચોમાસું હતું ને. કઈ સાલ? રાણપર. ૮૪-૮૪. એ ૮૪ના જેઠ મહિને દામનગરના એની સાથે વાત થઈ હતી. જુઓ આ કાળલબ્ધિ. એ વખતે દ્રવ્યસંગ્રહ વાંચતો હતો હું બરાબર. એમાં એ આવ્યું. કાળ કોઈ વસ્તુ નિમિત્ત છે એ હેય છે. આવે છે ને ભાઈ દ્રવ્યસંગ્રહમાં? કાળ હેય છે. આહાહા..! ત્યારે એ બરાબર ૮૪ની વાત છે. ૪૬ વર્ષ થયા.

મુમુક્ષુ :- પોતાની આરાધનાથી થાય છે.

ઉત્તર :- આરાધનાથી થાય. કાળને આરાધવો છે? પણ કાળ હેય છે એમ લખ્યું છે ત્યાં. આવે કાળપણે, પણ છે એ કાળ હેયપણું. ઉપાદેયપણું તો ભગવાન આત્મા આનંદને સ્વકાળને પ્રાપ્ત કરે તે પ્રાપ્તિ છે. આહાહા..! અને બીજી રીતે કહીએ તો કાળલબ્ધિ ભલે છે, પણ એનું જ્ઞાન ક્યારે થાય? એ ચૈતન્યના આનંદના અનુભવને પકડે ત્યારે પર્યાય પાકી એનું જ્ઞાન થાય, ત્યારે જ્ઞાન થાય. એ વિના જ્ઞાન ક્યાંથી થાય? આહાહા..!

શ્રીમદ્‌માં કહ્યું નહિ? 'ભવ સ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' આવે છે ને? પહેલા શું આવ્યું?

મુમુક્ષુ :- જો ઈચ્છો પરમાર્થ તો..

ઉત્તર :- હા એ. 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ, ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' આહાહા..!

મુમુક્ષુ :- કાળલબ્ધિ...

ઉત્તર :- કાળલબ્ધિ આત્માના અનુભવની પર્યાય પ્રાપ્ત થઈ એ કાળલબ્ધિ.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ...

ઉત્તર :- શું કહે છે? ક્રમબદ્ધ જ આવ્યું એમાં. કાળલબ્ધિમાં જ ક્રમબદ્ધ આવ્યું. સ્વકાળે તેની પ્રાપ્તિ આવે, બીજી પર્યાયનો સ્વકાળ, ત્રીજી પર્યાયનો સ્વકાળ એ ક્રમબદ્ધ થઈ ગયું. એમાં જ ક્રમબદ્ધ સિદ્ધ થયું. આહાહા..! પંચાસ્તિકાયની ૧૫૦ ગાથા.

**'ભાવલિંગકી પ્રાપ્તિ નહીં હોતી હૈ, ઈસલિયે દ્રવ્યલિંગ નિષ્ફલ જાતા હૈ. ઈસપ્રકાર**

**મોક્ષમાર્ગમેં પ્રધાન ભાવલિંગ હી હૈ.**' પંચ મહાવ્રત, નગ્ન થયું એ શું થયું? હવે તો એવું અનંતવાર કર્યું છે. આહાહા..! '**યહાં કોઈ કહે કિ ઈસપ્રકાર હૈ તો દ્રવ્યલિંગ પહિલે ક્યોં ધારણ કરે?**' એ પરંપરા શબ્દ પડ્યો છે ને. તો પહેલા કેમ પંચ મહાવ્રત લેવા? ભાવલિંગ આવ્યા પછી જોશું. '**ઉસકો કહતે હૈં કિ ઈસપ્રકાર માને તો વ્યવહારકા લોપ હોતા હૈ,...**' સમ્યગ્દૃષ્ટિ આત્માનો અનુભવ હોવા છતાં એને પ્રથમ તો ભાવલિંગ ચારિત્ર ન હોય, છતાં પંચ મહાવ્રત આદિ તો પહેલા અંગીકાર કરે. ચોથે ગુણસ્થાને છે, પાંચમે ગુણસ્થાને છે અને મુનિવ્રત ધારણ કરે ત્યારે પહેલા તો પાંચ મહાવ્રત ધારણ કરે, અઠ્યાવીશ મૂળગુણ ધારણ કરે. લ્યો છઠ્ઠું તો છે નહિ, ચારિત્ર તો છે નહિ. એટલે એ (દ્રવ્યલિંગ) આવે પહેલું.

'**ઈસલિયે ઈસપ્રકાર માનના જો દ્રવ્યલિંગ પહિલે ધારણ કરના,...**' એનો અર્થ કે પહેલો મહાવ્રત આવે એવા પરિણામ. ભારે અર્થ! મુનિપણું અંગીકાર કરે ત્યારે ચારિત્ર અંદર પ્રગટ્યું નથી. અને પંચ મહાવ્રત આદિ દ્રવ્યલિંગ પહિલે ધારણ કરે. આહાહા..! '**ઈસપ્રકાર ન જાનના કિ ઈસીસે સિદ્ધિ હૈ.**' એને છોડીને અંદર આત્માના ધ્યાનમાં જાવું જોઈએ. '**ભાવલિંગકો પ્રધાન માનકર...**' જોયું! અંતરના અનુભવમાં જાવું છે મારે. એમાં પાંચ મહાવ્રત, ક્રિયાઓ દ્રવ્યલિંગની પહેલા આવે છે. '**ઉસકે સન્મુખ ઉપયોગ રખના,...**' આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન પ્રત્યે ઉપયોગ રાખવો. આવી વાતું.

કોઈ એમ કહે કે ભાવલિંગ પહેલું આવે, પછી દ્રવ્યલિંગ. એમ બને નહિ કોઈ દિ'. ભાવલિંગ સાચું આવ્યું અને પછી છઠ્ઠે વસ્ત્ર-પાત્ર ઉતારે અને દ્રવ્ય પંચમહાવ્રત લે એમ હોય? સમજાણું કાંઈ? પહેલું છૂટી જાય નવ નવ કોટીએ. એને વ્યવહાર કહેવાને લાયક નિશ્ચય આવ્યો નથી. પણ દ્રવ્યલિંગ એવું આવે. પણ એનાથી એમ ન માનવું કે આનાથી લાભ થશે, એમ કહે છે. '**ધારણ કરના, ઈસપ્રકાર ન જાનના કિ ઈસીસે સિદ્ધિ હૈ.**' એટલી વાત છે. આહાહા..! પંચ મહાવ્રત, નગ્નપણું એ પહેલું આવે, પણ એનાથી સિદ્ધિ છે એમ માનવું નહિ. આહાહા..!

'**ભાવલિંગકો પ્રધાન માનકર ઉસકે સન્મુખ ઉપયોગ રખના, દ્રવ્યલિંગકો યત્નપૂર્વક સાધના,...**' ત્યારે તેને પંચ મહાવ્રત પહેલું હોય છે. યત્નપૂર્વક એને વ્યવહાર હોય છે. '**ઈસપ્રકારકા શ્રદ્ધાન ભલા હૈ.**' સમજાણું? આમાં એમ સિદ્ધ કર્યું છે. ભાઈ! દ્રવ્યલિંગ પહેલું ન હોય અને પાધરું ભાવલિંગ હોય એમ ન બને. પણ દ્રવ્યલિંગ ધારણ કર્યું, માટે આનાથી સિદ્ધિ થશે એમ પણ નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! શ્વેતાંબરને તો દ્રવ્યસમકિતનું આરોપણ જાવ. એમ છે ને શું છે? આરોપણ કરે દ્રવ્યસમકિતનું. વાંચ્યું છે એ. આહાહા..! ભારે માર્ગ બાપુ! અનેકાંત માર્ગની...

સમ્યગ્દૃષ્ટિને પણ પહેલું સાચું ભાવલિંગ આવે અને પછી દ્રવ્યલિંગ હોય એમ નહિ. આહાહા..! એમ કહે છે. એને પણ પહેલા તો દ્રવ્યલિંગ તો આવે, પણ આવે એમાં એમ ન માનવું કે આવ્યું માટે

મને ભાવલિંગ આને લઈને થાશે. કે આ આવે, હોય છે, પણ ઉપયોગ ત્યાં રાખવાની વાત છે. અંદરમાં જવા માટે મેં આ તો બહારના વ્યવહાર ધારણ કર્યો. આહાહા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ. ત્યાં ત્યાં તે તે આચારે આત્માર્થી જન એહ.' આહાહા..! આખો સંસાર જાણે ઉથલાવી નાખવો છે. આહાહા..!

અહીં તો પરંપરા શબ્દ પડ્યો છે ને એટલે ખુલાસો કરે છે. કહે છે કે દ્રવ્યલિંગ આવ્યું છતાં જો ભાવલિંગ ન આવ્યું તો એ બધું નિષ્ફળ છે. એથી એમ કોઈ માને કે દ્રવ્યલિંગ પહેલું ધારણ ન કરવું એમ પણ નથી. ... ધ્યાન રાખતો હોય સમજવામાં તો એને .. કહો, સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દષ્ટિને પણ સ્થિરતા થાય એને થાય. એ પાછું તમે બોલો એમાં કાંઈ માલ નથી. સમ્યગ્દષ્ટિ પણ દ્રવ્યલિંગ ધારણ કરે અને જો ભાવલિંગ ન આવે તો એ દ્રવ્યલિંગી કહેવાય છે. શું કહ્યું એ વળી? સમ્યગ્દષ્ટિ જીવ દ્રવ્યલિંગ પહેલું ધારણ કરે અને પછી ધ્યાનમાં જો ભાવલિંગ ન આવે તો એને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું ભારે ભાઈ! વિશેષ પુદ્‌ગલની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૨, શનિવાર, તા. ૨૨-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૬૨ થી ૧૬૪, ૩૫ થી ૩૭, પ્રવચન - ૧૮૦**

ચૈતન્યના પરિણમનથી થયેલો ભાવ એવો જે '**ભાવિત જીવ હૈં વે હી સિદ્ધિ અર્થાત્ મોક્ષકે સુખકો પાતે હૈં. કૈસા હૈ સિદ્ધિસુખ?**' અહીંયાં તો કહે છે કે શુદ્ધ ચૈતન્યસ્વભાવ એની સન્મુખની જે એકતા એવો જે મોક્ષનો માર્ગ એનાથી સિદ્ધના સુખને પામે છે. ભાવપાહુડ છે ને? બપોરે તો આવે છે કે વ્રતાદિના વિકલ્પો એ બધું બંધનું કારણ છે. બંધરૂપ છે, બંધનું કારણ છે. આ મોક્ષરૂપ છે અને મોક્ષનું કારણ છે. શુદ્ધ ચૈતન્ય આનંદદળ એની એકાગ્રતા, શુદ્ધ પરિણતિ, શુદ્ધ પરિણતિમાં ત્રણેય આવ્યું—દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ જીવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા દ્વારા મોક્ષને પામે છે.

'**કૈસા હૈ સિદ્ધિસુખ? શિવ હૈ, કલ્યાણરૂપ હૈ,...**' મોક્ષનું સુખ ઉપદ્રવ વિનાનું છે, એમ કહે છે. આત્માના આનંદથી ઉત્પન્ન થયેલું સુખ છે, કલ્યાણસ્વરૂપ છે. 'શિવમયં' આવે છે ને. '**કિસીપ્રકાર ઉપદ્રવ સહિત નહીં હૈ,...**' નકારથી વાત કરે છે. આનંદસ્વરૂપ મોક્ષનું સુખ કલ્યાણરૂપ, ઉપદ્રવ રહિત એમાં કોઈ જાતનો ઉપદ્રવ છે નહિ. એવા સુખને શુદ્ધ ચૈતન્યના પરિણમન દ્વારા પામે છે એમ કહે છે. વ્યવહાર રત્નત્રય વચમાં આવે, એ બંધનું કારણ છે. બંધસ્વરૂપ જ છે એ. આ ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે. અબંધસ્વરૂપ છે કહો કે મુક્તસ્વરૂપ કહો. એની પરિણતિ એ મુક્તસ્વરૂપ છે. એથી તેનાથી મુક્તિનું સુખ પામે છે.

'**અજરામરલિંગ હૈ અર્થાત્ જિસકા ચિહ્ન વૃદ્ધ હોના ઔર મરના ઈન દોનોંસે રહિત હૈ,...**' સિદ્ધનું સુખ, મોક્ષનું સુખ જરા-વૃદ્ધાવસ્થારહિત મરણ-અંત આવે એનાથી રહિત એવું એનું સુખ છે. છે ને. '**જિસકા ચિહ્ન વૃદ્ધ હોના ઔર મરના ઈન દોનોંસે રહિત હૈ,...**' સિદ્ધનું સુખ એને જીર્ણ શું થાય? તાજો, તાજો આનંદ છે, એને મરણ નથી, અંત નથી. એવા સિદ્ધના સુખને શુદ્ધ ચૈતન્યની પરિણતિ દ્વારા પમાય છે. '**અનુપમ હૈ, જિસકો સંસાર કે સુખકી ઉપમા નહીં લગતી હૈ,...**' સંસારનું સુખ તો ઝેર છે. આત્માનું સુખ તો અતીન્દ્રિય આનંદ છે, એને જગતના સુખ સાથે મેળવાય નહિ.

'**ઉત્તમ (સર્વોત્તમ) હૈ,...**' કોઈને સુખની ઉપમા ન દેવાય એને. સર્વોત્તમ છે. '**પરમ (સર્વોત્કૃષ્ટ) હૈ,...**' આહાહા..! આત્મામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે, ધ્રુવરૂપે. એની પરિણમનદશા થઈને પૂર્ણ પરિણમન થવું સુખનું એ સર્વોત્કૃષ્ટ છે. એવું સુખ કોઈ બીજે છે નહિ. '**મહાર્ઘ્ય હૈ અર્થાત્ મહાન અર્ઘ્ય-પૂજ્ય પ્રસંશા કે યોગ્ય હૈ,...**' એ મોક્ષનું સુખ જ પ્રશંસનીય છે. વખાણવાલાયક હોય તો એ છે. આ દુનિયા અબજોપતિ ને કરોડોપતિ ને બહારની સગવડતા હોય તો ઓહોહો..! બાદશાહી છે આને, સુખી છે. એ સુખી નથી, એ તો દુઃખી છે. એ પ્રશંસવાયોગ્ય નથી. આત્માનું પરમાનંદ સુખ એ મોક્ષમાર્ગથી પ્રાપ્ત થાય તે પ્રશંસવાયોગ્ય છે કહે છે. તે વખાણવાયોગ્ય છે, પૂજવાયોગ્ય છે.

'**વિમલ હૈ કર્મકે મલ તથા રાગાદિકમલસે રહિત હૈ.**' મોક્ષના માર્ગથી પ્રગટેલો મોક્ષ, મોક્ષના માર્ગથી પ્રગટેલો મોક્ષ એ કર્મમળરહિત છે. રાગાદિરહિત છે. રાગ પણ નથી. '**અતુલ હૈ, ઈસકે બરાબર સંસારકા સુખ નહીં હૈ,...**' અનુપમ આવ્યું હતું (એટલે) ઉપમા નહિ. અહીંયા અતુલ છે. એની સાથે-બરાબર સંસારના સુખનો કોઈ મેળ છે નહિ. '**ઐસે સુખકો જિન-ભક્ત પાતા હૈ,...**' જિનભક્ત નામ વીતરાગી સ્વરૂપ ભગવાન આત્માનું, એનો ભક્ત જિનભક્ત, એ જિનભક્ત. આહાહા..! વીતરાગ સ્વરૂપે ભગવાન પરમાત્મસ્વરૂપ એ જિનસ્વરૂપ છે. એનો ભક્ત એની એકાગ્રતાવાળો આવા સુખને પામે છે. આવા સુખ બીજે હોઈ શકે નહિ. '**જિન-ભક્ત પાતા હૈ, અન્યકા ભક્ત નહીં પાતા હૈ.**' કેમકે બીજાઓમાં તો રાગના વિકલ્પના ભાવમાં ધર્મ મનાવે એવાને માનનારાઓ આવું સુખ પામી શકે નહિ.

હવે '**આગે આચાર્ય પ્રાર્થના કરતે હૈં કિ જો ઐસે સિદ્ધસુખકો પ્રાપ્ત હુએ...**' એવા જે સિદ્ધના સુખને પ્રાપ્ત થયા સિદ્ધ ભગવાન '**વે મુઝે ભાવોંકી શુદ્ધતા દેવે :—**' આહાહા..! ભાવના પોતાની છે ને? આવા ભગવાન મને સિદ્ધસુખ આપે. શુદ્ધતા આપે. એટલે કે મારું સ્વરૂપ જે પવિત્ર શુદ્ધ છે એની ભાવનામાં આગળ વધી જાઉં. તે મને સુખ આપે એમ કહેવામાં આવે છે. આહાહા..!

ते मे तिहुवणमहिया सिद्धा सुद्धा णिरंजणा णिच्चा।
दिंतु वरभावसुद्धिं दंसण णाणे चरित्ते य।।१६३।।

**'અર્થ :- સિદ્ધ ભગવાન...'** લોગસ્સમાં પણ આવે છે ને 'સિદ્ધા સિદ્ધિં મમં દિસંતુ.' સિદ્ધા સિદ્ધિં મમં દિસંતુ. આવે છે લોગસ્સમાં. આવે છે? કર્યું હતું કે નહિ લોગસ્સ? એમાં આવે છે સિદ્ધાસિદ્ધિં. હે સિદ્ધ ભગવાન! હે પરમાત્મા! મને સિદ્ધપણું બતાવો. દિસંતુ-દેખાડો. એનો અર્થ કે મને કેવળજ્ઞાન થાઓ અને હું સિદ્ધપદને જાણું. આહાહા..! **'સિદ્ધ ભગવાન મુઝે દર્શન, જ્ઞાનમેં...'** સિદ્ધ ભગવાન મારા દર્શનમાં આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શનમાં, આત્માનું જ્ઞાન એ સ્વસંવેદનજ્ઞાનમાં અને આત્માનું ચારિત્ર એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં, આનંદમાં રમણતા **'શ્રેષ્ઠ ઉત્તમભાવકી શુદ્ધતા દેવેં.'** એવા મારા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં શ્રેષ્ઠ ઉત્તમભાવ એની શુદ્ધતા આપો ભગવાન! એમ કહે છે. એ તો ભાવનાનો બોલ છે. ભગવાન ક્યાં દે છે? દે છે કોઈને? ત્યારે આવી શું કરવા માગણી કરે? એ વિનયના વાક્ય છે.

અંતરનો ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલો પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં મને શુદ્ધતા આપો. એ ત્રણની શુદ્ધતા વધો મારી, એમ કહે છે. સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જે છે એની શુદ્ધતા મને વધો, એમ સિદ્ધને કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'શ્રેષ્ઠ ઉત્તમભાવકી શુદ્ધતા દેવેં. કૈસે હૈં સિદ્ધ ભગવાન? તીન ભુવનસે પૂજ્ય હૈં,... '** **'तिहुवणमहिया'** એમાં પણ આવે છે ને. એવં મયે અભિથુઆ... વંદિયે મહિયા. લોગસ્સમાં આવે છે. કિત્તિયવંદિય મહિયા. લોગસ્સ કર્યું છે? કર્યું તો હોય ને. એમાં આવે છે. કિન્તિયવંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરુગ્ગબોહિલાભં સમાહિવરમુત્તમં દિંતુ. એ મહિયામાંથી ત્યાં ગારીયાધારમાં હતા ને ઘણા વર્ષ પહેલા. એક સાધુ કહેતા કે જુઓ આમાં ભગવાનની પૂજા કીધી છે, મહિયા એટલે. એને તો બતાવવું હોય ને. દેરાવાસી સાધુ હતા. એ અને ઓલા મણિસાગર. સાગરાનંદના ભાઈ. મોટાભાઈ અને તે દિ' ગામમાં મોહનલાલજી હતા. મોહનવિજય, પ્રતાપવિજય ને ધર્મવિજય. એ ત્રણેય હતા ત્યાં. પછી આવ્યા હતા. ત્યાં ભેગા ન ઉતરે. ..શેઠની મેડીએ ત્યાં ઉતર્યા હતા. ગયા હતા સાંભળવા બપોરે. એ જુદું વાંચે. પછી આ લાવ્યા. એમ જાણે કે આ સાધુની દીક્ષા લેવાના છે. મહીયા જિનપૂજા વીતરાગ. જુઓ લોગસ્સમાં કીધી છે. મહિયા આવે છે ને? મહિયાનો અર્થ પૂજા આવે છે ને જુઓ. છે? **'तिहुवणमहिया'** ત્રણ લોકમાં, ત્રણ ભુવનમાં મહિયા એટલે પૂજ્ય છે. પૂજવાયોગ્ય છે ભગવાન. આહાહા..! ત્યાં પણ મહિયા કીધું છે એટલે એને. પણ એ તો પૂજવાયોગ્ય છે એમ. સ્થાનકવાસીની સામે એનો અર્થ કાઢતા એમાંથી. ૬૮ની સાલની વાત છે.

મુમુક્ષુ :- ... એમ ક્યાં આવ્યું?

ઉત્તર :- પણ એને તો મહિયા શબ્દ આવ્યો ને. એ કહેતા હતા. કાઢે છે ઘણા દેરાવાસી એમાંથી. સાધારણ માણસને... જુઓ એમાં મહિયા આવે છે પૂજવામાં. ભગવાનની પૂજા આવે છે એમાં. તમે માનતા નથી. તે દિ' ગારિયાધારની વાત છે. ૬૯ની સાલ છે. સંવત્ ૬૯.

અહીં કહે '**तिहुवणमहिया सिद्धा**' ત્રણ લોકમાં પૂજ્ય છે. આહાહા..! બધાને પૂજ્ય છે? મોટા પુરુષને પૂજ્ય છે એમાં અહીં ત્રણ ભુવનમાં જીવ બધા આવી ગયા. કેટલાક તો સિદ્ધને ના પાડે છે. અહીં તો કહે '**तिहुवणमहिया**' ત્રણ લોકમાં ઉત્તમ પુરુષોને પૂજ્ય છે. એ ઉત્તમપુરુષો જ ત્રણ ભુવનમાં આવી જાય છે. '**शुद्ध हैं,...**' '**सिद्धा**' '**तिहुवणमहिया सिद्धा सुद्धा**' શુદ્ધ છે ભગવાન પરમાત્મા. જેને દ્રવ્યકર્મ નથી, જડકર્મ નથી, ભાવકર્મ નથી. પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એ નથી એવા એ નિર્મળ છે, શુદ્ધ છે. '**नोकर्मरूप मलसे रहित हैं, निरंजन हैं...**' કર્મનો જેને અંજન નામ મેલ નથી એવા સિદ્ધ ભગવાન. '**रागादि कर्मसे रहित हैं, जिनके कर्मकी उत्पत्ति नहीं है,...**' '**णिरंजणा**' ૧૦૮ કળશમાં છે.

'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય તો નથી. તેમ વર્જવાયોગ્ય પણ નથી.' ૧૦૮ કળશ છે. 'ઉત્તર આમ છે કે વર્જવાયોગ્ય છે.' એ પંચ મહાવ્રતના પરિણામ, શુભભાવ ભક્તિ આદિનો ભાવ, વ્યવહાર ચારિત્ર, વ્યવહાર ચારિત્ર વર્જવાયોગ્ય છે. 'કારણ વ્યવહાર ચારિત્ર હોતું થકું દોષ છે.' વ્યવહાર ચારિત્ર, પંચ મહાવ્રતના પરિણામ હોતા થકાં દુષ્ટ છે, અનિષ્ટ છે. વ્યવહાર ચારિત્ર અનિષ્ટ છે. અને ત્રીજો બોલ છે ઘાતક છે. વ્યવહારચારિત્ર હોં! નિશ્ચયચારિત્રની સહિત. જેને સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ વર્તે છે એને જે પંચ મહાવ્રતના પરિણામ ઉત્પન્ન થાય, વ્યવહાર સમિતિ-ગુપ્તિનો વિકલ્પ આવે, ભગવાનની ભક્તિ આદિ બહુમાન વિનય આદિનો આવે એવો જે વ્યવહાર ચારિત્ર વર્જનીય છે. એમ કહે. કરવાયોગ્ય નથી એમ વર્જવાયોગ્ય નથી એમ નહિ. કરવાયોગ્ય નથી અને વર્જવાયોગ્ય છે. આહાહા..!

અને એ 'વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે...' આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ હોય. હોતું થકું છે ને. હોય તો ખરા. છે દુષ્ટ. આહાહા..! હવે આ પાંચ મહાવ્રતના પરિણામથી નિશ્ચય ચારિત્ર પામે. એમ કહે છે લોકો. હમણાં અહીં પુસ્તક છપાણું એમાં એમ લખ્યું છે. વ્યવહાર ચારિત્ર પાળતા પાળતા નિશ્ચય ચારિત્ર આવે. અહીં કહે છે કે વ્યવહાર ચારિત્ર નિશ્ચય ચારિત્રવાળાને પણ દુષ્ટ છે. આહાહા..! પક્ષમાં, દૃષ્ટિમાં બહુ ફેર. વાત એ કે અંદર પહોંચી શકે નહિ એટલે રાગની ક્રિયા કરતા કરતા અંદર પહોંચશું. એ મોટું શલ્ય છે. વ્યવહારના વ્રત, તપાદિની ક્રિયાઓ એ બધી દુષ્ટ છે, અનિષ્ટ છે. દુષ્ટ-અનિષ્ટ-ઘાતક.

'એ વિષયકષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષેધ છે.' લ્યો. વિષયકષાયની માફક. આકરું લાગે ને આ માણસને ઓલાને રતનચંદજીને. ગયા ઓલા ક્યાં ગયા? દેવચંદજી ગયા? જુનાગઢ ગયા. જુનાગઢ ગયે દેવચંદજી? જેમ વિષયકષાયનો ભાવ અશુભ છે, એ વર્જવાલાયક છે, એમ ક્રિયારૂપ ચારિત્ર પણ નિષેધ છે, એમ કહે છે. તત્ નિષિધ્યતે. આહાહા..! ત્યજનીય છે. પાઠ છે ને એ. અર્થ તો પહેલો કર્યો. પણ એ તત્ નિષિધ્યતે. નિષેધવાયોગ્ય છે. કરવાયોગ્ય તો નથી, પણ નિષેધવાયોગ્ય છે. પાઠ છે મૂળ.

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।

આહાહા..! આકરી વાત લાગે. લોકોને આ ભારે આકરું.

મુમુક્ષુ :- વ્યવહાર શબ્દ ન કહો.

ઉત્તર :- ન કહો. આહાહા..! આમાં કહેલા છે આમાં. ભાષા. રાગ છે ને. અમૃતસ્વરૂપને લૂંટનાર છે. આ ભગવાન આત્માનું સ્વરૂપ તો અતીન્દ્રિય અમૃત છે. એમાં રાગની ઉત્પત્તિ એ તો ઝેર છે. વિષનો ઘડો છે એમ કહ્યું છે. આચાર્યે કહ્યું છે, ભાઈ!

મુમુક્ષુ :- એ કહો, આવું હોય એ ન કહો. તો પછી બેય કહેતા હો તો.

ઉત્તર :- એ તો વિષનો ઘડો કીધું ને? વિષનો ઘડો છે તો દુષ્ટ છે.

મુમુક્ષુ :- શુદ્ધ પણ કહેવાય છે.

ઉત્તર :- એ પણ શુદ્ધ કેમ કીધું? એ તો શુદ્ધ છે અહીં, એનું નિમિત્તપણું રાગનું છે અને આનો આરોપ દઈને શુદ્ધ કહ્યું. આહાહા..! વાસ્તવિક શુદ્ધ નથી, પણ શુદ્ધની જોડે છે એમ સમ્યગ્દર્શન નિશ્ચય આત્માના અવલંબે થાય ત્યાં વ્યવહાર સમકિત જે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે એ સમકિત છે નહિ, પણ નિશ્ચય સમકિતની સાથે રાગનું એવું નિમિત્ત છે એને આરોપ કરીને સમકિત વ્યવહાર કહ્યું. એ બંધનું કારણને વ્યવહાર સમકિત કહ્યું. આહાહા..! આવું છે. આકરું ભારે લોકોને. એમ વ્યવહાર જ્ઞાન છે એ બંધનું કારણ છે. છતાં સમ્યગ્જ્ઞાન જે સ્વસંવેદન નિશ્ચય થયું ત્યાં શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન વર્તે એને જ્ઞાનનો આરોપ દઈને કીધું. નહિતર તે જ્ઞાન નથી, એ તો બંધનું કારણ છે. નિમિત્તને દેખીને, સહચર દેખીને. શુદ્ધ સમકિત, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર એના સહચર-સાથે દેખીને એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરોપ કહ્યો. આહાહા..! એવી વાત છે.

એમ અહીંયાં શુદ્ધભાવની સાથે શુભભાવ દેખીને શુદ્ધભાવનો આરોપ કર્યો. આહાહા..! પ્રમાણજ્ઞાન કરાવ્યું. આવો વ્યવહાર જોડે હોય. આહાહા..! પણ એ શુદ્ધભાવ પ્રમાણજ્ઞાન ક્યારે સાચું કહ્યું? કે શુદ્ધભાવ જે છે એ સત્ય ને શુદ્ધનું ધર્મનું કારણ છે એ વાત પ્રમાણમાં રાખીને, નિમિત્તને સહચર દેખીને એને પણ વ્યવહાર સમકિત આદિ કહ્યું. પણ ઓલો નિશ્ચય રાખીને આને કહ્યું. પ્રમાણે એને નિષેધ કરીને કર્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધભાવ એ શુદ્ધ યથાર્થ છે એને એમ રાખીને નિશ્ચયમાં પછી વ્યવહાર ભેળવ્યો કે જોડે શુભ છે એને શુદ્ધ કહીએ છીએ વ્યવહારથી. પ્રમાણ ભેળવવા. આ શુદ્ધ અને એ શુદ્ધ એમ કરીને પ્રમાણજ્ઞાન કરાવ્યું. પણ એ પ્રમાણજ્ઞાનમાં જે શુદ્ધ દશા છે એ પ્રમાણમાં તો નિશ્ચય રાખ્યો જ છે. એ રાખીને ઉપરાંત વ્યવહાર શુદ્ધને શુદ્ધ કહીને ભેળવ્યો. આમ છે. આવી વાત છે. બહુ ઝઘડા બિચારાને. આ મોટું જુઓને આ. કોકે કેટલું લખ્યું છે. પ્રેમચંદ કોક છે. આવ્યું છે કાલે. કોકે ઉત્તર આપ્યો છે. હવે અહીં તો કોઈએ ઉત્તર આપ્યો નથી. એણે લખ્યું છે એમાં કે નહિ? બે-ત્રણ

પત્ર આવ્યા છે. એ કાર્ડ અને બે કવર. એમ લખ્યું. અહીં કોણ જવાબ દે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપ્યો હશે એને, કોઈએ વાંચીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં લખ્યું છે. અહીં તો કોઈને જવાબ પણ દેતા નથી. કાગળ આવે. ગમે તે કહે નહિ, ગમે તે માને એમાં શું? સાચા પ્રશ્ન પૂછે તો એનો જવાબ દેતા નથી. આ તો બધા શિખામણના છે. તમે નિશ્ચય સાથે વ્યવહારની પ્રરૂપણા કરો, વ્યવહાર કરો. નહિતર તો લોકો આમ થાશે. એને શુદ્ધતાની શ્રદ્ધાની ખબર નથી. મૂળ ચીજ છે એની ખબર નથી અને આ ઉપચારિક ચીજની ઉપર વાતું નિશ્ચય વિનાની કરવી છે. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય વિના ઉપચાર તો આવે નહિ.

ઉત્તર :- ઉપચાર આવે નહિ. અને એ વાત કરવી છે, હવે શું કરવું? સત્યને બીજી રીતે કહે એમ લોપ થાય. આહાહા..! જુઓને અહીં કેટલું કહ્યું છે! પાઠ છે હોં! '**निषिध्यते**' '**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।** ' બંધસ્વરૂપ છે. મોક્ષનો ઘાતક છે. '**मोक्षहेतुतिरोधायि**' મોક્ષના કારણને નાશ કરનાર. '**तत्तन्निषिध्यते**' તે માટે વ્યવહાર ચારિત્ર નિષેધ છે. લ્યો! વ્યવહાર ચારિત્ર નિષેધ છે. આહાહા..! હવે આપણે હજી બાકી છે પ્રશ્ન. ૧૦૮ છે ને? '**સબ હી શુદ્ધભાવમેં સમસ્તરૂપસે સ્થિત હૈ.**' લ્યો! જોયું! મંત્ર, યંત્ર ઊંચા સારા સાધ્ય થાય તો કહે છે કે શુદ્ધભાવથી થાય. એ તો શુદ્ધભાવ પોતાનો છે, પોતાને આશ્રયે એ વખતનો એને એવા જીવને જે શુદ્ધ વિકલ્પ હોય તો એને આવું થાય એમ કહેવામાં આવે છે. આહાહા..! શુદ્ધભાવ વિનાના પ્રાણીને કાંઈ સફળ થતું નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..!

'**ભાવાર્થ :- પુરુષકે ચાર પ્રયોજન પ્રધાન હૈં...**' મુખ્ય પ્રયોજન ચાર છે. ગૌણમાં ઘણા બધા. '**ધર્મ,...**' એટલે પુણ્ય. '**અર્થ,...**' એટલે પૈસો. '**કામ,...**' એટલે ભોગ. '**મોક્ષ,...**' સિદ્ધપદ. ચાર લ્યો. '**અન્ય જો...**' આ વર્ગ લીધો અને આ અપવર્ગ આવે છે ને પેલામાં સમયસારમાં. અપવર્ગ છે, મોક્ષ અપવર્ગ છે. ધર્મ, અર્થ અને કામ એ વર્ગ છે. આ સંસારનો વર્ગ. ઓલો અપવર્ગ છે મોક્ષ. '**અન્ય ભી જો કુછ મંત્રસાધનાદિક વ્યાપાર હૈં વે આત્માકે શુદ્ધ ચૈતન્યપરિણામસ્વરૂપ ભાવમેં સ્થિત હૈં.**' લ્યો! એવો શુદ્ધભાવ જ્યાં છે ત્યાં સહેજે એવો કોઈ વિકલ્પ આવ્યો અને એનો મંત્ર આદિ સિદ્ધ થઈ જાય છે એમ કહે છે. '**મંત્રસાધનાદિક...**' આહાહા..!

'**આત્માકે શુદ્ધ ચૈતન્ય પરિણામસ્વરૂપ...**' આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરિણામ એટલે પર્યાય, એવો જે ભાવ, એમાં આ બધું સ્થિત છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ એમાં મંત્રસાધના માટે ઊંચી મંત્ર સાધના આદિ હોય એ બધું શુદ્ધભાવને આધિન છે. એટલે શુદ્ધભાવની ભૂમિકામાં એવા

વિકલ્પ આવી જાય. આ એમ કહે છે. આહાહા..! પાઠ એમ છે. 'अण्णे वि य वावारा' આ ચાર સિવાય અનેક પણ વેપાર, એમ. ધર્મ-પુણ્ય, અર્થ-લક્ષ્મી અને કામ-ભોગ અને મોક્ષ. એ સિવાય 'अण्णे वि य वावारा' બીજા પણ ઊંચા મંત્ર આદિના સાધનો એ બધા 'भावम्मि परिट्ठिया' એ શુદ્ધભાવમાં રહેલા છે. કઈ કથન શૈલી છે એને જાણવી જોઈએ ને. એમ ને એમ પકડી રાખે.

**'ચૈતન્યપરિણામસ્વરૂપ ભાવમેં સ્થિત હૈ. શુદ્ધભાવસે સબ સિદ્ધિ હૈ,...'** લ્યો! ભગવાન આત્મા શુદ્ધસ્વભાવનો આશ્રય લઈને જે શુદ્ધભાવ પ્રગટ્યો એમાં બધું અરિહંતપદ, સિદ્ધપદ, તીર્થંકરપદ, ચક્રવર્તીપદ, બળદેવપદ એવા બધા પદો એમાં પ્રાપ્ત થાય એમ કહે છે. સમ્યગ્દર્શન વિનાના પ્રાણીને આવા ઊંચા પદના સાધન હોય નહિ એટલે પ્રાપ્તિ થતી નથી. **'શુદ્ધભાવસે સબ સિદ્ધિ હૈ, ઈસપ્રકાર સંક્ષેપસે કહના જાનો,...'** ટૂંકામાં જાણો. **'અધિક ક્યા કહેં?'** હવે ક્યાંથી પડે રહી છે ગાથા? છેલ્લી પછી.

મુમુક્ષુ :- ૩૪.

ઉત્તર :- ૩૪ ચાલવાની. ૩૪ થઈ ગઈ. ૩૪ ચાલી ગઈ છે પહેલી. ૩૫મી ગાથા. પહેલી પડી રહી છે આ. ક્યાં સુધી? ૫૦. બાકી છે એમ ને? લીધી છે. **'भावसमणो य धीरो जुवईजणवेढिओ विसुद्धमइ। परीत्तसंसारिओ जादो'**

૩૫ ગાથા. **'આગે પુદ્ગલ દ્રવ્યકો પ્રધાનકર ભ્રમણ કહતે હૈં :—'** કહે છે કે તે દ્રવ્યલિંગ ધારણ અનંતવાર કર્યા સાધુપદના. આત્મદર્શન અને સમ્યગ્દર્શન વિના જૈન સાધુ અનંતવાર થયો. એમાં અનંતવાર પરિભ્રમણ કર્યું. કોઈ સ્થળ બાકી નથી કે તે દ્રવ્યશ્રમણપણું ધારણ કરીને રખડ્યો ન હોય. એમ કહે છે. છે ને એ વાત છે મૂળ. ''

पडिदेससमयपुग्गलआउगपरिणामणामकालट्ठं।
गहिउज्झियाइं बहुसो अणंतभवसायरे जीव।।३५।।

'जिणलिंगेण वि पत्तो परंपराभावरहिएण' ૩૪માં એ છે. ૩૩માં પણ એ છે.

सो णत्थि दव्वसवणो परमाणुपमाणमेत्तओ णिलओ।
जत्थ ण जाओ ण मओ तियलोयपमाणिओ सव्वो।।३३।।

અરે..! તે આત્મદર્શન વિના, સમ્યગ્દર્શન વિના અનંતવાર જૈન દ્રવ્યલિંગી ધારણ કરીને કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાં જન્મ્યો અને ન મર્યો હોય. આહાહા..! દ્રવ્યલિંગ ધારણ કરીને પણ, પંચ મહાવ્રત પાળીને પણ, એમ કહે છે. પણ સમ્યગ્દર્શન ચૈતન્યના આનંદનો આશ્રય લઈને પ્રતીત થાય, એને સ્પર્શીને પ્રતીત થાય એવું તેં કર્યું નહિ કોઈ દિ' સાધુપણું પાળ્યા અનંતવાર, દ્રવ્યલિંગ ધારણ કર્યા. નગ્નમુનિ હોં, દ્રવ્યલિંગ એટલે. વસ્ત્રવાળાને દ્રવ્યલિંગ પણ ન કહેવાય. જે વસ્ત્રસહિત સાધુ કહેવાય એ

તો દ્રવ્યલિંગી સાધુ પણ નથી. આહાહા..! આ તો નગ્નમુનિ દ્રવ્યલિંગી જેણે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ ચોખા પાળ્યા. છતાં સમ્યગ્દર્શન વિના એણે કોઈ ક્ષેત્ર જન્મ-મરણથી બાકી નથી રાખ્યું. આહાહા..! એ હવે પુદ્‌ગલ દ્રવ્યને પ્રધાન કરીને કહે છે.

पडिदेससमयपुग्गलआउगपरिणामणामकालट्ठं।
गहिउज्झियाइं बहुसो अणंतभवसायरे जीव।।३५।।

આહાહા..! 'અર્થ :- ઈસ જીવને ઈસ અનંત અપાર ભવસમુદ્રમેં લોકાકાશકે જિતને પ્રદેશ હૈં ઉન પ્રતિ સમય સમય ઔર પર્યાયકે આયુપ્રમાણ કાલ...' શરીરનું. 'અપને જૈસા યોગકષાયકે પરિણમનસ્વરૂપ પરિણામ ઔર જૈસા ગતિ જાતિ આદિ નામકર્મકે ઉદયસે હુઆ નામ ઔર કાલ જૈસા ઉત્સર્પિણી-અવસર્પિણી ઉનમેં પુદ્‌ગલકે પરમાણુરૂપ સ્કંધ, ઉનકો બહુતબાર અનંતબાર ગ્રહણ કિયે ઔર છોડે.' આહાહા..! ભવસમુદ્રના ચોર્યાસીના અવતારમાં. આહાહા..! સમ્યગ્દર્શન જિનલિંગ જે ભાવલિંગ એ વિના જેટલા લોકના પ્રદેશ ત્યાં અનંતવાર જન્મ્યો, મર્યો. પ્રત્યેક સમય સમયમાં જન્મ્યો, મર્યો. આયુપ્રમાણે કાળ એ સમયે સમયે. 'જૈસા યોગકષાયકે પરિણમનસ્વરૂપ પરિણામ...' એ પણ મર્યો, જન્મ્યો.

'ગતિ જાતિ આદિ નામકર્મકે ઉદયસે હુઆ નામ ઔર કાલ જૈસા ઉત્સર્પિણી-અવસર્પિણી ઉનમેં પુદ્‌ગલકે પરમાણુરૂપ સ્કંધ, ઉનકો બહુતબાર અનંતવાર ગ્રહણ કિયે ઔર છોડે.' પણ સમ્યગ્દર્શન પામ્યો નહિ. તો એને પરિભ્રમણ કરવું પડ્યું.

'આગે ક્ષેત્રકો પ્રધાન કર કહતે હૈં :—'

तेयाला तिण्णि सया रज्जूणं लोयखेत्तपरिमाणं।
मुत्तूणट्ठ पएसा जत्थ ण ढुरुढुल्लिओ जीवो।।३६।।

'અર્થ :- યહ લોક તીનસૌ તેતાલીસ રાજૂ પરિમાણ ક્ષેત્ર હૈ,...' આ ચૌદ બ્રહ્માંડ. ૩૪૩ રાજુ. એક રાજુમાં અસંખ્યયોજન. એક રાજુમાં અસંખ્ય યોજન. એવા એવા ચૌદ (બ્રહ્માંડ). એ ૩૪૩ રાજુ પરિમાણ ક્ષેત્ર. 'ઉસકે બીચ મેરુકે નીચે ગોસ્તનાકાર આઠ પ્રદેશ હૈં,...' મેરુ પર્વત છે ને ત્યાં આઠ પ્રદેશ છે આકાશ. 'ઉનકો છોડકર અન્ય પ્રદેશ ઐસા ન રહા જિસમેં યહ જીવ નહીં જન્મા-મરા હો.' દરેક પ્રદેશે અનંતવાર જન્મ્યો અને અનંતવાર મર્યો. આહાહા..! એ દ્રવ્યશ્રમણપણું પામી, આત્માના સમ્યગ્દર્શન અનુભવ વિના આવા અનંતા પ્રદેશ ઉપર ભવ કર્યા.

'ભાવાર્થ :-' 'ઢુરુઢુલ્લિઆ' 'ઈસપ્રકાર પ્રાકૃતમેં ભ્રમણ અર્થકે ધાતુકા આદેશ હૈ ઔર ક્ષેત્રપરાવર્તનમેં મેરુકે નીચે આઠ લોકકે મધ્યમેં હૈં...' લોકના મધ્યમાં છે. એને છોડીને 'ઉનકો જીવ અપને શરીરકે અષ્ટમધ્ય પ્રદેશ બનાકર મધ્યદેશ ઉપજતા હૈ, વહાં સે ક્ષેત્રપરાવર્તનકા

**પ્રારંભ કિયા જાતા હૈ.'** ત્યાંથી શરૂ કર્યું એમ. આઠ પ્રદેશ મૂકીને અનંત અનંતવાર ત્યાં રખડ્યો. **'ઈસલિયે ઉનકો પુનરૂક્ત ભ્રમણમેં નહીં ગિનતે હૈં.'** ઓલા આઠને ન ગણ્યા. આઠ .. છે એને ન ગણ્યા. એનાથી બધાય પ્રદેશે અનંતવાર જન્મ્યો અને અનંતવાર મર્યો. આહાહા..! અપાર અપાર ક્ષેત્ર અને પરિભ્રમણનું અપાર. એ સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વને કારણે આવા ભવ કર્યા. **'ઉનકો પુનરૂક્ત ભ્રમણમેં નહીં ગિનતે હૈં.'**

**'આગે યહ જીવ શરીરસહિત ઉત્પન્ન હોતા હૈ ઔર મરતા હૈ, ઉસ શરીરમે ંરોગ હોતે હૈં, ઉનકી સંખ્યા દિખાતે હૈં :—'** એક શરીરમાં કેટલા રોગ?

**एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।**

**अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।**

**'અર્થ :- ઈસ મનુષ્યકે શરીરમેં એક-એક અંગુલમેં છયાનવે છયાનવે રોગ હોતે હૈં,... '** એક અંગુલ આટલો. એક આંગળ આટલો મૂકે એમાં ૯૬ રોગ. એવા આખા શરીર પ્રમાણે રોગ છે. ભગવાન આત્મા અમૃતથી ભર્યો છે. શરીર એકલું રોગથી ભર્યું છે એમ કહે છે. .. રોગ દેખાતો નથી આમ શરીરમાં. પણ રોગની શક્તિ છે અંદર. ફાટે જ્યારે રોગ. એક (તસુ)માં ૯૬ રોગ. એક તસુમાં ૯૬ રોગ. ૯૬ સમજો છો? સોમાં ચાર કમ. ૯૬. આહાહા..! એટલી એક તસુ. ૯૬ રોગ. આહાહા..! આ મરતા ફાટે છે ને કેટલાક લ્યો! કેટલા રોગ હોય છે. આહાહા..!

**'મનુષ્યકે શરીરમેં એક-એક અંગલુમેં છયાનવે છયાનવે રોગ હોતે હૈં, તબ કહો, અવશેષ સમસ્ત શરીરમેં કિતને રોગ કહેં.'** આહાહા..! એટલા પ્રમાણમાં આખા શરીરમાં. રોગ વેદનાની મૂર્તિ છે શરીર. આત્મા વેદનાની મૂર્તિ છે આનંદની. આ રોગની મૂર્તિ છે. આહાહા..! એ શરીરને મારું માની, શરીર માટે ચોવીસ કલાક ખવરાવવું, પીવરાવવું, સુવરાવવું, નવરાવવું, ધોવરાવવું. આહાહા..! જગતના રજકણો છે આ. અને એ રજકણમાં એવી સ્થિતિ છે કે આંગળ(ના તસુમાં) છન્નું રોગ ભર્યા છે. આહાહા..! બહુ રોગ હોય ત્યારે. સાધારણ રોગ તો અંદર હોય થોડા થોડા. એની ગણતરી ગણે નહિ. બહુ રોગ આવે ત્યારે દેખાય બહાર. ચારે કોર ફાટે. ક્યાંય સખ નહિ. આહાહા..!

એ તો આ શીતળાની વાત નહોતી કરી? શીતળા નીકળ્યા તો એક એક દાણે એક એક ઈયળ. શીતળા. શું કહે એને? માતા. માતા કહે છે. ઈયળું ઝરે. આમ ફરે ત્યાં ઈયળું આમ ઝરે. આમ ફરે તો આમ. આહાહા..! બાઈ કહે, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. નાની ઉંમરની બાઈ હતી. ૧૮-૨૦ની હશે માંડ. બે વર્ષનું પરણેતર. એકમદ શીતળાના દાણે દાણે ઈયળું. ક્યાંય તળાઈમાં સૂવે તો ઈયળ બટકા ભરે. કીડા કીડા સમજો છો? કીડા. ઝીણા કીડા. ઈયળું. લટ. આહાહા..! એ વખતે કેટલા રોગ હશે અંદર? કહો. આહાહા..! લાઠીમાં. ઓલા સુખલાલ નહિ? સુખલાલ રહે છે ત્યાં. એ શું

કહેવાય? ડેલાની અંદર. બાઈ મરી ગઈ પછી. પણ આમ બોલતી બિચારી હોં. એ બા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. સહ્યા જતા નથી, બેઠા જતા નથી, સૂતા જતા નથી. પવન નખાય નહિ, પાણી પીવાય નહિ. આમ ટળવળ... ટળવળ... ટળવળ... કરે. એવા દુઃખો. એવા તો અનંતવાર દરેક જીવે સહન કર્યા છે. આહાહા..! એ આતમ જ્ઞાન વિના. આત્માના સમ્યગ્દર્શનના ભાન વિના આવા ક્રિયાકાંડ પણ કર્યા, પણ એ ક્રિયાકાંડના ફળમાં ચાર ગતિ છે કહે છે. આહાહા..! પંચ મહાવ્રત ને વ્યવહાર ચારિત્ર ને. કહે છે કે એવા અનંતવાર પાળ્યા. એના ફળ તરીકે ચાર ગતિ રખડવાની છે. આહાહા..! કહો, વ્યવહાર પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ એ બધા ભાવનું ફળ સંસાર છે, એ રાગ છે, એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! એ રાગની ક્રિયા વિનાનો ભગવાન એના સ્વરૂપના અનુભવ વિના, એના સ્વરૂપના પ્રતીત વિના એ આવું સ્વરૂપ છે તેનો એને નિર્વિકલ્પ ભરોસો ન આવ્યો. એ વિના આવી ક્રિયાઓ કરી અનંતવાર. કહે છે કે આવા રોગો ફાટીને મરીને અનંતવાર મર્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- .. ભરોસો ન આવ્યો.

ઉત્તર :- ભરોસો ન આવ્યો, નિર્વિકલ્પ. વિકલ્પથી ભરોસો આવ્યો એ નહિ. અંદર સ્પર્શીને ન આવ્યો. આહાહા..! એની જાતનો ભરોસો ન આવ્યો. રાગથી કર્યું ને એ કર્યું એ તો ધારણા છે. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા પોતે છે એવા અતીન્દ્રિય આનંદના સાગરને એણે ન જોયો, એને ન જાણ્યો. એ વિના ક્રિયાઓ પંચ મહાવ્રતની, સાધુની અનંતવાર કરી. મરી ગયો એમાં. એમાં કાંઈ એકેય ભવ ઘટ્યો નહિ. અનંતા ભવ એમાં થયા. આહાહા..! એમ કહે છે. પણ ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિથી ભરેલો ચૈતન્યપિંડ, એનો સ્પર્શ, એનું વેદન, એનું ભાન અંતર કર્યું નહિ. આહાહા..! આચાર્યપદ નામ ધરાવ્યા, ગુરુપદ નામ ધરાવ્યા, ઉપાધ્યાયપદ નામ ધરાવ્યા, ગણીપદ ને ગણાવ છેદક ને, એ બધા આત્માના જ્ઞાન વિના ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! જુઓ એક શરીર. આહાહા..! વેદનાની મૂર્તિ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ. ત્યારે આ શરીર તો એક એક (તસુએ) છન્નું રોગ. વેદનાની ... એવા રોગો પણ અનંતવાર તેં સહન કર્યા. આત્મજ્ઞાન વિના. માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પ્રગટ માટે આ વાત કહેવામાં આવે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૪, રવિવાર તા. ૨૩-૦૬-૧૯૭૪**
**ગાથા – ૩૭ થી ૪૧, પ્રવચન – ૧૮૧**

૩૭માં એમ કહ્યું કે આ શરીર જે છે આ શરીર, એમાં એક એક (તસુ) માં છન્નું-છન્નું રોગ. આ શરીર. એક તસુમાં છન્નું રોગ. એવું આખું શરીર વેદનાની-રોગની મૂર્તિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી ત્યાં સડીને બધા. ચામડા સડેલા પડ્યા છે અંદર. આહાહા..! માંસ ને હાડકા, વીર્ય ને પેશાબ ને ઝાડા ભર્યા છે અંદર. એ આ શરીર છે. ઉપરની થોડી ચામડી કાઢી નાખે તો ખબર પડે. આ ચામડી ઉપરની જરી શેરડીના છાલ કાઢે એમ જરી કાઢે તો ખબર પડે. માંસ ને હાડકા, પેશાબ ને વિષ્ટાથી ભરેલું છે. ભગવાન આત્મા આનંદથી ભરેલો છે. એના માટે વાત કરે છે. ભાઈ! તું શરીરની મમતા છોડ. આવા શરીરમાં આવા રોગ તેં અનંતવાર સહન કર્યા છે. એક એક અંગુલમાં છન્નું રોગ એવા આખા શરીરમાં એવા રોગો ભગવાન કુંદકુંદાચાર્ય કરૂણાથી કહે છે. ભાઈ! તેં આવા રોગ અનંતવાર સહન કર્યા. એકવાર તે આત્માની ભાવના ન કરી. આત્મા આનંદ શુદ્ધ ચૈતન્ય પરમ પવિત્ર, પુણ્ય-પાપના વિકલ્પના મલિનથી પણ રહિત એવી ચેતનની શ્રદ્ધા, જ્ઞાન અને ભાવના ન કરી. એથી આવા ચાર ગતિના દુઃખો સહન કરવા પડે. આવે ત્યારે...

કહે છે અરે..! તને આવું શરીર. મુનિને કહે છે હોં ઉદ્દેશીને. તેં દ્રવ્યલિંગ ધારણ કર્યા, નગ્નપણું ધારણ કર્યું, પંચ મહાવ્રતના વિકલ્પ પણ ધારણ કર્યા. પણ એ તો બધું દ્રવ્યલિંગ છે. આત્માના સ્વરૂપની... આનંદસ્વરૂપ જેનું શરીર છે, જ્ઞાન જેનું શરીર છે, આનંદ જેનું રૂપ છે—એવા આત્માની અંતર તે વેદન સમ્યગ્દર્શન પ્રગટ ન કર્યું. એ આત્માના આનંદસ્વરૂપનું વેદન એના ભાન વિના આવા દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યા છે. એથી તને કાંઈ જન્મ-મરણ મટ્યા નહિ. એ કહે છે.

‘**હે મહાયશ!**’ જુઓ! એમ બોલાવે છે. બાહ્ય ત્યાગ કર્યો છે, નગ્ન સાધુ થયો છે, દ્રવ્યલિંગ ધારણ કર્યું છે એને સંબોધે છે. ‘**હે મુને! તૂને પૂર્વોક્ત રોગોંકો પૂર્વભવોમેં તો પરવશ સહે,...**’ અનંતવાર શરીરના રોગ સહન કર્યા. એક એક અંગુલમાં છન્નું રોગ એવો આખા શરીરમાં રોગ ફાટે એવી વેદનામાં તે અનંતકાળ ગાળ્યા, ભાઈ! મુનિ! એને ઉદ્દેશીને કહે છે. ‘**પરવશ સહે, ઈસપ્રકાર હી ફિર સહેગા,...**’ આત્મા આનંદમૂર્તિ પ્રભુ એ જ્ઞાનસ્વભાવી ચીજ, એ જ્ઞાનની ભાવના, સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપની ભાવના કરી નહિ તો ફરીને એવા દુઃખો રોગના સહન કરવા પડશે. આહાહા..! એ કહે છે જુઓ!

‘**બહુત કહનેસે ક્યા?**’ આચાર્ય કહે છે, શું કહીએ ઘણું ભાઈ! તારી શરીરની વેદનાના દુઃખો તેં

સહન કર્યા, ભગવાને જોયા અને જાણ્યા. હવે આવો અવસર મળ્યો તો આત્માની ભાવના કર ને, એમ કહે છે. આહાહા..! ભગવાન આત્મા એકલો જ્ઞાતા, દૃષ્ટા અને આનંદના સ્વભાવનું જેનું સ્વરૂપ છે, જેનું શરીર જ્ઞાનવિગ્રહ છે. સમજણ જ્ઞાન એ જ એનું શરીર, આ શરીર નહિ. એવા આનંદમૂર્તિ ભગવાન આત્માની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન કરીને ભાવના કરને ભાઈ! એમ કહે છે. આહાહા..! બાહ્ય મહાવ્રત આદિ અનંતવાર ધારણ કર્યા. નગ્નપણા હોં આ. વસ્ત્રસહિત સાધુ એ તો દ્રવ્યલિંગ પણ નથી એને તો. એને તો દ્રવ્યલિંગ પણ નથી. પણ નગ્નપણા ધારણ કર્યા, મહાવ્રત પાળ્યા, પાંચ સમિતિ, ગુપ્તિ, હજારો રાણીનો ત્યાગ કર્યો, પણ અંદરમાં સ્વભાવની ભાવના વિના મિથ્યાત્વનો ત્યાગ ન થયો. એ મિથ્યાત્વની ગંધ રહી ગઈ છે. આગળ કહેશે હમણાં. ૪૩માં કહેશે. '**भावविमुत्तो मुत्तो ण य मुत्तो बंधवाइमित्तेण**' અભ્યંતરની ગંધ છોડ પ્રભુ! એમ કહે છે. આહાહા..! છે ને ૪૩? રાગ ને પુણ્યના પરિણામનો પ્રેમ એ ચૈતન્યમૂર્તિનો અપ્રેમ એવી જે ગંધ તને બેઠી છે. આહાહા..! રાગ—શુભરાગ અને (કર્મ) બેય ભાવકર્મ ને દ્રવ્યકર્મ ને એનું ફળ શરીર, ત્રણેની તને ઊંડે ઊંડે ગંધ બેઠી છે. આહાહા..! એની તને એકતા છે, પ્રભુ આત્મા આનંદસ્વરૂપ એની એકતા તેં તોડી નાખી છે અનાદિથી. આહાહા..! આવા શરીરના રોગ સહન કર્યા.

'**ભાવાર્થ :- યહ જીવ પરાધીન હોકર સબ દુઃખ સહતા હૈ.**' પરાધીન થઈને એવા એવા દુઃખો સહન કરે. '**યદિ જ્ઞાનભાવના કરે...**' જોયું! આહાહા..! હું એક ચૈતન્ય સ્વરૂપ છું, આનંદસ્વરૂપ છું એવી જ્ઞાનની એકાગ્રતા કરે, ભાવના શબ્દે એકાગ્રતા. જે રાગમાં પુણ્ય દયા, દાનમાં એકાગ્રતા છે એ મિથ્યા દૃષ્ટિની એકાગ્રતા છે. આહાહા..! એકવાર ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા, અંદર અમૃતનો સાગર ભરેલો છે એની ભાવના કરને, કહે છે. આહાહા..! એ આનંદ અને નિર્વિકલ્પદશા પીને એકવાર. આહાહા..! એ શુભ અને અશુભરાગ એના પીણા ઝેરના અનંતવાર પીધા અને આવા પરવશ દુઃખો પણ તેં સહન કર્યા ભાઈ! ત્યાં કોઈ મદદગાર હતું નહિ. આહાહા..!

મુમુક્ષુ :- અભિમાન છે.

ઉત્તર :- અભિમાન-અભિમાન. માન ચડી ગયા. મુનિ હો ગયે, એસા કરે ભગવાન! બાપુ! ભાઈ! મુનિપણું કોને કહેવું? હજી આનંદસ્વરૂપને ઢંઢોળીને, શોધીને સાધ્યો નથી. શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, જેમાં રાગ, પુણ્ય-પાપનો વિકલ્પ પણ નથી એવા જ્ઞાનને શોધીને જ્ઞાનની રમણતા કરી નથી એ સમ્યગ્દર્શન (થયું નથી). એમાં તારા ક્રિયાકાંડના ભાવ સંસારના કારણરૂપ છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ સંસાર છે બધો. રાગ છે, સંસાર છે. પરવશપણે પ્રભુ! તેં બહુ દુઃખ સહન કર્યા. આહાહા..! જરી કાંઈક અનુકૂળતા મળે અહીંયા. શરીર ઠીક મળે, પૈસા કાંઈક પાંચ-દસ લાખ, આબરૂ દેખે આ થઈ જાય કે હું આ. અરે..! પ્રભુ! શું છે તને? ભાઈ! તારી ચીજ ખોવાઈ ગઈ તને. આહાહા..! જ્યાં ખોવાઈ ગઈ છે ત્યાં શોધ ને. રાગની રમતમાં ચૈતન્યમૂર્તિ ભગવાન ખોવાઈ

ગયો છે. પુણ્ય અને પાપના વિકલ્પની કલુષિતા, આહાહા..! એની રમતુમાં રામ ખોવાઈ ગયો છે. ચૈતન્ય ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપી તારું સ્વરૂપ છે. આહાહા..! એવા જ્ઞાનની ભાવના કરને કહે છે. આહાહા..!

આચાર્ય જુઓ! એમાંથી કાઢ્યું. ભાઈ! આવા શરીરના રોગો તો બહુ સહન કર્યા, એના ભોગ લીધા માંસ, હાડકા, ચામડાના. આહાહા..! આ ચામડા, હાડકા, માંસ, લોહી, વીર્યથી ભરેલું શરીર એના તેં ભોગ લીધા એટલે એના તો જડના તો ભોગ કાંઈ કરી શકતો નથી. એ ઠીક છે એમ માનીને તેં રાગનો ભોગ કર્યો. આહાહા..! રાગનો અનુભવ કર્યો, રાગને વેદ્યો, રાગને તેં જાણ્યો. આહાહા..! પણ તારું સ્વરૂપ એ રાગ વિનાનો આનંદસ્વરૂપ પ્રભુ, એ જ્ઞાનનો સાગર, જ્ઞાનનો ભંડાર એની તેં ભાવના ન કરી. આહાહા..! ભાવના એટલે? એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર ન થયો. અને એકાગ્ર થાય તેને સમ્યગ્દર્શન થાય. આહાહા..! આ અનુભૂતિ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા. અનુભૂતિવિહિતં આપણે આવ્યું ને બપોરે આવ્યું. બાર અંગમાં ભગવાને આત્માના આનંદનો અનુભવ કરવો એ કહેવામાં આવ્યું છે. શાસ્ત્રે એ કહ્યું છે. આહાહા..! રાગ કરવો... બે વાત .. હેતુ. વિહિતં. જ્ઞાનશિવ હેતુ વિહિતં. પછી અનુભૂતિ વિહિતં પરમ આગમમાં. આહાહા..! ગજબ વાત છે. ભાઈ! ભગવાનના આગમમાં વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરના શાસ્ત્રમાં આત્મા રાગથી રહિત છે. પુણ્યની, દયા, દાનની ક્રિયાથી રહિત એની અનુભૂતિ કર એમ કહ્યું છે, કહે છે. આહાહા..! આવો ઉપદેશ ભગવાને આગમમાં આપ્યો છે.

કહો, ગૃહસ્થ હો કે મુનિ હો, એને અનુભૂતિ કરવી એ આદેશ, તે ઉપદેશ એમ ભગવાનનો છે. આહાહા..! રાગ દયા, દાન, વ્રતને કરવા એ ભગવાનની આજ્ઞા નથી. એ તો બંધનના કારણ છે. આહાહા..! આકરી વાત છે. સમજાણું કાંઈ? તેં દ્રવ્યલિંગ ધારણ કર્યા. આ તો દ્રવ્યલિંગના પણ ક્યાં ઠેકાણા છે? આહાહા..! ઓલા તો દ્રવ્યલિંગ મહાવ્રત એવા ચોખ્ખા નિરતિચાર પાળે. પણ એ બધું દ્રવ્યલિંગ છે, એ કાંઈ ધર્મ નહિ. આહાહા..! આવા શરીરના રોગો પિડાઈ ગયો.. પિડાઈ ગયો.. પિલાઈ ગયો. અનંતવાર એવા પીડામાં પિલાઈ ગયો પ્રભુ! અરે..! તેં આત્મા આનંદમૂર્તિ નિરોગ ચૈતન્ય શરીર, નિરોગ ચૈતન્ય શરીર એવું જે અભ્યંતર ચૈતન્યપિંડ એની તેં શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ ન કર્યો. એનું તને વિશ્વાસ ન આવ્યો કે હું પૂર્ણાનંદ પ્રભુ છું. મારા સાધન માટે મારો સ્વભાવ જ સાધન છે. આહાહા..!

રાગાદિ ક્રિયા જેને સાધન કહ્યું હતું એ બાધક છે. આહાહા..! એવો જ્ઞાન ભગવાન આત્મા ચૈતન્યબ્રહ્મ, એની ભાવના ન કરી. એમ કહ્યું ને જુઓ! '**યદિ જ્ઞાનભાવના કરે ઔર દુઃખ આને પર...**' ચૈતન્યસ્વરૂપ છું હું જ્ઞાનનો ભંડાર જાણનાર-દેખનાર. એવી જો અંતર ભાવના કરે તો દુઃખ આવે '**ઉસસે ચલાયમાન ન હો,...**' દુઃખ તો પ્રતિકૂળ સંયોગ શરીરનો છે. એ તો જ્ઞેય છે. શરીરમાં બધા રોગ ફાટે પણ એ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. એ કાંઈ મારી ચીજમાં નથી, તેમ એ મારી ચીજમાં રોગ આવી જાય છે એમ નથી. આહાહા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન એને જ્ઞાનવિગ્રહ

કહ્યું છે. જ્ઞાન એનું શરીર છે. સમજણનો પિંડ એ એનું શરીર છે. એ શરીરની સંભાળ કર. આહાહા..! આવા ધૂળની સંભાળ તો બહુ કરી. શરીરથી જતના દયા આદિ પણ પાળ્યું. એ કાંઈ ચીજ નથી. આહાહા..! કહો, જયંતિભાઈ! આવો માર્ગ ઝીણો બહુ. પરમાગમમાં ભગવાનનું ફરમાન આત્માના આનંદનો અનુભવ કરવો, આત્માની શાંતિને વેદવી એવી અનુભૂતિની વ્યાખ્યા પરમાગમમાં કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? એનાથી જન્મ-મરણરહિત થઈ શકીશ. .. નહિ.

'**ઈસ તરહ સ્વવશ હોકર...**' '**સ્વવશ હોકર...**' પરવશ તો અનંતવાર દુઃખ સહન કર્યા રોગના. આહાહા..! પણ પરવશ છોડીને સ્વવશ... હું એક આત્મા આનંદનો સાગર છું. મારી અનુભૂતિમાં મને આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! મારા સમ્યગ્દર્શનમાં મારી શાંતિનો નમૂનો આવે છે વેદનમાં. એને વેદને, એમ કહે છે. આહાહા..! ઓહોહો..! માર્ગ સાંભળ્યો નથી અને કંઈકને કંઈક માનીને બેઠા છે. શું થાય? '**ઈસ તરહ સ્વવશ હોકર સહે...**' પોતાના આનંદસ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપના અસ્તિત્વમાં રહીને શાંતિને વેદે, તો (જે) દુઃખ પરવશપણે સહન કર્યા એ અત્યારે સ્વવશ સહન કરે. સહન કરવાનો અર્થ જાણે-દેખે. આહાહા..! '**તો કર્મકા નાશ કર મુક્ત હો જાવે,...**' શરીર જ મળે નહિ પછી તો એને, કહે છે. આહાહા..! આનંદસરોવરમાં પાણી પીને નિર્વિકલ્પ કહે છે. આહાહા..! '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' આ રીતે આત્માનું શુદ્ધ પૂર્ણ આનંદસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાનની ભાવના કરે, કર્મનો નાશ થઈને મુક્તિ મળે. આહાહા..! એ ક્રિયાકાંડથી કાંઈ મુક્તિ મળે નહિ. આહાહા..! એવી વાત છે. પુણ્ય થાય, સ્વર્ગ-બર્ગ મળે. એની સાથે અંગારાથી શેકાય સુખ-દુઃખથી.

'**આગે કહતે હૈં કિ અપવિત્ર ગર્ભવાસમેં ભી રહા :—**' ભાઈ! મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે. દ્રવ્યલિંગ ધારણ કર્યા પણ સમકિત કર્યું નહિ. આહાહા..! પોતાના ઘરને ન જોયું. ઓલું કહ્યું હતું ને ભાઈ વ્યભિચારનું. પદ્મનંદીમાં શાસ્ત્રનો વ્યભિચાર કહ્યો હતો. આ આપણે નિર્જરામાં કહ્યો હતો. વ્યભિચાર શુભરાગ. નિર્જરા અધિકાર ૨૦૩, ૬. વ્યભિચાર છે. આહાહા..! શાસ્ત્રશ્રવણનો વિકલ્પ... ગજબ વાત છે. દયા, દાનનો રાગ, ભગવાન કહે છે ભાઈ! એ તો વ્યભિચાર છે. ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ એની સાથે સંયોગીભાવનું વેદન વ્યભિચાર છે. .... ...તીર્થંકર પ્રકૃતિ બંધાણી ઝેરના ઝાડ છે. ૧૪૮ પ્રકૃતિ માટે એનો મોક્ષ થાશે? એને તો સંસાર વધે છે. પાંચે પાંડવો શેત્રુંજયે ધ્યાનમાં હતા, દુર્યોધન .. લોઢાના દાગીના ઉના ધગધગતા કરી, લોઢાના દાગીના ઉના પહેરાવ્યા. કડા પહેરાવ્યા, અહીંયા પહેરાવ્યા, પગમાં પહેરાવ્યા. આહાહા..! મુનિ તો આનંદના ધ્યાનમાં હતા. આનંદનું વેદન કરતાં. એને દુઃખનું વેદન જ નથી. આહાહા..!

અતીન્દ્રિય આનંદમાં ઊંડા ઉતરી ગયા છે. દ્રવ્યના તળિયે દૃષ્ટિ ગઈ છે. આહાહા..! જ્યાં પૂર્ણ શક્તિઓ પૂર્ણ પડી છે દ્રવ્યમાં એ શુદ્ધતા ત્યાં ઊંડે દૃષ્ટિ તળિયે ગઈ છે. આહાહા..! એવા આનંદના વેદનમાં ત્રણ મુનિઓ તો મોક્ષ પધાર્યા. ધર્મ, ભીમ અને અર્જુન. ધર્મરાજા, ભીમ અને અર્જુન. સહદેવ

અને નકુલ બે ધ્યાનમાં નાના ભાઈ. એક તો સહોદર, સાધર્મી અને વડીલ ત્રણેય. કેમ થયું હશે? એટલો વિકલ્પ આવ્યો. મુનિઓને કેમ હશે? એટલો વિકલ્પ આવ્યો ત્યાં બે ભવ થઈ ગયા. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પનો કાળ કેટલો?

ઉત્તર :- વિકલ્પનો કાળ એક અંતર્મુહૂર્ત. ફળ ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું સર્વાર્થસિદ્ધનું. લ્યો આ શુભભાવ સાધર્મી પ્રત્યેનો શુભભાવ. આ મુનિને કેમ હશે? એવો વિકલ્પ એક શુભરાગ હોં. એ પુણ્ય શુભરાગ છે. કેમ હશે? ઓહોહો..! .. છે, વૃદ્ધ તરીકે છે, સહોદર તરીકે છે, સાધર્મી તરીકે છે. આહાહા..! એ વૃત્તિ ઉઠી જરીક કે કેમ હશે? આયુષ્ય બંધાઈ ગયું. ૩૩ સાગર આયુષ્ય. કેવળ(જ્ઞાન) ૩૩ સાગર દૂર થઈ ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી પાછો મનુષ્યનો ભવ. એ વળી કેટલું હોય કરોડ પૂર્વનું આયુષ્ય હોય ત્યાં. આહાહા..! મોક્ષ જવાના પણ આટલે આંતરે જવાના. આહાહા..! જુઓ એ શુભભાવ સમકિતીનો, મુનિનો. ભાવલિંગીની ભૂમિકામાં એવો એક વિકલ્પ ઉઠ્યો ત્યાં આટલા સાગરોપમ સંસારમાં રહેવું પડ્યું. આહાહા..!

તો અહીં કહે છે કે મુનિ તારા આનંદના ધ્યાનમાં રહે ને ભાઈ! આહાહા..! તે આનંદને કોઈ દિ' ધ્યેય બનાવ્યું જ નથી. તારે બધી ક્રિયાઓ દયા, દાનની ધ્યેય તરીકે હતી. મિથ્યાત્વના શ્રદ્ધામાં એ ધ્યેય તરીકે હતી, કરવાલાયક હતી આ એમ માન્યું. આહાહા..! આનંદસાગર ભગવાનનું ધ્યેય તેં કર્યું નથી ભાઈ! આહાહા..! અને એના ધ્યેયના ધ્યાન વિના જન્મ-મરણ મટે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'આગે કહતે હૈં કિ અપવિત્ર ગર્ભવાસમેં ભી રહા :—'** આહાહા..!

**पित्तंतमुत्तफेफसकालिज्जयरुहिरखरिसकिमिजाले।**
**उयरे वसिओ सि चिरं णवदसमासेहिं पत्तेहिं।।३९।।**

**'અર્થ :- હે મુને!'** આ પહેલી શૈલી આવી વર્ણવે છે. ઓલા છ ઢાળામાં પણ પહેલું વર્ણન એમ છે ને. સંસારનું વર્ણન છે, પછી મોક્ષનું વર્ણન છે. સંસારમાં... એ પહેલું વર્ણન છે. આ ભાવપાહુડમાં આ પહેલું વર્ણન છે, પછી બીજું વર્ણન કહેશે. આહાહા..! જે ભૂમિકામાં અનંતકાળ ગાળ્યો, એના વેદનની વાત પહેલી કરે છે. ભાઈ! તું દુઃખી થયો. એ ક્યાંય શેઠાઈ કે સ્વર્ગમાં સુખ નથી. એ કષાયની અગ્નિથી બળી ગયેલા છે બધા. આહાહા..! એ કરોડોપતિ, અબજોપતિ રાગની અગ્નિએ શેકાઈ ગયા છે એ. એ સુખી નથી. આહાહા..! દેવના સુખો પણ સુખ નથી. એ કષાયની અગ્નિથી ઝળહળી બળી રહ્યા છે. આહાહા..!

હમણાં મુંબઈમાં નીકળ્યા હતા ને એક. ચાર માળનું મકાન. બીજે માળથી અગ્નિ નીકળતી હતી

ભડકા. ચોથે માળે ભડકા તે મોટા ઓહોહો..! વ્યાખ્યાન વાંચીને આવ્યા હતા. દિશાએ, નહિ? સવારમાં. ચાર માળનું મકાન. બીજે માળથી અગ્નિ સળગેલી. પહેલા માળ... ચોથે માળે આમ ભડકા તે એવા મોટા નીકળે. પાણીવાળા આવ્યા તે શું કરે ત્યાં પાણી? ઓલા બંબવાળા. નીચે આમ આમ કરતા હતા. ધૂળ ત્યાં શું થયું? હળ.. હળ.. હળ... હળ.. અગ્નિ હતી. ઓહોહો..! પછી તો ખાલી ખોખું જ જોયેલું હતું બળેલું. નીચેલું. નીચે અગ્નિ નહોતી. બીજેથી. બીજેથી. પછી સામગ્રી-બામગ્રી એકદમ સળગવા માંડી. ભડકા બહાર. અગ્નિના આવડા આવડા મોટા ભડકા બહાર નીકળતા હતા બહાર ઉપર. આહાહા..! એમાં પણ એ તે દિ' જ એ સ્થાનની વાત છે. એમાં ૧૩ આદમી બળી ગયેલા લ્યો. તે દિ' જ તે ક્યાંક બીજે ઠેકાણે, નહિ? આ તો રસ્તા ઉપર હતું. બીજે ઠેકાણે તે દિ' સાંજના અગ્નિ લાગી હતી ત્યાં. કાઢી શક્યા નહિ. ક્યાંક કીધું ખરું. બળી ગયા. કેટલા આદમી નીકળતા હતા બળી ગયા. આહાહા..! આ વેદન આવા. ભૂલી ગયો પણ મારો. જરીક શરીરને ઠીક રહે ત્યાં બહારમાં ક્યાંક ભૂલી ગયો. આહાહા..!

અહીં કહે છે. '**હે મુને! તૂને ઈસ પ્રકારકે મલિન અપવિત્ર ઉદરમેં નવ માસ તથા દસ માસ પ્રાપ્ત કર રહા.**' સવા નવ મહિને છે ને. પેટમાં માતાના પેટમાં સવા નવ મહિના રહ્યો ભાઈ! આહાહા..! '**કૈસા હૈ ઉદર? જિસમેં પિત્ત ઔર આંતોંસે વેષ્ટિત,...**' છે. આહાહા..! પિત્ત ભર્યું છે બધું અને આંતરડા માથે ભર્યા છે. આહાહા..! એવા પેટમાં સવા નવ મહિના રહ્યો. '**મૂત્રકા સ્રવણ,...**' પેશાબમાં પણ રહ્યો ભાઈ! તને ખબર નથી. આહાહા..! '**ફેફસ અર્થાત્ જો રુધિર બિના મેદ ફૂલ જાવે,...**' મેદ ફળે, ફૂલે. એમાં અંદરમાં નવ મહિના, સવા નવ. ઉંધે માથે. આહાહા..! અહીંયા તો આવું વેદન શરીરમાં કર્યું તેં, માટે હવે તું આત્માનું ધ્યાન કર. એ વાત છે. ભાઈ! તું હવે આત્મા તરફ વળ હવે. આહાહા..! ભગવાન ત્રણ લોકનો નાથ ચૈતન્યમૂર્તિ બિરાજે છે ભાઈ! તું તારું સ્વરૂપ જ 'અપ્પા સો પરમઅપ્પા' આત્મા તે પરમાત્મસ્વરૂપે જ છે પ્રભુ! તને ખબર નથી. આહાહા..! એવા પરમાત્મસ્વરૂપ પર આવ. તને આનંદ થશે અને જન્મ-મરણ મટી જશે. આહાહા..! એમાં કોઈ સિફારિશ નહિ કામ આવે કે મેં આટલું તો કર્યું હતું ને આવું તો કર્યું હતું. દયા, દાન ને વ્રત પાળ્યા હતા. જગતને પણ પળાવ્યા હતા. એ તો તેં સંસાર કર્યો હતો અને સંસાર પાળતો આવ્યો છો. સાંભળને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**કાલિજ્જ અર્થાત્ કલેજા,...**' કાળજું આ, કાળજું આ. કાળજામાં અંદર રહ્યો નવ મહિના માતાના પેટમાં. આહાહા..! સ્ત્રીનું શરીર, એ બચ્ચાઓને માણસને ઉપજવાનો એક સંચો છે. આહાહા..! એવું આવ્યું છે છાપામાં. એક જણે લખ્યું છે. આહાહા..! બચ્ચાઓને ઉત્પન્ન થઈને મોટા થવાનો નવ નવ મહિનાનો એનો આ સંચો છે. આહાહા..! હાડકા, માંસ ને લોહી ભરેલો છે આ. આહાહા..! ખૂન લોહી ભર્યું છે. '**ખરિસ અર્થાત્ અપક્વ મલસે મિલા હુઆ રૂધિર શ્લેષ્મ...**' સળેખમ આદિ આ.

**'ઔર કૃમિજાલ અર્થાત્ લટ આદિ જીવોં...'** પડે અંદર. આહાહા..! એવા **'જીવોંકે સમૂહ યે સબ પાયે જાતે હૈં—ઈસપ્રકાર સ્ત્રીકે ઉદરમેં બહુત બાર રહા.'** સ્ત્રીના પેટમાં માંસ ને હાડકા આમાં. આહાહા..! અરે..! કલંક છે ને પ્રભુ! તને આ, કહે છે. નિષ્કલંકી ચીજ આવા કલંકમાં રહ્યો. છોડને હવે, આહાહા..! શરીર.

નથી કહ્યું ઓલામાં? શરીર જન્મે કલંક છે. યોગસાર. યોગસારમાં છે. કર્મજનિત જન્મો ટળે. આવે છે ને. જન્મો ટળે. આહાહા..! 'પિયે ન જનની ક્ષીર' માતાના દૂધ ન પીવે પછી. આહાહા..! જેને આત્માના આનંદની લહેર લાગી, જગતના પ્રેમથી ઉઠી ગયો છે એ. આહાહા..! અને જેને પ્રેમમાં પરમાત્મા પોતે આવી ગયા પ્રેમમાં, પોતાનો આત્મા. એને હવે ફરીને જન્મ-મરણ ન હોય હવે. એકાદ ભવ હોય એ પણ એ તો જ્ઞાતા તરીકે, જ્ઞેય તરીકે જાણે. આહાહા..! જં દુખં, જરા દુઃખં રોગાય મરણાનીય. ..માં આવે છે. ઉત્તરાધ્યન. ઓહો..! દુઃખો સંસારો... જ્યાં ક્લેશને જીવ અનંતવાર પામે. જેમાં જન્મના દુઃખ, મરણના દુઃખ. આહાહા..! મરણ વખતે ત્રાસ થાય છે એને. કેમકે ત્યાંથી પાછું ક્યાંક જન્મવું પડશે. આહાહા..!

આત્માની શાંતિ સહિત દેહ છૂટે તો તો મરણરહિત થઈ શકે. આહાહા..! 'જગતને મરણ તણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર.' આહાહા..! દેહ છોડવા ટાણે આત્માના આનંદમાં નિર્વિકલ્પમાં મસ્ત છે. આહાહા..! કદાચિત્ વિકલ્પ ઉઠે છે, તોપણ એ શાંતિથી દેહ છોડે છે. સમજાણું કાંઈ? જેને આનંદના ચોસલા ઉપર દૃષ્ટિ પડી છે, આહાહા..! એ આનંદના વેદનમાં દેહ છોડે છે. આહાહા..! શ્રીમદ્દે કહ્યું ને છેલ્લું. મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહિ. હું મારા સ્વરૂપમાં સમાઉં છું. આહાહા..! સાચે સાચી વાત છે હોં! હું મારા સ્વરૂપમાં જાવ છું. આહાહા..! લોકો ન જાણે તત્ત્વની વસ્તુ. ઓલા તો કહે, આ સૂતા હતા તો રાડ પાડતા હતા. ઝવેરભાઈ હતા ને ભાઈ એના બનેવી. સાયલાવાળા બનેવી. કહે, અમને તો કાંઈ બેઠા હતા શ્રદ્ધા કાંઈ નહોતી અમને તો. રાડ પાડે. કલાક, દોઢ કલાક સુધી રાડ. એ તો દેહની ક્રિયા છે. શ્વાસ રૂંધાય અને અલ્પકાળ શરીર છૂટતા વાર લાગતી હોય. થાય, એમાં આત્માને શું છે? કહે, હું આત્મામાં સમાઉં છું એ એમ જ છે એ. આહાહા..! ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુ જ એવી છે. એ તો એ વખતે મને સંભળાવો એવો વિકલ્પ પણ નથી. જુઓને. આહાહા..! હવે હું મારી ચીજમાં સમાઉં છું. એમાં હું જાઉં છું. હવે મારો ઉપયોગ પરમાંથી ફરે છે. આહાહા..! દેહ છૂટી ગયો. શાંતિથી, સમાધિથી દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ? એણે જન્મ-મરણના અંત કર્યા. એકાદ ભવ હોય તોપણ એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..!

કહે છે, આવા કૃમિજાળમાં તું સ્ત્રીના ઉદરમાં વસ્યો, ભાઈ! હવે ક્યાં સુધી તારે દુઃખ સહન કરવા છે આવા? આહાહા..! આઠ આઠ વર્ષના બાળકો સમ્યક્ પામતા. આઠ વર્ષની ઉંમરના. આત્મજ્ઞાન

પામીને કેવળ લેતા. અંતર્મુહૂર્તમાં કેવળ. આહાહા..! ભર્યો ભંડાર પડ્યો એમાં ખાતા વાર તને લાગે એટલી વાર છે. આહાહા..! આનંદ સાગરથી ભરેલો પ્રભુ છે ને. જેટલા ખાજા કાઢવા હોય એટલા કાઢ ખાવાના. આહાહા..! એની શ્રદ્ધા અને એની ભાવના કરને ભાઈ! આહાહા..! તો આ તારા સ્ત્રીના પેટમાં જન્મવાનું મટી જશે. આહાહા..!

'ફિર ઈસીકો કહતે હૈં :—' વિશેષ.

**दियसंगट्ठियमसणं आहारिय मायभुत्तमण्णांते।**
**छद्दिखरिसाण मज्झे जढरे वसिओ सि जणणीए।।४०।।**

'**અર્થ :- હે જીવ! તૂં જનની (માતા) કે ઉદર (ગર્ભ) મેં રહા,...**' આ તો મનુષ્યની વાત કરે છે લ્યો! ઓલા એકેન્દ્રિયના દુઃખ એ તો એકકોર રાખો કહે. આ તો પ્રત્યક્ષ થાય એવા દુઃખનું વર્ણન કરે છે. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિયના દુઃખો, નરકના દુઃખો એ તો એકકોર (રાખો). આ તો પ્રત્યક્ષ દેખાય છે એની વાતું કરે છે. જુઓ! આહાહા..! '**હે જીવ! તૂં જનની (માતા) કે ઉદર (ગર્ભ)મેં રહા,...**' માતાના પેટમાં તું રહ્યો. '**વહાં માતાકે ઔર પિતાકે...**' '**दियसंग**' બેના ભોગનો અંત. '**ट्ठियमसणं**' બેયના ખાધેલા વમન જેવી ચીજો અંદર પડી. એંઠા પડે ખાધાના અંદર. એમાં રહ્યો નવ મહિના ભાઈ! આહાહા..! અહીં જરી પ્રતિકૂળતા જરી હોય ત્યાં તો રાડ નાખી જાય. આહાહા..! સરખું દાળ અડદની સદડી સરખી ન થઈ હોય, છાશને બાકળા જેવું થયું હોય તો ઢીંચણીયું ઉડે. કોણે કર્યું આવું? ધૂળ. ધાનનું ધૂળ કરી નાખે છે. માગે ત્યારે તો લાવી દઈએ છીએ. રાંધતા આવડતું નથી? કોણ છે .. એમ બોલે લ્યો! અરે..! ભાઈ! આહાહા..! પુરુષ ને બાયું.. પિત્તો ફાટ્યો એનો. આહાહા..! એની વહુને ભેગી રાંડુ કહી દે. કોણ રાંડુ હતી આ રાંધવામાં? અરે..! શું થયું ભગવાન તને? આહાહા..! પિત્તો. રાંડુ કરીને તારી વહુને રાંડી રાંડ કરી? આહાહા..!

અરે..! જરીક પ્રતિકૂળતા ન સહન થઈ તને નાથ! આવી અનંતી પ્રતિકૂળતા તેં સહન કરી ને. આહાહા..! હવે એકવાર તો જોને સામું. એ ચૈતન્યનો નાથ બિરાજે છે અંદર. આહાહા..! એક સમયની અવસ્થાની પાછળ પ્રભુ મોટો બિરાજે છે. આહાહા..! પર્યાયબુદ્ધિમાં રહી પ્રભુ! તેં આવા દુઃખો સહન કર્યા. તેં તારી દ્રવ્યબુદ્ધિ, તત્ત્વબુદ્ધિ, સ્વભાવબુદ્ધિ ન કરી. આહાહા..! એમ આચાર્ય સંસારના દુઃખનું વર્ણન બતાવીને આનંદના ધામમાં લઈ જવા માગે છે. આહાહા..! ભાઈ! ક્યાંય સુખ નથી સંસારમાં. એ સંસારના ભોગ ને પૈસા ને આબરૂ ને હજીરા. પાંચ-પાંચ, દસ લાખના મકાનો બધા અગ્નિ સળગે છે ભાઈ! તને. આ મારા. એ મારા એ મોહ ને મિથ્યાત્વ છે. આહાહા..! કહો. એ પૈસા મારા, લક્ષ્મી મારી, બાયડી મારી. એ પરવસ્તુ છે. પરવસ્તુ તારી ક્યાંથી થઈ એ? તારી હોય તો તારાથી જુદી કેમ રહે? આ તો જુદા રહે છે. ઘરમાં ભેગા રહીએ છીએને પણ દસ માણસ હમણા. ઘરમાં પણ ભેગા નથી કોઈ, જુદે જુદા છે ભાઈ! આહાહા..!

માણસને જોયો હતો એકને ૭૬ની સાલમાં. ધ્રાંગધ્રા. અપાસરાની જોડે એક સંઘવી હતા સંઘવી. ૭૬ની સાલ પણ કેટલા વર્ષ થયા? ૫૪ વર્ષ. ૫૪. દશાશ્રીમાળી હતા. વીરચંદ સંઘવી નહોતા આવ્યા? એ નહિ ઓલા સુરચંદ સુરચંદ સંઘવી. એના કુટુંબી મોઢા આગળ હતા. એ ૭૬ની વાત છે. એને બહુ પીડા ઉપડી. દેહ છૂટવાનો પ્રસંગ. બોલાવો મહારાજને. પણ એટલી પીડા... એટલી પીડા... ખાટલે તો સુવાડાય નહિ. નીચે પથારી કરી. ત્યાં પથારીમાં રહી શકે નહિ. ઘાણીની પેઠે આમથી આમ. ૫૦, ૫૫, ૬૦ વર્ષની ઉંમર હશે. પીડા... પીડા... પીડા... મંગળિક સાંભળવાનો પ્રસંગ ન મળે. એટલું કોઈ અંદરથી. પથારીથી નીચે પડે, અહીં પડે, અહીં પડે. આહાહા..! જુઓ ઓલા દુઃખ સહન થતા નથી ત્યાં... આહાહા..! આમ શાતા શોધવા, આમ શાતા મળશે, જાણે અહીંથી દુઃખ ઓછું થશે, આમથી દુઃખ ઓછું થશે. પણ દુઃખ તો તેં એકત્વથી માન્યું ત્યાં છે. આહાહા..! અહીં દુઃખ ત્યાં ક્યાં હતું? આહાહા..! એ શરીર અને રાગની એકતાના મિથ્યાત્વના દુઃખ છે એ બધા ભાઈ! એને ઓછા કેમ કરવા? આ તો અહીં કાંઈક ઓછું થાય. દવા લાવો. પણ એને દવાનું હતું નહિ. એટલી પીડા. બહુ પીડા, ગજબ પીડા. માથું તો આમથી આમ થયા કરે. ભાષા બોલી શકે નહિ. મંગળિક સાંભળવાને પણ સ્થિરતા ન મળે એટલી પીડા. અપાસરે આવ્યા દેહ છૂટી ગયો.

મુમુક્ષુ :- મંગળિક તો સાંભળ્યું ને?

ઉત્તર :- મંગળિક સંભળાવ્યું પણ એ માંડ માંડ. પીડા બહુ પીડા.. બહુ પીડા. પથારીએ બેસી શકે નહિ. બેસી શકે નહિ. સૂઈ શકે નહિ. પથારીએ સૂઈ શકે નહિ. આમ ઘાણીની પેઠે અંદરમાં કાંઈક થતું હશે પીડા. એવી.

અરે..! ભાઈ! તેં આવા દુઃખો સહન કર્યા પ્રભુ! એના નહિ. તેં એવા સહન કર્યા છે. એ જાણે કે એ એને છે. પણ એવા તો અનંતવાર તેં સહન કર્યા છે. તેં પોતે કર્યા છે ભાઈ! આહાહા..! એ અહીં કહે છે. માતાના પેટમાં માતા ને પિતાના ખાધેલા '**છર્દિ (વમન) કા અન્ન, ખરિસ (રુધિરસે મિલા હુઆ અપક્વ મલ) કે બીચમેં રહા, કૈસા રહા?**' આહાહા..! '**માતાકે દાંતોસે ચબાયા હુઆ ઔર ઉન દાંતોંકે લગા હુઆ (રુકા હુઆ) જૂઠા ભોજન માતાકે ખાનેકે પીછે જો ઉદરમેં ગયા ઉસકે રસરૂપી આહારસે રહા.**' એના રસનો આહાર લીધો તે. આહાહા..! એઠું. એનું શરીર બંધાણુ અને એ આહાર લીધો. આહાહા..! આવા દુઃખો તેં અનંતવાર સહન કર્યા. એ આત્મજ્ઞાન વિના અને સમ્યગ્દર્શન વિના. દ્રવ્યલિંગ ધારણ કર્યા છતાં આત્મજ્ઞાન ન લીધું. જન્મ-મરણ ન મટ્યા. આહાહા..! '**ઉદરમેં ગયા ઉસકે રસરૂપી આહારસે રહા.**' આહાહા..!

હવે બહારની વાત લાવે છે. દુઃખો તેં સહન કર્યા રોગના, પછી ગર્ભના, હવે શીશુકાળના. હવે જન્મ્યા પછીની વાત કરે છે આચાર્ય. આહાહા..! આ ઈતિહાસ માંડ્યો છે એનો. આ કુંદકુંદાચાર્ય બારોટ છે, દુનિયાનો ઈતિહાસ બતાવનારા. ઓલા બારોટ બતાવે કે નહિ તમારા બાપ આમ હતા. આ

બારોટ ન આવે? શું કહેવાય? બારોટને શું કહે છે? .. બતાવે. એને બારોટ કહે, તમારે શું કહે છે? એ બતાવે એને. દસમી પેઢીએ પાટણમાં તમારા બાપે સવા લાખની એક વાવ કરાવી હતી, તમારા બાપે આમ કર્યું હતું, બારમી પેઢીએ તમારો બાપ આ ઠેકાણે હતો, ત્યાં શેઠિયો હતો અને શેઠાઈ કરેલી, ઘણા ગામમાં વાવ બંધાવેલી. આહાહા..! એના તમે દીકરાઓ છો. આપો કાંઈક ભાઈને. આહાહા..! અહીં ભગવાન કહે છે પણ તું આવો રખડતો, રઝળતો દુઃખી થઈને ... તારા ઈતિહાસની અમે વાત કરીએ છીએ. હવે તું એ વાત છોડી દે હવે. એ રખડવું છોડી દે પ્રભુ! તને શાંતિ નથી ત્યાં. આહાહા..! કોઈ ભવમાં શાંતિ નથી. ચાર ગતિ. કીધી નથી? પંચાસ્તિકાયમાં નહિ? પરાધીન. પહેલી ગાથાઓમાં. પહેલી ગાથાઓ. પરાધીન. પરતંત્ર ચાર ગતિ છે ભાઈ! એક સિદ્ધગતિ જ એક ઓલી છે. આહાહા..!

પણ જેણે આત્માના શુદ્ધ ધ્રુવસ્વભાવનો જ્યાં આશ્રય લીધો, એને તો કહે છે સિદ્ધગતિની પર્યાયની દરકાર નથી. એ પર્યાય આવવાની જ છે, થવાની જ છે એમાં પ્રશ્ન શું? આહાહા..! જેણે ધ્રુવના ધ્યાન મૂક્યા, નિત્યાનંદ પ્રભુને જેણે પકડ્યો છે. આહાહા..! એમાં એવી સિદ્ધદશાઓ તો પડી જ છે. એ અંદરમાં અનુભવ થતાં એ આવ્યા વિના રહેશે નહિ. આહાહા..! એને જન્મ-મરણનો અંત લાવવાની કળા છે એ. આહાહા..! બાકી બધી વાતું છે કહે છે.

'આગે કહતે હૈં કિ ગર્ભસે નિકલકર ઈસપ્રકાર બાલકપના ભોગા :— '

सिसुकाले य अयाणे असुईमज्झम्मि लोलिओ सि तुमं।
असुई असिया बहुसो मुणिवर बालत्तपत्तेण।।४१।।

આહાહા..! '**बालत्वप्राप्तेन**' એમ. '**बालत्तपत्तेण**' એમ '**बालत्वप्राप्तेन**' બાળપણાને પ્રાપ્ત તેં અજ્ઞાનપણે રાગ ને પુણ્યને ધર્મ માન્યો. શરીરની ક્રિયા મારાથી માની, દયા, દાન, વ્રતના પરિણામને તેં કલ્યાણનું કારણ અજ્ઞાનપણે માન્યું. આહાહા..! બાહ્યનું બાળ અને અંદરનું બાળ બેયની વાત છે એમાં. અર્થમાં કરશે.

'**અર્થ :- હે મુનિવર!**' આ તો દ્રવ્યલિંગ ધારણ કર્યું છે ને એને ઉદ્દેશીને વાત છે. નગ્નમુનિ છે, પંચ મહાવ્રત છે. પણ તેં આ કર્યું નહિ. સમ્યગ્દર્શન આત્માનો આશ્રય તો લીધો નહિ. આહાહા..! અને પરને આશ્રયે આવી ક્રિયાઓમાં રહ્યો એને '**હે મુનિવર!**' એમ કહે છે. '**તૂં બચપનકે સમયમેં અજ્ઞાન અવસ્થામેં અશુચિ (અપવિત્ર) સ્થાનોમેં અશુચિકે બીચ લેટા...** ' આહાહા..! નાની ઉંમરમાં અજ્ઞાન અવસ્થામાં ભાન વિના, અપવિત્ર સ્થાનમાં પોતે જ ... કહે છે, એ અશુચિમાં લોટ્યો. '**બહુત બાર અશુચિ વસ્તુ હી ખાઈ,...**' આહાહા..! પેશાબ, વિષ્ટા, ગારો ખાય છે ને માણસ? આહાહા..! '**બચપનકો પાકર ઈસપ્રકાર ચેષ્ટાયેં કી.**' આહાહા..! બાળકપણું પામીને ભાઈ તું ભૂલી ગયો. જરી જુવાન અવસ્થા જ્યાં શરીર કાંઈક ઠીક થયું જુવાન અવસ્થા, ભૂલી ગયો થઈ રહ્યું. આહાહા..! એ હાથ નહિ ચાલે, એ પક્ષઘાત થઈ જશે બાપુ! એ શરીર મજબુત દેખીને શું કરું જાણે? શરીર વડે શું કરું? શું

ભોગવું? અને કઈ રીતે ભોગવું? એવા ચાળાના થનગનાટ અજ્ઞાનપણે બાળપણે કર્યા પ્રભુ તેં. આહાહા..!

'**ભાવાર્થ :- યહાં મુનિવર ઈસપ્રકાર સંબોધન હૈ વહ પહિલેકે સમાન જાનના;...**' એટલે કે બાહ્ય ત્યાગ કર્યો છે એ અપેક્ષાએ એમ છે. '**બાહ્ય આચરણ સહિત મુનિ હો ઉસીકો યહાં પ્રધાનરૂપસે ઉપદેશ હૈ...**' એમ. બાહ્ય નગ્નપણું ધારણ કર્યું છે, પંચ મહાવ્રત ધારણ કર્યા છે, કુટુંબ છોડ્યું છે. એ આવશે. ખરું કુટુંબ છોડ્યું નથી તે કહે છે. એ આવશે ૪૩માં. '**मुत्तो बंधवाइमित्तेण**' અંદરથી રાગથી મુક્ત થાય તો મુક્ત છે. ૪૩માં છે. આહાહા..! બાંધવ ને મિત્ર ને કુટુંબને છોડ્યા પણ રાગની એકતા છોડી નહિ. આહાહા..! અભ્યંતર ગંધ ન છોડી તો બહારથી છોડ્યું એ કહેવાતું નથી. આહાહા..! વજન અંદરમાં છે.

'**ઉપદેશ હૈ કિ બાહ્ય આચરણ કિયા વહ તો બડા કાર્ય કિયા,...** ' એ ઠીક છે એમ કે વ્યવહારે એમ. '**પરંતુ ભાવોંકે બિના...**' ભાવ એટલે સમ્યગ્દર્શન અને જ્ઞાન. જિનભાવના-વીતરાગ સ્વભાવ આત્માનો, એની ભાવના એટલે ચૈતન્ય સમ્યગ્દર્શનની ભાવના એ એકાગ્રતા. એ જિનભાવના. રાગની ભાવના એ મિથ્યાત્વભાવના. ભલે દયા, દાન, વ્રત હો, પણ ભાવના કરવી કે આ હોય તો ઠીક, તો મિથ્યાત્વ છે એ તો. આહાહા..! '**ભાવોંકે બિના...**' ભાવ શબ્દે જિનભાવના. પરથી હઠીને સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘનમાં એકાગ્રતા કરવી એનું નામ અહીંયાં જિનભાવના અને એ ભાવના વિના આવા બાળપણામાં દુઃખ તેં સહન કર્યા. આહાહા..!

'**ઈસલિયે ભાવકે સન્મુખ રહના,...**' દેખો! જોયું! ભાવ એટલે ચૈતન્ય આનંદ અને જ્ઞાન સમુદ્ર પ્રભુ, સ્વચ્છતાનો સાગર છે, આનંદનું રૂપ છે, જ્ઞાન જેનું શરીર છે, શાંતિ જેનું ઘર છે, આહાહા..! એની સન્મુખ રહેવું. રાગ અને પુણ્યથી વિમુખ થવું. સમજાણું કાંઈ? આહાહા..! સન્મુખ-સત્મુખ. સત્‌સ્વરૂપ જે પૂર્ણ આનંદ, શાંતિ એની સન્મુખ થવું. આહાહા..! રાગની સન્મુખ દિશા છે તે દિશા ફેરવી નાખ. દિશા ફરે તારી દશા ફરી જશે. રાગના પ્રેમમાં પડ્યો તારી દશા મિથ્યાત્વની છે. આહાહા..! સ્વભાવ પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ એવું જે સ્વતત્ત્વ નિજરૂપ તેની સન્મુખ થા, એની સામું જો. આહાહા..! એની સામું તેં કોઈ દિ' જોયું નથી. આહાહા..! આવો કુંદકુંદાચાર્યનો વૈરાગ્યસહિતના તત્ત્વનો ઉપદેશ છે.

'**ઈસલિયે ભાવકે સન્મુખ રહના,...**' ભાવ એટલે આત્મા આત્મસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યઘનની સન્મુખતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એની સન્મુખતા છે. આહાહા..! અને રાગાદિના ભાવ એ સ્વભાવથી વિમુખ છે. રાગથી સન્મુખ છે અને સ્વભાવથી વિમુખ છે. અને આ ભાવના સ્વભાવ સન્મુખ છે અને રાગથી વિમુખ છે. આહાહા..! વ્યવહારની ભાવના જ્ઞાનીને હોતી નથી એમ કહે છે. વ્યવહાર હો, પણ એની ભાવના હોતી નથી. આહાહા..! '**ઈસલિયે ભાવકે સન્મુખ રહના,...**'

ભાવ એટલે આત્મસ્વરૂપ એની સન્મુખ થવું એ સમ્યગ્દર્શન. આહાહા..! એ વિનાની બધી વાતું આ દયા પાળી, વ્રત લીધા, ભક્તિ કરી, સાધુ. બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! મિથ્યાત્વની દીક્ષા છે. મિથ્યાત્વની શિક્ષા છે. દીક્ષા અને શિક્ષા મિથ્યાત્વની. આ તો સમ્યગ્દર્શનની દીક્ષા. ઓલો દરબાર કહેને કે દીક્ષા આપો. પણ શું શેની દીક્ષા? અંતર લે ને. તારી તારે લેવું છે કે બહાર પડવું છે? આહાહા..!

'**ભાવકે બિના અપવિત્ર સ્થાન મિલે હૈં.**' આહાહા..! એ આત્માના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના એકલા દ્રવ્યલિંગ ધારણ કર્યા. આહાહા..! તો આ અપવિત્ર સ્થાન તને અનંતવાર મળ્યા. એનાથી છૂટવું હોય તો સ્વભાવની સન્મુખ થા, વિભાવથી વિમુખ થા. એક વાત છે. આહાહા..! એ શરીર અને જન્મ, ગર્ભવાસ અમથા દુઃખો કીધા. પછી ગર્ભવાસના દુઃખ કીધા, પછી જન્મતા પછી બાળકના કીધા. એ દુઃખનું આખું વર્ણન. હવે આ શરીર ને માંસ ને હાડકાવાળું છે એકલા હાડકા માંસ ચામડા ભર્યા લોહીમાં એવી અશુચિની દૃષ્ટિ છોડી દે અને શુચિ એવો ભગવાન એની દૃષ્ટિ કર. એની વ્યાખ્યા કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૫, સોમવાર તા. ૨૪-૦૬-૧૯૭૪**
**ગાથા - ૪૨ થી ૪૫, પ્રવચન - ૧૮૨**

'આગે કહતે હૈં કિ યહ દેહ ઈસ પ્રકાર હૈ...' શરીરમાં રોગ લીધા. પછી રોગને... આવા દુઃખો સહન કર્યા. આત્મા.. સમ્યગ્દર્શન એટલે પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને પોતાના શુદ્ધ પૂર્ણ સ્વભાવથી અભિન્ન એવો આત્મા, એને અનુસરીને અનુભવ થતાં પ્રતીત થાય એને સમ્યગ્દર્શન ભાવલિંગ કહે છે. એ ભાવલિંગ પ્રાપ્ત કર્યા વિના અનંતા અનંતા દેહ ધારણ કર્યા. એ દેહની સ્થિતિનું વર્ણન કરે છે.

मंसट्ठिसुक्कसोणियपित्ततसवत्तकुणिमदुग्गंधं।
खरिसवसापूय खिब्भिस भरियं चिंत्तेहि देहउडं।।४२।।

કહે છે કે તારો ભગવાન આત્મા તો શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન છે. 'શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.' શુદ્ધ નામ પવિત્ર છે, બુદ્ધ નામ જ્ઞાનમૂર્તિ છે, ચૈતન્યઘન અસંખ્યપ્રદેશી પિંડ છે. સ્વયં જ્યોતિ એની કોઈ ઉત્પત્તિ કોઈ કારણે નથી. સ્વયં જ્યોત સત્ અનાદિનો છે. અને સુખધામ-આનંદનું સ્થાન છે એ. અતીન્દ્રિય આનંદનું ઠેકાણું ધામ આત્મા. એની દૃષ્ટિ છોડીને આવા દુર્ગંધ શરીરની રુચિમાં પડ્યો છે એનું વર્ણન કરે છે. ક્યા પ્રભુ નિષ્કલંક પવિત્ર આનંદ અને ક્યાં હાડકા ને માંસથી ભરેલું આ

શરીર. અશુચિ અને આ શુચિ. શુચિનું ભાન કરાવવા અશુચિ શરીરનું વર્ણન કરે છે અહીંયાં.

**'અર્થ :- હે મુને!'** દ્રવ્યલિંગી મુનિને વિષે. દ્રવ્યલિંગ ધારણ કર્યું પણ ભાવ વિના આવા દેહને પણ તે મારું માની એ દેહની ક્રિયાને પણ મારી માની અને અંદર રાગનો ભાવ થાય પુણ્યનો, દયા, દાનનો એ પણ ભાવશરીરી કર્મ છે એને પોતાનું માની અને આ શરીરની દુર્ગંધમાં ભાવમાં રાચ્યો. **'દેહરૂપ ઘટકો ઈસપ્રકાર વિચાર,...'** દેહરૂપી ઘટ માટીનો પિંડ આ. એનો એમ વિચાર કર. **'કૈસા હૈ દેહઘટ? માંસ, હાડ,...'** જેમાં એકલું માંસ ભર્યું છે. આહાહા..! હાડકા છે, **'શુક્ર (વીર્ય),...'** ભર્યું છે અંદર. આહાહા..! **'શ્રોણિત (રુધિર),...'** લોહી છે. **'પિત્ત (ઉષ્ણ વિકાર)...'** પિત્ત વિકાર થાય છે ને ઉષ્ણ? ઉષ્ણતા અંદર વિકાર. પિત્ત થયું છે આને એમ કહે છે ને.

**'ઔર અંત્ર (અંતડિયાં) આદિ દ્વારા તત્કાલ મૃતકકી તરહ દુર્ગંધ હૈ...'** આહાહા..! એની એકતાબુદ્ધિ છોડ એમ કહેવું છે. ક્યાં પવિત્ર ભગવાન આત્મા અને ક્યાં અશુચિ શરીર માંસ ને હાડકા. એના ભોગનો પ્રેમ, એને ભોગવી શકતો નથી પણ એના પ્રત્યે થતો રાગ. રાગને અનુભવીને આ શરીરને ભોગવું છું એમ માને છે. પણ ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ છે એની મહિમા કરીને એનો એણે ભોગવટો ન કર્યો. ચૈતન્ય આનંદનો અનુભવ ન કર્યો એણે. એ ત્રિકાળ આનંદથી ભરેલો પદાર્થ છે. આવા અપવિત્ર શરીરનો વિચાર કર કહે છે.

**'તત્કાલ મૃતકકી તરહ દુર્ગંધ હૈ...'** મરી ગયેલું મડદું હોય ને દુર્ગંધ એવું છે કહે છે. **'તથા ખરિસ (રુધિરસે મિલા અપક્વમલ), વસા (મેદ), પૂય (ખરાબ ખૂન)...'** પરુ-પરુ. પરુ થાય છે ને. ગુમડા સડે. અનાજમાંથી દુર્ગંધ થવાનો આ એક સંચો છે શરીર. અનાજ ને મૈસુબ ગમે તે ખાધું હોય એ દુર્ગંધ થઈને એનું પરિણામ આવે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નહિ. શરીર પુષ્ટ શું થાતું હતું? હાડકા-ચામડા છે આ તો. આહાહા..! અમૃતનો સાગર પ્રભુ, અમૃતના સ્વભાવથી ડોલી રહ્યો છે. એની તેણે શ્રદ્ધા, જ્ઞાન ન કર્યું એમ કહે છે. પવિત્ર ભગવાન આત્માની પવિત્રતાની પ્રતીત ન કરી અને આ અપવિત્ર એવું મેલું શરીર એને ભોગવવાનો, રાખવાનો, રક્ષા કરવાનો ભાવ રાખ્યો એ બધો મિથ્યાત્વભાવ છે એમ કહે છે. **'રાધ, ઈન સબ મલિન વસ્તુઓંસે પૂરા ભરા હૈ,... '** આહાહા..! **'ઈસપ્રકાર દેહરૂપ ઘટકા વિચાર કરો. '**

**'ભાવાર્થ :- યહ જીવ તો પવિત્ર હૈ,...'** પ્રભુ તો અંદર. આહાહા..! શુદ્ધ બુદ્ધ. પવિત્ર છે અને બુદ્ધ-જ્ઞાનની મૂર્તિ છે એ તો. આહાહા..! શુદ્ધ બુદ્ધ **'શુદ્ધજ્ઞાનમયી હૈ...'** એ તો શુદ્ધ જ્ઞાનમયી પ્રભુ છે. એકલો જ્ઞાન જેનો સ્વભાવ ત્રિકાળ. સર્વજ્ઞ સ્વભાવમય એ વસ્તુ છે. આ શરીર તદ્દન દુર્ગંધમય વસ્તુ છે. આમ ભાનસહિતની દુર્ગંધતાનો વિચાર કરે એની વાત છે. આમ તો અજ્ઞાનપણે તો શરીરના અનિત્યતાના વિચારો તો અનંતવાર કર્યા, પણ વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ કર્યા વિના એ બધું નિરર્થક ગયું.

આહાહા..! ભાવલિંગનું વજન આપે છે ને અહીંયાં.

'**યહ દેહ ઈસપ્રકાર હૈ, ઈસમેં રહના અયોગ્ય હૈ...**' આહાહા..! આકરો રોગ આવે ત્યારે આમાં શરીરમાં ન રહું હવે. ક્ષણમાત્ર પણ ન રહું શરીરમાં એવું થાય એને. ચારેકોર શૂળ થાય. શૂળ-શૂળ. શૂળ અંદર નીકળે. આંતરડી આંતરડામાં ગરમીના તણખા મારે. ગરમીના તણખા. ત્યારે એમ કહે કે આહાહા..! આ શરીરમાં ક્ષણમાત્ર રહેવું એ ઠીક નથી. પણ જ્યાં સારું થાય ત્યારે એ બધું ભૂલી જાય પાછો.

મુમુક્ષુ :- બહુ ભૂલકણો

ઉત્તર :- અંદર ચૈતન્યના આનંદની ખબર નથી માટે એમ કહે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ, અનાકુળ શાંતિનો રસ છે એ. એવા અનાકુળ આનંદના નાથને સંભાર્યા વિના, એના અનુભવની પ્રતીતિ વિના, એવી જે જિનભાવના-વસ્તુના સ્વભાવની એકાગ્રતા એ જિનભાવના, એના વિના આવા અનંત શરીર મૃતક જેવા શરીરોમાં ક્ષણમાત્ર રહેવાલાયક નથી એમાં રહ્યો. આહાહા..! આકરા રોગ આવે ત્યારે એમ થઈ જાય કે આહાહા..! એ તો આવી ગયું છે પહેલું. એક અંગુલમાં છન્નું રોગ. એક તસુમાં છન્નું રોગ. એવું આખું શરીર રોગથી ભર્યું છે.

'**આગે કહતે હૈં કિ જો કુટુંબસે છૂટા વહ નહીં છૂટા,...**' એમ કહે છે. કોઈ બાયડી, છોકરા, દુકાન છોડીને બેઠો એ છોડ્યું નથી. '**ભાવસે છૂટે હુએ કો હી છૂટા કહતે હૈં :—**' અંતરની રાગની વાસના એની એકત્વબુદ્ધિથી છૂટે એ છૂટ્યો કહેવાય. આહાહા..! રાગનો વિકલ્પ જે છે શુભ-અશુભ એના પ્રેમથી છૂટે અને સ્વભાવના પ્રેમના આનંદમાં આવે તો એ છૂટ્યો કહેવાય. બહારના કુટુંબ છોડીને બેસે પણ અભ્યંતર ગંધ-રાગની એકતાની ગંધ બેઠી છે. એ કહે છે. હમણાં કહેશે. એમાં જ આવે છે લ્યો. એમાં જ એ આવ્યું ૪૩. '**भावविमुक्तो मुत्तो**' રાગના વિકલ્પથી ભગવાન છૂટો છે. એ રાગથી છૂટ્યો તે છૂટ્યો તે ભાવથી મુક્ત છે. આહાહા..!

**भावविमुक्तो मुत्तो ण य मुत्तो बंधवाइमित्तेण।**
**इय भाविऊण उज्झसु गंथं अब्भंतरं धीर।।४३।।**

આહાહા..! હે ધીર! એ ત્યાં અર્થ કર્યો સંસ્કૃતમાં આમાં જ તે. ઓલામાં બીજો કર્યો છે. હે બુદ્ધિનો રાંત ધીર એમ કહ્યું હતુ નહિ? રાંતનો અર્થ શું કર્યો છે? સ્વીકાર એ કર્યો છે? સ્વીકાર આવ્યો હતો. પહેલું આવ્યું હતું. ધીર-રાંત-સ્વીકાર. નહિ એમાં આવ્યું હતું કાલે. સંસ્કૃત આમાં નથી નહિ? આમાં છે. એ પહેલા ધીર શબ્દ આવી ગયો હતો. ક્યાં? પાછળની ગાથામાં ને. ત્યાં કહ્યું છે હોં! ત્યાં એ ક્યાંક આવ્યું નહોતું? આ આવ્યું લ્યો. આજ આવ્યું જોયું! 'કેવળજ્ઞાન સામ્રાજ્યલક્ષ્મી રાંતી.' રાંતી-વીરા. વીરા વિશિષ્ટં કેવળજ્ઞાન સમલક્ષ્મી રાંતી સ્વીકૃતંતી.. સ્વીકૃત ક્યાંક આવ્યું હતું. સ્વીકાર આવ્યો. આ વીરામાં આવ્યું લ્યો. 'વિશિષ્ટં કેવળજ્ઞાન સામ્રાજ્ય લક્ષ્મી રાંતિ.' 'વિ'નો વિશેષ કર્યું અને 'ર'નો રાંતિ. સ્વીકૃતિ.

સ્વીકુર્વંતિ. વીરા. એને વીર કહીએ. આહાહા..!

ચૈતન્ય ભગવાન અનંત આનંદ અને અનંત શાંતિની લક્ષ્મીવાળો એને સ્વીકૃતિ કરે, એનો સ્વીકાર કરે, એનો આદર કરે એને વીર કહીએ. આહાહા..! લ્યો આ ઠીક આવ્યું. સ્વીકૃત કીધું ક્યાંક આવ્યું હતું. આ ઠેકાણે છે. ચિહ્ન કર્યું છે. રાંતિ સ્વીકુર્વંતિ ઇંતિ વીરા. સ્વીકુર્વંતિ એટલે સ્વીકાર ને? એય..! પંડિતજી!

મુમુક્ષુ :- સ્વીકુર્વંતિ

ઉત્તર :- એટલે શું?

મુમુક્ષુ :- સ્વીકાર કરવો.

ઉત્તર :- બસ સ્વીકાર કરે છે. સ્વીકુર્વંતિ.

અહીં ધીર છે. બુદ્ધિમાં 'ર' નામ રાંતિ, આનંદનો નાથ ભગવાન અનંત લક્ષ્મીવાળો એને સ્વીકૃત કરીએ એનું નામ ધીર કહેવાય છે. વીરમાં ઓલું વિશિષ્ટ અનંત લક્ષ્મી આદિ. ધીરમાં પોતાની ધી-બુદ્ધિ, એમાં ત્રિકાળી જ્ઞાનાનંદ લક્ષ્મી પોતાનું પૂર્ણ સ્વરૂપ રાગ અને વિકલ્પ વિનાનું એનો સ્વીકાર કરે એને ધીર કહીએ. આહાહા..! જેનો પર્યાયનો પણ સ્વીકાર નહિ એમ કહે છે. નિમિત્તનો સ્વીકાર નહિ, રાગનો સ્વીકાર નહિ, પર્યાયનો સ્વીકાર નહિ. ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ શુદ્ધ ચૈતન્યઘનનો સ્વીકાર. આહાહા..! એણે જીત્યો મિથ્યાત્વભાવને એમ કહે છે. એ વીર કહીએ અને એ ધીર કહીએ. આહાહા..! એ કહે છે.

'**અર્થ :- જો મુનિ ભાવોંસે મુક્ત હુઆ ઉસીકો મુક્ત કહતે હૈં...** ' અંદરમાં શુભરાગની એકતાબુદ્ધિથી છૂટ્યો અને શુદ્ધ આનંદના નાથને અંદર અનુભવ્યો એ ભાવથી મુક્ત થયો એને મુક્ત કહેવામાં આવે છે. બહારથી દ્રવ્યલિંગ ધારણ કર્યા, કુટુંબ, લક્ષ્મી છોડી એ કાંઈ છોડ્યું નથી કહે છે. આહાહા..! '**બાંધવ આદિ કુટુંબ તથા મિત્ર આદિસે મુક્ત હુઆ...**' બાંધવ ઉપરાંત મિત્ર નાખ્યા છે. વ્હાલા મિત્ર હોય ને. મિત્ર વ્હાલા ઘણાં હોય સેંકડો મિત્રો. એને તેં છોડ્યા. પણ એ છોડ્યા નહિ કહે છે. આહાહા..! સ્વભાવ ચૈતન્યની સામગ્રી જે પડી છે અંદર, એના પ્રેમ અને પ્રીતિ છોડી અને જેણે રાગના વિકલ્પ સાથે પ્રીતિ જોડી એ ભાવથી મુક્ત નથી. '**બાંધવ આદિ કુટુંબ તથા મિત્ર આદિસે મુક્ત હુઆ ઉસકો મુક્ત નહીં કહતે હૈં,...**' આહાહા..!

બંધુ. પરમાત્મપ્રકાશમાં આવે છે ને. બંધુને માર્યો. રાગાદિ ભાવ અનાદિકાળથી બંધવ તરીકે સાથે ચાલ્યો આવતો હતો એને માર્યો. પરમાત્મપ્રકાશમાં છે. મુનિએ બંધવને મારી નાખ્યો. જે આત્માની સાથે રાગનો વિકલ્પ શુભ કે અશુભ અનાદિથી બંધવ તરીકે સાથમાં (હતો). એને કોઈ દિ' છોડ્યો નથી. રાગે ચૈતન્યને કોઈ દિ' છોડ્યો નથી. સાથે ને સાથે રહે છે અનાદિથી. આહાહા..!

મુમુક્ષુ :- એવા બંધુ છે.

ઉત્તર :- એવા બંધુ. એ બંધુને ઘાત કર્યો. આહાહા..! તારો રાગ વિકલ્પ ... એનો જેણે સ્વભાવની દૃષ્ટિ કરીને ચૈતન્ય શુદ્ધ આનંદમાં આરૂઢ થઈને જેણે એકત્વબુદ્ધિ છોડી દીધી એ મુક્ત છે. આ મુક્ત વિના બહારથી મુક્ત થઈને બેસે એને મુક્ત કહેતા નથી એમ કહે છે. આહાહા..!

**'ઈસલિયે હે ધીર મુનિ!'** ધી-બુદ્ધિ. ર... ત્યાં રાંતિ કહેવાય ઓલા વીરમાં જેમ રાંતિ. ધી-બુદ્ધિ અંદર જ્ઞાનની બુદ્ધિ એમાં ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ એનો રાંતિ નામ સ્વીકાર એ જીવને અહીંયા ધીર કહે છે. આહાહા..! બહારની આ ક્રિયાકાંડ કરીને મરી ગયો અનંતવાર. વ્રત ને ભક્તિ ને પૂજા ને દયા ને દાન ને તપ ને અપવાસ, બબ્બે મહિનાના સંથારા. આહાહા..! એ તો બધી રાગની ક્રિયા હતી. આહાહા..! એ રાગનો પ્રેમ જેણે છોડ્યો નથી. એ બંધવ આદિને પણ એણે છોડ્યા જ નથી. આહાહા..! એમ કહે છે.

**'હે ધીર મુનિ! તૂ ઈસપ્રકાર જાનકર અભ્યંતરકી વાસના...'** એટલે ગંધ. અભ્યંતરની ગંધને છોડ. ગંધ અંદર ગરી ગઈ છે. આહાહા..! આ કાચના શીશા હોય છે ને કાચના શીશા, નહિ? શીશા ક્યા કહતે હૈ? દર્પણ નહિ. બોટલ. અંદર ડટ્ટા હોય છે ને નીચે ડટ્ટા. અને એમાં ગ્યાસતેલ હોય તો કાઢી નાખે તોપણ ડટ્ટાની આસપાસ એવું ગ્યાસતેલ લાગેલું હોય. ડટ્ટા હોય છે ને અંદર ડટ્ટા. એ એમાંથી ગંધ ગ્યાસતેલની નીકળવી, તેજાબ નાખીને લોઢાના સરીયા નાખે. એમ અનાદિની અભ્યંતર ગંધ. શુદ્ધ ચૈતન્યધીર પ્રભુ, એનો એણે સ્વીકાર કર્યો નથી અને રાગની ક્રિયા પુણ્ય, દયા, દાન, વ્રતનો સ્વીકાર છે એ દ્રવ્યલિંગી મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! **'હે ધીર મુનિ! તૂ ઈસપ્રકાર જાનકર અભ્યંતરકી વાસનાકો છોડ.'** બાંધવથી મુક્ત એ મુક્ત નથી. ભાવથી મુક્ત એ મુક્ત, એમ. એમ જાણીને, એમ. **'અભ્યંતરકી વાસનાકો છોડ.'**

ભાઈએ લીધું છે ને એ મોક્ષમાર્ગપ્રકાશકમાં નહિ? છકાયની હિંસામાં અંદર અભિપ્રાય. લીધું છે ને બધું ઘણું લીધું. વાસના લીધી છે. વાસ બેઠી છે કહે છે. તને રાગના પ્રેમની વાસ બેઠી છે. આહાહા..! ભગવાન આત્મા રાગના વિકલ્પથી રહિત છે. ચૈતન્યઘન પ્રભુ છે. આહાહા..! એને એનો પ્રેમ છોડી, એની ગંધ છોડી, એની વાસના છોડી, રાગની વાસનાની ગંધ બેઠી છે તને. આહાહા..! એ રાગ તને સુંઘવામાં આવે છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન એનું ભાન નથી. આહાહા..! અભ્યંતર ગંધને છોડ. આહાહા..! ભાષા વાપરી છે ને.

નિર્મળાનંદ પ્રભુ શુદ્ધબુદ્ધ. આવે છે ને. જયસેનાચાર્યમાં બહુ આવે છે, જયસેનાચાર્યની ટીકામાં. શુદ્ધબુદ્ધ પછી કાંઈક શબ્દ છે.

મુમુક્ષુ :- એક સ્વભાવી.

ઉત્તર :- એક સ્વભાવી. શુદ્ધબુદ્ધ એક સ્વભાવી છે એમ. એકસ્વભાવી છે, ભેદ ક્યાં છે? આહાહા..! પવિત્ર અને એકલો જ્ઞાનનો પિંડ. એક સ્વભાવી વસ્તુ. એની સન્મુખતાની એકતા કર્યા

વિના રાગની ગંધ છૂટે નહિ. ઊંડે ઊંડે અંદર રાગનો પ્રેમ અને વાસના ગંધ રહી જાય છે. એ છોડ્યું નહિ એણે બહારનું છોડ્યું કહેવાતું નથી, એમ કહે છે. આહાહા..!

**'ભાવાર્થ :- જો બાહ્ય બાંધવ, કુટુંબ તથા મિત્ર ઈનકો છોડકર નિર્ગ્રંથ હુઆ...'** નગ્નમુનિ થયો મુનિ. દિગંબર મુનિ નગ્ન. આ વસ્ત્રવાળા મુનિને તો દ્રવ્યલિંગ પણ કહેતા નથી એને. વસ્ત્રસહિત જે સાધુ એ તો ભાવલિંગ તો નથી, મિથ્યાદૃષ્ટિ તો છે, પણ દ્રવ્યલિંગ પણ એને નથી. દ્રવ્યલિંગ તો નગ્નદિગંબર અને પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ બરાબર હોય એને દ્રવ્યલિંગ કહે છે. બહુ વાતું આકરી જગતને. આખા વાડા ઉપર ઘા પડે છે. ઓલા ભાઈ કહેતા ને .. નહિ? તમારા આ ગુજરી ગયા નહિ હમણા દયાશંકર ને? શું નામ? .. એ મહિનો રહ્યા હતા ને. અહીંયાં કાર્યકર્તા હતા ને. શું કહેવાય એ? પ્રધાન પ્રધાન હતા. આ દયાશંકરભાઈ હતા. અહીં રાજકોટ હતા. જૂનાગઢના. હમણા ગુજરી ગયા કેન્સરમાં. એ અહીં મહિનો રહ્યા હતા. બ્રાહ્મણ હતા. પણ સાંભળીને એમ કીધું, મહારાજ! જગતની સામે બળવો છે મોટો. બળવો છે આ. કંઈકના પથરણા પાથરેલા ઉઠાડી મૂકે છે. એ .. રહ્યા છે નહિ? જયચંદભાઈ. એ રહ્યા હતા મહિનો. નાનાલાલભાઈના મકાનમાં. હમણા ગુજરી ગયા. કેન્સર. હમણા કોક માંદો પડ્યો હતો મોટો કહે છે ઓલો રાધા. રાધાકૃષ્ણ. બેશુદ્ધ છે બેશુદ્ધ. કોક કહેતું હતું કાલે. છોકરા વાતું કરે. હેમરેજ થઈ ગયું હતું. બેશુદ્ધ હતો એ. છે એ દર્શનનો અભ્યાસી છે. બેશુદ્ધ પડ્યો છે કહે છે. આ ફરી ગયું છે કાંઈક અંદરથી. આહાહા..!

એ તો બેશુદ્ધ બાહ્યથી છે, પણ જેને રાગનો પ્રેમ છે એ અંદરમાં બેશુદ્ધ છે. આહાહા..! બેશુદ્ધ એટલે? બે શુદ્ધિ હશે? બેખબરો નથી કહેતા? બેખબરો. બેખબરો એટલે બે ખબર છે? ખબર વિનાનો. એ ભાષા એની છે ને. ફારસી ભાષા એમ કોક કહેતું હતું. કહેતું હતું. એ સાંભળેલું હોય એ યાદ આવે બીજે. ફારસી ભાષા છે. બેખબરો. ખબરું બે એમ નહિ, પણ ખબર વિનાનો. આહાહા..! એમ બેશુદ્ધિ એટલે શુદ્ધિ વિનાનો. આહાહા..! એ (છે) જીવતો પણ રાગની એકતાવાળાને બેશુદ્ધિ કહે છે. આહાહા..! તે ચૈતન્યની જાગૃતદશાને ન યાદ કરી. જાગતી જ્યોત ચૈતન્ય સ્વરૂપે બિરાજમાન ભગવાન એને તેં સ્મરણમાં ન લીધો. એ તેં રાગને સ્મરણમાં લીધો એ બેશુદ્ધિ જીવ છે. આહાહા..! મોટો રાજા હોય ને દિવાન હોય, અબજો રૂપિયાની પેદાશ હોય, બેશુદ્ધ જીવ છે. આહાહા..!

જુઓને કાલે આવ્યું છે ને વીરાયતન હતા એક રાજગૃહી નગરીમાં. વીરાયતન. ભગવાનનું આયતન. ૨૫૦૦ વર્ષ થાય છે ને. આયતન સ્થાન બનાવે છે. એક અમરચંદજી સ્થાનકવાસી સાધુ છે એ. એના પડ્યા છે એને પૈસા-બૈસા એક કરોડનું કરવું છે એવું લખ્યું છે. અબજપતિ પડ્યો છે જયપુરવાળો. છેલશંકર છે એક. અબજપતિ છે. એટલે ૫૦-૬૦ કરોડ છે. ઝવેરી અહીંના હતા. મોરબીમાં. દુર્લભજીનો પુત્ર છે નાનો. એ એમાં પડ્યો છે મોઢા આગળ. આહાહા..! વીરના સ્થાનો બનાવીને. પણ વીરનું સ્થાન ક્યાં છે? વીરાયતન તો અહીં છે. વીર તો એ તો આવ્યું નહિ આપણે?

વીર નામ વિશિષ્ટ અંતર આનંદ ને અનંત લક્ષ્મી એનો સ્વીકાર કરે તે વીરાયતન એણે કર્યું. આહાહા..! વીર-આયતન. આયતન એટલે સ્થાન ઘર. ત્યાં કરવાના છે. એક કરોડ. કાલે આવ્યું હતું. છોડીયું અહીં આવી હતી કલકત્તાની. કે આ વીરાયતન આ થાય છે માટે કાંઈક...

ભાઈ! આ વીરાયતન આનું કરને હવે. આ તો બધા બહારના કરીને મરી ગયો. હવે એમાં શું છે? અને એ કાંઈ તારાથી થાય છે? એ તો થવાકાળે હોય તો થાય. તારો ભાવ હોય જરી શુભ કે ભગવાનના નામે શુભ એટલું. એ શુભ એ પણ વ્યભિચાર છે. આહાહા..! શુભરાગનો રસીલો આનંદના રસીકપણું છોડ્યું છે જેણે એ બેશુદ્ધ છે. આહાહા..! એને ચૈતન્ય જ્ઞાતા શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા દૃષ્ટા આનંદની જેને શુદ્ધિ નથી.

ચૈતન્યસ્વરૂપ આનંદ અને પરમાનંદની મૂર્તિ એની જેને શુદ્ધિ નથી. એ રાગના કણની ઓલામાં રોકાઈ ગયો, બેશુદ્ધ છે. આહાહા..! વીરાયતન તો આ છે. હો.. હા.. થઈ ગયું છે ત્યાં તો. ઓહો..! કેટલા ૫૧ તો એના કોઈ મોટા છે સભ્યો છે. એમાં તમારા માહ્યલો કોક છે વાડીલાલ. કલકત્તા નહિ ભાઈ. વાડીલાલ કરોડપતિ છે ને. અહીંનો પ્રેમ છે. સ્થાનકવાસીના અગ્રેસર છે કરોડપતિ કલકત્તામાં. વાડીલાલ કાનજી. કાનજી પાનાચંદ. અહીંયાં આવે છે અહીંનો પ્રેમ. માર્ગ આ છે એમ એને દૃષ્ટિમાં છે. પણ ઓલો અગ્રેસર છે. કરોડપતિ છે. એના બાપને પ્રેમ હતો કાનજીભાઈને. પહેલા ગયા ત્યારે ગયા હતા ઘરે. ત્યારે કાનજીભાઈ ન આવી શક્યા. ઘરે ગયા એટલે મહારાજ હું આવી શકતો નથી, પણ મને પ્રેમ છે. પછી એમ કે પૈસા મૂક્યા હતા કાંઈક સો-દોઢસો રૂપિયા.

આ વાત એવી આકરી છે. આકરી એટલે કે એને અભ્યાસમાં નથી એથી આકરી. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! છે એને પ્રાપ્ત કરવી એમાં આકરાપણા કહેવું એ તો જરી દુર્લભતા બતાવવા. અનાદિની અપેક્ષાએ. આહાહા..! કહે છે '**બાહ્ય બાંધવ, કુટુંબ તથા મિત્ર ઈનકો છોડકર નિર્ગ્રંથ હુઆ...**' નિર્ગ્રંથ હોં. દિગંબર મુનિ. '**ઔર અભ્યંતરકી મમત્વભાવરૂપ વાસના...**' આ મિથ્યાત્વ કહે છે મૂળ. અભ્યંતર રાગનો પ્રેમ જે મિથ્યાત્વભાવ. એમ કહે છે. આહાહા..! મહાપ્રભુ ચૈતન્ય શુદ્ધ એનો પ્રેમ છોડીને... એનો પ્રેમ. સમકિતીને રાગ હોય છે, પણ એ રાગનો પ્રેમ નથી. આહાહા..! રાગની ક્રિયા સમકિતીને હોય છે. ભોગની ક્રિયા હોય છે, પણ એમાં સુખબુદ્ધિ નથી. એમાં ખેદ થાય છે એને. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ છૂટતો ન હોય એટલે રાગમાં જોડાઈ જાય છે, પણ રાગની એકતાબુદ્ધિ નથી એને. આહાહા..!

અહીંયાં તો કહે છે, જેને અભ્યંતરમાં પરદ્રવ્ય પ્રત્યે, રાગ પ્રત્યે, મમત્વ એટલે મમત્વ શબ્દે આ મારા, એમ. રાગાદિ વિકલ્પ મમત્વ એટલે આ મારા, એમ. એનું નામ મમત્વ. સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ જે ઊઠે છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હો, પણ એ મારા એ મિથ્યાત્વની વાસના છે. '**તથા ઈષ્ટ, અનિષ્ટમેં રાગદ્વેષ વાસના...**' અનુકૂળ દેખીને રાગ અને પ્રતિકૂળ દેખીને દ્વેષ એ પણ

મિથ્યાત્વની વાસના છે. ધર્મીને રાગ-દ્વેષ પણ આવે. રૌદ્ર ધ્યાન પણ હોય. પણ એને ઈષ્ટ-અનિષ્ટને કારણે રૌદ્ર ધ્યાન થયું નથી. નબળાઈને કારણે થયું છે. સમજાણું કાંઈ? એ ચીજ અનુકૂળ (લાગે) છે માટે રાગ થયો છે એમ નથી. એમ પ્રતિકૂળ ચીજ છે માટે દ્વેષ એમ નથી. અજ્ઞાનીને અનુકૂળ છે માટે રાગ અને પ્રતિકૂળ (લાગે) એટલે દ્વેષ એ મિથ્યાત્વનો રાગ-દ્વેષ છે, અનંતાનુબંધીનો રાગ-દ્વેષ છે. સમજાણું કાંઈ?

બે બોલ નાખ્યા જોયું! '**નિર્ગ્રંથ હુઆ...**' દિગંબર મુનિ થયો. કુટુંબ, કબીલા, મિત્રોને છોડ્યા, બાંધવોને છોડ્યા, પણ અભ્યંતરની મમતા-સ્વદ્રવ્ય સિવાય જેટલો વિકલ્પથી માંડીને પરવસ્તુ એ મારી એવી જે મમત્વની વાસના એને છોડી નહિ. સમજાણું કાંઈ? મારે ટીકા પણ જુઓને કેવી કરી છે! '**મમત્વભાવરૂપ વાસના...**' એટલે મિથ્યાત્વની. એ મારા. શુભરાગ પણ મારો, મને હિતકર છે, મને લાભદાયક છે. એ રાગને પોતાનો માન્યો એ જ મિથ્યાત્વની મમતા છે. '**તથા ઈષ્ટ-અનિષ્ટમેં...**' એમાં લીધું છે અહીં. ઈષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષ. ધર્મીને રાગ-દ્વેષ થાય. લડાઈનો ભાવ થાય, પણ એ અનિષ્ટ વસ્તુ છે માટે થયો છે એમ નથી. આહાહા..! અને અજ્ઞાનીને તો આ ઈષ્ટ છે માટે રાગ છે, અનિષ્ટ છે માટે દ્વેષ છે. એ અનંતાનુબંધીનો રાગ-દ્વેષ છે. ઓલી મિથ્યાત્વની વાસનાસહિત ઈષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષની વાસના ન છૂટી તો '**તો ઉસકો નિર્ગ્રંથ નહીં કહતે હૈં.**' આહાહા..! તો એ ગ્રંથમાંથી નીકળ્યો છે એમ નથી કહેતા કહે છે. નિર્ગ્રંથ નથી કહેતા એને. આહાહા..!

મુમુક્ષુ :- નિર્ગ્રંથને મુનિ નથી કહેતા?

ઉત્તર :- નથી કહેતા. મુનિ કહેતા નથી. આવી વાત છે, ભાઈ!

જેને ભગવાન ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ એની રુચિ, અંતરમાં પોષાણ, પ્રેમ જાગ્યો નથી, એને એ રાગથી માંડીને પરદ્રવ્ય બધાય એ દેવ-ગુરુ મારા અને મને કલ્યાણ કરશે એ પણ મિથ્યાત્વભાવ છે. મમત્વ શબ્દ છે ને. મમત્વ-મારા. રાગથી માંડીને બધી ચીજો. એ ચૈતન્યમૂર્તિ પોતાની છે એને ન માનતા આ બધું મારું છે. આહાહા..! એને મિથ્યાત્વની ગંધ, મિથ્યાત્વની વાસના કહે છે. તેં આ બધું છોડ્યું પણ આ વાસના છોડી નહિ, કહે છે, માટે તું સાધુ નથી. આહાહા..!

'**વાસના ન છૂટી તો ઉસકો નિર્ગ્રંથ નહીં કહતે હૈં.**' આહાહા..! '**અભ્યંતર વાસના છૂટને પર નિર્ગ્રંથ હોતા હૈ,...**' ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એની રુચિ આગળ રાગ ગમે તે પ્રકારનો હોય અને શરીર ગમે તેવું હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ હો, પણ અભ્યંતર એ મારા છે એ વાસના જ્ઞાનીને છૂટી ગઈ હોય છે. આહાહા..! '**અભ્યંતર વાસના છૂટને પર નિર્ગ્રંથ હોતા હૈ,...**' દેખો! એ રાગની એકતાની ગંધ જેને છૂટી ગઈ, નિર્ગ્રંથ. એ નિર્ગ્રંથ છે. આહાહા..! કેમકે વસ્તુનું સ્વરૂપ જ નિર્ગ્રંથ છે. એ આવે છે ને નિયમસારમાં નહિ? નિર્ગ્રંથ ને. ૪૩ ગાથા. શુદ્ધભાવ અધિકાર. નિર્ગ્રંથ છે, આમ છે, આમ ઘણા શબ્દો આવે છે. નિર્દંડો, નિર્દ્વંદ્વ એવું સ્વરૂપ જ એનું છે. નિયમસારમાં આવે છે. એ નિર્ગ્રંથ

સ્વરૂપ જ છે પ્રભુ આત્માનું. એટલે? કે રાગના કણ વિનાનું અને રજકણ વિનાનું એ ચીજ વસ્તુ છે. રજકણ એટલે અજીવ અને રાગ એટલે આસ્રવ વિકાર. એટલે આસ્રવ અને અજીવ વિનાની એ ચીજ છે. આહાહા..! એને આસ્રવ રાગવાળી અને શરીર રજકણોવાળી માનવી એ જ મમત્વ અને મિથ્યાત્વ છે. આહાહા..!

'**વાસના છૂટને પર નિર્ગ્રંથ હોતા હૈ.**' આહાહા..! '**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ અભ્યંતર મિથ્યાત્વ કષાય છોડકર...**' જુઓ! બે ભાષા લીધી. ઓલો મમત્વભાવ એ મિથ્યાત્વ (અને) ઈષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષ એટલે અભ્યંતર મિથ્યાત્વ અને કષાય બે લીધું. ભારે. મિથ્યાત્વ અને કષાય એ પણ ઈષ્ટ-અનિષ્ટવાળો કષાય. આમ તો કષાય મુનિને સંજ્વલનનો હોય છે. એ લેશે હમણાં. બાહુબલીજીને સંજ્વલનનો જરી કષાય રહી ગયો. એ બાર-બાર મહિના ઊભા રહ્યા ધ્યાનમાં. વેલડીઓ વીંટાણી, પણ આત્મામાં વીંટાણો નહિ. આહાહા..! સંજ્વલનનો એક નાનો અંશ (કે) હું ભરતની ભૂમિએ ઊભો છું એટલું જરી સંજ્વલનનું માન અંશ રહી ગયું. બાહુબલી ભગવાનના પુત્ર, ભરતનો ભાઈ. એને લઈને બાર મહિના સુધી ... એમાંથી જ્યારે ભરત આવે છે, પૂજા કરે છે કે ઓહો..! ઓલી ખટક રહેતી હતી એ નીકળી. થયો અંદર કેવળજ્ઞાન અંતર્મુખ. આહાહા..! આ તો ભાવલિંગીવાળાને પણ આમ. આ તો દ્રવ્યલિંગીની તો વાત શું કરવી કહે છે. (જેને) ભાવલિંગ પ્રગટ્યું એ પણ જો આવા સંજ્વલના ભાગના અંશમાં રોકાશે, કેવળ નહિ પામી શકે. આહાહા..! અહીં સુધી તો બધી દ્રવ્યલિંગીની વાતું કરી છે.

'**મિથ્યાત્વ કષાય છોડકર ભાવમુનિ બનના ચાહિયે.** ' આહાહા..! પર રાગથી માંડીને પરદ્રવ્ય મારા એવો જે મિથ્યાત્વભાવ એને છોડીને અને અનુકૂળ-પ્રતિકૂળ પ્રત્યે ઈષ્ટ-અનિષ્ટતા એ ભાવ છોડી દઈને. કારણ કે જગતની ચીજો બધી જ્ઞેય છે. કોઈ અનુકૂળ અને પ્રતિકૂળ તો એની માન્યતાએ ઊભી કરી છે. કોઈ અનુકૂળ-પ્રતિકૂળ ચીજ છે જ નહિ જગતમાં. જ્ઞાનનું જ્ઞેય છે. જાણવા લાયક એ બેય જ્ઞેય છે. એમાં ભાગલા પડ્યા કે આ ઈષ્ટ છે અને અનિષ્ટ છે, એ અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ. આહાહા..!

'**આગે કહતે હૈં કિ જો પહિલે મુનિ હુએ ઉન્હોંને ભાવશુદ્ધિ બિના સિદ્ધિ નહીં પાઈ હૈ.**' અહીં તો હવે ભાવશુદ્ધિ સંજ્વલનના લોભની. આહાહા..! અહીં શુદ્ધિ ભાવશુદ્ધિ તો મિથ્યાત્વ અને કષાયની નહોતી. પણ જેને મિથ્યાત્વની એકતા છૂટી છે એવા સંત બાહુબલી '**પહિલે મુનિ હુએ ઉન્હોંને ભાવશુદ્ધિ બિના સિદ્ધિ નહીં પાઈ હૈ. ઉનકા ઉદાહરણમાત્ર નામ કહતે હૈં. પ્રથમ હી બાહુબલીકા ઉદાહરણ કહતે હૈં :—** ' લ્યો!

देहादिचत्तसंगो माणकसाएण कलुसिओ धीर!।
अत्तावणेण जादो बाहुबली कित्तियं कालं।।४४।।

જુઓ ધીર તો કીધું.

**'અર્થ :- દેખો, બાહુબલી શ્રી ઋષભદેવકા પુત્ર દેહાદિક પરિગ્રહકો છોડકર નિર્ગ્રંથ મુનિ બન ગયા,...'** દેખો! આ તો નિર્ગ્રંથ મુનિ હોં ભાવમુનિ. આહાહા..! **'તો ભી માનકષાયસે કલુષ પરિણામરૂપ...'** એ સંજ્વલનનો માનકષાયનો ભાવ રહી ગયો. આહાહા..! **'માનકષાયસે કલુષ પરિણામરૂપ હોકર...'** લ્યો આ તો છઠ્ઠે ગુણસ્થાને કલુષિત પરિણામ થયા માનના. મુનિ ભાવલિંગી છે. એ દુઃખરૂપ હશે કે શું હશે? એય..! ચેતનજી! આ કલુષિતભાવ દુઃખરૂપ હશે? આહાહા..! અહીં કલુષિત આવ્યું હતું ત્રીજી ગાથામાં.

મુમુક્ષુ :- આર્તધ્યાન છે.

ઉત્તર :- એ આર્તધ્યાન જ છે એ રાગ ખરેખર પરમાર્થે તો. સંજ્વલનનો ઉદય છેને માન. આત્માની શાંતિ પીડાય છે ત્યાં. આહાહા..! પાંચ મહાવ્રતના પરિણામ એ આર્તધ્યાન છે. આહાહા..!

મુમુક્ષુ :- શુક્લધ્યાન .. એ શું છે?

ઉત્તર :- શુક્લધ્યાનમાં ક્યાં આવ્યું? નહિ ત્યાં નથી. અહીં તો આર્ત અને રૌદ્ર નીચે હોય છે.

મુમુક્ષુ :- બાહુબલીની વાત છે ને.

ઉત્તર :- બાહુબલીજી હજી છઠ્ઠે ગુણસ્થાને છે ને આર્તધ્યાન એટલે. આર્તધ્યાન હોય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ શ્રેણી ક્યાં માંડી છે? અહીં તો હજી છઠ્ઠે છે. આર્તધ્યાન હોય છે કે નહિ મુનિને? પંચમ ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન હોય છે. છઠ્ઠા સુધી આર્તધ્યાન હોય છે. આર્તધ્યાનમાં ત્રણ કષાયનો અભાવ છે. એક સંજ્વલનનો ભાવ એ તો આર્તધ્યાનનો.

મુમુક્ષુ :- શ્રેણી..

ઉત્તર :- એ પહેલાની વાત છે ને. શ્રેણી માંડે ત્યારે તો કેવળ થઈ જાય. આહાહા..!

રાગનો એક અંશ પણ એને સંજ્વલનનો પણ ખટક્યો છે. આહાહા..! એ શ્રેણી ન માંડવા દીધી એને. કલુષિત પરિણામ થયા એ કહે છે. આહાહા..! આનંદનો નાથ એની આગળ આ... ત્રીજા પદમાં એ આવ્યું ને. અમૃતચંદ્રાચાર્ય બોલ્યા ને, મારા અનાદિના મોહના નિમિત્તથી કલુષિત પરિણામ મારામાં છે. હું છું દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ ચૈતન્યઘન, પણ પર્યાયમાં અનાદિથી કલુષિતતા મને છે હજી. આ અનાદિની થઈ છે એમ કહે છે. અનાદિની કલુષિતતા બિલકુલ તો ગઈ નહોતી. એ કલુષિતનો અંશ હજી એક પડ્યો છે કહે છે. અનાદિનો છે. આહાહા..!

એ અહીં કહ્યું જુઓ. **'कलुसिओ'** બાહુબલી ભાવલિંગી સંત છે. મિથ્યાદૃષ્ટિ નથી. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલે છે. ભરતની ભૂમિ પર હું છું આ કેમ આ? એટલો જરી વિકલ્પ માનનો રહી ગયો. કેવળ ન થયું. આહાહા..! **'દેહાદિક પરિગ્રહકો છોડકર નિર્ગ્રંથ મુનિ બન ગયા, તો ભી માનકષાયસે કલુષ પરિણામરૂપ હોકર કુછ સમય તક આતાપન યોગ ધારણકર...'** બાર બાર મહિના સુધી

વેલડીઓ વીંટાણી. પગમાં સર્પોએ બીલ કર્યા. ધૂળ બે પગ વચ્ચે. બીલ કર્યા. શિયાળો, ઉનાળો, ચોમાસું. બાર મહિના તો ત્રણેય ઋતુ આવી હશે ને એમાં? શિયાળાની ઠંડી, ઉનાળાની ગરમી, ચોમાસામાં વરસાદની ધાર પાણીની. મુશળધાર વરસાદ પડતો હોય એ વખતે. એવા '**આતાપન યોગ ધારણ કર સ્થિત હો ગયા, ફિર ભી સિદ્ધિ નહીં પાઈ.** ' સંજ્વલનના માનને અંશે. આહાહા..!

મુમુક્ષુ :- છઠ્ઠે-સાતમે

ઉત્તર :- છઠ્ઠે-સાતમે.

'**ભાવાર્થ :- બાહુબલીસે ભરતચક્રવર્તીને વિરોધ કર યુદ્ધ આરંભ કિયા,...**' ભરતચક્રવર્તી એમ કહે છે. '**બાહુબલીસે ભરતચક્રવર્તીને વિરોધ કર યુદ્ધ આરંભ કિયા, ભરતકા અપમાન હુઆ. ઉસકે બાદ બાહુબલી વિરક્ત હોકર નિર્ગ્રંથ મુનિ...**' ચક્ર માર્યું આમ છેવટે. પણ એ ચક્ર હાથમાં ગયું બાહુબલીના. છોડી દીધું પાછું. આ તારું કાઢેલું ચક્ર. પુણ્યવંત પ્રાણી ચરમશરીરી છે. એ કાંઈ મરે નહિ. આહાહા..! '**વિરક્ત હોકર નિર્ગ્રંથ મુનિ બન ગયે.**' બાહુબલી. ભરતનું અપમાન થયું, પોતે છોડી દીધું, એ રાજ જોતું નથી, જાવ. '**મુનિ બન ગયે.**' હોં સાચા મુનિ. ભાવલિંગી. સમ્યગ્દર્શનસહિત ત્રણ કષાયનો અભાવ.

'**કુછ માનકષાયકી કલુષતા રહી કિ ભરતકી ભૂમિપર મૈં કૈસે રહૂં? તબ કાયોત્સર્ગ યોગસે એક વર્ષ તક ખડે રહે પરંતુ કેવલજ્ઞાન નહીં પાયા. પીછે કલુષતા મિટી તબ કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ.**' એ આવે છે આપણે. લખ્યું છે ઓલું. પ્રવચનમંડપમાં છે ને. બાહુબલીને પૂજે છે ભરત આવીને. આમ જ્યાં ઓહોહો..! આને તો કાંઈ નથી. આ જમીન-બમીન કોની? ખસી ગયો. કેવળજ્ઞાન, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન. મુનિ તો હતા. આહાહા..! '**પીછે કલુષતા મિટી તબ કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ. ઈસલિયે કહતે હૈં કિ ઐસે મહાન પુરુષ બડી શક્તિકે ધારકકે...** '

મુમુક્ષુ :- ..વિકલ્પ ..

ઉત્તર :- એ છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે પણ છઠ્ઠે રહ્યો. આહાહા..! છઠ્ઠે. અને સાતમે તો આવે છે તરત. પણ છઠ્ઠે રહ્યા કર્યો એ. શલ્ય રહ્યા કર્યું એટલું એ. આહાહા..! આમ તો અંતર્મુહૂર્તમાં સાતમું આવે છે. પણ છઠ્ઠે ભેગો પડ્યો છે. આમ તો પ્રમાદ હતો છઠ્ઠે, પણ ભેગો આ ભાવ એક હતો. પ્રમાદનો અંશ ભાગ એક હતો. આહાહા..!

'**પીછે કલુષતા મિટી તબ કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ. ઈસલિયે કહતે હૈં કિ ઐસે મહાન પુરુષ બડી શક્તિકે ધારકકે ભી ભાવશુદ્ધિકે બિના સિદ્ધિ નહીં પાઈ...** ' આહાહા..! પૂર્ણ શુદ્ધતા કેવળજ્ઞાન ન પામ્યો. '**તબ અન્યકી ક્યા બાત?**' સાધારણ માણસનું શું કહેવું? બાર બાર મહિના આમ ખડા નગ્ન. પ્રતિમા છે ને ત્યાં બાહુબલી. ૫૭ ફૂટ ઊંચી. હજાર વર્ષ પહેલાની છે. લોકો

બહુ આવે જોવા ચારેકોરથી. હવે સરકારે તાબે કરી લીધી છે. બગાડે નહિ. કોઈ બગાડે નહિ. ઐતિહાસિક ચીજ છે ને. **'ઇસલિયે ભાવોંકો શુદ્ધ કરના ચાહિયે, યહ ઉપદેશ હૈ.'** ભાવોને શુદ્ધ કરવો જોઈએ.

**'આગે મધુપિંગલ મુનિકા ઉદાહરણ કહતે હૈં :— '**

**महुपिंगो णाम मुणी देहाहारादिचत्तवावारो।**
**सवणत्तणं ण पत्तो णियाणमित्तेण भवियणुय।।४५।।**

નમને યોગ્ય મુનિ એમ કીધું ને. ભવ્યજીવો નમને યોગ્ય મુનિ તુ દેખ, એમ. ભવિને નમવાયોગ્ય. ભવ્યજીવને નમવા યોગ્ય મુનિ હેં! જો કે આ પીંગળને આમ થયું.

**'અર્થ :- મધુપિંગલનામકા મુનિ કૈસા હુઆ? દેહ આહારાદિમેં વ્યાપાર છોડકર ભી નિદાનમાત્રસે ભાવશ્રમણપનેકો પ્રાપ્ત નહીં હુઆ;... '** એ નિદાન કર્યું. આહાહા..! **'ઉસકો ભવ્યજીવોંસે નમને યોગ્ય મુનિ, તૂ દેખ.'** **'ઉસકો ભવ્યજીવોંસે નમને યોગ્ય મુનિ, તૂ દેખ.'** આવા પિંગળને પણ .. કરીને બગાડ્યું બધું. ભાવલિંગ, દ્રવ્યલિંગ એકલું ધારણ થઈ ગયું. અંદરમાં ન મળે. પુરાણમાં કથા છે એની.

**'ઇસ ભરતક્ષેત્રકે સુરમ્યદેશમેં પોદનાપુરકા રાજા તૃણપિંગલકા પુત્ર મધુપિંગલ થા. વહ ચારણયુગલનગરકે રાજા સુયોધનકી પુત્રી સુલસાકે સ્વયંવરમેં આયા થા. '** સુલસાનો સ્વયંવર હતો એમાં આવ્યો હતો એ. **'વહીં સાકેતાપુરીકા રાજા સગર આયા થા. સગરકે મંત્રીને મધુપિંગલકો કપટસે નયા સામુદ્રિક શાસ્ત્ર બનાકર...'** સાગરના મંત્રીએ આ મધુપિંગલ હતો એ બહુ રાજને યોગ્ય હતો મહાપુણ્યશાળી અને રાજને યોગ્ય. પણ એને નવું સામુદ્રિક બનાવ્યું કે જેની આંખો માંજરી હોય. શું કીધું એ? માંજરી એ રાજને લાયક ન હોય.

મુમુક્ષુ :- બિલાડી જેવી.

ઉત્તર :- હા. ખરેખર તો એ જ મોટો પુણ્યશાળી છે. સામુદ્રિક આદિ લક્ષણમાં એ જ લક્ષણ છે. પણ નવું સામુદ્રિક બનાવ્યું.

**'જો કન્યા ઇસકો વરે સો મરણકો પ્રાપ્ત હો.'** એમાં એવું લખ્યું એણે. માંજરી આંખવાળાને જો કન્યા વરે તો એ કન્યા મરી જાય. **'કન્યાને સગરકે ગલેમેં વરમાલા પહિના દી. મધુપિંગલકા વરણ નહીં કિયા, તબ મધુપિંગલને વિરક્ત હોકર દીક્ષા લે લી. '** લ્યો! **'ફિર કારણ પાકર સગરકે મંત્રીને કપટકો જાનકર...'** કપટની ખબર પડી મધુપિંગલને. કારણ કે બીજા કોઈએ જોયું કે અરે..! આ તો રાજાને યોગ્ય છે અને આ સાધુ કેમ થયો છે? બીજા જ્યોતિષીએ જોયું. આ પુરુષ તો રાજયોગ છે. જેનામાં આંખ પીંગળી, રાજને યોગ્ય છે આ તો રાજા છે. આણે દીક્ષા કેમ લીધી? એવું એણે સાંભળ્યું કે ઓહોહો..! આ તો મંત્રીએ કપટ કર્યો સામુદ્રિક શસ્ત્ર બનાવીને. એના ઉપર ક્રોધ થયો.

**'જાનકર ક્રોધસે નિદાન કિયા કિ મેરે તપકા ફલ યહ હો—અગલે જન્મમેં સગરકે કુલકો**

નિર્મૂલ કરૂં.' લ્યો! અંદરમાં ભાવના આનંદના ભાન વિના આ બધું બહારમાં ક્રોધ આવી જાય દ્રવ્યલિંગીને. ટાણા આવે ત્યારે ખીજાઈ જાય પછી અંદરથી. અંતર વસ્તુ નથી. પ્રસંગ માન, અપમાનના આવે, પોતાની મોટપના આવે કે એવું આવે તો ખીજાઈ જાય પછી. અંદર દૃષ્ટિના આનંદની તો ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :- કપટ તો મંત્રીએ કર્યું. ફળ રાજાને.

ઉત્તર :- એ રાજાને કોને? આ રાજા ક્યો?

મુમુક્ષુ :- મંત્રીએ કપટ તો મંત્રીએ કર્યો.

ઉત્તર :- મંત્રીએ કપટ કર્યું. એણે તો સામુદ્રિક બનાવ્યું એમ. એણે સામુદ્રિક બનાવ્યું કે આવો ન હોય. બસ એ તો એની પાસે રહ્યું. એની અહીં શું છે? પણ આને રાજ મળ્યું નહિ એમ ખબર પડી એને કે આ કારણે મળ્યું નહિ. એટલે નિદાન કર્યું એણે. સગરના રાજા ઉપર. સગરનો મંત્રી હતો ને એણે બનાવ્યું સામુદ્રિક એ.

'**ઉસકે પીછે મધુપિંગલ મરકર મહાકાલાસુર નામકા અસુર દેવ હુઆ, તબ સગરકો મંત્રી સહિત મારનેકા ઉપાય સોચને લગા.**' વિશેષ છે વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૬, મંગળવાર તા. ૨૫-૦૬-૧૯૭૪**
**ગાથા - ૪૬ થી ૫૦, પ્રવચન - ૧૮૩**

આ ભાવપાહુડની ૪૫ ગાથા. એના ભાવાર્થમાં. વાંચી લેવો જરી. મધુપિંગલની કથા. એ નિદાનબંધ કરીને નરકમાં ગયા. એવી કથા છે લાંબી મોટી. વાંચી લેવી.

૪૬. હવે વશિષ્ઠ મુનિનું ઉદાહરણ છે. કંસનો .. કંસ થઈ ગયા ને કંસ? શ્રીકૃષ્ણે જેને માર્યા ને. એ પૂર્વ વશિષ્ઠ મુનિ હતા એણે આવું કર્યું. અહીંયા કહે છે કે આત્માનું સમ્યગ્દર્શન પામ્યા વિના આત્માનું ભાવલિંગ જે ચૈતન્યનો શુદ્ધ અનુભવ એના વિના આ બધા દ્રવ્યલિંગો ધારણ કરે એને અંતે બગડવાનો પ્રસંગ હોય છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ભાવલિંગનો અર્થ આપે સમ્યગ્દર્શન કર્યો.

ઉત્તર :- સમ્યગ્દર્શન જ છે અહીં જિનલિંગ. જિનલિંગ છે ને. જિનભાવના. અને મુનિપણું બેય લીધું. મૂળ તો જિનભાવના આત્મા પૂર્ણ વીતરાગ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ અનુભવની એ વિના વીતરાગ સ્વભાવી વસ્તુની ભાવના હોઈ શકે નહિ. એને જિનભાવના કહે છે. આ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધા રાગભાવ છે. એવા ધારણ કર્યા છતાં જેને આત્મદર્શન સમ્યક્ અનુભવ પૂર્ણ આનંદના ભાવનું ભાસન જ્ઞાનમાં થયું નહિ એથી એને બગડવાનો પ્રસંગ '**णियाण**' (નિદાન) કરે .. આદિ. મૂળ ચીજ હાથ આવી નથી એટલે પછી બહારમાં જાય. એમ કહે છે. ભાવપાહુડ છે ને.

મુમુક્ષુ :- પહેલેથી જ ભાવલિંગી નહિ.

ઉત્તર :- પહેલેથી જ નથી. મિથ્યાદૃષ્ટિ છે.

**अण्णं च वसिट्ठमुणी पत्तो दुक्खं णियाणदोसेण।**
**सो णत्थि वासठाणो जत्थ ण ढुरुढुल्लिओ जीवो।।४६।।**

એક વશિષ્ઠ નામનો મુનિ. એ કંસનો પૂર્વ જીવ. કંસ. '**નિદાનકે દોષસે દુઃખકો પ્રાપ્ત હુઆ, ઈસલિયે લોકમેં ઐસા વાસસ્થાન નહીં હૈ...**' ચૌદ રાજલોકમાં એવું કોઈ સ્થાન નથી કે '**યહ જીવ જન્મ-મરણસહિત ભ્રમણકો પ્રાપ્ત નહીં હુઆ.** ' સમ્યગ્દર્શન વિના અંતર સમ્યક્ અનુભવના આનંદના ભાન વિના દ્રવ્યલિંગ ધારણ કરીને કોઈ એવો પ્રદેશ બાકી નથી કે જ્યાં જન્મ-મરણ ન કર્યા હોય તેં. એવા દ્રવ્યલિંગ પણ અનંતવાર ધારણ કર્યા. પણ વીતરાગી સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું નહિ એથી એની ભાવના જાગી નહિ. રાગ ને પુણ્ય-પાપના ભાવની રુચિ અને એની ભાવના રહી, એમ કહે છે. ચૈતન્યસ્વરૂપ પૂર્ણ શુદ્ધ બુદ્ધ આનંદઘન એનો સ્વાદ ન આવ્યો અને એનો અનુભવ ન થયો, એથી એને વીતરાગી સ્વભાવની ભાવના ન રહી. એને તો જે કાંઈ ક્રિયાકાંડ કરે છે રાગાદિ એ રાગની ભાવના રહી. એથી પ્રસંગ આવતા એ નિદાન આદિ કરીને બગાડશે ભવને. એ વશિષ્ઠનો દાખલો.

'**અર્થ :- અન્ય ઔર એક વશિષ્ઠ નામક મુનિ નિદાનકે દોષસે...**' નિદાન કર્યું છે. '**દુઃખકો પ્રાપ્ત હુઆ, ઈસલિયે લોકમેં ઐસા વાસસ્થાન નહીં હૈ જિસમેં યહ જીવ જન્મ-મરણસહિત ભ્રમણકો પ્રાપ્ત નહીં હુઆ.**' એ કથા વાંચી લેવી. કંસની કથા છે કંસની મોટી. કંસ રાજા સાંભળ્યું છે ને એ તો બધું. પૂર્વે સાધુ હતો અને મહિના મહિનાના અપવાસ કરેલા. આ ઉગ્રસેને એને આહાર દેવાનું કહ્યું, પણ મળતો નહોતો આહાર એવો. પછી એને ક્રોધ ચડ્યો અને નિદાન કર્યું કે આના કુળમાં જન્મું અને આના કુળનો નાશ કરું.

'આગે કહતે હૈં કિ ભાવરહિત ચૌરાસી લાખ યોનિયોંમેં ભ્રમણ કરતા હૈ :— '

**सो णत्थि तप्पएसो चउरासीलक्खजोणिवासम्मि।**
**भावविरओ वि सवणो जत्थ णं ढुरुढुल्लिओ जीव।।४७।।**

'**અર્થ :- ઈસ સંસારમેં ચૌરાસીલાખ યોનિ,...** ' ચોર્યાસી લાખ જીવને ઉત્પન્ન થવાના સ્થાન. '**ઉનકે નિવાસમેં ઐસા કોઈ પ્રદેશ નહીં હૈ...**' એમાં કોઈ એવું ક્ષેત્ર નથી રહ્યું કે '**જિસમેં ઈસ જીવને દ્રવ્યલિંગી મુનિ હોકર...**' સાધુ થયો ક્રિયાકાંડી રાગની ક્રિયાવાળો. આહાહા..! પણ રાગરહિત આત્માના સ્વભાવના ભાન વિના એને આત્માના સ્વભાવની ભાવના ન જાગી. એને રાગની ક્રિયાની રુચિમાં રાગની ભાવના રહી એ તો મિથ્યાત્વભાવ છે એમ કહે છે. '**ઐસા સ્થાન નહીં રહા જિસમેં મરણ નહીં હુઆ હો.** '

'**આગે ચૌરાસી લાખ યોનિકે ભેદ કહતે હૈં—પૃથ્વી, અપ, તેજ, વાયુ, નિત્યનિગોદ ઔર ઈતરનિગોદ યે સાત-સાત લાખ હૈં, સબ બ્યાલીસ લાખ હુએ, વનસ્પતિ દસ લાખ હૈં, દો ઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌઈન્દ્રિય દો-દો લાખ હૈં, પંચેન્દ્રિય તિર્યંચ ચાર લાખ, દેવ ચાર લાખ, નારકી ચાર લાખ, મનુષ્ય ચૌદહ લાખ. ઈસપ્રકાર ચૌરાસી લાખ હૈં. યે જીવોંકે ઉત્પન્ન હોને કે સ્થાન હૈં.**' એમાં કોઈ સ્થાન, દ્રવ્યલિંગ ધારણ કરીને પણ જન્મ-મરણ વિનાનું કોઈ સ્થાન રહ્યું નથી એને. દ્રવ્યલિંગ ધારણ કર્યા છતાં. મિથ્યાત્વ છે કહે છે. એ જ કહ્યું છે ને અહીંયા જુઓને. 'भावविरओं वि सवणो '

ચૈતન્ય વીતરાગી સ્વભાવનો અનુભવ નહિ ત્યાં એની સ્વભાવની ભાવના હોય નહિ. રાગની ક્રિયા કરે છે એની એને રુચિ અને એની એને ભાવના. આહાહા..! એમ કહે છે. એથી ચૌર્યાસી લાખ યોનિમાં એવું કોઈ સ્થાન ન રહ્યું, દ્રવ્યલિંગીને પણ. એમ કહે છે. આહાહા..! છે ને પાઠમાં છે ને જીવને દ્રવ્યલિંગી 'भावविरओं वि सवणो' સમ્યગ્દર્શન વિનાનો સાધુ, એમ. આહાહા..! લોકોને સમ્યગ્દર્શન શું છે એની કિંમત (નહિ). બહારની આ ક્રિયા કરવી, આ કરવું ને આ કરવું. જે રાગની ક્રિયા છે એ તો વિભાવની. અને જે એ રાગની ક્રિયાની રુચિમાં પડ્યો એની એને રાગની ભાવના હોય, એ તો મિથ્યાત્વ છે. આહાહા..! વીતરાગી આત્માનો સ્વભાવ એણે અંતર દૃષ્ટિમાં લીધો નહિ એથી એણે દ્રવ્યશ્રમણપણું રહ્યું, ભાવશ્રમણપણું પ્રગટ્યું નહિ. આહાહા..!

'**આગે કહતે હૈં કિ દ્રવ્યમાત્રસે લિંગી નહીં હોતા હૈ...**' સાધુ એકલું પંચ મહાવ્રત પાળે ચોખ્ખા, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વ્યવહાર ચારિત્ર જેને કહીએ. એ ચોખ્ખા પાળે. એવો દ્રવ્યલિંગી. એનાથી લિંગ નહિ એ કહે છે. એ સાચો લિંગ નથી એમ કહે છે. વ્યવહાર શ્રદ્ધા અને વ્યવહાર ચારિત્ર અને વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન. એવા '**દ્રવ્યમાત્રસે લિંગી નહીં હોતા હૈ...**' એને સાધુ ન કહીએ કહે છે. આહાહા..! '**ભાવસે હોતા હૈ :—**' વસ્તુસ્વભાવ અવિકારી વીતરાગી સ્વરૂપી ભગવાન. એની અનુભવ દૃષ્ટિ વિના, ભાવલિંગ વિના દ્રવ્યશ્રમણને લિંગ જ નથી એમ કહે છે. આહાહા..!

भावेण होइ लिंगी ण हु लिंगी होइ दव्वमित्तेण।
तम्हा कुणिज्ज भावं किं कीरइ दव्वलिंगेण।।४८।।

એમ કહે છે. લ્યો! આહાહા..! એવી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કષાયની મંદતાની ક્રિયા એ લિંગને દ્રવ્યલિંગ જ કહેતા નથી કહે છે. ભાવલિંગ પ્રગટ્યા વિના એવા પંચ મહાવ્રત આદિને દ્રવ્યલિંગ પણ કહેતા નથી એમ કહે છે. એને લિંગ પણ ન કહીએ. આહાહા..!

વસ્તુ તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા અને વીતરાગી સ્વરૂપ એની સન્મુખતા, એની સમીપતા, એનો આશ્રય લીધા વિના એકલા દ્રવ્યલિંગ ધારણ કર્યા તો, કહે છે કે એને લિંગ જ ન કહીએ એમ કહે છે. આહાહા..! એને લિંગી તો, ભાવલિંગ સમ્યગ્દર્શન વ્યવહારની રુચિ છૂટી જઈ, નિમિત્તની રુચિ છૂટી જઈ અને સ્વભાવની દૃષ્ટિનો અનુભવ થાય ત્યારે તેને લિંગી સાધુ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે.

જુઓને કેટલા દુઃખો લોકોના. પક્ષઘાતના, આ ફલાણાના, ઢીંકણાનાં સાંભળીએ. આહાહા..! ઓલો અત્યારે કો'ક કહે છે ને રાધાકૃષ્ણ અસાધ્યમાં પડ્યો છે. કોક કહેતું હતું કાલે. થઈ ગયું અસાધ્ય. ભણ્યો છે કહે છે, છ દર્શન. એમાં શું થયું? આહાહા..! આત્મદર્શન વિનાના દર્શન બધા ફીક્કા છે. આહાહા..! કહે છે કે જેને આત્મા વસ્તુ છે એનો અનુભવમાં વિશ્વાસ આવ્યો નથી એથી વીતરાગ ભાવના જાગી નથી એટલે જિનભાવના જે સમ્યગ્દર્શન એ થયું નથી, એવા જીવને-દ્રવ્યલિંગીને દ્રવ્યલિંગી પણ ન કહીએ. આહાહા..! કહો આવું છે આ.

'**અર્થ :-લિંગી હોતા હૈ સો ભાવલિંગ હી સે હોતા હૈ,...**' ઠીક! આહાહા..! ચૈતન્ય સનાથ પ્રભુ પોતાની સંપદાનો સ્વામી એવા ચૈતન્યની સંપદાની ઋદ્ધિ સમૃદ્ધિની દૃષ્ટિ થઈ નહિ. આહાહા..! પૂર્ણ સંપદાથી ભરેલો ભગવાન મારો આત્મા છે. મારે બહારથી કાંઈ લેવું નથી અને કોઈને દેવું નથી. આહાહા..! એવો જે વીતરાગી સ્વભાવ એની જેને અંતરદૃષ્ટિ સ્વભાવ સમીપ થયો નથી અને દ્રવ્યલિંગ ધારણ કર્યા એ તો સ્વભાવથી વિભાવરૂપમાં પડ્યો છે. ઓહોહો..! કાલે આવ્યું નહિ આપણે ૧૦૮માં. ૧૦૮ કળશમાં. કે એ સમ્યગ્દર્શન વિનાના એ વ્રત ને તપ ને બધા જે છે વ્યવહાર ચારિત્ર, પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ વગેરે એ દુષ્ટ છે, અનિષ્ટ છે અને ઘાતક છે. ત્રણ વિશેષણ આપ્યા હતા. આહાહા..! આનંદનો નાથ જાગ્યા વિના તારા એ પરિણામ શું કરે?

રુચિએ દિશા ફેરવી નહિ તો એના દ્રવ્યલિંગને લિંગ જ કહેવાણું નથી કહે છે. આહાહા..! જે રુચવું જોઈએ એ તો આત્માનો સ્વભાવ રુચવો જોઈએ. પૂર્ણ શાંત સંપદાનો ભરેલો ભગવાન, એકલી વીતરાગની સંપદા પડી છે જેમાં. એવો સંપદાવાન પ્રભુ... આ વીરની વાત આવે છે ને. વીરનું આવ્યું નહિ? આપણે વીરનું આવ્યું ને. એવી વિશિષ્ટ જે સંપદા ચૈતન્યની એની રાંતિ. વીર. એવી પૂર્ણ આનંદ અને શાંતિના અનંત સાગરનો સ્વભાવ એની જેને વિશિષ્ટ લક્ષ્મીની સ્વીકાર થયો એ ભાવલિંગી સમકિતી થયો. એ વીરનો સેવક થયો. આ બહારના કરે છે ને વીરાયતન, ફલાણું, ઢીંકણું. એ બધા બહારમાં ક્યાં વીરના સ્થાન છે? વીરના સ્થાન તો અહીં છે. આહાહા..! આનંદઘનજીએ ન કહ્યું?

સવારમાં કહ્યું હતું ને. 'વીરપણું તે આતમ ઠાણે જાણ્યું ..વાણે.' એટલી વાત લીધી. 'વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું ..વાણે. ધ્યાન વિણાણે શક્તિ પ્રમાણે નિજ ધ્રુવપદ પહિચાણે' પોતાની જ્ઞાન અને વિજ્ઞાનની શક્તિની યોગ્યતા પ્રમાણે ધ્રુવને જોવે. એ વીરનું સ્થાન છે. કહો, દેવચંદજી! આહાહા..!

'વીર જિનેશ્વર ચરણે લાગું' એમ આવે છે ને. 'વીર જિનેશ્વર ચરણે લાગું. વીરપણું તે માગું. મિથ્યામોહ તિમિર ભય ભાંગ્યો જીત નગારું વાગ્યું.' આહાહા..! વીરના સ્વભાવની જાગૃતિ અંતર થઈ એ જીત નગારું જીત્યો હું હવે. આહાહા..! રાગમાં હણાઈ જતો, રાગમાં જીતાઈ જતો એ રાગની રુચિ છોડી દીધી. આહાહા..! ચાહે તો તીર્થંકરગોત્રનો રાગ હો, પણ એ રુચિ નહિ. આહાહા..! વીતરાગધર્મ તો વીતરાગની રુચિ કરાવે છે. એવા વીતરાગ સ્વભાવના સ્થાનમાં એનું ભાન થતાં 'મોહ તિમિર ભય ભાંગ્યું.' મોહથી અજ્ઞાન અંધકાર નાશ થાય છે અને આત્માના ચૈતન્યના સ્વભાવના અનંતગુણના અંકુરા ફૂટે છે. એવી જ્યાં દૃષ્ટિ અને અનુભવ નથી ત્યાં સાધુપણાની ક્રિયાઓ બધી નગ્નદિગંબરની હોં! આ વસ્ત્રવાળાની તો દ્રવ્યલિંગ પણ નથી એ તો. વસ્ત્રસહિત જે મુનિપણું માને છે એને તો દ્રવ્યલિંગ પણ નથી. મિથ્યાદૃષ્ટિ તો છે, ભાવલિંગમાં મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરી વાત છે ભાઈ!

મુમુક્ષુ :- અહિંસા...

ઉત્તર :- એ અહિંસા એ રાગની ઉત્પત્તિ ન થવી એ. રાગની ઉત્પત્તિ ન થાય અને વીતરાગની ઉત્પત્તિ થાય એનું નામ અહિંસા.

મુમુક્ષુ :- મનુષ્ય પોતાની હિંસા કરે અને બીજાની અહિંસા કરે...

ઉત્તર :- બીજાની હિંસા ન કરવી અહિંસા એ નહિ. એ દૃષ્ટિ જ ખોટી છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધું છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે ને અમૃતચંદ્રાચાર્યનું. જે કાંઈ પરની દયા પાળવાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ એવો જે શુભરાગ એ હિંસા છે.

મુમુક્ષુ :- પ્રાદુર્ભાવ રાગાદિ...

ઉત્તર :- પ્રાદુર્ભાવ રાગાદિ. એમને આ કળશ મોઢે છે. રાગનું ઉત્પન્ન થવું તે હિંસા અને આત્માનો વીતરાગસ્વભાવ એની ઉત્પત્તિ વીતરાગભાવની પર્યાયમાં થવી એનું નામ અહિંસા પરમો ધર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- વસ્તુ આખી ફેરવી નાખો...

ઉત્તર :- એ તો કહેતા હતા બિચારા. ત્યાં અર્થ લખો આપણે કહે દરબાર. ..દરબાર. ત્યાં અર્થ સાંભળવા આવતા હતા ને ભાઈ ચંદુભાઈ. કેળવણી અધિકારી આ ..દરબાર. આખા ઓલાના હુશિયાર હતા. પટેલ હતા. ગુજરી ગયા. સાંભળવા આવે તો એ ત્યાં દરબારને કહે કે મહારાજ આવા અર્થ કરે છે. હેં આવા અર્થ કરે છે! તો આપણા પુસ્તકમાં નાખો. લખ્યા છે. આપણે આ પુસ્તક છે એમાં. શું કહેવાય ભાગવત. ભગવત્ ગૌમંડલ. પુસ્તક છે મોટા. એમાં ક્યાંક અહીંનું નાખ્યું છે. નિધ્ધત

ને નિકાચિતના બધા અર્થ કર્યા ને. એ દરબાર આવ્યા નહોતા પણ દરબાર પાસે જઈને સંભળાવે એને કે મહારાજ આમ કહે છે. આપણા શબ્દકોષમાં નાખો એ શબ્દો. એને કાંઈ ઠેકાણા નથી. થોડા નાખ્યા છે. આહાહા..!

આ અર્થો જ વીતરાગની જાત જ જુદી છે. આ તો પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. કેટલામી ગાથા છે? (ગાથા ૪૪) '**अप्रार्दुभावः खलु रागादिनां भवत्यहिंसासेति।**' સંસ્કૃત છે. અમૃતચંદ્રાચાર્યનું. જે આ સમયસારની ટીકા કરી એમનું. '**तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः**' જિનાગમનો સાર આ છે કે '**નિશ્ચયથી રાગાદિભાવોનું પ્રગટ ન થવું એ અહિંસા...**' આ તો અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલાં સમયસારની ટીકા જેણે કરી એનો આ ગ્રંથ બનાવ્યો છે. '**અને તે રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું તે હિંસા છે. એવો જૈન સિદ્ધાંતનો સાર છે.** ' '**जिनागमस्य**' જિન આગમનો વીતરાગની વાણીમાં. આહાહા..! અહિંસા. આવે છે ને .. પણ વ્યાખ્યા બધી ફેર છે.

મુમુક્ષુ :- અર્થ કરવાની ભૂલ છે.

ઉત્તર :- હા ભૂલ છે એની. પરજીવની દયા પાળવી. દયા પાળી શકતો નથી. પરજીવની દયા પાળે એ પાળી શકતો નથી. પાળી શકે એમ માને એ મિથ્યાત્વભાવ છે. અને પાળ્યા વિનાનો ભાવ થાય, દયા પાળવાનો એ હિંસા છે.

મુમુક્ષુ :- શેની?

ઉત્તર :- પોતાની. બીજાની ક્યાં હિંસા થાતી હતી?

મુમુક્ષુ :- બીજાની હિંસા કોણ કરી શકે?

ઉત્તર :- કોણ કરે. પોતાને શાંત અરાગી વીતરાગી સ્વભાવમાં રાગનું ઉત્પન્ન થવું એ વીતરાગભાવની હિંસા છે. બહુ ઝીણી વાત. અહિંસાની વ્યાખ્યામાં મોટો ફેર. આ ૪૪ ગાથા કીધી. આહાહા..!

'**તે રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું તે હિંસા છે. એવો જૈન સિદ્ધાંતનો...**' રહસ્ય છે. આ લખ્યું છે.

મુમુક્ષુ :- ચારિત્ર ગ્રંથ છે?

ઉત્તર :- હા ચારિત્ર ગ્રંથ છે. ચરણાનુયોગનો ગ્રંથ છે એમાં આ નાખ્યું છે. આહાહા..! શુભભાવ, પંચ મહાવ્રતના ભાવ થવા એ હિંસા છે. આ તે વાતું! કેમકે વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે. રાગ છે તે દુઃખ છે, શાંતિને હણે છે. આવો વીતરાગનો માર્ગ છે, ભાઈ! આહાહા..!

જુઓને હિંસા-અહિંસાનું નિશ્ચય લક્ષણ વર્ણન કર્યું. ૪૪. બે ચોગડા. '**अप्रार्दुभावः खलु रागादिनां भवत्यहिंसासेति।**' જેમાં પુણ્યનો રાગ પણ ઉત્પન્ન ન થાય અને સ્વભાવ શુદ્ધ ચૈતન્યની અરાગીદશા-વીતરાગી પરિણતિ ઉત્પન્ન થાય એને અહિંસા કહે છે. વીતરાગ જિનાગમનો આ રહસ્ય છે. સંક્ષેપ કીધો ને. '**जिनागमस्य संक्षेपः**' જિનાગમનું આ રહસ્ય છે. એની તો ખબર ન મળે. પર-

જીવને ન મારવા, એકેન્દ્રિયને ન મારવા, બે ઇન્દ્રિયને ન મારવા. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રેઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, વત્તિયા લેશ્યા.. આવે છે ને ઇરિયા..માં. ઇરિયા, જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ. કોણ જીવીયા કોણ એને મારી શકે? પર દ્રવ્યની પર્યાય એને કોણ મારે? એને કોણ જીવાડે અને કોણ એને મારે? આહાહા..!

પોતાનો ભગવાન આત્મા વીતરાગ સ્વરૂપે બિરાજમાન પરમાત્મસ્વરૂપે, એનો અનાદર થઈ, એના સ્વભાવનો સમીપપણું છોડી અને પરદયાના ભાવનો રાગ હિંસા છે. આહાહા..! આવો વીતરાગનો અહિંસા ધર્મ છે. 'અહિંસા પરમો ધર્મ.' આ પરમ ધર્મ આ છે. પરની દયા પાળવી એ પરમધર્મ. એ તો અનંતવાર કર્યું હતું. મરી ગયો તો કાંઈ થયું નહિ. આહાહા..! બહુ ઝીણી વાત! વીતરાગ... પાઠ એ લીધો ને જુઓને. '**जिनागमस्य संक्षेपः**' આખા જિનાગમનો સાર હોય તો આ છે. પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠવો, આહાહા..! એ આસ્રવ છે, એ દુઃખ છે. એ સ્વરૂપની શાંતિને હણે છે એ હિંસા છે. આવી વાત. કેમકે એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એ જ્ઞાનમાં વીતરાગતા છે. એ જ્ઞાન વીતરાગીજ્ઞાન છે. આહાહા..! એટલે? કે જ્ઞાનસ્વરૂપ છે એ ચારિત્રસ્વરૂપ છે ત્રિકાળ. વીતરાગ સ્વરૂપ છે જ્ઞાન. એમાં રાગની ઉત્પત્તિ થવી તે હિંસા છે. આહાહા..! ભગવાનની ભક્તિનો ભાવ હો, પણ છે હિંસા. આહાહા..! આવી વાત બહુ આકરી પડે. વીતરાગતા જ્યાં સુધી ન હો, ત્યાં સુધી એવો ભાવ આવે. પણ છે તો સ્વરૂપની હિંસાનું દુઃખ. અહીંયાં તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આત્માની શાંતિની હિંસા છે. આહાહા..!

મુમુક્ષુ :- બંધથી...

ઉત્તર :- બંધ શી રીતે થાય? બંધ ધર્મથી થાય? બંધ થાય એ તો રાગથી બંધ થાય. તો રાગ છે એ જ હિંસા છે. આહાહા..! આવી વાત! વાત સાચી. વાત એવી છે. વીતરાગ પરમેશ્વર ... એ વિકલ્પની વૃત્તિ ઊઠે, આ કરું, આને ન મારું અને આને જીવાડું એ વૃત્તિ જ હિંસા છે કહે છે. પરની હિંસા કોણ કરી શકે? એનું આયુષ્ય પૂર્ણ થયા વિના એ મરે નહિ અને આયુષ્ય પૂર્ણ થતાં તું જીવાડવા માગ તોપણ જીવે નહિ. આહાહા..! એની સાથે સંબંધ નથી. પણ તારું જીવન જે જ્ઞાન અને વીતરાગી સ્વભાવનું જીવન તારું એને જીવ કહીએ. એ જીવમાં વીતરાગીભાવ ઉત્પન્ન થાય એને જીવની દયા ને જીવની અહિંસા કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શું છે જુઓને. આમાં તો પાઠ પણ બીજો છે.

'**अप्रादुर्भावः खलु रागादिनां भवत्यहिंसासेति। तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः**' ચારેય અનુયોગ ભગવાને કહ્યા, દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ. આ ચરણાનુયોગનો ગ્રંથ છે. એમાં પણ કહે છે કે જિનાગમનું સંક્ષેપમાં જો કહીએ તો આ એનો અર્થ છે. આહાહા..! પરને હું સુખી

કરું, દુઃખી કરું એવો વિકલ્પ, સુખી કરું એવો વિકલ્પ હિંસા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાની શાંતિ મરી ગઈ. બીજો કોણ મરે? જીવન એનું વીતરાગી જીવન છે એ વીતરાગી જીવનનો એણે હ્રાસ કર્યો, નાશ કર્યો પર્યાયમાં એકલો. સ્વભાવ તો વીતરાગ છે જ. આહાહા..! ભાઈ! વીતરાગનો માર્ગ જુદી જાતનો છે. જ્યાં હો ત્યા લગાવે ધમ્મો મંગલ .. અહિંસા .. જીવની દયા પાળવી.

એ તો અમારા ગુરુ પણ એમ કહેતા હોં! હીરાજી મહારાજ. બહુ હતા ક્રિયા. બહુ સરળ પણ હતા. કષાય મંદ હતા. વખાણ બહુ હતા. હીરાજી હતા બોટાદ સંપ્રદાયના. એમાં દીક્ષા લીધી હતી ને. હીરા એટલા હીર એમ કહેવાતા. બહુ શાંત. ઘમંડ નહોતું કાંઈ. શાંત કષાય મંદ અને હીરા એટલા હીર બાકી સુતરના ફાળકા એમ કહેવાતા. હીરા! તું તો હીરો પાક્યો એમ કહેતા. બહુ ગંભીર હતા. ગંભીર, કષાય મંદ, બ્રહ્મચર્યનો રંગ. પણ આ વાત કે પરની દયા પાળવી અને પરને ન મારવા એ અહિંસા સમયં ચેવ. એ અહિંસા સિદ્ધાંતનો સાર છે એમ કહેતા. શાંત હોં. હજારો માણસો વ્યાખ્યાનમાં. બહુ વ્યાખ્યાનમાં. બૈરાઓના ટોળા હોય ઊંચી નજર નહિ. ભાઈ! ભગવાન આમ કહે છે. બહુ શાંત. એવા હતા ત્યાં. દેરાવાસીના સાધુને પણ શંકા પડી હતી. આવા સ્થાનકવાસીમાં આવા સાધુ પાક્યા! આમ ચાલે તો મલપતા હાથીની જેમ રસ્તામાં નજર રાખી આમ. આડાઅવળી નજર નહિ. નીચે નજર કરી. અરે..! અપાસરામાં ચાલે તોપણ હાથથી રજોણું ફેરવીને પગલું મૂકે. એવી હતી. પણ આ વસ્તુની ખબર નહિ. એ અહિંસા કહેતા. ... એ જ્ઞાનીનો સાર એ છે કે ... કોઈપણ પ્રાણીને જરીએ હણવો નહિ. બસ પર પ્રાણીને હોં. એ જ્ઞાનીનો સાર છે. અહિંસા સમયં ચેવ. કોઈપણ પ્રાણીને ન મારવો એ અહિંસા સિદ્ધાંતનો સાર છે. એતા વત્તં વિયાણિયા. આ જાણ્યું એણે બધું જાણ્યું એમ કહેતા. પણ આ રાગ. આ તો સાંભળેલું હતું. આ વાત પણ નહોતી. બહુ શાંત હતા. નરમ બહુ. બેઠા હોય તો શાંત.. શાંત.. બાહ્ય. વ્યાખ્યાન વાંચે તો મોરનીની જેમ સભા ડોલે એવી વૈરાગ્યવાળી વાત. તત્ત્વની ચીજ બિલકુલ ખબર નહિ. દૃષ્ટિ વિપરીત.. આહાહા..! ૭૪માં ગુજરી ગયા. ૭૪માં. ચૈત્ર વદ આઠમ. રસ્તામાં હાલતા ગુજરી ગયા. ચાલતા શ્વાસ આવ્યો બેસી ગયા. દેહ છૂટી ગયો રસ્તામાં.

જેના મૃત્યુ ટાણે જ્યારે એને પાલખીમાં બેસાડ્યા. પાલખી કરી હતી. લાખોપતિઓ પાંચ પાંચ લાખના આસામી, છોકરો વીસ વર્ષનો મરી ગયો હોય એમ રોતા હતા. હું પાંચ ગાઉં છેટે હતો. આવ્યા પછી ઉપાડી પાલખી. કરે ને પાલખી? ચૈત્ર વદ આઠમે ગુજરી ગયા. નોમને દિ' સાડા નવે અમે આવ્યા. પાંચ ગાઉં છેટેથી. ત્યાં સુધી રાખ્યા. મહારાજને આવવા દો. હું ને મૂળચંદ બેય હતા બહાર. પણ એ ઉપાડ્યાને વીસ વર્ષનો છોકરો મરી ગયો હોય ને રોવે. સાધુ રોવે, સાધ્વી રોવે, શ્રાવક રોવે, શ્રાવિકા રોવે. ભાઈ! એવો પ્રેમ. ... બહારની પ્રવૃત્તિ ક્રિયા એવી ચોખ્ખી. પણ એ શું?

અહીં તો કહે છે કે નગ્નપણું ધારણ કર્યું જેણે. વસ્ત્રનો ટૂકડો નહિ. પંચ મહાવ્રત જેણે ચોખ્ખા પાળ્યા. પણ એ સમ્યગ્દર્શન વિના દ્રવ્યલિંગને લિંગિત કર્યું નહિ. આહાહા..! અને દ્રવ્યલિંગીત ભાવ હોય તો ઓલાને દ્રવ્યલિંગનો વ્યવહાર કહેવાય. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બાપા બહુ ઝીણો. આહાહા..! ઓહોહો..! ૪૪મી ગાથા. '**જૈન સિદ્ધાંતનો વિસ્તાર તો ઘણો ઘણો છે,...**' એમ લખે છે ભાવાર્થમાં. '**પણ સર્વનું રહસ્ય સંક્ષેપમાં આટલું છે કે ધર્મનું લક્ષણ અહિંસા. રાગાદિ ભાવોનો અભાવ થવો તે અહિંસા.**'

મુમુક્ષુ :- પરની દયા.

ઉત્તર :- નહિ એ નહિ. પરની દયા પાળે કોણ? અને પરની દયાનો ભાવ એ રાગ એ હિંસા છે એ તો. આહાહા..!

એ તો ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા ત્યારે આ કહ્યું તો જરી કડક પડ્યું હતું એને. ગાંધીજી આ મોહનલાલ ગાંધી. વ્યાખ્યાનમાં આવ્યા હતા રાજકોટ. ૯૫ના જેઠ સુદ તેરશ. વ્યાખ્યાનમાં આવ્યા હતા. પછી આ વાત આ નીકળી તો જરી કડક લાગ્યું એને. મેં કીધું, પરની દયાનો ભાવ એ ધર્મ છે એમ માને એ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. પછી ઘણા વર્ષે કોકને કહ્યું, કે મને એક મહારાજ મૂઢ કહેતા એ મહારાજ ક્યાં છે? નટુભાઈ. બેચરભાઈના નટુભાઈ. નટુભાઈને કીધું. બેચરભાઈ ત્યાં હતા. મેં કાંઈ એને નહિ (કીધું). મેં તો સાધારણ વાત ચાલતી હતી. સભા ભરાણીને મોટી. બધા આવ્યા હતા. એ લોકોમાંથી. કેવા? મહાદેવભાઈ, કસ્તુરબેન બધા વ્યાખ્યાનમાં આવ્યા હતા. ૯૫માં. એટલે કહે એક મહારાજ મને મૂઢ કહેતા હતા. એમ કે પરની દયા પાળવાનો ભાવ એને ધર્મ માનવો એ મૂઢ અજ્ઞાની છે. પાઠ છે ને આમાં. સમયસારમાં બંધ અધિકાર છે. પરને જીવાડી શકું છું, પરને સુખી કરી શકું છું, મૂઢ અજ્ઞાની છે. સમયસારમાં. આ ૩૫ વર્ષ પહેલાંની વાત છે. ભાઈ! માર્ગ તો આ છે, બાપા! તમે માનીને બેસો, .. હિંસા નથી કરતા, આ કરીએ છીએ ને આ કરીએ છીએ, બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

વીતરાગ માર્ગ જગતથી નિરાળો છે. જગતની સાથે મેળ કરવા જાશે તો મેળ નહિ ખાય. બહુ સરસ. જુઓ પ્રશ્ન કર્યો છે હોં અંદર. '**પ્રશ્ન :- હિંસાનું લક્ષણ પર જીવના પ્રાણોને પીડવા એમ કેમ ન કહ્યું?**'

મુમુક્ષુ :- તમે એમ કહો.

ઉત્તર :- તમે આમ કહ્યું.

'**ઉત્તર :- આ લક્ષણમાં અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ બન્ને દોષ લાગે છે.**' માટે. એ કહ્યું જુઓ. '**ત્યાં પ્રથમ જ અતિવ્યાપ્તિ દોષ બતાવે છે :—**'

युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि।

न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव।।४४।।

ગાથા-૧૦૫માં ત્યાં છે. **'યોગ્ય આચરણવાળા સંત પુરુષના રાગાદિભાવો વિના કેવળ પ્રાણ પીડનથી હિંસા કદી પણ નથી થતી.'** બીજાના પ્રાણ પીડાય પણ અહીં રાગની ઉત્પત્તિ નથી એવા વીતરાગીને હિંસા લાગતી નથી. બીજાના પ્રાણ પીડાય છતાં એ પ્રમાદભાવ નથી, રાગભાવ એ નથી, વીતરાગભાવ એ છે. એને એની હિંસા લાગતી નથી. આહાહા..! એ અતિવ્યાપ્તિ દોષ છે એનો. એનાથી લાગે તો અતિવ્યાપ્તિ દોષ થઈ જાય. આહાહા..! રાગ થાય છે તે જ હિંસા છે. શુભરાગ. ચાહે તો દયાનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો હોય, તપનો હોય અપવાસનો. એ અપવાસનો હોય, અપવાસ કરું એ વિકલ્પ રાગ છે. એ અપવાસ નથી, એ તો માઠો વાસ છે. આહાહા..! ઉપવાસ તો વિષય-કષાય આહારો ત્યાગો .. ત્યાં વિષયકષાયના પરિણામનો ત્યાગ અને સ્વભાવની એકાગ્રતા ત્યાં આગળ એને ઉપ નામ આત્માના સમીપમાં વસે એને ઉપવાસ કહીએ. આહાહા..! વ્યાખ્યા બીજી બધી... ઘણું લીધું છે હોં.

**'ઈસલિયે ભાવલિંગ હી ધારણ કરના,...'** જોયું! **'લિંગી હોતા હૈ સો ભાવલિંગ હી સે હોતા હૈ,...'** એમ કહે છે. **'દ્રવ્યલિંગ સે લિંગી નહીં હોતા હૈ...'** આહાહા..! એવા પંચ મહાવ્રત ને પાંચ સમિતિ, ગુપ્તિથી કાંઈ લિંગી સાધુ ન કહેવાય. આહાહા..! કાલે આવ્યું હતું નહિ આપણે એમાં? ૧૦૮માં. આ વ્યવહાર ચારિત્ર ધારીને અમે મોક્ષમાર્ગે આવ્યા એ યતિપણું છે. એ યતિપણું છે જ નહિ. આહાહા..! છેતરાઈ જઈશ તું. યતિનો એ ભાવ જ નથી. એ તો રાગનો ભાવ છે. આહાહા..! યતિભાવ છે ને? છે ને. ઓલામાં આવ્યું હતું. કળશમાં આવ્યું હતું. ૧૦૮ કળશ. એમાં છેવટે લીધું. **'કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે, તે યતિપણામાં મગ્ન થાય છે કે અમે મોક્ષમાર્ગ પામ્યા, જે કાંઈ કરવાનું હતું તે કર્યું; તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો.'** એ યતિપણાની ક્રિયાનો ભરોસો છોડી દે. એ તો ધૂળેય નથી. એમાં તો રાગ છે, સંસાર છે. આહાહા..! કહો, ચેતનજી! આવી વાતું છે. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરોએ તો આ કહ્યું છે આગમમાં. એનાથી વિરૂદ્ધ અર્થ કરે એ બધા અજ્ઞાની છે. આહાહા..! જુઓને કેટલું કર્યું! બહુ સરસ કર્યું. દુષ્ટ. ત્રણ તો (વિશેષણ) લીધા છે. **'વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...'** આહાહા..! એની પેઠે નિષેધ છે. એના પણ ક્યાં ઠેકાણા છે. આહાહા..! વ્યક્તિને માટે નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે, ભાઈ! માર્ગની રીત જ આવી છે ત્યાં એમાં શું કરવું? આહાહા..! અને ઓલામાં તો કહ્યું હતું ને કે ભાઈ પ્રતિજ્ઞા લઈને તોડવી, તો પ્રતિજ્ઞા ન લેવી એનો કોઈ દંડ નથી. ભલે અવ્રતપણું રહે પણ કોઈ દંડ નથી. પણ પ્રતિજ્ઞા લઈને તોડી નાખે છે. અહિંસાના નામે હિંસા કરે ક્રિયામાં (તો) એના મહાવ્રતના પણ ઠેકાણા નથી. આહાહા..!

**'લિંગી હોતા હૈ સો ભાવલિંગી હી સે હોતા હૈ, દ્રવ્યલિંગસે લિંગી નહીં હોતા હૈ, યહ પ્રકટ હૈ; ઈસલિયે ભાવલિંગ હી ધારણ કરના, દ્રવ્યલિંગ સે ક્યા સિદ્ધ હોતા હૈ?'** ઓહોહો..! આત્માનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ભાવલિંગ નિશ્ચય. એ ભાવલિંગ ધારણ કરવું. આહાહા..! આ દ્રવ્યલિંગને લિંગ પણ ન કહીએ, વ્યવહાર પણ ન કહીએ, એમ કહે છે. ભાવલિંગ આવું હોય તો પછી એને વ્યવહારે દ્રવ્યલિંગ કહેવામાં આવે. નહિતર તો વ્યવહારે પણ દ્રવ્યલિંગી ન કહેવામાં આવે એમ કહે છે અહીં. આહાહા..! આ પાઠ એવો છે જુઓને. **'भावेण होइ लिंगी ण हु लिंगी होइ'** અંતર આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મરમણતા એને ભાવલિંગવાળું યતિપણું કહીએ, એને લિંગ કહીએ. એના વિના એકલું દ્રવ્યલિંગ (હોય) એને દ્રવ્યલિંગ જ ન કહીએ કહે છે.

એવું શૈલીએ નાખ્યું. નિશ્ચય જે ભાવ અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગી સમ્યક્, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર પ્રગટ્યું હોય તો એને પંચ મહાવ્રતાદિ ને નગ્નપણાને દ્રવ્યલિંગ કહેવાય. નહિતર તો દ્રવ્યલિંગ પણ નહિ એમ કહે છે. આહાહા..! એમાં વસ્ત્રવાળાને તો દ્રવ્યલિંગાભાસ પણ નહિ. આકરી વાત છે. વીતરાગનો માર્ગ આ છે. દિગંબર ધર્મ એ અનાદિ સનાતન સત્ય છે. એમાંથી પછી આ નવા નીકળ્યા પંથો શ્વેતાંબર ને સ્થાનકવાસી ને. એને તો કુંદકુંદાચાર્ય જૈન ધર્મમાં ગણતા નથી. વસ્તુ એવી છે ને. જેને વસ્ત્રનો કટકો રાખીને મુનિપણું માને તો નિગોદમાં જાય એવો વીતરાગનો માર્ગ. એમાં વસ્ત્રમાં આ ખપે ને આ ખપે એવા ભગવાનને નામે લખી નાખ્યા. આટલા વસ્ત્ર, આટલા પાત્ર, આટલું ધોવું, આટલું આ કરવું. માર્ગ બિલકુલ જૈન વીતરાગનો નથી. આહાહા..! આકરી વાત. કોઈ પ્રત્યે વિરોધ નહિ, કોઈ વ્યક્તિ પ્રત્યે વેર નહિ, એ આત્મા છે. પણ વસ્તુની સ્થિતિ તો આવી છે.

**'ભાવાર્થ :- આચાર્ય કહતે હૈં કિ ઈસસે અધિક ક્યા કહા જાવે, ભાવલિંગ બિના લિંગી નામ હી નહીં હોતા હૈ,...'** જુઓને. ભાષા જુઓને. આહાહા..! ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા એનો જેને પત્તો નથી, જેની પ્રતીત નથી, એનું જ્ઞાન કરીને પ્રતીત નથી, જ્ઞાન કરીને જ્ઞેય બનાવ્યું નથી અને એમાં ઠર્યો નથી એવા ભાવલિંગ વિના... આહાહા..! **'લિંગી નામ હી નહીં હોતા હૈ,...'** પંચ મહાવ્રત પાળે, પાંચ સમિતિ, ગુપ્તિ, નગ્નપણું રાખે તો એને દ્રવ્યલિંગી ન કહીએ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :- હા. એ દ્રવ્યલિંગી. એ આવા પાંચ મહાવ્રત, નગ્નપણું હોય એને. એને દ્રવ્યલિંગી નથી કહેતા. આહાહા..! ત્રણ લોકના નાથનો આ ધ્વનિ છે. વીતરાગ પરમાત્માનો, ગણધરો ઇન્દ્રોની વચ્ચે ભગવાનનો હુકમ આ છે. આહાહા..!

અરે..! ભગવાન! સાંભળ્યું છે ને હમણા ત્યાં દિલ્હીમાં. એમ કે અમને મુમુક્ષુના વિદ્વાનો દ્રવ્યલિંગી કહે છે. મુમુક્ષુમંડળના વિદ્વાનો. તો હું કહું છું કે મૂર્ખમંડળ છે. એમ કહ્યું. સભામાં કહ્યું હતું. જેઠ સુદ પાંચમે. એને લાગે એમાં શું કરે? એને દુઃખ થાય. આહાહા..! મૂર્ખમંડળ છે. મુમુક્ષુમંડળ નહિ એમ કહ્યું

હતું. બાપુ! ભાઈ! એમ નથી. આહાહા..! વળી કહે કે બીજા મિથ્યાદૃષ્ટિ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ તો બધાને સમ્યગ્દૃષ્ટિ જ માને. લે એવું કહ્યું હતું. પહેલા પણ આવ્યું હતું, આમાં પણ આવ્યું. બહુ ભગવાન! માર્ગ બહુ .. આહાહા..! અરેરે..!

અહીં તો આચાર્ય કહે છે '**ભાવલિંગ બિના લિંગી નામ હી નહીં હોતા હૈ,...**' આહાહા..! જેને રાગની એકતા તૂટી નથી અને સ્વભાવની દૃષ્ટિ થઈ નથી અને એના સ્વરૂપની રમણતા લાગી નથી, એ વિના દ્રવ્યલિંગીને લિંગી જ નથી કહેતા. નામ છે ને? '**નામ હી નહીં હોતા હૈ,...**' આહાહા..! શ્રીમદ્ કહે છે ને દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરના મોળાશને લઈને રહસ્ય ઠંડો પડી ગયો. શ્રીમદ્‌નું વાક્ય છે. મોળાશનો અર્થ વિપરીતતા. આહાહા..! મોળાશ એટલે શિથિલપણું નથી હોતું? પ્રવચનસારમાં છેલ્લા. છેલ્લા બોલમાં શિથિલ. શિથિલ એટલે વિપરીત છે. પાછળમાં આવે છે. વાત કીધી.

'**ભાવલિંગ બિના લિંગી નામ હી નહીં હોતા હૈ,...**' કહો આ શું કહે છે? આચાર્ય પોતે કહે છે કે નહિ? મૂળ પાઠ. જે હજી રાગમાં ધર્મ મનાવે, પરની સેવા કરવામાં ધર્મ મનાવે. દેશસેવામાં ધર્મ છે, પરની સેવા કરવી દુઃખીઓના દુઃખ દૂર કરવા એ ધર્મ છે, એવા તો મિથ્યાદૃષ્ટિ છે. પણ જેને એ ન મનાવે, પણ જેના દ્રવ્યલિંગમાં પંચ મહાવ્રતાદિ ચોખ્ખા હોય, પણ અંદર સમ્યગ્દર્શન, અંતર ચૈતન્ય વીતરાગી લિંગ નથી. તો એ નામ લિંગ પણ ન કહીએ કહે છે. આહાહા..! કુંદકુંદાચાર્ય કહે છે. કાલે કાગળ આવ્યો છે. ઓલા નથી? બંસીધરજી. એમ કે આ મુનિની આલોચના હું કરું છું તો મને દોષ લાગે છે? વડોદરા છે ને. એ લાગે તો ન કરવું. આપણે કોઈનું શું કામ છે? વસ્તુનું સ્વરૂપ આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દોષ. વસ્તુસ્થિતિ આવી છે. વીતરાગોએ કહ્યું. ૩૬૩ પાખંડ છે જગતમાં. કહ્યું ચોખ્ખું. એમ નહિ કે પાખંડ કહેતા બીજાને દુઃખ લાગશે તો. એવી કઈ ચીજ છે કે બીજાને દુઃખ ન લાગે? એવો ક્યો ભાવ છે? સત્યને તો સાંભળતા ન બેસે એને દુઃખ લાગે. આહાહા..!

અહીં તો કહે છે. આચાર્ય કહે છે. અર્થ પણ મેળવ્યો છે ને. '**ઈસસે અધિક ક્યા કહા જાવે, ભાવલિંગ બિના...**' સમ્યગ્દર્શન. રાગથી લાભ નહિ, પુણ્યથી લાભ નહિ, પરની સેવાથી નુકસાન છે. ભાવમાં રાગ છે એ તો પાપ છે, બંધન છે. આહાહા..! એવા ભાવલિંગ જેને નથી એને દ્રવ્યલિંગીને પણ લિંગી નામથી પણ કહેવાય નહિ એમ કહે છે. કુંદકુંદાચાર્ય કહે છે. પાઠ જ છે ને ધ્વનિ જુઓને. '**भावेण होइ लिंगी ण हु लिंगी होइ दव्वमित्तेण**' ૪૮-૪૮. '**तम्हा कुणिज्ज भावं किं कीरइ दव्वलिंगेण**' આહાહા..! ભાવ તો એને કહીએ કે જે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એમાંથી શુદ્ધતા પ્રગટ થાય એને ભાવ કહીએ. બાકી રાગાદિને તો નહિ, દ્રવ્યલિંગને નહિ. આવા ભાવ વિના એના પાંચ મહાવ્રતવાળાને દ્રવ્યલિંગી પણ ન કહીએ. આહાહા..!

'**ક્યોંકિ યહ પ્રગટ હૈ કિ ભાવ શુદ્ધ ન દેખે તબ લોગ હી કહેં કિ કાહેકા મુનિ હૈ?**' એમ દાખલો આપ્યો છે. જેની શુદ્ધતાની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ નથી એને ન દેખે તો '**લોગ હી કહેં કિ કાહેકા મુનિ હૈ? કપટી હૈ.**' આહાહા..! '**દ્રવ્યલિંગસે કુછ સિદ્ધિ નહીં હૈ,...**' એવા પંચ મહાવ્રતના વ્યવહાર ચારિત્રની ક્રિયાકાંડથી કે વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાનથી કાંઈપણ સિદ્ધિ નહિ. વ્યવહાર શ્રદ્ધા જ્ઞાનથી પણ કાંઈ સિદ્ધિ નથી. આહાહા..! '**ઈસલિયે ભાવલિંગ હી ધારણ કરને યોગ્ય હૈ.**' બહુ સરસ. એ માટે ભાવલિંગ ધારણ કરવું તે વ્યાજબી છે. આહાહા..!

'**આગે ઈસીકો દઢ કરનેકે લિયે દ્રવ્યલિંગધારકકો ઉલટા ઉપદ્રવ હુઆ,...**' જેને આત્મદર્શન, સમ્યગ્દર્શન ભાવલિંગ નથી એને સાધુપણું લીધું, મહાનુકસાન રવ રવ નરકે ગયો કહે છે. સાતમી નરકે. એ દાખલો આપ્યો છે. રવ રવ નરક. સાતમી નરક છે ત્યાં.

**दंडयणयरं सयलं डहिओ अब्भंतरेण दोसेण।**
**जिणलिंगेण वि बाहू पडिओ सो रउरवे णरए।।४९।।**

લ્યો! જિનનું લિંગ તો હતું કહે છે વીતરાગી. રવ રવ નરક. સાતમી નરકનો.

'**અર્થ :- દેખો, બાહુ નામક મુનિ બાહ્ય જિનલિંગ સહિત થા...**' બાહ્ય તો જિનલિંગ હતું કહે છે. '**તો ભી અભ્યંતરકે દોષસે સમસ્ત દંડક નામક નગરકો દગ્ધ કિયા...**' બાળી મૂક્યું. '**ઔર સપ્તમ પૃથ્વીકે રૌરવ નામક બિલમેં ગિરા.**' આહાહા..! હજી ત્યાં પડ્યો હશે બિચારો. હમણા ગયો હોય તો આ.

'**ભાવાર્થ :- દ્રવ્યલિંગ ધારણ કર કુછ તપ કરે,...**' અપવાસ આદિ ક્રિયાકાંડ વ્યવહાર મુનિપણું. '**ઉસસે કુછ સામર્થ્ય બઢે, તબ કુછ કારણ પાકર ક્રોધસે અપના ઔર દૂસરેકા ઉપદ્રવ કરનેકા કારણ બનાવે,...**' બરાબર છે. પોતાને ઉપદ્રવ કરે અને બીજાને પણ ઉપદ્રવ કરવાનો પ્રસંગ બને. આહાહા..! '**ઈસલિયે દ્રવ્યલિંગ ભાવસહિત ધારણ કરના હી શ્રેષ્ઠ હૈ ઔર કેવલ દ્રવ્યલિંગ તો ઉપદ્રવકા કારણ હોતા હૈ.**' લ્યો! '**ઉસકા ઉદાહરણ બાહુ મુનિકા બતાયા. ઉસકી કથા ઐસે હૈ—**' એ કથા વાંચી લેવી. એ નિદાન આમ કર્યું હતું પછી બીજાને બાળી મૂક્યા. વસ્તુની દષ્ટિ નહિ એટલે પછી આવું થયા વિના રહે નહિ. ઉપદ્રવ. આહાહા..!

ભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદ એનું તો ભાન નથી. એટલે પછી બહારમાં દ્રવ્યલિંગમાં બગાડ થયા વિના રહે નહિ. નિદાન કરે, ક્રોધ કરે, માન કરે, કપટ કરે.

'**ઈસ હી અર્થપર દીપાયન મુનિકા ઉદાહરણ કહતે હૈં :—**' દીપાયન મુનિ. એ તો દાખલો આવે છે ને ઘણે ઠેકાણે.

**अवरो वि दव्वसवणो दंसणवरणाणचरणपब्भट्ठो।**
**दीवायणो त्ति णामो अणंतसंसारिओ जाओ।।५०।।**

લ્યો! ત્યાં દ્રવ્યશ્રમણ તો પાછું કહ્યું. દ્વારકામાં દિપાયન છે. એ તો કથા ઘણી વાર આવે છે. વાંચી જવી.

'**અર્થ :- આચાર્ય કહતે હૈં કિ જૈસે પહિલે બાહુ મુનિ કહા વૈસે હી ઔર ભી દીપાયન નામકા દ્રવ્યશ્રમણ...**' ત્યાં દ્રવ્યશ્રમણ કીધું છે નામ. ઓળખાવવું બીજું શું? '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસે ભ્રષ્ટ હોકર અનંતસંસારી હુઆ હૈ.**' લ્યો! દીપાયન. મિથ્યાત્વ તો હતું, પણ એનાથી વિશેષ ભ્રષ્ટ થઈ ગયો. ક્રોધ આવ્યો તો બાળી નાખી દ્વારકાને. દારૂ પીધાનો દાખલો છે ને. એ કથા વાંચી લેવી લ્યો. એ પૂરું થઈ ગયું લ્યો. હવે છેલ્લી ગાથા આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૨, શનિવાર તા. ૧૯-૦૧-૧૯૭૪**
**ગાથા - ૫૧ થી ૫૩, પ્રવચન - ૯૩**

ભાવપાહુડ. .. છે એમાં વૈરાગ્યની વાતો. .. આ જિનભાવના વિના પ્રત્યેક પ્રદેશે, પ્રત્યેક સમયે, પ્રત્યેક પરિણામે, પ્રત્યેક પ્રકૃતિએ, પ્રત્યેક આયુષ્યના સમયની સ્થિતિએ અનંતવાર જન્મ્યો અને મર્યો. અનંત સંસારમાં પ્રત્યેક પ્રદેશે લોકમાં. પ્રત્યેક સમયે આયુષ્યના. .. .. એક એક સમયે, પ્રત્યેક પરિણામ-અનેક શુભાશુભભાવ, પ્રત્યેક ઉત્સર્પિણી, અવસર્પિણીના એક એક સમયે અનંતવાર પ્રત્યેક પરમાણુને ગ્રહીને અનંતવાર જન્મ-મરણ કર્યા, એક જિનભાવના વિના. જિનભાવના એટલે ભગવાન આત્મા જ્ઞાયકભાવનો એણે આશ્રય ન લીધો. લાખ વાત કરે બધી તોય શું? આત્મદ્રવ્ય એના અનંતગુણોની સત્તાનું હોવાપણું એનો એને વસ્તુસ્વભાવ સન્મુખ થઈને સ્વીકાર ન કર્યો. સમજાણું કાંઈ?

શક્તિનું ચાલે છે આપણે. એક આત્મા એમાં અનંત શક્તિઓ અને એક એક શક્તિનું અનંત સામર્થ્ય અને એક એક શક્તિની અનંતી પર્યાય. એવો જે ભગવાન આત્મા એમાં જે અનંતા ગુણો છે અને ગુણનું એકરૂપ છે, એવી સત્તા છે એવો એને સ્વીકાર ન થયો. આવા હોવાપણે હું છું, એમ અંતર્મુખ થઈને જિનભાવના પ્રગટ ન કરી. એ વિના બહિર્મુખ અનેક પરિણામ, અનેક પર્યાય અનેક .. અનેક પરમાણુને ગ્રહીને જન્મ્યો ને મર્યો. એથી કાંઈ જન્મ-મરણ ઘટ્યા નહિ. આહાહા..! એ અહીં દૃષ્ટાંત આપે છે ૫૧માં.

'**આગે ભાવશુદ્ધિસહિત મુનિ હુએ ઉન્હોંને સિદ્ધિ પાઈ, ઉસકા ઉદાહરણ કહતે હૈં :** ' જુઓ!

भावसमणो य धीरो जुवईजणवेढिओ विसुद्धमई।
णामेण सिवकुमारो परीत्तसंसारिओ जादो।।५१।।

લ્યો અહીં ભાવ આવ્યો. ભાવપાહુડ છે ને આ.

'**અર્થ :- શિવકુમાર નામક ભાવશ્રમણ...**' ભાવશ્રમણનો અર્થ ... એ આપણે ભાવમાં આવી ગયું છે શક્તિમાં. કે આત્મામાં એક ભાવ નામની શક્તિ છે ગુણ. એ અનંત અનંત ગુણમાં એ ભાવશક્તિનું રૂપ છે. એવી જે મહાસત્તા 'છે' એવો ભાવ એને સ્વીકાર્યા વિના અનંત અનંત પરિણામ શુભાશુભ અનંતવાર કર્યા પણ જન્મ-મરણનો અંત ન આવ્યો એમાં. પણ ભાવ એ આત્મવસ્તુ છે, અંદર ભાવ નામનો ગુણ છે અને એ ભાવ અને ભાવનો ધરનાર ભાવવાન, એનો સ્વીકાર થવાથી એની પર્યાયમાં નિર્મળતાની અવસ્થાની વિદ્યમાનતા રહે એવો એ ભાવ નામના ગુણનો ખુલાસો છે. ભાવ છે શક્તિ ત્રિકાળ. સમજાણું કાંઈ? ભાવ નામની શક્તિ જે છે ગુણ છે એ તો સત્‌નું સત્ત્વ છે. સત્‌નું સત્‌પણું છે, ભાવવાનનું ભાવપણું છે. પણ એ ભાવપણાનો જેણે સ્વીકાર કર્યો છે એને અહીંયા સમ્યગ્દૃષ્ટિ કહે છે અને એ સમ્યગ્દૃષ્ટિને ભાવગુણના સ્વીકારને કારણે એની અવસ્થા અનંતગુણની નિર્મળ વિદ્યમાન વર્તમાન હોય જ. સમજાણું કાંઈ?

જેટલા ગુણોની સંખ્યા છે અનંતગુણની સંખ્યા. પણ એ અનંતગુણનો જ્યાં સ્વીકાર, એમાં ભાવ નામના ગુણનો સ્વીકાર આવ્યો તો એ ભાવગુણનું સ્વરૂપ એવું છે કે એની પર્યાયમાં નિર્મળતાની હયાતી હોય, હોય ને હોય જ. આહાહા..! સમજાણું કાંઈ? જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી અનંતા ગુણોની વર્તમાન અવસ્થા શુદ્ધ નિર્મળ વિદ્યમાન જ રહે. આહાહા..! કહો, ધન્નાલાલજી! આહાહા..! એ વસ્તુમાં.. રાતે તો .. આ છ ભાવ આમાં છે. આમાં છે ને. ભાવ અભાવ. છ દ્રવ્યમાં હશે કે નહિ? ઓલા ષટ્‌કારક છ દ્રવ્યમાં છે. ભાવ નામનો ગુણ છે જીવનો એ રીતે બીજાના ભાવનો હશે? એમ. છ ભાવ. ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ. આહાહા..!

પહેલું આવ્યું '**भावसमणो**' ભાવશ્રમણ એટલે જેને ભગવાન આત્મા અનંતગુણનો પિંડ એનો જ્યાં અંતર સન્મુખથી સ્વીકાર (આવ્યો કે) આવો છે. છે એની અંતર શ્રદ્ધા વિના છે એવું એને નક્કી ન થાય. દ્રવ્ય જે છે અનંતગુણનો પિંડ, પણ એ સત્તા આ છે એવું જ્ઞાનમાં ભાસ્યા વિના, દૃષ્ટિમાં આવ્યા વિના એ છે એનો સ્વીકાર હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને એ છે, આવો આત્મા છે, આવડી સત્તાવાળું શાશ્વત તત્ત્વ છે, એ જેણે જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એને જ્ઞેય બનાવીને છે એવી અંદરમાં પ્રતીતિ જ્ઞાન થઈને થાય, એની દશા અનંતગુણની નિર્મળ અવસ્થાની હયાતી હોય, હોય ને હોય. ચોથે ગુણસ્થાને. સમજાણું કાંઈ? એની વિદ્યમાન અવસ્થા નામ નિર્મળ દશાઓ હોય જ. ભાવ નામના ગુણને કારણે અને એ ગુણનું રૂપ તો અનંતગુણમાં છે પાછું. એથી અનંતગુણમાં એનું રૂપ

ગુણ નહિ. એક ગુણ બીજા ગુણમાં નહિ, પણ એક ગુણનું રૂપ બીજા ગુણમાં ખરું.

જેમકે અસ્તિત્વગુણ છે. અસ્તિત્વગુણ. તે અસ્તિત્વગુણ છે એ જ્ઞાનગુણમાં અસ્તિત્વગુણ નહિ. પણ અસ્તિત્વ છે એવું એક જ્ઞાનગુણમાં અસ્તિત્વનું રૂપ છે. જ્ઞાનનું અસ્તિત્વરૂપ એનું પોતાનું પોતાના કારણે. ઓલા અસ્તિત્વગુણને કારણે નહિ. સમજાણું કાંઈ? એટલે અહીંયાં કહ્યું કે જે ભાવશ્રમણ. આ ભાવથી ઉપાડ્યું છે ને જુઓ! .. સ્ત્રીના વૃંદમાં રહેશે એવો આમાં પાઠ છે. સ્ત્રીઓના સમુદાયમાં રહે છે ઘરમાં. એવો એને ... બીજો પરિચય કાંઈ નહિ પણ ઘરમાં રહીને સાધુપણું પાળે છે. એ છે ને જુઓને. '**जुवईजणवेढिओ विसुद्धमई**' છે? જ્યોતિ છે ને. અહીં તો ભાવની પ્રધાનતા બતાવવા. બાહ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યા. સ્ત્રીઓનો પરિવાર, કુટુંબ બધું છોડ્યું એમ કહેવાય. પણ જેને અંતરમાં વીતરાગ મૂર્તિ આત્મા એનો એને સ્પર્શ નથી, તો એ બધું દ્રવ્યલિંગીપણું નિરર્થક ચાર ગતિમાં રખડવા માટે છે. સમજાણું કાંઈ? અને કદાચિત એ સ્ત્રી આદિના ઓલામાં એને રહેવું પડે કોઈ એવો .. '**जुवईजणवेढिओ**' યુવતિના સમુદાયમાં રહેલો પણ ભાવશ્રમણ છે. એય..! ઉલટપલટ વાત કરી.

દ્રવ્યશ્રમણ નવ નવ કોટીએ બ્રહ્મચર્ય પાળે, સ્ત્રીનો સંગ ન કરે, પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ હોય, છતાં એ ભાવલિંગ નથી, એમ. અંતર ચૈતન્ય ભગવાન સંખ્યાએ અનંત ગુણવાળો એની અંતરમાં એની દૃષ્ટિ ગઈ નથી, બીજો સ્વીકાર થયો શાસ્ત્રના ભણતરનો, વ્યવહાર શ્રદ્ધાનો, પણ આ વસ્તુ અંદરમાં પ્રભુ છે એની એને પ્રભુતાની પ્રભુતાનો ખપ ન થયો. સમજાણું કાંઈ? એની સામે અહીં નાખ્યું છે. જ્યારે આવી રીતે ત્યાગી થયો બધું સ્ત્રી, કુટુંબ છોડી જંગલમાં રહ્યો, અઠ્યાવીશ મૂળગુણ પાળે, છતાં ભગવાન અનંતગુણનો નાથ પ્રભુ પરમેશ્વર જેનું રૂપ અને પરમેશ્વર જેનું સ્વરૂપ એને એ દૃષ્ટિમાં ન લીધો. એ જિનભાવના ન લીધી. જિન વીતરાગસ્વરૂપી પ્રભુ એની ભાવના એટલે એકાગ્રતા.

ત્યારે અહીંયા બીજી રીતે કહે છે. કે ભલે યુવતિ જનના મધ્યમાં પડ્યો હોય. પણ જેને અંદર ભાવ અનંતગુણ સ્વરૂપ છે એમાં એક ભાવ નામનો ગુણ છે. આ ભાવ શુદ્ધ બતાવે છે. પર્યાયને અહીં તો બતાવવું છે. આ ભાવપાહુડ શુદ્ધ ભાવપાહુડ શુદ્ધ પર્યાયની વાત ચાલે છે. પણ એ શુદ્ધ પર્યાય પ્રગટે ક્યારે? કે જેને અંદર આત્મા ગુણ અનંત છે એમાં એક ભાવ નામનો ગુણ છે ગુણ. જેમ જ્ઞાનગુણ, દર્શનગુણ, આનંદગુણ છે. સ્વચ્છતાગુણ, પ્રભુતાગુણ, વિભુતાગુણ એવો ભાવ નામનો ગુણ છે. એ ગુણનું એવું સ્વરૂપ જ છે કે એ અનંતાગુણની વર્તમાનમાં હયાતી નિર્મળની હોય જ. ભલે બાહ્યમાં પ્રતિકૂળ સંયોગ આદિ સ્ત્રીમાં પડ્યો હોય કહે છે. ધન્નાલાલજી! વાત ભારે ભાઈ!

'**भावसमणो**' છે? '**स्त्रीजनोंसे वेष्टित होते हुए भी...**' બાહ્ય ત્યાગ આમ નથી દેખાતો સ્ત્રી... '**विसुद्धमई**' છે ને? '**विशुद्ध बुद्धिका धारक...**' આહાહા..! જેણે આત્મા પૂર્ણાનંદનો નાથ જેમાં ભાવ નામનો ગુણ છે. એ ગુણ છે એવા ગુણનો ધરનાર ગુણીને જેણે સન્મુખ થઈને જેણે

જાણ્યો, એની દશામાં વિશુદ્ધતા અનંતગુણની નિર્મળની વિદ્યમાનતા જ હોય. એને મલિનની પર્યાય હોય જ નહિ. સમજાણું કાંઈ? '**વિશુદ્ધ બુદ્ધિકા ધારક ધીર...**' એમ શબ્દ છે ને જુઓ. આ ધીરો. '**ભાવસમણો**' અને '**ધીરો**' આહાહા..! સમાણો છે અંદરમાં, કહે છે. અનંતગુણની રાશિ એની નિર્મળતાની દશામાં એ પડ્યો છે. સમ્યગ્દષ્ટિ ઉપરાંત આને તો સાધુપણું આવ્યું છે.

જેની પર્યાયમાં અનંતાગુણોની શુદ્ધિની વિદ્યમાનતા જ એને હોય. અશુદ્ધતા એને ન હોય. એવી સ્થિતિમાં રહેલો જીવ ભાવનો આદર જેને ત્રિકાળનો હતો, એથી તેને પર્યાયમાં વિશુદ્ધ બુદ્ધિની પર્યાય, અનંતગુણની નિર્મળ પર્યાય પ્રગટ થઈ. એ '**સંસારકો ત્યાગનેવાલા હુઆ.**' ઉદયભાવનો ત્યાગ જ્યાં કહીએ. નિશ્ચયથી સમ્યગ્દષ્ટિને ઉદયભાવનો આદર નથી. ઉદયભાવ એ સંસાર છે. એનો આદર જ નથી. આહાહા..! નિશ્ચયથી તો ભગવાન આત્મા સમ્યગ્દર્શન થતાના કાળે એ સંસારના પરિણમનથી રહિત છે. પાટણીજી! જુઓ સંસારનું પરિણમન. કેમકે એ તો સંસારનો ભાવ અને એનું જે ફળ એ રહિત ભગવાન આત્મા તો છે. સંસારનો જે ભાવ એ ભાવરહિત આત્મા છે. અને અનંત અનંત નિર્મળ ભાવસહિત છે. આહાહા..! એવા આત્માને અંતરમાં જેણે જાણ્યો, પીછાણ્યો, ઓળખ્યો, આદર્યો, સત્કાર કર્યો. આહાહા..! એ સંસારના ત્યાગવાળો છે. એને સંસાર છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ કથા મૂકી છે પછી. આ તો એનો સાર.

'**જંબુદ્વીપકે પૂર્વ વિદેહમેં પુષ્કલાવતી દેશકે વીતશોકપુરમેં મહાપદ્મ રાજા વનમાલા રાનીકે શિવકુમાર નામક પુત્ર હુઆ.** ' આ જંબુકુમારનો પૂર્વભવ. '**એક દિન મિત્ર સહિત વનક્રીયા કરકે નગરમેં આ રહા થા. ઉસને માર્ગમેં લોગોંકો પૂજાકી સામગ્રી લે જાતે હુએ દેખા. તબ મિત્રકો પૂછા—યે કહાં જા રહે હૈં? મિત્રને કહા, યે સાગરદત્ત નામક ઋદ્ધિધારી...**' સાગરદત્ત નામના ઋદ્ધિધારી '**મુનિકો પૂજનેકે લિયે વનમેં જા રહે હૈં. તબ શિવકુમારને મુનિકે પાસ જાકર અપના પૂર્વભવ સુન...**' ઓહો..! પૂર્વ ભવ પૂછ્યા. મુનિ પણ એવા હતા કહે છે. '**અપના પૂર્વભવ સુન સંસારસે વિરક્ત હો દીક્ષા લે લી...**' નગ્નમુનિ દિગંબર ભાવલિંગી અને બાહ્યમાં એ. આહાહા..!

'**ઔર દઢધર નામક શ્રાવકકે ઘર...**' શ્રાવકના ઘરે ગયા. '**પ્રાસુક આહાર લિયા.**' નિર્દોષ આહાર લીધો. એના ઘરમાં જે બનતો હોય એ નિર્દોષ. ભાવ સાધુ હોં! '**ઉસકે બાદ સ્ત્રિયોંકે નિકટ અસિધારાવ્રત પરમ બ્રહ્મચર્ય પાલતે હુએ...** ' આહાહા..! '**સ્ત્રિયોંકે નિકટ અસિધારાવ્રત...** ' તલવારની ધાર જેવું જે બ્રહ્મચર્ય એને પાળતા હતા. આહાહા..! જેને બ્રહ્માનંદના આનંદમાં જેની મોજ માણતો હતો અંદર કહે છે. ભલે સ્ત્રીઓનો પરિચય (હોય), પણ જ્ઞેય તરીકે ચીજ છે. સ્ત્રીઓ નજીક હો, દૂર હો એથી કાંઈ જ્ઞાનને માટે દૂર ને નજીકપણું કરેલું નથી. જેને નજીકમાં હોય એને જાણે અને દૂરમાં હોય એને જાણે. આહાહા..! આ એવી શૈલી લીધી છે. એ તો આવે છે ને ભાઈ નહિ એક?

સર્વવિશુદ્ધમાં. જ્ઞાન. ત્યાં આવે છે નહિ? દૂર હોય કે નજીક હોય. જાણો ઓલા દંસણ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ કાંઈ નજીક હોય તો જણાય અને દૂર હોય તો ન જણાય એવું કાંઈ જ્ઞાનમાં છે જ નહિ. જ્ઞાનનો સ્વભાવ છે એટલે અહીં નજીકમાં હોય કે દૂર હોય અલોક, એ તો જાણી લેવાનો સ્વભાવ એનો છે. એમ અહીંયાં ભાવશ્રમણના જ્ઞાનમાં સ્ત્રીઓ નજીક હોય કે દૂર હો. આહાહા..! જેણે અંદરના ભાવનો આદર કર્યો છે એની વીતરાગતાની ધૂન જ અંદરમાં જાગી છે. એ વીતરાગતાની ધૂનમાં એણે સ્ત્રીના સંગમાં હોવા છતાં આહાહા..! ગૃહસ્થને ઘરે રહી આહાહા..! બ્રહ્મચર્ય પાળ્યું. ભાવની પ્રધાનતા બતાવી છે ને. સમજાણું કાંઈ?

'**બાર વર્ષ તક તપ કર...**' બાર વર્ષ સુધી. આહાહા..! પણ આનંદનો નાથ જ્યાં અંદરમાં સ્પર્શમાં આવ્યો છે. હો સ્ત્રી આદિ બધું. આહાહા..! ત્યાં તો નિશ્ચય દૃષ્ટિના વિષયમાં જેમ દ્રવ્ય પૂર્ણ છે, ગુણ પૂર્ણ છે, એમ એની દૃષ્ટિના વિષયમાં ને એની પર્યાયમાં પણ નિર્મળ અવસ્થા જ છે એકલી. મલિન અવસ્થા છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એથી કહે છે કે એમાં રહ્યો પણ દૃઢતર બ્રહ્મચર્ય પાળ્યું. આહાહા..! બ્રહ્મ નામ આત્માનો આનંદ, એમાં જેનું ચરવું, રહેવું, ટકવું પરિણમવું હતું. આહાહા..! એને વિકલ્પનું પરિણમન નહોતું. આવો માર્ગ ભારે. આહાહા..!

'**વહાંસે ચયકર જંબુકુમાર હુઆ...**' અહીંથી મરીને સંન્યાસ ધારણ કરી લીધો લ્યો. '**બ્રહ્મકલ્પમેં વિદ્યન્માલી દેવ હુઆ.**' વિદ્યુન્માળી. '**વહાં સે ચયકર જંબુકુમાર હુઆ...**' લ્યો દીક્ષા લઈ છેલ્લા જંબુકુમાર છેલ્લા (કેવળી). એ '**કેવલજ્ઞાન પ્રાપ્ત કર મોક્ષ ગયા. ઈસપ્રકાર શિવકુમાર ભાવમુનિને...**' ભાષાની પાછળ એનો ભાવ શું છે? કે જેને સ્વભાવમાં અનંત શાંતિ ને આનંદ પડ્યો છે એને જે પહોંચી વળ્યો છે અંદરમાં. એ જીવ ભલે બહારના કોઈ સંયોગો જગતને છોડવા લાયક હોય એ ન છૂટ્યા હોય બહારથી. આહાહા..! પણ ભાવમાંથી છૂટી ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસકી વિસ્તાર સહિત કથા જમ્બુચરિત્રમેં હૈ,...**' અહીં દ્રવ્યલિંગના દાખલા પહેલા આપી ગયા છે ઘણા. દ્રવ્યલિંગ તો અનંતવાર થયા અને પરિભ્રમણ કર્યા. પંચ મહાવ્રત પાળવું, અઠ્યાવીશ મૂળગુણ એ કોઈ ચીજ નથી. એ કોઈ વસ્તુ નથી. એ તો પરદ્રવ્ય અજીવ છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ એ ભાવ અજીવ છે, એ જીવ નહિ. તો એવા દ્રવ્યલિંગ અજીવપણે તો ઘણા ધારણ કર્યા પણ જીવસ્વરૂપને પકડ્યું નહિ એણે. આહાહા..! જેને જીવ કહીએ, જેને આત્મા કહીએ એ તો પૂર્ણ અનંતગુણના પિંડરૂપ પ્રભુ છે. શ્રદ્ધાએ એને પકડ્યો જ્યારે આખા ત્રિકાળને તો કહે છે કે વિશુદ્ધિ એની પર્યાયમાં વર્તે છે. બ્રહ્મ નામ આનંદની લહેર ઉઠે છે. આહાહા..! આનંદની લહેરને હીલોળે હીચકે છે એ. હીચકે શબ્દે? ઝૂલે. ઝૂલતા. ઝૂલામાં ઝૂલે છે. આહાહા..!

એકકોર સ્ત્રીઓના વૃંદમાં જુવાન સ્ત્રીઓ. ફાટેલા શરીર. શરીરના અવયવો બધા પુષ્ટ. એક એક

અવયવમાં શણગાર આખો દેખાય. પણ ભગવાન આત્મા... આહાહા..! ત્યાં પોતાના બ્રહ્માનંદમાં જ્યાં આવ્યો છે એને બ્રહ્મચર્યની પરિણતિમાં એ વિકલ્પ જ નથી જેને. નિશ્ચયથી જોઈએ તો એ આહાર કરે છે, અને આહારનો જે વિકલ્પ છે એ એની પર્યાયમાં નથી. દૃષ્ટિકા સ્વભાવ પર્યાયમેં હૈ નહીં. અજીવ હૈ ન વહ. આહાહા..! જીવ એટલે આત્મા, આત્માનો આત્મા, આત્માના ગુણો આત્મા અને આત્માની પર્યાય આત્મા. એ નિર્મળ એ આત્મા. મલિન જે પંચ મહાવ્રતાદિનો રાગ એ અનાત્મા છે. આહાહા..! ભારે આવી વાત. એને મહિમા આવી નહિ. જેની મહિમા જોઈએ એ મહિમા આવી નહિ. અને જેની મહિમા કરવા જેવી નથી એની મહિમા આવી એને. પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, શુક્લલેશ્યા. ધૂળ છે એ તો બધું અજીવ છે કહે છે. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે આ.

કુંદકુંદાચાર્ય શુદ્ધભાવના નગાડા વગાડતા જાહેર કરે છે, પવિત્રતા જેને અંતરના સ્વભાવને સ્પર્શીને પ્રગટી છે એને બીજા નિમિત્તો ગમે તેવા... છેલ્લામાં છેલ્લા નિમિત્તો તો લીધા. યુવાન સ્ત્રીઓ લીધી પાઠમાં. આહાહા..! એ તો જ્ઞેય તરીકે છે. એનું જ્ઞાન નથી. પોતાનું તે કાળનું, તેના સંબંધીનું, પોતાનું જ્ઞાન પોતાને કારણે પ્રગટેલું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ સ્ત્રીઓ જુવાન છે ને આમ જાણે છે માટે એનું જ્ઞાન છે. એનું એટલે? એ સંબંધીનું જ્ઞાન છે એમ પણ નથી. એ સ્વભાવ સંબંધીનું જ્ઞાન છે એ સ્વપરપ્રકાશની પર્યાય ઊભી થઈ ત્યાં. આહાહા..! એવો ભાવશ્રમણ સાધુ... આહાહા..! જુઓ આ. ગીરધરભાઈ! આહાહા..! ભાવની પ્રધાનતાથી કહ્યું ને. છેલ્લું આવ્યું ને. આહાહા..!

'**ઈસપ્રકાર ભાવલિંગ પ્રધાન હૈ.**' ભલે દ્રવ્યલિંગ હો. પણ એની મુખ્યતા નથી. આહાહા..! હવે આની સૂઝ પડે નહિ અને બીજામાંથી નીકળવું ગોઠે નહિ. અંતર વીતરાગમૂર્તિ મહાપ્રભુ એના માહાત્મ્યની સૂઝબુઝ પડે નહિ અને રાગ અને નિમિત્તની સૂઝબુઝમાં રોકાણો એમાંથી ખસે નહિ. આહાહા..!

'**આગે શાસ્ત્ર પઢે...**' હવે બીજું. આહાહા..! શાસ્ત્ર ભણે. એ શું છે એ તો પરલક્ષી જ્ઞાન છે. '**ઔર સમ્યગ્દર્શનાદિરૂપ ભાવ વિશુદ્ધ ન હો...** ' શાસ્ત્ર, વીતરાગની વાણી કે વીતરાગ એને સાંભળતા એને જ્ઞાન થાય પર્યાયમાં એ ભલે એનાથી થયું નથી. જ્ઞાનની પર્યાય થાય, પણ એ જ્ઞાનની પર્યાય જ્ઞાન જ નથી. એ જ્ઞાનની પર્યાય જ્ઞાન જ નથી. આહાહા..! જે જ્ઞાને આત્માનો વિષય બનાવીને ચૈતન્ય પરિણતિ પ્રગટી એને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! એ કહે છે જુઓ! '**ઉદાહરણ અભવ્યસેનકા કહતે હૈં :—** '

**केवलिजिणपण्णत्तं एयादसअंग सयलसुयणाणं।**
**पढिओ अभव्वसेणो ण भावसवणत्तणं पत्तो।।५२।।**

આહાહા..! અભવ્યસેન નામનો એક દ્રવ્યલિંગી મુનિ હતો. એ '**કેવલી ભગવાનસે ઉપદિષ્ટ...**' .. એમ કહેવું છે ને. બીજાના કહેલા શાસ્ત્ર, પણ કેવળીના કહેલા શાસ્ત્ર. આ એક. કહો, સમજાણું કાંઈ?

**'કેવલી ભગવાનસે ઉપદિષ્ટ...'** ત્રિલોકના નાથ તીર્થંકરદેવ, એની દિવ્યધ્વનિ આવી. એનું જેને જ્ઞાન થયું અગ્યાર અંગનું, કહે છે. આહાહા..! **'ગ્યારહ અંગ પઢે ઔર ગ્યારહ અંગકો પૂર્ણ શ્રુતજ્ઞાન ભી કહતે હૈં,...'** એમ કહે છે. **'ક્યોંકિ ઈતને પઢે હુએ કો અર્થ અપેક્ષા પૂર્ણ શ્રુતજ્ઞાન ભી હો જાતા હૈ.'** શું કહે છે? એના અર્થમાં, એના ભાવમાં પૂર્ણ શ્રુત જ્ઞાન આવી જાય. આહાહા..!

**'અભવ્યસેન ઈતના પઢા,...'** આહાહા..! કારણ કે અજ્ઞાનમાં પણ ઘણું જાણવાની એની તાકાત છે. શાસ્ત્રના અગ્યાર અંગનો બધો અર્થ અને ભાવ. ભાવ એટલે એને શું કહેવું છે એવું એને જ્ઞાનની પર્યાયમાં એને આવી જાય છે. આહાહા..! **'ઈતના પઢા, તો ભી ભાવશ્રમણપનેકો પ્રાપ્ત ન હુઆ.'** આહાહા..! વર વિનાની જાન જોડી દીધી. જાન કહે છે? દુલ્હા. બારાત બારાત. પણ વર વિનાની બારાત જ કહેવાય નહિ. એ તો ટોળા કહેવાય. માણસના ટોળા કહેવાય. બારાત તો ઓલો વર હોય તો બારાત કહેવાય ને. એમ અહીંયા ભગવાન આત્મા ત્રણ લોકનો નાથ જ્ઞાનનો સાગર એમાંથી એણે એક ટીપું પણ ઉતાર્યું નહિ માળે. અને અહીંથી .. મોટો. આહાહા..! કુંદકુંદાચાર્યના ભાવના એ દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનના કેડાયતો એ બધા.

અહીં તો ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાન તેમાં ઉદયભાવનો અભાવ, જેમાં પરમપારિણામિક સ્વભાવભાવની હયાતી, આહાહા..! એવા ભાવના ભાન વિના સમ્યગ્જ્ઞાન ન પામ્યો એ. આટલું અગ્યાર અંગનું જ્ઞાન તો સમ્યગ્જ્ઞાન નહિ! એ ત્યાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જે અંતરના ભાવને સ્પર્શીને જ્ઞાન થયું તો એને મુખ્ય ભાવ સમ્યગ્જ્ઞાન કહ્યું. આહાહા..! અને આ એક આચારાંગનો એક પદ, એક આચારાંગના અઢાર હજાર પદ. અને એક પદના એકાવન કરોડ જાજેરા શ્લોક. એવા થામ બમણા. આચારાંગના અઢાર હજાર પદ, સુયગડાંગના છત્રીસ હજાર, ઓલાના બોતેર... એવા અગ્યાર અંગ ભણ્યો. પણ ઓલો હુકમનો એક્કો ન આવ્યો અંદર. એક્કો હોય છે ને. હુકમનો એક્કો આવે તો ખલાસ થઈ ગયું. આહાહા..! શેઠ આવ્યા ત્યારે એટલી વાત થઈ હતી. આહાહા..!

કહે છે, આટલા અગ્યાર અંગ કે જેના એક પદના એકાવન કરોડ જાજેરા શ્લોકો. એક એક શ્લોકના બત્રીસ .. અક્ષર... એવા એવા અઢાર હજાર પદ, એવા છત્રીસ હજાર પદ, બોતેર હજાર પદ, એક લાખ ચુમ્માલિસ હજાર પદ. ... સ્વરૂપચંદભાઈ! આ જ્ઞાન હોવા છતાં એ જ્ઞાન નહિ. આહાહા..! **'ભાવશ્રમણકો પ્રાપ્ત ન હુઆ.'** આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ એનું સ્વસંવેદન જ્ઞાન ન કર્યું. સ્વજ્ઞાનનું પ્રત્યક્ષ વેદન એ ન થયું. આ અગ્યાર અંગ આદિ ભણ્યો (પણ) કાંઈ લાભ નહિ. આહાહા..! ભાવાર્થમાં આવે છે ને ભાઈ ત્યાં નહિ? સમ્યગ્જ્ઞાન થયું સમ્યગ્દષ્ટિને. તો એ જ્ઞાનને વિજ્ઞાન કહેવામાં આવે છે. ભલે થોડું થયું. અર્થમાં. ૭૪માં. એને વિજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! પોતાનો આત્મા જે પરિપૂર્ણ જ્ઞાનનો સાગર એની સન્મુખ થઈને જે જ્ઞાન થયું, ભલે થોડું થયું તોપણ વિજ્ઞાન કહેવાય અને આવા અગ્યાર અંગનું જ્ઞાન પણ એને અજ્ઞાન કહેવાય. સમજાણું કાંઈ?

'ભાવાર્થ :- યહાં ઐસા આશય હૈ કિ કોઈ જાનેગા બાહ્યક્રિયા માત્રસે તો સિદ્ધિ નહીં હૈ...' ઓલામાં ક્રિયા નહિ? બાહ્ય દ્રવ્યક્રિયાથી તો ભલે ન આવ્યું. 'ઔર શાસ્ત્રકે પઢનેસે તો સિદ્ધિ હૈ...' કે નહિ? આહાહા..! 'તો ઈસપ્રકાર જાનના ભી સત્ય નહીં હૈ, ક્યોંકિ શાસ્ત્ર પઢને માત્રસે ભી સિદ્ધિ નહીં હૈ—' જેણે દિશાને ફેરવીને દશા પ્રગટ કરી નથી. આમ જે દિશા છે એને ફેરવીને આમ દિશા કરીને દશા પ્રગટ કરી નથી, એના અગ્યાર અંગના જ્ઞાન જ્ઞાન કહેવાતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે અગ્યાર અંગનું જ્ઞાન પરના લક્ષ અને પરની દિશાવાળી દશા છે. સ્વની દિશાવાળી દશા... આહાહા..! ભલે સ્વના દિશાવાળી દશા થોડું જ્ઞાન હોય, પણ તેને વિજ્ઞાન કહે છે, સમ્યગ્જ્ઞાન કહે છે, ભાવજ્ઞાન કહે છે. આહાહા..! જેમાં જન્મ-મરણના અંત છે. જુઓ એ ભાવનું માહાત્મ્ય બતાવે છે.

મુમુક્ષુ :- શુદ્ધભાવનું માહાત્મ્ય.

ઉત્તર :- ભાવનું માહાત્મ્ય. દેડકો હોય. મેંઢક મેંઢક. ક્યા કહા? મેઢક. મેંઢક, મેંઢક. એને સમ્યગ્જ્ઞાન હોય. આહાહા..! ક્ષેત્ર નાનું આવડું, પર્યાયમાં પણ સ્વસ્પર્શી જ્ઞાન થોડું. આહાહા..! છતાં એ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! અને આ આવો ... ઓલા .. અભવિને માટે છે આ. પણ ભવિએ આવું અનંતવાર કર્યું સાંભળને! એ માટે તો દાખલો છે. આહાહા..! લ્યો એ માટે તો દૃષ્ટાંત છે. ..માં તો અભવિનો દાખલો આપ્યો છે ને? જિનવર કહેલી ક્રિયા.. એ તો અભવિને માટે વાત છે. અરે.. ભગવાન! શું કહે છે ભાઈ? ભવિ ને અભવિ બેય. પરલક્ષની ક્રિયા અને પરલક્ષના જ્ઞાનમાં રોકાયેલા એને જ્ઞાન ને ચારિત્ર કહેતા નથી. સમજાણું કાંઈ? પોતે ભગવાન ચિદાનંદ જિનની મૂર્તિ પ્રભુ, એ જેના જ્ઞાનમાં આવ્યો નથી તેને જ્ઞાન કહેતા નથી. આહાહા..! જુઓ સંતોની વાણી તો જુઓ! રામબાણ માર્યા છે ને. આહાહા..! તેના ગર્વ ઉતરી જાય અરર..! હાય! હાય! બાપુ સાંભળ ભાઈ!

'ક્યોંકિ શાસ્ત્ર પઢને માત્રસે ભી સિદ્ધિ નહીં હૈ— ' જ્ઞાન .. નથી એવું આવે છે બંધ અધિકારમાં. ૭૨. ૨૭૨. એ આવું બધું કરે પણ જ્ઞાનમાત્ર આત્મા છે એવું જાણે નહિ ક્યાંય. એ શાસ્ત્રના ભણતરનો વિકલ્પ છે, એ એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એકલો જ્ઞાનસ્વભાવી ચૈતન્યજ્યોત પ્રભુ. વીજળીના ઝબકારે જેમ મોતી પરોવી લ્યો, એમ ચૈતન્યના ઝબકારે અંદરથી, આહાહા..! જેણે આત્માને પરોવ્યો જ્ઞાનમાં એના થોડા જ્ઞાનને પણ સમ્યગ્જ્ઞાન કહીએ કહે છે. અને એના અંતર્મુખના જ્ઞાન વિનાના બહિર્મુખના અગ્યાર અંગના જ્ઞાનને પણ અજ્ઞાન કહીએ. આહાહા..!

મુમુક્ષુ :- તો શાસ્ત્ર ભણવા કે ન ભણવા?

ઉત્તર :- એ પ્રશ્ન ઉઠ્યો હતો એક ફેરી. મોક્ષમાર્ગપ્રકાશકમાં કર્યો હતો. ત્યારે કહે આવું કહે તો ભણવું કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- .. લઈ લે તો?

ઉત્તર :- લીધેલો જ છે એમાં ક્યાં... એ તો ગણધરને પણ સાંભળવાનો વિકલ્પ આવે. જેને સ્વ આશ્રય જ્ઞાન પ્રગટ્યું છે, સ્વઆશ્રય ચારિત્ર પ્રગટ્યું છે, સ્વઆશ્રિત.. છતાં આવે ખરો, પણ એનામાં વજન દેવા જેવું છે નહિ. આહાહા..! આ તો પોતાના કામનું કામ છે કે દુનિયાને પ્રસન્ન કરવાનું કામ છે અહીં? આહાહા..! પોતાનો ભગવાન પ્રસન્ન થયો, ત્યારે કહે છે કે ભલે અંતરમાં જ્ઞાન થોડું હોય, અરે..! સમજાવતા ન આવડે એ જ્ઞાન ... આહાહા..! અને અગ્યાર અંગના ભણતર પણ અંતરના ભગવાનના જ્ઞાનના આશ્રય વિના એ ભણતર પણ આત્મા નહિ. એ આત્મા નહિ, એ અનાત્માનું જ્ઞાન છે એ તો. આહાહા..! ભાવપાહુડ છે. આ ભાવ છે એ શુદ્ધિની વાત છે હોં. આ પર્યાયની વાત છે આ. શુદ્ધભાવ.. શુદ્ધભાવ.. '**અભવ્યસેનકી કથા પુરાણોંમેં પ્રસિદ્ધ હૈ, વહાંસે જાનિયે.** '

હવે એની સામે દાખલો. દાખલા તે. ઓલા અગ્યાર અંગ સુધી અહીં લઈ ગયા. ઓલાને .. ... ... આહાહા..! અહીં હવે એક તુષમાષ શબ્દ યાદ ન રહે. આહાહા..!

**तुसमासं घोसंतो भावविसुद्धो महाणुभावो य।**
**णामेण य सिवभूई केवलणाणी फुडं जाओ।।५३।।**

તરત કેવળજ્ઞાન થયું કહે. આહાહા..!

'**અર્થ :- આચાર્ય કહતે હૈં...**' શિવભૂતિ મુનિને. મુનિ કહ્યા. '**શાસ્ત્ર નહીં પઢે થે,...**' શાસ્ત્ર ભણ્યો નહોતો. આહાહા..! રાજમલ ટીકામાં તો ત્યાં સુધી લીધું છે કે અનુભૂતિ થઈ આત્માની, એને શાસ્ત્ર પઢવાની અટક નથી. ધન્નાલાલજી! છે? રાજમલજી. કળશટીકા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નાખ્યું છે. કળશ. કળશ. .. 'કોઈ જાણશે કે દ્વાદશાંગનું જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન પણ દ્વાદશજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.' આહાહા..! શુદ્ધ આનંદનો નાથ પરમાત્મા એની અનુભૂતિ તે જ્ઞાન છે, તે મોક્ષમાર્ગ છે. આહાહા..! 'તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ બંધન-અટક નથી.' આહાહા..! દિગંબર સંતોએ અને દિગંબરના ગૃહસ્થોએ પણ ગજબ કામ કર્યા છે. સનાતન સત્ય છે ને એ તો. એ કાંઈ .. કરું તો કામ.. સનાતન સત્ય. આહાહા..!

'**આચાર્ય કહતે હૈં કિ શિવભૂતિ મુનિને શાસ્ત્ર નહીં પઢે થે,...**' વજન દેવું છે શુદ્ધભાવનું અને શુદ્ધભાવ દ્રવ્યને આશ્રયે થાય, કોઈ વિકલ્પને, પર્યાયને આશ્રયે ન થાય. આહાહા..! '**પરંતુ તુષ-માષ ઐસે શબ્દકો રટતે હુએ...**' તુષ-માષ. ફોતરું-છીલકા અને દાળ. અડદની-અડદની. આ અડદની દાળ. છડી દાળ. છડી કહેવાય છે અમારામાં. છડી એટલે ફોતરા વિનાની. એવા '**વિશુદ્ધતાસે મહાનુભાવ હોકર...**' આહાહા..! '**કેવલજ્ઞાન પાયા,...**' અંદર આશ્રય દ્રવ્યનો હતો એમાંથી પામ્યા એમ કહે છે. શાસ્ત્રજ્ઞાન તો એવું કાંઈ નહોતું. યાદ રહેતું... આહાહા..! પણ જ્યાં જ્ઞાનનો સાગર

અનંતા ગુણથી ભરેલો પરમાત્મા બિરાજે છે ત્યાં જેની નજરું ગઈ. આહાહા..! એ મહાનુભાવને તુષ-માષ એવા શબ્દો યાદ નહોતા રહેતા કહે છે. કેવળજ્ઞાન થયું. અંતરના આશ્રયમાં જે જ્ઞાન હતું એ જ્ઞાન અંતરનો ઉગ્ર આશ્રય કરીને કેવળ પામ્યું. એમ કહીને કહે છે કે ગોખવાનું જ્ઞાન નહોતું ભલે અને એ જાતનું પાંચ સમિતિ, ગુપ્તિ થોડું ભાવજ્ઞાન તો હતું, શબ્દજ્ઞાન નહોતું. સમજાણું? એ ભાવજ્ઞાન જે થોડું સ્વભાવ આ અને વિભાવ વચ્ચેનું વહેંચણીનું જ્ઞાન હતું એ જ્ઞાને કેવળજ્ઞાન પમાડ્યું. ભેદજ્ઞાન. સમજાણું કાંઈ? આહાહા..!

'**કેવલજ્ઞાન પાયા, યહ પ્રકટ હૈ.**' પહેલામાં આવી જુવાન સ્ત્રીઓના વૃંદમાં... ત્યારે ઓલા લોકો કહે છે ને સ્થૂલિભદ્ર વેશ્યાના ઘરે રહ્યા. એય..! ચેતનજી! એ ન હોય. આ તો કહે નહિ. સ્થૂલિભદ્ર શ્વેતાંબરમાં આવે છે. વેશ્યાના ઘરે રહ્યા એમ કહે છે. આ તો વૈરાગી માણસ હતા અને બહારની એ જાતની રજા મળી નહિ અને ત્યાં એણે રહેવું પડ્યું એ અપેક્ષાએ વાત છે. સમજાણું? ગુરુએ આજ્ઞા આપી છે અને રહ્યા છે એમ પણ અહીં ક્યાં છે? અહીં તો એવો પ્રસંગ ભજી ગયો છે, છતાં અંદરમાં નિર્લેપ રહ્યો છે. એનું વજન છે. આહાહા..! અને આ શબ્દનું જ્ઞાન પણ નહોતું. એટલું જ્ઞાન યાદ નહોતું એમ કહે છે.

'**ભાવાર્થ :- કોઈ જાનેગા કિ શાસ્ત્ર પઢનેસે હી સિદ્ધિ હૈ તો ઈસપ્રકાર ભી નહીં હૈ. શિવભૂતિ મુનિને તુષ માષ ઐસા શબ્દમાત્ર રટનેસે હી ભાવોંકી વિશુદ્ધતાસે કેવલજ્ઞાન પાયા. ઈસકી કથા ઈસપ્રકાર હૈ—કોઈ શિવભૂતિ નામ મુનિ થા. ઉસકે ગુરુકે પાસ શાસ્ત્ર પઢે પરંતુ ધારણા નહીં હુઈ.**' યાદ ન રહે. શાસ્ત્ર હોં યાદ ન રહે. શબ્દો.

મુમુક્ષુ :- ભાવ બરાબર યાદ રહે.

ઉત્તર :- ભાવ તો અંદર જાણ્યો છે ને. આહાહા..! ચૈતન્યનો નાથ મારો પ્રભુ, જ્ઞાનથી બિરાજમાન, આનંદથી બિરાજમાન અનંતગુણનો પિંડ છે એનું જ્ઞાન છે. આહાહા..!

'**તબ ગુરુને યહ શબ્દ પઢાયા કિ મા રુષ મા તુષ. સો ઈસ શબ્દકો ઘોખને લગા. ઈસકા અર્થ યહ હૈ કિ રોષ મત કરે, તોષ મત કરે...**' દુનિયાથી રાજી ન થા. એટલે રાગ-દ્વેષ ન કર એમ. '**રાગદ્વેષ મત કરે, ઈસસે સર્વ સિદ્ધિ હૈ.**' આહાહા..! દુનિયાથી રાજી ન થા, દુનિયાથી ખેદાઈ ન જા. એ મા તુષ અને મા રુષ એટલું કહ્યું. એ ભાવ પકડ્યો એણે અંદર. પર તરફની વીતરાગતા, સ્વ તરફના આશ્રયમાં પડ્યો અને વીતરાગભાવે કેવળજ્ઞાન લીધું. ભલે ભાવ... શું હતું? કે યાદ રહ્યું નહોતું. એવી ભાવશુદ્ધિની મહિમા છે કહે છે. સમજાણું કાંઈ?

'**તબ કોઈ એક સ્ત્રી ઉડદકી દાલ ધો રહી થી, ઉસકો કિસીને પૂછા, તૂ ક્યા કર રહી હૈ? ઉસને કહા—તુષ ઔર માષ ભિન્ન ભિન કર રહી હૂં. તબ યહ સુનકર મુનિને તુષમાષ શબ્દકા ભાવાર્થ યહ જાના કિ યહ શરીર તો તુષ હૈ ઔર યહ આત્મા માષ હૈ,...**' આહાહા..! વિકલ્પ

એ ફોતરું છે. આહાહા..! છિલકા. અને માલ જે અંદર ચિદાનંદ વીતરાગમૂર્તિ વિકલ્પની પાછળ પડ્યો છે તે માલ છે.

મુમુક્ષુ :- ઉદડની દાળ

ઉત્તર :- ઉડદની દાળ છડી કહે છે અમારે અહીંયા. છડી દાળ કહે છે. ધોળી ધોળી કહે છે ને.

'ઉસપ્રકાર ભાવ જાનકર આત્માકા અનુભવ કરને લગા. ચિન્માત્ર શુદ્ધ આત્માકો જાનકર...' બસ એટલી વાત. 'ઉનમેં લીન હુઆ, તબ ઘાતિ કર્મકા નાશ કર કેવલજ્ઞાન પ્રાપ્ત કિયા. ઈસપ્રકાર ભાવોંકી વિશુદ્ધતાસે સિદ્ધિ હુઈ જાનકર ભાવ શુદ્ધ કરના, યહ ઉપદેશ હૈ.'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૩, રવિવાર તા. ૨૦-૦૧-૧૯૭૪**
**ગાથા - ૫૪ થી ૫૬, પ્રવચન - ૯૪**

આ અષ્ટપાહુડમાં ભાવપાહુડ ચાલે છે.

મુમુક્ષુ :- ભાવપાહુડ લખ્યું...

ઉત્તર :- હા એટલે. ભાવપાહુડ એટલે પ્રાભૃત એટલે સાર. અહીંયા ૫૪માં આવે છે. જુઓ. ૫૪ ગાથા. શબ્દ પણ પડ્યો છે.

भावेण होइ णग्गो बाहिरलिंगेण किं च णग्गेण।
कम्मपयडीण णियरं णासइ भावेण दव्वेण।।५४।।

અહીંયાં આચાર્ય મહારાજ ભાવશુદ્ધિ એટલે ... રાગની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે. ચાહે તો શુભરાગ ભગવાનની ભક્તિનો હો, પંચ મહાવ્રતનો હો, એ રાગ અને ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ બે એક છે, એની એકત્વબુદ્ધિ જેની છે એને અહીંયા ભાવરહિત મિથ્યાત્વભાવનું કહેવામાં આવે છે. ભાવ એને અહીંયા કહીએ કે જેને આત્મા અંદરમાં શુદ્ધ આનંદઘન, રાગની એકતા તૂટીને સમ્યગ્દર્શનમાં આત્માનો અનુભવ થયો હોય, જેની દશામાં શુદ્ધાશુદ્ધ પરિણામથી રહિત ... શુદ્ધ અશુદ્ધ. અશુદ્ધ એટલે શુભાશુભ બેય. શુદ્ધ નહિ. એ શુભાશુભ પરિણામરહિત સ્વરૂપ શુદ્ધ અખંડ દ્રવ્યસ્વભાવ ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ જે છે એને સ્પર્શીને જે શુદ્ધભાવ થાય એને અહીંયા ભાવ કહેવામાં આવે છે. સમજાણું

કાંઈ? '**भावेण होइ णग्गो**' જેને અંતરમાં રાગની એકતા તૂટીને સ્વરૂપની શુદ્ધતા અતીન્દ્રિય આનંદનો જ્યાં સ્વાદ આવ્યો છે. આહાહા..! એને સમ્યગ્દર્શનરૂપી ભાવ કહેવામાં આવે છે.

'**અર્થ :- ભાવસે નગ્ન હોતા હૈ,...**' એ પહેલો શબ્દ છે. આત્મા એને કહીએ કે જેમાં.. આમાં એ આવ્યું જુઓ ભાઈ. ભાવગુણ ચાલે છે ને આપણે. ભાવગુણ છે ને, આત્મામાં એક ભાવ નામનો ગુણ છે. એની પર્યાયની વાત છે આમાં. એટલે શું? કે આત્મામાં અનંતગુણ સંખ્યાએ છે. જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન આદિ. એક વસ્તુ ભગવાન આત્મામાં અનંતા સંખ્યાએ ગુણ છે જે આકાશના સર્વવ્યાપક આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતગુણા ગુણ છે. એક આત્મામાં આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતગુણા ગુણ છે. સામાન્ય પણ અનંત છે, વિશેષ પણ અનંત છે. એવો આત્મા એમાં એક ભાવ નામનો ગુણ છે અનાદિ કે જે ગુણને કારણે એ ભાવગુણનો ધરનાર ભાવવાન આત્મા, એની દૃષ્ટિ થતાં એની પર્યાયમાં નિર્મળતા, શુદ્ધતા, રાગરહિતતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિની પરિણતિ થાય તેને અહીંયા ભાવ કહેવામાં આવે છે. આ પર્યાયનો ભાવ. ઓલો ગુણ છે એ ભાવગુણ ત્રિકાળ.

મુમુક્ષુ :- ભાવગુણની શુદ્ધ પર્યાય

ઉત્તર :- ભાવગુણની પર્યાય. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! એ અનંત જેટલા ગુણો છે એ અનંતગુણને જ્યાં સમ્યગ્દર્શનમાં, પ્રતીતમાં લીધા, વિશ્વાસ નિર્વિકલ્પ દૃષ્ટિએ અનંતગુણનું.. એક એક ગુણનું અનંતરૂપ, અનંત માહાત્મ્ય, એવા એવા અનંતાગુણોનું એકરૂપ એવી જે અંતર્મુખ દૃષ્ટિ થઈ ત્યારે તેની પરિણતિ દશામાં શુદ્ધતા, આનંદતા, સ્વચ્છતા, પ્રભુતા વગેરે દશાઓ નિર્મળ થાય એને અહીંયા ભાવ કહેવામાં આવે છે. ભારે બાપુ!

'**भावेण होइ णग्गो**' એ શુભ-અશુભભાવ પણ દ્રવ્યલિંગ છે. પંચમહાવ્રતના પરિણામ, નગ્નદશા દેહની એ બધું કાંઈ ધર્મ અને નિર્જરાનું કારણ નથી. એ દ્રવ્યલિંગથી કર્મનો નાશ અંશેય થાય નહિ. એ કહે છે જુઓને. '**भावेण होइ णग्गो**' આહાહા..! એ જેની સત્તામાં હોવાપણે અનંત સંખ્યાએ ગુણ છે એનો જ્યાં આદર થયો, એટલે કે જે અનાદિથી રાગ અને એક સમયની પર્યાયની રુચિનો આદર હતો ત્યારે આવા અનંતાગુણની પવિત્રતાનો એને અનાદર હતો. આહાહા..! અને જ્યારે એ એની ભગવાન આત્માની દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર ગઈ...

જુઓને ૧૧મી ગાથામાં કહ્યું છે ને. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ, સત્યાર્થ, અસ્તિ, પૂર્ણ, શુદ્ધ, એને જ્યાં અંદર દૃષ્ટિમાં લીધો, આહાહા..! આવા ભાવને, ત્યારે જે નિર્મળદશા વીતરાગી થાય એને અહીંયા ભાવલિંગમાં ગણવામાં આવ્યું છે. આહાહા..! એ ઉપરાંત અહીંયા તો મુનિપણાની વાત છે અત્યારે. એ સમ્યગ્દર્શનસહિત સ્વરૂપમાં લીનતા જેને અતીન્દ્રિય આનંદમાં, અતીન્દ્રિય આનંદ તો કાયમનો ધ્રુવ છે, પણ એમાં જેની જમવટ જામી ગઈ છે, અતીન્દ્રિય આનંદની જેની દશામાં છોળ ઊઠે

છે. જેમ ફુવારાને .. પાણી બહાર નીકળે છે, એમ ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ એને જ્યાં એકાગ્ર થઈને ત્યાં એના ફુવારા ફાટે છે પર્યાયમાં. અતીન્દ્રિય આનંદનો સ્વાદ, સ્વચ્છતાનો અનુભવ, પ્રભુતાની પ્રતાપના અખંડ પ્રતાપની સ્વતંત્ર શોભા એ બધી દશામાં પ્રગટ થાય છે. આહાહા..! આવા ભાવ વિનાનો '**भावेण होइ णग्गो**' પહેલું તો ભાવમાં નગ્નપણું થવું જોઈએ કહે છે.

'**बाहिरलिंगेण किं च णग्गेण**' '**ભાવસે નગ્ન હોતા હૈ, બાહ્ય નગ્નલિંગસે ક્યા કાર્ય હોતા હૈ?**' '**ક્યા કાર્ય હોતા હૈ?**' પંચ મહાવ્રત હો, નગ્નપણા હો એથી આત્માનું કાર્ય શું થાય? સમજાય છે કાંઈ? '**किं च णग्गेण**' '**बाहिरलिंगेण किं च णग्गेण**' પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, નગ્નદશા એ બાહ્યલિંગથી શું થયું તને? આહાહા..! '**ક્યોંકિ ભાવસહિત દ્રવ્યલિંગસે...** ' પાછું દ્રવ્યલિંગ નાખ્યું. આહાહા..! જેને અંતરમાં સમ્યગ્દર્શનનો અનુભવ એ ઉપરાંત જેને પ્રચુર આનંદનું સ્વસંવેદન એવો જે ભાવલિંગ હોય, એને દ્રવ્યલિંગ તો પંચ મહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું હોય જ. એવું ભાવલિંગ હોય અને કોઈ એમ કહે કે મને વસ્ત્ર ને પાત્રસહિત છીએ દ્રવ્યમાં. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આવું. પહેલું કાઢ્યું પણ પાછું રાખ્યું બેય ભેગું.

અંતર ભગવાન આત્મા આનંદનું ધામ છે એ. એ તો અતીન્દ્રિયની છોળ છે. અસંખ્ય પ્રદેશમાં ઠસોઠસ અતીન્દ્રિય આનંદ જેમાં ભર્યો છે. એવા અતીન્દ્રિય આનંદને સ્પર્શીને જે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એ ઉપરાંત જેની અંતરમાં લીનતા જામી ગઈ છે, એને ભાવલિંગ કહેવામાં આવે છે. આવા ભાવલિંગ વિના દ્રવ્યલિંગથી કાંઈ આત્માનું કાર્ય થતું નથી. હા, ભાવ આવો જ્યાં હોય ત્યાં દ્રવ્યલિંગ પણ એવું જ હોય. કોઈ કહે કે અમને અંદરમાં ભાવલિંગ સાધુપણું પ્રગટ્યું છે, પણ અમે ગૃહસ્થના વેશમાં છીએ, વસ્ત્રના વેશસહિત છીએ—એ વાત જૂઠી છે.

મુમુક્ષુ :- કલ તો આયા થા...

ઉત્તર :- એ ક્યાં અંદર ભાવમાં ક્યાં હતું? એ તો સંયોગ હતો એવો. આ તો એના ભાવમાં આ છે મારા એવું ક્યાં છે એને?

મુમુક્ષુ :- આ ભાવલિંગની વાત છે.

ઉત્તર :- ભાવલિંગ છે. કાલે ઓલા .. હતી ને. યુવતીના વૃંદમાં રહેલો જંબુકુમારનો જીવ પૂર્વ ભવમાં શિવકુમાર. પણ એ જ્ઞેય પદાર્થ નજીક હો કે દૂર હો આમ, એની સાથે સંબંધ નથી. એ વસ્તુ વસ્ત્રાદિ મારા છે, એ ચીજ મારી છે, એવી બુદ્ધિ જો હોય તો એ વસ્તુ પરિગ્રહ છે.

મુમુક્ષુ :- .. નગ્નદિગંબર હી થે.

ઉત્તર :- નગ્ન હતા.

મુમુક્ષુ :- ..થી

ઉત્તર :- હા, એ તો ..નગ્ન હતા. આહાહા..! ઝીણી વાત છે બહુ. એ તો ભાવનો અધિકાર છે ખરો

ને એટલે એમ વર્ણવ્યું છે જુઓ. **'भावसमणो य धीरो जुवईजणवेढिआ'** યુવતિ, યુવાન સ્ત્રીના વૃંદમાં પોતે ભગવાન મુનિ આત્મા આનંદમાં રહેતા હતા. એવો જ કોઈ યોગ થયો તો કોઈ બાહ્ય અને નિર્દોષ જે ઘરે રહેતા ત્યાં એને માટે બનાવેલો આહાર નહિ, નિર્દોષ આહાર લેતા. ભાવશુદ્ધિની અહીંયા પુષ્ટિ કરવી છે. બાહ્યમાં આવું હોવા છતાં એને માટે વસ્ત્ર છે એમ નથી અહીંયાં કહ્યું. અહીંયા યુવતિઓના ટોળામાં ઘેરાયેલો છે. કોઈ અઘાતિને કારણે એવા સંયોગ આવ્યા છે, અંતરમાં એનો ઘા નથી. આહાહા..! જેને અંતર બ્રહ્માનંદ પ્રભુ આત્માના આનંદની છોળુ ઉઠે છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..! આનંદમૂર્તિ પ્રભુ એમાં જેટલી એકાગ્રતા આમ કરે છે એટલી આનંદની ઉગ્રદશા પ્રગટ થાય છે. એને યુવતિ આ બહારમાં હો કે કુટુંબાદિ હો એ એને નડતું નથી. મારા માનીને જેણે રાખ્યું છે... ત્યારે કહે, વસ્ત્ર રાખે તો મારા (માન્યા) વિના? એમ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- વસ્ત્ર રાખવાની (વૃત્તિ) શરીર પ્રત્યેનો રાગ છે.

ઉત્તર :- જેને વસ્ત્ર રાખવાની વૃત્તિ છે ત્યાં મુનિપણું હોઈ શકે જ નહિ.

મુમુક્ષુ :- ઘરમાં રહેવું જોઈએ?

ઉત્તર :- ઘરમાં ક્યાં રહે છે? એ તો અંદરમાં રહ્યા છે. આહાહા..! અહીંયા તો ભાવશુદ્ધિનો અધિકાર છે તે એમ બતાવ્યું છે કે જેની નિર્મળતા આનંદની અંદરમાં, જેમ નાળિયેરમાં ગોળો છૂટો પડી ગયો. નાળીયેરમાં. ભલે બહાર નીકળ્યો નથી, છે હજી કાચલીની અંદરમાં, પણ છે છૂટો. એમ જેણે શરીર ને વસ્ત્ર ને બહારની ચીજોની રુચિ છોડી દઈને જેણે ભગવાન આત્માના આનંદનો સ્પર્શ કર્યો છે. આહાહા..! એ ગોળો જુદો જ વર્તે છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ વીતરાગનો છે ભાઈ! અંદર દશા સમ્યગ્દર્શન એ વીતરાગી દશા છે. કોઈ કહે છે ને કે સમ્યગ્દર્શન સરાગી હોય સાતમા સુધી, છઠ્ઠા સુધી, સાતમે વીતરાગી સમકિત હોય. ભાઈ! એમ નથી. સમ્યગ્દર્શનની પર્યાય એ પોતે વીતરાગીદશા છે. જિનસ્વરૂપ એવો ભગવાન આત્મામાં જ્યાં એકતા થઈ ત્યાં તેને નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાયે અકષાય પરિણતિની વીતરાગદશા છે. આહાહા..! એ દશાવંતને ભાવલિંગી એને કહેવામાં આવે છે એમ કહે છે. આવું ભાવલિંગ ન હોય અને એકલા નગ્નપણા અને પંચમહાવ્રતને પાળે, એથી કાંઈ આત્માનું કાર્ય સરે નહિ. આહાહા..!

પણ **'भावेण' 'दव्वेण'** શબ્દ નાખ્યો છે છેલ્લો. છેલ્લો નાખ્યો છે. જેને અંતરમાં વીતરાગદશા મુનિપણાની નિરાલંબી અવસ્થા અંતર પ્રગટ થઈ છે, એને દ્રવ્યે તો પંચ મહાવ્રતનો વિકલ્પ હોય અને નગ્નદશા હો તો કર્મના નાશનું કારણ તો ઓલું ભાવલિંગ છે. છે ને પછી જુઓને. **'कम्मपयडीण णियरं'** કર્મપ્રકૃતિનો નિકર-સમૂહ. કર્મના ઢગલા પડ્યા હોય એના નાશનો ઉપાય તો ભાવલિંગ છે. છતાં એને દ્રવ્યલિંગ નગ્નપણું આદિ હોય, હોય ને હોય જ. વસ્ત્ર રાખે અને એમ ધારે કે અમારે ભાવલિંગ પ્રગટ્યું છે. મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. આવો માર્ગ છે ભાઈ! આહાહા..! એ તો વસ્તુની

સ્થિતિ આવી છે. આ કાંઈ આમ હોય તો આ પક્ષ મારો ગણાય, આમ હોય તો આ મારો પક્ષ ન ગણાય—એમ છે આ? વસ્તુની સ્થિતિની સીમ, સીમ નામ એની મર્યાદા જ એટલી આ જાતની છે. આહાહા..! જેને ભાવલિંગસહિત, સમ્યગ્દર્શન અને અકષાય પરિણતિ એ ભાવલિંગ છે, એ પર્યાય છે. એને દ્રવ્યલિંગ છે. ભાષા જુઓ. પાછળ દ્રવ્યલિંગ છે જોડે. '**કર્મપ્રકૃતિકે સમૂહકા નાશ હોતા હૈ.**' લ્યો! આહાહા..! એક ગાથાએ પણ ગજબ કામ કરે છે ને.

'**ભાવાર્થ :- આત્માકે કર્મપ્રકૃતિકે નાશસે નિર્જરા તથા મોક્ષ હોના કાર્ય હૈ.**' શું કહે છે? આત્માને કર્મની પ્રકૃતિનો નાશથી નિર્જરા અને મોક્ષ થાય છે. શુદ્ધતા નિર્જરાની અને મોક્ષ પૂર્ણ શુદ્ધ. '**યહ કાર્ય દ્રવ્યલિંગસે નહીં હોતા.**' પંચ મહાવ્રતની ક્રિયા, અઠ્યાવીશ મૂળગુણ 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું? કે પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, નગ્નપણું, હજારો રાણીનો ત્યાગાદિ કર્યો, પણ એમાં સુખ નહોતું. એ પંચ મહાવ્રતના પરિણામ એ સુખ નહોતું, એ તો દુઃખ હતું. મણિભાઈ! આહાહા..! 'મુનિવ્રત ધાર...' 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો...' તો વ્રત ધાર્યા એ સુખ નથી. આહાહા..! એ તો વિકલ્પ છે, આસ્રવ છે, દુઃખ છે, ઝેરના પ્યાલા છે. સમજાણું કાંઈ? એવું દ્રવ્યલિંગ ભાવલિંગવાળાને હો, કહે છે, પણ એ દ્રવ્યલિંગથી કર્મનો નાશ થાય છે એમ છે નહિ. આહાહા..! કર્મનો નાશ થતાં નિર્જરા અને મુક્તિ થાય, શુદ્ધિની અપૂર્ણતા પ્રગટવી તે નિર્જરા અને શુદ્ધિની પૂર્ણતા પ્રગટવી તે મોક્ષ. એ તો ભાવલિંગ દ્વારા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

આમ રત્નકરંડ શ્રાવકાચારમાં નથી કહ્યું? .. મોખ્ખમગ્ગો. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ એ મોક્ષમાર્ગમાં છે. મુનિપણું ભલે ન હો. અને અણગાર પણ જો મિથ્યાત્વસહિત છે તો એ મોક્ષના માર્ગમાં નથી, સંસાર માર્ગમાં છે હજી. આહાહા..! કેમ? કે જે રાગનો વિકલ્પ છે તે ઉદયભાવ છે તે સંસાર છે. એ સંસારના ભાવમાં જેની એકતાબુદ્ધિ છે તે સંસારી જ પ્રાણી છે. આહાહા..! એ અણગાર નથી. આહાહા..!

અહીંયા એ કહે છે કે '**આત્મા કે કર્મપ્રકૃતિકે નાશસે નિર્જરા તથા મોક્ષ હોના કાર્ય હૈ. યહ કાર્ય દ્રવ્યલિંગસે નહીં હોતા.**' આહાહા..! એ પંચ મહાવ્રતના પરિણામ તો આસ્રવ અને બંધનું કારણ છે. એનાથી નિર્જરા અને મોક્ષ થતો નથી. આહાહા..! '**ભાવસહિત દ્રવ્યલિંગ હોનેપર કર્મકી નિર્જરા નામક કાર્ય હોતા હૈ.**' વીતરાગી પરિણતિ પ્રભુ એવો .. છે ભાઈ! એ કોઈ વિકલ્પથી પ્રાપ્ત થાય કે બાહ્ય ક્રિયા કરે એટલે પ્રાપ્ત થાય કે ગૃહસ્થાશ્રમ છોડીને, રાજપાટ છોડીને બેઠો માટે અહીંયા પ્રાપ્ત થાય, એવી એ ચીજ નથી. કેમકે મિથ્યાત્વ નામનો પરિગ્રહ તો મૂળ એ છે. મિથ્યાત્વ અભ્યંતર પરિગ્રહ છે ને? એમાં મિથ્યાત્વ પરિગ્રહ તો મૂળ પરિગ્રહ છે.

જેને એ શુભરાગની એકતાબુદ્ધિ છે એને મિથ્યાત્વનો પરિગ્રહ તો પડ્યો છે, કહે છે. એણે શું

છોડ્યું? આહાહા..! ઝીણી વાતું બહુ. અને જેણે મિથ્યાત્વનો પરિગ્રહ છોડ્યો એને અભ્યંતર પરિગ્રહની મમતાનું તો એકત્વ તૂટી ગયું. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો એ ઉપરાંત મુનિપણાની વાત લેવી છે. '**ભાવસહિત દ્રવ્યલિંગ હોનેપર કર્મકી નિર્જરા નામક કાર્ય હોતા હૈ. કેવલ દ્રવ્યલિંગસે તો નહીં હોતા હૈ,...**' પણ એનો અર્થ એમ ન લેવો કે દ્રવ્યલિંગ ન હોય અને ભાવલિંગ એકલું હોય. એમ ન હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુ હોય જ તે. એની સ્થિતિની મર્યાદા જ એ છે. એ કંઈ નવી ઘડી છે? જેને ત્રણ કષાય અને મિથ્યાત્વનો અભાવ થયો એનું દ્રવ્યલિંગ નગ્ન અને અઠ્ઠાવીશ મૂળગુણના વિકલ્પવાળું જ હોય. સમજાણું કાંઈ? આહાહા..! કહો, ..જી! એકલા અત્યારે મૂળગુણ એ નહિ એમ કહે છે. આ પાંચ મહાવ્રત પાળે છે. વ્યવહાર ચારિત્ર તો પાળે છે ને. વ્યવહાર ધૂળેય નથી, સાંભળને. હજી અંદર રાગની એકતા તૂટ્યા વિના અને સ્વભાવની એકતા થયા વિના એકત્વ-વિભક્ત... સ્વભાવ ચિદાનંદનો નાથ પ્રભુ પોતે પોતામાં એકત્વ ન થાય અને રાગથી પૃથક ન થાય એ વખતે તો બીજાને ..

મુમુક્ષુ :- આવવા ન દે.

ઉત્તર :- આવવા ન દે. આહાહા..!

'**કેવલ દ્રવ્યલિંગસે તો નહીં હોતા હૈ, ઈસલિયે ભાવસહિત દ્રવ્યલિંગ ધારણ કરનેકા યહ ઉપદેશ હૈ.**' ભગવાન કુંદકુંદાચાર્યનો વસ્તુસ્થિતિની આ મર્યાદાનો ઉપદેશ છે.

'**આગે ઈસી અર્થકો દૃઢ કરતે હૈં :–**'

**णग्गत्तणं अकज्जं भावणरहियं जिणेहिं पण्णत्तं।**
**इय णाऊण य णिच्चं भाविज्जहि अप्पयं धीर।।५५।।**

આહાહા..! જુઓ! સંબોધન કરે છે કુંદકુંદાચાર્ય. હે ધીર! ધૈર્ય નામ બુદ્ધિ ને ધી નામ બુદ્ધિ. જેણે આત્માના શુદ્ધ આનંદમાં પ્રેરી છે તેને ધીર કહેવામાં આવે છે. હે ધીર! આહાહા..! જેણે અંદરના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિને ભગવાન પરમાનંદનો નાથ એમાં જેણે બુદ્ધિને પ્રેરી છે. ધીર. ધીને પ્રેરી છે એને અહીંયા ધીર કહેવામાં આવે છે. રાગમાં જેણે બુદ્ધિને પ્રેરી છે તેને ધીર કહેવામાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**અર્થ :- ભાવરહિત નગ્નત્વ અકાર્ય હૈ,...**' ભાષા છે ને. ઓલામાં કાર્ય મૂક્યું હતું. અંતર અનુભવ સમ્યગ્દર્શન, અનુભવ એટલે પૂર્ણ અનંતગુણની શુદ્ધતાને અનુસરીને નિર્મળદશાનું થવું એવી વીતરાગતા અંતરમાં ઉગ્રપણે ઉત્પન્ન થવી એ ભાવલિંગ વિના નગ્ન અકાર્ય છે. એવા નગ્નપણા ..બહુ કહે નગ્ન થયા નવની ગ્રૈવેયક તો જાશે ને. અરે..! નવ ગ્રૈવેયક ગયા એમાં શું થયું? માખી ઉડીને લાકડે ગઈ ઊંચે, એ ઊંચી થઈ ગઈ? એ તો ક્ષેત્ર જરી ઊંચું છે. ક્ષેત્ર ઊંચું છે. ત્યાં નિગોદ પણ પડ્યા છે.

આહાહા..! જેને અંદરમાં મિથ્યાત્વના રંગે રંગાયેલો ભગવાન છે. આહાહા..! એ ગમે તે ક્ષેત્રમાં જાય, સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદ બિરાજે છે ત્યાં નિગોદ. સિદ્ધ ભગવાન જ્યાં છે ત્યાં નિગોદ અનંતા જીવ મિથ્યાત્વના રંગાયેલા પડ્યા છે અંદર સિદ્ધના પેટમાં. સમજાણું કાંઈ? આહાહા..! એથી શું થયું? .. એ વસ્તુથી તો અઘાતિના ભેખ છે બધા. એ અઘાતિકર્મના, પુણ્ય-પાપના બધા ભેખ છે. ઘાતિ ઉપર ઘા કર્યા વિના, સ્વરૂપની એકતા કર્યા વિના લાભ ત્રણ કાળમાં થાય નહિ. આહાહા..!

'**ભાવરહિત નગ્નત્વ...**' નગ્નત્વ છે ને. '**णग्गत्तणं**' નગ્નપણું. આહાહા..! '**अकज्जं**' અકાર્ય છે. કાર્ય બિલકુલ નથી એમાં. આહાહા..! '**भावणरहियं**' કેમકે આત્મામાં એક કર્મ નામનો ગુણ છે. લ્યો! કર્મ એટલે આ જડકર્મ નહિ, ભાવકર્મ નહિ, પર્યાય પણ નહિ. કર્મનું કાર્ય થવાનો કર્મ નામનો એક જ્ઞાનગુણની સાથે એક કર્મ નામનો ગુણ છે અંદર. એ ગુણનું કાર્ય નિર્મળ વીતરાગીપણું થવું એ ગુણનું એનું કાર્ય છે. તો આવા ગુણને પકડ્યા વિના તારા નગ્નદશા બધા થોથા છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્મ ચાર પ્રકારના. એક જડકર્મ એને કર્મ કહીએ, જડની અવસ્થા. એક પુણ્ય-પાપના ભાવ ભાવકર્મ, એને કર્મ કહીએ મલિન અવસ્થા. એક નિર્મળ વીતરાગી પર્યાયરૂપી કર્મ નામ કાર્ય કહીએ. એ વીતરાગી કર્મ. અને ત્રિકાળ ગુણરૂપ જે કર્મ એ ધ્રુવકર્મ. સમજાય છે કાંઈ? એ અહીં કહે છે કે '**णग्गत्तणं अकज्जं**' કેમકે જે કાર્ય નામનો ગુણ ભગવાન આત્માનો છે એવા ગુણીને તો એણે પકડ્યો નથી. આહાહા..! અને એવા વિકલ્પ ને પંચ મહાવ્રતને નગ્નપણા લીધા બાપુ! તારું કાર્ય એમાં નહિ ઠરે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્ત્રસહિત જે મુનિ છે, માને છે એ તો જાણે જૈનદર્શનમાં પણ નથી. આકરું પડે પ્રભુ! માને, ન માને, પણ માર્ગ આ છે. વસ્ત્ર રાખીને મુનિપણું માને છે એને તો કુંદકુંદાચાર્ય ૧૪મી ગાથામાં દર્શનપાહુડમાં કહે છે, એ જૈનદર્શન જ નથી. આહાહા..! ૧૪મી ગાથા છે. જુઓ છે? દર્શનપાહુડ. પાનું-૨૧. ૧૪ છે ને? ૨૧ પાને અર્થ. ૨૦મે પાને એકલી ગાથા. છે ૧૪ ગાથા?

**दुविहं पि गंधचायं तीसु वि जोएसु संजमो ठादि।**
**णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।१४।।**

આ જૈનદર્શન. આહાહા..! '**અર્થ :- જહાં બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો...**' ભાવલિંગ એના નિર્મળ હો અને બાહ્યમાં જેને વસ્ત્ર આદિનો ધાગો ન મળે. '**ઔર મન-વચન-કાય ઐસે તીનોં યોગોંમેં સંયમ હો...**' ત્રણ(યોગ) ત્રણ (કરણ એમ) નવ નવ કોટીએ જેનું સંયમ હોય અંદર. આહાહા..! '**કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કરણ જિસમેં શુદ્ધ હોં...**' જ્ઞાનમાં ત્રણ કરણ. નવ નવ કોટીએ શુદ્ધતા હોય. અજ્ઞાનીને કોઈ જ્ઞાનાદિનો ઉઘાડ થયો હોય તો એની પ્રશંસા કરતો હોય તો એ જ્ઞાન શુદ્ધ નથી એનું. સમજાણું કાંઈ? આહાહા..! એણે સમાડ્યું છે ઘણું અંદર. અજ્ઞાનીને મિથ્યાત્વમાં નવ પૂર્વનું જ્ઞાન થઈ જાય છે. અગ્યાર અંગ અને નવપૂર્વ. એ કોઈ જ્ઞાન

નથી.

જ્ઞાન તો ભગવાન આત્મા આનંદનો નાથ એને અંતરમાં સ્પર્શીને જે જ્ઞાનનો અંશ આવ્યો એ અનુમોદવા લાયક કરણ, કરાવન અને અનુમોદવા લાયક છે. આ અજ્ઞાનીના જ્ઞાનમાં ક્ષયોપશમ બહુ થઈ ગયો હોય અને લાખો માણસને રીઝવતો હોય. કહે છે કે એવા જ્ઞાનને જે અનુમોદે, એનું જ્ઞાન સાચું નથી. સમજાણું કાંઈ? '**કૃત, કારિત, અનુમોદના અપનેકો ન લગે ઐસા, ખડે રહકર પાણિપાત્ર મેં આહાર કરે,...**' આહાહા..! ઊભા ઊભા આહાર-પાણી. એ છે? '**ઇસપ્રસકાર મૂર્તિમંત દર્શન હોતા હૈ.**' આ મૂર્તિમાં દર્શનનું સ્વરૂપ આ છે જૈનદર્શનનું. આહાહા..! ધન્નાલાલજી! ત્યાં પણ ૧૪મી ગાથા કરી. ત્યાં કરી છે બોધપાહુડમાં. બે ઠેકાણે છે. બોધપાહુડમાં પણ ૧૪મી છે આ પણ ૧૪મી છે. બોધપાહુડમાં જોઈ છે પંડિતજીને? એ પણ ૧૪મી છે. એ ૧૪મી છે જુઓ. આહાહા..! કુંદકુંદાચાર્યે તો કેવળજ્ઞાનને થંભાવી રાખ્યું છે. આ માર્ગ છે. આહાહા..! છે?

૧૪મી ગાથા બોધપાહુડ. '**આગે દર્શનકા સ્વરૂપ કહતે હૈં :—**' દર્શન કોને કહીએ? જૈનદર્શન હોં. સમકિત કોને કહીએ એમ નહિ. '**दंसेइ मोक्खमग्गं सम्मत्तं संजम सुधम्मं च।**' જે મોક્ષમાર્ગ ત્રણ કષાયનો અભાવ અને સમકિત એવો જે મોક્ષમાર્ગ દેખાડે અંદર. સમકિત, સંયમ અને સુધર્મ હોય. નિર્ગ્રંથ દશા જેની હોય. '**णाणमयं**' અને એકલી જ્ઞાનમયદશા જેની પ્રગટી હોય. વિકલ્પ છે એ જ્ઞાનમય નથી કાંઈ. '**जिणमग्गे दंसणं भणियं**' જૈનમાર્ગમાં એને જૈનદર્શન કહેવામાં આવે છે. આનાથી વિરૂદ્ધને જૈનદર્શન કહેવામાં આવતું નથી. પંડિતજી! આ જૈનદર્શન આ. માર્ગ આવો બાપુ! આકરું લાગે બીજાને. સંપ્રદાય બંધાણા છે ને. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! વસ્તુની સ્થિતિ અનાદિની આ છે. આ કાંઈ નવી કરેલી છે, નવો પક્ષ છે એમ છે નહિ. '**दंसणं भणियं**' જિનદેવે એને જૈનદર્શન, જિનમાર્ગમાં એને દર્શન કહ્યું. દર્શનની મૂર્તિ ત્રણ કષાયનો જ્યાં અભાવ. ઊભા ઊભા આહાર, નિર્દોષ જેનું જ્ઞાન, નિર્દોષ જેનું સંયમ. આહાહા..! એને દર્શનની મૂર્તિ, મૂર્તિ એનું દર્શનસ્વરૂપ જ એ છે કહે છે. આવા દર્શન સિવાય બીજી રીતે કલ્પિત હોય તેને જૈનદર્શન કહેતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવરહિત નગ્નત્વ અકાર્ય હૈ,...**' ૫૫ આપણે ચાલતી. '**કુછ કાર્યકારી નહીં હૈ.**' કાંઈ કાર્યકારી નહિ. લ્યો ઓલા કહે ભાઈ નવમી ગ્રૈવેયક તો જાય. એ તો એની એ દશા છે. આહાહા..! એ તો આવ્યું ને. કીધું ને એ. ..અબુધા મહાભાગા સં દંસણ રહિત ... કઈ ગાથા આવી? શ્વેતાંબરમાં છે અને એક આપણે આ પ્રવચનસારમાં. કે જે બુધા મહાભાગા વીરા સમંત દંસિણો શુદ્ધં .. અફલં .. જે કોઈ સમ્યગ્જ્ઞાની ધર્માત્મા બુદ્ધિવંત છે. જે બુધા મહાભાગા. પુણ્યવંત પણ છે. દુનિયા જેને માન્ય રાખે. જે બુધા મહાભાગા વીરા છે. અંતર સ્વરૂપમાં વીર જેને સ્વરૂપના સાવધાનીમાં વીર્યને પ્રેર્યું છે. એવો વીરા સમત્તદંસિણો. સમ્યગ્દર્શન છે. શુદ્ધતેસિં .. એનો જે નિર્મળ પુરુષાર્થ બધો શુદ્ધ છે. અફળં હોઈ. એના પુરુષાર્થનું ફળ સંસાર નથી. અફળ હોય એમ કહે છે. એ મોક્ષના માર્ગનું ફળ અફળ છે એમ

કહે છે. અફળ એટલે સંસાર નહિ એમ. પ્રવચનસારમાં છે. સમજાણું કાંઈ? જે અબુધા મહાભાગા વીરા અસંત્તદંસિણો અશુદ્ધ .. સફલં હોઈ.. તારું બધું સફળ છે પ્રભુ ચાર ગતિમાં રખડવા માટે. આહાહા..! આ જ કહે છે. એ .. છે સૂયગડાંગમાં .. છે ને આ શ્વેતાંબરમાં. આ બધું મોઢે કરેલું ને તે દિ'. છ હજાર ગાથાઓ કરેલી. છ હજાર ગાથો મોઢે હતી કંઠસ્થ. એમાં આ ગાથા હતી. જે વીરા જે અબુધા. જેને તત્ત્વજ્ઞાનનું ભાન નથી, જેને રાગની એકતા તૂટી નથી અને જ્યાં જ્ઞાનના ક્ષયોપશમમાં ઘણો ઉઘાડ થઈ ગયો હોય એ અબુધા મહાભાગા. કોઈ પૂર્વની પુણ્ય પ્રકૃતિને લઈને દુનિયામાં પૂજાતા હોય, દુનિયા એને મોટા તરીકે માનતા હોય. વીરા હોય. મહિના મહિનાના અપવાસ કરે. સંથારા બબ્બે મહિનાના. વીરા પણ અસમંત્તસંદિણો. જેને સમ્યગ્દર્શનરહિત દશા છે અશુદ્ધં તેસિ. એનો બધો પરાક્રમ અશુદ્ધ છે. અફલં ન હોઈ. એ બધું સફળ થશે. જે અનાદિથી ભવ ફળતા આવે છે એ ભવ ફળશે. પંડિતજી! આહાહા..! ઓલોના મોક્ષમાર્ગ નિષ્ફળ, આનો બંધમાર્ગ સફળ. કઈ અપેક્ષાએ જાણવું જોઈએ ને.

અહીંયાં કહે છે '**ઐસા જિન ભગવાનને કહા હૈ.**' છે ને પાઠ? '**जिणेहिं पण्णत्तं**' પોતે કહે છે પણ વીતરાગને સામા રાખીને વાત કરે છે. બાપુ! આ તો વીતરાગે આમ કહ્યું છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથે એમ કહ્યું છે કે નગ્નપણું, એકલા પંચ મહાવ્રતના પરિણામ એ બધું અકાર્ય છે. એમ '**जिणेहिं पण्णत्तं**' આહાહા..! '**ઈસપ્રકાર જાનકર હે ધીર!**' આહાહા..! વ્યવહારના વિકલ્પમાં બુદ્ધિને તે ફેરવી રાખી છે એ અજ્ઞાનભાવ છે. વ્યવહારના આચરણમાં જે બુદ્ધિને સાવધાન કરી રાખી છે એ અધીરબુદ્ધિ, બુદ્ધિ નહિ. આહાહા..! જે બુદ્ધિ નિશ્ચયમાં 'ધી' નામ બુદ્ધિને 'ર' નામ પ્રેરી છે અંતરમાં. ભલે એનું જ્ઞાન અલ્પ અને થોડું હોય, તોપણ તે ધીર કહેવામાં આવે છે. આહાહા..! અને અજ્ઞાનીને અગ્યાર અંગનો ઉઘાડ હોય, પણ જ્યાં એને રાગની એકતાનો મિથ્યાત્વભાવ પડ્યો છે, એને બુદ્ધિ રાગમાં પ્રેરાઈ ગઈ છે. વ્યવહારના વિકલ્પમાં દોરાઈ ગયો છે એને અબુદ્ધિ કહીએ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ ડોક્ટરપણાના જ્ઞાન ને આ વકીલાતના જ્ઞાન ને એ બુદ્ધિયું બધી રાગમાં પ્રેરાઈ ગઈ છે એમ કહે છે. અરે..! શાસ્ત્રનું જ્ઞાન, પણ એમાંથી જેણે રાગથી લાભ માન્યો એવું જે કાઢ્યું છે એ બધું અજ્ઞાન છે. આહાહા..!

'**ધૈર્યવાન મુને! નિરંતર નિત્ય આત્માકી હી ભાવના કર.**' ભાષા છે ને જુઓ. '**अप्पयं धीर**' '**भाविज्जहि अप्पयं**' એ પંચ મહાવ્રતના વિકલ્પ ને નગ્નપણું એ આત્મા નહિ. આહાહા..! એમ આવ્યું ને? '**भाविज्जहि अप्पयं धीर**' જે રાગરહિત નિર્વિકલ્પ પ્રભુ આત્માનો સ્વભાવ, એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાની ભાવના કર. આહાહા..! '**भाविज्जहि अप्पयं**' એવા આત્માને ભાવ. એને આત્મા કહીએ. રાગ અને વિકલ્પવાળો એ આત્મા નહિ. રાગ તો અણાત્મા છે. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ, શાસ્ત્રનું જ્ઞાન પર તરફનું, પાંચ મહાવ્રતના પરિણામ એ તો અણાત્મા છે. આહાહા..!

'નિરંતર નિત્ય...' નિરંતર નિત્ય, એમ. એ કાઢ્યું છે. 'णिच्चं' શબ્દ પડ્યો છે ને. 'इय णाऊण य णिच्चं' એમ કહેવામાં શું કહે છે? કે રાગાદિના વિકલ્પો એની ભાવના છોડી દે અને નિત્ય આત્માની ભાવના કર. આહાહા..! આવો માર્ગ આકરો લાગે ને એટલે માણસને સમજાય નહિ એટલે પછી બીજે દોરાઈ ગયા. માન્યા કે અમે કાંઈક માર્ગમાં છીએ. બાપુ! એમાં લાભ શું ભાઈ? દુનિયા તો કહેશે, દુનિયામાં માન મળશે. એ કાંઈ ગીરો મુકાઈ એવું છે? ગીરો. ગીરો કહે છે ને. ગીરો મૂકવું. ધરોહર તમારે કહે છે. ગીરવી. આહાહા..! એમ જિનેન્દ્રદેવ નિરંતર નિત્ય આત્માની ભાવના કર એમ કહે છે. સમકિતીને દ્રવ્યદૃષ્ટિ અને દ્રવ્યનું ધ્યેય કોઈ સમયે છૂટતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! મુનિ આહાર, પાણી લેતો હોય એમાં દેખાય. કહે છે કે તે કાળે પણ જે આહારનો વિકલ્પ અને આહારની ક્રિયા, એમાં તો એ મુનિ છે જ નહિ. આહાહા..! મુનિ તો એ વખતે અકષાય પરિણામમાં મુનિ વર્તે છે. આહાહા..! એ વખતે એને આત્માની નિરંતર ભાવના વર્તે છે. એ રાગ આવ્યો એની ભાવના એને હોતી નથી. સમજાણું કાંઈ? આકરી વાતું બહુ.

'નિરંતર નિત્ય...' એમ કહીને શું કહે છે? કે વસ્તુનો જે સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એની દૃષ્ટિ જે તને થઈ તો નિરંતર તે ધ્યેયને લક્ષમાં રાખજે. કોઈ વખતે વ્યવહારની મુખ્યતા થઈ જાય અને પર્યાયની મુખ્યતા થઈ જાય અને નિમિત્તની મુખ્યતા થઈ જાય એવું સમકિતીને હોતું નથી. સમજાણું કાંઈ? પાટણીજી! આહાહા..! 'इय णाऊण' શું 'इय णाऊण'? કે નગ્નપણું તે અકાર્ય છે. ભાવરહિત લાભ નથી. એવું જિનેન્દ્રે કહ્યું છે એમ જાણીને. 'णिच्चं भाविज्जहि' આહાહા..! વીતરાગ મૂર્તિ પ્રભુ એની ભાવના નિરંતર રાખ. એમ કહીને એમ પણ કહેવા માગે છે કે કોઈ મુનિને રોગાદિ હોય અને વયાવચ્ચનો વિકલ્પ આવે, તો એની ભાવના ન હોય કે આ ક્રિયા કરું. સોળ પ્રકારના આ તીર્થંકરગોત્ર આવે છે ને. ષોડશકારણ ભાવના. એ તો રાગ છે. આવે જુદી વાત. પણ ભાવના કરીશ નહિ એની. આહાહા..! સમજાણું કાંઈ?

ભાવના તો 'अप्पयं धीर' ધર્મી જીવને તો, ધર્મીનું ધ્યેય તો આત્મા પૂર્ણાનંદ ઉપર છે. એ ધ્યેય નિરંતર રહે છે. એમાં આંતરો એક સમયનો પણ પડતો નથી. આહાહા..! 'भाविज्जहि अप्पयं धीर' આહાહા..! કુંદકુંદાચાર્યને જ્યારે આ વિકલ્પ હશે અને આ ગાથા લખાણી. તે વખતે અંદરમાં, કહે છે, અમે તો અમારા આત્માની ભાવનામાં છીએ હોં. આ શાસ્ત્ર લખવાનો વિકલ્પ છે માટે એમાં અમે આવ્યા છીએ. ધન્નાલાલજી! આહાહા..! આ તો ધીરાના માર્ગ છે, ભાઈ! ધીર ને વીર. જેણે બુદ્ધિને અંતરમાં પ્રેરી છે. જેની મહત્તાની મહિમા જ્ઞાનમાં આત્માની આવી છે, એને રાગ અને વ્યવહારની મહત્તા અંદરમાંથી ઊડી ગઈ છે. આહાહા..! હો. મહિમા અને મહત્તા ઊડી ગઈ છે. આહાહા..! કહે છે 'નિરંતર નિત્ય આત્માકી હી ભાવના કર. ' આહાહા..!

'ભાવાર્થ :- આત્માકી ભાવના બિના...' આત્મા કોને કહીએ પણ પહેલો? આ. શુભ-

અશુભ વિકલ્પ છે એ આસ્રવ છે, એ આત્મા નથી. શરીર, કર્મ છે એની ક્રિયા બધી અજીવ છે આ તો, એ આત્મા નહિ. આત્મા તો પુણ્ય અને પાપના, રાગ અને શરીરના અજીવની જડથી ભિન્ન એવો પૂર્ણાનંદનો નાથ પરમાત્મા એની ભાવના કર. ભાવપાહુડ છે ને. એવું લાગે કે આ માળું ઝીણુ બહુ. અહીં તો.. એ એકલો વીતરાગભાવના ઘોલનની જ વાત કરે છે. સમજાણું કાંઈ? એ કહ્યું ને જુઓને. **'આત્માકી ભાવના બિના...'** આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એના તરફના એકાગ્રતા વિના, એની ભાવના શબ્દે એમાં એકાગ્રતા વિના **'કેવલ નગ્નત્વ કુછ કાર્ય કરનેવાલા નહીં હૈ,...'** આહાહા..! **'કેવલ નગ્નત્વ કુછ કાર્ય કરનેવાલા નહીં હૈ, ઈસલિયે ચિદાનંદસ્વરૂપ આત્મા... '** એનો ખુલાસો કર્યો કે આત્મા એટલે શું? ચિદાનંદસ્વરૂપ આત્મા. એ જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ છે. એકલો જ્ઞાનનો સાગર છે. આનંદથી ભરપૂર ભરેલો એનું સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, એનાથી ભરેલો પૂર્ણ પ્રભુ આત્મા છે એને અમે આત્મા કહીએ છીએ કહે છે. આહાહા..! કેટલાક કહે, આ તો બધી ઊંચી વાત છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મ છે.

ઉત્તર :- સૂક્ષ્મ છે. અમારે માટે નાનું કહો ને, એમ કહે છે. શેઠ બહુ કહેતા ઓલા દિલ્હી. શાહુજી. હવે આ તો બધી વાત તો.. પણ અમે ગૃહસ્થાશ્રમમાં છીએ અમે... પણ ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મ સમકિત છે એની આ વાત ચાલે છે. આહાહા..! મૂળ તો લોકોને ઓલા બહારમાં ચડાવી દીધા છે ને એટલે એને આ અંતરમાં હજી સમ્યગ્દર્શનની મહિમાની ખબર ન મળે. સમ્યગ્દર્શનનો વિષય મહામહિમાવંત છે. સમ્યગ્દર્શનનો વિષય પંચ મહાવ્રત અને નિમિત્ત એ એનો વિષય નથી. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા ગૃહસ્થાશ્રમના સમ્યગ્દર્શનની વાત છે આ તો. આહાહા..!

**'ચિદાનંદ સ્વરૂપ આત્મા...'** એ તો જ્ઞાન, ચિદ્ નામ જ્ઞાનસ્વરૂપી પૂર્ણ અને અતીન્દ્રિય આનંદનું અવિનાભાવી ભાવવાળું તત્ત્વ, એની ભાવના એટલે તે તરફનું વલણ એટલે તે તરફની એકાગ્રતા **'નિરંતર કરના,...'** નિરંતર કરના. આહાહા..! કોક એવું આવશે પહેલા કે જુઓ વ્યવહારમાં આવે ને તો જરી વિશ્રામ મળે. અને પછી એને પુષ્ટિ જોર વધે એટલે નિશ્ચયમાં જાય. આવ્યું હતું પહેલા ખબર નહિ હોય તમને. છોટાલાલજી. હવે તો અત્યારે ફરી ગયા છે. કાગળ હતો પહેલો. મારી વાત પહેલી ભૂલ હતી. હવે હું આ વાતમાં... એણે એમ લખ્યું છે. ત્યાગ માર્ગ છે વીતરાગનો. ત્યાગ માર્ગ. જેટલો ત્યાગ. પણ ક્યો ત્યાગ? મિથ્યાત્વના ત્યાગ વિનાનો ત્યાગ કોનો? આહાહા..! એટલે એમ લખ્યું, વ્યવહારમાં આવીએ ને પછી જરી પુરુષાર્થ થાય વધારે. જરી આમ વિશ્રામ મળે અને પછી નિશ્ચયમાં જવાય. ધૂળેય ન જવાય, સાંભળને. એય..!

મુમુક્ષુ :- એ બહારમાં વિશ્રામ મળે છે.

ઉત્તર :- વિશ્રામ મળે. આહાહા..! ઠીક!

'निरंतर करना, आत्माकी भावना सहित नग्नत्व सफल होता है. ' જેને આત્મા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં જેણે ભાવ્યો છે એનું નગ્નપણું પંચ મહાવ્રતના વિકલ્પ ભલે હો તો એનું સફળ છે કહે છે. સમજાણું કાંઈ? ઓલા ભાવને લઈને. એ વિનાના નગ્નપણા.. આચાર્ય મહારાજ તો પોકારે છે આ.

હવે ખુલાસો શિષ્ય પૂછે છે હોં. મહારાજ! ગાથામાં આવવું જોઈએને પછી એટલે. આપ ભાવલિંગ ભાવલિંગ કરો છો. એ 'भावलिंगको प्रधान कर निरूपण किया वह भावलिंग कैसा है?' એ ભાવલિંગ છે કેવું? આહાહા..! 'ईसका समाधान करनेके लिये भावलिंगका निरूपण करते हैं :—' 'देहादिसंगरहिओ' મોટો શબ્દ. આહાહા..! દેહ આદિ. શરીર, રાગ નિમિત્ત આદિ બધો સંગ તે પર છે. એનાથી 'रहिओ' આહાહા..! દેહાદિમાં મિથ્યાત્વ પણ ભેગું અંદર આવી ગયું. એ મિથ્યાત્વના સંગથી રહિત છે જીવ. આહાહા..!

**देहादिसंगरहिओ माणकसाएहिं सयलपरिचत्तो।**
**अप्पा अप्पम्मि रओ स भावलिंगी हवे साहू।।५६।।**

'अर्थ :- भावलिंगी साधु ऐसा होता है—देहादिक परिग्रहोंसे रहित होता है... ' દેહાદિ શબ્દે મિથ્યાત્વ આદિ બધું એમાં આવ્યું. આહાહા..! દેહ, મિથ્યાત્વ, પુણ્ય અને પાપ, રાગાદિભાવ એ બધો દેહાદિમાં જાય છે. આહાહા..! એમાં એમ કહે છે કે ઓલા પાંચ મહાવ્રતના પરિણામ પણ એ બધી દેહાદિકની સ્થિતિમાં જાય છે. એવા પરિગ્રહથી રહિત... આહાહા..! આ જન્મ-મરણરહિત થવું છે ભાઈ! આખી દિશા પલટાવાની છે. શુભાશુભભાવની દશા વિકારી, પરતરફની દિશાવાળી છે. શુભાશુભભાવની દશા પરદિશા તરફની છે. અને શુદ્ધભાવની દશા સ્વદિશા તરફની છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૩, સોમવાર તા. ૨૧-૦૧-૧૯૭૪**
**ગાથા - ૫૬ થી ૫૮, પ્રવચન - ૯૫**

અષ્ટપાહુડમાં ૫૬ ગાથા. અર્થ ચાલી ગયો છે. 'देहादिसंगरहिओ' એટલે કે આ આત્મા ભગવાન પૂર્ણ આનંદ આદિ જિનસંપન્ન તેના અસંગ સ્વભાવથી પોતે અભેદ છે. પણ દેહ, રાગ, પુણ્ય, વિકલ્પથી તો એ ભિન્ન છે. એ 'देहादिसंग' એટલે રાગનો સંગ, વ્યવહારનો સંગ, શરીરનો સંગ એનાથી રહિત છે. 'माणकसाएहिं सयलपरिचत्तो' ભગવાન આત્મા જેને ભાવલિંગ કહીએ સાધુનું અથવા ધર્મીનું. કે જેને પુણ્યાદિના વિકલ્પનું અહંપણું છૂટી ગયું છે. વ્યવહારનો જે વિકલ્પ છે, શરીરાદિ

તો પર અજીવ છે બેય બાહ્ય શરીર અને અભ્યંતર રાગાદિ. એનું જેને માન **'सयलपरिचत्तो'** આહાહા..! નાસ્તિથી વાત કરી છે ને પહેલી? રાગાદિ વિકલ્પ છે એના પ્રત્યેનું અહંપણું જેને અંતરથી છૂટી ગયું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અને **'अप्पा अप्पम्मि रओ'** નાસ્તિથી પહેલી વાત કરી. ધર્મની શરૂઆત જ સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્દર્શનમાં, અહીં તો ભાવલિંગી મુનિની વ્યાખ્યા છે, પણ એ સ્વરૂપ એ જ છે એનું. જેટલો અંદર પુણ્ય અને પાપના વિકલ્પની લાગણી સાથે અને શરીર અને કર્મ આદિ હો, એના પ્રત્યેનું અસ્તિત્વ મારામાં છે એવો રાગ જેને ઊડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? અને **'अप्पा अप्पम्मि रओ'** હવે અહીંથી જ્યારે નાસ્તિ કરી, ત્યારે ભગવાન આત્મા જ્ઞાન-દર્શન-આનંદના સ્વભાવથી ભરેલો એ આત્મા નિર્મળ પર્યાય દ્વારા **'अप्पा अप्पम्मि रओ'** પોતાના આત્મામાં જે લીન થાય એવા જે જ્ઞાન, દર્શન, આનંદના પરિણામ એને ભાવલિંગ કહીએ, એને ધર્મ કહીએ, એને મોક્ષનો માર્ગ કહીએ. આહાહા..! આવી વાત છે.

**'भावलिंगी हवे साहू'** ચોથું પદ એ છે. સાધુ એટલે સાધક. સ્વરૂપ ચિદાનંદ ભગવાન આત્માનો સાધક સાધુ એ રાગાદિના અહંકારથી છૂટી ગયો છે. આમ અહંપણું છૂટી ગયું છે અને આમ પૂર્ણાનંદમાં અહંપણું આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાંથી આ શરૂ થાય છે. જેને સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ ગુણગુણીના ભેદનો હો, એના પ્રત્યેનું પણ અહંપણું, મમપણું (એટલે) એ હું અને એ મારા એ દૃષ્ટિ છૂટી ગઈ છે. ત્યારે એ આત્મા આનંદસ્વરૂપમાં પોતાના નિજસ્વભાવના પરિણામરૂપ જે જ્ઞાન, દર્શન અને આનંદ એમાં એ લીન છે. આહાહા..! એને અહીંયા ભાવલિંગી સાધુ કહેવામાં આવે છે. દ્રવ્યલિંગ ગમે તે હો, પણ ભાવલિંગ આ ન હો તો એ દ્રવ્યલિંગની કાંઈ ગણતરી નથી. છે ને ભાવાર્થ? **'આત્માકે સ્વભાવિક પરિણામકો ભાવ કહતે હૈં,...'** અહીંયાં હોં. નહિતર તો શરીર એને પણ ભાવ કહીએ, પુણ્ય-પાપના ભાવને પણ ભાવ કહીએ, નિર્મળ વીતરાગી ચૈતન્યના અવલંબે પરિણામ થયા તેને પણ ભાવ કહીએ અને ત્રિકાળી વસ્તુને પણ ભાવ કહીએ. છતાં અહીં જે લેવું છે એ નિર્મળ પરિણામને ભાવ લેવું છે. ભાવપાહુડ છે ને? જે અંતરમાં દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ એને જેણે અવલંબ્યા છે જે પરિણામે, એ પરિણામ તે જ્ઞાન ને દર્શન ને આનંદના છે. એ પરિણામને ભાવલિંગ કહેવામાં આવે છે. આહાહા..! આકરું કામ ભારે. લોકોને નિશ્ચય-નિશ્ચય લાગે. નિશ્ચય આ જ સત્ય છે. સમજાણું કાંઈ?

લક્ષણ કહો કે ભાવરૂપ કહો. **'આત્મા અમૂર્તિક ચેતનારૂપ હૈ, ઉસકા પરિણામ દર્શન જ્ઞાન હૈ.'** જાણવા અને દેખવાના પરિણામ એ આત્મા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ આત્માના નહિ, એ તો આસ્રવભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉસમેં કર્મકે નિમિત્તે (-પરાશ્રય કરનેસે) બાહ્ય તો શરીરાદિક...'** અને અંતર મિથ્યા રાગ-દ્વેષાદિ પરિણામ, એનો અહંકાર

જેને છૂટી ગયો છે. આહાહા..! ચૈતન્ય ચોસલું આનંદનો નાથ પ્રભુ, એની હયાતીનો સ્વીકાર સન્મુખ થઈને રહ્યો અને એનાથી વિરૂદ્ધભાવને સ્વભાવથી વિમુખ જેટલા પરિણામ છે એ બધા પરિણામનું અહંપણું, મમપણું છૂટી ગયું છે. એને ધર્મી અને એને મોક્ષમાર્ગી કહીએ. આહાહા..!

'**બાહ્ય તો દેહાદિક પરિગ્રહસે રહિત ઔર અંતરંગ રાગાદિક પરિણામમેં અહંકારરૂપ માનકષાય,...**' છે ને મૂળ પાઠમાં. માનનો અર્થ જ એ છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ રાગ હો એ હું, એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! એના ભાવરહિત અને પોતાના આત્માના ભાવસહિત. છે ને? '**અપને દર્શનજ્ઞાનરૂપ ચેતનાભાવમેં લીન...**' એને અહીંયાં ભાવલિંગ કહેવામાં આવે છે.

હવે ૫૭ ગાથા લઈએ.

ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।
आलंबणं च मे आदा अवसेसाइं वोसरे।।५७।।

ધર્મીજીવને, ભાવલિંગી મુનિને કહો કે ધર્મીજીવને કહો. '**ઈસપ્રકારકે ભાવ હોતે હૈં—મૈં પરદ્રવ્ય ઔર પરભાવોંસે મમત્વ (અપના માનના) કો છોડતા હૂં...** ' આહાહા..! એમાં જે સામાન્ય વાત હતી અહીં વિશેષ સ્પષ્ટીકરણ કર્યું. મારો જે સ્વભાવ ધ્રુવ, ચિદાનંદ આત્મા એમાં હું લીન થાઉં છું. અને રાગાદિભાવ નાસ્તિરૂપે મારામાં નથી એમ હું પરિણમું છું. આહાહા..! છે? '**મેરા નિજભાવ મમત્વરહિત હૈ...**' '**ममत्तिं परिवज्जामि**' છે ને? '**परिवज्जामि**' સમસ્ત પ્રકારે પરનું મમત્વ છોડ. કોઈપણ અંશ, પરમાત્મા પ્રત્યેની ભક્તિ કે પરદ્રવ્ય પ્રત્યેના વલણવાળી વૃત્તિ એમાંથી મારું અહંપણું છોડી દઉં. એ મારા નહિ. મારા હોય એ છૂટા પડે નહિ અને છૂટા પડે એ મારા નહિ. સમજાણું કાંઈ?

'**મેરા નિજભાવ મમત્વરહિત હૈ...**' આહાહા..! મારો ભાવ.. એકકોર રામ-આત્મરામ અને એકકોર વિકલ્પથી માંડીને આખું ગામ. આહાહા..! મારો ચૈતન્ય નાથ અનંતગુણથી ભરેલો ભગવાન, 'નિજપદ રમે સો રામ કહીએ.' પોતાના શુદ્ધ આનંદ સ્વભાવમાં રમે તેને આત્માને આત્મરામ કહીએ. તો હું એ રાગાદિ સકળભાવનું અહંપણું છોડી દઉં છું. આહાહા..! જુઓ, આ સમ્યગ્દર્શનથી માંડીને આ મુનિની વાત છે આ. આહાહા..! '**ઉસકો અંગીકાર કર સ્થિત હૂં.**' કોને અંગીકાર કરીને? '**મેરા નિજભાવ મમત્વરહિત હૈ ઉસકો...**' આહાહા..! બહુ ધીરજની વાતું છે, ભાઈ!

ભગવાન આત્મા એમ ભાવના કરે છે. સાધુ અથવા ધર્મી. એ રાગાદિભાવ મારા ભાવથી ભિન્ન છે અને રાગાદિભાવથી રહિત મારો ભાવ ભિન્ન છે. આહાહા..! એવા ભાવને હું અંગીકાર કરું છું. આને છોડું છું, આને ગ્રહું છું એટલું આવ્યું. શુભાશુભભાવ આદિથી માંડીને એના પ્રત્યેનું અહંપણું છોડું છું અને મારા સ્વભાવ પ્રત્યેનો શુદ્ધતાનો ભાવ તે હું અંગીકાર કરું છું. આહાહા..! હવે આ ધાર્મિક ક્રિયા. બહારનું છોડવા-મૂકવાની વાત નથી, પણ આ તો રાગાદિ પણ મારી ચીજ નથી. આહાહા..! જે

ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ મારો નહિ. મૂલચંદભાઈ! આહાહા..! બાપુ! તારો ભાવ હોય એ તો નિર્મળ હોય. ભગવાન આત્મા દ્રવ્ય અને ગુણે તો નિર્મળાનંદ પ્રભુ છે. તો એના પરિણામ, ભાવ, દશા રાગ વિનાની નિર્મળ હોય. એ ભાવ મારો. આ રાગાદિ મારો નહિ. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પણ રાગ એ મારો નહિ. એ ભાવરહિત જે પરિણામ તેને હું અંગીકાર કરું છું. આહાહા..! કેમ? '**आलंबणं च मे आदा**' આહાહા..! મારે તો આલંબન ભગવાન છે, આત્મા છે. મારા આલંબનમાં તો પ્રભુ છે. '**आलंबणं च मे आदा**' મારા આલંબનમાં મારો પ્રભુ છે. આહાહા..! ભગવાન પરમાત્મા પણ મારા આલંબનનું સ્થાન નથી. પંડિતજી! ભારે પણ માર્ગ!

ત્રણ લોકના નાથ તીર્થંકર હો કે મુનિ નિર્ગ્રંથ ભાવલિંગી સંત હો કે ભગવાને કહેલા અનેકાંતમય શાસ્ત્ર હો-એ મારે આલંબન નહિ. આહાહા..! આકરી વાત લાગે માણસને. ભાઈ! સ્વરૂપ છે પૂર્ણાનંદનો નાથ અનંતગુણ સંપન્ન ચૈતન્ય એ મને આલંબનમાં છે. મારો આધાર હોય તો આ આત્મા છે. સમ્યગ્દ્રષ્ટિની દૃષ્ટિમાં આલંબન આત્મા જ છે. આહાહા..! છે? '**आलंबणं च मे आदा**' મારો આત્મા જ મને..'હી' છે હોં હી. ચ શબ્દ છે ને. મારો આત્મા જ અવલંબન છે. ક્યારે અવલંબન થાય? કે નિજ આત્મા ધ્રુવ સામાન્ય છે એ જ્યારે દૃષ્ટિમાં આવે ત્યારે એ પરિણામ કહે છે કે મારો આત્મા મને આલંબન છે. આહાહા..! બહુ ઝીણું પણ ભાઈ! માર્ગ તો આવો છે ને પણ બાપુ! આહાહા..!

ઊંડો ઉતરતા પ્રભુ સામાન્ય ધ્રુવમાં એકાગ્ર થાય, કહે છે કે એ પરિણામમાં આધાર મારો ધ્રુવ છે. મારી પર્યાયનો પણ મને આધાર નહિ એમ કહે છે. આહાહા..! મારા ધર્મના પરિણામને માટે દેવ, ગુરુ તો આલંબન નહિ, એની શ્રદ્ધાનો કરેલો રાગ એ પણ આલંબન નહિ. અરે..! એ વખતનો જે રાગને જાણવાની દશા-પર્યાય-જ્ઞાનનો અંશ એ પણ મારે આલંબન નહિ. આહાહા..! '**आलंबणं च मे आदा**' સમજાવે છે એમાં શી રીતે સમજાવે? બસ આ આલંબન મારો આત્મા એ પણ એક વિકલ્પ છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્રણ લોકનો નાથ અનંતી સિદ્ધની પર્યાયને સંગ્રહીને પડેલો પ્રભુ, અનંતી સિદ્ધની પર્યાયને સંગ્રહીને પડેલો પ્રભુ આત્મા છે. સંગ્રહીને સમજાણું? અનંતી સિદ્ધની પર્યાયને. આહાહા..!

અલિંગગ્રહણમાં આવે છે ને. અવ્યક્તમાં આવે છે. ૪૯ ગાથા સમયસારની. મહા મારું ચૈતન્ય જે સામાન્ય, મારો ચૈતન્ય જે સામાન્ય એમાં ચૈતન્યની વ્યક્તતાઓ જે નિર્મળ પર્યાયો એ પણ મારા ચૈતન્ય સામાન્યમાં અંતરમગ્ન છે. મારું ચૈતન્ય સામાન્ય વસ્તુ જે સામાન્ય ધ્રુવ એમાં ચૈતન્યની નિર્મળ વ્યક્ત પર્યાયો વર્તમાન નથી અને છે એ સિવાય નથી એ બધી પર્યાયો મારામાં પડી છે અંદર. ચૈતન્યની વિશેષ વ્યક્તતાઓ જે ચૈતન્ય સામાન્યમાં અંતરમગ્ન છે, અંતરમગ્ન છે તેથી તે આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો આખા જગતથી ઉદાસ થઈ અને સ્વભાવમાં આસન નાખે ત્યારે સમજાય એવું છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! મારો આત્મા જ મને આલંબન છે. આહાહા..! ભગવાન અરિહંત પંચ પરમેષ્ઠી આલંબન છે એ પણ અહીં તો કાઢી નાખ્યું. બાપુ! એ તો પરદ્રવ્ય છે ને. ભગવાન! પરદ્રવ્યનું આલંબન લેવા જઈશ તો રાગ થશે. કહો, ગોદિકાજી! આવી બધી વાતું. વળી પાછું આવું બધું થાય. એને કાળે એ હોય છે, થવા કાળે થાય છે એને કોઈ કર્તા-ફર્તા છે નહિ. આહાહા..! એ તો એના પરાવર્તનના પ્રસંગમાં પરમાણુની પર્યાય એનો સ્વકાળ હજી પરિણમનનો આ કાળ આવે ત્યારે એમ થાય છે. જોડે નિમિત્ત જીવ હોય એમાં કોઈ શુભભાવ હોય એને નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ શુભભાવથી આ થાય છે એમ નથી. કેમકે આ થયું માટે શુભભાવ થાય છે એમ પણ નથી. કેમકે શુભભાવ થાય છે માટે ધર્મનું આલંબન છે એનું, એમ પણ નથી.

મુમુક્ષ :- એની મહેનત બેકાર છે.

ઉત્તર :- મહેનત ક્યાં કરે છે? આત્માનું વીર્ય ક્યાં કામ કરે છે? આત્માનું વીર્ય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સુધીમાં થયું એ એની મર્યાદા છે. એ વીર્ય આઘે જઈને રાગમાં જાય એને વીર્ય કહેતા નથી. આત્માનો વીર્ય નામનો ગુણ છે એનો તો અર્થ આ શક્તિમાં આવ્યો છે. સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. ભગવાન આત્મા રાગથી ભિન્ન પ્રભુ, પૂર્ણાનંદનો નાથ એવા અનંતગુણની રચના પર્યાયમાં કરે, નિર્મળ રચના કરે તેને વીર્ય કહીએ. આ રાગમાં રાગની રચના કરે તેને નપુંસક કહીએ. કહો, ગોદિકાજી! પૈસા-બૈસા રળવામાં હુશિયાર એને શું કહેવું?

મુમુક્ષુ :- શાસ્ત્રો તો એમ જ કહે ને.

ઉત્તર :- શાસ્ત્ર. આ મૂરખાઓ કાંઈક બીજું કહે એટલે થાતું હશે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે કે, પ્રભુ! મારો આત્મા મારે આલંબન. આહાહા..! બધું કાઢી નાખ. સંયોગી ચીજને કાઢી નાખી, સંયોગને લક્ષે થતાં વિકલ્પને કાઢી નાખ્યો, વિકલ્પનું જ્ઞાન કરનારી વર્તમાન પર્યાય પરલક્ષી એને પણ કાઢી નાખી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? મારો આત્મા મારે અવલંબન છે. આહાહા..! ગજબ વાત કરી છે ને. ધર્મીની દૃષ્ટિમાં તો આત્મા જ અવલંબનમાં છે. આ બાહ્ય મૂર્તિ ને શાસ્ત્રો ને આગમ ને એમ કહેવાય છે. એ તો શુભભાવ જ્યારે હોય તે કાળે તે તરફનું લક્ષ જાય, છતાં શુભભાવનું એ આલંબન નથી. સમજાણું કાંઈ? શુભભાવ પણ સ્વતંત્ર તે કાળે તે વખતનો સમય હોય ત્યારે તે થાય છે. એટલે શુભભાવને માટે પણ પરવસ્તુ આલંબન નથી. આહાહા..! ગજબ વાત છે.

અહીં તો કહે છે કે મને મારા આત્માને ત્રણ લોકના નાથ સિદ્ધ, અરિહંતો, પંચ પરમેષ્ઠી મારે આલંબન નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને ધર્મની શરૂઆત થતાં પહેલા દરજ્જાનો વિકાર રહિત ધર્મભાવ એ એમ પોકાર કરે છે કે મારે આલંબન તો પ્રભુ આત્માનું છે. મારે આલંબનમાં મારી પર્યાયનું આલંબન નહિ એમ કહે છે. આહાહા..! આલંબન તો એ પર્યાય આમ જાય છે, પણ એ પર્યાય પર્યાયનું આલંબન છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'आलंबनं' પાઠ છે ને મૂળ જુઓ. આ ગાથાઓ તો

સ્થાનકવાસી સંપ્રદાયમાં છૂટી છૂટી ગાથાઓમાં આ ગાથાઓ આવતી હતી, પહેલેથી. આ '**ममत्तिं परिवज्जामि**' એમ છૂટી છૂટી ગાથાઓ આ લોકોએ .. કરી અને પહેલી શરૂઆતમાં એ લોકોને .. સ્તુતિ છે ભગવાનની એમાં ભેગી આ બધી ગાથાઓ આવે છે. આ ૫૭, ૫૮, આ ૫૯ એ ત્રણ ગાથાઓ છે. સંપ્રદાયમાં ચાલતી હતી. .. ગાથા કહેવાય એનું નામ. છૂટી છૂટી. પણ એના અર્થની ખબર ન મળે, ભાવની ખબર ન મળે. આહાહા..!

અહીં તો કહે છે કે મારો રાજીપો તો આત્માના આલંબનમાં રાજીપો છે. મારે પરના આલંબનમાં રાજીપો મારે નથી ભાઈ! કેમકે જો હું પરના આલંબનમાં જાઉં છું ત્યારે મને રાગ થાય છે. સમજાણું કાંઈ? મારો આતમરામનું આલંબન મને થતાં મને આરામ મળે છે. આહાહા..! ઓલા સીતાજી વશ નહોતા થતા રાવણને. લઈ ગયો રાવણ સીતાજીને. એ તો મહાસતી સમ્યગ્દ્રષ્ટિ જીવ ધર્માત્મા છે ને. રાવણ કહે છે, સતી! વશ થા. હરીને લઈ આવ્યો છું જો મારા બાગમાં. આમ જોવે તો ઓહોહો..! આ બાગ. સીતાને ઉપાડી ગયો. પછી વશ ન થાય ત્યારે રાવણ કહે છે બીજાને કે આ સીતા વશ ન થાય, હવે કરવું શું? રામનું રૂપ લે તો વશ થાય. રામનું રૂપ લે તો વશ થાય. ભાઈ! રામનું રૂપ જ્યાં લઉં ત્યાં સીતા માતા દેખાય છે. હું જ્યાં રામનું રૂપ ધારણ કરું ત્યાં સીતા માતા દેખાય છે. એમ કહે છે કે જ્યાં આત્માનું રૂપ ધારણ કરું ત્યારે મને રાગાદિનું હેયપણું જણાઈને આત્માનો પ્રેમ ત્યાં મને થાય છે. સમજાણું કાંઈ? હું મારા રૂપમાં જ્યારે આવું ત્યારે મારું રૂપ પ્રસન્ન થાય છે. આહાહા..! રાગ અને પુણ્યની ક્રિયામાં મારું રૂપ નથી. એમાં મારો રાજીપો નથી, એમાં મારી હોંશ નથી, એમાં હું નથી અને એ મારામાં નથી. આહાહા..! આ ભેદજ્ઞાન. આ ભેદજ્ઞાન. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' અમૃતચંદ્રાચાર્ય. જેટલા મુક્તિને પામ્યા અત્યાર સુધી અનંત જીવો ભેદવિજ્ઞાનથી. એ રાગ ને સંયોગથી ભિન્ન પાડીને મુક્તિને પામ્યા છે. મુક્તિ શબ્દે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ એ બધું ભેદજ્ઞાનથી પામ્યા છે. '**अस्यैवाभावतो**' ભેદજ્ઞાનનો જ્યાં અભાવ છે એ બધા બંધનને પામીને નરક ને નિગોદમાં રખડે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, મારો આત્મા .. ગજબ વાત કરી છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને ધર્મી જીવનો આધાર અને આલંબન હોય તો પ્રભુ આત્મા છે. કેમકે એ આત્મામાં એક અધિકરણ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? અધિકરણ નામનો એક ગુણ છે કે જે પોતાના આધારે નિર્મળ પર્યાય થાય. એના આધારને બીજા રાગાદિ વ્યવહારની જરૂર નથી. હવે અહીં તો કહે છે કે એ વ્યવહાર જેટલો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, બાર વ્રતનો અને શાસ્ત્ર તરફના ભણતરની દશા એ મારું આલંબન જ નથી. એ મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! મારું એ આલંબન જ નહિ અને મારામાં એ નહિ ને. આહાહા..! એ બધા વ્યવહારનો તો હું નિષેધ કરું છું અને ભગવાન આત્માને અંગીકાર કરીને આદર કરું છું. આહાહા..! આવું જેને ભાન નથી '**अस्यैवाभावतो**' એમ ત્યાં નથી કહ્યું

કે કર્મને લઈને બંધાણા અને દર્શનમોહને લઈને બંધાણા. એમ નથી કહ્યું. રાગ અને આત્માના ભેદજ્ઞાનના અભાવને લઈને બંધાયેલો છે. ધન્નાલાલજી! આહાહા..! માર્ગ પ્રભુ તારી પાસે છે. દૂર નથી. તું પોતે છો. આહાહા..! કેમ મહિમા આવે? કોક બીડીમાં લૂંટાઈ જાય. એક બીડી સારી પીવે ત્યાં આમ જાણે. મગજ તૃપ્ત થઈ જાય. બે બીડી સીગરેટ પીવે ત્યારે પાયખાનામાં દસ્ત ઉતરે, અડદની દાળ સદડી ન થાય તો ઢીંચણીયું ઉછળે. હવે એને આ વાત કેમ બેસે? આહાહા..! અરે..! પણ બે, પાંચ, દસ લાખ પૈસા મળે ને રાજીપો થાય, બાપા! એ રાજીપા તારા ખોટા છે બધા. આહાહા..! રામને રીઝવ આત્માને. સમજાણું કાંઈ?

'**आलंबणं च मे आदा**' મારે તો આત્મા આલંબન છે. આહાહા..! સ્થાનકવાસી અને દેરાવાસીમાં તકરાર છે ને? સ્થાકનવાસી કહે કે મૂર્તિનું આલંબન ન હોય. ઓલા કહે કે મૂર્તિનું આલંબન હોય. એ તકરાર પહેલેથી કરતા. એ એક અપેક્ષાએ શુભભાવ જ્યારે હોય ત્યારે મૂર્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન છે એમ નિમિત્તથી કહેવામાં આવે છે. પણ એ શુભભાવ અને બહારની ચીજ એ આત્માના અવલંબનને માટે કામની નથી. સમજાણું કાંઈ? અને એવા આત્માનું આલંબન જેણે લીધું અને દર્શન, જ્ઞાન અને શાંતિ પ્રગટી, એને પણ પૂર્ણ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી એને શુભભાવ આવે અને શુભભાવમાં બહારની ચીજ ને નિમિત્તને આલંબન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે '**आलंबणं च मे आदा**' આહાહા..! '**अवसेसाइं वोसरे**' જુઓ! '**वोसरे**' શબ્દ આમાં આવ્યો. ભાઈ ઓલામાં આવે છે ને '**वोसरे**' '**वोसरे**' નિયમસારમાં આવે છે ને. આહાહા..! મારો ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ઠસોઠસ ભરેલો મારો નાથ મારે આધાર છે. આહાહા..! એને આધારે મારો ધર્મ થાય છે. હું એને આધારે જીવેલો છું. આહાહા..! સમજાણું કાંઈ? રાગાદિભાવ એ મારા નહિ અને મારા પ્રત્યે મને એનાથી લાભ પણ નહિ થાય. આહાહા..!

હવે ગાથા ૫૮. '**આગે કહતે હૈં કિ જ્ઞાન, દર્શન, સંયમ, ત્યાગ, સંવર ઔર યોગ યે ભાવ ભાવલિંગી મુનિકે હોતે હૈં,...**' શું કહે છે? આત્મામાં '**आदा खु मज्झ णाणे**' મારી જ્ઞાનની નિર્મળ પર્યાયમાં આત્મા જ આલંબન-આધાર છે. એમાં આત્મા આવ્યો છે કહે છે. મારા સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં ... છે ને? '**મેરે જ્ઞાનભાવ પ્રકટ હૈ ઉસમેં આત્માકી હી ભાવના હૈ,...**' વાત તો એમ છે. '**आदा खु मज्झ णाणे**' મારા સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આત્મા છે. સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રજ્ઞાન કે પરવસ્તુ એ મારા સમ્યગ્જ્ઞાનમાં નથી. પંડિતજી! શાસ્ત્રજ્ઞાન નથી એમ કહે છે. આહાહા..! ''**आदा खु**' પાછું એમ છે ને. નિશ્ચયથી કહીએ છીએ કે મારા આત્મામાં, મારા જ્ઞાનમાં, સમ્યગ્જ્ઞાનમાં આત્મા છે. મારું સમ્યગ્જ્ઞાન આત્માને અવલંબે પ્રગટ્યું છે. મારું સમ્યગ્જ્ઞાન શાસ્ત્ર અને દેવ-ગુરુને અવલંબને પણ પ્રગટ્યું નથી. આહાહા..! આવી વાતું છે.

એ તો સમજાવવાની ભાષા ... વાત આ છે. '**आदा खु मज्झ णाणे**' મારી જ્ઞાનની દશા. દશા હોં! પર્યાય. એમાં આત્મા વસ્યો. પણ એ જ્ઞાનની પર્યાય આત્માથી થઈ છે. એ જ્ઞાનની પર્યાય કોઈ રાગ ને વ્યવહાર ને નિમિત્તથી થઈ નથી. આહાહા..! આ વાત બેસવી જગતને (કઠણ). કહે છે કે તમે સાંભળો તમને જ્ઞાન થશે. હે સકર્ણ! આવે છે ને દર્શનપાહુડમાં. હે કાનવાળા! સાંભળ. આને સમ્યગ્દર્શન વિનાના પ્રાણીને વંદન કરીશ નહિ. જે મિથ્યાત્વના સેવનારા છે. આહાહા..! હે સકર્ણ! અહીં કહે છે કે એ જે મેં કહ્યું હતું એ તો અપેક્ષિત વ્યવહાર હતો. સમજાણું કાંઈ?

એ સાંભળવાનું તને કહ્યું ... અને અહીં છે ને '**वोच्छामि समयपाहुडम**' પહેલી ગાથામાં. હું સમયપ્રાભૃતને કહીશ. ભાઈ! આત્મા .. ખપે નહિ અને કહીશ ક્યાંથી આવ્યું આ? ભાઈ! સમજાવવામાં તે આવ્યા વિના રહે નહિ. છતાં આચાર્ય તો પોકાર કરે છે કે હું વિકલ્પમાં આવતો નથી તો વાણીમાં આવું એ ક્યાંથી બને? મારો ભગવાન આત્મા તો નિર્મળ પરિણામમાં આત્મા રહેલો છે કેમકે એને લક્ષે, એને ધ્યેયે અને એને ધ્યાને પ્રગટેલું જ્ઞાન છે. કોઈ શાસ્ત્રના ભણતરથી પ્રગટેલું એ જ્ઞાન નથી. આહાહા..! નિશ્ચય વાતું જગતને એવી લાગે. પરમ સત્ય આ છે. આહાહા..! એ વ્યવહારું જ્ઞાન જેટલું થાય શાસ્ત્ર આદિનું એમાં આત્મા ન આવ્યો એમ કહે છે.

ભગવાન આત્મા.. '**આત્માકી હી ભાવના હૈ, જ્ઞાન કોઈ ભિન્ન વસ્તુ નહીં હૈ, જ્ઞાન હૈ વહ આત્મા હી હૈ,...**' આહાહા..! મૂળ તો જ્ઞાનની પરિણતિ એ આત્માથી થઈ છે અને એ આત્માને તાબે થઈને થયેલી છે.. જ્ઞાનની પરિણતિ આત્માને તાબે થઈ છે. એ રાગને તાબે અને વ્યવહારને તાબે થઈને જ્ઞાનની પરિણતિ થઈ નથી. આહાહા..! પછી માણસ કહે હોં માળા, આ સોનગઢમાં તો વ્યવહારનો તો નાશ કરી નાખે છે. અરે..! ભગવાન! આ શું કહે છે? આ તો કુંદકુંદાચાર્ય કહે છે. '**आदा खु मज्झ णाणे**' એ ગાથા આપણે આવે છે સમયસારમાં. '**आदा खु मज्झ णाणे**' આહાહા..! ચારેકોરથી સમેટીને પૂર્ણ ભગવાન આત્મા એના ભેદમાં જ્ઞાનગુણ, ત્યારે કહે છે કે મારી જ્ઞાનની પર્યાયમાં તો આત્મા આવ્યો છે. આહાહા..! આત્મા દ્રવ્યો છે. એ જ્ઞાનની પર્યાયમાં દ્રવણ, શ્રવણ, વહેણ, પરિણમન એનું છે. એ જ્ઞાનનું પરિણમન રાગ ને નિમિત્તનું નહિ. એ મારા જ્ઞાનનું પરિણમન વ્યવહારનું નહિ. આહાહા..! બલુભાઈ! આવું ઝીણું બહુ પણ હોં!. દવાખાનામાં તો શું પાધરું ગોળીયું હલાવે ને આ કરે. એ પણ હલાવી શકતો નથી એમ કહે છે.

'**आदा में दंसणे चरित्ते य**' આહાહા..! મારા સમ્યગ્દર્શનમાં આત્મા છે. મારી પ્રતીતિ જે થઈ છે નિર્વિકલ્પ, એ આત્માથી થઈ છે માટે આત્મા એમાં આવ્યો છે. દર્શને આત્માને પૂર્ણાનંદનો નાથ એને મેં કબુલ્યો છે. એને રાગની અને નિમિત્તના અવલંબનની જરૂર નથી એવું જે સમ્યગ્દર્શન એમાં મારો આત્મા જ આધાર છે. આહાહા..! વ્યવહાર-ફ્યવહારને તો ઉડાવીને તો ભુક્કો બોલાવી દીધો છે. મૂળચંદભાઈ! મારા '**દર્શનમેં ભી આત્મા હી હૈ.**' આહાહા..! સમ્યગ્દર્શન—શુદ્ધ સ્વભાવ ધ્રુવ

પરિપૂર્ણ પ્રભુ, એના અવલંબને થયેલી દૃષ્ટિ, એ દૃષ્ટિમાં ભગવાન લક્ષમાં આવ્યો ત્યારે દૃષ્ટિ થઈ છે. એ દૃષ્ટિમાં રાગ અને પર્યાય લક્ષમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી દર્શન ન થાય એમ કહે છે. દર્શનમાં આખો આત્મા આમ ને આમ છે એમ કહે છે. દર્શનમાં, જ્ઞાનમાં એ પર્યાય, રાગ અને નિમિત્ત નહિ. જ્ઞાનમાં એ આખો આત્મા મારે આલંબન હતો. આહાહા..! એમ સમ્યગ્દર્શનની પર્યાયમાં મારો આત્મા છે. એ સમ્યગ્દર્શનની પર્યાયમાં દેવ-ગુરુ નથી આધાર, એને દેવ-ગુરુથી શ્રદ્ધા પ્રગટેલી વિકલ્પ નહિ આધાર, વિકલ્પમાં એ નહિ અને દર્શનની પર્યાયમાં એ વિકલ્પ નહિ અને જ્ઞાનની વર્તમાન પર્યાયનો અંશ જે પરલક્ષી છે એમાં આત્મા આવ્યો નથી. માટે તે જ્ઞાનની પરલક્ષી પર્યાય મારાથી ભિન્ન છે. આહાહા..! આવી વાતું ભાઈ!

દર્શનમાં આત્મા છે. આહાહા..! પહેલા તો સામાન્ય સમ્યગ્જ્ઞાનની પર્યાય કીધી એમાં પણ આત્મા કીધો. સમ્યગ્જ્ઞાનમાં પર્યાય આવી છે એમ ન કીધું. પંડિતજી! આહાહા..! ધ્રુવ ચૈતન્યનું બિંબ આખું તેજમય, જેના તેજમાં પર્યાય પ્રગટ થઈ એ પર્યાયનો આધાર અને આલંબન તો એ આત્મા જ રહ્યો. આહાહા..! ચારેકોરથી સંકેલીને અંદરમાં જા એમ કહે છે. એ વિના તારો આશ્રય કોઈ મળશે નહિ.

'**दंसणे**' દર્શનને પણ. જેવો જ્ઞાનમાં આત્મા છે એવું દર્શનમાં આત્મા જ છે. સમ્યગ્દર્શનનો ધર્મ જે છે.. આહાહા..! એમાં નથી દેવ-ગુરુ-શાસ્ત્ર, એમાં નથી દેવ-ગુરુ-શાસ્ત્રથી શ્રદ્ધા થઈ.. શ્રદ્ધાનો રાગ, એમાં નથી તે પર્યાયનો આધાર. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને. માર્ગ એવો છે, બાપા! 'પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ ત્યાં.' સમજાણું કાંઈ? એ વીરાના માર્ગ વીરના છે. વીરનો માર્ગ વીરાઓનો છે. રાંકા, નપુંસકનો એ માર્ગ નથી. એં.. એં.. આ વ્યવહાર વયો જાશે ને. હવે સાંભળને. અહીંયાં તો ત્યાં સુધી કહ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને રચે રાગ એ વીર્ય નહિ, નપુંસક છે. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- કઠણ લાગે છે.

ઉત્તર :- મૂળ વાત તો કઠણ જ લાગે ને. આહાહા..! બાપુ! તને તારો આત્મા કેવડો અને કેવો છે એની ખબર નથી. આહાહા..! એ તો અલિંગગ્રહણમાં નથી કહ્યું? આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણમાં આવે છે. છઠ્ઠો બોલ આવે છે. અલિંગગ્રહણમાં વીસ બોલ આવે છે. એનો છઠ્ઠો બોલ આ છે. આત્મા પોતાના સ્વભાવથી (જણાય), રાગથી, નિમિત્તથી, પરથી નહિ. આહાહા..! પોતાના સ્વભાવથી જણાય એવો આત્મા અને તે પ્રત્યક્ષ દૃષ્ટા છે, પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! પરોક્ષપણું રહેવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુ પોતે પ્રત્યક્ષ થાય એવી એ ચીજ છે. આહાહા..! પ્રત્યક્ષ જ્ઞાતા છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા છે. એને કોઈ રીતે, બીજી રીતે કલ્પે તો એ આત્મા જણાશે નહિ. પરોક્ષપણે પણ આત્મા રહે એવું પણ આત્માનું સ્વરૂપ નથી એમ કહે. આહાહા..! શક્તિના વર્ણનમાં આવી ગયું છે એ. પ્રકાશશક્તિ છે બારમી. શક્તિ

છે ને ૪૭માં એક પ્રકાશશક્તિ છે. એ શક્તિનું સ્વરૂપ શું? કે આત્મા પ્રત્યક્ષ વેદનમાં આવે એવો જ એનો ગુણ છે. આહાહા..! હજી અહીંના માણસ ન સમજે એને વિલાયતના માણસને સમજાવવું આકરું. ધૂળેય સમજે નહિ ને. એય..! મૂળચંદભાઈ! મૂળચંદભાઈ કાલે આવ્યા હતા.

મુમુક્ષુ :- સમજાવનારા...

ઉત્તર :- મૂળચંદભાઈ કાલે આવ્યા હતા કોક છે ને ઓલો નરેન્દ્ર. અમેરિકા. મંદિર કરવાના છે. પુસ્તક આપો બધા. પણ અહીંનું પુસ્તક વાંચતા આવડશે કોને?

મુમુક્ષુ :- આપ પધારશો તો બધા સમજશે.

ઉત્તર :- ત્યાં કોણ જાતા હતા અમેરિકા? આહાહા..! આ ચીજ બાપુ! એ કાંઈ ગુરુગમ વિના અને આત્મગમ વિના સમજાય એવી નથી. હવે અહીંના હજી જૈનમાં રહેલા જન્મ્યા ને માંડ માંડ સમજાય. એય..! જયંતિભાઈ! એને ખબર નહિ હોય? જયંતિભાઈ ત્યાં રખડે છે તે અમેરિકામાં છોકરા પાસે. હજી અહીં સમજાય નહિ એ ત્યાં એ લોકોને શી રીતે સમજાતું હતું? સમજાણું કાંઈ? એ પ્યાલા અજર પ્યાલા છે આ તો. જેનું કલ્યાણ કરવું હોય, જેને જન્મ-મરણના આંટા મટાડવા હોય એના માટેની આ વાત છે. .. હોય એને માટે આ વાત નથી. આહાહા..! પણ જેને સમજવું હોય એને સારું લાગે. નહિતર તો સારો અનાજ હોય તો સારું ન લાગે, ભૂખ ન લાગી હોય તો. આહાહા..! એમ જેને આત્મા.. અરે..! હું કોણ છું? ક્યાં છું? કેમ છું આ? અને મારો ધર્મ મને કેમ પ્રગટતો નથી? સમજાણું કાંઈ?

પ્રશ્ન કર્યો હતો ને? એક ફેરી અહીં થયો હતો. કે મહારાજ! આ આત્મા જ્યારે કારણપરમાત્મા છે. કારણપરમાત્મા આત્મા છે તો કારણપરમાત્માનું કાર્ય તો આવવું જોઈએ. કારણ છે તો કાર્ય આવવું જોઈએ. પ્રશ્ન થયો હતો. આત્માને કારણપરમાત્મા કહો, કારણપરમાત્મા ધ્રુવ ચૈતન્ય ભગવાન, એને જ્યારે તમે કારણપરમાત્મા કહો તો કારણનું કાર્ય તો આવવું જ જોઈએ. અને કેમ આ કારણપરમાત્મા છે ને કાર્ય આવતું નથી? શું કીધું પંડિતજી સમજાણું? કારણપરમાત્મા હોય તો કારણ આવવું જોઈએ. બાપુ! પણ કારણ પરમાત્મા છે એ તેં સ્વીકાર્યો છે ક્યાં? કારણપરમાત્મા પોતે ભગવાન ત્રિલોકનાથ અખંડાનંદ ચૈતન્ય છે એવો કારણપરમાત્મા એ તો શાસ્ત્રે, સર્વજ્ઞે કહ્યું, પણ તારા શ્રદ્ધામાં, પ્રતીતમાં, વિશ્વાસમાં કારણપરમાત્મા આવે ત્યારે તારે માટે કારણપરમાત્મા છે. સમજાણું કાંઈ? ત્યારે કાર્ય આવ્યા વિના રહે નહિ. આહાહા..!

ભગવાન આત્મા કારણપ્રભુ. નિયમસારમાં તો બહુ વખત છે ને. કારણપરમાત્મા.. કારણપરમાત્મા. એ પ્રશ્ન ઉઠ્યો હતો ભાઈ એક વારિયાને. કારણ છે તો કાર્ય આવે જ તે. કોણે ના પાડી? કહ્યું. કારણપરમાત્મા છે એ દૃષ્ટિમાં આવ્યું છે? દૃષ્ટિમાં આવ્યું છે? વિશ્વાસમાં આવ્યું છે? રુચિ કરી છે? એની રુચિ કરી નથી અને કારણપરમાત્મા છે, ક્યાં છે? તારી દૃષ્ટિમાં તો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે જેને આ આત્મા કારણપરમાત્મા પૂર્ણાનંદનો નાથ છે એવી જેને શ્રદ્ધામાં આશ્રય લઈને

પ્રગટ્યું છે એ શ્રદ્ધામાં મારો આત્મા છે. એ શ્રદ્ધામાં મારો આત્મા વસેલો છે. આહાહા..! વસ્યો એને કારણપરમાત્મા છે. નથી વસ્યો.... પણ એક સમયની પર્યાયને જાણે, રાગને જાણે, નિમિત્તને જાણે અને એ કહે કારણપરમાત્મા. તો છે ક્યાં? તને ક્યાં આવ્યો આ? સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! છે તો છે. પણ છે એનો વિશ્વાસ કોને આવ્યો? આહાહા..! જેણે એને લક્ષમાં લઈને, આશ્રય કરીને દૃષ્ટિ પ્રગટ કરી, એને કારણપરમાત્મા છે એ છે. અને એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું કાર્ય આવ્યા વિના રહે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! આહાહા..! એ અહીં કહે છે.

દર્શનમાં મારો આત્મા આવ્યો છે. મેં દર્શનમાં મારા આત્માને સ્વીકાર્યો છે. આહાહા..! આવો મહાપ્રભુ જેમાં, અનંતી કેવળજ્ઞાનની પર્યાયો જેના એક જ્ઞાનગુણમાં સમાઈ ગઈ છે. એવી એવી ક્ષાયિક સમકિતની અનંતી પર્યાયો જેના શ્રદ્ધાગુણમાં પડી છે. યથાખ્યાતની ચારિત્રની રમણતાની પર્યાય એવી અનંતી રમણતાની પર્યાય જેના અંતર ચારિત્રગુણમાં પડી છે. સુખની સાદિ અનંત જે પર્યાય પૂર્ણાનંદ આદિ એ બધી પર્યાયો મારા સુખગુણમાં પડી છે. એ બધા ગુણનો પુંજ તે આત્મા છે. એ આત્મા મારા દર્શનમાં વસે છે એમ કહે છે. આવો આત્મા મારા દર્શનમાં વસે છે. સમજાણું કાંઈ? મારા પ્રતીતમાં આવ્યો હોય તો આવો આત્મા આવ્યો. એમ કહે છે. આહાહા..!

**'आदा में दंसणे चरित्ते य'** બીજો બોલ. ચારિત્રમાં મારો આત્મા છે. આહાહા..! મારી રમણતા એ ચૈતન્યના આશ્રયે થઈ છે. એ મારી રમણતામાં આત્મા આવ્યો છે. મારી રમણતામાં વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આવ્યો નથી. આહાહા..! આ રાડું પાડે છે ને કે વ્યવહારરત્નત્રય સાધન છે, વ્યવહાર કારણ છે. એ બધી વાતું વ્યવહારના કથનને છોડી દે. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. અરે..! એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. સાધન-ફાધન કેવું? જેને વ્યવહારે સાધન કહ્યું તે અંતર નિશ્ચયમાં બાધક છે. સમજાણું કાંઈ? આહાહા..!

મારા ચારિત્રમાં... જ્ઞાનમાં સ્થિર રહેવું એ ચારિત્ર. ચારિત્ર કોઈ આ પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ એ ચારિત્ર નથી. આહાહા..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ એમાં સ્થિર થવું, રમવું, જામી જવું, આત્માના આનંદનું ભોજન ઉગ્રપણે કરવું. આહાહા..! આત્માના અતીન્દ્રિય આનંદનું-નિત્યાનંદનું જેના વેદનમાં આનંદનું ઉગ્રપણું થયું એ આનંદના ઉગ્રપણામાં મારો નાથ આવ્યો છે. મારા ચારિત્રમાં આત્મા છે. આહાહા..! મારા ચારિત્રમાં રાગ અને વ્યવહાર છે નહિ. આવી વાતું છે, બાપુ! સાધારણ પ્રાણીને તો એ દુનિયા રખડીને મરી ગયો છે એમ ને એમ ચોર્યાસી અવતારમાં. એવા દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી છે એને ખબર નથી. આનંદનો નાથ તારો સ્વભાવ છે. પૂર્ણાનંદનો પ્રભુ પોતે છે. મારી રમણતામાં મારો આત્મા આવ્યો છે કહે. આહાહા..!

**'चरित्ते'** આહાહા..! એમ મારા આત્મામાં પ્રત્યાખ્યાન. આહાહા..! પ્રત્યાખ્યાન જેને પચ્ચખાણ કહે છે ને, એ પચ્ચખાણ નિર્મળ વીતરાગી પર્યાય છે. આ પચ્ચખાણ કર્યા અમારે છ .. ... એ નહિ.

આહાહા..! આત્મા આનંદનું જ્ઞાનસ્વરૂપી એની જ્ઞાનની દશાની... જ્ઞાન તે પચ્ચખાણ આવે છે ને ૩૪ ગાથામાં. પચ્ચાખણ શબ્દે રાગનો અભાવ અને નિર્મળતા વીતરાગની પર્યાયનો સદ્ભાવ એવું જે પચ્ચખાણમાં મારો આત્મા છે. આહાહા..! આત્માને આધારે થયું છે, આત્મા એમાં રહેલો છે અને આત્માનું એ શુદ્ધ પરિણમન છે. ભારે આકરી વાતું લાગે છે. વ્યવહારના પક્ષીઓને તો—વ્યવહારના આગ્રહીઓને તો આ લાગે કે આ તો બે નયનો વિષય છે. (અને) આ એક નયની વાતું છે. એ બે નયમાં બીજો નયનો નિષેધ આવ્યો અને એક નયનો આશ્રય આવ્યો. બેય નય આવી ગઈ. પણ તું એને વ્યવહારનયને આદરણીય માન અને આને આદરણીય માન તો બે નય, એ નય જ નથી.

**'આગામી પરદ્રવ્યકા સંબંધ છોડના હૈ,...'** પરદ્રવ્યનો સંબંધ છોડવાનો, રાગનું છોડવું, એમાં મારો આત્મા જ છે. અસંજ્ઞી પ્રભુનો સંગ કરતા એ રાગનો સંગ છૂટી જાય એવા અસંગ પરમાત્માના સંગમાં પરિણમેલી પરિણતિ, એ પરિણતિમાં મારો પ્રભુ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આત્માના ગાણા છે આ. **'આત્મા હી હૈ સંવર,...'** લ્યો આ સંવર-સંવર. .. એમાં પચ્ચખાણ કરાવો. ધૂળેય નથી સંવર, સાંભળને. સંવરમાં તો શુદ્ધિનું પ્રગટવું છે. ભાવપાહુડ છે ને. પુણ્ય અને પાપના રાગરહિત જ્યાં શુદ્ધિની પ્રગટતા, એ શુદ્ધિની પ્રગટમાં પ્રભુ આત્મા વસે છે. એ આત્માના આશ્રયે શુદ્ધિ પ્રગટ થઈ છે. એ કાંઈ શુભભાવને આશ્રયે સંવરદશા પ્રગટ થાય નહિ. એવું ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુમાં નથી. આજ માન, કાલે માન, પછી માન, આ માને છૂટકો છે. આહાહા..!

કહે છે, મારા સંવરમાં મારો નાથ આત્મા છે. આહાહા..! **'ઔર યોગ કા અર્થ એકાગ્રચિત્તરૂપ સમાધિ-ધ્યાન હૈ,...'** આહાહા..! શું કહે છે એ? .. પરમાત્માનું ધ્યાન કરવું, અરિહંતનું ધ્યાન કરવું. જ્ઞાનાર્ણવમાં બહુ આવે છે. આમ ચિંતવું, આમ ચિંતવું, આમ ચિંતવું. કહે છે કે બાપુ! ધ્યાન તો એને કહીએ કે જેમાં આત્મા ધ્યેયમાં, લક્ષમાં આવે. આત્માના ધ્યેય ધ્યાન થાય ત્યાં ધ્યાનમાં આત્મા આવ્યો છે. આત્માના ધ્યેય વિનાના તારા ધ્યાન તેને ધ્યાન કહેતા નથી. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... કરે છે. ધ્યાન ધૂળેય નથી સાંભળને. મારો યોગ એટલે જોડાણ, ધ્યાન. મારું પૂર્ણાનંદનું સ્વરૂપ તેના ધ્યાનમાં ધ્યેય તો આત્મા છે. ધ્યાનમાં ધ્યેય કોઈ વિકલ્પ અને પર્યાય પણ છે નહિ. આહાહા..! મારા ધ્યાનની દશામાં આત્મા ધ્યેય છે. મારા ધ્યાનની દશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર નહિ, એની માનેલી શ્રદ્ધા નહિ અને એક સમયની પર્યાય મારા ધ્યાનનું ધ્યેય નહિ. આહાહા..! એ **'મેરા આત્મા હૈ.'** આહાહા..! કેટલા બોલ થયા? જ્ઞાન, દર્શન, ચારિત્ર, પચ્ચખાણ, સંવર અને યોગ. છ બોલ થયા છ. બધામાં આત્મા, આત્મા એને કહીએ તો એ ધર્મ કહેવાય. નહિતર એ ધર્મની પર્યાય હોઈ શકે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૪, મંગળવાર તા. ૨૨-૦૧-૧૯૭૪**
**ગાથા - ૫૮-૫૯, પ્રવચન - ૯૬**

આ અષ્ટપાહુડમાં ભાવપાહુડ. ૫૮ ગાથા. એમાં ભાવાર્થ છે ને. એમાં શું કહ્યું? કે જે આત્મામાં સમ્યગ્જ્ઞાન થાય, મોક્ષનું કારણ. એવી સમ્યગ્જ્ઞાનની પર્યાય જે છે એનો આધાર અવલંબન આત્મા છે. એ સમ્યગ્જ્ઞાનની પર્યાય આત્માને અવલંબે થાય છે. અથવા એ સમ્યગ્જ્ઞાનનું કાર્ય એ આત્માનું કાર્ય છે. એ કોઈ શાસ્ત્ર ભણતર કરે કે પંચ મહાવ્રતાદિ પાળે એનાથી જ્ઞાનનું કાર્ય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે '**જ્ઞાનાદિક કુછ ભિન્ન પદાર્થ તો હૈં નહીં,...**' આ જ્ઞાન એટલે પુસ્તકનું, શાસ્ત્રનું જ્ઞાન નહિ. જે જ્ઞાનની પર્યાય-અવસ્થા સમ્યગ્જ્ઞાનદર્શન સહિત એ જ્ઞાનની પર્યાયનું કાર્ય એ આત્માનું છે. એ કાર્ય કોઈ શાસ્ત્ર ભણતરથી થયું છે કે કોઈ ગુરુની કૃપાથી થયું છે કે શાસ્ત્રને, ગુરુને કારણે જ્ઞાન થાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**આત્માકે હી ભાવ હૈં,...**' સમ્યગ્જ્ઞાનની પર્યાય એને સમ્યગ્દર્શનની પર્યાય એ આત્માનો જ ભાવ છે, આત્માની જ પર્યાય છે. એ સમ્યગ્દર્શનનું કાર્ય આત્માનું છે. સમ્યગ્દર્શનનું કાર્ય એ વ્યવહાર રાગાદિ કે નિમિત્તનું એ કાર્ય નથી. આહાહા..! ઝીણી વાતું ભારે ભાઈ! જગતને તત્ત્વ શું છે ... એ ગાથા બહુ મર્મની મૂકી છે. આત્માની સમ્યગ્દર્શન પર્યાય એ અનંતકાળમાં થઈ નથી એવી જે સમ્યક્‌પર્યાય એનું કારણ અથવા સમ્યગ્દર્શનમાં એ આત્મા આવ્યો છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા આવ્યો છે. એની પર્યાયમાં રાગ અને નિમિત્તથી એ પર્યાય થઈ છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ સમ્યક્‌ચારિત્ર. એના બોલ બધા. ચારિત્રની જે વીતરાગી પર્યાય અંદરમાં થાય એ કાર્ય આત્માનું છે. એ ચારિત્રની પર્યાયમાં આત્મા ભગવાન નિર્મળ પોતે આવેલો છે. આહાહા..! એ ચારિત્રનો પર્યાય એ આત્માનું સ્વરૂપ જ છે. કેમકે નિર્વિકારી દશા આત્મામાં થાય, પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! એમ સાધુના જે અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ છે એ ચારિત્ર નથી. તેમ એ ચારિત્રનું કારણ નથી. પંચ મહાવ્રત પરિણામ ચારિત્રનું કારણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હિન્દીમાં ચાલે નહિ. તમને ક્યાં આવડે છે ગુજરાતી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક મહિનો નહિ ચાલે. જેમ ચાલે છે એમ. પાંચમથી ચાલશે. વહેલા કોઈ માણસ આવે તો ચાલે. મહોત્સવમેં તો હિન્દી હી ચલેગા. મહોત્સવ પહલે ભી થોડે હિન્દી આ ગયે. આ હિન્દી છે તો હિન્દી કરો એમ કહે છે. એમ કહે છે કે આત્માની જો જ્ઞાનરૂપી સમ્યક્ પર્યાય હૈ વહ આત્માકા કાર્ય

હૈ. એ સમ્યગ્જ્ઞાનકી પર્યાયમેં આત્મા પરિણમન કરકે આયા હૈ. કોઈ શાસ્ત્ર પરિણમન કરકે જ્ઞાન આયા હૈ ઐસા હૈ નહીં. આહાહા..!

ભગવાન આત્મા પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ સે ભરા પડા હૈ. યહ સમ્યગ્જ્ઞાનકી પર્યાયમેં યા સમ્યગ્દર્શનકી પર્યાયરૂપ કાર્યમેં, સમ્યક્ચારિત્રકી પર્યાય કાર્યમેં આત્મા હી બસા હૈ. વહ આત્માકા હી ભાવ હૈ ઔર આત્માકા વહ કાર્ય હૈ ઔર ઉસ પર્યાયમેં આત્મા આલંબન હૈ. આહાહા..! આવી વાત ભારે ઝીણી. દુનિયાને બહારથી દોરી દીધા. પંચ મહાવ્રત પાળો, શાસ્ત્રનું જ્ઞાન કરો તે જ્ઞાન. ધૂળેય નથી જ્ઞાન.

મુમુક્ષુ :- માન તો મળે

ઉત્તર :- માન મળે. દુનિયા કહે વખાણે. પાગલ વખાણે પાગલને. સમજાણું કાંઈ? પાગલની હોસ્પિટલમાં પાગલ મોટો સારો હોય એને સારો કહે.

અહીં તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના કોલેજની વાત છે. આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માનો એ હુકમ છે, એ આજ્ઞા છે, એ આદેશ છે, એ દિવ્યધ્વનિના એ કથન છે. આહાહા..! એ કુંદકુંદાચાર્ય કહે છે. '**आदा खु मज्झ णाणे**' જુઓને ભાષા કેવી લીધી છે! આહાહા..! શાસ્ત્રના ભણતર કરે અને જ્ઞાન થયું એ જ્ઞાન નથી. આહાહા..! જે જ્ઞાનની પર્યાયના કાર્યમાં આત્મા આવે તેને જ્ઞાનપર્યાય કહેવામાં આવે છે. ઐસે સમ્યગ્દર્શનકી પર્યાય કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કરના કિ નવ તત્ત્વકી ભેદવાલી શ્રદ્ધા કરના વહ સમ્યગ્દર્શનકી પર્યાય નહીં. એ સમ્યગ્દર્શન નહીં. અને એ નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાને કારણે સમ્યગ્દર્શનની કાર્ય પર્યાય થાય એમ નથી. એ સમ્યગ્દર્શનની પર્યાય ધર્મની ચોથા ગુણસ્થાનની, એ સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય આત્માનું છે. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ ધ્રુવ સ્વરૂપે બિરાજમાન તેનું એ પર્યાય સમ્યગ્દર્શન કાર્ય છે. અથવા એ સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા પરિણમ્યો છે. આહાહા..! કહો, ધન્નાલાલજી! ભારે વાતું આવી ભાઈ! સંપ્રદાયમાં તો એ બધી વાત ફેર લાગે આ બધી. આ .. ભગવાન સાચા, દેવ-ગુરુ સાચા માને એ સમ્યગ્દર્શન. ત્રણ કાળમાં એ વાત સાચી નથી. તદ્દન જૂઠી છે. જેમાં ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણકા પિંડ, ધ્રુવ રાશિ એ જિસકી શ્રદ્ધા મેં આયા નહીં ઔર શ્રદ્ધાકે કાર્ય મેં આત્માકા અવલંબન નહીં ઉસકો શ્રદ્ધા કહતે નહીં. કહો, સમજાય છે કાંઈ?

એમ ચારિત્રની પર્યાય વહ ચારિત્ર પર્યાય હૈ વીતરાગી. તો પર્યાય હૈ વહ કાર્ય હૈ, પર્યાય કહો કે કાર્ય કહો, તો એ કાર્યનું કારણ તો ભગવાન ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ તે ચારિત્રના કારણમાં કાર્ય છે. એ ચારિત્રનું કારણ આત્મા એનું એ કાર્ય છે. પંચ મહાવ્રતના પરિણામ હોય એનાથી ચારિત્ર થાય એવી વસ્તુની સ્થિતિ નથી. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના વિકલ્પ છે એ આસ્રવ છે, એ બંધ છે, ભાવબંધરૂપ ભાવ છે અને ચારિત્ર છે એ અબંધ પરિણામ છે. ચારિત્રના પરિણામ, હજી તો ચારિત્ર તો

વસ્તુ કોઈ એવી ચીજ છે કે .. અત્યારે તો મહાદુર્લભ છે. સમજાણું કાંઈ? એને સમજનારમાં દુર્લભતા થઈ પડી છે. આહાહા..!

વીતરાગી પરિણતિ અંદરમાં થાય, આનંદની લહેર ઊઠે. ચારિત્ર ઉસકો કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ હો અને એ અતીન્દ્રિય આનંદની દશાની વીતરાગતાનું કારણ તો ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? એ ચારિત્રની પર્યાય અને આત્મા એમ સંજ્ઞા ભેદે ભેદ ભલે કહો. છે ને? '**સંજ્ઞા, સંખ્યા, લક્ષણ ઔર પ્રયોજનકે ભેદસે ભિન્ન કહતે હૈં, વહાં અભેદદષ્ટિસે દેખેં તો યે સબ ભાવ આત્મા હી હૈ...**' એ આત્માની આનંદદશા ચારિત્રની એ પણ આત્માની છે. સમ્યગ્જ્ઞાનની પર્યાય એ સ્વસંવેદન, જ્ઞાન કા સ્વસંવેદન અપના પ્રત્યક્ષ હોના ઉસમેં આત્મા કારણ હૈ. આહાહા..! એમાં કોઈ શાસ્ત્રનું ભણતર-બણતર કારણ છે નહિ. ભગવાનની વાણી સુનને સે સમ્યગ્જ્ઞાન હોતા હૈ યહ બાત સચ્ચી નહીં એમ કહતે હૈં. પાટણીજી! સમ્યગ્જ્ઞાનમાં કારણ તો પ્રભુ આત્મા ત્રિકાળી જ્ઞાનકી મૂર્તિ આત્મા હૈ, વહ સમ્યગ્જ્ઞાનમેં કારણ હોકર વિહાર હોતા હૈ. આહાહા..! માર્ગ વીતરાગનો બહુ અલૌકિક છે ભાઈ! જગતની પાસે, વીતરાગ શું કહે છે એ વાત મૂકાણી નથી. બીજી રીતે પીરસી છે. અજૈનની ક્રિયાઓ જૈનને નામે ચલાવી છે. આહાહા..! સમજમેં આયા?

કહે છે કે પ્રત્યાખ્યાન. પચ્ચખાણ કરતે હૈ ન પચ્ચખાણ? યહ પચ્ચખાણ ક્યા ચીજ હૈ? કે આ પચ્ચખાણ કર્યા આ આમ હશે લ્યો. બે હાથ જોડ્યા. આણે પચ્ચખાણ કર્યા, એવો વિકલ્પ થયો. એ પચ્ચખાણ હૈ? યહ તો રાગ હૈ. આહાહા..! પ્રત્યાખ્યાન-પચ્ચખાણ ઈસકો પરમાત્મા કહતે હૈં કિ જિસમેં વીતરાગી પર્યાય હો ઔર ઉસકા કારણ આત્મા હો ઔર વીતરાગી પર્યાયકા કાર્ય આત્મા કા હૈ ઉસકો પચ્ચખાણ કહને મેં આતા હૈ. આહાહા..! લ્યો પ્રત્યાખ્યાન. સંવર-સંવર. સંવર કરે છે ને સંવર? દામનગરમાં બહુ સંવર થાય. ..ઓલામાં બધાયમાં. લાંઘણું છે બધી. સંવર ભગવાન ઉસકો કહતે હૈં કિ જે વીતરાગી પર્યાયમાં આનંદ ઔર યહ આનંદકી પર્યાયકા કારણ આત્મા, એ આત્માકા કારણ કા વહ કાર્ય હૈ. આહાહા..! બીજી રીતે કહીએ તો મોક્ષનો માર્ગ જે છે ને. મોક્ષકા માર્ગ જો હૈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. યહ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય યહ આત્મા ધ્રુવ દષ્ટિમેં આયા, જ્ઞેય બનાયા, ચારિત્ર મેં ધ્યેય કિયા ત્યારે વહ પર્યાય પ્રગટ હુઈ તો વહ આત્માકે કારણ સે પ્રગટ હુઈ હૈ. આહાહા..! હજી તો (ધર્મ) ચીજ કોને કહીએ એની ખબર ન મળે. અનાદિનો રખડતો આત્મા દુઃખી છે મિથ્યાદષ્ટિ દુઃખી છે એ બિચારો. દુઃખી હૈ દુઃખી. એ આ પૈસાવાળા અબજોપતિ અને ધૂળવાળા દેવને દેખાય એ બિચારા ભિખારા દુઃખી છે. આહાહા..! રાંકા રાંકા. વરાંકા શાસ્ત્રમાં કહ્યું છે.

જેને આત્મા ચિદાનંદ મૂર્તિ અનંત આનંદનો કંદ પ્રભુ જેની દષ્ટિમાં આવ્યો નથી, જિસકે જ્ઞાન મેં આયા નહીં, જિસકી શાંતિમેં આયા નહીં, યહ સબ જગતકા રખડનેવાલા પ્રાણી હૈ. વર્તમાન ભી દુઃખી ઔર ભવિષ્યમેં ભી દુઃખી. આહાહા..! સમજમેં આયા? વજુભાઈ! શું છે આ બધા પૈસાવાળા સુખી

કહે છે ને જગત. ગાંડા ભેગા થઈને પાગલ. પૈસા હોય પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ. બાદશાહી છે. ધૂળની બાદશાહી નથી, સાંભળને. આહાહા..! એ તો વિકારની પર્યાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ભલે વિકારની પર્યાય રહી પણ પૈસા તો લાવે ને.

ઉત્તર :- પૈસા કોણ લાવે? ધૂળ લાવે? એ તો પૂર્વના પુણ્ય હોય તો આવે. આવે એની પાસે? ઉસકે પાસ ક્યા આતા હૈ? ઉસકે પાસ આયી તો મમતા ઉસકે પાસ આઈ. વહ ચીજ તો દૂર રહ ગઈ. આહાહા..!

ભગવાન આત્મા આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ. આહાહા..! એવો ધ્રુવ આનંદનો ગાંગડો. ગાંગડા ક્યા કહતે હૈ? ડલી. ડલી કહતે હૈ ન? આહાહા..! ઐસા આનંદકા નાથ ડલી જિસકી શ્રદ્ધા, જ્ઞાન મેં આયા નહીં ઔર દૂસરે શ્રદ્ધા જ્ઞાનમેં આતે હૈં વહ શ્રદ્ધા-જ્ઞાન નહીં. આહાહા..! બહુ વાત ભાઈ વીતરાગની એવી વાતું. જગતમાં બીજે છે નહિ. વીતરાગમાં એ જાતની વાત જાણે ગુંચાઈ ગઈ હોય.

અહીં તો કહે છે, સંવર મેં ભી આત્મા હૈ. સંવર શબ્દે? આસ્રવ નામ પુણ્ય-પાપકા ભાવ જો આસ્રવ હૈ ઉસસે રહિત જો સંવરદશા હૈ ઉસમેં આત્મા આયા હૈ. વહ સંવરકે કાર્ય મેં આત્મા કારણ હૈ. સંવરકે કાર્યમેં દયા, દાન, વ્રતાદિકા શુભભાવ હૈ વહ કારણ હૈ અને સંવર કાર્ય, ઐસા હૈ નહીં. મૂળચંદભાઈ! એવી ભારે વાત. આહાહા..!

મુમુક્ષુ :- પર કારણ કેમ હોઈ શકે?

ઉત્તર :- ધૂળેય નથી કારણ. આ બે કારણ, બે કારણ કહે છે ને. ના પાડે છે અહીં તો.

સંવર. જોગ. જોગ એટલે ધ્યાન. એકાગ્ર ચિંતા નિરોધ. ચિંતાનો નિરોધ. અને આત્માને ધ્યેય કરી, જ્ઞેય કરીને જ્ઞાન ને ધ્યાનદશા પ્રગટે એ ધ્યાનની દશા આત્મા છે. એ ધ્યાનની દશા કાંઈ વિકલ્પ ને ઐસા-ફૈસા ભગવાન કા ધ્યાન કિયા અને ભગવાન ઐસા હૈ, પરમાત્મા ઐસા હૈ. યહ સબ વિકલ્પ હૈ, યહ સબ રાગ હૈ. વહ જ્ઞાન નહીં. આહાહા..! ધ્યાન મેં તો ભગવાન આત્મા શુદ્ધ કારણપરમાત્મા પરમસ્વભાવભાવસ્વરૂપ આત્મા, યે ધ્યાનકી પર્યાયકા કારણ વહ હૈ. ઔર વહ ધ્યાનકા કાર્યકા કાર્ય હૈ. ધ્યાન એક કાર્ય હૈ. વીતરાગી દશા વહ ધ્યાન કાર્ય હૈ. યહ કાર્યકા કારણ આત્મા હૈ. આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું કે ધર્મકી પર્યાય જો હૈ ઉસમેં કોઈ નિમિત્તકારણ નહીં, પૂર્વકી પર્યાય કારણ નહીં, વર્તમાન ભગવાન ઉસકા કારણ હૈ. આહાહા..! અરે..! વીતરાગની વાણી પણ સાંભળવી મુશ્કેલ થઈ પડી. ધર્મ તો મુશ્કેલ થઈ પડ્યો પણ વાણી એની શું કહે છે એ વાત સાંભળવી મુશ્કેલ થઈ પડી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની પણ પાત્રતા એવી હોય તો મળ્યા વિના રહે જ નહિ. આહાહા..! એની પોતાની ખામી છે. પોતાની એટલે ઉસકી ખામી હૈ. કાંઈ દૂસરાકી ખામી હૈ? આહાહા..!

કહતે હૈં કિ યહ અભેદ દૃષ્ટિ સે દેખને સે, સમ્યગ્જ્ઞાન નિર્મળ આનંદકી પર્યાયકે સાથ શ્રદ્ધા પર્યાય, ચારિત્ર પર્યાય, સંવર પર્યાય, ધ્યાન પર્યાય યહ સબ અભેદદૃષ્ટિ સે દેખે તો આત્મા હૈ. ભેદસે કથન કહો કિ યહ ધ્યાન, ધ્યાની, ધ્યાનકા કરનાર, યહ જ્ઞાન ઔર જ્ઞાનકા કારણ એ અભેદ છે. આહાહા..! '**યે સબ ભાવ આત્મા હી હૈં, ઈસલિયે ભાવલિંગી મુનિકે...**' સચ્ચા મુનિ જો હોતા હૈ... '**અભેદ અનુભવમેં વિકલ્પ નહીં હૈ,...**' આનંદ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધ્યાનમાં જે ધ્યેય પકડ્યો આત્મા, ઉસમેં અભેદમેં કોઈ વિકલ્પ નહીં. કિ પહલે મૈંને ભગવાનકા સ્મરણ કિયા, ફિર મન સ્થિર હુઆ, પીછે ધ્યાન હુઆ. ઐસા નહીં. આહાહા..! ભારે વાતું ભાઈ! એને જેને એક સમયની નિર્મળ વીતરાગી પર્યાય, મોક્ષકા માર્ગ, મોક્ષકા માર્ગકા કારણ તો દ્રવ્યસ્વરૂપ હૈ. ધ્રુવસ્વરૂપ ઉસકા કારણ હૈ. આહાહા..!

યહાં તો યહ ભી કહા કિ કેવલજ્ઞાનરૂપી કાર્ય મેં ભી આત્મા. પણ પર્યાય હૈ ન વહ. ઉસમેં આત્મા કારણ હૈ. મોક્ષમાર્ગકી પર્યાય ભી કારણ નહીં. વહ તો વ્યય હોતા હૈ. આહાહા..! કેવલજ્ઞાન... અહીં તો સાધકકી વ્યાખ્યાની વાત છે. પણ સાધ્યકી અવસ્થા જો કેવલજ્ઞાન હુઆ વહ જ્ઞાન મેં ભી આત્મા કારણ હૈ. ..ભાવ, અભાવ. કર્મનો અભાવ થયો માટે, અભાવ હુઆ તો કેવલજ્ઞાન પર્યાય હુઈ ઐસા હૈ નહીં. યહ કેવલજ્ઞાનકી પર્યાયકા કાર્યમેં પરમાત્મા આત્મા સ્વયં આતા હૈ અંદરમેં. આહાહા..! કહો, ધન્નાલાલજી! આવી વાતું પણ ભારે ઝીણી કહે છે. બહારમાં તો ધમાધમ ચાલે છે. પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા ખર્ચે તો કહે ધર્મ થઈ ગયો. ધર્મ ધુરંધર શ્રાવક છે બડા. એમ કહે લ્યો! આહાહા..! કાંઈક અપવાસ કરી નાખે મહિના, બે મહિનાના, વર્ષીતપ કરે. આ વર્ષીતપ નથી કરતા? એક દિ' ખાના અને એક દિ' ઉપવાસ. લાંઘણું છે સબ લાંઘણ. યે કોઈ અપવાસ નહિ. ઉપવાસ નહિ યે અપવાસ હૈ. અપવાસ-આત્માના વાસમાંથી છૂટીને વિકલ્પના વાસમાં આવ્યો ઉસકા નામ અપવાસ હૈ. ઉપવાસ તો ભગવાન પૂર્ણાનંદકા નાથકી ઉપ નામ સમીપમેં જાકર સ્થિર હોના ઉસકા નામ પરમાત્મા ઉપવાસ કહતે હૈં. યહ ઉપવાસ કા-નિર્મળ પર્યાય કા કારણ આત્મા હૈ. આહાહા..!

'**ઈસલિયે ભાવલિંગી મુનિકે અભેદ અનુભવમેં વિકલ્પ નહીં હૈ,...**' આહાહા..! ભાવલિંગી મુનિ, એનું દ્રવ્યલિંગ તો નગ્ન જ હોય છે. સમજ મેં આયા? વસ્ત્રસહિત દ્રવ્યલિંગ ભી જૂઠા હૈ. જેનું વસ્ત્રસહિત જે છે એ તો ભાવલિંગ પણ નથી અને દ્રવ્યલિંગ પણ નથી. સમજમેં આયા? પણ જિસકો નગ્નપણા દ્રવ્યલિંગમેં આયા તો ભાવલિંગ ચારિત્ર હુઆ ઐસા નહીં. યહ ભાવલિંગ જો વીતરાગી પર્યાયકા કારણ તો ભગવાન આત્મા હૈ. યહ દ્રવ્યલિંગ ઔર વિકલ્પ કારણ નહીં ઉસકા, યહ કહતે હૈં. આહાહા..! .. પાંચવે ગુણસ્થાન મેં જબ મુનિપણા લેનેકી ભાવના આતી હૈ તો પહલે પંચ મહાવ્રતકા વિકલ્પ, નગ્નપના આતા હૈ, પરંતુ વહ નગ્નપના મેં વહ વિકલ્પ વહ ચારિત્રકા કારણ હૈ ઐસા નહીં. આહાહા..! જિસકો ચારિત્રદશા આત્માકે અવલંબનસે પ્રગટ હુઈ ઉસકો નગ્નદશા ઔર પંચ મહાવ્રતકા વિકલ્પ સહજ આ જાતા હૈ. આહાહા..! ભારે માર્ગ બાપા! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર

અરિહંતદેવનો આ હુકમ છે.

કહતે હૈં, યહ જાનકર **'અતઃ નિર્વિકલ્પ અનુભવસે સિદ્ધિ હૈ...'** આહાહા..! અંદર પંચ મહાવ્રતકા વિકલ્પ કે બારહ વ્રતકા વિકલ્પ રાગ કે શાસ્ત્ર ભણતરકા વિકલ્પ રાગ યે કોઈ વસ્તુ નહીં, યે કોઈ ધર્મ નહીં. આહાહા..! ભગવાન આત્માકે અંદરમેં નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ અનુભવ, આનંદ ઔર ચારિત્ર હો વહી મુક્તિકા માર્ગ હૈ. આહાહા..! **'યહ જાનકર ઈસપ્રકાર કર્તા હૈ.'** દેખો! **'નિર્વિકલ્પ અનુભવસે સિદ્ધિ હૈ યહ જાનકર ઈસપ્રકાર કર્તા હૈ.'** કે આત્મા ત્રિકાળી ભગવાનનો આશ્રય લેકર અપની જ્ઞાન, દર્શન, પર્યાય કો પ્રગટ કરતા હૈ. આહાહા..!

૫૯. જેવું ગુજરાતીમાં આવે ને એવું હિન્દીમાં ન આવે. પંડિતજી! કેમકે ભાષા પાધરી અટકી જાય ત્યાં. ભાષા ગોતવી પડે ને. આહાહા..! એ વખતે તો થાશે. ૫૯.

**एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।५९।।**

આહાહા..! સંત ભાવલિંગી મુનિ સચ્ચા મુનિ હો વહ તો **'વિચારતા હૈ કિ જ્ઞાન, દર્શન લક્ષણરૂપ ઔર શાશ્વત અર્થાત્ નિત્ય ઐસા આત્મા હૈ...'** આહાહા..! નગ્નપના હુઆ, અંદર પંચ મહાવ્રતકા વિકલ્પ હુઆ વહ મેરા નહીં. આહાહા..! મૈં તો ત્રિકાલી જ્ઞાનદર્શન લક્ષણવાલા આત્મા વહ મૈં હૂં. ત્રિકાલી જ્ઞાન ઔર દર્શન ઉપયોગસ્વરૂપ વહ મૈં. અથવા વર્તમાન મતિશ્રુત જ્ઞાનાદિ પર્યાય કા લક્ષણ ભેદવાલા વહ વ્યવહારનય હૈ. વહ લક્ષણભેદ ત્રિકાલી જ્ઞાનદર્શન ઉપયોગસ્વરૂપ **'जीवो उवओगलक्खणो'** વહ નિશ્ચય. આહાહા..! અને મતિ અને શ્રુતજ્ઞાનકી પર્યાય ભેદવાલી હુઈ વહ તો વ્યવહાર હુઆ. તો ઉસ લક્ષણવાલા મૈં હૂં. મેરા આત્મા મતિ ઔર શ્રુતજ્ઞાનકે લક્ષણસે લક્ષિત હુઆ હૈ. મેરા આત્મા ધ્યેય મેં મતિ અને શ્રુતજ્ઞાનકા લક્ષણસે ધ્યેય મેં આતા હૈ. ધ્યાન મેં આતા હૈ. કોઈ વિકલ્પ, દયા, દાન, વ્રતકી ભક્તિ, પૂજા, દાન, દયાકા ભાવ ઉસસે આત્મા ધ્યાનમેં આતા હૈ ઐસા આત્મા હૈ નહીં. આહાહા..! વ્યવહારરત્નત્રયસે ભી લક્ષમેં આતા હૈ ઐસા નહીં. કહે છે.

યહાં તો **'एगो मे सस्सदो अप्पा'** શાશ્વત. મૈં તો ત્રિકાલ ધ્રુવ હૂં, શાશ્વત હૂં. મેરી ઉત્પત્તિ નહીં, મેરા અભાવ નહીં ઔર વર્તમાન મેં મેરા સ્વભાવ સે મૈં શૂન્ય નહીં. આહાહા..! ઐસે સમ્યગ્દૃષ્ટિ જીવ કે સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્રસહિત ભાવલિંગી મુનિ અપનેકો ઐસા વિચારતે હૈં. સમજમેં આયા? **'एगो मे सस्सदो अप्पा'** મૈં તો શાશ્વત ધ્રુવ આત્મા હૂં. આહાહા..! કૈસા? **'णाणदंसणलक्खणो'** જાનના ઔર દેખના વહ મેરા શાશ્વત લક્ષણ હૈ. **'લક્ષણરૂપ ઔર શાશ્વત અર્થાત્ નિત્ય ઐસા આત્મા હૈ વહી એક મેરા હૈ.'** આહાહા..! યહ મેરા હૈ ઐસી પર્યાય નિર્ણય કરતી હૈ. પર્યાય જો નિર્વિકલ્પ પર્યાય હૈ અવસ્થા, વહ નિર્ણય કરતી હૈ કિ યહ ધ્રુવ મૈં હૂં. યહ શાશ્વત મૈં હૂં. નિર્ણય કરનેવાલી પર્યાય કહતી હૈ કિ યહ શાશ્વત હી મૈં હૂં. સમજમેં આયા? આ તો અલૌકિક માર્ગ છે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર

અરિહંતદેવ ત્રિલોકનાથ ઉસકા માર્ગ કોઈ અલૌકિક હૈ. જગતકો કાનમેં પડના મુશ્કેલ હો ગયા. આહાહા..!

કહતે હૈ કિ '**एगो मे सस्सदो अप्पा**' કૌન નિશ્ચય કરતા હૈ? કૌન વિચારતા હૈ? વર્તમાન પર્યાય-વર્તમાનદશા. '**एगो मे सस्सदो अप्पा**' યહ ધ્રુવ શાશ્વત વહ મૈં હૂં. પર્યાય કહતી હૈ કિ પર્યાય મૈં નહીં. આહાહા..! યહ તો યહાં ગઈ હૈ ન ઈસ ઓર, એકરૂપ હુઈ. આમ વળી એ અપેક્ષાએ એકરૂપ થઈ. બાકી પર્યાય પર્યાયરૂપ રહી, ધ્રુવ ધ્રુવરૂપ રહા. દો એક હોતા નહીં. અભેદનો અર્થ? આ બાજુ વળી માટે અભેદ. પર્યાય ઔર ધ્રુવ એક હો જાતા હૈ? ઝીણી વાત ભગવાન! જે વર્તમાન પર્યાય રાગ અને પુણ્યની ક્રિયા અને બાહ્ય ઉપર હતી એ ભેદમાં હતી ઐસા કહને મેં આતા હૈ. જો પર્યાય અંતર્મુખમેં ગઈ તો અભેદ હુઈ ઐસા કહને મેં આતા હૈ. ઉસકા અર્થ કિ પરતરફ કા ઝુકાવ છોડકર અંતર્મુખી ઝુકાવ મેં આયા તો અભેદ કહને મેં આયા. બાકી જો પર્યાય વહ તો પર્યાયરૂપ હી રહી હૈ. વહ ધ્રુવ-ધ્રુવ હો ગઈ નહીં હૈ. આહાહા..! ઔર ધ્રુવ જો હૈ વહ પર્યાયરૂપ હોતા નહીં. સમજમેં આયા?

'**एगो मे सस्सदो अप्पा**' મૈં એક શાશ્વત આત્મા. આહાહા..! અનેકપના નિકાલ દિયા. અશાશ્વત અર્થાત્ અનંત પર્યાય નિકાલ દી. '**एगो मे सस्सदो अप्पा**' એકરૂપ મૈં શાશ્વતરૂપ મેરા આત્મા, ઉસકા જ્ઞાનદર્શન લક્ષણ હૈ. જાનના, દેખના લક્ષણસે વહ આત્મા લક્ષિત હોતા હૈ. જાનન-દેખન લક્ષણ સે ભગવાન આત્મા લક્ષિત (હોતા હૈ), જ્ઞાનમેં જ્ઞેય તરીકે જાનને મેં આતા હૈ. મૂલચંદભાઈ! આવું બધું ઝીણું છે આ. મૂળચંદભાઈ ત્યાં ઓલા અમેરિકામાં મંદિર કરાવે, ત્યાં મોકલો શાસ્ત્ર. હવે અહીં હજી તમને સમજણમાં ન આવે એને કોણ સમજાવતું હતું ત્યાં?

મુમુક્ષુ :- ભાવના ઊંચી છે.

ઉત્તર :- શું કીધું?

મુમુક્ષુ :- ભાવના ઊંચી છે.

ઉત્તર :- એ ભાવના સાચી નથી. ઊંચી કોને કહેવી?

મુમુક્ષુ :- કોક માગે તો એને આપવા જોઈએ ને.

ઉત્તર :- માગે શું માગે? એને ભાન ન મળે ને શું માગે એ? એ તો મફત માગે આમ .. અમને મોકલો મફત એમ. પણ શું છે પુસ્તકમાં એ સમજશે ક્યાંથી? અહીં સમજતા નથી હજી માણસ જૈનમાં પડ્યા. ૬૦-૬૦ વર્ષ ગાળ્યા હોય ૭૦-૭૦ એ હજી ધર્મ શું ... કાંઈ ન મળે. એ તો આ કરીએ ને વ્રત પાળીએ ને આ કરી ને ધૂળ કરીએ એ ધર્મ. ધૂળમાંય ધર્મ નથી એ તો. આહાહા..! .. સમજે એવું શાસ્ત્ર છે. શાસ્ત્રમાં... વાક્ય છે. નિશ્ચય વાક્યો, વ્યવહાર વાક્યો, ભાવાર્થ એનો, આગમ વાક્ય શું, અન્યમતિનું એ સમજે શું બિચારા? હજી અહીં શાસ્ત્ર વાંચનારને ખબર નથી મળતી કે આ શાસ્ત્રમાં શું કહેવું છે. સાધુ મુંડાવીને બેસે ૬૦-૬૦ વર્ષ, નગ્ન થઈને હોં. એને પણ ખબર નથી કે શું છે ચારિત્ર અને શું છે આ સમ્યગ્દર્શન? એ તો આ પાંચ મહાવ્રત આપણે પાળીએ છીએ. પાંચ મહાવ્રત પણ ક્યાં છે અત્યારે

તો? આહાહા..!

મુમુક્ષુ :- આપના .. બધું સરળ સમજાઈ જાય.

ઉત્તર :- ક્યાં જાય પણ? અહીં તો ઠેકાણા નથી તમારા અને ત્યાં પગલા કરાવવા છે? અહીં તો એવી સીધી વાત છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે, પ્રભુ! જેના ધણી, સ્વામી પરમાત્મા છે. પરમાત્માના શ્રીમુખે નીકળેલી આ વાણી છે. આહાહા..! એ વાણી કુંદકુંદાચાર્ય જગતને આ કહે છે. એ કુંદકુંદાચાર્ય તો બીચમેં આડતિયા છે. માલ તો વીતરાગનો છે. આહાહા..! સમજમેં આયા? ઓહોહો..!

**'નિત્ય ઐસા આત્મા હૈ વહી એક મેરા હૈ.'** ઓહોહો..! ગજબ બાત કરતે હૈં ન. વર્તમાન પર્યાય-નિર્મલ મતિશ્રુતજ્ઞાનકી પર્યાય ઐસે વિચારતી હૈ કિ મૈં નિત્ય ઐસા આત્મા વહ મેરા હૈ. બાપુ! વીતરાગમાર્ગ ઝીણો છે ભાઈ! સાધારણ દયા પાળો અને વ્રત પાળો એ તો કુંભાર પણ કહે છે. એવો માર્ગ વીતરાગનો હશે? અનંતકાળમાં કર્યો નથી. જેને ઈન્દ્રો કબુલે છે, જિસકો ગણધર માનતે હૈં વહ ચીજ કૈસી હોગી? સમજાણું? આ વ્રત પાળો, અપવાસ કરો, હવે એ તો કુંભાર પણ કહે છે. એય..! અહીં તો ત્રણ લોકનો નાથ પરમાત્મા વીતરાગના શ્રીમુખે નીકળેલી વાણીમાં તો એવું આવ્યું છે.

ધર્મી જીવકી મતિજ્ઞાનકી ધારામેં, શ્રુતજ્ઞાનકી ધારા મેં ઐસી વિચારણા ચલતી હૈ કિ '**एगो मे सस्सदो अप्पा**' યહ પર્યાય હૈ વહ તો અશાશ્વત હૈ, શાશ્વત નહીં. યહ નિર્ણયને વિચાર કરતી હૈ વહ પર્યાય અશાશ્વત હૈ, નાશવાન હૈ, અનિત્ય હૈ. આહાહા..! એય..! પરંતુ અનિત્ય નિત્યકા નિર્ણય કરતી હૈ. શાશ્વત વસ્તુ એવી તે કાંઈ કબુલાત! યહ અનંતગુણકા એકરૂપ અભેદ, યહ ધ્રુવ એક મેરા હૈ. યહ ધ્રુવ એક મેરા હૈ. જ્ઞાનકી પર્યાય મેં વહ જ્ઞેયરૂપ ભાન હુઆ. તો કહતે હૈં કિ શાશ્વત ધ્રુવ હી મૈં હૂં. આહાહા..! સમજમેં આયા?

નિહાલભાઈમાં આવે છે ને. ત્યારે લોકો કેટલાક વિરોધ કરે છે ને. નિહાલભાઈ કહે કે પર્યાય મેરા ધ્યાન કરતી હૈ. મૈં કિસકા ધ્યાન કરું? ...લાલજી! આપણે આવે છે ને એ? તીસરે ભાગમેં. યહ નિહાલભાઈ હૈ ન ..મેં? અજમેરકા થા. અભી કલકત્તેમેં ઉસકી દુકાન હૈ બડી. વહ તો ગુજર ગયે. લડકા બડા બહુત લાખોપતિ હૈ. વહ કહતે હૈં, પર્યાય મેરા ધ્યાન કરે તો કરો, મૈં કિસકા ધ્યાન કરું? .. યહ ઐસા? બડે ગૃહસ્થ થે. બડે લાખોપતિ. ગુજર ગયે. મૈં આત્મા તો શાશ્વત ધ્રુવ નિત્ય યહ મૈં. પર્યાય ઐસી કહતી હૈ કિ પર્યાય મૈં ઐસા નહીં. આહાહા..! પર્યાય મૈં વહ તો પર્યાયબુદ્ધિવાલા માનતે હૈં, ઐસા કહતે હૈં. જિસકી અંશબુદ્ધિ હૈ, પર્યાયબુદ્ધિ હૈ, મિથ્યાબુદ્ધિ હૈ, બહિર્બુદ્ધિ હૈ, આહાહા..! વહ ઐસા કહતે હૈ કિ મૈં પર્યાય હૂં. વહ સમ્યગ્જ્ઞાનકી પર્યાય, ધર્મીકી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનકી પર્યાય યહ એકરૂપ મૈં શાશ્વત હૂં '**एगो मे सस्सदो**' યહ મૈં. '**एगो मे सस्सदो अप्पा**' આહાહા..! આ તો આખો સંસાર ઉથલાવી નાખવાનો છે.

મેરે મેં સંસાર તો નહીં. મેરેમેં સંસાર કા વિકલ્પ યહ સંસાર હૈ. સંસાર કોઈ સ્ત્રી, બચ્ચે કોઈ સંસાર નહીં. વે તો પર હૈં. ઉસમેં કહાં સે સંસાર આયા? મિથ્યાત્વભાવ પર્યાય જિતના મૈં રાગ વહ મૈં ઐસી મિથ્યાબુદ્ધિ વહ સંસાર હૈ. સંસાર ક્યા સ્ત્રી, બચ્ચે બિચારે તો પર હૈં વહ કહાં ઘૂસ ગયે તેરે સંસાર મેં? તેરી ચીજ જો આનંદકંદ હૈ ઉસસે સંસરણ નામ હટકર મિથ્યા શ્રદ્ધા જ્ઞાન મેં આયા ઉસકા નામ સંસાર કહતે હૈં. યહ સંસાર કદી ઉસને એક સમય ભી છોડા નહીં. યહ સ્ત્રી, બચ્ચે છોડે, દીક્ષા લે તો સંસાર છોડા. ધૂલમેં ભી સંસાર છોડા નહીં સુન ન. સંસાર કિસકો કહના તેરે ખબર નહી. સંસાર છોડા ઈસને. ત્યાગ કિયા ત્યાગ કિયા. બાહર બડા વ્યાપાર થા, દુકાન થી, ધૂલમેં ભી નહીં થી. ઉસકી કહાં થી?

યહ નિર્મલ ભગવાન આત્માકી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાનકી-વિચારતે હૈં જ્ઞાન. કરતે હૈં સમકિત, ઠરતા હૈ વહ ચારિત્ર. આહાહા..! યહ મતિજ્ઞાનકી પર્યાય મૈં તો '**एगो मे सस्सदो अप्पा मे**' એક મૈં શાશ્વત યહ મૈં આત્મા. તો શાશ્વત ધ્રુવ મૈં હૂં વહ પર્યાય કહતી હૈ. ધ્રુવ નહીં કહતા હૈ. ધ્રુવ મેં ઐસા હૈ નહીં. સમજમેં આયા? જિસકો કબુલ કિયા વહ મૈં. મેરી પર્યાય મેં પૂર્ણાનંદકા નાથ કબુલાત મેં કભી આયા નહીં. મેરી કબુલાત મેં યહ આયા તો યહ મૈં હૂં. આહાહા..! ઉસકા નામ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન કહતે હૈં. આહાહા..! સમજમેં આયા? '**एगो मे सस्सदो अप्पा**' '**एगो**' શાશ્વત '**अप्पा मे**' ઐસે. ઐસા હુઆ ન? આહાહા..! નિત્ય ધ્રુવ.

સ્થાનકવાસીમાં આ બધા શ્લોકો ચાલે છે. પર્યુષણમાં બોલે એમાં આ થોડું થોડું લીધું છે ક્યાંક ક્યાંક. અર્થ સમજે નહિ કાંઈ. એય..! ચીમનભાઈ! આ જગતની મીઠાશ આ બહારની, આબરૂ, પૈસા, શરીર સુંદર, દીકરા, દીકરી કાંઈક ઠીક હોય. આહાહા..! કરોડ, બે કરોડની પૂંજી હોય, છોકરા સારા ઠેકાણે વર્યા હોય. વર્યા એટલે લગન. દીકરી આમ.. હું પહોળો, શેરી સાંકડી થઈ ગઈ એને. ધૂળેય નથી સાંભળતો ખરો. ભગવાન આત્મા નિત્યાનંદનો નાથ ધ્રુવ શાશ્વત વસ્તુ એ તારી છે. બીજી કોઈ ચીજ તારી છે નહિ. પર્યાય મેરી નહીં. (વહ) ઐસા કહતી હૈં કિ મૈં તો યહ હૂં. રાગ મેરા, પુણ્ય મેરા, શરીર મેરા, બાયડી મેરી, મેરા દેશ, મેરા ગાંવ કહાં સે આયા? ઉઠાવગીર, તેરી ચીજ નહીં ઉસકો મેરા માનના વહ ઉઠાવગીર હૈ. ચોર હૈ. આહાહા..!

શાશ્વત દલ, ચૈતન્યદલ, ધ્રુવ. આહાહા..! ગજબ કિયા હૈ ન. મુનિ વિચારતા હૈ, એમ લખ્યું છે ને? '**જ્ઞાન, દર્શન લક્ષણરૂપ ઔર શાશ્વત અર્થાત્ નિત્ય ઐસા આત્મા હૈ...**' એ આત્માકા લક્ષણ જાનના-દેખના. એ લક્ષણ વિચારતા હૈ કિ મૈં તો યહ હૂં. લક્ષ્ય જો હુઆ વહ મૈં હૂં. આહાહા..! અનંત પુરુષાર્થ હૈ ભાઈ! એ કાંઈ વાતે વડા થાય એવા છે નહિ. આહાહા..! '**વહી એક મેરા હૈ.**' પણ ત્યારે તો કહે છે કે યહ મેરા હૈ ઐસા વિકલ્પ ભી મેરા નહીં. આહાહા..! સમજમેં આયા? સમજાવે તો એ રીતે જ સમજાવે ને. નિત્યાનંદનો નાથ પ્રભુ, નિત્ય જે ધ્રુવ ચોસલું, નિત્ય શાશ્વત એ હું.

'**શેષ ભાવ હૈ વે મુજસે બાહ્ય હૈં,...**' લ્યો! છે ને? '**सेसा मे बाहिरा भावा**' સ્ત્રી, કુટુંબ,

પરિવાર દેશ તો બાહ્ય હૈ, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા વિકલ્પ વહ ભી બાહ્ય હૈ, મેરા સ્વરૂપ નહીં. યહ સંયોગ લક્ષણ ચીજ હૈ. સંયોગ સે ઉત્પન્ન હુઆ વહ ભાવ મેરી ચીજ નહીં. આહાહા..! યહ શેષભાવ હૈં. ધ્રુવભાવ સિવા શેષભાવ યહ મુઝસે બાહ્ય હૈ. લો તો ધ્રુવ સિવાકી પર્યાય ભી મુઝસે બાહ્ય હૈ. પર્યાય ભી અંદરમેં નહીં. સમજમેં આયા? ઐસા મૈં ભાવ ... ભગવાન કુંદકુંદાચાર્ય સર્વજ્ઞકા કેડાયત, પરમાત્માકા યહ પુત્ર હૈ. ઓલા કહે કે એ .. પરમેષ્ઠીનો દીકરો છે. એ વાતું બધી. આ તો ગણધરોને સર્વજ્ઞના પુત્ર કહ્યા છે શાસ્ત્રમાં. ધવલ. ધવલમેં કહા હૈ. ગણધર સર્વજ્ઞકા પુત્ર હૈ. આહાહા..! અને આને કહ્યું નથી? 'જિનેશ્વરકે લઘુનંદન.' સમકિતીકો કહા. સમજમેં આયા? આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ વીર જિનેશ્વરકા લઘુનંદન હૈ-છોટા પુત્ર હૈ. મુનિ હૈ વહ બડા પુત્ર હૈ. આહાહા..! યહાં કહતે હૈં, મૈં યહ ધ્રુવસ્વરૂપ હૂં. યહ જો ચીજ હૈ વહ સબ પર્યાય (આદિ) બાહ્ય હૈ. નિર્ણય કરનેકી પર્યાય ભી ધ્રુવ સે બાહ્ય હૈ. '**વે સબ હી સંયોગસ્વરૂપ હૈં,...**' પંચાસ્તિકાયમાં આવે છે ને ભાઈ! કે પર્યાય જે ઉત્પન્ન થાય છે એ સંયોગ છે. અને પર્યાયનો વિયોગ થાય છે, વ્યય થાય એનો વિયોગ છે. પર્યાયનો સંયોગ અને વિયોગ એ પર્યાયની વ્યાખ્યા લીધી છે પંચાસ્તિકાયમાં. ધ્રુવ વસ્તુ જે ભગવાન, એમાં નિર્મળ પર્યાયનું ઉત્પન્ન થવું એ પણ સંયોગ થયો, યોગ થયો. આહાહા..! અને એનો વ્યય થવો એ વિયોગ થયો. સંયોગ-વિયોગ પર્યાયમાં છે. ભારે વાતું ભાઈ! માર્ગ બાપા! 'પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ ત્યાં.' સમજાણું કાંઈ? ... 'કાયરના નહિ કામ જોને.' હરિ આત્મા. અજ્ઞાન અને રાગ અને દ્વેષને હણીને ઉત્પન્ન થયેલો ભગવાન આત્મા તે હરિ. 'હરિનો રે માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મૂકી, ફિર લેના નામ જોને.' અર્પણતા એકદમ કરી. .. શુરવીરના કામ છે. સમજમેં આયા? કહો, ચંદુભાઈ! ભારે પણ ભાઈ! આહાહા..! આ તો જૈનદર્શનની વાતું હશે આવી? પણ જૈનદર્શન જ્યાં ત્યાં સાંભળે તો, સ્થાનકવાસી કહે છે કે વ્રત પાળવા, દયા પાળવી આ કરવું. શ્વેતાંબરમાં કહે પૂજા કરવી, ભક્તિ કરવી, જાત્રા કરવી, દસ-વીસ લાખ ખર્ચીને એક સંઘ કાઢવો. ચોવીહાર કરવો, કંદમૂળ ન ખાવા. દિગંબરમાં વસ્ત્ર છોડવા, આ છોડવું ધૂળ. આહાહા..! કરવું તે કાંઈક શું કરવું? સાચું કરવું કે ખોટું? ખોટું તો કરતો આવે છે અનાદિથી. એ તો અનાદિથી ચાલ્યું આવે છે. આહાહા..!

પહેલું સંયોગ લક્ષણ આહાહા..! કહતે હૈં કિ સંયોગી ચીજ દેવ-ગુરુ-શાસ્ત્ર. એ સંયોગલક્ષણ છે, એ બાહ્ય ચીજ છે. મારામાં એ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગની મંદતાના પુણ્ય પરિણામ થાય એ બાહ્યલક્ષણ છે, એ સંયોગી વિકારીભાવ એ સંયોગી છે. આહાહા..! અને આઘે જતાં તો પર્યાય પણ સંયોગે ઉત્પન્ન થઈ છે કહે છે. સ્વભાવમાં એ નથી. ધ્રુવસ્વભાવમાં, એમ કહે, મગ્ન છે બધી પર્યાયો, પણ એની સાથે વર્તમાન એક નથી એમ. આ પર્યાયની અપેક્ષાએ. આમ તો સામાન્યચેતનામાં વિશેષ ચેતનાની વ્યક્તિઓ અંતરનિમગ્ન છે. આવે છે ને અવ્યક્તમાં? અવ્યક્તના છ બોલ આવે છે.

૪૯ ગાથા સમયસાર. એમાં ત્રીજો બોલ આ. પહેલો બોલ એ છે કે છ દ્રવ્યસ્વરૂપ લોક વ્યક્ત છે, જ્ઞેય છે, વ્યક્ત છે. એનાથી ભગવાન ભિન્ન છે એથી અવ્યક્ત છે. આહાહા..! બધા આવી ભાષા પણ કેવી આવી! વ્યાખ્યાનમાં એમ આવ્યું. આવું જૈનદર્શનમાં હશે? કંદમૂળ ન ખાવા, આ ન કરવું, ફલાણું કરવું, ઢીંકણું કરવું હવે સમજ્યા એ તો અજ્ઞાન છે સાંભળને. એ તો અનાદિથી સમજાય છે એમાં છે શું? આહાહા..!

એક સમયની પર્યાય કહતી હૈ મૈં શાશ્વત આત્મા. આહાહા..! તો પર્યાય કહતી હૈ કિ મૈં શાશ્વત આત્મા ઔર સ્વભાવ સે પર્યાય ભિન્ન લક્ષણવાલી સંયોગલક્ષણી હૈ. ઉત્પાદ-વ્યયવાળી છે. સમજમેં આયા? આહાહા..!

**'શેષ ભાવ હૈં...'** હૈ ખરા. નથી એમ નહિ. **'सव्वे संजोगलक्खणा' 'बाहिरा भावा' 'શેષ ભાવ હૈં...'** એમ કીધું. શેષ બાહ્ય ભાવ છે ધ્રુવ સિવાય, એ સંયોગલક્ષણી જીવ છે. ત્રિકાળ સ્વભાવનું લક્ષણ મારું ધ્રુવ તે હું છું. આહાહા..! સમજાય છે કાંઈ? યે **'પરદ્રવ્ય હૈં.'** લ્યો! સ્વદ્રવ્યની નિત્યતાની અપેક્ષાએ એક સમયકી પર્યાય નિર્મળ મોક્ષમાર્ગ પણ પરદ્રવ્ય હૈ. આ તો ૪૯માં આવે છે. ઓલામાં નિયમસારમાં. નિયમસારમાં. એ ૪૯. આ અવ્યક્તના છ બોલ એ પણ ૪૯ સમયસાર. ૫૦માં આવે છે ને. ૫૦. અહીં તો ૪૯ આવી તો એમાં ૫૦માં. આ નહિ બધું. આહાહા..!

દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે.. છે.. છે.. વહ મૈં. ઔર પર્યાય ભી પરદ્રવ્ય. ક્યોં? કિ જૈસે પરદ્રવ્યમેં સે નિર્મલતા નહીં હોતી. ઐસે પર્યાયમેં સે નિર્મલ નઈ પર્યાય, પર્યાય મેં સે નહીં હોતી. આહાહા..! વહ ત્રિકાલી ધ્રુવમેં સે નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. .. આતા હૈ ન સબ. ગૃહસ્થાશ્રમમાં આ બધું કરેલું આ મોઢે. બધું મોઢે કરેલું ગાથાઓ. ૬૦ વર્ષ પહેલા.

મુમુક્ષુ :- મોઢે કરેલું પણ .. નહિ.

ઉત્તર :- .. ક્યાં આ તો મોઢે કરેલું કીધું. ૬૮ની સાલ. ૬૮-૬૮. બધી ગાથાઓ કંઠસ્થ કરેલી. છ હજાર ગાથાઓ કંઠસ્થ હતી. છ હજાર ગાથા. પણ કાંઈ એમાં સાર ન મળે. ભાવ સમજાવનાર ન મળે, ભાવની ખબર ન મળે. ગડિયા હાંકે ગયા. આહાહા..!

કહે છે કે જ્ઞાન, દર્શન, સ્વરૂપ નિત્ય એક આત્મા. એનું સ્વરૂપ એમ. જાણન, દેખન સ્વરૂપ નિત્ય આત્મા. **'એક આત્મા હૈ વહ તો મેરા રૂપ હૈ,...'** યે મેરી જાતકા મેરે રૂપકા હૈ. એકસ્વરૂપ હૈ **'ઔર અન્ય પરદ્રવ્ય હૈં વે મુજસે બાહ્ય હૈં, સબ સંયોગસ્વરૂપ હૈં, ભિન્ન હૈં. યહ ભાવના ભાવલિંગી મુનિકે હૈ.'** ભાવ સંત જો હૈ ઉસકી ભાવના યહ હૈ. આહાહા..! ઉસકો ભાવલિંગી સાધુ... દ્રવ્યલિંગી તો નગ્ન હોતા હી હૈ. ભાવલિંગ હૈ જિસકો, દ્રવ્યલિંગ નગ્ન હોતા હૈ ઔર જંગલમેં ઉસકા વાસ હોતા હૈ. સમજમેં આયા? યહાં ઉસકો મોક્ષમાર્ગી ભાવ શુદ્ધકા... ભાવપાહુડ પર્યાયકી બાત હૈ. ઉસમેં પર્યાય કહતી હૈ કિ યહ મૈં હૂં. આહાહા..! ઉસકે આશ્રય સે યહ પ્રગટ હુઈ હૈ. ઉસકા નામ મોક્ષકા માર્ગ હૈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧, ગુરુવાર તા. ૨૪-૦૧-૧૯૭૪**
**ગાથા - ૫૯ થી ૬૨, પ્રવચન - ૯૭**

અષ્ટપાહુડમાં પાંચમું પાહુડ છે. ૫૯ ગાથાનો ભાવાર્થ. ધર્માત્મા, પહેલો આત્માનો સ્વભાવ જ્ઞાન, દર્શન છે એમ જાણીને જેણે આત્માનો અનુભવ કર્યો છે એ ધર્માત્મા ભાવના કોની કરે? એ વાત છે. '**જ્ઞાનદર્શનસ્વરૂપ નિત્ય એક આત્મા હૈ...**' જાણવું અને દેખવું એ જેનું સ્વરૂપ નિત્ય એક આત્મા છે. આ લક્ષણ બે કીધા ભલે. જ્ઞાનદર્શનસ્વરૂપ નિત્ય એક આત્મા. ગુણ ભલે બે, પણ વસ્તુ એક. '**વહ તો મેરા રૂપ હૈ,...**' બહુ ટૂંકામાં. જ્ઞાનદર્શનસ્વરૂપ નિત્ય એક આત્મા. ઓહોહો..! '**યહ તો મેરા રૂપ હૈ,...**' મારું સ્વરૂપ એ છે. '**એક સ્વરૂપ હૈ...**' 'एगो' છે ખરું ને. ઓલામાં એ લીધું કે એક છે તે એક છે. જ્ઞાનદર્શન જાણવા-દેખવાનું સ્વરૂપ એક નિત્ય એક. એ એક સ્વરૂપે છે. આહાહા..!

'**ઔર અન્ય પરદ્રવ્ય હૈં વે મુજસે બાહ્ય હૈં,...**' જેટલા પરપદાર્થ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, કર્મ, પુણ્ય, પાપના ભાવ એ બધા મારાથી બાહ્ય છે. '**સબ સંયોગસ્વરૂપ હૈં,...**' એ તો સંયોગે રહેલા સ્વરૂપ છે. સ્વભાવમાં રહેલું સ્વરૂપ એનું નથી. શરીર, મન, પુણ્ય અને પાપના વિકલ્પ-રાગ એ બધા સંયોગસ્વરૂપે છે. કાલે તો વધારે કીધું હતું. મારું એક ધ્રુવસ્વરૂપ છે એ હું છું. બાકી બધી પર્યાય પણ સંયોગસ્વરૂપી આવે-જાય.. આવે-જાય..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આટલું .. હવે કહ્યું. પર્યાય પણ નિશ્ચયથી, જે નિર્ણય કરે છે એ પર્યાય પણ મારાથી ભિન્ન છે. એક શબ્દ વાપર્યો છે પહેલો ને. હું તો એક સ્વરૂપે છું. જ્ઞાન અને દર્શનના બે લક્ષણ હોવા છતાં હું બે સ્વરૂપે નથી. ઓહોહો..! અને શરીરપણે, રાગપણે તો નથી, પણ હું બે સ્વરૂપે નથી. આહાહા..! હું તો એક ધ્રુવસ્વરૂપ, નિત્ય સ્વરૂપ, શાશ્વત વસ્તુ એ હું છું. આહાહા..!

'**ભિન્ન હૈં.**' બાકી બધી ચીજો ભિન્ન છે. '**યહ ભાવના...**' ધર્માત્મા '**ભાવલિંગી મુનિકે હૈ.**' પણ ધર્માત્માની કાયમની આ ભાવના હોય છે. આ ષોડશકારણ ભાવના ભાવું એ ભાવના ધર્મીની હોતી નથી. આવે છે ને ષોડશકારણ ભાવના.

મુમુક્ષુ :- હોય તો પર્યાયમાં કરવી.

ઉત્તર :- હો તો એની ભાવના કરવાલાયક નથી. આહાહા..! એ તો જ્ઞાનદર્શનસ્વરૂપે એકરૂપ બિરાજમાન એની ભાવના, એમાં એકાગ્રતા એ ભાવના કરવાલાયક છે. બાકી ષોડશકારણ વિકલ્પ પણ ભાવના કરવા લાયક નથી. આવી જાય, હો. આહાહા..! ભાવપાહુડ છે ને.

'**યહ ભાવના ભાવલિંગી મુનિકે હૈ.**' અથવા એ ભાવના ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિની આ ભાવના

છે. આહાહા..! નીચે એનો ભાવાર્થ છે. આ બધા ચરણાનુયોગના .. પંચ મહાવ્રત, એના અતિચાર ટાળવા, એને દોષ લગાડવો નહિ. ચરણાનુયોગની વાત ... ક્રિયા છે ને. એ વચ્ચે હોય છે એથી એનું જ્ઞાન કરાવ્યું છે, પણ એની ભાવના કરવા જેવી નથી. આહાહા..! ભાવના તો ધ્રુવ ચૈતન્યસ્વરૂપ એને દૃષ્ટિમાં લઈને જેણે અનુભવ્યો છે એવા અનુભવીને તો ધ્રુવની ભાવના કરવી. એ ૫૯ ગાથા થઈ.

'**આગે કહતે હૈં કિ જો મોક્ષ ચાહે...**' જેને પૂર્ણ આનંદની પર્યાયની ભાવના હોય '**વહ ઈસપ્રકાર આત્માકી ભાવના કરે :—**' પૂર્ણાનંદની દશાની પ્રાપ્તિ તે મોક્ષ. એની જેને ચાહ છે એણે આત્માની ભાવના કરવી. આહાહા..!

**भावेह भावसुद्धं अप्पा सुविसुद्धणिम्मलं चेव।**
**लहु चउगइ चइऊण जइ इच्छह सासयं सुक्खं।।६०।।**

'**અર્થ :- હે મુનિજનો! યદિ ચાર ગતિરૂપ સંસારસે છૂટકર...**' છે ને? '**चउगइ चइऊण लहु**' ચાર ગતિથી શીઘ્રપણે જેને છૂટવું હોય તો? '**શાશ્વત સુખરૂપ મોક્ષ તુમ ચાહો...**' શીઘ્ર શાશ્વવત સુખરૂપ મોક્ષ. દેખો! મોક્ષની પર્યાય છે એ શાશ્વત રહે છે. કેમ રહે છે? છે તો એ પર્યાય, પણ કાયમ રહે છે એટલે એને શાશ્વત કહેવામાં આવે છે. એકકોર પહેલો એગો આત્મા શાશ્વત કીધો. અને અહીં મોક્ષને પણ શાશ્વત કહ્યું. પણ એ દશા પ્રગટ થઈ એની એ દશા એમ રહે છે એથી એને શાશ્વત કહેવામાં આવે છે. મોક્ષની પર્યાય પણ પરિણમતી છે, બદલતી છે. એક સમયની દશા છે એ બીજે સમયે એ રહેતી નથી. ભલે એવી હોય, એ હોય નહિ. એવી એ જાતની હોય છે એથી એ મોક્ષના સુખને શાશ્વત કહેવામાં આવે છે. એકકોર આત્મા ત્રિકાળને શાશ્વત કહ્યો, એકકોર એની મૂળ આનંદની પર્યાય પૂર્ણ પ્રગટ થાય તેન શાશ્વત કહ્યો.

'**સુખરૂપ મોક્ષ તુમ ચાહો તો ભાવસે શુદ્ધ જૈસે હો વૈસે...**' ભાવથી શુદ્ધ જૈસે હો, એમ. '**ઐસે અતિશય વિશુદ્ધ નિર્મલ આત્માકો ભાવો.** ' શુદ્ધ પરિણામસે, શુદ્ધભાવસે આત્માકો ભાવો, એમ. વિશુદ્ધભાવસે, શુદ્ધભાવસે એટલે કે શુદ્ધ ઉપયોગસે ... વિશુદ્ધ નિર્મળ આત્મા એ ધ્યેય. વિશુદ્ધ શુદ્ધ નિર્મળ આત્માને ધ્યાવો. આહાહા..! વિસ્તાર કેટલો શાસ્ત્રમાં આવે વ્યવહારનો. એ બધું હો વ્યવહાર, વચમાં આવે. પણ એ ભાવના કરવા જેવી વસ્તુ નથી. આસ્રવ એની ભાવના કરવા જેવી છે? ચરણાનુયોગના જેટલા મહાવ્રત આદિ .. લીધા એ આસ્રવ છે. આહાહા..! કાયક્લેષ.. અતિચાર ટાળવા. ભારે! એક ભગવાન શાશ્વત વસ્તુ એની શુદ્ધભાવના વડે ભાવના કરતા આનંદ પૂર્ણ આનંદરૂપી મોક્ષ શાશ્વત તેને પ્રાપ્ત થાય છે. ... કહે છે.

'**વિશુદ્ધ નિર્મલ...**' આ વિશુદ્ધ શબ્દે પવિત્ર પૂર્ણ કહે છે. વિશુદ્ધના ઘણાં અર્થ છે. શુભભાવને વિશુદ્ધ કહે, શુદ્ધભાવને વિશુદ્ધ કહે, (પૂર્ણ) નિર્મળ શુદ્ધ પર્યાયને વિશુદ્ધ કહે અને ત્રિકાળીને વિશુદ્ધ કહે. સમજાણું કાંઈ? અહીં વિશુદ્ધ નિર્મળ આત્માની ભાવના એમ. વિશુદ્ધ ત્રિકાળી નિર્મળાનંદ

પવિત્રનો પિંડ પ્રભુ, એવો જે શુદ્ધભાવ. નહિતર કહે શુભભાવને વિશુદ્ધ કહેવામાં આવે છે. સંક્લેશને અશુદ્ધ અને વિશુદ્ધને શુદ્ધ. જે સ્થાને જે પ્રકાર કહેવાનો હોય એને સમજવો જોઈએ ને? શબ્દને પકડવો ન જોઈએ. એ ઠેકાણે એનો ભાવ શું છે? અહીં તો પર્યાયની વિશુદ્ધતા, શુદ્ધતા દ્વારા વિશુદ્ધ આત્માનું ધ્યાન કરવું, એની ભાવના કરવી એ વાત છે. એની છેલ્લી મર્યાદા આમ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- યદિ સંસારસે નિવૃત્ત હોકર...**' ઉદયભાવ જે સંસાર ઉદયભાવ. સંસાર કોઈ બીજી ચીજ નથી, ઉદયભાવ છે. ચાર ગતિનો ઉદયભાવ એ સંસાર. રાગ-દ્વેષ, મિથ્યાત્વભાવ એ સંસાર છે. સંસરણ ઈતિ સંસારઃ. ત્રિકાળી શુદ્ધભાવમાંથી ખસી ગયો છે અને રાગાદિમાં આવ્યો છે એ રાગાદિનો ભાવ એ સંસાર છે. સમજાણું કાંઈ? એ '**સંસાર સે નિવૃત્ત હોકર મોક્ષ ચાહો તો...**' પૂર્ણ આનંદની પ્રાપ્તિ ચાહો તો '**દ્રવ્યકર્મ, ભાવકર્મ ઔર નોકર્મસે રહિત...**' સહિત હોવા છતાં રહિત (કહ્યો). વ્યવહારનયે સહિત, નિશ્ચયનયે રહિત. આહાહા..! એ જડકર્મ, ભાવકર્મ એટલે શુભ પરિણામ, શુભાશુભભાવ. તીર્થંકરગોત્રનો ભાવ એ ભાવકર્મ છે એમ કહે છે.

'**ઔર નોકર્મસે રહિત...**' આહાહા..! શરીર, ભાષા પર્યાપ્તિ આદિ નોકર્મ એનાથી ભગવાન રહિત અંદર ચૈતન્ય સત્તા શાશ્વત. જેનું અસ્તિત્વ-સત્તા-હોવાવાળું પૂર્ણસ્વરૂપ એ પરથી રહિત '**શુદ્ધ આત્માકો ભાવો,...**' એમાં વિશુદ્ધ કીધી હતી. વિશુદ્ધનો અર્થ વળી શુભ કીધું પાઠમાં. '**अप्पा सुविसुद्धणिम्मलं**' એમ હતું ને? એ તો અર્થમાં પછી અહીં વિશુદ્ધ કર્યું. પાઠ તો '**सुविसुद्ध**' એમ છે. કારણ કે શુભભાવને વિશુદ્ધ કહેવાય, શુદ્ધભાવને વિશુદ્ધ કહેવાય. પણ આ તો સુવિશુદ્ધ છે. આહાહા..! નિશ્ચય બહુ લાગે. વીતરાગી ભાવ પ્રગટ થઈને વીતરાગી જિનસ્વરૂપ વીતરાગ સ્વરૂપ જ છે એ. 'જિન સો હી એ આત્મા, અન્ય સો હી એ કર્મ' અકષાયરસનું સત્ત્વ એ આત્મા. એવા આત્માને સુવિશુદ્ધ કહ્યો અહીંયા. સુવિશુદ્ધ-પૂર્ણ પવિત્ર, પૂર્ણ નિર્મળ... નિર્મળ... નિર્મળ... એને '**શુદ્ધભાવ સે ભાવો....**' પવિત્ર પરિણતિ તેના સ્થાને રહીને એનાથી સન્મુખ થઈને એમાં એકાગ્ર થાઓ. ભારે માર્ગ ભાઈ! પાટણીજી! આ વ્યવહારવાળાને એવું લાગે. એ વ્યવહાર લોપ થઈ ગયો એમ કહે. એમ કહે સોનગઢમાં નિશ્ચયની વાતું એકલી. માર્ગ નિશ્ચય અને વ્યવહાર બેય. અનેકાંત છે એમારે, એમ કહે છે.

અહીં તો એક સાથે આવ્યું આમાં. '**भावेह भावसुद्धं अप्पा**' ભાવના કર, ભાવશુદ્ધના ભાવથી '**अप्पा सुविसुद्धणिम्मलं चेव लहु चउगइ चइऊण जइ इच्छह सासयं सुक्खं** ' આહાહા..! કુંદકુંદાચાર્યના આ આત્મ ઉદ્‌ગાર છે. હૃદયના ઉદ્‌ગાર છે એ. આહાહા..! ભાઈ! તારો જે પૂર્ણ આનંદ, મોક્ષ પ્રાપ્તિ કરવી હોય. કારણ કે તારું ધ્યેય તો સુખની પ્રાપ્તિનું છે. તો સુખ તો પૂર્ણ મોક્ષમાં છે. એવા પૂર્ણ આનંદની પ્રાપ્તિ જો ઈચ્છા અને ચાહના હોય તો શુદ્ધભાવ વડે, સુવિશુદ્ધ નિર્મળ ભગવાન આત્માની ભાવના કર. આહાહા..! આ તો નિશ્ચયની વાત. પણ પાછી વ્યવહાર? એનું સાધન? વળી

એમ કહે.

અગાસમાં જ્યારે બપોરે વ્યાખ્યાન થયું. શ્રીમદ્‌નું અગાસ છે ને ત્યાં. સાંભળ્યું બધાએ. પણ રાતે એક માણસ આવ્યો હતો. એ વાત બધી ઠીક પણ એનું સાધન શું? એમ કે આ ભક્તિ કરવી, વાંચન કરવું, શ્રવણ કરવું એ બધું સાધન. બાપુ! એ સાધન નથી. આહાહા..! લોકોને આ મૂળ ચીજ આકરી પડે ને એટલે પછી બહારની ચીજનું સાધન હોય તો ઠીક પડે, દેખાય, ખ્યાલમાં આવે કે કાંઈક કરીએ છીએ. ઓલું અંદરમાં જાવું એ કરીએ એ તો ખ્યાલમાં આવે નહિ. આહાહા..! ધ્રુવના ધ્યેયે પરિણતિ જે અભેદ થાય એ તો ખ્યાલમાં આવે નહિ. કહે, આ એમ કરે છે, આ ભક્તિ કરે, પૂજા કરે, આમ કરે. દયા પાળે છે, વ્રત પાળે છે, સંવર કરે છે, જોઈને ચાલે છે, વિચારીને બોલે. એ બધી ખ્યાલમાં વાતું આવે એને. આહાહા..! માર્ગ તો આ છે. ભાવપાહુડનો અધિકાર છે ને. ભાવસાર. પ્રાભૃત ભાવ ભેટણું. શુદ્ધ પર્યાયનું ભેટણું જીવને આટલી આત્મ ભાવના કરી છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યારે મળે?

મુમુક્ષુ :- શુભભાવ.

ઉત્તર :- શુભભાવમાં ધૂળેય નથી.

મુમુક્ષુ :- ખ્યાતિ ક્યારે?

ઉત્તર :- આ ખ્યાતિ, આત્મખ્યાતિ.

મુમુક્ષુ :- તત્ત્વ તો જાણ્યું જ નથી.

ઉત્તર :- એ માટે તો પહેલી વાત કરી.

મુમુક્ષુ :- માન મળે, રોટલા મળે.

ઉત્તર :- માન, હવે માન અને રોટલા ધૂળમાંય નથી. આહાહા..! જુઓને. પાંડવો ધ્યાનમાં હતા. આહાહા..! અને ઉપસર્ગ લોઢાના. ઉષ્ણતા... સહદેવ અને નકુલને વિકલ્પ આવ્યો. અરે..! બંધુઓને, સાધર્મી ભાઈઓને. આમ સહોદર. સહોદર છે. આમને મોટી ઉંમરના ધર્મરાજા, ભીમ, અર્જુન. એવો એક વિકલ્પ આવ્યો એમાં બે ભવ થયા.

મુમુક્ષુ :- વિકલ્પ એક અને ભવ બે.

ઉત્તર :- સર્વાર્થસિદ્ધનો ભવ અને ત્યાંથી મનુષ્યનો ભવ. આહાહા..! ત્રણ—ભીમ, અર્જુન અને ધર્મરાજા અંતરના ધ્રુવના ધ્યાનમાં સ્થિર થઈને કેવળ પામ્યા. પાંચેય સહોદર સાધર્મી જીવ, સંત. આહાહા..!

મુમુક્ષુ :- ભાવલિંગી છે ને.

ઉત્તર :- ભાવલિંગી છે. આવો જરીક વિકલ્પ ઉઠ્યો કે અરેરે..! મુનિરાજ વડીલ મુનિરાજને,

વડીલ બંધુઓ મુનિરાજને શું થતું હશે? લોઢાના ધગધગતા નાખ્યા ... અરે..! નેમિનાથ ભગવાનના ટાણા હતા ને. નેમિનાથ ભગવાન મોક્ષ પધાર્યા ત્યારે એ .. કર્યા. એવા વખતમાં તો આવી દશા, પણ અહીં તો એ કહેવું છે કે સાધર્મી મુનિઓ પ્રત્યેનો વિકલ્પ આવ્યો કે કેમ છે? ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધનું ૩૩ સાગર. સંસારમાં ૩૩ સાગર રહેવું પડ્યું.

મુમુક્ષુ :- સંસારમાં કે સર્વાર્થસિદ્ધમાં?

ઉત્તર :- સંસારમાં. સર્વાર્થસિદ્ધ એટલે સંસાર. આહાહા..! મુળચંદભાઈ! આવી વાતું છે ભાઈ! આહાહા..!

કુંદકુંદાચાર્યે તો સ્પષ્ટ એટલી વાત કરી ને. એ તો શુભભાવ હતો. એ કાંઈ પોતાને માટે નહોતું. પોતાને માટે નબળાઈ આવી જેથી એ વિકલ્પ ઉઠ્યો. ૩૩ સાગર કોને કહે? એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. અને ત્યાંથી નીકળીને પાછો મનુષ્ય થાશે. આહાહા..! એ શુભરાગ પણ ઈચ્છવાલાયક છે નહિ. આહાહા..! આવી વાતું તે ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, ભગવાન! એમાં રાગનો કણ પણ નુકસાનકારક છે. આહાહા..! હજી એને શ્રદ્ધાના ઠેકાણા ન મળે, એને અંદરમાં જાવું શુદ્ધમાં, ભારે આકરું પડે. શી રીતે જાય? એને આલિંગન કરે પરથી, કોઈ કારણે આત્મા પ્રાપ્ત ન થાય, એ તો શુદ્ધતાના ભાવે જ પ્રાપ્ત થાય. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આવો જે માર્ગ એને શુદ્ધભાવે આત્મા વિશુદ્ધને ધાર. આહાહા..! આ આચાર્યનું હૃદય એ વખતે, છે લખવા વખતે વિકલ્પ. પણ વિકલ્પમાં ભાવના નથી. આવી ગયો છે વિકલ્પ. શાસ્ત્ર લખવાનો વિકલ્પ પણ ભાવવા જેવો નથી એમ કહે છે. આહાહા..! ભાઈ! તું વીતરાગસ્વરૂપ છો અને એ વીતરાગી પરિણતિ દ્વારા જ પ્રાપ્ત થાય. બીજી કોઈ રીત નથી. સમજાણું કાંઈ?

છ ઢાળામાં ન કહ્યું? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છે ને પંડિતજી! 'છોડી જગત દંદફંદ...' એ તો દોલતરામજી બોલી ગયા. જેનાથી ઉદાસ થવું છે એની ભાવના કેમ હોઈ શકે? આહાહા..! એટલે કે જેનું ઉત્થાપન ... રાગથી ભિન્ન કરીને ઠરવું છે અંદરમાં, એને આવા રાગની ભાવના કેમ હોય? સુવિશુદ્ધ એવો પરમાત્મા નિર્મળાનંદ નાથ પ્રભુ, એની શુદ્ધભાવે ભાવના કર. આહાહા..! વ્યવહારની તો વાતું ઉડાવી દીધી છે.

'**આગે કહતે હૈં કિ જો આત્માકો ભાવે વહ ઈસકે સ્વભાવકો જાનકર ભાવે,...**' શું કહે છે? કે આત્માને એકાગ્ર થવું પણ એનો સ્વભાવ શું? એનો કાયમી સ્વ-ભાવ. એ વસ્તુ, એનો કાયમી ગુણ શું? આત્મા તો આત્મા કહ્યો એ તો આત્મા વસ્તુ. પણ એનો સ્વભાવ, સ્વ-પોતાનો ભાવ કાયમી શું ચીજ છે? એના ભાવને જાણીને પછી ભાવના કર. એમ કહે છે. '**ઈસકે સ્વભાવકો જાનકર ભાવે,...**' કેમકે જડ પણ પરમાણુ દ્રવ્ય છે, આત્મા પણ દ્રવ્ય છે, પણ આત્માનો સ્વભાવ શું? એનો

સ્વભાવ આનંદ અને જ્ઞાન. પછી લેશે. જ્ઞાન સ્વભાવ ચેતનાસહિત એમ લેશે ૬૨માં. એટલે કે એ આત્મા વસ્તુ છે એ તો દ્રવ્ય થયું. પણ એનું વાસ્તવિક ત્રિકાળી ગુણસ્વભાવ શું છે? કે જેથી એ સ્વભાવનો આવો સ્વભાવ છે એ સ્વભાવવંતને ભાવવો. એ ૬૧ ગાથામાં કહે છે. '**જાનકર ભાવે, વહી મોક્ષ પાતા હૈ :—**'

**जो जीवो भावंतो जीवसहावं सुभावसंजुत्तो।**
**सो जरमरणविणासं कुणइ फुडं लहइ णिव्वाणं।।६१।।**

'**અર્થ :- જો ભવ્યપુરુષ...**' લાયક પુરુષ. ભવ્યને છે ને મોક્ષ. બીજાને ક્યાં છે? આહાહા..! દુનિયામાં દેખાવાનો ભાવ હોય એ છોડી દે કહે છે. દુનિયામાં કાંઈક દેખાવ, મોઢા આગળ મને ગણે ગણતરીમાં. બાપુ! એ તારે શું કામ છે? તારી ગણતરી ગણ ને. તારો સ્વભાવ શું છે? આહાહા..! નિત્યાનંદનો નાથ ભગવાન એનો સ્વભાવ છે જાણવું અને દેખવું. ચેતના એનો સ્વભાવ છે, ચેતવું એનો સ્વભાવ છે. ચેતવાના બે પ્રકાર જ્ઞાન અને દર્શન એનો સ્વભાવ છે. અહીં જ્ઞાન સ્વભાવ લીધો. જે વસ્તુની ભાવના, એકાગ્રતા પર્યાયથી કરવી છે એનો સ્વભાવ શું? એટલે કે દ્રવ્ય આત્મા અને એનો સ્વભાવ જ્ઞાન અને ચેતના, એમાં એકાગ્ર થવું એ પર્યાય. ત્રણે આવી ગયા. દ્રવ્ય એટલે આત્મા પદાર્થ-વસ્તુ, એનો સ્વભાવ ચેતના અને જ્ઞાનસ્વભાવ એ શાશ્વત. સ્વભાવ આ. એની એકાગ્રતા એ શુદ્ધ પર્યાય. એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવ્યા. આહાહા..!

'**ભવ્યપુરુષ જીવકો ભાતા હુઆ,...**' ભગવાન આત્માની ભાવના કરતો થકો '**ભલે ભાવસે સંયુક્ત હુઆ...**' લ્યો અહીંયા ભલો ભાવ એટલે શુદ્ધ. ભલા... છે ને? '**सुभावसंजुत्तो**' છે ને મૂળ? '**जीवसहावं सुभावसंजुत्तो**' એમ છે ને પદમાં. '**जीवो भावंतो जीवसहावं सुभावसंजुत्तो।**' '**सुभाव**' એટલે શુદ્ધભાવથી સહિત. આહાહા..! એ શુભ-અશુભભાવથી રહિત શુદ્ધભાવથી ભાવતો થકો. આહાહા..! આવી વાત પાંચમા આરા માટે? કોક કહે એ ચોથા આરા માટે. આ ભગવાનદાસ એમ કહે છે શેઠ સાગરવાળા. આ તો ચોથા આરાને માટે. સાધુ પાંચમા આરાના છે. પાંચમા આરાને માટે કહે છે. એમ કહે કે આવી વાતું તો ચોથા આરા માટે હોય. પાંચમા આરાના સાધુ, પાંચમા આરાના ભવ્યજીવને કહે છે. એટલે એમ કે અત્યારે કાંઈક બીજું હોય. શેઠ પણ એમ કહે છે ને વારંવાર. શાહુજી. મહારાજ! અમે ગૃહસ્થ છીએ. અમને અમારે યોગ્ય કહો ને કાંઈક. દયા, દાન... અરે..! ભગવાન! ગૃહસ્થ, મુનિ તો પર્યાય છે, આત્મા એવો છે જ નહિ.

ગૃહસ્થ તો એને કહીએ. ગૃ-પોતાના નિજ ઘરમાં ઠરે, રહે, ટકે એને ગૃહસ્થ કહીએ. આહાહા..! એ આવે છે પંચસંગ્રહમાં. અધ્યાત્મ પંચસંગ્રહ છે ને પુસ્તક દીપચંદજીનું. અધ્યાત્મ પંચસંગ્રહ. હશે ને આમાં. આવે છે પંચસંગ્રહમાં આવે છે. એમાં આ આવે છે. ગૃહસ્થ કોને કહેવો. ગૃ-ઘર નિજઘર નિત્યાનંદ પ્રભુ, એમાં ઠર. શુદ્ધભાવે ઠરવું એ ગૃહસ્થ છે. ગૃહસ્થ. સ્થ-રહેવું. આહાહા..! આ તો

પૈસાવાળા હોય એ ગૃહસ્થ કહેવાય, .. ગૃહસ્થ કહેવાય. ધૂળેય નથી સાંભળને હવે. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધસ્વભાવી એને 'ભલે ભાવસે સંયુક્ત હુઆ...' જોયું! શુદ્ધભાવથી સહિત થયો થકો. આહાહા..!

ત્રિકાળી શુદ્ધભાવ એવો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અસ્તિ, શાશ્વત એવા ભાવને એ ભલા ભાવ સહિત થયો થકો એ પોતાનું કર્તાપણું બતાવે છે. શુદ્ધ '**सुभावसंजुत्तो**' જોયું! નિર્મળ પર્યાયસહતિ. '**संजुत्तो**' માર્ગ એવો છે માર્ગ એટલે લોકોને... વ્યવહાર કરો.. વ્યવહાર કરો.. વ્યવહાર કાંઈક કરીએ. અમારે તો એ થાય. લ્યો પ્રવચનસારમાં આવે છે ને. શ્રાવકને તો વ્યવહારધર્મથી જ મુક્તિ થાય છે, લ્યો. પ્રવચનસાર ચરણાનુયોગ. એવો પાઠ છે ત્યાં. શુભભાવથી જ એને મુક્તિ થાય છે. એ તો શુભભાવ એને અશુભ ટાળવા માટે શુભ હોય છે, પણ એમાં જેટલો અંશ ટળે છે એટલા લાભનું કારણ છે અને પછી શુભનો અંશ પણ ટાળશે ત્યારે એને શુદ્ધ થશે. આહાહા..!

એ ચર્ચા મોટી થઈ હતી. રાજકોટ. રાજકોટ નહિ મોરબી. છઠ્ઠી સાલ. ઓલા સ્થાનકવાસીના એક છે ને રતનલાલજી. ..ના..ના .. છે ગામ. રતનલાલજી ..ના. એ પત્ર છાપે છે સ્થાકનવાસીનું. નામ છે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન પત્ર છાપે છે. ..ના રતનલાલ. ઘણા વર્ષથી. એમાં છઠ્ઠી સાલે ત્યાં મોરબી. કોણ? ઓલા ..ના મકાનમાં વ્યાખ્યાન ચાલતું હતું ત્યાં આવ્યા હતા. એ કહે, મહારાજ! જુઓ આ પ્રવચનસારમાં આમ કહ્યું. પણ હવે વાંચવા માંડ્યાને માળા. પણ હવે તમારે પ્રવચનસાર માન્ય નથી એના દાખલા શા? એ બચાવ કરવા માટે. આહાહા..! કુંદકુંદાચાર્યે આમ કહ્યું છે, શુભભાવથી ગૃહસ્થને પરંપરાએ મુક્તિ મળે. એ પ્રશ્ન કર્યો હતો લ્યો. સ્થાનકવાસી ..નો હતો પત્રકાર. અરે..! ભાઈ! એ તો ગૃહસ્થને અશુભ ટાળવાની અપેક્ષામાં શુભ આવે છે, એમાં જેટલો અશુભ ટળે છે એટલો લાભદાયી છે. પણ એને ગૃહસ્થાશ્રમમાં ઘણાં અશુભભાવો હોય એ અપેક્ષાએ એને શુભભાવનો અંશ હોય છે અને પરંપરા ટાળશે એને મુક્તિનું કારણ એને થઈ જશે. શુભરાગ કોઈ દિ' મુક્તિનું કારણ હોઈ શકે નહિ. આહાહા..! બધા માળા દાખલા એવા આપે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આવે છે ને ૧૨મી ગાથા.

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।

જુઓ! વ્યવહારનો ઉપદેશ આવ્યો. એ વળી સ્થાનકવાસી હતા કપુરભાઈ. એ ૯૪માં આવ્યા હતા અહીં. એ હતા. દરિયાપુર હતા દરિયાપુર. કપુરભાઈ નહોતા? દરિયાપુર હતા. એનો દીકરો હતો નટુ-નટુ. ખબર છે ને. ૯૪માં આવ્યા હતા. ઘણાં વર્ષ થઈ ગયા ૩૬. એ કહે, મહારાજ! પણ ૧૨મી ગાથામાં આમ કહે. મારા પણ તમે.. તમારે સમયસાર નહિ ને. બચાવ કરવા ગોતવા માંડ્યા. ૧૨મી ગાથામાં તો એમ કહ્યું કે વ્યવહારીઓને વ્યવહારનો ઉપદેશ દેવો. વ્યવહારનો ઉપદેશ દેવો. ભાઈ! એમ

નથી કીધું ત્યાં. એ આ શેઠે પોતે એમ કહ્યું હતું. શાહુજી દિલ્હી. આ વ્યવહારનો ઉપદેશ, અપરમમાં સ્થિતને વ્યવહારનો ઉપદેશ દેવો, એમ મહારાજ આમાં લખ્યું છે. ઓલા કીધું હોય ને પંડિતોએ. શાહુજી. બાપુ! એમ એનો અર્થ નથી. '**ववहारदेसिदा पुण**'નો અર્થ ઉપદેશ દેવો એમ નથી. '**ववहारदेसिदा**'નું વાક્ય એ નિર્મળ પર્યાય થોડી છે અને અશુદ્ધ પર્યાય ભેગી છે એને જાણવું એનું નામ વ્યવહાર પ્રયોજન છે. જાણવું. આદરવાની વાત કરવાની વાત અને ઉપદેશ દેવો એ વાત છે જ નહિ ત્યાં. એ તો પદ્યમાં એવો '**ववहारदेसिदा**' શબ્દ આવ્યો છે. પણ એનો ભાવમાં અમૃતચંદ્રાચાર્યે તો કહ્યું છે કે જે કાંઈ અશુદ્ધભાવના અંશો હોય તે કાળે તેને જાણવું. જાણેલો પ્રયોજવાન છે. તદાત્વેપ્રયોજનવાન. પંડિતજી! તદાત્વે. તદાત્વે. પરિજ્ઞાનમાનત્વાત. 'તે કાળે જાણેલો' એટલો શબ્દ છે. આહાહા..! એનો અર્થ શું કીધું? જે જે સમયે જે જે રાગની મંદતા હોય તે તે કાળે તે પ્રકારનું જ્ઞાન જાણવું તે પ્રયોજનવાન છે. બીજે સમયે રાગની મંદતા હોય તે પ્રકારનું જ્ઞાન કરીને જાણવું એમ. તદાત્વે પરિજ્ઞાનમાન ત્વાત્ આમ છે. ઉપદેશ-બુપદેશની વ્યાખ્યા છે જ નહિ અહીંયાં. ઓલો તો '**ववहारदेसिदा पुण**'

મુમુક્ષુ :- દેશના...

ઉત્તર :- હા દેશના... એ તો વાચકનું વાચ્ય આ છે કે તે કાળનો જે અશુદ્ધભાવ આદિ હોય એને જાણવું એ વાચ્ય છે એનું. કહેવું અને વિશેષ કરો એ વ્યાખ્યા છે જ નહિ. શાહુજીએ ૧૦ મિનિટ માંડી હતી થોડી સભામાં. ખાણિયા ઓલામાં. પંડિતો કહે ખરાને એને. અરે..! ભગવાન! શું થાય?

અહીં કહે છે '**ભવ્યપુરુષ જીવકો ભાતા હુઆ, ભલે ભાવસે સંયુક્ત...**' '**सु**' શબ્દ છે ને? '**सुभावसंजुत्तो**' ભલો ભાવ એટલે શુદ્ધ. ભલો ભાવ એટલે શુદ્ધ.

મુમુક્ષુ :- શુભ નહિ?

ઉત્તર :- શુભ નહિ. શુભ ભલો છે જ નહિ. એ શુદ્ધને જ શુભ કીધો છે પુણ્ય-પાપના અધિકારમાં, સમયસારમાં. શુદ્ધને શુભ કીધો છે અને શુભ-અશુભને અશુભ કીધો છે. આહાહા..! '**ભલે ભાવસે સંયુક્ત હુઆ જીવકે સ્વભાવકો જાનકર ભાવે,...**' શુદ્ધ પરિણતિ, શુદ્ધ પર્યાયથી સહિત થયો થકો જીવના સ્વભાવને જાણીને. ભગવાન આત્મા એને જાણીને એને ભાવે. '**વહ જરા-મરણકા વિનાશ કર...**' એ જીર્ણતા અને મરણ-દેહનું છૂટવું એનો અભાવ કરીને '**પ્રગટ નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ.**' પ્રત્યક્ષ પૂર્ણાનંદની પ્રાપ્તિ એને થશે. આહાહા..! વાદવિવાદે પાર ન આવે હોં. આટલી ચર્ચા થઈ છે તો હજી ફરીને ચર્ચા કરો એમ કહે છે. મખનલાલજી કહેતા હતા. ભાઈ! ..બાપા! વસ્તુની સ્થિતિ છે એમ સમજે તો પાર આવે. વાદવિવાદે પાર આવે?

મુમુક્ષુ :- .. ચર્ચા થોથા છે.

ઉત્તર :- મોટા થોથા છે બે. લખ્યું છે પોથા-પોથા બે. તમારા તરફની દલીલને પોથા? પણ એણે

કહ્યું હતું ને પહેલું. હા પાડી હતી. પાંચ પાંચ હજાર રૂપિયા બેય આપો અને આપણે.. એમ થયું કે આપણું પોગલ નીકળશે. તો ના પાડી દીધી. આ કહે અમારે છાપવાનું છે. તમારી દલીલ છે અને આ પણ દલીલ. બેયની છે.

મુમુક્ષુ :- બધો ફેરફાર કર દીધો ને.

ઉત્તર :- જરીએ ફેરફાર કર્યો નહિ. એ લખ્યું છે. લખ્યું છે ખબર છે ને. એની સહી છે. બંસીધરજીની સહી છે, ઓલાની સહી છે એ તો છાપ્યું છે. એમ કાંઈ ચાલે ગોટા? બધાની સહી છે એમાં. આહાહા..!

**'જરા-મરણકા વિનાશ કર પ્રગટ નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ. '**

**'ભાવાર્થ :- જીવ ઐસા નામ તો લોકમેં પ્રસિદ્ધ હૈ,...'** જીવ... જીવ... જીવ... જીવ... એમ. **'પરંતુ ઈસકા સ્વભાવ કૈસા હૈ?'** વસ્તુ તો કીધી છે જીવ. પણ એનો સ્વભાવ શું કાયમનો? વસ્તુ છે એ તો જીવ કીધી અસ્તિ. હવે એનો સ્વભાવ અસ્તિત્વ કેવો છે? આહાહા..! જીવ તો એક વસ્તુ થઈ સ્વભાવવાન, પણ એનો સ્વભાવ શું? આહાહા..! **'સ્વભાવ કૈસા હૈ? ઈસપ્રકાર લોગોંકે યથાર્થ જ્ઞાન નહીં હૈ...'** લોકોને યથાર્થ જ્ઞાન નથી કે આ જીવ છે તેનો સ્વભાવ ચેતના અને જ્ઞાન છે. એનું બીજું સ્વરૂપ જ નથી. એમ ખબર નથી (એટલે) કોઈક કંઈક કલ્પે છે, કોઈ કંઈક કલ્પે છે. માટે **'ઔર મતાંતરકે દોષસે ઈસકા સ્વરૂપ વિપર્યય હો રહા હૈ.'** જગતના અનેક મતોમાં વાસ્તવિક જીવના સ્વભાવમાં મતાંતરો-અનેક અંતર એટલે અનેક મતો થઈ ગયેલા છે. વાસ્તવિક સ્વરૂપની દૃષ્ટિ ત્યાં રહી નહી. આહાહા..! **'ઈસલિયે ઈસકા યથાર્થ સ્વરૂપ જાનકર... '** ભગવાન આત્માનું વાસ્તવિક સ્વરૂપને જાણીને... આહાહા..! **'ભાવના કરતે હૈં...'** એ શું સ્વભાવ કહેશે.

**'વે સંસારસે નિવૃત્ત હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં. '** પર્યાયમાં ઉદયભાવનો અભાવ થઈને પરિણામિક ક્ષાયિકભાવની પર્યાય પ્રગટ કરશે. કેમકે સ્વભાવમાં, મોક્ષની પર્યાય તો એના સ્વભાવમાં અનંતી પડી છે. જ્ઞાન, દર્શન આદિ મુક્ત સ્વરૂપ છે એ બધું. એનો સ્વભાવ મુક્તસ્વભાવ છે. એવા મુક્તસ્વભાવને ભાવતાં મુક્તસ્વભાવમાં રહેલી આનંદની શક્તિ પર્યાય એ પ્રગટ થશે. એથી એને પરમાનંદરૂપી મોક્ષનો શાશ્વત લાભ. એ શાશ્વત કીધું. .. આ તો ફરફારા ગતિ. એક ગતિમાંથી બીજી. સર્વાર્થસિદ્ધિમાંથી માણસના ભવમાં. જુઓને. આહાહા..! ક્યાં સર્વાર્થસિદ્ધનો જીવ હોય, દેહ છૂટે માતાના પેટમાં સવા નવ મહિના ઊંધે માથે. આહાહા..! ભલે એક ભવ કરવો છે ને સર્વાર્થસિદ્ધવાળાને. ભવ તો આ છે. આહાહા..! જેને શ્વાસ લેવાની ક્રિયાને સગવડતા ન મળે. ચારેકોર કફ, માંસ ને હાડકા, એમાં લટકે ઉંધે માથે. આહાહા..! અરે..! એ કઈ રીતે રહ્યો? એની એને ઈતિહાસની ખબર ન મળે. આહાહા..! એની જિંદગીમાં શું થયું આ બધું? એનો પૂર્વનો ઈતિહાસ જોવે તો એને ખબર પડે ઓહોહો..! ભવોભવમાં દુઃખમાં રઝળ્યો. એવા જીવનો સ્વભાવ જાણીને **'ભાવના કરતે હૈં વે**

**સંસારસે નિવૃત્ત હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.** ’ આહાહા..!

જીવ એનો સ્વભાવ ધર્મ. ધર્મસ્વભાવ. ધર્મ એટલે જ્ઞાન અને ચેતના. એની પર્યાયમાં શુદ્ધતાથી ભાવના ભાવતા એ જે સ્વભાવ ચૈતન્યનો જ્ઞાન આદિ છે એ પર્યાયમાં પૂર્ણ પ્રાપ્ત થશે. એનું નામ મુક્તિ છે. મુક્તિ બીજી શું?

‘**આગે જીવકા સ્વરૂપ સર્વજ્ઞદેવને કહા હૈ વહ કહતે હૈં :—**’ આહાહા..! આ તો ધીરાના કામ છે ભાઈ! સર્વજ્ઞદેવે કહ્યું. આ છે ને જુઓ આમાં.

**जीवो जिणपण्णत्तो णाणसहाओ य चेयणासहिओ।**
**सो जीवो णायव्वो कम्मक्खयकरणणिम्मित्तो।।६२।।**

એને જાણવો કર્મક્ષયના કારણને. આહાહા..!

‘**અર્થ :- જિન સર્વજ્ઞદેવને જીવકા સ્વરૂપ ઈસપ્રકાર કહા હૈ—**’ એનો સ્વભાવ અને એનું સ્વરૂપ એ પ્રકારે કહ્યું છે. ‘**જીવ હૈ વહ ચેતનાસહિત હૈ...**’ વસ્તુ છે તો કોઈ સ્વભાવ, હોય ને એનો. સાકરનો ગળપણ સ્વભાવ, મીઠાનો ખારો સ્વભાવ લવણ. ખડીનો ધોળો સ્વભાવ, એમ ભગવાનનો સ્વભાવ? ચેતના અને જ્ઞાન. આહાહા..! ‘**જ્ઞાનસ્વભાવ હૈ,...**’ લ્યો! ચેતનાસહિત જ્ઞાનસ્વભાવ. એકલું બસ જાણવું અને દેખવું એવું ચેતવું જ એનું સ્વરૂપ છે. એવું ચેતવું એવો એનો જ્ઞાનસ્વભાવ છે. આહાહા..! જાણવું અને દેખવું એ જ એનું સ્વરૂપ છે. ચેતવું જાગ્રત થઈને જાણવું અને દેખવું એ એનું સ્વરૂપ છે. એ રાગ કરવો અને રાગ થવો, શરીર સંબંધ એ કોઈ એનો સ્વભાવ નથી, એ કોઈ એનું સ્વરૂપ નથી. આહાહા..!

જેનું ધ્યાન કરવું છે એનો સ્વભાવ શું? કહે છે. જીવનું ધ્યાન કરવું છે એટલે તેના તરફ વળવું છે, જેના તરફ વળવું છે એવો જીવ એનો સ્વભાવ શું? કે એ ચેતના છે એ જ્ઞાનસ્વભાવ. એ ચેતે એવો એનો જ્ઞાનસ્વભાવ. આહાહા..! વ્યાખ્યાન તો એવા આપે કે ઝપટ બોલાવે એક કલાકમાં. આ તો હળવે હળવે જાણે. એ પકડાય નહિ વાત. વિચારને પણ જરી એણે ગોઠવાવો જોઈએ ને. ભાઈ! તું જીવ છો. તો જીવનો સ્વભાવ સર્વજ્ઞે શું કહ્યો? જેને જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા. એણે તારા સ્વભાવને કેવો કહ્યો? એ તો ચેતના. ચેતવું એવો જ્ઞાનસ્વભાવ, ચેતવું એવો જ્ઞાનસ્વભાવ, બસ. આહાહા..! ચેતવું એવો જ્ઞાનસ્વભાવ શું? કાંઈક કરવું એવો જ્ઞાનસ્વભાવ, જ્ઞાન કરવું એમ પણ નથી કહે છે. એ તો ચેતવું એવો એનો જ્ઞાનસ્વભાવ છે.

‘**ઈસપ્રકાર જીવકી ભાવના કરના,...**’ જીવ એ દ્રવ્ય થયું. ચેતના સહિત જ્ઞાનસ્વભાવ એનો ગુણ થયો, સ્વભાવ થયો, ભાવ થયો. ભાવવાન, ભાવ(ગુણ) એની એ ભાવના પર્યાય થઈ. આહાહા..! સમજાણું કાંઈ? ‘**જીવકી ભાવના કરના,...**’ આવા જીવની એકાગ્રતા કરના. આવા જીવની ચેતનાસહિત જ્ઞાનસ્વભાવ એવા જીવની એકાગ્રતા કરવી. આહાહા..! ભારે માર્ગ. ‘**જો કર્મકે**

**ક્ષયકે નિમિત્ત જાનના ચાહિયે.'** કર્મનો ક્ષય તો એની પર્યાયથી થાય, પણ એમાં આ ભાવ તે નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? જીવ એનો ચેતનાસહિત જ્ઞાનસ્વભાવ, એની એકાગ્રતાની શુદ્ધ પર્યાયની ભાવના. એ કર્મનો ક્ષય તો એની પર્યાયમાં એને કારણે થાય, પણ એ કર્મક્ષયમાં નિમિત્ત છે આ શુદ્ધભાવ. ઉપાદાન એનું. સમજાણું કાંઈ? આ કહે, આત્મા કર્મનો ક્ષય કરે. કર્મનો ક્ષય થાય તો આ જ્ઞાન થાય. આહાહા..! એમ નથી ભાઈ!

અહીં તો દ્રવ્યનો સ્વભાવ ચેતનાસહિત જ્ઞાન, એની જે એકાગ્રતા એવી શુદ્ધપર્યાય, એ શુદ્ધપર્યાય... કર્મના ક્ષયના કાળે આ શુદ્ધ પર્યાય એને નિમિત્ત કારણ કહેવાય. આહાહા..! એ શુદ્ધપર્યાય કર્મક્ષય કરતું નથી. કર્મ તો જડ છે.

મુમુક્ષુ :- કર્મનો ક્ષય કોણ કરે?

ઉત્તર :- એ પર્યાય એની કર્મની. કર્મનો અભાવ થવો, કર્મરૂપ પર્યાયનો અકર્મરૂપ પર્યાય થવી એ તો એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કારણે ત્યાં થયું. આ તો નિમિત્ત કીધું ને. શુદ્ધ પર્યાય તો નિમિત્ત છે. ઉપાદાન તો ક્ષય થવાનું કર્મની પર્યાયમાં એને કારણે છે. એવી વાત કરે છે. સમજાણું કાંઈ? આણે શુદ્ધ પર્યાય પૂર્ણ પ્રગટ કરી માટે કર્મને નાશ થવું પડ્યું, એમ નથી. એ કર્મનો નાશનો એનો કાળ હતો એનામાં, એનાથી તે અકર્મરૂપ પર્યાય થઈ છે. કર્મરૂપ પર્યાયનો ક્ષયનો અર્થ? કર્મરૂપ પર્યાય અકર્મરૂપ થઈ, એમાં આ અશુદ્ધ પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ! એને સમજવું. નિમિત્ત કારણ છે માટે ત્યાં ક્ષય થાય છે એમ નહિ એમ કહે છે. આણે શુદ્ધભાવ કર્યો એટલે કર્મને નાશ થવું પડ્યું અને કર્મનો નાશ થયો માટે શુદ્ધ પર્યાય કેવળજ્ઞાન થયું એમ નથી. સમજાણું કાંઈ?

તત્ત્વાર્થસૂત્રમાં આવે કર્મક્ષયાત. .. થાય તો નવ લબ્ધિ પ્રગટે. એ તો નિમિત્તના કથનો છે. ઉમાસ્વામીએ પણ ત્યાં વ્યવહારને જણાવ્યો છે વ્યવહાર. આહાહા..! આખો વ્યવહારનો ગ્રંથ છે એ.

અહીં જુઓને ભાષા **'सो जीवो णायव्वो'** તે જીવને એ રીતે જાણવો અને જાણતા કર્મક્ષય કરવામાં નિમિત્ત છે. એની શુદ્ધ પર્યાય એ જ કર્મ ક્ષય થવામાં નિમિત્ત છે. કર્મનો ક્ષય તો તે કાળે તેની પર્યાયમાં થવાનો કાળ જ હતો. કર્મની અવસ્થાનો અભાવ થવો એ તો એ કર્મની અવસ્થાનો જ સ્વકાળ હતો. સમજાણું કાંઈ? આત્માએ શુદ્ધભાવ કર્યો માટે કર્મનો અભાવ થયો એમ નહિ. આહાહા..! આવી વાતું છે. એથી નિત્ય સ્વભાવ કહે છે ને. **'कम्मक्खयकरणणिम्मित्तो'** આહાહા..! કુંદકુંદાચાર્યની શૈલી ગજબની શૈલી છે. કહે છે ને ઓલા રતનચંદજી. તમે આમ કરશો. શુદ્ધ પર્યાય પ્રગટ થાય એટલે કર્મ એને કારણે નાશ થાય. અમે એમ કહીએ છીએ કે કર્મનો નાશ થાય ત્યારે શુદ્ધભાવ કેવળજ્ઞાન પ્રગટ થાય. મોટો ફેર ભાઈ! તને ખબર નથી. એમ નથી. અહીંયા એણે રાગ-દ્વેષ કર્યો માટે ત્યાં કર્મની પર્યાયને

કર્મરૂપે થવું પડ્યું એમ છે? એ તો એના કર્મ પરમાણુઓમાં કર્મની પર્યાય થવાને લાયક એ સમયે હતી એ કર્મરૂપે પરિણમ્યા છે. તેં રાગ-દ્વેષ કર્યા માટે એ રૂપે કર્મ પરિણમ્યું છે. એ નથી. રાગ-દ્વેષ તો નિમિત્ત છે. રાગ-દ્વેષ તો નિમિત્ત છે. કર્મની પર્યાય ઉપાદાનપણે તે વખતે તે જ પર્યાયપણે પરિણમવાની હતી એનો એ ઉપાદાન છે. મોટો ઉપાદાન-નિમિત્તનો ગોટો. પંડિતજી! મોટી ચર્ચા. પાંચની ચર્ચા. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધ. આ સોનગઢ સામે પાંચનો.. આહાહા..! પાંચેયનો એક .. ઊડી જાય એવું છે બધું.

જે કાળે સ્વકાળ છે દરેક પર્યાયનો... પોતાના સ્વચતુષ્ટયમાં જીવ છે, દરેક દ્રવ્ય છે અને પરચતુષ્ટયથી નથી. ખલાસ થઈ ગયું. સ્વચતુષ્ટયથી છે. પોતાના સ્વકાળને લઈને જીવ છે. ચાહે તો નિર્મળ વખતે, ચાહે તો મલિન વખતે. ક્ષય તો નિમિત્ત છે એનાથી કાંઈ થયું નથી. અને સ્વકાળ છે એ ક્રમબદ્ધ છે, એક પછી એક થતાં. અને સ્વકાળમાં વ્યવહાર છે માટે નિશ્ચય થયો એમાં આવતું નથી. જે કાળે નિર્મળ પર્યાય થઈ તે કાળે રાગ છે સાથે. રાગ છે એને વ્યવહાર કહેવાય અને આને નિશ્ચય. પણ રાગથી વ્યવહારથી નિશ્ચય થાય, કોઈવાર છે નહિ. પાંચેય બોલ એક સવાલમાં ઊડી જાય છે. સમજાણું કાંઈ? કર્મના નિમિત્ત છે. આ વાત કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૨, શુક્રવાર તા. ૨૫-૦૧-૧૯૭૪**
**ગાથા - ૬૨ થી ૬૪, પ્રવચન - ૯૮**

આ અષ્ટપાહુડ, ભાવપાહુડ. ગાથા-૬૨. ભાવાર્થ છે ને? '**જીવકા ચેતનાસહિત વિશેષણ કરનેસે...**' આ ગાથામાં ખુલાસો કરે છે. જીવના સ્વભાવનું ધ્યાન કરવું. એમ છે ને મૂળ? '**जिणपण्णत्तो**' વીતરાગે જીવનો સ્વભાવ કેવો કહ્યો છે? એ કહે છે. '**જીવકા ચેતનાસહિત વિશેષણ કરનેસે તો ચાર્વાક જીવકો ચેતનાસહિત નહીં માનતા હૈ...**' ચાર્વાક છે ને એક નાસ્તિ (મત)? એ ચેતના(સહિત) આત્મા નહીં માનતા. '**ઉસકા નિરાકરણ હૈ. જ્ઞાનસ્વભાવ વિશેષણસે સાંખ્યમતી જ્ઞાનકો પ્રધાન ધર્મ માનતા હૈ,...**' સાંખ્યમતિ છે એ રજો, તમો, સત્વ એ પ્રકૃતિના ગુણોને જ્ઞાન માને છે. '**સાંખ્યમતિ જ્ઞાનકો પ્રધાન ધર્મ માનતા હૈ, જીવકો ઉદાસીન નિત્ય ચેતનારૂપ માનતા હૈ...**' ચેતના જાણે એવું નહિ. ઉદાસીન ચેતના.

'**ઉસકા નિરાકરણ...**' જ્ઞાનસ્વભાવ અને ચેતનાગુણસહિત છે. એના એવા સ્વભાવને જાણવો. '**णायव्वो**' છે ને? '**सो जीवो णायव्वो**' ચેતનાસ્વભાવ અને જ્ઞાનસ્વભાવ એ જીવ જાણવો. એનું નામ જીવ છે. અને એની ભાવના, એકાગ્રતા કરવી એ ધર્મ. લ્યો! '**નૈયાયિકમતી ગુણ-ગુણીકા ભેદ માનકર જ્ઞાનકો સદા ભિન્ન માનતા હૈ...**' નૈયાયિકમત છે એ ગુણ-ગુણી, દ્રવ્ય અને જ્ઞાન બે ભિન્ન

છે. જીવદ્રવ્ય અને જ્ઞાન તદ્દન ભિન્ન એમ માને છે. **'સદા ભિન્ન માનતા હૈ ઉસકા નિરાકરણ હૈ. ઐસે જીવકે સ્વરૂપકો ભાના...'** એવું જે જીવનું જ્ઞાનસ્વરૂપ અને ચેતનાસ્વભાવ, એની ભાવના કરવી એનું નામ વાસ્તવિક જીવનો ધર્મ છે. લ્યો! આવું કરવું, આ પૂજા કરવી, ભક્તિ કરવી, આ કરવું એ વાત કાંઈ લીધી નહિ. બીજા શાસ્ત્રમાં વ્યવહાર હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી ધર્મ એ કાંઈ નથી. આહાહા..! ધર્મ તો એ જીવ ચેતનાસહિત અને જ્ઞાનસ્વભાવ એની એકાગ્રતા કરવી એનું નામ ધર્મ છે. છે ને?

**'ઐસે જીવકે સ્વરૂપકો...'** ઐસે જીવકે ભાવકો. એવું જે જીવદ્રવ્ય, એનું જે સ્વરૂપ ભાવસ્વરૂપ, ચેતનાસ્વરૂપ, જ્ઞાનભાવ એને **'ભાના...'** ભાવના કરવી. બહુ ટૂંકું કહ્યું. જીવદ્રવ્ય, ચેતના અને જ્ઞાન એનો સ્વભાવ ત્રિકાળ, એની એકાગ્રતા કરવી એ પર્યાયધર્મ. આવો .. છે સ્વભાવ. આમાં વ્યવહારરત્નત્રય ન આવે. એ તો રાગમાં જાય. આહાહા..! ભાવપાહુડ છે ને? જે ભાવ શુદ્ધ છે, પવિત્ર છે, એ શુદ્ધ એવો પવિત્ર ત્રિકાળી સ્વભાવ, એની ભાવના એ પવિત્ર શુદ્ધભાવ છે. એ જૈનધર્મ છે. આકરી વાત. બહારમાં કાંઈક કરવું હોય ને તો એને લાગે કાંઈક કરીએ છીએ. પણ અહીં તો ચૈતન્યદ્રવ્ય, એની ચેતના અને જ્ઞાન એનો સ્વભાવ. એમાં એકાગ્ર થવું એ જ્ઞાન અને ચેતનામાં એકાગ્ર થવું, એની ભાવના ભાવવી, એમાં લીનતા કરવી, એનું નામ ભાવશુદ્ધ અને ધર્મ છે.

**'યે કર્મકે ક્ષયકા નિમિત્ત હોતા હૈ,...'** એ પવિત્ર પરિણામ, ત્રિકાળી ચેતના અને જ્ઞાનસ્વભાવની એકાગ્રતારહિત પવિત્ર પરિણામ તેનું-ક્ષયનું નિમિત્ત છે. કર્મ તો ક્ષય એને કારણે થાય છે. કર્મની પર્યાયનું અકર્મરૂપ થવું એ તો એને કારણે-જડને કારણે, એમાં આ પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. **'અન્ય પ્રકાર મિથ્યાભાવ હૈ.'** આ જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, એની એકાગ્રતા સિવાય બીજો કોઈપણ પુણ્ય અને પાપનો ભાવ એ ધર્મ છે એ મિથ્યાભાવ છે. અહીં તો આ એકલો વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર ચાલે છે.

મુમુક્ષુ :- સદ્ભૂત વ્યવહાર નથી?

ઉત્તર :- એ વ્યવહાર નહિ. દયા, વ્રત, તપસ્યા, પૂજા, ભક્તિ એ ... ક્રિયા. એ તો અસદ્ભૂત છે, રાગ છે. સ્વભાવમાં ક્યાં છે? પોતાનું ત્રિકાળી સ્વરૂપ વસ્તુ અને એનો જે સ્વસ્વરૂપભાવ એ ત્રિકાળ, એને ધ્યેયમાં લઈને એકાગ્ર થવું, બસ આ એક ધર્મ છે. આહાહા..! એનું નામ ભાવપાહુડ નામ ભાવની શુદ્ધતા કહેવામાં આવે છે. **અન્ય પ્રકાર મિથ્યાભાવ.** બીજી રીતે માને તો તે જૂઠભાવ છે.

**'આગે કહતે હૈં કિ જો પુરુષ જીવકા અસ્તિત્વ માનતે હૈં વે સિદ્ધ હોતે હૈં :—'**

**जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तत्थ।**
**ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा।।६३।।**

**'અર્થ :- જિન ભવ્યજીવોંકે જીવ નામક પદાર્થ સદ્ભાવરૂપ હૈ ઔર સર્વથા અભાવરૂપ**

**નહીં હૈ,...**' પરથી અભાવરૂપ છે. શરીર, કર્મ આદિથી અભાવરૂપ છે. પોતાના સ્વભાવથી સદ્‌ભાવરૂપ છે. શરીર નાશ થવા છતાં અથવા પર્યાય બદલતી હોવા છતાં સદ્‌ભાવરૂપ નિત્યરૂપ આત્મા છે. ધ્રુવ-ધ્રુવ આત્મા સદ્‌ભાવ, સત્‌ભાવરૂપ આત્મા છે. શરીર પડતા કાંઈ આત્માનો નાશ થતો નથી. (અને) એક સમયની પર્યાય પલટતા કાંઈ નિત્યનો નાશ થતો નથી. એવો '**જીવ નામક પદાર્થ સદ્‌ભાવરૂપ હૈ ઔર સર્વથા અભાવરૂપ નહીં હૈ,...**' કથંચિત્ અભાવ છે. શરીર આદિથી અભાવરૂપ છે અને એક સમયની પર્યાયથી પણ અભાવરૂપ છે. કથંચિત્ અભાવરૂપ છે, સર્વથા અભાવરૂપ નથી. આહાહા..! એક એક શબ્દમાં કેટલું ભર્યું જુઓ! વસ્તુ સદ્‌ભાવ, સત્‌સ્વભાવરૂપ છે. સર્વથા અભાવરૂપ નથી. એમ કહ્યું ને પાઠમાં. સર્વથા અભાવરૂપ નથી, કથંચિત્ અભાવરૂપ છે. પરની અપેક્ષાએ અથવા પર્યાયની અપેક્ષાએ અભાવરૂપ છે, પણ વસ્તુની અપેક્ષાએ તો સદ્‌ભાવરૂપ છે. આહાહા..!

'**વે ભવ્યજીવ દેહસે ભિન્ન...** ' દેહથી ભિન્ન ભગવાન આત્મા. '**વચનગોચરાતીત...** ' જે આવા જીવસ્વભાવનો સદ્‌ભાવરૂપ, સર્વથા અભાવરૂપ નહિ એવા જીવનું જે ધ્યાન અને જ્ઞાન કરે છે એ એ વચન અગોચર સિદ્ધ થાય છે. વચનને ગમ્ય નથી એવું એ સિદ્ધપદને પામે છે. મોક્ષપદને એ પામે છે. જીવ સદ્‌ભાવરૂપ છે એ ... એમાં નામ નિત્યાનંદ છે પ્રભુ, ધ્રુવ છે. એવો જે નિત્ય આ સ્વભાવ એ જેની દૃષ્ટિમાં આવે છે એ જીવ કથંચિત્ પરથી અભાવસ્વરૂપ છે, પણ પોતાના સ્વભાવથી સદ્‌ભાવ સ્વરૂપ છે. એવી જેની દૃષ્ટિ થઈ એ સિદ્ધપદને પામે છે. એ નિર્મળ પૂર્ણ પર્યાયને પામે છે. લ્યો, આ તો મોક્ષનો માર્ગ આ અને એનો મોક્ષ આ. આહાહા..!

હવે આ ચરણાનુયોગમાં કથનોનો પાર ન મળે. આમ વ્રત, એની પર્યાય છે, એમાં અતિચાર લાગે, એનું પ્રાયશ્ચિત લેવું, એ દોષ ટાળવા એ બધા અધિકાર ક્યાં ગયા? એ બધા વિકલ્પની વાત હોય, જણાવવી હોય ત્યારે હોય છે. સ્વરૂપમાં એ વિકલ્પ નથી અને એ વિકલ્પ સ્વરૂપનું સાધન નથી. આહાહા..!

'**ભાવાર્થ :- જીવ દ્રવ્યપર્યાયસ્વરૂપ હૈ,...** ' ભગવાન આત્મા જીવદ્રવ્ય-વસ્તુ અને એક સમયની પર્યાયરૂપ એ આખું અસ્તિત્વ પ્રમાણનો વિષય છે એને કહીએ છીએ. '**કથંચિત્ અસ્તિસ્વરૂપ હૈ.**' પોતાના સદ્‌ભાવની અપેક્ષાએ અસ્તિ, કથંચિત્ (અસ્તિ) એટલે પોતાના સદ્‌ભાવની અપેક્ષાએ અસ્તિ. '**કથંચિત્ નાસ્તિ...**' પણ પર શરીરાદિની અપેક્ષાએ નાસ્તિ અને એક સમયની પર્યાયની અપેક્ષાએ પણ નાસ્તિ. આહાહા..! '**પર્યાય અનિત્ય હૈ, ઈસ જીવકે કર્મકે નિમિત્તસે...**' પર્યાય તો અનિત્ય છે. નિત્ય તો દ્રવ્યસ્વરૂપ ધ્રુવ છે. '**જીવકે કર્મકે નિમિત્તસે મનુષ્ય, તિર્યંચ, દેવ ઔર નારક પર્યાય હોતી હૈં, ઈસકા કદાચિત્ અભાવ દેખકર...**' શરીરનો અભાવ દેખીને આત્માનો અભાવ થઈ ગયો એમ ન જાણવું. શરીર છૂટી ગયું માટે આત્મા પણ છૂટી ગયો ભેગો, એમ નથી. દેહનો અભાવ થતાં જીવતત્ત્વનો જીવસ્વભાવ તો સદ્‌ભાવ છે એમ જાણીને સર્વથા નાસ્તિ છે એમ ન માનવું. સર્વથા અભાવ, '**જીવકા સર્વથા અભાવ માનતે હૈં. ઉનકો સંબોધન કરનેકે લિયે ઐસા કહા**

**હૈ કિ જીવકા દ્રવ્યદૃષ્ટિસે નિત્ય સ્વભાવ હૈ.'** લ્યો! આહાહા..! વસ્તુ છે ધ્રુવ, નિત્ય એ દૃષ્ટિએ તો સદ્‌ભાવ ત્રિકાળ છે.

**'પર્યાયિકા અભાવ હોને પર સર્વથા અભાવ નહીં માનતા હૈ...'** એમ એક સમયની પર્યાય બદલતી અને શરીર બદલતા દેખીને એને નાશવાન ન માનવું. આહાહા..! વિકાર પણ બદલી જાય, પર્યાય બદલી જાય. બદલતા વસ્તુ બદલી જાય છે? બહુ ટૂંકી વાત છે. ભૂતાર્થનો આશ્રય કરવો, એ આવ્યું. પર્યાય બદલે છે એથી કાંઈ આખી ચીજ બદલી જાય છે એમ નથી. છઠ્ઠી ગાથામાં એ કહ્યું પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય જેમાં નથી. લ્યો! આહાહા..!

**'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** એ તો જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવભાવ સદ્‌ભાવ એવી જે ત્રિકાળી ચીજ એ જ્ઞાયકભાવ તે વસ્તુ. એમાં તો પર્યાય પણ નથી. આહાહા..! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** કઈ પર્યાય બાકી રહી ગઈ? પહેલેથી છઠ્ઠી ભૂમિકા સુધીની પર્યાય પ્રમત્ત, સાતમાથી ચૌદ સુધીની અપ્રમત્ત **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** ભગવાન સદ્‌ભાવ ધ્રુવરૂપ અસ્તિ એ પર્યાયનો તેમાં અભાવ છે. આહાહા..! એવા જ્ઞાયકભાવને એ પર્યાયમાં અનુભવવો, પરથી લક્ષને છોડી પોતાના ત્રિકાળભાવનું સેવન કરવું એને પર્યાયમાં શુદ્ધતા અનુભવાય એને અહીંયાં ભાવશુદ્ધ કહે છે. અને એ ભાવશુદ્ધમાં ત્રિકાળી શુદ્ધ છે એ દૃષ્ટિમાં આવે છે. શુદ્ધ તો છે સદ્‌ભાવરૂપ, પણ જ્યારે તેના તરફના લક્ષના ઝુકાવથી જે આત્મા ત્રિકાળની સેવના જે પર્યાયે કરી એ પર્યાય ભાવશુદ્ધ છે અને એ પર્યાયમાં આ દ્રવ્ય શુદ્ધ છે એમ પ્રતીત થયું. ત્રિકાળી શુદ્ધ છે એમ પ્રતીતમાં આવ્યું. આહાહા..! પલાખું તો બહુ ટૂંકું છે. પલાખું સમજો છો? પહાડા. પહાડા કહતે હૈ ન એકડે એક, બગડે બે ને ત્રગડે ત્રણ. ભાવ બહુ સૂક્ષ્મ છે.

કહે છે કે જે કોઈ જીવને સર્વથા અભાવ માને છે **'ઉસકો સંબોધન કરનેકે લિયે ઐસા કહા હૈ કિ જીવકા દ્રવ્યદૃષ્ટિસે નિત્ય સ્વભાવ હૈ. પર્યાયિકા અભાવ હોનેપર સર્વથા અભાવ નહીં માનતા હૈ....'** જયચંદ પંડિતે ખુલાસો કર્યો. **'વહ દેહસે ભિન્ન હોકર સિદ્ધ પરમાત્મા હોતા હૈ,...'** દેહથી અભાવ થઈ જાય માટે એનો જીવનો અભાવ થાય એમ નથી. જીવનો અભાવ થતાં તો સિદ્ધપર્યાય પ્રગટ થાય છે. દેહની પર્યાયનો નાશ થતાં ભગવાન આત્મા તો સિદ્ધપર્યાયને પામે છે. નિત્ય વસ્તુ છે એ પર્યાય આ પર્યાયને પામે છે. આ પર્યાય તો વઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ પરમાર્થનો એવો લૂખો લાગે લૂખો. એ વીતરાગી એટલે લૂખો. રાગવાળાને લૂખો લાગે. આ શું કહે છે આ! બાપુ ભગવાન! તારું હોવાપણું હોવાપણું નિત્ય અને ધ્રુવ છે. એને દેહનો અભાવ થાય અથવા તે ક્ષણની પર્યાયનો અભાવ થાય તો સિદ્ધ થશે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પર્યાયિકા અભાવ હોનેપર સર્વથા અભાવ નહીં માનતા હૈ વહ દેહસે ભિન્ન હોકર સિદ્ધ પરમાત્મા હોતા હૈ, વે સિદ્ધ વચનગોચર નહીં હૈં.'** એ સિદ્ધ વાણીગમ્ય નહિ, અરે..! વિકલ્પ-

શુભરાગગમ્ય નહિ. આહાહા..! એ તો સ્વસંવેદનગમ્ય છે. પોતાના દેહથી ભિન્ન, રાગથી ભિન્ન સ્વ પોતાનું જ્ઞાનસ્વરૂપ તેને સં-પ્રત્યક્ષ વેદનગમ્ય છે. આહાહા..! **'વે સિદ્ધ વચનગોચર નહીં હૈં. જો દેહકો નષ્ટ હોતે દેખકર જીવકા સર્વથા નાશ માનતે હૈં વે મિથ્યાદૃષ્ટિ હૈં, વે સિદ્ધ પરમાત્મા કૈસે હો સકતે હૈં?'** આવા જીવ સિદ્ધ પરમાત્મા કઈ રીતે હોય? એમ કહે છે. જેને દ્રવ્યસ્વભાવ નિત્ય ધ્રુવ (એવું) શ્રદ્ધામાં અસ્તિત્વ જ આવતું નથી અને આ દેહના અભાવે જાણે મારો અભાવ થઈ જાય અથવા એક સમયની પર્યાયના અભાવે મારો અભાવ થઈ જાય એને સિદ્ધપદ શી રીતે મળે? એને અજ્ઞાનપદ મળે રખડવાનું. આહાહા..!

**'કૈસે હો સકતે હૈં? અર્થાત્ નહીં હોતે હૈં.'** જેને ત્રિકાળી ધ્રુવસ્વભાવનો જ અંતરમાં સ્વીકાર નથી અને પલટતી ચીજ ભેગો જાણે હું પણ નાશ થાઉં છું એવી જેની માન્યતા છે, એને સિદ્ધપદ શી રીતે થશે? અજ્ઞાનપદ, સંસારપદ થશે એને રખડવાનું. આહાહા..! આ ગાથા આવી, દરેકમાં સાધારણ... સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર, ધવલ અને આ અષ્ટપાહુડ. દરેકમાં આ ગાથા છે. દરેક ગ્રંથમાં આ ગાથા છે. ૬૪.

**'આગે કહતે હૈં કિ જો જીવકા સ્વરૂપ વચનકે અગોચર હૈ ઔર અનુભવગમ્ય હૈ...'** કીધું ને એ. વિકલ્પ ને વચનથી જણાય એવું નથી, છતાં જ્ઞાનગમ્ય છે, અનુભવગમ્ય છે. આહાહા..!

**अरसमरूवमगंधं अव्वत्तं चेणागुणमसद्दं।**
**जाण णलिंग्गगहणं जीवणिद्दिट्ठसंठाणं।।६४।।**

'जाण' શબ્દ પડ્યો છે ને? પોતે સંબોધન કર્યું છે ગુરુએ. 'जाण' હે શિષ્ય! તું આમ 'जाण' આહાહા..! 'હે ભવ્ય!' 'जाण' કીધું છે ને? **'તૂ જીવકા સ્વરૂપ ઈસપ્રકાર જાન...'** લ્યો! ભગવાન આત્માનું સ્વરૂપ. સ્વરૂપ, અરૂપ પણ સ્વરૂપ. અરૂપ છતાં એનું સ્વરૂપ. એવું જાણ. **'કૈસા હૈ? અરસ અર્થાત્ પાંચ પ્રકારકે ખટ્ટે, મીઠે, કડુવે, કષાયલે ઔર ખારે રસસે રહિત હૈ.'** આનંદરસસહિત છે, આ રસરહિત છે. પહેલો રસ લીધો છે ને. ખાટો, મીઠો આદિ રસ છે એ તો જડની પર્યાય છે. એ રસથી તો ભગવાન આત્મા ભિન્ન છે. આ ઈન્દ્રિયના વિષયના રસવાળો નથી એ. ત્યારે એ તો અતીન્દ્રિય રસના આનંદનું સ્વરૂપ એનું છે. આહાહા..! નિર્વિકલ્પ રસવાળું એ તત્ત્વ છે. અતીન્દ્રિય રસ એ આ રસરૂપે નથી એમ પહેલું સિદ્ધ કર્યું છે. બીજા બોલ પહેલા ન લેતાં આ લીધો પહેલો. ગંધરહિત એમ ન લેતા પહેલો રસસહિત. એનો રસ તો આનંદરસ છે. અતીન્દ્રિય આનંદમાં એકાકાર થવું એ એનો રસ છે. ઈન્દ્રિયના વિષયનો રસ છે એ તો એના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! એક એક બોલે આત્માની પ્રસિદ્ધિ.

**'કાલા, પીલા, લાલ, સફેદ ઔર હરા ઈસપ્રકાર અરૂપ...'** એ રૂપ એમાં નથી. એ **'પાંચ પ્રકારકે રૂપસે રહિત હૈ.'** એ 'રૂપસે રહિત હૈ.' અરૂપસહિત હૈ. અરૂપ જેનું સ્વરૂપ છે. રૂપ જેના

સ્વરૂપથી રહિત છે. અરૂપ જેનું સ્વરૂપ છે. જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અરૂપ જેનું સ્વરૂપ છે. છેલ્લે કહેશે. આ નાસ્તિથી વાત કરે છે ને. પછી કહેશે. ચેતનાગુણ એનું સ્વરૂપ. ચેતના ગુણ છે ને? એ અસ્તિથી સિદ્ધ કર્યું છે. આ બધી નાસ્તિથી વાત કરી છે. આ નથી ત્યારે છે શું? આ છે, એમ. **'चेदणा'** છે ને? ચેતના-ચેતનાનો રસ છે એ. ચેતનાનું રૂપ છે એ. આહાહા..! આ રસ અને રૂપથી રહિત અને ચેતનારસ અને ચેતનારૂપ સહિત અસ્તિ નાસ્તિ કરી. આહાહા..! આ મોટી પંડિતાઈથી પણ પકડાય એવું નથી. આહાહા..! બીજી કાંઈ બહારની ચીજ ને આ ક્યાં વસ્તુ છે? આ ગાથા એમાં બહુ વર્ણવી છે સમયસારમાં.

**'दो प्रकारकी ગંધસે રહિત હૈ.'** ભગવાન આત્મા સુગંધ અને દુર્ગંધ નામના જડની પર્યાયથી રહિત છે, પણ ચેતનાના આનંદની ગંધસહિત છે. સમજાણું કાંઈ? એ ગંધનું આવી ગયું ને? નહોતું આવ્યું. એ ગાથા .. આમાં ગંધ-ગંધ આવ્યું છે ને. ૩૦ ગાથા મૂકી હતી નહિ? એમાં આ. ૪૩ ગાથા છે. ૪૩-૪૩. છે ને **'उज्झसु गंधं अब्भंतरं धीर'** ૪૩ છે. **'इय भाविऊण'** આત્માના આનંદને ભાવીને **'उज्झसु गंधं अब्भंतरं धीर'** આ બહારની ગંધની વાસના ધીર-છોડી દે. ઓલો જડ ગંધ તો નથી પણ રાગની વાસનાની ગંધ પણ એમાં નથી. સમજાણું કાંઈ? જેમાં જડ ગંધ તો નથી, પણ વિષયની વાસનાની ગંધ, વિકારની ગંધ એમાં નથી. નથી એને છોડ, છે એને પકડ. આહાહા..! આનંદની ગંધ જેમાં છે, આનંદનો જેમાં વાસ છે એની વાસના લે. આહાહા..! આ ગંધને સુંઘે છે ને. ઓલી આત્માની ગંધ આનંદ છે એને સુંઘ, એને અનુભવ. આહાહા..!

**'અવ્યક્ત અર્થાત્ ઇન્દ્રિયોંકે ગોચર-વ્યક્ત નહીં હૈ. '** .. વ્યાખ્યા છ બોલની વાત છે સમયસારમાં. અવ્યક્તના છ બોલ લીધા છે. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય વ્યક્ત છે, તેનાથી જીવ અવ્યક્ત છે. એમ બોલ લીધા છે છ. એમાં પહેલો આ. છ દ્રવ્યસ્વરૂપ લોક, એકકોર લોક અને એકકોર સાતમો આત્મા એમ લીધો છે. સપ્તમ (દ્રવ્ય) આત્મા હો જાતા હૈ. સમ્યગ્જ્ઞાન દિપીકામાં છે. આત્મા સપ્તમ હો જાતા હૈ. છ દ્રવ્યસે ભિન્ન સપ્તમ હો જાતા હૈ. એ આમાંથી લીધું છે ૪૯ ગાથા. સમયસાર. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે. એનાથી તે ભિન્ન અવ્યક્ત છે. છ દ્રવ્યસ્વરૂપથી ભિન્ન છે આત્મા એમ કીધું છે. છ દ્રવ્યમાં નથી? છ દ્રવ્યને જાણવાની પર્યાયવાળો આખો ભિન્ન છે. જ્ઞેય છે ને એ? છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય, આ જ્ઞાન. એ વ્યક્ત, આ એનાથી ભિન્ન અવ્યક્ત. એમ બોલ લીધા છે. સમજાણું કાંઈ? અવ્યક્તના. અહીંયાં ફક્ત ઇન્દ્રિયગમ્ય નથી એટલું. ટૂંકું છે.

પ્રવચનસારમાં પણ છે, પંચાસ્તિકાયમાં છે, નિયમસારમાં છે. સમયસારમાં ઘણું સ્પષ્ટ કર્યું છે. બીજો બોલ અવ્યક્તનો. કષાયના સમૂહરૂપ ભાવકભાવ વ્યક્ત છે. કષાય એટલે આ પુણ્ય-પાપના ભાવક ભાવ એ બધા વ્યક્ત છે. એનાથી જીવ અન્ય છે, અવ્યક્ત છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્રીજો બોલ. ચેતના સામાન્યમાં ચેતનાની સર્વ વ્યક્તિઓ અંતર નિમગ્ન છે. ચેતના સામાન્યમાં

ચેતનાની પર્યાય વ્યક્ત આદિ જે છે એ એમાં અંતર નિમગ્ન છે. સામાન્યમાં બધી ચેતનાની વિશેષ પર્યાયો અંતર મગ્ન છે. માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આહાહા..! સમયસાર તો દરિયો છે મોટો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચેતના સામાન્યમાં ચેતનાની વિશેષ વ્યક્તિ અવસ્થાઓ અંતરનિમગ્ન છે. એક સમયની અવસ્થા સિવાય બધી અવસ્થાઓ અંતર મગ્ન છે. સામાન્યમાં વિશેષ ભરેલું છે. આહાહા..! માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે.

ચોથો બોલ. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી. ક્ષણિક એટલે પર્યાયની ક્ષણિકતાની વ્યક્તિમાત્ર નથી. માટે અવ્યક્ત છે. સમજાણું કાંઈ? અને વ્યક્ત અને અવ્યક્ત અનુભવમાં આવતા છતાં વ્યક્તને તે સ્પર્શતો નથી. દ્રવ્ય છે તે પ્રગટ પર્યાયને સ્પર્શતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યક્ત અને અવ્યક્ત બેય જ્ઞાનમાં જણાવામાં આવતા છતાં તે વ્યક્તને અવ્યક્ત દ્રવ્ય સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી માટે અવ્યક્ત છે. આહાહા..!

છઠ્ઠો બોલ. વ્યક્ત અને અવ્યક્ત બાહ્ય અને અભ્યંતર અનુભવમાં આવવા છતાં વ્યક્ત પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. બાહ્ય અને અભ્યંતર અનુભવમાં આવવા છતા પર્યાય પ્રત્યે ઉદાસ છે. પર્યાયમાં એ રહેતો જ નથી. દ્રવ્યમાં આવી જાય છે. ઝીણી વાતું છે ભાઈ! અમૃતચંદ્રાચાર્ય. એની ટીકા છે ને. બાહ્ય-અભ્યંતર અનુભવમાં આવતા છતાં દ્રવ્ય અને પર્યાય વેદનમાં આવતા છતાં તે વેદનની પર્યાય પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. ત્યાં ટકતો જ નથી. ફટ ફટ ફરીને દ્રવ્યમાં જાય છે. સમજાણું કાંઈ? આ તો દિગંબર સંતોની રમતું છે બધી. રામની રમતું માંડી છે અંદર. સમજાણું કાંઈ? મુનિના એક એક વાક્યમાં ઘણી ગંભીરતા છે. એ ઇન્દ્રિયથી ગમ્ય નથી. એટલી વાત લીધી. એટલે કે એ વચન આદિ બધાથી ગમ્ય નથી. અને એ આખું દ્રવ્ય જે છે એ પર્યાયને અડતું નથી. આહાહા..!

એ તો અલિંગગ્રહણમાં આવે છે ને ૧૮-૧૯ બોલ. ૨૦માં આવે છે કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. એ શુદ્ધ અનુભવની પર્યાય તેટલો જ આત્મા. દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ. અનુભવ તો પર્યાયનો જ હોય છે. આનંદનો, શાંતિનો, વીતરાગ પર્યાયનો અનુભવ હોય છે. એ અનુભવ પર્યાયમાત્ર છે એ દ્રવ્યને અનુભવપર્યાય સ્પર્શતી નથી. સવારમાં આવ્યું હતું ને પર્યાય દ્રવ્ય. પર્યાય અને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. નિહાલભાઈએ લખ્યું છે. ચિદ્‌વિલાસમાં છે. ચિદ્‌વિલાસમાં. અહીં તો બધામાં ઘણું છે. આપ્તમીમાંસામાં છે. ધર્મ અને ધર્મી બે નિરપેક્ષ તત્ત્વ છે. ધર્મ અને ધર્મી બે એક નથી. આહાહા..! દ્રવ્ય અને પર્યાય બે સત્વ ભિન્ન છે. બહુ ઝીણી વાત. વીતરાગનો માર્ગ છે બાપા! આવી વાત ક્યાંય હોય નહિ. સર્વજ્ઞ તે પણ દિગંબર સંતો સિવાય આવી વાત હોય નહિ ક્યાંય. આહાહા..!

એ દ્રવ્ય જે છે તે અવ્યક્ત છે એ વ્યક્તને સ્પર્શતું નથી. વ્યક્તને સ્પર્શે તો દ્રવ્ય પર્યાયરૂપ થઈ જાય.

અને પર્યાયનો જે અનુભવ છે, પર્યાયનો અનુભવ છે એ અનુભવ દ્રવ્યનો થઈ જાય તો તો પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય અને દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ કોઈ દિ'. ધ્રુવનો અનુભવ હોઈ શકે જ નહિ. આહાહા..! દ્રવ્ય જે ધ્રુવ છે એનું વેદન શું હોય? વેદન તો પર્યાયનું હોય. છતાં જ્યારે ધ્રુવના લક્ષે પર્યાય જાય ત્યારે ધ્રુવને વેદે છે એમ કહેવામાં આવે છે. પણ વેદે છે તો પર્યાયને જ. આહાહા..! ૧૧મી ગાથામાં એ આવે છે. જ્ઞાયક પ્રગટે છે એમ આવે છે ને ભાઈ ૧૧મી ગાથામાં. જ્ઞાયક પ્રગટે છે. જ્ઞાયક પ્રગટે શું? જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ધ્રુવ છે. પણ પર્યાયમાં એનું ભાન થયું એટલે જ્ઞાયક પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે બહુ ઝીણો, ભાઈ! એના મારગડા ઝીણા બહુ. એ બહારની પંડિતાઈ અને બહારની પ્રવૃત્તિથી ક્યાંય પત્તો ખાય એવું નથી. અને દુનિયા બહુ વખાણે, એના વખાણ કરે એથી એને હાથ આવી જાય એવી એ ચીજ નથી.

'**ઇન્દ્રિયોંકે ગોચર-વ્યક્ત નહીં હૈ.**' એટલો અર્થ કર્યો છે. ત્યાં આટલા અર્થ કર્યા બધા. આહાહા..! ત્યાં તો એ અર્થ સિદ્ધ કર્યો છે જુઓને. વ્યક્તને સ્પર્શતું જ નથી એવો અર્થ કર્યો છે. અવ્યક્ત છે એ વ્યક્તને સ્પર્શતું જ નથી. દ્રવ્ય છે એ પર્યાયને અડતું નથી. આહાહા..! ધ્રુવ છે તે ધ્રુવમાં રહે છે. ધ્રુવ તે કાંઈ પર્યાયમાં આવતું નથી. આહાહા..! અને પર્યાય જે છે એક સમયનું વેદન એ કાંઈ ધ્રુવમાં જતી નથી, ધ્રુવને વેદતી નથી, ધ્રુવને અડતી નથી. આહાહા..! કહો, શાંતિભાઈ! આવો ઝીણો માર્ગ છે. તમારે હીરા-માણેકમાં બહુ તપાસ કરે આમ ને તેમ ને. ધૂળની વાતું છે બધી. આહાહા..! આ તો ચૈતન્યરત્ન ભગવાન. આહાહા..! ભાષા સમજમેં આતી હૈ ભાઈ? થોડી થોડી. તમારા પિતાજીને કહું છું. આહાહા..!

અવ્યક્ત છે. ભગવાન અવ્યક્ત છે. એટલે કે એ પર્યાયમાં આવતો નથી, તેમ તે રાગ અને પરથી જણાતો નથી. આહાહા..! કેમકે અવ્યક્તમાં વ્યક્તની બધી પર્યાયો અંતરમગ્ન છે. આહાહા..! જળના તરંગ જળમાં સમાય છે. જળ જળ એનો તરંગ. એમ એની પર્યાય જે ઉત્પન્ન થઈ એ વ્યય થતાં એમાં સમાઈ જાય છે. આહાહા..! શું વાત છે આ? ઉત્પન્ન થયેલી નિર્મળ પર્યાય કે અરે..! મલિન હો. જળનો તરંગ જળમાં સમાય છે. એ પર્યાયો ઉત્પન્ન થયેલી વ્યય થતાં સામાન્યમાં સમાઈ જાય છે. આહાહા..! જે પર્યાય વ્યક્તપણે ઉદય અને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકપણે કહેવાતી હતી. જે પર્યાય પ્રગટપણે વર્તતા તેને ઉદય કહેવાતો વિકારીને, ઉપશમ કહેવાતો નિર્મળને, ક્ષયોપશમ કહેવાતો તેની નિર્મળ અને પ્રગટ ઉદયને, ક્ષાયિક કહેવાતી નિર્મળ પર્યાય. તો એ પર્યાય અંતરમગ્ન થતાં તેને પારિણામિકભાવ કહેવાય છે. પાટણીજી! આ બધું અવ્યક્તનું ચાલે છે આ. બાપુ! મારગડા જુદા ભારે. એ ચૈતન્ય સમુદ્ર... આહાહા..! એ નાસ્તિથી વાત કરી છે.

'**ચેતના ગુણવાલા હૈ.**' એ અસ્તિથી વાત કરી. આહાહા..! ચેતનાની પર્યાયો જેટલી એ પણ અંદર ચેતનાગુણમાં લીન છે. આહાહા..! અરે..! ભાઈ! તારી ચીજને જાણવા ખોટી તો થા. કે આ

શું છે આ? બીજા બધા પ્રયત્નો કરીને મરી ગયો. શાસ્ત્રના જાણ્યા અગ્યાર અંગ અને નવપૂર્વ, અગ્યાર અંગ ભણ્યો અને નવપૂર્વ ભણ્યો. થોથા નીકળ્યા. આહાહા..! જેમાં પોતાનું દ્રવ્ય જે અવ્યક્ત છે એને ન જાણ્યું, એ અગ્યાર અંગ અને નવપૂર્વ બધા બંધના કારણ થયા છે. અબંધ એવો જે ભગવાન અવ્યક્ત આત્મા એના જ્ઞાન અને શ્રદ્ધાના અંતર્મુખના ભાન વિના એ બધા નિરર્થક ગયા. એની મોટપની મોટપ તે જાણી નહિ. ભગવાન આત્માની જે અવ્યક્ત મોટપ છે એટલી રીતે એને મોટપને મોટપ તરીકે ન જાણી. આહાહા..! અને એને કોઈ રીતે હીણો, પર્યાયવાળો, પર્યાયથી, રાગથી જણાય, આનાથી જણાય (એમ) એની મોટપને તે કલંક લગાડ્યો. સમજાણું કાંઈ? એ તો પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! આ અલિંગગ્રહણનો બોલ છે.

ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એને તેં બીજી રીતે કલ્પ્યો તેં કલંક લગાડ્યા. સમજાણું કાંઈ? આહાહા..! આ હડતાલ છે આજે. અહીં ખીલવર છે આજે. એય..! ઉંધું છે ને જગતથી? આહાહા..!

મુમુક્ષુ :- અહીં રાગની હડતાળ છે.

ઉત્તર :- રાગની હડતાળ છે. સ્વભાવની જાગૃતિ છે. ભગવાન તું કેવડો? આવડો અને એવો. એવડો એમાં કંઈપણ જો ઓછું, અધિક અને વિપરીત કલ્પ્યું, કલંક લગાડ્યું, હિંસા છે તારી એમ કહે છે. આહાહા..! પાટણીજી! આહાહા..! અરેરે..! એવી વાતું પણ સાંભળવા મળે નહિ, એ કે દિ' વિચારમાં જાય અને કે દિ' અંતરમાં ઉતરવાની રીતને જાણે. આહાહા..! વાદવિવાદ કરીને .. અમે આવા. અરે..! ભગવાન! જૈનધર્મ છે ભાઈ! એ સ્વરૂપમાં જાવું આકરી વાત છે, બાપા! અને એમાં ગયા વિના એની પ્રાપ્તિ કોઈ દિ' થાય નહિ. રાગમાં રહ્યા, પર્યાય બુદ્ધિમાં રહ્યા તેની પ્રાપ્તિ ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. કોઈ કેટલાક કહે ભાઈ આ કરો ને આ કરો. આ જુઓને ૨૪-૨૫નું છે ને. કોણ કહેતું હતું? પંડિતજી કહેતા હતા. તમારે કલુંબર. કલુંબર ને? ઉદયપુરની આસપાસ. એય..! તારી આસપાસમાં ક્યાં છે? ... ભગવાન એ વસ્તુ છે એવી જાતની. પણ આ માર્ગ કોઈ જુદી જાતનો છે. આ કોઈ વાદવિવાદે પાર પડે એવું નથી.

એ ભગવાન આત્મા, અહીં તો કહે છે 'ચેતના ગુણવાલા હૈ.' આહાહા..! એ ચેતના ગુણ એ અસ્તિથી સિદ્ધ કર્યું. એ તો ચેતનાગુણ સ્વરૂપ ભગવાન છે. આ બધા રહિત છે. રસ, ગંધ, સ્પર્શ, વર્ણ એનાથી રહિત છે. આ સહિત છે. જાણક સ્વભાવ ચેતનાસ્વભાવથી એ સહિત છે પ્રભુ. એ અસ્તિ તત્ત્વની જે અંદર અનુભવમાં પ્રતીતિ આવવી, તેને અહીંયાં પરમાત્મા સમ્યગ્દર્શન કહે છે.

'અશબ્દ...' છે. આહાહા..! ભગવાન આત્મામાં શબ્દ નથી. શબ્દની ઉત્પત્તિનું એ સ્થાન નથી. શબ્દનો ધ્વનિ ઉઠે છે એનું એ ક્ષેત્ર નથી. એનામાં શબ્દ પાકે એવું એ ક્ષેત્ર નથી. આહાહા..! શબ્દાતીત વાત છે. ભગવાન આત્મા અશબ્દ છે—શબ્દરહિત છે. એને ઠેકાણે પાછું ઓલા ... બોલે ત્યારે આવે

છે ને. એ ચર્ચામાં આવે. જ્ઞાનનું કાર્ય તે શબ્દ. એ શબ્દ આવે છે. શબ્દ. ભાષા એ જ્ઞાનનું કાર્ય છે. માટે જ્ઞાન થયું. એ તો જ્ઞાનમાં નિમિત્તપણું ગણીને ભાષાનું કાર્ય ઉપચારથી કહ્યું છે. પાઠમાં છે ધવલમાં. આહાહા..! જ્ઞાનનું કાર્ય પ્રભુ જ્ઞાનનું કાર્ય તો જ્ઞાનની પર્યાય હોય. જ્ઞાનનું કાર્ય વાણી હોય? જ્ઞાનનું કાર્ય રાગ હોય? તો એ શબ્દ ગોપવીને .. ચર્ચા કરે મોટી.

મુમુક્ષુ :- જ્ઞાનનું કાર્ય શુભભાવ છે ને.

ઉત્તર :- નાખે છે ને. શું થાય? વાણીનું કારણ, પણ નિમિત્તરૂપે જ્ઞાન છે ને કેવળજ્ઞાન? એથી એમ કહ્યું છે. કારણ કે જ્ઞાનનું કાર્ય વાણી... આહાહા..! અહીં તો શબ્દને .. છે. એવો વ્યવહારના વાક્ય જ્યાં હોય ને એને યથાર્થ ગણીને અર્થ કરે છે. ભાઈ! આમ ન થાય. કઈ નયનું વાક્ય છે, શબ્દને નયને જોડીને અર્થ આવે છે. કોઈપણ શબ્દ છે શાસ્ત્રનો એનો શબ્દાર્થ થાય, આગમાર્થ થાય કે આગમની રીતે આનો શું અર્થ છે અને અન્યમતિની અપેક્ષાએ આનો શું અભાવ છે આમાં? નયની અપેક્ષાએ કઈ નયનું છે આ? અસદ્ભુત વ્યવહારનું વાક્ય છે? સદ્ભુત વ્યવહારનું છે? એ .. છે? અશુદ્ધ નિશ્ચયનું છે કે શુદ્ધ નિશ્ચયનું છે? એમ દરેક શબ્દમાં નય લગાડીને અર્થ કરવો જોઈએ. અને પછી થોડું તાત્પર્ય લીધું. પાંચ અર્થ કર્યા છે આમાં. સમયસાર, દ્રવ્યસંગ્રહ. દરેક શબ્દના પાંચ પાંચ બોલે અર્થ કરવો. આહાહા..!

મુમુક્ષુ : એવું નક્કી કરવા નવરો કોણ છે?

ઉત્તર :- નવરો કોણ છે? આહાહા..! કહ્યું છે દ્રવ્યસંગ્રહમાં, સમયસારમાં, પંચાસ્તિકાય. શબ્દાર્થ, આગમાર્થ, મતાર્થ, નયાર્થ, તાત્પર્ય. તાત્પર્ય-ભાવાર્થ. પાંચ. પાંચ બોલ છે. આહાહા..! પ્રભુ! આ તો કામ કરવા માટે બધું નક્કી કરવું પડશે. એક પક્ષે ઊભો રહીને વાત કરે એ નહિ ચાલે. આહાહા..! આચાર્યોએ કઈ નયે આ કહ્યું છે? પણ નયનું વાક્ય શું છે? કઈ નયે? એમ નક્કી કરવું પડશે ને? આચાર્યોએ કહ્યું છે માટે આ કહ્યું લ્યો! પણ કઈ નયે કહ્યું છે? આહાહા..! એ અપેક્ષા જાણ્યા વિના સત્યનું અસત્ય થઈ જશે, અસત્યનું સત્ય થઈ જશે.

**‘અલિંગગ્રહણ અર્થાત્ જિસકા કોઈ ચિહ્ન ઈન્દ્રિય દ્વારા ગ્રહણમેં નહીં આતા હૈ.** ’ ૨૦ બોલ લીધા છે. પ્રવચનસારમાં એક અલિંગગ્રહણના ૨૦ બોલ લીધા છે. અવ્યક્તના ૬, સમયસારમાં અલિંગગ્રહણનું એક જ વાક્ય છે. અમૃતચંદ્રાચાર્ય પોતે ટીકાકાર છે ને. આહાહા..! ‘**જિસકા કોઈ ચિહ્ન ઈન્દ્રિય દ્વારા...**’ જણાય એવો નથી. એ તો સ્વભાવ દ્વારા જણાય એવો છે. વિકલ્પ દ્વારા જણાય એવો નથી. ૨૦ બોલ છે. એ છપાઈ ગયું છે આપણે અલિંગગ્રહણ પુસ્તકમાં.

‘**અનિર્દિષ્ટ સંસ્થાન અર્થાત્ ચૌકોર, ગોલ આદિ કુછ આકાર ઉસકા કહા નહીં જાતા હૈ,...**’ આકાર શું એનો? જડને આકારે એને શું કહેવું? એ આપણે આવ્યું છે. હા, દ્રવ્ય છે એટલે પ્રદેશગુણને કારણે એનો આકાર હોય છે. અરૂપીને પણ આકાર તો છે. આ ચૌકોર ને એનો આકાર એનામાં નથી. પણ વસ્તુ છે ને. વસ્તુ છે એ આકાર વિનાની હોય નહિ. અરૂપી આકાર હો કે રૂપી

આકાર. આકાશને પણ આકાર છે ને. સર્વવ્યાપક આકાશ. તોપણ પ્રદેશગુણને કારણે દ્રવ્યનો આકાર હોય જ તે. ગજબ વાતું. સર્વવ્યાપક એને આકાર કહેવો. જેનો અંત નહિ ક્યાંય આકાશને દેખીને ... છતાં એને પ્રદેશોને કારણે દ્રવ્યમાં આકાર હોય. અરૂપી છતાં એને એને આકાર અરૂપીનો હોય. આ રૂપીના આકાર ન હોય. આહાહા..!

**'ઈસપ્રકાર જીવ જાનો.'** લ્યો! આચાર્ય મહારાજનું વચન છે ને? 'जाण' છે ને? 'जाण' આ પ્રકારે જાણ. આહાહા..! આવો આત્મા છે. **'अरसमरुवगंधं अव्वतं चेणागुणमसद्दं। जाण णलिंग्गगहणं जीवणिद्दिट्ठसंठाणं'** આવા જીવને જાણ. એવો જીવ છે એને ઓળખ. આહાહા..! એની ઓળખાણમાં ખાણ તને ઓળખાણ આવશે. ખાણ આખી નિધાનમાં તને ઓળખાણ થશે. આહાહા..! ઓળખાણ કહે છે ને? આહાહા..! તને એમાં બધું ઘણું જણાશે. તને આખા સિદ્ધાંતના ઉકેલ એમાંથી નીકળશે, એમ કહે છે. સમજાય છે કાંઈ? સિદ્ધાંતને, ભગવાનને, પરમાત્માને શું કહેવું છે? એ આવા ગુણને જાણ તો તને બધો ઉકેલ થઈ જશે. 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' શ્રીમદ્ કહે છે ને. 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' સમ્યગ્જ્ઞાન થતાં, જીવનું ભાન થતાં 'સબ આગમ ભેદ' એના ઉરમાં-હૃદયમાં બધો ભાસ થઈ જાય છે. આહાહા..! એવા આત્માને જાણ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૩, શનિવાર, તા. ૨૬-૦૧-૧૯૭૪**
**ગાથા - ૬૪ થી ૬૭, પ્રવચન - ૯૯**

આ અષ્ટપાહુડમાં ભાવપાહુડ. ગાથા-૬૪નો ભાવાર્થ. આત્મા **'अरसमरूवमगंधं'** એમ જે કહ્યું ને એને સ્પષ્ટ કરે છે. **'રસ, રૂપ, ગંધ, શબ્દ યે તો પુદ્ગલકે ગુણ હૈં,...'** પુદ્ગલના ગુણ છે. **'ઈનકા નિષેધરૂપ જીવ કહા;...'** એના અભાવરૂપ જીવ કહ્યો. રસ, ગંધ આદિ એ અભાવ છે. **'અવ્યક્ત અલિંગગ્રહણ અનિર્દિષ્ટસંસ્થાન કહા, ઈસપ્રકાર યે ભી પુદ્ગલકે સ્વભાવકી અપેક્ષાસે નિષેધરૂપ હી જીવ કહા...'** અવ્યક્તનો એક (અર્થ) ઈન્દ્રિયથી જાણવું (નહીં) એમ લીધું છે ને? તો એ પણ પુદ્ગલથી અભાવરૂપ એનું વર્ણન કર્યું છે. **'ઔર ચેતના ગુણ કહા તો યહ જીવકા વિધિરૂપ કહા.'** વિધિ જીવ ચૈતન્યસ્વરૂપ છે. એ રસ, રૂપ, ગંધ આદિથી અવ્યક્ત અનિર્દિષ્ટસંસ્થાન...

**'નિષેધ અપેક્ષાસે તો વચનકે અગોચર જાનના ઔર વિધિ અપેક્ષા સ્વસંવેદનગોચર જાનના.'** કારણ કે પરના અભાવસ્વરૂપ છે એ માટે એને લક્ષ કરવાનું નથી. સ્વસ્વરૂપ વિધિરૂપ છે. એ

સ્વસંવેદનરૂપ છે એટલે જ્ઞાનથી પ્રત્યક્ષ જ્ઞાન જણાય એવી એ વિધિરૂપ ચીજ છે. અસ્તિરૂપ ચેતનાગુણ અસ્તિરૂપ સ્વભાવ એ અસ્તિનું સ્વ વેદનથી જાણવામાં આવે એવું છે. સમજાણું કાંઈ? '**ઈસપ્રકાર જીવકા સ્વરૂપ જાનકર અનુભવગોચર કરના.**' જીવનું સ્વરૂપ જાણીને અનુભવ કરવો. પછી તો એક જયચંદ પંડિતનું લખાણ... સમયસારમાં આ ગાથા નથી? એ જયચદ પંડિતની વાત નથી. લખનારે.

'**આગે જીવકા સ્વભાવ...**' આમાં એમ ન નાખવું જોઈએ. જયચંદ પંડિતની .. ઘરની વાત નાખવી ન જોઈએ. કારણ કે જયચંદ પંડિતને .. નહોતું. આમાં જયચંદ પંડિતનું લખાણ હશે? એમ થઈ જાય. જયચંદ પંડિતનું ..લખનારે લખ્યું છે. જયચંદ પંડિત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આપ્યું હોય તોપણ એ નાખવાનું .. કહે છે એ. જયચંદ પંડિતે નાખ્યું નથી. ઘરનું કાંઈ ન નાખવું જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વચનથી કહી શકાય છે, પણ અભાવરૂપ સ્વભાવ એ કઈ રીતે છે એ ખ્યાલમાં, વેદનમાં આવી ન શકે એમ કહે છે. અસ્તિ છે એ વેદનમાં આવી શકે એમ કહે છે. આહાહા..! અભાવરૂપ છે એ વેદન... છે એમ. જોયું! લખ્યું છે બહુ સરસ. જયચંદ પંડિતે બહુ સરસ.

'**આગે જીવકા સ્વભાવ જ્ઞાનસ્વરૂપ ભાવના કહા,...** ' ભાવના કહા. '**વહ જ્ઞાન કિતને પ્રકારકા ભાના યહ કહતે હૈં :—**' એ વ્યવહારથી આવશે.

**भावहि पंचपरयारं णाणं अण्णाणणासणं सिग्धं।**
**भावणभावियसहिओ दिवसिवसुहभायणो होइ।।६५।।**

'**અર્થ :- હે ભવ્યજન!**' આચાર્ય મહારાજ કહે છે ને '**भावहि**' સંબોધન કરે છે ને? '**તૂ યહ જ્ઞાન પાંચ પ્રકારસે ભા,...**' જોકે જ્ઞાનની પર્યાયમાં ભેદ છે એ ભાવવામાં તો એવું હોય છે એકરૂપ ભાવ એમ કહે છે. બાકી કાંઈ પાંચ પ્રકારના ભેદરૂપે ભાવના હોતી નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન એકરૂપ છે એની એકાગ્રતા હોય છે. પણ અહીંયાં અજ્ઞાનના નાશની અપેક્ષા લઈને જ્ઞાનની પાંચ પ્રકારની ભાવના કરવી એમ કહેવામાં આવે છે.

'**કૈસા હૈ યહ જ્ઞાન? અજ્ઞાનકા નાશ કરનેવાલા હૈ,...**' એમ કહેવું છે ને? મતિ-અજ્ઞાન આદિનો નાશ મતિજ્ઞાનથી થાય છે. કુશ્રુતજ્ઞાનનો નાશ શ્રુતજ્ઞાનથી થાય છે. વગેરે પાંચ જ્ઞાનની ભાવનાથી અજ્ઞાનનો નાશ થાય છે. '**કૈસા હોકર ભા? ભાવનાસે ભાવિત જો ભાવ ઉસ સહિત ભા,...**' અર્થાત્ જે સ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એની એકાગ્રતાની ભાવનાથી, એનાથી ભાવિત એવો જે ભાવ નિર્મળ પર્યાય શુદ્ધ ચૈતન્ય સન્મુખની નિર્મળ પર્યાયનો ભાવ એ સહિત ભા. એ સહિત

ભાવના રાખ. આહાહા..! ઝીણી વાત છે. જ્ઞાયકસ્વભાવ તરફની એકાગ્રપણાના સહિત ભાવના ભાવ, એમ. એકલી કલ્પનાથી અને ચિંતવનાથી એમ નહિ.

'**શીઘ્ર ભાવ,...**' પાઠ શીઘ્ર છે ને. આહાહા..! આનંદ ભગવાન જ્ઞાનસ્વરૂપ એની અંતરની એકાગ્રતા શીઘ્રથી કર. વિલંબ ન કર. આહાહા..! અંતર્મુખ થવાને શીઘ્ર કર એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપથી ભરેલો ભંડાર ભગવાન એમાં એકાગ્રતા માટે શીઘ્ર કર, એમ કહે છે. '**ઇસસે તૂ દિવ (સ્વર્ગ) ઔર શિવ (મોક્ષ)કા પાત્ર હોગા.**' કેમકે એ જ્ઞાનની પાંચ ભાવનાનો ભેદ પાડ્યો છે ને. તો એના ભેદમાં વિકલ્પ પણ રહે છે થોડો. અને અભેદમાં નિર્વિકલ્પ રહે છે. તો વિકલ્પ ભેદ છે એનાથી પુણ્ય બંધાય છે. અભેદ ભાવનાથી સંવર અને નિર્જરા થાય છે. એનાથી તું સ્વર્ગ અને '**(મોક્ષ)કા પાત્ર હોગા.**' ભાવાર્થ કરે છે જયચંદ્ર પંડિત.

'**યદ્યપિ જ્ઞાન જાનનેકે સ્વભાવસે એક પ્રકારકા હૈ...**' જાણવાના સ્વભાવની અપેક્ષાએ તો જ્ઞાન એક જ પ્રકારનું છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એમાં આ મતિ ને શ્રુત એવા ભેદ જાણવું-જાણવું એમાં આવતા નથી. '**તો ભી કર્મકે ક્ષયોપશમ ઔર ક્ષયકી અપેક્ષા પાંચ પ્રકારકા હૈ.**' નિમિત્તની પ્રધાનતાથી કથન લઈએ તો એમાં પાંચ પ્રકાર ધર્મના પડે છે. '**ઉસમેં મિથ્યાત્વભાકી અપક્ષાસે મતિ, શ્રુત ઔર અવધિ યે તીન મિથ્યાજ્ઞાન...**' વિપરીત માન્યતાની ભાવનાથી થયેલા મતિ, શ્રુત, અવધિ એ મિથ્યાજ્ઞાન છે.

'**ઇસલિયે મિથ્યાજ્ઞાનકા અભાવ કરને કે લિયે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ઔર કેવલજ્ઞાનસ્વરૂપ પાંચ પ્રકારકા સમ્યગ્જ્ઞાન જાનકર ઉનકો ભાના.**' અંતર્મુખ થઈને મતિ, શ્રુત આદિની ભાવના કર એમ કહે છે. '**પરમાર્થ વિચારસે જ્ઞાન એકહી પ્રકારકા હૈ.**' ભેદથી વિચાર છે એ તો હજી વિકલ્પવાળો વ્યવહાર છે પાંચ પ્રકારનું જ્ઞાન. બાકી અંતરમાં જ્ઞાનની એકતા, સ્વભાવની ભાવના એ વાસ્તવિક એકરૂપ જ્ઞાન છે. '**યહ જ્ઞાનકી ભાવના સ્વર્ગ-મોક્ષકી દાતા હૈ.**'

'**આગે કહતે હૈં કિ પઢના, સુનના ભી ભાવ બિના કુછ નહીં હૈ :–**' ભાવ નામ સમ્યગ્દર્શન. શુદ્ધ સ્વરૂપની અનુભવ થઈને પ્રતીતિ એવું જે ભાવ સમ્યગ્દર્શન તેને જિનભાવના કહે છે. આ ગાથાઓમાં તેને જિનભાવના કહે છે. સમ્યગ્દર્શનને જિનભાવના કહે છે. કે જે અનંતકાળમાં એને થયું નથી, કર્યું નથી. એવું જે જિનસ્વરૂપ પોતાનો ભગવાન એની શ્રદ્ધા નિર્વિકલ્પ એનો અનુભવ એવા સમ્યગ્દર્શનના ભાવસહિત '**પઢના, સુનના ભી ભાવ બિના કુછ નહીં હૈ.**' એવું સમ્યગ્દર્શન વિના ભણે કે સાંભળે એમાં કંઈ પણ આત્માને લાભ નથી એમ કહે છે. આહાહા..!

पढिएण वि किं कीरइ किं वा सुणिएण भावरहिए।
भावो कारणभूदो सायारणयारभूदाणं।।६६।।

ભાવરહિત સમ્યગ્દર્શન જે મૂળ ભાવ. ચૈતન્યની પરિપૂર્ણ સત્તાનો જે સ્વીકાર ને સન્મુખ થઈને

પ્રતીતિ એવું જે સમ્યગ્દર્શન એ વિના પઢને સે ક્યા હોતા હૈ? આહાહા..! ભણે તોપણ શું કહે છે. '**किं पढिएण**' એમ છે ને? ભણવાથી શું થયું? અંદર સમ્યગ્દર્શન જ જ્યાં નથી. સ્વભાવ પરિપૂર્ણની અંતર દૃષ્ટિમાં અનુભવસહિત જિનપણાની વીતરાગતા જ્યાં પ્રગટી નથી એ વીતરાગભાવના સિવાય '**पढिएण किं**' ભણે એમાં શું? કહે છે. આહાહા..! અગ્યાર અંગ, નવ પૂર્વ, અગ્યાર અંગ અને નવ પૂર્વ ભણ્યો પણ મૂળ ચીજ વસ્તુનો સ્વભાવ વીતરાગપણું એની પર્યાયમાં વીતરાગતા પ્રગટ ન થઈ. એ વીતરાગતાના ભાવપ્રધાન વિના પઢીને શું? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો કહે છે કે મુખ્ય સમ્યગ્દર્શન વિના તારું ભણવું નિરર્થક છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારથી આવે. પણ પરમાર્થની દૃષ્ટિ વિના વસ્તુ તો આ છે. ભણીને પણ કરવું તો આ હતું. આહાહા..! સાંભળીને કરવાનું આ હતું. એ પરમ પરમાત્મસ્વરૂપ એની પ્રતીતિ, અનુભવ અને જ્ઞાન એનું કરવાનું હતું. આહાહા..! એ જો ન થયું તો '**पढिएण किं**' અને '**સુનનેસે ક્યા હોતા હૈ?**' સાંભળવાથી શું થાય? 'સાંભળી-સાંભળીને ફૂટ્યા કાન...' આવતું નથી? 'તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન.' આ તો હરિભજન. અન્યમતિમાં એ આવે છે. ભજનમાં આવે છે. સુનકર ફૂટ્યા કાન એમ સાંભળી સાંભળીને, તોય ન આવ્યું હરિનું ભાન.

મુમુક્ષુ :- તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

ઉત્તર :- હા બ્રહ્મ જ્ઞાન.

મુમુક્ષુ :- પઢ પઢ . .પંડિત હુઆ ન કોઈ કબીરકા.

ઉત્તર :- એ તો કબીરનું. એને પણ ક્યાં કબીરને...

આ તો વાસ્તવિક ભગવાન આત્મા પૂર્ણાનંદ જે સર્વજ્ઞે કહ્યો એવો આત્મા દૃષ્ટિમાં, જિનભાવનામાં લીધો નથી અને એ વિના એને ભણવું અને સાંભળવું બધું નિરર્થક છે એમ કહે છે. એમ તો કબીર આદિ બીજા બધા કહે ભલે, પણ એને કોઈ વસ્તુની સ્થિતિની ખબર નથી એમ કહે છે. આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો, જોયેલો પ્રભુ આત્મા એ આત્મા જ્યાં અસંખ્ય પ્રદેશી એ આત્મા બીજે ક્યાંય ન હોય. કબીર કે નરસિંહ મહેતા બધી વાતું કરે છે. આ કહેવાની વાતું. 'જ્યાં લગી આત્મા તત્વ ચિહ્નો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એ તો એક જરી ઉદાહરણ તરીકે કહેવાય. ઉદાહરણ તો કીધું હતું ને ભક્તામરમાં નહિ? બૃહસ્પતિનો ગુરુ એમ કહેવાય. એ તો અન્યમતિની વાત છે. પણ એ તો ઉદાહરણ તરીકે કહીને સિદ્ધાંત સિદ્ધ કરવો હોય તો કહેવાય. પણ એ કાંઈ આત્મા સર્વજ્ઞે જોયેલો એ આત્માની વાત એની પાસે છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના, એ તો અસંખ્ય પ્રદેશ એ વાત જૈન પરમેશ્વર સિવાય ક્યાંય નથી. એક આત્મા અસંખ્ય પ્રદેશ જેની ભૂમિકા એમાં પ્રદેશમાં એક એકમાં અનંતા ગુણો વ્યાપ્યા છે. એવું જે ક્ષેત્ર અને એવો જે ભાવ એનું એકરૂપ એવું જે દ્રવ્ય. આહાહા..! એની અંતર જિનભાવના, સમ્યગ્દર્શનની ભાવના. ભાવના શબ્દે ચિંતવના એમ નથી. અહીં તો એકાગ્રતા છે. સમ્યગ્દર્શનની સ્વરૂપની અંતરમાં એકાગ્રતા. નિર્વિકલ્પ દૃષ્ટિ જિનભાવના છે. આહાહા..! થોડું પણ ઘણું સમાડ્યું છે. મહાપ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એના સન્મુખની એકાગ્રતા એ સમ્યગ્દર્શન જિનભાવના કહેવામાં આવે છે. આ વિના તારું ભણવું અને સાંભળવું શું કામનું કહે. દુનિયાના દેખાવ માટે છે એ બધું, એમ કહે છે. તારા આત્માના હિતને માટે નથી. આહાહા..!

'**પઢને-સુનનેસે ક્યા હોતા હૈ? અર્થાત્ કુછ ભી કાર્યકારી નહીં હૈ,...**' આહાહા..! જેને સમ્યગ્દર્શનના સંસ્કાર પડ્યા નથી કહે છે. એ સંસ્કાર જિનભાવનાના સંસ્કાર છે. એ ભાવના વિના બધું સાંભળવું, ભણવું, શ્રાવક અને મુનિપણું કાંઈ કાર્યકારી નથી. આહાહા..! '**ઈસલિયે શ્રાવકત્વ તથા મુનિત્વ કારણભૂત ભાવ હી હૈ.**' એ સમ્યગ્દર્શન છે એમ કહે છે. શ્રાવકપણું અને મુનિપણાનું મૂળ કારણ તો સમ્યગ્દર્શન છે. આહાહા..! એ વસ્તુની પ્રતીતિ અને વસ્તુ કેવી એની ખબર ન મળે, તો શ્રાવકપણું અને મુનિપણું આવ્યું ક્યાંથી? પણ એનું મૂળિયું તો સમ્યગ્દર્શન છે. મૂળ નથી પછી આ બધા વ્રત ને તપ ને ત્યાગ ને પડિમા ક્યાંથી આવી? કહે છે.

'**ભાવાર્થ :- મોક્ષમાર્ગમેં એકદેશ, સર્વદેશ વ્રતોંકી પ્રવૃત્તિરૂપ...**' એકદેશ શ્રાવક અને સર્વદેશ મુનિ. '**ઉન દોનોંકા કારણભૂત નિશ્ચય સમ્યગ્દર્શનાદિક ભાવ હૈં.**' જુઓ! પોતે ખુલાસો કર્યો છે. જયચંદ્ર પંડિતે. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય હોં! વ્યવહાર સમ્યગ્દર્શન એ કોઈ વસ્તુ નથી, વ્યવહાર જ્ઞાન એ કોઈ જ્ઞાન નથી. વ્યવહાર વ્રત એ કાંઈ વસ્તુ નથી. આહાહા..! ભાવપાહુડ છે ને. શુદ્ધ સ્વરૂપ પરમાત્મા એની એકાગ્રતાનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન, એનું જ્ઞાન આત્માનું, એમાં રમણતા—એવા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિના. એ ભાવ વિના ... '**દોનોંકા કારણભૂત...**' શ્રાવક અને મુનિને કારણભૂત તો આ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન છે. તો વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું કારણ છે એમ નથી કહ્યું ત્યાં? વ્યવહાર છે, કરીએ એમાં એમ આવ્યું. એમ કે નિશ્ચય ચારિત્ર જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વ્યવહાર ચારિત્ર કરવું અને વ્યવહાર ચારિત્ર કરતાં નિશ્ચય થશે. એ વસ્તુ વીતરાગના ઘરની નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જેને ભગવાન પરમાનંદસ્વરૂપ (કે) જેમાં ઠરવું છે એ ચીજ જ જ્યાં દૃષ્ટિ અને જ્ઞાનમાં આવી નથી એ ઠરશે શેમાં એ? ઠરવું એટલે ચારિત્ર. જે ચીજની વસ્તુ જે છે એમાં ઠરવું છે. પણ એ વસ્તુ કેવી છે, કેમ છે એ દૃષ્ટિ અને અનુભવમાં આવી નથી એને ઠરવું થઈ શકતું નથી. સમ્યગ્દર્શન ચીજ શું છે એ લોકોને એના માહાત્મ્યની ખબર નથી. બહારની વાતુમાં દોરાઈ ગયા બધા. મુનિપણું, પડિમા લઈ

લીધી, લૂગડા ફેરવ્યા. સાત પડિમા, દસ પડિમા, અગ્યાર પડિમા.

મુમુક્ષુ :- અઢાર હોય તો અઢાર લઈ લે.

ઉત્તર :- અઢાર હોય તો અઢાર લઈ લે. એને ભાન ક્યાં છે કે પડિમા શું કહેવાય?

મુમુક્ષુ :- પહેલા ક્ષેત્ર તો સાફ કરના પડેગા ન.

ઉત્તર :- ક્ષેત્ર સાફ કરવામાં ક્યા હૈ? શ્રદ્ધા, વસ્તુ હૈ ઐસી શ્રદ્ધા કરના વહ ક્ષેત્ર સાફ હૈ. પછી અનુભવ કરના વહ સમ્યગ્દર્શન હૈ. કેવી ચીજ છે એવી ચીજની પહેલી વિકલ્પસહિત શ્રદ્ધા, એની વિકલ્પસહિત શ્રદ્ધા એ પહેલી ક્ષેત્ર.. છતાં એ શ્રદ્ધા પણ યથાર્થ નહિ. આહાહા..! પહેલું આવે ખરું. આહાહા..! આવે. ૧૪૪ ગાથામાં કહ્યું છે ને. પહેલા આગમથી આ જ્ઞાનસ્વરૂપ છે એવો વિકલ્પથી નિર્ણય કરે. ૧૪૪માં કર્તાકર્મમાં આવ્યું છે. પણ જેવી વસ્તુ છે એવી રાગમિશ્રિત વિચારમાં એણે એ જાતનો ભાસ તો પહેલો આવવો જોઈએ. છતાં એ વસ્તુથી અંદર અનુભવ થાય એમ નથી. તેમ અનુભવ થયા પહેલાં આવું આવ્યા વિના રહેતું નથી. આમ વાત છે. ૧૩મી ગાથામાં કહ્યું છે ને, નય, નિક્ષેપ, પ્રમાણથી આત્માને જાણવો. એ વિકલ્પસહિતની વાત છે. ૧૩મી ગાથા સમયસાર. '**भूदत्थेणाभिगदा**' રાગમિશ્રિત વિચારની ભૂમિકામાં નયથી, નિશ્ચયથી, વ્યવહારથી, પ્રમાણથી, નિક્ષેપથી. નયના ભેદો નિક્ષેપ છે, જ્ઞાનના ભેદો નય છે. નયના ભેદો એ નિક્ષેપ છે. જ્ઞાનના ભેદો નય છે એનાથી બરાબર વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું એણે વિકલ્પસહિત ભૂમિકામાં જાણવું. છતાં તે અભૂતાર્થ છે. વસ્તુની દૃષ્ટિ કરતાં, અનુભવ કરતા એ બધા નય ને નિક્ષેપ ને પ્રમાણથી વસ્તુને વિકલ્પસહિત જે નિર્ણય કર્યો એ બધો અભૂતાર્થ છે. આહાહા..! જૂઠો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભૂતાર્થ કહો કે અસત્ય કહો. એવું છે. અભૂત-અસત્ય. અસત્ય એટલે જૂઠું. વિચાર સરસ નાખ્યો છે. આચાર્ય પોતે અભૂતાર્થ કહે છે ને. પર્યાયમાત્ર અભૂતાર્થ છે. અસત્યાર્થ કહે છે, જૂઠી કહે છે. વસ્તુસ્વભાવ ત્રિકાળ એક સત્યાર્થ. એ અપેક્ષાએ પર્યાયમાત્ર અસત્યાર્થ. આ અપેક્ષાએ હોં! પર્યાય અપેક્ષાએ તો એ સત્યાર્થ છે. પણ ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ તે પર્યાય અસત્યાર્થ છે. ચાહે તો કેવળજ્ઞાનનો પર્યાય હો, તે પણ અસત્યાર્થ છે. આહાહા..! સત્યાર્થ, ભૂતાર્થ એક ત્રિકાળી ધ્રુવસ્વભાવ એ એક સત્યાર્થ છે. બે વચ્ચે ભેદ પડી ગયો. ભેદ પડ્યો વ્યવહારથી.

જૈનદર્શન ભિન્ન વસ્તુ બહુ જુદી. લોકોએ બહારથી માન્યું છે એ જૈનદર્શન નથી. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ બહુ ઝીણું છે સૂક્ષ્મ. અહીં તો કહે છે જે '**दोनोंका कारणभूत...**' શ્રાવક અને મુનિપણું એનું મૂળકારણ તો નિશ્ચય સમ્યગ્દર્શાનાદિ ભાવ હૈ. આહાહા..! એમાં સમ્યગ્દર્શન નિશ્ચય જ્ઞાન આદિ થયા નથી અને શ્રાવક અને મુનિપણું નામ ધરાવે. ચડાવો, એકડા વિનાના મીંડા છે. શૂન્ય-શૂન્ય. આહાહા..!

'**ભાવ બિના વ્રતક્રિયાકી કથની કુછ કાર્યકારી નહીં હૈ,...** ' આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપનું આચરણ એવો નિશ્ચય થાય જે શુદ્ધભાવ, એ વિના વ્રતાદિની ક્રિયા કંઈ પણ કાર્યકારી નથી. '**કુછ કાર્યકારી નહીં હૈ,...**' જોયું! '**વ્રતક્રિયાકી કથની...**' એ તો કથની છે. પંચ મહાવ્રત ને બાર વ્રત ને કથનમાત્રના વ્યવહાર છે. આહાહા..! એ કોઈ વસ્તુ નથી. આહાહા..! અનંત અનંત સાગરોપમ સાતમી નરકમાં રહ્યો. ૩૩ સાગરમાં રહ્યો અનંતવાર. ૩૩ સાગરમાં એક સાગરમાં તો દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમમાં અસંખ્ય ભાગમાં અસંખ્ય ચોવીસી, અસંખ્ય વર્ષ જાય. .. તો અસંખ્ય ... દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. દસ ક્રોડાક્રોડી સાગરોપમ ... ચોવીસી. એવા એવા અનંતા સાગરોપમ સાતમી નરકે અનંત કર્યા છે ભાઈ! ભૂલી ગયો ભૂલી. બહારના માન અને મજામાં, બહારની મોટપ આદિ ભૂલી ગયો એ. અનંત સાગર કેમ જાય એમાં? આહાહા..! એ મિથ્યાત્વને લઈને આ બધું થયું કહે છે.

મુનિ થયો નવમી ગ્રૈવેયક જાય એવો. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ દુઃખરૂપ છે. આહાહા..! 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો' ત્યારે એ પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ એ સુખ નથી, એ તો દુઃખ છે. આહાહા..! સાતમી નરકના દુઃખ વેઠ્યા અને આવા નવમી ગ્રૈવેયક જવાના, આવા પંચ મહાવ્રતાદિની ભાવના દુઃખ વેઠ્યા છે લ્યો! આહાહા..! એ દુઃખથી રહિત થવાનો માર્ગ તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનો અંતરમાં સન્મુખ થઈને પ્રતીતિ અને ભાનના સંસ્કાર સમ્યગ્દર્શનના પડવા. આહા..!

એ વિના '**વ્રતક્રિયાકી કથની કુછ કાર્યકારી નહીં હૈ,...**' કથની ક્રિયા. કથની કે આમ છે, આમાં વ્રત આમ છે, એના અતિચાર આમ છે. પણ મૂળ વિના? નિરતિચાર વ્રત પાળીએ છીએ, વ્રતમાં દોષ લાગવા દેતા નથી. પણ એ બધી કથની શું કામની તારે? આહાહા..! જેમાં પરમ આનંદનો નાથ હાથમાં ન આવ્યો અને આવા દુઃખના પરિણામને પકડીને બેઠો. આહાહા..! કહો, ચંદુભાઈ! આવી વાતું છે આ. આ બધા પૈસાવાળાને સખ નથી એમ કહે છે. દુઃખી છે, વ્રતધારી દુઃખી તો પૈસાવાળા તો દુઃખી બહોત બડા દુઃખી. આહાહા..! વ્રત ને તપના ભાવ બધા દુઃખરૂપ છે. શુભરાગ છે ને એ વિકલ્પ? આહાહા..! તો આ વળી પૈસા ને આબરૂના ધણી થઈને સુખી થઈને બેસે, મૂઢ છે. દુઃખમાં બળી ગયા છે, દુઃખમાં બળી ગયા છે. અંગારા લખ્યું છે ને પંચાસ્તિકાયમાં? કષાયના અંગારે સ્વર્ગના દેવો બળી રહ્યા છે. આહાહા..! જેને સગવડતાનો પાર નહિ. પણ કષાયના ભાવે સળગી રહ્યા છે. એને ભગવાન આત્મા અકષાય સ્વરૂપ શાંતરસનો કંદ પ્રભુ વીતરાગ મૂર્તિ આત્મા એની જેને દૃષ્ટિ સમ્યક્ નથી. એને આ બધું વ્રત, ક્રિયા આદિની કથનીઓ, અપવાસની કથનીઓ નિરર્થક છે. આહાહા..! ભાવપાહુડ છે ને? ભાવમાં આ સમ્યગ્દર્શનભાવ, શુદ્ધભાવ. એવા શુદ્ધભાવના ભાન વિના એ બધું

નિરર્થક છે. દુનિયાના દેખાવ માટે ભલે દુનિયા કરે અને દેખનારી એને બહુ આગળ વધે છે, ધર્મ કરે એમ કહે. એ કાંઈ વસ્તુ નથી. આહાહા..!

'**ઈસલિયે ઐસા ઉપદેશ હૈ કિ ભાવ બિના પઢને-સુનને આદિસે ક્યા હોતા હૈ?**' શાસ્ત્ર ભણે ને વાંચે, આઠ આઠ કલાક સુધી સાંભળે. દુઃખી છે. કર્તાકર્મમાં (ગાથા ૧૪૪) તો ત્યાં સુધી લીધું કે હું એક અબદ્ધ છું નિશ્ચયથી અને વ્યવહારથી બદ્ધ છું. નિશ્ચયથી ત્રિકાળ શુદ્ધ છું, પર્યાયથી અશુદ્ધ છું, એવા વિકલ્પથી શું છે તને? એવા વિકલ્પથી તને શું લાભ છે? તેથી શું? અહીં સુધી આવ્યો તેથી શું? આહાહા..! હું શુદ્ધ છું, પૂર્ણ છું, અબદ્ધ છું એવો જે વિકલ્પ ત્યાં સુધી આવ્યો તેથી શું? એમ કહે છે. કારણ કે ત્યાં સુધી વિકલ્પનું કર્તાપણું ઊભું છે. વિકલ્પ તે કાર્ય અને એનો કર્તા મિથ્યાત્વભાવ ઊભો છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ સમજાતું નથી. સાંભળવામાં ધ્યાન રાખો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાચી નથી. સાચી તો નિર્વિકલ્પ દૃષ્ટિ કરે તો સાચી થાય. આહાહા..! પંડિતજી! માર્ગ આવો ભગવાન છે ભાઈ! વીતરાગનો માર્ગ સાંભળવો પણ કઠણ છે. દુનિયાએ કલ્પી રાખ્યું છે ને એથી... એવું નથી. એ વિકલ્પથી નિર્ણય એ પણ સાચો નિર્ણય નથી એમ કહે છે. અહીં સુધી તો અનંતવાર આવ્યો છે કહે છે. ભાઈ! તારા ઘરમાં તું આવ્યો નથી. એ પણ બધી બહારચલી વાત છે. આહાહા..! એ હું શુદ્ધ છું, અબદ્ધ છું એવો જે વિકલ્પ છે એનું કાર્ય અને કર્તાપણું એ બધું મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ સમજાતું નથી. પ્રશ્ન કરવા કરતાં સાંભળવામાં ધ્યાન રાખે ને તો ખુલાસો બહુ આવી જાય. આ મારગડા જુદા બાપા!

એ ભગવાન આત્મા કહે છે કે વિકલ્પથી સાચું આ છે, સાચું આ છે એવું કહીએ તો એ પણ સાચું નથી. કારણ કે રાગ પોતે ખોટો છે. રાગ એના સ્વભાવમાં નથી અને એ વડે નિર્ણય કર્યો એ સાચો નથી. આહાહા..! આવો માર્ગ પ્રભુનો ભાઈ! પ્રભુનો એટલે તારો, એમ. જુઓને આચાર્ય કહે છે. ઓહોહો..! એકકોર કહે કે હું કહું એ સાંભળો. '**वोच्छामि समयपाहुडम**' કહે છે ને? સાંભળો. અહીં કહે છે, પણ એ સમ્યગ્દર્શન વિના તારું સાંભળવું નિરર્થક છે. આહાહા..! જે સન્મુખ દૃષ્ટિ કરી નથી, જે ભગવાન પરમાત્મસ્વરૂપે પૂર્ણ બ્રહ્મ આનંદસ્વરૂપ છે, જેની સિદ્ધની પર્યાય કરતા પણ અનંતગણું જેનું માહાત્મ્ય છે એવા માહાત્મ્યવંત પદાર્થની સામું જોયું નથી અને એનાથી વિમુખ થઈને સાંભળવું અને ભણવું તારું બધું નિરર્થક છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા આપણને સારા તો કહેશે, દુનિયામાં મોઢા આગળ

તો કરશે. દુનિયામાં ને? એ તો બહિરાત્મા છે. એ ભણીને અમે ભણ્યા અને અમને આવડે છે અને સાંભળીને અમને આવડ્યું એવું જે અભિમાન છે એનો લોકોને પ્રેમ છે. કેમકે આવડત તો એને કહી છે પ્રભુએ (કે) પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન એને અંતરમાં સન્મુખ થઈને પ્રતીતમાં લીધો, જ્ઞાનમાં જ્ઞેય એને બનાવ્યો, એને સાચું જ્ઞાન અને સાચી શ્રદ્ધા કહે છે. ભલે બીજું જાણપણું ઓછું હોય, સમજાવતા ન પણ આવડે. સમજાય છે કાંઈ? સભારંજન કરતા ન આવડે. એથી શું? અને સભારંજન કરતા આવડી એથી શું? આહાહા..! પ્રભુ! તારો આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે એનો તને વિશ્વાસ નિર્વિકલ્પ શ્રદ્ધામાં આવ્યો નથી ત્યારે શું તારણ લીધું? આહાહા..!

કુંદકુંદાચાર્યની કરૂણા, એની કરૂણાનો ધોધ વહે છે. આહાહા..! દૃષ્ટિ શું થઈ? અને ભણવા-સુણવાથી શું થયું? બે કહ્યુંને? પહેલામાં ભણવા-સુણવાથી કહ્યું હતું. બીજામાં '**सायारणयारभूदाणं भावो कारणभूदो**' એ ભાવ વિના તારું વ્રત ને તપ શું થયું? બેય વાત લીધી છે. આહાહા..! જેમાં સત્‌નું સત્‌ફળ ન આવે એ તારું ભણતર શું કામનું કહે છે. જેમાં સત્‌નું સત્‌ફળ અંદરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ન આવે, એ (વિના) તારા વ્રત ને તપ મુનિપણાના, શ્રાવકના તારે શું કામના ભાઈ?

'**ઈસલિયે ઐસા ઉપદેશ હૈ કિ ભાવ બિના પઢને-સુનને સે ક્યા હોતા હૈ? કેવલ ખેદમાત્ર હૈ,...**' જુઓ! જયચંદ્ર પંડિત ખુલાસો કરે છે. આહાહા..! સાંભળવું અને ભણવું એ દુઃખ છે કહે છે. વિકલ્પ છે એ દુઃખ છે, ખેદ છે. ભગવાન આત્મા અનંત સ્વરૂપની તો દૃષ્ટિ થઈ નથી. દુનિયામાં માન હો, ન હો, દુનિયા માને, ન માને, એની સાથે કાંઈ સત્‌ને શ્રદ્ધા સંબંધ નથી. થોડી સંખ્યા ઝાઝી હોય એને માનનારનું સત્ સાચું કહેવાય એમ સત્‌ને સંખ્યાની જરૂર નથી. સત્‌ને સત્‌ની જરૂર છે, એમ કહે છે. આહાહા..! વ્રતધારીઓ, સત્‌ધારીઓ, જાત્રાના કરનારા, પૂજાના કરનારા સંખ્યા બહુ નીકળે. દસ-દસ લાખ ખર્ચીને જાત્રા કાઢે લ્યો. શું થયું પણ એમાં? એ જાત્રા જ્યાં લઈ જવી છે ત્યાં તો લઈ ગયો નહિ. અને સમ્મેદશિખરની, શેત્રુંજયની જાત્રા કાઢી. સાથે દસ-દસ લાખ માણસ, બે કરોડના ખર્ચ. શું થયું પણ એમાં? ભાઈ! બેકાર છે. આહાહા..!

મુમુક્ષુ :- ... જાણવાની વાત તો કરી નહિ..

ઉત્તર :- જાણવાની વાત પણ રાગ છે, દુઃખ છે. ઠીક કહે છે. જાનનેકે બાદ આતા હૈ ભાવ વહ ભી દુઃખ હૈ. વ્યવહાર આતા હૈ, હેયબુદ્ધિએ આતા હૈ. દુઃખ હૈ. દુઃખ હૈ. આકરી વાત બાપા! ભાઈ તારો.. ઓહોહો..! રાગ હૈ, રાગ આતા હૈ, પંચ મહાવ્રત, બાર વ્રત, પણ વહ દુઃખ હૈ. વિકલ્પ હૈ તો દુઃખ. આવો માર્ગ...

'**કેવલ ખેદમાત્ર હૈ.**' ભાષા જોઈ! આહાહા..! ભણવું ને સાંભળવું, વ્રત ને તપની ક્રિયા એ અંતર સમ્યગ્દર્શનના ભાવ વિના એકલો ખેદ છે. એકલો ખેદ કીધો એટલે શું? વસ્તુ નથી ત્યાં એકલો ખેદ છે. કારણ કે વસ્તુનું ભાન થયા પછી હોય તો એકલો ખેદ નહિ. અહીં આનંદ છે એની સાથે એ

ખેદ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનના અંતર અનુભવ વિના 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ અનુભવ વિના તારા વ્રત ને તપ ને સાંભળવું, ભણવું બધું કેવળ દુઃખ, એકલો ખેદ એમ. આહાહા..! અને સમ્યગ્દર્શન અને જ્ઞાનની ભૂમિકા સહિત એવા વિકલ્પ આવે તો એ પણ ખેદ. તો અહીંયાં આનંદ છે તો એની સાથે થોડો ખેદ છે. આ કેવળ છે શબ્દ. હવે આ બધી વાતું બાપુ ભાગ્યશાળીને કાને પડે અને .. ના હોય એને હા આવે. એના માટે કોઈ સંખ્યા મોટી, લાખો માણસ ને આ માણસ ને આ માણસ.

'**ઈસલિયે ભાવસહિત જો કરે વહ સફલ હૈ.**' એટલે કે નિર્મળ ભાવ સહિતનો શુભભાવ હો તો એટલું .. અશુભ ટળે છે એટલું સફળ છે. નિશ્ચય વિના તો શુભભાવમાં અશુદ્ધ ટળતું નથી. સમ્યગ્દર્શન અને અનુભવ વિના જે શુભભાવ છે એમાં અશુદ્ધ ટળતો નથી. પણ નિશ્ચયના ભાનસહિત ભાવ શુભભાવ હોય તો એમાં અશુભ ટળે છે એટલું સફળ. બાકી છે જેટલો અશુદ્ધ વિકલ્પ એટલો ખેદ છે. આહાહા..! બંધનું કારણ છે. આવો માર્ગ. આહાહા..!

'**યહાં ઐસા આશય હૈ કિ કોઈ જાને કિ પઢના-સુનના હી જ્ઞાન હૈ...**' એમ લ્યો! સાંભળવું અને વાંચવું એ જ્ઞાન. '**તો ઈસપ્રકાર નહીં હૈ,...**' એમ નથી, ભાઈ! આહાહા..! '**પઢકર-સુનકર આપકો જ્ઞાનસ્વરૂપ જાનકર અનુભવ કરે...** ' વાંચીને, પઢીને, ભણીને, સાંભળીને '**આપકો જ્ઞાનસ્વરૂપ...**' ભગવાન આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ જ જ્ઞાતા છે. એવો એ અનુભવ કરે, જ્ઞાનસ્વરૂપ જાણીને અનુભવ કરે '**તબ ભાવ જાના જાતા હૈ,...**' ત્યારે એનો ભાવ સાચો છે એમ જાણવામાં આવે. આહાહા..! કહે છે ને, આ પુણ્યનું અને વ્યવહારનું ભારે લાકડું આકરું છે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એવું લાકડું એવું ગરી ગયું. એ તો નિશ્ચયની સાથે આવા ભાનસહિતમાં આવા ભાવ હોય છે એને વ્યવહારે સાધક તરીકેનો આરોપ દેવામાં આવે છે. આમ છે વસ્તુ. સમજાણું કાંઈ?

'**તબ ભાવ જાના જાતા હૈ,...**' એટલે? કે સાંભળીને, વાંચીને પણ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે એ વિકલ્પ પણ નહિ, રાગ પણ નહિ, શરીર પણ નહિ, એ જ્ઞાનસ્વરૂપ કહેતા આખો આત્મા, એ અનંતગુણ એમાં આવી ગયા. એ જ્ઞાનસ્વરૂપી પવિત્ર ભગવાન છે એવો અનુભવ કરે ત્યારે ભાવ જાના જાતા હૈ. ત્યારે એનો ભાવ સાચો છે એમ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. '**ઈસલિયે બારબાર ભાવનાસે ભાવ લગાને પર હી સિદ્ધિ હૈ.**' માટે વારંવાર શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતાનો ભાવ લગાવવાથી સિદ્ધિ છે. કોઈ વ્યવહારને કારણે કોઈ સિદ્ધિ છે નહિ. '**બારબાર ભાવનાસે ભાવ લગાને પર...**' અંતર સ્વરૂપમાં એકાગ્ર થવાથી '**સિદ્ધિ હૈ.**' ત્યારે એની મુક્તિ છે. અંતર દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર થવાથી. શ્રદ્ધાની એકાગ્રતા, જ્ઞાનની એકાગ્રતા અને ચારિત્રની એકાગ્રતા, એનાથી સિદ્ધિ છે. વ્યવહાર રત્નત્રય કોઈ હો, બંધના કારણ છે. આહાહા..!

'**આગે કહતે હૈં કિ યદિ બાહ્ય નગ્નપને સે હી સિદ્ધિ હો તો નગ્ન તો સબ હી હોતે હૈં :**'

दव्वेण सयल णग्गा णारयतिरिया य सयलसंघाया।
परिणामेण असुद्धा ण भावसवणत्तणं पत्ता।।६७।।

'**અર્થ :- દ્રવ્યસે બાહ્યમેં તો સબ પ્રાણી નગ્ન હોતે હૈં. નારકી જીવ...**' તો નગ્ન સમુદાય છે આખો. અસંખ્ય નારકીનો સમુદાય તો નગ્ન છે. વસ્ત્રનો ધાગો નથી, રહેવાનું મકાન નથી. તિર્યંચ પણ નાગા છે. એને ક્યાં વસ્ત્ર છે? રાજા જેવા હોય તો કોકને નાખી દે. મૂળ તો નગ્ન છે. '**નિરંતર વસ્ત્રાદિસે રહિત નગ્ન હી રહતે હૈં.**' આહાહા..! '**સકલસંઘાત કહનેસે અન્ય મનુષ્ય આદિ ભી કારણ પાકર નગ્ન હોતે હૈં...**' આહાહા..! વિષયને વખતે મનુષ્ય પણ નગ્ન થાય છે, એથી શું? એમ કહે છે. આહાહા..! વિષયની વાસનાને કાળે મનુષ્ય પણ નગ્ન રહે છે. પશુ અને નારકી તો સદાય નગ્ન રહે છે. '**સકલસંઘાત કહનેસે અન્ય મનુષ્ય આદિ ભી કારણ પાકર નગ્ન હોતે હૈં તો ભી પરિણામોંસે અશુદ્ધ હૈં,...**' આહાહા..! ન્હાવા કાળે નગ્ન થાય. સ્ત્રી આદિ ન્હાવા કાળે. ન્હાય છે. સ્નાન. સ્નાન કરે છે ત્યારે નગ્ન થાય. નગ્ન થાય એટલે શું? આહાહા..!

'**પરિણામોંસે અશુદ્ધ હૈં,...**' નારકી નગ્ન, પશુ નગ્ન, વિષયવાસના કાળે શરીર નગ્ન અને ન્હાવા કાળે સ્ત્રીઓ પણ નગ્ન. આદમી પણ કોઈ એકાંત હોય તો નગ્નપણે ન્હાય. એથી શું? નગ્નપણું એ કાંઈ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા નગ્ન એ બાવો હતો. મુસલમાન હતો એક. ..નો મુસલામન નગ્ન. નગ્ન પીર કહેવાતા. પીર. આજે પણ છે. એ પાણીયારું હોય ને પાણીયારું. પાણીયારું સમજો છો? જળ-જળ. એમાં અંદર હોય ને જગ્યા? ઉપર પાણીયારું અને નીચે ખાડો હોય ને. એમાં બેસતા. એમાં બેસે નગ્ન. જુવાન માણસ હો ૨૫-૩૦ વર્ષનો. નગ્ન બેસે. બોલે નહિ. બોલે નહિ. ખાય, પીવે અને ફળિયામાં જંગલ જાય, ફળિયામાં દિશાએ જાય. નગ્નપીર કહેવાય એ. પીર. મુસલમાન. એવી જ એને કોક ધૂન ચડી ગયેલી. નગ્ન તદ્દન. મા-બાપ, બાયું, છોકરા ફરતા હોય, એ તો પછી નગ્ન બેઠો હોય પાણીયારા નીચે. ઉપર પાણી હોય ને. નીચે ખાડો હોય ને. ત્યાં બેસે. ... એ પીર ...

મુમુક્ષુ :- લોકો એની માનતા કરે.

ઉત્તર :- માનતા કરે. લોકો તો ગાંડા, મૂર્ખ છે ને. મૂર્ખના ગામ ભર્યા છે ને બધા. એને પીર માનતા પીર. નગ્નપીર. આહાહા..!

કહે છે કે શરીરના નગ્નપણાથી પરિણામમાં તો નગ્નતા ગઈ નથી. મિથ્યાત્વની જે નગ્નતા છે એ તો ગઈ નથી. આહાહા..! અને નગ્ન બાવો સાધુ થઈને રહ્યો, શું છે કહે તને? '**ઈસલિયે ભાવશ્રમણપને કો પ્રાપ્ત નહીં હુએ.**' એવા નગ્નપણા અનંતવાર ધારણ કર્યા. આનંદસ્વરૂપ ભગવાનને અનુભવ્યો નહિ. આનંદનો સ્વાદ ન લીધો. ભાવસાધુ ન થયો એ. આહાહા..! એ તો દુઃખના વેદનમાં રહ્યો. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ એ બધું દુઃખનું વેદન છે. આહાહા..! કેમકે કષાયનો અંશ છે, રાગ

છે, હિંસા છે. આહાહા..! વીતરાગ માર્ગ બાપા! વીતરાગભાવથી ... થાય. રાગભાવથી વીતરાગભાવ ન થાય. ધીરાના કામ છે આ તો. અંતર સ્વરૂપના રમણતાના રમનારના વીરના કામ છે આ તો. આહાહા..! બહારથી વીરપણા તો અનંતવાર કર્યા, પણ વીર, વીર્ય. 'વી' એટલે વીર્ય. 'ર'. સ્વરૂપની પ્રેરણામાં વીર્યને ન ફેરવ્યું. આહાહા..! એને વીર ન કહીએ.

આવો ઉપદેશ તો માણસને ઠીક પડે, ન પડે કેટલાકને. ઓલી તો ઝપટ ચાલતી હોય આમ. દાખલા ને દલીલ. એમ ઝટ. એય..! પાટણીજી! આહાહા..! ભગવાન! માર્ગ તો આવો છે ભાઈ! એ દુનિયા ગમે તે માને, મનાવે, શાસ્ત્રના વ્યવહારના દાખલાના .. વ્યવહારની વાતું કરે એમાં કાંઈ ન વળે. આ શાસ્ત્રમાં આમ કહ્યું, આ શાસ્ત્રમાં આમ કહ્યું. બધું કહ્યું બાપા! અહીં સાધક કહ્યો છે વ્યવહારને, અહીં (કહ્યું કે) વ્યવહારથી આમ થાય છે. જુઓ! આહાહા..! પંચાસ્તિકાયમાં નથી આવતું? ૧૭૨ ગાથામાં. શું કહેવાય? .. ઊભો ઊભો હોયને માણસ ને પાણીમાં આ લૂગડું ધોવે ને ધીંકે એટલે ઓલો મેલ નીકળી જાય. એમ વ્યવહારથી આત્માને ધીંકે એમ. એવો પાઠ છે. સમય સમય એવો છે પાઠ. ૧૭૨ ગાથા. વ્યવહાર તે સમયે સમયે આગળ જાય. આહાહા..! લોકોને લખાણ સાંભળતા, કઈ અપેક્ષાના કથન છે એ અપેક્ષા ન જાણે (અને) અર્થ કરે પોતાનો બંધબેસતો. બાપુ! એમ ન થાય. એ અર્થના અનર્થ થાય. જેમાં શુદ્ધતા સિદ્ધિ ન થાય, જેમાં શુદ્ધતાની પ્રવૃત્તિની વૃદ્ધિ ન થાય એ બધી અર્થના અનર્થ કરવાવાળા છે. આહાહા..! લ્યો! **'ઈસલિયે ભાવશ્રમણપનેકો પ્રાપ્ત નહીં હુએ.'**

**'ભાવાર્થ :- યદિ નગ્ન રહનેસે હી મુનિલિંગ હો તો નારકી તિર્યંચ આદિ સબ જીવસમૂહ નગ્ન રહતે હૈં વે સબ હી મુનિ ઠહરે, ઈસલિયે મુનિપના તો ભાવ શુદ્ધ હોનેપર...'** જોયું શુદ્ધ. પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ શુદ્ધભાવ થવાથી **'હોતા હૈ. અશુદ્ધભાવ હોને પર...'** એ પુણ્યભાવ આદિ વ્યવહાર છે તો અશુદ્ધભાવ. **'નગ્ન ભી હો તો ભાવમુનિપના નહીં પાતા હૈ.'** એને ભાવમુનિપણું હોતું નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com